દીપ ત્રિવેદી

બેસ્ટસેલર 'હું મન છું' ના લેખક દ્વારા લિખિત

હું કૃષ્ણ છું

3

કૃષ્ણની આત્મકથા

દ્વારકા – સ્વપ્નોથી વાસ્તવિકતા સુધીની સફર

VISIT…

LANZAROTE Caliente.com

દીપ ત્રિવેદી

બેસ્ટસેલર 'હું મન છું' ના લેખક દ્વારા લિખિત

હું કૃષ્ણ છું

કૃષ્ણની આત્મકથા 3

દ્વારકા – સ્વપ્નોથી વાસ્તવિકતા સુધીની સફર

દીપ ત્રિવેદી

બેસ્ટસેલર 'હું મન છું' ના લેખક દ્વારા લિખિત

હું કૃષ્ણ છું

ભાગ – ૩

કૃષ્ણની આત્મકથા

દ્વારકા - સ્વપ્નોથી વાસ્તવિકતા સુધીની સફર

અનુક્રમણિકા

લેખકનો પરિચય

દીપ ત્રિવેદી એક પ્રસિદ્ધ લેખક, વક્તા અને સ્પિરિચ્યુઅલ સાયકો-ડાયનેમિક્સના અગ્રિમ પ્રણેતા છે, જેઓ એક વ્યાપક દ્રષ્ટિકોણથી ન માત્ર લખે છે, બલ્કે વિભિન્ન વિષયો પર વ્યાખ્યાનો અને વર્કશૉપ્સ પણ આયોજીત કરે છે. તેમની સહુથી મોટી વિશેષતા એ છે કે તેમને વાંચવા અને સાંભળવા-માત્રથી માણસમાં આમૂલ સકારાત્મક પરિવર્તન આવી જાય છે. તેઓ પોતાના કાર્યો દ્વારા, આજ સુધી હજારો લોકોને સુખ અને સફળતાના માર્ગ પર અગ્રસર કરી ચૂક્યા છે.

દીપ ત્રિવેદીએ પોતાના આ કાર્યો દ્વારા પ્રકૃતિ, તેના નિયમ, તેનું આચરણ, તેની સાયકોલોજી અને તેના માનવી-જીવન પર પડનારા પ્રભાવને ખૂબ જ ઊંડાણપૂર્વક સમજાવ્યા છે. જીવનનું એવું કોઈપણ પાસું નથી જે તેમણે સ્પર્શ્યું ન હોય. તેઓ કહે છે કે સાયકોલોજી વિશે ઓછું જ્ઞાન અને અલ્પ સમજણ હોવી, એ જ મનુષ્ય-જીવનના તમામ દુ:ખો અને અસફળતાઓનું મૂળ કારણ છે.

તેઓ બેસ્ટસેલર્સ ‘હું મન છું’ અને ‘હું કૃષ્ણ છું’ સહિત અન્ય અનેક પુસ્તકો લખી ચૂક્યા છે. તેમણે લખેલું બેસ્ટસેલિંગ પુસ્તક ‘હું મન છું’ ઘણી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ભાષાઓમાં પ્રકાશિત થઈ ચૂક્યું છે અને ‘હું કૃષ્ણ છું’ ને વર્ષ ૨૦૧૮માં Crossword Book Awards ના 'Best Popular Non-Fiction' કેટેગરી માટે નામાંકિત પણ કર્યા છે. સમાજમાં તેમના અસીમિત યોગદાન માટે દીપ ત્રિવેદીને વર્ષ ૨૦૧૮નાં Times Power Men Award થી સન્માનિત કરવામાં આવ્યા છે.

મનુષ્યજીવનની અગાધ સાયકોલોજી પરના તેમના પ્રભુત્વનો અંદાજો એ જ વાત પરથી લગાવી શકાય છે કે મનુષ્યજીવન પર સર્વાધિક વ્યાખ્યાનો અને ‘ભગવદ્ગીતા’ પર સર્વાધિક વ્યાખ્યાનો આપવાનો રેકૉર્ડ પણ તેમના નામે નોંધાયેલો છે. જેમાં તેમણે ૫૮ દિવસોમાં ગીતા પર ૧૬૮ કલાક, ૨૮ મિનિટ અને ૫૦ સેકંડ લાંબી ચર્ચા-વિચારણા કરી છે. આનાથી વિશેષ અષ્ટાવક્ર ગીતા તથા તાઓ-તે-ચિંગ પર સર્વાધિક વ્યાખ્યાનો આપવાનો રેકૉર્ડ પણ તેમના નામે નોંધાયેલો છે. આ બધા રેકૉર્ડ્સ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય રેકૉર્ડ્ પુસ્તકોમાં નોંધાયેલ છે. તદુપરાંત મનુષ્યના જીવન, સાયકોલૉજી, આત્મા, પ્રકૃતિનાં નિયમ, ભાગ્ય તથા અન્ય વિષયો પર સર્વાધિક (લગભગ ૧૨૦૩૮) ક્વોટેશન લખવાનો રેકૉર્ડ તેમના નામે નોંધાયેલો છે. ભગવદ્ગીતા પર તેમના સાયકોલૉજીકલ કાર્યો માટે ઑનરરી ડૉક્ટરેટની ડીગ્રીથી પણ તેમનું બહુમાન કરવામાં આવ્યું છે. તેમના દ્વારા આયોજીત ઈંટર-એક્ટિવ વર્કશૉપ્સે પણ લોકોના રોજીંદા જીવનની સમસ્યાઓ ઉકેલીને, તેમના જીવનમાં ક્રાંતિકારી ટ્રાંસફૉર્મેશન લાવ્યું છે. આ તમામ વ્યાખ્યાનો અને વર્કશૉપ્સ ભારતમાં લાઈવ ઑડિયન્સની સામે આપવામાં આવ્યા છે.

દીપ ત્રિવેદીની ખાસ વાત એ છે કે તેઓ જીવનના ગહનતમ પાસાઓને સ્પર્શે છે અને તેમને સરળતમ ભાષામાં લોકો સમક્ષ પ્રસ્તુત કરે છે, જેને કારણે કંન્ફ્યૂઝનની ક્યાંય કોઈ ગુંજાઈશ જ નથી બચતી. તેઓ પોતાના પુસ્તક, વ્યાખ્યાનો અને વર્કશૉપ્સમાં જે અનોખી સ્પિરિચ્યુઅલ-સાયકોલૉજીકલ ભાષા તથા અભિવ્યક્તિનો ઉપયોગ કરે છે, તેનો વાચકો અને શ્રોતાઓ પર તાત્કાલિક પ્રભાવ પણ થવા લાગે છે અને આ જ વાત તેમને આ ક્ષેત્રના અગ્રિમ પ્રણેતા બનાવે છે.

દીપ ત્રિવેદી – વિખ્યાત વક્તા

દીપ ત્રિવેદી સાયકો-સ્પિરિચ્યુઅલ કન્ટેંટ, અવાજ, ભાષા તથા અભિવ્યક્તિનું એવું મિશ્રણ પ્રસ્તુત કરે છે કે જેને લીધે તેમને જોનારા અને સાંભળનારાઓમાં તત્કાળ પરિવર્તન આવે છે. સેંકડો લોકો કેવળ તેમને સાંભળવા-માત્રથી પરિવર્તિત થઈ ચૂક્યા છે. આ જ કારણ છે કે તેમને સ્પિરિચ્યુઅલ સાયકો-ડાયનેમિક્સના અગ્રિમ પ્રણેતા પણ કહેવાય છે.

દીપ ત્રિવેદી જીવન-સંબંધિત પ્રત્યેક વિષય પર પ્રકાશ પાડે છે. તેમના દ્વારા આયોજીત ઈંટર-એક્ટિવ વર્કશૉપ્સે પણ લોકોના રોજીંદા જીવનની સમસ્યાઓ ઉકેલીને, તેમના જીવનમાં ક્રાંતિકારી ટ્રાંસફૉર્મેશન લાવ્યા છે. જીવનનું એવું કોઈ જ પાસું નથી જે તેમણે સ્પર્શ્યુ ન હોય. તેમણે અનેક વિષયો પર વક્તવ્ય આપ્યાં છે, જેમ કે ભગવદ્ગીતા, તાઓ-તે-ચિંગ, અષ્ટાવક્ર ગીતા, કુદરતનાં રહસ્ય, મનનાં રહસ્ય, આત્માનાં રહસ્ય, ભાગ્યનાં રહસ્ય, વગેરે, અને:

- પ્રકૃતિ કે નિયમ
- ટાઈમ એન્ડ સ્પેસ
- ધર્મ
- ડીએનએ-જીન્સ
- જીવન કી રાહ
- ડે-સ્લીપ
- મન ઔર બુદ્ધિ
- વ્યક્તિત્વ
- હીનતા
- ડર
- ગિલ્ટ

- ઈન્વોલ્વમેંટ
- પક્ષપાત
- અપેક્ષા
- સ્વીકાર્યશક્તિ
- નેચરલ ઈંટેલિજેંસ
- ટ્રાન્સ્ફર્મેશન
- વિવાહ
- સ્વતંત્રતા
- ભવિષ્ય
- હિપોક્રેસી
- ક્રિએટિવિટી

- કોન્સન્ટ્રેશન
- સુખ ઔર સફ્લતા
- સમૃદ્ધિ
- અચ્છા-બુરા
- ભગવાન
- અહંકાર
- ક્રોધ
- સેલ્ફ-કૉન્ફિડેંસ
- પ્રેમ
- કન્ફ્યૂઝન

લેખકની કલમથી

'કૃષ્ણ' એક એવું વ્યક્તિત્વ છે કે જેના વિશે સૌ કોઈ જાણવા અને સમજવા ઇચ્છે છે. પરંતુ તેમને પૂર્ણપણે ભાગ્યે જ કોઈએ ક્યારેય જાણ્યા કે સમજ્યા હશે, જે કદાચ ક્યારેય કોઈની સમજમાં નથી આવ્યું. તેમના વ્યક્તિત્વની એટલી તો વિભિન્નતાઓ હતી કે તેઓ સંપૂર્ણપણે તો કોઈનીયે પકડમાં નથી આવ્યાં. છતાં પણ જેટલો પ્રેમ કૃષ્ણને મળ્યો અને જે રીતે લોકોએ તેમને હૃદયમાં વસાવ્યા, એ સ્વયં જ એક મિસાલ છે. તેમના વ્યક્તિત્વની કમાલ તો એ છે કે કોઈ તેમને પ્રેમી માને છે તો કોઈ ધ્યાની, કોઈ યોગી માને છે તો કોઈ કર્મવીર. અને મજાની વાત તો એ છે કે જે કોઈ, તેમના જે પણ રૂપને જાણે કે માને છે, તે તેમના તે સ્વરૂપનો દિવાનો બની જાય છે. જો કે ચોતરફ સૌ કોઈ તેમના પ્રશંસક જ છે, એવું પણ નથી. તેમના વ્યક્તિત્વનો વિરોધાભાસી પ્રભાવ એ પણ છે કે જ્યાં હિન્દુ ધર્મનાં અમુક જ્ઞાનીઓએ તેમને એકમાત્ર "પૂર્ણ-અવતાર" માન્યા, ત્યાંજ જૈન શાસ્ત્રકારોએ પોતાની જ સમજ, પોતાના જ હેતુઓ અને પોતાના જ કારણોસર, તેમને નરકમાં સ્થાન આપ્યું. પરંતુ કૃષ્ણનું વ્યક્તિત્વ આમનામાંથી કોઈની પણ વિચારસરણીનું મોહતાજ ક્યાં છે?

હવે ભલે તેમનું વ્યક્તિત્વ અન્ય કોઈની વિચારધારાનું મોહતાજ નથી, પરંતુ તેમનું વાસ્તવિક વ્યક્તિત્વ સમજવું તો છે જ. તેમનું જીવન જાણવું તો છે જ. આપણે એ તો જાણવું જ છે કે કારાગૃહમાં જન્મ પામી અને મોતનાં ઓથારમાં મોટા થયા બાદ પણ એમણે કઈ રીતે દ્વારકાધીશની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી? એ જાણવું પણ રોચક છે જ કે રાધા અને તેમનો પ્રેમ શું હતો? તેમણે શા માટે રાધાને છોડ્યા? શા માટે રાધા જીવનભર તેમની યાદમાં વ્રજની કુંજગલીઓમાં બાવરી બની ફરતી રહી? એ તો સમજવું જ પડશે કે આ વ્યક્તિ શું છે કે જેમની ઉપર એક તરફ તો મહાભારત જેવું વિનાશકારક યુદ્ધ કરાવવાનો આક્ષેપ મૂકાય છે, અને સાથે જ, બીજી તરફ જેમને ભગવદ્‌ગીતા જેવા સર્વશ્રેષ્ઠ જ્ઞાનના દાતા તરીકેનું ગૌરવ પણ પ્રાપ્ત છે. કૃષ્ણ એવું તે કેવું વિરોધાભાસી વ્યક્તિત્વ છે કે જેમને ચોર, કપટી, જૂઠ્ઠા અને દગાબાજ કહેનારાઓની પણ આજીવન ક્યારેય કોઈ કમી ન રહી, તો સાથે જ તેમના જીવનમાં વાસુદેવ, મધુસૂદન, કનૈયા, પરમાત્મા અને જ્ઞાની કહેવાવાળાઓની પણ ક્યારેય કોઈ અછત ન રહી. આટલું જ શું કામ, કૃષ્ણએ કેટલા લગ્ન કર્યા, તેમને કેટલા સંતાનો હતા, આ યાદવાસ્થળી શું છે, જેવા અનેક પ્રશ્નો પણ તેમના વિશે જાણવાની જિજ્ઞાસા જગાડે જ છે.

પરંતુ જિજ્ઞાસા જાગૃત થવા છતાં, તેમના જીવન વિશે કેટલા લોકો જાણે છે? કૃષ્ણનાં જીવન વિશેના તમામ સવાલોના જવાબ ક્યાં ઉપલબ્ધ છે? તેથી, આ વર્તમાન પુસ્તક મેં આ જ ઉદ્દેશથી લખ્યું છે કે જેથી તેમના જીવનનાં બધાં જ મહત્વપૂર્ણ પાસાઓથી સહુને જ્ઞાત કરાવી શકું. આને માટે મેં કૃષ્ણ વિશે ઉપલબ્ધ તમામ પૌરાણિક ગ્રંથો જેવા કે હરિવંશ પુરાણ, વિષ્ણુ પુરાણ, શિવ પુરાણ, શ્રીમદ્‌ભાગવત પુરાણ, માર્કન્ડેય પુરાણ, કૂર્મ પુરાણ, ભવિષ્ય પુરાણ, મહાભારત તથા અન્ય ઐતિહાસિક ગ્રંથોનું ગહન અધ્યયન કર્યું અને ત્યારબાદ તેમનામાં ઉલ્લિખિત તમામ સંવાદો અને કથા-પ્રસંગોના વ્યવહારિક તથા મનોવૈજ્ઞાનિક પાસાને સમજી લીધા બાદ જ આ પુસ્તક લખ્યું છે. આમાં, મેં ન માત્ર કૃષ્ણનાં ૧૦૮ વર્ષ લાંબા સંપૂર્ણ જીવન તથા તેની તમામ મહત્વપૂર્ણ ઘટનાઓને સમાવિષ્ટ કરી છે, બલ્કે સાથે જ આમાં મેં કૃષ્ણનાં વ્યક્તિત્વને તેમની વાસ્તવિક સાયકોલોજીની વધુમાં વધુ નિકટ રાખવાની કોશિશ પણ કરી છે. સાથે જ તેમની જીવન-યાત્રાને રોચકતા પ્રદાન કરવાના હેતુથી, આને મેં એક વાર્તાનું સ્વરૂપ આપ્યું છે. અને કહેવાની આવશ્યકતા નથી કે જ્યારે વાર્તા છે, તો અનેક પ્રસંગોને સાહિત્યિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, યથાસાધ્ય વિસ્તાર પણ આપવો પડ્યો છે.

હકીકતમાં હું એક સાયકોલૉજિસ્ટ છું. અને એક સાયકોલૉજિસ્ટની દૃષ્ટિથી સમજીએ, તો વ્યક્તિ હોય, તેનું જીવન હોય અથવા તેના જીવનમાં ઘટનારી કોઈપણ અને કેવી પણ ઘટના હોય, છેવટે

તો બધું જ એક સાયકોલૉજિકલ શ્રૃંખલાનો જ ભાગ છે. અને કૃષ્ણનું વ્યક્તિત્વ પણ, પોતાની તમામ મહાનતાઓ તથા જટિલતાઓ ધરાવતું હોવા છતાં, આમાં અપવાદ નથી. માન્યું કે માનસિક સ્તરે તેમણે આકાશની ઊંચાઈઓ આંબી છે, પરંતુ તેમ છતાં તેમની મનોદશા સમજથી પરે બિલકુલ નથી. અને મારું તો એ માનવું છે કે કોઈપણ ઘટનારી ઘટના કરતાં તેનાં ઘટિત થવાના કારણો વધારે મહત્વપૂર્ણ હોય છે. મનુષ્યએ "શું કર્યું'' એ જાણવાથી વધુ મહત્વપૂર્ણ એ છે કે તેણે એ "કેમ કર્યું'' તે જાણવું. તેથી, આ પુસ્તકમાં મેં જેટલું મહત્વ કૃષ્ણનાં જીવનને આપ્યું છે, તેટલું જ મહત્વ તેમની મનોદશાને પણ આપ્યું છે. અત: મને વિશ્ર્વાસ છે કે આ પુસ્તક આપને ન કેવળ કૃષ્ણના જીવનથી સુપરિચિત કરાવશે, બલ્કે તેમના વાસ્તવિક વ્યક્તિત્વ સાથે પણ તમારો પ્રત્યક્ષ પરિચય કરાવશે.

જ્યાં સુધી મારો સવાલ છે, તો મારું તો જીવન ભગવદ્ગીતાએ જ ઘડ્યું છે તથા કૃષ્ણ અને ભગવદ્ગીતા પૂર્ણપણે મારા હૃદયમાં પોતાની પૂરેપૂરી સચ્ચાઈ સાથે વસેલાં છે. પરંતુ સામાન્ય માન્યતાથી અલગ, મારું એ સ્પષ્ટ માનવું છે કે કોઈને પણ ભગવાન બનાવી દેવા, એ તેમને આપણાથી દૂર કરી દે છે. એ કહેવું કે તેઓ ભગવાન જ જન્મ્યા હતા, એ તો તેમના દ્વારા પોતાની પ્રતિભાને વિકસાવવા માટે કરાયેલી મહેનત, તેમની પ્રજ્ઞા, તેમની ક્ષમતા અને તેમની જિજ્ઞાસાનું સરાસર અપમાન છે. કારણ કે સત્ય તો એ છે કે અહીં જે પણ વ્યક્તિ જે કંઈ પણ બન્યું છે, તેમાં તેની પ્રજ્ઞા, તેની ક્ષમતા અને તેની મહેનતનું સિંચન થયું જ છે. બાકી તો એ કહી દેવું બહુ સહેલું છે કે આ મહાન બન્યો, કારણ કે તેના ભાગ્યમાં લખ્યું હતું. બની શકે કે આ કદાચ તમને પોતાના મહાન ન બની શકવાનું એક મજબૂત બહાનું પ્રદાન કરી દે છે, પણ સત્ય એ છે કે વ્યક્તિની મહાનતાને તેના ભાગ્ય સાથે જોડીને, આપણે તેની પ્રતિભા અને મહેનતનું અપમાન કરીએ છીએ. એટલે જ મેં આ પુસ્તકમાં, કૃષ્ણની શીખવાની કળાથી માંડીને તેમના દરેક ગુણને પૂરા વિસ્તારપૂર્વક પ્રગટ કરવાનો પ્રયાસ કર્યો છે. અને તેમને યથારૂપ જાણવા અને ઓળખવાથી જ આપણને તેમના એ ગુણો શીખવામાં મદદ મળે છે. કૃષ્ણએ પણ જીવનમાં દરેક ઘટના અને દરેક વ્યક્તિ પાસેથી શીખ્યું છે. પ્રેમ, ધ્યાન, કર્મ અને જ્ઞાનના સર્વ શિખરો તેમણે પોતાની જિજ્ઞાસા અને કટિબદ્ધતાના આધારે જ સર કર્યા છે. અને...આ જ તેમનાં જીવનમાંથી શીખવા જેવું છે. ...હકીકતમાં, આ પુસ્તકે તેમના સંપૂર્ણ જીવનની સાથોસાથ તેમના 'કૃષ્ણ'થી 'જય શ્રીકૃષ્ણ' બનવાની સંપૂર્ણ દાસ્તાન પણ પોતાનામાં સમાવિષ્ટ કરી છે. અને હું એ દાવા સાથે કહું છું કે હા, કૃષ્ણ, માનવજાતિના ઈતિહાસના એકમાત્ર સંપૂર્ણ વ્યક્તિત્વના સ્વામી છે, પરંતુ એનાથી પણ વધુ દ્રઢતાપૂર્વક હું એ કહું છું કે તેમણે આ મુકામ પોતાની લગની અને પ્રતિભાથી પ્રાપ્ત કર્યો છે. એટલે હું તેમની સાથોસાથ તેમના ખંત અને પ્રતિભાને પણ સલામ કરું છું.

અને જ્યાં સુધી મારો પ્રશ્ર્ન છે, તો હું તો તેમના ગુણોને પોતાના જીવનમાં ઉતારીને, તેમની સાયકોલોજી સાથે પોતાનું અંતર ઓછું કરવા માટે કટિબદ્ધ છું, જેથી તેમની જ જેમ, મને પણ જીવનના દરેક પડાવ પર માત્ર જીત હાંસલ થાય. હું પણ, ન માત્ર પોતાનું જીવન તેમની જેમ હસતા-ગાતા વીતાવી શકું, બલ્કે તેમની જ જેમ, મારું પણ આ જીવન માનવતાને કામ આવે, આ વાતની તેમનામાંથી પ્રેરણા પણ લઈ શકું. અને મને વિશ્ર્વાસ છે કે કૃષ્ણનાં જીવન તથા વ્યક્તિત્વ પર આધારિત આ પુસ્તક તમને પણ ઘણું બધું શીખવા અને સમજવાની પ્રેરણા આપશે. ...બસ, એ જ આશા સાથે કૃષ્ણની આ રસપ્રદ કહાણી હું તમને સમર્પિત કરી રહ્યો છું.

- દીપ ત્રિવેદી

કૃષ્ણ પર રિસર્ચની સંપૂર્ણ કથની

એમાં કોઈ બે મત નથી કે કૃષ્ણ એક ઐતિહાસિક વ્યક્તિત્વ છે, કેમ કે ઈતિહાસના અગણિત પૃષ્ઠોમાં તેઓ અંકિત છે. આ વાત હું એટલે કહી રહ્યો છું કેમ કે અનેક બુદ્ધિશાળી લોકો આવા મહાપુરુષોના જીવન અને અસ્તિત્વને એક સુંદર વાર્તાથી વધુ કંઈ નથી માનતા. ભલે બીજા ઘણાબધાની બાબતમાં આ વાત સાચી પણ છે, પરંતુ કૃષ્ણ વિશે એવું નથી. સાયકોલૉજિકલી કહું તો, જ્યારે વાર્તાના તાણાવાણા અને મનુષ્યના વ્યક્તિત્વની હારમાળા ભળી જાય, તો પછી તે વ્યક્તિ તથા તેના જીવનને કેવળ એક ચીલાચાલુ વાર્તા નથી માની શકાતાં

ત્રણ વાતો કૃષ્ણના જીવનના ખરેખરા અસ્તિત્વની નક્કર સાક્ષી પૂરે છે. એક, જે વાર્તા હોય છે તેનો વાર્તાકાર એક જ હોય છે. ...એટલે તેનું સંપૂર્ણ જીવન એ વાર્તામાં જ સમાઈ જાય છે. પરંતુ કોઈ એવો ગ્રંથ નથી, જેમાં કૃષ્ણના સંપૂર્ણ જીવનનું વર્ણન હોય. કૃષ્ણ વિશે સૌથી વધુ ચર્ચાયેલો જૂનો તથા લોકપ્રિય ગ્રંથ મહાભારત છે. પરંતુ આ ગ્રંથ હસ્તિનાપુર-કેન્દ્રિત છે, તેથી તેની સમગ્ર વાર્તા કૌરવો અને પાંડવોની આસપાસ ભમે છે. આમાં મહદ્ અંશે કૃષ્ણનો ઉલ્લેખ ત્યારે જ આવે છે જ્યારે કૃષ્ણ, કૌરવો-પાંડવો કે હસ્તિનાપુરના સંપર્કમાં આવે છે. તેથી મહાભારતમાં ન તો કૃષ્ણના જન્મ કે બાળપણની કોઈ ચર્ચા છે કે ન તો તેમના જીવનના અંતિમ ૩૬ વર્ષોની કોઈ જ ચર્ચા છે. પણ તે છતાં એ માનવું પડશે કે કૃષ્ણનું સંપૂર્ણ સાયકોલૉજિકલ વ્યક્તિત્વ કેવળ મહાભારતમાં ઉપલબ્ધ છે. આ હું એટલે કહી રહ્યો છું કેમ કે ભગવદ્ગીતા મહાભારતનો જ અંશ છે, જે કૃષ્ણ-અર્જુન વચ્ચેના સંવાદ સ્વરૂપે સંકલિત છે. અને આમાં કૃષ્ણ અર્જુનને જે સમજાવે છે, તે ન માત્ર તેમના જીવનનો અનુભવ છે, પણ એ તમામ વાતો તેમના વ્યક્તિત્વનો ભાગ પણ છે.

આ ઉપરાંત કહું તો કૃષ્ણનું જીવન ટુકડે-ટુકડે અનેક ગ્રંથોમાં ઉપલબ્ધ છે, અને જો આ બધાના તાણાવાણા મેળવવામાં આવે તો બહુધા તેમનું સંપૂર્ણ જીવન મળી જાય છે. અહીં ખાસ કરીને એ વાત સમજવાની છે કે મહાભારતના પણ લગભગ એક લાખ શ્લોકોમાંથી માત્ર ૮૮૦૦ શ્લોકો જે "જય-ખંડ" તરીકે ઓળખાય છે, તેમની રચના જ ઈ. પૂર્વે ૩૦૦૦માં થઈ છે, ...બાકીના સઘળા શ્લોકો મહાભારતમાં ઈ. પૂર્વે ચોથીથી બીજી સદી દરમ્યાન જોડી દેવામાં આવ્યા છે. અર્થાત્ જણાવવાની જરૂર નથી કે નેવું ટકા મહાભારત પણ પાછળથી જુદાજુદા લોકો દ્વારા લખવામાં આવ્યું છે.

જો કે, ત્યારબાદની વાત કરવામાં આવે તો મહાભારત પછીના લગભગ ૧૦૦૦ વર્ષોમાં ૧૫ બીજા મુખ્ય ગ્રંથો છે જેમાં કૃષ્ણના જીવનનો ઉલ્લેખ છે. પણ તેમાં મુખ્યત્વે હરિવંશ પુરાણ અને વિષ્ણુ પુરાણ જ છે, જેમાં કૃષ્ણના જીવનનો સંપૂર્ણ ઉલ્લેખ છે. અને જો કૃષ્ણના જીવન વિશે કંઈ પણ લખવું કે બોલવું હોય તો આ બે ગ્રંથો જ છે કે જેમને સૌથી વધુ મહત્વના અને વિશ્વાસપાત્ર માની શકાય છે. ...તે છતાં હું તમારી સમક્ષ મહાભારત ઉપરાંતના તમામ પંદર ગ્રંથોનું સંક્ષિપ્ત વિવરણ પ્રસ્તુત કરી રહ્યો છું.

ગ્રંથનું નામ સર્વમાન્ય રચનાકાળ

૧. મહાભારત : સંપૂર્ણ એક લાખ શ્લોકોમાંથી મૂળ ૮૮૦૦ શ્લોકો (જે 'જય-ખંડ'ના નામથી પણ ઓળખાય છે)ની રચના લગભગ ઈસ્વીસન પૂર્વે ૩૦૦૦માં થઈ તથા શેષ રચના ઈસ્વીસન પૂર્વે ચોથી થી બીજી સદીમાં થઈ.

૨. શતપથ બ્રાહ્મણ : લગભગ ઈસ્વીસન પૂર્વે નવમી સદીમાં રચાયેલા યજુર્વેદની શાખાના આ બ્રાહ્મણ

ગ્રંથમાં કૃષ્ણનું વર્ણન વૃષ્ણિવંશીઓના એક સંઘર્ષશીલ યોદ્ધાના રૂપે થયું છે.

૩. ઐતરેય આરણ્યક : લગભગ ઈસ્વીસન પૂર્વે નવમી સદીમાં રચાયેલા ઋગ્વેદની શાખાના આ આરણ્યક ગ્રંથમાં પણ કૃષ્ણનું વર્ણન વૃષ્ણિવંશીઓના એક સંઘર્ષશીલ યોદ્ધાના રૂપે થયું છે.

૪. નિરુક્ત : મહર્ષિ યાસ્ક દ્વારા ઈસ્વીસન પૂર્વે છઠ્ઠી સદીમાં રચાયેલા આ ગ્રંથમાં સ્યમન્તક મણિનું વર્ણન મળે છે, જે કૃષ્ણ-કથાનો એક મહત્વપૂર્ણ અંશ છે.

૫. અષ્ટાધ્યાયી : પાણિનિએ આ ગ્રંથની રચના ઈસ્વીસન પૂર્વે છઠ્ઠી સદીમાં કરી. આ વ્યાકરણ ગ્રંથમાં, કૃષ્ણ તથા તેમના જીવન સાથે સંકળાયેલા કેટલાક શબ્દોની વ્યાખ્યા અપાયેલી છે.

૬. ગર્ગ સંહિતા : ઈસ્વીસન પૂર્વે ચોથી સદીમાં રચાયેલા આ ગ્રંથમાં, કૃષ્ણના જન્મ અને શૈશવકાળનું વિવરણ મળે છે. પરંતુ પંદરમાં સૈકામાં પહોંચ્યા બાદ બ્રાહ્મણવાદ, અવતારવાદ તથા પૂજાપાઠ અને કર્મકાંડને લગતી સામગ્રીને ભારે પ્રમાણમાં આમાં ઘુસાડીને એને વિકૃત કરી દેવાયો. એટલે આ ગ્રંથના અધ્યયનમાં સાવચેતીની આવશ્યકતા છે.

૭. જાતક કથા : લગભગ ઈસ્વીસન પૂર્વે ચોથી સદીમાં રચાયેલા આ બૌદ્ધ ગ્રંથના ઘટક પંડિત જાતક કથામાં કૃષ્ણનો ઉલ્લેખ કરાયો છે.

૮. અર્થશાસ્ત્ર : ઈસ્વીસન પૂર્વે ચોથી સદીમાં કૌટિલ્યએ પોતાના આ પ્રસિદ્ધ ગ્રંથમાં વસુદેવના પુત્ર વાસુદેવના રૂપે કૃષ્ણનું વર્ણન કર્યું છે.

૯. ઇંડિકા : ઈસ્વીસન પૂર્વે ચોથી અને ત્રીજી સદીમાં યુનાની વિદ્વાન મેગસ્થેનિઝ દ્વારા રચાયેલા આ ગ્રંથમાં સૌર્સેની આદિજાતિના હેરાક્લિસના રૂપે કૃષ્ણનું જ વર્ણન કર્યું છે.

૧૦. હરિવંશ પુરાણ : ઈસ્વીસન પૂર્વે બીજી સદીમાં ઉગ્રશ્રવા દ્વારા રચાયેલા આ ગ્રંથમાં કૃષ્ણના જન્મથી લઈને તેમના લગભગ સર્વે પરાક્રમોનું વર્ણન છે.

૧૧. વિષ્ણુ પુરાણ : ઈસ્વીસન પૂર્વે બીજી સદીમાં કોઈ અજ્ઞાત રચનાકાર દ્વારા રચાયેલો આ જ સૌથી જૂનો ગ્રંથ છે, જેમાં સૌપ્રથમ વાર કૃષ્ણના જન્મથી લઈને મૃત્યુ સુધીનું પૂર્ણ વિવરણ એકત્ર કરાયું છે.

૧૨. મહાભાષ્ય : ઈસ્વીસન પૂર્વે બીજી સદીમાં પતંજલિએ આ ગ્રંથમાં કૃષ્ણનું યશોગાન કર્યું છે.

૧૩. પદ્મ પુરાણ : ઈસ્વીસન પૂર્વે બીજી સદીમાં રચાયેલા આ ગ્રંથમાં પાતાલ ખંડની અંદર રામની સાથેસાથે પ્રસંગોપાત કૃષ્ણ-જન્મ તથા તેમની બાળલીલાનું વર્ણન મળે છે.

૧૪. માર્કન્ડેય પુરાણ : ઈસ્વીસન બીજીથી ચોથી સદી દરમ્યાન રચાયેલા આ પુરાણમાં પણ ઘણી જગ્યાએ પ્રસંગોપાત કૃષ્ણનું નામ આલેખિત છે.

૧૫. કૂર્મ પુરાણ : ઈસ્વીસન બીજીથી ચોથી સદી દરમ્યાન જ રચાયેલા આ પુરાણમાં પણ કૃષ્ણ-બલરામ સહિત યદુવંશીઓનું વર્ણન મળે છે.

હવે આમાં મહત્વની વાત એ છે કે આ ગ્રંથોમાં પણ કૃષ્ણના જીવન સંબંધી અનેક વાતોમાં વિરોધાભાસ છે. પરંતુ, મેં આ વિશાળ કહાણી લખતી વખતે, તેમના જીવનની જે વાતો કે કિસ્સા

તેમના વ્યક્તિત્વ સાથે સુસંગતતા ધરાવે છે, તેમને જ પસંદ કર્યા છે. હું એ સ્પષ્ટ કરી દઉં કે હું એક સાયકોલૉજિસ્ટ છું તથા સ્પિરિચ્યુઅલ સાયકોલોજી લખું, બોલું અને જાણું છું, અને સ્પિરિચ્યુઅલ સાયકોલોજીનો અર્થ છે કે સંસારમાં કંઈ પણ રહસ્ય નથી, એટલે એવી કોઈ વાત નથી જે જાણી અને કહી ન શકાતી હોય.

આ વાતને આગળ વધારું, તો ભગવદ્ગીતા એક એવો ગ્રંથ છે જેને વાંચતાં જ સમજાય જાય છે કે આ વાતો કોઈ ચેતનાના શિખર પર બેઠેલા વ્યક્તિએ કહી છે. કોઈપણ સ્પિરિચ્યુઅલ સાયકોલોજીનો જાણકાર આ વાતની સાક્ષી પૂરી દેશે. અને જ્યારે ભગવદ્ગીતા કહેનાર વ્યક્તિ આટલો જ્ઞાતા હોય તો એનો અનુભવ પણ બહોળો હોવો જ જોઈએ. કેમ કે એ સ્પષ્ટ સમજી લેવું કે સાયકોલૉજિકલી, જે કોઈ, જે કંઈ પણ કહી રહ્યો છે એ તેનો અનુભવ છે, અને જણાવવાની જરૂર નથી કે આ અનુભવ તેને જીવનમાંથી થયો છે. અર્થાત્ જે કોઈ, જે કંઈ પણ કહી રહ્યો છે એ તેના જીવનનો સાર છે, અર્થાત્ એ જ તેનું વ્યક્તિત્વ છે જેની આસપાસ તેનું જીવન વીત્યું છે. તેથી હું અહીં સ્પષ્ટ કરી દઉં કે કૃષ્ણના જીવન પરના તમામ રિસર્ચ ઉપરાંત, મેં તેમના જીવન પર આધારિત આ કહાણી લખતી વખતે ભગવદ્ગીતામાં તેમના સ્વયંના શબ્દોમાં વર્ણવેલા તેમના સ્વભાવને વધુ મહત્વ આપ્યું છે. કારણ કે માનવજીવનમાં સૌથી વધુ મહત્વપૂર્ણ તેની પોતાની સાયકોલોજી છે, અને તે જ એ નક્કી કરે છે કે કઈ પરિસ્થિતિઓમાં કયો મનુષ્ય શું કરશે અથવા તેણે શું કર્યું હશે. માટે કઈ પરિસ્થિતિઓમાં કૃષ્ણએ શું વિચારીને, શું અને શા માટે કર્યું હશે, એ જ તેમના જીવનમાં સૌથી વધુ મહત્વપૂર્ણ છે. સાચું કહું તો જેના અંતરમાં સ્પિરિચ્યુઅલ સાયકોલોજીની જ્યોત પ્રગટી રહી હોય, તેના માટે તો કૃષ્ણનું સંપૂર્ણ જીવન ભગવદ્ગીતામાં વર્ણવેલું જ છે, બાકી તો તેણે ફક્ત જીવનના તાણાવાણા જોડવાના છે. તથા એ જ કારણ છે કે મેં આ આખા પુસ્તકમાં, જ્યારે પણ કૃષ્ણએ જે અનુભવ્યું અને પોતાનો તે અનુભવ તેમણે ગીતાના કથન વખતે અર્જુનને કહ્યાં, એ બધા શ્લોકોને એ કિસ્સાઓ સાથે જોડી દીધા છે.

આ પુસ્તકને રિસર્ચ કરવામાં અને લખવામાં મને પૂરા પાંચ વર્ષ લાગ્યા, અને દેખીતી રીતે જ એ પાંચ વર્ષોમાં મેં બીજું કંઈ નથી કર્યું. અને ચોખ્ખું કહું તો એ પાંચ વર્ષ મેં કેવળ કૃષ્ણ અને તેમની કહેલી ભગવદ્ગીતા સાથે વીતાવ્યા. ...અથવા કહું કે એ દરમ્યાન મેં પોતાની પૂરેપૂરી ચેતના કૃષ્ણમય કરી દીધી હતી, તો એ અયોગ્ય નહીં ગણાય.

ખેર, કૃષ્ણના જીવન વિશેના ગ્રંથોમાં કરાયેલી ચર્ચાઓને જો હું બે ભાગમાં વિભક્ત કરું તો એક એ ગ્રંથો છે, જે ઈસ્વીસન પૂર્વે લખાયા જેમાં કૃષ્ણને એક કુશળ યોદ્ધા અને એક મહામાનવ તરીકે વર્ણવવામાં આવ્યા છે, પરંતુ તત્પશ્ચાત્ અનેક ગ્રંથો ઈસ્વીસન પશ્ચાત્ લખાયા જેમાં સૂરદાસ દ્વારા રચાયેલા સૂરસાગર તથા પ્રસિદ્ધ ગ્રંથ ભાગવત્ પુરાણ પણ સમાવિષ્ટ છે.

અને સ્પષ્ટ રીતે, આ તમામ ગ્રંથોના આગમન પછી જ કૃષ્ણના જીવનમાં શ્રૃંગારરસ અને ચમત્કારોનું આગમન થયું. હશે, મેં તો કૃષ્ણને એક સદ્ગુણી મહામાનવ તરીકે જ જાણ્યા છે. તેથી મેં આ પુસ્તકના રિસર્ચમાં પ્રાચીન તેમજ પ્રામાણિક ગ્રંથોનો જ આધાર લીધો છે. હા, વચ્ચે જ્યાં તંત ન મળ્યો, ત્યાં સાયકોલૉજિકલી જે શ્રેણીમાં હોવો જોઈએ તે કિસ્સો ચિત્રાંકિત કર્યો છે. ઈસ્વીસન પછીના ગ્રંથ તથા તેમનો સર્વમાન્ય રચનાકાળ:

ગ્રંથનું નામ　　　　સર્વમાન્ય રચનાકાળ

૧. ભાગવત પુરાણ : ઈસ્વીસન પાંચમીથી દસમી સદીની વચ્ચે રચાયેલા આ ગ્રંથના સંપૂર્ણ દશમ સ્કંધ તથા પ્રારંભિક અગિયારમાં સ્કંધમાં કૃષ્ણ-જન્મથી લઈને યાદવાસ્થળી માટે પ્રયાણ કરવા સુધીની કથાનું

વિસ્તૃત વર્ણન મળે છે.

૨. જૈનોનું હરિવંશ પુરાણ : ઈસ્વીસન સાતમીથી આઠમી સદીમાં એક જૈન સંત, આચાર્ય જિનસેન દ્વારા રચાયેલા આ ગ્રંથમાં પણ સમગ્ર કૃષ્ણ-કથાનું વિવરણ ઉપલબ્ધ છે.

૩. ગીત ગોવિન્દ : તેરમાં સૈકામાં જયદેવ દ્વારા લખાયેલા આ સંસ્કૃત ગ્રંથમાં કૃષ્ણ-રાધાનાં પ્રેમને અલૌકિક દર્શાવીને તેમની અનેકવિધ લીલાઓનું વર્ણન કરાયું છે.

૪. પદાવલી : તેરમી-ચૌદમી સદીમાં બિહારના વિદ્યાપતિએ ભાગવત પુરાણ અને જયદેવના ગીત ગોવિન્દનો આધાર લઈને, રાધા-કૃષ્ણની અનેકવિધ લીલાઓનું વર્ણન કર્યું છે.

૫. સૂર સાગર : પંદરમાં સૈકામાં પુષ્ટિમાર્ગના કવિ સૂરદાસ દ્વારા રચાયેલા આ ગ્રંથમાં મુખ્યત્વે કૃષ્ણની બાળલીલાનું વર્ણન છે.

૬. ગુરુ ગ્રંથ સાહેબ : ઈ. ૧૪૬૯ થી ૧૭૦૮ દરમ્યાન ભિન્ન-ભિન્ન શીખ ધર્મગુરુઓ દ્વારા સંકલિત પદોમાંથી ૨૪૯૨ દોહા કૃષ્ણની અનેકવિધ લીલાઓ સાથે સંકળાયેલા છે.

૭. પ્રેમ સાગર : વિષ્ણુ પુરાણ અને ભાગવત પુરાણની કથાઓના આધારે ઈ. ૧૮૧૦માં લલ્લુ લાલે આ ગ્રંથની રચના કરી. આમાં કૃષ્ણની અનેકવિધ લીલાઓનું અતિશયોક્તિભર્યું વર્ણન છે.

૮. શ્રી પ્રેમ સુધા સાગર : ગીતાપ્રેસ દ્વારા ભાગવત પુરાણના દશમ સ્કંધનું હિન્દીમાં ભાષાંતર કરી, આ નામથી ગ્રંથનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

૯. સુખ સાગર : ભાગવત પુરાણની કથાને સરળ હિન્દી ભાષામાં લખી માખનલાલ ખત્રી દ્વારા આ પુસ્તકની રચના કરવામાં આવી છે.

આ ઉપરાંત, કૃષ્ણ ઉપર લખાયેલી એક કહાણી 'મેરી આત્મકથા'માંથી પણ અમુક કિસ્સા આમાં લેવામાં આવ્યાં છે.

નોંધ: સાથે જ મેં વાચકોની અનુકૂળતા માટે, કૃષ્ણના જીવનના જે કિસ્સા મારા પુસ્તકમાં વર્ણવ્યા છે, તેમને કયા-કયા ગ્રંથોમાંથી લેવામાં આવ્યા છે, તે એક ફૂટનોટ થકી એ જ પેજ પર દર્શાવી પણ દીધું છે. હું આશા રાખું છું કે મારો આ પ્રયાસ તથા મારા દ્વારા લખાયેલી આ રસપ્રદ કહાણી તમને ગમશે. અને એનાથી પણ વધુ મહત્વપૂર્ણ એ કે કૃષ્ણના ચૈતન્યની ઊંચાઈ અને તેમની જીવવાની કળા, આપણને સહુને પોતાના જીવનની નવી ઊંચાઈઓ પર પહોંચવામાં મદદરૂપ સિદ્ધ થશે. ...બસ, આ આશા સાથે હું આ પુસ્તક તમને લોકોને સમર્પિત કરું છું.

કહાણી અત્યાર સુધીની...

હાર અને જીત, બન્નેમાં ઝૂમનારા બહુ જ ઓછા થયા છે...
હું તેમનામાંનો જ હતો...!

હું 'કૃષ્ણ', જન્મ તો મથુરાનાં કારાગૃહમાં થયો હતો, પણ મારું પાલન-પોષણ ગોકુળમાં નંદ-યશોદાનાં ઘરે થયું. બાળપણમાં મને મારાં માતા-પિતાનો ભરપૂર પ્રેમ પણ મળ્યો. ગોકુળમાં મારાં તોફાનોથી ગોપીઓ પરેશાન રહેતી હતી પણ મારા પ્રત્યેનાં એમનાં પ્રેમ કે મમતામાં રતીભાર પણ કમી નહોતી આવતી. અહીં હું મામા કંસે મોકલેલાં પૂતના, તૃણાવર્ત અને શટક જેવાં દુતો સાથે બાથ ભીડી જ રહ્યો હતો કે વરૂઓના આતંકે ગોકુળવાસીઓને સ્થળાંતર માટે વિવશ કરી દીધા અને પરિણામસ્વરૂપે સમગ્ર ગોકુળે સ્થળાંતર કરીને યમુના કિનારે વૃંદાવનમાં આસરો લેવો પડ્યો. આ વૃંદાવન મારી કેટલીયે ખાસિયતોની આધારભૂમિ હતું. અહીં મેં ઈન્દ્રપૂજા માટે હઠે ભરાએલા લોકોનો દ્રઢતાપૂર્વક વિરોધ કર્યો અને એના બદલે બધા ગોવાળોને ગોવર્ધન-ઉત્સવ માટે પ્રેરિત કર્યા. મેં વૃંદાવનમાં જ વાંસળી વગાડતા શીખ્યું હતું અને રાધા પણ મને વૃંદાવનમાં જ મળી હતી, જે મારા પ્રેમની પ્રતિમર્તિ હતી. એ મારી એવી માર્ગદર્શિકા, મારી પ્રેરણા અને દોસ્ત હતી, જે હંમેશને માટે મારાં વ્યક્તિત્વનું એક અંગ બની ગઈ. મારું જીવન આમ જ ઊતાર-ચઢાવો સાથે આગળ વધી રહ્યું હતું કે અચાનક સમયે પડખું ફેરવ્યું અને હું મારા મામાનાં આમંત્રણથી મથુરા પહોંચી ગયો.

અહીં મામાએ મને મારવા માટે અનેક ષડયંત્ર રચ્યાં, પણ મેં બધાં ષડયંત્ર પર જીત મેળવી લીધી અને છેવટે મામા કંસનો પણ વધ કરી નાખ્યો. પછી મારી આશંકાઓથી વિપરીત, મારા નાનાજી એટલે કે રાજા ઉગ્રસેને અણધારી રીતે મથુરાનું રાજ મને ભેટ કરી દીધું. પણ મેં રાજગાદી માટે થોડો જ મારા મામાનો વધ કર્યો હતો, માટે, પાછા વળીને નાનાજીને જ રાજા બનાવવાનો પ્રસ્તાવ મૂકી દીધો અને બધા લોકો ખુશીખુશી એમાં સહમત પણ થઈ ગયા. જોકે રાજગાદી ઠુકરાવવી મારા માટે કોઈ ખોટનો સોદો નહોતો, કેમકે એ પછી હું પૂરી મથુરાનો સન્માનિત વ્યક્તિ બની ગયો હતો. મારા મામાના સસરા જરાસંધે જ્યારે મથુરા પર આક્રમણ કર્યું ત્યારે મથુરાની સેના સામસામી લડાઈ માટે તૈયાર નહોતી. પણ સીમિત સંસાધન અને નાની સેના હોવા છતાંય મેં છળનીતિનાં બળે જરાસંધ જેવા અજેય યોદ્ધાને પંદર દિવસ સુધી ગૂંચવીને રાખ્યો હતો. અને છેવટ જતા ધન-બળનાં મોટાં નુકસાન પછી પણ એને અનિર્ણાયક સ્થિતિમાં પાછા ફરવું પડ્યું હતું. થોડા જ દિવસ પછી ગુપ્તચરોએ જરાસંધનાં બીજા આક્રમણની સૂચના આપી. પણ આ વખતે કુદરતને કંઈક જુદું જ મંજૂર હતું. કેમકે અચાનક આચાર્ય સાંદીપનિ મથુરા પધાર્યા અને નાનાજીને મને બચાવવાનો એક અવસર હાથ લાગી ગયો. એમણે મને અને ભાઈને એમના શિષ્ય બનાવી ઉજ્જૈયિનિ મોકલી દીધા. અને આજ બહાને વૃંદાવનના એક સામાન્ય ગોવાળને આર્યાવર્તનાં એક ખૂબ જ પ્રતિષ્ઠિત ગુરૂકુળમાં શિક્ષિત થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. શિક્ષાની સમાપ્તિ પછી, ગુરૂદક્ષિણા રૂપે આચાર્યના પુત્રને પાછો લાવવા માટે પ્રભાસમાં પંચજનનાં રાજ્યમાં ઘુસ્યો અને એને મારીને પ્રચુર ધન-ધાન્ય સાથે ગુરૂપુત્રને પાછો લાવ્યો. પછી ગુરૂપુત્રને એનાં માતા-પિતાને સોંપી, અમે બંને ભાઈ મથુરા આવી ગયા. ગુપ્તચરોએ ફરી જરાસંધનાં આક્રમણની સૂચના આપી. આ વખતે બીજો ઉપાય ન જોઈને અમારે બન્ને ભાઈઓએ મથુરા છોડી દૂર દૂર

ગોમંતની ટેકરી પર જઈને શરણ લેવું પડ્યું. જરાસંધે ત્યાં પણ આક્રમણ કર્યું, પણ એને ફરી હાથ ઘસતા રહેવું પડ્યું. અમે બે ભાઈઓએ સ્થાનિક જનજાતિઓની મદદથી જિદ્દી જરાસંધની સેનામાં ભાગદોડ મચાવી મૂકી હતી.

પછી ઉદ્ધવને કેદમાંથી મુક્ત કરાવવા, મેં કરવીરપુરનાં રાજા શૃંગલવનો વધ કર્યો અને ભાઈ તથા ઉદ્ધવની સાથે મથુરા પાછો ફર્યો. એક દિવસ નાનાજીએ જ્યારે જણાવ્યું કે કુંડિનપુરની રાજકુમારીનાં સ્વયંવરમાં મથુરાને નિમંત્રિત કરવામાં નથી આવ્યું, જે એક રીતે રાજનૈતિક અવહેલના હતી, તો રુક્મિણીનાં સ્વયંવરની વાત સાંભળીને જ હું સુન્ન થઈ ગયો હતો. નાનાજીના કહ્યાનુસાર આ સ્વયંવરનો સર્વેસર્વા જરાસંધ હતો અને એણે જ પોતાના પાલતુ એવા રુક્મિણીનાં ભાઈ રુક્મીને મથુરાને નિમંત્રિત ન કરવાનો આદેશ આપ્યો હતો. પણ હું વગર આમંત્રણે પણ મથુરાની આણ અને નકલી સ્વયંવરથી પોતાની પ્રાણપ્યારીની રક્ષા કરવા માટે કુંડિનપુર પહોંચી ગયો. ત્યાં જરાસંધની બધી યોજનાઓ છિન્નભિન્ન કરીને હું સ્વયંવર ભંગ કરાવવામાં સફળ થયો હતો. હવે કુંડિનપુરમાં ત્યારબાદ વધું રહેવું મારા માટે સુરક્ષિત નહોતું. મેં તત્ક્ષણ પાછા ફરવાનો નિર્ણય કર્યો. પણ હા, ઘાયલ જરાસંધને છંછેડવાનું ન ચૂક્યો. તો શું, જરાસંધે વધુ મોટી તૈયારી સાથે આક્રમણ કર્યું? પછી કેવી રીતે હું જરાસંધની ઉપસ્થિતિ છતાં, મારી રુક્મિણીને ષડયંત્રોથી બચાવી શક્યો? સત્રાજિતનાં ચક્રવ્યૂહમાં ફસાયેલી મથુરા શું ચેનપૂર્વક રહી શકતી હતી? જાણવા માટે, આગળ વાંચો...

સ્યમંતક મણિની ચોરીનું રહસ્ય

મારી યાત્રા મથુરા તરફ આગળ વધતી જતી હતી. મથુરા દ્વારા ફરી એક વાર મારા ભવ્ય સ્વાગતની આશા હતી. ગજબ વાત છે, જ્યારે પણ મને મથુરાથી ભગાડવાની યોજના કરવામાં આવે છે ત્યારે મારાથી કંઈકને કંઈક એવું થઈ જાય છે કે પાછા વળીને મથુરાએ મારા સ્વાગતની તૈયારી કરવી જ પડે છે. બસ, આજ બધા વિચારોમાં અને રુક્મિણીનાં સપનાંમાં યાત્રા પસાર થવામાં ક્યાં વાર લાગવાની હતી? અમારા રસાલાએ મથુરામાં પગ મૂક્યો. ગડગડાટ કરતાં અમારા રથ મુખ્ય માર્ગ પર પહોંચી ગયા. બસ, આ ખબર આગની જેમ પ્રસરી ગઈ. પછી શું હતું, મથુરાએ ધાર્યા મુજબ અમારું ભવ્ય સ્વાગત કર્યું. સ્વાભાવિક રૂપે મથુરા પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવાની ખુશી મનાવી રહી હતી. ...જોકે ભીડને ચીરતો અમારો રસાલો રાજમહેલ આવી પહોંચ્યો હતો. સ્વાભાવિક રીતે હું જલ્દીમાં જલ્દી આ ખબર નાનાજીને આપવા ઉતાવળો હતો. નાનાજીને તો વિશ્ર્વાસ જ નહોતો આવી રહ્યો કે હું એકલા હાથે આવું કંઈ કરી પણ શકું છું. ખુશ ખુશાલ નાનાજીએ તો તત્કાળ આજે રાત્રે મારા સન્માનમાં એક ભોજનનું આયોજન પણ કરી દીધું. તેમાં સમસ્ત સન્માનનીય યાદવોની સાથે સાથે સમગ્ર મંત્રીપરિષદને પણ આમંત્રિત કરવામાં આવી. આ બાજુ મથુરામાં ખબર પ્રસરતા જ લોકો રસ્તાઓ ઉપર ઊતરી આવ્યા હતા. ચારે તરફ મારો જયજયકાર થઈ રહ્યો હતો. જેને જુઓ તે ઉત્સવમાં ડૂબી ગયું હતું. છતાં પણ સહુથી વધારે પ્રસન્ન નાનાજી જ હતા. એક તો બૃહદલ નામની બલા હંમેશાં માટે તેમના માથેથી ટળી ગઈ હતી, બીજું સ્વયંવર રોકાવાથી મથુરાના સન્માનનું પણ રક્ષણ થઈ ગયું હતું. આમ સરવાળે નાનાજીને હવે પોતાના રાજા હોવાથી સંતોષ હતો. ચાલો નાનાજીનું તો સમજમાં આવે છે, પણ મથુરા શા માટે આટલી ઘેલી થઈ રહી હતી? આમ જોવા જઈએ તો રુક્મિણી સ્વયંવર રોકાવાથી મથુરાની પરિસ્થિતિમાં શું ફર્ક પડવાનો હતો? રાજકોષ તો ખાલીનો ખાલી જ રહેવાનો હતો. પ્રજાને ભૂખમરીમાં જ જીવન વીતાવવું પડતું હતું. યાદવ-પ્રમુખો તો કૂતરાં-બિલાડાંની જેમ અંદરોઅંદર ઝઘડતા જ રહેવાના હતા. પરંતુ કહે છે ને કે પાગલોનાં દિલ ઘેલછાથી જ માને છે. હશે, હું મારું વિચારું તો મારી તો ચારે તરફ વાહવાહી હતી. ન માત્ર રુક્મિણીની નજીક ગયો હતો, પરંતુ હવે મથુરામાંથી પણ મને કોઈ હલાવી શકે, એવું પણ નહોતું લાગી રહ્યું. સ્પષ્ટ રીતે હવે મથુરા મને અને હું મથુરાને સંપૂર્ણપણે અપનાવી ચૂક્યા હતા. અને પ્રમાણ રૂપે રાત્રિ-ભોજન વખતે પણ મને ભરપૂર સન્માન મળ્યું હતું. કેટલાય યાદવ-પ્રમુખોએ પણ મારી પ્રશંસા કરી હતી. હા, સત્રાજિત અને તેના પીઠ્ઠુઓ આ ભોજનથી દૂર જ રહ્યા હતા. તેઓ આવત પણ કયા મોંએ?

ખેર! રાત્રિ-ભોજન પતાવીને હું તરત ઘરે આવ્યો. યાત્રાનો થાક તો હતો જ, માટે જલ્દીથી સૂવા પણ જતો રહ્યો, પરંતુ સૂઈ ના શક્યો. આખી રાત બસ, આ સમગ્ર ઘટના પર વિચારતો રહ્યો. ખરેખર રુક્મિણીનો સ્વયંવર રોકાવવાથી મને ઘણાં વ્યક્તિગત ફાયદા થયા હતા, ...જોકે તેમ છતાં પણ હું આ મૂર્ખાઓની જેમ ઘેલો નહોતો થયો. હવે હરખ ઘેલો ભલે નહોતો થયો, પણ મનોમન હજારો પાંખો ફૂટી રહી હતી. ...અને તેના એક નહીં, હજારો કારણો હાજર હતા. સહુથી પહેલી વાત તો એ કે હું હવે રુક્મિણીનો 'તારણહાર' બની બેઠો હતો. મેં તેનું જીવન બરબાદ થતું અટકાવ્યું હતું. ચોક્કસપણે તેની સાથે, આજ સુધી જે આકર્ષણ એકપક્ષી હતું, એ હવે મારી વીરતાનું વર્ણન સાંભળી સાંભળીને રુક્મિણીનાં મનમાં પણ આકર્ષણ ભડકવાના અણસાર જાગૃત થઈ ગયા હતા. અને તમે તો જાણો જ છો કે હું તો આમ પણ સકારાત્મક વિચારોવાળો વ્યક્તિ હતો. આવામાં રુક્મિણીની બાબતમાં મારા વિચાર કંઈ વધારે પડતા જ સકારાત્મક હોવાનું સ્વાભાવિક પણ હતું. ચાલો એક ક્ષણ માટે રુક્મિણી

સિવાયનું પણ વિચારું, તો પણ મને આ સ્વયંવર અટકાવવાથી શું શું નહોતું મળ્યું? મથુરા, જે બૃહદલને મહોરું બનાવીને મને મિટાવવા તૈયાર થઈ હતી, તે જ આજે મારું સ્વાગત કરવા માટે વિવશ બની હતી. અર્થાત્ કમસેકમ હાલ પૂરતું તો હું યાદવ-પ્રમુખો પર ભારે પડી જ ગયો હતો. ...અને સહુથી મહત્ત્વપૂર્ણ વાત તો એ કે આ એક યાત્રાથી, મને આર્યાવર્તમાં રાજા જેવું ગૌરવ અને સન્માન પ્રાપ્ત થયાં હતા. રાજા ન હોવા છતાં પણ હવે હું કોઈ રાજાથી કમ નહોતો. હાલની સ્થિતિમાં એક ગોવાળ માટે આનાથી મોટી કઈ પ્રાપ્તિ હોઈ શકતી હતી? અને જ્યારે એકસાથે ચારે તરફથી આટલી ઉપલબ્ધિઓ મળી હોય તો એક રાત પોતાના મનની સાથે ઉત્સવ મનાવવાનું તો ઉચિત જ હતું. આથી, આખી રાત આવા ખયાલોમાં જ વીતાવી દીધી.

ચાલો આ તો બનતું જ હતું, પરંતુ વાત અહીંજ નથી રોકાતી. મથુરા આવ્યે દસ દિવસ વીતી ગયા હતા, પરંતુ હું હજી પણ રુક્મિણીના સપનાંઓમાંથી બહાર નહોતો આવી શકતો. તેનો સુંદર ચહેરો મારી આંખ સામેથી દૂર થઈ જ નહોતો શકતો. સાચું કહું તો હું રુક્મિણીને પામવા માટે અત્યંત બેકરાર થઈ ગયો હતો. મારા જીવનની તમામ ઉપલબ્ધિઓ, એક તેને પામવાની સામે ગૌણ દેખાવા લાગી હતી. પરંતુ વર્તમાન પરિસ્થિતિ પર વિચાર કરતાં જ મારો તમામ ઉત્સાહ ઠંડો પડી જતો હતો. કારણ કે તેને લાવીને ક્યાં રાખવામાં આવે, આ સવાલ હજી પણ તેની જગાએ યથાવત્ હતો. મથુરા ન તો મારો સ્થાયી નિવાસ હતો, ન તો કદી બનવાનો હતો. આજે નહીં તો કાલે, જરાસંધનો ક્રોધ મને ફરી વાર મથુરા છોડવા માટે વિવશ કરવાનો જ હતો. આવામાં રુક્મિણીને દરબદરની ઠોકર તો ખવડાવી શકતો નહોતો. બસ, જ્યારે બીજું કંઇ વિચારી શકતો નહોતો તો રહીરહીને મારી આ હતાશા ક્રોધના રૂપમાં જરાસંધ પર નીકળતી રહેતી હતી. તે મારા જીવનો અને મારી શાંતિ-બંનેનો દુશ્મન તો પહેલેથી જ હતો, હવે તેના કારણે મારા પ્રેમમાં પણ દરેક પ્રકારની અડચણો આવી રહી હતી. ...હવે આવામાં તેના પર પ્રેમ તો આવવાનો નથી. આમ તો એકલા જરાસંધને શું કામ કોસું? હું સામાન્ય પ્રજાના ઉત્સાહ અને તેમની માનસિકતા, બંનેને પણ સારી રીતે ઓળખતો હતો. હું જાણતો હતો કે આજે મથુરાવાસી ઉત્સાહમાં છે એટલે મારી સાથે છે, પરંતુ ભવિષ્યમાં જ્યારે જરાસંધના આક્રમણની ખબર સાંભળશે તો એજ લોકો મને ફરીથી ભગાડવાનું નહીં ચૂકે. અર્થાત્, ભલેને વર્તમાન પરિસ્થિતિમાં હું મથુરાનો લાડકો બની ગયો હતો, પરંતુ એ પણ નક્કી હતું કે પરિસ્થિતિ બદલાતા વાર નથી લાગવાની. અને વળી, જો બધાને કોસી રહ્યો છું તો સ્વયંને શા માટે બક્ષું? ...જો રુક્મિણીને લાવવા માટે હૃદય આટલું જ તડપી રહ્યું છે તો તેની કાયમી વ્યવસ્થા શા માટે નથી કરી લેતો? ...આ શું વાત કરી દીધી? જરાસંધના આંતકથી કાયમી છુટકારો તો હું રુક્મિણીને ના ચાહતો હોત તો પણ ઈચ્છું છું. ...પણ કોઈ ઉપાય તો સૂઝે. તો, ઉપાય તો કર્મથી જ નીકળશે. હા, આ પણ ઠીક છે. તો ચાલો, મથુરામાં મૂળિયાં મજબૂત કરવા કસીને આ કર્મનો શુભારંભ કરી દઈએ. બસ, પછી આ સંદર્ભમાં મેં આ હાલની પરિસ્થિતિનો સંપૂર્ણ રીતે ફાયદો ઉઠાવવાનું નક્કી કરી લીધું.

...હવે એક વાર નક્કી કરી લીધું તો યોજના પણ મનમાં ઊતરી આવી. મેં તરત જ નાનાજીને યાદવ-પ્રમુખની પસંદગી માટે એક સભા બોલાવવા માટે કહ્યું. આમાં તમામ યાદવ-પ્રમુખોની સાથે સાથે સામાન્ય પ્રજાને પણ આમંત્રિત કરવાની હતી. નાનાજીનું શું હતું? તેમને તો બસ, મારા કહેવાની જ વાર હતી. મારી સામે જ તેમણે મહામંત્રીને તમામ જવાબદારી પણ સોંપી દીધી. ચોક્કસપણે હવે મારી યોજના યાદવ-પ્રમુખ બનવાની હતી. કારણ કે મથુરા માટે મને ભગાડવાનું સહેલું હતું, પણ પોતાના યાદવ-પ્રમુખને દૂર કરવાનું સહેલું નહીં હોય. બસ, એક વાર યાદવ-પ્રમુખ તરીકે ચૂંટી લેવામાં આવું, તો મથુરાથી ચિંતામુક્ત થઈ જાઉં. ...પછી જરાસંધની બાબતે પણ વિચારી લેવામાં આવશે. ભલે ગમે તે કરવું પડે, આ વખતે આ સમસ્યાનો કાયમી ઉકેલ શોધવો જ પડશે. ભલે મારા માટે નહીં તો રુક્મિણીને માટે, પરંતુ હવે હદ આવી ગઈ હતી. ભલા સતત મોત રૂપે લટકતી તલવારના ઓથારમાં

કોઈ કેવી રીતે ખૂલીને જીવી શકે છે? આ તો હું બેશરમ હતો કે બધું ચાલી રહ્યું હતું, નહીંતર સાધારણ માણસ તો ક્યારનોય ચિંતામાં જ મરી જાય.

હશે! હાલ તો આજ બધા ચિંતનો અને વિચારોની વચ્ચે સભાનો દિવસ પણ આવી ગયો. હું પણ સંપૂર્ણ રીતે તૈયાર હતો. સવારે સત્વરે જ નાનાજી પાસે પહોંચી ગયો હતો. સભાની શરૂઆતમાં હું તેમની પાસે સંબોધન કરાવવા ઈચ્છતો હતો. અને તેમણે શું કહેવાનું છે તે સમજાવવા માટે જ હું આમ સવાર સવારમાં અહીં આવ્યો હતો. અને બપોર સુધીમાં નાનાજીએ શું કહેવાનું છે તે હું તેમને સારી રીતે પઢાવી પણ ચૂક્યો હતો. તો નાનાજીના આ સંબોધન બાદ મને પોતાના યાદવ-પ્રમુખ તરીકે ચૂંટાઈ આવવામાં કોઈ અડચણ નજરે નહોતી આવી રહી. બસ, સાંજ થતાં જ હું, ભાઈ અને નાનાજીની સાથે સમયસર સભાસ્થળ પર પહોંચી ગયો હતો. મારે માટે ખુશીની વાત એ હતી કે સભામાં ઉત્સાહ પણ હતો અને હાજરી પણ. આશ્ચર્ય એ કે આટલો માર ખાધા પછી પણ સત્રાજિતની મંડળી ક્યાંયથી પણ ઓછી સક્રિય નહોતી લાગતી. ચાલ્યા કરે! આજે સત્રાજિતની સક્રિયતા મારે માટે જરાયે ચિંતાનો વિષય નહોતી. રોકાવવાથી મારું પ્રભુત્વ આજે તેનાથી ઘણું વધી ગયું હતું. અને વળી મારી કૂટનીતિક ચાલની સામે કોઈનું ક્યાં ચાલવાનું હતું? નાનાજીને તૈયાર જ એવા કર્યા હતા કે આજે સત્રાજિતનું નામ લેવા કોઈ બાકી હોય તેવું લાગતું જ નહોતું. લો, આજે હું સત્રાજિતને જોઈને આ બધું વિચારી જ રહ્યો હતો કે આ બાજુ નાનાજીએ કોઈપણ પ્રસ્તાવના વિના સભાનો પ્રારંભ કરતાં બધાને સંબોધિત કરવાનું શરૂ પણ કરી દીધું. તેઓ ઘણા ઉદાસ થઈને બોલ્યા- મારા માનવા મુજબ, મથુરાની વર્તમાન પરિસ્થિતિ માટે મુખ્ય રૂપે આપણા આંતરિક ઝઘડા જ જવાબદાર છે. આથી હું ઈચ્છું છું કે આપણે બધા એક થઈને આપણો એક યાદવ-પ્રમુખ ચૂંટી લઈએ, જેથી આ આંતરિક ઝઘડા હંમેશાં માટે સમાપ્ત થઈ જાય.

...નાનાજીનું આટલું કહેતાની સાથે જ ચારે તરફથી હા... હા...ના અવાજો ગૂંજવા લાગ્યા. એટલે યાદવ-પ્રમુખ તરીકે ચૂંટાઈ જવાની પ્રથમ અડચણ તો દૂર થઈ ગઈ. કમસેકમ યાદવ-પ્રમુખ ચૂંટવા માટે તો બધા એકમત થઈ ગયા હતા. હવે રહ્યો સવાલ, કોને? તો તેના માટે નાનાજીએ મારું ગોખાવેલું કૂટનીતિક ભાષણ આપી દીધું, જેણે મારા યાદવ-પ્રમુખ બનવાનો માર્ગ સંપૂર્ણ રીતે સાફ કરી દીધો. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું કે મારા માનવા મુજબ યાદવ-પ્રમુખ પરિસ્થિતિની માંગ અનુસાર ચૂંટવામાં આવે તો સારું છે. આથી આપણે એવો યાદવ-પ્રમુખ ચૂંટવો જોઈએ જે વીર હોય અને જેના પર મથુરાને પણ ગર્વ હોય, જેની ન માત્ર આર્યાવર્તમાં ઓળખાણ હોય, પરંતુ જે મથુરાને ફરી એક વાર પ્રગતિના માર્ગ પર અગ્રસર પણ કરાવી શકતો હોય. જેવું કે અપેક્ષિત હતું, ચારે તરફથી મારા નામનો પ્રસ્તાવ આવવા લાગ્યો. ચારે તરફ મારો જ જયજયકાર ગૂંજવા લાગ્યો. નાનાજી પાસે ગુણોના વખાણ જ એવા કરાવ્યા હતા કે મારા સિવાય કોઈ બીજું નજરે આવી જ નહોતું શકતું. જોકે સત્રાજિત જરૂર પોતાના પીઠ્ઠુઓ સાથે ખૂણામાં બેઠો બેઠો મારો વિરોધ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. કેટલાક અન્ય સન્માનનીય યાદવો પણ ધીમા અવાજે તેનો સાથ આપી રહ્યા હતા. પરંતુ આજે તેમનો અવાજ સાંભળવાવાળું કોઈ નહોતું. કાલે એમનો, તો આજે મારો વારો હતો. ભૂતકાળમાં આજ યાદવ-સભામાં જ્યાં મારો અવાજ દબાયેલો હતો, ત્યાંજ આજે સત્રાજિતને સાંભળનારું કોઈ નહોતું. હવે આ તો બધી સમય સમયની વાત હતી. અને સમયની અત્યારની વાત એ કે હું યાદવ-પ્રમુખ ચૂંટી લેવામાં આવ્યો હતો. અને તેની સાથે જ આજની આ સભા સમાપ્ત થઈ.

હવે હું નિશ્ચિંત હતો. મથુરાએ જબરદસ્તી મારો સાથ આપવો પડશે. ભલા જરાસંધના આક્રમણથી ડરીને કોઈ પોતાના પ્રમુખને મથુરા છોડવા માટે થોડું જ કહી શકે છે? મથુરાએ ના ઈચ્છવા છતાં પણ હર હાલમાં પોતાના પ્રમુખની રક્ષા કરવી જ પડશે. આમ તો યાદવ-પ્રમુખ તરીકે ચૂંટાઈ જવાનો અન્ય એક સીધો ફાયદો પણ સ્પષ્ટ નજરે આવી રહ્યો હતો, જ્યારે જરાસંધ સુધી આ ખબર પહોંચશે કે સત્રાજિત જેવા દિગ્ગજ સન્માનનીય યાદવના હજારો પ્રયત્નો છતાં હું 'યાદવ-પ્રમુખ' ચૂંટી

લેવામાં આવ્યો છું, તો ચોક્કસપણે ઉતાવળમાં કોઈ આક્રમણની કોશિશ નહીં કરે. તેનાથી મને મથુરામાં શાંતિથી વિચરણ કરવા માટે થોડો વધારે સમય મળી જશે. આમ સરવાળે વર્તમાન પરિસ્થિતિમાં જરાસંધ દ્વારા કોઈપણ આક્રમણ વર્ષ-દોઢ વર્ષ પહેલાં થવાની સંભાવના ખતમ થઈ ગઈ હતી. હવે મારા જેવા માણસ માટે તો વર્ષ-બે વર્ષ બહુ લાંબો સમય હોય છે.

ચાલો આ બધું ઉડ્ડયન તો ઘરે પહોંચતા પહોંચતા કરી લીધું. પણ હવે આગળ શું? તમે તો જાણો જ છો કે મારી દુઃખતી રગ તો મારું ધડકતું દિલ હતું, મારા સપનાંની રાણી રુક્મિણી હતી. ખરેખર જ્યારથી તેને ભોજન વખતે જોઈ હતી, મારી ઘેલછાએ તમામ સીમાઓ ઓળંગી લીધી હતી. મને તેના સિવાય કંઇ સૂઝી જ નહોતું રહ્યું. પરંતુ યાદવ-પ્રમુખ બનવા માત્રથી તો રુક્મિણીને પામી શકાતી નહોતી. અર્થાત્ હૃદયની વિવશતા પોતાની જગાએ પૂરી દ્રઢતાથી યથાવત્ હતી. બસ, આજની તારીખમાં આજ મારું દુઃખ હતું અને આજ મારી સમસ્યા હતી. ...અને તેના પર જુલમ એ કે હું મારા હૃદયની હાલત કોઈને કહી પણ નહોતો શકતો. કહેવાનું તાત્પર્ય એ કે હૃદયની વાત સંભળાવવા કે વહેંચવાથી બેચેની ઓછી થઈ શકતી હતી, પરંતુ મારી પાસે તો તેનો પણ ઉપાય નહોતો. અને આ બધાથી ઉપર હકીકત એ હતી કે રુક્મિણીનાં સપનાં જોવાનું તો સહેલું હતું, પરંતુ તેને પામવી એ તો બહુ દૂરની વાત હતી. કારણ કે તેને પામવા માટે રાજા બનવું અને પોતાનું એક રાજ્ય હોવું, બંને જરૂરી હતું. ...આમ સરવાળે પરિસ્થિતિ એવી થઈ ગઈ હતી કે એક તરફ રુક્મિણીની ઘેલછા માથે સવાર થઈને બોલવા લાગી હતી, ત્યાંજ બીજી તરફ તેને પામવાનો કોઈ રસ્તો દેખાઈ રહ્યો નહોતો. અને ઉપરથી મજા એ કે ભલેને રુક્મિણી આ ગોવાળ માટે એક દુઃસ્વપ્નથી વધીને કંઇ નથી, પણ તેમ છતાં આ ગોવાળ તેનાં સપનાં જોયા વિના જીવી પણ શકતો નહોતો. અર્થાત્ નવા નવા યાદવ-પ્રમુખના દિવસ રુક્મિણીને પામવાની બેચેની અને ન પામવાના દુઃખની વચ્ચે વીતી રહ્યા હતા. તમે સમજી જ રહ્યા હશો કે આવા યાદવ-પ્રમુખના રાજમાં મથુરાની શી હાલત થઈ હશે? હવે એક દુખિયારા પ્રેમીને આવું મહેણું શું કામ મારો છો? આ તો ઘડી બે-ઘડીની વાત છે; નહીંતર તેમનો નવો યાદવ-પ્રમુખ ખરેખર ઘણો જવાબદાર વ્યક્તિ છે.

ખેર છોડો! આ બધું તો ચાલતું જ રહેશે, અત્યારે તો ખુશખબરી એ કે આ બેચેન આત્માની બેચેની દૂર કરવા ઉદ્ધવ મથુરા આવી ટપક્યો હતો. તેના આવવા માત્રથી મને મોટો સહારો મળ્યો હોય તેમ લાગ્યું. ખરેખર તેની સાથે મારી આત્મીયતા રોજબરોજ ઝડપથી વધી રહી હતી. પરંતુ સમસ્યા એ હતી કે તે વૃંદાવનના સમાચાર મારા સુધી પહોંચાડવા અને પોતાની જૂની રટનું પુનરાવર્તન કરવા માટે જ અહીં પધાર્યો હતો. હા...હા, એજ વૃંદાવન જવાની રટ. આમ તો જે પરિસ્થિતિમાંથી હું પસાર થઈ રહ્યો હતો તેમાં વૃંદાવન જવાનું મારે માટે પણ સારું હતું. પરંતુ હજી નવો નવો યાદવ-પ્રમુખ બન્યો હતો. માથા પર મથુરાના પુનર્નિર્માણની જવાબદારી હતી. હાલ સમયની જરૂરિયાત રુક્મિણીનાં સપનાંમાંથી બહાર આવીને મથુરાના યથાર્થમાં ડૂબવાની હતી, આવામાં ઉદ્ધવ ઊલટું વૃંદાવનરૂપી નવાં સપનાં બતાવવા ચાલ્યો આવ્યો હતો. આમ તો આ સપનું પણ યથાર્થમાં બદલાઈ જાય તો મજા આવવાની જ હતી. ...પણ સવાલ એ છે કે મનુષ્યનું મન અને હૃદય તો ઘણીવાર ઘણું બધું કહે છે, પરંતુ મનુષ્યએ તો માત્ર પોતાનાં કર્તવ્યો સાથે જ જીવવું પડતું હોય છે. આથી, સરવાળે હાલ પૂરતું વૃંદાવન જવાનું શક્ય લાગી રહ્યું નહોતું. આથી ખુદ તો સમજી જ ચૂક્યો હતો અને સાથેસાથે ઉદ્ધવને પણ સમજાવી દીધો હતો. હવે સમજાવવાનું પોતાની જગાએ હતું, પરંતુ એક વાર વાત નીકળી હતી તો વૃંદાવનની યાદ તો પજવવા જ લાગી હતી. બસ, આ વિવશતાએ પરિસ્થિતિ વધારે કથળાવી મૂકી હતી. એક તો રુક્મિણીનાં સ્મરણોએ આમ જ હેરાન કરી મૂક્યો હતો, ઉપરથી હવે વૃંદાવન ન જઈ શકવાની પીડાએ પણ ઘર કર્યું હતું. આ પરિસ્થિતિઓમાં, હૃદયથી વિવશ આ બિચારો કૃષ્ણ પોતાને સંભાળે તો પણ કેવી રીતે સંભાળે...? બસ, એક વાંસળી જ હતી જે તેને સંભાળી શકતી હતી, અને

સાચું કહું તો વર્તમાનમાં એક તે જ હતી જેણે મને સંભાળીને રાખ્યો હતો. ...અને હા, બીજા પ્રયત્ન રૂપે મેં સ્વયંને રાત-દિવસ મથુરાની સમસ્યાઓમાં ગૂંચવી દીધો હતો. રુક્મિણી નામની મીઠી પીડાથી અને વૃંદાવનનાં સોનેરી સ્મરણોથી છુટકારો પામવાનો બસ, આજ એક ઉપાય હતો. ક્યારેક મથુરાવાસીઓને સમજાવતો, તો ક્યારેક વ્યાવસાયિકો સાથે ચર્ચા કરતો. ક્યારેક યાદવ-પ્રમુખો પાસે સમજતો, તો ક્યારેક નાનાજીનું પણ માર્ગદર્શન લેતો. કહેવાનું તાત્પર્ય એ કે મથુરાના ઉદ્ધારની કોઈ પાક્કી યોજનાની ગોઠવણમાં આખો વખત ફરતો રહેતો હતો, અર્થાત્ હવે બીજું કંઇ નહીં તો આ પાક્કું કહી શકાતું હતું કે આ દિવસોમાં યાદવ-પ્રમુખ હોવાનું કર્તવ્ય સારી રીતે નિભાવી રહ્યો હતો.

જોકે સાચું તો આ છે કે આ બધું તો દિવસ પૂરતું જ હતું. રાત્રે તો પરેશાની ફરી માથે સવાર થઈ જતી હતી. ચાલો વૃંદાવનથી છુટકારો તો ઉદ્ધવનો સાથએ અપાવી દીધો હતો, પરંતુ રુક્મિણીનું શું...? તે મહારાણી તો રાતે અચૂક સતાવવા આવી જ જતી હતી. જોકે રાત પણ કોઈક રીતે ઉદ્ધવ અને વાંસળીના સહારે પસાર કરી જ લેતો હતો. પરંતુ ખબર નહીં કેમ હું થોડો થોડો થાકેલો રહેવા લાગ્યો હતો. હવે આ દિવસ-રાતની ભાગદોડની અસર હતી કે સતત ચાલી રહેલા સંઘર્ષોનો પ્રભાવ હતો? એમ પણ બની શકતું હતું કે આ સંઘર્ષપૂર્ણ કર્મની સાથેસાથે રુક્મિણીનાં સપનાંમાં મારી ઊર્જા વિભાજિત થવાની અસર હોય. આવું હશે તો ચાલશે, મને થાક મંજૂર છે, પણ રુક્મિણીનાં સપનાં જોવાનું છોડી શકતો નહોતો. પણ આમ સતત થાક લાગવો કોઈ સારી વાત તો નથી. આથી... વિચાર્યું, આના કરતાં તો શા માટે વૃંદાવન જ ન જઈ આવું? ત્યાં પહોંચતા જ તમામ થાક દૂર થઈ જશે. જો વાત ઊર્જાની છે તો વૃંદાવનથી મોટો ઊર્જાનો સ્ત્રોત મારા જીવનમાં કયો છે? પરંતુ એ પહેલા કે હું વૃંદાવનના સપનામાં ખોવાઈ જાઉં, તત્ક્ષણ આ વિચાર ત્યાગવો પડ્યો. હજી નવો નવો યાદવ-પ્રમુખ બન્યો હતો. જો વૃંદાવન ચાલ્યો ગયો તો સત્રાજિત સહિત તમામ યાદવ-પ્રમુખોને મોકો મળી જશે કે જોયું તમારો યાદવ-પ્રમુખ સમસ્યાઓથી ડરીને ફરી ભાગી ગયો. તો પછી આનો ઉપાય શો...? ઉપાય છે. વૃંદાવન નથી જઈ શકાતું તો કોઈ વાંધો નહીં, પરંતુ યાદવ-પ્રમુખ રાજકીય કારણોસર બહાર તો જઈ જ શકે છે. તેમાં તો કોઈ ભૂંડું નથી કહી શકતું. સો વાતની એક વાત એ કે મારે આ સમયે ન માત્ર માનસિક અને શારીરિક વિશ્રામની, પરંતુ કોઈ નક્કર પરિવર્તનની પણ તાતી જરૂર હતી. વિચાર તો ઉત્તમ હતો, પણ સમસ્યા એ હતી કે જાઉં ક્યાં?

...બસ, ઘણા વિચાર-વિમર્શ પછી મેં આચાર્ય સાંદીપનિજીના આશ્રમમાં કેટલાક દિવસો માટે જવાનું નક્કી કર્યું. ભાઈ અને ઉદ્ધવ તો મારો પ્રસ્તાવ સાંભળતા જ ખુશીથી ઊછળી પડ્યા. અને તમે તો જાણો જ છો કે આચાર્યજી તો આમ પણ મારી ઊર્જા અને પ્રેરણાના સ્ત્રોત હતા. તેઓ આ બાબતમાં તો વૃંદાવનથી જરાયે ઓછા નહોતા. આથી વૃંદાવન નહીં તો ભલે, સાંદીપનિજીનો આશ્રમ તો છે. મજા તો એ કે આચાર્યજીને ત્યાં જવાના નામ માત્રથી જ મારો અડધો માનસિક અને શારીરિક થાક દૂર થઈ ગયો હતો. ...ત્યાં સુધી કે હું અત્યારથી જ આશ્રમના સપનામાં ખોવાઈ ગયો હતો. એક તો આ વખતે ઉદ્ધવ પણ સાથે આવવાનો હતો, એટલે મજા તો આમ પણ બેવડાઈ જશે, એ નક્કી હતું. ઉપરથી ઘણાં જૂના મિત્રોને મળવાનો ઉત્સાહ પણ હતો જ. લો, આશ્રમના સપનામાં શું ખોવાયો... રુક્મિણી ગાયબ થઈ ગઈ. ...ચાલો જાન છૂટી. આ બહાને એક મજાના દર્દથી છુટકારો તો મળ્યો. આ છુટકારો મને એટલો સારો લાગ્યો કે હું વધારે ઝડપથી આશ્રમના સપનામાં ડૂબી ગયો. સાંદીપનિજીનું સાંન્નિધ્ય, સુદામા, પુનર્દત્ત અને વિન્દ-અનુવિન્દ જેવા મિત્રો સાથે મુલાકાત. અને હા, સુદામાના ગાન પર વાંસળીનો તાલ બેસાડવાની તો મજા જ કંઈક ઓર હશે. ઉત્સાહ એટલો છવાઈ ગયો હતો કે હું તત્ક્ષણ યાત્રાની તૈયારીઓમાં પરોવાઈ ગયો. તૈયારી શું કરવાની હતી, તે તો એક જ દિવસમાં પૂરી થઈ. હવે અમારે દરેક કામ જાતે ક્યાં કરવાનું હતું, સેવકોની ફોજ તૈયાર ઊભી હતી. બસ, નાનાજીની આજ્ઞા લઈને બે દિવસ બાદ જ અમે ઉજ્જયિની જવા માટે રવાના થઈ ગયા. હું તો ખુશ હતો જ, ભાઈ અને

ઉદ્ધવની પ્રસન્નતાનો પણ પાર નહોતો.

જીવનની આ પહેલી યાત્રા હતી જે વિના કોઈ કારણે, માત્ર વિશ્રામ અને પરિવર્તન માટે કરી રહ્યો હતો. સાચું કહેવામાં આવે તો આજે પહેલી વાર ચીલો ચાતરીને કૃષ્ણ 'કૃષ્ણ' માટે કંઈક કરી રહ્યો હતો. અને જ્યારે સ્વયં માટે કંઈક કરવાનું જ છે તો પછી તેમાં કંજૂસી શું કામ કરવાની? આથી યાત્રાની તૈયારી ધનાઢ્યો જેવી કરાવાઈ હતી. આખરે 'યાદવ-પ્રમુખ'ની ઈજ્જતનો સવાલ હતો. સાથે જ આશ્રમના યુવરાજો ઉપર રોફ પણ તો જમાવવાનો હતો. અમે અમારી સાથે દસ રથ અને વીસ સેવક-સૈનિકો લઈને જઈ રહ્યા હતા. હવે જીવનમાં આટલી પ્રગતિ કરી લીધા બાદ રથ ખોલવો, ફળ તોડવા, વિશ્રામની જગા શોધવી અને રાત્રિપહેરો કરવો કંઈ અમારું કામ થોડું જ હતું? અને વળી વિના કારણ આવા કાર્ય સન્માનનીયોને શોભા પણ નથી દેતા. આથી, આમ સરવાળે આ યાત્રાનો આનંદ જ કંઈક અનેરો હતો. હું, ભાઈ અને ઉદ્ધવ. પહેલી વાર ન તો કોઈથી ડરીને ભાગી રહ્યા હતા, ન કોઈને શોધવા જઈ રહ્યા હતા. અમે તો આચાર્યજી અને મિત્રોને મળવા જઈ રહ્યા હતા. અર્થાત્ માત્ર યાત્રા માટે યાત્રા કરી રહ્યા હતા. આજે પહેલી વાર અનુભવ થઈ રહ્યો હતો કે આવી અકારણ યાત્રાનો આનંદ કેટલો નિરાળો હોય છે. ઉજ્જયિની સુધીની યાત્રા દરમ્યાન મોટા ભાગનો સમય મારો રથ મેં જ ચલાવ્યો હતો. સાથે ક્યારેક ભાઈ આગળ બેસતા તો ક્યારેક ઉદ્ધવ. હવે પકવાન વગેરે તો બજારોમાંથી સેવક જ ખરીદી લાવતા હતા. ત્યાં વધતી ઉંમર અને જોયેલી દુનિયા સાથે હવે બજારોનો પણ ખાસ ઉત્સાહ બચ્યો નહોતો. હા, ઉદ્ધવ જરૂર પહેલી વાર અમારી સાથે આટલી લાંબી યાત્રા કરી રહ્યો હતો. આથી, રસ્તામાં આવનારા બજારોમાંથી તેના માટે કેટલાક પીતાંબર અને થોડા ઘરેણાં જરૂર ખરીદ્યાં હતા. અન્યથા તો આશ્રમ પહોંચવાની ઉતાવળમાં ઉપર પણ કોઈ વિશેષ ધ્યાન અપાતું નહોતું. આમ સરવાળે સમગ્ર ધ્યાન યાત્રા પસાર થવા પર હતું. આવામાં યાત્રા પસાર થવામાં શું વાર લાગવાની હતી? કુલ સતત સાત દિવસોની યાત્રા બાદ અમે ઉજ્જયિનીમાં પ્રવેશ કરી લીધો હતો.

ઉજ્જયિનીમાં પ્રવેશતા જ હું પ્રફુલ્લિત થઈ ગયો હતો. અમારો કાફલો જે ગલીઓ કે ચાર રસ્તા પરથી પસાર થતો, હું તેને જોવાનું ભૂલતો નહીં. આટલા વર્ષો બાદ ઉજ્જયિની આવ્યો હતો, પણ મને તો ક્યાંય કોઈ બદલાવ નજરે આવી નહોતો રહ્યો. આ બાજુ આમ કરતાં કરતાં અમે આખું શહેર પસાર કરીને આશ્રમના મુખ્ય દ્વાર પર પણ પહોંચી ગયા. પહોંચતા જ સેવક-સૈનિકો અને રથોને ત્યાંજ આશ્રમ બહાર છોડીને અમે અંદરની તરફ દોડી ગયા. સારું એ કે ત્યાં બપોરનું ભોજન ચાલી રહ્યું હતું. અમને જોતા જ, આચાર્યજી અને ગુરુમાતાની ખુશીનો તો પાર ના રહ્યો. ...અને પુનર્દત્ત, તેના માટે તો જાણે સાક્ષાત્ ઈશ્વર જ પ્રકટ થઈ ગયા હતા. આખરે તેનું જીવન મારા કર્મનું જ તો પરિણામ હતું. હા, એક દુ:ખની વાત એ હતી કે સુદામાને બાદ કરતાં, તમામ જૂના મિત્રો ચાલ્યા ગયા હતા. કોઈ વાત નહીં; આચાર્યજીએ અમને તેમના બધા જ નવા શિષ્યો સાથે મેળાપ કરાવીને આ ખોટ પણ પૂરી કરી દીધી. બાકી બધું તો બરાબર હતું, પરંતુ આશ્રમમાં એક અદ્ભુત પરિવર્તન આવ્યું હતું. તમે વિશ્વાસ નહીં કરો, બે છોકરીઓ પણ આશ્રમમાં શિક્ષિત થઈ રહી હતી. હશે, અત્યારે તો અમને બહુ કકડીને ભૂખ લાગી હતી; એટલે સીધા હાથ પગ ધોઈને અમે પણ બધાની સાથે જોડાઈ ગયા. ભોજન બાદ બધાની સાથે થોડી આમ તેમ વાતો કરીને અમે વિશ્રામ કરવા જતા રહ્યા. આચાર્યજીએ અમને ત્રણેયને સુદામાની સાથે એક અલગ જ કક્ષ આપી દીધો હતો. આ બધું તો ઠીક પણ કક્ષમાં આવતા જ હું આચાર્યજીના વિચારોમાં ખોવાઈ ગયો. તેઓ ખરેખર કમાલના હતા. તેમને ગમે ત્યારે મળો; કોઈ ને કોઈ આશ્ચર્યમાં મૂકી જ દે છે. હવે આર્યાવર્તની પ્રચલિત પરંપરામાં શિષ્યાઓ વર્જિત હતી. આથી આ શિષ્યાઓને લઈને મારા મનમાં જિજ્ઞાસા જાગી રહી હતી. આચાર્યજીએ આ કમાલ કેમ અને કેવી રીતે કરી બતાવી હતી? અને કહે જ છે ને કે જિજ્ઞાસાનું સમાધાન જેટલી જલ્દી થઈ જાય તેટલું વધારે સારું. આથી વિશ્રામ વગેરે છોડીને હું સીધો આચાર્યજીની પાસે પહોંચી ગયો અને તેમની સામે મારી જિજ્ઞાસા

વ્યક્ત કરી. મેં કહ્યું- જ્યારે આશ્રમમાં પર પ્રતિબંધ છે, તો પછી આ કેવી રીતે શક્ય બન્યું?

આચાર્યજીએ હસીને કહ્યું- કૃષ્ણ! શું વર્જિત છે અને શું અનિવાર્ય છે ...તેનો નિર્ણય તો સમય અને પરિસ્થિતિઓ કરે છે, નિયમ કે પરંપરા ક્યારેય નહીં.

હું તો આચાર્યજીની વાત સાંભળતા જ દંગ રહી ગયો. ખરેખર, તેમણે શું વાત કરી હતી? આજ કારણ હતું કે હું ઉજ્જયિની આવવા માંગતો હતો. આ તેમની અદ્ભુત મુદ્રાઓ જ તો હતી, જેની પાછળ હું ગાંડો હતો. વાત એટલી અદ્ભુત હતી કે હંમેશાં માટે મારા દિલમાં વસી ગઈ. ખરેખર, આચાર્યજીની વાણી, તેમના હાવભાવ અને તેમનું શિક્ષણ મારી અંદર એક નવી ઊર્જાનો સંચાર કરી દેતાં હતા. આમ આજનું શિક્ષણ તો ઘોડાને મદિરા પીવરાવવા સમાન હતું. હું, જે પહેલા જ નિયમ-પરંપરાઓનું બેધડક ઉલ્લંઘન કરતો આવી રહ્યો હતો, હવે તો જાણે મને ખુલ્લો દોર મળી ગયો હતો. હશે, હાલ તો ઉછળતો-કૂદતો મારા કક્ષમાં પહોંચ્યો અને એવો સૂતો કે સીધો સાંજે જ ઊઠ્યો. સાંજે તો અમારા આવવાની ખુશીમાં સંધ્યા-સભાનું આયોજન કરી જ દીધું હતું. આચાર્યજીએ સભાની શરૂઆતમાં જ મારી ખૂબ પ્રશંસા કરી. ...પછી સુદામાનું ગાન અને મારા વાંસળીવાદનનો તાલમેળ પણ થયો. આ બધું તો ઠીક પણ રાત થતાં થતાં તો આપણા ઉદ્ધવ મહારાજની, સુદામા અને પુનર્દત્ત સાથે સારી મિત્રતા પણ થઈ ગઈ. ત્યાં સુધી કે હવે તો પુનર્દત્ત પણ અમારી સાથે અમારા કક્ષમાં જ રહેવા આવી ગયો. અર્થાત્ આશ્રમમાં પગ મૂકતા જ અમે ત્રણથી પાંચ એમ જ થઈ ગયા. ત્યાં સુધી તો ઠીક પણ મજા બીજા દિવસથી બેવડાઈ ગઈ. એક તો અમારી યાત્રાનો થાક પણ ઊતરી ગયો હતો અને બીજું અત્યાર સુધીમાં અમે બધા હવે અંદરોઅંદર હળીમળી પણ ગયા હતા. અને અધૂરામાં પૂરું અમારા લોકોની ખુશીમાં વધારો કરવા માટે આશ્રમમાંથી કેટલાય અનુશાસન ઉઠાવી લેવામાં આવ્યા હતા. ...ખાસ કરીને ભોજન પરથી તો તમામ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યા હતા. તેમના પ્રિય ખાઉંધરા શિષ્ય આશ્રમમાં જે પધાર્યા હતા. આમ સરવાળે ખુશીઓનો એવો દોર ચાલી રહ્યો હતો જે અટકી જ રહ્યો નહોતો. બધા લોકો ખુશ હતા, છતાં પણ ઉદ્ધવની ખુશી બધાથી અલગ હતી. તેણે આમેય તેના જીવનમાં આવી ખુશીઓ અને આવા સહજીવનની ક્યારેય કલ્પના પણ નહીં કરી હોય. ...અને હું તેની ખુશી જોઈ જોઈને ખુશ હતો. મને તેની ખુશીની સામે મારી વ્યક્તિગત ખુશી નગણ્ય લાગતી હતી. ...બસ, આવી રીતે જ હસતા-રમતા દિવસો પસાર થઈ રહ્યા હતા. આચાર્યજી પણ મથુરામાં અમારો વધતો પ્રભાવ જોઈને, જરાસંધની બાબતે ઘણા નિશ્ચિંત થઈ ગયા હતા. વળી રુક્મિણી-સ્વયંવર રોકાવવાની બાબતે તો તેઓ મને અનેક વાર શાબાશી આપી ચૂક્યા હતા.

...આ બધું તો ઠીક પણ અચાનક ભાઈની ખુશીઓને ગ્રહણ લાગી ગયું. ...ના, ના, ગભરાઓ નહીં, તેઓ આશ્રમમાં ખુશ તો ઘણા હતા પણ સાથે જ આ દિવસોમાં તેમને એક મીઠા દર્દે પકડી લીધા હતા. અને આવા મજાના દર્દ સાથે ભાઈની આ પ્રથમ મુલાકાત હતી. હા, હા, કહું છું. ...વાસ્તવમાં એવું થયું કે આચાર્યજી જ્યારે તેમના નવા શિષ્યો સાથે પરિચય કરાવી રહ્યા હતા, ત્યારે તેમણે અમારો પરિચય 'રેવતી' નામની એક શિષ્યા સાથે પણ કરાવ્યો હતો. અમે તો મળીને આગળ વધી ગયા હતા, પણ ભાઈએ રેવતીને જે જોઈ, તો જોતા જ રહી ગયા હતા. ખરેખર આવી હૃષ્ટપુષ્ટ અને સુદ્રઢ દેહવાળી યુવતીઓ આમ પણ ઓછી જ જોવા મળે છે. સાથે જ તેની કોમળતા અને સુંદરતા પણ અદ્ભુત હતી. આમ સરવાળે તેનું વ્યક્તિત્વ કોઈ રાજઘરાના સાથે જોડાયેલું હોય તેવું લાગી રહ્યું હતું. તે સમયે તો મેં ભાઈના પ્રભાવિત થવાને એક સામાન્ય ઘટનાની જેમ જ લીધું હતું. આથી, હું તો મારા મિત્રો અને આચાર્યજીમાં ખોવાયેલો રહી ગયો અને આ બાજુ ભાઈ ક્યારે તેના પર લટ્ટુ થઈ ગયા એની ખબર જ ન પડી. ત્યાં સુધી તો ઠીક, પણ મજા એ કે પ્રેમનું આકર્ષણ છવાતા જ એમનામાં પ્રેમીના ગુણ પણ આવી ગયા. એકલા રહેવું. ગુમસુમ ફરવું. આખી રાત પડખાં બદલવાં. રેવતી જ્યાં જાય ત્યાં તેની આસપાસ ફરતા રહેવું. તેને એકીટશે જોયા કરવું. અર્થાત્ એ બધા ગુણ જે ભાઈને પાક્કા પ્રેમી સાબિત

કરે, એ તેમનામાં આપમેળે જ પ્રકટ થયા હતા. હું ખુશ હતો કે ચાલો ભાઈને કોઈએ તો ઘાયલ કર્યા. સારું છે, હવે વાત વાત પર મને ટોક્યા નહીં કરે. ...હવે હું તો મારા સ્વાર્થની વાત જ વિચારીશ. ચાલો, હાલ તો ભાઈને ભાઈના હાલ પર છોડું અને બીજી વાતો બતાવું તો દરેક દ્રષ્ટિકોણથી આશ્રમમાં ઘણી મજા આવી રહી હતી. અમારી આગતા-સ્વાગતામાં કોઈ કસર રાખવામાં આવતી નહોતી. ગુરુમાતા જાણતાં હતા કે હું અને ભાઈ ભોજનના ઘણા શોખીન છીએ, આથી આ વાતને ધ્યાનમાં રાખીને આશ્રમના નિયમ તોડીને રોજ પકવાન બનાવવામાં આવી રહ્યા હતા. આ બાજુ અમારા આવવાની ખબર સાંભળીને વિન્દ-અનુવિન્દ પણ અમને મળવા માટે આવી ગયા હતા. એટલું જ નહીં, એમણે પણ બે દિવસ અમારી સાથે આશ્રમમાં વીતાવ્યા. અર્થાત્ ખુશીઓ ચારે તરફથી વરસી રહી હતી. મને તો મારા અહીં આવવાના નિર્ણય ઉપર ઘણો ગર્વ થઈ રહ્યો હતો.

આ બધું તો ઠીક, પણ આ બાજુ બીજી એક કમાલ પણ થઈ ગઈ હતી. જી હા, ભાઈએ મારી ધારણાને સંપૂર્ણ રીતે પરાજિત કરી દીધી હતી. જેને હું પ્રેમના આકર્ષણનો નાનો-મોટો મૌસમી તાવ સમજી રહ્યો હતો, તે અસાધ્ય બીમારી બનીને સામે આવ્યો હતો. અર્થાત્ ભાઈની ઘેલછા રોજબરોજ વધતી જ જતી હતી. જ્યાં શરૂમાં હું એને સામાન્ય હુમલો માની રહ્યો હતો, ત્યાં હકીકત એ હતી કે રેવતીનાં આકર્ષણે ધીમે ધીમે તેમને કોઈ કામના રાખ્યા નહોતા. સાચું કહું તો નવા પ્રેમીની આ હાલત જોઈને મુજ અનુભવીને ચિંતા ઘેરી વળી હતી. એટલા માટે જ નહીં કે ભાઈ પ્રેમમાં પડ્યા છે, પરંતુ એટલા માટે કે આ આગ એક તરફની હતી. રેવતી ભાઈને બિલકુલ ઘાસ નહોતી નાખી રહી. અને તેનું અંતિમ પરિણામ શું આવી શકે છે, એ હું સારી રીતે જાણતો હતો. મને તો ભાઈ હાથમાંથી દૂર સરતા દેખાઈ રહ્યા હતા. આમ તો અમારા બેની વચ્ચે આ બાબતે કોઈ વાત થઈ નહોતી. આ બધું તો મારી અનુભવી આંખોએ પોતાના હિસાબે જ પારખી લીધું હતું. પરંતુ પારખ્યું હતું, તો મદદે જવું પણ જરૂરી બની ગયું હતું. માટે, સો કામ છોડીને, હું હવે એ લાગમાં ફરવા લાગ્યો હતો કે બંનેને પાસે કેવી રીતે લાવવામાં આવે. તેમાં ભાઈની સાથે સાથે મારું હિત પણ સમાયેલું જ હતું. હવે ભાઈ મારી જેમ કોઈ પાક્કા પ્રેમી જેવા તો હતા જ નહીં. પહેલો પહેલો પ્રેમ હતો, અને એમાં જો હૃદયભંગ થયું, તો મારી તો ખેર નથી. મારે તો દિવસ-રાત તેમની સાથે રહેવાનું હતું. હવે એક ઘાયલ પ્રેમી સાથે ચોવીસે કલાક વીતાવવા કોઈ મજાક થોડી હતી? બીજી તરફ હું એ પણ જાણતો હતો કે ભાઈ લટ્ટુ બનવાથી વધારે કંઇ કરી શકે તેમ નહોતા, ...અને લટ્ટુ તે થઈ જ ગયા હતા. અર્થાત્ આગળના તમામ કાર્ય મારા જેવા અનુભવીના ખભા પર જ આવી પડ્યા હતા. અને વર્તમાન પરિસ્થિતિને જોતાં, આ કામ પાર પાડવું મારા અસ્તિત્વ અને ભાઈના મિજાજ, બંને માટે જરૂરી બની ગયું હતું. જોયું તમે, આશ્રમમાં આવ્યો હતો આરામ કરવા અને લાગી ગયો કામમાં. ...જોકે એ વાત અલગ છે કે કામ મારી પસંદનું પણ હતું અને નૈસર્ગિક જ ગમે તેવું પણ. આથી, હાલ ભલેને આખો દિવસ ધિંગામસ્તી જ ચાલી રહી હતી, છતાં પણ ધ્યાન રેવતી અને ભાઈને પાસે લાવવાના કોઈ સુંદર અવસરની શોધમાં લાગેલું જ રહેતું હતું. ...હજી થોડાક દિવસો જ વીત્યા હશે કે આ મોકો પણ મળી ગયો. તે દિવસે સાંજે ભોજન બાદ, અમે બધા એમ જ બહાર બેઠા હતા. વાતવાતમાં આચાર્યજીએ મને કહ્યું કે રેવતી ગદા-યુદ્ધ શીખવાની જિદ્દ પકડીને બેઠી છે. હવે તમે જ એને સમજાવો. હું યુદ્ધકલામાં એટલો પ્રવીણ ક્યાં છું? બસ, શું જોઈતું હતું! જે અવસરની શોધમાં હતો, તે મને મળી ગયો હતો. હવે હું, અને હાથમાં આવેલો મોકો જવા દઉં? આચાર્યજી મને રેવતીને સમજાવવાનું કહી રહ્યા હતા, મેં ઊલટા તેમને જ સમજાવી દીધા. ...મેં આચાર્યજીને કહ્યું- આમ પણ તમારો આશ્રમ આર્યાવર્તની તુચ્છ પરંપરાઓનો મોહતાજ તો છે નહીં. અને તમે હો કે તમારા શિષ્ય હો, શું ફર્ક પડે છે? આથી શા માટે ભાઈ રેવતીને ગદાયુદ્ધ ન શીખવાડે? આ બહાને અમે તમારા કોઈ કામમાં આવી શકીએ તે અમારું અહોભાગ્ય હશે.

મેં વાત જ એવી રીતે મૂકી હતી કે આચાર્યજીએ ખુશી ખુશી આ વાતની મંજૂરી આપી દીધી.

ભાઈ તો આ સાંભળતા જ ખુશીના માર્યા ધ્રૂજી ઊઠ્યા. રેવતીની પણ પ્રસન્નતાનો પાર ના રહ્યો. હું પણ ખુશ થયો કે ચાલો, સંવાદનો એક રસ્તો તો ખૂલ્યો. આ બાજુ બીજા દિવસથી જ ભાઈએ રેવતીને ગદાયુદ્ધ શીખવવાનું શરૂ કરી દીધું. સ્વાભાવિક રીતે ગદાયુદ્ધ શીખતા શીખતા બંને એકબીજાની ઘણા નજીક આવી ગયાં. આ તો થવાનું જ હતું. કૃષ્ણની હયાતિમાં હૃદયનો મિલાપ ન થાય, એવું તો કદી બની જ ન શકે. ...ચાલો એક મોટું કામ તો પૂરું થઈ રહ્યું હતું, પણ આ બાજુ રેવતીની બાબતમાં મારા મનમાં ઘણી જિજ્ઞાસાઓ પણ ઊઠી રહી હતી. હું સ્વયં રેવતીના વિષયમાં જાણવા માટે ઘણો ઉત્સુક થઈ ગયો હતો. અને તે માટે 'ભાઈ' સિવાયના પણ અન્ય ઘણાં કારણો હતા. એક તો તે ઘણી દુ:ખી લાગતી હતી. અને આશ્રમમાં શિક્ષણ માટે આવનાર ભલા દુ:ખી કેમ રહેવા લાગ્યા? ચાલો આ જવા દો, તો પણ તેનાં પ્રભાવથી એ સિદ્ધ થઈ જ રહ્યું હતું કે તેનો સંબંધ કોઈ રાજપરિવાર સાથે અવશ્ય હોવો જોઈએ. પરંતુ એવું કંઇ તેના વ્યવહાર પરથી લાગતું નહોતું. અને ઉપરથી એને ગદા શીખવામાં આટલો રસ હોવાનું તો મારી સમજની બિલકુલ જ બહાર હતું. સો વાતની એક વાત એ કે આ તમામ વાતોનો અંદરોઅંદર કોઈ તાલમેલ નહોતો બેસી રહ્યો. અને તમે તો જાણો છો કે કોઈ વાત મને સમજમાં ન આવે તો હું અકળાઈ ઊઠતો હતો.

...આમ તો રેવતી હવે અમારા બધા સાથે સારી રીતે હળીમળી ગઈ હતી. આથી, મેં વિચાર્યું અહીંતહીં ખાખાંખોળાં કર્યા વિના શા માટે તેને જ સીધું ન પૂછી લેવામાં આવે? બસ, સવારે જ્યારે ભાઈ તેને ગદાભ્યાસ કરાવી રહ્યા હતા, હું પણ પહોંચી ગયો. બંનેનો બરાબરનો ઉત્સાહ વધાર્યો. અને ગદાભ્યાસ પૂરો થતાં જ બંનેને પકડીને આશ્રમના પાછળના ભાગમાં લઈ ગયો. ત્યાં એક વિશાળ વૃક્ષ નીચે અમે ત્રણેએ શરણ લીધું અને વહેતી ક્ષિપ્રા જોવાનો આનંદ લેવા લાગ્યા. જોકે આ બધું તો માત્ર દેખાડવા પૂરતું જ હતું, બાકી રેવતીને વિશેષ હેતુ માટે જ લાવ્યો હતો. બસ, મેં તેને તેની બાબતમાં જાણવાની મારી જિજ્ઞાસા વ્યક્ત કરી. તેણે તત્ક્ષણ પ્રતિસાદ આપતા તમામ વાત વિસ્તારથી કહી. તેણે કહ્યું- હું સમુદ્રકિનારે વસેલા કુશસ્થળી રાજ્યની 'રાજકુમારી' છું. મારા પિતા કકુમદી ત્યાંના રાજા હતા. અમારું રાજ્ય ધન-ધાન્યથી સંપન્ન હતું. અમારા દિવસો ખુશીમાં વ્યતીત થઈ રહ્યા હતા કે અચાનક સમયે પડખું ફેરવ્યું. દુર્ભાગ્ય એ કે અમારું રાજ્ય પંચજન અને પુણ્યજનના રાજ્યોની સીમાની વચ્ચે પડતું હતું. જ્યાં સુધી એ બંને મિત્રો હતા, અમે સુરક્ષિત હતા. પરંતુ જ્યારથી એ બંને વચ્ચે દુશ્મની થઈ ત્યારથી અમારા પર આભ તૂટી પડ્યું. ...પછી તો બંનેમાં એકબીજાથી આગળ નીકળવાની હોડ લાગી ગઈ અને તેનું નુકસાન અમારે ભોગવવું પડ્યું. બસ, અમે તો ઘંટીના બે પડ વચ્ચે પીસાતા જ રહી ગયા. એમની જ્યારે મરજી પડે, પોતાની શક્તિ વધારવા માટે અમને લૂંટવા ચાલ્યા આવતા. હવે એ બંને શક્તિશાળી રાક્ષસ હતા, અમે તેમનો સામનો કેવી રીતે કરવાના હતા? પરિણામસ્વરૂપ, કાયમી આક્રમણ અને લૂંટફાટે ધીમેધીમે કુશસ્થળીને કમજોર બનાવી દીધું. અને અંતે હાલત એવી બગડી ગઈ કે પુણ્યજને અમારા રાજ્યને ઝૂંટવી લીધું. ત્યાં સુધી તો ઠીક પણ તેણે અમારી આંખો સામે જ મારા બે નાના ભાઈઓની હત્યા સુદ્ધાં કરી દીધી. આ ઘટના પછી પિતાજી વિક્ષિપ્ત થઈ ગયા. હું તેમનું સૌથી મોટું સંતાન છું. આથી હું મારું કર્તવ્ય નિભાવવા માટે, ન કેવળ પુણ્યજન સામે બદલો લેવા માંગું છું, પરંતુ અમારું રાજ્ય પાછું લાવવાની પ્રતિજ્ઞા પણ મેં લીધી છે.

રેવતીની દુ:ખભરી કહાણી સાંભળીને મારું તો ઠીક, પણ ભાઈનું લોહી બરાબરનું ઉકળી ઉઠ્યું હતું. તે ક્રોધથી લાલપીળા થઈ ગયા. પોતાની ગદા ઉપાડી અને બરાડ્યા- પુણ્યજનનું માથું તો હમણાં જ ફોડી દઉં છું. ...અરે ભાઈ, પુણ્યજનનું માથું તો ફોડવું જ છે, પણ તેના માટે આ સમયે હવામાં ગદા લહેરાવવાની કે અકળાવાની શું જરૂર છે? કંઈક વિચારવિમર્શ કરીએ, પછી ગદા ઉઠાવી લઈશું. ખરેખર, ભાઈના આ ઉત્સાહનો મારી પાસે કોઈ ઈલાજ નહોતો. ઉપરથી આ વખતે તો ઉત્સાહની સાથેસાથે હૈયું પણ લાગી ગયું હતું, તેથી એમને સંભાળવાનું વધારે મુશ્કેલ થઈ પડ્યું હતું.

જોકે ભાઈના ઉત્સાહને તો મેં સમજાવી પટાવીને ઠંડો કરી દીધો. પણ સારું એ થયું કે ભાઈના આ જુસ્સાથી રેવતીને સારો દિલાસો મળ્યો. તેને વિશ્વાસ થયો કે તે એકલી નથી. ખેર, બાકી બધું તો ઠીક પણ આચાર્યજીએ રેવતીને શિક્ષિત કરવા માટે કેમ સ્વીકારી તે કમસેકમ હવે મારી સમજમાં આવી ગયું હતું. તેમની વાત કેટલી ખરી હતી કે બાકી બધા આશ્રમ સમય સાથે ચાલે છે, જ્યારે હું સમયની આગળ ચાલવાના પક્ષનો છું. ...તો આ વાત માટે જ તો મને આચાર્યજી પર ગર્વ હતો. જોકે ગર્વ તો મને સ્વયં પર પણ ઓછો નહોતો થઈ રહ્યો, કારણ કે રેવતી બાબતે મારો અંદાજો સાચો નીકળ્યો હતો. ...તે રાજકુમારી જ હતી. ચાલો, તે રાજકુમારી હતી પણ તેને ફરીથી રાજકુમારી કેમ બનાવી શકાય એ તો વિચારવાનું હતું. આથી, જ્યાં ભાઈ રેવતીને હૈયાધારણા આપવામાં વ્યસ્ત હતા, ત્યાં હું આ બધું કેવી રીતે શક્ય બનાવવામાં આવે, તેના ચિંતનમાં ખોવાઈ ગયો હતો. પરંતુ હું પણ હું હતો, સમસ્યા પર વિચારતા વિચારતા ભાઈ પર જ વિચારવા લાગ્યો. કમાલ હતી, હું તો રાજકુમારીનાં સપનાં જ જોતો રહ્યો અને આ મહારાજ તો રાજકુમારીની નજીક પણ આવી ગયા. આને જ કહે છે કે ગુરુ ગોળ ખાતા રહી ગયા અને ચેલા સાકર લઈ ગયા. ચાલો, જે થઈ ગયું તે થઈ ગયું, હવે સમસ્યા પર તો વિચારો. તે તો વિચારી જ રહ્યો છું, પણ આ કોઈ એવી સમસ્યા નથી જેનો કોઈ તાત્કાલિક ઉકેલ શોધો અને હાથ લાગે. આથી, ત્યાંથી ઊઠીને અમે પાછા આશ્રમમાં પરત આવ્યા...

પરંતુ હવે આશ્રમમાં મન ક્યાં લાગવાનું હતું? મન તો કુશસ્થળીના ચિંતનમાં જ અટવાયેલું પડ્યું હતું. દિવસે તો કંઈ ખાસ સૂઝ્યું નહીં, પણ રાત્રે ચિંતને પોતાનો રંગ બતાડવાનું શરૂ કર્યું. મને ધૂંધળું ધૂંધળું યાદ આવવા લાગ્યું કે પુનર્દત્તને છોડાવવા જતી વખતે કુશસ્થળી રસ્તામાં આવ્યું હતું. ...અરે હા, કુશસ્થળી જ હતું એ... રેવતીએ કહ્યું તો હતું કે તે પંચજનના રાજ્યની સીમાથી જોડાયેલું છે. જો એવું હોય તો હવે તો ત્યાં 'ચંડક'નું રાજ્ય છે. તે તો મારો મિત્ર છે. તે મારી કૃપાથી જ તો રાજા બન્યો છે. પછી શું હતું, જોતજોતામાં મારું ચિંતન પૂર્ણપણે સક્રિય થઈ ગયું. તરત જ મારા મનમાં એક યોજનાએ જન્મ પણ લઈ લીધો. શા માટે ચંડકની મદદથી કુશસ્થળીને પુણ્યજનના કબજામાંથી છોડાવી લેવામાં ન આવે? ચંડકના સાથ પછી આ કાર્ય ક્યાં અઘરું હતું? તેનાથી ન માત્ર રેવતીનું દુ:ખ દૂર થશે, પરંતુ તેની પ્રતિજ્ઞા પણ પૂરી થઈ જશે. એટલું જ નહીં, તેનાથી ભાઈને રેવતી પર સંપૂર્ણ રીતે છવાઈ જવાનો અવસર પણ મળી જશે. બસ, પછી શું હતું, મેં ચંડકની મદદથી કુશસ્થળીને પુણ્યજનના પંજામાંથી મુક્ત કરાવવાનો નિર્ણય લઈ લીધો. ...આ કામ તો પૂરું થઈ ગયું, પરંતુ ઊંઘ હજી પણ મારાથી જોજનો દૂર હતી. આજે મારું ચિંતન નિયંત્રણથી બહાર જઈ રહ્યું હતું. તેને હવે મારી ચિંતા સતાવવા લાગી હતી. વાત પણ સાચી હતી, આખરે મારે પણ મારું ઘર વસાવવાનું હતું. અને મારું ઘર રાજ્યની સ્થાપના કર્યા વગર ક્યાં વસવાનું હતું? બસ, જાણે-અજાણે મારું ચિંતન મારા રાજ્યની શોધમાં ખોવાઈ ગયું હતું. અચાનક જ રેવતીના કહેલા એક એક શબ્દ મારા કાનમાં ગૂંજવા લાગ્યા. તેનાં કહેવા અનુસાર, તેનાં પિતાજી વિક્ષિપ્ત થઈ ગયા છે. તેનો સીધો અર્થ એ થયો કે કકુમદીની માનસિક સ્થિતિ રાજા બનવાલાયક જરા પણ નથી. તો પછી બાકી બચે છે રેવતી અને તે એક યુવતી છે. તે રાજા તો બની ન શકે. તેનાં ભાઈને તો પહેલેથી મારી નાખવામાં આવ્યા છે. આવામાં રાજ્ય મેળવવા માટે અમારું યોગદાન જોતાં, ભાઈ રાજગાદી પર શા માટે ન બેસી શકે? વળી આ કોઈ ગેરવાજબી વાત પણ નહોતી. અને જો એવું થાય તો તેનાથી ન માત્ર ભાઈનું ઘર વસી જશે, પણ મારો ઘર વસાવવાનો માર્ગ પણ મોકળો થઈ જશે. કારણ કે રુક્મિણી અને મારી વચ્ચે એક 'રાજ્ય'ની જ તો દીવાલ હતી જેને લીધે હું એની સામે મારો પ્રેમ પણ વ્યક્ત કરી શકતો નહોતો. ખરેખર, મને તો આ એક યોજનાથી તમામ કામ પૂરા થતાં દેખાઈ રહ્યા હતા. આમ સરવાળે ફરી એક વાર હું એક તીરથી બે શિકાર કરી ચૂક્યો હતો.

બસ, સવાર થતાં જ હું સીધો ભાઈ અને ઉદ્ધવને લઈને આશ્રમની બહાર ફરવા નીકળી

પડ્યો. ફરવાનું શું હતું, ફરવાનું તો એકાંતમાં ગંભીર વાતચીત કરવા માટેનું એક બહાનું માત્ર હતું. આથી, મોકો મળતા જ મેં તેમને મારી સંપૂર્ણ યોજના વિસ્તારથી બતાવી; પણ હા, મેં મારી ઘર વસાવવાવાળી વાત છુપાવી રાખી હતી. કારણ કે બંનેમાંથી કોઈપણ હજુ સુધી મારા મનમાં રુક્મિણીને લઈને ચાલી રહેલાં મધુર સપનાઓ વિશે કંઇ જાણતા નહોતા. અને મારા મતે, હાલ તેમને આ વાત બતાવવાનો યોગ્ય સમય પણ નહોતો. વળી, હજી તો રુક્મિણીની ઈચ્છા જાણવાની પણ બાકી હતી. આવામાં મારો એકતરફી પ્રેમ અને બેલગામ દોડતા સ્વપ્નરૂપી ઘોડાઓને કારણે બિચારી ‘રુક્મિણી’ને શું કામ બદનામ કરવાની? ...ચાલો આ તો સારું કર્યું હતું, પરંતુ જે વાત નથી બતાવી તેને છોડીને જે વાત બતાવી તેની તો ચર્ચા કરો, મહારાજ. તેની ચર્ચામાં શું છે, ભાઈ તો મારી યોજના સાંભળીને ઝૂમી જ ઊઠ્યા. પરંતુ મુસીબત એ કે નાદાન પ્રેમીને બસ, એક જ વાત સમજમાં આવી હતી કે કુશસ્થળીને આઝાદ કરતાં જ તેમનો અને રેવતીનો વિવાહ પાક્કો સમજો. ખરેખર, પ્રેમ કેટલો અંધ હોય છે. તેમને રાજા બનવાની કે રાજ્ય પામવાની કોઈ ખુશી નહોતી. કારણ પણ સ્પષ્ટ જ હતું કે અત્યારે ભાઈ તો માત્ર પ્રેમી હતા. આમ તો હરકત મારી પણ કંઇ ઓછી અજીબ નહોતી. અમે અંદરોઅંદર યોજના બનાવી લીધી હતી, તેના પર સહમતીની મહોર પણ લગાવી દીધી હતી, એટલું જ નહીં, તેના સપનાં પણ જોવાનું શરૂ કરી દીધું હતું; પરંતુ હજી સુધી જેનું રાજ્ય હતું તેને તો કંઇ પૂછ્યું જ નહોતું. ક્યાંક તેણે કોઈ નવો જ રાગ આલાપી દીધો તો? અર્થાત્ જ્યાં સુધી રેવતીની સહમતી ના મળી જાય ત્યાં સુધી આ બધું એક સુંદર સપનાંથી વિશેષ કંઇ જ નહોતું.

તો એની પ્રતિક્રિયા જાણવી ક્યાં દૂરની વાત હતી? તરત અમે આશ્રમ તરફ પ્રસ્થાન કર્યું. ચોક્કસપણે રેવતીને યોજના સંભળાવવાની જવાબદારી મારા ખભા પર હતી. આમ પણ બોલવાની, વાતચીત કરવાની, ચર્ચા કરવાની, સમજાવવાની અને સંબોધન કરવાની જવાબદારી મારી જ રહેતી હતી. માત્ર આટલું જ શું કામ, યોજના બનાવવાની, ખોટું બોલવાની, અભિનય કરવાની, કપટ કરવાની જવાબદારી પણ તમે તો જાણો જ છો કે મારા જ નાજુક ખભા પર આવી પડતી હતી. અને તમે એ પણ જાણો જ છો કે હું મારા પર આવી પડેલા કોઈપણ કર્મથી ક્યારેય પાછળ પડતો નહોતો. આથી, બસ, આશ્રમમાં પહોંચતા જ અમે તેને પકડી પાડી. ભાઈ અને ઉદ્ધવનું તો શું, તેઓ તો નામ પૂરતા જ સાથે હતા; વાત તો મારે જ કરવાની હતી. અને મારી સમસ્યા એ હતી કે વાત ક્યાંથી શરૂ કરવામાં આવે, એજ સમજમાં નહોતું આવી રહ્યું. તેમ છતાં ક્યાંકથી તો શરૂ કરવાની જ હતી, એટલે કરી. મેં તેને સીધું જ સંબોધન કરીને કહ્યું- અમે લોકોએ કુશસ્થળીને પુણ્યજનના પંજામાંથી મુક્ત કરવા માટે એક યોજના બનાવી છે. તમને બતાવી દઉં કે કુશસ્થળીના એક શત્રુ ‘પંચજન’નો વધ મેં જ કર્યો હતો. એટલું જ નહીં, તેના સ્થાને ત્યાંના સેનાપતિ ચંડકને રાજસિંહાસન પર અમે જ બેસાડ્યો છે. આ સંબંધે ત્યાંનો વર્તમાન રાજા ચંડક અમારો આભારી છે. આથી તે પુણ્યજનની વિરુદ્ધના યુદ્ધમાં ખૂલીને આપણો સાથ આપશે. જો તમે યોજનાથી સંતુષ્ટ હોવ તો આના પર આગળ વિચાર કરીએ.

રેવતી મારી વાત સાંભળતા જ ઝૂમી ઊઠી. એ પણ એ હદે કે પોતાની પ્રસન્નતા છુપાવી પણ ના શકી. સાચું કહું તો તે તો યોજના સાંભળતા જ કુશસ્થળી આઝાદ થવાના સપનામાં ખોવાઈ ગઈ. લાગે છે કે આજકાલ સપનાની મોસમ ચાલી રહી છે. પહેલા તો હું એકલો જ સપનામાં ખોવાયેલો રહેતો હતો, હવે તો ભાઈ, રેવતી, જેને જુઓ તેને આ બીમારી વળગી રહી હતી. વળગવા દો, પણ આ સમય સપનાં જોવાનો નહીં, હકીકતની દુનિયામાં પાછા આવવાનો હતો. આથી મેં રેવતીની મંજૂરી જાણતા જ વિચાર્યું કે... શા માટે હાથોહાથ કુશસ્થળીની તૈયારીઓ બાબતે પણ જાણી લેવામાં ના આવે? મારા પૂછવાથી રેવતીએ કુશસ્થળીની વર્તમાન પરિસ્થિતિ અને ત્યાંની સૈન્યશક્તિ વિશે વિસ્તારથી જણાવ્યું. જોકે કુશસ્થળીની તૈયારીની બાબતે જે કંઇ રેવતીએ જણાવ્યું તે કંઇ બહુ ઉત્સાહવર્ધક નહોતું. તેના બતાવ્યા અનુસાર, કુશસ્થળીમાં હવે માંડમાંડ એકાદ હજાર સૈનિક બચ્યા છે, અને તે પણ

પુણ્યજનથી હાર્યા પછી અત્યારે સંપૂર્ણ રીતે સંગઠિત નહોતા. ...આમ સરવાળે કુશસ્થળીની વર્તમાન પરિસ્થિતિ અને તૈયારી નિરાશાજનક હતી, પણ મને રેવતીના ઉત્સાહમાં આડખીલી ઊભી કરવાનું યોગ્ય ન લાગ્યું. આથી મેં એકદમ શાંત ભાવે, વાત આગળ વધારતા કહ્યું- કંઈ વાંધો નહીં. જે છે અને જે હાલમાં છે, પૂરતું છે. તમે અને ભાઈ સત્વરે કુશસ્થળી માટે રવાના થઈ જાઓ. ભાઈ જઈને ચંડકને યુદ્ધ માટે તૈયાર કરી લેશે અને ત્યાં સુધી તમે તમારા સૈનિકોને સંગઠિત કરી લો. સાથે જ, જો થઈ શકે તો પિતાજીનો વિશ્ર્વાસ પણ વધારો. એટલું જ નહીં, પ્રજાને પણ આઝાદીના સપનાં સેવતી કરો જેથી કમસેકમ પુણ્યજનના સૈનિકોને સહયોગ આપવાનું બંધ કરી દે. બીજી તરફ હું અને ઉદ્ધવ તરત મથુરા જઈએ છીએ. હું નાનાજી સાથે વાત કરીને ઉદ્ધવનાં નેતૃત્વમાં મથુરાના એક હજાર સૈનિકોને કુશસ્થળી મોકલું છું. આટલી તૈયારીઓ બાદ મને નથી લાગતું કે પુણ્યજન આપણી સામે ટકી શકશે.

રેવતી તો યોજના સાંભળીને જ વિશ્ર્વાસથી છલકાઈ ગઈ હતી. આ બાજુ ભાઈ રેવતીના રાજી થવા માત્રથી જ ઝૂમી ઊઠ્યા હતા. એટલું જ નહીં, બંનેએ સપના જોવા પણ શરૂ કરી દીધા હતા. એક તરફ રેવતી જ્યાં કુશસ્થળીની આઝાદીના સપનામાં ખોવાઈ ગઈ હતી, તો બીજી તરફ ભાઈ રેવતી સાથે વિવાહ થવાના સપનામાં ખોવાઈ ગયા હતા. આમ તો પાછળ હું પણ નહોતો રહ્યો, પોતાના રાજ્ય અને રુક્મિણીના સપનામાં હું પણ ખોવાયેલો જ હતો. આમ પણ યુદ્ધ જીતવામાં તો કોઈ અડચણ દેખાઈ રહી નહોતી; તો પછી આવામાં સપનાં જોવામાં શું વાંધો હતો? ભાઈ અને રેવતીને તો ખરેખર કંઈ વાંધો નહોતો. કારણ કે કુશસ્થળી જીતવાની કે ભાઈ અને રેવતીના વિવાહ થવામાં શંકાને કોઈ સ્થાન જ બચ્યું નહોતું. પરંતુ મારા સપના સહેલાઈથી સાકાર થતાં નજરે પડતા નહોતા. હવે તમારાથી શું છુપાવવું, વાસ્તવમાં ભાઈની રાજા બનવાની બાબતે હું આશ્ર્વાસન નહોતો મેળવી શકતો. અને કહું પણ કોને, જ્યાં આપણું મહોરું જ કમજોર પડી રહ્યું હતું. એક તો તે ભોળા હતા, બીજું તેમનો ઉદ્દેશ તો માત્ર રેવતીને પ્રાપ્ત કરવાનો હતો. આવામાં રાજગાદી તેમના નિશાનામાંથી ચૂકી જવાની શક્યતા પરેપૂરી હતી. મને એ ડર પણ હતો કે કુશસ્થળી આઝાદ થતાં જ ક્યાંક કકુમદી ઠીક ન થઈ જાય, અને તેની રાજા બનવાની મહત્ત્વાકાંક્ષા ફરીથી જાગી ન જાય. ક્યાંક એવું ન થાય કે ભાઈ ત્યાંના જમાઈ બનીને ત્યાંજ રહી જાય અને હું અહીં સપનાં જોતો રહી જાઉં. ખબર પડે કે રાજ્ય મેળવવા મોકલ્યા હતા ને ભાભી લઈને પાછા આવે.

હવે આમ તો મેં મારા તરફથી પૂરી નાકાબંધી કરી લીધી હતી. મેં એકદમ સ્પષ્ટ ભાષામાં ભાઈને ત્યાંના રાજા બનવા માટેની સૂચના પણ આપી દીધી હતી. એટલું જ નહીં, તેમણે મને તેમાં કોઈ ભૂલ નહીં થાય તેવું મોટું આશ્ર્વાસન પણ આપ્યું હતું. ...છતાં પણ કોણ જાણે કેમ મને ભાઈની વાત પર વિશ્ર્વાસ નહોતો બેસી રહ્યો. કારણ કે ભાઈ એટલા સરળ હતા કે તેમણે ભૂલથી પણ કકુમદીની આંખોમાં ફરીથી રાજા બનવાનું સપનું જોઈ લીધું તો પછી તેઓ તેને જ રાજા બનાવશે. નાહક કોઈનું દિલ શું કામ દુભાવવાનું? ...હવે તેમને કોણ સમજાવે કે કકુમદીના દિલની ચિંતા કરી, તો અહીં કનૈયાના દિલના હજારો ટુકડા થઈ જશે. અજીબ સમસ્યામાં ફસાઈ ગયો હતો હું. ભાઈને ખૂલીને રુક્મિણીવાળી વાત પણ કહી શકતો નહોતો; અને બીજી તરફ એ રાજા બને એનાથી સહેજ પણ ઓછી વાત પર રાજી થઈ શકતો નહોતો. બાબત એવી તો બરાબરની ગૂંચવાઈ હતી કે વિશ્ર્વાસ એમના પર કરી શકતો નહોતો; અને દાવ પર મારા સપનાં જ નહીં, રુક્મિણીનું ભવિષ્ય પણ લાગેલું હતું. ...ચોંકો નહીં, ભલા રુક્મિણીને મારાથી સારો વર ક્યાં મળવાનો હતો? હવે તમે જ નિર્ણય કરો કે એ માસૂમનું પણ ભવિષ્ય દાવ પર લાગેલું હતું કે નહીં? ...ચાલો, આ ચર્ચા ફરી ક્યારેક કરી લેવામાં આવશે, પણ હાલ તો વિચારવા જેવી વાત એ કે જ્યારે આટલા સપનાં અને આટલા ભવિષ્ય દાવ પર લાગ્યા હોય ત્યારે વાત બરાબર રીતે પાક્કી કરી લેવાનું જ ઉચિત હતું. આથી મેં મારી શાંતિ માટે મારા વિશ્ર્વાસુ ઉદ્ધવને પકડ્યો. ઉદ્ધવ સેના લઈને કુશસ્થળી જવાનો જ હતો. બસ, મેં બરાબર રીતે જંતરમંતર કરીને એક

રીતે ભાઈને સિંહાસન પર બેસાડવાની જવાબદારી તેને સોંપી દીધી.

...આ તરફ આચાર્યજી સહિત આખો આશ્રમ આ ખબર સાંભળતા જ ખુશીનો માર્યો રેવતીને વધામણી આપવા તૂટી પડ્યો. આ ભવ્ય કાર્ય માટે મને તો આચાર્યજી પાસેથી વિશેષ આશીર્વાદ પણ પ્રાપ્ત થયા. બે દિવસ તો માત્ર આ ખુશીમાં જ આશ્રમમાં બરાબરનો ઉત્સવ મનાવવામાં આવ્યો. અને આવા જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં, ભાઈ અને રેવતી કુશસ્થળી જવા રવાના પણ થઈ ગયા. તેમના જવાના બીજા દિવસે જ, હું અને ઉદ્ધવ પણ મથુરા જવા નીકળી પડ્યા. કહેવાની જરૂર નથી કે અમને ભાવભીની વિદાય સાથે આચાર્યજીના આશીર્વાદ પણ મળ્યા. આશ્રમમાં આવ્યા હતા માત્ર થાક ઉતારવા, અને કહેવાની જરૂર નથી કે રાજ્ય પામવાની આશા સાથે રવાના થયા. ખરેખર, હજુ સુધી મેં જીવનમાં જે કંઇ પણ મહત્ત્વપૂર્ણ મેળવ્યું હતું, તમામના દ્વાર સાંદીપનિજીના આશ્રમમાંથી જ ખૂલ્યા હતા. એમ પણ કહી શકું છું કે મારા જીવનમાં જે કંઇ પણ સારું થઈ રહ્યું હતું તે બધું તેમના જ આશીર્વાદનું પરિણામ હતું. અને તેમના જ આશીર્વાદને કારણે, આ સમયે અમારા રથ વીજળીની ગતિએ મથુરા તરફ દોડે જતા હતા. મારા મનની સાથે સાથે રથને પણ પાંખો ફૂટી હતી. કેમ ના ફૂટે? તેમનો માલિક રાજા બનવાનો હતો; તેના વિવાહ થવાના હતા. આવામાં અમારા રથોએ અમારા મનની ગતિનો સાથ આપવાનો જ હતો. ...ઉત્સાહ એટલો હતો કે તમે વિશ્ર્વાસ નહીં કરો, દિવસ-રાતની યાત્રા કરીને અમે ચાર દિવસોમાં જ મથુરા પહોંચી ગયા. હવેની યાત્રામાં ન તો દ્રશ્યો જોવાનું મન થઈ રહ્યું હતું, ન તો ભોજનમાં નકામો સમય બગાડવાની ઈચ્છા થઈ રહી હતી. ...અને ઉત્સાહવશ, રાત્રિ-વિશ્રામની તો જરૂરિયાત જ નહોતી લાગી.

આ બાજુ, મથુરાપ્રવેશ સાથે જ હું વધુ તીવ્ર ગતિથી સક્રિય થઈ ગયો. સીધો નાનાજી પાસે જઈ પહોંચ્યો. થોડી વાર આડીઅવળી વાતો કરીને ત્યાં પણ સીધો મૂળ મુદ્દા પર આવી ગયો. ચોક્કસપણે આ સમયે મારી પાસે સહુથી વધારે ખેંચ સમયની હતી. આ બધું તો ઠીક પણ મારી મુસીબત એ કે આજ સુધી મેં કોઈ પાસે કંઇ માંગ્યું નહોતું. આથી આજે માંગવામાં ઘણો સંકોચ થઈ રહ્યો હતો. પરંતુ આજે સંકોચ કરવાનો અર્થ હતો રુક્મિણી અને રાજ્ય, બંનેથી હાથ ધોઈ બેસવા. આથી મેં હિંમત કરીને નાનાજીને કુશસ્થળીવાળી વાત વિસ્તારપૂર્વક બતાવી. હા, તેમને આ વાતની ગુપ્તતા જાળવી રાખવાની સૂચના અવશ્ય આપી. આ બાજુ તે તો બલરામના રાજા બનવાના વિચારમાત્રથી જ નાચી ઊઠ્યા. મને હજારો આશીર્વાદ આપ્યા. સ્વાભાવિક રીતે, એક નાનાને પોતાના પૌત્રની પ્રગતિથી વધારે ખુશી બીજા શેનાથી થવાની હતી? આમ તો હાલ વાતચીત બહુ થઈ ચૂકી હતી; આશીર્વાદ પણ બહુ મેળવી લીધા હતા, ...પણ એ વાત કરવાની હજી બાકી હતી જેને માટે હું અહીં આવ્યો હતો. આથી, અંતે મન કઠોર કરીને મેં તેમની પાસેથી હજાર સૈનિકોની મદદ માંગી જ લીધી. ...જોકે માંગતા જ અનુભવ થઈ ગયો કે માંગવાથી વધારે આત્માનું પતન અન્ય કોઈ ચીજથી નથી થતું. પછી તે માંગવાનું ભલે આસપાસના લોકો પાસે હોય કે કુદરત પાસે હોય, કોઈ ફરક નથી પડતો. આજે હું વિશ્ર્વાસથી કહી શકું છું કે મનુષ્યએ દરેક સ્થિતિમાં અને દરેક પરિસ્થિતિમાં આત્મનિર્ભર હોવું જ જોઈએ. મનુષ્ય-જન્મ લીધા પછી, કોઈની સામે હાથ શા માટે ફેલાવવાના અને કોઈનો હક શા માટે છીનવી લેવો? ખેર, જવા દો આ બધી વાતોને. હાલ તો હું પોતે માંગી બેઠો હતો અને આ બાબતે, જેવી કે મને આશા હતી, નાનાજી ખુશી ખુશી બે હજાર સૈનિકો ઉદ્ધવને સોંપવા તૈયાર થઈ ગયા હતા. હા, તેમનો પગાર, આવવા-જવાનો અને ખાધા ખોરાકીનો ખર્ચ હું જ ભોગવી રહ્યો હતો. અર્થાત્ ઉપકાર લેવો ભલેને મારી મજબૂરી હતી, પણ મજબૂરીમાં પણ ઉપકાર લેવાની સીમા નહોતો ભૂલ્યો. હશે, હાલ તો આ બાજુ ત્રણ દિવસોમાં જ સેના કૂચ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર હતી. મેં ઘણી આશા સાથે ઉદ્ધવનાં નેતૃત્વમાં સેનાને કુશસ્થળી જવા માટે રવાના કરી. હા, જતા જતા પણ હું તેને ભાઈને રાજસિંહાસન પર બેસાડવાનું યાદ અપાવવાનું ભૂલ્યો નહોતો. શું કરું,

રુક્મિણીનું સપનું સાકાર કરવાની આડે મને બીજું કંઇ દેખાઈ જ નહોતું રહ્યું.

...તો ન દેખાવા દો. હાલ તો ઉદ્ધવ રવાના થઈ ગયો અને તેના રવાના થતાં જ મેં રાહતનો શ્ર્વાસ લીધો. તેની સાથે જ, ન માત્ર આ બાબતે મારું અંતિમ કર્મ પૂર્ણ થયું, પણ હું મારા જીવનના રુક્મિણી નામના સહુથી મોટા સપનાની એકદમ નજીક પણ આવી ગયો. બસ, મન તો રાતદિવસ રુક્મિણીના સપનામાં ડૂબવા ઇચ્છતું હતું, ડૂબવાનું વાતાવરણ પણ હતું અને મોસમ પણ; પરંતુ શું કહું, ખૂલીને ડૂબી શકતો નહોતો. સાચું કહું તો ઊલ્ટું મન થોડું ચિંતાતુર રહેવા લાગ્યું હતું. ભલેને ચારે તરફથી ખુશખબરી આવવાની હારમાળા ચાલુ હતી, પણ મન અંદર ને અંદર ક્યાંક ને ક્યાંક મને કોસી રહ્યું હતું. અને તમને સ્પષ્ટ કહી દઉં, તો વાસ્તવમાં નાનાજી પાસે મદદ માંગવાનું મને સારું નહોતું લાગ્યું. જોકે નાનાજી પાસે સૈન્ય માંગવું સમયની માંગ હતી, અને 'સમય'નું સન્માન તો મારે કરવાનું જ હતું; છતાં પણ દિલ આ વાતને મંજૂર નહોતું કરતું. ...જ્યારે આમ જોવા જઈએ તો મથુરા માટે કરવામાં આવેલા કાર્યો અને નાનાના પ્રેમાળ પૌત્ર હોવાને નાતે આ મારો અધિકાર પણ હતો, છતાં પણ કોણ જાણે કેમ મને માંગવાનું બિલકુલ સારું લાગી રહ્યું નહોતું. વિચારો, જો સમયના તકાજા પ્રમાણે પણ મને માંગવાનું સારું નહોતું લાગી રહ્યું, તો અકારણ માંગતા રહેવાનું કેટલું આત્મપતન કરતું હશે? ...ખાસ કરીને કુદરત પાસે માંગનારાઓની તો ખેર નથી. કારણ કે કુદરતે પોતાના તરફથી મનુષ્યને એ બધું આપ્યું છે જે આપવા યોગ્ય છે. આથી ધ્યાન રહે, કુદરતનો તો બસ, આભાર માની શકાય છે, ...માત્ર આભાર.

ખેર જવા દો! હાલ તો મેં જલ્દીથી સ્વયંને આમાંથી પણ ઉગારી લીધો. આ તરફ કુશસ્થળીમાં વિજય બાબતે તો હું સંપૂર્ણ રીતે આમ પણ નિશ્ચિંત હતો. ગરુડ, ભાઈ અને મથુરાની સેના મળીને પુણ્યજનને નેસ્તોનાબૂદ કરી દેશે, તે નક્કી હતું. આથી, આ બાબતે વિચારવાનું તો હવે કંઇ બાકી બચ્યું નહોતું. હવે રહ્યું રુક્મિણીનું સપનું, તો તે તો રાતે જોવાની ચીજ હતી. ...તો પછી દિવસે શું? આ વિચાર આવતા જ યાદ આવ્યું કે હવે હું યાદવ-પ્રમુખ છું અને પોતાનું ઘર વસાવવા ઉપરાંત મથુરાની ચિંતા કરવી અને તેનો ઉદ્ધાર કરવો પણ મારા કર્તવ્યમાં આવે છે. બસ, મેં મારું સમગ્ર ધ્યાન બધી બાજુથી હટાવીને, મથુરાની વર્તમાન પરિસ્થિતિ પર લગાવી દીધું. મથુરાની સ્થિતિ હતી તેવી ને તેવી હતી. રાજકોષ સંપૂર્ણ રીતે ખાલી હતો અને મોટા ભાગના મથુરાવાસી ભૂખમરા અને બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. સાથે જ યાદવોના અંદરોઅંદરના ઝઘડાઓ ઉપર પણ કોઈ લગામ લાગી શકી નહોતી. મારા યાદવપ્રમુખ બનવાની પણ એમની પર કોઈ અસર નહોતી થઈ. આ બાજુ જરાસંધ અને સત્રાજિતના ચમચાઓએ હજુ પણ પૂરેપરી રીતે હથિયાર હેઠા નહોતા નાખ્યાં. તેમને જ્યારે પણ મોકો મળતો તેઓ મારા વિરુદ્ધ દુષ્પ્રચાર કરવામાંથી ઊંચા નહોતા આવી રહ્યા. સ્પષ્ટ હતું, તેમને હજુ પણ હું દિઠે ડોળે ય જોવો નહોતો ગમતો. ...આમ આ તેમની સમસ્યા હતી, મારી સમસ્યા તો મથુરા જ હતી. એક કર્તવ્યનિષ્ઠ યાદવ-પ્રમુખ હોવાને નાતે હું દરેક સ્થિતિમાં અહીંનું જીવનધોરણ સુધારવા માંગતો હતો. ઘણા દિવસોના પ્રયાસ અને વિચારવિમર્શ બાદ, હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો કે મથુરાને સમસ્યાઓ સામે લડવા માટે ધનની તાત્કાલિક આવશ્યકતા છે. સાથે જ એ પણ ચોક્કસ હતું કે ધનનો જો તાત્કાલિક કોઈ ઉપાય નહીં કરવામાં આવે, તો મથુરા અને મથુરાવાસી, બંને ખતમ સમજો. કારણ કે અહીં તો ધીમેધીમે પરિસ્થિતિ બદથી બદતર જ થતી નજરે ચઢી રહી હતી.

આમ સરવાળે સો વાતની એક વાત આ કે મથુરાની પ્રથમ અને એકમાત્ર જરૂરિયાત ધનની હતી. અને ધન કેટલાય યાદવો પાસે જરૂર કરતાં વધારે હતું. તેઓ બીજું કંઇ નહીં તો પોતાનો વ્યવસાય વધારવામાં આ ધન લગાવી જ શકે છે. સાથે જ ચાહે તો રાજકોષમાં પોતાની શરતે જમા પણ કરાવી શકે છે. એટલું જ નહીં, સત્રાજિત પાસે તો કુદરતના વરદાન સ્વરૂપ 'સ્યમંતક મણિ' પણ હતો. પરંતુ મથુરાનું દુર્ભાગ્ય એ હતું કે સત્રાજિત અને અન્ય સન્માનનીય યાદવ મથુરા કે રાજમહેલની મદદ માટે

ન ક્યારેય આગળ આવ્યા હતા, અને ન આવશે, એવું લાગી રહ્યું હતું. જો અહીંના શાસક કંસે... કે જવાબદાર સન્માનનીય યાદવોએ ક્યારેક પણ દિલથી મથુરાના ઉદ્ધારમાં રસ લીધો હોત તો આજે મથુરાની આવી દયનીય સ્થિતિ ન હોત. આ વધારે દુ:ખની વાત એટલા માટે છે કે આ માટે તેમણે વધારે ખાસ કંઈ કરવાનું નહોતું, કારણ કે આ તો સીધે સીધું તેમના કર્તવ્યમાં આવતું હતું. ખેર! છોડો ભૂતકાળની વાતોને. આ સમયે યાદવ-પ્રમુખ હું હતો, અને હું મારા કર્તવ્યો પ્રત્યે સંપૂર્ણ રીતે સજાગ હતો. મારું સ્પષ્ટ માનવું હતું કે આ વિકટ પરિસ્થિતિમાં, આ બધાએ મથુરાને મદદ કરવી જ જોઈએ. આમ પણ કાયદાથી કોણે ક્યારે શું કરવાનું છે તેનો નિર્ણય યાદવ-પ્રમુખે જ કરવાનો હતો. ...બસ, આ બધા વિચારો આવતા, મારા મનમાં સત્રાજિત પ્રત્યે ક્રોધ ઉભરવા લાગ્યો. એક તો તે પોતાનું રાજ્ય છોડીને અકારણ મથુરાના જીવનમાં ઝેર ભેળવવા આવી ટપક્યો હતો, બીજું મારું ચિંતન મને વળી વળીને આ સવાલ પણ કરી જ રહ્યું હતું કે કુદરતની દેન 'સ્યમંતક મણિ' પર તેનો એકાધિકાર કેવી રીતે હોઈ શકે છે? મણિ સાર્વજનિક સંપત્તિ છે, અને તેને રાજકીય કોષમાં જમા થઈ જવું જોઈએ. ...જો ખરેખર આવું થઈ જાય તો મથુરાની ઘણી સમસ્યાઓ આપમેળે જ સમાપ્ત થઈ જાય.

જોકે આ બધા હવાઈ કિલ્લા હતા. વાસ્તવિક હકીકતથી હું વાકેફ પણ હતો. હું જાણતો હતો કે મારો આ વિચાર એક સુંદર વિચારથી વધારે કશું નથી. જે રાજમહેલનો શત્રુ છે, એના તરફથી રાજમહેલને મદદ કરવાનો પ્રશ્ન જ ક્યાં ઊઠતો હતો? ...તો શું હું હાર માની લઉં? બિલકુલ નહીં. રાજી નહીં હોય, તો રાજી કરી લેવામાં આવશે. રાજીખુશી નહીં, તો જબરદસ્તી. અંતે સવાલ હજારો મનુષ્યોનાં અસ્તિત્વનો છે. પરિસ્થિતિ એ હદે કથળી ગઈ છે કે બની શકે કે રાજમહેલ આવતા મહિનાથી કોઈપણ રાજ-કર્મચારીને વેતન જ ન આપી શકે. અર્થાત્ સરવાળે સમસ્યા માત્ર જટિલ હતી એટલું જ નહીં, પરંતુ તાત્કાલિક ઉકેલ પણ માંગતી હતી. આથી સમસ્યાની જટિલતા જોઈને મેં આ બાબતે ઘણું ચિંતન કર્યું. હું કુદરતનો એક નિયમ સારી રીતે જાણતો હતો કે સમસ્યા ગમે એટલી મોટી અને ઊંડી કેમ ન હોય, છતાં પણ તેને ઉકેલવાનો કોઈ ને કોઈ માર્ગ અવશ્ય હોય છે. સમસ્યારૂપી તમામ તાળા ખૂલે જ છે, બસ, શરત એટલી કે ચાવી ફેરવવામાં આવે. બસ, કેટલાક દિવસોનાં ચિંતન પછી મને પણ એક સચોટ ચાવી હાથ લાગી ગઈ. યોજના એટલી ખતરનાક હતી કે મારા જેવા પહોંચેલા સિવાય કોઈના દિમાગમાં આવી જ શકતી નહોતી. હશે, હાલ તો હું ઉછળતો-કૂદતો નાનાજીની પાસે જઈ ચડ્યો. હવે રાજ્યની સમસ્યાઓ રાજાની સહાયતા વિના તો ઉકેલી શકાય તેમ નહોતી. આ બાજુ નાનાજી તો એવા બેઠા હતા કે જાણે બધું જ ખતમ થઈ ગયું છે. સ્પષ્ટ હતું, તેમણે હથિયાર હેઠાં નાખી દીધા હતા. આમ તો સમસ્યા હથિયાર હેઠાં નાખી દે એવી જ હતી, આ તો મારી મજબૂત ક્ષમતા હતી કે જે ક્યારેય હથિયાર હેઠાં નાખવા માટે રાજી થતી નહોતી. અને મારી આ વાત સિદ્ધ કરવા માટે મારી પાસે એક યોજના પણ તૈયાર હતી. ચોક્કસપણે આવામાં મારું ધ્યાન નાનાજીના દુખિયારા ચહેરાને બદલે યોજનાના અમલીકરણ પર વધારે હતું. બસ, મેં નાનાજીને કહીને મથુરાના તમામ સન્માનનીય યાદવોની સભા રાજમહેલમાં જ બોલાવી. આ સભામાં સત્રાજિત, સાત્યકિ, અક્રૂરકાકા, ભદ્રક, પિતાજી જેવા તમામ પ્રમુખ યાદવોને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

ખેર! નાનાજીનું શું હતું, મારે કહેવાનું હતું અને તેમણે કરી નાખવાનું હતું. તેઓ સભા બોલાવવાની તૈયારીઓમાં લાગી ગયા અને હું આગળના કાર્ય પૂરા કરવામાં લાગી ગયો. જોકે સાચું કહું તો આ ભયાનક યોજનાનું અમલીકરણ મારા જ વશમાં હતું. બીજું કોઈ તો તેની કલ્પના સુદ્ધાં કરી શકતું નહોતું. સાધારણ મનુષ્ય તો સત્ય-અસત્ય, ધર્મ-અધર્મના ચક્કરમાં અટવાઈને જ રહી જાત. પરંતુ હું તો નિર્ધારનો પાક્કો હતો. પાક્કો સંકલ્પવાન હતો. સર્વહિતમાં જે થવું જોઈએ, તે થવું જ જોઈએ. સામ, દામ, દંડ, ભેદ, કોઈ ફર્ક પડતો નહોતો. અસલી પ્રશ્ન છે, કાર્યસિદ્ધિનો, ...બસ! અને માત્ર યોજનાની વાત કરું તો તે સ્વયં એટલી શેતાની હતી કે આ વાતને લઈને હું સ્વયં પર આશ્ચર્યચકિત

હતો. સ્પષ્ટ કહું તો હું દિવસેને દિવસે એટલો ખતરનાક થતો જઈ રહ્યો હતો કે ક્યાંક એક દિવસ કુદરતને જ ભારે ન પડી જાઉં? અને પ્રમાણસ્વરૂપ મનુષ્યની વિચારવાની ક્ષમતા જ્યાં સમાપ્ત થઈ જાય છે એનાથી પણ હજારો જોજનો દૂરની આ યોજના વિચારી નાખી હતી. યોજના એવી હતી કે તેના પર ફરી વિચારવું, સમજવાનું તો છોડો, કોઈ સાથે ચર્ચા સુદ્ધાં કરવાનું સંભવ નહોતું. જો આ યોજના સાકાર થઈ ગઈ તો પછી હું એટલો ખતરનાક બની જઈશ કે ભવિષ્યમાં કોઈપણ માટે મારી સાથે બાથ ભીડવાનું અસંભવ થઈ જશે. મને તો સમજમાં જ નહોતું આવી રહ્યું કે હું મારા ઉપર ગર્વ કરું, આશ્ચર્ય કરું, પોતાને કોસું કે પોતાનાથી ડરું!

ખેર! ભલે ગમે તે કરું પણ હાલ તો યોજનાના અમલીકરણ પર ધ્યાન આપું. આથી, મારી યોજનાનુસાર, સભાવાળા દિવસે વહેલી સવારથી જ હું સત્રાજિતના ઘરની સામે એક વૃક્ષની ઓથ પાછળ છુપાઈ ગયો. અને ત્યાંજ ઊભા ઊભા સત્રાજિત ઘરમાંથી બહાર નીકળે એની રાહ જોવા લાગ્યો. કલાકો સુધી રાહ જોયા બાદ, લગભગ બપોરે સત્રાજિત પોતાના ઘરથી બહાર નીકળ્યો. જેવો એ ઘરેથી નીકળ્યો કે તરત જ મેં તેના ઘરનો દરવાજો ખખડાવ્યો. જેવું કે મેં ધાર્યું હતું, બારણું સત્યભામાએ જ ખોલ્યું. પૂરી આત્મીયતા સાથે તેણે મારું સ્વાગત પણ કર્યું. કહેવાની જરૂર નથી કે મને જોતા જ પ્રસન્નતા તેના સમગ્ર અસ્તિત્વ પર છવાઈ ગઈ હતી. આ નાની ઉંમરમાં પણ તેનું મારા પ્રત્યેનું સમર્પણ પ્રશંસાપાત્ર હતું. અને સાચું કહું તો આજે એ સમર્પણ વટાવવા જ આવ્યો હતો.

...જોકે આજ જેટલી સુંદર તે પહેલા ક્યારેય નહોતી લાગી. આકર્ષિત તો હું પણ થતો જઈ રહ્યો હતો, ...પરંતુ સમયનો તકાજો કંઈક જુદો હતો. આજે આ બધી બાબતો માટે સમય જ ક્યાં હતો? અન્ય પરિસ્થિતિ હોત તો ચોક્કસપણે મારું ધ્યાન સત્યભામા પર જ લાગી ગયું હોત. પરંતુ એ કેવી રીતે ભૂલી જાઉં કે આજે હું એક ખતરનાક યોજનાને પાર પાડવા આવ્યો છું અને સત્યભામા જ મારી આ યોજનાનું મુખ્ય પ્યાદુ છે. આથી એ પહેલા કે આ મુલાકાત કોઈ બીજો રંગ પકડી લે, મેં સત્યભામાને સીધું સત્રાજિત બાબતે પૂછ્યું. ...હવે તે તો મારી આંખો સામે જ નીકળી ચૂક્યા હતા. આથી એ બિચારીએ અંદર આવવાનું નિમંત્રણ આપતા આપતા જ કહ્યું કે તેઓ ઘરે નથી. ...કાંઈ વાંધો નહીં, કહીને હું નિમંત્રણ સ્વીકારીને અંદર જઈ પહોંચ્યો. થોડી વાર અહીંતહીંની વાતો ચાલતી રહી, પણ આજે વાતમાં મન ક્યાં હતું? ...છતાં પણ કલાકાર એટલો કે સત્યભામા પર પોતાની આત્મીયતા ન્યોછાવર કર્યે જતો હતો. તેને આંખોથી પણ ઘણું બધું કહી જ રહ્યો હતો. આજે તેનું મારા પ્રત્યેનું આકર્ષણ અને સમર્પણ જ મારી આ યોજનાને સાકાર કરી શકે એમ હતું. હું કહી શકું છું કે મારા થોડા પ્રયાસોથી જ તેની ઉપર મારા પ્રત્યેની ઘેલછા સંપૂર્ણ રીતે સવાર થઈ ગઈ હતી. તે તો સવાર થવાની જ હતી, સામે પ્રયાસ કરવાવાળો પણ કૃષ્ણ હતો. ખેર, સ્વયં પર ગર્વ કરવાનું છોડીને કામ પર લાગું. આમ તો વાતાવરણ જામી જ ગયું હતું, બસ, મેં એકદમ સહજતાપૂર્વક તેને તેના પિતાજીનો 'પૂજાકક્ષ' બતાવવાનું નિવેદન કર્યું. સત્યભામા પણ કમાલ હતી. તેને મારું નિવેદન પણ કોઈ આજ્ઞાથી ઓછું ન લાગ્યું. એ તરત જ મને પૂજા-કક્ષમાં લઈ ગઈ. એની સાથે જ મારી યોજનાએ સફળતાના શિખર સર કરવાનું શરૂ કરી દીધું. મને સત્યભામા પર સંપૂર્ણ વિશ્વાસ હતો કે તે મારી કોઈપણ વાત પર ન વિચાર કરશે ન ચર્ચા. અરે ભાઈ, એટલે જ તો મેં મારી આખે આખી યોજના તેના ભોળા સમર્પણની આસપાસ બિછાવી હતી. અને ક્યાંક તે કાચું ન પડી જાય એમ વિચારીને જ તેના પર આજે ઘેલછાનો પાક્કો રંગ પણ ચઢાવ્યો હતો. ...પછી મન મુજબ તો થવાનું જ હતું.

ખેર! હાલ આ સમય ખુશ થવાનો પણ નહોતો. અત્યારે તો હું તેની પાછળ પાછળ પૂજા કક્ષ તરફ આગળ વધી રહ્યો હતો. આજે હું એવો વેશ બનાવીને આવ્યો હતો કે કોઈક ગોવાળ જ લાગતો હતો. રોજ હળવા-મળવાવાળા સિવાય આજે કોઈપણ માટે મને ઓળખી પાડવાનું સહેલું નહોતું. ઘરમાં દૂધનું આખું ડોલચું લઈને જ ઘૂસ્યો હતો. શું કરું, યોજનાની ગુપ્તતા જાળવી રાખવા માટે આ

સાવધાનીઓ રાખવી જરૂરી હતી. જવા દો, હમણાં તો હું પૂજાકક્ષ, અર્થાત્ મારી મંઝિલની સામે ઊભો હતો. અચાનક મારું હૃદય જોરજોરથી ધબકવા લાગ્યું. શું કરું, યોજના જ કંઈક એવી હતી. તેમ છતાં મેં કોઈ રીતે મારી સહજતા જાળવી રાખીને કક્ષમાં પ્રવેશ કર્યો અને પ્રવેશ કરતાં જ મેં સત્યભામા પાસે દહીંની માંગણી કરી. તે દોડીને મારે માટે દહીં લેવા ગઈ. મેં તત્ક્ષણ ચારે તરફ 'સ્યમંતક મણિ'ની શોધખોળ શરૂ કરી દીધી. મારે વધારે શોધખોળ ન કરવી પડી. મણિ શું હતો! સૂર્યનું નાનું સ્વરૂપ જ હતું. અતિ સુંદર, તેજ રોશનીથી ઓતપ્રોત. અમાસના અંધારાને પણ અજવાળામાં બદલી નાખે એટલી રોશની મણિ સ્વયંમાં સમાવીને બેઠો હતો. હું તો મણિને જોતો જ રહી ગયો. તેની ભવ્યતાથી મારી આંખો અંજાઈ ગઈ. ...દિલ તો કહેતું હતું કે મણિને જોયા કરું... જોયા જ કરું, પણ સમયના તકાજાને જોતા, મેં જલ્દીથી મણિ મારી ધોતીની ગાંઠમાં બાંધી દીધો. ત્યાર બાદ એવી રીતે ફરવા લાગ્યો કે જાણે કંઈ બન્યું જ ન હોય. થોડી જ વારમાં સત્યભામા દહીં લઈને આવી ગઈ. હું જલ્દીથી દહીં ચટ કરી ગયો. પૂજાકક્ષની ભવ્યતાની પ્રશંસા કરી. આવો ભવ્ય કક્ષ બતાવવા માટે તેનો આભાર માન્યો. અને પછી અન્ય કંઈ વિચાર્યા વિના જલ્દીથી ફરી આવવાનો વાયદો કરીને ત્યાંથી ચાલતો થયો. હા, જતા જતા મેં સત્યભામા પાસેથી વચન જરૂર લીધું કે પિતાજીના લાખ પૂછવા પર પણ તે તેમને મારા અહીં આવવાની કે 'પૂજાકક્ષ' બતાવવાવાળી વાત ન કરે.

એમાં સ્પષ્ટ ચોખવટ હતી. અકારણ મારી અને સત્રાજિતની વચ્ચે ગેરસમજ વધે, તે મારી સાથે સાથે સત્યભામા પણ નહોતી ઈચ્છતી. જોકે તેમ છતાં પણ આમાં જ સત્યભામાના સમર્પણ અને મારા વિશ્ર્વાસની ખરી કસોટી હતી. બધું બરાબર તો પાર પડી ગયું હતું, પરંતુ ક્યાંક છેલ્લી ઘડીએ સમય આવ્યે સત્યભામાના મોંએથી સત્રાજિત સામે કંઈ નીકળી ગયું તો બધું ધૂળધાણી થઈ જશે. હું માત્ર મણિચોર કહેવાઈશ એટલું જ નહીં, પરંતુ હંમેશને માટે મથુરામાંથી મને તગેડી મૂકવામાં આવશે. ઉપરથી આર્યાવર્તમાં જે સન્માન મેળવ્યું હતું તે પણ ધૂળમાં મળી જશે, એ જુદું. અર્થાત્ એક સત્યભામા પર વિશ્ર્વાસ કરીને મેં ખરેખર ઘણું મોટું જોખમ ઉઠાવી લીધું હતું. જોકે મને વિશ્ર્વાસ હતો કે આવું કંઈ થવાનું નથી. એક વાર મને વચન આપ્યા બાદ, તે સત્રાજિત કે અન્ય કોઈને ક્યારેય કંઈ નહીં કહે. અને આ બાબતે તેની પ્રશંસા કરવી જ પડશે કે થોડી મુલાકાતોમાં જ તેણે મારી અંદર પોતાને માટે એવો અઢળક વિશ્ર્વાસ જગાડ્યો હતો કે હું એકમાત્ર તેના ભરોસે આટલો મોટો દાવ ખેલી ગયો હતો. હવે આગળ જે થાય તે, પરંતુ મારી અંદર આટલો વિશ્ર્વાસ જગાડી શકવાને એક રીતે તો હું સત્યભામાના પ્રેમ અને સમર્પણની પરાકાષ્ઠા જ કહીશ. મારે તો આવા પ્રેમ અને સમર્પણનું પ્રશંસક થવાનું જ હતું, અને હા... તેનો ફાયદો પણ ઉઠાવવાનો જ હતો. આમ તો મણિ મળી ગયો હતો. સાથે સત્યભામાએ ચૂપ રહેવાનું અફર વચન પણ આપી જ દીધું હતું. હવે આ રણછોડ પાસે અહીંથી ભાગી જવા સિવાયનું કયું કર્મ બાકી રહ્યું હતું? અને હવે પછી જે થયું કે જે થશે તે બાબતે વિચારવાનો હાલ સમય જ ક્યાં હતો? હાલ તો જે કરવાનું છે તેના પર ધ્યાન આપવાનું જ શ્રેષ્ઠ હતું. આથી ચૂપચાપ હું દોડતો દોડતો ઘરે પહોંચ્યો. જી હા, સાવધાનીવશ આજે રથ લઈને પણ નહોતો ગયો. હવે ગોવાળ તો દૂધ-દહીં આપવા માટે પગપાળા જ જાય છે. આથી હાંફતો હાંફતો ઘરે પહોંચી ગયો હતો. ફટાફટ મણિને એક સુરક્ષિત સ્થળે સંતાડી દીધો, અને પછી તરત તૈયાર થઈને મારી જ બોલાવેલી સભામાં હાજર રહેવા રાજમહેલ પહોંચી ગયો. પિતાજી, સાત્યકિ, અક્રૂરકાકા સહિત ઘણા યાદવો પહેલેથી જ ત્યાં આવી ગયા હતા. થોડી જ વારમાં સત્રાજિત અને અન્ય 'યાદવ-પ્રમુખ' પણ આવી ગયા. મારી સ્થિતિ અજીબ હતી. જે કામ કરીને આવી રહ્યો હતો તે પછી સત્રાજિત સામે સહજ બની રહેવું સહેલું નહોતું. પરંતુ હું તો નાટ્યકારોનો સરદાર હતો, પળવારમાં હું ન માત્ર સહજ બની ગયો, બલ્કે ઉપરથી સત્રાજિતનું ખરા હૃદયથી સ્વાગત પણ કર્યું. એટલે જ તો કહી રહ્યો છું કે 'કનૈયો' રોજબરોજ બહુ ખતરનાક થતો જઈ રહ્યો છે. હવે આનું શ્રેય મા યશોદા સામે બોલાયેલા જૂઠ અને કરવામાં આવેલા નાટકોના અનુભવને

આપું કે મથુરામાં શીખેલી કૂટનીતિને આપું? શ્રેય ચાહે ગમે એને આપું, પણ પરિણામ તમારી સામે છે.

ખેર! પાછો સભા પર આવી જાઉં, તો હવે હું યાદવ-પ્રમુખ હતો. મારે કોઈ વાત માટે કોઈની રજા તો લેવાની નહોતી. આથી મેં કોઈપણ જાતની ઔપચારિકતા વિના પોતાના જ સંબોધનથી સભાની શરૂઆત કરી દીધી. આમ પણ 'સ્યમંતક મણિ' પ્રાપ્ત કર્યા બાદ, મારો આત્મવિશ્વાસ તેની ચરમસીમાએ પહોંચી ગયો હતો. કેમ ન પહોંચે? ધન તો એ જડીબુટ્ટી છે જેણે મોટા-મોટા મૂર્ખાઓને બુદ્ધિમાન બનાવી દીધા છે. તેના ભરોસે તો ન જાણે કેટલાય નપુંસકો બહાદુરીના ખિતાબ લઈને બેઠા છે. તો ભલા આ ધન મારા જેવાને શું નો શું કેમ ન બનાવી શકે? બસ, એજ આત્મવિશ્વાસથી મેં મારા સંબોધનની શરૂઆત કરતાં કહ્યું- હું મહારાજ તરફથી આપ સહુ યાદવ-પ્રમુખોનું સ્વાગત કરું છું. જેમ કે તમે બધા જાણો જ છો કે મથુરાનો 'રાજ કોષ' સંપૂર્ણ રીતે ખાલી થઈ ચૂક્યો છે. અને કોઈપણ રાજ્ય, કોષ વિના ચલાવી શકાતું નથી, આ વાત તમારા લોકો કરતાં વધુ સારી રીતે બીજું કોણ સમજી શકે છે?

...સાથે જ આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે જ્યારે પણ આપણી પર આફત આવી છે, રાજમહેલે હંમેશાં આપણને સાથ આપ્યો છે. અને આજે જ્યારે રાજમહેલ પર મુસીબત આવીને ઊભી છે ત્યારે આપણું એ કર્તવ્ય છે કે આપણે રાજમહેલની સાથે ઊભા રહીએ. આથી મારું માનવું છે કે મથુરાના જવાબદાર સન્માનનીય યાદવ હોવાને નાતે આપણે શા માટે આપણી સંપત્તિનો અડધો ભાગ રાજ-કોષમાં જમા ન કરાવી દઈએ, અને બદલામાં જ્યારે ઈચ્છીએ ત્યારે રાજમહેલ પાસેથી કોઈ કાર્ય કરાવી લઈએ. હું નથી વિચારતો કે આપણાંમાંથી કોઈને પણ આ વાત સામે વાંધો હોવો જોઈએ.

આ તરફ આટલું કહીને હું તો બેસી ગયો, પણ તે તરફ આ સાંભળતા જ તમામ યાદવ-પ્રમુખ સ્તબ્ધ રહી ગયા. જોકે કોઈ કંઇ બોલ્યું નહીં. શું બોલવાના હતા, આંચકો જ એટલો મોટો આપ્યો હતો કે સહજ થવામાં સમય તો લાગવાનો જ હતો. પરંતુ સત્રાજિતથી લાંબો સમય ચૂપ ન રહેવાયું. આમ પણ સહુથી વધારે સંપત્તિ તેની જ પાસે હતી, એટલે તે કેવી રીતે ચૂપ રહેવાનો હતો? ફળસ્વરૂપ, તરત પોતાના સ્થાન પર ઊભો થઈને ક્રોધિત સ્વરે બોલ્યો- મથુરાની મુખ્ય સમસ્યા ધન નહીં, તમે છો. ન તમે મથુરા આવત, ન મથુરાએ જરાસંધના કોપનું કારણ બનવું પડત. ...અને ન તો મથુરાની આ દશા થઈ હોત. સારું એ છે કે તમે મથુરા છોડી દો, કમસેકમ આ બહાને મથુરાનું સહુથી મોટું સંકટ જરાસંધ તો હંમેશાં માટે ટળી જશે. અને જ્યાં સુધી નિજી સંપત્તિનો સવાલ છે તો તે નિજી લાખ ભલે છે, પણ છે તો અમારી પોતાની મહેનતની. આથી નિજી-સંપત્તિને કારણ વિના રાજ-કોષમાં જમા કરાવવામાં કોઈ ઔચિત્ય નથી. હા, તમને આ શુભ વિચાર આવ્યો છે, અને તમને તમામ સંપત્તિ પણ ભેટ સ્વરૂપે જ મળી છે, ...એટલે તમારે પોતાની સંપત્તિ અવશ્ય રાજકોષમાં જમા કરાવી દેવી જોઈએ.

...લો, આ તો વાત જ ઊલટી થઈ ગઈ. આ લોકો તો હરીફરીને મારી સંપત્તિ જપ્ત કરવા પર આવી ગયા. આવામાં મારે ચૂપ બેસવાનો કોઈ સવાલ જ ઊઠતો નહોતો. બસ, મેં પણ મારો પિત્તો ગુમાવી દીધો. ભલા હું મારી સંપત્તિ પર આક્રમણ કેવી રીતે સહન કરી શકતો હતો? માન્યું તમામ સંપત્તિ મને ભેટ સ્વરૂપે જ મળી હતી, પણ એ કેમ ભૂલો છો કે તમામ ભેટ મારા નિ:સ્વાર્થ પુરુષાર્થનું પરિણામ હતી. ...અને તેના પર મારો સંપૂર્ણ અધિકાર હતો. બસ, હું પણ ક્રોધમાં અકળાઈ મોટેથી ગર્જી ઊઠ્યો- જરાસંધની શું વાત કરો છો, મેં હંમેશાં મથુરાને જરાસંધથી બચાવી છે. ...અને જ્યાં સુધી સંપત્તિની વાત છે, હું ભેટમાં મળેલી મારી તમામ સંપત્તિ મથુરાના રાજ-કોષમાં જમા કરાવવા તૈયાર છું, બસ, શરત એટલી કે જો તમે પોતાનો 'સ્યમંતક મણિ' અને તેનાથી મેળવેલું સોનું રાજ-કોષમાં જમા કરાવવાની તૈયારી બતાવો. આમ તો મણિ, તમે ઈચ્છો ન ઈચ્છો, તમારે રાજકોષમાં જમા કરાવવો જ પડશે, કારણ કે તે મારી સંપત્તિની જેમ, કંઇ તમારી મહેનતનું પરિણામ તો છે જ નહીં, તે તો તમને અનાયાસ પ્રાપ્ત થયેલી કુદરતની એક ભેટ છે [1] .

બસ, સ્યમંતક મણિ જપ્ત કરવાની વાત શું કરી, હવે ક્રોધથી લાલ-પીળા થવાનો વારો

સત્રાજિતનો હતો. હું આજ તો ઈચ્છતો હતો. વાત મારાથી હટીને ફરી સત્રાજિત પર જઈને અટકે. બધાની આંખો મારી સંપત્તિથી હટીને મણિ પર ચોંટી જાય. અને આવું થતાં જ, ક્રોધને વશ થઈ તેણે તલવાર કાઢી. પછી શું થયું કે પાગલોની જેમ બૂમો પાડતો પાડતો દરબારમાંથી જ ભાગી ગયો - આ મણિ મારો છે... મારો જ રહેશે. ...તેની તરફ કોઈએ આંખ ઉઠાવીને પણ જોયું તો તેની આંખો ફોડી નાખીશ. ...હું સત્રાજિતનું દર્દ સમજી રહ્યો હતો. પરંતુ હજી તો તેણે આનાથી પણ વધારે સખત દર્દ સહેવાનું હતું. આ તરફ જેવી ધારણા હતી, સત્રાજિતના જતા જ યાદવ-સભા કોઈપણ નિષ્કર્ષ વિના સમાપ્ત થઈ ગઈ. સભા ભલે સમાપ્ત થઈ હતી, પણ મારી વાત હજુ પણ સમાપ્ત થઈ નહોતી. મારો હજુ પણ દ્રઢ વિશ્ર્વાસ હતો કે આટલો બહુમૂલ્ય મણિ અને કુદરતની કૃપા રાષ્ટ્રીય સંપત્તિ જ હોવી જોઈએ. હોય કે ન હોય, હું તેની શા માટે વધારે ચિંતા કરું? આમ પણ મારી યોજના તો બેપક્ષીય જ હતી. જો સત્રાજિત રાજીખુશીથી મણિ દેવા તૈયાર થયો હોત તો મણિ પાછો તેના પૂજાકક્ષમાં પહોંચાડી દેત. અને જો તે મણિ રાજમહેલને નથી સોંપતો, તો તેને હંમેશાં માટે પહેલાથી હું ચોરી ચૂક્યો હતો. અર્થાત્, આજ પછી આ મણિ દરેક સ્થિતિમાં રાષ્ટ્રીય સંપત્તિ રહેશે, એ હું પહેલા જ નક્કી કરી ચૂક્યો હતો. જોઈ મારી ચાલ, તેનાથી ન તો કોઈ બચી શક્યું છે, ન બચી શકે છે.

ખેર! કોઈ બચે ના બચે, આ સમયે નાનાજીને બચાવવાનું જરૂરી થઈ ગયું હતું. તેઓ સત્રાજિતનો રંગ અને દરબારમાં થયેલી ગરમાગરમીથી ડરી ગયા હતા. આથી, હું બધાના જતાવેંત જ તેમને મારા કક્ષમાં લઈ ગયો. હું જાણતો હતો કે આજે નાના મોટા આશ્ર્વાસનોથી કામ ચાલવાનું નથી, તો નક્કર આશ્ર્વાસન આપવામાં મારું શું જતું હતું? બસ, નક્કર આશ્ર્વાસન પામતા જ તેઓ ઘણી બધી હદે સામાન્ય થઈ ગયા. હવે તેમને આનાથી વધારે સામાન્ય કરવા માટે તેમને તરત તો મણિ રાજમહેલને સોંપી શકાતો નહોતો. સીધી વાત છે, જવાબ શું આપત? ક્યાંથી આવ્યો? કેવી રીતે આવ્યો? નહીં... ભાઈ નહીં. આ સમયે મણિ-ચોર પણ હું જ હતો અને મણિનો માલિક પણ હું. અને હું, જેણે પોતાનું આખું જીવન જ સર્વહિત પર કુરબાન કરી રાખ્યું હતું, આ મણિનો પણ સર્વહિતમાં સમય આવ્યે ઉપયોગ કરી જ લઈશ. આવામાં થોડા સમય માટે મણિ મારી પાસે રાખવો પણ પડે, તો શું ડર...? આથી, તેમને જેટલા સામાન્ય કરી શકતો હતો એટલા કરીને, એમની રજા લઈને ત્યાંથી નીકળી પડ્યો. એકલો રથ લઈને નીકળ્યો હતો અને યમુનાકિનારે જઈ રહ્યો હતો. સાંજ થવામાં હતી અને હું હજાર ઉતાર-ચઢાવોમાં રમી રહ્યો હતો. હવે મારી હાલત ભલે જેવી હતી, પણ તમે જોયું નહીં કે મારી યોજના કેટલી સંગીન હતી? તેમાં બધી બાજુથી મારી જ જીત હતી. ખેર, તમારું તમે જાણો, પણ મારી વાત કરું તો મને રહીરહીને મારી આ ખતરનાક યોજના અને સત્રાજિત, બંનેની હાલત પર હસવું આવી રહ્યું હતું. ચોક્કસપણે સત્રાજિતે તરત ઘરે જઈને સહુથી પહેલા મણિને વધારે સુરક્ષિત જગા પર સંતાડવાની કોશિશ કરી હશે. પરંતુ આ શું... મણિ ગાયબ! બહુ મોટો આઘાત લાગ્યો હશે તે બિચારાને. ઘણીવાર સુધી તેણે અહીંતહીં મણિ શોધવાનો પ્રયત્ન પણ કર્યો હશે. અંતે સત્યભામાને પણ પૂછપરછ કરી હશે. જ્યારે સત્યભામાએ તેને બતાવ્યું હશે કે ઘરે કોઈ આવ્યું જ નહોતું, ત્યારે તો સત્રાજિત જરૂર પાગલ જ થઈ ગયો હશે. એની સમજમાં જ નહીં આવી રહ્યું હોય કે મણિને જમીન ખાઈ ગઈ કે આકાશ ગળી ગયું. મને તો પાગલોની જેમ બડબડતો સત્રાજિત સાફ દેખાઈ રહ્યો હતો. હવે તમે જ કહો, તેની આ હાલત વિચારીને કોને હસવું ન આવે?

...ત્યારે અચાનક મારા રથની ગતિ ધીમી પડી ગઈ. હું પૂર્ણપણે ગંભીર થઈ ગયો. ક્યાંક સત્યભામાએ તેને બધું કહી દીધું તો? આપણી જ કુકરી કાચી પડી ગઈ તો...? તો... તો... કૃષ્ણ મહારાજ એક જ ઝાટકામાં બધું હસવાનું સોંસરવુ નીકળી જશે. ક્ષણભરમાં જ ગધેડા પર બેસાડીને મથુરાથી બહાર તગેડી મૂકવામાં આવશો અને ઉપરથી સંપત્તિ જપ્ત કરી લેવામાં આવશે તે અલગ. આ વિચાર આવતાવેંત મારી તો હવા જ નીકળી ગઈ. ચોક્કસપણે આગળના કેટલાક કલાકો સત્રાજિત પર

જ નહીં, મારા પર પણ ભારે હતા. યમુનાકિનારે તો પહોંચી ગયો હતો પણ ચેન નહોતું પડતું. શું કહું... દરેક પગરવ પર એવું લાગતું હતું કે રાજમહેલના સૈનિકોનું તેડું આવી ગયું. આ વિચાર આવતા જ મેં રથ દૂર, વધુ દૂર દોડાવી દીધો. જેથી એવું કંઇ થાય તો પણ તેમને મને શોધવામાં સમય લાગે. જોકે રાત ચઢતા ચઢતા મારો ઘણો બધો વિશ્ર્વાસ પાછો ફર્યો હતો. કારણ કે ગરબડ થવાની હોત તો ક્યારની થઈ ગઈ હોત. આમ પણ મને સત્યભામાનાં સમર્પણ પર પૂર્ણ વિશ્ર્વાસ હતો. છતાં પણ સવાલ મણિનો જ નહીં, બાપ-બેટીનો પણ હતો, અર્થાત્ ક્યારેય કંઇ પણ થઈ શકતું હતું. ફળસ્વરૂપ મોડી રાતે પણ દૂર દૂર સુધી રથ હંકારતો રહ્યો. ઘરે પણ બહુ સાચવીને જ ગયો. હા, જ્યારે ઘરની આસપાસ પણ રાજમહેલના કોઈ સિપાઈ ના જોયા ત્યારે હું નિશ્ર્ચિંત થઈ ગયો. પછી તો ઊંઘ આવી જાય તે માટે દબાવીને ભોજન પણ કર્યું. તેમ છતાં એક અજાણ્યા ડરે પડખું બદલાવી બદલાવીને રાત વીતાવવા પર મજબૂર કરી જ દીધો હતો. જોકે સવાર થતાં થતાં મારો ડર છૂમંતર થઈ ગયો. હવે કોઈ જોખમ નહોતું. મારા વિશ્ર્વાસ અને સત્યભામાનાં સમર્પણની જીત થઈ હતી. મારી સર્વહિતની ભાવનાનો વિજય થયો હતો. ...હવે હું પાકે પાયે મણિનો માલિક બની ગયો હતો.

હું મણિનો માલિક અવશ્ય થઈ ગયો હતો, પણ આ મહત્ત્વપૂર્ણ સિદ્ધીમાં મારા કરતાં ઘણું વધારે યોગદાન સત્યભામાનું હતું. હું આશ્ર્ચર્યચકિત હતો કે થોડી મુલાકાતોમાં જ કોઈ કેવી રીતે બીજાના પ્રત્યે આટલું સમર્પિત થઈ શકે છે? પરંતુ આ વિચારતા જ પાછો એક સવાલ આવીને ઊભો થયો. હવે આનું શ્રેય સત્યભામાની નાદાનીને દઉં કે મારા ચુંબકીય વ્યક્તિત્વને? ...તું શા માટે વચ્ચે પગ નાખી રહ્યો છે, કનૈયા? તેનું તમામ શ્રેય સત્યભામાને જાય છે. લ્યો... આપી દીધું. ખસી ગયા વચ્ચેથી. ચાલો આ સફળતાનું સંપૂર્ણ શ્રેય તો સત્યભામાને આપી દીધું, પરંતુ તત્ક્ષણ બીજા એક સવાલે ટકોરા માર્યા. આ સમયે સત્રાજિત પર જે વીતી રહી હતી તેની જવાબદારી કોને આપું? ચોક્કસપણે તેની જવાબદારી તો પૂરે પૂરી રીતે મારે જ ઉઠાવવી રહી. આ વિચારની સાથે જ બસ, મારું ધ્યાન ફરી એક વાર સત્રાજિત પર જઈને અટક્યું. ખરેખર, મેં તેને ભારે મુસીબતમાં નાખી દીધો હતો. કારણ કે તેની સૂચના અનુસાર, તેના ઘરેથી નીકળવાથી લઈને પાછા ફરતા સુધીના સમય દરમ્યાન કોઈ તેના ઘરે આવ્યું નહોતું. આવામાં તે માથું પટકી પટકીને વિચારી રહ્યો હશે કે કક્ષમાં પડેલા મણિને ધરતી ગળી ગઈ કે આકાશ ખાઈ ગયું? હવે જ્યારે ઘરે કોઈ આવ્યું જ નથી, તો આરોપ કોના પર લગાવે અને શંકા કોના પર કરે? ...તેનાથી પણ વધારે દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિ તો આ હતી કે મણિની ચોરી થઈ ગઈ હોવા છતાં, તે કોઈને મણિની ચોરી બાબતે કહી પણ શકતો નહોતો. તેના બે કારણ હતા, એક તો કોઈ તેની વાત પર વિશ્ર્વાસ ન કરે, કહેત કે ક્યાંક રાજમહેલ ફરીથી મણિ માંગી ન લે એ ડરથી એણે મણિની ચોરીવાળી વાત ઉપજાવી કાઢી છે. બીજું, સત્રાજિતના વ્યક્તિત્વમાં એવું કંઇ પણ નહોતું કે બધા તેનું સન્માન કરે. તેનું જે કંઇ વર્ચસ્વ હતું તે મણિના જ કારણે હતું. જો તે કહી દે કે મણિ હવે તેની પાસે નથી; તો બની શકે છે કે તે પોતાનું સન્માન જ ગુમાવી બેસે.

આમ સરવાળે, સત્રાજિતને મેં એક પાક્કી યોજના અનુસાર મોટી મુસીબતમાં નાખી દીધો હતો. તેને પોતાની હાલત પર રડવું પણ ખાસ્સુ આવી રહ્યું હશે, પરંતુ ચોક્કસ એ ખૂલીને રડી પણ નહીં શકતો હોય. અર્થાત્ તેને રડવું પણ એકાંતમાં જ પડતું હશે; એ પણ ખૂણામાં સંતાઈને. ક્યાંક કોઈ જોઈ ના લે, કારણ કે કોઈને શું કહે... એ શા માટે રડી રહ્યો છે? એટલે જ તો કહું છું, મારી સાથે બાથ ન ભીડશો. એક વાર કાલીય નાગના ડંખની સારવાર તો થઈ શકે છે, પરંતુ મારા ડંખની કોઈ સારવાર નથી. કેટલા રોફથી બોલ્યો હતો, મણિ ક્યારેય નહીં આપું. કોઈએ મણિ તરફ જોયું પણ છે... તો આંખો ફોડી નાખીશ. લ્યો, મણિ ચાલ્યો પણ ગયો. આંખો ફોડવી તો દૂર, ફરિયાદ સુદ્ધાં કરવાની સ્થિતિમાં ન રહ્યો. બીજાની છોડ, હવે પોતાની આંખો ફોડીને ચૂપચાપ બેસી જા ઘરે... મારા વિચારવાના અંદાજ પરથી જ તમે સમજી ગયા હશો કે હું મારી યુક્તિ અને યોજના, બંનેથી કેટલો ખુશ હતો. મનમાં તો થતું હતું કે

દિલ ખોલીને મારી જ પીઠ થાબડું. ખરેખર, આજની સવાર મારા જીવનની સહુથી સુંદર સવારોમાંની એક હતી. એક તો સહુથી ખતરનાક યોજનાને અંજામ આપીને હેમખેમ નીકળી ગયો હતો, તો બીજું, સત્યભામાના રૂપમાં સમર્પણની મૂરત પણ મેળવી હતી. આમ તો રોફ કરવાનું એક અન્ય કારણ પણ હાજર હતું. મણિ મેળવતા જ હું મથુરાના જ નહીં, હવે આર્યાવર્તના ચુનંદા થોડા પ્રમુખ શ્રીમંતોમાં શામિલ થઈ ગયો હતો. જોકે આ બધી વાતો જેટલી ખુશી આપી રહી હતી, એટલી જ જવાબદારીનો અનુભવ પણ કરાવી રહી હતી. એક તરફ જ્યાં સત્યભામા પ્રત્યેના મારા કર્તવ્યનું ભાન કરાવી રહી હતી, તો બીજી બાજુ ‘મણિ’નો સત્વરે સર્વહિતમાં ઉપયોગ કરીને મથુરાનો ઉદ્ધાર કરવાની પ્રેરણા પણ આપી રહી હતી. આમ તો આ બાબતે હું સંપૂર્ણ રીતે નિશ્ચિંત હતો, કારણ કે આ બધું તો હું મણિ વિના પણ કરતો આવ્યો હતો અને કરતો રહીશ.

હવે જ્યારે સત્રાજિતની વાત નીકળી જ છે તો તેની હાલની પરિસ્થિતિ પણ જણાવી દઉં. તે બિચારાની હાલત તો એવી હતી કે આઘાતને લીધે ત્રણ ચાર દિવસ તો તે ઘરની બહાર જ નીકળ્યો નહીં. તેની વાતોમાં હવે તે જૂનો અહંકાર પણ બચ્યો નહોતો. એટલું જ નહીં, અચાનક મારા પ્રત્યે તેનો વ્યવહાર પણ ઘણો સૌહાર્દપૂર્ણ થઈ ગયો હતો. જોકે આ જોખમની વાત હતી. તેનો સૌહાર્દપૂર્ણ વ્યવહાર એ વાતનું પ્રમાણ હતું કે ક્યાંક ને ક્યાંક ઊંડાણમાં તેને મારા પર શંકા છે. હવે છે તો ભલે હોય. માત્ર શંકાના સહારે તે મારું કંઈ બગાડી શકે તેમ નહોતો; ઊલટું જાતે મનોમન બળતો-જળતો રહેશે. ...જોકે આ શંકાને લીધે આ દિવસોમાં તેનામાં એક મોટું અજબ પરિવર્તન પણ આવ્યું હતું. હવે તે કોઈને કોઈ બહાને પિતાજીને મળવા ઘરે આવવા-જવા લાગ્યો હતો. તેનું આ બદલાયેલું સ્વરૂપ અને વ્યવહાર મારા સિવાય કોઈની પણ સમજણની બહાર હતું. આમ પણ હવે ‘મારું કરેલું’ હું નહીં તો બીજું કોણ સમજશે? બિચારો કોઈને કંઈ કહી તો શકતો નહોતો, પરંતુ તેની લાચારી બધું જ કહી રહી હતી. તો આ બાજુ, હું પણ હું હતો. મને તેને આ હાલતમાં જોઈને એટલી તો મજા આવી રહી હતી કે મેં તો ઊલટું તેની આ દેખીતી લાચારીને અવગણીને તેને વધારે સન્માન આપવાનું જ શરૂ કરી દીધું હતું, જાણે અમારી વચ્ચે કંઈ થયું જ ન હોય. ચોક્કસપણે મારો આ વ્યવહાર તેને અંદરથી વધારે કષ્ટ પહોંચાડી રહ્યો હશે. તો આ બાજુ, હું પણ આવો કોઈ વ્યવહાર કંઈ એને આરામ આપવા માટે તો નહોતો કરી રહ્યો. હવે આ તો ‘કૃષ્ણ’ સાથે ટકરાવાનું ફળ હતું, જે તેણે ભોગવવાનું જ હતું.

ખેર! મારી પાસે આમ પણ પહેલેથી ધનની ખોટ નહોતી. ઉપરથી મણિ આવી ગયા પછી તો રોજ ધનની વર્ષા થવા લાગી હતી. જોકે થોડો સમય વીત્યા બાદ, હું મણિથી મળેલા સોનાનો એક ચોક્કસ ભાગ રાજ-કોષમાં ચૂપચાપ જમા કરાવવા લાગ્યો હતો. આમ જોવા જઈએ તો હું આ બધું કરીને મારા જ કર્મોને આગળ ધપાવી રહ્યો હતો. અન્યથા પણ હું શરૂઆતથી મારી બુદ્ધિ અને બહાદુરીથી મથુરાવાસીઓની રક્ષા તો કરતો જ આવ્યો હતો. હવે આ બહાને તેમની આર્થિક મદદ પણ કરવા લાગ્યો હતો. કહી શકાય છે કે રાજા બનતા પહેલા જ હું રાજાના તમામ કર્તવ્ય નિભાવવાનું શીખી ગયો હતો. ફર્ક માત્ર એટલો હતો કે અત્યાર સુધી હું માત્ર વીરતા અને ચતુરાઈથી પ્રજાની મદદ કરતો આવ્યો હતો, હવે તેમને આર્થિક મદદ પણ કરવા લાગ્યો હતો. બીજું કંઈ નહીં તો આ બહાને રાજા બન્યા વિના, એક સારા રાજા હોવાનો સંતોષ તો પામી જ રહ્યો હતો.

...ખરેખર એક મણિ શું ચોર્યો, પરિસ્થિતિઓ ચારે તરફથી અનુકૂળ થવા લાગી. આવામાં અચાનક મને ભાઈ અને ઉદ્ધવની યાદ આવી. પોતાના ચલાવેલા ચક્કરમાં એવો ગૂંચવાયો હતો કે તેમને ભૂલી જ ગયો હતો. કોણ જાણે કુશસ્થળીમાં શું થઈ રહ્યું હશે? આમ તો ત્યાં વિજયની પાક્કી આશા હતી, છતાં પણ આશા અને પાક્કા સમાચારનો ફરક તો યથાવત્ જ હતો; ખાસ કરીને એ જોતા કે આ વિજયની સાથે સાથે મારા મોટા સપનાં પણ દાવ પર લાગ્યા હતા. કારણ કે રાજા બનવાનો પૂરો દારોમદાર ત્યાંથી આવનારા સમાચાર પર જ ટકેલો હતો. આ તો ઠીક પણ રાજા બનવાનું સપનું જોઉં

અને રુક્મિણી યાદ ન આવે, તેવું ક્યાં થવાનું હતું? અને વળી, આટલી ઉત્કટ રાહ પણ રુક્મિણીને માટે જ તો જોઈ રહ્યો હતો. કાન આતુર થઈ ગયા હતા કે ક્યારે તે લોકો પાછા આવે અને ખુશખબરી સંભળાવે. ક્યાંક ને ક્યાંક અંતરમાં ચિંતા પણ થઈ રહી હતી, કારણ કે તેમને ગયે પાંચ મહિનાથી વધારે સમય વીતી ગયો હતો, ...અને મારા ગણિત મુજબ, તેમણે હવે પાછું આવી જવું જોઈતું હતું. આમ સરવાળે આજ બધી મૂંઝવણો અને સપનામાં રાહ જોવાના આ દિવસો પસાર થઈ રહ્યા હતા.

જોકે ત્યાર બાદ મારે વધારે રાહ ન જોવી પડી. બીજા દસ-બાર દિવસોમાં જ ભાઈ અને ઉદ્ધવ પાછા ફર્યા. બંનેના ચહેરા પર વિજયી સ્મિત દૂરથી જ જોઈ શકાતું હતું. બંનેના વિજયી સ્મિતે મનને પ્રફુલ્લિત કરી દીધું. ઘણીવાર સુધી ત્રણે એકમેકને ભેટતા રહ્યા અને એકબીજાને અભિનંદન આપતા રહ્યા, પરંતુ કંઈ ખાસ વાતચીત ન થઈ. આમ પણ કોઈને કાનોકાન આ વાતનો કંઈ અણસાર પણ આવે એવું અમે લોકો નહોતા ઈચ્છતા. આથી વાતચીત રાત પર ટાળી, અને સ્વાભાવિક રીતે રાત યમુનાકિનારે સ્થિત મકાન પર વીતાવી. વાત કરવા માટે પણ અમે ત્રણે બગીચામાં આવેલા હિંચકા પર જ બેઠા. હવે રાજા બની ગયા છીએ તો સિંહાસન પર નહીં, તો તેની શરૂઆત ઝૂલા પર બેસીને તો કરીએ. આ બાજુ સ્વાભાવિક રીતે, ભાઈ વાત બતાવવા માટે કંઈક ખાસ ઉત્સાહિત લાગી રહ્યા હતા. ચોક્કસપણે તેમના આ ઉત્સાહની પાછળ પહેલી વાર વિજયના કોઈ મોટા ઝંડા ફરકાવીને આવવાનું મુખ્ય હતું. આ બાજુ ઉદ્ધવે પણ સમજદારી બતાવતા, વાત કહેવાનો મોકો તેમને જ આપ્યો. આમ પણ બિચારા વિસ્તારથી ખબર સંભળાવવા સવારથી જ આકુળ વ્યાકુળ થઈ રહ્યા હતા. ...ભાઈના જણાવ્યા મુજબ, કુશસ્થળી આઝાદ કરાવવામાં કંઈ ખાસ બળપ્રયોગ ન કરવો પડ્યો. ચંડકે પોતાની તરફથી અમારી ભરપૂર મદદ કરી. ત્યાંજ મથુરાની સાથે સાથે સ્થાનિક સેના પણ સંપૂર્ણ વીરતા સાથે લડી. આવામાં પુણ્યજન ક્યાં ટકવાનો હતો? બસ, સેના સહિત ભાગી ગયો. આ બાજુ જેવી ભાઈએ વાત પૂરી કરી કે તરત ઉદ્ધવે ચૂંટી ખણી... ભાઈ બસ, ન..., ખાસ વાત બતાવવાનું તો ભૂલી ગયાને? કાંઈ વાંધો નહીં, હું જ જણાવી દઉં છું. ...પછી મારી તરફ જોઈને હસીને કહ્યું- આપણાં બલ્લુ પહેલવાન હવે એકમાંથી બે થઈ ગયા છે. તેમનો અને રેવતીનો વિવાહ ખૂબ જ ભવ્ય સમારોહ સાથે સંપન્ન થયો.

મેં તરત ભાઈને ભેટીને કુશસ્થળી આઝાદ કરાવવાની અને રેવતી સાથે વિવાહ કરવાની બેવડી વધામણી આપી. પરંતુ કમાલ એ કે હજી પણ હું જે જાણવા માંગતો હતો, તેની ચર્ચા બેમાંથી એકેય કરી રહ્યા નહોતા. મારું મન હજારો શંકા-કુશંકાઓ કરી રહ્યું હતું. ક્યાંક એવું તો નથી થયુંને કે ભાઈએ કોઈ ગરબડ કરી દીધી છે. ...એવું જ હશે. પરંતુ ઉદ્ધવ સાથે હતો, પછી ગરબડ કેવી રીતે થઈ શકે છે? ત્યારે અન્ય વિચાર આવ્યો, ભાઈના હોવાથી કંઈ પણ ક્યારેય પણ થઈ શકે છે. ...પછી વિચાર્યું, અકારણ મૂંઝવણમાં પડ્યા વિના અને આટલી ચિંતા કર્યા વિના, સીધેસીધું પૂછી જ કેમ ન લેવામાં આવે? અંતે થાકીને મેં નફ્ફટાઈથી સીધું જ પૂછી લીધું- એ બધું તો ઠીક છે, પરંતુ ત્યાંના સિંહાસન પર તમે બેઠા કે નહીં?

ભાઈએ કહ્યું- ...ના! કકુમદીને જ ફરી રાજા બનાવ્યો. કનૈયા! યુદ્ધમાં વિજય બાદ તેમનો ઉત્સાહ જોવા જેવો હતો. સાચું કહું તો તેમનો ઉત્સાહ જોઈને, અમને તેમનું દિલ દુભાવવું યોગ્ય ન લાગ્યું.

...લો, કરો વાત! હું તો તરત હિંચકો રોકીને મારી જગા પર ઊભો થઈ ગયો. અર્થાત્ મારા દિલની તો તેમણે ચિંતા જ કરી નહીં. શું આટલો પરાક્રમી અને સન્માનનીય કૃષ્ણ જીવનભર કુંવારો બેસી રહેશે? લાગે છે કે ભાઈના ભરોસે તો આજ થવાનું છે. હું ઉદાસ થઈ ગયો, ...અંતે જેનો ડર હતો, તે જ થઈ ગયું. ગયા હતા રાજા બનવા, જમાઈ બનીને પાછા આવ્યા. ભાઈનો તો વિવાહ થઈ ગયો, મારો વિવાહ લટકી ગયો. અરે બલ્લુ! તારું થયું, પણ મારું શું થશે? શું કહું? ઉદાસી એવી છવાઈ ગઈ કે

હું મારો ભાવ સંતાડી ના શક્યો, દુ:ખના માર્યા મોંમાંથી નીકળી જ ગયું- ભાઈ! આ તમે મોટી ભૂલ કરી દીધી.

...આ બાજુ મને આ રીતે દુ:ખી જોઈને ઉદ્ધવ ભાઈની રક્ષા માટે ઊતરી આવ્યો. તે બોલ્યો- એવું નથી, કનૈયા! ભાઈ તો રાજગાદી પર બેસવા તૈયાર હતા, પરંતુ કકુમદીનનો ઉત્સાહ અને રાજ્યની દયનીય પરિસ્થિતિએ અમને પુનર્વિચાર કરવા માટે વિવશ કરી દીધા હતા. કારણ કે કુશસ્થળી સંપૂર્ણ રીતે બરબાદ થઈ ગયું હતું. પંચજન અને પુણ્યજન જેવા રાક્ષસોના સતત હુમલાને લીધે, ત્યાંની હાલત મથુરાથી પણ બદતર થઈ ગઈ હતી. આવા રાજ્ય પર રાજ કરવું જીવની ઝંઝાળ સાબિત થઈ શકતું હતું.

આ સાંભળી ઉત્સાહિત ભાઈએ તરત ઉદ્ધવની વાત આગળ વધારતા કહ્યું- આમ પણ ત્યાંના અઘોષિત રાજા તો અમે જ છીએ.

હું મનોમન વિચારવા લાગ્યો, અઘોષિત રાજા તો આપણે મથુરાના પણ છીએ. મથુરા જ શા માટે, અન્ય કેટલાય રાજ્યોમાં પણ અમારી સ્થિતિ કોઈ રાજાથી ઉતરતી નથી. છતાં પણ અમે રાજા તો નથી જ ને...? હવે તેમને કઈ રીતે સમજાવું કે રાજ્ય વિના અને રાજા બન્યા વિના, હું રુક્મિણીને પામી નથી શકતો. અને તેને પામ્યા વિના હું જીવી પણ નથી શકતો. જોકે આ લોકોને મારા હૃદયના હાલની ખબર જ ક્યાં હતી, નહીંતર કદાચ આવું ન થાત. ...કારણ ચાહે ગમે તે હોય, ભૂલ મારી હોય કે આમની કે બંનેની, લટકી તો હું જ ગયો હતો. અને કારણ કે બાબત રુક્મિણીની હતી, અસ્તિત્વ પર ઉદાસી છવાતા વાર ન લાગી. આ બાજુ ઉદ્ધવને મારી આ ઉદાસી માપતા પણ વાર ન લાગી. એ તરત મને ફરી ઝૂલા પર બેસાડીને આશ્ર્વાસન આપતા બોલ્યો- કનૈયા! જો તું કુશસ્થળીની પરિસ્થિતિ જોત, તો હું વિશ્ર્વાસથી કહી શકું છું કે તું પણ આજ નિર્ણય લેત. મારું માનવું છે કે આના કરતા આપણે પોતાનું રાજ્ય બનાવવું જોઈએ. ત્યાં કુશસ્થળીની આસપાસ સમુદ્રકિનારે કેટલાય સુંદર અને સુરક્ષિત ભૂખંડ છે. શા માટે આપણે તેમાંથી જ કોઈ પર આપણું નવું રાજ્ય ન સ્થાપી લઈએ?

ઉદ્ધવની વાત સાંભળતા જ હું ઉછળી પડ્યો. વાત વાસ્તવમાં શુભ અને સચોટ હતી. મેં તરત જ ઉદ્ધવને ચૂમી લીધો. તેણે તો કનૈયાનું ઘર વસાવવાનો માર્ગ જ સાફ કરી દીધો. એટલે તો કહું છું કે કોઈ કેટલુંય બુદ્ધિમાન કેમ ન હોય, ક્યારેક ક્યારેક બીજા તેનાથી પણ બુદ્ધિમાનીની વાત કરી જ લે છે. અંતે ઈશ્ર્વર બધામાં બેઠો છે. હું તો હું, ભાઈ પણ ઉદ્ધવની વાતથી સહમત લાગી રહ્યા હતા. ઉદ્ધવના આ એક વિચારે વાતાવરણ ખુશનુમા કરી દીધું. પણ અચાનક એ બંનેને ધનની ચિંતાએ ઘેરી લીધા. વાત પણ સાચી હતી. આખું રાજ્ય વસાવવું કોઈ ઘર વસાવવા જેવું તો હતું નહીં, ચોક્કસપણે એને માટે અપાર ધનની જરૂર પડવાની જ હતી. જોકે હું આ વાતને લઈને કંઇ ખાસ ચિંતિત નહોતો. હવે આ બિચારાઓને ક્યાં ખબર હતી કે મારી પાસે સ્યમંતક મણિ છે. હું તો ઊલટો ખુશ હતો, ચાલો, આ બહાને તેનો યોગ્ય જગ્યાએ ઉપયોગ તો કરવામાં આવશે. પરંતુ આ તો મારા મનની વાત હતી. અન્યથા તો હું પણ હું જ હતો. મેં તેમની ચિંતાનું કોઈ સમાધાન તો કર્યું જ નહોતું. પણ હા, ઊલ્ટું ઉદાસી ઓઢીને તેમનો સાથ આપવા માથે હાથ દઈને ચોક્કસ બેસી ગયો. સ્યમંતક મણિવાળી વાત કહી નહોતી, કહેવાનો પણ નહોતો. આ રહસ્ય તો મારા શરીર-પ્રસ્થાનની સાથે જ ઉપર જવાનું હતું. હા, કોઈ મનનું ગણિત જાણનાર મારા જીવન પર નજર ફેરવશે તો તે તરત સમજી જશે, પરંતુ આ તો ભવિષ્યની વાત છે, તેની વર્તમાન પરિસ્થિતિ પર કોઈ અસર પડવાની નહોતી. હા! થોડી વારની ઉદાસી બાદ વિચારવાનો અભિનય કરતાં મેં તેમને એટલું અવશ્ય કહ્યું કે આમ તો આપણી પાસે અપાર ખજાનો છે. કદાચ નગરી તો તેનાથી વસાવી જ શકાય છે. ...છતાં પણ ક્યારેક ધન ઓછું પડ્યું તો તેનું પણ ચક્કર ચલાવી લેવામાં આવશે. આથી, ધનની ચિંતા મારા પર છોડો.

આ બાજુ મારી વાત સાંભળતા જ ભાઈને તો જાણે કે મોકો જ મળી ગયો. તે તરત બોલી ઊઠ્યા-મને વિશ્ર્વાસ છે કનૈયા, જ્યાં સુધી 'ચક્કર'નો સવાલ છે, તું ચલાવી જ લઈશ. આમ પણ

જીવનભર તે ચક્કર ચલાવવા સિવાય બીજું કર્યું છે પણ શું? ...ભાઈની વાત સાંભળતા જ ઉદ્ધવ હસી પડ્યો, પણ હું ચૂપ જ રહ્યો. એક તો ભાઈની વાત પર હસીને તેના પર મોહર લગાવવા માંગતો નહોતો, અને બીજું, જ્યાં સુધી ચક્કરનો સવાલ છે તો તે તો હું પહેલેથી જ ચલાવી ચૂક્યો હતો. ત્યાંજ આટલી ગંભીર વાતને હું હાસ્યનું સ્વરૂપ આપીને ઉડાડી દેવા પણ માંગતો નહોતો. નહીં તો ખબર પડે કે ભાઈએ મારું નામ જ 'ચક્કરબાજ' રાખી દીધું છે...ના ભાઈ ના. આથી બસ, મારી કોઈ પ્રતિક્રિયા ન આવી એટલે વાત હતી ન હતી થઈ ગઈ. અને આ કસમયે આવેલી વાત હટી જતા જ સહુનું ધ્યાન સંભવિત નવા રાજ્ય પર કેન્દ્રિત થઈ ગયું. ઉત્સાહ તો એવો છવાયો હતો અને ઉતાવળ તો એટલી હતી કે આગલા એક બે દિવસમાં જ ભાઈ અને ઉદ્ધવનું યોગ્ય ભૂખંડ શોધવા માટે ફરી કુશસ્થળી જવાનું નક્કી પણ થઈ ગયું. સાથે જ એ પણ નક્કી કરી લીધું કે કુશસ્થળી વિજય, ભાઈનો વિવાહ અને નવા રાજ્ય માટે ભૂખંડની શોધ સંબંધી તમામ વાતોની સંપૂર્ણ રીતે ગુપ્તતા જાળવી રાખવામાં આવશે. ત્યાં સુધી કે પિતાજી કે નાનાજી સાથે પણ તેની કોઈ ચર્ચા કરવામાં નહીં આવે. આ સાથે જ આજની ચર્ચાનો આ દોર અહીં અટકી ગયો. કોણ જાણે કેટલીય વાર એકબીજાને ભેટીને અમે અંદરોઅંદર શુભ કામનાઓ વહેંચી. અને એમ કહી શકાય કે પોતપોતાની રીતે નવા રાજ્યના સપનાં જોઈ શકીએ એ માટે છૂટા પડીને સૂવા ચાલ્યા ગયા.

...આ બાજુ એક-બે દિવસની તૈયારીઓ બાદ જ ભાઈ અને ઉદ્ધવ ઘણા ઉત્સાહ સાથે કુશસ્થળી જવા માટે રવાના થઈ ગયા. કુશસ્થળી જવાના નામથી જ ભાઈના ચહેરાની રોનક બદલાઈ ગઈ હતી. સ્વાભાવિક રીતે આ બહાને તેમને થોડા દિવસ રેવતીભાભી સાથે રહેવાનો મોકો પણ મળવાનો જ હતો.

દ્વારકાનું નિર્માણ

...હવે આમ તો જીવનમાં આનાથી વધારે ખુશ થવાનું બીજું કોઈ કારણ હોઈ શકે તેમજ નહોતું. હું ખુશ પણ બહુ હતો. પરંતુ આ ખુશીના અતિરેકનું એક દુષ્પરિણામ પણ ભોગવવું પડી રહ્યું હતું. હકીકતમાં રાજ્ય અને રુક્મિણીએ મળીને મારી રાતોની ઊંઘ અને દિવસના કામ, બંને છીનવી લીધા હતા. મને તે બંનેના સપનાં જોવા અને એ વિશે વિચારવા સિવાય બીજું કંઇ સૂઝતું જ નહોતું. ...જોકે તેમ છતાં હું મારા કર્મથી અજાણ નહોતો. હું એ વાસ્તવિક હકીકત સુપેરે જાણતો હતો કે સપનાં તો કર્મ કરીને જ પૂરા કરી શકાય છે. તો પછી સપનાં જોવાનું ઓછું કરીને 'કર્મ'નો જ આશરો કેમ ન લઉં? હા, નહીં તો કૃષ્ણ જેવા કર્મવીરની રાજધાની બને અને શ્રેષ્ઠ ન હોય? હું આટલા રાજ્યો ફર્યો હતો, દરેક રાજ્યની કોઈને કોઈ વિશેષતા હતી. મને નાના-મોટા નિર્માણનો અનુભવ પણ હતો; તો પછી હું મારા કર્મોથી તેને શ્રેષ્ઠ કેમ ન બનાવું? બસ, આ વિચારોની સાથે જ સપનાંઓને તિલાંજલિ આપીને મેં રાજ્યની રૂપરેખા બાબતે મનન કરવાનું શરૂ કરી દીધું. હવે તો હું વિચારવા લાગ્યો હતો કે રાજ્ય એવું બનાવું કે જેનું જન્મો-જન્માંતર સુધી દ્રષ્ટાંત આપવામાં આવે. ...આમ તો જ્યારથી સમુદ્ર કિનારે વસેલું પંચજનનું રાજ્ય જોયું હતું, સાચું કહું તો ત્યારથી મનમાં સમુદ્રકિનારે રહેવાની ઈચ્છા જાગૃત થઈ ગઈ હતી. અને આજે કુદરતની મહેરબાની અને અમારી લગનથી તે ઈચ્છા પૂરી થવાની સંભાવનાઓ પણ દેખાઈ રહી હતી. આવામાં તેને આર્યાવર્તનું સહુથી સુંદર, સુરક્ષિત અને વૈભવથી ભરપૂર રાજ્ય બનાવવા માટે કટિબદ્ધ પણ થઈ ગયો હતો. વિચારણાના શરૂઆતના દોરમાં જ એ પણ નક્કી કરી લીધું હતું કે ત્યાં પ્રજાને સ્વર્ગ જેવો આનંદ આપીશ. મારા રાજ્યની પ્રજા મથુરા કે અન્ય રાજ્યની પ્રજાઓની જેમ મરીમરીને નહીં જીવે.

અરે, પ્રજા તો ઠીક, કંઇ પોતાના વિષયમાં પણ વિચાર્યું છે? હા, હા, પોતાની બાબતે પણ આ નક્કી કરી લીધું છે કે હવે હું પણ મરીમરીને નહીં જીવું. બહુ થયું જરાસંધથી ભાગવું. તેના પ્રતિશોધની આગ તો શાંત થવાની નથી, અને રાજ્ય વસાવ્યા બાદ હું યુદ્ધ કરવા ઈચ્છતો નહોતો. આથી તેનો તો એક જ ઈલાજ થઈ શકતો હતો કે રાજ્ય એવી જગાએ વસાવવામાં આવે કે જરાસંધ ત્યાં આવવાની હિંમત જ ન કરી શકે. અર્થાત્ સુરક્ષાને સહુથી વધારે પ્રાથમિકતા આપવાનું પણ મેં સાથોસાથ નક્કી કરી લીધું. જોયું તમે, એક વાર સપનાં જોવાનું છોડીને, રાજ્યનાં ચિંતનોમાં ડૂબ્યો તો જોતજોતામાં કેટલું બધું વિચારી લીધું. આજ તો મારું પરમ ધ્યાન હતું જેણે મને 'કૃષ્ણ' બનાવ્યો હતો. ચાલો, જવા દો. પોતાની પ્રશંસા તો હું મોકો મળે કે કરતો જ રહું છું. હમણાં તો ચિંતન જ્યાં અટક્યું હતું તેને ત્યાંથી જ આગળ વધારું. ...અને ચિંતન અટક્યું હતું જરાસંધ પાસે. કારણ કે આ રાજ્ય અને તેની વૈભવતા પણ ત્યારે જ સાર્થક છે જ્યારે હું જીવતો બચું. અને મારા જીવનો દુશ્મન માત્ર અને માત્ર જરાસંધ છે. આથી એ બીમારીનો કાયમી ઉપાય વિચાર્યા વિના રાજ્યની બીજી કોઈપણ કલ્પના કરવી નકામી છે. અને આ બાબતે ધ્યાનથી વિચારું તો સમુદ્રકિનારે આક્રમણ કરવાનું જરાસંધના હાથની વાત નહોતી લાગી રહી, તેમ છતાં હું સાવધાનીવશ રાજધાનીને ચારે તરફથી સુરક્ષિત બનાવવા માંગતો હતો. બરાબર પંચજનના રાજ્ય જેવું, હંમેશાં માટે અજેય. ...મેં આજ સુધીનું મારું સમગ્ર જીવન સંઘર્ષોમાં વીતાવ્યું હતું. આ ઓછું હતું તેમ ગત કેટલાય વર્ષોમાં જરાસંધે દોડાવી દોડાવીને થકાવી દીધો હતો. કહેવાનું તાત્પર્ય એ કે અત્યાર સુધીના જીવનમાં સંઘર્ષ અને મારો સંબંધ આગ અને હવાના સાથ જેવો રહ્યો છે, પરંતુ રાજ્યની સ્થાપના પછી હું સંપૂર્ણપણે શાંતિ ઈચ્છતો હતો. આમ પણ જ્યાં સુધી એક ગોવાળ જરાસંધના ભયથી આમ તેમ ભાગતો ફરી રહ્યો હતો એ તો વાત સમજાય તેમ હતી, પણ એક રાજા પણ

ભાગતો ફરે, તે લગીરે શોભા નહીં આપે. અર્થાત્ એક રાજાની માન-મર્યાદાને ધ્યાનમાં રાખીને પણ રાજ્યને સંપૂર્ણ રીતે સુરક્ષિત બનાવવું અતિ આવશ્યક બની ગયું હતું. આમ સરવાળે મારે મન જરાસંધ નામની 'ભયંકર-બીમારી'થી હંમેશ માટે સુરક્ષિત થવાનો ઉપાય જ આ રાજ્યની સર્વપ્રથમ પ્રાથમિકતા હોવાનું નક્કી હતું. અને આ બાબતે અત્યાર સુધી જેટલું વિચારી ચૂક્યો હતો તેનાથી આ બીમારી પણ દૂર થતી દેખાઈ રહી હતી.

આ બધું તો ઠીક પણ હવે ભાઈ અને ઉદ્ધવને ગયે સાત-આઠ દિવસ થઈ ગયા હતા. પણ હું હજી પણ મારા ડેરા-તંબૂ યમુનાકિનારાવાળા મકાનમાં નાખીને બેઠો હતો. હા, ચાર સેવક-સૈનિક ચોક્કસ સેવા માટે બોલાવી લીધા હતા. જ્યારે કામ જ રાજ્ય બાબતે વિચારવાનું રહી ગયું હોય તો નકામી મથુરાની ભીડભાડમાં શા માટે રહું? આમ પણ આ રાજ્યથી મને કેટલુંય ખાસ મળતું હોય એવું દેખાઈ રહ્યું હતું. સ્વાભાવિક રીતે આ રાજ્ય પોતે જ મારા તમામ સપનાં પૂરા કરવામાં સક્ષમ હતું. બની શકે છે કે તેને કારણે મારું ઘર પણ વસી જાય, અર્થાત્ મને મારા સપનાંની રાણી મળી જાય. ઘર ન પણ વસે તો પણ એ તો નક્કી જ હતું કે આજ પછી ક્યારેય અમારે દરબદરની ઠોકરો તો નહીં જ ખાવી પડે અને ન તો કોઈના આશ્રિત બનીને જીવવું પડશે. ...અને સંઘર્ષનું તો જીવનમાં નામોનિશાન નહીં રહે. સાથે જ એ પણ નક્કી હતું કે ત્યાર પછી ક્યારેય કોઈ ગોવાળ કહીને અપમાનિત નહીં કરે. ...ચાલો, માત્ર મારી વાત ન પણ કરું તો પણ એ નક્કી હતું કે આ રાજ્ય પ્રજાને પણ ચોક્કસપણે સ્વર્ગ જેવો આનંદ આપવાનું નિમિત્ત સિદ્ધ થશે. ચોક્કસ રીતે એ મારી સાથોસાથ હજારોનું જીવન સુધારશે. કહેવાનું તાત્પર્ય એ કે આ રાજ્ય વસાવવાનું જેટલું મારા હિતમાં હતું, એટલું જ સર્વહિતમાં પણ હતું. તો સર્વહિત ક્યાં મારા હિતથી જુદું છે... હતું... કે રહેશે? મેં તો હંમેશાં સર્વહિત માટે મારી કુરબાની આપી છે. આવામાં સર્વહિતનો સહુથી વધારે ફાયદો પણ મને જ મળવો જોઈએ. આમ પણ જે હંમેશાં સર્વહિતમાં લીન રહ્યો હોય તેનું બધું આપમેળે જ ઠીક થઈ જાય છે. આમ પણ પોતાનું હિત અને બધાનું હિત, આજ તો મારી ઈચ્છા રહી છે. ...અને તેને જ મેં મારું કર્મ-કર્તવ્ય અને જીવન બનાવી રાખ્યું છે. અહીં સમજવાલાયક વાત તો એ પણ છે કે જ્યાં મનુષ્યની ઈચ્છાઓ અને તેના કર્તવ્ય ભિન્ન ભિન્ન હોય છે ત્યાંજ તો તે મરીમરીને જીવે છે. પરંતુ જ્યારે બંને એક હોય, તો ન માત્ર જીવવાની પરંતુ કામ કરવાની પણ મજા આવી જાય છે. આ વાતને થોડા વિસ્તારથી મારા જ ઉદાહરણથી સમજાવું તો મારી ઈચ્છા પણ એક એવું સર્વહિત હતું જેમાં 'હું' પણ શામેલ હતો. ત્યાં જો ધ્યાનથી સમજવામાં આવે તો મારું કર્તવ્ય પણ એવા જ સર્વહિતમાં હતું જેમાં હું પણ શામેલ હોઉં. હવે આવામાં તમે જ કહો કે હું સદૈવ પ્રસન્ન ન રહું તો કોણ રહેશે? ધ્યાનથી જોવામાં આવે તો આજ કારણ હતું કે મારું જીવન લાખ સંઘર્ષોથી ભરાયેલું ભલે હોય, પણ મારી પ્રસન્નતાને ક્યારેય કોઈ ઉની આંચ નથી આવી.

જવા દો! આ વિચારોના ઘોડા થોડા વધારે દોડાવી દીધા. અત્યારે તો એક રહસ્યની વાત બતાવું છું. ...મારા મનમાં પહેલેથી જ નક્કી હતું કે રુક્મિણી સાથે ત્યારે જ વિવાહ કરીશ જ્યારે તેને તેનાં પિતા કરતાં વધારે સારું જીવન અને સુવિધા આપવામાં સક્ષમ થઈ જઈશ. કારણ કે મારી દ્રષ્ટિમાં, વિકાસનું નામ જીવન છે. જો રુક્મિણીને તેનાં રાજ્ય કરતાં સારી સુવિધા નથી આપી શકતો તો મને તેની સાથે વિવાહ કરવાનો કોઈ અધિકાર નથી. ખાલી ભાવના અને તુચ્છ પ્રેમના બહાને કોઈના પહેલાથી વિકસિત જીવનને પતનના અંધારામાં ધકેલી દેવું મારા સ્વભાવમાં નહોતું. અને રુક્મિણીને પામ્યા વિના મારું જીવન કેટલું અધૂરું હોઈ શકતું હતું એ રહસ્ય હવે તમારાથી છૂપું નથી. આવામાં આ રાજ્યને શ્રેષ્ઠ બનાવવાના પ્રયાસો મારે દિલોજાનથી કરવાના જ હતા. અને કહી શકું છું કે રાજ્યની શ્રેષ્ઠતા માટે રુક્મિણી પ્રેરણારૂપ સિદ્ધ થઈ રહી હતી. ...પરંતુ ફક્ત પ્રેરણા-માત્રથી કે મારી ઈચ્છાથી તો રાજ્ય વસી જવાનું નહોતું. હકીકતની દુનિયામાં તો રાજ્ય બનાવવું અને વસાવવું એ હજી ઘણી દૂરની વાત હતી. હજી તો બનશે કે નહીં બને આ પણ નક્કી નહોતું. પણ મારા કર્મવાદી અને આશાવાદી

હોવાનો કેફ એ હતો કે હું ન માત્ર રાજ્ય અને રુક્મિણીનાં સપનાં જોઈ રહ્યો હતો, પરંતુ તમામ નકારાત્મક શક્યતાઓને બાજુ પર રાખીને મારી સમગ્ર ચેતના રાજ્યની રૂપરેખા બનાવવામાં લગાડી દીધી હતી. તમે નહીં માનો પણ હું રાજ્યની કાનૂન વ્યવસ્થા જ નહીં પરંતુ રાજ્યની આર્થિક વ્યવસ્થાઓ અને વેરાઓની બાબતમાં પણ રાત-દિવસ એકદમ ગંભીરતાથી આયોજન કર્યા કરતો હતો. અંતે નાનાજીનું આપેલું શિક્ષણ અને મથુરાના અનુભવો ક્યારે કામ આવવાના હતા? આ દ્રષ્ટિથી તો ખરેખર નાનાજીને લાખ લાખ ધન્યવાદ હતા કે તેમણે મને પોતાની સાથે રાખીને રાજ્યની તમામ જવાબદારીઓ સમજવાનો મોકો આપ્યો હતો. નહીંતર તો કદાચ બધું હોવા છતાં પણ રાજ્ય ક્યારેય ન વસાવી શકત. પરંતુ આજે તેમની શીખવેલી વાતોને કારણે, જોતજોતમાં મેં નવા રાજ્યનાં જીવનધોરણ બાબતે પણ ઘણું વિચારી લીધું હતું. સડકો હશે. ભવ્ય રાજમહેલ હશે. મોટા-મોટા પ્રાંગણ અને બગીચા હશે. ભવ્ય બજાર હશે. સાથે જ સામાન્ય પ્રજાના મકાન પણ મોટા અને શ્રેષ્ઠ જ બનાવવામાં આવશે. અર્થાત્ સુખ-સુવિધાની બાબતોમાં ક્યાંય કોઈ કચાસ રાખવામાં નહીં આવે. મજા તો એ હતી કે રાત-દિવસના એકધારા ચિંતનને કારણે, હવે ધીમે ધીમે કરીને રાજ્યની આખી રૂપરેખા જ મારી આંખોમાં ઊતરી આવી હતી. એટલું જ નહીં, હવે તો રાજ્યના નાના-મોટા દરેક પાસાં બાબતે હું સંપૂર્ણ રીતે સ્પષ્ટ હતો. આમ પણ વૃંદાવન જેવા નાના-મોટા ગામ વસાવવાનો અનુભવ તો મને બાળપણમાં જ થઈ ગયો હતો. ઉપરથી ગોમંતની ટેકરી ઉપર પણ જીવન વસાવી જ ચૂક્યો હતો. આવામાં મારા રાજ્યનાં નિર્માણ બાબતે વિચારવું તે મારે માટે ક્યાં મોટી વાત હતી?

ખેર! ભાઈ અને ઉદ્ધવને ગયે હવે લગભગ વીસ દિવસ વીતી ગયા હતા, છતાં પણ હું તો હજી અહીં યમુનાકિનારે જ અડીંગો જમાવીને બેઠો હતો. રાતદિવસ રાજ્યની બાબતમાં વિચારવું અને તેની રૂપરેખા બનાવતા રહેવું કેટલો સંતોષ આપી રહ્યું હતું કે શું કહું? અને રહેવાના આનંદનું તો કહેવું જ શું? સ્નાન તો બંને સમયે યમુનામાં જ કરી રહ્યો હતો. ઘણીવાર પરિવર્તન માટે યમુનાકિનારે દૂર દૂર સુધી રથ દોડાવ્યા કરતો હતો. ત્યાં વચ્ચે વચ્ચે એકાદ વાર નાનાજી અને કુબ્જાને પણ મળી આવતો હતો. ...અન્યથા ધ્યાન પૂરેપૂરું રાજ્ય પર જ લગાવીને બેઠો હતો. આ તરફ સતત વિચારવાથી રાજ્ય બાબતે બીજી અનેક વાતો પણ સ્પષ્ટ થઈ રહી હતી. સહુથી મોટી વાત તો આ સમજાઈ રહી હતી કે જો સુખ-સમૃદ્ધિઓથી સંપન્ન રાજ્ય બનાવવું છે, તો રાજ્ય નાનું બનાવવું પડશે. હકીકતમાં રાજ્ય નહીં એક રાજધાની બનાવવી પડશે, અર્થાત્ કે એક શહેરનું રાજ્ય. આમ પણ અમારી પાસે એટલું ધન તો બિલકુલ નહોતું કે એક વિશાળ રાજ્ય પણ બનાવી શકીએ અને તેની ભવ્યતા અને સુરક્ષાનું પણ ધ્યાન રાખી શકીએ. મને એ સમજણ હતી કે યોજના પોતાની મર્યાદાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી હોય તો જ સફળ બની શકે છે. આથી શરૂઆતમાં વધુમાં વધુ વીસ હજાર કે બહુ થયું તો ત્રીસ હજાર લોકોની રહેવાની વ્યવસ્થા કરવાનું જ યોગ્ય લાગી રહ્યું હતું. આમ સરવાળે બસ, એવા જ રાજ્યનાં ચિંતનમાં અને નિષ્કર્ષમાં દિવસ વીતી રહ્યા હતા અને ધીમે ધીમે હવે રાજ્ય બાબતે એવી કોઈ વાત રહી નહોતી જે બાબતે હું સંપૂર્ણ રીતે સ્પષ્ટ નહોતો. રાજ્યની સંરચના સુદ્ધાં મારા મનમાં બિલકુલ સ્પષ્ટ થઈ ગઈ હતી. અર્થાત્ હવે રાજ્ય બાબતે વિચારવા-સમજવા જેવું કંઈ બાકી રહી ગયું નહોતું.

...હવે જ્યારે રાજ્ય બાબતે કંઇ વિચારવાનું બાકી જ નહોતું રહી ગયું તો અહીં પડ્યો રહીને પણ શું કરત? આથી, પાછો પિતાજીને ત્યાં પાછો ફર્યો. અને એક વાર જ્યારે મથુરા શહેરમાં આવી ગયો તો મથુરા ઉપર નજર પણ ફેરવી લીધી. અહીં ચારે તરફ શાંતિ હતી. આમ પણ અહીં કંઇ નવાજુની થવાની કોઈ શક્યતા પણ ક્યાં હતી? એટલે સરવાળે અહીં કરવા જેવું કંઈ નહોતું. સત્રાજિતના બદલાયેલા વ્યવહારે સન્માનનીય યાદવોને પણ મારા પ્રત્યેનો તેમનો વ્યવહાર બદલવા માટે વિવશ કરી દીધા હતા. અર્થાત્ તેમના તરફથી પણ એવું કંઇ નહોતું થઈ રહ્યું કે હું કામે લાગી જાઉં. જોકે આ બધું પરિવર્તન અસ્થાયી હતું. લઈદઈને સત્રાજિત એક આફતરૂપ જ હતો, પણ હાલ પૂરતું તો આ બધાએ

મળીને મને સંપૂર્ણ રીતે કર્મહીન જ બનાવી દીધો હતો. ...જોકે એ પણ નહોતું કહી શકાતું કે હું સંપૂર્ણ રીતે કર્મહીન થઈ ગયો હતો, કારણ કે હવે મથુરા સત્રાજિતનો કાયમી નિવાસ થઈ ગયો હતો. આમ પણ જ્યાં સુધી મણિ મારી પાસે છે, તેનો મથુરા છોડીને જવાનો સવાલ જ ઊઠતો નહોતો. સ્વાભાવિક રીતે તે બિચારાનો જીવ મણિમાં બરાબરનો ફસાઈ ગયો હતો. આમ સરવાળે મારા પર નજર જમાવી રાખવી તેની મજબૂરી હતી અને તેની ચાલ-ચલગત પર નજર જમાવી રાખવી મારે માટે જરૂરી હતું. આ રીતે તો કહી શકાય કે બંનેએ એક બીજાને કામે લગાડી રાખ્યા હતા. આ તરફ બાકી બધું તો ઠીક, પણ સત્રાજિતનો મારા પ્રત્યે બદલાયેલો વ્યવહાર અને અમારા બંનેની વધતી નિકટતા જોઈને સત્યભામા બહુ ખુશ હતી. હવે એ બિચારી પ્રેમઘેલી શું જાણે કે આ નિકટતા માત્ર ઉપરછલ્લી છે, હકીકતમાં તો બંને એક બીજા પર ખાર ખાધેલા જ છે. આ તો ઠીક, પણ બીજી એક મજાની વાત બતાવું તો સત્રાજિતનો 'જીવ' અર્થાત્ તેનો સ્યમંતક મણિ શું ખોવાઈ ગયો કે તેનું સમગ્ર વ્યક્તિત્વ જ બદલાઈ ગયું હતું. રાતોરાત તે એક વિનમ્ર અને સજ્જન પુરુષ થઈ ગયો હતો. તેનો સીધો અર્થ તો આ થયો કે અત્યાધિક ધન અહંકારનું સહુથી મોટું પોષક હોય છે. ...હવે આ બધી અહીં-તહીંની વાતો એટલા માટે કરી રહ્યો છું કે રાજ્યની બાબતે જેટલું વિચારવાનું હતું, વિચારી ચૂક્યો હતો. સપનાં પણ જેટલાં જોવાનાં હતા, તેનાથી ઘણાં વધારે જોઈ ચૂક્યો હતો. લઈદઈને હાલત એવી હતી કે સત્રાજિત પરથી ધ્યાન હટાવું, તો મારું થાકી ગયેલું અસ્તિત્વ ભાઈ અને ઉદ્ધવની રાહ જોવામાં અટવાઈ જતું હતું. અર્થાત્ દિવસે સત્રાજિત જાગરણ કરાવી રહ્યો હતો અને રાતે રાહ જોવાને કારણે ઊંઘ હરામ થઈ ગઈ હતી. આ બધાનું અંતિમ પરિણામ એ આવ્યું કે મથુરામાં રહીને પણ મથુરાનો નહોતો રહી ગયો. નાનાજી અને કુબ્જાને મળીને પણ કેટલું મળવાનો હતો, મન ત્યાં પણ કંઈ પૂરી રીતે તો લાગી રહ્યું નહોતું. દિલ માત્ર રાજ્યની વાત કરવા ઈચ્છતું હતું અને તે કોઈની સાથે કરી શકાતી નહોતી. અને જેની સાથે થઈ શકતી હતી, તેની રાહ જોવામાં દિવસો વીતાવવા પડી રહ્યા હતા.

હશે, રાહતની વાત એ છે કે ભાઈ અને ઉદ્ધવ મારી ધારણા કરતાં ઘણાં વહેલા પાછા આવી ગયા હતા. બંને પોતાના સર્વેક્ષણથી ઘણા ઉત્સાહિત દેખાઈ રહ્યા હતા. વળી મારા કાનની હાલત તો એ હતી કે તેઓ બીજું કંઈ સાંભળવા માંગતા જ નહોતા. પણ કેમકે આ વાત ઘર કે બજારમાં થઈ શકે તેમ નહોતી, આથી તેમના આવતાં જ, મેં રથને દૂર યમુનાકિનારા તરફ હંકારી દીધો હતો. આ તરફ શહેરથી દૂર નીકળતા જ મારી ઉત્સુકતા જોઈને તેમણે પણ કોઈ જાતની પ્રસ્તાવના વિના, સીધી જ વાત માંડી દીધી. વાતની શરૂઆત કરતાં ઉદ્ધવે કહ્યું- કુશસ્થળીની પશ્ચિમ બાજુ એ સોળ જોજન લાંબો અને આઠ જોજન પહોળો એક ભૂખંડ અમે જોયો છે, જે ચારે તરફ જંગલોથી લદાયેલો પડ્યો છે. તે કુદરતી રીતે જ, સંપૂર્ણપણે સુરક્ષિત છે. તે ન માત્ર સમુદ્રકિનારે વસેલો છે, પરંતુ સમુદ્રથી ઘેરાયેલો પણ છે [2] .

...મને તો વર્ણન માત્રથી ભૂખંડ દરેક દૃષ્ટિકોણથી શ્રેષ્ઠ લાગી રહ્યો હતો. છતાં પણ ભાઈ અને ઉદ્ધવનું માનવું હતું કે કોઈ અંતિમ નિર્ણય લેતા પહેલા, હું પોતે જઈને તે ભૂખંડ જોઈ લઉં. પરંતુ હું તેમના વર્ણનથી સંપૂર્ણ રીતે સંતુષ્ટ હતો. નાહક ભૂખંડ જોવા જવામાં સમય શા માટે બગાડવો? હકીકતમાં, હું બહુ ઉતાવળો થઈ ગયો હતો. હવે ભલા આટલા વર્ષોની ભાગદોડ અને મહેનત પછી મળી રહેલું શ્રેષ્ઠ જીવન, પોતાનું રાજ્ય અને રુક્મિણી સાથે વિવાહ, ...ભલા આ બધા હેતુ માટે કોણ ઉતાવળું ન થાય? બસ, મેં આ વિચાર સાથે જ રથ યમુનાકિનારાવાળા ઘરે લાવીને ઊભો કરી દીધો. કારણ કે આખી રાત પણ વાતો તો રાજ્યની જ કરવાની હતી અને તે માત્ર અહીં જ થઈ શકતી હતી. મને આ ભૂખંડની સહુથી મોટી વિશેષતા એ લાગી રહી હતી કે તે વધારે મોટો નહોતો, પરિણામ સ્વરૂપે તેને ભવ્યતા આપવી સહેલી હતી. ઉપરથી ભૂખંડ સુરક્ષિત પણ હતો અને સમુદ્રકિનારે પણ. આનાથી વધારે મારે બીજું શું જોઈતું હતું? સાચું કહું તો ભૂખંડ દરેક રીતે મારી ધારણા કરતાં અનેકગણો શ્રેષ્ઠ લાગી રહ્યો હતો. અને જ્યારે વાત સાંભળવામાત્રથી સમાપ્ત થઈ ગઈ તો જોવા જવાનો તો અર્થ જ

રહેતો નહોતો. ...બસ, મેં તો રાજધાની ત્યાંજ વસાવવાનું નક્કી કરી લીધું.

...આ તરફ ચર્ચા શરૂ કરતાં જ સહુથી મોટો પ્રશ્ન જે સામે આવીને ઊભો હતો તે એ કે રાજધાની કોની પાસે બનાવવામાં આવે? ભાઈનો મત હતો કે આ કાર્ય મયના વંશજોને સોંપવામાં આવે, કારણ કે તેમને સમુદ્ર તટ પર નિર્માણ કાર્યનો સારો એવો અનુભવ છે. પણ હું ભાઈની વાત સાથે સહમત નહોતો. કારણ કે મય રાક્ષસો હતા અને અમે હજુ હમણા જ પુણ્યજન રાક્ષસ સાથે તાજું તાજું યુદ્ધ કરીને દુશ્મની વ્હોરી લીધી હતી. આ પરિસ્થિતિમાં રાક્ષસોને કામ સોંપવાથી નગરીની ગુપ્તતા જોખમમાં આવી શકતી હતી અને ગુપ્તતા સુરક્ષાની પ્રથમ ચાવી હોય છે. બીજું, મયના વંશજ માયાવી અને ભભકાદાર નિર્માણમાં નિપુણ હતા, જ્યારે હું નગરીને ઉચ્ચ કોટિની શિલ્પકળાથી ભવ્યતા આપવા ઈચ્છતો હતો. ...આમ તો ત્રીજું એક કારણ હતું જેની ચર્ચા હું આ લોકો સાથે કરવા માંગતો નહોતો, પરંતુ તમને કહી દઉં છું. ...ભલા તમારાથી શું પડદો? વાસ્તવમાં જરાસંઘના રાક્ષસો સાથે સારા સંબંધો હતા. અને સાવધાનીની દ્રષ્ટિએ, આ વાત હંમેશાં ધ્યાનમાં રાખવી જરૂરી હતી કે જરાસંઘ અમારો કાયમી શત્રુ છે. પરંતુ ભાઈ સામે જરાસંઘનું નામ લેવું એટલે તેમને અકારણ ભડકાવવા સમાન હતું. તેઓ ન માત્ર મને ડરપોક કહેત, પરંતુ રાજ્યનું નિર્માણ રાક્ષસોને સોંપીને એક વાર ફરી મારા દોડવા-ભાગવાની વ્યવસ્થા પણ કરી આપત. ...તોબા-તોબા! આ દ્રષ્ટિથી મેં ત્રીજા કારણની ચર્ચા જ ન કરી. મારે માટે તો 'શું જરાસંઘ-શું ભાઈ' બંને ભૂત જેવા હતા. એક પ્રતિશોધ લેવા માટે બહાદુરી બતાવતો હતો, બીજો બહાદુરી બતાવી બતાવીને પ્રતિશોધ લેતો રહેતો હતો.

ખેર! આ તો મજાકની વાત હતી, જ્યાં સુધી નિર્માણનો સવાલ છે, મારું માનવું હતું કે અમારે અમારી રાજધાનીનું વાસ્તુશિલ્પ 'વિશ્વકર્મા' પાસે કરાવવું જોઈએ. આમ પણ તેઓ આ સમયે આર્યાવર્તના શ્રેષ્ઠ વાસ્તુકાર છે. એના બે બીજા ફાયદા પણ હતા. એક તો એનાથી નિર્માણકાર્યની ગુપ્તતા પણ જળવાઈ રહેત અને બીજું આનાથી વાસ્તુશિલ્પમાં કલાત્મકતા પ્રગટવાનું પણ નક્કી હતું. અને પછી તો વિશાળ સડકો, ભવ્ય બગીચા અને સમુદ્રકિનારો મળીને તેને આર્યાવર્તની શ્રેષ્ઠ રાજધાની સાબિત કરી જ દેશે. આમ સરવાળે મારી વાત માની લેવામાં આવી. નિર્માણકાર્ય વિશ્વકર્માજીને સોંપવાનું નક્કી થયું. સાથે જ એ પણ નક્કી થયું કે અમે જ વિશ્વકર્માજીને મળવા અને તેમની સાથે ચર્ચા કરવા જઈશું, કારણ કે તેઓ અથવા તેમનો કોઈ સહાયક અમને મળવા મથુરા આવ્યો તો તેનાથી રાજધાનીની ગુપ્તતા જોખમમાં પડવાની શક્યતા હતી. વળી ત્રણેયનું એકસાથે ત્યાં જવાનું પણ યોગ્ય નહોતું. આમ પણ ધનનો હિસાબ મારી પાસે હતો અને રાજધાનીનો નકશો પણ મારા જ મનમાં હતો. અર્થાત્ મારા સિવાય બીજા કોઈએ ત્યાં જવાની કોઈ જરૂરિયાત નહોતી. હવે બધું નક્કી થઈ ગયું હતું, ચર્ચા કરવા માટે કંઈ બચ્યું નહોતું. તેમ છતાં મજા એ કે કોઈને પણ સૂવાનું મન થઈ રહ્યું નહોતું. મારું તો ઠીક, પણ આ બંનેને માથે તો લાંબી યાત્રાનો થાક હતો, છતાં પણ જાગી રહ્યા હતા. આમ સરવાળે ઊંઘ બધાને મોડી રાતે જ આવી.

આ તરફ સવાર થતાં જ અમે મથુરા પાછા ફર્યા. અને પાછા આવતા જ સીધા જવાની તૈયારીઓમાં લાગી ગયા. તૈયારીઓનું શું હતું, તે તો બે દિવસમાં જ પૂરી થઈ ગઈ. આગળના બે દિવસ મારા જવાની તૈયારીઓ ચાલતી રહી. તૈયારીઓમાં મુખ્ય તો બાકી રહી ગયેલી બધી ચર્ચાઓ કરવાનું જ હતું. બસ, ત્રીજા દિવસે સવારમાં ભાઈ અને ઉદ્ધવને ભેટી, તેમની શુભકામનાઓ સાથે એકલો રથ હંકારતો વિશ્વકર્માજીને મળવા નીકળી પડ્યો. તેમની નગરી કુશસ્થળીના રસ્તામાં જ પડતી હતી. એટલે રસ્તો પણ થોડોઘણો જાણીતો હતો અને ઉપરથી રુક્મિણી અને રાજ્યનાં સપનાંઓનો સુંદર સાથ પણ મારી સાથે હતો; આવામાં યાત્રાના આનંદનું તો કહેવું જ શું? ખરેખર આજ જેવો ઉત્સાહ મેં પહેલા ક્યારેય મારી ભીતર અનુભવ્યો નહોતો. ખરેખર આ રાજધાની માત્ર મારા સપનાંની નગરી ન હતી, પરંતુ તેમાં મારા સપનાંની રાણી રુક્મિણીના વસવાટની શક્યતા પણ હતી. ચોક્કસપણે આ

રાજધાનીની સ્થાપનાથી મુજ ગોવાળના જીવનમાં પ્રેમ, વૈભવ અને સન્માનના એક નવા અધ્યાયની શરૂઆત થવાની હતી. ...આખા રસ્તે રાજધાનીનાં સપનાંમાં એવો ખોવાયેલો હતો કે ક્યારે વિશ્ર્વકર્માજીની પાસે પહોંચી ગયો, કંઈ ખબર જ ન પડી. અને તેમની આ નગરી નાની ભલે, પણ જોવાથી જ કોઈ ઉચ્ચ કોટિના શિલ્પકારની લાગતી હતી. રસ્તાઓની બંને બાજુ ઉગાડેલાં ઘટાદાર વૃક્ષોએ રસ્તાઓને છાંયડાથી ઢાંક્યા હતા. ચાર રસ્તા મળે તે ચોક પણ ઘણા વ્યવસ્થિત દેખાઈ રહ્યા હતા. વસ્તી માંડ ત્રણ-ચાર હજાર લોકોની હતી અને કદાચ વ્યવસાયે મોટા ભાગના લોકો શિલ્પકારીના કારીગર જ હતા. હશે, હાલ તો હું નગરપ્રવેશની સાથે જ કેટલાક લોકોની મદદથી સીધો વિશ્ર્વકર્માજીના ભવને જઈ પહોંચ્યો. તરત જ તેમની સાથે મુલાકાત પણ થઈ ગઈ. ઉતાવળ તો એટલી હતી કે કોઈપણ પ્રસ્તાવના વિના વિશ્ર્વકર્માજીને મારો પરિચય આપીને આવવાનો ઉદ્દેશ જણાવી દીધો. તેમણે પણ મારું ખરા હૃદયથી સ્વાગત કર્યું. તક જોઈને મેં પણ સમય ગુમાવ્યા વિના રાજધાનીની બાબતે વિસ્તારથી ચર્ચા શરૂ કરી દીધી. મેં કહ્યું- હકીકતમાં અમે માત્ર ધરતીની પસંદગી કરી છે. અમારે સંપૂર્ણ નવી નગરી બનાવવી છે. ત્યાં લગભગ પચીસથી ત્રીસ હજાર લોકોનો નિવાસ અપેક્ષિત છે. હું માત્ર એટલું ઈચ્છું છું કે રાજધાની આધુનિક સુવિધાઓથી ભરપૂર હોય, તથા તેનાં નિર્માણ વખતે સુંદરતા અને સુરક્ષાનું પણ પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવે.

...મને એવું લાગ્યું કે અન્ય પરિસ્થિતિ હોત તો કદાચ તેઓ મારી વાત ઠુકરાવી દેત. બની શકત કે કાર્ય જ ન સ્વીકારત, પરંતુ કદાચ સંપૂર્ણ નવી રાજધાનીનું નિર્માણ કરવાની વાતે તેમને આકર્ષિત કર્યા હતા. સાથે જ મારા ઉત્સાહે પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હશે. જોકે આ બધો મારો જ અંદાજો હતો, તેમણે તો હજુ સુધી આ બાબતે કોઈ વિશેષ પ્રતિભાવ દીધા નહોતા. હા, મને મારી વાત પૂરી કરવાનો સંકેત અવશ્ય કર્યો હતો. મારે માટે આ પણ કોઈ શુભસંકેતથી ઓછું નહોતું. આથી મેં પણ આ વખતે વાત પાક્કી કરવાના ઉદ્દેશથી જ વાત આગળ વધારતા કહ્યુ- તમે ઈચ્છો તો પહેલાં ભૂમિનું સર્વેક્ષણ કરી લો, કારણ કે હું જલ્દીમાં જલ્દી નિર્માણકાર્ય શરૂ કરાવવા ઈચ્છું છું. વધુમાં વધુ એક કે દોઢ વર્ષમાં મારી ત્યાં સ્થાપિત થવાની ઈચ્છા છે.

કદાચ વિશ્ર્વકર્માજીને મારો ઉત્સાહ અને ઉતાવળ બંને પસંદ આવી ગયાં હતા. આથી પળવાર વિચાર્યા બાદ જ તેઓ બોલ્યા- હું નિર્માણ કરવા માટે તૈયાર છું. જો બધું જ સમુંસૂતરું ચાલ્યું તો આટલી નાની જગાનું નિર્માણ એક વર્ષમાં કરી શકાય તેમ છે. મારી પાસે અનુભવી સહાયકોની કોઈ ખોટ નથી. ...હું તો આ સાંભળતા જ ઊછળી પડ્યો. તેમની 'હા' સાંભળવા માટે જ તો મારા કાન તરસી રહ્યા હતા. આ તરફ હજુ હું સ્વસ્થ થાઉં કે મારી ખુશી વ્યક્ત કરું, તે પહેલા જ તેમણે આ સંદર્ભે વાતચીતનો દોર પણ શરૂ કરી દીધો. તેઓ બોલ્યા- હું મારી વાત કહું તે પહેલાં સારું એ રહેશે કે તમે રાજધાની બાબતે જે કંઈ વિચારી રાખ્યું હોય તે મને વિસ્તારથી જણાવો.

હું તો જણાવવા તૈયાર જ બેઠો હતો. તરત બોલી ઊઠ્યો- આમ તો રાજધાનીની આખી રૂપરેખા મારા મનમાં છે. તમે રજા આપો તો હું વિસ્તારથી બતાવું. ...ચોક્કસપણે રજા તો ઔપચારિકતા માત્ર હતી, જે મળતાં જ મેં તેમને મારા સપનાંની નગરી બાબતે મારી કલ્પના વિસ્તારથી સંભળાવતા કહ્યું- સહુથી પહેલા તો હું ઈચ્છું છું કે તમે વધુમાં વધુ ધ્યાન તેની સુરક્ષા પર આપો. એ માટે મારું માનવું એવું છે કે રાજધાનીમાં ઘૂસવાનું એક જ મુખ્ય પ્રવેશદ્વાર હોય અને તે ઘણું મજબૂત અને અજેય હોય. સાથે જ હું એ પણ ઈચ્છું છું કે રાજધાનીમાં પ્રવેશ માત્ર સમુદ્રમાર્ગથી જ થાય, જેથી એના પર આક્રમણ કરવાનું આર્યાવર્તના કોઈપણ રાજા માટે અશક્ય બની જાય.

...જોકે મેં વાત સંપૂર્ણ ગંભીરતા સાથે કહી હતી, તેમ છતાં પણ કોણ જાણે કેમ વિશ્ર્વકર્માજીને મજાક સૂઝી. અને એક સારો એવો કટાક્ષ કરતાં બોલ્યા- ખાસ કરીને 'જરાસંધ' ત્યાં સુધી ન પહોંચી શકવો જોઈએ, બરાબર ને!

હું તો આ સાંભળતા જ શરમથી પાણીપાણી થઈ ગયો. વાહ રે મામા કંસ, મર્યા પછી પણ પોતાનાથીયે ભયાનક બલા મારી પાછળ લગાવી ગયા. બલા પણ એવી કે ત્રણ ત્રણ વાર મ્હાત આપ્યા પછી પણ એ આજે?ય મારા પર ભારે પડી રહી છે. આજે પણ મારે જ એનાથી ભાગવું પડી રહ્યું છે. ઉપરથી જ્યારે જુઓ ત્યારે મારી ઈજ્જતની ધૂળધાણી કરવાનું બહાનું બની જાય છે, એ અલગ. હશે, હાલ તો આ વાત કોઈ બીજી મજાકનું સ્વરૂપ ધારણ કરી લે, એ પહેલા હું પાછો વાત પર આવી ગયો. મેં હવે વધારે ગંભીરતાથી કહ્યું કે મારી ઈચ્છા છે કે રાજભવન નગરીની મધ્યમાં હોય તથા વિશાળ પણ હોય. એટલું જ નહીં, તે તમામ આધુનિક સુખ-સુવિધાઓથી પરિપૂર્ણ હોય, જેમ કે તેમાં વિશાળ પ્રાંગણ, મોટા સ્નાનકુંડ અને લગભગ દસ અતિથિકક્ષ હોય. સાથે જ રાજભવનને અડીને જ રાજકર્મચારીઓ સહિત પાંચસો વ્યક્તિઓની રોકાવાની વ્યવસ્થા હોય. હા, તેમના કક્ષ પણ સુખ-સુવિધાઓમાં ઓછા ન હોય. તદ્ઉપરાંત આખી રાજધાનીમાં હું સન્માનનીય લોકો માટે પણ લગભગ વીસ આધુનિક મકાન બનાવવા માંગુ છું જે સ્વાભાવિક રીતે રાજમહેલ જેવી સુખ-સુવિધાથી પરિપૂર્ણ હોય. સાથે જ સામાન્ય પ્રજા માટે લગભગ બે હજાર નાના મકાન પણ બનાવવાના છે, જેથી તેમણે કાચાં-પાકાં મકાનોમાં ન રહેવું પડે. બીજું બધું તો ઠીક, પણ કેમકે અમે સંપૂર્ણ નવી રાજધાની બનાવી રહ્યા છીએ, આથી હું ઈચ્છું છું કે તેના તમામ માર્ગ અત્યારથી જ પહોળા બનાવવામાં આવે. આ માર્ગોની ચારે તરફ ફેલાયેલા નાના નાના બગીચા પણ અત્યારથી જ બનાવી લેવામાં આવે. વળી ત્યાં કોઈ એક જગ્યાએ એવું વિશાળ પ્રાંગણ પણ બનાવી લેવામાં આવે કે જ્યાં અમે લોકો દરેક પ્રકારના ઉત્સવ મનાવી શકીએ. તદુપરાંત હું ઈચ્છું છું કે પ્રવેશદ્વારને અડીને જ એક વિશાળ બજાર હોય, જેમાં લગભગ પચાસ જેટલી દુકાનો હોય. દસેક મોટી અને બાકીની નાની. સાથે જ બજારને અડીને પાંચેક વિશાળ કક્ષ બનાવવામાં આવે, જેમાં દુકાનદાર પોતાનો સામાન રાખી શકે.

આ તરફ ઉત્સાહનો માર્યો હું તો આટલું બધું એક શ્વાસમાં કહીને ચૂપ થઈ ગયો. હવે પ્રતિક્રિયા આપવાનો સમય વિશ્વકર્માજીનો હતો. સિત્તેરની આસપાસની ઉંમરના લાંબા અને પાતળા વિશ્વકર્માજી પોતાની સફેદ દાઢી હોવા છતાં બહુ પ્રભાવશાળી લાગી રહ્યા હતા. અને તેમની આંખોનો પ્રભાવ તો એવો કે અત્યારે તેમની જોવામાત્રની અદાથી મારી નજરોએ અહીંતહીં આસપાસ જોવાનું શરૂ કરી દીધું હતું. અમે તેમના ભવન સાથે અડીને આવેલા એક બગીચામાં બેઠા હતા, જેની મધ્યે એક વિશાળ જલકુંડ વિશેષરૂપે મારા આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આશ્ચર્ય તો એ હતું કે વિશ્વકર્માજીએ વાતની શરૂઆત જ મારી પીઠ થાબડતા કરી. હકીકતમાં તેઓ રાજધાની બાબતે મારું આટલું વિસ્તૃત વર્ણન સાંભળીને આશ્ચર્યમિશ્રિત ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા. ત્યાં સુધી કે વાતની શરૂઆતમાં જ તેમણે મારી પ્રશંસા કરીને કહ્યું કે તમે તમારી જરૂરિયાતથી સંપૂર્ણ રીતે વાકેફ છો અને તમારું વર્ણન એટલું સચોટ છે કે ભૂખંડનું સર્વેક્ષણ કર્યા વિના પણ રાજધાનીનો આખો નકશો મારી આંખોની સામે આવી ગયો છે. જોકે તેમ છતાં તમને આશ્વાસન થાય તે માટે હું જલ્દીથી મારા સહાયકોની સાથે ત્યાં જઈને ભૂખંડનું સર્વેક્ષણ કરી લઈશ. તે પછીની ચર્ચા ત્યાર બાદ એટલે કે લગભગ એક મહિના પછી કરી લેવામાં આવશે. સહુથી મોટી વાત તો એ કે તેમણે મને ખાત્રી આપી કે તે વર્તમાન આર્યાવર્તની સર્વશ્રેષ્ઠ રાજધાની હશે. ...સ્વાભાવિક રીતે આ સાંભળીને હું ફૂલીને ફાળકો થઈ ગયો. હું તો આજ ચાહતો હતો. એક ગોવાળની રાજધાની મોટા-મોટા રાજાઓ ઉપર પણ ભારે પડે, જેથી આ ગોવાળનું ગોવાળપણું હંમેશાં માટે ભૂલાઈ જાય. બસ, આજ ઉત્સાહના વાતાવરણમાં અમારી વાતચીત પૂરી થઈ. અને પછી એક રાતની મહેમાનગતિ માણીને બીજા દિવસે સવારે જ હરખાતો હરખાતો હું પાછો મથુરા જવા માટે રવાના થયો. વિશ્વકર્માજી સાથે થયેલી ચર્ચાઓથી ન માત્ર હું સંપૂર્ણ રીતે સંતુષ્ટ થયો, પરંતુ રાજધાની બનતા પહેલા જ રાજધાનીમાં રહેવા પણ ચાલ્યો ગયો.

આ તરફ મથુરા પાછા ફરતા જ મેં ભાઈ અને ઉદ્ધવને વિશ્વકર્માજી સાથે થયેલી ચર્ચાનો

સાર બતાવ્યો. સાથે જ તેમને એ સૂચના પણ આપી કે વિશ્ર્વકર્માજી પોતાના માણસો સાથે ત્યાં પહોંચે ત્યાં સુધીમાં તમે લોકો પણ તેમની મદદ માટે ત્યાં પહોંચી જાવ. નહીંતર એવું થશે કે કોઈ વાત સમજમાં ન આવે અને નિર્માણ-કાર્યમાં મહિના બે મહિનાનો વિલંબ થઈ જાય. હવે તો દિવસ છોડો, એક પળનો પણ વિલંબ સહેવાતો નહોતો. હાલત તો એવી હતી કે અમે મથુરામાં રહીને પણ મથુરાના નહોતા રહ્યા. અને મારી વાત કરું તો નિર્માણાધીન રાજધાનીના સિંહાસન પર મને તો દિવસ-રાત રુક્મિણી મારી બાજુમાં બેઠેલી નજરે આવતી હતી. આમ સરવાળે અમે બધા જ ઉત્સાહના માર્યા ઘેલા થઈ ગયા હતા. ત્રણેયને દિવસ-રાત રાજધાની બાબતે વાત કરવાનું એટલું મન થતું હતું કે અમે રહેવા પણ નદીકિનારાવાળા ઘરમાં જતા રહ્યા હતા. હવે ઘરમાં તો રાજધાનીનું નામ સુદ્ધાં લઈ શકાતું નહોતું. જોકે ભલેને અમારી ચર્ચાઓમાં કોઈ દમ હોય કે ન હોય, પણ તે રાજધાનીની આસપાસ જ થતી હતી. સાચું કહું તો અમને બીજા કોઈ વિષય પર ચર્ચા કરવાનું મન જ થતું નહોતું. મન થાય તો પણ શું કામ..? જ્યારે આટલું મોટું સપનું સાકાર થવા જઈ રહ્યું હોય તો વાત પણ તેની જ શું કામ ન કરીએ? આ બધું કરતાં કરતાં દસ દિવસ વીતી ગયા અને તેની સાથે જ ભાઈ અને ઉદ્ધવના જવાનો સમય પણ આવી ગયો. તેઓ ચાલ્યા ગયા અને હું ફરી એક વાર એકલો પડી ગયો. ...જોકે રાજધાનીનાં સપનાંમાં એવો ખોવાયો હતો કે એકલો હોવા છતા પણ 'એકલો' નહોતો. અને હવે જ્યારે ચર્ચા કરવા કોઈ હતું જ નહીં, તો ચૂપચાપ ઘરે પાછો આવી ગયો. હાલત એવી હતી કે એક એક પળ પસાર કરવાનું મુશ્કેલ થઈ ગયું હતું. બસ, વિશ્ર્વકર્માજીનું ભૂમિ સર્વેક્ષણ પતવાની રાહ જોવામાં દિવસો પસાર કરવા લાગ્યો.

કહે છે ને કે મનુષ્યનું મન જ્યારે નવરું પડે છે ત્યારે તેને નાહકની ચિંતાઓ ઘેરી જ લે છે. તે જ રીતે અચાનક મને એક ચિંતાએ ઘેરી લીધો. રાજધાની બનાવવામાં કેટલું ધન લાગશે...? ...ક્યાંક ધન ઓછું તો નહીં પડે ને? અને જોતજોતામાં આ સવાલ મારા આખા અસ્તિત્વ પર છવાઈ ગયો. આમ તો ચંડક પાસેથી ભેટમાં મળેલો ખજાનો, ગોમંત પાસેથી મળેલા અઢળક હીરા-ઝવેરાત, રાણી પદ્માવતી પાસેથી ભેટમાં મળેલા આભૂષણ મારી પાસે હતા જ, અને ઉપરથી હવે તો સ્યમંતક મણિ પણ હતો. ધન તો ઘણું હતું, તેમ છતાં ચિંતા સંપૂર્ણ રીતે અસ્થાને તો નહોતી. સવાલ તો વાજબી જ હતો કે શું આ બધું હોવા છતાં, ઉપલબ્ધ ધન આટલી સુંદર રાજધાનીનાં નિર્માણ માટે પર્યાપ્ત હશે? મને તો એનો અંદાજો હોવાનો સવાલ જ ઊઠતો નહોતો. હવે આ કોઈ દૂધ-છાશનો હિસાબ તો નહોતો. એટલે લઈ દઈને હાલના દિવસોમાં આ ચિંતા મારો સમય પસાર કરવા માટેનું સારું એવું બહાનું બની ગઈ હતી. ક્યાંક આ ધન ઓછું પડ્યું તો શું રાજધાની નહીં બને? ...ના, આવું તો બની જ ન શકે. ન કેમ બને? થોડી નાની બનશે, ઓછી સુવિધાયુક્ત બનશે, પણ રાજધાની તો જરૂર બનશે. અહીં સાંત્વના આપતો, ત્યાં બીજી ચિંતા ઘેરી લેતી. ક્યાંક એવું ન થાય કે નાની રાજધાની બનાવવા જેટલું ધન પણ ન નીકળે. ...ત્યારે શું કરશો, કનૈયા? પછી પોતાને ધરપત આપતો, ના... ના, આટલું ધન તો અમારી પાસે છે જ. ...તેમ છતાં માની લો કે ધનની વધારે ઘટ પડી તો આવશે ક્યાંથી...? ક્યાંકથી નવા ધનની પ્રાપ્તિનો કોઈ બંદોબસ્ત તો છે નહીં તારી પાસે. તારી પાસે વ્યવસાય તો છે નહીં કે મહેનત કરીને ધન ભેગું કરી લઈશ. આવામાં શું ચોરી કરશે...? કેવી વાત કરે છે, હું કોઈ ચોર છું? ...તો શું મણિ નથી ચોર્યો? અરે, મણિ તો મારે પરિસ્થિતિવશ સહુના ભલા માટે ચોરવો પડ્યો હતો. મથુરાવાસીઓને તેમનો હક અપાવવા માટે ચોરવો પડ્યો હતો. રાજધાની ન બને...તો ન બને. ન તો હું કોઈ પાસે સહાયતા માંગી શકું છું, ન તો અકારણ ચોરી કરી શકું છું. ...વાત અહીં સુધી પહોંચી જાય પછી પોતાને સાંત્વના આપતો. કહ્યું ને... આ નોબત નહીં આવે, ધન પર્યાપ્ત છે; તારું રાજ્ય પણ બનશે ને રુક્મિણી પણ ત્યાં અવશ્ય આવશે. ...અને વળી જ્યાં કુદરતે આટલું ધન આપ્યું છે, શું જરૂર પડ્યે થોડું વધારે નહીં અપાવી શકે? બસ, આ સાંત્વના મળતા જ હું ફરી પ્રસન્ન થઈ જતો. વાહ, પોતાની સાથે જ કેવી રમત રમી રહ્યો હતો? પોતે જ ચિંતાથી ઘેરાઈને દુ:ખી થઈ જતો, પછી પોતે જ પોતાને સાંત્વના આપીને પ્રસન્ન પણ કરી દેતો.

પૂરા એક મહિના સુધી આ રમત ચાલતી રહી અને છેક ત્યારે જઈને ભાઈ અને ઉદ્ધવ સર્વેક્ષણ કરાવીને પાછા ફર્યા. તેની સાથે જ ન મારું રાહ જોવાનું પૂરું થયું, પરંતુ થોડા વહાલથી કહું તો સારો એવો ચાલી રહેલો એક ખેલ પણ બંધ થઈ ગયો.

ખેર! આ તરફ બંને વિશ્ર્વકર્માજીના સર્વેક્ષણથી ન માત્ર સંતુષ્ટ હતા, પરંતુ અતિ ઉત્સાહમાં પણ આવી ગયા હતા. એટલું જ નહીં, ભાઈ અને ઉદ્ધવ વિશ્ર્વકર્માજીના પ્રભાવમાં એટલા આવી ગયા હતા કે હવે બસ, રાત-દિવસ તેમની જ પ્રશંસા કર્યા કરતાં હતા. આમ સરવાળે વિશ્ર્વકર્માજી પાસે રાજધાની બનાવવાનો મારો નિર્ણય યોગ્ય સાબિત થયો હતો. હવે જ્યારે બધા ઉત્સાહિત હતા તો હું શા માટે પાછો પડું? બંનેની વાતોએ મારામાં એટલું જોશ ભરી દીધું કે બે દિવસ પછી હું ઢગલાબંધ ખજાના સાથે વિશ્ર્વકર્માજીને મળવા નીકળી પડ્યો. આ તરફ વિશ્ર્વકર્માજી પણ આતુરતાપૂર્વક મારી જ રાહ જોઈ રહ્યા હતા. એટલે કે આગ બંને છેડે બરાબરની લાગી હતી. તેમણે મને સર્વપ્રથમ સર્વેક્ષણ બાબતે સંપૂર્ણ જાણકારી આપતા ખૂબ ઉત્સાહથી કહ્યું- કૃષ્ણ! તમે જેવી રાજધાની બનાવવા માંગો છો, વિશ્ર્વાસ કરો, તેના માટે આનાથી સારી બીજી કોઈ ભૂમિ હોઈ જ ન શકે. આ ભૂમિ સુરક્ષા અને સુંદરતા, બંને દ્રષ્ટિએ અદ્ભુત છે. આટલું કહીને એક પળ માટે તો તેઓ ચૂપ થઈ ગયા. ...પછી અચાનક ઉત્સાહિત થઈને બોલ્યા- નગર સ્થાપિત કરતાં પહેલા અમે લોકોએ વિચાર્યું હતું કે જંગલો કાપીને નવી રીતે વસાવીશું, પરંતુ પછી જગ્યા જોયા બાદ અમે વિચાર બદલી કાઢ્યો. તેનું સહુથી મોટું કારણ તો ત્યાંની ચારે તરફ ફેલાયેલી કુદરતી હરિયાળી છે. અને તદુપરાંત અમે લોકો આસપાસ વસેલા રાક્ષસોને એ આભાસ આપવા નથી ઈચ્છતા કે અહીં કોઈ નગરી વસાવાઈ રહી છે કે કોઈ મોટું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. ...અન્યથા તેઓ રાજધાની વસતા પહેલા જ તેને ઉજાડી શકે છે. અર્થાત્ ભૂમિની હરિયાળી પણ યથાવત્ રાખવામાં આવશે, અને આ હરિયાળીની આડમાં નિર્માણકાર્યની ગુપ્તતા પણ જળવાઈ રહેશે.

હું વિશ્ર્વકર્માજીથી આમ પણ પ્રભાવિત હતો. આજે તેમની દૂરદર્શિતા જોઈને આભો પણ થઈ ગયો હતો. આ સંદર્ભે મેં તેમને કહ્યું પણ ખરું કે તમે ખરેખર અપ્રતિમ દૂરદર્શિતાનો પરિચય આપ્યો છે. આને લીધે ગુપ્તતા ચોક્કસપણે જળવાશે. તેમ છતાં જો તમે ઈચ્છો તો સાવધાનીવશ રાક્ષસોના કોઈપણ અણધાર્યા આક્રમણથી બચવા માટે હું મારા કેટલાક વિશ્ર્વાસુ સૈનિક ત્યાં ગોઠવી દઈશ. ...આ તરફ મારી આ વાતે વિશ્ર્વકર્માજીને બહુ પ્રભાવિત કર્યા. આ વખતે તેમણે મને મારી દૂરદર્શિતા માટે શાબાશી આપી. ...અને ઉત્સાહથી તો એટલા સભર થઈ ગયા કે તરત પોતાની યોજના વિસ્તારથી સંભળાવતા બોલ્યા- અમે લોકો સમુદ્રકિનારે પડેલા વિશાળ પથ્થરોને અડીશું પણ નહીં, કારણ કે તેની પર સમુદ્રની લહેરો જોરથી અફળાય છે. અને તે દ્રશ્ય ખરેખર અદ્ભુત હોય છે. વળી, સુંદરતાની સાથેસાથે, એ શિખરોને કારણે, ત્યાં કોઈનું પહોંચવું પણ અશક્ય થઈ જશે. અર્થાત્ સુરક્ષાની સુરક્ષા અને સુંદરતાની સુંદરતા. ત્યાર બાદ એક ઠંડો શ્ર્વાસ લેતા તેમણે આગળ કહ્યું- મારા વિચાર મુજબ, આર્યાવર્તનો મોટામાં મોટો યોદ્ધા હજારો કોશિશો પછી પણ સિંધુગર્જનાને પ્રણામ કરીને જ પાછો ફરશે. આથી, મારી દ્રષ્ટિએ હવે સુરક્ષાની ચિંતા કરવાની કોઈ જરૂર જ નથી. જોકે તેમ છતાં, અમે રાજધાનીના મુખ્ય દ્વારને એટલું મજબૂત બનાવવાનો નિર્ણય કર્યો છે કે હાલના સમયમાં ઉપલબ્ધ કોઈ શસ્ત્ર તેને તોડી નહીં શકે. કહેવાનું તાત્પર્ય એ કે સમગ્ર આર્યાવર્તમાં આનાથી વધારે સુરક્ષિત નગરી બીજી કોઈ નહીં હોય. દરેક દ્રષ્ટિએ તમારી આ રાજધાની અજેય હશે. અને જ્યાં સુધી સુંદરતાનો સવાલ છે, આ લંબચોરસ નગરીનું સ્વરૂપ હરિયાળી અને ઝરણાંથી ભરેલા એક ખૂબસુરત થાળ જેવું હશે. અર્થાત્ સુંદરતાની દ્રષ્ટિએ પણ આ નગરી અજોડ હશે.

...આ તરફ વિશ્ર્વકર્માજી વર્ણન કરતાં જતા હતા, અને બીજી તરફ રાજધાની મારી આંખો સામે નાચતી થઈ ગઈ હતી. તેમનું વર્ણન એટલું સચોટ હતું કે દરેક ચીજ સ્પષ્ટ દેખાઈ રહી હતી. સાચું

કહું તો હું તો આ સમયે, વર્ણન સાંભળવામાં એટલો તલ્લીન થઈ ગયો હતો કે મારું અસ્તિત્વ જ ભૂલી ગયો હતો.

...બીજી તરફ વિશ્ર્વકર્માજીની વાત ચાલતી જ પૂર્વમાં રૈવતક ટેકરીઓની શ્રૃંખલાઓ હશે અને દક્ષિણમાં લતવિષ્ટ, પશ્ર્ચિમમાં સુકક્ષ અને ઉત્તરમાં વેણુમંત પર્વતોથી ઘેરાયેલી આ રાજધાની સુંદરતાની દ્રષ્ટિએ પણ આર્યાવર્તની સર્વશ્રેષ્ઠ નગરી હશે. આ પર્વત શ્રૃંખલાઓને સુરક્ષિત રાખવા તથા તેના પ્રાકૃતિક પરિવેશને અકબંધ રાખવા માટે નગરમાં પ્રવેશ નિમિત્તે અમારે લગભગ ત્રીસ દ્વાર બનાવવા પડશે.

આ સાંભળતા જ હું ચોંકી ઊઠ્યો. થોડો ચિંતિત પણ થયો. એટલું જ નહીં, ચિંતાને કારણે તરત પૂછી બેઠો- આટલા દ્વાર હોવાથી શું તેની અસર સુરક્ષા વ્યવસ્થા પર નહીં પડે?

આ સાંભળતા જ વિશ્ર્વકર્માજી હસી પડ્યા- નહીં! આ દ્વારના સ્વરૂપે મજબૂત દીવાલ જ હશે, માત્ર બહારથી જોતી વખતે તે દ્વાર જેવી લાગશે. આ રીતે આખી નગરી ચારે તરફ મજબૂત દીવાલોથી સુરક્ષિત રહેશે. અર્થાત્ આમ સરવાળે તે એક વિશાળ નગરી હોવા છતાં પણ હકીકતમાં હશે મજબૂત કિલ્લો જ.

આ સાંભળતા જ મારા મુખમાંથી અનાયાસે જ નીકળી પડ્યું- પછી તો આ નગરીનું નામ 'દ્વારકા' હોવું જોઈએ.

વિશ્ર્વકર્માજીને પણ મારો આ વિચાર પસંદ આવ્યો. બસ, પછી શું હતું! મારા સપનાંની રાજધાનીનું નામ 'દ્વારકા' રાખવાનું નક્કી થઈ ગયું. જ્યારે આટલું નક્કી થઈ જ ગયું, તો બીજી વાતો પણ નક્કી કરી લેવામાં આવે. આમ વિચારીને વાતવાતમાં મેં તેમને છ મોટા જહાજ અને અઢાર નાની નૌકાઓ બનાવવા માટે પણ કહ્યું. જ્યારથી પંચજનને ત્યાં જહાજમાં બેસીને સમુદ્રની યાત્રા કરી હતી, ત્યારથી જહાજમાં ફરવાની અને ઉત્સવ મનાવવાની જ નહીં... બીજી પણ જાતજાતની તમન્નાઓ દિલમાં વસાવીને બેઠો હતો. તે તરફ જ્યાં વિશ્ર્વકર્માજી આટલી મોટી નગરી બનાવી રહ્યા હતા, ત્યાં જહાજ બનાવવા તમને માટે ક્યાં મોટી વાત હતી? આથી, આ વાત પણ પાક્કી થઈ ગઈ. હું વિશ્ર્વકર્માજીની તમામ વાતોથી સંતુષ્ટ જ નહીં, અતિ ઉત્સાહિત પણ થઈને ઊઠ્યો હતો. એક રીતે તો તેમની સામે બેઠા બેઠા જ રાજધાનીના સપનાંમાં ખોવાઈ ગયો હતો, ...પરંતુ અચાનક તંદ્રા તૂટી અને તંદ્રા તૂટતા જ ચિંતા ઘેરી વળી. કારણ કે મુખ્ય સવાલ હજી પણ ત્યાં ને ત્યાંજ ઊભો હતો. રાજધાનીના નિર્માણમાં કેટલું ધન લાગશે, તે જાણ્યા અને સમજ્યાં વિના બધું બેકાર હતું. ક્યાંક એવું ન થાય કે દ્વારકા નિર્માણ એક ગોવાળનું સુંદર સપનું જ બનીને રહી જાય. આ તરફ, મને આ રીતે ચિંતામાં ડૂબેલો જોઈને વિશ્ર્વકર્માજીએ જ પહેલ કરતાં ચિંતાનો ખુલાસો માંગ્યો. આ મોકો છોડવાનો સવાલ જ ઊઠતો નહોતો. મેં બેધડક દિલ ખોલીને મારી વાત એમની સમક્ષ મૂકી દીધી. મેં સ્પષ્ટ કહ્યું કે મને અંદાજો જોઈએ છે કે આવી રાજધાની બનાવવામાં કેટલું ધન જોઈશે, કારણ કે હું જાણવા ઈચ્છું છું કે મારી પાસે એટલું ધન છે કે નહીં. તે તરફ વિશ્ર્વકર્માજી પણ ન માત્ર મારી ચિંતા સમજી ગયા, પરંતુ તેને મહત્ત્વ પણ આપ્યું. તત્ક્ષણ તેમણે પોતાના દસ સાથી શિલ્પકારોને નિર્માણકાર્યમાં થનારા ખર્ચનો અંદાજો લગાવવા બેસાડી દીધા.

ખેર! તે તરફ હવે આ તો તેમના માટે રોજનું હતું, પણ આ તરફ મારો તો જીવ તાળવે જ ચોંટી ગયો હતો. તમે સમજી શકો છો કે અંદાજાની રાહ જોવામાં આ અજાણી જગા પર, તે પણ એકલો...! મારે માટે એક એક પળ વીતાવવી મુશ્કેલ બની ગઈ હતી. મારી જીવનભરની મહેનત અને મારા તમામ સપનાં જ નહીં, હજારોનું હિત આ અંદાજા પર આવીને ટક્યું હતું. સૂવાનું છોડો, યોગ્ય રીતે જાગવાનું પણ મુશ્કેલ થઈ ગયું હતું. હા, આ રાહ જોતી વખતે એક વાત માટે દ્રઢ-સંકલ્પિત થઈ ગયો હતો કે ભલે જે થાય તે, રાજધાની વસાવીશ જરૂર. ધન ઓછું પડ્યું તો બહારની દીવાલો અને અન્ય

જરૂરી વસ્તુઓનું નિર્માણ કરાવી લઈશ. બાકી વૃંદાવન અને ગોમંત ટેકરીની જેમ, અપના હાથ જગન્નાથ માની લેવામાં આવશે. વધુમાં વધુ શું થશે? સર્વશ્રેષ્ઠ રાજધાની નહીં બને. બનાવવા માટે મહેનત અને સમય લાગશે. ...તેમ છતાં રાજધાની તો હશે. રુક્મિણીનો સાથ તો હશે. અને વળી, એક ગોવાળે મહેનતથી શું ડરવું?

બસ, આમ સરવાળે આજ બધા વિચારો અને મૂંઝવણોમાં ત્રણ દિવસ વીતાવવા પડ્યા, ઠેઠ ત્યારે ખર્ચનો અંદાજ નીકળી શક્યો. હવે મારી પાસે કેટલું ધન છે, તેનો અંદાજો તો મને નહોતો, પરંતુ એનો બરાબર અંદાજ માંડી શકાય તે માટે ન કેવળ હું સોનું, ચાંદી, હીરા અને ઝવેરાત ગણીને અહીં આવ્યો હતો, પરંતુ બધાના થોડા થોડા નંગ પણ સાથે લઈને આવ્યો હતો. આથી મેં તત્ક્ષણ તેમને વિશ્ર્વકર્માજી સામે રાખી દીધા હતા. રાજધાની બનાવવામાં કેટલું ધન લાગશે તેનો અંદાજો તેઓ લગાવી જ ચૂક્યા હતા, હવે મારી હેસિયતનો અંદાજો પણ તેમણે જ લગાવવાનો હતો. અને જેવી મારી શંકા હતી, અંદાજ મારી ધારણા અને હેસિયત બંનેથી વધારે નીકળ્યો. પરંતુ સંતોષની વાત એ હતી કે એટલો વધારે પણ નહોતો કે રાજધાની વસાવી જ ન શકાય. ઘણી ચર્ચા-વિચારણા અને વિચાર-વિમર્શ બાદ અમે એક મધ્યમ માર્ગ કાઢી જ લીધો. એવું નક્કી કર્યું કે રસ્તાઓ, બજાર, રાજમહેલ, પ્રાંગણ અને ઉદ્યાન તો યોજનાનુસાર જ બનાવવામાં આવશે, પરંતુ સામાન્ય ઘરોની સંખ્યા અડધી કરી દેવામાં આવશે. સાથે જ જહાજોની અને નાવોની સંખ્યા પણ ચોથા ભાગની કરી દેવામાં આવી. આ તરફ ખર્ચમાં કાપ મૂકવા માટે વિશ્ર્વકર્માજીએ એક સચોટ ઉપાય આપ્યો, અને એ મુજબ બાકીના ઘરોને બદલે સો સો ઓરડાઓના ત્રણ સામાન્ય ભવનો બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. એટલું જ નહીં, બીજી અનેક જગાઓ પર પણ કાપ મૂકવામાં આવ્યો. વિશ્ર્વકર્માજી દરેક કાર્યમાં પૂરી સમજદારી અને ઉત્સાહથી મારો સાથ આપી રહ્યા હતા. આ તેમની જ મહેરબાનીનું પરિણામ હતું કે અંતે બધું ગણિત બરાબર બેસી ગયું. અને સાચું કહું તો છેક ત્યારે જઈને મારા જીવમાં જીવ આવ્યો હતો. ચાલો, બાકીનું વિકાસકાર્ય તો ધન કમાઈને ધીમેધીમે થતું રહેશે, પણ હાલ ઓછામાં ઓછું એક ગોવાળના સુંદર સપના ધનના અભાવની આડમાં પીસાઈ તો ન ગયા. સાચું કહું તો મને તો એવું લાગી રહ્યું હતું કે જાણે નવું જીવન મળી ગયું હોય. આમ પણ એક ગોવાળને 'રાજા'નાં રૂપમાં નવું જ જીવન મળી રહ્યું હતું. બસ, વાત પાક્કી કરી મેં બાના રૂપે સાથે લાવેલો ખજાનો તેમને સોંપી દીધો. તેમણે તેને સહર્ષ સ્વીકારી પણ લીધો. અને તેની સાથે જ વાત પાક્કી થઈ ગઈ. હવે મોટા-મોટા નિર્માણ સંબંધિત તમામ નિર્ણયો લેવાઈ ગયા હતા. ધનનો પણ યોગ્ય અંદાજો મેળવી જ લેવાયો હતો. હવે મારા અને વિશ્ર્વકર્માજી વચ્ચેના સંકલનનો સવાલ આવીને ઊભો થયો. આ કોઈ મોટી વાત નહોતી. થોડા વિચાર-વિમર્શ બાદ જ અમે બંને આ બાબતે પણ તમામ નિષ્કર્ષો પર પહોંચી ગયા. એ નક્કી થયું કે દર પંદર દિવસે વિશ્ર્વકર્માજીને નિર્માણકાર્ય માટે જરૂરી ધન પહોંચાડવા હું આવ્યા કરીશ. ભાઈ અને ઉદ્ધવે સમગ્ર નિર્માણકાર્ય દરમિયાન તેમની સાથે જ રોકાવાનું હતું. આમ સરવાળે તમામ વાતો નક્કી થઈ ગઈ હતી. આમ તો આ સમગ્ર વાત દરમિયાન મને એક વાતનું સતત ધ્યાન પડતું હતું કે વિશ્ર્વકર્માજી દ્વારકા નિર્માણ માટે મારાથી પણ વધારે ઉત્સાહિત થઈ ગયા હતા. કદાચ તેઓ પણ એક શિલ્પકાર તરીકે આવી જ એક આધુનિક નગરીનાં નિર્માણનાં જ સપનાં જોતા રહ્યા હશે. ચાલો, સારું હતું; આ બહાને તેમને આત્મસંતોષ પણ થઈ જશે અને મારું રાજ્ય પણ શ્રેષ્ઠ બની જશે. અને કંઇ નહીં તો ઓછામાં ઓછું હવે મને એકલાને ચિંતા નહીં વેઠવી પડે કે ન તો એકલાએ જ સપનાં જોવા પડશે. અને જલ્દી જ સાબિતીરૂપે આ વાત સામે પણ આવી જ ગઈ. હું આમ પણ રાજમહેલને લઈને મોટા સપનાં સજાવીને બેઠો હતો. હું તેને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બનાવવા ઈચ્છતો હતો. અંતે મારે મારા સપનાંની રાણી સાથે ત્યાં રહેવાનું હતું. પરંતુ વિશ્ર્વકર્માજીના વિચારો તો મારાથી પણ વધારે નિરાળા નીકળ્યા. તેઓ તો રાજમહેલ જ નહીં, આખી નગરીને સ્વર્ગથી પણ વધારે સુંદર બનાવવાના સપનાં જોઈ રહ્યા હતા. હું

તો આ સાંભળીને જ ઉત્સાહમાં આવી ગયો હતો. પછી શું હતું, રોજ સાંજે અમે કલાકો આ બાબતે ચર્ચા કર્યા કરતાં હતા. જોકે આટલી ચર્ચાઓ બાદ પણ હું રાજધાની બાબતે ઉપરછલ્લી જ કેટલીક બાબતો સમજી રહ્યો હતો, બાકી તો બસ, મારા હવાઈઘોડા દોડાવીને મનમાં ખયાલી રૂપરેખા બનાવવાની કોશિશો કર્યા કરતો હતો. તેનાથી વિપરીત, વિશ્ર્વકર્માજીના મનમાં નાનામાં નાની વાત પણ સ્પષ્ટ હતી. કદાચ આ એક ગોવાળ અને એક શિલ્પકારની વચ્ચેનો તફાવત હતો.

હશે, હાલ તો તમામ ચર્ચાઓના અંતમાં તેમણે જે વર્ણન કર્યું તેણે મને ઉત્સાહના સાતમા આસમાને બેસાડી દીધો. તેમણે વાતવાતમાં જણાવ્યું કે ઘર અને મહેલ સોનેરી રંગથી બનાવવામાં આવશે, જ્યારે બજાર ચમકતા રૂપેરી રંગની બનાવવામાં આવશે. બજારમાં કાચનો પણ ખાસ્સો પ્રયોગ કરવામાં આવશે. એટલું જ નહીં, તેમણે બજારનું વિસ્તૃત વર્ણન પણ કર્યું. વર્ણન એકદમ અદ્ભુત હતું. હું તો સાંભળતા જ સંપૂર્ણ રીતે 'બજારમય' બની ગયો. તમે જાણો જ છો કે બજાર પહેલેથી મારી કમજોરી રહી છે.

...તેમના મતે, દ્વારકાના તમામ મુખ્ય માર્ગ અને બજાર આખી રાત મશાલોની રોશનીથી ઝગમગાવવામાં આવશે. પરિણામસ્વરૂપ આ આર્યાવર્તનું પહેલું એવું સુઆયોજિત બજાર હશે જે મોડી રાત સુધી ખુલ્લું રહી શકશે. મોડી રાત સુધી શું કામ, હું તો કહું છું બજાર બંધ જ શા માટે થાય? બસ, હું રુક્મિણી અને રાજધાનીને ભૂલીને રાત્રિબજારો અને મોડી રાત સુધી મુખ્ય માર્ગોની પ્રગટતી મશાલોમાં ખોવાઈ ગયો. મન તો થઈ રહ્યું હતું કે એક જાદૂની લાકડી ફરે અને દ્વારકાનું નિર્માણ થઈ જાય. પરંતુ 'કર્મ' સિવાય કોઈ જાદૂ ચાલી શકે એવી કુદરતમાં વ્યવસ્થા છે જ નહીં. અને કર્મ કરવામાં સમય જાય જ છે. જોકે આ બાબતે સંતોષકારક ખુશખબરી એ હતી કે વિશ્ર્વકર્માજીના અંદાજ પ્રમાણે લગભગ એક વર્ષમાં નિર્માણકાર્ય સમાપ્ત થઈ જવું જોઈએ. આમ તો આટલી મોટી નગરીના નિર્માણ માટે એક વર્ષ કંઈ પણ નથી હોતું, પરંતુ જ્યારે આટલું મોટું સપનું સાકાર થવાનું હોય તો એક વર્ષ રાહ જોવાનું ઘણું લાંબું હોય છે.

ખેર! તમામ નિર્ણય લઈ લેવામાં આવ્યા હતા. હવે મારું અહીં કોઈ કામ નહોતું. આથી વિશ્ર્વકર્માજી પાસેથી રજા લઈને, રાજધાનીનાં સપનાં જોતા જોતા મેં મથુરા તરફ પ્રસ્થાન કર્યું. કહેવાની જરાય જરૂર નથી કે યાત્રા રાજધાનીના સપનાં જોતા જોતા જ પસાર થઈ રહી હતી. અને બીજું થવાનું પણ શું હતું? આટલું મોટું સપનું સાકાર કરવું કોઈ મજાક તો હતી નહીં, અને તે પણ મારા જેવાના જીવનમાં, જેમાં કુદરતે પોતાના તરફથી અવરોધો નાખવામાં ક્યારેય કોઈ કસર છોડી ન હોય. જવા દો, આવા સુંદર અવસર પર કુદરતને શું યાદ કરવી? હમણાં તો સપનાં જોતા જોતા મારી યાત્રા પસાર થઈ ગઈ હતી. બસ, મથુરા પહોંચતા જ સહુથી પહેલા ભાઈ અને ઉદ્ધવને રાજધાનીનું વિસ્તૃત વર્ણન સંભળાવ્યું. તેઓ તો સાંભળતા જ ઘેલા થઈ ગયા; ખુશીના માર્યા અમે બરાબરનો ઉત્સવ પણ ઉજવ્યો. તે તો ઉજવવાનો જ હતો, કારણ કે પછીના બે-ચાર દિવસોમાં જ ઉદ્ધવ અને ભાઈએ કુશસ્થળી જવા માટે રવાના થવાનું હતું. સ્વાભાવિક રીતે નિર્માણની તમામ જવાબદારી તેમના ખભા પર હતી. જે પણ હતા તે આ ત્રણ દિવસ જ હતા અને તે અમે ખૂબ ઉત્સાહમાં વીતાવ્યા. યમુનાકિનારાવાળા મકાનમાં આખી રાત ઉત્સવ મનાવ્યો. નાની નાની વાતમાં એકબીજાને ભેટીને વધામણી આપવાનું તો દિવસમાં દસ વીસ વાર થઈ જતું હતું. અને મદિરા તો ભાઈ ગમે એટલી પીએ પણ ચઢવાનું તો નામ જ લેતી નહોતી. ચઢે પણ કેવી રીતે, રાજધાનીના નશા સામે તેની શું વિસાત હતી? આવામાં ત્રણ દિવસ તો હવાની જેમ ઓગળી ગયા. ઘણી બધી શુભ કામનાઓ સાથે મેં બંનેને રવાના કર્યા. તેઓ બંને ચાલ્યા ગયા અને હું ફરી એક વાર એકલો પડી ગયો. આ તો ઠીક, પણ અચાનક શું થયું કે મને અજાણી ઉદાસીએ ઘેરી લીધો. આમ તો બધું સમુંસૂતરું પાર પડી ગયું હતું તેમ છતાં કોણ જાણે કેમ મને એવું લાગી રહ્યું હતું કે ક્યાંક ને ક્યાંક કોઈ ચૂક જરૂર થઈ રહી છે. ક્યાંક એવું તો નથીને કે

રાજધાનીની ઘેલછામાં હું કોઈ એવી ચીજ ભૂલી રહ્યો છું જેને કારણે બધું જ ધૂળધાણી થઈ શકે એમ છે? બસ, રાતદિવસ મન આ વિચારોમાં જ ગૂંચવાયેલું રહેવા લાગ્યું. અંતે એક દિવસ એ વાત મનમાં આવી જ ગઈ. ...અરે હા, ચૂક તો થઈ જ રહી હતી. આ તમામ સપનાં એક જ પળમાં ચકનાચૂર થઈ શકતા હતા. ખરેખર રાજધાનીના ઉત્સાહમાં, હું એક લટકતી તલવાર બાબતે તો વિચાર કરવાનું જ ભૂલી ગયો હતો. તમે બરાબર સમજ્યાં... 'જરાસંધ'. જો અમારા મથુરા છોડતા પહેલા જ જરાસંધે હુમલો કરી દીધો તો દ્વારકા કોણ જઈ શકશે? આવામાં બધા કર્યા-કરાવ્યા પર પાણી નહીં ફરી વળે? પછી તો અમારી લાશો જ દ્વારકા જશે. ...હવે આ બીમારીનો શું ઈલાજ? સમજાઈ નહોતું રહ્યું કે કોને કોસું? જરાસંધને કે મામા કંસને કે પછી મામીઓને કે જેમણે આ ખતરનાક બલા મારી પાછળ લગાવી હતી. કે કુદરતને, જે ન તો આરામથી જીવવા દેતી હતી અને ન સપનાંઓ પણ સાકાર થવા દેતી હતી. જુઓ ને, જ્યાં સુધી મામા જીવતા હતા, તેઓ મારા જીવ પાછળ પડ્યા હતા. મામા દેવ થયા, તો મામીઓએ તો મામાથી પણ ભયાનક બીમારી મારી પાછળ લગાવી દીધી. હું તો કહું છું ભગવાન આવા મામા-મામીઓથી બધાને બચાવે.

પરંતુ આ બધી વાતોથી શું થવાનું હતું? હકીકત તો એ હતી કે જરાસંધનું આક્રમણ ટાળવાનો ન તો મારી પાસે કોઈ ઉપાય હતો કે ન તો તેની સામે ટક્કર લેવાની મારી કોઈ તૈયારી હતી. બસ, એક સાંત્વનાનો સહારો હતો કે દરમ્યાન થયેલી જરાસંધની મુલાકાતના આધાર પર એવું કહી શકાતું હતું કે એક-દોઢ વર્ષ પહેલા તેના આક્રમણની સંભાવના નહોતી. આમ તો આ પોલું આશ્ર્વાસન માત્ર નહોતું. મારી પાસે આ નિષ્કર્ષના કેટલાક મજબૂત આધાર પણ હતા. સહુથી મુખ્ય તો એ કે ત્રણ ચાર વાર પરાજિત થયા પછી એ નક્કી હતું કે જરાસંધ હવે નાનીમોટી તૈયારીઓ સાથે હુમલો કરવાનો નહોતો, અને મોટી તૈયારી માટે ચોક્કસપણે સમય જોઈએ. આમ પણ આવા શુભ વિચાર મારે દ્વારકા-નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે જરૂરી જ હતા. અને વળી કેટલીક વાતો તો કુદરતની મરજી પર છોડવી જ પડે છે, અને ખાસ કરીને ત્યારે, કે જ્યારે આપણા હાથમાં કંઈ ન હોય. બસ, આજ વિચારીને મેં ફરી એક વાર પોતાને દ્વારકાના સપનામાં લીન થવા દીધો. રાત-દિવસ દ્વારકાના સપનામાં જ ખોવાયેલો રહેવા લાગ્યો. જરાસંધને ભૂલાવવા અને દ્વારકાનું કામકાજ આગળ વધારવાનો આજ એક ઉપાય હતો. આમ થતાં ઊલ્ટું હવે તો મેં નિર્માણ-કાર્યોમાંથી નીકળીને અન્ય વાતો પર પણ વિચારવાનું શરૂ કરી દીધું હતું. વાસ્તવમાં હું દ્વારકાને એક સંપન્ન નગરીના રૂપમાં જોવા ઈચ્છતો હતો. અને ચોક્કસપણે એ માટે તેને વ્યાવસાયિક દ્રષ્ટિએ એક સફળ નગરી બનાવવી જરૂરી હતું. આમ પણ મથુરાની દુર્ગતિએ મને ઘણું બધું શીખવાડી જ દીધું હતું. આ એજ બોધપાઠનો પ્રતાપ હતો કે હું પચાસ દુકાનોનું ભવ્ય બજાર ત્યાં બનાવી રહ્યો હતો. ...આ બધું તો ઠીક, પણ ચિંતાનો મૂળ વિષય એ હતો કે આટલું મોટું બજાર માત્ર દ્વારકાવાસીઓના ભરોસે તો ચાલવાનું નહોતું. બસ, આ વિચાર આવતા જ મેં નિકાસના નવા નવા પદાર્થો પર વિચાર કરવાનું પણ શરૂ કરી દીધું. આમ તો મેં આર્યાવર્તના ઘણા મોટા-મોટા બજાર જોયા હતા. ખરીદદારીનો હું પણ શોખીન હતો. આથી એ તો નક્કી જ હતું કે દ્વારકાનું બજાર એ બધાથી ઘણું ભવ્ય અને નિરાળું હશે. પરંતુ માત્ર ભવ્યતાથી શું થશે? બજારમાં કંઈક એવી વસ્તુઓ પણ હોવી જોઈએ જે તેને અન્ય બજારોથી વિશિષ્ટ સાબિત કરી શકે. કોઈ એવો સામાન પણ બનાવવો જોઈએ જેની માંગ સમગ્ર આર્યાવર્તમાં ઊભી કરી શકાય અને તો જ આટલું ભવ્ય રાત્રિ-બજાર બનાવવાનું ઔચિત્ય હતું.

લ્યો! હું અહીં આ ચિંતનોમાં ડૂબેલો રહી ગયો અને એ તરફ દ્વારકાનું નિર્માણ-કાર્ય શરૂ પણ થઈ ગયું. વિશ્ર્વકર્માજીએ પોતાના ત્રણસો શ્રેષ્ઠ શિલ્પીઓને નિર્માણ-કાર્ય પર લગાવી દીધા હતા. ભાઈ અને ઉદ્ધવ પણ નિર્માણ-કાર્યની દેખરેખ રાખવા માટે ત્યાં પહોંચી ગયા હતા. મારું પણ દર પંદર દિવસે વિશ્ર્વકર્માજીને ત્યાં જઈને જરૂરી ધન પહોંચાડવાનું શરૂ થઈ ગયું હતું. હા, હું જ્યારે પણ ધન

પહોંચાડવા જતો, નિર્માણ-કાર્યની પ્રગતિની ખબર જરૂર લઈ આવતો. વિશ્ર્વકર્માજીને ત્યાંથી મળેલી તાજી માહિતી અનુસાર, એક મહિનામાં જ બધા બિનજરૂરી વૃક્ષો અને જંગલી ઘાસ કાપવાનું કામ પૂરું થઈ ગયું હતું. એટલું જ નહીં, કેટલાય જરૂરી વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવ્યું હતું. તમે સમજી શકો છો કે એક ઘર માત્રના નિર્માણથી મનુષ્ય કેટલો ખુશ થઈ જાય છે, તો અહીં તો આખી રાજધાનીનું નિર્માણ-કાર્ય શરૂ થઈ ગયું હતું. ...શરૂ શું થયું હતું, રોજેરોજ ગતિ પકડતું જતું હતું. આવામાં મારી ખુશી અને જિજ્ઞાસાનો અંદાજો લગાવવાનું કોઈ અઘરું કામ નથી. બસ, ત્યાં વિશ્ર્વકર્માજીને ત્યાંથી નિર્માણ-કાર્યની પ્રગતિની માહિતી સાંભળીને આવતો અને પછી અહીં મથુરામાં દ્વારકાનાં સપનાં જોતાજોતા ફરતો રહેતો. ક્યારેક ખુશહાલ થઈને નાનાજીને મળવા ચાલ્યો જતો તો ક્યારેક ઉછળતો કૂદતો કુબ્જાને મળી આવતો. બહુ ખુશ થતો તો તે દિવસે યમુનાકિનારે જઈને વાંસળી વગાડી આવતો. મન એકાંત ઈચ્છતું, તો યમુનાકિનારાવાળા મકાનમાં રહેવા ચાલ્યો જતો.

આમ સરવાળે અહીં જેટલા ઝડપથી મારા દિવસો પસાર થઈ રહ્યા હતા, ત્યાં એટલી જ ગતિથી દ્વારકા નિર્માણનું કાર્ય ચાલી રહ્યું હતું. હજી માંડમાંડ બે મહિના જ થયા હતા કે દ્વારો અને દીવાલોનું નિર્માણકાર્ય પણ શરૂ થઈ ગયું હતું. જોકે હજી સુધી ભાઈ કે ઉદ્ધવ તરફથી કોઈ સમાચાર આવ્યા નહોતા. આ બધી માહિતી વિશ્ર્વકર્માજીને ત્યાંથી જ મળી રહી હતી. હવે સમાચાર ભલેને ગમે ત્યાંથી આવે, નિર્માણ-કાર્ય તો દ્વારકાનું જ ચાલી રહ્યું હતું. આવામાં કહેવાની જરૂર નથી કે પ્રત્યેક સમાચાર સાથે મારો ઉત્સાહ વધતો જ જઈ રહ્યો હતો. ...બીજી બાજુ મથુરાની વાત કરું તો અહીં બધું સામાન્ય હતું. ...સાચું કહું તો અત્યારે મારું ધ્યાન મથુરા પર હતું પણ નહીં. આમ તો અહીંની સ્થિતિ આ સમયે મારા માટે સર્વથા અનુકૂળ હતી. સત્રાજિતના મિત્રતાપૂર્ણ વ્યવહાર બાદ હવે બીજા કોઈ તરફથી અન્ય કોઈ દુર્વ્યવહારની શક્યતા પણ ક્યાં હતી? ત્યાં જ તેનું એક સુંદર પાસું પણ ઉભરીને સામે આવ્યું હતું. સત્રાજિતની મિત્રતાના બહાને સત્યભામા સાથે અવારનવાર મુલાકાત થવા લાગી હતી. અને સત્યભામાના બહાને મને રાધા અને રુક્મિણી બંનેની યાદ તાજી થયા કરતી હતી. ...એમ પણ કહી શકાય કે સત્યભામા મારા ભૂતકાળ અને ભવિષ્યની વચ્ચેનો સેતુ સાબિત થઈ રહી હતી. અને જો ધ્યાનથી જોવામાં આવે તો તે સેતુ જ હતી. રાધા આવી નહોતી રહી, આથી તે મારો ભૂતકાળ બની ગઈ હતી. રુક્મિણી આવી નહોતી, એ રીતે તેને મારું ભવિષ્ય કહી શકાય તેમ હતું. અર્થાત્ લઈદઈને સત્યભામા જ હતી જેને મળવાથી દિલ થોડું ખુશ થઈ જયા કરતું હતું. લો... કુબ્જાને કેવી રીતે ભૂલી ગયો...? તે તો મારો વાસ્તવિક વર્તમાન હતી. આમ પણ હવે મથુરામાં કોઈ ખાસ કામ તો નહોતું, આવામાં કુબ્જા સાથે પણ મુલાકાતો વધી જ ગઈ હતી. સાચું કહું તો એક તેના જ સહારે મથુરામાં નવરાશના આ દિવસો પસાર થઈ રહ્યા હતા. કારણ કે સત્યભામા સાથેની મુલાકાત તો ક્યારેક ક્યારેકની વાત હતી. કંઇ રોજ રોજ મુલાકાત કરીને સૂતેલા સિંહ સત્રાજિતને જગાડવાનો થોડો જ હતો?

જવા દો. આવા આનંદના દિવસોમાં સત્રાજિતને શા માટે યાદ કરવાનો? એટલે સરવાળે એમ કહી રહ્યો હતો કે દિવસ કુબ્જાના સહારે વીતી રહ્યો હતો, તો રાત જાતભાતના વિચારોના સહારે, ક્યારેક આપણા તો ક્યારેક પારકા. આ બધું તો ઠીક, પણ આજકાલ આ વિચારો અને ચિંતનના બહાને વાત વાતમાં પોતાની પીઠ થાબડવાનું શીખી ગયો હતો. આમ પણ એક ગોવાળ જે પોતાની કમાણી, મહેનત, બહાદુરી અને ચતુરાઈથી આખી રાજધાનીનું નિર્માણ કરાવી રહ્યો હોય, હવે એ ગોવાળની કાબેલિયત પર પ્રશ્ર્ન શું ઊભો કરવો? ...બસ, ગર્વ કરવો અને પીઠ થાબડવી. આથી, આ દિવસોમાં જ્યારે કંઇ ન સૂઝતું તો જાત પર ગર્વ કરીને સમય પસાર કરી લેતો હતો. બીજું બધું તો ઠીક, પણ આ બહાને મારા ઘવાયેલા ગોવાળરૂપી અહંકારને જરૂર ફોસલાવી રહ્યો હતો. ...નહીંતર તો તમે જાણો જ છો કે વૃંદાવનમાં ઉછર્યો-મોટો થયો, ગાય-ભેંસો ચરાવી, એક ગરીબ ગોવાળ શું હતો, આ વાત માટે જીવનભર મેં લોકોનો કેટલો તિરસ્કાર સહ્યો હતો. તમને તો યાદ હશે, સત્રાજિત, બૃહદ્લ અને અન્ય

કેટલાય યાદવ પ્રમુખો દ્વારા કોણ જાણે કેટલીય વાર ભરસભામાં મારું ગમાર અને ગોવાળ કહીને અપમાન કરવામાં આવ્યું હતું. ત્યાં રાજદરબારમાં પણ રુક્મી અને શિશુપાલ જેવા અણસમજુઓએ મને ગાળો આપવામાં ક્યારેય કોઈ કસર તો રાખી નહોતી. શું તમે ભૂલી ગયા કે સાંદીપનિજીના આશ્રમમાં પણ વિન્દ-અનુવિન્દ જેવા રાજકુમારોએ પણ કેટલીય વાર મારી વિરુદ્ધ અભદ્ર ભાષાનો પ્રયોગ કર્યો હતો. કહેવાનું તાત્પર્ય એ કે જેને, જ્યારે અને જ્યાં મોકો મળ્યો હતો ત્યાં મને ગોવાળ, ગમાર, ગરીબ, પશુ ઈત્યાદિ અલંકારોથી નવાજવામાં કોઈ કસર રાખી નહોતી. આવામાં એક વાર દ્વારકાનું નિર્માણ થઈ જાય અને હું આર્યાવર્તની સર્વશ્રેષ્ઠ નગરીનો રાજા થઈ જાઉં, એટલે આપમેળે સહુના મોં પર તાળા લાગી જશે. જોકે સાચું કહું તો મને આ વ્યંગ અને કટાક્ષોથી ક્યારેય કોઈ ફર્ક પડતો નહોતો, કારણ કે મારો અહંકાર માત્ર વિકસવાનું જાણતો હતો; ઘવાઈને અકારણ દુ:ખી થવાની એને આદત જ નહોતી. પરંતુ હા, મનુષ્ય જન્મ મળ્યો છે તો ન માત્ર પ્રગતિ કરવી, પરંતુ જરૂર પડ્યે પોતાના અહંકારની રક્ષા કરવાને પણ હું મારું કર્તવ્ય માનતો હતો.

...અહંકાર ખોટો તો ખોટો, તેમ છતાં પણ હોય છે તો પ્રગતિનો પ્રેરક જ. આમ તો પ્રગતિ પણ ભલે માયા જ છે, તેમ છતાં વૃક્ષ નીચે બેસી રહેવાથી કે પાગલોની જેમ જંગલોમાં રઝળવા કરતાં તો પોતાની તેમજ બીજાઓની પ્રગતિ માટેના સતત પ્રયાસને હું હંમેશાં બહેતર સમજું છું. અને વળી, પ્રગતિમાં એક જાદૂ પણ તો છુપાયેલો પડ્યો છે, પ્રગતિ મનુષ્ય એકલો નથી કરતો બલ્કે તેની સાથે જ તેની આજુબાજુવાળા સુધી પણ તેનો છાંયડો પહોંચે જ છે. ...જુઓ ને, દ્વારકા મારા એકલા માટે થોડી જ બની રહી હતી? હું એકલો થોડો જ આટલી મોટી નગરીનો આનંદ ઉઠાવવાનો હતો? નાનાજી, મા-પિતાજી સાથેસાથે કેટલાય મથુરાવાસીઓને પણ તો આ નર્કભર્યા જીવનમાંથી છુટકારો મળવાનો હતો. આમ તો તેઓ પણ દ્વારકારૂપી સ્વર્ગનો આનંદ માણવાના હતા.

જ્યારે આટલી વાત નીકળી છે તો એક બીજી વાત કહી દઉં, મારા મનથી તો હું ગમાર અને ગોવાળ જ છું અને છેલ્લા શ્વાસ સુધી રહીશ; 'દ્વારકાધીશ' બનીશ તો પણ એ તો હું દુનિયાવાળાઓ માટે જ બનીશ. મનુષ્ય બીજાઓને દગો આપવાનો પ્રયાસ કરે છે તો સમજી શકાય છે, પરંતુ જે જાત સાથે દગો કરે છે તેનાથી વધારે કમભાગી બીજું કોઈ નથી હોતું. એટલા માટે તો કહી રહ્યો છું કે હું મારા મનથી તો દ્વારકા જઈને પણ ગમાર અને ગોવાળ જ રહીશ, અને આ સત્ય સામેથી હું છેલ્લા શ્વાસ સુધી મોં નહીં ફેરવું. કારણ કે મને મારા ગોવાળ હોવા બદલ ગર્વ છે, શરમ નથી. ...ઊલ્ટું હું તો કહું છું કે મારું ગોવાળ હોવું દુનિયાવાળાઓ માટે એક ઉદાહરણ બનીને સામે આવશે. આખું વિશ્વ જોશે કે સંકલ્પ-શક્તિ અને આકરી મહેનતના બળ પર એક સાધારણ ગોવાળ આર્યાવર્તની સર્વશ્રેષ્ઠ નગરીનો રાજા કેવી રીતે બન્યો. મને વિશ્વાસ છે કે મારા દ્વારા સ્થાપિત આ ઉદાહરણથી દરેક ગરીબ, દરેક કમજોરને સંકલ્પ અને મહેનતના ભરોસે પ્રગતિના માર્ગ પર ચાલવાની પ્રેરણા મળશે. તે એવું માનીને નહીં ચાલે કે ગરીબ ઘરમાં પેદા થયો છું તો અસફળતા મારું ભાગ્ય છે. ...મને વિશ્વાસ છે કે દ્વારકાની સ્થાપના સદીઓ સુધી વિશ્વના મહેનતુ અને ઈચ્છાશક્તિવાળા મનુષ્યો માટે પ્રેરણાનો એક સ્ત્રોત બની રહેશે. મારી દૃષ્ટિમાં ગરીબી એક રીતે તો સ્વયં એક લ્યાનત છે. ઐશ્વર્ય મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે. અને તેણે તે પામવા માટે હર હાલમાં પ્રયત્ન કરવો જ જોઈએ. જો એક ગોવાળ પોતાના સમયની શ્રેષ્ઠ રાજધાનીનું નિર્માણ કરી શકે છે તો પછી દરેક ગરીબ અને ગમારને રાજા બનવાના સપનાં જોવાનો અને મહેનતના બળે તે સપનાંને પૂરા કરવાનો અધિકાર આપમેળે જ મળી જાય છે. ...ઊલ્ટું હું તો કહું છું કે આ તો તેનું કર્તવ્ય બની જાય છે. અને કંઈ નહીં તો કમસેકમ આજ પછી કોઈ પોતાની અસફળતા માટે ગરીબી, પોતાના પરિવાર કે પરિસ્થિતિને દોષ તો નહીં દઈ શકે. ખોટું રોઈને પોતાની કમજોરી અને અસફળતાને સંતાડી તો નહીં શકે... કે શું કરીએ ગરીબ ઘરમાં પેદા થયા, નહીંતર આજે ક્યાંયના ક્યાંય હોત. આ તો શિક્ષણનો મોકો ન મળ્યો, નહીંતર હું અહીં થોડો જ હોત? ...નહીં!

'કૃષ્ણ'ના હોવાને લીધે કોઈ બહાનું નહીં ચાલે. કૃષ્ણ તો દરેક સ્થિતિમાં કામ અને પ્રગતિ ઈચ્છે છે. બહાના તો કમજોરી અને અસફળતા સ્વીકારવાની સાબિતી છે. હથિયાર હેઠાં મૂકવાની ઘોષણા છે. કારણ કે કારાગૃહમાં, તે પણ મોતના ઓથાર હેઠળ જન્મેલો, અને મોતના ભયમાં જ ઉછર્યો-મોટો થયેલો, ગામડાંનો એક સામાન્ય ગોવાળ હવે દ્વારકાધીશ બનવા જઈ રહ્યો છે. જો આ ઉદાહરણથી પણ પ્રેરણા ન મળે, તો તમે હાડમારીવાળી અસફળ જિંદગી જીવવા માટે સ્વતંત્ર છો. હું માનીશ કે મારી આ તમામ મહેનત તમારે માટે પાણીમાં ગઈ.

જવા દો આ વાતને પણ. વિચારોનું થોડું ભારણ વધારી દીધું નહીં? પણ શું કરું? હાલત તો તમે જોઈ જ રહ્યા છો. જ્યારે સપનાં જોઈજોઈને થાકી ગયો, તો ચિંતાઓએ આવીને ઘેરી લીધો છે. ચિંતાઓથી છુટકારો પામવા માટે ચિંતનનો સહારો લીધો. જ્યારે ચિંતન કરીકરીને પણ થાકી ગયો તો ગર્વ અને ગુમાન પર ઊતરી આવ્યો. અને જ્યારે તેનાથી પણ કંટાળી ગયો તો ઉપદેશ આપવા લાગ્યો. પરંતુ આ બધાના ભરોસે અંતે કેટલા દિવસો વીતવાના? સમય લાંબો પસાર કરવાનો હતો અને સમય પસાર કરવાનો એક પણ ઉપાય નહોતો. હાલત એ થઈ ગઈ હતી કે મન દ્વારકામાં હતું અને શરીર મથુરામાં. મન મથુરાવાસીઓને ઉત્કૃષ્ટ જીવન આપવાના સપનાં જોઈ રહ્યું હતું તો તન તેની વર્તમાન ગરીબીને જોઈ રહ્યું હતું. મન રુક્મિણીની સાથે દ્વારકામાં રહેવાના સપના જોઈ રહ્યું હતું અને શરીર આ બાજુ કુબ્જાની પાસે પડ્યું હતું. આમ તો મન અને શરીરના વિભાજનમાં જીવવું મારું ભાગ્ય હતું. મારું મન વૃંદાવન છોડ્યા પછી પણ ક્યારે વૃંદાવન છોડી શક્યું હતું? રુક્મિણીનાં સપનાં જોયા બાદ પણ રાધાને ક્યાં ભૂલી શક્યું હતું? તમારાથી તો મારા દિલની હાલત છુપી નથી. મથુરામાં રહ્યા બાદ પણ મન હંમેશાં વૃંદાવનની ગલીઓમાં જ ભટકતું રહેતું હતું. ક્યારેક રાધાની યાદ, તો ક્યારેક ગોવર્ધનનું ચઢાણ, ક્યારેક ગોવાળોની સાથે રમવું તો ક્યારેક ગોપીઓની સાથે રાસ રચાવવાનું, મારું મન કંઈ પણ તો ભૂલી શક્યું નહોતું. અને ભૂલે પણ શું કામ! જે આપણે જીવી ગયા છીએ અને જે આપણે જીવવા ઈચ્છીએ છીએ, તે આપણા જીવનનો એક હિસ્સો જ તો છે. આમ પણ મનની સ્થિરતા તમારા હાથમાં છે, શરીર તો કુદરતી પરિસ્થિતિઓના હિસાબથી ફરતું જ રહે છે. તેના પર કોઈનું કોઈ જોર નથી. ...હમણાં મારું જ ઉદાહરણ લો, મન વૃંદાવનમાં રોકાઈ ગયા બાદ પણ શરીરે કેટલી લાંબી યાત્રા કરી લીધી હતી. કંસ-વધ બાદ જરાસંધ સાથે યુદ્ધ કરવું પડ્યું હતું. જરાસંધથી ડરીને સાંદીપનિજીના આશ્રમ સુધી જવું પડ્યું હતું. ગુરુદક્ષિણા આપવા માટે પંચજનનો વધ કરવો પડ્યો હતો. પછી મથુરા આવ્યા બાદ, રણ છોડીને ગોમંતની ટેકરીઓમાં શરણ લેવું પડ્યું હતું. પરંતુ જીવનની આ તમામ દુઃખદાયી યાત્રાઓમાં ભલા વૃંદાવનની યાદોએ મારો સાથ ક્યાં છોડ્યો હતો? ...એટલે જ તો કહું છું કે શરીરથી દ્વારકાધીશ બન્યા પછી પણ મનથી તો હું હંમશાં એક ગોવાળ જ રહેવાનો.

...સાચું જ કહી રહ્યો છું કે જીવનની હજાર મુસીબતોનો સામનો કરવા માટે જીવનમાં વીતાવેલી કેટલીક સુંદર પળોની યાદોનો સહારો જ પર્યાપ્ત હોય છે. શરત એટલી કે તે દિવસો પૂરી તન્મયતા સાથે વીતાવ્યા હોય, અને સાથે જ વર્તમાનનો સ્વીકાર કરીને, કર્મ સંપૂર્ણ ઈમાનદારી સાથે કરી રહ્યા હો તો. સમજવામાં તકલીફ પડી રહી હોય તો આજ વાતને બીજી રીતે સમજાવું. મુજ સાધારણ ગોવાળને શ્રેષ્ઠ નગરી વસાવવાની પ્રેરણા આપવા માટે રુક્મિણી પ્રત્યેનું મારું આકર્ષણ અને તેની સાથે જીવન જીવવાનું સ્વપ્ન જોવાનું જ પર્યાપ્ત સાબિત થયું હતું કે નહીં? હવે તે સપનું સાકાર થશે કે નહીં, એ પણ હું હજી જાણતો નહોતો. તે દ્વારકા આવવાનું સ્વીકારશે કે નહીં, આ પણ હું જાણતો નહોતો. પરંતુ આ બધી વાતો વધારે મહત્ત્વપૂર્ણ નથી, મહત્ત્વપૂર્ણ છે તેનાં સપનાં જોતા જોતા દ્વારકા વસાવી લેવી. કહેવાનું તાત્પર્ય એ કે હું ભૂતકાળની યાદો અને ભવિષ્યનાં સપનાંઓને પણ પૂર્ણતાથી જીવવામાં વિશ્વાસ રાખતો હતો. તેનો પૂરેપૂરો આનંદ ઉઠાવતો હતો. સમજી લેજો, મને વૃંદાવનથી વિખૂટા પડવાનું દુઃખ નહોતું. તેમજ મારે માટે રુક્મિણીને પામવાનું પણ જરૂરી નહોતું. ...પરંતુ નવરાશની

પળોમાં સપનાં જોઈને આનંદ લેવામાં ખોટું શું? ખૂબી આ કે જ્યારે વૃંદાવનને યાદ કરતો હતો ત્યારે તે મારો વર્તમાન બની જતો હતો, અને જ્યારે રુક્મિણીનાં સપનાં જોતો હતો ત્યારે તે મારા વર્તમાન બની જતા હતા. આમ સરવાળે ભૂતકાળની સોનેરી યાદો અને ભવિષ્યનાં સુંદર સપનાંઓએ જ મને વર્તમાનના આ સંઘર્ષપૂર્ણ જીવનમાં સંભાળી રાખ્યો હતો; અને તે પણ પૂર્ણ વર્તમાન બનીને.

ત્યાંજ મારી બાબતે એક વાત વધારે સમજવાલાયક છે. મેં હંમેશાં મારી જાતને કુદરતના હાથોની કઠપૂતળી માની હતી. મને જ્યારે ઈચ્છે ત્યારે, જેવા કર્મ અને કર્તવ્યમાં લગાવી દે, હું તરત લાગી જતો હતો. મારે શું કરવું અને શું ન કરવું, કે ક્યાં રહેવું અને ક્યાં ન રહેવું તે કાયમ મેં કુદરતના ન્યાય પર છોડી દીધું હતું. બીજી તરફ મારું એ સ્પષ્ટ માનવું હતું કે રુક્મિણીનાં સપનાં જોવા અને તે સપનાંઓનો આનંદ લેવો આ મારા અધિકારક્ષેત્રમાં આવતું હતું. તેમાં કુદરતની કોઈ દખલઅંદાજી મંજૂર નહોતી. હા, રુક્મિણીને પામવાનું કે ન પામવાનું, તે કુદરતની મરજી પર નિર્ભર હતું, તો તેમાં મારી કોઈ જિદ્ પણ નહોતી. કહેવાનું તાત્પર્ય એ કે મારા અને કુદરતના અધિકારક્ષેત્રને લઈને મેં ક્યારેય કોઈ ગેરસમજ નથી કરી. કુદરતના અધિકારક્ષેત્રમાં ઘૂસવાની મેં ક્યારેય કોઈ કોશિશ નથી કરી, ત્યાંજ કુદરતને પણ ક્યારેય મારા અધિકારક્ષેત્રમાં ઘૂસવા નથી દીધી. આજ કારણ હતું કે હંમેશાં વર્તમાનમાં કુદરતે જે મોકલ્યું તેને ખરા દિલથી સ્વીકાર્યું. ક્યારેય વર્તમાનથી ભાગવાની કોશિશ નથી કરી. ક્યારેય કોઈપણ કર્મથી પીછેહઠ નથી કરી. બધા કર્મ 'દ્રષ્ટા' બનીને હંમેશાં કરતો રહ્યો. ...પરંતુ વિચારવા જેવી વાત એ છે કે માત્ર વર્તમાનમાં જીવવાથી બિચારો અહંકાર તો સંપૂર્ણ રીતે મરી જાય. અને જો મનુષ્યમાં અહંકાર જ ન રહે તો તેના જીવવાની મજા જ લુપ્ત થઈ જાય, તેનું જીવન નીરસ જ બની જાય. આથી મેં હંમેશાં નવરાશની પળો અહંકારને ભરોસે વીતાવી. આજ કારણ હતું કે ભૂતકાળની સુંદર યાદો અને ભવિષ્યનાં સુંદર સપનાંઓને મેં હંમેશાં જીવંત રાખ્યા. પણ હા, ભૂતકાળની ખરાબ યાદોને કે ભવિષ્યના ખરાબ ભાવોને મેં ક્યારેય ફરકવા નથી દીધા. અર્થાત્ અહંકારના સારા સ્વરૂપને તો મેં હંમેશાં જીવિત રાખ્યું, પરંતુ તેના ખરાબ સ્વરૂપને ક્યારેય માથું ઊંચકવા નથી દીધું. ...મેં ક્યારેય એ રીતે નથી વિચાર્યું કે શા માટે કારાગૃહમાં જન્મ્યો? શા માટે ગોવાળ હતો? શા માટે મામા કંસે મને મારવા માટે આટલા પ્રયત્નો કર્યા? જરાસંધ મારા જીવનો શત્રુ શા માટે બની બેઠો છે? શા માટે વારંવાર ગમાર-ગોવાળ કહીને મારું અપમાન કરવામાં આવે છે? નહીં, હું આ બધું ક્યારેય યાદ રાખતો નથી. આવા ભૂતકાળમાં રાચતા રહેવું અહંકારનું વિકૃત સ્વરૂપ છે. યોગ્ય રીતે સમજી શકાય તો મેં અહંકારને પણ આત્માની ઊંચાઈ સુધી ઉઠાવ્યો હતો, અને ખૂલીને કહું તો વૃંદાવનની સોનેરી યાદોને એમાં સારી રીતે શણગારીને જીવી રહ્યો હતો.

...તેવી જ રીતે ભવિષ્યની કામનાઓ કરવી અને તે પૂરી ન થવાનું દુ:ખ કરવું, એ પણ અહંકારનું એક વિકૃત સ્વરૂપ જ છે. મેં અહંકારના તે સ્વરૂપને પણ ક્યારેય વિકસવા દીધું નહોતું. હું તો ભવિષ્યનાં સપનાં જોતો હતો અને દિલ ખોલીને તેનો આનંદ લેતો હતો. પછી તે પૂરા થાય કે ન થાય, કૂવામાં જાય. આજે વર્તમાનમાં તેનો આનંદ મળી રહ્યો છે ને, ...બસ, મારે માટે આજ પૂરતું હતું. અને આજ અહંકારનું 'સર્વશ્રેષ્ઠ' સ્વરૂપ છે, જે તેને આત્માની ઊંચાઈ પ્રદાન કરે છે. અને વળી મારો સ્પષ્ટ મત છે કે જ્યારે મનુષ્યના અહંકારને આત્માની ઊંચાઈ સુધી ઉઠાવી શકાય છે, જ્યારે તેનાથી જીવનની દુ:ખદ ક્ષણોને રંગીન બનાવી શકાય છે, તો નાહક તેને મારવાનું કે તેનો વિરોધ કરવાનું શું ઔચિત્ય છે? મને તથાકથિત સંત-મહાત્માઓની આ વાત ક્યારેય સમજમાં નથી આવી કે અહંકારને મારો. મારી દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે તે કળા શીખવી કે જ્યાંથી અહંકારને આત્માની ઊંચાઈ સુધી ઉઠાવી શકાય છે. હું કાયમ માનતો આવ્યો છું કે માયાથી દૂર રહીને માયાથી છૂટવામાં શું મહાનતા છે? માયાની પરમ ઊંચાઈ પર બિરાજમાન થઈને તેનો આનંદ લઈને પણ ભીતરથી માયા-વિહીન થવું વિશિષ્ટતા છે. આજ કારણ હતું કે હું આત્મજ્ઞાનીઓમાં 'રાજા જનક'થી વિશેષરૂપે પ્રભાવિત હતો. આજ વાત મેં અર્જુનને ગીતામાં

કહી પણ હતી [3] . આમ સરવાળે પોતાની વિશિષ્ટતાઓના નિરીક્ષણને મેં મારો સમય પસાર કરવાના એક નવા ઉપાય તરીકે શોધી કાઢ્યું હતું. પરંતુ હવે તો તે પણ બહુ થઈ ગયું હતું. આથી, એ વાતને પણ જવા દો. હમણાં તો આ તરફ સમયની સાથે ખુશખબરી પણ આવવાની શરૂ થઈ ગઈ હતી. હવે તો ભાઈ અને ઉદ્ધવ તરફથી પણ કાર્યની પ્રગતિના સમાચારો આવવાના શરૂ થઈ ગયા હતા. ચોક્કસપણે નિર્માણના કોઈ નવા સમાચાર આવતા જ હું ઉત્સાહિત થઈ જતો. તેને મનમાં ધરબીને તેનાં સપનાંમાં ખોવાઈ જતો.

...તાજેતરમાં મળેલા સમાચાર મુજબ, રસ્તાઓ બનાવવાનું કાર્ય પૂરઝડપે ચાલુ હતું. બીજી બાજુ, ઘરોનું નિર્માણ-કાર્ય પણ શરૂ થઈ ગયું હતું. કાર્યને ગતિ આપવા માટે વિશ્ર્વકર્માજીએ દરેક કાર્ય માટે અલગ અલગ ટુકડીઓ કામે લગાડી રાખી હતી. પરિણામસ્વરૂપ હવે તો રાજભવનનું નિર્માણકાર્ય પણ ધીમી પરંતુ નક્કર ગતિથી શરૂ થઈ ગયું હતું. આજ સ્થિતિ બજાર અને પ્રમુખ-દ્વારની પણ હતી. અર્થાત્ એકસાથે ચારે તરફ નિર્માણકાર્ય પ્રગતિ પર હતું. આમ પણ રાજભવન, બજાર અને પ્રમુખ દ્વારમાં ખૂબ જ કપરું શિલ્પકાર્ય હતું, આથી તે બધાનું નિર્માણકાર્ય ધીમી ગતિથી ચાલવાનું અપેક્ષિત જ હતું. આમ સરવાળે હું રાજધાનીના નિર્માણકાર્યથી સંપૂર્ણ રીતે સંતુષ્ટ હતો. સંતુષ્ટ શું, અતિ ઉત્સાહિત હતો. મજા એ કે નિર્માણકાર્ય તો પોતાની પૂર્ણ ગતિથી ચાલી રહ્યું હતું, સાથે જ સમય પણ ઝડપથી પસાર થઈ રહ્યો હતો. અને આ બધું જ ચાલતું હતું ત્યારે અચાનક મારું ધ્યાન નિર્માણકાર્યથી હટીને સમય પર જઈ ચડ્યું. પસાર થતાં સમયની સાથે ફરી એક વાર હું અકળાઈ ઊઠ્યો હતો. કારણ કે બધો ખેલ તો સમયનો જ હતો. સમયના આ વળાંક પર અનિચ્છાએ પણ મારું ધ્યાન ફરી જરાસંધ પર જઈને અટક્યું હતું. તેનું એક આક્રમણ બધું જ ખેદાનમેદાન કરી શકતું હતું. જો માથા પર આ તલવાર લટકી રહી ન હોત તો મારે દ્વારકા જવાની કોઈ જલ્દી નહોતી. ...અહીં કંઈ મરી થોડા રહ્યા હતા? બસ, ત્યાં જીવતા પહોંચવા માટે જરાસંધના સંભાવિત આક્રમણ પહેલા નીકળી જવું જરૂરી હતું.

આમ તો વિશ્ર્વકર્માજી પોતાના તરફથી સંપૂર્ણ પ્રયત્નો કરી જ રહ્યા હતા. હું પણ સમજી રહ્યો હતો કે આટલી ભવ્ય રાજધાની બનાવવી તે કોઈ મજાક નહોતી. પરંતુ આ વાત જરાસંધને કોણ સમજાવે? ખરેખર, જો દ્વારકાના સુરક્ષિત સ્થળાંતર પહેલા જરાસંધે આક્રમણ કરી દીધું તો દ્વારકા બનાવવાનું જ નકામું થઈ જશે. પછી ત્યાં વસવાનું તો છોડો, મારા સપનાંની નગરીને જોવાં સુદ્ધાંનું નસીબ નહીં થાય. કમાલ તો એ કે સવાલ જીવન-મરણનો હતો અને તેમ છતાં મારા હાથમાં કંઈ નહોતું. જરાસંધે ક્યારે આક્રમણ કરવું તે નક્કી એણે કરવાનું હતું. દ્વારકા ક્યારે બનીને તૈયાર થઈ જશે તે વિશ્ર્વકર્માજી જોઈ જ રહ્યા હતા. અને વચ્ચે ચિંતાની ઊંડી ખીણમાં હું ફસાઈ ગયો હતો. આ બધી વાતો એટલા માટે કરી રહ્યો છું કે હવે દ્વારકાના નિર્માણકાર્યને શરૂ થયે લગભગ એક વર્ષ પૂરું થવા આવ્યું હતું અને તેમ છતાં, હજી પણ ઘણું કાર્ય બાકી હતું. અર્થાત્ એક રીતે તો બધું અધ્ધર તાલ જ લટકી ગયું હતું. ...આથી વિચાર્યું કે આ બાબતે વિશ્ર્વકર્માજી સાથે જ સીધી વાત શા માટે ન કરી લેવામાં આવે? બસ, ધન પહોંચાડવાના બહાને હું તેમની પાસે જઈ ચઢ્યો. મારી વ્યાકુળતા જોઈને તેમણે આશ્ર્વાસન આપ્યું કે ચાર-છ મહિનામાં જ નિર્માણકાર્ય સંપૂર્ણ રીતે પૂરું કરી લેવામાં આવશે. ચોક્કસપણે આટલી મોટી નગરીનાં નિર્માણને જોતાં આ કંઈ લાંબો સમય પણ નહોતો, છતાં પણ ઘણો લાંબો હતો. મારી પાસે આટલો સમય જ ક્યાં હતો? મનમાં હજારો શંકાઓ-કુશંકાઓ ઉઠવા લાગી. મને આ રીતે વ્યાકુળ જોઈને તેમણે સલાહ પણ આપી દીધી કે આટલા અધીરા ન બનો. ...હવે તેમને શું કહું! અધીરો દ્વારકા જવા માટે નહીં, જરાસંધથી બચીને ભાગી જવા માટે થઈ રહ્યો છું. પરંતુ મજબૂરી હતી, સાચું કહી નહોતો શકતો. જરાસંધનો ભય જાહેર કરીને નાહક શા માટે મારી આબરૂના ધજાગરા કરું? માટે ચૂપ જ રહ્યો. અને એ સાથે જ આ વાત અહીં પૂરી થઈ ગઈ. ચાલો આ વાત તો પૂરી થઈ પણ તે તરફ વિશ્ર્વકર્માજી ઇચ્છતા હતા કે હું એક વાર દ્વારકા જઈ આવું, જેથી કોઈ પરિવર્તન કરવા

જેવું લાગે તો સમયસર કરાવી શકાય. પરંતુ મને વિશ્ર્વકર્માજી પર સંપૂર્ણ ભરોસો હતો. બીજું, હું મથુરા છોડવાની પરિસ્થિતિમાં પણ નહોતો. મારું આ સમયે મથુરા છોડવું કોઈના પણ મનમાં શંકા જન્માવી શકે તેમ હતું. અને વળી જરાસંધના સંભવિત આક્રમણ ઉપર પણ મારે બાજ નજર તો બનાવી જ રાખવાની હતી. જોકે આ બધી વાતો પણ એટલા માટે થઈ રહી હતી કે અત્યાર સુધી ન તો જરાસંધનું આક્રમણ થયું હતું અને ન તો તેના આક્રમણના કોઈ સમાચાર હતા. મારા મનથી તો બસ, આજ રીતે થોડા મહિના વધારે પસાર થઈ જાય તો બધું હેમખેમ પાર પડી જાય.

...આ તરફ, બસ, આજ ચિંતા લઈને હું પાછો મથુરા આવ્યો. ...પરંતુ કહે છે ને કે ચિંતા કરો અને ચિંતાનું કારણ હાજર થઈ જાય છે. અચાનક એક દિવસ શૈવ્યા અને શ્ર્વેતકેતુ મથુરા આવ્યાં. ક્યારનો એકાંત ભોગવી રહેલો હું તો તેમને જોતા જ ખીલી ઊઠ્યો. તેમને લઈને સીધો યમુનાકિનારાવાળા ઘરે પહોંચી ગયો. હજી અમે પરસાળમાં બેઠક જમાવીને બેઠા જ હતા કે મારા ધ્યાનમાં આવ્યું કે બંને પોતાનાં સ્વાભાવિક રંગમાં નહોતા લાગતા. બંનેનાં ચહેરાં સાવ ફિક્કા પડી ગયાં હતા. બંને ઘણાં જ ગભરાયેલા અને ચિંતામગ્ન પણ દેખાતા હતા. હું તો બંનેની આ અવસ્થા જોઈને જ હજારો શંકા-કુશંકાઓથી ઘેરાઈ ગયો. કોણ જાણે તે દુષ્ટ જરાસંધ અને રુક્મીએ મળીને મારી રુક્મિણી સાથે શું નું શું કર્યું હશે? આમ તો મારો એક સિદ્ધાંત હતો કે ખરાબ ખબર જેટલી જલ્દી સાંભળી લો એટલું સારું થાય છે. આથી મેં શ્ર્વેતકેતુને તરત પૂરી વાત સંક્ષિપ્તમાં બતાવવા માટે કહ્યું. શ્ર્વેતકેતુએ પણ મારી પરિસ્થિતિ જાણીને વિના વિલંબે જણાવ્યું કે શિશુપાલ રુક્મિણી પર બરાબરનો વારી ગયો છે. તે વારંવાર જરાસંધને રુક્મિણી સાથે તેના વિવાહ સત્વરે થાય તે માટે સમજાવ્યા કરે છે. જરાસંધ તો આમ પણ શિશુપાલને પોતાના પુત્રો કરતાં પણ અધિક ચાહે છે. આથી અંતે શિશુપાલની મહેનત રંગ લાવી અને તેણે શિશુપાલને રુક્મિણી સાથે વિવાહ કરાવવાનું વચન આપી દીધું.

...વાહ રે, શિશુપાલ, મારા ભાઈ! તને મરી ફિટવા માટે આ એક જ છોકરી મળી હતી. અરે, તું તો સંબંધમાં મારો ભાઈ છે. અને એ રીતે તો રુક્મિણી તારી ભાભી થઈ. પરંતુ દુર્બુદ્ધિ શિશુપાલને આ વાત કોણ સમજાવે? તે તો પોતાના પિતા દમઘોષનું પણ નથી સાંભળતો. ત્યાં સુધી કે ગયે વખતે રુક્મિણીના સ્વયંવરમાં તે એકલો આવ્યો હતો. તેનો વિવાહ હતો, છતાં પણ ફુઆજી ‘રાજા દમઘોષ’ ત્યાં આમંત્રિત નહોતા. હવે ભલા આવા દુષ્ટ સાથે કોણ માથું ફોડે? આ તરફ મારા ચહેરા પર ઉપસેલી ચિંતાની રેખાઓને જોઈને શ્ર્વેતકેતુ બોલ્યો- આ કોઈ મોટી સમસ્યા નથી. મોટી સમસ્યા એ છે કે જરાસંધે પ્રતિજ્ઞા લીધી છે કે જ્યાં સુધી તમને બંનેને ખતમ નહીં કરી નાંખે ત્યાં સુધી તે રુક્મિણી-સ્વયંવર નહીં રચાવે. કદાચ આ વખતે તે રુક્મિણીનો સ્વયંવર રચાવીને પોતાની બદનામીનું પુનરાવર્તન કરવા નહીં ઇચ્છતો હોય.

...મેં મનોમન વિચાર્યું, મોડી તો મોડી, પણ જરાસંધને બુદ્ધિ તો આવી. અને વળી હાલ પૂરતી તો રુક્મિણી સંપૂર્ણ રીતે સુરક્ષિત છે, આનાથી વધારે મારે શું જોઈએ? અને જ્યાં સુધી જરાસંધનો અમને ખતમ કરવાનો સવાલ છે તો એ બિચારો શું જાણે કે કેટલાક મહિનાઓમાં જ અમે અહીંથી છૂમંતર થઈ જવાના છીએ. અર્થાત્ ખબર ખરાબ જરૂર હતી પણ કોઈ ચિંતાજનક વાત નહોતી. બસ, આ બધી ગણત્રી મનમાં બેસાડતાં જ હું હળવો થઈ ગયો. ત્યાં સુધી કે મેં શ્ર્વેતકેતુને હસીને કહ્યું પણ ખરું કે તું નાહક જ આટલી ચિંતિત મુદ્રા બનાવી રહ્યો છે. જરાસંધ કંઇ આજનો થોડો મારા જીવનો દુશ્મન છે?

શ્ર્વેતકેતુ બોલ્યો- આ વાત તો હું પણ જાણું છું કે મેં અત્યાર સુધી તને જે કંઇ કહ્યું, તે કંઇ ગંભીર વાત નથી. પરંતુ ચિંતાજનક બાબત તો એ છે જે હું તને હવે કહેવા જઈ રહ્યો છું.

...લાગે છે મારું પળ વાર પણ હળવા થવું તેને ન ગમ્યું. ઠીક છે ભાઈ, લ્યો, ખરાબ ખબર સાંભળવા માટે પણ તૈયાર થઈ ગયા. હવે, આ મારે માટે ક્યાં નવી વાત હતી? આ તરફ મને તૈયાર

જોઈને શ્ર્વેતકેતુએ એકદમ ગંભીરતાપૂર્વક કહેવાનું શરૂ કર્યું- હકીકતમાં હમણાં થોડા સમય પહેલા જરાસંધે પોતાના તમામ મિત્ર રાજાઓની એક સભા બોલાવી હતી. તે સભામાં સર્વાનુમતે એ નિર્ણય લેવામાં આવ્યો કે કૃષ્ણના ખાતમા માટે કોઈક રીતે ‘કાલયવન’ની મદદ લેવામાં આવે [4] . કાલયવન એક રાક્ષસ રાજા છે. તેની આ સમયે આર્યાવર્તના સહુથી શક્તિશાળી રાજાઓમાં ગણના થાય છે. આ તરફ જરાસંધની દ્રઢ ઈચ્છા જોઈને, કાલયવનને પોતાની સાથે ભેળવવાની જવાબદારી શાલ્વએ પોતાના ખભે ઉઠાવી. આમ પણ શાલ્વ કાલયવનને પ્રસંગોપાત અનેક વાર મળી ચૂક્યો હતો. અહીં સુધી તો ઠીક, પણ જરાસંધની વ્યાકુળતા જોઈને શાલ્વ સમય બગાડ્યા વિના તરત કાલયવન પાસે જઈ ચઢ્યો. એટલું જ નહીં, ત્યાં જઈને તેણે પોતાનું કામ કાઢવા માટે એક અલગ જ રાગ આલાપ્યો. તેણે કાલયવનને કહ્યું કે કૃષ્ણ અને બલરામ જેઓ ખૂબ જ શક્તિશાળી છે, વાસ્તવમાં આર્યાવર્તની શાંતિ માટે મોટી સમસ્યા બની રહ્યા છે. તેઓ પ્રસંગોપાત રાજાઓનું લોહી વહાવ્યા કરે છે. આથી તમામ રાજાઓએ મળીને મને મદદ માટે તમારી પાસે મોકલ્યો છે. એટલે તમે મને તમામ રાજાઓનો દૂત સમજો, અને હું તમામ રાજાઓ વતી, એ બંનેના ખાતમા માટે તમારી મદદ માંગુ છું. એ બંને છોકરાઓ મથુરામાં જ રહે છે અને અમે ઈચ્છીએ છીએ કે તેમના ખાતમા માટે મથુરા પર બેતરફી આક્રમણ કરવામાં આવે. ઉત્તર તરફથી તમે મથુરા પર આક્રમણ કરો અને પૂર્વ તરફથી અમે બધા રાજાઓ મળીને જરાસંધના નેતૃત્વમાં આક્રમણ કરી દઈશું. પછી તો તમારી મદદથી તે બંનેનું બચવું અશક્ય બની જશે. ...હવે કાલયવન આમ પણ શાલ્વનો મિત્ર હતો. ઉપરથી તમામ રાજાઓએ મળીને તેની મદદ માંગી હતી. અહંકારનો માર્યો કાલયવન બિચારો તેને પોતાની શક્તિનું સન્માન સમજી બેઠો અને ફળસ્વરૂપે તે તરત મથુરા પર આક્રમણ માટે રાજી થઈ ગયો. એટલું જ નહીં, તે પોતાના સૈન્યમાં એક વિશાળ સેના લઈને મથુરા તરફ નીકળવાની તૈયારીમાં જ છે. ...કદાચ અત્યાર સુધી તો નીકળી પણ ગયો હોય.

...આ સાંભળતા જ મારા પગ નીચેથી ધરતી ખસી ગઈ. એક ક્ષણ માટે તો મને એવું લાગ્યું કે જાણે મારા તમામ સપનાં મારી આંખો સામે ચકનાચૂર થઈ ગયા. સફળતા આટલી પાસે આવી અને આટલી ભયંકર મુસીબત? જરાસંધ પણ ધીમેધીમે સારો કૂટનીતિજ્ઞ થતો જઈ રહ્યો હતો. એ દુષ્ટે કાલયવનને એ ન કહ્યું કે કૃષ્ણ મારો અંગત દુશ્મન છે. જો કાલયવનને એવું કહેવાયું હોત તો કદાચ તે મથુરા પર આક્રમણ કરવા માટે ક્યારેય રાજી ન થાત. પરંતુ હવે હું તો કાલયવનને આ જઈને સમજાવી શકવાનો નહોતો. મારે તો જે પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું તેનો જ સામનો કરવાનો હતો. ...પરંતુ હવે કરવા માટે શું બાકી રહી ગયું હતું? કંઈ સમજમાં આવવાનો તો પ્રશ્ર્ન જ ઊઠતો નહોતો. બુદ્ધિ પર તો જાણે હજારો તાળા લાગી ગયા હતા. ઉપરથી ભાઈ અને ઉદ્ધવ પણ મથુરામાં નહોતા. જો કાલયવન મથુરા આવવા માટે નીકળી પડ્યો હોય, તો લગભગ બે મહિનાની અંદર અંદર તો તે મથુરા પહોંચી જશે. લગભગ તે સમય સુધીમાં તો જરાસંધ પણ મથુરા પહોંચી જશે. આનો અર્થ એ નક્કી હતું કે હવે મથુરાને કોઈ બચાવી શકવાનું નહોતું. સાથે જ હું અને મારા સપનાં બંને ભસ્મીભૂત થયા જ સમજો. દ્વારકા અને રુક્મિણીનું સપનું તો આ ખબરમાત્રથી જ ગાયબ થઈ ગયા હતા. હવે તો જીવવાના પણ સાંસા પડી ગયા હતા. આ તરફ શ્ર્વેતકેતુ અને શૈવ્યાની સ્થિતિ પણ ખરાબ હતી. અને વળી શ્ર્વેતકેતુ તો પોતે એક સેનાપતિ હતો. ચોક્કસપણે તે સમસ્યાની ગંભીરતાને બરાબર સમજી રહ્યો હતો. ...એટલે જ તો તે આટલે દૂરથી સમાચાર આપવા માટે આવ્યો હતો. હશે, હાલ તો વાત પૂરી થતાં જ ત્રણે એક ખૂણામાં ચૂપચાપ ડરીને બેઠાં હતા.

ચોક્કસપણે હવે કહેવા-સાંભળવા માટે કંઈ બાકી રહ્યું નહોતું. ત્યાંજ કરવા જેવું પણ કંઈ સૂઝી રહ્યું નહોતું, આથી અંદરોઅંદર કોઈ ખાસ વાતચીત પણ થઈ નહોતી રહી. વાતચીતના નામ પર રહીરહીને એક બીજાને નકામી સાંત્વનાઓ આપવામાં આવી રહી હતી. ત્યાંજ વાતવાતમાં શ્ર્વેતકેતુએ જણાવ્યું કે જરાસંધે વિજય બાદ મથુરા કાલયવનને સોંપવાનું શાલ્વને આશ્ર્વાસન પણ આપ્યું છે.

પરિણામસ્વરૂપે કાલયવન પણ આર્યાવર્તના આ ખૂણામાં પોતાના એક રાજ્યનું સપનું જોવા લાગ્યો છે. ...જોવા દો, આ તો એમનો આંતરિક વિષય છે. જ્યારે આપણે જ નહીં રહીએ તો રાજ કોનું હશે તેની ચિંતા શું કરવાની? બસ, એક-બે દિવસ અમે આમ હતાશામાં વીતાવ્યા. આમ પણ શ્ર્વેતકેતુ અને શૈવ્યાનું કામ પૂરું થઈ ગયું હતું. તેમણે જે સૂચના મારા સુધી પહોંચાડવાની હતી, પહોંચાડી ચૂક્યા હતા. હું નહોતો ઈચ્છતો કે આ માહિતીની મારા સિવાય કોઈ બીજાને જાણ થાય. આથી બાબતની ગુપ્તતા જાળવી રાખવા, મેં બંનેને તરત પાછા મોકલી દીધાં.

દ્વારકા તરફ પ્રસ્થાન

ભાઈ અને ઉદ્ધવ અહીં હતા જ નહીં. બાકી કોઈ સાથે આ વાતની ચર્ચા કરી શકાતી નહોતી. જીવનમાં પહેલી વાર મારી જાતને એકલો અને હતાશ અનુભવી રહ્યો હતો. સાચું કહું તો આજે ભાઈની ખોટ બહુ સાલી રહી હતી. આજ સુધી અમે બંને ભાઈઓએ મળીને દરેક આફતનો સામનો કર્યો હતો. તેમની હાજરીમાત્ર મને મજબૂતી પ્રદાન કરતી હતી. પરંતુ આજે જ્યારે જીવનની સહુથી મોટી સમસ્યા મારી સામે મોં ફાડીને ઊભી હતી, ત્યારે ભાઈ મારી સાથે નહોતા. અજબ હાલત હતી મારી, હું ના તો કોઈની સાથે વાત કરી શકતો હતો અને ના તો એકલો આટલો મોટો આઘાત સહન કરી શકતો હતો. ...કાંઈ વાંધો નહીં. આવામાં જ્યારે કરવા જેવું કંઇ નથી ત્યારે ઓછામાં ઓછું જે કરી શકું છું તે તો કરું, આથી હું ચૂપચાપ મારી વાંસળીના શરણમાં જતો રહ્યો. આખી રાત યમુનાકિનારે આડો પડીને વાંસળી વગાડતો રહ્યો. પરંતુ આજે વાંસળીમાં ના તો પેલી મધુરતા હતી, ના તલ્લીનતા. આજે વાંસળી વૃંદાવનની યાદો સુદ્ધાં લાવવામાં સંપૂર્ણ રીતે અસફળ થઈ ગઈ હતી. રુક્મિણી અને દ્વારકાનાં સપનાં જોવાનું તો આમ પણ વ્યર્થ થઈ ગયું હતું. કારણ કે આ સપના તો જરાસંધના આક્રમણની ખબર સાથે જ અલોપ થઈ ગયા હતા. ...એટલે વાંસળી વગાડી, પણ કંઇ ન વળ્યું અને ઉપરથી રાતભરની હતાશાએ મને વધારે થકાવી દીધો, તે અલગ. કદાચ આટલી હતાશા ભાઈની ગેરહાજરીને કારણે હતી. જોકે લાંબા સમય સુધી હતાશામાં રહેવું મારો સ્વભાવ નહોતો. તમે તો જાણો જ છો કે હારતા પહેલા હાર માની લેવી તે મારા સ્વભાવમાં નથી.

...પરંતુ શું કરું? બાબત જ કંઈક વધારે ગૂંચવાઈ ગઈ હતી. કુદરતે આકાશને આંબતા આંબતા જમીન પર લાવીને મૂકી દીધો હતો. જમીન પર પણ શું, જમીનની અંદર જ ધરબી દીધો હતો. બધું સમાપ્ત થવામાં જ હતું. થવામાં શું હતું, એક રીતે તો થઈ જ ગયું હતું. ...બસ, સમય આવવાની જ વાર હતી. સમસ્યા જટિલ હતી અને કોઈ ઉપાય નહોતો. આ વખતે તો 'રણછોડ' બનીને પણ બચી શકાય તેમ નહોતું. કારણ કે આ વખતે રણ છોડ્યું તો મથુરા પર કાલયવનનું શાસન નક્કી હતું. અર્થાત્ નાનાજીએ એક વાર ફરી કારાગૃહની દીવાલો સાથે વાતો કરવી પડશે. મથુરાવાસીઓ ઉપર ફરી એક વાર સિતમની ઝડી વરસશે. અને ફરી રણછોડ બનીને પણ હું ક્યાં જવાનો? કેટલા દિવસ બચીશ? આજે નહીં તો કાલે, જરાસંધના સકંજામાં આવી જ જઈશ. એના કરતાં તો મથુરાવાસીઓની સાથે જીવવું-મરવું સારું! જીવવું ક્યાં, એમ કહો કે મરવું સારું. ...અહીં મથુરામાં રોકાવાનું પરિણામ તો આંખો સામે જોઈ શકાતું હતું. જરાસંધ અને કાલયવન મળીને બે દિવસમાં, મારા સહિત સમગ્ર મથુરાનું નામોનિશાન મિટાવી દેશે. અર્થાત્ હવે બચવા-બચાવવાનો કોઈ રસ્તો નથી. સાચું કહું તો મને આ વખતે બચવાના ઉપાય ઉપર વિચારવાનું પણ મૂર્ખતાપૂર્ણ લાગી રહ્યું હતું. ત્યાંજ એ પણ સત્ય હતું કે આ બહુમૂલ્ય મનુષ્ય જીવનમાં, આટલી સહેલાઈથી હથિયાર હેઠા પણ મૂકી શકાતા નહોતા. એ પણ ચોક્કસ હતું કે સમસ્યા ગમે તેવી કેમ ના હોય, ઉપાય તો કર્મની સીમામાં રહીને જ શોધવાના હોય છે. અને કર્મ કરવા માટે આશા ટકાવી રાખવી જરૂરી હોય છે. આથી જાતમાં આશાનો સંચાર થાય એવા વિચારો કરવાનું શરૂ કર્યું. પેલું કહેવાય છે ને કે હતાશા એક સીમાથી આગળ વધી જાય, તો આશાનું એક કિરણ પણ પ્રકટી જ જાય છે. ...કહે છે ને કે જ્યારે કાજળ જેવી રાત ઘેરાય છે, તો સુંદર સવાર આવે જ છે. બસ, આજ બધા વિચારોના સહારે હું મારી સકારાત્મકતા ટકાવી રાખવાની કોશિશમાં લાગી ગયો હતો. કહેવાનું તાત્પર્ય એ કે બચવાની આશાને મરવા દેતો નહોતો.

...આ સકારાત્મકતા પણ તરત જ રંગ લાવી. મનમાં આશા જાગી. મારી જ વાતો યાદ

વિશ્ર્વાસ પાછો ફરવા લાગ્યો. 'આફત ગમે તેટલી મોટી કેમ ના હોય અથવા સમસ્યા કેટલીય ગંભીર કેમ ના હોય, એમાંથી બચી નીકળવાનો એક માર્ગ અવશ્ય હોય છે.' બસ, મેં મારી સમગ્ર ચેતના તે માર્ગ શોધવામાં લગાવી દીધી. નક્કી કર્યું કે પોતાની દ્વારકા અને જીવથી પણ વહાલી મારી રુક્મિણીનાં સપનાંઓને ચકનાચૂર નહીં થવા દઉં. સફળતાની આટલે નજીક આવીને ઘોર અસફળતાનું મોં નહીં જોઉં. બસ, આ પ્રતિજ્ઞા વારંવાર પુનરાવર્તિત કરીને હું કોઈ ને કોઈ ઉપાય શોધવા કટિબદ્ધ થઈ ગયો. મન તો અન્ય ક્યાંય લાગવાનો સવાલ જ ઊઠતો નહોતો. ના કુબ્જા, ના નાનાજી. મુલાકાત થઈ પણ જતી, તો પણ મારા ચિંતનોમાં જ રહેતો હતો. આમ સરવાળે, આખી મથુરાની ભીડમાં રહીને પણ એકલો રહેવા લાગ્યો હતો. અને આ મનરૂપી એકાંતમાં હું પોતાને વારંવાર આ સમજાવ્યા કરતો હતો કે અરે ભાઈ, 'સંઘર્ષ તારું જીવન છે' ...સંઘર્ષોમાં જીવવા અને તેમાંથી વિજયી થઈને બહાર નીકળવા માટે તો તું ટેવાઈ ગયો છે. આવામાં હતાશ શું કામ થવાનું? ભલે, એક વધુ સંઘર્ષ થવા દો, એક વધુ વિજય થશે. હતાશામાં જીવવા કરતાં તો સારું છે કે સંઘર્ષમાં જીવવાની મજા માણો. જીવનના સંઘર્ષ પણ એક રમત જ તો છે. એને મન મૂકીને રમી લો. વાત તો સો ટકા સાચી હતી, પણ તેના પર અમલ કરવાનું સહેલું નહોતું. કારણ કે આ આફતની વાત જ નિરાળી હતી. લાખ વિચારું, ઉપાય સૂઝતો જ નહોતો. તેમાંથી બચી નીકળવાનું વિચારવું જ અજૂગતું લાગી રહ્યું હતું. જ્યારે હકીકત એ છે કે જીવનમાં 'જીતવું' આજે જેટલું જરૂરી હતું તેટલું પહેલા ક્યારેય નહોતું. આજે સવાલ મારો અને મારા સપનાનો જ નહીં, કોઈ નાના-મોટા ગામનો નહીં, પરંતુ સમગ્ર મથુરાના જનજીવનનો આવીને ઊભો હતો. આમ સરવાળે તમામ જરૂરિયાત અને પરિસ્થિતિઓ પોકારી પોકારીને કહી રહી હતી કે 'કૃષ્ણ' જાગો અને પોતાના હથિયાર ઉઠાવો. તારી પાસે તો એકથી એક નિરાળા હથિયાર છે, જરૂર કોઈ માર્ગ નીકળી આવશે. અને વળી તારો વિશ્ર્વાસ તો કર્મમાં છે. કોરા જ્ઞાન સાથે મારે શું લેવા-દેવા? શુભ વિચાર બહુ કરી લીધા, હવે શુભ કર્મનું વિચારો. પોતાના અદ્ભુત હથિયાર, ચિંતન, ચૈતન્ય, છળ, જૂઠ, કપટ બધું લઈને તૂટી પડો સમસ્યા પર. હાર શું માનવાની? ચલાવો કોઈ ચક્કર અને બચાવી લો બધુંય.

બસ! મેં કોઈપણ ભોગે આ પરિસ્થિતિમાંથી બચી નીકળવાનો સંકલ્પ કર્યો. એટલું જ નહીં, જાતે જ જિદે ભરાઈને પોતાના અહંકાર સામે જ પડકાર ફેંકી દીધો કે પોતાને બહુ બહાદુર સમજો છો, ...તો લો આ પરિસ્થિતિમાંથી બચી નીકળીને બતાવો. જરાસંધ અને કાલયવનએ તો પડકાર્યા જ હતા; હવે તો મારું પોતાનું અસ્તિત્વ પણ મને પડકારવા લાગ્યું હતું. અને એ સાથે જ હમણાં નહીં તો ક્યારેય નહીં, આ સૂત્ર સાથે મારા ચિંતને પણ વિચાર કરીને યોગ્ય દિશા પકડવાનું શરૂ કરી દીધું હતું. જ્યારે મારો સંકલ્પ મારી સાથે છે, મારા ઈરાદા મજબૂત છે, તો જરાસંધ અને કાલયવન મારું શું બગાડી લેશે? વારંવાર આજ વિશ્ર્વાસ હું મનોમન ઘૂંટ્યા કરતો હતો. જ્યારે મારા મનની આટલી વાત કરી દીધી છે તો એક રહસ્યની બીજી વાત પણ બતાવી દઉં. સ્વયંને સતત આત્મવિશ્ર્વાસ અપાવવા માટે કરવામાં આવેલા મનનને જ હું 'મંત્ર' કહું છું. વિશ્ર્વમાં અન્ય કોઈ મંત્ર હોતા જ નથી. મેં પણ જાતને સંપૂર્ણ રીતે આ મંત્રના મનનમાં ડૂબાડી દીધી હતી. સતત મનન કરવાથી વિશ્ર્વાસ જાગ્યો અને વિશ્ર્વાસ જાગતા જ આશાનું કિરણ પ્રકટવાનું શરૂ થઈ ગયું. જલ્દીથી આનું સુખદ પરિણામ પણ આવ્યું. અંતે મારા ચિંતને એક માર્ગ શોધી જ કાઢ્યો. જો હું જરાસંધ અને કાલયવનના આવતા પહેલા મથુરાવાસીઓની સાથે મથુરા છોડીને દ્વારકા ભાગી શકું, તો આ ભયંકર વિનાશથી બચી શકાય તેમ છે. બિલકુલ ઠીક! મેં કહ્યું હતું ને કે સમસ્યા ગમે તેવી મોટી કેમ ના હોય, તેનું એક સમાધાન અવશ્ય હોય છે. આમ 'સામૂહિક-રણછોડ' બનવાનું આ સમસ્યાનો એક ઉપાય બનીને સામે આવ્યું, અને ઉપાય પણ એકદમ સચોટ. ખબર નહીં આ રણછોડ સ્વરૂપ મને કેમ આટલું ફાવી રહ્યું હતું. જોકે એ સારું હતું કે આ વખતે મારી સાથે સાથે હજારો લોકોએ રણછોડ બનવાનું હતું. આ બહાને ઓછામાં ઓછો હું એકલો જ રણછોડ નામે બદનામ તો નહીં થતો રહું.

...જોકે થોડું વધારે મનન કરવાથી આ યોજનાનું બીજું પાસું પણ સામે આવ્યું. ઉપાય ભલેને સચોટ હતો પરંતુ તેનું અમલીકરણ સહેલું નહોતું. આમાં સહુથી મોટી સમસ્યા સમયના અભાવની હતી. ઉપરથી, આગળ કંઇ પણ કરવા માટે ઓછામાં ઓછું ભાઈ અને ઉદ્ધવનું સત્વરે પાછા આવવું અતિ આવશ્યક હતું. સાથે જ દ્વારકા નિર્માણમાં ઝડપ લાવવાનું પણ જરૂરી હતું. અને વળી એક બે નહીં, લગભગ પચીસ હજાર લોકોએ 'સામૂહિક-રણછોડ રાય' બનવાનું હતું. અર્થાત્ ઉકેલ પોતે જ પોતાનામાં હજારો સમસ્યાઓ સમાવીને બેઠો હતો. પરંતુ ઈચ્છાશક્તિના બળ પર વિચારું તો કાર્ય ભલે કઠિન હતું, પરંતુ તેને અમલમાં મૂકી શકાય તેવું હતું. બલ્કે સ્પષ્ટ કહું તો અમલમાં મૂકવું જ પડે તેમ હતું. આમ પણ એક વાર માર્ગ શું સૂઝી આવ્યો હતો, હું મારી અંદર એક નવી ઊર્જાના સંચારનો અનુભવ કરવા જ લાગ્યો હતો. અર્થાત્ જોતજોતામાં હું ફરી એજ જૂનો 'કૃષ્ણ' થઈ ગયો હતો. હવે એક વાર પોતાના રંગમાં શું આવી ગયો, તરત કામ ઉપર પણ લાગી ગયો. ચેતના ઉપાય સુઝાડીને પોતાનું કામ કરી ચૂકી હતી, હવે વારો 'કર્મ'નો હતો. અને કર્મમાં તો પાછા હઠવાનો સવાલ જ ઊઠતો નહોતો.

બસ! તત્ક્ષણ હું વિશ્વકર્માજીને મળવા નીકળી પડ્યો. સમયના અભાવને કારણે, આજે મારો રથ હવા સાથે વાતો કરી રહ્યો હતો. માર્ગમાં આજે મને ના ભૂખ લાગતી હતી કે ના તરસ. થાકવાનો તો સવાલ જ નહોતો. કારણ કે જો આજે થાકી ગયો તો એ નક્કી હતું કે જરાસંધ અને કાલયવન આવીને જીવનભરનો થાક ખતમ કરી નાખશે. વિશ્વકર્માજીની પાસે તરત જવાના બે પ્રમુખ કારણ હતા. એક તો તેમના માણસો નિયમિત દ્વારકા આવતા-જતા હતા અને હું ભાઈ સુધી તરત મથુરા આવવાનો સંદેશ મોકલવા માંગતો હતો. બીજું, વિશ્વકર્માજીને મળીને કામમાં ગતિ લાવવાનું નિવેદન કરવા માંગતો હતો. હવે આટલી ઝડપ હોવાને લીધે પહોંચવામાં શી વાર? અને પહોંચીને વિશ્વકર્માજીને ઘેરવામાં શું વાર? બસ, મળતાવેંત જ સર્વપ્રથમ મેં તેમને નિવેદન કર્યું કે હું ઈચ્છું છું તમે પોતે દ્વારકા જઈને એ સુનિશ્ચિત કરો કે આવતા એક-દોઢ માસમાં ત્યાંનું નિર્માણ કાર્ય પૂરું થઈ જાય. કારણ કે કોઈ કારણવશ અમારે દોઢ માસની અંદર જ ત્યાં વિસ્થાપિત થવું જરૂરી છે. મેં વાત એકદમ ગંભીરતાથી કરી હતી અને વિશ્વકર્માજીએ પણ સંપૂર્ણ ગંભીરતાથી જ તેનો પ્રતિસાદ આપ્યો...

...તેઓ મારી વાત સાંભળતા જ બોલ્યા- તમે ચિંતા ના કરો. જો સ્થળાંતર આટલું જ જરૂરી છે, તો હું આજે જ દ્વારકા ચાલ્યો જાઉં છું. જો કોઈ કારણવશ, કામ દોઢ માસમાં પૂરું નહીં પણ થાય તો પણ રાજમહેલ, મુખ્ય દ્વાર અને મોટા ભાગના મોટા અને નાના મકાનોનું નિર્માણકાર્ય જલ્દી પૂરું કરાવવાની કોશિશ કરું છું. પછી ભલે બજાર, મેદાન અને બગીચાઓનું કામ તમારા લોકોના વિસ્થાપિત થયા બાદ પણ ચાલતું રહે. ...એની તમારા સ્થળાંતર પર કોઈ અસર નહીં પડે.

વાહ! શું વાત કહી હતી. ક્ષણભરમાં કેટલું સચોટ વિચારી લીધું હતું. પળવારમાં તમામ સપનાં જીવંત કરી દીધાં હતા. ખરેખર, બુદ્ધિનો ઠેકો વિશ્વમાં મેં એકલાએ નહોતો લઈ રાખ્યો. ...સાચે જ એક વાર ત્યાં જનજીવનનો આરંભ થઈ શકે, એટલા કાર્ય થઈ જાય તો પણ ભયો ભયો. બાકીનાં કામ ચાલતા રહે, એમાં અમને શું વાંધો હતો? સહુથી મોટી પ્રાથમિકતા તો જીવન બચાવવાની જ હતી. અને જો અમે સફળતાપૂર્વક 'સામૂહિક-રણછોડ' બનીને સમયસર પલાયન થઈ ગયા, તો સુરક્ષિત રીતે અમારી પોતાની નગરી દ્વારકામાં શરણ લેવાનો માર્ગ તો ખૂલી જ ગયો. ...ખરેખર, વિશ્વકર્માજીએ ક્ષણભરમાં એ સલાહ આપી દીધી હતી જે હજારો વિચાર કર્યા પછી પણ મારા મનમાં આવી નહોતી. ચોક્કસપણે હજી મારે જીવનમાં ઘણું બધું શીખવાનું બાકી હતું. અને જુઓ, મારી આ સમજે જ મારા શીખવાના દ્વાર હંમેશાં ખુલ્લા રાખ્યા હતા. એજ કારણ હતું કે પોતાને કારણ વિના હોંશિયાર માનવાને બદલે, મને શીખવામાં સદૈવ વધારે વિશ્વાસ રહેતો હતો.

ખેર! મારું કામ પૂરું થયું હતું. હું વિશ્વકર્માજી પાસેથી જરૂરી આશ્વાસન પણ મેળવી જ ચૂક્યો હતો. હવે મારે માટે ત્યાં વધુ રોકાવાનું કોઈ ઔચિત્ય નહોતું. બસ, ભાઈને તરત મથુરા પાછા

મોકલવાનો સંદેશ પહોંચાડવાનું કહીને હું મથુરા પાછો ફરવા માટે તૈયાર થઈ ચૂક્યો હતો. ...કારણ કે સ્થળાંતરની તૈયારીઓમાં ભાઈનું યોગદાન અતિ મહત્ત્વપૂર્ણ હતું. આમ સરવાળે એ તરફ વિશ્ર્વકર્માજી દ્વારકા જવા માટે રવાના થયા અને આ તરફ મેં મથુરા તરફ પ્રસ્થાન કર્યું. આ સમયે હું પોતાને ઘણો નિશ્ર્ચિંત પણ અનુભવી રહ્યો હતો. આ નિશ્ર્ચિંતતા અકારણ નહોતી. એક વાર ભાઈ પાછા આવે, અને બીજી તરફ વિશ્ર્વકર્માજી કાર્યોમાં ઝડપ લાવી દે તો સમયસર અમારું નીકળવાનું શક્ય બની ગયું હતું. હવે વાત માત્ર 'કર્મ'ના સહારે આ શક્યતાને હકીકતમાં બદલવાની હતી. આથી હું તો મથુરા જઈને તેમાં જ લાગી જઈશ. આ વિચારની સાથે જ થોડીક ક્ષણ માટે નિવૃત્ત શું થયો કે મન બીજા વિચારોમાં ખોવાઈ ગયું. વિચારવા લાગ્યો કે શું જરાસંધ અને મારી વાત કંઈક અંશે હાસ્યાસ્પદ નથી? અત્યાર સુધીમાં હું જરાસંધ સામે યુદ્ધ લડીને બે વાર જીતી ચૂક્યો હતો. એક વાર રણ છોડીને તેને પરાજય પણ આપી ચૂક્યો હતો. તેમ છતાં, મારે જ વારંવાર એનાથી જીવ બચાવવો પડતો હતો. ...વાત કંઈક અજીબ નથી? ખેર, આ વખતની 'સામૂહિક-રણછોડ નીતિ'થી કદાચ જરાસંધ નામની બીમારીમાંથી કાયમી ધોરણે છુટકારો મળી જાય. કારણ કે એક વાર દ્વારકા પહોંચી ગયા પછી જરાસંધના આક્રમણની કોઈ શક્યતા નહોતી. આક્રમણ છોડો, દ્વારકા સુધી પહોંચવું જ તેની હેસિયત બહારની વાત હતી. ...વધારે ન ઉડો કૃષ્ણ! એ વિચારો કે દ્વારકા પહોંચવું એ તમારી હેસિયત કે પહોંચની પણ ક્યાં વાત છે? ચૂપચાપ કામે લાગો. બસ, આ વિચાર આવતા જ તત્ક્ષણ હું ફરી જમીન પર આવી ગયો.

સારું એ થયું કે ભૂમિગત હકીકતના સ્વીકાર સાથે જ મેં મથુરામાં પ્રવેશ કર્યો. અને તેનું પરિણામ એ આવ્યું કે મથુરા પહોંચતા જ હું ચૂપચાપ સ્થળાંતરની તૈયારીઓમાં લાગી ગયો. જોકે ભાઈ અને ઉદ્ધવ વિના કામમાં ઝડપ લાવવાનું શક્ય નહોતું, તેમ છતાં પણ જેટલું શક્ય હતું તે શરૂ થઈ ગયું હતું. અને કંઈ નહીં તો કમસેકમ આ બધાને બચી નીકળવાનો રોમાંચ તો ઊભો થઈ ગયો હતો. ...ત્યાં, એક વાત માટે મારી પ્રશંસા પણ ચોક્કસ કરવી પડશે કે આ તો સારું હતું કે જે હું પહેલેથી ના માત્ર જરાસંધ દ્વારા કોઈ નિર્ણાયક આક્રમણની શક્યતા જોઈ રહ્યો હતો, પરંતુ તે માટે સતર્ક પણ હતો. ...નહીંતર તો આ વખતે, મારા સહિત બધાનું કામ પૂરું થઈ જાત. ...ફરી એજ વાત, કૃષ્ણ? ક્યાંક આટલું મોટું આક્રમણ જોઈને તારું મગજ તો નથી ભમી ગયું ને? લાગે તો કંઈક એવું જ છે... કેમકે કર્મ છોડીને વારંવાર આત્મસ્તુતિ કરવા મંડી પડો છો? એક વાર બચી નીકળો, પછી કરવો હોય એટલો અહંકાર કરી લેજો. ...માન્યું કે જરાસંધનું આક્રમણ તમારી ધારણામાં હતું, પરંતુ શું એ કોઈ મોટી મદદ લઈને બે બાજુથી આક્રમણ કરશે તેનો અંદાજો હતો? પરંતુ જે સહેલાઈથી પીછેહટ કરે તે અહંકાર શાનો? એ તરત સ્વ-બચાવમાં ઊતરી આવ્યો. અરે ભાઈ, આનું જ નામ તો જીવન છે જ્યાં મારા જેવા સાવધાન, જાગૃત અને મનોવિજ્ઞાનના પાક્કા ગણત્રીબાજ સાથે પણ ક્યારેક ક્યારેક કંઈક ધારણા બહારનું બની જાય છે. ધ્યાનથી જોવામાં આવે તો આ વખતે અહંકારની વાત સંપૂર્ણપણે ખોટી પણ નહોતી. વાસ્તવમાં આજ તો જીવનની મહાનતા છે. જ્યાં મનુષ્ય જીવનની પરમ ઊંચાઈ પર હોવા છતાં પણ આગળ શું થવાનું છે, એનો અંદાજ બાંધવામાં થાપ ખાઈ જાય છે. અને સાચી વાત તો એ છે કે મનુષ્યના મનની સર્વોચ્ચ ઊંચાઈ કરતાં પણ જીવનનું ઊંડાણ ઘણું ઊંચુ અને વિશાળ હોય છે. અને જો ખરી રીતે સમજીએ, તો જીવનની આ વિશાળતા જ મનુષ્ય જીવનનો અસલી આનંદ છે. અહીં કાલે શું થશે એની ખબર નથી, એટલે જ તો જીવન રસપૂર્ણ છે. ...જોકે તેમ છતાં પણ કેટલાક નાદાન અહીંતહીં ભવિષ્ય જાણવાના લોભમાં ભટકતા જ રહે છે.

ખેર! અત્યારે આ વાત છોડો. હાલ તો અહીં જે કમાલ થઈ ગઈ તે સાંભળો. હજી માંડમાંડ પંદર દિવસ જ થયા હતા કે ભાઈ અને ઉદ્ધવ મથુરા પાછા ફર્યા. બંને ઘણા ઉત્સાહમાં હતા, કારણ કે દ્વારકા પોતાનું સુંદર સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી. ચોક્કસપણે તેમને મથુરા પાછા બોલાવવા માટેનું

કોઈ ગંભીર કારણ પણ હોઈ શકે છે, તે વાતનો એમને બિલકુલ અંદાજો નહોતો. ...નહીંતર આ ઉત્સાહ ક્યારનો છૂમંતર થઈ ગયો હોત. સમજમાં આવત પણ કેવી રીતે? જ્યારે આ સમસ્યા મારે માટે જ ધારણા બહારની હતી, તો ભાઈ અને ઉદ્ધવની ધારણામાં આવવાનો તો પ્રશ્ન જ ક્યાં ઊઠતો હતો? ...અને એ પહેલા કે તેઓ દ્વારકાનું વિસ્તારથી વર્ણન કરે, 'સમય'ની ઊણપને જોતાં, તેમને વર્તમાન આફતથી માહિતગાર કરાવવાનું જ મને યોગ્ય લાગ્યું. સ્વાભાવિક રીતે, જરાસંધ અને કાલયવનના સામટા આક્રમણની ખબર સાંભળતા જ તેઓ બરાબરના ગભરાઈ ગયા. ક્ષણભરમાં બંનેનો ઉત્સાહ ઓસરી ગયો. સાચું કહું તો મેં ભાઈને જીવનમાં બીજી વાર આટલા ગભરાતા જોયા હતા. પહેલી વાર તો તમને યાદ જ હશે કે જ્યારે સાંદીપનિજી ક્રોધિત થયા હતા ત્યારે ભાઈની કેવી બોલતી બંધ થઈ ગઈ હતી? ત્યારનું ઠીક છે, પણ આ સમયે ભાઈનો આ ડર પરિણામ પર અસર પાડે એમ હતો. આ સમયે અમારે કર્મ કરવાનું હતું, અને કર્મને હંમેશા ઉત્સાહ અને આશાની જરૂરિયાત હોય છે. જીવનની એજ હકીકત છે કે ભયભીત માનવી ક્યારેય કોઈ કામનો નથી રહેતો. આથી તરત મેં એમને સંભાળી લેતા કહ્યું-ડરવાની કોઈ જરૂર નથી. મેં આ ભયંકર આક્રમણથી બચવાનો ઉપાય શોધી લીધો છે. આપણે આગલા વીસ-પચીસ દિવસોમાં જ મથુરાવાસીઓની સાથે દ્વારકા જવા માટે નીકળી જશું. અને જ્યારે જરાસંધ અને કાલયવન મથુરા પહોંચશે, તો આપણને અહીં ન જોઈને એક વાર ફરી પરાજયથી પણ વધારે ભયાનક પરાજયનો અનુભવ કરશે.

મારા મુખેથી ઉપાય સાંભળતા જ બંનેના જીવમાં જીવ આવ્યો. હવે યોજના સ્વયં એવી સચોટ હતી કે જીવ તો પાછો ફરવાનો જ હતો. ભાઈ તો બોલી પણ ઊઠ્યા- કનૈયા! તું બહુ ચતુર છે. કદાચ તને ફસાવવાનું તો ભગવાનના હાથમાં પણ નથી.

જોકે ભાઈના આ વક્તવ્યથી બહુ વધારે ખુશ થવાની જરૂરત નથી. કારણ કે તેમનું આ વક્તવ્ય પ્રશંસા અને વ્યંગની ભેળસેળથી ભરેલું હતું. આમ પણ પરિસ્થિતિની નાજુકતા જોઈને મારા સાક્ષીએ મારા અહંકાર પર સંપૂર્ણ રીતે લગામ કસેલી જ હતી. ...તેમ છતાં, એ પહેલા કે અહંકાર પાછું માથું ઊંચકે, હું તરત આગળનાં કાર્યોમાં લાગી ગયો. વાતવાતમાં મેં બંનેને આ આક્રમણની ગુપ્તતા જાળવી રાખવાની કડક સલાહ આપી. સાથે જ એ પણ નક્કી કરવામાં આવ્યું કે આપણે કોઈપણ પરિસ્થિતિમાં આવતા વીસ-પચીસ દિવસોમાં જ મથુરા છોડી દઈશું. આમ પણ જો આપણે યોજનાને પાક્કી અમલમાં મૂકવી હોય તો જરાસંધ અને કાલયવન મથુરા પહોંચે તે પહેલા આપણે દ્વારકાની ઘણાં નજીક પહોંચવું જરૂરી હતું. કારણ સ્પષ્ટ હતું, અમારા નીકળ્યા બાદ પણ તેઓ અમારો પીછો કરી જ શકતા હતા; અર્થાત્ પાછા વળીને અમારા કાફલા પર આક્રમણ કરવાની શક્યતા બની રહેતી હતી. અને આવી સ્થિતિમાં પણ અમારામાંથી કોઈનું પણ બચવું અશક્ય હતું.

...ચાલો, આ બધું તો સમજી ગયા, પણ હવે સવાલ એ હતો કે જવાની તૈયારીઓ કેવી રીતે કરવામાં આવે અને કયા કયા લોકોને લઈ જવામાં આવે? ભાઈનો વિચાર હતો કે સમગ્ર મથુરાને સાથે લઈ જવામાં આવે. ભાઈનો આ વિચાર હૃદયની ભાવનાના પડઘા સમાન હતો, આમાં મગજનો જરાય ઉપયોગ કરવામાં આવ્યો નહોતો. કારણ કે દ્વારકામાં વધારેમાં વધારે વીસ-પચીસ હજાર લોકો સમાઈ શકતા હતા. જોકે મારી સમજાવટ પછી, ભાઈને આ વાત સમજતા વાર ના લાગી. આ તરફ મારો મત હતો કે માત્ર યાદવોને દ્વારકા આવવાનું નિમંત્રણ આપવું જોઈએ. ભાઈના મતે આ પક્ષપાત હતો, જાતિવાદ હતો. ...પરંતુ શું તમે વિચારી શકો છો કે 'કૃષ્ણ' પક્ષપાત કરી શકે? મેં તે સમયે ભાઈને પણ સમજાવ્યું હતું, હવે તમને પણ મારા દ્રષ્ટિકોણથી માહિતગાર કરી દઉં છું. એ નક્કી હતું કે અમે વધુમાં વધુ પચીસ હજાર લોકોને દ્વારકા લઈ જઈ શકીએ તેમ છીએ. સાથે જ એ પણ નક્કી હતું કે અમે રાજા ઉગ્રસેનને અમારી સાથે દ્વારકા લઈ જઈશું. તેમને જ અમે દ્વારકાના રાજસિંહાસન પર બેસાડવાના હતા. ત્યાંજ અમારા નીકળવાની આસપાસ જ જરાસંધનું આક્રમણ પણ નક્કી જ હતું. નક્કી તો એ

પણ હતું કે જરાસંધ, કંસને કારણે અમારો, ઉગ્રસેનનો અને વધુમાં વધુ યાદવોનો શત્રુ સાબિત થશે. આવામાં તમે જ વિચારો કે જ્યારે અમે લોકો જ મથુરામાં નહીં હોઈએ, અને જ્યારે મોટા ભાગના યાદવો મથુરા છોડી ચૂક્યા હશે... તો આવી સ્થિતિમાં જરાસંધ શું કરી લેશે? વધુમાં વધુ તે બૃહદલ અથવા પોતાના કોઈ પુત્રને મથુરાની રાજગાદી પર બેસાડી દેશે, એટલું જ ને! પરંતુ યાદવવિહીન મથુરાને આરામથી જીવવા તો દેશે. એ શું ઓછું હશે કે આનાથી કમસેકમ અહીં કોઈ ખૂનામરકી તો નહીં થાય? ...અને વળી હું દ્વારકામાં એટલા જ લોકોને લઈ જવા માંગતો હતો, જેટલા લોકોને અમે ત્યાં શ્રેષ્ઠ જીવન આપી શકીએ. જો અમે બધાને દ્વારકામાં લઈ જશું, તો દ્વારકા અને મથુરામાં કોઈ ફર્ક નહીં રહી જાય. ચોક્કસપણે જનસંખ્યા નામની બીમારી દ્વારકાને પણ ભરખી જશે. ભાઈ મારી વાત સમજી ગયા હતા; આશા છે કે તમે પણ સમજી ગયા હશો.

ખેર! આ તરફ ભાઈથી છૂટ્યો તો ઉદ્ધવનો વારો આવ્યો. તેનું વિચારવું હતું કે આપણે આખા વૃંદાવનને દ્વારકા લઈ જવું જોઈએ. હું ઉદ્ધવની વાત સાથે પણ સહમત નહોતો. હવે તમે કહેશો કે આમાં શું વાંધો છે, મહારાજ? શું તમે રાજા બનતા જ પોતાના વ્હાલા વૃંદાવનવાસીઓને ભૂલી ગયા? ફરી તમે 'કૃષ્ણ' માટે કરી દીધીને જેવી તેવી વાત. ઠીક છે, તે સમયે ઉદ્ધવને સમજાવ્યો હતો, હવે તમને પણ સમજાવી દઉં છું. ભલા વિચારો! મારું મન કેમ ના ઇચ્છે કે હું તમામ વૃંદાવનવાસીઓને મારી સાથે દ્વારકા લઈ જાઉં? તેઓ આનંદ અને પ્રગતિના માર્ગ પર અગ્રસર થાય એવું હું કેમ ના ઇચ્છું? ભલા મને તેમનાથી વધારે પ્રિય બીજું કોણ હોઈ શકે છે? જ્યારે મારા જીવનની પ્રસન્નતા જ તેમની આસપાસ રહે છે તો તેવામાં તમે જ નિર્ણય કરો કે તેમને ના લઈ જવાના નિર્ણયથી મારાથી વધારે દુ:ખી બીજું કોણ થશે? તેમ છતાં હું તેમને લઈ જવા નહોતો ઇચ્છતો, તો કોઈક વાત તો ચોક્કસ હશે જ. અને એ પણ નક્કી છે કે એ તેમના ભલાની જ વાત હશે કે જે મારી સમજમાં આવી ગઈ હતી, પણ તમારી સમજમાં નથી આવતી. ...જોકે તમારા જીવનમાં પણ આવા અનેક અવસર આવે છે કે જ્યારે તમારી સામે આ પ્રકારના પ્રશ્નો આવીને ઊભા રહે છે, પરંતુ આવા સમયે તમે તમારી સંકુચિત માનસિકતાને કારણે, ભાવુક બનીને નિર્ણય લો છો. તે નિર્ણયમાં સ્વાર્થ અને પક્ષપાત સિવાય બીજું કંઇ નથી હોતું, જ્યારે અહીં મારો સ્વાર્થ નથી. હું વૃંદાવનવાસીઓથી વિખૂટા પડવાનું દુ:ખ સહન કરી લઈશ, તેમના મહેણાં સાંભળી લઈશ, પરંતુ તેમના મનની પ્રસન્નતા અને તેમના હિતનું રક્ષણ કરવામાંથી પાછી પાની નહીં કરું. ...વાસ્તવમાં તમે પોતાને બચાવવાના પ્રયાસમાં હો છો અને હું સહુને બચાવવામાં વ્યસ્ત હોઉં છું. મારા અને બીજાઓની વિચારધારામાં ફર્ક માત્ર સ્વાર્થ અને સર્વહિતનો છે. થોડું વિસ્તારથી સમજાવું તો, હવે એ બિચારા તો આમ પણ પોતાના વર્તમાન જીવનથી સંતુષ્ટ છે. સન્માનથી પોતાનું જીવન વ્યતીત કરી જ રહ્યા છે. તેમની જીવનશૈલી પણ સાદી અને સાધારણ છે. બીજી તરફ આ યાદવ બધી રીતે અલગ છે. તેઓ ના માત્ર અહંકારી અને કામચોર છે, પરંતુ તૂંડ મિજાજી હોવાની સાથે સાથે અન્ય પ્રકારની ઘણી ખરાબ આદતોથી પણ ઘેરાયેલા છે. જો આમની સંગતથી ભાઈને મદિરાપાનની લત પડી ગઈ, તો બની શકે છે કે કાલે આમની સોબતને લીધે એમને નાચ-ગાનનો શોખ પણ લાગી જાય. હવે વિચારવા જેવી વાત એ કે જો ભાઈની આવી હાલત થઈ શકે છે, તો આ દુષ્ટોની સંગતમાં રહીને ભલાભોળા વૃંદાવનવાસીઓની કેવી હાલત થઈ શકે છે? ચાલો, તેમ છતાં આપણે વૃંદાવનવાસીઓને આપણી સાથે દ્વારકા લઈ પણ ગયા, તો શું એમણે રોજરોજ યાદવો સાથે સંઘર્ષમાં નહીં ઉતરવું પડે? શું એમને યાદવો દ્વારા રોજરોજ કારણ-અકારણ અપમાનિત કરવામાં નહીં આવે? હું નથી ઇચ્છતો કે ગમાર-ગોવાળ જેવી જે ગાળો હું જીવનભર સાંભળતો આવી રહ્યો છું, તે જ ગાળો મારા ભોળા વૃંદાવનવાસીઓ પણ રોજરોજ સાંભળે. અને વળી કરવા ખાતર તો એ પણ નથી કરી શકતા કે અમે માત્ર ચારસો-પાંચસો વૃંદાવનવાસીઓના ભરોસે દ્વારકા વસાવી લઈએ. અર્થાત્ આમ સરવાળે તેમને ના લઈ જવાનો નિર્ણય તેમના જ હિતમાં હતો. જો એમાં કોઈનું નુકસાન હતું, તો માત્ર

મારું. ...મારો પ્રેમ, મારો આનંદ, મારી નિરાંત બધું મારાથી દૂર સરી રહ્યું હતું. ...અને બદલામાં મળી રહી હતી બદનામી અને મહેણાં. કહેવાનું તાત્પર્ય એ કે મારા મનમાં એ સ્પષ્ટ હતું કે મારા પર જે વીતશે તે હું સહી લઈશ, પણ મારા પ્રિય વૃંદાવનવાસી અકારણ અપમાન સહે, તે હું લગીરે સહન કરી શકતો નહોતો. આમ પણ મારી દ્રષ્ટિએ, અપમાનિત જીવન મોતથી પણ બદતર હોય છે. અને હું મારા પ્રિય વૃંદાવનવાસીઓને કોઈપણ સંજોગોમાં આવું અપમાનથી ભરેલું જીવન આપવા નહોતો માંગતો. અને આજ વાત મેં અર્જુનને ગીતામાં કહી પણ હતી. હશે, હાલ તો ઉદ્ધવ મારી વાત સમજી ગયો હતો, આશા છે તમે પણ સમજી જ ગયા હશો.

...આ તરફ ઉદ્ધવે વાત સમજતા જ મેં તેને સુભદ્રા અને તેનાં પરિવારને લઈ આવવા વૃંદાવન મોકલ્યો. બીજા કેટલાક સંબંધીઓ પણ હતા, જેને તે પોતાની સાથે લઈ આવવા માંગતો હતો. ભલા મને તેમાં શું વાંધો હોવાનો હતો? આમ પણ રાધા અને નંદ-યશોદાને પણ તેણે લઈને આવવાનું જ હતું. જોકે આ મારી ઠગારી આશાથી વધીને બીજું કંઇ નહોતું. ...કારણ કે હું જાણતો હતો કે રાધા પોતાની જિદ્દને કારણે નહીં આવે અને બીજી તરફ નંદજી પણ પોતાના કર્તવ્યોથી બંધાયેલા હોવાને કારણે, વૃંદાવનવાસીઓને એકલા મૂકીને આવવા ક્યારેય તૈયાર નહીં થાય. મને ખબર હતી કે નંદજી એક કર્તવ્યપરાયણ વ્યક્તિ છે, તેઓ ક્યારેય પોતાના કર્તવ્યો તરફ પીઠ ફેરવે એવા નહોતા. તેઓ જાણે છે કે આખું વૃંદાવન તેમના ભરોસે જ જીવી રહ્યું છે. વળી યશોદાના આવવાની પણ કોઈ શક્યતા નહોતી. માન્યું, મા યશોદાને મન કનૈયો મળી જાય તો બીજું શું જોઈએ? ...પરંતુ નંદજીની સેવા પણ તેમનું કર્તવ્ય હતું. અને એ મારી મા છે, પોતાનું કર્તવ્ય જ નિભાવશે. ખરેખર હું ઘણો ભાગ્યશાળી હતો કે મને આવા મા-બાપ મળ્યા હતા, જેમને પ્રેમના સાચા અર્થની ખબર હતી. વાસ્તવમાં 'પ્રેમ' તો ભીતરની એક શુદ્ધ અનુભૂતિનું નામ છે. તેનું હોવું જ પર્યાપ્ત છે. પ્રેમની કોઈ અલગ માંગ કે ચાહ હોઈ ન શકે.

ચાલો, આ બધું અહીં જ છોડું અને મારી વાત કરુ તો મારી પરિસ્થિતિ પણ સમજવાલાયક હતી. જેમને હું મારા અસ્તિત્વમાં વસાવીને જીવી રહ્યો હતો, તેમાંનું કોઈ મારી સાથે દ્વારકામાં આવી રહ્યું હોય તેવું નહોતું લાગી રહ્યું. ન રાધા, ન મા... ન પિતાજી. અને તમે તો જાણો જ છો કે રાધા અને મા વિના, મારું અસ્તિત્વ જ શું હતું? તમે જ વિચારો કે આવા કપરા સમયમાં મારા મન પર શું શું વીતી રહી હશે? મા અને રાધાથી કાયમ માટે વિખૂટા પડવાની પીડા, ચોક્કસપણે મારી સહનશક્તિ બહારની હતી. ઉપરથી હાલત એ કે પીડા અનુભવવા માટેનો પણ સમય નહોતો, કારણ કે મન સંપૂર્ણ રીતે કર્મમાં રત હતું. સવાલ મારા સપનાંનો જ નહીં, હજારો મથુરાવાસીઓના જીવનનો પણ હતો. સાચું કહું છું કે મારા પર પડેલા દુ:ખ, મેં સહેલા દર્દ અને મેં ઉઠાવેલા કષ્ટ સહેવાનું કોઈના ગજાની વાત નથી. ઉપરથી મારા જેવા સંઘર્ષો કોઈ ક્યાં કરી શકવાનું હતું? લ્યો, હરીફરીને એજ વાત. પાછી પોતાની પ્રશંસા શરૂ કરી દીધી. એક વાર બધાને લઈ જઈને દ્વારકામાં ઠરીઠામ થઈ જાઓ, પછી માની લઈશું કે મનુષ્ય-જાતિના ઈતિહાસમાં તમારા જેવું ન કોઈ છે, ન હતું. તત્ક્ષણ દ્રષ્ટાએ મારા ઉભરતા અહંકારને દબાવી દીધો. ચાલો, ઠીક છે; જો અહંકારની દ્રષ્ટિએ નથી વિચારવા દેતા તો દ્રષ્ટાની દ્રષ્ટિથી જ વિચારી લઈએ. અને દ્રષ્ટાની દ્રષ્ટિ તો બિલકુલ સ્પષ્ટ હતી. એમાં દુ:ખ અને કષ્ટને જગ્યા જ ક્યાં છે? તેની દ્રષ્ટિમાં તો મનુષ્ય જન્મ જ કર્મ અને કર્તવ્યોની એક અવિરત શ્રૃંખલાનું નામ છે. આવામાં જો પ્રેમ મનુષ્યને પોતાના કર્તવ્યોથી વિમુખ કરી દે, તો તે 'પ્રેમ' નથી, 'સ્વાર્થ' છે. આજ પ્રમાણે, જે પીડા મનુષ્યને પોતાના કર્તવ્યથી વિમુખ કરી દે તે પણ સ્વાર્થ જ છે. વધારે દૂર શું કામ જાઓ છો, અમારા જ પરિવારનું ઉદાહરણ લો. માનો પ્રેમ 'હું' હતો અને કર્તવ્ય 'પિતાજી'. માને જો મારો પ્રેમ પોતાના કર્તવ્યોથી વિમુખ કરી દેત તો પછી તે પ્રેમ બે કોડીનો થઈ જાત. પિતાજીનો પણ પ્રેમ હું જ હતો, પરંતુ તેમનું કર્તવ્ય 'વૃંદાવન' હતું. મારો પણ પ્રેમ મા, રાધા અને વૃંદાવન જ હતા; પરંતુ મારું કર્તવ્ય મથુરાવાસીઓના જીવ બચાવવાનું અને તેમને સારું જીવન આપવાનું હતું. અને ન તો મને અધિકાર હતો કે હું મારા પ્રેમ માટે

તેમને તેમના કર્તવ્યોથી વિમુખ કરું, ન તો તેમના પ્રેમે મને ક્યારેય મારા કર્તવ્યોથી વિમુખ થવા દીધો હતો. એટલા માટે જ હું દાવા સાથે કહી શકું છું કે અમારો આંતરિક પ્રેમ સાચો હતો. અર્થાત્ હું ન માત્ર પરિવારની, પરંતુ પ્રેમની બાબતમાં પણ ભાગ્યશાળી હતો. અથવા એમ કહું કે માત્ર આ બાબતમાં જ 'ભાગ્યશાળી' હતો. બાકી તો તમે જાણો જ છો કે મારા ભાગે તો કાયમ જાતભાતના કાલયવન અને જરાસંધનો સામનો કરવાનું જ આવ્યું છે. આમ તો જ્યારે આટલી વાત કહી દીધી છે તો બીજી એક વાત પણ સ્પષ્ટ કરી દઉં કે સંસારની બાકી સિદ્ધિઓ તો કર્મથી પ્રાપ્ત કરી શકાય છે પરંતુ પ્રેમ તો પ્રેમ હોય જ છે. કહેવાનું તાત્પર્ય એ કે પ્રેમ કદી કર્મથી નથી મેળવી શકાતો. મારી દ્રષ્ટિએ તે કમનસીબ છે કે જેને કુદરત પાસેથી ઘણું બધું મળ્યું છે, પણ જીવનમાં પ્રેમ નથી મળ્યો. એ દુર્ભાગ્યશાળી છે જેમને જીવતેજીવત કોઈ સાથે પ્રેમ નથી થયો. એમનું જીવવું ધૂળ છે, જેમના જીવનમાં તમામ સંબંધો સ્વાર્થ અને કર્તવ્ય-વિમુખતા પર ટક્યા છે. તેઓ મારી દ્રષ્ટિએ ગમે એવા મોટા સિંહાસન પર કેમ ન બેઠા હોય, અંતે તો જીવતી જાગતી લાશથી વધીને કંઇ નથી.

માટે, સરવાળે સો વાતની એક વાત એ કે હું તો મા અને પિતાજીનો પ્રેમ પામીને ધન્ય થઈ ગયો હતો. તેમનો પ્રેમ પામીને ભાગ્યશાળી બની ગયો હતો. ખરેખર અમારા મા-દીકરાનો પ્રેમ ઐતિહાસિક હતો, અને તે જ મારું જીવન હતું. તમે કહેશો કે વાહ કૃષ્ણ! મા અને પિતાજીનો પ્રેમ તો સમજાવી દીધો, પરંતુ રાધાની ચર્ચા સુદ્ધાં ના કરી. ન મેં કરી છે, ન તમે કરતાં. ...નહીંતર હું રોઈ પડીશ. ...એના પ્રેમની મહાનતા વિશે ફરી ક્યારેક નવરાશની ક્ષણોમાં ચર્ચા કરી લેવાશે. કારણ કે એક વાર જો તેની વાત નીકળી, તો મારું મન વર્તમાન કર્તવ્યોથી હટી જશે. તેમ છતાં, એટલું તો કહી જ દઉં કે પ્રેમ તો એ શક્તિનું નામ છે જે મનુષ્યને કર્તવ્યના માર્ગ પર મજબૂતીથી ઊભા રહેવાની પ્રેરણા આપે છે. જે પ્રેમ મનુષ્યને કમજોર કરી દે અથવા કર્તવ્યથી વિમુખ કરી દે, તે પ્રેમ નથી, મોહ છે, અહંકાર અને સ્વાર્થ છે, ...અને કદાચ વાસના પણ છે. અને મારા અને રાધાના પ્રેમમાં એવું કંઇ નહોતું. ...આમ તો હવે રાધાની વાત નીકળી જ ગઈ છે, તો બિલકુલ ચૂપ પણ નથી રહી શકતો. કોઈ ને કોઈ વાત તો કરવી જ પડશે. ...તો સાંભળો, આ મા અને રાધાનો પ્રેમ જ તો છે જેથી હું આજે સમગ્ર મથુરાને નવજીવન પ્રદાન કરવા જઈ રહ્યો છું. હું કંસ, પંચજન અને શૃંગલવ જેવા દુષ્ટોનો વધ કરી શક્યો, તો જરા વિચારો કે શું રાધાના પ્રેમ અને માના આશીર્વાદની શક્તિ વિના એ શક્ય હતું? મા, રાધા અને પિતાજી ભલેને મારી સાથે દ્વારકા ન આવે, પરંતુ હું તેમને મારા હૃદયમાં બેસાડીને પોતાની સાથે દ્વારકા લઈ જ જઈ રહ્યો છું. અને મને આ વાતનો 'પરમ સંતોષ' છે. એટલે જ્યાં સુધી અમે સકુશળ દ્વારકા ન પહોંચી જઈએ, ફરી વાર આ ચર્ચા ન કરતાં.

ખેર! હવે હું પણ આ બધી ચર્ચા છોડીને ફરી વર્તમાન કર્મો પર પાછો ફરું છું. સમય ઓછો હતો અને તૈયારીઓ ઘણી કરવાની હતી. હું અને ભાઈ ભાગવાની તૈયારીઓમાં જ બરાબરના ઓતપ્રોત હતા. ...જોકે આ 'સામૂહિક-રણછોડ'વાળી વાત હજી પણ મથુરામાં અમારા બે સિવાય કોઈ નહોતું જાણતું. પરંતુ ક્યાં સુધી? અંતે જેમને લઈ જવાના હતા તેમને પણ સમયસર કહેવું તો પડશે જ. ...અને વળી આટલું મોટું સ્થળાંતર કોઈ મજાક થોડી જ હતી, એમને પણ હજારો તૈયારીઓ કરવી પડશે. કામ ખરેખર મોટું અને જટિલ હતું, અને સામે પક્ષે અમારી પાસે સમય કેટલો હતો ...વીસ દિવસ? ખરેખર અમે અશક્ય કાર્યમાં લાગેલા હતા. આમ તો ક્યારે, કોને, શું અને કેટલું કહેવું છે, તે બાબતે હું સંપૂર્ણ વિચાર-વિમર્શ કરી ચૂક્યો હતો. એટલા માટે જ કોઈને કંઇ કહ્યા વિના, પહેલા તો અમે અમારી બધી તૈયારીઓ કરી લેવા માંગતા હતા, પછી ધીમેધીમે સહુને કહેતા જવાનું હતું. અને બરાબર આજ રણનીતિ મુજબ, પિતાજી અને નાનાજીને પણ બતાવવાનો સમય આવી ગયો હતો. આથી તત્ક્ષણ મેં બંનેને એકસાથે જ ઘરે પકડી પાડ્યા. અને જ્યારે તેમને અને દ્વારકાની સ્થાપનાની બાબતે વાત કરી, તો તેમનું મોં તો ખુલ્લું ને ખુલ્લું જ રહી ગયું. બિચારા ગર્વ અને આશ્ચર્યની વચ્ચે ઝોલા ખાવા લાગ્યા.

અમે આટલી બધી પ્રગતિ કરી લીધી, અને તેમને કાનોકાન ખબર સુદ્ધાં ન પડી. ઉપરથી ભાઈના વિવાહની વાત સાંભળીને તો બંને ઝૂમી જ ઊઠ્યા હતા. આમ તો નાનાજી જરૂર કુશસ્થળી બાબતે થોડુંઘણું જાણતા હતા, ત્યાં સેના તો મથુરાની જ મોકલવામાં આવી હતી. ...પરંતુ બાકીના સમાચારો તો તેમના માટે પણ બિલકુલ ચોંકાવનારા જ હતા. જોકે આ વાત અમને હજુ માતાજીને બતાવવાનું યોગ્ય લાગતું નહોતું. તેનાથી વાતની ગુપ્તતા ભંગ થવાની શક્યતા હતી. હશે, હાલ તો હવે મારા અને ભાઈ સિવાય, નાનાજી અને પિતાજી પણ દ્વારકા-નિર્માણવાળી વાત જાણતા હતા. પણ હા, અમે તેમને જરાસંધ અને કાલયવનના આક્રમણની વાત કરી નહોતી. ...કારણ કે હું અકારણ ભય અને આતંકનું વાતાવરણ જન્માવવા નહોતો માંગતો. કારણ કે સામાન્ય વ્યક્તિ માટે ભય અને આતંકના વાતાવરણમાં માનસિક શાંતિ જાળવી રાખવાનું મુશ્કેલ બની જાય છે, અને પરિણામે હાલ જે કર્મ કરવાનું હોય છે તેના પર માઠા પ્રભાવ પડવાના અણસાર ઊભા થાય છે.

ખેર! છોડો. હમણાં તો આ તરફ મથુરાની રાજનીતિમાં જે એક સુખદ પરિવર્તન આવ્યું હતું તેની ચર્ચા કરું. સત્રાજિતની ઉપરછલ્લી મધુરતાએ તેના ખાસ 'સાત્યકિ'ને મારી ઘણી નજીક લાવી દીધો હતો. સત્રાજિતની મહેરબાનીથી, સાત્યકિ હવે મારો એક સારો અને વિશ્ર્વાસુ મિત્ર બની ગયો હતો. આ વાતનો ઉલ્લેખ એટલે કરી રહ્યો છું કેમકે આ સમયે સાત્યકિની મિત્રતા મારે માટે સંજીવની જડીબુટ્ટી જેવી હતી. ...કારણ કે વીરતા અને યુદ્ધની રણનીતિ બનાવવામાં તે આખી મથુરામાં અજોડ હતો. ત્યાંજ આટલા દિવસોનો સાથ પામીને હવે મને તેની વફાદારી ઉપર પણ રત્તીભાર શંકા રહી નહોતી. સારાંશ એ હતો કે મેં બીજા ક્રમમાં સાત્યકિને સંપૂર્ણ વાત બતાવવાનો નિર્ણય કર્યો. સ્વાર્થની વાત એ કે સામૂહિક સ્થળાંતરના સમયે ચોક્કસપણે તે મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે એમ હતો. હવે સમય આવ્યે ગધેડાને પણ બાપ બનાવી લેવામાં આવે છે, તો આ તો સાત્યકિ હતો. આ બાજુ તે તો નવું રાજ્ય વસાવવાની ખબર સાંભળતા જ ખુશીનો માર્યો ઝૂમી ઊઠ્યો. તેણે મને અભિનંદન પણ આપ્યા. તેની પ્રસન્નતા જ કહી રહી હતી કે તેને વાત કરવાનો મારો નિર્ણય યોગ્ય હતો. સ્વાભાવિક રીતે તેને મેં માત્ર દ્વારકા-નિર્માણવાળી જ વાત કહી હતી. જો આ સમયે જરાસંધના આક્રમણવાળી વાત કહી દેત તો તે એવું સમજત કે સ્વાર્થ માટે હું તેની સાથે મિત્રતા વધારી રહ્યો છું. અને કૃષ્ણ ક્યારેય આવી ભૂલ તો ન જ કરે. ક્યારે, કોને, કઈ વાત બતાવવાની છે ...અને ક્યારે કોનાથી કઈ વાત છુપાવવાની છે, ભલા આ વિષયમાં મારો કોઈ હરીફ કેવી રીતે હોઈ શકે છે?

ખેર! મથુરાથી લગભગ એક હજાર સૈનિક લઈ જવાનું નક્કી થયું. તે સૈનિકોની પસંદગી કરવાનું કામ મેં ભાઈ અને સાત્યકિ પર જ છોડી દીધું. જોકે મોટા ભાગના એજ સૈનિકો પસંદ કરવાના હતા જેમને અમે કુશસ્થળી વખતે અજમાવી ચૂક્યા હતા. અને હા, મેં કાફલાની સુરક્ષાની રણનીતિ પણ ચતુરાઈપૂર્વક સાત્યકિને જ સોંપી દીધી હતી. હવે બહાદુરની બહાદુરીનો ઉપયોગ તો કરવાનો જ હતો. તમે કહેશો કે એક પછી એકને કામ સોંપતા જઈ રહ્યા છો, પણ પોતે પોતાના હાથમાં કોઈ કામ નથી લઈ રહ્યા. હવે ભલા રણછોડ ક્યાં કામનો હતો? નહીં... નહીં એવું બિલકુલ નહોતું, હું પણ બહુ કામનો હતો. પણ દુનિયામાં બહાદુરી સિવાય બીજા પણ કામ હોય છે. આથી મેં પણ મારા સ્તરનું એક કામ શોધી જ લીધું હતું. રથ અને ગાડાંઓના સમારકામની મહત્વપૂર્ણ જવાબદારી મેં મારા શિરે ઉઠાવી રાખી હતી. આમ પણ આખી યાત્રા ગાડાં અને રથોના ભરોસે જ તો કરવાની હતી.

આ તો ઠીક પણ અહીં સમય પસાર થઈ રહ્યો હતો, તો તે તરફ ઉદ્ધવ પણ સુભદ્રા અને પોતાના કેટલાક સંબંધીઓની સાથે પાછો આવી ગયો હતો. જેવી કે મેં ધારણા રાખી હતી તેમ, ના તો રાધા આવી હતી ના માતા-પિતા અર્થાત્ નંદ-યશોદા. આમાં દુ:ખ લગાડવાનું કોઈ કારણ પણ નહોતું, કારણ કે આ તો પહેલેથી જ અપેક્ષિત હતું. બુદ્ધિમાન મનુષ્ય ઓછો દુ:ખી હોય છે, તેનું આ એક જ કારણ છે કે તેની દૂરદ્રષ્ટિને કારણે તેની સાથે ધારણા બહારનું બહુ ઓછું બને છે. અને ધારણામાં હોય

એનું મનુષ્ય ભલા કેટલું દુ:ખ લગાડી શકે?

...જોકે આ તરફ ભલે તેઓ ના આવ્યા, પણ તેમણે અભિનંદન જરૂર મોકલાવ્યા. મારા માટે તો આજ સહુથી મોટા આશીર્વાદ હતા. સાચા પ્રેમની આજ તો ખૂબી હોય છે, તે દૂર રહીને પણ મનુષ્યની પ્રગતિનો સહભાગી બની જાય છે. એટલે જ તો કહું છું કે પ્રેમથી વધારે પવિત્ર અને શક્તિશાળી વિશ્ર્વમાં કંઇ નથી.

ખેર! અત્યારે તો પસાર થતાં સમયને લીધે યાદ આવ્યું કે મારી યોજના અનુસાર અમારે બાર દિવસો પછી જ નીકળવાનું હતું. આમ તો હવે સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ હતી. હવે તો મથુરાવાસીઓને પણ સ્થળાંતરની વાત બતાવવાનો સમય આવી ગયો હતો. આથી, મેં તરત નાનાજીને કહીને એક યાદવ-સભા બોલાવી. તેમાં સત્રાજિત, અક્રૂરકાકા, ભદ્રક જેવા તમામ પ્રમુખ યાદવો સહિત મથુરાના તમામ સાધારણ યાદવોને પણ બોલાવવામાં આવ્યા હતા. સભાની વિશાળતા જોઈને જ તેનું આયોજન પણ મથુરાના મુખ્ય રમત-પ્રાંગણમાં જ કરવામાં આવી રહ્યું હતું. અને આજ મારી યોજનાનું અંતિમ ચરણ હતું. જો આ બરાબર રીતે પાર પડી ગયું તો જરાસંધ નામની બલાથી કાયમ માટે પીછો છૂટ્યો જ સમજો. બાકી રહ્યો સવાલ દ્વારકા નિર્માણનો, તો તેની ચિંતા મેં સંપૂર્ણ રીતે છોડી દીધી હતી. કારણ કે જેટલી અને જેવી બની હશે, એક વાર તો સ્થળાંતર કરી જ લેવામાં આવશે. ભલે મહિના-બે મહિના બહાર સમુદ્રકિનારા પર વિતાવી લઈશું, પણ જરાસંધથી તો જીવ છોડાવી જ લઈશું. એટલે કે કોઈપણ રીતે વચ્ચેનો રસ્તો કાઢીને જીવન બચાવવા માટે હું દ્રઢ-સંકલ્પિત થઈ ગયો હતો. હવે જીવ બચશે તો આગળ ઘણું બધું કરી શકાશે. આથી હું હવે સંપૂર્ણ રીતે યાદવ-સભાને સંબોધિત કરવા માટે તૈયાર હતો. હું જાણતો હતો કે આ સંબોધન ઘણું સંતુલિત હોવું જરૂરી છે. હું એ પણ જાણતો હતો કે આ એક સંબોધનની સફળતા પર જ અમારું બધાનું ભવિષ્ય ટક્યું છે.

...અંતે સભાનો દિવસ પણ આવી જ ગયો. વ્યાકુળતા એટલી હતી કે હું ઉદ્ધવ, નાનાજી અને ભાઈની સાથે સમય કરતાં ઘણો વહેલો જ સભાસ્થળે પહોંચી ગયો હતો. આશ્ર્ચર્ય એ કે સમયની ખેંચના કારણે તાબડતોબ બોલાવેલી સભામાં પણ ધારી હતી એટલી ભીડ જમા થઈ ગઈ હતી. દ્રશ્ય તો એવું હતું કે મંચ તો સન્માનનીય યાદવોથી ખીચોખીચ ભરેલો જ હતો. મેદાનમાં પણ જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી પગ મૂકવા જેટલી પણ જગા નહોતી. આશ્ર્ચર્યજનક વાત તો એ કે સત્રાજિત, અક્રૂરકાકા સહિત મોટા ભાગના યાદવ-પ્રમુખ સમયસર જ આવી ગયા હતા. હશે, અત્યારે આ બધી વાતો પર વિચાર કરવાનો સમય જ ક્યાં છે? સાચું કહું તો આ સમયે હું બરાબરનો આકુળ-વ્યાકુળ હતો. કારણ કે મારી યોજના મુજબ, મારા સપનાં અને મથુરાવાસીઓના ભવિષ્યની વચ્ચે આ સભાની સફળતા જ ઊભી હતી. જો તેમાં બધું મારા મન મુજબ ના થાય તો ઘણી મોટી સમસ્યા ઊભી થઈ શકે તેમ હતી. આથી નકામી વાતોમાં ગૂંચવાયા વિના મેં મારું સંતુલન જાળવી રાખવા પર જ ધ્યાન લગાવી રાખ્યું હતું. સ્વાભાવિક રીતે યાદવ-પ્રમુખ હોવાને નાતે સભાની શરૂઆત મારે મારા સંબોધનથી જ કરવાની હતી. અને હું જલ્દીમાં તો હતો જ, એટલે સીધું જ સંબોધન શરૂ કરી દીધું. આજે હું મારું સ્થાન છોડીને મંચના એક ખૂણા પર પ્રજાની બરાબર સામે જ ઊભો રહી ગયો હતો. દ્રશ્ય એવું કે તમામ સન્માનનીય યાદવો સહિત આખી મંત્રીપરિષદ મારી પાછળ બેઠેલી હતી. મેં કહેવાની શરૂઆત જ એકદમ સહજતાપૂર્વક અને ખૂબ જ ગંભીરતાથી મારા આત્મીય અને આદરણીય યાદવબંધુઓ! અત્યંત વેદના અને વ્યથા સાથે આ કહેવું પડી રહ્યું છે કે અમે તમારું અભિવાદન કરવા અને તમારી પાસેથી વિદાય લેવા માટે અહીં ઉપસ્થિત થયા છીએ [5] .

...સ્વાભાવિક રીતે આ સાંભળતા જ બધા ચોંકી ઊઠ્યા. ખાસ કરીને સત્રાજિત, તેને તો લાગ્યું કે જાણે તેનો ‘મણિ-ચોર’ તેના હાથોમાંથી છટકી રહ્યો છે. તેની હાલત ખરેખર જોવા જેવી થઈ ગઈ હતી. મજા એ કે સભામાં છવાયેલા સન્નાટાનો ફાયદો ઉઠાવીને મેં એક-બે વાર ગરદન પાછળ ફેરવીને

તેની તરફ જોઈ પણ લીધું હતું. સાચું કહું તો તેની વર્તમાન હાલત જોઈને મને હસવું પણ આવી રહ્યું હતું. તેમ છતાં સમયની માંગ જોઈને હસવા પર કાબૂ રાખીને મને મારું ધ્યાન સંબોધન પર જ કેન્દ્રિત કરવાનું યોગ્ય લાગ્યું. આથી મેં તત્ક્ષણ ગંભીરતા ધારણ કરીને સંબોધન આગળ વધારતા કહ્યું- મારી વાત સાંભળીને તમારું ચોંકી ઉઠવું સ્વાભાવિક છે, ખાસ કરીને સત્રાજિત જેવા મિત્રોનું. પરંતુ વાસ્તવિકતા આજ છે કે અમારે મથુરા છોડીને જવું જ પડશે. ...શું કરું, આવા ગંભીર સમયમાં પણ આદતથી મજબૂર હું સત્રાજિતને છંછેડવાથી પોતાને રોકી ના શક્યો. ...પરંતુ આ છેલ્લી વાર, મેં તત્ક્ષણ પોતાને સમજાવ્યો 'કનૈયા, માત્ર સંબોધન પર ધ્યાન આપો', છંછેડવા માટે તો આખું જીવન પડ્યું છે.

તે સાથે જ એકાગ્ર ચિત્તે મેં ફરી બોલવાનું શ કર્યું, પરંતુ આ વખતે પૂરી ગંભીરતા સાથે. મેં કહ્યું- અમે જ્યારે વૃંદાવન છોડ્યું હતું, ત્યારે પણ અમને પીડા થઈ હતી. પણ ત્યારે વિચારતા હતા કે ક્યાં અમે હંમેશાં માટે જઈ રહ્યા છીએ? અને વળી વૃંદાવન એક બે ગાઉ છેટું જ તો છે, જ્યારે ઈચ્છીશું ત્યારે પાછા ફરીશું. પરંતુ જેવું કે તમે સહુ જાણો છો કે આજ સુધી પાછું વ્રજ જવાનું બન્યું નથી. જોકે એ અમારું વ્યક્તિગત દુ:ખ છે. મુખ્ય વાત તો આ કે હવે મથુરા છોડવાનો સમય પણ આવી જ ગયો છે. દુ:ખ તો ઘણું થઈ રહ્યું છે, પરંતુ અમે જ્યાં જઈ રહ્યા છીએ ત્યાં જવું અમારા જીવનની ગંભીર અનિવાર્યતા છે. વિચિત્ર સ્થિતિ છે, ...વિચારું છું કે જાઉં તો કેવી રીતે જાઉં? એક તરફ તમારો પ્રેમ અમને રોકી રહ્યો છે, તો બીજી તરફ જવું એ અમારા જીવનની જરૂરિયાત છે. ...મારી વાત સાંભળીને તરત જ સભામાં એકદમ સન્નાટો છવાઈ ગયો. કેટલાક લોકોએ તો એ પણ વિચારી લીધું કે કદાચ અમે પાછા વૃંદાવન જઈ રહ્યા છીએ. ભલે જે હોય તે, આ સંબોધન દરમિયાન મારી વાણી અને શબ્દોની પસંદગી તેના સર્વોચ્ચ શિખર પર હતા. આમ તો સર્વોચ્ચ શિખર પર તો લોકોની ઉત્સુકતા પણ જઈને બેઠી હતી. બસ, આજ સમય હતો આખરી પ્રહાર કરવાનો. આથી પળ વારની પણ વાર લગાડ્યા વિના મેં મારું સંબોધન આગળ વધારતા કહ્યું- તમને એ જાણીને આનંદ થશે કે બલરામભાઈએ સમુદ્રકિનારે સ્થિત 'કુશસ્થલી રાજ્ય'ને જીતી લીધું છે. એટલું જ નહીં, ત્યાંની રાજકુમારી રેવતી સાથે વિવાહ પણ કરી લીધા છે. આમ તો તે રાજ્ય હવે અમારું જ છે, તેમ છતાં અમે અમારા માટે એક નાનકડાં રાજ્યનું નિર્માણ કર્યું છે. આમ સરવાળે આ ખુશખબરી સંભળાવવા અને તમારી રજા લેવા માટે આ સભા બોલાવાઈ હતી.

...આ વાત સાંભળતા જ આખી સભા પર આશ્ચર્ય છવાઈ ગયું. એક પળ માટે તો કોઈની સમજમાં જ આવ્યું નહીં કે હું આ શું કહી ગયો? શું અમારી સામે જ આવેલા વૃંદાવનના છોકરાઓની આટલી પ્રગતિ શક્ય છે...? બધાના આશ્ચર્યને પોતાની ચરમ સીમા પર પહોંચેલી જોઈને, મેં મોકો જોઈને થોડા વધારે પ્રહાર કરવા માટે મારું સંબોધન આગળ વધાર્યું. મેં કહ્યું- જ્યાં સુધી આ નવા રાજ્યનો સવાલ છે, તે સમુદ્રકિનારે આર્યાવર્તના પશ્ચિમી કિનારે વસેલું છે. મેં તમારા લોકો સાથે ક્યારેય આ રાજ્યના નિર્માણની ચર્ચા નથી કરી, કારણ કે તમારી આત્મીયતા અને અપાર સ્નેહની સામે તમને છોડીને જવાની ચર્ચા કરવાનું સાહસ હું ક્યારેય એકઠું કરી શકતો નહોતો. પરંતુ હવે જ્યારે આવતા દસ દિવસોમાં જ અમારે પ્રસ્થાન કરવાનું છે તો વાત તો કરવી જ પડે. તમારી જાણકારી માટે જણાવી દઉં કે અમે અમારા રાજ્યનું નામ 'દ્વારકા' રાખ્યું છે. ...બસ, આટલું કહીને હું થોડી વાર માટે ફરી ચૂપ થઈ ગયો. હું એક પછી એક પ્રહાર કરવા ઈચ્છતો હતો જેથી લોકોની પાચનક્રિયા ના બગડી જાય. અને જેવા બધા થોડા સ્વસ્થ થયા કે આગળની વાત મેં એકદમ ભાવુકતાનું આવરણ ઓઢીને કહી. નાટકીયતાને તેની ચરમસીમા પર પહોંચાડીને આ વખતે બહુ આત્મીયતા સાથે બોલ્યો- મનમાં તો આવે છે કે તમને બધાને લેતો જાઉં, પણ અમને શું અધિકાર છે કે અમે તમને કહીએ કે તમે તમારું વસ્યું-વસાવ્યું ઘર ઉજાડો અને અમારી સાથે ચાલો. પરંતુ છતાં પણ જો તમારામાંથી જે આવવા ઈચ્છે, તેને અમે ના પણ નહીં પાડી શકીએ.

...આ સાંભળતા જ કેટલાયના ચહેરા ખીલી ઊઠ્યા. કેટલાક અસંમજસમાં પડી ગયા. કેટલાક હજુ પણ વિશ્ર્વાસ કરી શકતા નહોતા કે આવું પણ કંઈક બની શકે છે. ત્યાંજ સત્રાજિત અને સન્માનનીય યાદવો તો બરાબરનો ઝાટકો ખાઈ ગયા હતા. સાચું કહું તો હું પણ કંઈક આવી જ પરિસ્થિતિ ઈચ્છતો હતો. એટલે જ તો મારા સમગ્ર સંબોધન દરમિયાન મેં દ્વારકાની ભવ્યતાનું વર્ણન નહોતું કર્યું અને ના તો જરાસંધ અને કાલયવનના આક્રમણની ચર્ચા પણ કરી હતી. આમ સરવાળે કહું તો કમસેકમ જવા માટે કોઈને પ્રેરિત પણ કર્યા નહોતા. હવે હું મારા પક્ષે ભલેને સંપૂર્ણ ચતુરાઈથી વર્ત્યો હતો, પરંતુ અનાયાસે મનમાં વિચારોએ ઊલટી જ દિશા પકડી લીધી. વાસ્તવમાં મેદાનમાં મિશ્રીત વાતાવરણ જોઈને મારા ધબકારા વધવા લાગ્યા. અચાનક ડર પેસી ગયો કે ક્યાંક મારું ગણિત ઊલ્ટું ના પડી જાય. કારણ કે હું જે ઈચ્છતો હતો, સ્પષ્ટ હતું. હું આ લગીરે ઈચ્છતો નહોતો કે સમગ્ર મથુરા અમારી સાથે આવવા માટે ઉમટી પડે, ત્યાંજ એ પણ જરૂરી હતું કે બીજું કંઇ નહીં તો રાજ્ય વસાવવા જેટલા લોકો તો દ્વારકા જરૂર આવે. આજ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને મેં મારા સંબોધન દરમિયાન આ સંતુલન બનાવી રાખવાની કોશિશ પણ કરી હતી. ચોક્કસપણે જો દ્વારકાની ભવ્યતા કે જરાસંધના આક્રમણની વાત કરી દેત, તો સમગ્ર મથુરા જવા માટે તૈયાર થઈ જાત. તેમજ બહુ શુષ્ક વાતો કરી હોત તો કદાચ કોઈ આવવા માટે તૈયાર જ ન થાત. હવે મારી ચાલાકી અને મારું સંતુલન એની જગાએ હતું, તથા લોકોના વિચાર તેમની જગાએ. સાચું કહું તો પ્રાંગણનું હળતું-ભળતું વાતાવરણ જોઈને મારી હાલત અજીબ થઈ ગઈ હતી. ક્યાંક એવું ન થઈ જાય કે કોઈપણ ના આવે અને અમે જ રાજા અને અમે જ પ્રજા બનીને રહી જઈએ?

...આમ સરવાળે મારા મનમાં હજારો તોફાન ઊઠી રહ્યા હતા અને શમી રહ્યા હતા. કોઈ ન આવ્યું તો આટલી મોટી દ્વારકામાં અમે એકલા શું કરીશું? અને જો બધા જ આવવા તૈયાર થઈ ગયા તો? તો... તો દ્વારકા વસતાની સાથે જ મથુરા ખાલી થઈ જશે. આજ બધું વિચારી વિચારીને આ તરફ મારા ધબકારા વધી રહ્યા હતા, તો બીજી તરફ સભાનું વાતાવરણ પણ કોઈ સ્પષ્ટ સંકેત આપી રહ્યું નહોતું. જોકે મારી દ્રષ્ટિથી જોઉં તો મને મોટા ભાગના લોકો જવા માટે ઉત્સુક લાગી રહ્યા હતા. પરંતુ આ તો મારો પોતાનો વિચાર હતો. તેનું કંઇ વાસ્તવિક ઔચિત્ય તો હતું નહીં. અંતે વિચાર તો સભાનો જ કામમાં આવવાનો હતો. અને મારું કહું તો હું હવે જલ્દીમાં જલ્દી વાત પાક્કી કરીને ચિંતાથી મુક્ત થઈ જવા માંગતો હતો. આથી એક અંતિમ ધક્કો મારવાના ઉદ્દેશથી મેં ફરી કહેવાનું શરૂ કર્યું. મેં કહ્યું- તમારામાંથી જે કોઈ અમારી સાથે આવવા ઈચ્છે છે, તેઓ પોતાના રથ અને બળદગાડાંઓમાં પોતાનો સામાન ભરીને સમગ્ર પરિવાર સાથે આજથી બરાબર દસમા દિવસે નગરના પશ્ર્ચિમી દ્વાર પર એકઠા થઈ જાય. તમામ આવવા-ઈચ્છુક યાદવોને જણાવવાનું કે તેઓ પોતાની સાથે યાત્રા દરમ્યાનના ભોજન-પાણીની વ્યવસ્થા પણ કરીને આવે.

આટલું કહેતાની સાથે જ ચારે તરફ ખુશીની લહેર ફરી વળી. બધાએ મળીને અમારો જયજયકાર કર્યો. છેક હવે હું જરા નિશ્ર્ચિંત થયો. વાતાવરણે એ વાત પાક્કી કરી લીધી. માત્ર સત્રાજિતના હોશકોશ ઊડી ગયા હતા. તેનો 'મણિ-ચોર', તેના હાથમાંથી છૂટીને દૂર જો ભાગી રહ્યો હતો. તેના ચાપલૂસ યાદવ-પ્રમુખોની હાલત પણ કંઇ તેનાથી વધારે સારી નહોતી. અર્થાત્ એની અને એના પીઠ્ઠુઓના આવવાની શક્યતા નહીંવત્ જ હતી. તો, મારી તબિયત માટે તો તેઓ ના આવે, એજ સારું હતું. નહીંતર પછી ખબર પડત કે ત્યાં પણ સુખેથી જીવવા નથી દેતા. આથી, જવા દો એમને. હાલ તો અહીં યથાયોગ્ય લોકોના આવવાની શક્યતા પ્રબળ થઈ ગઈ હતી. ...અને આ સાથે જ મારા સંબોધનથી શરૂ થયેલી આ યાદવ-સભા મારા સંબોધન સાથે જ પૂરી પણ થઈ ગઈ. આ તરફ સભા સમાપ્તિ પછી અમે તો બધાના અભિનંદન સ્વીકારીને ચાલી નીકળ્યા, પણ પ્રાંગણમાં જમા થયેલી મેદની જવાનું નામ જ લઈ નહોતી રહી. ચારે તરફ અમારો જયજયકાર બોલાવવામાં આવી

રહ્યો હતો. અમારી બહાદુરીની પ્રશંસા અને વાહવાહી કરવામાં આવી રહી હતી. બધાનો ઉત્સાહ એ દર્શાવી રહ્યો હતો કે દ્વારકા વસી જ સમજો. ...સાચું કહું તો આ કાર્ય ધારણા કરતાં વધારે સરળતાથી પૂરું થઈ ગયું હતું. મને મારા સચોટ સંબોધન પર ઘણો ગર્વ થઈ રહ્યો હતો. ચોક્કસપણે આજની આ સફળતાનું બધું શ્રેય મારા શબ્દોની પસંદગી અને મારી બોલવાની છટાને જ જતું હતું. ...હવે જ્યારે કામ પૂરું થઈ ગયું છે ત્યારે તો પોતાની થોડી પ્રશંસા કરી લેવા દો.

ખેર! આમ હવે કોઈ વિશેષ કાર્ય તો બચ્યું નહોતું. બધુંય મન મુજબ પૂરું થઈ જ ગયું હતું. વિચાર્યું, બે દિવસ માટે વૃંદાવન કેમ ના જઈ આવું! મા અને રાધાને મળતો આવું. જ્યારે અહીં રહ્યે રહ્યે મોકો નથી મળતો તો ખબર નહીં દ્વારકા ગયા પછી ક્યારે મોકો મળે? અહીં ભાઈ, ઉદ્ધવ અને સાત્યકિ બધું સંભાળવા માટે છે જ ને. ...આ નક્કી શું કર્યું, હું વૃંદાવનના સપનામાં જ ખોવાઈ ગયો. જ્યારે આ ખુશખબરી ભાઈને સંભળાવી તો તે પણ સાથે આવવાની જિદ્દ કરવા લાગ્યા. વૃંદાવન જવાના નામથી તેમનું પણ ઉત્સાહિત થવું વાજબી જ હતું. ઉદ્ધવ પણ આ સાંભળતા જ પાગલ થઈ ગયો. તેની તો દિલની તમન્ના પૂરી થવા જઈ રહી હતી. અને મારું કહું તો મારા પગ તો ધરતી પર પડવાના જ બંધ થઈ ગયા હતા. આ જોઈને એક દિવસ માટે જ ભલે, બધાનું જવાનું નક્કી કર્યું. કાલે સવારે જ અમારે નીકળવાનું હતું. ઉત્સાહને કારણે હું તો બધું કામ છોડીને જવાની તૈયારીઓમાં લાગી ગયો. ભવ્ય વસ્ત્રો અને આભૂષણો રાખી લીધા હતા. હવે તેમની વચ્ચે રહેવાવાળો ગોવાળ 'શ્રીમંત અને રાજા' થઈ ગયો છે, તો રાજા જેવો રૂઆબ તો પડવો જ જોઈએ ને!

...આમ તો બધા માટે અઢળક વસ્ત્ર અને જીવનજરૂરિયાતનો સામાન પણ લઈને જઈ રહ્યો હતો. હવે તમારાથી શું છુપાવું, રાધાને શણગારવા માટે તો સામગ્રીઓની લાંબીલચક સૂચિ સુદ્ધાં બનાવી લીધી હતી. એટલું જ નહીં, સાથે દસ રથ અને સેવક-સૈનિકોનો કાફલો પણ લઈને જઈ રહ્યો હતો. સીધી વાત છે, રૂઆબ પડે તો પણ પડે. તમે માનશો નહીં કે હજારો કામ પડતા મૂકીને બધો સામાન ખરીદવા માટે હું પોતે બજારમાં ગયો. એક એકને યાદ કરીને બધા માટે વસ્ત્ર અને સામગ્રીઓ ખરીદી. ખરીદી કરતાં કરતાં સાંજ ક્યારે થઈ ગઈ ખબર જ ના પડી. અને સામાન, તે તો ગાડું ભરીને ખરીદી લાવ્યો હતો. ના કેમ ખરીદું? પહેલી વાર તો મારા વહાલા વૃંદાવનવાસીઓને કંઈક આપવાનો મોકો મળી રહ્યો હતો. ...ખરેખર આજનો દિવસ મારા જીવનનો સર્વશ્રેષ્ઠ દિવસ હતો. ઉત્સાહ તેની ચરમસીમાએ હતો. રાધા અને યશોદા તો આમ પણ મારા અસ્તિત્વ પર છવાયેલા રહેતાં હતા, આજે તો તેઓ મારા અસ્તિત્વના માલિક પણ થઈ ગયા હતા. અને તે પણ એ હદે કે હું અહીં ઊભા ઊભા જ એ બંને પાસે વૃંદાવનમાં પહોંચી ગયો હતો. જોજો, રાધા તો મારા આવવાની ખબર સાંભળતા જ ઘેલી થઈ જશે. અને પોતાના કનૈયાનો રૂઆબ જોઈને તો કદાચ બેહોશ જ થઈ જશે. અને... મા! મા તો પોતાના લાલની પ્રગતિ જોઈને એવી અશ્રુધારા વહાવશે કે યમુનામાં પૂર જ આવી જશે.

...કદાચ હું જીવનમાં આટલો ખુશ આ પહેલા ક્યારેય નહોતો થયો. ...પરંતુ મારી ખુશી કુદરતને ક્યાં ગમવાની હતી? હજી ઘરે પહોંચીને બધો સામાન પરસાળમાં ઉતરાવ્યો જ હતો, અને એક મોટા ગાડામાં ભરવાની સૂચના આપી જ રહ્યો હતો કે ગભરાયેલો સાત્યકિ એવી ભયાનક ખબર લઈને આવ્યો હતો કે વૃંદાવન તો ઠીક મથુરાની ધરતી જ પગતળેથી ખસતી હોય એવું લાગવા માંડ્યું. સામાન રાખેલા ગાડામાં તો જાણે કે આગ જ લાગી ગઈ. આકાશની ઊંચાઈઓમાં ઊડી રહેલા મને તો આ સમાચાર માત્રએ ધરતીના પેટાળમાં પેસી જવા માટે મજબૂર કરી દીધો. તે ક્યાંકથી આ ખબર લઈને આવ્યો હતો કે કાલયવનની સેના મથુરાની ઘણી નજીક આવી ગઈ છે. અગણિત પગપાળા સૈનિકોને કારણે તેમની ગતિ ધીમી જરૂર છે, છતાં પણ વધુમાં વધુ આવતા દસ-પંદર દિવસોમાં તેમનો મથુરાપ્રવેશ નિશ્ચિત છે. ...સમાચાર સ્વયં જ હૃદય હચમચાવી મૂકે એવા હતા. અમારે નીકળવામાં હજી દસ દિવસ બાકી હતા. આવામાં ધારણા કરતાં એ લોકો લગભગ પંદર દિવસ જલ્દી આવી રહ્યા

હતા. સૂચના એટલી ભયાનક હતી કે સાંભળતા જ હું તો ડઘાઈ ગયો. હાલત એવી હતી કે કાપો તો લોહી ન નીકળે. જો ખરેખર તેણે મથુરામાં પ્રવેશ કરી લીધો તો એ નક્કી હતું કે દ્વારકા ભાગવા માટે કોઈ જીવતું નહીં બચે. અને વળી જ્યારે કાલયવન આવી પહોંચ્યો છે તો જરાસંઘ પણ આવતો જ હશે. ...મારી તો બુદ્ધિ જ બહેર મારી ગઈ હતી. કંઇ વિચારવું-સમજવું, કોઈ નિષ્કર્ષ પર પહોંચવું કે નિર્ણય કરવો, બધું અશક્ય થઈ ગયું હતું. વૃંદાવન તો કાલયવનના આવવાની ખબર સાંભળતા જ છૂમંતર થઈ ગયું હતું. બાબત જ એવી હતી કે બુદ્ધિ ચાલે કે ન ચાલે, ચિંતનને તો ક્રિયાશીલ કરવું જ પડે એવું હતું. આ તરફ નિયમાનુસાર, આફતના આ પરમ શિખર પર ચિંતને પણ ક્રિયાશીલ થવાનું જ હતું. આમ પણ બાબત જ હમણાં નહીં તો ક્યારેય નહીં વાળી હતી, માટે આ અણીનો સમય હતો. અને તમે તો જાણો જ છો કે એક વાર ચિંતન ક્રિયાશીલ થયું તો સમસ્યાનો ઉકેલ પણ નીકળવાનો જ હતો.

...શરૂઆતના ચિંતનથી પરિસ્થિતિ વિશે બે બાબતો સ્પષ્ટ થઈ. તેનો પહેલો અર્થ તો એ થયો કે સહુથી પહેલા તો અમારે રસ્તો બદલવો પડશે. તેવી જ રીતે, કોઈપણ ભોગે અમારે યાત્રામાં વધારે ઝડપ રાખવી પડશે. કારણ સ્પષ્ટ હતું, અમારા મથુરા સ્થળાંતરની કાલયવનને ખબર પડતા જ તે અમારો અવશ્ય પીછો પકડશે. અને એક વાર પીછો પકડ્યો તો ખેલ ખતમ પણ કરી નાખશે. કારણ કે સમયનું આટલું ઓછુ અંતર જોતા તેને માટે અમને પકડી પાડવાનું કામ વધારે અઘરું નહોતું. આવામાં અમારામાંથી કોઈપણ જીવતું નહીં બચે. જોતજોતામાં વાંસ અને વાંસળી, બંનેનું સામૂહિક નિકંદન નીકળી જશે. અજબ હાલત થઈ ગઈ હતી મારી. પરસાળની સીડીઓ પર દીવાલનો ટેકો લઈને બેઠેલો હું, સામે ગાડામાં મુકાઈ રહેલા સામાનને જોઈ રહ્યો હતો. સાત્યકિ અહીં મારી પાસે જ બેઠો હતો. ભલે જે હોય તે, પણ મન કઠોર કરવું જ પડે તેવું હતું. આવા બદલાયેલાં વાતાવરણમાં વૃંદાવન જવાનું વિચારવું પણ વ્યર્થ બની ગયું હતું. આમ સરવાળે બીજી કોઈ વાતનું પરિણામ તો હું નથી જાણતો, પણ હું દુખિયારો... મા, પિતાજી અને રાધાને મળવાનાં સુખથી ફરી એક વાર વંચિત રહી ગયો હતો. એટલું જ નહીં, તેની સાથે જ 'રણછોડ'નું ઉપનામ પણ બરાબરનું કપાળે લખાઈ ગયું હતું.

ખેર! પહેલા તો માથે આવેલી મુસીબતનો ઈલાજ શોધી લેવામાં આવે. જીવતા રહીશું તો ક્યારેક આ બાબતે પણ વિચારી લેવામાં આવશે. હવે મુસીબતનો ઈલાજ શું શોધવો? પરિસ્થિતિ એ હતી કે ખાસ્સો સમય વીતી ગયા પછી પણ મારી અને સાત્યકિ વચ્ચે એક શબ્દનું પણ આદાન-પ્રદાન થયું નહોતું. સહુથી મોટી વાત એ કે સાત્યકિ તો માત્ર કાલયવનની બાબતે જ જાણતો હતો. જરાસંઘ પણ આવી રહ્યો છે તેની તો હજુ તેને ખબર પણ નહોતી. ભલું તો એ થયું કે તે એ બાજુ ક્યાંક ગયો હશે અને તેની નજર સેના પર પડી ગઈ હતી. નહીંતર આ સમાચાર પણ આ સમયે ન મળી શક્યા હોત. હું તો એ વિચારી રહ્યો હતો કે ક્યાંક જરાસંઘ પણ નજીક ન આવી ગયો હોય. હજી અમે લોકો માથા પર હાથ મૂકીને બેઠા હતા કે ભાઈ અને ઉદ્ધવ પણ આવી ટપક્યા. સમાચાર સાંભળતા જ, ન માત્ર બંનેનો ઉત્સાહ ગાયબ થઈ ગયો પરંતુ અમારી નીચેના પગથિયા પર તે બંને પણ બિરાજમાન થઈ ગયા. પરંતુ તેનાથી પણ શું થવાનું હતું? આ તો બધાની સમજમાં આવી જ રહ્યું હતું કે હાલ અમારા હાથમાં કંઈ નથી. આપણે જે કંઈ કરી શકીએ છીએ તે યાત્રા શરૂ થયા પછી જ કરી શકીએ છીએ. હા, મેં એક બુદ્ધિમાની કરી કે સાત્યકિને જરાસંઘવાળી વાત કહી દીધી. સાથે રહેવાનું અને જુદારો પણ રાખવાનો- આવું કમસેકમ આફતના સમયે જરાય સારું ન કહેવાય. હવે આ પણ પતાવ્યું. આગળ શું? બસ, અમે બધા એજ ચિંતિત મનોદશામાં સૂવા જતા રહ્યા.

આ તરફ બીજા દિવસથી તો હાલત હજી વધારે વિચિત્ર થઈ ગઈ. અમે જ્યાં ચિંતાની ઊંડી ખીણમાં ગરકાવ હતા, ત્યાં સમગ્ર મથુરામાં મસ્તી છવાયેલી હતી. દ્રશ્ય કંઈ એવું થઈ ગયું હતું કે આ તરફ અમારો જીવ તાળવે ચોંટ્યો હતો, અને બીજી તરફ મથુરાવાસી ઉત્સાહના સર્વોચ્ચ શિખર પર બિરાજમાન હતા. અર્થાત્ આગળ આવનારી તમામ મુસીબતોથી અજાણ, આ બિચારા નવા રાજ્યમાં

જવાની તૈયારીઓમાં રત હતા. એ તો ઠીક, અમે જ્યાંથી પસાર થતાં, ત્યાં અમને રાજા જેવું સન્માન મળવાનું અત્યારથી જ શરૂ થઈ ગયું હતું. ચોક્કસપણે આ બધી વાતોએ મળીને મારી હાલત વધારે વિચિત્ર કરી દીધી હતી. કારણ કે એક તો મથુરા પર જરાસંધ અને કાલયવન નામની મુસીબત મારે કારણે આવી રહી હતી, ઉપરથી મેં તેમને બીજા સુંદર સપનાં બતાવી દીધા હતા; વિચારી તો એ રહ્યો હતો કે ક્યાંક મારે જ કારણે તેમને પોતાનાં સપનાંઓની સાથેસાથે જીવથી પણ હાથ ન ધોવા પડે? જોકે સમયની નજાકત જોઈને મેં જલ્દીથી જાતને સંભાળી પણ લીધી. અને જાતને સંભાળતા જ, લોકો દ્વારા આપવામાં આવી રહેલા ઉત્સાહ અને સન્માનને બધાને સુરક્ષિત રીતે દ્વારકા પહોંચાડવાની જવાબદારીમાં મેં રૂપાંતરિત કરી લીધાં. ...પરંતુ સવાલ એ કે જવાબદારીના રૂપમાં લેવાથી પણ શું થવાનું હતું? કાલયવનની ગતિ ધીમી કરવી એ કંઈ મારા હાથમાં તો હતું નહીં. શું કરું અને કેવી રીતે કરું, એ ક્યાં મારી સમજમાં આવી રહ્યું હતું? સમય ઓછો હતો, અને સવાલ હજારોના અસ્તિત્વનો હતો. આમ તો સવાલ મારા અસ્તિત્વની સાથે સાથે મારા સપનાં અને રુક્મિણીનો પણ હતો. હવે તમે જ કહેશો, આમાં રુક્મિણી ક્યાંથી આવી ગઈ? અરે ભાઈ, જો કાલ ઊઠીને મને કંઈ થઈ જશે તો પછી રુક્મિણીને મારાથી સારો વર બીજે ક્યાં મળશે? બોલો, સવાલ રુક્મિણીનો થયો કે નહીં? ...જોયું, ગંભીર સમયે પણ મારા મન સાથે કેવી કેવી મજાક કરી લેતો હતો? જો આ કળા ન શીખ્યો હોત તો અત્યાર સુધીમાં તો ગંભીરતાથી જ ન મરી ગયો હોત?

લ્યો, ગંભીરતાથી યાદ આવ્યું, સાચું કહું તો આ દિવસોમાં હું મનોમન જાતથી થોડો નારાજ પણ થઈ ગયો હતો. કારણ કે મને સમજાતું નહોતું કે હંમેશાં સાવધાન રહેવાવાળા મારાથી આ ચૂક કેવી રીતે થઈ ગઈ? મેં મારા ગુપ્તચર મોકલીને કાલયવનની યાત્રા પર નજર કેમ ના રાખી? જોકે જરાસંધ અને કાલયવનના આક્રમણની ગુપ્તતા જાળવી રાખવા અને સમયની અત્યંત તંગી અને અઢળક તૈયારીઓને લીધે, તેમજ ભાઈ અને ઉદ્ધવની ગેરહાજરી જેવા અનેક કારણોને લીધે આ ચૂક થઈ ગઈ હતી. પરંતુ ચૂક તો ચૂક હોય છે; તેના માટે બહાના શોધવા કે તેના કારણો પર ચર્ચા કરવી વ્યર્થ હોય છે. આ આદત પોતાની ભૂલને છુપાવવા અથવા પોતાની નબળાઈને ઢાંકવા સિવાય બીજું કંઈ નથી. હવે કારણ ગમે એવું નક્કર કેમ ના હોય, ભૂલની સજા તો દરેક સ્થિતિમાં ભોગવવી જ પડે છે. ...કેમકે બહાના ક્યારેય પરિણામને પ્રભાવિત નથી કરતાં. આથી હું ચૂપચાપ મારી ભૂલ સ્વીકારું છું, તથા હવે ભૂલનું પુનરાવર્તન ન થાય, તે માટે પોતે રથ દોડાવીને તે માર્ગ પર પણ નીકળી ગયો જ્યાંથી જરાસંધના સૈન્યની આવવાની અપેક્ષા હતી. એવું ન થાય કે તે પણ ટપકી જ પડે. કાલયવન બાબતે તો ચૂક થઈ જ ગઈ હતી, ઓછામાં ઓછું જરાસંધની કૂચ પર તો નજર કરી લેવામાં આવે. અને મજા એ કે કોઈ બીજી ચૂક ન થઈ જાય, તે ડરથી હું તે માર્ગ પર ઘણો દૂર સુધી આગળ જઈ આવ્યો. સારું હતું કે જરાસંધની સેનાનું કોઈ નામોનિશાન નજરે નહોતું ચઢ્યું ...અર્થાત્ કાલયવનના રૂપમાં જોખમ એક જ બાજુથી છે.

ખેર! જરાસંધ તરફથી અમારા કાફલા પર કોઈ જોખમ ન જોઈને મારો વિશ્વાસ જાગી ઊઠ્યો હતો. આ ઉત્સાહે મારા ચિંતન માટે એક નવી જ દિશા ખોલી દીધી. હું વિચારવા લાગ્યો કે શું એવી કોઈ શક્યતા છે કે જેનાથી કાલયવનના કાફલાને થોડાક દિવસો માટે અટકાવી દેવામાં આવે. બસ, ચિંતન કાલયવનની સેનાના માર્ગમાં વિઘ્ન કેવી રીતે ઊભા કરવા તે બાબતે સક્રિય થઈ ગયું. હા, નહીં તો, કોઈ આટલી સહેલાઈથી આટલા મોટા સપનાં અને અત્યાર સુધીની તૈયારીઓ ઉપર કંઈ પાણી થોડું જ ફરવા દે? ઘણા વિચાર-વિમર્શ બાદ પણ જ્યારે કોઈ ઉપાય સૂઝ્યો નહીં, તો વિચાર્યું શા માટે સીધો દુશ્મનનો જ સંપર્ક ન સાધવામાં આવે? કદાચ તેનાથી જ કોઈ ઉપાય મળી જાય. આથી મેં તરત કાલયવન પાસે મારો દૂત મોકલવાનું નક્કી કર્યું. અને આ કાર્ય માટે સાત્યકિથી શ્રેષ્ઠ બીજું કોણ હોવાનું હતું? મેં તરત સાત્યકિને મારો દૂત બનાવીને કાલયવન પાસે મોકલ્યો. સાથે મેં તેને બંધ ઘડો આપ્યો, જેમાં જીવતા ઝેરીલા સાપ રાખેલા હતા. બસ, તેણે આ બંધ ઘડો કાલયવનને ભેટ સ્વરૂપે આપવાનો

હતો. આ બંધ ઘડો જ મારો કાલયવન માટે સંદેશ હતો [6] . આમ પણ મારો એકમાત્ર હેતુ તેની યાત્રામાં પાંચ-દસ દિવસનો વિલંબ કરાવવાનો હતો. કદાચ આ ઉટપટાંગ સંદેશથી કોઈ વાત બની જાય. મને પૂરી આશા હતી કે જ્યારે સાત્યકિ કાલયવનને મારા તરફથી આ ઘડો ભેટ આપશે, તો ક્રોધિત કાલયવન થોડી વાર માટે તો વિચારમાં જ પડી જશે. બની શકે કે તે પોતાની રણનીતિ પર પુનર્વિચાર કરે અને તેમાં જ થોડો સમય વ્યતીત થઈ જાય. અંતે વાત તો માત્ર તેને અટકાવવાની જ હતી. અને બીજું કંઇ નહીં તો ઓછામાં ઓછી એક વાત તો નક્કી હતી કે તે આ ભેટનો જવાબ તો જરૂર આપશે. મને વિશ્વાસ હતો કે આ ઘડાનો અર્થ સમજવામાં અને પ્રત્યુત્તર આપવામાં કાલયવનના એક-બે દિવસ તો બગડશે જ. સાથે સાત્યકિને પણ આ સમજાવીને તો મોકલ્યો હતો કે કાલયવન જ્યાં મળે ત્યાં તેને કોઈને કોઈ બહાને વધુમાં વધુ ત્યાંજ રોકવાની કોશિશ કરવી. ...અર્થાત્ મેં મારા તરફથી કાલયવનને રોકવાના પ્રયત્નો શરૂ કરી દીધા હતા.

...આ તરફ એક-બે દિવસોની રાહત શું વધી કે હું વધારે ઉત્સાહમાં આવી ગયો. હવે મારે અહીં સ્થળાંતરના કાર્યોમાં ગતિ લાવવી પણ અત્યંત જરૂરી લાગી રહી હતી. મથુરામાં ક્યારે પણ, કંઇ પણ થઈ શકે એમ હતું. આથી, સહુથી પહેલા ભાઈ અને ઉદ્ધવને કહીને તમામ સૈનિક, રાજમહેલના રથો, બળદગાડાં, ઘોડાઓ અને હાથીઓને અમે દિવસ-રાત એક કરીને ચોક્કસ જગા પર જમા કરી દીધા. સાથે જ સૈનિકોને પણ ગમે તે સમયે કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સતર્ક કરી દીધા. આમ તો હજુ નીકળવામાં પાંચ દિવસ બાકી હતા. અર્થાત્ એક અર્થમાં ઘણો સમય હતો, પણ હકીકતમાં સમયનો અભાવ જ હતો. આ સમજીને જ અમે આગલા દિવસથી જ યાત્રા માટે ભોજન-પાણી વગેરેની વ્યવસ્થા કરવાની પણ શરૂઆત કરી દીધી. આમ તો એ વાતનું વિશેષ ધ્યાન રાખ્યું હતું કે સમાજના દરેક વર્ગના લોકો અમારી સાથે આવે. શું લુહાર, શું ગોવાળો, શું ધોબી, શું વેપારી. કારણ કે એક રાજ્ય ચલાવવા માટે સમાજના તમામ વર્ગોની જરૂરિયાત હોય છે. એટલું જ નહીં, નાનાજીના આખા મંત્રીમંડળને પણ અમારી સાથે લઈ જઈ રહ્યા હતા. કારણ કે એક રાજ્યને સુચારુ રૂપે ચલાવવા માટે અનુભવની પણ આવશ્યકતા હોય જ છે. આમ સરવાળે હું કાલયવનને ભૂલીને દ્વારકા વસાવવાની તૈયારીઓમાં બરાબરનો લાગી ગયો હતો. અને એક ચૂક બાદ સાવધાન તો એટલો થઈ ગયો હતો કે ચિંતન કરતી વખતે પણ ચારે તરફથી સક્રિય ને સતર્ક રહેતો હતો. અને ચિંતનની આજ સક્રિયતાએ જોખમનો એક વધારે અણસાર મારા સુધી પહોંચાડ્યો. બિલકુલ ઠીક, જરાસંધ અને કાલયવન ઉપરાંત એક જોખમ ત્રીજા બારણેથી પણ ટકોરા મારી શકતુ હતું. એક તરફ જ્યાં સત્રાજિત આવશે કે નહીં, આ સવાલ મોં ફાડીને ઊભો હતો, તો બીજી તરફ એ ચિંતા પણ યથાવત્ હતી કે સ્યમંતક મણિ પોતાના હાથમાંથી હંમેશાં માટે સરકતો જોઈને તે ક્યાંક કોઈ મોટી અને અણધારી મુસીબત ના ઊભી કરી દે. કારણ કે હું સારી રીતે જાણતો હતો કે તે મણિ હંમેશાં માટે સહેલાઈથી ભૂલી શકે, એવો વ્યક્તિ નહોતો. બસ, આજ વિચારે તેની ગતિવિધિઓ ઉપર પણ બાજ નજર રાખવાનું શરૂ કરી દીધું. ખરેખર એણે કોઈ સમસ્યા ઊભી કરી, તો તેને પણ પહોંચી વળાશે. એને એના સંભવિત ઈરાદાઓ બાબતે તો કાંઈ પૂછી ના શકાય. માટે, હાલ તો જે સમસ્યા સામે છે, તેના નિવારણમાં લાગી જઈએ. આ સમયે અહીં સમસ્યાઓ અને કાર્યોનો આમ પણ ગંજ ખડકાઈને પડ્યો હતો.

...આમ તો અમારી યાત્રા ત્રણ-ચાર દિવસ વહેલી શરૂ થઈ જાત, તો કદાચ અમે લોકો સુરક્ષિત નીકળી જાત. પરંતુ હવે યાત્રાનો સમય અને તિથિ તો બદલી શકાતી નહોતી. કારણ કે આટલા લોકો સુધી તેની ખબર પહોંચાડવાનું પણ અશક્ય હતું. એટલે કોઈ આરોવારો ન દેખાતા, અમે અમારું સમગ્ર ધ્યાન તૈયારીઓ ઉપર કેન્દ્રિત કરીને બેઠા હતા. એક ક્ષણ માટે પણ સૂવાનો કે આરામ કરવાનો સમય નહોતો. આમ જોવા જઈએ તો સૂવાનું જરૂરી પણ ક્યાં હતું? જરા જેટલી ચૂક થઈ નથી કે હંમેશાં માટે સૂવડાવી દેવાવાળા લોકો આવી જ રહ્યા હતા. બસ, આ તૈયારીઓ દરમ્યાન, આગલા દિવસે અનાયાસે

જ મેં એક અદ્ભુત નિર્ણય લીધો. ભાઈને લગભગ પચાસેક શ્રેષ્ઠ વેશ્યાઓને પણ સાથે લઈ જવા માટે કહ્યું. આમ પણ વેશ્યાઓ વિના કોઈ 'યાદવ-રાજ્ય'ની કલ્પના કરી શકાતી નહોતી. અને વળી નાચ-ગાન તો કળા છે, દ્રષ્ટિ તો જોવાવાળાની ખરાબ હોય છે. 'વેશ્યા, મદિરા અને જુગાર' યાદવોની આ ત્રણ જ સમસ્યા હતી, અને જરા ઊંડાણપૂર્વક જોવામાં આવે તો આ ત્રણે નબળાઈ જ તેમનું જીવન હતું.

હશે! અત્યારે તો ચાર દિવસ અને પચીસ હજાર મનુષ્યોનું સ્થળાંતર. સ્થળાંતર પણ કેવું? ગોકુળથી મથુરાનું નહીં... આ સ્થળાંતર તો મથુરાથી દ્વારકાનું હતું. લગભગ એક મહિના જેટલી લાંબી યાત્રા હતી. અને યાત્રા પણ એવી કે જેના માથે 'જરાસંધ' અને 'કાલયવન' નામના બે ભયંકર મોતના ઓથાર જામેલા હતા. એમાં પણ બેમત નથી કે આજની તારીખમાં તે બંને આર્યાવર્તના સાક્ષાત્ યમરાજ હતા. અર્થાત્ વાત માત્ર મથુરા છોડવાથી પતી જવાની નહોતી, યાત્રાની સુરક્ષા પણ એટલી જ મહત્ત્વપૂર્ણ હતી. હવે તેના માટે કોઈ યુદ્ધ તો કરી શકાતું નહોતું. બસ, યાત્રામાં ગતિ જાળવી રાખવી અને કાલયવનને મથુરા બને એટલો વિલંબથી પહોંચવા દેવો, એ બે જ વિકલ્પ હતા. અને બંને પણ એકસાથે સંપૂર્ણ તાકાતથી કામે લાગેલા જ હતા. ...ચોક્કસપણે ઘટનાની જટિલતાને જોતા આ સમયે મારે શારીરિક અને માનસિક રીતે શ્રેષ્ઠ સંતુલન બનાવી રાખવાની જરૂર હતી. મોત સાથે તો હું અનેક વાર મુઠભેડ કરી ચૂક્યો હતો; મોતને થાપ આપવામાં તો હું માહિર થઈ ગયો હતો; પરંતુ આજે તો મોત ઉપર સવાર થઈને બચી નીકળવાનો પ્રયત્ન કરવાનો હતો. અને મારું તો માનવું હતું કે જો મનુષ્ય દરેક પરિસ્થિતિમાં આશા અને આત્મવિશ્વાસ જાળવી રાખે અને છેલ્લી ઘડી સુધી પૂરી કર્મઠતાથી કર્મ કરે તો શક્યતાઓના દ્વાર ખૂલી જ જાય છે. આમ પણ આખરી શ્વાસ સુધી જીવવાના પૂરેપૂરા પ્રયત્નો કરવા એ મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે. અને ભલા હું મારા કર્તવ્યોમાંથી પીછેહટ ક્યાં કરવાનો હતો?

હવે વિચાર અને નિર્ધાર તો બુલંદ હતા, પરંતુ ચિંતાઓ અને સમસ્યાઓ એક હોય તો સંતુલન જાળવી શકું. આ બાજુ નીકળવામાં ત્રણ જ દિવસ બાકી હતા, પણ હજુ સુધી સાત્યકિ પાછો નહોતો ફર્યો. હવે આનાં અનેક અર્થો કાઢી શકાતા હતા. એક તરફ જ્યાં ચિંતા થઈ રહી હતી, ત્યાં બીજી તરફ સારું પણ લાગી રહ્યું હતું. કારણ કે તે જેટલો મોડો આવે તેનો એક અર્થ એ પણ કાઢી શકાય છે કે કાલયવન હજી મથુરાથી એટલો જ દૂર છે. કારણ કે સાત્યકિ ઘોડો લઈને ગયો હતો. અને મારું ગણિત એમ કહેતું હતું કે જો રાત-દિવસની યાત્રા પછી પણ સાત્યકિને કાલયવન સુધી પહોંચવામાં એક દિવસ લાગે છે તો કાલયવનને બળદગાડાં, રથો, હાથીઓ અને પગપાળા સૈનિકો સાથે મથુરા સુધી પહોંચવામાં પાંચથી છ દિવસો લાગવા જોઈએ. આમ તો આજ સમસ્યા અમારી સાથે પણ હતી. બાળકો, વૃદ્ધો અને ઢોર-ઢાંખર સાથે અમે પણ ઝડપથી જઈ શકતા નહોતા. એટલે તેઓ પણ રથ અને ઘોડા દોડાવીને અમારો પીછો કરી જ શકતા હતા. જોકે બીજી બાજુ સાત્યકિનું હજુ સુધી પાછું ન ફરવું હજારો શંકાઓ પણ જન્માવતું હતું. ક્યાંક તેને પકડી લેવામાં ન આવ્યો હોય. અથવા તો તે લોકો મથુરાની ઘણી નજીક ન પહોંચી ગયા હોય. આમ તો કાલયવનની પ્રતિષ્ઠા જોતા, તેની સાથે દૂત તરીકે કોઈ અત્યાચારની આશા ઓછી જ હતી, પણ એવી સંભાવના તો હતી જ. અર્થાત્ ઘટના ખૂબ જ ગૂંચવાયેલી હતી. આમ સરવાળે સાત્યકિના પાછા આવવા સુધી ચૂપચાપ બેસી શકાય તેમ નહોતું. તાત્કાલિક કોઈ બીજી યોજના પર વિચારવાનું પણ જરૂરી બની ગયું હતું. કારણ કે એટલું તો નક્કી જ હતું કે કાલયવનના મથુરા પહોંચવામાં અને અમારા મથુરામાંથી પલાયન થવામાં દસથી પંદર દિવસોનું અંતર ઊભું કર્યા વિના સુરક્ષિત રીતે દ્વારકા પહોંચી શકાય તેમ નહોતું. એ સ્પષ્ટ હતું કે કાલયવનના મથુરા પહોંચ્યા બાદ, જેવી તેને અમારા પલાયનની ખબર મળશે અને તેને જાણ થશે કે અમને નીકળે હજુ ત્રણ-ચાર દિવસ જ થયા છે, તો ચોક્કસપણે તે માત્ર ઘોડા અને રથો સાથે અને પોતાના શ્રેષ્ઠ સૈનિકો સાથે જરૂર અમારો પીછો પકડશે. અને જો આવું થયું તો એ પણ નક્કી જ હતું કે અમે દ્વારકા

ક્યારેય નહીં પહોંચી શકીએ. અત્યાર સુધી કરવામાં આવેલાં બધાં કામ અને તમામ મહેનત એમની એમ પડી રહેશે. આ શું વિચારવા લાગ્યા, કૃષ્ણ? આવું તો કોઈ કાળે થવા જ ન દેવાય. ...તો પછી એનો ઈલાજ શો? બસ, આજ બધા વિચારો આવતા અને આટલી જિંદગીઓનો સવાલ જોતાં, મેં એક અંતિમ જોખમ ઉઠાવવાનો નિર્ણય કર્યો. યોજના સારી હતી અને તેનાથી નિર્ણાયક પરિણામની પણ આશા હતી. પરંતુ તમે સાંભળશો તો કહેશો કે કૃષ્ણ પાગલ થઈ ગયો છે. તમને લાગશે કે કૃષ્ણ પરિસ્થિતિનું દબાણ સહન કરી શકતો નથી, એટલે જ તો આવી ઉટપટાંગ યોજના બનાવી રહ્યો છે. તમે જે ચાહો તે સમજો, પણ મારી પાસે આજ એક ઉપાય હતો. હકીકતમાં, કાલયવનની યાત્રામાં વિઘ્ન આવે તે માટે મેં પોતે તેને મળવા જવાનું નક્કી કર્યું. જીવનું જોખમ હતું, પણ સોદો મોંઘો નહોતો.

બસ, મેં તરત ભાઈને મારી ઈચ્છા જણાવી. તે પણ તમારી જેમ જ ડઘાઈ ગયા. કારણ કે કાલયવન આટલે દૂરથી માત્ર મને ખતમ કરવા માટે આવી રહ્યો હતો અને હું પોતે પાગલની જેમ મોતના મોંમાં કોળિયો થવા જવાનું વિચારી રહ્યો હતો. ...પરંતુ હું પણ શું કરત? આના સિવાય કોઈ ઉપાય જ સૂઝી રહ્યો નહોતો. નહીંતર મને મારું જીવન જોખમમાં નાખવાનો શોખ થોડો જ છે? મને એ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું કે કાલયવન પાસે ગયા વિના કે તેને મળ્યા વિના એને કોઈ મોટા વ્યુહમાં ફસાવી શકાય તેમ નથી. અને મોટા વ્યુહમાં ફસાવ્યા વિના તેની યાત્રામાં દસ-પંદર દિવસોનું વિઘ્ન ઊભું કરી શકાય તેમ નથી, અને સાથે જ તેની યાત્રામાં વધારે લાંબું વિઘ્ન નાખ્યા વિના, અમારું અહીંથી સુરક્ષિત ભાગી નીકળવું પણ અશક્ય છે. આ બધું તો હું અહીં વિચારી રહ્યો હતો, પરંતુ પેલી તરફ ભાઈ જિદે ભરાયા હતા. તે મને કોઈપણ ભોગે જવા દેવા માંગતા નહોતા. પાસો તો ઉદ્ધવે પણ જોરદાર ફેંક્યો હતો. તે મારી સાથે આવવાની હઠ પકડીને બેઠો હતો. પણ સવાલ એ હતો કે જ્યાં એક વ્યક્તિના મોતથી કામ ચાલી શકે તેમ છે ત્યાં 'બે'એ શું કામ મરવું? મારી દૃષ્ટિએ સાથે જીવવું તો સમજમાં આવે છે, પણ અકારણ સાથે મરવાનું વિચારવું તો મહામૂર્ખતા છે.

ખેર! જે થાય તે, હું તો જવાનું નક્કી કરી ચૂક્યો હતો. સોદો એક જીવ સામે હજારો જીવોનો હતો. આવામાં હું મારા એક જીવની ચિંતા ક્યાં કરવાનો હતો? પરંતુ આ ભાઈ અને ઉદ્ધવનું શું કરું? શું... શું કરું? કોઈક રીતે સમજાવવા એજ એકમાત્ર વિકલ્પ હોય, તો સમજાવી દઈએ. બસ, મેં ભાઈ અને ઉદ્ધવને સમજાવતાં કહ્યું- હું જઈને એ કોશિશ કરીશ કે કોઈક રીતે કાલયવનને દસ-બાર દિવસો માટે ગૂંચવી દઉં. હું વચન આપું છું કે મારી સુરક્ષાનું પૂરતું ધ્યાન રાખીશ. સાત્યકિ મને રસ્તામાં મળી ગયો તો ઠીક, નહીંતર આ વાત તેને પણ સમજાવી દેજો. તમે લોકો મારી ચિંતા કર્યા વિના, પોતાની યાત્રા બીજા માર્ગે નિયત સમયે શરૂ કરી દેજો. સાથે જ યાત્રામાં બને તેટલી ઝડપ પણ જાળવી રાખજો. જેટલું શક્ય હોય તેટલું અંતર રાત્રે પણ કાપવાની કોશિશ કરજો. હું કાલયવનને બરાબરનો ગૂંચવીને રસ્તામાં જ તમારી સાથે થઈ જઈશ. ...એ નક્કી જાણજો કે હું કોઈપણ ભોગે કાલયવનને પંદર દિવસ પહેલા મથુરા નહીં જ પહોંચવા દઉં. મારી વાત સાંભળીને બંને થોડા વિચારમાં જરૂર પડી ગયા, પણ મામલો હજુ પણ પૂરેપુરી રીતે શાંત નહોતો થયો. ચોખ્ખું દેખાઈ રહ્યું હતું કે તેમને મારી સલામતી અંગે નક્કર ખાત્રી આપવાની જરૂર હતી, તો લો તે પણ હાજર છે. મેં તત્ક્ષણ બંનેને ધરપત આપતા કહ્યું- તમે નકામી ચિંતા કરી રહ્યા છો. હું કંઇ કાલયવન સાથે યુદ્ધ કરવા થોડો જ જઈ રહ્યો છું? હું તો વેશ પલ્ટો કરીને એને થાપ આપવા જઈ રહ્યો છું. અને અત્યારે આપણી પાસે બીજો કોઈ ઉપાય પણ નથી. એક વાત સમજો, કાલયવનથી જોખમ તો 'કૃષ્ણ'ને છે, મથુરાના દૂતને થોડું છે? અને વળી લોકોને ભ્રમમાં નાખવાનું મને કેટલું સારી રીતે આવડે છે તે તો તમે લોકો જાણો જ છો. હું આમ ગયો ને આમ આવ્યો.

હવે એમના માટે બોલવાની જગ્યા જ નહોતી રહી. આમ પણ વાત તો બંનેની સમજમાં ક્યારની આવી ગઈ હતી, આ તો બસ, મોહવશ સહનશક્તિની બહાર જઈ રહી હતી. તો વાત હજી

પણ તેમની સહનશક્તિની સીમામાં ક્યાં હતી? મારું જવાનું નક્કી થતાં જ બંનેએ પોક મૂકીમૂકીને રોવાનું શરૂ કરી દીધું. પરંતુ આજે તે લોકોએ પણ મન કઠણ કરવાનું શીખવું જ પડે તેવું હતું. આજે સવાલ વ્યક્તિગત મોહ, પ્રેમ કે સંબંધોથી ક્યાંય ઉપરનો હતો. આજે સવાલ એક-બેનો નહીં, પૂરા પચીસ હજાર લોકોના જીવનો હતો. તેમના બહેતર જીવનનો હતો. ...આવામાં કોઈ ને કોઈ કુરબાની તો બધાએ આપવાની જ હતી. આમ પણ એ શક્ય જ નહોતું કે મારા... ભાઈ અને ઉદ્ધવ વિના સ્થળાંતર થઈ શકે, કે દ્વારકા વસાવી શકાય. આથી આજે ભાઈ અને ઉદ્ધવે પણ સર્વહિતમાં મારો મોહ છોડવો જ પડે તેવું હતું. તેમણે મારી ચિંતાનું દર્દ સહન કરવું જ પડે તેવું હતું. હું પણ મારા જીવન અને સપનાંઓનો મોહ છોડી રહ્યો હતો. સમસ્ત મથુરાવાસીઓના બહેતર જીવન માટે પોતાના જીવ સટોસટની બાજી લગાવવી એ આજના સમયનો તકાજો હતો. અને સમય-સંજોગ સાથે જે કંઈ કરવું પડે, તે મેં હંમેશાં કર્યું હતું. અને તેમણે પણ એ કરવાનું શીખવું પડે તેમજ હતું. આમ પણ ‘સમયના તકાજા’ સામે મારું કે મારા સપનાંનું કે ભાઈ અને ઉદ્ધવના દુ:ખ-દર્દનું મૂલ્ય બે કોડીનું બનીને રહી જાય છે. આથી બસ, બંનેને રડતા-કકળતા છોડીને હું નીકળી પડ્યો. આજે મોતના મુખમાં જતી વખતે મને ન દ્વારકા યાદ આવી રહી હતી, ન રુક્મિણી. આજે હું ન મારી સાથે રાધાને લઈ જઈ રહ્યો હતો, ન વૃંદાવનની સોનેરી યાદોને. આજે મારી સાથે કોઈ જઈ રહ્યું હતું તો તે માત્ર મારું કર્તવ્ય. આજે મારી સાથે કોઈ હતું તો માત્ર મારો સંકલ્પ. કોઈપણ ભોગે આ કાફલાને સુરક્ષિત દ્વારકા પહોંચાડવાનો ‘સંકલ્પ’. મજા તો એ હતી કે હું જીવનમાં પહેલી વાર અને તે પણ એકલો ઘોડો લઈને નીકળી પડ્યો હતો. રથ ચલાવવામાં તો હું નિષ્ણાત હતો, પરંતુ ઘોડેસવારીનો આ પહેલો અવસર હતો. પણ શું કરું, આજે સમયના તકાજાએ ઘોડે ચડાવ્યો હતો. આજે મહત્ત્વ જ જલ્દીમાં જલ્દી કાલયવન સુધી પહોંચવાનું હતું. આજનો ઉદ્દેશ જ મથુરાથી જેટલે દૂર તેને રોકી શકાય, રોકવાનો હતો. હથિયારના નામ પર ચક્ર મારી પાસે હતું અને સુરક્ષાને કારણે વેશ બદલીને જઈ રહ્યો હતો. તમે માનશો નહીં કે તે છતાંય મારો ઘોડો એવી રીતે દોડી રહ્યો હતો કે જાણે હું કોઈ કાબેલ ઘોડેસવાર હોઉં. આમ પણ જ્યારે મોત માથે મંડરાતું હોય તો બધુંય પહેલી વારમાં પણ સારી રીતે થઈ જ જતું હોય છે. જોઈ કુદરતની લીલા? ક્યાં દ્વારકાધીશ બનવાના અને રુક્મિણીને પામવાનાં સપનાં જોઈ રહ્યો હતો અને ક્યાં મારે પોતાને દ્વારકા પહોંચવાના ફાંફાં પડી ગયા હતા. ક્યાં વૃંદાવન જવાની તૈયારીઓ કરીને બેઠો હતો અને ક્યાં મોતના મોંમાં જવું પડી રહ્યું હતું. ખરેખર, પળ પળમાં આવનારા આ ઉતાર-ચઢાવોને કારણે તો આ મનુષ્ય-જીવન આટલું અદ્ભુત છે. નહીંતર સૂર્ય તો જે તપી રહ્યો છે, એ તો લાખો વર્ષથી તપી જ રહ્યો છે. ...તેના જીવનમાં કોઈ નવીનતા નથી.

ખેર! બપોરે નીકળ્યો હતો અને હવે સાંજ ઢળવાની હતી પરંતુ ઘોડો હતો કે દોડાવ્યે જ જઈ રહ્યો હતો. ચોક્કસપણે આજે પહેલી વાર ઘોડા ઉપર બેઠો હતો એટલે બેસવાનું આકરું લાગી રહ્યું હતું. પણ આજે કાલયવનથી વધારે મુશ્કેલ કંઈ નહોતું. તેની યાદ આવતા જ બધું બરાબર લાગવા માંડતુ હતું. આજે ન ભૂખ લાગી રહી હતી, ન તરસ. લાગે પણ કેવી રીતે? આજે ખાવા-પીવામાં સમય વેડફવાનો સમય જ ક્યાં હતો? ...ત્યારે દૂરથી એક ઘોડો આવતો નજરે ચઢ્યો. એક પળ માટે તો હું ગભરાઈ ગયો. ક્યાંક કાલયવન આસપાસમાં તો નથી? એવું હશે તો તે જલ્દીથી મથુરા-પ્રવેશ કરી લેશે. ...પરંતુ આ...હા...! ઘોડો નજીક આવતાં જ હું ખુશીનો માર્યો નાચી ઊઠ્યો. તે સાત્યકિ હતો. આશ્ચર્ય એ કે મારો આપેલો ઘડો હજી પણ તે પોતાના હાથોમાં રાખીને બેઠો હતો. આ વાત મારી સમજની બહાર હતી. એ તરફ સાત્યકિ પણ આ સમયે મને અહીં જોઈને ચોંકી ગયો હતો. તેનું ચોંકવું વાજબી જ હતું. આ ચોંકવું-ચોંકાવવું તો ચાલતું રહેશે, આજે સમયની મહત્તાથી બંને વાકેફ હતા. ખરેખર હું જીવનમાં પહેલી વાર સમયની આટલી ઊણપ અનુભવી રહ્યો હતો. અત્યાર સુધી હજારો વખત હું સમયની માંગ પર મારા હજારો રૂપ બદલી ચૂક્યો હતો. કેટલીય સારી ક્ષણોમાં સમયને ઝડપથી ઉડતા પણ જોઈ ચૂક્યો

હતો. કેટલીય વાર આફતના સમયે કે રાહ જોતી વખતે 'સમય' પસાર કરવા છતાં પસાર નહોતો થતો, તેનો અનુભવ પણ કર્યો હતો. પરંતુ 'સમયની ખોટ'ના સ્વરૂપમાં હું આજે 'સમય'નું એક નવું જ રૂપ અનુભવી રહ્યો હતો. ચોક્કસપણે સમયના હજારો રૂપ છે. અને જીવનના 'સર્વોચ્ચ શિખર' પર પહોંચવા માટે 'સમય'ના તમામ રૂપોને યોગ્ય રીતે ઓળખવાનું અત્યંત જરૂરી છે, અને એટલું જ જરી તેને અનુરૂપ વર્તવાનું પણ છે. જો ધ્યાનથી જોવામાં આવે તો મનુષ્ય જીવન પણ 'સમય' સિવાય બીજું શું છે? જન્મ પણ એક સમય છે, અને મૃત્યુ પણ એક સમય છે. સુખ-દુઃખ, સફળતા-અસફળતા બધાં સમયનાં જ તો રૂપ છે. આમ જોવા જઈએ તો જીવન પણ શું છે? જન્મ અને મૃત્યુની વચ્ચેના સમયનું અંતર જ તો છે.

ખેર! જ્યારે સમયની આટલી વાત કરી રહ્યો છું તો 'સમય'ને લઈને સાત્યકિની પ્રશંસા તો કરવી જ પડશે કે તેણે સમયની ખોટવાળા રૂપને સારી રીતે પારખ્યું હતું. એટલે જ તો એક ક્ષણ પણ બરબાદ કર્યા વિના, તરત મારી શંકાઓનું સમાધાન કરવા લાગ્યો હતો. તેણે સર્વપ્રથમ તો મને આ ખુશખબરી આપી કે તે કાલયવનનો એક દિવસ બરબાદ કરવામાં સફળ થઈ ચૂક્યો છે. આ સાંભળતા જ મેં તત્ક્ષણ તેને ભેટીને અભિનંદન આપ્યા. ...કમાલ તો આ કે અભિનંદન પણ પળવારમાં સ્વીકારતા તેણે તરત આગળ બતાવવાનું શરૂ કર્યું. તે બોલ્યો- મેં જતા જ સહુથી પહેલા કાલયવનના હાથમાં ઘડો પકડાવી દીધો હતો. ઘડામાં જીવંત સાપને જોઈને ક્ષણ વાર માટે તો તે ચોંકી ગયો હતો. જોકે પછી તે જલ્દી સ્વસ્થ પણ થઈ ગયો હતો. બસ, તે દિવસે વાત ત્યાંજ પૂરી થઈ ગઈ. તે ચાલ્યો ગયો અને જતા જતા મને કડક સુરક્ષા વચ્ચે રાખવાનો આદેશ આપતો ગયો. બીજા દિવસે સવારે તેણે તે જ ઘડો મને પાછો આપતા કહ્યું- આ તું કૃષ્ણ સુધી પહોંચાડી દેજે, તે બધું જ સમજી જશે.

ખરેખર પૂરી વાત સંક્ષિપ્તમાં બતાવીને સાત્યકિએ પણ સમય તો બચાવી જ લીધો હતો. આ બાજુ એની પૂરી વાત સાંભળીને હું તો બરાબરનો ચક્કરમાં પડી ગયો. કારણ કે ઘડો તો એવો ને એવો દેખાઈ રહ્યો હતો. એમાં સમજવાનું શું હતું? તેમ છતાં મેં ઘડો ખોલ્યો, જોયું તો તેમાં લાખો કીડીઓ ફરી રહી હતી; અને ઘડામાં રાખેલો સાપ મરી ગયો હતો [7] . પળ વાર માટે તો હું સ્તબ્ધ રહી ગયો. શું કાલયવનના સૈનિકો મારી આ હાલત કરશે? ચોક્કસપણે, જો પકડાઈ ગયો તો... જોકે હું તરત સ્વસ્થ પણ થયો. અને સ્વસ્થ થતાં જ કાલયવનની બુદ્ધિમત્તાને દાદ દેવા લાગ્યો. સંદેશ સ્પષ્ટ હતો; જો તું સાપ જેટલો ખતરનાક અને ઝેરીલો છે, તો અમારી પાસે સૈનિકો રૂપે લાખો કીડીઓ છે જે તને પળવારમાં મારી નાખશે. એટલે કે શત્રુ તાકાતવાન છે અને બુદ્ધિમાન પણ. હવે આ કોઈ સારી વાત તો નહોતી. તેનો અર્થ સ્પષ્ટ હતો કે કાલયવનને ચક્કરમાં નાખવાનું એટલું સહેલું નહીં હોય. તેને કૂટનીતિ અને કપટના કેટલાય મોરચા પર એકસાથે ઘેરવો પડશે. ...તો ઘેરીશું. હવે ઉદ્દેશ બાબતે તો કોઈ શંકા હતી જ નહીં. તેને કોઈપણ સ્થિતિમાં રોકવાનો તો હતો. અને જ્યાં સુધી સવાલ છે કેવી રીતે? ...તો ઘડાની હાલત જોયા પછી આ સમસ્યા વધારે ગૂંચવાઈ ગઈ હતી. હું હજુ આ વિચારી જ રહ્યો હતો કે મારી નજર સામે દેખાઈ રહેલી એક ગુફા પર પડી. ગુફા જોતા જ એક ખતરનાક યોજના મારા ચિંતનમાં જાગી. આજે યોજનાઓ પણ ક્ષણભરમાં જ મનમાં ઉઠી રહી હતી. કદાચ આજે યોજનાઓને પણ સમયની કમીનો ખ્યાલ હતો. મેં તત્ક્ષણ સાત્યકિને પૂછ્યું- તારા હિસાબે આ ગુફા સુધી પહોંચવામાં કાલયવનને કેટલો સમય લાગી શકે છે?

સાત્યકિએ કહ્યું- વધારેમાં વધારે ચાર-પાંચ દિવસ.

...ત્યારે તો મારી આ યોજના કારગર નીવડી શકે એમ હતી. આશાનું કિરણ જાગતા જ, કાર્યમાં ગતિ આવી ગઈ. મેં અને સાત્યકિએ મળીને ગુફાની અંદર સૂકાં લાકડાંઓ ભરવાનું શરૂ કરી દીધું. પહેલાં સૂકાં લાકડાંઓ કાપવા, ત્યાર બાદ ગુફા સુધી લઈ જવાં. લગભગ આખી રાત આ કામમાં પસાર થઈ ગઈ, પરંતુ થાકનું નામોનિશાન નહોતું. આજે થાકવા માટે પણ સમય જ ક્યાં હતો? આ બધું તો ઠીક

પણ આ તરફ સાત્યકિને ગુફામાં આટલા બધા બળતણનાં લાકડાંઓ ભરવાનું કાંઈ ઔચિત્ય સમજાતું નહોતું. એ વિચારી રહ્યો હતો કે કાલયવનને રોકવાનો આમ ગુફામાં લાકડાંઓ ભરવા સાથે શો સંબંધ? બની શકે છે કે તે એવું પણ વિચારી રહ્યો હોય કે વધારે પડતી પરેશાનીઓને કારણે ક્યાંક કૃષ્ણનું છટકી તો નથી ગયું ને? હવે કોઈ શું જાણે કે પરેશાનીઓના સમયે તો કૃષ્ણનું ચૈતન્ય પોતાની ચરમ સીમા પર હોય છે. એટલે જ તો કહું છું, 'મારી લીલા હું જ જાણું'. સાચું તો આ છે કે કાલયવનને ફસાવવા માટે એકસાથે કેટલીય જાળ પાથરવી જરૂરી હતી. આ તેમાંની એક હતી. ખબર નહીં એ ક્યારે કઈ જાળમાં ફસાઈ જાય? અને ક્યારે કઈ ચીજની જરૂર ઊભી થાય...

હશે! હમણાં તો સવાર થવા આવી હતી. કાલયવનના પહોંચવામાં હજુ વાર હતી. ગુફામાં યોજનાનુસાર બળતણના લાકડાઓ રાખવામાં આવ્યાં હતા. ...બસ, હું નિશ્ચિંતતાપૂર્વક સાત્યકિ સાથે મથુરા જવા માટે રવાના થઈ ગયો. ઉત્સાહનું કારણ એ કે મને હજી બે-ત્રણ દિવસનો વધારે સમય મળી ગયો હતો. કારણ કે એકંદરે મને કાલયવન સાથે આજ ગુફાની આસપાસ મુલાકાત કરવાનું સારું લાગી રહ્યું હતું. અને વળી આ સમય દરમ્યાન મથુરાના કેટલાક કામ પતાવી લઉં. ...સાચું કહું તો ભાઈની ચિંતા પણ મને સતાવી રહી હતી. તે મને ખૂબ જ પ્રેમ કરતાં હતા. મારા વિનાના જીવનની તેઓ કલ્પના જ કરી શકતા નહોતા. ચોક્કસપણે તે આ સમયે મૃત્યુથી પણ વધારે મોટી પીડા ભોગવી રહ્યા હશે. ...સાથે જ મેં એ પણ વિચાર્યું કે જ્યારે સમય મળી જ ગયો છે, તો શા માટે કાફલાને મારી આંખો સામે રવાના ન કરું? નહીંતર નકામી બધાને માટે હજારો નવી મુસીબતો ઊભી થઈ જશે. કારણ કે જો કાફલાના સ્થળાંતર સમયે હું ત્યાં હાજર ન હોઉં તો બની શકે છે કે મારા શત્રુ જે પાછલા એક-દોઢ વર્ષથી ચૂપ બેઠા છે, મોકો મળતા જ વળતો પ્રહાર કરી બેસે. કહે, અરે! નવી રાજધાની બનાવવી કોઈ મજાક છે? વાત કરો છો... જો ગોવાળોની પણ રાજધાની સ્થપાવા લાગી તો... તો આર્યાવર્તનું થઈ પડ્યું! ...આમ તો થવા માટે એ પણ થઈ શકતું હતું કે તેઓ યાદવોને આમ કહીને પણ ભડકાવે કે 'કૃષ્ણ' તો કપટી છે જ, તમે ક્યાં તેની વાતોમાં આવી ગયા? ...તે તમને બધાને મૂરખ બનાવી રહ્યો છે. તેણે ક્યાંય કોઈ રાજધાની બનાવી જ નથી. બસ, તમારી મજાક ઉડાવવા માટે તમને અહીં એકઠા કર્યા છે. આ બધું સાંભળીને પોતાનું વસ્યું-વસાવ્યું ઘર છોડીને જઈ રહેલા લોકો ક્યાંક ગભરાઈ ન જાય? તેઓ પાછા ન ફરી જાય? આવામાં ભાઈ અને ઉદ્ધવ માટે તેમને સંભાળવાનું અશક્ય થઈ પડશે. ચિંતાનો મોટો વિષય એ કે ક્યાંક અમે પ્રજા વિનાના રાજા ન થઈ જઈએ. ...મારી સાથે તો આમેય કંઈ પણ બની શકે એમ હતું. આમ સરવાળે આજ બધી વાતો પર વિચાર કરીને મેં કાલયવનને ગુફાની આસપાસ રોકવાનું યોગ્ય માન્યું હતું, જેથી કાફલો પણ નીકળી જાય અને સમયસર કાલયવનને પણ રોકી શકાય.

...આ તરફ મને અને સાત્યકિને સકુશળ પાછા આવેલા જોઈને ભાઈ અને ઉદ્ધવની ખુશીનો પાર ન રહ્યો. તેઓ એટલા ખુશ હતા કે જાણે તેમને નવું જીવન મળી ગયું હોય. ભાઈ તો ન જાણે કેટલીય વાર મને ભેટી પડ્યા હતા. હવે તે બિચારા શું જાણે કે હું ફરી પાછો જવાનો જ હતો. પરંતુ અત્યારે તેમને આવનારું દુ:ખ આપવાનું કોઈ ઔચિત્ય નહોતું, માટે ચૂપ જ રહ્યો. આ તરફ મારે અને સાત્યકિને આખી રાતનું જાગરણ પણ હતું, આથી અમે બંને આરામ માટે અમારા કક્ષમાં જતા રહ્યા. ખબર પણ કંઈક રાહતની લઈને આવ્યા હતા એટલે ઊંઘ પણ આવી ગઈ. ઊઠતા જ તૈયાર થઈને અમે બધા કાફલાની તૈયારીઓ જોવા જઈ પહોંચ્યા. સાંજ ઢળવાની હતી અને સૂર્યનાં ડૂબતાં કિરણો ચારે તરફ પથરાઈ રહ્યાં હતાં. રથ-ગાડાં, સૈનિક-સેવક ત્યાં હાજર હતા. બધા ખાવા-પીવાની સામગ્રીઓ એકઠી કરવાના અને તેને ગોઠવવાના કામમાં લાગ્યા હતા. તૈયારીઓથી સંતુષ્ટ થઈને રાત થતાં થતાં અમે ઘરે પાછા આવી ગયા. ભોજન વગેરે કરીને સાત્યકિ પોતાના ઘરે જતો રહ્યો અને બાકી બધા લોકો પણ સૂવા જતા રહ્યા. ...પણ મારી આજની રાત ભારે વીતાવવાની તમામ ગોઠવણ અનાયાસે જ થઈ ગઈ હતી. હકીકતમાં ભાઈએ વૃંદાવન જવાનું રદ થતાં જ ગાડામાં ભરેલો સામાન ઘરમાં જ રખાવી દીધો

હતો. અને તે સામાન મારી આંખો સામે ચારે તરફ વિખેરાયેલો પડ્યો હતો. ...જ્યારે મેં નજર સામે પરસાળમાં પડેલો એ બધો સામાન જોયો તો હું સંપૂર્ણ રીતે ભાંગી પડ્યો. એક તો વૃંદાવન જવાનું ન થયું અને ઉપરથી આ બધો સામાન જેમનો તેમ રહી ગયો હતો. આમ સામાન તો મારા ગયા વિના પણ મોકલાવી શકાતો હતો, પરંતુ તેમ કરીને હું મારા વહાલા વૃંદાવનવાસીઓનું દિલ વધારે દુભાવવા નહોતો માંગતો. એક તો આટલા વર્ષો સુધી ન જઈને આમ પણ હું તેમનું દિલ ઘણું દુભાવી ચૂક્યો હતો. ઉપરથી મારા ગયા વિના સામાન મોકલાવીને તેમના નિર્દોષ પ્રેમનું હું વધારે અપમાન કરવા નહોતો માંગતો. ચોક્કસપણે આમ કરવાથી તેમનું દિલ વધારે દુભાત. તેઓ તો મારા સાથ અને મારા પ્રેમના ભૂખ્યા હતા, કંઈ સામાનના લોભી તો હતા જ નહીં. સાચું કહું તો આજે હું સ્વયંને તેમના પ્રેમને લાયક જ સમજી રહ્યો નહોતો. પોતે તો હજારો વ્યક્તિઓને લઈને સ્વર્ગ જેવું જીવન જીવવા માટે દ્વારકા જઈ રહ્યો હતો, અને બીજી તરફ આટલા વર્ષોમાં તેમને મળવા જવાનો સમય સુદ્ધાં કાઢી શક્યો નહોતો. હતાશાની આ પળોમાં જ્યારે મારાથી કંઈ થઈ શકતું નહોતું તો અહીંતહીં પથરાયેલા સામાન પર જ બેસી ગયો. એક એક કરીને બધું જોવા પણ લાગ્યો. રાધા અને માની ચૂંદડી હાથમાં આવતા જ ખાસ્સો ઢીલો પણ પડી ગયો. અડધી રાત થવા આવી હતી તેમ છતાં ત્યાંથી ઊઠીને સૂવા જવાની ઈચ્છા નહોતી થઈ રહી.

...ચાલો, આ તો મારી હાલત હતી. પણ તે તરફ વૃંદાવનવાસીઓનું શું? મારી ભાવના અને મારો પ્રેમ તેની જગાએ છે, પરંતુ હકીકત તો એજ હતી કે હું તેમને મળવા ન જઈ શક્યો તો ન જ જઈ શક્યો. હવે આવામાં બધા મને દગાબાજ અને મતલબી ન સમજે તો શું સમજે? મને સ્વાર્થી ન કહે તો શું કહે? મને કપટી શા માટે ન સમજે? પરંતુ આજે મારા દિલ પર જે વીતી રહી હતી તે હું જ જાણતો હતો. કદાચ કોઈએ આવું 'દર્દ' ક્યારેય ભોગવ્યું નહોતું. પ્યારી રાધાને મારી સૂરત સુદ્ધાં બતાવી નહોતો શક્યો, માના આશીર્વાદ સુદ્ધાં ન લઈ શક્યો. 'આજે જઈશ- કાલે જઈશ'માં આખો સમય વીતી ગયો. આમ તો આખી દુનિયા મને જે કહે કે જે સમજે, તમારી સામે તો મેં મારું દિલ ખોલીને મૂકી દીધું છે. તમે સમજી જ ગયા હશો કે આ બધો ખેલ સમયનો હતો. મેં તો બસ, સમયને સાથ આપ્યો હતો. અને સવારે ઉઠતાં જ હું ફરી મારી કર્મઠતા સમજીને સમયનો સાથ દેવાનો હતો. બસ, આ વિચારની સાથે જ ઉદાસીન હોવા છતાં સૂવા જતો રહ્યો.

ખેર! સવારે સમયસર ઉઠતા જ વૃંદાવન સંપૂર્ણ રીતે ભૂલીને ફરી કામે લાગી ગયો. મારી વ્યક્તિગત ભાવનાઓ કોઈ કર્મની આડે થોડી જ આવવાની હતી? આમ કાફલો નીકળવામાં હજી બે દિવસ બાકી હતા, પરંતુ અમે લોકોએ અત્યારથી મથુરાના પશ્ચિમી દ્વાર પર અમારો તંબૂ લગાવી દીધો હતો. આમ પણ હવે તૈયારીઓ ઉપર એક નજર નાખવાનું જરૂરી હતું. આખરી સમયે નાનકડી ચૂક પણ બહુ ભારે પડે એમ હતી. આમ તો અમે જ નહીં, ઘણા લોકોએ અત્યારથી અહીં તંબૂ નાખવાનું શરૂ કરી દીધું હતું. જે આવતું તે 'જય દ્વારકા' પણ બોલતું અને અમારી જયજયકાર પણ બોલાવતું. રાજમહેલના રથ, સેવક અને સૈનિક તો પહેલેથી જ અહીં હાજર હતા, અને હવે યાદવોના આગમને તો રોનક જ વધારીને રાખી દીધી હતી. ત્યાંજ દેખાતા દ્રશ્યની વાત કરું તો રસ્તાની સામેનું ખુલ્લું મેદાન તો પહેલેથી જ સૈનિક, રથો અને ઘોડાઓથી ભરાયેલું હતું, અને હવે તો મુખ્ય રસ્તા પર પણ દૂર દૂર સુધી લોકોના ગાડાં નજરે ચડતાં હતા. આમ સરવાળે દ્રશ્ય એવું જામી રહ્યું હતું કે અહીંથી હટવાનું મન જ થતું નહોતું. ભાઈ, ઉદ્ધવ, સાત્યકિ બધા દોડાદોડીમાં લાગેલા હતા. સુભદ્રા પણ અમારી સાથે જ ફરી રહી હતી, પણ તેને હજુ પણ વિશ્વાસ થઈ નહોતો રહ્યો કે અહીં મથુરા આવીને તેના ભાઈઓએ એટલી પ્રગતિ કરી લીધી કે પોતાનું રાજ્ય સ્થાપી લીધું. હશે, હાલ તો અહીં સવારથી જ જે લોકોના આવવાની હારમાળા શરૂ થઈ હતી કે રાત સુધી ચાલતી રહી. અને મધ્યરાત્રિ સુધી બળદગાડાંઓ અને રથોનો સારો એવો મેળાવડો લાગી ગયો હતો. એજ લોકોનો ઉત્સાહ દર્શાવી રહ્યો

હતો. સહુએ પોતાની ગાય-ભેંસો પણ લઈ લીધી હતી. સાચું જ તો છે, તે જ તો અમારી આજીવિકા હતી. તેમને લઈ જવાં જરૂરી પણ હતા અને તેમનાં કારણે જ અમારા કાફલાની ગતિ અત્યંત ધીમી રહેવાની શક્યતા પણ હતી. આજ તો જીવનની ખૂબી છે. કેટલીય વાર જે ચીજ વિના જીવવાનું અશક્ય હોય છે, તે જ મોતનું સ્વરૂપ ધારણ કરીને સામે આવીને ઊભી રહી જાય છે.

...ચાલો, આજની રાત તો સામાન્ય ઊંઘ લઈને ઉત્સવના વાતાવરણમાં વીતાવી દીધી, પણ આગલા દિવસે સવાર થતાં થતાં તો લોકોનો મેળો જામી ગયો. જામવાનો જ હતો. આજે નહીં તો ક્યારે બધા ભેગા થાત? કાલે સવારે તો પ્રસ્થાનની તિથિ હતી. ભલે જે હોય તે, બધાનો ઉત્સાહ તો જોતા જ વર્તાતો હતો. જોકે તેમનો આ ઉત્સાહ બધાને સલામત દ્વારકા પહોંચાડવાની જવાબદારી તરફ પણ સંકેત કરી રહ્યો હતો. હશે, આ બધું તો ઠીક, પણ હું આ વાત થોડી વધારે સારી રીતે સમજી રહ્યો હતો. ત્યાં ગાય-ભેંસ, ઘોડા અને ઊંટોની સાથે, ચારે તરફથી લોકોનું અવિરત આવવાનું ચાલુ હતું. સાંજ થતાં થતાં તો અક્રૂરકાકા, દારુક, નાનાજી, માતા-પિતા તમામ લોકો પહોંચી ગયા હતા. જોકે બીજી બાજુ લોકોના આવવાની ઘટમાળ આખી રાત ચાલુ રહી. કેટલાક લોકો ઢોલ-નગારા વગાડતા, તો કેટલાક નાચતા-ગાતા પણ આવી રહ્યા હતા. નીકળવાનું તો કાલે સવારે હતું, પરંતુ ઉત્સવનું વાતાવરણ અત્યારથી જામી ગયું હતું. સુભદ્રા સહુથી વધારે ખુશ થઈ રહી હતી. બહેનની આ ખુશી જોઈને કયો ભાઈ તૃપ્ત ન થાય? ...પરંતુ શું તેની આ ખુશી ટકી શકશે? શું કાફલો સલામત રીતે દ્વારકા પહોંચી શકશે? શું કરું, મુસીબત જ એવી ભયાનક આવી પડી હતી કે હર એકની ખુશી અને ઉત્સાહ જોઈને આજ ખયાલ દિલને સતાવવા લાગતો હતો.

ખેર! આ દર્દથી હાલ પૂરતો તો કોઈ છુટકારો નહોતો. ત્યાંજ આજની રાતે અમારા સૂવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. જ્યાં એક બાજુ ઉદ્ધવ અને સાત્યકિ યાત્રા માટે કતાર બનાવવામાં રાતભર વ્યસ્ત રહ્યા, ત્યાંજ હું પણ મનમાં હજારો શક્યતાઓ લઈને વ્યવસ્થામાં લાગેલો જ હતો. ભાઈ રાજમહેલના સૈનિક, સેવકો અને કર્મચારીઓને ગોઠવવામાં લાગ્યા હતા. હા, અમારી વ્યસ્તતા જોઈને માતા-પિતા આવતા જ, સુભદ્રા તેમની સાથે જતી રહી હતી. ત્યાં જો ભીડની વાત કરું તો અત્યાર સુધી મારી આશા કરતાં વધારે લોકો એકઠા થઈ ગયા હતા. કદાચ બધા જ મથુરાના દુ:ખી જીવનથી છુટકારો ઈચ્છતા હતા. આ તરફ મારું મન વારંવાર એ વિચારીને ગભરાઈ રહ્યું હતું કે ક્યાંક મારા ચક્કરમાં આ બિચારાઓને હંમેશને માટે છુટકારો ન મળી જાય. આ તરફ સવાર થતાં થતાં સહુના આશ્ચર્ય વચ્ચે, ભાઈ પચાસ વેશ્યાઓને પણ લઈ આવ્યા. શું કરીએ, આ યુગ જ નારી, મદિરા અને જુગારની આસપાસ ફરી રહ્યો હતો; અને એનું પ્રમાણ એ કે વેશ્યાઓને આવેલી જાણીને મોટા ભાગના પુરુષોના ચહેરાની રંગત જ બદલાઈ ગઈ હતી.

...આમ તો આ પણ મારા સ્વભાવની પોતાની જ એક વિશેષતા હતી. હું મનુષ્યની અંગત બાબતોમાં ક્યારેય દખલઅંદાજી કરતો નહોતો. દરેક મનુષ્યની પોતાની વ્યક્તિગત જિંદગી અને વ્યક્તિગત શોખ હોય જ છે, અને હોવા જ જોઈએ. આમ પણ હું યુગ નહીં, મનુષ્યના ભીતરને બદલવાના પક્ષમાં હતો. કારણ કે તમામ ખેલ તો ભીતરનો છે. બહારના કર્મોમાં શું સારું-ખરાબ છે? એક નૃત્યના આ મથુરાવાસીઓ શોખીન છે તથા એક નૃત્ય 'રાજા જનક' જોયા કરતાં હતા. નૃત્યના દીવાના બંને સરખા હતા, છતાં પણ બંનેમાં મોટો ફરક હતો. એક બેહોશ છે, તેમાં વાસના છે; જ્યારે બીજો આત્મજ્ઞાની છે. તે દીવાનો તો છે, પણ અલિપ્ત છે. પાણીમાં રહેવામાં કોઈ બુરાઈ નથી, પરંતુ પાણીમાં રહેવા માટે કમળના પાંદડાનો ગુણ હોવો એ વિશેષતા છે. આથી મેં કોઈ કૃત્યને સારું કે ખરાબ ક્યારેય નથી માન્યું. જ્યારે પાપ-પુણ્ય જેવી કોઈ ચીજ આ દુનિયામાં હોતી જ નથી, તો ભલા હું વિરોધ કોનો કરું? મારી આ વિકસિત સમજને કારણે જ મેં મનુષ્યના અંગત જીવનમાં ક્યારેય દખલઅંદાજી નથી કરી. જો મેં વિરોધ કર્યો છે તો એ વ્યક્તિઓનો કે જેમને કારણે હજારો જીવન બરબાદ થઈ રહ્યા છે,

કાં પછી એ પરંપરાઓનો જે મનુષ્યના જન્મ-જન્માંતરોને બગાડી રહી હોય. ...મેં પંચજન, શૃંગલવ અને કંસ જેવાઓનો વધ કર્યો, કારણ કે એક તેમના કારણે હજારો જીવન બરબાદ થઈ રહ્યા હતા. પરંતુ પોતાનું જીવન બગાડનારાઓને મેં ક્યારેય પરેશાન નથી કર્યા. ત્યાંજ મેં ઈન્દ્રપૂજા જેવી પરંપરાઓનો વિરોધ કર્યો, કારણ કે તે પણ માનસિક બરબાદી ફેલાવનારી હતી. પરંતુ વેશ્યાઓ કે જુગારનો વિરોધ ક્યારેય નથી કર્યો. આ સમજવા જેવી વાત છે કે કર્મોમાં સામૂહિક આસક્તિનો વિરોધ કરવાથી સમાજ નિષ્પ્રાણ બની જાય છે. આવો નિષ્પ્રાણ સમાજ જીવીને પણ શું કરશે? જો આ સમયે આર્યાવર્તમાંથી નારીનું આકર્ષણ, મદિરા અને જુગાર હટાવી લેવામાં આવે, તો તેમાં કોઈ બેમત નથી કે સમગ્ર આર્યાવર્તનું જીવન નીરસ થઈ જશે. બધા રાતોરાત મૃતપ્રાય થઈ જશે.

અરે! મનુષ્ય કુદરતની શ્રેષ્ઠ રચના છે. અને તેના સુખ અને આનંદથી મૂલ્યવાન આ કુદરતમાં કંઈ પણ નથી. ભલેને તેમનાં આ સુખ અને આનંદ આપણને ખોટા રસ્તેથી આવતા લાગી રહ્યા હોય, છતાં પણ તે ઉદાસ કે નીરસ જીવન જીવવા કરતાં તો સારું જ છે. સંન્યાસી અહીં જ તો થાપ ખાઈ ગયા. સદીઓથી તેઓ મનુષ્યોને સુખોથી વિચલિત કરવામાં લાગ્યા છે; પરંતુ કુદરતની હયાતિને લીધે ખોટા કાર્યોમાં સફળતા કેવી રીતે મળી શકે? આજ કારણ છે કે સદીઓથી કોશિશો થતી હોવા છતાં એક સંન્યાસી છે, તો હજારો સંસારી. ...અલબત્ત હવે તો ઊલટું થઈ ગયું છે. સંન્યાસી સંસારીઓ ઉપર નિર્ભર છે. દુ:ખી અને હતાશ છે. કોઈ સાંભળતું નથી. સંસારી મહેનતી, સુખી અને આત્મનિર્ભર છે. ...એટલા માટે કે સંસારી હોંશિયાર છે. હોંશિયાર એટલા માટે કે સંન્યાસીઓને થોડું સન્માન અને થોડો પુણ્યભાવ આપીને પોતાનાથી દૂર રાખીને બેઠા છે, જેથી પોતે આરામથી જીવન વીતાવી શકે. ...મારી આ વાત દરેક સંન્યાસી સાંભળી લે કે મનુષ્યને સુખ આપી રહેલી કોઈપણ લોક-પરંપરાનો વિરોધ કરીને કોઈના સુંદર જીવનમાં અનાસક્તિ જન્માવવી, મનુષ્યતાને મારવા જેવું પાપ છે. અને તેઓ આ પાપનું મૂળ છે, આથી તેઓ ન ક્યારેય વિકસી શક્યા છે, ન વિકસી શકે છે. કારણ કે જ્યારે આખું જગત 'માયા' છે તો સુખ આપી રહેલી લોક-પરંપરા પણ માયા સિવાય બીજું છે શું? પછી તેનો વિરોધ શો? તમને યાદ હશે કે આજ વાત મેં અર્જુનને ગીતામાં કહી હતી. મેં કહ્યું હતું ને કે "સાધારણ સંન્યાસી જ નહીં, જ્ઞાનીઓએ પણ સાવધાનીપૂર્વક તે જ કર્મ કરવા જોઈએ જે અજ્ઞાની લોકો બેહોશીમાં કરે છે. જ્ઞાનીઓએ લોકસંગ્રંહને ધ્યાનમાં રાખીને તમામ કર્મ કરવા જોઈએ [8] ." કોઈપણ જ્ઞાનીને અજ્ઞાનીઓ દ્વારા કરવામાં આવતા સામૂહિક કર્મોમાં અનાસક્તિ જન્માવવાનો કોઈ અધિકાર નથી. જ્ઞાનીએ યુગ નથી બદલવાનો, પરંતુ યુગની સાથે ચાલતા મનુષ્યનું "આંતર-મન" બદલવાનું છે. આજ વાતને થોડી વધારે સમજો! કોઈપણ આત્મજ્ઞાની દ્વારા સ્થાયી આનંદ તરફ સંકેત કરવાનું સમજમાં આવે છે. જ્ઞાન પામવા માટે સંકેત આપવા પણ સમજમાં આવે છે. પરંતુ સામાન્ય મનુષ્યોને મળી રહેલા સામૂહિક સુખમાં અનાસક્તિ જન્માવવાનું જરાયે સમજમાં નથી આવતું. વાત સ્પષ્ટ છે; જ્ઞાન, આનંદ અને આત્મા તો મળશે ત્યારે મળશે, તેના માટે આજે મળી રહેલા સુખોનો ત્યાગ શું કામ કરવાનો? સુખ, આનંદનું જ સૂક્ષ્મ સ્વરૂપ છે. મન, આત્માનું જ દર્પણ છે. ભલા મને કોઈ એ સમજાવે કે સુખ મારીને કે આનંદ અને મન મારીને આત્મા કેવી રીતે પામી શકાય? મનુષ્યના સુખને છીનવીને કે એ બિચારાના મનને મારીને, કયું આત્મજ્ઞાન ઉપલબ્ધ કરાવવા ઈચ્છે છે આ લોકો? હું તો કહું છું કે આ તથાકથિત 'આત્મજ્ઞાનીઓ'ના અંતિમ અજ્ઞાનને કારણે જ આત્મજ્ઞાનની એ ઘટના જે સહજ હોવી જોઈતી હતી, આટલી દુર્લભ થઈ ગઈ છે. ...અને આજ કારણ છે કે મેં ક્યારેય કોઈને જ્ઞાન નથી આપ્યું. ક્યારેય કોઈ ચીજને ખરાબ નથી કહી. કારણ કે જ્યારે જીવનને પોતાની પૂર્ણતામાં સ્વીકારીને હસતા-રમતા સહજતાથી 'પરમ-આનંદ' મેળવી શકાય છે, તો પછી નાહક જીવનને નીરસ કેમ બનાવવું? ...લો, પોતાને બચવાના ફાંફાં પડ્યા છે, હજારોની જાનનું જોખમ છે અને આ ચિંતન તો જુઓ, યુગ-યુગાંતરના મનુષ્યોની ચિંતા કરવામાં લાગી ગયું. અરે! આજ તો મારી એ 'કરુણા' છે જેને કોઈ સ્પર્શી

નથી શકતું.

ખેર! અત્યારે મારી કરુણા યુગ-યુગાંતરના મનુષ્યો તરફથી પાછી વાળીને વર્તમાનમાં મારા આશરે જઈ રહેલા લોકો પર વરસાવું તે બહેતર છે. અને આ સંદર્ભમાં, વર્તમાન વાતાવરણની ચર્ચા કરું તો સવાર થતાં થતાં તો એટલી ભીડ થઈ ગઈ હતી કે તેને નિયંત્રિત કરવાનું જ મુશ્કેલ બની ગયું હતું. આમ તો હવે કાફલાના પ્રસ્થાનનો સમય પણ થઈ જ ગયો હતો. અને અંતે એ પળ પણ આવી જ ગઈ કે જેની હું રાહ જોતો હતો. અમારો કાફલો નીકળી ગયો હતો. તેને કાફલો કહું કે અમારા સપનાંનું સરઘસ, સમજાઈ રહ્યું નહોતું. ...કાફલાનું વર્ણન કરું તો, સહુથી આગળ સુરક્ષા માટે કેટલાક સૈનિકો ચાલી રહ્યા હતા. તેમની પાછળ મહિલાઓ અને બાળકોનાં ગાડાં ચાલી રહ્યાં હતાં. ત્યાર બાદ મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓના રથ ચાલી રહ્યા હતા, જેને ચારે તરફથી સૈનિકો ઘેરીને ચાલતા હતા. એમાં નાનાજી, માતા-પિતા, સુભદ્રા, તમામ યાદવ-પ્રમુખ અને કેટલાક મહત્ત્વપૂર્ણ વ્યાવસાયિકો શામિલ હતા [9] . હું, ભાઈ, ઉદ્ધવ, સાત્યકિ સહિત અમે તમામ નવયુવાન પગપાળા જ ચાલી રહ્યા હતા. કાફલાના અંતમાં પણ સૈનિકો ચાલી રહ્યા હતા. અર્થાત્ કાફલાને કોઈપણ અણધાર્યા આક્રમણ સામે બંને બાજુથી સુરક્ષા પ્રદાન કરવામાં આવી હતી. અને કાફલો એટલો મોટો હતો કે જોવા જેવો લાગતો હતો. મનુષ્ય જાતિના ઈતિહાસમાં ભાગ્યે જ આટલો મોટો કાફલો ક્યારેય નીકળ્યો હશે કે આટલું મોટું સ્થળાંતર ક્યારેય થયું હશે. કાફલાની વિશાળતાનો અંદાજો આના પરથી જ લગાવી શકાય છે કે તેનો પહેલો ભાગ તો સૂરજની પહેલી કિરણ સાથે જ નીકળી પડ્યો હતો, પરંતુ અંતિમ છેડા સુધી આવતા આવતા તો બપોર થઈ ગઈ હતી. ...આટલા વિશાળ કાફલાને જોઈને મારી આંખોનું ભીંજાવું સ્વાભાવિક હતું. સાથે જ ખુશી પણ હતી કે આટલા લોકો મોતથી બદતર જીવનમાંથી નીકળીને સુંદર જીવનની શોધમાં ‘દ્વારકા’ જઈ રહ્યા છે. ત્યાંજ એક ચિંતા પણ સતાવી રહી હતી કે શું તેઓ સુરક્ષિત રીતે દ્વારકા પહોંચી શકશે કે હંમેશાં માટે મોતના મોંમાં સમાઈ જશે? શું મારા પર વિશ્ર્વાસ કરવાની સજા ‘મોતની સજા’ તો નહીં હોય? નહીં... આ તો બની જ ના શકે. જેણે મારા પર વિશ્ર્વાસ કર્યો તેનો ઉદ્ધાર કરવો તો મારું ‘પરમ કર્તવ્ય’ છે, ભલે તે માટે મારે મારો જીવ કેમ ના ગુમાવવો પડે કે તેને માટે મારે આકાશ-પાતાળ જ એક કેમ ના કરવા પડે... આ કાફલો તો દ્વારકા પહોંચીને જ રહેશે. જોકે મુસીબત એ હતી કે આ મામલો જીવ દેવાથી પણ હલ થાય એમ નહોતો. અહીં તો જીવ કંઈક એ રીતે દેવાનો હતો કે જે કાલયવનના આઠ-દસ દિવસ બગાડી શકે. આમ તો કાલયવનને આટલા ચક્કરમાં નાખવો મારે માટે કોઈ બહુ મોટું કામ પણ નહોતું. અર્થાત્ સો વાતની એક વાત, ભલે હું જીવતો રહું કે ના રહું, આ કાફલો દ્વારકા પહોંચાડીને જ રહીશ. બસ, ધીમે ધીમે આ હેતુ માટે હું કટિબદ્ધ થતો જઈ રહ્યો હતો.

ખેર! આ બધા તો મારા મનમાં ચાલી રહેલા વિચારો હતા. કાફલો ગતિવિધિમાં આવતા જ સ્વાભાવિક રીતે જ હું આગળના ચિંતન અને ભાવિ યોજનાઓમાં અટવાઈ ગયો હતો. બીજી બાજુ અમારો સારો એવો વ્યાયામ પણ થઈ જ રહ્યો હતો. બપોર થઈ ગઈ હતી અને અમે લોકો હજુ પણ કાફલાના એક છેડેથી બીજે છેડે વ્યવસ્થા માટે ફરતા હતા. વ્યવસ્થા શું, ધ્યાન એક જ વાત પર કેન્દ્રિત હતું કે ગમે તે કરીને કાફલાને ઉતાવળે આગળ ધપાવવામાં આવે. પણ આટલો મોટો કાફલો અને આટલાં પશુઓ અને પાછા સાથે પગપાળાં ચાલી રહેલા લોકો, અમે ઉતાવળ કરાવીને પણ કાફલાને શું ગતિ આપી શકવાના હતા? અને આ બધું મને ગમે તે ભોગે કાલયવનને પંદર દિવસ અટકાવવાની જરૂરિયાતનો સંકેત આપી રહ્યું હતું. ...એક હદ સુધી સાત્યકિને પણ આ ચિંતા સતાવી જ રહી હતી. ભાઈ અને ઉદ્ધવને તો કાલયવન ક્યાં સુધી આવી પહોંચ્યો છે તેનો અંદાજો જ નહોતો. અને કાફલાને તો દૂર દૂર સુધી આ વાતનો કોઈ અંદાજો નહોતો. એ તો અમારો જયજયકાર બોલાવીને આગળ વધતો જઈ રહ્યો હતો. ઢોલ અને નગારાના અવાજોથી તમામ રસ્તાઓ ગૂંજી રહ્યા હતા. આ વાતાવરણમાં જો કોઈ ગંભીર હતું તો તે હું અને સાત્યકિ. ...ખરેખર, જો માથે જરાસંધ નામની આફત ન ઘૂમરાતી

હોત, તો આ સમયે અમે પણ હવામાં ઊડી રહ્યા ન હોત? ચોક્કસપણે જીવનની સહુથી મોટી ખુશી ન મનાવી રહ્યા હોત?

ખેર! હજી કાફલો થોડે દૂર જ પહોંચ્યો હતો કે સહુના આશ્ચર્ય વચ્ચે સત્રાજિત પોતાનો સ્વતંત્ર ભવ્ય કાફલો લઈને આવી પહોંચ્યો. એમાં દસ બળદગાડાં, વીસ રથ, કેટલાય ઘોડા અને ગાય-ભેંસો ઉપરાતં પચીસો સેવક-સૈનિક પણ હતા. તમામ ગાડાંઓ સામાનથી લદાયેલાં હતા. હા, સાથે સત્યભામા પણ હતી. સ્પષ્ટ હતું, તે દ્વારકા સ્થળાંતરની તૈયારીથી જ આવ્યો હતો. બધા તેના આગમનથી આશ્ચર્યચકિત હતા. કહેવાની જરૂર નથી કે ભાઈ અને ઉદ્ધવ તેના આવવાથી બિલકુલ ખુશ નહોતા. સ્પષ્ટ રીતે એમની નજરે તે અમારો અંગત શત્રુ હતો, જે ગમે ત્યારે દ્વારકાના અમારા સુંદર જીવનમાં ઝેર ઘોળી શકે એમ હતો. હવે તેમની પણ શું ભૂલ, ગત એક-દોઢ વર્ષથી સત્રાજિતના બદલાયેલા વ્યવહારનો અને મથુરાની બદલાયેલી પરિસ્થિતિઓનો તેમને કોઈ અંદાજો નહોતો. તેઓ આખો વખત દ્વારકા-નિર્માણમાં વ્યસ્ત રહ્યા હતા. પરંતુ હું તેને આવેલો જોઈને બહુ ખુશ થયો. મારા ખુશ થવાનું મુખ્ય કારણ તો એ કે તેનું પોતાનું એક રાજ્ય હતું, તે રાજા હતો; આવામાં મારું માનવું હતું કે જો આવા સન્માનનીય વ્યક્તિ પણ દ્વારકાને સ્વીકારે, તો ચોક્કસપણે તે દ્વારકા માટે ગૌરવની વાત હશે. આથી મારા જેવા રાજનીતિજ્ઞે તો તેનું ભવ્ય સ્વાગત કરવાનું જ હતું. અને આ બાજુ ભાઈ તો મારા આ વ્યવહારથી આશ્ચર્યચકિત જ નહીં, ક્રોધિત પણ થવાના જ હતા. એમને કેવી રીતે સમજાવું કે તે બિચારો કંઈ પોતાની મરજીથી દ્વારકા થોડો જ આવી રહ્યો છે, આ તો 'સ્યમંતક મણિ'નો મોહ એને જબરદસ્તીથી ખેંચી લાવ્યો છે. અને વળી મણિ હતો ત્યાં સુધી તો તે સિંહ હતો, હવે તો ડરેલી બિલ્લી થઈ ગયો છે.

છોડો, હમણાં અહીં રસપ્રદ વાત એ કે મારા દ્વારા સ્વાગત થવાથી સત્રાજિત તો ખુશ થયો જ પરંતુ સત્યભામા તો ઘેલી જ થઈ ગઈ. સ્પષ્ટ જણાઈ રહ્યું હતું કે દ્વારકા જવાના નામથી જ તેનાં પગ ધરતી પર પડવાના બંધ થઈ ગયા હતા. કારણ સ્પષ્ટ હતું; તેને મારી સાથે રહેવાનો મોકો મળવાનો હતો ને! ...ત્યાંજ મિત્ર મારી વાત કરું તો મારે તો એક નહીં, અનેક કારણોથી સત્રાજિત અને સત્યભામા બંનેનું દિલથી સ્વાગત કરવાનું જ હતું. હું કંઈ ઉપકાર ભૂલી જનારામાંનો થોડો હતો? હું એ કેવી રીતે ભૂલી જાઉં કે દ્વારકા-નિર્માણમાં મુખ્ય યોગદાન સત્રાજિતના 'સ્યમંતક મણિનું' જ છે. સાથે જ સત્યભામાના સમર્પણને ભૂલવાનો પણ સવાલ જ ઊઠતો નહોતો. અને આમ પણ તેને તો કેટલાય બીજા કારણે પણ ભૂલવાનું સહેલું નહોતું. ...વિચારો, જો રાધાથી મારો હૃદયભંગ થયો હોત તો મારું શું થાત? આજે પણ ગોવાળ બનીને વૃંદાવનની ગલીઓમાં ભટકી રહ્યો હોત. તો પછી હું સત્યભામાનું દિલ કેવી રીતે તોડી શકવાનો હતો? એનાં માટે તો બસ, દિલથી હંમેશાં દુઆ નીકળતી હતી કે કુદરત તેનું જીવન ખુશીઓથી ભરી દે.

ખેર! જવા દો! ફરી કાફલા પર પાછો આવું, તો કાફલો એટલો વિશાળ હતો કે તેના છેડા જ દેખાતા નહોતા. લગભગ બસો બળદ-ગાડાં, બસો રથ, સેંકડો પાલતું જાનવર, એક હજાર પગપાળા સૈનિકો અને એક હજાર અન્ય સૈનિક-સેવક, અને આ ઓછું પડી રહ્યું હોય એમ ઉગ્રસેન, સત્રાજિત અને ભાઈ જેવા ત્રણ-ત્રણ રાજા, અને કદાચ હું 'દ્વારકાધીશ' ...જો જીવતો બચ્યો તો! ...લગભગ બે હજાર પરિવાર અને પચીસ-ત્રીસ હજાર લોકો. વિચિત્ર સ્થિતિ હતી! એક બાજુ પોતાના વસાવેલાં ઘરને છોડવાની પીડા હતી, તો બીજી બાજુ નવા ઘરે પહોંચવાનું આકર્ષણ પણ હતું. અર્થાત્ જ્યાં એક બાજુ વિષાદે મનને ઘેર્યું હતું, તો બીજી બાજુ ઉત્સાહ પણ હતો. સાથોસાથ હવે પછીનો સંઘર્ષ પણ હતો અને આગળ મળનારી શાંતિ પણ. વર્તમાનની વાસ્તવિકતા પણ હતી અને ભવિષ્યનું સપનું પણ. ...અને ચોક્કસપણે આ બધાના સપનાં પૂરા કરવાની અને સહુને સુરક્ષિત રીતે દ્વારકા પહોંચાડવાની જવાબદારી મારા ખભા ઉપર હતી. આ બધાએ મારા પર વિશ્વાસ કર્યો હતો. તેઓ મારા શરણમાં

આવ્યા હતા. આથી મારા કર્તવ્ય પ્રમાણે હવે તેઓ મથુરાવાસી નહીં, દ્વારકાવાસી હતા. મારી પ્રજા હતી, અને એક સારા રાજાનું કર્તવ્ય એ છે કે દરેક પરિસ્થિતિમાં પ્રજાનું રક્ષણ કરે. આમ પણ આ મારો બાળપણનો સ્વભાવ હતો કે જે એક વાર મારા પર ભરોસો કરી લે, મારા શરણમાં આવી જાય ...પછી તેના જીવનોદ્ધારની તમામ જવાબદારી હું મારી સમજતો હતો. જે મારા શરણમાં આવ્યું તેનો તો હું વાળ પણ વાંકો થવા દેતો નથી. અને આજ વાત મેં 'ગીતા'માં વારંવાર અર્જુનને કહી પણ હતી કે "મારા શરણમાં આવ, મારો ભક્ત બન, મને પૂજ? [10] .'' પરંતુ અર્જુનનો અહંકાર ક્યાં મારા શરણમાં આવવાનો હતો? અર્જુન તો અર્જુન હતો; તમને યાદ હશે કે તે અંત સુધી સમર્પણ કરી શક્યો નહોતો; ...પરંતુ આ બધા તો સમર્પણ કરી ચૂક્યા હતા.

આ બધું તો ઠીક, પણ આ તરફ જે ગતિથી કાફલો ચાલી રહ્યો હતો... એ નક્કી હતું કે તેને લવણ-ઘાટી પાર કરવામાં ઓછામાં ઓછા વીસ દિવસ લાગશે. મારી દ્રષ્ટિએ, જ્યાં સુધી કાફલો લવણ-ઘાટી પાર નથી કરી લેતો, સુરક્ષિત નથી માની શકાતો. અને કાફલા પર એક જ જોખમ ઘૂમરાઈ રહ્યું હતું અને તે હતું 'કાલયવન'નું. જો તેને કેટલાક દિવસો સુધી મથુરાપ્રવેશ કરતાં કોઈપણ રીતે રોકી શકાય તો પછી કાફલા પર કોઈ જોખમ દેખાતું નહોતું. અને તેને રોકવાની જવાબદારી મારી હતી અને જેને નિભાવવા માટે હું સંપૂર્ણ રીતે તૈયાર હતો. બસ, સાંજ થતાં સુધીમાં જેવો કાફલો મથુરા રાજ્યની હદ બહાર નીકળ્યો... હું... ભાઈ, ઉદ્ધવ અને સાત્યકિની રજા લઈને કાલયવન પાસે જવા નીકળી પડ્યો. સ્વાભાવિક રીતે આ વખતે ભાઈની રજા લેવા માટે ખૂબ મહેનત કરવી પડી હતી. ઉદ્ધવ અને સાત્યકિ પણ છેલ્લી ઘડી સુધી મારી સાથે આવવાની હઠ કરી રહ્યા હતા. પરંતુ અર્જુનની જેમ જ તેમનો મોહ પણ કસમયનો મોહ હતો. અને હું આવા કસમયના મોહના વશમાં ક્યાં આવવાનો હતો? બસ, બધાને ઉદાસ અને દુ:ખી છોડીને, હું મારું કર્તવ્ય નિભાવવા નીકળી પડ્યો હતો. હા, જતા જતા કાફલાને છેલ્લી નજરે જોવાનું ભૂલ્યો નહોતો. તમને શું કહું કે કાફલાને જોવાનું કેટલું સારું લાગી રહ્યું હતું. કેટલા લોકો માત્ર મારા ભરોસે મોતના મોંમાંથી નીકળીને જીવનની આશામાં જઈ રહ્યા હતા. આજે તેમની આશા જ મારી હિંમત હતી. શું કહું તમને, ઉત્સાહથી લદોલદ કાફલાને જોતાં હું મારી જાતને ભાવુક થવાથી ન રોકી શક્યો, અને કહેવાની જરૂર નથી કે તે જ ભાવુકતા સાથે મેં કાફલાને આખરી વિદાય આપી તથા ઘોડો કાલયવનના કાફલાની દિશામાં દોડાવી દીધો.

...હવે કાફલો નીકળી તો ગયો હતો પરંતુ હજી તેનું સલામત પહોંચવાનું બાકી હતું. આ સમયે મારી હાલત હું જ જાણતો હતો. ઘોડો દોડાવતો, કાફલાની સલામતી માટે કાલયવનને રોકવા નીકળી તો પડ્યો હતો, પણ કોઈ પાક્કી યોજના અને આશરો તો હતો નહીં. ઉપરથી સવાલ પણ જેવો તેવો નહીં, હજારો મનુષ્યોના જીવનનો હતો. હાલત એવી હતી કે હજુ થોડે જ દૂર પહોંચ્યો હતો કે રસ્તામાં એક નવી જ ચિંતાએ મને ઘેરી લીધો. ક્યાંક એવું તો નથીને કે મારી ગણતરીમાં ભૂલ થઈ હોય અને કાલયવને પેલી ગુફા પાર કરી લીધી હોય. જો આવું થયું હોય, તો પછી તેને રોકી શકવાનું અશક્ય થઈ જશે. એક ક્ષણ માટે તો મારા પ્રાણ જ નીકળી ગયા. પરંતુ તત્ક્ષણ પોતાને સ્વસ્થ કર્યો, કારણ કે જે કાર્ય હું કરવા જઈ રહ્યો હતો તેના માટે ચિંતિત મનોદશા સારી નહોતી. અને વળી આમ પણ હારતા પહેલા હારવાનું ઘણીવાર હારને નિમંત્રણ આપવાનું સાબિત થાય છે. બસ, મેં તત્ક્ષણ પોતાને 'વિશ્વાસ' નામની જડીબુટ્ટી સુંઘાડી. જો તેણે ગુફા પાર નહીં કરી હોય તો તો સારી વાત છે, અને જો કરી લીધી હશે તો કંઈક નવું વિચારી લેવામાં આવશે. ...આમાં સમસ્યા જ ક્યાં છે? વિચારવું તો ઘરની ખેતી છે, જેટલી જરૂર હશે તેટલું વિચારી લઈશું. પણ જે થાય તે, કાલયવનને કાફલા સુધી નહીં પહોંચવા દઉં. અને જ્યારે કંઈ બીજું ના સૂઝ્યું તો બસ, મનોમન આ સંકલ્પ પુનરાવર્તિત કરવાનું શરૂ કરી દીધું. અર્થાત્ આ તરફ હું મનમાં આ સંકલ્પ પુનરાવર્તિત કરી રહ્યો હતો અને તે તરફ ઘોડો તીવ્ર વેગે દોડી રહ્યો હતો. ચોક્કસપણે હું જેમ બને તેમ જલ્દી તે ગુફા સુધી પહોંચવા ઇચ્છતો હતો જ્યાં કાલયવનને ભેરવવાનું

તરકટ રચીને બેઠો હતો.

ખેર! આખી રાત ઘોડો દોડાવ્યા છતાં, તે ગુફા સુધી તો બીજા દિવસની સવારે જ પહોંચી શક્યો. કાલયવનની સેના આસપાસ ક્યાંય દેખાતી નહોતી. સ્વાભાવિક રીતે આ જોઈને મારા જીવમાં જીવ આવ્યો હતો. અર્થાત્ હું કાલયવન સુધી પહોંચી ગયો હતો, પણ તેનું મારા સુધી પહોંચવાનું બાકી હતું. આખી રાતનો થાક્યો હતો, પણ મારી સતર્કતા હતી કે આંખ પલકારો મારવા સુદ્ધાનું નામ લઈ રહી નહોતી. હું ઘોડાને એક વૃક્ષ સાથે બાંધીને આજુબાજુમાંથી તેનાં ભોજન માટે થોડું ઘાસ લઈ આવ્યો. ત્યાર બાદ થોડાં ફળ વગેરે તોડીને એજ વૃક્ષ નીચે આશરો લીધો. ચારે તરફ ઘનઘોર વૃક્ષો અને ટેકરીઓથી ઘેરાયલી એ ગુફા સામે જ દેખાઈ રહી હતી. અને આ સુંદર દ્રશ્યમાં એક વાર ફરી મોતની રાહ જોવાનું શરૂ થઈ ગયું હતું. આમ તો જીવનમાં કેટલાય પ્રકારની રાહ જોઈ હતી, પરંતુ આજની પ્રતીક્ષા એક રીતે થોડી નિરાળી હતી. કારણ કે આ વાટ બે-તરફની હતી; એક તરફ તો જ્યાં હું કાલયવન રૂપી મોતના આવવાની રાહ જોઈ રહ્યો હતો તો, બીજી બાજુ કાફલા રૂપી જીવનનાં સહી-સલામત દ્વારકા પહોંચવાની રાહ પણ જોઈ જ રહ્યો હતો. જોકે પહેલા પ્રકારની રાહ જોવાનું એક રીતે અજબ હતું. તે રાહ જોવાનું જેટલું લાંબુ હોય, તેટલું જ સારું હતું. અને હમણાં તો દરેક વીતતી પળ સાથે આ રાહ જોવાનું લંબાતું જઈ રહ્યું હતું. અંતે રાહ જોતા જોતા સાંજ ઢળી ગઈ, પણ તે ના આવ્યો. આનાથી મોટી ખુશખબરી તો બીજી કોઈ નહોતી હોઈ શકતી. હવે તો તેની કાલ બપોર પહેલા આવવાની શક્યતા નહીંવત્ હતી. કારણ કે આટલા પગપાળા સૈનિકો સાથે કોઈ રાતે મુસાફરી કરે તે અશક્ય લાગી રહ્યું હતું. આરામની રાત નસીબ થતાં જ મેં કાલયવનને મારા મનમાંથી હાંકી કાઢ્યો અને વાંસળીના શરણમાં ચાલ્યો ગયો. ખબર નહીં, ફરી વાંસળી વગાડવા મળે કે ન મળે. આજે રાતે માત્ર હું અને મારી વાંસળી હતા. ન કોઈની યાદ હતી, ન કોઈની રાહ હતી. ભલા જીવનની અંતિમ ક્ષણમાં શા માટે કોઈને યાદ કરવું અને શા માટે કોઈની રાહ જોવી. આજે તો માત્ર પોતાની સાથે રહેવાનો દિવસ હતો. માત્ર પોતાને માટે જીવવાનો દિવસ હતો. સાચું કહું તો આજ જેવી શાંતિ મને પહેલા ક્યારેય નહોતી મળી.

...આ તરફ સવાર થતાં થતાં મને નવો વિચાર આવ્યો. મેં વિચાર્યું, અહીં બેસીને કાલયવનની રાહ જોવા કરતાં તો હું પોતે તેની સેના તરફ શા માટે કૂચ ન કરું? એને જેટલો દૂર રોકી શકાય તેટલું જ કાફલા માટે સારું થશે. વિચાર ઉત્તમ હતો, તરત મોતના મોંમાં જવા માટે નીકળી પડ્યો. લગભગ અડધા કલાકની ઘોડેસવારી બાદ પણ કાફલો ક્યાંય દૂર દૂર સુધી નજરે ન આવ્યો. હું ઘણો ખુશ થયો. કદાચ વિશાળ સેનાને કારણે કાફલો મારી ધારણા કરતાં વધારે ધીમી ગતિએ આગળ ધપી રહ્યો હતો.

જોકે આ ખુશી લાંબુ ન ટકી શકી. બપોર થતાં થતાં તો મંઝિલે દેખા દીધી. કાલયવનની વિશાળ સેના સામે જ નજરે ચઢી રહી હતી. એક ક્ષણ માટે તો આટલી વિશાળ અને ખૂંખાર સેના જોઈને જ હું ગભરાઈ ગયો. ત્યારે ધ્યાનમાં આવ્યું, હું શા માટે ગભરાઉં? હું તો મરવા જ નીકળ્યો છું... બસ, બેધડક સેનાની સામે જઈ પહોંચ્યો. આ તરફ જેવી આશા હતી એક અજાણ્યા ઘોડેસવારને પોતાની તરફ આવેલો જોઈને કાલયવનના સૈનિકોએ મને ઘેરી લીધો. કોણ છે તું? ક્યાં જવા ઇચ્છે છે? કોને મળવા માંગે છે? ...સવાલોની ઝડી વરસાવી દીધી.

મેં પણ એકદમ આત્મવિશ્વાસથી કહ્યું- હું મથુરાના મહારાજા ઉગ્રસેનનો દૂત છું અને તમારા મહારાજ કાલયવન માટે સંદેશ લાવ્યો છું.

આ સાંભળતા જ છ સૈનિકોએ મને ઘેરી લીધો. એક રીતે તો મને નજરકેદ જ કરી લેવામાં આવ્યો. હવે હું તો આ પરિસ્થિતિ માટે તૈયાર જ હતો. મને દુશ્મન સૈનિકો પાસે આવા જ સ્વાગતની અપેક્ષા હતી. આ માટે જ હું વેશભૂષા બદલીને નીકળ્યો હતો. સ્વાભાવિક રૂપમાં પ્રગટ થયો હોત તો કદાચ બલિ જ ચઢાવી દેવામાં આવ્યો હોત. ભલા દૂરદ્રષ્ટિ અને સતર્કતામાં મારો કોઈ હરીફ હોઈ શકે

છે? આમ પણ વિચાર્યું કે ગર્વ કરી જ લઉં, ફરી ગર્વ કરવા મળે કે ન પણ મળે?

હશે, હમણાં તો મને ત્યાંજ સૈનિકોના જાપ્તામાં મૂકીને એમાંનો એક સૈનિક કાલયવનને સૂચના આપવા ચાલી નીકળ્યો. મારે શું કરવાનું હતું, બસ, કાલયવનની આવતી સેનાને જોતો રહ્યો. અને તેની સેનાની શું વાત કરું, જ્યાં સુધી નજર જઈ રહી હતી ત્યાં સુધી તેની સેના નજરે ચડી રહી હતી. અત્યાર સુધીમાં તો કેટલાય ઘોડેસવાર સૈનિકો મારા સુધી પહોંચી ગયા હતા. હવે તો આઠ ઘોડાઓ જોડેલો કાલયવનનો વિશાળ રથ પણ દેખાઈ રહ્યો હતો. ખરેખર, આ સમયે કાલયવનની આટલી સુસજ્જિત અને વિશાળ સેના જોઈને મારા રુંવાડાં ઊભા થઈ ગયા હતા. ખરેખર, જો આ સેના સમયસર મથુરા પહોંચી હોત, તો કદાચ મથુરાથી લઈને મારા સહિત તમામ યાદવોનું નામોનિશાન ન રહેત. એટલું જ નહીં, જો ભૂલથી હજી પણ કાફલો તેમની પકડમાં આવી જાય તો પણ કામ તમામ જ સમજો. આ તો ભલું થજો શ્વેતકેતુનું કે જેણે સમયસર સૂચના આપી દીધી હતી. નહીંતર તો મુસીબત આવવાના સમાચાર મળતા પહેલા જ આખી મથુરાનું નામોનિશાન મટી ગયું હોત. બની શકત કે તેના છાંટા વૃંદાવન સુધી પણ ઉડત, અને મારા માતા-પિતા હોવાને નાતે પ્રિય નંદ-યશોદાનું પણ કામ તમામ થઈ જાત. આ ગાંડાઓનો શું ભરોસો, બની શકે કે આખાં વૃંદાવનનું પણ ધનોત પનોત કાઢી નાંખે. ...જ્યારે આટલી વાત નીકળી છે તો આજે જીવનના આ વળાંક પર તમને દિલની એક બીજી વાત પણ કહી દઉં છું. મારું વૃંદાવન ખરા હૃદયથી ન જઈ શકવાનું એક કારણ આ પણ હતું. ક્યાંક એવું ન થાય કે જરાસંધ વૃંદાવનને મારી દુ:ખતી રગ સમજીને મારી સાથે સાથે વૃંદાવનને પણ ખતમ કરવા માટે ઉતાવળો બની જાય. પરિસ્થિતિઓની સાથેસાથે આ ભય પણ એક કારણ હતું જેણે મને વૃંદાવનથી દૂર રાખ્યો હતો.

ખેર! તે તરફ જેવી કાલયવનને મહારાજ ઉગ્રસેનનો દૂત આવ્યો છે એવી સૂચના આપવામાં આવી કે તેણે કાફલો જ રોકી દીધો. ફટાફટ તંબૂ નાખી દેવામાં આવ્યા. સૈનિક-સેવક પોતપોતાના હિસાબથી અનુકુળ થવામાં વ્યસ્ત થઈ ગયા. તમામ ઘોડાઓ છુટા કરી દેવાયાં. પરંતુ આ તરફ હું હજી પણ સૈનિકોથી ઘેરાયેલો ઊભો હતો, અને એવી મુદ્રામાં ઊભો ઊભો આ પૂરો તમાશો જોઈ રહ્યો હતો. હવે તો કાલયવન તંબૂમાં આશરો પણ લઈ ચૂક્યો હતો અને થોડો આરામ કરીને તૈયાર પણ થઈ ગયો હતો. કહેવાની જરૂરત નહોતી કે આ બધામાં સાંજ ઢળી ગઈ હતી. મને ખુશી આ વાતની હતી કે કંઈ નહીં તો પણ મારા આવવા માત્રથી તેમનો એક દિવસ તો બગડી જ ગયો હતો. આમ પણ હવે કાલયવનનું તેડું આવી ગયું હતું. ત્યાં મોતે બોલાવ્યો હતો અને અહીં હું પહેલેથી મરણિયો હતો. આખી રાત ઘોડો દોડાવ્યો હતો અને પૂરા એક પ્રહર સુધી તો અહીં લાવીને ઊભો કરી દેવામાં આવ્યો હતો. સાચું કહું તો થાકને કારણે પગમાં એવી ખાલી ચડી ગઈ હતી કે ખોડંગાઈને જ ચાલી શકતો હતો. તેનાથી સૈનિકોને શું, બસ, આ હાલતમાં જ તરત મને કાલયવનની શિબિરમાં હાજર કરી દેવામાં આવ્યો. વિશાળકાય શરીર હોવા છતાં, તેની આંખોમાં અજબની ચમક હતી. તેની આંખોમાં જ એક ઊંડો આત્મવિશ્વાસ ઝળકી રહ્યો હતો. શું પ્રભાવશાળી વ્યક્તિત્વ હતું તેનું. પ્રભાવશાળી તો તેની શિબિર પણ હતી. મેં જીવનમાં તંબૂ જ પહેલી વાર જોયો હતો. થોડી વાર તો હું બધું ભૂલીને તેના તંબૂને જોવામાં જ વ્યસ્ત થઈ ગયો. સામે જ કાલયવન ઊંચા આસન પર બિરાજમાન હતો. ચારે તરફ સૈનિકોથી ઘેરાયેલો હું તેની સામે જ ઊભો હતો. શિબિર સ્વયં એક ઉત્તમ શયનકક્ષથી ઉતરતી નહોતી. આ તરફ, એ પહેલા કે હું સંપૂર્ણ રીતે અહીં લઈ આવવાનો હેતુ જ ભૂલી જાઉં તે ગર્જના કરતો બોલ્યો- શું નામ છે તારું? અને હવે શું ભેટમાં મહા નાગ લાવ્યો છે?

સવાલ અને વ્યક્તિત્વ બંને બરાબરનાં ચોંકાવી દેનારાં હતા. આ બાજુ તેની સેના જોઈને પહેલેથી આઘાતમાં ડૂબેલો હું, તેનો ગરજતો અવાજ અને સીધા સવાલથી સંપૂર્ણ રીતે ગભરાઈ ગયો. જોકે જલ્દીથી સ્વસ્થ પણ થયો. એટલું જ નહીં, તત્ક્ષણ પરિસ્થિતિની માંગ પ્રમાણે મારી ક્ષણિક ચેતના

પોતાના સર્વોચ્ચ શિખર પર જઈ પહોંચી. પછી શું હતું, મેં એકદમ વિનમ્રતાપૂર્વક સંપૂર્ણ આત્મવિશ્ર્વાસ સાથે કહ્યું- દૂતોના નામ નથી હોતા મહારાજ! દૂત તો દૂત જ હોય છે. વાસ્તવમાં તમને સાપ મોકલવો તે તમારા જેવા શક્તિશાળીને ડગમગાવવાની એક નાકામ કોશિશ માત્ર હતી, જે અંતે અમારી મૂર્ખતા જ સાબિત થઈ. આ ભૂલ માટે મહારાજ ઉગ્રસેન તમારી માફી માંગે છે તથા આ સમયે મને માત્ર મહારાજ ઉગ્રેસેનનો જ સંદેશવાહક સમજવામાં આવે.

હવે એક તો આટલો યુવાન, ઉપરથી બોલવામાં આટલી નમ્રતા. આ ઓછું હતું કે મહારાજ તરફથી તેમની મૂર્ખતાની માફી પણ માંગી રહ્યો હતો. આથી તેણે તો શાંત થવાનું જ હતું. તેણે આ વખતે પૂછ્યું પણ એકદમ શાંત ભાવથી જ- જો અમે તને બંદી બનાવી લઈએ તો...?

હવે પૂછવાનો ભાવ ભલેને શાંત હોય પણ સવાલ એકદમ જ કડક હતો. તેમ છતાં પણ મેં એકદમ કૂટનીતિજ્ઞ અંદાજમાં કહ્યું- મહારાજ! તમે યુદ્ધ અને રાજનીતિની તમામ નીતિઓના પરમ જ્ઞાતા છો. અને તમારી ખ્યાતિ પણ તેનું પાલન કરવાવાળા રાજાઓમાં જ થાય છે. તમારા પર મહારાજ ઉગ્રસેન અને મથુરાને પૂર્ણ વિશ્ર્વાસ છે. એટલા માટે જ તો ગત વખતે સાપ મોકલ્યા બાદ પણ હું એકલો અને નિ:શસ્ત્ર તમારી પાસે ચાલ્યો આવ્યો છું.

ખરેખર અહંકારને પોષતી ખુશામત એ હથિયાર છે કે જેની સામે ભલભલા નતમસ્તક થઈ જાય છે. આ એ હથિયાર છે જેને ચલાવીને મોટા-મોટા પથ્થરોને પણ મીણ બનાવી શકાય છે. કાલયવન પણ પોતાની પ્રશંસા સાંભળીને ઘણો ખુશ થયો, એટલું જ નહીં, આ વખતે થોડો ફૂલીને બોલ્યો- તમે લોકોએ બરાબર સાંભળ્યું છે. તું બેફિકર થઈને પોતાનો સંદેશ કહે.

હવે સંદેશ શું હતો...? મારે તો ગમે તેમ કરીને વાતોનો દોર એવો ચલાવવાનો હતો કે કાલયવનનો વધુમાં વધુ સમય બગાડી શકું. બસ, મેં કહ્યું- મહારાજ ઉગ્રસેન યુદ્ધ કર્યા વિના તમને મથુરા સમર્પિત કરવા માંગે છે.

આ સાંભળતા જ કાલયવન ખુશીથી ઊછળી પડ્યો, પછી થોડો આશ્ર્ચર્યચકિત થઈને બોલ્યો- પરંતુ કેમ?

તે હું તમને નથી કહી શકતો. એ મથુરાની સાથે વિશ્ર્વાસઘાત થશે- મેં એકદમ નાટકીય રીતે કહ્યું.

સ્વાભાવિક રીતે મારી નાટકીયતાએ તેની જિજ્ઞાસા જગાડી. હવે જિજ્ઞાસા જગાડવા માટે જ તો નાટકીયતા દર્શાવી હતી. પરિણામ એ આવ્યું કે ન માત્ર મારો પહેરો ઉઠાવી લેવામાં આવ્યો, પરંતુ તે કારણ જાણવા એટલો જિજ્ઞાસુ થઈ ગયો કે લગભગ મને ફોસલાવતો હોય એમ બોલવા લાગ્યો- બતાવવું તો તારે પડશે જ. કારણ કે વાસ્તવિક કારણ જાણ્યા વિના આ વાતની સત્યતા સમજવી અશક્ય છે.

મારું શું હતું...? મેં આ વખતે સમજવાનું નાટક કરતાં કહ્યું- તમારી વાત એકદમ યોગ્ય લાગી રહી છે. આથી સાચું તો મારે તમને કહેવું જ પડશે અને સાચું આ છે કે મહારાજ કે અમે લોકો તમારા જેવા શક્તિશાળી રાજા સામે લડીને કમોતે મરવા નથી માંગતા. જ્યાં સુધી જરાસંધનો સવાલ છે તેને તો મથુરા બે વાર હરાવી ચૂકી છે. જરાસંધના જમાઈ કંસે મથુરા પર ઘણા સિતમ કર્યા હતા. જરાસંધ પણ એજ પરંપરાને આગળ વધારવા ઈચ્છે છે. આ માટે મહારાજ ઉગ્રસેન ઈચ્છે છે કે મથુરા પર તમારું શાસન થાય, જેથી મથુરાવાસી આરામથી જીવી શકે.

આ બધું સાંભળીને કાલયવન તો મીણની જેમ ઓગળી ગયો. પછી એકદમ મૈત્રીપૂર્ણ અંદાજમાં બોલ્યો- પોતાના અહંકારને ત્યાગીને પ્રજાના વિષયમાં આટલું વિચારવું ચોક્કસપણે મહારાજ ઉગ્રસેનની મહાનતા છે. પરંતુ પેલા બે છોકરાનું શું?

મેં કહ્યું- તે બંને તો મહારાજ ઉગ્રેસનના પૌત્ર છે. જરાસંધ તેમની સાથે જ તો પોતાની

વ્યક્તિગત દુશ્મનાવટ કાઢવા માંગે છે. કંસના વધનો બદલો લેવા માંગે છે. કારણ કે મથુરાવાસીઓને સિતમથી બચાવવા માટે તે બંનેએ જ કંસનો વધ કર્યો હતો.

કાલયવન થોડો ચોંક્યો- પરંતુ શાલ્વ તો બંને છોકરાઓના વિષયમાં કંઇ બીજું જ કહી રહ્યો હતો. ખેર, જવા દે એ વાતને. પરંતુ તમે લોકો નિશ્ચિંત રહો! મથુરા પર તો આમ પણ મારું જ શાસન રહેવાનું છે. આજ મારી શાલ્વ સાથે સંધિ છે. હું વચન આપું છું કે હું માસૂમ મથુરાવાસીઓ ઉપર કોઈ જૂલમ નહીં કરું.

આ સાંભળતા જ મેં પણ હસીને એકદમ નાટકીયતા સાથે કહ્યું- આખું આર્યાવર્ત જાણે છે કે જરાસંધનો વાયદો અને યોજના હંમેશાં અલગ અલગ હોય છે.

કાલયવન હવે સંપૂર્ણપણે ચોંકી ઊઠ્યો. તેનો જરાસંધ પ્રત્યેનો વિશ્ર્વાસ થોડો વિચલિત થયો. બસ, મારું કામ થઈ ગયું હતું. પ્રમાણ એ કે હવે તેણે એકદમ અસમંજસભરી મુદ્રામાં પૂછ્યું- ...એટલે?

મેં પણ એકદમ લાચારીનો ભાવ લાવતા કહ્યું- આ હું તમને કેવી રીતે કહી શકું છું, મહારાજ? હું તો માત્ર મથુરાની શરણાગતિનો સંદેશ લઈને આવ્યો છું.

આ સાંભળતા જ કાલયવનની હાલત જોવા જેવી થઈ ગઈ. વાત તો તેણે જાણવી જ રહી. હવે મારા જેવા બાળક પર કોઈ જોર-જબરદસ્તી કરવાનું કારણ તો દેખાતું નહોતું. ઉપરથી હું દૂત હતો અને તેનો અહમ્ પણ સારી રીતે પોષી જ ચૂક્યો હતો. બસ, તેણે વાત જાણવા માટે ઈશારાથી મને તેની પાસે બોલાવ્યો અને પોતાની સામે બેસવા માટે એક આસન પણ ઉપલબ્ધ કરાવી દીધું. આ તો ખરેખર મોટી સફળતા મળી ગઈ. કેદમાંથી સીધું બરાબરીમાં બેસવાનું ગૌરવ પ્રાપ્ત થયું. અહીં સુધી તો ઠીક, પણ પછી તે મારી તરફ થોડો ઝૂકીને એકદમ પ્રેમભાવથી બોલ્યો- તું સમજતો કેમ નથી? જો આખી વાત નહીં બતાવે તો અમે તારણ પર કઈ રીતે પહોંચીશું?

મારું શું હતું...! જ્યારે તે આટલું મહત્ત્વ આપી જ રહ્યો હતો, તો મેં પણ આ વખતે સમજવાનો અભિનય કરતાં એક જોરદાર વાર્તા કહી નાખી. સીધી વાત છે, શત્રુ વધારે શક્તિશાળી હોય તો એમનામાં ફૂટ પાડો. બસ, મેં એકદમ ગંભીરતાથી કોઈ ઊંડા રહસ્ય પરથી પડદો ઉઠાવવાનો અભિનય કરતાં કરતાં કહ્યું-તમારી વાત તો સર્વથા યોગ્ય જણાય છે. સાચું તો એ છે કે જરાસંધ ન માત્ર તમારો ઉપયોગ કરી રહ્યો છે, પરંતુ તમારી સાથે બહુ મોટો દગો પણ રમી રહ્યો છે. આ વાત આખું આર્યાવર્ત જાણે છે અને તમે પણ જાણો જ છો કે જરાસંધ 'ચક્રવર્તી સમ્રાટ' બનવા માંગે છે. પરંતુ તમારા જેવા રાજા તેના ચક્રવર્તી-સમ્રાટ બનવાના માર્ગમાં કાંટાની જેમ ખટકી રહ્યા છે. કારણ કે તમે કોઈને પોતાનો ચક્રવર્તી-સમ્રાટ માનવાનું ક્યારેય સ્વીકારશો નહીં. બધા જાણે છે કે તેની ગુલામી અને ચાંપલુસી તમારાથી ક્યારેય નહીં થાય. હવે જો તેણે ચક્રવર્તી સમ્રાટ બનવું હોય તો તમને યુદ્ધમાં હરાવવા જ પડે, અને એ તમારા પરના આક્રમણ સિવાય શક્ય નથી. આથી તેણે મથુરાને મોહરું બનાવીને તમારા ખાત્માની એક યોજના બનાવી છે. હકીકતમાં તે તમને અહીં ઘેરીને મારવા ઈચ્છે છે. આવું થયા બાદ, બીજા દિવસે જ તે પોતાને ચક્રવર્તી-સમ્રાટ જાહેર કરી દેશે.

આ બાજુ, બોલતી વખતે પણ મારી નજર સતત કાલયવન પર ટકેલી જ હતી. સ્પષ્ટ લાગી રહ્યું હતું કે તે મારી વાતોથી ગૂંચવાઈ ગયો છે. પરિણામે, વાત પૂરી થયા બાદ, એક ઊંડો શ્ર્વાસ લઈને તે ઊંડા વિચારોમાં ગરકાવ થઈ ગયો. તેના પર મારી વાતોની અસર થયેલી જોઈને, હું મનોમન ઘણી નિશ્ચિંતતા અનુભવી રહ્યો હતો, પણ નાટકબાજ એવો હતો કે બહાર એજ ગંભીર અને ચિંતિત મુદ્રા ધારણ કરીને બેઠો હતો. ...અને એવો ભોળોભટ્ટાક થઈને બેઠો હતો કે શું કહું? જોકે કાલયવન પણ ઓછો કમાલનો નહોતો, તે મારી અભિનયક્ષમતાની પૂરેપૂરી પરીક્ષા લઈ રહ્યો હતો. ...તો શું? અભિનય કલા તો મારામાં ઠાંસી ઠાંસીને ભરી પડી હતી. ભલા જેની દ્રષ્ટિમાં જીવન જ એક અભિનય હોય, તેનામાં અભિનયનાં ભિન્ન ભિન્ન રંગોની શું ખોટ? ...ખાસ કરીને મારું જીવન તો આખેઆખું

અભિનય છે. જો તેમાં કંઇ સ્થિર હોય તો તે મારો સ્વભાવ, મારો આત્મા, મારો પ્રેમ, મારો આનંદ, મારી શાંતિ અને મારી મસ્તી. બાકી આ યુદ્ધ, આ છળ, આ દ્વારકા, માતા-પિતા, વૃંદાવન, રુક્મિણી એ બધું અભિનય જ તો છે. પરંતુ ખૂબી એ કે તે પણ પૂર્ણતાની સાથે; સત્યથી પણ વધારે સત્ય અને મોહથી પણ ઊંડું. ...છતાં પણ છે તો અભિનય જ. આ તમામ કાર્યો દરમિયાન પણ હું તો છું માત્ર દ્રષ્ટા જ. ...અને વળી, આત્માની અમરતાને મારાથી વધારે સારી રીતે કોણ જાણી શકે છે? ભૂલી ગયા શું? મેં ગીતામાં અર્જુન પાસે આત્માની અમરતાના કેટલા ગુણગાન ગાયા હતા. ખેર, જવા દો તે વાતને. હાલ તો કાલયવન હજુ પણ ઊંડા વિચારમાં ગરકાવ હતો, અને આજ મોકો હતો તેના મન પર છેલ્લો ઘા કરવાનો. આથી ચૂપકીદી તોડતા, મેં એકદમ ગંભીરતાથી કહ્યું- તમે જ વિચારો મહારાજ, આટલા બધા રાજા અને આટલી વિશાળ સેના શું જરાસંધ માત્ર મથુરાને જીતવા માટે લઈને આવી રહ્યો છે? વિચારવા જેવી વાત તો એ છે મહારાજ કે આટલી વિશાળ સેનાની સામે તો મથુરા આમ પણ નતમસ્તક થઈ જાત. આ નજીવા એકપક્ષીય યુદ્ધ માટે તેણે તમને અહીં સુધી બોલાવવાની શું જરૂરિયાત હતી?

હવે કાલયવન, કે જેને પહેલેથી જ કોઈ વાત પલ્લે પડી રહી નહોતી, તેને મારી આ વાતે બીજી એક મોટી સમસ્યામાં ગૂંચવી દીધો. તેની બુદ્ધિ જ બહેર મારી ગઈ. તે હવે એજ રીતે વિચારવા વિવશ હતો જે રીતે હું ઇચ્છું. અર્થાત્ તેના વિચારોએ ‘કૃષ્ણના તરકટ’ની શરણાગતિ સ્વીકારી લીધી હતી. પરિણામ એ આવ્યું કે જરાસંધની આટલી ભયાનક કૂટનીતિ જાણીને તેનું મોં ખુલ્યું તો ખુલ્લું જ રહી ગયું. ...જ્યારે કંઇ સમજાયું નહીં ત્યારે થોડી વાર પછી તે ક્રોધથી અકળાઈ ઊઠ્યો- દુષ્ટ જરાસંધ પર તો હું આમ પણ ભરોસો ના કરત, આ તો શાલ્વ મારો મિત્ર છે એટલા માટે હું ફસાઈ ગયો. આટલું કહીને તેણે એક ઠંડો શ્ર્વાસ લીધો. ફરી થોડી વાર પછી કોણ જાણે શું થયું કે તે ક્રોધમાં લાલપીળો થતો મારા ખભે હાથ રાખીને બોલ્યો- તું ઉગ્રસેનનો સંદેશો મારા સુધી પહોંચાડવા આવ્યો છે, હવે મારો એક સંદેશો તારા મહારાજ સુધી પહોંચાડ. જા, જઈને તારા મહારાજ ઉગ્રસેનને કહી દે કે જરાસંધ, શાલ્વ કે અન્ય કોઈ રાજા મથુરાથી જીવતા પાછા નહીં જઈ શકે. આટલું કહેતા કહેતા તો તેણે તલવાર જ ખેંચી લીધી.

...આ થઈને વાત. અર્થાત્ હવે કાલયવન સંપૂર્ણ રીતે મારી મુઠ્ઠીમાં આવી ગયો હતો. બસ, પછી શું હતું? શરીર તેનું, વિચાર મારા. અર્થાત્ હવે દ્વારકા વસી જ સમજો. આ સમયે મારી હાલત એ હતી કે એક તરફ દ્વારકાનાં સપનાંમાં ખોવાઈ ગયો હતો ને બીજી તરફ સતત બોલવામાં આવેલા હળહળતા જૂઠ પર મનોમન બહુ હસવું પણ આવી રહ્યું હતું. કારણ કે હકીકત તો એ હતી કે પાછલા કડવા અનુભવોને કારણે, જરાસંધ અત્યંત નાનકડી સેના લઈને આવી રહ્યો હતો. પરંતુ કાલયવનને જરાસંધની વિશાળ સેનાનું એવું ભવ્ય વર્ણન કર્યું હતું કે તેનું મન શંકાશીલ થયા વિના રહી જ શકે તેમ નહોતું. વિચારો, હું કેટલો બુદ્ધિમાન હોઈશ, કે મારી સામે કાલયવન જેવા બુદ્ધિમાનની બુદ્ધિએ પણ કામ કરવાનું બંધ કરી દીધું હતું. હું તો કહું જ છું ને કે મારી સાથે ન જીવતેજીવત બાથ ભીડાવવી કે ન મૃત્યુ પછી પણ. આ વાત અહંકારના વશમાં આવીને નથી કહી રહ્યો, ખરેખર મારી પાસેથી સદૈવ વિજયી રહેવાની કળા શીખવા જેવી છે. પહેલા સામેવાળાની બુદ્ધિ ચાલતી બંધ કરી દો; પછી તેના મન પર એટલી ઈજા કરો કે તે દરેક વિચાર માટે તમારા પર આશ્રિત થઈ જાય; અને અંતમાં તેને પોતાના મન મુજબ પોતાની બુદ્ધિથી ચલાવો. ...અને પછી તેના જ હાથે તેનો ખાતમો બોલાવો. આજ હાલત હું આ સમયે કાલયવનની કરવા માટે કટિબદ્ધ થયો હતો. ...તો પહેલા પ્રયત્નને પરિણામ સુધી પહોંચાડો અને પછી ડંફાસ મારી લેજો. જરા જેટલી ગરબડ થઈ નથી કે અહીં જ કાપીને ફેંકી દેવામાં આવશો. વાત તો બિલકુલ સાચી હતી. હું તરત જમીન પર આવી ગયો. આ તરફ કાલયવનના હાવ-ભાવ પણ કંઈક એવા જ સંકેતો આપી રહ્યા હતા. સ્પષ્ટ લાગી રહ્યું હતું કે મારી તમામ કોશિશો અને

સંભળાવવામાં આવેલી એકથી એક ચઢિયાતી વાર્તાઓ પછી પણ તે સંપૂર્ણ રીતે સંતુષ્ટ લાગતો નહોતો. આથી, મને મોકો જોઈને કાલયવનના માનસ પર બીજો એક પ્રહાર કરવાનું જરૂરી લાગ્યું. આ વખતે ગજબની દ્રઢતા અને વિશ્ર્વાસ દેખાડતાં મેં કહ્યું- જો ખરેખર તમે જરાસંધનો વધ કરવામાં સક્ષમ છો તો હું ખાત્રી આપું છું કે આખી મથુરા તમારો સાથ આપશે. મથુરાની સેના બહુ સુનિયોજિત નથી, માન્યું કે તેમની પાસે અત્યાધુનિક હથિયાર પણ નથી, તેમ છતાં મથુરાના પાંચ-છ હજાર સૈનિક જરાસંધની સાથેના યુદ્ધમાં સંપૂર્ણ રીતે તમારી સાથે હશે. અને એક વાર તમારા જેવાનું માર્ગદર્શન મળે, તો હું દાવાથી કહી શકું છું કે તે વીરતામાં કોઈથી ઉતરતી સિદ્ધ નહીં થાય.

આ સાંભળતા જ તેના ચહેરા પર ચમક આવી ગઈ, તે થોડો પ્રસન્ન પણ થયો. તેની આ પ્રસન્નતા આ સમયે મારા માટે બહુ કામની હતી. બસ, મેં તત્કાળ અંતિમ પાસો પણ ફેંકી દીધો, જે એનામાં મહત્ત્વાકાંક્ષા રોપવાનો હતો. હવે આટલું બધું થઈ ગયા પછી એના વિફળ થવાની કોઈ શક્યતા નહોતી. બસ, મેં આ વખતે પૂરી વિનમ્રતા સાથે કહ્યું- જો તમે જરાસંધને હણી નાખશો તો તમે જ ચક્રવર્તી-સમ્રાટ થશો. સમગ્ર આર્યાવર્ત તમારા ચરણોમાં હશે. અને હકીકત એ છે કે તમારા જેવા સહૃદયી ચક્રવર્તી-સમ્રાટ મેળવીને સમગ્ર આર્યાવર્ત ધન્ય પણ થઈ જશે.

...મારું તીર બરાબર નિશાન પર લાગી ગયું. તેની આંખોમાં ઉભરતાં ચક્રવર્તી-સમ્રાટ બનવાનાં સપનાં સ્પષ્ટ જોઈ શકાતા હતા. ઉત્સાહથી તો એટલો ભરાઈ ગયો હતો કે સ્ફુર્તિથી ઊભો થઈ ગયો, અને પછી પોતાના સેનાપતિ બાજુ દ્રષ્ટિ કરીને બોલ્યો- આજે જઈને આરામ કરો અને કાલે સવારે બમણા વેગથી મથુરા તરફ કૂચ કરવાની તૈયારી કરો. આપણે જલ્દીથી જલ્દી જરાસંધનો ખાતમો બોલાવવાનો છે.

...હવે ચોંકવાનો વારો મારો હતો. માંડ માંડ હજી એક જ દિવસ બગાડી શક્યો હતો. સવાર સવારમાં જ મથુરા તરફ કૂચ કરવાનો અર્થ હતો મારા પર અને કાફલા પર આફતનો ઓથાર. તે જ પળે મારી નિશ્ચિંતતા છૂમંતર થઈ ગઈ. આટલી લાંબીલચક હાંકવાનું અને પચાસો જૂઠ બોલવાનું પરિણામ ફુસ્સ...! અર્થાત્ કર્મ હજુ પણ અધૂરું રહી ગયું હતું. કંઈપણ કરીને તેને ત્રણ-ચાર દિવસ અહીં જ રોકવાનું જરૂરી હતું. પાસાએ પલટો શું ખાધો કે મારો બધો ગર્વ અને અભિમાન જમીનદોસ્ત થઈ ગયાં. હમણાં તેને ચક્રવર્તી-સમ્રાટ તો બનાવી દીધો. હવે શું વિશ્ર્વના માલિક થવાનાં સપનાં બતાવું? હું મનોમન થોડો અકળાઈ પણ ગયો. આ તરફ રાત પણ થઈ ગઈ હતી. શિબિર મશાલોથી ક્યારનીય પ્રકાશમય કરી દેવામાં આવી હતી. પણ અમારા જીવન પર મોતરૂપી જે અંધકાર છવાયેલો હતો તે હટવાનું નામ જ નહોતો લઈ રહ્યો. હવે જો તત્કાળ કોઈ ચક્કર ચલાવવામાં નહીં આવે તો દ્વારકાનું સપનું 'સપનું' જ રહી જવાનું એવું નક્કી લાગી રહ્યું હતું. ...પરંતુ ...એમ બને જ કેમ? તમે તો જાણો જ છો કે જરૂરિયાત શોધની જનેતા છે. તરત મારા ચૈતન્યમાં એક નવી યોજનાનું પ્રાગટ્ય થયું. યોજના શું? એક વધુ અસત્ય ...એક નવી વાર્તા. મેં તરત એકદમ ભોળાભાવે કાલયવનને કહ્યું- મહારાજ, હું તમારી પાસે એક નિવેદન કરવા માંગું છુ. જે રસ્તેથી આ સમયે આપણે જવાનું વિચારી રહ્યા છીએ તે લાંબો છે. આ રસ્તેથી આપણી અને જરાસંધની સેના એકી સાથે મથુરા પહોંચે તેવો અંદેશો છે. આ પરિસ્થિતિમાં આપણે મથુરાની સેનાનો યોગ્ય રીતે ઉપયોગ નહીં કરી શકીએ. આપણે મથુરા જરાસંધ કરતાં દસેક દિવસ વહેલા પહોંચવું જોઈએ જેથી તમે મથુરાની સેનાની કમાન પોતાના હાથમાં લઈ શકો. અને તો જ તમે તમારી રણનીતિ મુજબ યુદ્ધ કરી શકશો. આમ પણ યુદ્ધ સંપૂર્ણપણે તમારી જ રણનીતિ મુજબ લડવામાં આવે તે જ શ્રેષ્ઠ છે, કારણ કે આ સમયે મથુરાની પાસે યુદ્ધની રણનીતિમાં તમારા જેવું સર્વોત્તમ કોઈ નથી. આમ પણ જો યુદ્ધ એક જ વ્યક્તિ દ્વારા બનાવવામાં આવેલી રણનીતિથી લડવામાં આવે તો જ તે સારું પરિણામ આપે છે.

કાલયવન તરત બોલી ઊઠ્યો- તો શું...! મથુરા પહોંચવાનો કોઈ બીજો માર્ગ પણ છે?

મેં તરત કહ્યું- હા, એકદમ ટૂંકો માર્ગ છે. હું તે માર્ગથી જ આવ્યો છું. તે માર્ગથી આપણે ત્રીજા જ દિવસે મથુરાની સીમામાં પ્રવેશ કરી લઈશું.

...બોલતા તો બોલી ગયો હતો, પરંતુ મથુરા જવાનો કોઈ બીજો માર્ગ તો હતો જ નહીં, પણ હવે તો કોઈ ઉપાય ન જોઈને જૂઠ પર જૂઠ ચાલુ થઈ ગયું હતું. બીજી તરફ કાલયવન પર તો મારું જાદૂ એવું છવાઈ ગયું હતું કે તે તરત બોલી પડ્યો- બરાબર છે, તો પછી કાલે તે માર્ગથી જ જઈશું.

મેં મનોમન વિચાર્યું, મારા બાપ! માર્ગ હશે તો લઈ જઈશને. પરંતુ મથુરા જલ્દી પહોંચવાનો વિચાર મારો હતો, આથી હવે તેને માર્ગ બતાવવાનું કર્તવ્ય પણ મારું જ હતું. તે જોતા જ અનાયાસ મારા મુખેથી નીકળી ગયું- પહેલા ચાલીને તમે તે માર્ગ જોઈ તો લો. કારણ કે આ માર્ગ થોડો સાંકડો અને પથરાળ છે. એવું ન થાય કે સેના ફસાઈ જાય અને પાછો આપણે આ માર્ગનો જ સહારો લેવો પડે. આપણે સવારે નીકળશું તો માર્ગ જોઈને સાંજ સુધી પાછા આવીશું. શું થશે? વધુમાં વધુ એક દિવસ બગડશે, પણ આપણો કાફલો તો ભટકી નહીં પડે.

અજબ હાલત હતી કાલયવનની. હું જે તરફ ફેરવું તે તરફ ફરવા માટે તરત તૈયાર થઈ જતો હતો. હું જાણતો હતો કે તે ખોટા હાથમાં પડી ગયો છે. ...હશે, તેનું દુર્ભાગ્ય. મારે માટે તો ખુશીની વાત આ હતી કે મારો વિચાર સાંભળતા જ તે એ માટે તરત રાજી થઈ ગયો. એટલું જ નહીં, નિશ્ચિંતતાથી સૂવા પણ જતો રહ્યો. આ તરફ મને પણ કડક પહેરાની વચ્ચે એક શિબિરમાં જ આશરો આપવામાં આવ્યો. થાક બહુ હતો, પણ માથા પર લટકતી તલવાર અને ચારે તરફ સૂતેલા સૈનિકો વચ્ચે ઊંઘ ક્યાં આવવાની હતી? એક દિવસ તો વધારે બગાડવાની ગોઠવણ કરી જ ચૂક્યો હતો, પણ તેનાથી આગળ શું? બસ, આજ ચિંતનમાં સવાર થઈ ગઈ.

આ બાજુ ઉત્સાહિત કાલયવન તો સવાર થતાં જ હથિયારોથી સજ્જ થઈને, કેટલાક સૈનિકોને સાથે લઈને મારી સાથે માર્ગ જોવા આવવા માટે તૈયાર થઈ ગયો. મને તો એવું લાગ્યું કે જાણે મારે મારા મોતનો સામાન સાથે લઈ જવો પડી રહ્યો છે. ...અને જૂની કહેવત છે, 'મોતનો સામાન જેટલો ઓછો હોય તેટલું સારું.' આ વિચારીને મેં વિનમ્રતાપૂર્વક એક સલાહ આપતા કહ્યું- માર્ગ જોવા માટે જવું છે... તેના માટે તો બે-ચાર સૈનિકો જ પૂરતા છે. ...વળી, હથિયારોની પણ શું જરૂરિયાત છે? ...કારણ કે વધારે સૈનિક અને હથિયાર આપણી જ ગતિમાં અવરોધરૂપ સિદ્ધ થશે. અને વળી હું પણ તો હથિયારવિહોણો જ આવ્યો છું. રસ્તો પણ પાસે છે, ક્યાંય કોઈ જોખમ નથી. નકામો એક દિવસ શું કામ બગાડવો?

આમ પણ આ સમયે કાલયવનની બુદ્ધિ જ ક્યાં ચાલી રહી હતી? તે તો સંપૂર્ણ રીતે મારી બુદ્ધિ પર આશ્રિત થઈ ગયો હતો. કાલયવન સુધી તો ઠીક છે, પરંતુ તેના સેનાપતિ અને મંત્રીઓ સુદ્ધાંની બુદ્ધિ બહેર મારી ગઈ હતી. તેમનું તો માથું જ ભમી ગયું હતું. તેમને તો સમજાઈ જ નહોતું રહ્યું કે જરાસંધ અને શાલ્વ જે મિત્રો હતા, અચાનક શત્રુ કેવી રીતે થઈ ગયા? અમે તો મથુરા પર આક્રમણ કરવા જઈ રહ્યા હતા, આ મથુરા સાથે મળીને કોની સાથે યુદ્ધ લડવાનું છે? બિચારાઓને કળ જ વળી રહી નહોતી કે આપણે આક્રમણ કરવા જઈ રહ્યા છીએ કે આપણી પર કોઈ આક્રમણ કરવા આવી રહ્યું છે. ...કેવી રીતે કહું કે કૃષ્ણની ગૂંચવેલી ગૂંચને ઉકેલવાના ચક્કરમાં ના પડો સેનાપતિજી, યુદ્ધ કર્યા વિના પાગલ થઈ જશો.

ખેર! જવા દો આ મજાકની વાતોને. હમણાં તો સારી ખબર એ કે મારા મુખેથી ઉચ્ચારાયેલો 'શુભ-વિચાર' સાંભળતા જ કાલયવને તમામ હથિયાર ત્યાગી દીધા અને માત્ર ચાર સૈનિકોને લઈને મારી સાથે ચાલી નીકળ્યો. મેં પણ થોડો રાહતનો શ્ર્વાસ લીધો, ચોક્કસપણે મોતનો સામાન ઘણો ઓછો થઈ ચૂક્યો હતો. જોકે સામાન ભલે ઓછો હતો, પણ હતો તો મોતનો જ, અને એ પણ મારા જ માટે લઈ જઈ રહ્યો હતો; ખબર નહીં આગળ જતાં શું વીતે? ...કારણ કે સાંજ સુધી તો ખબર પડી જ

જશે કે હું તેમને માત્ર મૂરખ બનાવી રહ્યો છું; અને ત્યારે તેમની પાસે મને ખતમ કરવા સિવાય કોઈ ઉપાય નહીં બચે. ...હવે ત્યારે જે થશે, તે જોયું જશે... હાલ તો મારા અને કાલયવનના ઘોડા સાથેસાથે દોડી રહ્યા હતા. ચારે સૈનિકો પાછળ પાછળ ચાલી રહ્યા હતા. માર્ગ અમે ગુફા તરફનો જ લીધો હતો. લગભગ એક કલાક સુધી અમારા ઘોડા દોડી ચૂક્યા હતા, પરંતુ બીજો માર્ગ નજરે ચડી રહ્યો નહોતો. હવે હોત તો નજરે ચડત ને? ...તે તરફ કાલયવનના હાવ-ભાવ અને વાતોથી સ્પષ્ટ હતું કે તે થોડો થોડો શંકાશીલ થવા લાગ્યો છે. હું પણ સમજી ગયો હતો કે હવે આ નાટક બહુ લાંબુ ચાલે એમ નથી. ગમે ત્યારે નાટક પરથી પડદો ઉઠે એમ હતું. ઉપરથી ગુફા હતી કે આવવાનું નામ જ લઈ નહોતી રહી. હું બરાબરનો અકળાઈ ગયો હતો. જોકે વ્યગ્રતા પોતાની ચરમસીમા પર પહોંચે એ પહેલા જ ગુફા જોવા મળી ગઈ હતી. જી હા, એજ ગુફા જેમાં મેં અને સાત્યકિએ કોઈ આવા સમય માટે જ સૂકાં લાકડાંઓ રાખી મૂક્યાં હતા. સ્વાભાવિક રીતે ગુફા જોતા જ મારા જીવમાં જીવ આવી ગયો હતો. મેં ધીમેથી ઘોડાઓને ગુફા તરફ વાળી દીધા. માર્ગ બદલતા જ આ તરફ કાલયવનનો વિશ્વાસ પણ પાછો આવી ગયો. આ તરફ ગુફા ઘણી મોટી અને ઊંડી હતી. કોઈ મુસીબતના વખતે જો કાલયવન પાસેથી જીવ બચાવીને ભાગવું પડે, અથવા તેને લાંબા સમય સુધી ગૂંચવવાની જરૂરિયાત પડે તો આ ગુફાનો ઉપયોગ કરી શકાય તેમ હતો. બસ, આજ વિચારીને મેં તે સમયે આ ગુફાની પસંદગી કરી હતી. વાત સ્પષ્ટ હતી, કાલયવનને મથુરાના માર્ગ પર આ ગુફા પાસે લાવવાનો જ હતો. મારે તેને અટકાવવાનો પ્રયત્ન કરવા માટે ક્યાંક ને ક્યાંક મળવાનું જ હતું. ...તો પછી આ ગુફા શા માટે નહીં? કંઈ નહીં તો થોડી વાર માટે ગુફામાં જીવ બચાવવાનો ઉપાય તો શોધી જ શકાતો હતો. બીજું, ગુફા એટલી અંધારી હતી કે રાતે તો અહીં એક હાથને બીજો હાથ પણ સૂઝે તેમ નહોતો. ચોક્કસપણે આવા જ કોઈ સમય માટે ગુફામાં બળતણ માટેનાં લાકડાંઓ રખાવ્યાં હતા. કારણ કે જરૂર પડે ત્યારે ગુફામાં આગ લગાડીને અજવાળું પણ કરી શકાય. આમ તો આ અંધારી ગુફાનો બીજો એક ફાયદો હતો. ભલેને મારું મૃત્યુ અટલ હોય, પણ ગુફાપ્રવેશ સાથે જ કાલયવનના એક-બે દિવસ બગડવાનું નક્કી હતું. કારણ કે આ અંધારી ગુફામાં મને મારવામાં અને મારો મૃતદેહ શોધવામાં થોડો સમય વેડફાય તે ચોક્કસ હતું. અને આ તરફ મને કાલયવનના એક-બે દિવસ બગાડવાના અવેજમાં જીવ ગુમાવવાનું મંજૂર હતું.

...આમ તો આજ કેમ, બનવા કાળ તો બીજું ઘણું બધું બની શકતું હતું. એ પણ શક્યતા હતી કે મને આ રીતે ખોટો સમજીને તે એટલો શંકાશીલ થઈ જાય કે પોતાની યાત્રા ત્યાંજ રોકીને વાસ્તવિક પરિસ્થિતિ જાણવા માટે તે પહેલા પોતાનો કોઈ દૂત મથુરા મોકલે. જો એવું થઈ જાય તો... તો કાફલો દ્વારકા પહોંચ્યો જ સમજો. અર્થાત્ મારી આ એક ચાલાકીએ એકસાથે સંભાવનાના કેટલાય દ્વાર ખોલી નાંખ્યા હતા. બસ, હું મનોમન આજ બધું વિચારતો ગુફા તરફ આગળ વધતો જઈ રહ્યો હતો. બપોર પણ થવા આવી હતી. હવે તો ગુફા પણ સંપૂર્ણ રીતે પ્રકટ થઈ ગઈ હતી. પરંતુ ત્યારે જ એક અણધારી ઘટના ઘટી. હજી હું ગુફા સુધી પહોંચવામાં જ હતો કે દુર્ભાગ્યએ ટકોરા માર્યા. કેટલાક સ્થાનિક નગરવાસીઓ ગાયો ચરાવતાં ચરાવતાં અમારી પાસે આવી ગયા. સ્વાભાવિક રીતે શિષ્ટાચારવશ બધાએ મને પ્રણામ કર્યા. ત્યાં સુધી તો ઠીક, પણ તેમાંથી એક વડીલ બોલી પડ્યા- અરે કૃષ્ણ! તમે અહીં? તમે તો દ્વારકા જવાના હતા ને! આ સાંભળીને મેં આજુબાજુ જોયા વિના ઉંધુ ઘાલીને ઘોડો ગુફાની દિશામાં પૂરઝડપે દોડાવી દીધો. ...હવે બધું જ સ્પષ્ટ થઈ ગયું હતું.

તે તરફ કાલયવન આ સાંભળતા જ ક્રોધથી લાલચોળ થઈ ગયો. એક ક્ષણ માટે તો તેને સમજમાં જ ન આવ્યું કે હવે તે શું કરે? આ એક પળમાં હજારો વિચારો તેના મનમાં આવ્યા અને ગયા. જોકે તરત જ તે સ્વસ્થ પણ થઈ ગયો. અને સ્વસ્થ થતાં જ તેણે મારો પીછો કરવાનું શરૂ કર્યું. હથિયાર તો તેની પાસે હતા જ નહીં કે તે દૂરથી પ્રહાર કરે. તેની મજબૂરી એ હતી કે મને પકડ્યા પછી જ તે મારી સાથે કંઈ પણ કરી શકે એમ હતો. બસ, આજ હતાશામાં તે પીછો કરતી વખતે પણ પાગલોની

જેમ બૂમો પાડી રહ્યો હતો- તો તું દૂત નહીં, ‘કૃષ્ણ’ હતો? તે તારી ઓળખાણ સંતાડી? ખોટું બોલ્યો? અર્થાત્ જે કહ્યું તે બધું ખોટું કહ્યું? તું ખોટો છે. દગાબાજ છે, કપટી છે. હું તને જીવતો નહીં છોડું.

...બૂમો પાડવા દો. મારે શું કરવાનું! હું સાંભળ્યું-ન સાંભળ્યું કરીને ઝડપથી ગુફા તરફ મારો ઘોડો દોડાવ્યે જઈ રહ્યો હતો. પાછળ મારું મોત પણ પૂરઝડપે મારી પાસે આવવાની કોશિશ કરી જ રહ્યું હતું. આમ પણ મોતનું શું હતું, તે તો આમ પણ અટલ થઈ ગયું હતું. પકડાઈ ગયો તો તત્ક્ષણ મોત, અને જો ગુફામાં ઘૂસી શક્યો તો એક-બે દિવસ બગાડીને મોત. હશે, હાલ તો ખુશખબરી એ કે હું ગુફાની સામે જ હતો. બસ, તરત ચાલતા ઘોડા પરથી કૂદ્યો અને દોડીને હેમખેમ ગુફામાં પ્રવેશ કરી લીધો. છેક હવે મારા જીવમાં કંઈક જીવ આવ્યો. એક તો ગુફા આમ પણ અંધારી હતી, ઉપરથી બપોર પણ ઢળી ગઈ હતી. ગુફામાં પ્રવેશ કર્યે મને થોડીક વાર થઈ હતી કે મહારાજ કાલયવન પણ આવી ટપક્યા. તેમણે તો આવવાનું જ હતું. સારું એ હતું કે તેમ છતાં શંકાને કારણે તે થોડી વાર સુધી ગુફાની બહાર જ ઊભો રહ્યો. કદાચ એક દગો ખાધા બાદ તે ઉતાવળમાં બીજો કોઈ દગો ખાવા માંગતો નહોતો. ઉપરથી અંધારી ગુફાએ તેને કંઈક વધારે જ શંકાશીલ બનાવી દીધો હતો. આ બધું હોવાને લીધે તેને સાવધાની રાખવાનું જ યોગ્ય લાગ્યું. બસ, આમતેમ કરતાં તે અને તેના સૈનિકો ગુફાની બહાર જ ફરવા લાગ્યા. ખબર નહીં ક્યાંક અંદર હું આખી સેના લઈને જ ના બેઠો હોઉં. આ તરફ મારું શું હતું? એ વિચારતો રહે આ બધું. હું તો ગુફાના એક ખૂણામાં ચૂપચાપ લપાઈને બેઠો હતો. મારે માટે તો તે આ અસમંજસમાં જ પોતાનો ગુફા-પ્રવેશ સવાર સુધી ટાળી દે તો વધારે સારું હતું. પરંતુ કાલયવન પણ કાલયવન હતો. તે વધારે વાર સુધી રાહ ન જોઈ શક્યો. કદાચ પોતાના જ સૈનિકો સામે મૂર્ખ બનવા બદલ તેના અહંકાર પર ઘા થયો હોય તેમ લાગતું હતું. આથી ખાસ્સી વાર સુધી ગુફામાં કોઈ હલચલ ન થઈ, તો તેણે સૈનિકો સાથે ગુફામાં પ્રવેશ કરી જ લીધો. તેને એ તો પહેલેથી જ ખબર હતી કે હું હથિયાર વગરનો છું. આ તરફ ગુફા પ્રવેશ સાથે તેને એ પણ ખાત્રી થઈ ગઈ હતી કે ગુફામાં હું એકલો છું. કમાલ હતો! પળ વાર પહેલા જેને મારી દરેક વાત પર પૂરો વિશ્ર્વાસ હતો, હવે તેને મારી કોઈ વાત ઉપર જરા ય ભરોસો રહ્યો નહોતો. આમ તો એમાં એ બિચારાનો શું દોષ? હું ચીજ જ એવી છું. ભરોસાલાયક વ્યક્તિ છું જ ક્યાં?

ખેર! આ સમયે એક વાત મારા પક્ષમાં હતી કે હું આ ગુફામાં પહેલા પણ આવી ગયો હતો. તે વખતે જ્યારે મેં પ્રવેશ કર્યો ત્યારે થોડું અજવાળું પણ હતું, એટલે હું ગુફાથી સારો એવો વાકેફ પણ થઈ ગયો હતો. ...જ્યારે એક તો કાલયવન માટે ગુફા આમ પણ સંપૂર્ણ રીતે અજાણ હતી, અને ઉપરથી જ્યારે તેણે પ્રવેશ કર્યો હતો ત્યાં સુધીમાં અંધારું પણ થઈ ગયું હતું. પરિણામસ્વરૂપ તે ગુફામાં ઘૂસી તો ગયો પણ એને ક્યાં જવું, મને કેવી રીતે શોધવો, કંઈ સમજમાં આવી નહોતું રહ્યું. હું તો શ્ર્વાસ પણ એકદમ ધીમેધીમે લઈ રહ્યો હતો. હા, અહીંતહીં શોધતા તેમના પગનો પગરવ ચોક્કસ મારા કાન સુધી પહોંચી રહ્યો હતો. જેવું તેમની સાથે કંઈક ટકરાતું, તેઓ સતર્ક થઈ જતા, પણ ચોક્કસપણે હું ત્યાં મળતો નહીં. આમ પણ હું એક એવા ખૂણામાં લપાઈને બેઠો હતો કે ત્યાં સુધી પહોંચીને મને શોધવાનું સહેલું નહોતું. હા, પગલાંનો અવાજ પાસે આવતો તો હું ચોક્કસ સતર્ક થઈ જતો; અને જેવો અવાજ દૂર જતો કે હું રાહત અનુભવતો. અત્યાર સુધીમાં એ પણ નક્કી થઈ ગયું હતું કે મને શોધ્યા અને પતાવ્યા વિના કાલયવન આ ગુફા છોડવાના પક્ષમાં નહોતો. અર્થાત્ તેનો સારો એવો સમય બગડવાનું તો નક્કી થઈ જ ગયું હતું. આવામાં સ્વાભાવિક રીતે, વીતતા સમયની સાથે કાફલાની સકુશળ પહોંચવાની આશાઓ પણ વધતી જઈ રહી હતી. અને તેની સાથે જ મારો વિશ્ર્વાસ પણ વધતો જ જઈ રહ્યો હતો.

...ત્યારે અચાનક મારો હાથ મારી જ રાખેલ લાકડીઓ સાથે ટકરાયો અને તેની સાથે જ અનાયાસે મને એક મોકો સૂઝ્યો. મારા શરીરમાંથી એક વીજળી પસાર થઈ ગઈ. લો, આ તો આખી

બાજી જ પલટાઈ શકે એમ છે. જો આવું થઈ જાય તો મારું તો કામ જ થઈ જાય. બસ, મેં તરત ચક્ર કાઢીને મારી આંગળીમાં પહેરી લીધું. આજે મને મારા હથિયાર પર ગર્વ થઈ રહ્યો હતો. કારણ કે જો ચક્રને બદલે બીજું કોઈપણ હથિયાર હોત તો તે પહેલેથી જ જપ્ત કરી લેવામાં આવ્યું હોત. ભલા ચક્ર કંઈ હથિયાર થોડું જ છે? ...આ સમયે હું સંપૂર્ણ રીતે સાવધ હતો. મારા કાન સતત ગુફાની હલચલ પારખવામાં લાગેલા હતા. થોડી વાર બાદ કાલયવનનો પગરવ સ્પષ્ટ સંભળાઈ રહ્યો હતો. ધીમે ધીમે તે એકદમ પાસે આવી ગયો હતો. હું સંપૂર્ણ રીતે સજાગ હતો જ, બસ, મેં તત્ક્ષણ થોડું અજવાળું કર્યું અને એ પહેલા કે તે કંઈ સમજી શકે કે મને જોઈ શકે, મારું ચક્ર કામ કરી ચૂક્યું હતુ. કાલયવનનું માથું ધડથી અલગ થઈ ગયું હતું. કહેવાની જરૂરત નથી કે કાલયવનના મરતા જ મેં રાહતનો શ્ર્વાસ લીધો. જીવ તો બચી ગયો હતો, પણ ઉત્સવ મનાવવાનો મોકો હજી પણ નહોતો. કારણ કે હજી પણ યુદ્ધ સંપૂર્ણ રીતે સમાપ્ત નહોતું થયું. હજી તો જે પ્રકારે કાલયવનને માર્યો હતો તે જ પ્રકારે બચેલા સૈનિકોને પણ મારા ચક્રનું નિશાન બનાવવાના હતા. ક્યાંક એવું ન થાય કે હું ખુશી મનાવતો રહી જાઉં, અને તે ચારેય મળીને મારું કામ તમામ કરી નાખે. ખેર, ત્રણને તો મેં એકદમ સહેલાઈથી મારા ચક્રનું નિશાન બનાવી લીધા, પરંતુ ચોથાને મેં મારી નાખવાને બદલે પકડી પાડ્યો. હા, એક મુક્કો મારીને તેને ઘાયલ અવશ્ય કરી દીધો. હવે તે સંપૂર્ણ રીતે મારા નિયંત્રણમાં હતો. પણ સાચું કહું તો મને આટલાથી પણ સંતોષ થયો નહોતો. આટલી મોટી બાબત અને તેના પર લાગેલી જીવનની સહુથી મોટી બાજી; વાત જેટલી પાક્કી થઈ જાય તેટલું સારું હતું. એ તરફ ગુફામાં ઢગલાબંધ બળતણનાં લાકડાંઓ તો પડ્યાં જ હતા. પડ્યાં શું હતા, મેં જ તો રાખ્યાં હતા. અને કારણ કે અંધારાના કારણે એ વિશ્ર્વાસપૂર્વક કહી શકાય તેમ નહોતું કે કાલયવન અને તેના સૈનિકો મર્યા પણ છે કે માત્ર ઘાયલ થયા છે. આથી જ્યારે સામાન છે, તો નાહક મોકો શા માટે જવા દેવો? ક્યાંક એવું ન થાય કે હાથમાં આવેલી બાજી ફરીથી પલટાઈ જાય? બસ, આજ વિચારીને ઘાયલ સૈનિકને બહાર ખેંચીને મેં તત્ક્ષણ આખી ગુફામાં આગ લગાવી દીધી. જોતજોતામાં આખી ગુફા ભડભડ બળવા લાગી. ઠેઠ હવે હું નિશ્ર્ચિંત થયો કે ચાલો જો કોઈ મર્યું નહીં હોય તો પણ તે આ આગથી નહીં બચી શકે, જરૂર બળીને રાખ થઈ જશે.

પરંતુ સંતોષ માનવાનો સમય હજુ પણ આવ્યો નહોતો. આ સમયે મારું ચૈતન્ય પોતાનાં સર્વોચ્ચ શિખર પર સક્રિય હતું. હું ગુફાની બહાર મારા ઘોડાની પાસે જ ઊભો હતો. કાલયવન અને તેના સૈનિકોના ઘોડા પણ સામે જ ઊભાં હતા. તે ઘાયલ સૈનિકની ગરદન હજી પણ મારા હાથમાં જ હતી, અને સ્વાભાવિક રીતે અમે બંને ગુફામાં લાગેલી ભીષણ આગ જોઈ રહ્યા હતા. મધ્ય રાત્રિ ક્યારની વીતી ગઈ હતી. સંકટના મૂળ, કાલયવનના મરવામાં હવે મને કોઈ શંકા નહોતી રહી ગઈ, તેમ છતાં અમે સંપૂર્ણ રીતે સુરક્ષિત છીએ એમ હજુ પણ કહી શકાય તેમ નહોતું. હજી બીજું એક અંતિમ કામ બાકી હતું. અને જ્યાં સુધી તે કામ નથી થઈ જતું, કાર્ય પૂર્ણ થયું એમ કહી શકાય તેમ નહોતું. ...હવે તેના માટે જ તો આ ચોથા સૈનિકને માર્યો નહોતો. બસ, મેં તરત તેને પોતાની સેના પાસે પાછા જવાનો આદેશ કર્યો, સાથે એક સંદેશો પણ મોકલાવ્યો. સંદેશ સેનાપતિના નામે હતો અને સંપૂર્ણ રીતે સ્પષ્ટ હતો. સંદેશનો સાર એ હતો કે કાલયવનને જરાસંધે દગાથી મારી નાખ્યો છે અને એ પહેલા કે તે સાથે આવેલી સેનાને પણ ખતમ કરી નાખે, પાછા ચાલ્યા જાવ.

બસ, સૈનિકને રવાના કર્યા બાદ હું પણ સંપૂર્ણપણે નિશ્ર્ચિંત થઈ ગયો હતો. 'કાલયવન-વધ' કદાચ મારા અત્યાર સુધીના જીવનની સહુથી મોટી ઉપલબ્ધિ હતી. હવે તો દ્વારકાનું સપનું સાકાર થવાનું નક્કી હતું. રુક્મિણીને પામવાની શક્યતા પણ મજબૂત બની ગઈ હતી. મારા મનને જાણે ખુશીની પાંખો ફૂટી નીકળી હતી. પરંતુ આ સમય ખુશીમાં ઘેલા થવાનો જરાય નહોતો. સજાગ બની રહેવાનું હજુ પણ જરૂરી હતું. જોખમની સંભાવના હજુ પણ યથાવત્ જ હતી. મેં તરત જ જાત પર સંયમ સાધ્યો, અને સંપૂર્ણ સ્ફૂર્તિથી મારો ઘોડો કાફલાની દિશામાં દોડાવી મૂક્યો. પરંતુ થોડી જ વારમાં

ઉત્સાહ ઠંડો પડી ગયો. એક તો માર્ગ સીધો નહીં પથરાળ હતો. ઉપરથી અંધારી રાત હતી. રસ્તો સૂઝી જ રહ્યો નહોતો. આ ઓછું હતું કે થાક પણ પોતાની ચરમસીમા પર હતો જ. અર્થાત્ લાંબી યાત્રા કરવાની ન તો પરિસ્થિતિ હતી, ન તો શરીરમાં એ તાકાત હતી. આથી અંતે થોડે દૂર ચાલીને જ મેં મારી યાત્રાને વિરામ આપતા ઘોડાને એક વૃક્ષ સાથે બાંધી દીધો, અને પછી તે જ વૃક્ષની ડાળી ઉપર ચડીને સૂવાનો પ્રયત્ન કરવા લાગ્યો. ઊંઘ તો તરત આવી ગઈ, પરંતુ ચારે તરફ જંગલી જનાવરોના ભયાનક અવાજો સૂવા નહોતા દેતા. મેં પણ હિંમત કરીને જાગવાનો જ નિશ્ચય કર્યો. ક્યાંક એવું ન થાય કે કાલયવનથી તો બચી ગયો, પરંતુ ઊંઘમાં ને ઊંઘમાં કોઈ હિંસક પશુનો શિકાર બની જાઉં. ત્યારે મને આચાર્ય સાંદીપનિજીની એક વાત યાદ આવી ગઈ. તેમણે કહ્યું હતું ને કે જો તમારું ચિત્ત અહિંસક છે, તો ખતરનાકથી ખતરનાક જાનવર પણ તને ક્યારેય સ્પર્શશે નહીં. અને મારું ચિત્ત તો આ સમયે અહિંસાની ચરમ સીમા પર હતું, પછી ભલા હું શા માટે ચિંતા કરું?

...વાત સ્પષ્ટ પણ હતી અને સમજવાલાયક પણ. સ્વાર્થ હિંસા છે. હું તો આ સમયે પૂર્ણ નિ:સ્વાર્થ ભાવથી મારા જીવની બાજી લગાવીને પચીસ હજાર યાદવોને ન માત્ર બચાવી ચૂક્યો હતો, પરંતુ તેમને શ્રેષ્ઠ જીવન આપવા પણ જઈ રહ્યો હતો. પછી મારે ચિંતાનું શું કારણ? આ વિચાર આવતા જ, જે આંખ લાગી કે વહેલી પડી સવાર. ઊઠતાં જ, મોં ધોયા વિના મેં મારો ઘોડો સીધો કાફલા તરફ દોડાવી દીધો. સાંજ થતાં થતાં હું કાફલાની સાથે હતો. કાફલાની ગતિ મારા ધાર્યા કરતાં અત્યંત ધીમી હતી. કાંઈ વાંધો નહીં, હવે વિશેષ ચિંતાનું કોઈ કારણ ક્યાં હતું? હા, સામાન્ય જોખમની એક નગણ્ય જેવી શક્યતા યથાવત્ હતી, જેના કારણે હું થોડો સાવધાન પણ હતો; નહીંતર તો ક્યારનો ઉત્સવમાં ડૂબી ન ગયો હોત? ...વાસ્તવમાં જે શક્યતા મને સતાવી રહી હતી, તે એ કે ક્યાંક સેનાપતિ મારી સૂચનાની અવહેલના કરીને પોતાના રાજાના મોતનો બદલો લેવા માટે મને શોધવા ન નીકળી પડે? અલબત્ત, જો તે એવું કરશે તો પણ પોતાની સાથે કંઈ સમગ્ર સેના લઈને તો આવશે નહીં, સાથે જ મને શોધવા માટે પહેલા તો તે મથુરા જ જશે. અને ત્યાંથી સૂચના મળ્યા પછી કાફલાનો પીછો કરશે. ચોક્કસપણે આ બધામાં ઘણો સમય વીતી જ જશે. જોકે તેમ છતાં મારા માનવા મુજબ, 'સાવધાની રાખવામાં કોઈ બુરાઈ હોતી નથી'; ખાસ કરીને ત્યારે કે જ્યારે બાજી એક નહીં, હજારોના જીવની લાગી હોય. આમ જોખમ તો જરાસંધ તરફથી પણ ઊભું થઈ શકતું હતું, પરંતુ સાચું કહું તો વ્યક્તિગત રીતે મને તેની શક્યતા નહિવત લાગી રહી હતી. કારણ કે એક તો જરાસંધનો કાફલો હજી સુધી મથુરા પહોંચ્યો નહીં હોય. અને વળી જરાસંધ જે માર્ગેથી મથુરામાં પ્રવેશ કરવાનો છે, અમારો કાફલો એનાથી બિલકુલ વિપરીત દિશામાં જઈ રહ્યો હતો. એટલા માટે મારે મન તો જરાસંધ તરફથી કોઈ જોખમ પહેલા પણ નહોતું અને હમણાં પણ નથી. એટલે કે આમ સરવાળે અમે અમને સુરક્ષિત સમજી શકતા હતા.

મારું દ્વારકાધીશ બનવું

કાફલો એટલો મોટો અને વિશાળ હતો કે ખૂબ જ દર્શનીય લાગતો હતો. એક જ નજરમાં સમગ્ર કાફલાને જોવાનું અશક્ય હતું. હશે, અત્યારે તો મેં તરત ભાઈ, ઉદ્ધવ અને સાત્યકિની શોધખોળ શરૂ કરી. જોકે આટલી ભીડભાડમાં તેમને શોધવા સહેલા નહોતા. ઉપરથી અથડાવાવાળાઓને જવાબ આપવામાં પણ ઘણો સમય જતો રહેતો હતો, પણ શોધવાના તો હતા જ. ...અંતે પિતાજી અને સંબંધીઓની સાથે ચાલી રહેલો ઉદ્ધવ સહુથી પહેલા મળ્યો. તે તો મને જીવતો પાછો આવેલો જોઈને ખુશીનો માર્યો ઊછળી પડ્યો. કહેવાની જરૂરત નથી કે તરત તે ભાઈ અને સાત્યકિને પણ શોધી લાવ્યો. ભાઈ તો મને જોઈને વળગી જ પડ્યા. મેં તરત તેમને ભેટીને, એકદમ હસીને કહ્યું- હવે રોવાનો વારો આપણો નથી, દુશ્મનોનો છે. તમે નહીં માનો ભાઈ, કે મેં કાલયવનનો વધ કરી દીધો. ...આ સાંભળતા જ ત્રણેના મોં આશ્ચર્યથી જે ખુલ્યા તો ખુલ્લા જ રહી ગયા. કોઈને વિશ્વાસ જ આવી રહ્યો નહોતો કે આવું પણ થઈ શકે છે. પરંતુ મેં જ્યારે તેમને આખી વાત વિસ્તારથી કહી તો તેમને મારી વાત પર પાક્કો ભરોસો બેસી ગયો, એટલે ભાઈથી ના રહેવાયું. તે તરત બોલી ઊઠ્યા-પછી તો આજની રાતે ઉત્સવ થવો જોઈએ. ...ના પાડવાનો તો સવાલ જ નહોતો. એક તો વાત જ ઉત્સવની હતી, અને ના પણ હોય તો યે શું...? ઉત્સવ, જલસો, તહેવાર, રાસ, ખેલકૂદ આ બધી મારી એટલી મનગમતી ચીજો હતી કે હું તો આમ પણ આ બધા માટે અવસરની શોધમાં જ રહેતો હતો. એ વાત અલગ હતી કે કુદરત મને આકરા સંઘર્ષ પછી જ આ બધી ચીજો માટે અવસર આપતી હતી. અર્થાત્ ઉત્સવ પણ આકરા કર્મ પછી જ મને નસીબ થતાં હતા. ...પણ આજે તો કર્મની સામે ઉપલબ્ધિ પણ મોટી હતી. જીવનની સહુથી મોટી છલાંગ લગાવી હતી. એવો મુકામ પામવા જઈ રહ્યા હતા કે જીવનભર આ વાતનો ઉત્સવ મનાવીએ તો પણ ઓછું હતું. દ્રશ્ય કંઈક એવું જામ્યું હતું કે... આ સમયે અમે ઉછળી-ઉછળીને વારંવાર એકબીજાને ગળે લગાવીને વધામણી આપી રહ્યા હતા.

ખેર! એ તરફ જેવો વધામણીનો દોર પૂરો થયો, વિચાર્યું... શા માટે પહેલા બધાને મોં બતાવવાની રસમ ન નિભાવી લેવામાં આવે? પછી સારી રીતે નાહીધોઈને ભોજન કરીને, થોડો આરામ કરી લેવામાં આવે. આમ પણ આટલી મોટી ઉપલબ્ધિનો ઉત્સવ મનાવવા માટે મનુષ્ય બનવું જરૂરી હતું, નહીંતર ખબર પડે કે અહીં ઉત્સવ શરૂ કર્યો ને ત્યાં કૃષ્ણ મહારાજ થાકને કારણે નસકોરાં બોલાવવા લાગી ગયા. આ બાજુ સાચું કહું તો આ સમયે ચક્કર લગાવવાની પણ તાકાત બચી નહોતી, પણ મોં બતાવવાની રસમનું મહત્ત્વ હું જાણતો હતો. એક તો તેનાથી બધાની હિંમત બની રહે છે, બીજું મને ગેરહાજર માનીને ફરી કોઈ અફવા ફેલાવવાનું ચાલું ના કરી દે; અથવા ફરી ઉતાવળમાં કોઈ ષડયંત્ર રચવાનું ના વિચારી લે. જ્યારે આટલું બધું સારી રીતે પાર પડી ગયું છે, તો આ મોકો પણ શા માટે ન લેવો? આમ પણ મોં બતાવવાની રસમ જ નિભાવવાની હતી, કોઈ મેળ-મુલાકાત તો કરવાની નહોતી. સત્રાજિત જેવાઓને મોં બતાવવાનું હતું, અને વધુમાં વધુ નાનાજી વગેરેના ખબર-અંતર પૂછવાના હતા. આ કાર્ય જલ્દીથી પતી ગયું. આરામ કરવાનો પણ સમય મળી ગયો અને સારી રીતે નાહવા-ધોવાનો પણ. ...આવામાં સાંજ ઢળવામાં ક્યાં વાર લાગવાની હતી?

...ઉત્સવ માટે મેં એક બંધ ગાડું પસંદ કર્યું. કારણ કે હું જાણતો હતો કે ભાઈ માટે ઉત્સવનો એક જ અર્થ છે- મદિરાપાન. આ બાજુ ભોજનસામગ્રીની વ્યવસ્થા ઉદ્ધવ પહેલેથી જ કરી ચૂક્યો હતો. બસ, સાંજ ઢળતા જ, અને કાફલાએ પોતાનો પડાવ નાંખતા જ, અમે ચારે તે બંધ ગાડાં પર સવાર થઈ ગયા. અને ગાડાં પર સવાર થતાં જ, એકવાર ફરી વધામણી આપવાનો અને ગળે મળવાનો દોર ચાલુ

થઈ ગયો. આ સમયે આ બંધ ગાડામાં આખી દુનિયાની ખુશીઓ ઊતરી આવી હતી. ગોવાળો ના માત્ર રાજા બનવા જઈ રહ્યા હતા, પરંતુ એક ઈતિહાસ પણ રચવાના હતા.

આ બાજુ વધામણીનો દોર પૂરો થતાં જ ભાઈએ ગટાગટ પીવાનું શરૂ કરી દીધું. સાત્યકિ પણ બરાબરી સાથે ભાઈનો સંપૂર્ણ સાથ નિભાવી રહ્યો હતો. ઉદ્ધવ તો મદિરાને અડતો સુદ્ધાં નહોતો. આ બાજુ મારું ધ્યાન માત્ર ભોજન પર જ હતું. આમ પણ ગત બે દિવસોમાં ભોજન નસીબ જ ક્યાં થયું હતું? ત્યાંજ આ વખતે ભાઈ કંઇ વધારે ગતિથી મદિરા ચટ કરી રહ્યા હતા. હું તેમની મનોદશા સમજી રહ્યો હતો. ચોક્કસપણે મારા જવા અને આવવા સુધીના આ દિવસો ભાઈએ જ નહીં, ઉદ્ધવ અને સાત્યકિએ પણ મરીમરીને જ પસાર કર્યા હશે. આવામાં સ્વાભાવિક રીતે આ સમયે ઉતાવળે મદિરા પીને ભાઈ પોતાનો માનસિક થાક ઉતારી રહ્યા હતા. હું તો એક સમયે મરવા જ ગયો હતો, પરંતુ આ બે દિવસોમાં ભાઈએ તો હજારો વાર મોતનો અનુભવ કર્યો હશે. જોકે તે કંઇ બોલી રહ્યા નહોતા પણ ચેષ્ટાઓ બહુ વિચિત્ર કરી રહ્યા હતા. બસ, વારંવાર મને જોઈ રહ્યા હતા અને સાથે સાથે જ મદિરાના પ્યાલા પર પ્યાલા ખાલી કરી રહ્યા હતા. કદાચ તે પોતાના આંતરમન સુધી પાક્કું કરી લેવા ઈચ્છતા હતા કે હું જીવતો પાછો આવી ગયો છું.

આમ તો ભાઈ ભલે મૌન હતા, પરંતુ અમારા ત્રણે જણની અંદરોઅંદર વાતચીત ચાલુ હતી. અને વાતચીત શું, બસ, ચમત્કારિક રીતે મળેલા કાલયવન-વધના વિજયનો ઉત્સવ મનાવવામાં ગળાડૂબ હતા. ત્યારે, આમ જ વાતવાતમાં સાત્યકિએ કહ્યું- બિચારો જરાસંધ! કેટલા પ્રયત્નો પછી કેટલું સુનિયોજિત આક્રમણ કરવા આવ્યો હતો; સાથે કાલયવનને પણ લાવ્યો હતો, કેવા કેવા સપનાં જોયાં હશે અને હાલત જુઓ કે તેના અહીં પહોંચતા પહેલા જ તેના મુખ્ય મહોરાનો બલિ ચઢી ગયો. ...આ સાંભળી ઉદ્ધવ બહુ રોફ જમાવતા બોલ્યો- જરાસંધ શું હવે આર્યાવર્તમાં કોઈ કૃષ્ણ સાથે ટકરાવાની હિંમત નહીં કરે. કંસ, પંચજન, શૃંગલવ અને હવે... કાલયવન. આર્યાવર્તના એ ધુરંધર રાજાઓ, જેમને કોઈ અડવાની હિંમત પણ કરી શકતું નહોતું, કૃષ્ણએ તો તેમનો જ વધ કરી બતાવ્યો. અને આ બધાનો સરદાર જરાસંધ તો આમ પણ કેટલીય વાર કૃષ્ણથી પરાજિત થઈ ચૂક્યો છે. વાસ્તવમાં કનૈયો આ સમયે આર્યાવર્તનો 'બેતાજ બાદશાહ' બની ગયો છે. મારી દ્રષ્ટિમાં તો કદાચ આ સમયે આર્યાવર્તનું સહુથી મોટું નામ 'કૃષ્ણ' જ છે.

હવે જ્યારે મિત્રો જ વખાણ કરવા લાગ્યા હતા, તો મારે સામે ચાલીને મારા મોંઢે મારી પ્રશંસા કરવાની જરૂર જ ક્યાં બચી હતી? મારો અહંકાર તો આમ પણ આ બધું સાંભળી સાંભળીને તૃપ્ત થઈ રહ્યો હતો. આમ તો તેમની વાત સાચી પણ હતી. હજી વૃંદાવનથી નીકળ્યે દસ વરસ જ થયા હતા, પણ આ દસ વર્ષોમાં કેટલું બધું બદલાઈ ગયું હતું. આ ગોવાળે સફળતાના તમામ શિખરો સર કરી લીધા હતા. અઠ્ઠાવીસ વર્ષની ઉંમરમાં પોતાના આત્મબળે આટલું બધું મેળવ્યું હતું, અને તે પણ ક્યારે કે જ્યારે તેણે અઢાર વર્ષ વૃંદાવનમાં ગોવાળો જેવું જીવન વીતાવ્યું હતું. આવી મહાન ઉપલબ્ધિ બદલ અહંકારને ફૂલવાનો અથવા ખુશ થવાનો જ નહીં, પોતાના વિજયનો ઉત્સવ મનાવવાનો પણ પૂરો અધિકાર હતો. કહેવાનું તાત્પર્ય એ જ કે બહારથી ભલેને હું ચૂપ હતો પણ અંદરખાનેથી મારા અહંકારને પોષણ આપવાનું શરૂ કરી દીધું હતું. આ બાજુ ભાઈ હજુ પણ ચૂપ જ હતા. મેં તેમની સાથે વાતચીતના એક-બે નિષ્ફળ પ્રયત્નો કર્યા પણ ખરા, પરંતુ વાતચીત ના થઈ. સ્પષ્ટ હતું, તેઓ હજુ પણ આઘાતમાંથી બહાર આવ્યા નહોતા. આ બધું તો ઠીક, સમજ્યાં. ...પરંતુ આ તરફ જેવી ખાસ્સી એવી મદિરા અંદર ગઈ તો તેમણે રોવાનું શરૂ કર્યું. પછી રોતા રોતા જ બોલ્યા- જાણે છે, કનૈયા! જો અમારા દ્વારકા પહોંચતા સુધીમાં તું પાછો ના આવ્યો હોત તો હું જરાસંધ જ નહીં, આખા મગધનું ધનોત પનોત કાઢી નાંખત. કદાચ આર્યાવર્તમાં કોઈનેય ના છોડત.

લ્યો, આ તો હજુ પણ ઘણાં ઊંડા આઘાતમાં છે. હવે તેનો શો ઈલાજ? કારણ કે હું તો મારા

તરફથી ગાડાં પર સવાર થયો ત્યારથી જ ભાઈને સહજ બનાવવાના પ્રયત્નોમાં લાગ્યો હતો, પરંતુ મારા પ્રેમાળ ભાઈ હજુ પણ એ સંભવિત આઘાતમાંથી બહાર આવી શકતા નહોતા કે જેની હવે કોઈ શક્યતા નહોતી. હું જીવતો પાછો આવ્યો હતો, અને આજ વર્તમાન હતો. પરંતુ ભાઈને આઘાત એટલો ઊંડો લાગ્યો હતો કે તેઓ કદાચ બધું સકુશળ પૂરું થઈ ગયું છે એનો હજી પણ વિશ્ર્વાસ કરી નહોતા રહ્યા. મેં તેમને સહજ બનાવવાનો એક વધારે પ્રયત્ન કરતાં કહ્યું કે ભાઈ, જ્યાં સુધી તમે મારી સાથે છો... કહો ભલા મને કંઈ થઈ શકે? આ સાંભળીને ભાઈએ એક ઠંડો શ્ર્વાસ ભરતા કહ્યું- હું સાથે હોઉં તો ને? તું તો પોતાનું ચક્કર જ ચલાવતો રહે છે. જ્યારે જુઓ ત્યારે પોતાની જ યોજનાઓમાં ખોવાયેલો રહે છે, તેનું શું...? અર્થાત્ વાત ફરી હરીફરીને મારા પર આવી ગઈ. તો તેમાં કંઈ ખોટું પણ નહોતું. પરંતુ ભલા વિચારો કે ચક્કર ચલાવવાના સમયે ભોળા ભાઈને સાથે કેવી રીતે રાખી શકવાનો હતો? ખેર! આ વાત તો આગળ વધારી શકાય તેમ નહોતી. બોલવા માટે મારી પાસે કંઈ હતું પણ નહીં. આથી હું કંઈક એવી રીતે હસ્યો કે જાણે હું મારી ભૂલોની માફી માંગી રહ્યો હોઉં. બસ, ભાઈ પીગળી ગયા. તરત મને હૈયાં સરસો ચાંપી લીધો અને હૈયા સરસો ચાંપતા, તરત જ વર્તમાનમાં પાછા આવી ગયા. અને વર્તમાનમાં આવતા જ બધું હેમખેમ પાર પડી ગયું છે એ વાતનો તેમને પણ વિશ્ર્વાસ આવી ગયો. ...પછી તો એવી અશ્રુધારા ફૂટી, જે બધું દર્દ વહાવ્યા વિના શાંત ના થઈ. ખરેખર, ભાઈ મને બેહદ પ્રેમ કરતાં હતા. આજ તેમના વ્યક્તિત્વની ખૂબી હતી. વાતો કડક અને અને ભીતર...? ભીતરનું તો પૂછો જ નહીં. ...કમજોર, એક કમજોર માતાથી પણ કમજોર.

આ તરફ ભાઈ સામાન્ય શું થયા, હું ઝૂમી ઊઠ્યો. મારા મનમાં એક નવો જ વિચાર ઝબૂકી ઊઠ્યો. મને રહી રહીને જરાસંધની હાલત પર હસવું આવવા લાગ્યું. ગોમંત-પર્વત ઉપર પણ તે બિચારાએ અકારણ પરાજયનું મોં જોવું પડ્યું હતું, બહુ તકલીફો ઉઠાવવી પડી હતી. ...અને આ તરફ તો ભગવાન જ જાણે, બિચારાએ કેવા કેવા સપનાં જોયા હશે. અને ઉપરથી કાલયવન જેવા રાજાનો સાથ મેળવીને તો કેટલો તોરમાં આવી ગયો હશે. ચોક્કસપણે કેટલાય રાજાઓને પોતાની વીરતા દેખાડવા સાથે લાવ્યો હશે, જેથી કરીને ગોમંત-પર્વત ઉપર મળેલી નામોશી કંઈક ઓછી કરી શકાય. ...પરંતુ જ્યારે બિચારાને મથુરા પહોંચીને કાલયવનના મૃત્યુ અને અમારા પલાયન થવાના સમાચાર મળશે, તો સાથે લાવેલા રાજાઓને શું મોં બતાવશે? ક્યાંક એવું ન થાય કે આખી જિંદગી ઘૂંઘટ ઓઢીને ફરતો રહે. ખરેખર, મથુરા પહોંચતા જ તે ઉત્સાહીનાં સપનાં તો સૂકાં પાંદડાંઓની જેમ ખરી પડશે. આ તરફ અમારો કાફલો તો પોતાની મંઝિલ પાર કરી ચૂક્યો હશે; અને તે તરફ એ નાદાન, બસ, મથુરામાં ઊડતી ધૂળ જોતો જ રહી જશે. વિચાર જ એવો હતો કે હસવું આવી જાય. પરંતુ કદાચ ઉદ્ધવને મારું મંદ મંદ મરકવું ના ગમ્યું. તેણે વાતને અચાનક એક ગંભીર વળાંક આપી દીધો. તે બોલ્યો- કનૈયા, તને ખબર છે; તું તો ત્યાં જતો રહ્યો અને આ તરફ અમે લોકો અહીં તારી ગેરહાજરીના કારણોના જવાબ આપી આપીને થાકી ગયા.

ઉદ્ધવની વાત તો બરાબર જ હતી. ખરેખર આ ત્રણ દિવસોમાં તેમણે મારા કરતાંય વધારે હેરાનગતિ વેઠી હતી. કારણ કે મારી હેરાનગતિ માત્ર શારીરિક હતી. મારો ઉદ્દેશ અને કર્મ બંને સ્પષ્ટ હતા. જીવને ભોગે પણ કેટલાક દિવસો સુધી કાલયવનને મથુરા આવતો રોકવાનો હતો. પરંતુ આ લોકો તો એક નહીં, અનેક માનસિક પરેશાનીઓમાંથી પસાર થયા હતા. એક તો હું જીવતો પાછો ફરીશ કે નહીં, એ પીડા સહી રહ્યા હતા. અને ઉપરથી જુલમ એ કે આ વ્યથા ચૂપચાપ સહેવાની હતી. અને પીડાનો આ નિયમ છે કે જો વ્યક્ત કરી શકો તો ઓછી થઈ જાય છે, અને જો અંદરને અંદર સહન કર્યે રાખો તો અનેકગણી વધી જાય છે. અને ઉપરથી મારી બાબતે પૂછવામાં આવનારા જાતભાતના હજારો સવાલોએ પણ તેમને થકાવી દીધા હતા, તે અલગ. ત્રીજું, કંઈ મારા રોકવાથી કાલયવન થોડો જ રોકાવાનો હતો? ક્યાંક મને પતાવીને તેણે આક્રમણ કરી દીધું તો...? આથી કાફલાને બચાવવાની

તૈયારીઓ ઉપર પણ ધ્યાન આપવાનું હતું. કહેવાનું તાત્પર્ય એ કે પૂરા બે-ત્રણ દિવસ તેમણે દરેકે દરેક પળ વિતાવી હતી. જ્યારે હું જે કામ કરવા ગયો હતો, તેમાં વધુમાં વધુ તો મારું એકવાર મરવાનું શક્ય હતું. ...એટલે તો કહું છું કે શરીરમાંથી પ્રાણ તો એકવાર છૂટે છે, મન તો એક પળમાં હજાર વાર મરે છે. અર્જુન ગીતામાં શું કરી રહ્યો હતો? તેને શરીરના મરવાના ડરે એવો પકડી રાખ્યો કે સમગ્ર ગીતા દરમિયાન એ પળેપળ મરતો રહ્યો. હું તેને આજ તો સમજાવી રહ્યો હતો કે શરીરનું મરવું ક્યાં મોટી વાત છે, એના એકના મરવા પર તું અત્યારે હજાર વાર શા માટે મરી રહ્યો છે? પરંતુ અર્જુન ક્યાં સમજવા તૈયાર હતો? આમ તો સમજવા માટે તો તમે પણ ક્યાં તૈયાર હોવ છો? જરાક કંઇ થયું નહીં કે મર્યા નહીં. આ નાના જીવનમાં થતું કંઇ નથી, બસ, હજારો કાલ્પનિક સમસ્યાઓ ઓઢીને ફરીએ છીએ, પછી વાતે વાતે મરતા રહીએ છીએ.

ખેર! અત્યારે તો વાતો કરતાં કરતાં બધા ક્યારે સૂઈ ગયા, કંઇ ખબર ના પડી. અને પછી આંખ ખોલતાની સાથે જ જીવનની સહુથી સુંદર સવાર થઈ. આજની સવારની વાત જ કંઈક નિરાળી હતી. મારા આવનારા નવા જીવનની પહેલી સવાર હતી. ગોવાળ હવે તો લગભગ રાજા બની ચૂક્યો હતો. ...નહીંતર આજ સુધી મેં જે જીવન જીવ્યું હતું, તેનાથી કોણ અજાણ છે? તમને તો ખબર જ છે કે જન્મ્યો ત્યારથી તે હજી ગઈકાલ સુધી કોણ જાણે કેટલાય સંઘર્ષોમાં હું કેટલી વાર મોતને હાથતાળી આપી ચૂક્યો હતો. જો 'જીવતો હતો' તો આ મારી આવડતની કરામતને લીધે, પરંતુ તેનાથી આ સત્ય થોડું જ બદલાઈ જાય છે કે મારું અત્યાર સુધીનું સમગ્ર જીવન મોતના ઓથારમાં વીત્યું હતું. પરંતુ કદાચ હવે દ્વારકા જઈને હું મારા વાસ્તવિક સ્વભાવથી જીવી શકીશ. હું અને મારી વાંસળી. રોજ શ્રેષ્ઠ ભોજન. રોજ ઉત્સવ અને નાચગાન. આખો દિવસ બેધડક રથ દોડાવવાનો રોજ સાંજે સમુદ્રકિનારે ફરવાનું. જહાજમાં ફરવું. ...અને કદાચ રુક્મિણીનો સુંદર સાથ. એટલું જ નહીં, સાથે જ ચક્કર, તરકટ, યોજના, સંઘર્ષ અને યુદ્ધથી હંમેશને માટે છૂટકારો.

સાચું જ તો છે... ભલા છળ, કપટ અને જૂઠ સાથે હવે 'દ્વારકાધીશ'ને શું સંબંધ? આવું જીવન જ તો હું જીવવા માંગતો હતો. આવી શાંતિ અને મસ્તીનું નામ જ તો જીવન છે. આમ પણ કાલની સુંદર સવાર જોવી હોય તો દરેક 'આજ' સાથે સંઘર્ષ કરવો જ પડે છે. વળી હું એ કેમ ભૂલી જાઉં કે જીવનમાં આ સંઘર્ષોને કારણે જ હું ઉપલબ્ધિઓની દુનિયામાં આટલો આગળ નીકળી શક્યો હતો. આજે હું જે મુકામ પર છું, શું ત્યાં સંઘર્ષો વિના પહોંચી શકાતું હતું? આથી, હકીકતમાં મારા મનથી તો સંઘર્ષ અને શાંતિમાં કોઈ ફરક છે જ નહીં. બંને કુદરતની પાઠવેલી ભેટ છે. ...છતાં પણ સંઘર્ષ અને શાંતિનો ફર્ક તો યથાવત્ જ રહે છે. શાંતિ કમસેકમ એ વાતનું તો પ્રમાણ છે કે આસપાસ બધું બરાબર છે. વળી જો બીજી દૃષ્ટિએ જોઉં તો આ સંઘર્ષોને કારણે હું જીવનની વાસ્તવિક દોડમાં ઘણો પાછળ પણ રહી ગયો હતો. શિક્ષણ જ માંડમાંડ મળ્યું હતું અને તે પણ સમય વીતી ગયા બાદ. ...અને વિવાહ તો હજુ સુધી નસીબ થયા નહોતા. મારા જેવો સુંદર, કલાકાર, સક્ષમ અને યોગ્ય વ્યક્તિ હજી સુધી કુંવારો છે. ...છે ને કમાલની વાત! અરે ભાઈ, તો દુ:ખ શા માટે કરે છે? એકવાર દ્વારકા પહોંચી જાઓ, પછી જીવતરની બધી ખોટ સરભર કરી લેજો. જે અત્યાર સુધી ચૂકી ગયા છો, તેનાથી હજારગણું ભોગવી લેજો. ત્યારે હું સ્વસ્થ થયો; અરે... આ જીવનની નવી સવાર શું થઈ, કે તે તારા મનથી જ રમવાનું શરૂ કરી દીધું? બસ, આ વિચાર આવતા જ હું પાછો કાફલા પર પરત ફર્યો.

...કાફલો પોતાની ગતિથી આગળ વધી રહ્યો હતો. તેના રસ્તામાં આવતી ટેકરીઓ તો જોવા જેવી હતી. ત્યાંજ નદી કે તળાવને જોતા જ, આખો કાફલો ઝૂમી ઉઠતો હતો. ક્યારેક નાના ગામ તો ક્યારેક મોટું નગર. આટલો મોટો કાફલો કોઈએ ક્યારેય જોયો નહોતો. જે જોતાં તે જોતાં જ રહી જતાં. સાથે જ જિજ્ઞાસા પણ જરૂર કરતાં. અને જ્યારે તેમને કહેવામાં આવતું કે આ કાફલો 'કૃષ્ણ'નાં નેતૃત્વમાં તેમની નવી રાજધાની 'દ્વારકા' જઈ રહ્યો છે, તો હું ગર્વથી ફુલાઈ જતો. કારણ કે આ

બહાને નગરી વસતા પહેલા અને રાજા બનતા પહેલા જ મેં લોકપ્રિયતાના નવા શિખરો સર કરવાનું શરૂ કરી દીધું હતું. ...ત્યારે મને ભાન થયું. ઉડો નહીં કૃષ્ણ, હજી કાફલો દ્વારકા પહોંચ્યો નથી. જોખમ હજી પણ સંપૂર્ણ રીતે ટળ્યું નથી. કમસેકમ લવણ-ઘાટી પાર કરી લો... પછી જેટલું મન થાય, તેટલું ઊડી લેજો. ક્યાંક એવું ના થાય, જરાસંધ મથુરા તારા ધાર્યા કરતાં વહેલો પહોંચી ગયો હોય. ક્યાંક તેણે તેજ-તર્રાર ઘોડાઓ ઉપર તારો પીછો કરવાનું શરૂ ના કરી દીધું હોય? વળી એ કેમ ભૂલો છો કે કાલયવનના સેનાપતિનું જોખમ પણ યથાવત્ જ છે ને. હા... હા જાણું છું, એટલા માટે તો પૂરેપૂરી રીતે હવામાં નથી ઊડી રહ્યો. જ્યારે પૂરેપૂરી રીતે નથી ઊડી શકાતું, તો વારંવાર અડધું-પડધું ઉડવાથી શું ફાયદો? તું અડધા-પડધા કામ ક્યારથી કરવા લાગ્યો? બસ, જાત સાથેનો આ સંવાદ કરીને હું ફરી સતર્ક, સાવધાન અને ગંભીર થઈ ગયો.

આ તરફ ના જાણે કેટલાય જંગલ અને પર્વતમાળાઓને વિંધીને અમારો કાફલો નિર્વિઘ્ને આગળ વધી રહ્યો હતો. એક મારા સિવાય બધા જ ઉત્સાહમાં હતા. એક એક દિવસ કરીને લગભગ બાર દિવસોની યાત્રા કરી ચૂક્યા હતા. ચોક્કસપણે જેમ જેમ દિવસો વીતી રહ્યા હતા, આફતની શક્યતા પણ ઓછી થતી જતી હતી. ત્યારે જ અઢારમા દિવસે આશાનું સહુથી મોટું કિરણ પ્રગટ થયું. 'લવણ-ઘાટી' દૂરથી જ નજરે પડી. એટલે અંતિમ સમસ્યા પણ દૂર થવાની જ હતી. અજબ દ્રશ્ય હતું. નાની નાની ટેકરીઓની વચ્ચે એક લાંબી ટેકરી દૂરથી જ જોઈ શકાતી હતી. અને માર્ગ તેની વચ્ચેથી જ નીકળી રહ્યો હતો. દૂરથી જોવા પર તેની ટેકરીઓમાંથી નીકળી રહેલો માર્ગ ઘણો સાંકડો લાગી રહ્યો હતો. અર્થાત્ તેને પાર કરવો એટલું સહેલુ નહોતું લાગતું. બસ, એકવાર આ પાર થઈ જાય... પછી મારું સ્વરૂપ જોજો.

ખેર! હમણાં આ તરફ અમારો કાફલો લવણ-ઘાટીની નજીક પહોંચી તો ગયો, પણ પહોંચતા પહોંચતા જ સાંજ ઢળી ગઈ. અને રાત્રે લવણ-ઘાટી પાર કરવાનું જોખમી લાગી રહ્યું હતું. આથી લવણ-ઘાટીથી થોડે દૂર અમે અમારા ડેરા-તંબૂ નાંખ્યા. અને સવારના પહેલા કિરણ સાથે અમે ઘાટીમાં પ્રવેશ કર્યો. જોકે લવણ-ઘાટી પાર કરવાનું મેં જેટલું વિચાર્યું હતું, તેનાથી વધારે કપરું સિદ્ધ થઈ રહ્યું હતું. એક તો ઘાટી ઘણી સાંકડી હતી, બીજું, માર્ગ પણ પથરાળ હતો. તેમ છતાં આ અંતિમ વિઘ્ન પાર તો કરવાનું જ હતું. આ ઘાટી પાર કરવામાં પૂરા ત્રણ દિવસ લાગ્યા અને તે પણ રાત-દિવસની યાત્રા કરીને. ...મશાલો પ્રગટાવીને અને મોટી મુસીબતો ઉઠાવીને. આમ પણ મનુષ્ય જીવનમાં કષ્ટ ઉઠાવ્યા વિના ક્યાં કશું મળે છે?

હશે, હમણાં તો તમે જાણો છો કે હું તો બસ, લવણ-ઘાટી પાર કરવાની જ રાહ જોતો હતો. પાર થતાં જ મેં રાહતનો એક ઊંડો શ્વાસ લીધો. જેમ કે મેં કહ્યું, જ્યાં સુધી લવણ-ઘાટી પાર ન થઈ જાય ત્યાં સુધી ક્યારે પણ કંઇ પણ થઈ શકવાની શક્યતા કાયમ હતી. આમ તો કાલયવનના સેનાપતિ કે જરાસંધની સેના દ્વારા અમારો પીછો કરવાની સંભાવના હવે નહિવત્ હતી, પરંતુ હતી તો ખરી. અને વળી મારું ગણિત ખોટું પણ પડી શકે એમ હતું. જરાસંધ મથુરા જલ્દી પણ પહોંચી શકતો હતો. અંતે બધો ખેલ ગુપ્તચરોની સૂચના પર જ તો નિર્ભર હતો. પરંતુ હવે હું વિશ્વાસથી કહી શકતો હતો કે હવે કોઈ જોખમ નથી. આટલે દૂર સુધી પીછો કરવો અને લવણ-ઘાટી પાર કરવી તેમના માટે અશક્ય હતું. સાચું કહું તો પહેલી વાર મન સંપૂર્ણ રીતે પ્રફુલ્લિત થયું હતું. ત્યાંજ જેમ જેમ દ્વારકા પાસે આવી રહી હતી, ઉત્સાહને લીધે કાફલો પણ ગતિ પકડતો જઈ રહ્યો હતો. ચક્કર કંઈક એવું ચાલ્યું હતું કે ઉત્સાહ ગતિ વધારવાનું કામ કરી રહ્યો હતો; અને ગતિ ઉત્સાહ વધારવાના કામમાં આવી રહી હતી.

આ તરફ લગભગ અઠ્ઠાવીસ દિવસોની સતત યાત્રા બાદ, અમારો કાફલો કુશસ્થળી પહોંચ્યો. સમજ્યાં નહીં, આપણા બલ્લુભાઈના સાસરે પહોંચ્યા. અમે રાજ્યની સીમાની આસપાસ જ અમારો પડાવ નાખ્યો. ચોક્કસપણે થોડા આરામની જરૂરિયાત હતી જ. અને આટલો મોટો કાફલો

કોઈ રાજ્યમાં તો ઘુસાડી શકાતો નહોતો. હા, પડાવ નાખતા જ રેવતીભાભીને સૂચના મોકલાવી દીધી હતી. અને કહેવાની જરૂર નથી કે સૂચના મોકલવાની સાથે જ ભાઈની બેચેની વધી ગઈ. જોકે તેમણે લાંબા સમય સુધી રાહ ન જોવી પડી. કકુમદી અને રેવતીભાભી લગભગ સો જેટલા સેવક-સૈનિક લઈને આવી પહોંચ્યા. સહુથી પહેલા તો તેમણે અમને નવા રાજ્યની વધામણી આપી. ...અને પછી કાફલાની વિશાળતા જોઈને તરત બસ્સો જેટલા વધારે સેવક બોલાવી લીધા. પછી તો જોતજોતામાં ખાણી-પીણી સાથે અન્ય જરૂરિયાતોના સામાનનાં ગાડાં પણ આવવાનાં શરૂ થઈ ગયા. હું તો કકુમદીની સમજદારી અને તત્પરતા જોતો જ રહી ગયો. ખરેખર કુશસ્થળી પહોંચતા જ એવું લાગ્યું જાણે દ્વારકા જ પહોંચી ગયા હોઈએ. આમ પણ નિયમાનુસાર તો અમે જ અહીંના રાજા બનવાના હતા, આ તો ભાઈની મહેરબાની..., જવા દો એ વાતને. જે થાય છે, સારા માટે જ થાય છે. આ બહાને અમારી પોતાની દ્વારકા તો બની ગઈ. લ્યો, આ હું વાત ક્યાંથી ક્યાં લઈ ગયો? હાલ તો અમારી આગતા-સ્વાગતા સિવાયની બીજી કોઈ ચર્ચા થઈ જ ન શકે. માનવું પડશે કે કુશસ્થળીએ પોતાના જમાઈનું ભવ્ય સ્વાગત કર્યું હતું. હું જ નહીં, આખો કાફલો આટલા ભવ્ય સ્વાગતથી ઘણો ખુશ હતો. ખરેખર, હું આજે કહી શકું છું કે ભાઈનો કકુમદીને ગાદી પર બેસાડવાનો નિર્ણય જરાય ખોટો નહોતો. જોયું, હું કેટલો સરળ હતો. એક જ મહેમાનગતિ જોઈને મેં મારો દ્રષ્ટિકોણ બદલી દીધો.

ખેર! ત્યાં કહેવાની જરૂર નથી કે રેવતીભાભી તો ભાઈના આગમન માત્રથી જ ઘેલી બની ગઈ હતી. મેં જ નાનાજી અને માતા-પિતા સાથે ભાભીનો મેળાપ કરાવ્યો. મા તો ભાભીને છોડવા જ તૈયાર નહોતી. મા જ શા માટે, ભાભીને મળીને બધા ખુશ હતા. રેવતી પણ બધાનો પ્રેમ પામીને ધન્ય થઈ રહી હતી. તેનું સુખદ પરિણામ એ આવ્યું કે થોડી વિનંતીઓ બાદ ભાભીને પણ અમે અમારી સાથે દ્વારકા આવવા માટે રાજી કરી લીધાં. આમ પણ કકુમદી હવે સંપૂર્ણ રીતે સ્વસ્થ દેખાઈ રહ્યા હતા. તેઓ પોતાનું રાજપાટ સંભાળવામાં સક્ષમ દેખાતા હતા. આવામાં ભાઈ ભાભીએ નાહક વિરહ-યોગ શું કામ સહેવો? આ તરફ ભાભી રાજી થતાં જ મારા લટ્ટુ ભાઈ તો ઉછળી પડ્યા હતા. આ બધું તો ઠીક, પણ આ તરફ કકુમદીનો આગ્રહ હતો કે અમે લોકો થોડા દિવસો અહીં રોકાઈ જઈએ. એક તો આગ્રહ ખરા દિલથી હતો અને બીજું અમારો થાક પણ રોકાઈ જવાના પક્ષમાં જ નિર્ણય આપી રહ્યો હતો. પૂરા ત્રણ દિવસ અમે કાફલા સાથે કુશસ્થળીમાં વીતાવ્યા. આ ત્રણે દિવસ કકુમદીએ પોતાના તરફથી મહેમાનગતિમાં કોઈ કસર છોડી નહોતી. ત્યાં એક રહસ્યની વાત બતાવું તો આ દરમિયાન અમને એક રમત રમવાનું પણ નસીબ થયું. સ્વાભાવિક રીતે ભાઈનું મન ભાભીની સાથે ફરવા અને એકાંતમાં થોડો સમય વીતાવવા માટે વ્યાકુળ થઈ રહ્યું હતું. પરંતુ શું કહું, મને, ઉદ્ધવ અને સાત્યકિને મસ્તી સૂઝી રહી હતી. બસ, શું હતું, અમે એ બંનેને એવા ચોંટ્યા કે તેમને એકાંતનો મોકો જ નહોતા આપી રહ્યા. બિચારા ભાઈ કંઈ કહી તો નહોતા શકતા, પરંતુ તેમના વ્યાકુળ હાવભાવ બધું સ્પષ્ટ કહી રહ્યા હતા. તેમ છતાં દયા ખાવાનો તો સવાલ જ નહોતો ઉઠતો; કારણ કે ભાઈની લાચારી જોવા માટે જ તો આ આખી રમત રમાઈ રહી હતી. આથી અમારે તો તેમના હાવભાવ સમજીને પણ અજાણ જ બની રહેવાનું હતું. આમ પણ ભાઈને સતાવવાના મોકા અમને ભાગ્યે જ મળતા હતા, આવામાં જે હાથ લાગે તેને નકામા થોડા જ જવા દેવાય?

અહીં સુધી તો બધું ઠીક, પણ આ તરફ સત્રાજિત તો આવું સ્વાગત જોઈને જ આશ્ચર્યચકિત થઈ ગયો હતો. એક તો કાલયવનના મોતની ખબર સાંભળીને એની બુદ્ધિ આમ પણ બહેર મારી ગઈ હતી. આ શુભ ખબર મેં ખાસ કરીને એને આપી હતી, જેથી તે કોઈ ષડયંત્ર કરવાનું વિચારી રહ્યો હોય તો પણ હોશમાં આવી જાય. ...હવે મારે તો મારા તરફથી સાવધાની રાખવાની જ હતી, અમારો કાફલો હજી કંઈ દ્વારકા થોડો જ પહોંચી ગયો હતો. આમ તો 'સાત્યકિ'ના રૂપમાં તેને એક મોટો ફટકો પહેલેથી પડી ચૂક્યો હતો, કારણ કે સાત્યકિ જેવો વીર તેને છોડીને મારો પ્રિય થઈ ગયો

હતો. આમ સરવાળે કહેવાનું તાત્પર્ય એ કે આમ તો હાલ પૂરતું સત્રાજિત કોઈ ષડયંત્ર રચવાનું વિચારે એવું લાગી નહોતું રહ્યું, તેમ છતાં પણ કહી શકાય કે કુશસ્થળીની મહેમાનગતિએ આ શક્યતા પર સંપૂર્ણ રીતે પૂર્ણવિરામ મૂકી દીધો હતો.

...લો! સત્રાજિત પરથી યાદ આવ્યું. એક સુંદર વાત તો હું તમને કહેવાનું ભૂલી જ ગયો. આ યાત્રા દરમિયાન એક સુંદર ઘટના વારંવાર બની રહી હતી. ખબર નહીં તેનો ઉલ્લેખ કરવાનું હું કેવી રીતે ભૂલી ગયો? જી હા, સત્યભામા સાથે વારંવાર મુલાકાત થયા કરતી હતી. અને હા, જ્યારે પણ તેને મળતો, તે પ્રેમભરી નજરોથી જોવાનું અને પકવાન ખવરાવવાનું ભૂલતી નહોતી.

ખેર! એક તો અમે લોકો કકુમદીના સ્વાગત અને મહેમાનગતિથી આમ પણ ગદ્ગદ્ થઈ રહ્યા હતા, ઉપરથી કકુમદીએ જતી વખતે અમને જીવનોપયોગી વસ્તુઓથી ભરેલાં વીસ ગાડાં ભેટસ્વરૂપે દીધાં. તેનું કહેવું હતું કે નવું રાજ્ય છે, આવામાં જીવન સામાન્ય થવામાં સમય લાગી શકે છે; આથી આ બધા સામાનની તમને દ્વારકા પહોંચતા જ બહુ જરૂરિયાત અનુભવાશે. આમ તો તેમની વાત સાચી હતી. આ સામગ્રીઓને કારણે દ્વારકામાં નવેસરથી જીવન શરૂ કરવાનું ઘણું સરળ થઈ જશે. ખરેખર કકુમદીની દૂર-દ્રષ્ટિ અને તેના પ્રેમપૂર્ણ વ્યવહાર, બંનેએ મને બહુ પ્રભાવિત કર્યો હતો.

અંતે અમે ભાવભીની વિદાય સાથે કુશસ્થળી છોડ્યું. અને તેની સાથે જ અમારો કાફલો પૂરા ઉત્સાહ સાથે પોતાના અંતિમ પડાવ તરફ નીકળી પડ્યો. આમ તો અહીંથી દ્વારકા ઘણું પાસે હતું. પરંતુ સપનાંઓને સાકાર કરનારી આ અંતિમ યાત્રા નાની હોવા છતાં ઘણી લાંબી લાગી રહી હતી. તે તરફ એક હું જ નહીં, કકુમદીની મહેમાનગતિએ આખા કાફલાનું દિલ જીતી લીધું હતું. આખા કાફલામાં બસ, તેની જ વાહ વાહ થઈ રહી હતી. અને હવે તો રેવતીભાભી પણ અમારી સાથે હતા. બાકી બધું તો ઠીક પણ આ વાહવાહી ચોક્કસપણે તેમને બધા સાથે હળીમળી જવામાં ઘણી સહાયક સિદ્ધ થઈ રહી હતી. ...આમ, હવેની યાત્રા પણ ખૂબ મજામાં પસાર થઈ રહી હતી. એક તો કકુમદીને ત્યાં આરામ કરવાથી બધાનો થાક આમ પણ દૂર થઈ ગયો હતો, ઉપરથી મંઝિલ પાસે હોવાનો ઉત્સાહ પણ યથાવત્ હતો. અને જ્યારે આનંદ અને ઉમંગ, કર્મ સાથે જોડાઈ જાય તો "કર્મ'' આમ પણ રમત બની જાય છે; અને રમતમાં થાકવાનો સવાલ જ નથી હોતો. બસ, આજ ઉત્સાહને કારણે સાત દિવસની યાત્રા સાત કલાકોની જેમ જ પસાર થઈ ગઈ. ઢોલ-નગારાના અવાજોની સાથે નાચતા-કૂદતા અમે લોકોએ દ્વારકાના દ્વારે ટકોરા માર્યા. અને કહેવાની જરૂરત નથી કે આ એક જ પળમાં મારા તમામ સપનાં સાકાર થઈ ગયા.

...દ્વારકાનો સમુદ્રકિનારો દૂરથી જ નજરે ચડી રહ્યો હતો, અને સમુદ્ર પાછળ તો હું આમ પણ ઘેલો થઈ ગયો હતો. તમે તો જાણો છો કે આકાશમાં ચંદ્રમા અને ધરતી પર સમુદ્ર, આ બંને જ્યારે પણ જોઉં છું, તો હું ઘેલો થયા વિના રહી શકતો નથી. અને પછી આ સમુદ્રતટની તો વાત જ કંઈક અનોખી હતી. આ અમારો પોતાનો હતો. ઉત્સાહિત થયેલા હું, ભાઈ, સાત્યકિ અને ઉદ્ધવ તો કાફલાની સહુથી મોખરે દોડતા જતા હતા. એ તરફ દ્વારકા પહોંચવાના તરવરાટે સહુને જોશથી ભરી દીધા હતા. ઢોલ-નગારાનો અવાજ તો જગા-જગાએથી આવી રહ્યો હતો. કેટલાય યુવાનો તો નાચતા-કૂદતા પણ આવી રહ્યા હતા. ...અને હવે તો થોડી વધારે યાત્રા કરતાં જ કિનારાને અડીને આવેલું દ્વારકાનું ભવ્ય પ્રવેશદ્વાર પણ નજરે ચડવા લાગ્યું હતું. હું તો અપલક મારા સપનાંની નગરીના પ્રવેશદ્વારને જોતો જ રહી ગયો. આ તો ઠીક, પણ મને તો તે પ્રવેશદ્વારમાં રુક્મિણીનો ચહેરો દેખાવા લાગ્યો. ...આ તો ઘેલછાની હદ થઈ ગઈ. મેં જાતને સમજાવી. થોડી તો ધીરજ રાખો, કનૈયા... જ્યારે દ્વારકાનું સપનું સાકાર થયું છે, તો રુક્મિણીને પણ લઈ આવીશું. ...ઠીક છે, પરંતુ મારી પરિસ્થિતિને પણ સમજો. દ્વારકાપ્રવેશ અને તે પણ રુક્મિણી વિના, શું તેની યાદ નહીં આવે? ...દિલ નહીં દુ:ખે?

હશે, હવે તો પ્રમુખદ્વાર જેટલું ભવ્ય દેખાઈ રહ્યું હતું, એટલું જ સુરક્ષિત પણ લાગી રહ્યું

હતું. ચારેતરફથી પ્રમુખદ્વારને અડીને આવેલી દ્વારકાની દીવાલો હવે બરાબર દેખાવા લાગી હતી. ખરેખર વિશ્વકર્માજીએ કમાલ કરી બતાવી હતી. જીવનભર માટે મને પોતાની શિલ્પકારીના ઉપકારથી ઉપકૃત કરી દીધો હતો. સાચું કહું છું, સમુદ્રકિનારે ઊભેલો આ ગોવાળ પોતાની નગરીના પ્રવેશદ્વારને જોઈને કેટલો પ્રસન્ન થયો હશે તે એ જ સમજી શકે કે જેણે ક્યારેક આટલું મોટું સપનું સાકાર થતું જોયું હોય. ચાલો, છોડો આ વાતને. ...હાલ તો તે તરફ મુખ્ય સમુદ્રતટ પર પહોંચતા જ અમારો કાફલો પૂરી રીતે થોભી ગયો હતો. હવે તો લોકોનું રથ અને બળદગાડાંઓમાંથી ઉતરવાનું પણ ચાલુ થઈ ગયું હતું. આમ પણ સમુદ્રદર્શનનો આ એમનો પહેલો અનુભવ હતો. બિચારાઓએ સમુદ્ર જોયો જ ક્યાં હતો? જ્યાં નજર દોડાવો- બસ, પાણી જ પાણી. એક તો સમુદ્રની વિશાળતા, ઉપરથી બરાબર સામે દેખાઈ રહેલું દ્વારકાનું પ્રવેશદ્વાર; સાચું કહું છું લોકોના આનંદની સ્થિતિ વર્ણવી શકાય તેમજ નહોતી. કોઈને પોતાની આંખો પર વિશ્વાસ જ નહોતો થઈ રહ્યો. કોઈ ખુશીથી નાચી રહ્યું હતું તો કોઈ બૂમો પાડી રહ્યું હતું. કેટલાક લોકો અપલક આંખે ક્યારેક સમુદ્રને, તો ક્યારેક પ્રવેશદ્વારને જોઈ રહ્યા હતા. ચારેતરફ ઉત્સાહ અને આનંદનું એવું વાતાવરણ હતું જે સ્વર્ગ સુદ્ધાંને શરમાવી દે.

દ્રશ્ય પણ બહુ કમાલનું હતું. હજારો લોકો સમુદ્રતટ પર બેઠા બેઠા દ્વારકાના પ્રવેશદ્વારને જોઈ રહ્યા હતા. હું ક્યારેક તેમને, તો ક્યારેક પ્રવેશદ્વારને જોઈ રહ્યો હતો. અને સમય કહું તો ...સૂરજ પણ હજી પૂરી રીતે ચડ્યો નહોતો. ત્યાં આનંદની સ્થિતિની વાત કરું તો જ્યાં જુઓ ત્યાં બધા એકબીજાને ભેટી રહ્યા હતા. અંદરોઅંદર વધામણી આપવાનો તો એવો દોર ચાલ્યો હતો જે અટકવાનું નામ જ નહોતો લેતો. જોકે આ બધામાં પણ મારા આનંદની અવસ્થા બધાથી નિરાળી હતી, ક્યારેક જમીન પર બેસી જતો હતો તો ક્યારેક ઝટ દઈને ઊભો થઈ જતો. ક્યારેક ભાઈને ગળે લગાવતો, તો ક્યારેક ઉદ્ધવને વધામણી દેવા બેસી જતો. અને ત્યાં સાત્યકિને ચૂમવાનું તો વારંવારનું થઈ ગયું હતું. મનમાં તો એટલો ઉમંગ છલકાઈ રહ્યો હતો કે જાતને સંભાળી રાખવાનું જ મુશ્કેલ થઈ ગયું હતું. અને સ્વયં પર 'ગર્વ' તો એટલો વધી રહ્યો હતો કે ફૂલીને ફાળકો થઈ રહ્યો હતો.

...ત્યારે યાદ આવ્યું, અરે! આ નગરીના નિર્માણનું ખરું શ્રેય તો ભાઈ અને ઉદ્ધવને જાય છે. કનૈયા, તું નાહક બધું શ્રેય પોતાને આપી રહ્યો હતો. આ વિચાર આવતા જ ગર્વના ફુગ્ગાની ઘણી હવા આમ પણ નીકળી ગઈ. આમ તો એ જરૂરી પણ હતું, કારણ કે આ સમયે ઉત્સાહ અને ખુશી પર નિયંત્રણ રાખવાનું જરૂરી હતું. ખાસ કરીને આ વાત મારા પર તો બરાબર લાગુ પડતી જ હતી. કારણ કે હું એક કર્મવીર હતો અને ફળસ્વરૂપે મારી નજર હંમેશાં આગળના કર્મ પર લાગેલી રહેતી હતી. હજી તો દ્વારકા પહોંચ્યાં જ હતા, કંઈ દ્વારકાપ્રવેશ થોડો જ કરી લીધો હતો? અને વળી, આટલા બધા લોકોના રથો, ગાડાં, જાનવરો અને સામાન સાથે સમુદ્રકિનારો પાર કરીને દ્વારકાપ્રવેશ કંઈ સહેલો નહોતો. જોકે જહાજ અને નૌકાઓ કિનારા પર તૈયાર જ ઊભાં હતા. વિશ્વકર્માજીના પચાસ માણસો પણ ત્યાં કિનારે અમારી રાહ જોઈ જ રહ્યા હતા. એમાંથી મોટા ભાગના જહાજને હાંકનારા બલિષ્ઠ કેવટ જ હતા. હું તો વિશ્વકર્માજીની દૂરદ્રષ્ટિ અને કર્તવ્યપરાયણતાનો પ્રશંસક બની ગયો હતો. આમ તો હવે મારા માટે પણ પોતાની કર્તવ્યપરાયણતા સિદ્ધ કરવાનો અવસર આવી જ ગયો હતો. વિશ્વકર્માજીની વ્યવસ્થા ભલે લાખ રીતે સચોટ હતી, પરંતુ અમારા માટે આગળનું કાર્ય પાર પાડવું કોઈ મોટા પડકારથી ઓછું નહોતું.

બસ, કર્મોનો અહેસાસ થતાં જ તરત મેં મારી ચોકડીને આગળના કાર્યોથી અવગત કરી, અને તેની સાથે જ એના પર વિચાર-વિમર્શ શરૂ થઈ ગયો. કામ સામે પડ્યું હતું, આથી રૂપરેખા બનાવવામાં ક્યાં સમય લાગવાનો હતો? તત્કાળ પ્રભાવથી જહાજો અને નૌકાઓ પર સવાર થઈને અમે દ્વારકાપ્રવેશ શરૂ કર્યો. સહુથી પહેલા અમે વડીલો, મહિલાઓ અને બાળકોને રવાના કર્યા. અમે લોકો બીજા તટ પર ઊભા ઊભા વડીલો, મહિલાઓ અને બાળકોને જહાજો અને નૌકા પર જતા જોઈ રહ્યા

હતા. જોકે વડીલ હોય કે મહિલા, દ્વારકામાં પ્રવેશ કરતાં જ નાચી ઊઠતાં હતા. ખરેખર, લોકોને લઈ જતા જહાજો અને નૌકાઓની આવ-જા જોવા જેવી લાગતી હતી. ચારેતરફ આશ્ચર્ય સભર ઉત્સાહ હતો. હવે બધાનો ઉત્સાહ તો એમની જગાએ હતો, પરંતુ આ તરફ, સાંજ ઢળવાની હતી છતાં પણ વડીલો, મહિલાઓ અને બાળકોની આવ-જા ચાલું જ હતી. આ જોતા આજની છેલ્લી યાત્રામાં મેં ઉદ્ધવની સાથે થોડી ભોજનસામગ્રી મોકલાવી દીધી. સાથે જ બનાવવામાં આવેલા ત્રણ આરામગૃહોમાં જ બધાને ઉતારો આપવાની સલાહ પણ આપી. આ રીતે દ્વારકાપ્રવેશનો પહેલો દિવસ ઢળી ગયો. રાત્રે જહાજની આવ-જા જોખમ ભરેલી હોય છે, આ પંચજનને ત્યાં જતી વખતે અમે શીખી જ લીધું હતું. આથી આવું જોખમ ઉઠાવવાનો તો સવાલ જ ઊઠતો નહોતો.

...અર્થાત્ જેટલો કાફલો જવાનો હતો, ગયો હતો. હવે બચેલા લોકોએ તો કિનારે ઊભા ઊભા દ્રશ્ય જ જોવાનું હતું. આમ તો ઘણાં વડીલો, બાળકો અને મહિલાઓના જવાથી અમારું સહુથી મોટું કામ પૂરું થઈ ગયું હતું. એ પણ સારું થયું કે કાળજી રાખીને છેલ્લા ફેરામાં ઉદ્ધવ અને તેની સાથે થોડીક ભોજનસામગ્રી મોકલાવી દીધી હતી. આમ પણ આ બહાને ઉદ્ધવને બધાનું ધ્યાન રાખવાનું મનગમતું કામ હાથ લાગી ગયું હતું. એટલું જ નહીં, સાથે ‘ભોળા ભાગ્યવાન હોય છે’ આ કહેવત પણ એણે યથાર્થ સાબિત કરી દીધી હતી. એટલે જ તો સહુથી પહેલા દ્વારકા જોવાનું સૌભાગ્ય એને જ મળ્યું હતું. આમ તો સારું એ પણ હતું કે હવે તટ પર મોટે ભાગે અમે યુવાન જ બચ્યાં હતા. આ વાત એટલા માટે કહું છું કે હવે ઈચ્છા-અનિચ્છાએ પણ રાત તો અમારે અહીં જ વીતાવવાની હતી, આવામાં યુવાનોનો સાથ વધારે રસપ્રદ હોય છે. ...ઉત્સાહને કારણે ઊંઘ તો કોઈનેય આવવાની નહોતી, બસ, મોટા ભાગના લોકોની રાત તટ ઉપર ફરતા ફરતા જ વીતી રહી હતી. જોકે રાત પડતા પડતા થોડા ઘણાં લોકો સૂઈ પણ ગયા હતા. અંતે ઉત્સાહ ટકાવી રાખવા માટે પણ ઊંઘ તો જોઈએ.

આ બધું તો ઠીક, પણ આ તરફ મારી હાલત ખરેખર બહુ અજબ થઈ ગઈ હતી, કારણ કે હું તો બસ, પ્રવેશદ્વાર તથા નગરીના કિલ્લા ફરતે રચાયેલી દીવાલોને જ જોઈ રહ્યો હતો. જ્યારે તેનાથી થાકી જતો તો નગરીની ત્રણે બાજુ દૂર દૂર સુધી માથું ઉંચકીને ઊભેલી ટેકરીઓ જોવા લાગતો. અને જ્યારે તેનાથી પણ થાકી જતો તો કિનારે ઊભા રહેલા જહાજ જોવા લાગતો. હા, જહાજોથી યાદ આવ્યું; વિશ્ર્વકર્માજીની શિલ્પકારી જ નહીં, પરંતુ જહાજોની બનાવટ અને તેમના દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાની પણ પ્રશંસા કરવી પડશે. ...જો અમારા અહીં પહોંચતી વેળાએ અમને કિનારા પર ઊભેલા જહાજ તૈયાર ન મળત અથવા જહાજના જાણકારોની આખી ફોજ અમારી રાહ ન જોઈ રહી હોત, તો કોણ જાણે કેટલા દિવસ આમ જ કિનારા પર વીતાવવા પડત. ખરેખર! મારે એકલા સ્વ-શ્રેય લેવાની આદત થોડી છોડવી પડશે. બસ, આ વિચાર આવતા જ ભાઈ અને ઉદ્ધવ દ્વારા કરવામાં આવેલી જગાની પસંદગી ઉપર પણ હું વારી ગયો. નગરી એટલી સુરક્ષિત હતી કે જરાસંધ તો શું, આર્યાવર્તના તમામ રાજાઓ એક થઈ જાય તો પણ દ્વારકાને જીતી શકાય તેમ નહોતું. અમે જે કિનારે ઊભા હતા, પહેલા તો તે કિનારા સુધી પહોંચવાનું જ ઘણું મુશ્કેલ હતું. બીજું, આ કિનારો પાર કરીને સામેના કિનારા સુધી માત્ર જહાજો દ્વારા જ પહોંચી શકાય એમ હતું. આવામાં તમે જ વિચારો, ભલા અહીં સુધી કોઈ જહાજ કેવી રીતે લાવી શકવાનું હતું? કાં તો જહાજ દરિયા માર્ગે લાવી શકાય એમ હતા અથવા તો અહીં આ કિનારે બનાવી શકવાના હતા. બંને વાતો અશક્ય હતી. જ્યાં સુધી અમારા જહાજોનો સવાલ છે, તે તો અમે પ્રવેશદ્વારવાળા કિનારે જ ઊભા રાખતા. અને માની લો કે જો કોઈ સમુદ્ર પાર કરી પણ લે, તો પણ પ્રવેશદ્વાર તોડવા, ખોલવા અને પાર કરવામાં જ મહિનાઓ વીતી જાય એ નક્કી હતું. આટલા લાંબા સમય સુધી ટકી રહેવા માટેનો સામાન કોઈ અહીં સુધી કેવી રીતે લાવી શકવાનું હતું? કહેવાનું તાત્પર્ય એ કે જીવનમાં પહેલી વાર, ન કોઈ બહારના આક્રમણનું જોખમ હતું, ન જાનવરોનું. ...ન તો આ સમયે કુદરત તરફથી કોઈ જોખમ નજરે ચડતું હતું. અને સહુથી મોટી

વાત તો એ કે જરાસંધ નામનું જોખમ પણ હવે સંપૂર્ણ રીતે ટળી ગયું હતું. આમ સરવાળે કહું તો હવે બેફિકર થઈને જીવવાના દિવસો આવી ગયા હતા. અને વિસ્તારથી કહું તો મારી તમામ આકાંક્ષાઓ મન મૂકીને પૂરી કરવાની ઋતુ આવી ગઈ હતી. કહી શકાય છે કે જીવનમાં યુદ્ધ અને સંઘર્ષો ઉપર હવે પૂર્ણવિરામ મુકાઈ ગયો હતો. મોતનો પડછાયો હંમેશાં માટે દૂર થઈ ગયો હતો. કહી શકું છું કે ઠેઠ હવે મને મનુષ્ય જીવનનો અસલી આનંદ લૂંટવાનો અવસર મળવાનો હતો.

...બસ, અહીં જ ગરબડ થઈ. મસ્તીથી જીવવાનું વિચારતા જ મને મા યશોદાની યાદ સતાવવા લાગી. ખરેખર કેટલા કષ્ટો વેઠીને તેમણે મને ઉછેર્યો હતો. મારા જેવા બદમાશે તેમને હેરાન કરવામાં ક્યાં કોઈ કસર છોડી હતી? છતાં પણ તેમની હેત-પ્રિત હતી જે હંમેશાં એવીને એવી રહી. અને આજે જ્યારે હું તેને હેત-પ્રિતથી રાખી શકું એમ હતો, એમની સેવા કરી શકતો હતો; ત્યારે તેઓ મારી સાથે નહોતાં. આજે જ્યારે તેમનું ઋણ ચૂકવવાનો અવસર આવ્યો હતો ત્યારે તેમણે મને તે અવસરથી વંચિત કરી દીધો હતો. આમ પણ મહાન લોકોનું ઋણ ચૂકવવાનું સહેલું નથી હોતું. ન યશોદાનું, ન સાંદીપનિજીનું. જોકે બીજું કંઇ નહીં તો સાંદીપનિજીને તો ઓછામાં ઓછું થોડા દિવસોના વિશ્રામ માટે દ્વારકા તો બોલાવી શકાય તેમ છે, પરંતુ 'મા'નું કરજ તો કંઇ પણ કરીને ચૂકવવાનો અવસર મળતો હોય તેવું દેખાતું નહોતું.

બસ, આ વિચાર સાથે જ હું ખૂબ ઉદાસ થઈ ગયો. કમાલ એ કે બધો ખેલ તે સમયે મારા મન સાથે જ રમતો હતો, જ્યારે મોટા ભાગના લોકો થાકીને સૂઈ ગયા હતા. હા, સાત્યકિ અને ભાઈ ચોક્કસ હજી પણ કેટલાક યુવાનો સાથે આમતેમ ફરી રહ્યા હતા. ચોક્કસપણે ભાઈ બધાને દ્વારકા-નિર્માણના અનુભવ સંભળાવવામાં વ્યસ્ત હતા. તેમની મહેનત જોતા, તેઓ તેમના અહંકાર સંતોષે તે એમનો અધિકાર પણ બનતો હતો. ત્યાંજ જો સંપૂર્ણ વાતાવરણ પર પાછો ફરું તો અહીં મધરાત ક્યારની વીતી ગઈ હતી. હું હજી પણ કિનારે ઊભો ઊભો દ્વારકાનું પ્રવેશદ્વાર જ જોઈ રહ્યો હતો, તથા મારી પાછળ હજારો લોકો આમ તેમ સૂતા પડ્યા હતા. જોકે કેટલાક વ્યાકુળ લોકો હજી પણ ઝૂંડ બનાવીને વાતોમાં વ્યસ્ત હતા. ત્યાં દૂર સુધી નજર દોડાવો તો કેટલાક એકલ-દોકલ ફરતા પણ નજરે ચડતા હતા. હશે, હાલ તો હું મા યશોદાને યાદ કરીને દુ:ખી થયો જ હતો કે અચાનક મન એક નવી જ ઉડાન ભરીને પ્રફુલ્લિત થઈ ઊઠ્યું. તે પાંડવોને દ્વારકા બોલાવવા આકુળ-વ્યાકુળ થઈ ગયું. કેટલી મજા આવશે. પાંડવ, સાત્યકિ, ભાઈ, ઉદ્ધવ અને હું. અમે બધા મળીને દ્વારકાને માથે લઈશું. જોયું તમે, ઉંમરની સાથે, મારી ચંચળતા ઘટવાને બદલે વધતી જ જઈ રહી હતી. આમ પણ તમે જાણો જ છો કે ગંભીરતા પ્રત્યે મને કેટલો અણગમો હતો? અરે, ગંભીર તો જ્યારે હું કાલીયનાગની ફેણમાં અટવાઈ ગયો હતો, ત્યારે પણ થયો નહોતો. ખુદ સામે ચાલીને જ્યારે કાલયવનની મોતરૂપી ગુફામાં કૂદી પડ્યો હતો, ત્યારે પણ ક્ષણ ભર માટેય ક્યાં ગંભીર થયો હતો? ભય અને ગંભીરતા નામના રોગથી તો મેં હંમેશાં પોતાને બચાવી જ રાખ્યો હતો. આવામાં યશોદાનું દુ:ખ ખરા હૃદયનો ભાવ જાગવાની સાથે જ ગાયબ તો થઈ જ જવાનું હતું.

ખેર! આજ બધું કરતાં-કરાવતા અંતે આ રાતની પણ સવાર થઈ ગઈ. સૂર્ય ઊગતા જ એકવાર ફરી બધાની હલચલ તેજ થઈ ગઈ. ઉત્સાહ ચારેતરફ ઝળકવા લાગ્યો. બધા પ્રસન્ન હતા, એક સત્રાજિતને છોડીને. તેના ચહેરા પર કંઈક વિચિત્ર જ હાવભાવ હતા. જે દ્રષ્ટિથી તે વારંવાર દ્વારકાના પ્રમુખદ્વારને જોઈ રહ્યો હતો, સ્પષ્ટ હતું કે ધીમે ધીમે તેની શંકા વિશ્ર્વાસનું રૂપ લઈ રહી હતી કે તેનો મણિ મેં જ ચોર્યો છે. પણ જો હું એમ કહું કે હવે એને આ બાબતે એની પૂરેપૂરી ખાત્રી થઈ ગઈ હતી તો પણ ખોટું નહીં લેખાય. સાચું જ તો છે, મણિની મદદ વિના કંઇ આટલી ભવ્ય નગરી થોડી બની શકવાની હતી? હું તેનું દુ:ખ તો સમજી રહ્યો હતો, છતાં પણ એનું આ રીતે વિચારવું મારી દ્રષ્ટિએ યોગ્ય નહોતું. હા, તેનો વિચાર ત્યારે યોગ્ય ગણાત જો તે ખુશ થઈને એમ વિચારત કે ચાલો કમસેકમ આ

બહાને તેનો મણિ આટલા લોકોને સ્વર્ગ જેવું જીવન આપવા માટે ‘નિમિત્ત’ તો બન્યો. ...હવે સ્યમંતક મણિને યાદ કરું અને સત્યભામાના સહયોગને ભૂલી જાઉં, એ કેવી રીતે શક્ય હતું? ખરેખર, સત્યભામાએ મારા પર એ ઋણ ચડાવ્યું હતું કે તેને ઉતારવાનું મુશ્કેલ જ નહીં, અશક્ય હતું.

...અને જ્યારે ઋણની વાત કરી જ દીધી છે તો જરાસંધને કેવી રીતે ભૂલી શકાય? આજે હું જે કંઈ પણ છું, તે હકીકતમાં જરાસંધની મહેરબાનીઓનું જ તો પરિણામ છે. ગત દસ વર્ષોમાં મારા જીવનની બાગડોર તેણે જ તો સંભાળી રાખી છે. જરા વિચારો, જો જરાસંધનો ડર ન હોત, તો નાનાજી મને સાંદીપનિજીના આશ્રમમાં થોડા જ મોકલત? ત્યાં ન જાત, તો પંચજનનો વધ કરીને આટલા મોટા આર્યાવર્તમાં પોતાની ઓળખાણ થોડી સ્થાપિત કરી શકત? જો જરાસંધ ન હોત તો ન તો ચંડકનો ખજાનો મળત કે ન મહારાણી પદ્માવતી પાસેથી આટલી ભેટ મળત. અને વળી ગોમંતનો અપાર ખજાનો પણ જરાસંધને કારણે જ તો શોધી શક્યો હતો. દરેક દ્રષ્ટિએ આ ગોવાળનું ‘દ્વારકાધીશ’ બનવું, માત્ર જરાસંધને આભારી હતું. આજે હું સારી રીતે સમજી રહ્યો હતો કે એક મનુષ્ય પ્રગતિ કરે છે તો તેનો પાયો કેટલાયના સહયોગ પર રચાયેલો હોય છે. વિચારવા જેવી વાત એ છે કે એક મનુષ્યની પ્રગતિ જો આટલા લોકોના સહયોગનું પરિણામ છે, તો શું એક મનુષ્ય માટે એમના સિવાય અન્ય કોઈ ભગવાન પણ હોઈ શકે છે? રાધાનો પ્રેમ, ગોપ-ગોપીઓની મિત્રતા, કંસના જુલમ, નાનાજીનો પ્રેમ, જરાસંધનો પ્રતિશોધ, રુક્મિણીએ આપેલો ઉત્સાહ, સાંદીપનિજી અને શ્રૃતકેતુજીનું શિક્ષણ, સુદામાનો દુર્વ્યવહાર, સત્રાજિતનો મણિ, મહર્ષિ પરશુરામનો બતાવેલો માર્ગ... સૂચિ લાંબી જ થઈ રહી હતી; પરંતુ શું તેમાંથી કોઈ પણ મારે માટે ભગવાનથી ઉતરતાં થોડા હતા? અને હા, સત્યભામાનું સમર્પણ...? તે તો ચોક્કસપણે મારે માટે સાક્ષાત્ ભગવાનની મૂરત સમાન હતી. તેનાં પ્રેમ અને વિશ્ર્વાસને કેમ અવગણી ગયો? લો, તેનો હજાર વાર આભાર માનીને મારી ભૂલ સુધારી લઉં છું. ખરેખર, મનુષ્ય જીવનમાં સહયોગ આપવાવાળા અને જ્ઞાન દેવાવાળાઓની સૂચિ ક્યારેય પૂરી થતી નથી. શરત એટલી કે તમે સાચા હૃદયથી ધન્યવાદ આપવા ઈચ્છતા હોવ તો...! જો તેમને ભગવાન-સ્વરૂપ માનો તો.

અને વળી દ્વારકા-નિર્માણ..., તે તો ભાઈ અને ઉદ્ધવના સહકાર વિના ક્યાં શક્ય હતું? અને આ બધાથી વધીને નંદજી અને યશોદાનું લાલન-પાલન. યશોદા પણ જાણે ગજબનું વળગણ હતી; તેનું નામ આવતાં જ ચિંતન ફરી એનામાં જ ગૂંચવાઈને રહી જતું. હશે, હમણાં તો અહીં સવાર થતાં જ બધા સક્રિય થઈ ગયા હતા. આથી યશોદાને ભુલાવીને મારું પણ સક્રિય થઈ જવું જરૂરી હતું, કારણ કે સમયસર આગળના અનેક કામ મારે જ પતાવવાના હતા. ...પણ યશોદા આ વાત સમજે ત્યારે ને? મારું ચિંતન એનામાં શું ગૂંચવાયું કે તે તો સાક્ષાત્ મારી આંખો સામે જ આવીને ઊભી રહી ગઈ. કમાલ તો હું ય ઓછો નહોતો. મેં તો તેની સાથે વાતો કરવાનું જ શરૂ કરી દીધું. મેં મા યશોદાને કહ્યું પણ કે- મા, તું દ્વારકા આવી જા. હવે હું તને હેરાન નહીં કરું. તું જ્યારે કહીશ, ખાઈ લઈશ. જ્યારે કહીશ, સૂઈ જઈશ. હવે માખણથી ભરેલી મટકીઓ પણ નહીં ફોડું. સાચું કહું છુ, તારી પાસે ચાંદામામાને બોલાવવાની જિદ્ પણ નહીં કરું. હવે તારી પાસે કોઈ મારી ફરિયાદ લઈને નહીં આવે. મા, તારો લાલ બદલાઈ ગયો છે. આજે તો ઊલ્ટું તારી પાસે તારી આંખના આ ‘તારા’ની પ્રશંસા કરવાવાળાઓની લાંબી કતાર લાગી જશે. તેની વીરતા અને બુદ્ધિમાનીના એકથી એક ચડિયાતા કિસ્સા તને સંભળાવવામાં આવશે. મારી મા, તું ગર્વથી ફુલાઈ જઈશ. ...પરંતુ મા ક્યાં મારો ભરોસો કરે એમ હતી? પહેલા પણ કેટલીય વાર વચનો આપી ચૂક્યો હતો કે મટકીઓ નહીં ફોડું, માખણ ચોરીશ નહીં. છતાં પણ મટકીઓ તો ફોડી જ હતી, માખણ તો ચોર્યું જ હતું. કેટલી વાર મા યશોદાને કહી ચૂક્યો હતો કે મા, તું ગુસ્સો ન કર, દુ:ખી ન થા, આજ પછી તારા લાલની કોઈ ફરિયાદ નહીં આવે. પરંતુ હજાર વાયદાઓ પછી પણ હું ક્યાં બદલાયો હતો? ખરેખર, આજે હું મારી અંદર ભયંકર પીડા અનુભવી રહ્યો

હતો. કેમકે દુખિયારી માએ છેલ્લે છેલ્લે તો મારા પર વિશ્ર્વાસ કરવાનું જ છોડી દીધું હતું. સાચું જ છે ને, એ કેવી રીતે માની લે કે હવે હું તેને નહીં સતાવું. મા સાથે મનોમન વાત શું થઈ, આંખો પૂરી રીતે ભીની થઈ ગઈ.

હવે દુ:ખ મારા અસ્તિત્વ પર હાવી થઈ જાય એ પહેલા, અચાનક રાધા અને કુબ્જાને યાદ કરીને હું ખીલી ઊઠ્યો. અત્યારે મારું મન પોતાની સાથે રમવામાં એટલું વ્યસ્ત થઈ ગયું હતું કે મારું ધ્યાન ન તો હજારોની ભીડ પર હતું, અને ન તો આગળના કામોમાં હું મન લગાવી શકતો હતો. હું તો સમુદ્રકિનારે એક વિશાળ શીલા પર બેઠો બેઠો સૂર્યોદયનાં કુમળા કિરણોથી ઝળહળતા દ્વારકાના પ્રવેશદ્વારને મૂર્તિ બનીને જોઈ રહ્યો હતો. અને મન પોતાની 'ક્યારેક સુખ, તો ક્યારેક દુ:ખ'ની રમત રમવામાં વ્યસ્ત હતું. અને આ સમયે, જેમ કે મેં જણાવ્યું, યશોદાનાં ન આવવાનું દુ:ખ ભૂલીને, મન રાધા અને કુબ્જાને યાદ કરીને ખીલી ઊઠ્યું હતું. ખરેખર, રાધા આવી હોત તો એ તો આ પ્રવેશદ્વાર જોતા જ ઘેલી થઈ જાત. એટલું જ નહીં, કદાચ અઠ્ઠાવીસ વર્ષના કૃષ્ણને પોતાનાં ખોળામાં બેસાડીને ચૂમી પણ લેત. અને મને ચૂમતી કે તરત જ તેની બધી નારાજગી ગાયબ થઈ જાત. અને 'કુબ્જા'...! મારા મથુરાપ્રવેશ વખતે તેણે જ તો મને પ્રેમ આપ્યો હતો. આ એનો પ્રેમ જ તો હતો, જેણે એ ભવ્ય નગરીમાં મારા જેવા ગોવાળનો આત્મવિશ્ર્વાસ વધાર્યો હતો. કદાચ કુબ્જાનો પ્રેમ ન મળ્યો હોત, તો હું મથુરામાં ટકી જ ન શક્યો હોત. પરંતુ આજે તો તે પણ મને દગો દઈ ગઈ હતી. તે ક્યાં દ્વારકા આવી હતી? જોકે તેની પાસે નહીં આવી શકવાનું વાજબી કારણ પણ હતું. તેનાં પિતાજીની તબિયત એવી નહોતી રહી કે તેઓ આટલી લાંબી યાત્રા કરી શકે.

આમ સરવાળે આ બધું વિચારતા વિચારતા મન ફરી ઉદાસ થઈ ગયું. ખરેખર જેના મારા પર અઢળક ઉપકાર હતા, જેમના માટે મને અનહદ પ્રેમ હતો, તેમાંથી કોઈપણ આજે મારી સાથે નહોતું. ચાહવા છતાંય મને તેમના ઉપકારનો બદલો વાળવાનો મોકો નહોતો મળ્યો. ઈચ્છવા છતાં પણ તેમની સાથે આરામની બે પળ વિતાવવાથી હું વંચિત રહી ગયો હતો. અર્થાત્ જીવન ભલેને પ્રગતિના માર્ગે ચાલી નીકળ્યું હતું, પણ તેની કિંમત એક પછી એક પ્રિય પાત્રો ગુમાવીને ચૂકવવી પડી રહી હતી. દુનિયા મને દગાબાજ કહે છે, પરંતુ તમે જોઈ રહ્યા છો ને કે દગાબાજ કોણ છે? બસ, વિચારને નવી દિશા આપીને મેં મારો બળાપો ઓછો કર્યો. ...શું કરું? હવે જીવનભર બધાને યાદ કરીકરીને તડપવું એજ મારું ભાગ્ય બની ગયું હતું. હવે જ્યારે કુદરતે પોતાના તરફથી મને કોઈ આઘાત આપવામાં કસર છોડી નહોતી, તો પછી આજે આ ખુશીના મોકા પર તે કઈ રીતે ચૂકત? ...અંતે મને રડાવી જ દીધો. મારી આંખો ભીની થઈ જ ગઈ. થઈ જવા દો, પ્રેમના આંસુઓમાં કેવી ગજબની મીઠાશ હોય છે તેનો અનુભવ એક સાચા પ્રેમીને જ થઈ શકે છે. કુદરતનું શું છે, તેનું તો કામ જ મારા પર આક્રમણ કરવાનું થઈ ગયું છે. ક્યારેક મારા જીવ પર આક્રમણ તો ક્યારેક મારા મન પર આક્રમણ. અને હવે તો તે નવું નવું જ શીખી ગઈ હતી, છેલ્લા કેટલાક વર્ષોથી તો મારા પ્રેમ ઉપર પણ આક્રમણ થવા લાગ્યું હતું. તો શું વિચલિત 'કૃષ્ણ'નો કોઈ સહારો નથી? કેમ નથી, હું મારો સહારો હંમેશાં મારી સાથે લઈને જ ચાલુ છું. મારી વાંસળી જ મારો સહારો છે, અને તે હંમેશાં મારી સાથે રહે છે.

બસ! આવું વિચારીને હું નિશ્ચિંત પણ થઈ ગયો અને મનમાં ચાલતી આ બધી આવ-જામાંથી છૂટકારો પણ મેળવી લીધો. અને તેની સાથે જ હું જે પથ્થર પર બેઠો હતો ત્યાંથી ઊભો થઈને આગળના કાર્ય પતાવવા માટે ફરી ભીડ તરફ દોડી પડ્યો. તરત સાત્યકિ અને ભાઈને પકડીને તેમની સાથે ફરી રહેલા યુવાનોને કામે લગાવ્યા. તે તરફ બીજા કિનારા પર ઊભેલો ઉદ્ધવ પણ આગળની વ્યવસ્થાઓમાં લાગી જ ગયો હતો. તેનું માર્ગદર્શન મળતા જ તમામ જહાજ અને નૌકા આ કિનારે આવી પહોંચ્યાં હતા. અને તેની સાથે જ ફરી એકવાર જહાજો અને નૌકાઓ દ્વારા સ્થળાંતર શરૂ થઈ ગયું. આજે પણ સહુથી પહેલા બાકી રહેલાં વડીલો, મહિલાઓ અને બાળકોને જ રવાના કરવાનું શરૂ

કર્યું. ત્યારબાદ રથ, બળદગાડાં અને સામાન મોકલાવ્યો. આજનો આખો દિવસ એમાં જ નીકળી ગયો. તેમ છતાં ઘણાં ગાડાં અને બળદગાડાંઓ મોકલવાનાં બાકી જ હતા. કહેવાની જરૂરત નથી કે અમારે તો આ રાત પણ અહીં કિનારે જ વીતાવવી પડી. કાંઈ વાંધો નહીં, આમ પણ કર્મવીરોને સુખ અંતે જ નસીબ થાય છે. એ જ નિયમાનુસાર મારી સામે મારા સપનાંની નગરી હતી અને તેમાં પ્રવેશ કરવાનું સૌભાગ્ય મને આજે પણ નહોતું મળી રહ્યું. એ તો ઠીક, આગલા ત્રણ-ચાર દિવસ સુધી પણ આ ક્રમ યથાવત્ રહ્યો. ક્યારેક વડીલ, મહિલા અને સ્ત્રીઓને મોકલવામાં આવતા, તો ક્યારેક પશુ, ગાડાં અને સામાનનો વારો આવતો. ...અને આ ઘટમાળ ચાલુ રહેતા, મને તો છઠ્ઠા દિવસે જ મારી દ્વારકામાં પ્રવેશવાનું નસીબ થયું.

ખેર! ભલે મોડું થયું, પણ સારું થયું. હું તો દ્વારકામાં પ્રવેશતા જ નગરીની ભવ્યતા જોઈને દંગ રહી ગયો. ચારેતરફ જામેલી મદહોશ ભીડની ચિંતા કર્યા વિના મેં તરત મારો રથ મંગાવ્યો. કારણ કે સહુથી પહેલાં હું આખી નગરીનું ચક્કર લગાવવા માંગતો હતો. મારી આજની ખુશી કોઈ નાના બાળકની ખુશીથી જરા ય ઓછી નહોતી. મને યાદ આવ્યું, જ્યારે મારી જિદ્ પર મા યશોદાએ ચંદ્રનું પ્રતિબિંબ થાળીમાં ઉતાર્યું હતું, ત્યારે હું કેટલો ખુશ થયો હતો? બસ, આજે મને બરાબર એ જ જાતની ખુશીનો અનુભવ થઈ રહ્યો હતો. ...બસ, એકદમ રોફથી રથ પર બેઠો અને તેની લગામ ખેંચી લીધી. પ્રમુખ-દ્વારથી ઘૂસતા જ લાંબો-પહોળો માર્ગ હતો. માર્ગની બંને તરફ ભવ્ય દુકાનો હતી. મેં આજ સુધી કોઈપણ રાજ્યના માર્ગ આટલા પહોળા જોયા નહોતા. ન તો આર્યાવર્તની કોઈપણ નગરીમાં આટલું ભવ્ય બજાર જોયું હતું. તે તરફ થોડે આગળ જતા જ ચાર રસ્તા આવી ગયા. ચાર રસ્તા આવતા જ હું અસમંજસમાં પડી ગયો કે કઈ દિશામાં જાઉં? મન તો થતું હતું કે ચારે દિશાઓમાં દોડે જાઉં, પળવારમાં આખી દ્વારકાને જોઈ લઉં. દરેક ચાર રસ્તાની જમણી અને ડાબી બાજુ ત્રીસ-ત્રીસ અને ચાલીસ-ચાલીસ મકાનોની શેરીઓ બનેલી હતી. દરેક શેરીઓની વચ્ચે એક નાનો બગીચો બનાવેલો હતો. આખી દ્વારકાની ચારે તરફ આવી ત્રીસ-ચાલીસ શેરીઓ બનેલી હતી. થોડીવાર તો હું આવી અસમંજસની અવસ્થામાં જ ત્યાં ચાર રસ્તા પર ઊભો રહ્યો, પરંતુ પછી મેં મારો રથ ડાબી બાજુ હંકારી દીધો. મુખ્ય માર્ગથી પસાર થયા બાદ થોડાક અંતરે બીજા એક ચાર રસ્તા પડી રહ્યા હતા. મુખ્ય રસ્તાઓ તો પહોળા હતા જ, તદુપરાંત અન્ય રસ્તાઓ પણ એટલા સાંકડા નહોતા. ત્યાં ચોથા ચાર રસ્તા પર અડીને જમણા હાથ પર રસ્તાને અડોઅડ મોટા-મોટા આરામગૃહો બનેલા હતા. તેમાં દરેકમાં પચાસ ઓરડાઓ હતા. સહુથી મોટી વાત તો એ કે ઠેર ઠેર વિશાળ પ્રાંગણ, એકથી એક ભવ્ય અને સુંદર બગીચા અને આખી દ્વારકામાં ફેલાયેલાં વૃક્ષો નગરીને સારી રીતે પ્રાકૃતિક હરિયાળી આપી રહ્યા હતા. મારી નગરીની આ સુંદરતા અને ભવ્યતા જોઈને આ ગોવાળ કેટલો તૃપ્ત થઈ રહ્યો હશે, તેનો અંદાજો લગાવવો કોઈ મુશ્કેલ કામ નહોતું. અને ઉપરથી ભીડ પણ ચારેતરફ ફેલાયેલી હતી. મારો રથ જ્યાંથી પસાર થતો, મારો જયજયકાર બોલાવવામાં આવતો. તેમના આદર-સત્કારથી ભર્યો ભર્યો આ 'જયજયકાર' મને બહુ ટાઢક આપી રહ્યો હતો. ...અને તેમનો ઉત્સાહ મારી કર્મઠતાને મોટી સાંત્વના આપતો હતો.

ખેર! આ તરફ હવે મારું મન રાજમહેલ જોવા માટે વ્યાકુળ થઈ ગયું હતું. રથની કમાન હાથમાં હતી જ, રાજમહેલ ક્યાં દૂર હતો? અ...હો! કેટલો સુંદર રાજમહેલ હતો. મેં ઘણાં રાજમહેલ જોયા હતા. કેટલાક આનાથી વિશાળ પણ હતા. પરંતુ સુંદરતા અને ભવ્યતાની દ્રષ્ટિએ આની કોઈ જોડ જડે એમ નહોતી. પળ વારમાં હું આખો રાજમહેલ ફરી વળ્યો. ખરેખર શું રાજમહેલ, શું બાકીની દ્વારકા, અહીંનું બધું અદ્વિતીય હતું. હા, પણ હજી કેટલીક જગા પર કામ ચાલુ હતું. ખાસ કરીને કેટલીક રહેણાંક વસ્તી હજુ પૂરી રીતે તૈયાર થઈ નહોતી. બજારમાં પણ રંગ વગેરેનું કામ હજી અધૂરું જ હતું. હવે આટલી મોટી નગરી વસાવવી એ કોઈ મજાક તો હોતી નથી. આથી, ચાલવા દો કામને.

અત્યારે તો મારા મનની સ્થિતિ કહું તો સપનાં સાચાં પડતાં તો મેં અનેક વાર જોયાં છે, પરંતુ હકીકત સપનાંઓથી પણ સુંદર હોઈ શકે છે, આ અનુભવ પહેલી વાર કરી રહ્યો હતો. આજે મારું રોમેરોમ વિશ્ર્વકર્માજીની અદ્ભુત શિલ્પકારીની પ્રશંસા વિના રહી શકતું નહોતું. મારું સમગ્ર અસ્તિત્વ તેમને ધન્યવાદ આપી રહ્યું હતું. ...અને મન હતું કે કોઈ ચીજથી ધરાઈ જ રહ્યું નહોતું. રાજમહેલથી નીકળતા જ પાછું દ્વારકાનું એક ચક્કર લગાવવાનું મન થયું. શું કરું, વારંવાર નગરના ચક્કર લગાવવાનું મન થઈ રહ્યું હતું. તો મારે અહીં ક્યાં કોઈની રજા લેવાની હતી? નીકળી પડ્યો ચક્કર લગાવવા. ભલા પોતાની નગરીમાં સ્વતંત્રતાથી નહીં જીવું તો ક્યાં જીવીશ?

ચાલો, આ તો મારી વાત થઈ. તે તરફ હાલ પૂરતું અસ્થાયી રીતે બધાએ આરામદહ અને તેની આસપાસના ખુલ્લા પ્રાંગણમાં આશરો લઈ લીધો હતો. કારણ કે અત્યારે પણ મોટા ભાગની શેરીઓમાં કંઈ ને કંઈ નિર્માણકાર્ય ચાલી જ રહ્યું હતું. અર્થાત્ તાત્કાલિક તો બધાના ભાગ્યમાં સ્થાયી નિવાસ નહોતો, પરંતુ તેમ છતાં બધા ઘેલા થઈ રહ્યા હતા. અને ચોક્કસપણે તેમાં ય નાનાજી, માતા-પિતા અને સુભદ્રાની ખુશી સહુથી નિરાળી હતી. તેમના તો પોતાના પૌત્ર, બેટા અને ભાઈએ પતાકાઓ ફરકાવી હતી. બીજી બાજુ બધા યાદવો પણ પોતાને કંઈ ઓછા ધન્ય નહોતા માની રહ્યા. બધાના હૈયામાંથી મારા માટે આશીર્વાદની સરવાણીઓ વહી રહી હતી. હું જીવનમાં જેટલું ધન અને નામ કમાયો હતો, કદાચ તેનાથી પણ અનેકગણા આશીર્વાદો મેં મેળવ્યા હતા. હશે, આ સમયે તો મને શું, કોઈને પણ કંઈ ગતાગમ પડી રહી નહોતી. કોઈ અહીં જઈ રહ્યું હતું તો કોઈ ત્યાં. દરેક જણ પળવારમાં જ આખી દ્વારકાને આંખોમાં વસાવી લેવા માંગતું હતું. સાચું કહું તો બધા ઘેલા થઈ ગયા હતા. અને એક વાક્યમાં કહું તો બધાની બુદ્ધિ પર સામૂહિક તાળા લાગી ગયા હતા.

ખેર! હવે જ્યારે આટલી ભવ્ય નગરીમાં પ્રવેશ કરી જ લીધો છે તો મારી થોડી પ્રશંસા પણ થઈ જાય. અને કંઈ નહીં તો પોતાને મોંઢે પોતાના વખાણ કરી લેવામાં આવે. જ્યારે હું આટલો ખુશ છું તો શા માટે અહંકારને પણ તૃપ્ત ન કરી લેવામાં આવે? આમ પણ ગોકુલથી લઈને વૃંદાવન સુધી બધું મેં જ તો વસાવ્યું હતું. કોણ જાણે કેટલી વાર પોતાના જીવનું જોખમ ઉઠાવીને તેની રક્ષા પણ કરી હતી. મથુરાને કંસના અત્યાચારથી છુટકારો પણ મેં જ તો અપાવ્યો હતો. તમને સારી રીતે યાદ હશે કે પંચજનનું કુશાસન પણ મેં જ ખતમ કર્યું હતું. શૃંગલવનો વધ કરીને નર્કમાં સડી રહેલા હજારો લોકોને આઝાદ પણ મેં જ કરાવ્યા હતા. કહેવાનું તાત્પર્ય એ કે લાખો લોકોને મુસીબતમાંથી ઉગારીને શ્રેષ્ઠ જીવન આપ્યું હતું. શું તમે મારા જેવો કોઈ કર્મવીર જોયો છે? ઠીક છે, ...તો એટલા માટે તો એ બધાની દુઆઓનાં ફળસ્વરૂપે દ્વારકા મળી તો ગઈ. લો, માની લીધી વાત. ...ચાલો, ફૂલાવાનું બંધ કરીએ. ...પણ ઓછામાં ઓછો એ ગર્વ તો લઉં કે દ્વારકામાં મથુરાવાસીઓને સ્વર્ગ જેવું સુખ આપવાનું નિમિત્ત તો હું જ બન્યો છું. હવે કૃષ્ણ પોતાને નિમિત્ત પણ કહો છો અને ગર્વ પણ કરો છો. ...વાત સમજમાં નથી આવતી? અરે, હું તો આજ નહીં... દરેક કર્મનું નિમિત્ત માત્ર છું, પરંતુ નિમિત્ત પણ છું તો હું જ ને? માન્યું બધું આયોજન કુદરતનું છે, પરંતુ અહંકારને બાજુ પર રાખીને નિમિત્ત બનવાનું સ્વીકાર્યું છે તો મેં જ ને? હા, આમ તો એક વાત હું ખરા હૃદયથી સ્વીકારું છું કે ‘દ્વારકા’ મારા કર્મોની સાથેસાથે લાખો લોકોની દુઆઓનું પણ પરિણામ છે. અને એટલે જ તો વારંવાર કહું છું કે જીવનની સહુથી મોટી કમાણી લોકોની દુઆઓ જ છે. અને મારી પાસે દુઆઓનો ભંડાર છે; આ રીતે તો હું આમ પણ આર્યાવર્તનો સહુથી ધનવાન વ્યક્તિ છું.

...પરંતુ લો, હજી આ અભિમાનને સંપૂર્ણ રીતે માણું તે પહેલા જ એક ઊંડા ચિંતને પ્રવેશ કર્યો. અને તેના પ્રવેશતા જ, એક અનોખો સવાલ સામે આવીને ઊભો રહ્યો, અને તે એ કે કારાગૃહમાં પેદા થયેલા અને વૃંદાવનની ગરીબીમાં ઉછરેલા આ ગોવાળે ‘દ્વારકાધીશ’ સુધીની આ સફર પૂર્ણ કરવા માટે શું કર્યું? કદાચ ઘણું બધું કર્યું, અને બરાબર રીતે સમજવામાં આવે તો કંઈ જ નહીં. બંને વાત

પોતપોતાની સમજ પ્રમાણે સાચી છે... ભરમાઈ ગયાને? લો, થોડી માંડીને વાત કરું. ...આમ જોવા જઈએ તો મેં કેટલા યુદ્ધ કર્યા, કેટલા વધ કર્યા, અપાર મહેનત અને અગણિત કષ્ટ વેઠ્યાં. પણ હકીકતમાં, આ અમારો ખોટો દ્રષ્ટિકોણ છે. એવું ન માનતા કે આ અણસમજુ અને અજ્ઞાનીઓની આંખોથી જોવાયેલું સત્ય છે. સંસારનું રહસ્ય સમજનારા ક્યારેય આવું નહીં કહે. તેમની દ્રષ્ટિ તો સીધી અને સાફ હશે. તેઓ મારી આ સંપૂર્ણ યાત્રાને એક જ વાક્યમાં વ્યક્ત કરી દેશે કે 'મેં તો બસ, જ્યારે જે કરવાયોગ્ય હતું, તે કર્યું'. વાત બિલકુલ સાચી છે. હું સમયની માંગ અનુસાર પોતાને ઢાળતો ગયો. બીજા આડા અવળા વિચાર છોડીને જે કરવું જરૂરી લાગ્યું તે કરતો ગયો. ત્યાં સુધી કે રણ છોડવા જેવું લાગ્યું તો રણ પણ છોડ્યું. ખોટું બોલવાની જરૂર પડી તો ખોટું પણ બોલ્યો. બીજું બધું તો ઠીક, પણ સર્વહિત માટે સ્યમંતક મણિ ચોરતી વખતે પણ ન અચકાયો. સાથે જ જીવન પાસેથી જે શીખવા મળ્યું તે શીખતો ગયો. આજ કારણ છે કે એક જ યુદ્ધનો વિનાશ જોયા પછી, મેં ફરી ક્યારેય બે સેનાઓનું યુદ્ધ ન કર્યું. ત્યાર પછી તો હું હંમેશાં નાહકની હિંસા ટાળીને સીધો ઝઘડાનાં મૂળનું જ વધ કરતો ગયો.

કહેવાનું તાત્પર્ય બિલકુલ સ્પષ્ટ છે. ...જો મનુષ્ય દરેક સમયે જે કરવાયોગ્ય છે તે કરતો ચાલ્યો જાય; તો તે પણ જીવનના કોઈ ને કોઈ ક્ષેત્રમાં દ્વારકાધીશ બન્યો જ સમજો. જો કોઈ પોતાના સ્વાર્થ, પોતાનું જીવન, પોતાના વિચારો, ધર્મ અને સારા-નરસાનો વિચાર કર્યા વિના નિરંતર સમયની માંગ મુજબ કર્મ કરતો રહે, તો ચોક્કસપણે તે મનુષ્યજીવનની તમામ ઊંચાઈઓને આ ભવમાં જ આંબી શકે છે. જો કારાગૃહમાં જન્મેલો કૃષ્ણ 'આત્મજ્ઞાની' અને 'દ્વારકાધીશ' બની શકે, આટલી અદ્ભુત અને બમણી ઉપલબ્ધિ મેળવી શકે, તો બાકી બધા તો ક્યાંના ક્યાં પહોંચી શકે છે? આથી મારી દ્રષ્ટિએ, સંસારમાં ઘોર અસફળતા અને દુ:ખનું એકમાત્ર મૂળ, સમયની માંગ પ્રમાણે મનુષ્ય સર્વહિતમાં કરવા જેવું યોગ્ય કર્મ નથી કરતો, એ છે.

ખેર! મારા ચિંતનની દિશા પર લગામ લગાવું અને સમયની માંગ પ્રમાણે, દ્વારકામાં પહેલો દિવસ કેવી રીતે વીત્યો તેની વાત કહું. બસ, બપોર સુધી તો દ્વારકાભ્રમણ ચાલતું રહ્યું. બપોરના ભોજન બાદ થોડો આરામ કર્યો. પહેલી વાર રાજમહેલમાં આરામ કરવાનો મોકો મળી રહ્યો હતો અને તે પણ મારા પોતાના રાજમહેલમાં, તો ભલા આ મોકો કેવી રીતે છોડી શકાય એમ હતું? ત્યાં આરામ કરીને ઊઠ્યા-ન ઊઠ્યા કે સાંજ થતાં પહેલા જ અમારી ચોકડી સમુદ્રકિનારે જવા નીકળી પડી. રથની કમાન મેં મારા હાથમાં રાખી હતી. અને હા, દ્વારકાનું એક ચક્કર લગાવીને જ જઈ રહ્યો હતો. રસ્તાઓ પર ઘણી ભીડ હતી. હવે બધાની પાસે રથ કે ગાડાં તો હતા નહીં. બસ, પગપાળા જ આખી દ્વારકાનું ચક્કર લગાવવા નીકળી પડ્યા હતા. ...જેટલી જલ્દી જેટલું વધારે આંખોમાં વસાવી લેવાય તે વસાવી લો. આ તરફ ગર્વ લેવા જેવી વાત એ કે અમારો રથ જ્યાં જ્યાંથી નીકળતો ત્યાં ત્યાં અમને રાજા જેવું સન્માન આપવામાં આવતું. હવે રાજા તો અમે બની જ ગયા હતા. જોકે આદતો એકેય રાજાઓ જેવી નહોતી. રાજા કંઇ રથ દોડાવી એકલા નથી નીકળી પડતા, ન તો રથ તે પોતે હંકારે છે. અને વળી, તેમની આગળ-પાછળ તો સેવક-સૈનિકોનો ઝમેલો ચાલતો હોય છે. પણ અમને ગોવાળોને આવા શોખ શેના?

હશે, હાલ તો ચક્કર લગાવતા લગાવતા અમારો રથ સમુદ્રકિનારે જઈ પહોંચ્યો હતો. ત્યાંનું દ્રશ્ય તો કમાલ હતું, બેશુમાર ભીડ ઊમટી પડી હતી. સમુદ્રિકનારે ચાલનારાઓની તો કતાર લાગી ગઈ હતી. આમ પણ મને, ભાઈ અને ઉદ્ધવને છોડીને બાકી બધા પહેલી વાર સમુદ્ર જોઈ રહ્યા હતા. સાથે જ બિચારા જીવનમાં પહેલી વાર મથુરાના તંગ વાતાવરણમાંથી નીકળીને, મુક્ત આકાશમાં વિચરણ કરી રહ્યા હતા. સ્વાભાવિક રીતે ચારેતરફ આનંદ જ આનંદ હતો. આવો સામૂહિક આનંદ તો કદાચ કુદરતે પણ પહેલા ક્યારેય જોયો નહીં હોય. કુદરત પણ શું કરે, એ માટે કોઈ 'કૃષ્ણ' જેવો જન્મવો તો જોઈએ ને. ચાલો, પોતાની પ્રશંસા બંધ કરું, તો અહીં શું બાળક, શું વડીલો અને શું યુવાનો! શું બધાં ખુશીને

કારણે ઘેલા થઈ રહ્યાં હતાં. સમુદ્રકિનારે દૂર દૂર સુધી પગ મૂકવાની જગા નહોતી. બીજી તરફ યુવાનોના ટોળાઓમાં ઢોલ-નગારા સાથે નૃત્યનો જલસો પણ જામ્યો હતો. આ દ્રશ્ય જોઈને મારામાં પણ ઉમળકો જાગ્યો. મને પણ બે ઠુમકા લગાવવાનું મન થયું. તરત મેં મારી મંડળી સાથે યુવા-ટોળીમાં પ્રવેશ કર્યો. અમારા જવાની સાથે જ ત્યાં ઉત્સાહનું વાતાવરણ સર્જાઈ ગયું. જેવું મેં ઢોલ-નગારાના તાલે નૃત્ય કરવાનું શરૂ કર્યું, બધા ઝૂમી ઊઠ્યા. મારી સાથે બીજા પચીસેક યુવાનો નાચી રહ્યા હતા. મારું શું હતું, ગોપીઓ નહીં તો ભલા આ યુવાનો. એવી મજા આવી કે શું કહું? લગભગ સાંજ ઢળવા સુધી આ નાચ-ગાન ચાલતું રહ્યું. મને તો આ બહાને વૃંદાવનની યાદ તાજી થઈ ગઈ. વળી બીજાની નજરે જોવામાં આવે તો અમારા ‘રાજાપણા’ના તો ધજાગરા ઉડી ગયા હતા. ભલા માણસ, ક્યાંય રાજાઓને આટલી ભીડમાં પ્રજાની સાથે નાચતા જોયા છે? તો શું? જે પ્રગતિ આપણા સ્વાભાવિક આનંદમાં અડચણરૂપ સિદ્ધ થાય તે પ્રગતિનું વળી મૂલ્ય જ શું? આથી અમે તો રાજા પણ હતા અને આનંદ પણ કરી રહ્યા હતા. અહીં રાજા અને પ્રજા વચ્ચે કોઈ ભેદ નહોતો રહી ગયો. હોત પણ કઈ રીતે? રાજા જ ગોવાળ હતા અને તે પણ છેક વૃંદાવનના. વાસ્તવમાં અહીં મામલો જ ઊલટો હતો. રાજા ગામડા ગામનો ગોવાળ હતો અને પ્રજા મથુરાનગરીની હતી, હતી ને વાત કમાલની? અને એને લીધે જ દ્રશ્ય કંઈક એવું જામ્યું હતું કે અહીંનો પ્રેમ અને આનંદ સમુદ્રી હવાઓની જેમ એક થઈ ગયો હતો. હું અતિશયોક્તિ નથી કરી રહ્યો, પરંતુ સાચું કહું છું કે અહીંની સમુદ્રી હવાઓમાં પણ આ અહંકાર-શૂન્યતાની ભીની ભીની ખુશબૂ અનુભવી શકાતી હતી. અને આ બધું જોઈને મને કેટલી તૃપ્તિ મળી રહી હતી, એ અવર્ણનીય છે. ઉત્સાહ તો એવો છવાયો હતો કે મન ઉત્સવ મનાવવા માટે બેબાકળું બની ગયું હતું; પરંતુ હજી દ્વારકામાં જનજીવન સામાન્ય કરવાનું બાકી હતું. કંઈ કેટલાય કામ મોં ફાડીને ઊભાં હતા. મારે મારા મનને સમજાવવું જ પડ્યું કે થોડા દિવસ હજુ રાહ જો; પહેલા દ્વારકાને બરાબર રીતે વસી જવા દે; પછી મનમાં આવે એટલા ઉત્સવ મનાવી લેજે.

હું પણ ખરેખર કમાલ હતો! દ્વારકા વસાવવાનો ખયાલ શું આવ્યો, તમામ ચિંતન તેની જ આસપાસ કેન્દ્રિત થઈ ગયું. ત્યાં સુધી કે તત્કાળ મારું મન સમુદ્ર કિનારાના આકર્ષણથી અળગું થઈ ગયું. મેં તરત ભાઈ, ઉદ્ધવ અને સાત્યકિને આગળના કાર્યોની ચર્ચા માટે બોલાવી લીધા. તત્ક્ષણ અમે આખી ભીડથી દૂર, કિનારે ચાલતા ચાલતા ઘણે દૂર નીકળી આવ્યા. અહીં કોઈ આવનજાવન નહોતી. બસ, ત્યાં એક નારિયેળી નીચે પલાંઠી વાળીને બેસી ગયા. સ્વાભાવિક રીતે ચર્ચાની શરૂઆત મેં જ કરી. મેં કહ્યું- આપણા કર્મની ખરેખરી કસોટી તો હવે થવાની છે. હજી તો આપણે આખી દ્વારકાનગરી વસાવવાની છે. ચોક્કસપણે આ કામ માટે આપણે બીજા કેટલાય લોકોની પણ મદદ લેવાની થશે. ...હજી તો મારી વાત પૂરી પણ થઈ નહોતી કે તરત નામોના સૂચન આવવા શરૂ થઈ ગયાં. થોડા સમયની ચર્ચા-વિચારણા પછી સર્વાનુમતિથી તમામ નામ નક્કી પણ થઈ ગયા. કંડલ, વિપ્રભુ, શ્વફલક, ચિત્રક, ગદ, સત્યક, સંકર્ષણ અને પ્રભુ તેમાં મુખ્ય હતા. ચોક્કસપણે આમાંથી કેટલાક અમારા જૂના મિત્રો હતા તો કેટલાક સાત્યકિના મિત્ર. હવે કામની લાંબી યાદી જોતા એ તો નક્કી હતું કે કાર્યોના વિભાજન વિના, સમયસર આગળના કાર્યો પૂરા કરી શકાય એવી સંભાવના નહોતી. આથી સહુથી પહેલા ઉદ્ધવને બીજા દિવસે બપોર સુધીમાં બધાને રાજમહેલમાં એકઠા કરવાની જવાબદારી સોંપી. એ પણ નક્કી થયું કે નાનાજી અર્થાત્ ‘રાજા ઉગ્રસેન’ને જ દ્વારકાના રાજસિંહાસન પર બેસાડવામાં આવશે [11] . એટલું જ નહીં, તેમનો રાજ્યાભિષેક પણ પૂરા વૈભવ સાથે કરવામાં આવશે. સાથે જ અમારા તમામ મિત્ર રાજાઓને પણ રાજ્યાભિષેકમાં આમંત્રિત કરવામાં આવે એવું પણ નક્કી થયું, જેથી અમારી ભવ્ય ઉપલબ્ધિ અમારા બધા મિત્રો પણ જોઈ શકે. અને આ બહાને આખું આર્યાવર્ત જાણી લે કે ‘કૃષ્ણ-બલરામ’ હવે સાધારણ ગોવાળ નહીં, સહુથી સુંદર નગરી ‘દ્વારકા’ના યુવરાજ છે. કૃપા કરીને ભવિષ્યમાં હવે અમને કોઈ ગરીબ, ગમાર કે ગોવાળ જેવા સંબોધનોથી અપમાનિત ન કરે. વળી આજ ઉદ્દેશને ધ્યાનમાં

રાખીને રાજ્યાભિષેકની તિથિ પણ લગભગ બે મહિના પછીની રાખવાનું નક્કી કર્યું. કારણ કે હું તે પહેલા દ્વારકાને સંપૂર્ણ રીતે વસાવી લેવા ઈચ્છતો હતો. રોફ જમાવીએ તો પૂરો જમાવવાનો. આમ પણ ચારેતરફ સૂચનાઓ પહોંચાડવા માટે અને તેમના અભિવાદનની યથાયોગ્ય તૈયારીઓ માટે પણ સમય તો જોઈતો જ હતો. બસ, આજ બધી ચર્ચાઓ અને નિર્ણયમાં રાત થઈ ગઈ, એટલે બાકીની ચર્ચા કાલે સવારે બધાની હાજરીમાં રાજમહેલમાં જ કરવાનું નક્કી થયું. અને અમે બધા પાછા ફર્યા.

તે તરફ બીજે દિવસે બપોર થતાં થતાં બધા રાજમહેલ આવી પહોંચ્યા હતા. સહુથી પહેલા સહુને 'રાજા ઉગ્રસેન'ના રાજ્યાભિષેક બાબતે માહિતગાર કરવામાં આવ્યા. ત્યાર બાદ ઉપસ્થિત તમામ યુવાઓને મંત્રીપરિષદમાં લેવાના નિર્ણયની જાણ કરવામાં આવી. કારણ કે હું દ્વારકાના નેતૃત્વમાં નવું લોહી આગળ વધીને ભાગ લે, તેવું ઈચ્છતો હતો. ઉદ્દેશ સાફ હતો; જેમનું ભવિષ્ય છે, તે જ સંભાળે. હા, અનુભવી વડીલોની એક સલાહકાર સમિતિ જરૂર બનાવી રહ્યા હતા; જેમાં અક્રૂરજી, પિતાજી, સત્રાજિત સહિત કેટલાય અનુભવી લોકોને શામેલ કરવામાં આવ્યા હતા, જેથી યુવાઓને સમયાંતરે યોગ્ય માર્ગદર્શન મળતું રહે [12] . સાથેસાથે કેટલાય મહત્ત્વપૂર્ણ હાથવગા હોદ્દાઓ અંગે પણ નિર્ણયો લેવામાં આવ્યા. જેમકે 'અનાધૃષ્ટિ'ને સેનાપતિ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. સાત્યકિને યોદ્ધાઓના પ્રમુખપદથી નવાજવામાં આવ્યો. પછી તો વાત અહીંયાં જ ન અટકી. દ્વારકાપુરીના નિયમ-કાનુન ઉપર પણ વિસ્તારથી ચર્ચા કરવામાં આવી. જોકે આ બાબતે વધારે ચર્ચાને અવકાશ નહોતો. ઉપરછલ્લી રીતે નજીવા પરિવર્તન સાથે તમામ નિયમ-કાનુન મથુરાના આધારે જ ઘડી લેવામાં આવ્યા. કારણ કે મથુરાના નિયમ-કાનુનમાં કોઈ ખરાબી નહોતી; ત્યાં સમસ્યા માત્ર તેના કડકાઈભર્યા અમલીકરણની હતી.

...અને જ્યાં સુધી વસવાટનો સવાલ હતો, સહુથી પહેલું ધ્યાન રાજભવન વસાવવા પર આપવાનું નક્કી કર્યું. કારણ કે આગળના કાર્યોને સમય પર પૂરા કરવા માટે વધુમાં વધુ સાત દિવસોમાં રાજભવનને કાર્યશીલ કરવાનું જરૂરી હતું. રાજભવનના સુરક્ષાકર્મીઓ, રસોઈયા, દાસ અને દાસીઓની પસંદગી કરવાનું પુરું કામ ભાઈ અને વિકદ્રુને સોંપવામાં આવ્યું. એમણે તરત પોતાનું કામ શરૂ પણ કરી દીધું. બધાનો ઉત્સાહ જોવા જેવો હતો. ખરેખર જો આ ઉત્સાહ યથાવત્ રહ્યો તો એ પણ નક્કી હતું કે દ્વારકા સંપન્નતાના તમામ શિખરો સર કરી લેશે. ...આમ પણ હું ખરા હૃદયથી દ્વારકાના દરેક વ્યક્તિને સંપન્ન જોવા માંગતો જ હતો. અને એ દિશામાં પહેલું પગલું ભરતા, રાજકર્મચારીઓને મથુરા કરતાં બમણું વેતન આપવાનો પ્રસ્તાવ પણ મેં જ કર્યો. આમ પણ મથુરાના અનુભવ પરથી એ તો શીખી જ ગયો હતો કે રાજકર્મચારી કોઈપણ રાજ્યના મુખ્ય સ્તંભ હોય છે. અને આ ધ્યાનમાં રાખીને જ તેમને રાજમહેલની બરાબર પાછળની વસ્તીમાં રહેણાંકની સુવિધાઓ આપવાનું નક્કી કરવામાં આવ્યું. ...શું કહું! હું વૃંદાવન અને મથુરામાં એવી ગરીબી જોઈ ચૂક્યો હતો કે ભૂલવા ઈચ્છું તો પણ ભુલાતી નહોતી. આ ઓછું હોય તેમ, મેં મથુરાનો રાજકોષ પણ હંમેશાં ખાલી જ જોયો હતો. આથી મેં મનોમન સંકલ્પ કર્યો હતો કે હું દરેક દ્વારકાવાસીને સંપન્ન બનાવવાના રસ્તે લઈ જઈશ. સાથે જ આ પણ નિશ્ચિત કરીશ કે દ્વારકાનો રાજકોષ દરેક સ્થિતિમાં હંમેશાં ભરેલો રહે. આમ તો દ્વારકાના રાજકોષને ભરેલો રાખવા માટે મારી પાસે 'સ્યમંતક મણિ' તો હતો જ, તેમ છતાં પણ હું દ્વારકાને તે સિવાય સ્વતંત્રરૂપે સંપન્ન બનાવવા ઈચ્છતો હતો. હવે તમારાથી મારા ઉત્સાહને શું છુપાવું, હું આ બાબતે આ પહેલા જ ઘણું ચિંતન કરી ચૂક્યો હતો. ખેર, હાલ તો આ બધા નિર્ણયો લેવામાં અને ચિંતનોમાં જ રાત થઈ ગઈ. આ રીતે આજે કૃષ્ણનો દિવસ એક વ્યસ્ત રાજાની જેમ વીતી ગયો, અને ચોક્કસપણે તેનાથી આ ગોવાળ ઘણો જ તૃપ્ત થયો [13] .

...એ તરફ બીજા દિવસે સવારે અમે બધા ફરી રાજમહેલમાં એકત્રિત થઈ ગયા. હવે ચર્ચાઓ

અને નિર્ણયોનો દોર સમાપ્ત થઈ ગયો હતો. કામ કરવાનો સમય આવી ગયો હતો. જોકે આજનો દિવસ વેશ્યાઓના નામે રહ્યો. દિવસની શરૂઆત જ એની ચર્ચાથી થઈ. કારણ કે કાલે એ બિચારીઓ પર ચર્ચા જ નહોતી થઈ શકી. મથુરામાં વેશ્યાઓ ઉપર બહુ જોર-જબરદસ્તી અને જુલ્મ થતાં હતા. આમ પણ ત્યાં તેમની પર કોઈ રાજકીય નિયંત્રણ નહોતું. ફળસ્વરૂપે તેમને કોઈ રાજકીય સુરક્ષા પણ મળતી નહોતી. હવે ભલા મહિલાઓ પર અત્યાચાર હું કેવી રીતે સાંખી લેવાનો હતો? આથી આ સમગ્ર વ્યવસાયને મેં રાજકીય નિયંત્રણમાં લેવાનું નક્કી કર્યું. એટલું જ નહીં, તેમને રાજકીય સુરક્ષા પણ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો, અને તેના બદલામાં તેમના પર પચીસ ટકા વેરો લગાવવાનું નક્કી થયું. સાથે જ તેમનાં રહેવા માટેની વ્યવસ્થા પણ એકસાથે કરવામાં આવી, જેથી તેમની અંદરોઅંદર મિત્રતા વધે અને તેમને પણ જીવવાનું નસીબ થાય. અને આ શુભ નિર્ણયની સાથે તરત જ તમામ વેશ્યાઓને એકસાથે એક વિશ્રામાલયમાં ઉતારો આપવામાં આવ્યો. આ રીતે દ્વારકામાં સર્વપ્રથમ સ્થળાંતર વેશ્યાઓનું જ થયું. અને હાથોહાથ આ ભવનનું ‘રાજકીય વેશ્યાલય’ એવું નામકરણ પણ કરવામાં આવ્યું. અર્થાત્ દ્વારકામાં પ્રથમ નામકરણ પણ તેમને જ નસીબ થયું.

વળી, બીજી એક વાત સ્પષ્ટ કરું તો અમે અમારી સાથે આમ પણ એક હજાર સૈનિક લાવ્યા હતા, જે સ્વાભાવિક રીતે દ્વારકાનગરીની જરૂરિયાતથી ઘણાં વધારે હતા. કારણ કે દ્વારકા પર બહારના આક્રમણની કોઈ સંભાવના તો નહોતી, તેમ છતાં પણ જે સૈનિક સાથે લાવ્યા હતા તેમને કામ આપવાનું બાકી હતું. આથી લગભગ પચીસ સૈનિક વેશ્યાલયની સુરક્ષા માટે ફાળવી દેવામાં આવ્યા. ...અર્થાત્ વેશ્યાલયની બહાર કડક પહેરો લગાવી દેવામાં આવ્યો. સાથે જ વેરાની ઉઘરાણી હાથોહાથ કરી લેવાનું પણ નક્કી કરવામાં આવ્યું. એટલું જ નહીં, હું મથુરામાં વેશ્યાઓનાં ચક્કરમાં લોકોની વધતી હરામખોરી જોઈ ચૂક્યો હતો. લોકો સવારથી જ વેશ્યાઓના બારણાં ખખડાવતા રહેતા હતા. હું દ્વારકામાં આ બધું લગીરે ઈચ્છતો નહોતો. આથી વેશ્યાલય સાંજ પછી જ ખોલવાનો મારો પ્રસ્તાવ પણ સ્વીકારી લેવામાં આવ્યો. હવે વારો મદિરાનો આવ્યો. મથુરાનો બીજો વિનાશ મદિરાએ કર્યો હતો. મથુરાવાસીઓ સવારથી જ નશામાં ધૂત થઈને ફરવા ટેવાઈ ગયા હતા. તૌબા... તૌબા. હું આ બીમારીને દ્વારકામાં ઘૂસવા દેવા જ નહોતો માંગતો. હું આ હરામખોરો પર દરેક પ્રકારની લગામ કસવા કટિબદ્ધ હતો. આથી, તમામ સાર્વજનિક સ્થળો જેવા કે રસ્તાઓ, દુકાનો, બગીચાઓ, પ્રાંગણો અથવા અન્ય કોઈપણ જાહેર સ્થળો પર મદ્યપાન કરવા પર પાબંદી લગાવવામાં આવી. એટલું જ નહીં, સાથોસાથ આ નિયમનો ભંગ કરનારા સામે કડક કાર્યવાહી થઈ શકે એવા કાયદાઓની જોગવાઈ પણ કરવામાં આવી. કારણ કે યાદવોને સહુથી વધારે કોઈ ચીજે ડંખ્યા હોય તો તે આ મદિરાએ. આથી ઉપરોક્ત નિયમનો કડકાઈથી અમલ કરવા માટે રાત-દિવસ પચાસ સૈનિકોને દ્વારકાની ચારે દિશાઓમાં દોડાવવાનું નક્કી કરવામાં આવ્યું. સાથે જ બીજી બધી જ માથાકૂટોથી બચવા માટે બે ‘રાજકીય મદિરાલય’ પણ ખોલી દેવામાં આવ્યા. એક બજારની પાસે અને બીજું મુખ્ય પ્રાંગણની પાસે, અર્થાત્ બંને મદિરાલયોને વસાહતોથી દૂર રાખવામાં આવ્યા હતા. એ તો ઠીક, પણ સાથોસાથ ચર્ચા કરીને મદિરા આ બંને મદિરાલયો સિવાય બીજે ક્યાંય ન મળે, તેની પણ વ્યવસ્થા કરી લેવામાં આવી. સાથે જ આ બંને મદિરાલયો માત્ર સાંજ ઢળ્યા પછી જ ખોલવામાં આવે, તે પણ નક્કી કરી લેવામાં આવ્યું.

આમ સરવાળે હું દરેક સ્થિતિમાં બધાને દિવસની નશાખોરીથી રોકવા માંગતો હતો. તમે કહેશો કે ક્યારેય કોઈ ચીજમાં ‘ના’ ન કહેવાવાળો આ ‘કૃષ્ણ’ મદિરાની પાછળ આટલો શા માટે પડી ગયો છે? ...કારણ કે આ એક-બે નહીં, પૂરા પચીસ હજાર લોકોના જીવનનો સવાલ હતો. એક એવી પરંપરાનો સવાલ હતો કે જે ફેલાઈ જાય તો તેની અસર લાખો મનુષ્યોના જીવન પર જ નહીં, આવનારી પેઢી ઉપર પણ પડી શકતી હતી. આજ તો કારણ હતું કે મેં ઇન્દ્રપૂજા જેવી પરંપરાનો વિરોધ કર્યો હતો. આથી આ સ્પષ્ટ સમજી લો કે હું મદિરાનો નહીં, એક પરંપરાનો વિરોધ કરી રહ્યો હતો. તમે

જ જોઈ લો કે મથુરાના શું હાલ થઈ ગયા હતા? આ દિવસ-રાતની નશાખોરીએ યાદવોને કેટલા હરામખોર બનાવી દીધા હતા. એ બધા કામચોર થઈ ગયા હતા. સાચા અર્થમાં તેઓ કોઈ જ કામના રહ્યા નહોતા. હું માનું છું કે સ્વતંત્રતા મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે. જ્યારે મનુષ્યને કંઇ પણ કરવાથી કુદરત કે ભગવાન નથી રોકતા, તો ભલા હું શા માટે તેમને રોકવા-ટોકવા લાગ્યો? હું પોતે ક્યાં કોઈના કહેવા પ્રમાણે ચાલ્યો છું? જ્યારે હું ગીતામાં અર્જુનને બૂમો પાડી પાડીને કહી રહ્યો હતો કે સંસારના તમામ ભૂતોમાં હું જ સમાયો છું, તો શું મદિરામાં હું નથી સમાયો? પણ જેમ કોઈ વ્યક્તિને કારણે હજારોનાં જીવ પર જોખમ ઝળુંબવા લાગે, તો તેનો ખાતમો કરવો જરૂરી બની જાય છે, એ જ રીતે, જે સામાજિક બુરાઈથી હજારો જીવન પ્રભાવિત થતાં હોય તેનો ખાતમો બોલાવવો પણ જરૂરી છે. આશા છે કે તમે મારી વાત સમજી ગયા હશો.

ખેર! આગળ મદિરાપાન પર વધારે નિયંત્રણ રાખવા માટે મદિરાલયો ઉપર પચાસ ટકા રાજકીય વેરો લગાવવાનું પણ નક્કી કર્યું. સાથે જ મદિરા વેચવા અને બનાવવાનો સંપૂર્ણ અધિકાર માત્ર પ્રશાસન પાસે જ રાખવામાં આવ્યો. હવે એક વાત તો નક્કી હતી કે મથુરાની જેમ, દ્વારકામાં વેશ્યાલય અને મદિરાલય નહીં હોય. સોનામાં સુગંધ એમ ભળી કે યાદવોના આ બંને શોખ રાજકીય-કોષનો પણ ખયાલ રાખશે. સાથે જ એ શક્યતા પણ યથાવત્ હતી કે આટલા પ્રતિબંધો પછી, આ આદત મટીને માત્ર 'શોખ'નો વિષય બનીને રહી જશે. જોકે આ તો સારું હતું કે ભાઈ આ નિર્ણય વખતે હાજર નહોતા, નહીંતર એવું પણ બનત કે મદિરાલય બેને બદલે ચાર કરાવી દેત અને કંઈ નહીં તો સવારે ખોલવાની જિદ્ પર તો અડી જ જાત. આમ તો બીજી એક વાત સ્પષ્ટ કરી દઉં, હું આટલા કડક કાયદા બનાવી શકતો હતો કારણ કે દ્વારકાની વર્તમાન જનસંખ્યાને ધ્યાનમાં લેતા, ઊભી કરવામાં આવેલી સેના ઘણી વિશાળ હતી, અને ચોક્કસપણે જેના પરિણામસ્વરૂપે તમામ રાજકીય નિયમો અને પ્રતિબંધોનું કડકાઈથી પાલન થઈ શકે એમ હતું. અર્થાત્ વહીવટ ચુસ્ત રહી શકે તેવી પૂરેપૂરી શક્યતા હતી. જોકે હું માત્ર કડકાઈથી વર્તવા માટે ઉત્સુક હતો, એવું નહોતું. મહેનત કરનારાઓ ઉપર હું કોઈ કરવેરા નાખવાનો નહોતો, જેમ કે ગોવાળો, ખેડૂતો, કુંભારો અને લુહારો જેવાઓને પૂરેપૂરી કરમુક્તિ આપવામાં આવી હતી. સાથે જ દરેક ગોવાળ અને ખેડૂતને રાજ્ય તરફથી એક ગાય મફત આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. સાચું કહું તો હું વૃંદાવન અને મથુરામાં ગોવાળો અને ખેડૂતોની એટલી ખરાબ હાલત જોઈ ચૂક્યો હતો કે તેમના માટે મારી આ સહાનુભૂતિ સ્વાભાવિક હતી. આમ પણ કર્મ કરવાવાળાઓ સાથે મારો વિશેષ લગાવ પણ હતો જ. અને વળી તેમાં રાજમહેલનું શું લુંટાઈ જવાનું હતું? વધુમાં વધુ, વેશ્યાલય અને મદિરાલયની કમાણીનો હિસ્સો આ યોજના ઉપર ખર્ચાવાનો હતો. તેનાથી કંઈ રાજમહેલ પર પહાડ તો તૂટી પડવાનો નહોતો.

હશે, અત્યારે તો મોડેથી જ ભલે, પણ ભાઈ અને સાત્યકિ પણ આવી ગયા હતા. ચોક્કસપણે એમને રાજમહેલ બનાવવા ઉપર પણ ધ્યાન આપવાનું અને અમારી સાથે સમયાંતરે સભાઓમાં પણ હાજરી આપવાની હતી, એમ કહી શકાય કે દ્વારકા આવતા જ સહુથી પહેલા આ બંને કામે લાગી ગયા હતા. આમ તો સારું જ હતું, કારણ કે હકીકતમાં તમામ મહત્ત્વપૂર્ણ નિર્ણય હવે લેવાવાના હતા. હજી સુધી તો માત્ર નાના-મોટા વહીવટી નિર્ણયો જ લેવાયા હતા. આમ તો હવે આગળના નિર્ણયોમાં રહેણાંક અને બજારનો વારો હતો. આમ તો બધા ઘર અને દુકાનો પહેલેથી જ રાજમહેલ દ્વારા બનાવી દેવાયાં હતા. હવે તેમની ફાળવણીની ચર્ચા જ બાકી રહી ગઈ હતી. આમ પણ જો અમારે રાજા બનવાનું હતું તો મથુરાવાસિયોને ઘર અને દુકાનો બનાવડાવીને આપવાની જ હતી, કારણ કે યાદવોની હાલની પરિસ્થિતિ એવી નહોતી કે તેઓ ઘર કે દુકાન બનાવી શકે. હું સત્રાજિત કે અન્ય થોડા યાદવપ્રમુખોની વાત નથી કરી રહ્યો, તેમના માટે તો મેં આમ પણ કેટલાય વિશાળ ભવનો બાંધ્યા જ હતા. હા, એમાંનું સહુથી મોટું ભવન હું સત્રાજિતને આપવા ઇચ્છતો હતો અને તેવી સલાહ પણ મેં જ

આપી હતી. જોકે હું જાણતો હતો કે મારી આ વાતનો જોરદાર વિરોધ થશે, ખાસ કરીને ભાઈ તરફથી. ...અને એવું જ થયું. પરંતુ અંતે હું બધાને સમજાવવામાં સફળ થઈ જ ગયો હતો કે એક તો સત્રાજિત રાજા છે, અને ઉપરથી સહુથી સન્માનનીય યાદવ પણ એ જ છે. આ રીતે એ આપણા દ્વારકાની શાન છે. આવામાં આપણે તેને સહુથી મોટું ભવન આપીને કયો ઉપકાર કરી રહ્યા છીએ? વાત જ બે અને બે ચાર જેવી સ્પષ્ટ હતી. બધાને મારી વાત સમજાવાની જ હતી. ત્યાંજ બીજી બાજુ મારા મનની વાત કહું તો મારે તો સત્રાજિતના સ્યમંતક મણિનું ઋણ જેટલું ઊતરી શકે, ...ઉતારવાનું જ હતું.

ખેર! આ તો યાદવ-પ્રમુખો અને સત્રાજિતનો તોડ નીકળ્યો. તેની સાથેસાથે હું દુકાનો બાબતે પણ તમામ વાતો નક્કી કરી લેવા ઇચ્છતો હતો. લાંબી ચર્ચા પછી એવું નક્કી થયું કે જે લોકો દુકાન ખરીદવા ઇચ્છે, તેમને પડતર કિંમતે દુકાન આપવામાં આવે. ત્યાર પછી પણ જે બાકી રહે તેને રાજકીય ભાગીદારીમાં ચલાવવામાં આવે. સાથે જ દુકાનોમાંથી થનારી કમાણી ઉપર એક ચતુર્થાંશ ભાગ જેટલો વેરો લેવાનું પણ નક્કી થયું. એટલું જ નહીં, જરૂરિયાતમંદોને રાજમહેલ તરફથી વેપાર માટે ઋણ આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું. હા, એની બરાબર ચોખવટ કરવામાં આવી કે પૈસા ચૂકવ્યા વિના દુકાન લેવાવાળાઓની દુકાનો રાજકીય સંપત્તિ જ ગણાશે. અને રાજમહેલ એક ચતુર્થાંશ વેરાને બદલે તે દુકાનમાં થનારા નફામાં અડધોઅડધ ભાગીદારી મેળવશે. ચોક્કસપણે આ બધા નિર્ણય અને સલાહ-સૂચન મારા જ હતા. બાકીનાઓમાં આટલી સમજ જ ક્યાં હતી? હકીકતમાં, મેં તો વહીવટ કેવી રીતે કરી શકાય, કેવા નિર્ણયની કેવી અસર થાય, એ બધું સમજાવવા માટે જ આ બધી ચર્ચાઓ કરી છે. ...નહીંતર તો એકતરફી નિર્ણયો લઈને એમને બધી વાતો જણાવી દીધી હોત. પણ ચર્ચાઓ એટલે કરી કેમકે તેઓ શીખે પણ અને દરેક નિર્ણયમાં પોતાને સહભાગી પણ માને તેનાથી એક તો બધાનો આત્મવિશ્વાસ વધશે, બીજું ભવિષ્યમાં દ્વારકાને સુચારુ શાસન ચલાવવાનો પાયો મજબૂત થશે. ચાલો, ભવિષ્યની વાત ભવિષ્ય પર છોડું, તો હમણાં દુકાનોની બાબત પણ સ્પષ્ટ થઈ ગઈ હતી. અને ખૂબી એ કે આમાં વેપારીઓ માટે ઉત્સાહવર્ધક લાભ પણ હતો અને રાજકીય ખજાનાનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું. ત્યાંજ ગોવાળો અને ખેડૂતોને સહયોગ અને રાહત આપીને કર્મનો પરિશ્રમ કરનારાઓનું ઉત્સાહવર્ધન પહેલેથી જ પાક્કુ કરવામાં આવ્યું હતું.

હવે વારો હતો વ્યવસાયીઓ અને યાદવ-પ્રમુખોની સભા બોલાવવાનો. કારણ કે મેં જે વિચાર્યું તે ઠીક, પરંતુ તે સાચું છે કે ખોટું તેનો નિર્ણય તો તેમના ઉત્સાહ ઉપરથી જ થવાનો હતો. આ વિચાર આવતા જ તાબડતોબ બીજા જ દિવસે તેમની પણ સભા બોલાવવામાં આવી. મેં તેમની સાથે વ્યવસાય અને વેરા બાબતે ઘણી ચર્ચા કરી. તમે નહીં માનો કે મારી શરૂઆત જ કંઈક એવી હતી કે દુકાનો લેવા માટે પડાપડી થઈ ગઈ. પચાસ દુકાનો માટે લગભગ બસો અરજી આવી. હું તો આશ્ચર્યચકિત થઈ ગયો. ચાલો, મથુરાથી નીકળીને યાદવોમાં કામધંધો કરવાની ઇચ્છા તો જાગૃત થઈ. ...કૃષ્ણ, આ તો તે બહુ મોટો કિલ્લો સર કર્યો. હવે કિલ્લો સર કરી લીધો, પણ એને લીધે દુકાનોની ફાળવણીમાં ઘણી માથાકૂટ વેઠવી પડી. કંઇ વાંધો નહીં, અંતે તેનું પરિણામ પણ શુભ જ આવ્યું. દુકાનોની આટલી મારામારી જોઈને સત્રાજિત અને અન્ય સક્ષમ યાદવ-પ્રમુખોએ મળીને અડધાથી વધારે દુકાનો ખરીદી જ લીધી. હું વધારે ખુશ થયો. ચાલો, આ બહાને રાજકોષ ફરીથી છલકાઈ ગયો. આમ પણ હજી દ્વારકામાં ઘણું નિર્માણકાર્ય કરવાનું બાકી હતું. ધનની જરૂર તો હતી જ. મારે માટે સહુથી મોટું આશ્ચર્ય તો એ હતું કે બધાથી આગળ વધીને સત્રાજિતે જ દસ દુકાનો ખરીદી હતી. તમે જોયું, આજે પણ તે મારા કામમાં આવ્યો હતો. હવે તમે જ કહો કે હું તેને શત્રુ કેવી રીતે માની લઉં? હશે, હાલ તો આ તરફ બચેલી દુકાનો અલગ અલગ વ્યવસાયીઓને સમજાવીને પચાસ ટકા રાજકીય ભાગીદારીમાં ફાળવી દેવામાં આવી. જોકે આ હેઠળ, જેમને દુકાનો નહોતી મળી શકી તે લોકો ખૂબ નારાજ થયા. હવે દુકાનો માટે આટલી પડાપડી જોઈને આ તો થવાનું જ હતું. ...પણ સાચું કહું તો

લોકોમાં આવો ઉત્સાહ જોઈને અત્યારે તો મારી આંખમાં આંસુ આવી ગયા હતા.

ખેર! કોઈક રીતે દુકાનો તો ફાળવી દેવામાં આવી. હવે વારો વ્યવસાયોના વિભાજનનો હતો. સહુથી પહેલા દસ દુકાનો વસ્ત્રાલયો માટે ફાળવવામાં આવી. દસ દુકાનો વાનગીઓ માટે સુરક્ષિત રાખવામાં આવી. સાથે જ જીવનોપયોગી સામગ્રી માટે પણ દસ દુકાનો ફાળવવામાં આવી. બાકી બચેલી દુકાનો સહુએ પોતાની અનુકુળતા અને સમજણ પ્રમાણે ખોલવાની હતી. એટલે કે મારી સહુથી મનપસંદ ચીજોનું બજાર જલ્દીથી ખૂલવાની સંભાવના હતી. અને મજાની વાત તો એ કે ક્યાં હું વિચારી રહ્યો હતો કે આટલી દુકાનો કોણ લેશે, અને ક્યાં આ સ્થિતિ કે દુકાનો જ ઓછી પડી રહી હતી. ચોક્કસપણે દ્વારકાના ભવિષ્ય માટે આ એક શુભ સંકેત હતો. જોકે દુકાનો માટે આટલી પડાપડી જોઈને મેં તરત જ બીજી પચાસ દુકાનો બનાવવાનો નિર્ણય પણ લઈ જ લીધો હતો. કારણ કે વ્યવસાય કરવા ઈચ્છુક લોકોને હતાશ કરવાનો કોઈ જ અર્થ નહોતો.

આમ તો ધીમેધીમે કરીને રોજ થઈ રહેલી ચર્ચા-વિચારણાઓને કારણે ઘણાં કામ પૂરા થવાને આરે હતા, પણ હજી એક વધારે મગજમારી બાકી હતી, અને તે હતી ઘરોની ફાળવણીની. અહીં પણ એમ જ કરવામાં આવ્યું, જેવું દુકાનોની ફાળવણી વખતે કરવામાં આવ્યું હતું. અર્થાત્ પહેલા જે ખરીદી શકતા હતા તેમને ઘર વેચી દેવામાં આવ્યા. બધા યાદવ-પ્રમુખો અને કેટલાક વ્યવસાયીઓએ ઘર ખરીદ્યા. બાકી બચેલામાં સમસ્યા તો આવવાની જ હતી. બારસો ઘરમાંથી માંડ માંડ પચાસ ઘર વેચાયા. આજ સમસ્યા હતી. આ આળસુઓએ કામ જ ક્યાં કર્યું હતું કે તેમની પાસે ઘર ખરીદવા માટે ધન હોય. પરંતુ એક રાજા હોવાને નાતે, મારે એમને માટે પ્રારંભિક વ્યવસ્થા તો કરવાની જ હતી. એટલે જ હું તો પહેલેથી મારા ધનનું રોકાણ કરીને એમના માટે ઘર બનાવીને બેઠો હતો... અને એ વેચાવાના નથી, તેની મને પહેલેથી જ ખબર હતી. આથી આ બાબતે મનોમન ઘણો વિચાર-વિમર્શ પણ કરી જ ચૂક્યો હતો. તેથી મેં ઘડી કાઢેલી યોજના મુજબ જ બાકીના ઘરો પડતર કિંમતના દસ ટકા લેખે રાજકીય વેરો લગાવીને ફાળવી દેવામાં આવ્યા. સાથે જ સતત પાંચ વર્ષ સુધી વેરો ચૂકવનારાઓના ઘર તેમની વ્યક્તિગત સંપત્તિમાં તબદીલ કરી દેવામાં આવશે એવું પણ નક્કી કર્યું. મારો ઉદ્દેશ સ્પષ્ટ હતો, અડધી કિંમતે ઘર મળવાની લાલચમાં કદાચ આ કામચોર ઉદ્યમી બની જાય. હવે મારે કોઈ સંપત્તિ મારી સાથે તો લઈ જવાની નહોતી, સાથે-સાથે એક રાજાનું કર્તવ્ય પણ નિભાવવાનું જ હતું. આમ પણ મારા મનમાં બધું સ્પષ્ટ હતું. 'ત્યાર બાદ... હું મારો રાજમહેલ ચલાવી લઉં, તમે તમારું ઘર ચલાવી લો'. અર્થાત્ આ રાજમહેલ દ્વારા કરવામાં આવેલી પહેલી અને છેલ્લી મદદ હતી. આમ તો લગભગ સાત દિવસોની માથાકૂટ બાદ, ઘણાં કામ પૂરા થઈ ગયા હતા, જોકે તેમ છતાં કેટલાક કામ બાકી રહી ગયા હતા અને એ સમય સાથે જ પૂરા કરવાના હતા.

એ તરફ બીજી એક ખુશખબરી એ કે ભાઈએ રાજમહેલ પણ સંપૂર્ણ રીતે તૈયાર કરાવી લીધો હતો. હવે રાહ કોની જોવાની હતી? તત્કાળ અસરથી જ અમારા પરિવાર ઉપરાંત ઉદ્ધવ, સાત્યકિ સહિત કેટલાય લોકોએ રાજમહેલમાં રહેવાનું શરૂ કરી દીધું. ચોક્કસપણે રાજમહેલ શરૂથવાથી, આગળના કામ ઘણાં સરળ બની ગયા હતા. આગળના ચાર-પાંચ દિવસોમાં તો અમારી યુવા મંત્રીપરિષદ પણ રાજમહેલ નજીક ફાળવવામાં આવેલા મકાનોમાં રહેવા આવી ગઈ હતી. તેનાથી એકમેક સાથેનો સંવાદ ઘણો સરળ બની ગયો હતો. તાળી વગાડતામાં સભા ભરાઈ જતી. કારણ કે સંવાદનો સીધો સંબંધ કાર્યોની ગતિ સાથે છે. કોઈ એવી સુવિધા હોય કે અહીં બેઠાબેઠા હું આર્યાવર્તના ખૂણે ખૂણા સુધી મારો અવાજ પળવારમાં પહોંચાડી શકું તો દ્વારકામાં રાજ્યાભિષેક એક મહિનો વહેલો રાખી શકું એમ છું. કારણ કે અત્યારે તો એટલો સમય માત્ર તેમના સુધી રાજ્યાભિષેકનું નિમંત્રણ મોકલવામાં બગડી રહ્યો હતો. આથી મારું સ્પષ્ટ માનવું છે કે સંવાદનો કાર્યોની ગતિ સાથે સીધો સંબંધ છે. ત્યાંજ સાચું પૂછો તો દ્વારકામાં શ્રેષ્ઠ સંવાદ સ્થાપિત થઈ શકે એટલા માટે જ તો તેને એક નગરનું

રાજ્ય બનાવ્યું હતું.

હશે, હમણાં તો આ તરફ અમારા કાર્ય ચાલી જ રહ્યા હતા કે અચાનક એક દિવસ, કાર્યોને અંતિમ રૂપ આપવા વિશ્ર્વકર્માજી દ્વારકા આવી પધાર્યા. મારે માટે તો આનાથી મોટી ખુશીની વાત બીજી કઈ હોવાની હતી? સ્વાભાવિક રીતે મેં સ-સન્માન તેમને રાજમહેલના સર્વશ્રેષ્ઠ અતિથિકક્ષમાં ઉતારો આપ્યો. સાથે જ તેમને શ્રેષ્ઠ નિર્માણ માટે અભિનંદન આપીને તેમનો આભાર પણ માન્યો. કમાલ તો એ હતી કે એકાદ દિવસના વિશ્રામ બાદ જ તેમણે આગળના કાર્યોની ચર્ચા પણ શરૂ કરી દીધી. જલ્દીમાં તો હું પણ હતો જ, પણ સારી વાત તો એ હતી કે મારાથી વધારે ઉતાવળા તેઓ લાગી રહ્યા હતા. બસ, અમે બંને મારા જ કક્ષની બેઠકમાં બેસી ગયા હતા. ચર્ચાની શરૂઆતમાં જ પહેલી ખુશખબરી તો એ હતી કે ...તેમના અનુમાન પ્રમાણે, હાલ ચાલી રહેલું નિર્માણ-કાર્ય પંદર-વીસ દિવસોમાં કે વધુમાં વધુ મહિનામાં પૂરું થઈ જવાની શક્યતા હતી. એટલે રાજ્યાભિષેકની તિથિ આગળ લંબાવવાની કોઈ આવશ્યકતા નહોતી. જોકે બીજી એક સમસ્યા હતી, જેના પર અમે ઘણાં વિસ્તારથી ચર્ચા કરી. મારા મતાનુસાર, હજી દ્વારકાને ઓછામાં ઓછા લગભગ ચારસો નવા ઘર, બે-ત્રણ આરામગૃહો તથા પચાસ દુકાનોની જરૂરિયાત હતી. સાથે જ પ્રમુખદ્વારની અંદર અને બહાર એક એક સુરક્ષાચોકી બનાવવાનું પણ ખૂબ જરૂરી હતું, જેથી કોઈ દ્વારકાવાસી ન હોય તેવો કે અનિમંત્રિત વ્યક્તિ ક્યારે પણ દ્વારકામાં પ્રવેશ ન કરી શકે. ...ચોકી બનાવવા માટે તો વિશ્ર્વકર્માજી તરત રાજી થઈ ગયા, પરંતુ નવા નિર્માણ બાબતે તેમણે એક અદ્વિતીય સલાહ આપી. તેમણે કહ્યું- હું મારા પચાસેક શિલ્પકારોને અહીં જ મૂકી જાઉં છું, તેઓ તમારી જરૂરિયાત મુજબ કાર્ય કરતાં રહેશે.

તેમની આ વાત સાંભળતા જ હું થોડો વધારે જ ઉત્સાહિત થઈ ગયો અને તત્ક્ષણ બીજું આગળનું વિચારતા બોલી ઊઠ્યો- તમારી રજા હોય તો હું તેમને દ્વારકાના કાયમી નિવાસી બનાવી દઉં. રહેવાની શ્રેષ્ઠ સુવિધાઓ ઉપરાંત તેમને ભવ્ય વેતન પણ આપવામાં આવશે.

વિશ્ર્વકર્માજી થોડું વિચારીને બોલ્યા- અર્થાત્ તમે એમને 'રાજકીય-કર્મચારી' બનાવવા ઇચ્છો છો.

તેમના મુખેથી આ સાંભળતા જ હું થોડી વાર માટે ચોંકી ગયો અને પછી એ જ અવસ્થામાં બોલ્યો- હા, કંઈ એવું જ, જો તમને વાંધો ન હોય તો. ...પછી એક ઠંડો શ્ર્વાસ લેતા કહ્યું- જેથી વારંવાર જરૂરિયાતો માટે તમને કષ્ટ ન આપવું પડે.

ખાસ્સા વિચારવિમર્શ બાદ તેમણે આ માટે પોતાની સહમતિ આપી દીધી. આ મારી ઘણી મોટી જીત હતી. પચાસ શિલ્પકાર આજીવન દ્વારકાવાસી! ચોક્કસપણે આ સ્વયં બહુ મોટી ઉપલબ્ધિ હતી. આમ તો વિશ્ર્વકર્માજીએ બીજો એક નવો વિચાર આપ્યો, જેમાં સમયની સાથેસાથે ધન પણ બચી શકતું હતું અને લોકોની કામચોરી પણ ઓછી થઈ શકતી હતી. તેમના સૂચવ્યાનુસાર ભલા રાજમહેલ ક્યાં સુધી નિર્માણકાર્યમાં લાગ્યું રહેશે? અન્ય રાજ્યોની જેમ, દ્વારકાના લોકોને પણ પોતાના ઘર બનાવવા દો. આથી ભવિષ્યમાં જે મકાન બનાવવા ઇચ્છે તેમને રાજ્ય તરફથી જમીન આપી દેવામાં આવે, બસ. મને તો આ વિચાર બહુ પસંદ આવ્યો. આનાથી તો રાજમહેલ નિર્માણકાર્યની નકામી માથાકૂટથી કાયમ માટે બચી જશે. તત્ક્ષણ મેં સામાન્ય રાજકીય મૂલ્ય પર જમીનો ફાળવવાની યોજના અમલમાં મૂકવાનું પણ નક્કી કરી લીધું. એટલું જ નહીં, તત્કાળ વિશ્ર્વકર્માજીને કહીને નવી પચાસ દુકાનોનું નિર્માણકાર્ય ચાલુ કરવાની વ્યવસ્થા પણ કરી દીધી. આમ પણ દ્વારકાને સમૃદ્ધ બનાવવી હોય તો વ્યાવસાયીઓને પ્રાથમિકતા આપવાનું જરૂરી હતું. ખેર, વિશ્ર્વકર્માજી લગભગ પંદર દિવસ રોકાયા હતા અને આ દરમિયાન તેમણે પોતાના તમામ કાર્યો પૂરા કરી દીધા હતા. જોકે મેં તો તેમને વધારે રોકાવા માટેનું નિમંત્રણ આપ્યું હતું, પણ તેઓ જવા ઇચ્છતા હતા. આમ પણ તેઓ જેટલું રોકાય એટલું ઓછું હતું. ...ખરેખર તેમની પાસેથી જેટલું શીખો, એટલું

ઓછું હતું. આ પંદર દિવસોમાં મોટા ભાગનો સમય અમે બંનેએ સાથે જ વીતાવ્યો હતો. આમ પણ નિર્માણકાર્યમાં કહો કે શીખવામાં, સૌથી વધારે રુચિ મને જ હતી.

હશે! હમણાં તો વર્તમાનમાં પાછો ફરું તો વિશ્વકર્માજી જઈ ચૂક્યા હતા. સ્વાભાવિક રીતે આટલા દિવસો મેં દ્વારકા પર કોઈ વિશેષ ધ્યાન આપ્યું જ નહોતું. આમ પણ હવે દ્વારકામાં જનજીવન ઘણું સામાન્ય થઈ ગયું હતું. લોકોએ પોતાને ફાળવાયેલ ઘરોમાં રહેવાનું શરૂ પણ કરી દીધું હતું. હા, જેમની પાસે મકાન નહોતા તેઓ હજી પણ અસ્થાયી રીતે આરામગૃહોમાં જ આશ્રય લઈને બેઠા હતા. આમ તો તત્કાળ અસરથી તે બધાને જમીન ફાળવી દેવામાં આવી હતી. સાથે જ ઓછી જગા અને લોકોના ઉત્સાહપૂર્ણ ધસારાને જોતા, સહુથી પહેલા મેં બીજા બે આરામગૃહોનું કાર્ય પણ શરૂ કરાવી દીધું હતું. ...આમ તો આ બધું સમય સાથે પાર પડી જ જવાનું હતું, પણ હાલ તો સહુથી મોટી સમસ્યા બજાર ચાલુ થવાની હતી. તેમાં હજી પણ વધુ બે મહિના લાગે તેવું લાગી રહ્યું હતું. બધાને ઘર તો મળી ગયા હતા, પણ હું જલ્દીમાં જલ્દી આ કામચોરોને કામ-ધંધે લગાડવા માંગતો હતો. સાચું કહું તો હું આ યાદવોની કામચોરીથી ઘણો ગભરાયેલો હતો. આમ વ્યવસ્થા તો મેં સારી રીતે કરી હતી કે કોઈ કામ કર્યા વગર જીવી જ ન શકે. કંઈ નહીં તો ઘરોનો રાજકીય વેરો તો બધાએ ચૂકવવાનો જ હતો. અને તે કામકાજ કર્યા વિના શક્ય નહોતું. નહીંતર, આમ જ બોરિયા-બિસ્તરાં બાંધીને મથુરા પાછા મોકલી દેવામાં આવશે, એ પણ બધાને સમજાવી જ દેવામાં આવ્યું હતું. હવે તમે જ કહો, આ સ્વર્ગને છોડીને નરકમાં કોણ જવા માંગશે? અર્થાત્ મેં મારા તરફથી તો આ કામચોરો માટે પૂરતો બંદોબસ્ત કર્યો હતો, પરંતુ તે લોકો વધારે દિવસો સુધી નવરા બેસી રહે, એ હું લગીરે ઈચ્છતો નહોતો; કારણ કે તેનાથી તેમનામાં હરામખોરીના કીટાણુ ફેલાવાનો ડર હતો. આથી સહુથી પહેલા મેં ઉદ્ધવને અન્ય રાજ્યોમાંથી એક હજાર ગાયો ખરીદી લાવવા માટે મોકલ્યો. જેથી ઓછામાં ઓછા ગોવાળો તો કામે લાગી જાય. ચોક્કસપણે આમાં મારો એક સ્વાર્થ પણ હતો. જી હા, જેથી જલ્દીમાં જલ્દી બજારમાં પકવાન મળવા લાગે. અંતે ક્યાં સુધી ભૂખ્યા પેટે આ ગોપાલા ભજન કરે? ભૂખ પરથી યાદ આવ્યું, જ્યાં સુધી વ્યવસાય સારી રીતે શરૂ ન થઈ શકે ત્યાં સુધી મેં એક 'રાજકીય ભંડારો' પણ ખોલાવી દીધો હતો, જેથી ઓછામાં ઓછું મથુરાની જેમ દ્વારકામાં કોઈ ભૂખ્યું ન સૂવે.

હવે લગભગ મારા તમામ કાર્ય પૂરા થઈ ગયા હતા. આ એક મહિનો મેં રાત-દિવસ કામ કર્યું હતું. તે પણ માત્ર શારીરિક જ નહીં, માનસિક પણ. એકવાર માટે જરૂર મુજબ શારીરિક કાર્ય તો કરી પણ શકાય છે, પરંતુ માનસિક કાર્યની ચોક્કસપણે એક સીમા હોય છે. આથી ત્રણ દિવસ મેં સંપૂર્ણ આરામ કર્યો. માત્ર ખાવાનું, સૂવાનું, મિત્રો સાથે ગપ્પા મારવાના અને સમુદ્રકિનારે ફરવા જવાનું. અને હા, વાંસળી વગાડીને દ્વારકાની સફળતાનો ભીનો ભીનો અનુભવ કરવો. ...અને તમે નહીં માનો કે ઠેઠ ત્યારે હું માણસ બની શક્યો હતો. અહીં માણસ શું બન્યો, માણસની તકલીફોએ પણ દેખા દેવાનું શરૂ કરી દીધું હતું. ત્યાં અહંકાર-તૃપ્તિનો એક મોટો સવાલ પણ આવીને ઊભો રહ્યો. સમસ્યા એ હતી કે અત્યાર સુધીના તમામ નિર્ણયો મેં અને અમારી યુવા પરિષદે જ લીધા હતા. નાનાજી કે તેમની સાથે આવેલી અનુભવી મંત્રીપરિષદ સાથે આની કોઈ ચર્ચા-વિચારણા કરવામાં આવી નહોતી. હવે નાનાજી તો ઠીક, તેમને મારા પર સંપૂર્ણ વિશ્વાસ હતો; પરંતુ ક્યાંક મંત્રીપરિષદનો અહમ્ ઘવાયો તો મુસીબત ઊભી થઈ શકે એમ હતું. આમ તો હું તેમને પૂછીને કંઈ કરવા પણ માંગતો નહોતો, ન તો હજી સુધીનાં કાર્યોમાં મારે તેમની કોઈ સલાહની જરૂર પડી હતી. તેમનું મથુરાનું કુશાસન હું જોઈ જ ચૂક્યો હતો, પણ ત્યાંજ બીજી બાજુ તેમની અવહેલના કરવાનો પણ મારો કોઈ ઈરાદો નહોતો. આથી બસ, બગડેલી બાજી સુધારવા માટે મેં તરત નાનાજીને કહીને તેમની મંત્રીપરિષદની એક બેઠક બોલાવી લીધી. અને જે નિર્ણય અમે કરી ચૂક્યા હતા, તે કરવા ઈચ્છીએ છીએ... એવું કહીને તેમની પણ સલાહ જાણવા ચાહી. મારા જેવા નૌટંકીબાજનું શું હતું, એકદમ નમ્રતાપૂર્વક તેમની સલાહ પણ માંગી. આમ તો

અમારી કાર્યદક્ષતાની ફળશ્રુતિ, દ્વારકા, તેમની સામે ખડી હતી, અને આમ પણ મથુરાના કુશાસન બાદ તેમની પાસે કહેવા માટે હતું પણ શું? અમારી યોજનાઓ એટલી શ્રેષ્ઠ હતી કે સલાહો આપીને અહંકારની તૃપ્તિ બાદ, સ્વીકારી લેવામાં આવી. આમ પણ તેમને અહીં અલંકાર સ્વરૂપે જ લાવ્યો હતો. ...જે શોભા તો વધારી શકે પણ કંઇ કામમાં આવે એમ નહોતા.

જવા દો, આ મહાનુભાવોની વાતો. હમણાં તો આ તરફ દ્વારકાનું નિર્માણકાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું હતું. જનજીવન હવે સંપૂર્ણ રીતે સામાન્ય થઈ ગયું હતું. વ્યવસાય શરૂ કરવાના બીજા પણ ઘણાં પગલાં ભરવામાં આવ્યા હતા. ચારેતરફ ઉત્સાહનું વાતાવરણ હતું. લોકોની પ્રસન્નતા જ મારા મણિ ચોરવાના નિર્ણયને સાર્થક કરી રહી હતી. આજ મણિ સત્રાજિત પાસે પણ હતો, પરંતુ ત્યાં તે માત્ર તેનો અહંકાર વધારવાના જ કામમાં આવી રહ્યો હતો. તેનાથી વિપરીત, અહીં આજ મણિ પચીસ હજાર યાદવોને સ્વર્ગ જેવું સુખ આપી રહ્યો હતો. તેમ છતાં, મારું મન જુઓ કે હું વ્યક્તિગત રીતે સત્રાજિતનો આભારી હતો. એટલા માટે તો મેં સર્વાધિક દુકાનો, શ્રેષ્ઠ ભવન, બધું સત્રાજિતને જ આપ્યું હતું. કહી શકાય કે આ અન્યને શ્રેય આપવાની મારી પોતાની જ એક આગવી પદ્ધતિ હતી. જોકે સત્રાજિત પર આ મહેરબાની મને મોંઘી પડી રહી હતી; કારણ કે તેનાથી મારે રહીરહીને ભાઈ અને સાત્યકિના ક્રોધનો ભોગ બનવું પડતું હતું. હવે એમને કેવી રીતે સમજાવું કે જાણે-અજાણે તેની આપણી પર કેટલી બધી મહેરબાનીઓ છે. પરંતુ જ્યારે આ સમજાવી નહોતો શકતો તો પછી મારે તેમનો ક્રોધ તો સહન કરવાનો જ હતો.

ખેર! આ દિવસોમાં મારું મન સંપૂર્ણ રીતે બજારની સાર્થકતામાં જ ગૂંચવાયેલું હતું. હું કોઈપણ ગતિવિધિમાં ભલેને મગ્ન હોઉં, પણ મારું મન તો બજારમાં જ ફરતું રહેતું હતું. આમ પણ મેં ઘણાં રાજ્યોના બજાર જોયા હતા. ઉપરથી મને ખરીદીનો વિશેષ શોખ પણ હતો. અને આભૂષણ...? આભૂષણ તો મને જીવ જેટલાં વ્હાલા હતા. એટલું જ નહીં, મને આભૂષણોની સારી એવી પરખ પણ હતી. મને એ પણ ખબર હતી કે આભૂષણોની પડતર કિંમતની જાણકારી મેળવવી અશક્ય છે. આથી સર્વાધિક નફો આભૂષણોનાં નિર્માણમાં જ રળી શકાય છે. આમ પણ મથુરામાં આભૂષણ બનાવવાવાળા એકથી એક ચઢિયાતા કારીગરો હતા; અને તેમાંથી મોટા ભાગના દ્વારકામાં સ્થળાંતર કરીને સ્થાયી થયા હતા. બિચારા શું કરત, મથુરામાં તો વ્યવસાય નામની કોઈ ચીજ બચી જ નહોતી. હશે, હમણાં તો મેં બજારોની સાર્થકતા અને આભૂષણો પર વિચાર કરતાં-કરતાં એક મોટી વ્યાવસાયિક યોજના જ બનાવી કાઢી. હું કહી રહ્યો છું ને કે મારું બધું ધ્યાન રાજ્યની આવક વધારવા પર હતું. આમ પણ કમાણીમાં જ બધું સમાયું છે. શું કહું તમને, યોજના એટલી અદ્ભુત હતી કે હું મારી હોંશિયારી પર ગર્વ કર્યા વિના ન રહી શક્યો. ઉતાવળ તો એટલી કે ફટાફટ તેના અમલીકરણ માટે મેં દ્વારકાના દુકાનદારોની એક સભા જ બોલાવી લીધી. અને વળી હવે તો સભા બોલાવવાની મજા જ કંઇ અનોખી હતી. આવી સભાઓમાં નાનાજી અને ભાઈ વગેરે તો આવતા નહોતા. બસ, હું આખો દિવસ રાજસિંહાસન પર બેસ્યા કરતો હતો. અને આજે તો સામે સત્રાજિત સહિત, તમામ એ જ સન્માનનીય યાદવો પણ બેઠા જ હતા, કે જેમણે મથુરામાં મારું જીવવું હરામ કરી નાંખ્યુ હતું. ત્યાંજ કહેવાની જરૂર નથી કે જીવનમાં આ પરિવર્તન, મેં 'સર્વહિતની ભાવના અને પોતાના કર્મો' થી પ્રાપ્ત કર્યું હતું.

હશે, હાલ તો આ સમયે મારે મન દ્વારકાવાસીઓના ઉદ્ધારથી વધીને બીજું કંઇ પણ રત્તીભારે ય મહત્ત્વપૂર્ણ નહોતું. આ તો એમ જ વાત નીકળી તો જગતની દ્રષ્ટિએ સભાનું દ્રશ્ય બતાવી રહ્યો હતો. ...નહીંતર અત્યારે તો બધું ભુલીને તેઓ પણ ઉત્સાહમાં હતા અને હું પણ. બસ, આ ઉત્સાહમાં મેં બેઠા બેઠા જ મારું સંબોધન શરૂ કર્યું. હવે રાજા લોકો કંઇ થોડા ઊભા થઈને સંબોધન કરે છે. આ શું થઈ રહ્યું છે, આજે કંઈક વધારે આડી અવળી વાત થઈ રહી છે. પરંતુ હવે નહીં, બસ, તરત મેં એકદમ ગંભીરતાથી સંબોધન કરતાં કહ્યું-મારા વ્હાલા યાદવ વેપારીઓ! તમે બધા એકથી એક ચઢિયાતા

વ્યાવસાયિક ગુણોથી ભરેલા છો. અને તેનાથી ઉત્સાહિત થઈને મેં તમારી અને દ્વારકાની પ્રગતિ માટે એક સપનું જોયું છે, જે હું તમારા લોકોના સહયોગથી પૂરું કરવા ઈચ્છું છું. હકીકતમાં હું હવે દ્વારકાને આર્યાવર્તની સહુથી સંપન્ન નગરી બનાવવાનું સપનું જોવા લાગ્યો છું. ચોક્કસપણે મારું આ સપનું તમારા લોકોના સહયોગ, તમારી દૂરદ્રષ્ટિ અને તમારા વ્યાવસાયિક ગુણો વગર પૂરું થઈ શકવાનું નથી. જો તમે લોકો સહયોગનું આશ્ર્વાસન આપો તો હું તમારી સાથે એક યોજનાની વિસ્તારથી ચર્ચા કરવા માંગું છું. મને આશા જ નહીં, વિશ્ર્વાસ પણ છે કે આ યોજનાના અમલીકરણ બાદ તમે લોકો દ્વારકા જ નહીં, સમગ્ર આર્યાવર્તના સફળ વેપારીઓ ગણાશો.

હવે ભલા મોટું અને સફળ બનવા કોણ નથી ઈચ્છતું? અને એક વેપારીનો તો એ જ ગુણધર્મ હોય છે. તે આંખમાં આજ સપનું આંજીને તો જીવે છે. આથી, જેવી મેં આશા રાખી હતી, બધાએ એકમત થઈને મારો સાથ નિભાવવાનું વચન આપ્યું. નક્કર આશ્ર્વાસન મેળવતાં જ હું તો યોજના સંભળાવવા માટે વધારે ઉતાવળો થઈ ગયો. તત્ક્ષણ મેં યોજના સંભળાવવાની શરૂઆત કરતાં કહ્યું- આપણે લાખ મહેનત કરી લઈએ તો પણ એ નક્કી છે કે આપણે આપણા વ્યવસાયને દ્વારકાની બહાર ફેલાવ્યા વિના એક હદથી વધારે સમૃદ્ધિ મેળવી શકવાના નથી. આપણી પાસે એકથી એક ચઢિયાતા વસ્ત્ર અને આભૂષણ બનાવનારા કારીગરો છે, આવામાં આપણે ભવ્ય અને આધુનિક વસ્ત્રાભૂષણો બનાવીને શા માટે સમગ્ર આર્યાવર્તમાં ન વેચીએ? અને વળી હવે તો આભૂષણ બનાવવા માટે કુદરત પણ આપણને સાથ આપી રહી છે. દ્વારકા સમુદ્રકિનારે જ વસેલી છે. સમુદ્રમાંથી એક થી ચઢિયાતા એક મોતી, શંખ ઈત્યાદિ વસ્તુઓ કાઢીને તેને સોને મઢીને ભવ્ય અને આધુનિક આભૂષણોનું નિર્માણ સહેલાઈથી કરી શકાય છે. આજ રીતે સાદાં વસ્ત્ર ખરીદીને તેનાં પર મોતી, સોનું અને દોરાનું ભરતકામ કરીને એકથી એક ચઢિયાતાં ભવ્ય વસ્ત્રો પણ બનાવી જ શકાય છે. મને આશા છે કે જો આપણે આ રસ્તે આગળ વધીશું, તો આપણાં વસ્ત્રો અને આભૂષણોની આર્યાવર્તમાં મોં-માંગી કિંમત વસૂલી શકીશું. મારું માનવું છે કે જો તમે લોકો આમા ઉત્સાહપૂર્વક રસ બતાવો, તો એ દિવસ દૂર નથી કે જ્યારે આપણી દુકાનો આર્યાવર્તના તમામ મુખ્ય બજારોની શોભા વધારી રહી હશે. હું દાવા સાથે કહી શકું છું કે જો આપણે આપણી શ્રેષ્ઠ કારીગરીવાળા વસ્ત્રાભૂષણો આર્યાવર્તના તમામ મુખ્ય બજારો સુધી પહોંચાડી શક્યા, તો જલ્દીથી આપણાં વસ્ત્રાભૂષણોની આર્યાવર્તમાં બોલબાલા મચી જશે. એટલું જ નહીં, મેં તો એ પણ વિચાર્યું છે કે જરૂર પડ્યે, વસ્ત્ર લાવવા અને સમુદ્રમાંથી મોતી વગેરે કાઢવા માટે રાજભવન પાસેથી ઋણ પણ મેળવી શકાય એમ છે. કહેવાનું તાત્પર્ય એ કે રાજભવન તમારા લોકો સાથે ખભાથી ખભો મીલાવીને કામ કરવા ઉત્સુક છે. એટલું જ નહીં, જો અન્ય રાજ્યોના શ્રેષ્ઠ કારીગર લાવવાની જરૂર પડી તો રાજમહેલ તેમને મકાનો પણ ઉપલબ્ધ કરાવશે. ...કારણ કે રાજમહેલ આ વાતથી અજાણ નથી કે આજકાલ આ બંને ધંધાઓનો મુખ્ય આધાર કારીગરની કલા જ હોય છે.

મારી વાત એકદમ સ્પષ્ટ, સાફ અને લાભદાયી હતી. કોઈપણ વ્યવસાયીને વાતનો મર્મ પકડવામાં વાર લાગવાનું કોઈ કારણ નહોતું. પોતાના વ્યવસાયને તેઓ આટલો ફેલાવી શકે છે, તેની તો તેમણે ક્યારેય કલ્પના પણ નહીં કરી હોય. આથી, યોજના સાંભળીને બધાનું ઉત્સાહમાં આવી જવું સ્વાભાવિક હતું. તેમનો ઉત્સાહ જોઈને મને પણ તેમની આંખોમાં મારું સપનું સાકાર થતું દેખાય એ પણ સ્વાભાવિક જ હતું. અને વળી વ્યવસાયનો વિકાસ મારું સપનું જ નહીં, દ્વારકાની જરૂરિયાત પણ હતી. સ્પષ્ટ રીતે, આ વ્યવસાયોમાં અડધી ભાગીદારી રાજમહેલે રાખવાની જ હતી. આથી એકવાર આ વ્યવસાય જામી જાય તો દ્વારકાના રાજકોષની ચિંતા હંમશાં માટે સમાપ્ત થઈ સમજો. બસ, ફટાફટ વ્યવસાયીઓ સાથે બધી વાતો નક્કી કરી લીધી. ઉત્સાહ એટલો હતો કે તત્કાળ અસરથી બધા પોતપોતાના કાર્યમાં લાગી ગયા, અને તેની સાથે જ મારી સહુથી મોટી ચિંતા સમાપ્ત થઈ.

...શું કહું તમને, એક પછી એક કામ આટોપાઈ રહ્યાં હતાં, પણ કામ હતા કે પૂરાં થવાનું નામ

જ લઈ રહ્યા નહોતા. હમણાં સહુથી મોટું કામ તો 'મહારાજા ઉગ્રસેન'ના રાજ્યાભિષેકની તૈયારીઓ કરવાનું હતું. જોકે હવે તેની તિથિ આગળ વધારવાનું જરૂરી બની ગયું હતું. કારણ કે બાકીના કાર્યોને કારણે તે બાજુ બિલકુલ ધ્યાન આપી શક્યો નહોતો. ઉપરથી ઘણી જગાઓ ઉપર નિર્માણકાર્ય હજી પણ ચાલુ હતું. વળી હું સમારોહમાં વધારેમાં વધારે રાજાઓને આમંત્રિત કરવા ઇચ્છતો હતો. અને તે માટે તેમને નિમંત્રણ મોકલવા અને તેમને સમારોહમાં ઉપસ્થિત રહેવા માટે યોગ્ય સમય આપવો, બંને જરૂરી હતું. સાથે જ આટલો ભવ્ય સમારોહ આયોજિત કરવો હોય તો તેની તૈયારીઓ માટે પણ સમયની જરૂરિયાત તો હતી જ. મેં જેવી ભાઈ, ઉદ્ધવ અને સાત્યકિ સાથે આ બાબતે ચર્ચા કરી કે તેઓ બધા મારી વાત સાથે સહમત થઈ ગયા. અને હવે જ્યારે સમય મળી જ ગયો હતો, તો મેં વિચાર્યું શા માટે મંત્રીપરિષદને પણ યોગ્ય મહત્ત્વ આપવામાં ન આવે? બસ, અમે તરત નાનાજીને કહીને સલાહકાર પરિષદની બેઠક બોલાવી. આમ પણ રાજ્યાભિષેક તેમની જ બાબત હતી અને આવી બાબતોમાં તેમને મહત્ત્વ આપવામાં કોઈ વાંધો પણ નહોતો.

આ રીતે બધા મહત્ત્વપૂર્ણ કાર્ય પતી ગયા બાદ, મંત્રીપરિષદની પહેલી બેઠક બોલાવવામાં આવી. બેઠકમાં નાનાજી તો પોતાના સિંહાસન પર રોફથી બેઠાં જ હતા, આખી મંત્રીપરિષદ પણ ખુશી ખુશી ભેગી થઈ હતી. હું અને ભાઈ નાનાજીની આજુબાજુમાં જ બિરાજમાન હતા. અને જેવી અમે નાનાજીનો રાજ્યાભિષેક ધામધૂમથી કરવાની વાત કરી, તો તેમની અનુભવી મંત્રીપરિષદ તો આમ પણ ખુશ થઈ ગઈ. જોકે નાનાજી હા-ના કરતાં રહ્યા, પરંતુ અંતે તેમને પણ રાજી કરી જ લેવામાં આવ્યા. આમ તો તેમાં વધારે મહેનત કરવાની પણ નહોતી, કારણ કે તેઓ હા-ના કરી રહ્યા હતા, ના તો કરી જ રહ્યા નહોતા. ખેર, આ તરફ મોકો જોઈને હાથોહાથ સમારોહની જવાબદારી સોંપવાના તમામ નિર્ણય પણ આજ સભામાં લઈ લેવામાં આવ્યા. આજ સભામાં અન્ય કેટલીય નિમણૂંકો પણ કરવામાં આવી. સહુથી મહત્ત્વપૂર્ણ તો એ કે દારુકને મારો કાયમી સારથિ નિયુક્ત કરવામાં આવ્યો. સાથોસાથ બધાએ ભેગા મળીને અન્ય રાજ્યો સાથે કૂટનીતિક સંબંધોના વિકાસ માટેની જવાબદારી મને સોંપી દીધી. સાથે જ સમારોહમાં નિમંત્રણ મોકલવાની જવાબદારી પણ મને જ સોંપવામાં આવી. આમ પણ આ બંને કાર્યો મારા જ હાથની વાત હતા. ખેર, તદુપરાંત ભાઈ અને વિકદ્રુને ભોજનની તથા સાત્યકિ અને સંકર્ષણને સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી. ઉદ્ધવ અને ચિત્રકને સાજ-શણગારની જવાબદારી સોંપવામાં આવી. ...અંતે મેં સત્રાજિતને ખર્ચના હિસાબ-કિતાબની જવાબદારી સોંપવાનું નિવેદન કર્યું. મણિનું ઋણ ચૂકવવા ઉપરાંત, તેનું એક બીજું દૂરદર્શી કારણ પણ હતું. હકીકતમાં હું તેને દ્વારકામાં સન્માન અને જવાબદારી આપીને એ હદે સાથે ભેળવી લેવા માંગતો હતો કે મથુરાની જેમ એને અહીં ષડયંત્ર કરવાની જરૂરિયાતનો અનુભવ જ ન થાય. ઇચ્છતો તો હું એ પણ હતો કે તે યાદવોના સુખથી એટલો ખુશ થઈ જાય કે મણિ-ચોરીનું દુઃખ જ ભૂલી જાય. અપેક્ષા તો એ જ રાખીને બેઠો હતો કે કોઈક રીતે તેને અનુભવ થઈ જાય કે ચાલો તેના મણિનો સદુપયોગ થઈ ગયો. ...સમજતા કેમ નથી, તે ફરી કોઈ ગરબડ કરશે તો હેરાનગતિ તો મારે જ ઉઠાવવી પડશે. બીજું કોઈ થોડું જ તેની સાથે બાથ ભીડવાનું હતું? આથી મારે મારી મુસીબતો ઓછી કરવા માટે પણ સત્રાજિતને દરેક જગાએ મહત્ત્વ આપવું જ પડે તેમ હતું. એક રીતે તો સત્રાજિત મારી એવી વિવશતા બની ગયો હતો કે જેટલું ધ્યાન હું સ્યમંતક મણિનું રાખી રહ્યો હતો, એટલું જ ધ્યાન મારે સત્રાજિતનું પણ રાખવું પડતું હતું.

હશે, હમણાં તો મંત્રીપરિષદની પ્રથમ બેઠક સમાપ્ત થઈ ગઈ હતી. અને મારે માટે રાહતની વાત એ હતી કે રાજ્યાભિષેકની તિથિ બે મહિના આગળ વધારી દેવામાં આવી હતી. હવે મારી પાસે આ સમારોહને સફળ બનાવવા માટે ઘણો સમય હતો. આ તરફ ઉત્સાહવશ તમામ ટુકડીઓ પોતપોતાનાં કાર્યોમાં અત્યારથી જ લાગી ગઈ હતી. આ તરફ બધાની દેખા-દેખીમાં હું પણ મારા કાર્યોમાં લાગી ગયો હતો. નિમંત્રણ પત્ર તો ચાર દિવસમાં જ તૈયાર કરી લેવામાં આવ્યા. આમંત્રિતોની

સૂચિ તો પહેલા જ બનાવી ચૂક્યો હતો. બસ, તત્કાળ અસરથી બધાને નિમંત્રણ પત્ર મોકલવાનું શરૂ પણ કરી દીધું. ત્યાં સુધી કે મહારાજા ભીષ્મક અને રુક્મીને પણ નિમંત્રણ પત્ર મોકલવાનું ભૂલ્યો નહોતો. સાચું કહું તો તેમણે પણ તો જોવાનું હતું કે તેમનો ભાવિ જમાઈ કેટલી પ્રગતિ કરી ગયો છે? ...કદાચ રુક્મિણી પણ આ બધું સાંભળીને મારાથી પ્રભાવિત થઈ જાય. ત્યાં હસ્તિનાપુરમાં કૌરવો અને પાંડવો, બંનેને નિમંત્રણો મોકલાવ્યાં હતા. ચંડક, મહારાણી પદ્માવતી, મહારાજ દમઘોષ સહિત તમામ મિત્ર રાજાઓને તો નિમંત્રણો મોકલાવ્યાં જ હતા. આમ તો મારા આશ્રમના મિત્ર વિંદ-અનુવિંદને પણ નિમંત્રણ મોકલવાનું ભૂલ્યો નહોતો. સાથે જ મોટા ભાગના યાદવ રાજાઓને પણ નિમંત્રણ મોકલ્યા જ હતા. અને આચાર્ય સાંદીપનિજીને તો ભૂલવાનો સવાલ જ ઊઠતો નહોતો. આજે હું જે કંઈ પણ હતો, તે બધું તેમની જ મહેરબાનીઓનું પરિણામ હતું. મન તો થઈ રહ્યું હતું કે જરાસંધ અને તેના મિત્રરાજાઓને પણ નિમંત્રણ મોકલાવું. ...ખરેખર તેમને ઈર્ષાની આગમાં બળતા જોવાની બહુ મજા આવશે. પરંતુ તત્ક્ષણ ગભરાઈ પણ ગયો, વિચાર્યું શા માટે સૂતેલા સિંહને જગાડીને મુસીબત વ્હોરી લઉં?

ચાલો, મુસીબત નથી વ્હોરતા? ...પણ અત્યારે મારા બધા કામ પૂરા થઈ ગયા તેનું શું? મુસીબત એ હતી કે બાકી બધા હજી પણ તૈયારીઓમાં લાગેલા હતા. હવે હું એકલો શું કરું? આથી, નવરાશ મળતા જ મન વ્યાવહારિક રીતે વિચારવા માટે વિહવળ થઈ ઉઠ્યું. શું ખરેખર ‘રાજ્યાભિષેક-સમારોહ’ આટલો ભવ્ય રાખવો અને તેના ઉપર આટલો ખર્ચ કરવો જરૂરી છે? ક્યાંક એવું તો નથીને કે આ એક ગોવાળની પ્રતિશોધ લેવાની પોતાની જ એક પદ્ધતિ હોય? ક્યાંક આટલો ભવ્ય સમારોહ યોજવામાં એ અપમાનોનો તો હાથ નથીને, જે અમે જીવનભર સહ્યાં હતા? ક્યાંક આ સમારોહ દ્વારકાની ઓછી, પણ વધારે તો અમારી વ્યક્તિગત જરૂરિયાત નથીને? હોય તો પણ શું! જ્યારે એકલા હાથે આટલું કામ કર્યું છે તો પોતાના અહંકારનું પણ ધ્યાન તો રાખવું જ પડશે. હવે આપણા અહંકારનું ધ્યાન આપણે નહીં રાખીએ તો બીજું કોણ રાખશે? ચોક્કસપણે ખૂબ ઊંડે-ઊંડે આ સમારોહ યોજીને, હું અને ભાઈ આર્યાવર્તને બતાવી દેવા માંગતા હતા કે હવે અમે ગમાર ગોવાળ નથી રહ્યા, પરંતુ આર્યાવર્તની શ્રેષ્ઠ નગરીના ‘યુવરાજ’ બની ગયા છીએ.

આમ તો આ અભિમાન મારા અને ભાઈ સુધી જ સીમિત હોય, એવું પણ નહોતું. આ તરફ નાનાજીના પગ પણ ધરતી પર પડવા માટે તૈયાર નહોતા. આ ઉંમરમાં આટલો ભવ્ય રાજ્યાભિષેક કોને નસીબ થાય છે? હું નથી માનતો કે આ ઉંમરમાં કોઈને પોતાના પૌત્રો પાસેથી આવું સુખ ક્યારેય મળ્યું હોય. તે તરફ મા દેવકીની પ્રસન્નતાનો પણ કોઈ પાર નહોતો. ક્યાં તો તેનો આ લાલ કારાગૃહમાં જીવન-મરણ વચ્ચે ઝૂલી રહ્યો હતો, અને ક્યાં મોટો થતાં જ આટલી ભવ્ય નગરીનું નિર્માણ કરીને બેઠો હતો. એક મા માટે વાત જ ખૂબ સંતોષ આપનારી હતી.

આમ તો અમારો પરિવાર જ નહીં, ખુશી અને ગર્વથી તો આખી દ્વારકા પણ છલકાતી નજરે ચઢી રહી હતી. ઉત્સાહને કારણે જ્યાં જુઓ ત્યાં બધા પોતપોતાનાં કાર્યોમાં વ્યસ્ત દેખાઈ રહ્યા હતા. કોઈ ઘર શણગારવામાં લાગ્યું હતું, તો કોઈ વ્યવસાય જમાવવામાં. આ તરફ રાજમહેલ પણ સંપૂર્ણ રીતે સમારોહની તૈયારીઓમાં રત હતો. આવામાં જો કોઈ નવરું હતું... તો હું. ...અર્થાત્ ગંગા ઊલટી વહી રહી હતી. આજ તો ‘કૃષ્ણ’ની કમાલ છે. બે મહિનાથી ઓછા શાસનમાં બધું બદલી દીધું હતું. ક્યાં હું એકલો કામ કરતો રહેતો હતો, અને ક્યાં મારી પાસે કોઈ કામ જ નહોતું અને બાકી બધા વ્યસ્ત હતા? હવે તમે જ કહો આ દ્વારકાને સુસંપન્ન નગરી બનવાથી કોણ રોકી શકે છે? ...વધારે સપનાં ના જુઓ, કૃષ્ણ. મદિરા અને નાચ-ગાનની બીમારીને ભૂલી ગયા કે? શા માટે નાહક ડરાવો છો...? તેની વ્યવસ્થા તો હું પહેલેથી જ કરી ચૂક્યો છું. આમ સરવાળે નવરાશનો માર્યો હું બિચારો આમ જ ક્યારેક ક્યારેક મારી જાત સાથે વાત કરી લેતો હતો. રોજ સાંજે સમુદ્ર કિનારે જવું મારો

નિત્યક્રમ થઈ ચૂક્યો હતો. આમ પણ સમુદ્રની ઊઠતી લહેરો અને તેના અવાજમાં ખોવાવા સિવાય મારી પાસે કોઈ કામ પણ નહોતું.

આ બધું તો ઠીક પણ દ્વારકા આવ્યા બાદની નિરંતર વ્યસ્તતા અને અચાનક મળેલી આ નવરાશે એક નવો જ અનુભવ કરાવી દીધો. તમે નહીં માનો કે દ્વારકાની ભવ્યતા અને કાર્યોની વ્યસ્તતાની વચ્ચે હું જે રુક્મિણીને સંપૂર્ણ રીતે ભુલાવી બેઠો હતો, આ તરફ નવરાશ મળતા જ મહારાણીએ પદાર્પણ કરવામાં જરા પણ વાર ન લગાડી. અચાનક તેની યાદ બહુ સતાવવા લાગી. તેની યાદ શું આવી, આટલી ભવ્ય દ્વારકા પણ તેના વિના સૂની સૂની લાગવા લાગી. તો, ક્યાંક એવું તો નથી ને કે આ પ્રેમ-મહોબ્બત બધું નવરાઓનું કામ છે? કારણ કે જ્યાં સુધી કામમાં વ્યસ્ત હતો ત્યાં સુધી તેની યાદ આવી નહોતી, અને આજે નવરાશ મળતા જ તેણે જીવવાનું કપરું કરી દીધું હતું. મન વારંવાર એક જ ઇચ્છા કરી રહ્યું હતું કે કેવું સારું થાય જો મહારાજા ભીષ્મક કે રુક્મીમાંથી કોઈ સમારોહમાં હાજરી આપવા પધારે, જેથી મારી પ્રગતિના સમાચાર રુક્મિણી સુધી પહોંચી શકે. હવે મારો કોઈ બદ-ઈરાદો તો હતો નહીં, વાત બસ, ઘર વસાવવાની હતી. આમ તો હું પણ કંઇ ઓછો નહોતો, મેં શેવ્યા અને શ્ર્વેતકેતુને નિમંત્રણ મોકલીને પોતાની પ્રગતિની વાત રુક્મિણી સુધી પહોંચાડવાની પૂરી વ્યવસ્થા કરી જ રાખી હતી. આમ પણ મારે મન તો રુક્મિણીએ ન જાણ્યું, તો આ બધું નકામું જ હતું. હવે તો રાતદિવસ મારા મનમાં એક જ ધૂન સવાર રહેતી હતી કે કોઈક રીતે રુક્મિણી દ્વારકા આવી જાય. ખરેખર એવું થઈ જાય તો જીવવાની મજા જ કંઇ અનોખી બની જાય. પછી તો જીવન પોતાની અંતિમમાં અંતિમ ઊંચાઈઓ પણ સ્પર્શી લે. ...અરે, જોશું? તે અવશ્ય આવશે. તેણે આવવું જ પડશે. કૃષ્ણના દિલની વાત સાંભળીને રુક્મિણી તારે આવવું જ પડશે, નહીંતર યાદ રાખજે કે આ ગોવાળ એક તારે કારણે જીવનભર હૃદયનો રોગી બનીને ફરતો રહેશે. આમ આપમેળે અચાનક રુક્મિણીની ઘેલછા ધીમેધીમે મને પાગલ કરવા લાગી હતી. અને આવી હાલત વધારે દિવસ રહે તે સારું નહોતું. તત્ક્ષણ મેં આમાંથી બહાર નીકળવાનો એક ઉપાય પણ શોધી કાઢ્યો. સાત દિવસ બાદ જ પૂર્ણિમા હતી. પૂર્ણિમાની રાત આમ પણ મારી દુખતી રગ હતી, અને હવે તો ઉપરથી સમુદ્રનો કિનારો પણ ઉપલબ્ધ હતો. મને વિચાર આવ્યો કે શા માટે સમુદ્ર કિનારે એક ભવ્ય ઉત્સવ મનાવવામાં ન આવે? આ વિચાર શું આવ્યો, રુક્મિણીની યાદ આપમેળે કમજોર પડવા લાગી.

...અર્થાત્ મારો વિચાર અને લક્ષ્ય, બંને એકદમ સચોટ હતા. આમ પણ પૂરા એક મહિનાથી વધારેની થકવી દે એવી યાત્રા બાદ અમે લોકો અહીં દ્વારકા સુધી પહોંચ્યા હતા. સાથે જ આવ્યા પછીથી રાત-દિવસ અમે બધા પોતપોતાના કાર્યોમાં લાગેલા હતા. કાર્યની અધિકતા આરામ માંગે જ છે. અને આરામ માત્ર શારીરિક જ નહીં, માનસિક પણ મળી જાય તો વાત જામી જ જાય. હવે ઉત્સવથી વધારે માનસિક આરામ બીજી કઈ ચીજથી મળી શકવાનો હતો? અને ચોક્કસપણે આવા આરામની જરૂરિયાત મારી સાથેસાથે આખી દ્વારકાને પણ હતી. આવું વિચારીને મેં આ પૂર્ણિમાએ સમુદ્રકિનારે એક સામૂહિક ઉત્સવ રાખવાનું વિચાર્યું, જેમાં ન માત્ર ભવ્ય ભોજન હોય, પરંતુ જેમાં ખેલકૂદ અને નાચ-ગાન પણ સમાવિષ્ટ હોય. આ તરફ જેવો મેં મારો આ શુભ વિચાર ભાઈને સંભળાવ્યો કે તે તો ખુશીથી નાચી ઊઠ્યા. એ જ શું કામ, આખી મિત્રમંડળી પણ ખુશ થઈ ગઈ. સ્વાભાવિક રીતે ઉત્સવનો બધો ખર્ચ રાજમહેલે ઉઠાવવાનો હતો અને આ સમયે રાજમહેલ આ બોજ ઉઠાવવામાં સક્ષમ હતો. આમ પણ ઘર અને દુકાનો વેચીને ઘણું ધન એકત્રિત કરી લેવામાં આવ્યું હતું. આથી ઉત્સાહવશ ન માત્ર ઉત્સવ રાખવાનું નક્કી કરવામાં આવ્યું, પરંતુ ઉત્સવની રૂપરેખા પણ નક્કી કરી લેવામાં આવી. એટલું જ નહીં, તરત જ ઉત્સવ અંગેના કાર્યોનું વિભાજન પણ કરી દેવામાં આવ્યું. ઉત્સવની સૂચના ઘર ઘર સુધી પહોંચાડવાની જવાબદારી ઉદ્ધવને સોંપવામાં આવી. ભોજનની ગોઠવણ કરવાની જવાબદારી ભાઈએ ઉઠાવી. સાથે જ મદિરાની ગોઠવણીની જવાબદારી પણ ભાઈએ જ પોતાના નાજુક ખભા પર

જાતે જ ઉઠાવી લીધી. ...એ તરફ ઉત્સવની સૂચના મળતા જ, આખી દ્વારકામાં ખુશીની લહેર ફરી વળી. બિચારાઓએ તો રાજ્યના ખર્ચે, સામાન્ય પ્રજા માટે આટલો ભવ્ય ઉત્સવ પણ યોજાઈ શકે તેની ક્યારેય કલ્પના સુદ્ધાં નહોતી કરી.

...આશ્ચર્ય તો એ કે આ વેળા તો પૂનમ ફટાફટ આવી પણ ગઈ. અથવા તો એમ કહો કે ઉત્સવની રાહ જોવામાં સમયની ખબર જ ન પડી. અને ઉત્સાહ તો એટલો કે ઉત્સવ બપોરના શરૂ થવાનો હતો, પરંતુ સવારથી જ લોકોનું સમુદ્રકિનારે આવવાનું શરૂ થઈ ગયું હતું. અને બપોર થતાં થતાં તો દ્વારકાનો પુરો સમુદ્રકિનારો ખીચોખીચ ભરાઈ ગયો હતો. મહિલા અને બાળકો માટે જ નહીં, દરેક ઉંમરની વ્યક્તિ માટે તેમની રુચિ અનુસાર કેટલાય કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. બાળકો માટે તો વિશેષ રીતે જાતભાતની રમત-ગમત સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. ખુશીની વાત એ હતી કે ઉત્સવની શરૂઆતથી જ શું બાળકો, શું મોટા, બધાં ઉત્સાહથી એમાં ભાગ લઈ રહ્યાં હતાં. જગા જગા પર ભોજનસામગ્રી ભરેલા મંડપો બન્યા હતા. દરેક જણ પોતાની નજીકના મંડપમાં, જ્યારે જેટલી મરજી થતી એટલું ખાઈ લેતા. ખરેખર સમુદ્રકિનારે એવો મેળો લાગ્યો હતો કે જે જોવા જેવો લાગતો હતો. ખુશી એવી છવાઈ હતી કે આકાશ પણ તેને સમાવવા માટે નાનું પડતું હતું. મને તો આ સમયે તટ પર લગભગ પાંચેક હજાર લોકો નજરે ચઢી રહ્યા હતા. આમ તો તેમાં મહિલાઓ અને બાળકો મુખ્યત્વે હતા. ઊંચાઈઓને આંબતા મંડપો અને તેની ચારેતરફ રમતાં બાળકો જોવાં જેવાં લાગતાં હતા. હું અને ઉદ્ધવ ચારેતરફ ફરીફરીને આ દ્રશ્ય જોઈ રહ્યા હતા. અમે જ્યાં જતા, લોકો કૃતજ્ઞતાથી ઝૂકી જતા. અમે જ્યાં જતા, ત્યાં ખૂબ જ ખરા હૃદયથી આવકારવામાં આવી રહ્યા હતા. મા પોતાનાં બાળકોને રમતાં જોઈને વિશેષરૂપથી ઘેલી થતી જઈ રહી હતી. એ તરફ સાત્યકિ અને ભાઈ હજુ પણ પોતાની વ્યવસ્થાઓમાં જ રત હતા. આ તરફ રાત થતાં થતાં ચંદ્ર પણ સોળે કળાએ ખીલી ઉઠ્યો હતો. સમુદ્ર ચાંદનીમાં પાગલ થઈ રહ્યો હતો. ત્યાં પથ્થરો સાથે ટકરાતા મોજાઓના અવાજ ઘણાં પ્રચંડ થઈ ગયા હતા. આ જામી ગયેલાં વાતાવરણે ઉત્સવનો રંગ અનેકગણો વધારી દીધો હતો.

ભાઈએ બરાબર વચ્ચે બે મદિરાલયો બનાવડાવ્યા હતા. આમ તો હવે તેમના ખૂલવાનો સમય પણ થઈ ગયો હતો. મદિરાલય ખૂલતા જ શું જવાન, શું વૃદ્ધ, બધાં ભૂખ્યાં ડાંસની જેમ તૂટી પડ્યા હતા. આ તરફ બાળકો હજી પણ પોતાની રમતમાં રમમાણ હતા. કેટલાક લોકો સમુદ્રકિનારે ફરી પણ રહ્યા હતા. કેટલીય મહિલાઓ પોતપોતાનું વૃંદ બનાવીને વાતો કરવામાં લાગલી હતી. અન્ય કેટલાય લોકો સમુદ્રની લહેરોમાં ભીંજાવાનો આનંદ લઈ રહ્યા હતા. હું ગોવાળ તો બધાનો આનંદ જોઈજોઈને જ ઘેલો થતો જઈ રહ્યો હતો. ...જોકે બધા એક બાજુ અને બાળકો એક બાજુ. થોડી વાર રમતા, પછી મંડપમાં જઈને થોડું ખાઈ લેતા. કંઈ નહીં તો એકાદ ફળ તો લઈ જ લેતાં. રમવા અને ખાવાની વચ્ચે જ તેમનો ઉત્સવ ચાલી રહ્યો હતો. સાચું કહું તો તેમની ચહલ-પહલ અને તેમનો આનંદ સહુથી અનોખો હતો. ...વાહ કનૈયા, વાહ! જીવનની મજા કેવી રીતે માણવી અને લોકોને આનંદ કેવી રીતે આપવો, એ તો કોઈ તારી પાસેથી શીખે. મારી પાસેથી શીખવાલાયક તો ઘણું બધું છે, પણ કોઈ શીખે ત્યારે ને? શીખવા ઈચ્છે તો ને?

ખેર હશે! હમણાં તો રાત ચઢતા ચઢતા રમવાનું બંધ થઈ ગયું, અને બધાં ખાવા પર તૂટી પડ્યા. મહિલાઓ પણ તેમનો સાથ આપવા પહોંચી ગઈ. આમ સરવાળે ચારેતરફ આનંદ જ આનંદ હતો. કોઈ ખાવામાં મસ્ત હતું તો કોઈ પીવામાં. વાતાવરણ એવું છવાયું હતું કે ચંદ્ર પણ જોતો જ રહી ગયો હશે. જોકે રાત્રિ ચઢે તેના ઘણાં સમય પહેલા મોટાભાગની મહિલાઓ અને બાળકો પોતપોતાનાં ઘરો તરફ પ્રસ્થાન કરી ગયાં હતા. બાળકોને ઊંઘ આવવાનું સ્વાભાવિક જ હતું, ત્યાં બીજી બાજુ મહિલાઓ માટે પણ હવે કંઈ વિશેષ કરવા જેવું બાકી રહ્યું નહોતું. આ તરફ સમુદ્ર પોતાના પૂર્ણ સ્વરૂપમાં હતો. ચાંદનીનાં અજવાસમાં સમુદ્રનું પાણી એવું ચમકી રહ્યું હતું કે સમુદ્રની લહેરો દૂધિયા

રંગની લાગી રહી હતી. એવું પ્રતીત થઈ રહ્યું હતું કે જાણે લહેરો ચાંદનીમાં નહાઈને આવી રહી છે. હું તો ઉદ્ધવ અને કેટલાક યુવાઓની સાથે કિનારે આવેલી ભેખડો ઉપર જ બેસી ગયો હતો. બસ, ત્યાંથી ક્યારેક સમુદ્રની લહેરોને તો ક્યારેક ખાતા-પીતા યાદવોને જોઈ રહ્યો હતો.

...આ તરફ મધ્યરાત્રિથી વારાંગનાઓનું નાચ-ગાન રાખવામાં આવ્યું હતું. અર્થાત્ યાદવોની તમામ કમજોરીઓનું પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવ્યું હતું. મારો તો એક જ સિદ્ધાંત હતો, આનંદ આપવો છે તો દિલ ખોલીને આપો. અને તે પણ પોતાની પસંદ-નાપસંદ પ્રમાણે નહીં, પરંતુ સામેવાળાના શોખ મુજબ આપો. સાચું કહું છું કે મદિરા અને નાચ-ગાનનો સંગમ થઈ જાય પછી તો યાદવ કોઈપણ રાજ્યના કેમ ના હોય, ગાંડા થયા વિના રહી જ શકતા નહોતા. ...તો પછી મથુરાના યાદવોનું તો કહેવું જ શું, તે તો આ બીમારીના સહુથી મોટા શિકાર હતા. ખરેખર, આ ભાગ્યવાન યાદવોને આજે કૃષ્ણના રાજમાં સ્વર્ગ નસીબ થયું હતું. પૂર્ણિમાની સુંદર રાત, સમુદ્રની મદમસ્ત લહેરો; સમુદ્રકિનારે બેસીને મદિરા પી રહેલા યાદવ અને ઠીક તેમની આંખો સામે જહાજો પર ચાલી રહેલાં વારાંગનાઓના નાચ-ગાન. કોણ ક્યારે ઉઠવાનું હતું? આ ભવ્ય સમારોહ સવાર સુધી ચાલતો રહ્યો. મથુરાવાસીઓએ આવો ઉત્સવ ક્યારેય પોતાના સપનાંઓમાં પણ જોયો નહોતો. જોવાનું તો છોડો, હું નથી માનતો કે અત્યાર સુધીના ઈતિહાસમાં ક્યારેય કોઈએ આવું વિચાર્યું પણ હશે.

ખેર! આગળ આ કહેવાની લગીરે જરૂર નથી કે બીજા દિવસે આખી દ્વારકાએ માત્ર આરામ કર્યો. આખી રાતના જાગરણ બાદ એ પણ જરૂરી હતું. મારો પ્રયોગ સફળ રહ્યો. ચોક્કસપણે બધાને જરૂરી શારીરિક અને માનસિક આરામ મળી ચૂક્યો હતો. તેમાં કોઈ શક નથી કે મથુરાના યાદવ મારા રાજમાં આવીને ધન્ય થઈ ગયા હતા. આવા સ્વતંત્ર મનનો દિલદાર રાજા કોના ભાગ્યમાં હોય છે? ...સહુથી ખુશીની વાત તો આ હતી કે તત્કાળ અસરથી ફરી એકવાર બધા પોતપોતાનાં કાર્યોમાં બમણી તાકાતથી જોતરાઈ ગયા હતા. રાજમહેલ પણ સંપૂર્ણ રીતે રાજ્યાભિષેકની તૈયારીઓમાં ડૂબેલો જ હતો. અને આ વખતે ઘણી નવરાશ ભોગવી ચૂકેલો હું પણ પાછળ નહોતો. મારી આ સમયે એક જ પ્રાથમિકતા હતી કે સમારોહ પહેલા હું આખું બજાર ક્રિયાશીલ કરી દેવા ઈચ્છતો હતો. આમ તો હું જ નહીં, બધા દુકાનદાર પણ આજ પ્રયત્નમાં લાગેલા હતા. કારણ કે બધા જાણતા હતા કે બહારથી આટલા અતિથિઓના આગમન વખતે સામાનનું સારું વેચાણ થઈ શકે છે, અને તે માટે સારી એવી સંખ્યામાં શ્રેષ્ઠ આભૂષણો અને આધુનિક વસ્ત્રોનું નિર્માણ કરવાનું જરૂરી હતું. આ તો દુકાનદારોના વિચાર હતા, હું તો તેમનાથી પણ બે ડગલાં આગળનું વિચારી રહ્યો હતો. હકીકતમાં હું તો રાજમહેલમાં તે આભૂષણો અને વસ્ત્રોનું ભવ્ય પ્રદર્શન લગાવવા ઈચ્છતો હતો. આમ તો બધા દુકાનદાર સારા અને સમજદાર વ્યવસાયી હતા. તેઓ પોતે હાથમાં આવેલા આ મોકાને ગુમાવવા ઈચ્છતા નહોતા. બધા પોતાના તરફથી રાત-દિવસ પ્રયત્ન રત જ હતા, તેમ છતાં મેં આ પ્રદર્શનવાળી વાત કહીને એમની ઉત્સાહરુપી આગમાં ઘી હોમી જ દીધું હતું. આ તરફ મારે માથે આ ઉપરાંત રાજ્યાભિષેકના સફળ આયોજનની પણ જવાબદારી હતી. હું આ વાતથી અજાણ નહોતો કે દ્વારકાની પ્રતિષ્ઠા અને મારું જીવન, બંને આ રાજ્યાભિષેકની સફળતા પર જ ટક્યા હતા. અમે કંઈ ઘણાં રાજાઓને તો ઓળખતા નહોતા. જરાસંધના મિત્ર રાજાઓને બોલાવીને અમારું ઘર બતાવવાનું કોઈ ઔચિત્ય નહોતું. આવામાં જે થોડાઘણાં રાજાઓ આવવાના હતા તેમના થકી જ દ્વારકાની ભવ્યતાના સમાચારો આર્યાવર્તમાં વહેતા થવાના હતા. આથી તેમના આવતા પહેલા તમામ નિર્માણકાર્યો પણ પૂરાં થઈ જાય તે જરૂરી હતું. ત્યાંજ આખી દ્વારકાને સાફસુથરી કરીને તેને સજાવી દેવાનું પણ જરૂરી હતું. એટલું જ કેમ, જ્યાં બજારોનું ખૂલવું દ્વારકાના ભવિષ્ય માટે જરૂરી હતું ત્યાં રુક્મિણી સુધી આ ભવ્ય રાજ્યાભિષેકના સફળ થવાના સમાચાર પહોંચાડવા એ મારા ભવિષ્ય માટે પણ ખૂબ જ અગત્યનું હતું. આમ સરવાળે મારા સહિત, સમગ્ર દ્વારકાનાં સપનાં આ રાજ્યાભિષેકની

સફળતા પર ટક્યાં હતા.

...આમ તો મુસીબત બજાર ખૂલવા માત્રની નહોતી. તેના બીજા હજાર સ્વરૂપ પણ હતા. જેમ કે રાજમહેલ એટલો મોટો નહોતો કે બધા સન્માનનીય અતિથિ તેમાં સમાઈ શકે. બીજી બાજુ આવા સન્માનનીય અતિથિઓને ઉતારો આપી શકાય એવા એક પણ અતિથિભવનનું નિર્માણ પહેલેથી ક્યાં કરાવવામાં આવ્યું હતું? આથી સહુથી પહેલા આ સમસ્યાનું નિદાન મેળવવું જરૂરી થઈ ગયું હતું. આ તો ભલું થાય યાદવ-પ્રમુખોનું કે તેઓ આને પોતાનો જ સમારોહ માની રહ્યા હતા. મારા એકવાર કહેવાથી જ બધાએ બહારથી આવનારા અતિથિઓ માટે પોતાનાં ઘરો ઉપલબ્ધ કરાવી દીધા હતા. ...આ જોઈને મારું તો દિલ ભરાઈ આવ્યું હતું. ખરેખર, આવી રાજ્ય ભાવનાનો આ પહેલા ભાગ્યે જ કોઈ રાજ્યએ ક્યારેય અનુભવ કર્યો હશે. ...ચોક્કસપણે આ મારી પ્રથમ અને મોટી જીત હતી. હું આમ પણ સત્તામાં રાજા અને પ્રજાની સરખે સરખી ભાગીદારીનો પક્ષધર હતો, મારું તો સ્પષ્ટ માનવું હતું કે ત્યારે જ કોઈ રાજ્ય કાયમી રીતે સુખી રહી શકે છે. ચાલો સારું હતું, આ બહાને હું અને દ્વારકા પોતપોતાની પહેલી પરીક્ષામાં પાસ થઈ ગયાં હતા. આમ તો મને હજી પણ વિશ્ર્વાસ થઈ રહ્યો નહોતો કે સામૂહિક રીતે આટલું મોટું પરિવર્તન અને તે પણ આટલી જલ્દી આવી શકે છે. શું કહું, આ બધું જોઈને મારી પણ બુદ્ધિ ચકરાઈ ગઈ હતી. વાત જ આશ્ર્ચર્યમાં નાખનારી હતી કે જે યાદવ-પ્રમુખ મથુરામાં નિરંતર રાજમહેલના શત્રુ બનીને રહેતા હતા, તેઓ આજે ખભે ખભા મીલાવીને ઉત્સવને સફળ બનાવવામાં લાગ્યા હતા. ચોકકસપણે એક રીતે તો તેમના આ એક વ્યવહારે દ્વારકાના સોનેરી ભવિષ્યનો પાયો નાખી દીધો હતો. આ તરફ સામાન્ય પ્રજાનો ઉત્સાહ પણ અદ્ભુત હતો. તેઓ પણ કાર્યોમાં ક્યાંય કોઈનાથી પાછળ નહોતા. જ્યારે આટલા લોકો તન્મયતાથી પ્રવૃત્ત હતા, તો તૈયારીઓમાં શું મુશ્કેલી આવવાની હતી? કદાચ આ કમાલમાં રાજભવન દ્વારા રાખવામાં આવેલા ઉત્સવે પણ પોતાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી જ હતી.

ખેર! જે થાય તે, હમણાં તો બધાના ઉત્સાહે એવી કમાલ કરી બતાવી હતી કે સમારોહમાં હજી તો વીસ દિવસ બાકી હતા, પણ તેની તમામ તૈયારીઓ અત્યારથી જ પૂરી થઈ ગઈ હતી. મેં અને ઉદ્ધવે જાતે બે વાર બધી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. ખરેખર, બધાએ લાજવાબ કામ કર્યું હતું. દરેક ઘર શણગારેલું દેખાતું હતું, દરેક ગલી સાફસુથરી નજરે ચઢી રહી હતી. આવામાં રાજમહેલ અને યાદવ-પ્રમુખોના ઘરની તો વાત જ શું કરવી? એક રીતે તો દ્વારકાનું એક એક જણ અતિથિઓના સ્વાગત માટે ખડેપગે તૈયાર હતું. આમ હવે સમય પણ થઈ ગયો હતો. અતિથિઓનું પદાર્પણ કોઈપણ સમયે અપેક્ષિત હતું.

અને મારે માટે વ્યક્તિગત રીતે ખુશીની વાત એ હતી કે સહુથી પહેલા હસ્તિનાપુરથી પાંડવ જ પધાર્યા. હું તો તેમનું સ્વાગત કરીને ધન્ય જ થઈ ગયો હતો. એ તરફ ભાઈ પણ ભીમને મળીને ઘણાં ખુશ થઈ ગયા હતા. અમે જ શું કામ, ઉદ્ધવ, સાત્યકિ, બધા તેમને જોતાં જ ખુશીથી નાચી ઊઠ્યા હતા. તમે તો જાણો જ છો કે પાંડવ અતિથિ હોવા છતાં પણ અતિથિ ઓછા અને મિત્ર વધારે હતા. કહેવાની જરૂર નથી કે અમે બધા અર્થાત્ હું, ભાઈ, સાત્યકિ, ઉદ્ધવ અને પાંડવોએ મળીને રાજમહેલના એક વિશાળ કક્ષમાં એકસાથે જ ધામા નાખ્યા હતા. ભલા સમારોહ એની જગાએ હતો, પણ હાથ લાગેલો મિત્રતાનો આનંદ શા માટે ગુમાવવો? કહેવાની જરૂર નથી કે આવામાં, અમારા માટે તો પાંડવોના આવતા જ ઉત્સવ શરૂ થઈ ગયો હતો. મારે મન તો મિત્રોની મિત્રતા મળી જાય એનાથી મોટો ઉત્સવ બીજો કોઈ હોઈ જ શકતો નહોતો. આ તરફ ઉદ્ધવ તો પાંડવોની સાદગી પર જ વારી ગયો હતો. આ તરફ પાંડવ એટલા ખુશ હતા કે વાતવાતમાં અભિનંદન આપ્યે જતા હતા. તેમના અભિનંદન આપવાનો દોર હતો કે જે આવ્યાના બે પ્રહર વીતી ગયા પછી પણ રોકાવાનું નામ જ લઈ રહ્યો નહોતો. અને ઉત્સાહ એટલો હતો કે સાંજ ઢળ્યા પહેલા અમે બે વાર દ્વારકાનું ચક્કર લગાવી

ચૂક્યા હતા. ત્યાં સાંજ ઢળતા જ સમુદ્રકિનારે જ ધામા નાખી દીધા હતા. સમુદ્ર પાંડવો પણ પહેલી વાર જોઈ રહ્યા હતા, ચોક્કસપણે સમુદ્રની વિશાળતાએ તેમને આવતાવેંત જ ઘેલા કરી દીધા હતા. ખરેખર સમુદ્ર અને તેના પર ચાલતાં જહાજોએ દ્વારકાને પોતાનાં ઉદ્ભવ સાથે જ અજોડ બનાવી દીધી હતી. આમ પણ મારા કોઈપણ મિત્ર કે શત્રુ રાજાના રાજ્ય સમુદ્રતટો પર નહોતા. ચારેતરફના સમુદ્રતટ પર રાક્ષસોએ પોતાનો કબજો જમાવી રાખ્યો હતો. આ તો જરાસંધની મહેરબાની હતી કે જે મને માણસોને છોડીને રાક્ષસોની વચ્ચે રહેવામાં વધારે સુરક્ષા અનુભવાઈ રહી હતી. હશે, હાલ તો અહીં રાતે રાજમહેલ પાછા ફરીને અમારો મદિરાનો દોર પણ ચાલુ થઈ ગયો હતો. ...પણ પ્રસન્નતાનો દોર હતો કે હજી પણ રોકાવાનું નામ જ લઈ રહ્યો નહોતો. ભાઈ અને સાત્યકિ ખરેખર ભીમ અને અર્જુનનો સાથ પામીને મસ્ત થઈ ગયા હતા. મદિરાના જામ પર જામ ચાલી રહ્યા હતા. રાજમહેલના વિશાળ કક્ષમાં પગ પસારીને જમીન પર જ અમે બધા મિત્રો બેઠા હતા. આવામાં મને શું સૂઝ્યું કે ભીમને છંછેડવાની ઈચ્છા જાગૃત થઈ. કદાચ વાતાવરણ જોઈને હું પણ કસમયે મારા રંગમાં આવી ગયો હતો. બસ, મેં ભીમને છંછેડવાના ઈરાદાથી પૂછી લીધું- કહો, હસ્તિનાપુરના એ બે પાપીઓના શું ખબરઅંતર છે?

ભીમ બોલ્યો- કેવા હશે? મારા જ ભાઈઓના સહયોગથી, એ બંને પાપી ઝડપથી રહ્યા છે. કાશ, મારો કોઈ ભાઈ તારા જેવો હોત.

...લો, છંછેડવા તો ભીમને ગયો હતો; બાકીના પાંડવો છંછેડાઈ ગયા. કોઈને પણ ભીમનો આ કટાક્ષ ગમ્યો નહીં. મને પણ લાગ્યું કે મેં કંઈક વધારે જ છંછેડી દીધો છે. પરંતુ હવે જે થઈ ગયું હતું- તે થઈ ગયું હતું. પરિણામસ્વરૂપે વાતાવરણમાં એવો સન્નાટો છવાયો કે સતત સમય સુધી યથાવત્ રહ્યો.

ખેર! આ તરફ જેમ જેમ ઉત્સવની તિથિ નજીક આવી રહી હતી, સ્વાભાવિક રીતે અતિથિઓની સંખ્યા વધતી જઈ રહી હતી. અને તેની સાથે જ દ્વારકાની ચહલપહલ પણ વધતી જઈ રહી હતી. વળી મારી મોટામાં મોટી ચિંતા પણ સમયસરજ દૂર થઈ ગઈ હતી. બજાર ખૂલી ચૂક્યા હતા. સાચું કહું તો રાજ્યાભિષેક અને સમારંભ તો તેની જગાએ હતા, મને મુખ્ય ચિંતા બજારોની જ સતાવી રહી હતી. કારણ કે બજાર જ ન ખૂલ્યા હોત તો આટલો ભવ્ય સમારોહ રાખવાનો અડધો હેતુ તો આમ જ ચૂકી જાત. આ તરફ મારે માટે રાહતની સહુથી મોટી વાત તો એ હતી કે કાર્યોની દેખરેખ રાખવા અને દ્વારકાની અંતિમ સજાવટ કરવા વિશ્ર્વકર્માજી સ્વયં દ્વારકામાં પધાર્યા હતા. તેમના આગમને મારી બાકી બચેલી ચિંતા પણ દૂર કરી દીધી હતી. ચોક્કસપણે તેમનું આ રીતે રસ દાખવવાનું દરેક દ્રષ્ટિકોણથી સમારોહ માટે શુભ સંકેત સમું હતું. આમ પણ દ્વારકાની સાથેસાથે તેમની પ્રતિષ્ઠા પણ દાવ પર લાલેલી જ હતી. કારણ કે દ્વારકા સાથે, મારી સાથોસાથ તેમનું પણ નામ જોડાયેલું જ હતું. આમ તો વિશ્ર્વકર્માજી પણ વિશ્ર્વકર્માજી હતા. તેઓ આવતા જ પોતાના કામમાં પરોવાઈ ગયા હતા. સજાવટના પ્રથમ ચરણમાં જ એમણે આખી દ્વારકાના પ્રમુખ માર્ગો, બજારો અને મુખ્ય દ્વારની આસપાસ અગણિત મશાલો લગાવવાનું શરૂ કર્યું.

એ તરફ સમુદ્રના બીજા તટ પર ઉદ્ધવ પોતાના સાથીઓ અને સૈનિકો સાથે આવનારા રાજાઓ, યુવરાજો અને મહામંત્રીઓના સ્વાગત માટે રાત-દિવસ ખડે પગે તૈયાર રહેતો હતો. ત્યાંથી તેમને ફૂલહારથી શણગારેલાં જહાજોમાં બેસાડીને પ્રમુખદ્વાર સુધી વળાવી જતો હતો. અને પછી તેમને રથોના કાફલા સાથે પોતપોતાના આરામભવનો સુધી પહોંચાડી દેવામાં આવતા હતા. એટલું જ નહીં, દરેક મુખ્ય અતિથિ સાથે પાંચ રથ, સૈનિક અને વધારાનો સારથિ પણ રાખવામાં આવતા હતા, જેથી તેઓ પોતાની મરજી મુજબ જ્યારે ઈચ્છે, દ્વારકાનું ભ્રમણ કરી શકે. બીજી એક વાત હતી કે દ્વારકાની ભવ્યતા જેટલી પાંડવોને ગમી ગઈ હતી, તેટલી જ બહારથી આવેલા યુવરાજો અને રાજાઓને પણ આશ્ર્ચર્યચકિત કરતી હતી. આ દ્વારકા અદ્ભુત હોવાનું સ્વયંભૂ પ્રમાણપત્ર હતું. અને

તેનાથી મારા જેવા ગોવાળને ઘણો સંતોષ મળી રહ્યો હતો.

...સંતોષ તો મને એ જોઈને પણ મળી રહ્યો હતો કે હજુ સુધી આર્યાવર્તના કેટલાય નાના-મોટા રાજાઓ અને યુવરાજ આવી ચૂક્યા હતા. અને જ્યારે તેઓ અભિનંદન આપતા, તો સ્વાભાવિક રીતે હું ગર્વથી છલકાઈ જતો હતો. ઉપરથી જેવું કોઈ નગરની ભવ્યતાની પ્રશંસા કરતું, ત્યારે તો પૂછો જ નહીં, હું એટલો ફુલાઈ જતો કે સમાવા માટે દ્વારકા નાની પડતી. આમ તો જેમ જેમ રાજાઓ અને યુવરાજ આવતા જતા હતા, તેમ તેમ મારી વ્યગ્રતા પણ વધતી જઈ રહી હતી. કારણ કે બધા વારાફરતી આવી રહ્યા હતા, પરંતુ તે નહોતા આવી રહ્યા જેમની હું રાહ જોઈ રહ્યો હતો. જી હા, હું મારા થનારા સાળા, રુક્મી અને શ્ર્વસુર ભીષ્મકની ખૂબ જ આતુરતાથી રાહ જોતો હતો. આમ તો તેમની આવવાની શક્યતા નહીંવત્ જ હતી, હું કદાચ ...થોડો વધારે પડતો આશાવાદી થઈ ગયો હતો. હવે શું કરું, બાબત ઘર વસાવવાની હતી ને? આ તરફ બીજા બે-ચાર દિવસ શું વીત્યા કે મને ચિંતાએ ઘેરી લીધો. સાળા-શ્ર્વસુર ન આવે તો ભલે, પણ અત્યાર સુધીમાં ઓછામાં ઓછું શેવ્યા અને શ્ર્વેતકેતુએ તો આવી જ જવું જોઈતું હતું. જો તેઓ પણ ન આવ્યા તો પછી મારે માટે તો આ પુરો રાજ્યાભિષેક રાખવાનું જ વ્યર્થ બની જશે. આવું કેમ વિચારવા લાગ્યો, કૃષ્ણ! હવે તું રાજા છે. અને એક સારા રાજા માટે પોતાના દિલથી વધારે મહત્ત્વપૂર્ણ રાજ્યની પ્રતિષ્ઠા અને પ્રજાની ખુશી હોય છે. ચૂપચાપ લાગી જાવ પોતાના કામ પર. લો, લાગી ગયા જી. અરે, બીજું કંઇ નહીં તો એ વિચારીને ખુશ થાવ કે આટલા બધા રાજા, યુવરાજો અને મહામંત્રીઓના આગમનથી હવે દ્વારકાની ભવ્યતાની ચર્ચા સમગ્ર આર્યાવર્તમાં ફેલાઈ જશે એ નક્કી થઈ ગયું છે. ...આવામાં ક્યારેક ને ક્યારેક રુક્મિણીનાં કાન સુધી પણ આ વાત પહોંચી જ જશે. અને વળી ભલેને શેવ્યા અને શ્ર્વેતકેતુ દ્વારકા ન આવી શક્યા, છતાં પણ તારી દ્વારકા વસાવવાની ખબર તો રુક્મિણી સુધી પહોંચી જ જશે. આથી બસ, હવે સમગ્ર ધ્યાન સમારોહમાં લગાવો અને રુક્મિણીને ભૂલી જાઓ. લો, ભૂલી ગયા. મારું મન ક્યાં મારા નિયંત્રણમાં નથી?

ચાલો, આ વ્યક્તિગત વાતો છોડીને હમણાં તો દ્વારકા તરફથી એક ખુશખબરી સંભળાવી દઉં છું. આ તરફ આભૂષણો અને વસ્ત્રો ઘણી મોટી સંખ્યામાં તૈયાર થઈ ચૂક્યાં હતા. હું તો વેપારીઓ તરફથી તેને જોવાનું નિમંત્રણ મળતા જ, ઘેલો થઈ ગયો હતો. ચોક્કસપણે બધાએ પોતપોતાના તરફથી આકરી મહેનત કરી હતી. આ માટે વેપારીઓ અને કારીગરોની જેટલી પ્રશંસા કરવામાં આવે એટલી ઓછી હતી. ખરેખર, આટલાં ભવ્ય આભૂષણો અને વસ્ત્રો મેં પહેલા ક્યારેય જોયાં નહોતાં. તત્કાળ મેં બધા આવનારા અતિથિઓ માટે રાજ્યાભિષેકના એક દિવસ પહેલા રાજમહેલમાં આ વસ્ત્રો અને આભૂષણોનું ભવ્ય પ્રદર્શન રાખવાની તૈયારી શરૂ કરી દીધી. આ પણ એક રીતે તો અનોખો પ્રયોગ હતો. રાજમહેલના સભાકક્ષમાં જ ભવ્ય શણગાર વચ્ચે આ પ્રદર્શનની તૈયારીઓ ચાલી રહી હતી. વચ્ચે ચાર મોટી પાટો આભૂષણો માટે રાખવામાં આવી હતી, તો તેની ચારે બાજુ ફરતાં વસ્ત્રો લટકાવી દેવામાં આવ્યાં હતા. રાત-દિવસની મહેનતથી રાજમહેલનો સભાકક્ષ પ્રદર્શન માટે તૈયાર થઈ ગયો હતો.

...આજે પ્રદર્શનનો દિવસ હતો. તેમાં આવવા માટે બધા રાજાઓ અને યુવરાજોને નિમંત્રણ મોકલી દેવામાં આવ્યું હતું. પ્રદર્શન સૂરજ ચઢતા જ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આજે બધાનું બપોરનું ભોજન પણ અહીં જ રાખવામાં આવ્યું હતું. આ તરફ ઉત્સાહિત રાજાઓ અને યુવરાજોનું પણ સમય થતાં જ આવવાનું શરૂ થઈ ગયું હતું. અમે લોકો તો સવારથી જ તૈયાર થઈને કાર્યોનું અંતિમ અવલોકન કરવા પહોંચી ચૂક્યા હતા. બીજી બાજુ, યાદવ-પ્રમુખો અને વ્યાવસાયિકો તો આગલી રાતથી જ અહીં પડ્યાપાથર્યા હતા. બસ, બધાના આગમન સાથે તેઓ પૂરા ઉત્સાહથી બધાને પોતાનાં વસ્ત્રો અને આભૂષણો બતાવવામાં લાગી ગયા હતા. અમે લોકો આમતેમ ફરતા રાજાઓ અને યુવરાજો સાથે વાતો કરી રહ્યા હતા. માનવું પડશે કે મારો આ દાવ પણ બરાબર રહ્યો. જે પણ આ આભૂષણો અને વસ્ત્રોને

જોતું, જોતું જ રહી જતું. પ્રભાવિત થયા વિના કોઈપણ રહી શકતું નહોતું. તમે નહીં માનો કે બપોર થતાં થતાં તો ઘણાં આભૂષણ અને વસ્ત્ર ખરીદી પણ લેવામાં આવ્યા હતા. તેનાથી ઉત્સાહિત થઈને, મેં મોકાનો ફાયદો ઉઠાવીને બધાને પોતાના રાજ્યોમાં દ્વારકાનાં આભૂષણો અને વસ્ત્રોનાં વેચાણ માટે દુકાનો ફાળવવાનું નિવેદન કર્યું. બદલામાં વેચાણનો એક ચતુર્થાંશ ભાગ સ્થાનિક રાજકીય-કોષમાં જમા કરાવવાનો પણ પ્રસ્તાવ આપ્યો. બધાને મારો આ પ્રસ્તાવ આકર્ષક લાગ્યો. તરત જ બધાએ દ્વારકાને ત્રણથી પાંચ દુકાનો ફાળવવાનું આશ્વાસન આપ્યું. આ વ્યાવસાયિક સંધિએ મને જ નહીં, દુકાનદારોના ઉત્સાહને પણ સાતમા આકાશે પહોંચાડી દીધો. હવે તો તેમનાં આભૂષણ અને વસ્ત્ર સમગ્ર આર્યાવર્તમાં ફેલાઈ જશે; આ વિચારમાત્રથી જ બધા હવામાં ઊડવા લાગ્યા હતા. મેં પણ રાહતનો શ્વાસ લીધો હતો. કારણ કે આ વ્યવસાય ફેલાવાથી દ્વારકાના રાજકીય-કોષની ચિંતા ઘણી બધી હદે સમાપ્ત થવાના એંધાણ હતા. આમ તો વ્યાવસાયિક બુદ્ધિવાળા કૃષ્ણ માટે ખુશીની બીજી પણ એક વાત હતી; અને તે એ કે આભૂષણો અને વસ્ત્રોનાં અત્યારે થયેલા વેચાણમાંથી કદાચ સમારોહનો ખાસ્સો એવો ખર્ચો નીકળી ગયો હતો.

ખેર! અંતે રાજ્યાભિષેકનો દિવસ પણ આવી જ ગયો. હું અને ભાઈ યુવરાજો જેવાં કપડાં પહેરીને તૈયાર થઈ ગયા. ભાઈની તો ઠીક, પણ મારી તો ચાલ અને રોફ જ બદલાઈ ગયા હતા. સાચું કહું તો હું તો સવારથી અત્યાર સુધી પોતાને દસેક વાર અરીસામાં જોઈ ચૂક્યો હતો. કહેવાની જરૂરત નથી કે રાજ્યાભિષેક ખૂબ જ ભવ્ય રહ્યો. બધું યોજનાનુસાર પાર પડી ગયું. એટલું જ નહીં, તમામ આશ્ચર્યોની વચ્ચે, નાનાજીના વિશેષ આગ્રહ પર, મારો પણ 'દ્વારકાધીશ' રૂપે અભિષેક થયો. મને તો તેની કલ્પના પણ નહોતી. હું તેના માટે તૈયાર પણ નહોતો. કદાચ આ બહાને નાનાજી મને સન્માનિત કરીને હાથ લાગેલો આ મોકો છોડવા ઈચ્છતા નહોતા. હવે આટલા અતિથિઓ સામે વધારે હા-ના કરવી પણ સારી નહોતી. અને આ રીતે હું આધિકારિક રીતે 'દ્વારકાધીશ' બની ગયો [14] .

આ તરફ સમારોહ સમાપ્તિ સાથે જ સહુનો ઉત્સાહ ઠંડો પડવા લાગ્યો હતો. ચોક્કસપણે લગાતાર કામકાજથી બધા થાકી ગયા હતા. ત્યાંજ આગલા ચાર-પાંચ દિવસમાં ઘણાં બધા અતિથિઓ જઈ પણ ચૂક્યા હતા. ચોક્કસપણે બધાના મનમાં દ્વારકાએ પોતાની ભવ્યતા અને તેના બજારોએ પોતાની રોનકની એક ઊંડી છાપ છોડી હતી. ખાસ કરીને રાત્રે પ્રગટેલી મશાલોએ તો બધાને પોતાના દીવાના બનાવી દીધા હતા. ખરેખર સહુથી વધારે રંગ વિશ્વકર્માજીની મશાલોએ જ જમાવ્યો હતો. સાચું કહું તો આ તો સમારોહની દોડાદોડીમાં મારું તે તરફ વિશેષ ધ્યાન ગયું નહોતું. બાકી તમને બતાવી દઉં કે સાંજ થતાં થતાં આખી દ્વારકામાં મશાલો પ્રગટાવી દેવામાં આવતી હતી. દ્વારકાના રસ્તાઓ, વસ્તીઓ અને ઉપવન બધું આ મશાલોની રોશનીમાં રમણીય લાગતું હતું. રાજમહેલ તો એટલો સુંદર લાગતો હતો કે તેના પરથી નજર હટાવવાનું મુશ્કેલ થઈ જતું હતું. અને બજારની તો વાત જ નિરાળી હતી. ઘણું કરીને આર્યાવર્તના બધા જ બજાર સાંજ ઢળતા ઢળતા બંધ થઈ જતા હતા. પણ દ્વારકાનું બજાર મધરાત સુધી ખુલ્લું રહેતું હતું. રાત્રે ચહલપહલથી ભરેલું બજાર દર્શનીય લાગતું હતું. તમે મશાલોમાં નહાતી દ્વારકાની સુંદરતાનો અંદાજો તેનાથી જ લગાવી શકો છો કે જેટલા દિવસ રાજાઓ અને યુવરાજ અહીં રોકાયા હતા, રોજ રાત્રે મશાલોની રોશનીમાં ઝળહળતી દ્વારકાનું ચક્કર લગાવવા અવશ્ય ગયા હતા. બલ્કે એમ કહેવું જોઈએ કે એટલા દિવસો દ્વારકાના મુખ્ય માર્ગો પર અતિથિઓએ જ કબ્જો જમાવી રાખ્યો હતો. મોડી રાત સુધી અહીં-તહીં ચક્કર લગાવતા તેમના કાફલા જોઈ શકાતા હતા. મશાલોની રોશનીમાં ઝળહળતી દ્વારકાનો સોનેરી રંગ એવો આભાસ દેતો હતો, જાણે કોઈ 'સ્વર્ણ-નગરી' હોય. આ વાત અહીં જ અટકી નહોતી. આગળ જતા ધીમે ધીમે દ્વારકાની રાત્રિ અને તેનાં સોનેરી રંગનો નશો આર્યાવર્ત પર એવો છવાયો હતો કે સમગ્ર આર્યાવર્તમાં દ્વારકા 'સ્વર્ણ-નગરી'ના નામથી પ્રસિદ્ધ થઈ ગઈ હતી.

ખેર! ધીમે ધીમે બધા જતા રહ્યા હતા, પરંતુ પાંડવોને મેં જવા દીધા નહોતા. કેવી રીતે જવા દેત? સમારોહની વ્યસ્તતાને કારણે અમે બરાબર રીતે મળી પણ શક્યા નહોતા. તેઓ પણ પહેલી જ વારમાં માની ગયા હતા. કદાચ તે લોકોને પણ દ્વારકા અને અમારી સરભરા એટલી ગમી ગઈ હતી કે તેઓ પણ થોડા દિવસો અહીં રોકાવા ઈચ્છતા જ હતા. હું તેમના આ નિર્ણયથી ઘણો પ્રસન્ન હતો. આમ તો ખુશીના હજાર અન્ય કારણો પહેલેથી જ મોજૂદ હતા. બધું બરાબર રીતે પાર પડી જ ગયું હતું. સમારોહ પણ અપેક્ષા કરતાં વધારે સફળ થયો જ હતો. ...જોકે આ બધું વિચારતા વિચારતા અચાનક એક ચિંતાએ મને સતાવવાનું શરૂ કરી દીધું હતું. રુક્મી કે મહારાજ ભીષ્મક ન આવ્યા, કોઈ વાંધો નહીં. તે વાતનું એટલું આશ્ર્ચર્ય પણ નહોતું. પરંતુ શ્ર્વેતકેતુ અને શૈવ્યા પણ આવ્યાં નહીં, આ વાત ચોક્કસપણે ચિંતાનો વિષય હતી. ક્યાંક રુક્મિણી સાથે કોઈ ગરબડ તો નથી થઈ ને? જોકે તત્ક્ષણ પોતાને સાંત્વના પણ આપી દીધી. ના કનૈયા, ચિંતા ન કર. જો એવું હોત, તો શ્ર્વેતકેતુ તારા સુધી અવશ્ય ખબર પહોંચાડત. વિશ્ર્વાસ કર, તારી રુક્મિણી સંપૂર્ણ રીતે સલામત છે. બીજી કોઈ મજબૂરી રહી હશે, કોઈ કાર્ય માથા પર આવી ગયું હશે; નહીંતર તે ક્યારનો આવી જાત. અને જ્યાં સુધી રુક્મિણીનો સવાલ છે, તો તે જ છે. ...નહીં તો મોતના વાહન પર સવાર થઈને પણ શ્ર્વેતકેતુ તારા સુધી ખબર પહોંચાડવા અવશ્ય આવી જાત. બસ; જ્યારે પણ આ વાતને લઈને ચિંતા ઘેરાતી, આ રીતે જાત દ્વારા જાતને સાંત્વના દઈને શાંત કરી દેતો હતો. ડર હતો, ક્યાંક હૃદયની આગ એટલી ન ભડકી ઊઠે કે દ્વારકામાં મજા આવતી જ બંધ થઈ જાય.

રુક્મિણી-હરણ

દ્વારકાનું જીવન આભને આંબી રહ્યું હતું. મથુરામાં કષ્ટપૂર્ણ જીવન વીતાવ્યા પછી, સ્વાભાવિક રીતે દ્વારકા બધાને સ્વર્ગ જેવું લાગી રહ્યું હતું. અને દ્વારકાવાસીઓની આ ખુશી દ્વારકાધીશને જોતા જ ગમે એવી હતી. ખરેખર બીજાને ખુશી આપવી અને તેમની ખુશીઓને પોતાની અંદર અનુભવવાથી વધીને બીજું કોઈ મહાન સુખ આ મનુષ્યજીવનમાં ભોગવી શકાય તેવું નથી. દિલથી બસ, એક જ દુઆ ઊઠી રહી હતી કે કુદરત આ લોકોની આ ખુશીને હંમેશાં અખંડ રાખે. ...ત્યાંજ ક્યારેક ક્યારેક આ ચિંતા પણ સતાવતી હતી કે ક્યાંક આ યાદવોની ખરાબ આદતો તેમના આ સુખને ધૂળધાણી તો નહીં કરી મૂકે ને? તમને તો યાદ હશે કે આ યાદવો મથુરામાં મદિરા અને વેશ્યાઓની લતને લીધે કામકાજથી વિમુખ થઈ ગયા હતા. ત્યાં તો ઠીક, પણ અહીં તો આ લોકો કામકાજ વિના ન તો પોતાનું વર્તમાન જીવન ધોરણ યથાવત્ રાખી શકવાના હતા, અને ના તો રાજકીય-કરવેરો ચૂકવીને રાજમહેલને પણ સમૃદ્ધ બનાવી શકવાના હતા. જ્યારે હું ન માત્ર પ્રત્યેક દ્વારકાવાસીને સુખ-સંપન્ન જોવા માંગતો હતો, પરંતુ દ્વારકાના રાજકોષને પણ હીરા-ઝવેરાતોથી છલોછલ ભરાયેલો જોવા માંગતો હતો. પરંતુ મારા ચાહવા માત્રથી તો આ થવાનું નહોતું. આમાં આ કામચોરોનો સહયોગ અતિ આવશ્યક હતો.

જોકે, હું એ સ્પષ્ટ કરી દઉં કે હું જીવનમાં ના તો કોઈ પ્રકારના આનંદના વિરુદ્ધમાં હતો અને ના તો કોઈ વસ્તુનો વિરોધી હતો. હા, પરંતુ એ વાતનો હંમેશાં પક્ષધર રહ્યો હતો કે મનુષ્ય સ્વયં આકરી મહેનત કરીને આ આનંદનો અધિકારી બને. દિવસભરની આકરી મહેનત બાદ રાત્રિની કેટલીક ક્ષણોનો આનંદ લેવો મનુષ્યનો અધિકાર છે, પરંતુ કામકાજ કર્યા વિના દિવસભર માત્ર નશામાં ડૂબ્યા રહેવું એ તો મનુષ્યજીવનનું અપમાન થયું કે નહીં? અને વળી મહેનત અને કમાણી વિના તો જીવનભર આનંદ કરી પણ નથી શકાતો. ...કારણ કે ધન દરેક જાતના આનંદ અને વૈભવની અનિવાર્ય શરત છે. જોકે હાલ પૂરતી તો મને આવી કોઈ સમસ્યા દેખાઈ નહોતી રહી. બધા પોતપોતાના કાર્યોમાં ગંભીરતાથી લાગેલા જ હતા. પ્રત્યેક જણ પોતાના કામ પ્રત્યે કેટલો ગંભીર હતો, તેનો અંદાજો એનાથી જ લગાવી શકાતો હતો કે ઉદ્ધવની લાવેલી હજાર ગાયો પણ ઓછી પડી ગઈ હતી, જ્યારે મથુરામાં આજ ગાયો ચરાવવા રાજમહેલે વૃંદાવન મોકલવી પડતી હતી. પરંતુ મુખ્ય મુદ્દો એ હતો કે આ ઉત્સાહ હંમેશાં યથાવત્ રહે તો સારું હતું.

અને જ્યાં સુધી મારા વ્યક્તિગત જીવનનો સવાલ છે, તેનું તો કહેવું જ શું? પોતાની જ સ્વપ્નનગરીમાં સંપૂર્ણ ઠાઠ-ભપકા સાથે રહેવાનું કેટલો આનંદ આપી રહ્યું હતું, તેની તો તમે કલ્પના સુદ્ધાં નહીં કરી શકો. અને વળી આ જીવન, આ સમયે દરેક રીતે સંઘર્ષમુક્ત હતું. ન માનસિક સંઘર્ષ - ન શારીરિક સંઘર્ષ. આવું જ જીવન જીવવા માટે તો હું બાળપણથી ઝંખી રહ્યો હતો. અને સંતોષજનક વાત તો એ હતી કે આ જીવન મેં મારા કર્મોથી મેળવ્યું હતું. અન્યથા તો તમે જાણો જ છો કે મારું આજ સુધીનું સંપૂર્ણ જીવન મોતના ઓથાર નીચે વીત્યું હતું. ક્યારેક ખૂંખાર જંગલી જાનવરો સામે બાથ ભીડવી તો ક્યારેક કુદરતનો માર સહન કરવાનો. ક્યારેક કંસના મોકલેલા હત્યારાઓ સામે ઝઝૂમવું તો ક્યારેક જરાસંધના હુમલાઓથી બચીને ભાગતા ફરવું. પરંતુ આજે, જીવનમાં પહેલી વાર દૂર દૂર સુધી ન તો કોઈ જોખમ દેખાઈ રહ્યું હતું, ના તો કોઈ મારા નાનકડાં જીવનું દુશ્મન લાગી રહ્યું હતું. ઉપરથી પાંડવ જેવા મિત્રોનો સાથ હતો, એ અલગ.

આમ પણ જ્યારે મિત્રો સાથે છે, તો નાહક શત્રુઓનો વિચાર શા માટે કરવાનો? અને જ્યારે

વર્તમાન આટલો સુંદર છે, તો ભૂતકાળ શા માટે યાદ કરવાનો? આથી, પાંડવોની જ વાત કરવામાં આવે. મોટા ભાગના અતિથિઓ પાછા જઈ ચૂક્યા હતા, રાજમહેલના તમામ અતિથિ-કક્ષ ખાલી પડ્યા હતા; છતાં પણ હું, ભાઈ, ઉદ્ધવ, સાત્યકિ અને તમામ પાંડવબંધુ હજુ પણ એક જ વિશાળ કક્ષમાં પોતાની મંડળી જમાવીને બેઠા હતા. કોઈ વિખૂટા પડવા તૈયાર જ નહોતા. દિવસભર એકબીજાની ઠેકડી ઉડાવવી, એકબીજાની મજાક કરવી. ક્યારેક કોઈનો સામાન સંતાડી દેવો, પછી એકબીજા પર દોષ ઢોળીને ઝઘડવું. ક્યારેક જંગલોમાં શિકાર માટે નીકળી જતાં, તો ક્યારેક સુમદ્રમાં નહાવા માટે કૂદી પડતા. મોડી રાત સુધી દ્વારકાના રસ્તાઓ ઉપર રથ દોડાવવો, અને સમુદ્રકિનારે બેસીને ગપ્પા મારવાનું તો રોજનું થઈ ગયું હતું. આમ તો મારું વાંસળી વગાડવું અને પછી બધા દ્વારા મારા ભરપેટ વખાણ થવા એ પણ અમારા નિત્યક્રમનો એક ભાગ બની ગયું હતું. અને હા, એક બીજો નિત્યક્રમ જે આગળથી ચાલ્યો આવતો હતો... અને જે એકેય વાર અટક્યો નહોતો, તે હતો અમારા બધા માટે છપ્પન-ભોગ બનવાનો. આખરે હવે હું દ્વારકાધીશ હતો. મારે મન રાજાઓનો રાજા હતો. હવે રાજમહેલમાં મારા અને મિત્રો માટે છપ્પન-ભોગ નહીં બને તો બીજું શું બનશે? આમ પણ મારા ભોજન-શોખથી તો તમે બધા માહિતગાર છો જ. ત્યાં આનું બીજું દૂરોગામી પરિણામ એ આવ્યું કે સમય વીતતા દ્વારકાની ભવ્યતા, સુંદરતા અને રાત્રિ-બજારોની આર્યાવર્તમાં જેટલી ચર્ચા થઈ, અમારા ઉત્સવો અને છપ્પન-ભોગોની ચર્ચાઓ પણ એનાથી ઓછી ન થઈ.

આમ સરવાળે દ્વારકામાં દિવસોને પાંખો આવી ગઈ હતી. દિવસ વીતતા નહોતા, ઊડી રહ્યા હતા. સાચું કહું તો મારા જીવનના સહુથી સારા દિવસો વીતી રહ્યા હતા. અને પાંડવો મારા આ સુંદર દિવસોના નિમિત્ત બન્યા હતા. તમે નહીં માનો કે આ દરમ્યાન મેં અર્જુન પાસેથી તીર ચલાવવાનું પણ શીખી લીધું હતું. ખરેખર, અર્જુન ગજબનો તીરંદાજ હતો. હું તો તેની ધનુર્વિદ્યા પર વારી ગયો હતો. જોકે તેના લાખ શિખવાડવા છતાં, ઘણીવાર મારું નિશાન ચૂકી જતું હતું. આમ તો કરવા ખાતર હું ક્યારેક ક્યારેક ભાઈ અને ભીમની સાથે ગદા-અભ્યાસ પણ કરી લેતો હતો. કહી શકાય કે રાજા બનતા જ રાજકીય હથિયાર ચલાવવામાં રસ દાખવવા લાગ્યો હતો.

આમ તો આ બધી મજાક-મસ્તી એની જગાએ હતી, પણ બીજી બાજુ એક ગંભીર વાત પણ હું ધ્યાનથી જોઈ રહ્યો હતો. વાસ્તવમાં પાંડવોની અત્યાર સુધીની વાતચીત અને વ્યવહારથી મને એટલો અંદાજો તો આવી જ ગયો હતો કે હસ્તિનાપુરમાં તેમની સ્થિતિ બરાબર નથી. ત્યાં ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર, દુર્યોધન અને દુ:શાસન નામની પાંચ આંગળીઓનો એક ખૂની પંજો બની ગયો હતો, જે રોજ રોજ પાંડવોનું ખૂન ચૂસી રહ્યો છે. આશ્ચર્યજનક વાત એ કે તેમ છતાં પાંડવોમાં ભીમને બાદ કરતાં કોઈપણ ખૂલીને તેમનો વિરોધ કરવા તૈયાર નહોતું, અર્થાત્ સ્થિતિ ચોક્કસ દયનીય હતી ...પણ આ લોકો સ્હેજ પણ દયાને પાત્ર નહોતા. પોતે શક્તિશાળી છે, ઇચ્છે તો આ જુલમથી પોતાને બચાવી શકે તેમ છે; છતાં પણ જો તેઓ આમ નથી કરી રહ્યા તો આ તેમનું પોતાનું દુષ્કર્મ છે, જે તેઓ પોતાની જાત સાથે કરી રહ્યા છે. અને પોતાના દુષ્કર્મનું ફળ તો મનુષ્યએ ભોગવવું જ પડે છે. મજાની વાત તો એ કે પાંડવો સાથે વર્ષો બાદ મુલાકાત થઈ રહી હતી પણ ન તો તેમની સમસ્યા બદલાઈ હતી, ન તો તેમનો સ્વભાવ. ભીમનો દુર્યોધન-દુ:શાસન પરનો ક્રોધ ન માત્ર યથાવત્ હતો, પરંતુ સમયની સાથે તેમાં વધારો જ થયો હતો. અર્જુનના સવાલ હજુ પણ પૂરા નહોતા થયા. એટલું જ નહીં, ધીમેધીમે યુધિષ્ઠિરની ગંભીરતા એક રોગ બની રહી હતી. ત્યાંજ ભીમનું બોલવું અને યુધિષ્ઠિરનું ટોકવું પણ કાયમની જેમ યથાવત્ હતું. હા, કોઈમાં પરિવર્તન આવ્યું નહોતું તો એ નકુલ-સહદેવમાં જ, તેઓ પહેલા પણ ચૂપ રહેતા હતા, અને આજે પણ એમનો અવાજ સાંભળવા માટે હું તરસી રહ્યો હતો.

આમ તો એ ચોખવટ કરી દઉં કે તેમની અંગત સમસ્યાઓ અમારી મસ્તીમાં અડચણરૂપ નહોતી થતી. અમારા દિવસો ખૂબ મજામાં વીતી રહ્યા હતા. ત્યારે અચાનક એક દિવસ મારા પ્રિય

યુધિષ્ઠિરે હસ્તિનાપુર પાછા ફરવાનું નક્કી કરી લીધું. બાકી બધા તો ઠીક, પણ ભીમ તો છપ્પન-ભોગનો અને દ્વારકાના આ શાનદાર જીવનનો એટલો બંધાણી થઈ ગયો હતો કે તે પાછો હસ્તિનાપુર જવા જ ઈચ્છતો નહોતો. આમ તો હું પોતે પાંડવોને જવા દેવા ઈચ્છતો નહોતો. પરંતુ ભાઈઓની સામે ભીમનું અને સમયની સામે મારું શું ચાલવાનું હતું? સારા દિવસોને હર કોઈ પિંજરામાં કેદ કરી દેવા ઈચ્છે છે, પરંતુ શું કોઈ એવું કરી શક્યું છે? તેમનું પોતાનું રાજ્ય હતું. તેમની પોતાની એક કર્મભૂમિ હતી. આથી, આજે નહીં તો કાલે, એમણે જવાનું તો હતું જ. સ્વાભાવિક રીતે અમે બધા ઉદાસ થઈ ગયા હતા. જોકે અંતિમ બે દિવસ અમે દિવસ-રાત ઉત્સવ મનાવ્યો, પરંતુ મન હતું કે ભરાવાનું નામ જ નહોતું લઈ રહ્યું.

...અંતે લગભગ બે મહિના રોકાઈને પાંડવોએ ફરી હસ્તિનાપુર તરફ પ્રસ્થાન કર્યું. પાંડવ શું ગયા... એમની સાથે મારા જીવનની ખુશીઓ પણ ચાલી ગઈ. એમની સાથે મજાની તો એ મસ્તી હતી કે હું મારી પ્રાણપ્યારીને પણ સંપૂર્ણ રીતે ભૂલી ગયો હતો. ...પરંતુ એમના જતાં જ, ફરી મને રુક્મિણીનાં સપનાંઓએ વિરહાગ્નિમાં ઘેરી લીધો હતો. દ્વારકામાં બધું હતું, પરંતુ એ નહોતી જેના કારણસર આ દ્વારકાનું નિર્માણ થયું હતું. ...ખબર નહીં કઈ હાલતમાં હશે એ? તેની યાદ આવતાં જ મને તેની ચિંતા સતાવવા લાગી. ચોક્કસપણે તે કોઈ ને કોઈ સંકટમાં હોવી જોઈએ. આ એક પ્રેમીની નાહકની સંવેદના નહોતી, મારી પાસે આ નિષ્કર્ષ પર પહોંચવાના યથાયોગ્ય કારણો પણ હાજર હતા. કેમકે આવું કંઈ ન હોત તો શેવ્યા અને શ્ર્વેતકેતુ મારા રાજ્યાભિષેકના સમાચાર સાંભળતા જ હરખભેર દોડ્યા આવત. કૃષ્ણના ઉત્કર્ષનો ઉત્સવ હોય અને શેવ્યા તથા શ્ર્વેતકેતુ ન આવે, એવું સામાન્ય પરિસ્થિતિમાં તો બને એમ નહોતું. અર્થાત્ તેઓ રુક્મિણીને છોડીને આવવાની સ્થિતિમાં નહીં હોય. પરંતુ રુક્મિણી પર એવી કઈ મુસીબત આવી પડે એમ છે? બસ, પાંડવોના જતા જ, અથવા તો એમ કહું કે એકલો પડતા જ, અચાનક આ ચિંતાએ મને બરાબરનો ઘેરી લીધો. હા, આ બધી ચિંતાઓ મારી અંદર જ ચાલી રહી હતી. બહારથી હું સંપૂર્ણ રીતે સહજ લાગતો હતો. આમ પણ હજી દ્વારકાનું કામકાજ પ્રગતિ પર હતું. નવાં નવાં નિર્માણકાર્ય પણ ચાલુ જ હતા. અને હજી તો દ્વારકાનો વ્યવસાય પણ સંપૂર્ણ રીતે જામી શક્યો નહોતો. ચોક્કસપણે આવામાં પોતાના રાજાની ઉદાસી દ્વારકાવાસીઓના ઉત્સાહ પર ટાઢું પાણી ફેરવે એમ હતી. એ સારું હતું કે આ સમયે સત્રાજિતનું સંપૂર્ણ ધ્યાન પોતાના વ્યવસાયમાં લાગેલું હતું. અર્થાત્ રુક્મિણીને છોડીને, ચારેબાજુ નિરાંત જ નિરાંત હતી. પરંતુ રુક્મિણી વિનાની નિરાંત પણ કેવી નિરાંત? ખરી નિરાંત તો ત્યારે જ વળવાની હતી જ્યારે તે દ્વારકા આવે.

ખેર! આશિકી સિવાયનાં બીજાં પણ સુખ-દુઃખ છે જમાનામાં. અને આ સંદર્ભમાં અહીં શુભ સમાચાર એ હતા કે સત્રાજિત અહીં એટલો ઓતપ્રોત થઈ ગયો હતો કે તે અહીં આવ્યા પછી માંડમાંડ એકાદ વાર જ પોતાના રાજ્યમાં પાછો ગયો હતો. અર્થાત્ તે ભલો માણસ થઈ ગયો હતો. ન તો કોઈને મારી સામે ભડકાવી રહ્યો હતો અને ન તો મારી વિરુદ્ધ કોઈ ષડયંત્ર પણ રચી રહ્યો હતો. બીજી બાજુ, સામાન્ય દ્વારકાવાસીઓ પણ કામકાજમાં પૂરી રીતે રસ લઈ રહ્યા હતા. હવે જ્યારે ચારેકોર બધું બરાબર ચાલી રહ્યું છે, તો એક રુક્મિણીનું રોદણું ક્યાં સુધી રોતો રહું? હું પણ રોજ સંધ્યાકાળ થતાં જ, સમુદ્રકિનારે પહોંચી જતો હતો. હવે જો સમુદ્રકિનારે જાઉં અને વાંસળી ન વગાડું, એ થોડું બનવાનું હતું? પરંતુ અહીંથી ફરી મુસીબત શરૂ થઈ જતી હતી. વાંસળીના સૂર છેડાતા જ રુક્મિણી યાદ આવી જતી. હવે આવી જતી તો ભલે આવી જતી. ...તેની સાથે વાતો કરી લેતો અને તેને આશ્ર્વાસન પણ આપી આવતો. બસ, જીવન આજ રીતે વીતી રહ્યું હતું. આખો દિવસ કામકાજમાં વીતી જતો હતો, રાત થતાં જ મહારાણી ટપકી પડતી હતી. એમ કહી શકાય કે ભીતર રુક્મિણીની યાદોને શણગારીને રાણી વિનાનો ‘રાજા’ બનીને અહીં-તહીં ફરતો રહેતો હતો.

આમ તો આ દિવસોમાં હું મારી અંદર બીજું એક પરિવર્તન અનુભવી રહ્યો હતો. આજકાલ મેં હસવાનું થોડું વધારે જ શરૂ કરી દીધું હતું. ચોક્કસપણે આ અંદરના દર્દને છુપાવવાની કોશિશ હતી.

કહી શકાય કે દ્વારકાધીશ બનતા જ, બીજાની સાથેસાથે જાતને પણ મૂર્ખ બનાવવાનું શીખી ગયો હતો. આમ પણ મોટે ભાગે પ્રગતિ પોતાની સાથે ખરાબીઓ લઈને આવે જ છે. આવવા દો, હાલ તો મારી આજ હાલત હતી. બહારથી દ્વારકાના કામકાજોમાં પરોવાયેલો રહેતો, તો ભીતર દિલમાં રુક્મિણીના નામની ધૂણી ધખાવીને બેઠો હતો. અને ઉપરથી આફત એ કે ન એ આવતી હતી કે ન એની ખબર પણ આવતી હતી; મુસીબત તો એ પણ હતી કે આ કમબખ્ત દિલમાંથી તેની યાદ પણ જતી નહોતી. કહેવા માટે તો બધું જ હતું દ્વારકામાં, મારું સપનું સાકાર થયું હતું, ગોવાળથી રાજા સુધીની સફર પૂર્ણ કરી હતી. ...એટલે ખરું જોતાં તો માત્ર આનંદ અને ઉત્સવનો સમય હતો; છતાં પણ હૈયાફૂટ્યો આ કૃષ્ણ, પ્રાય: સુનમુન રહેવા લાગ્યો હતો. એટલું જ નહીં, હું મિત્રોથી પણ નજર બચાવવા લાગ્યો હતો કે ક્યાંક કોઈ મારા દિલનું રહસ્ય મારી આંખોમાં ન જોઈ લે. સાચું કહું તો જીવનમાં પહેલી વાર હૈયાફૂટ્યાઓની હાલત કેટલી ખરાબ થતી હોય છે, તેનો સાક્ષાત્ અનુભવ કરી રહ્યો હતો.

...હવે જેમ દરેક પ્રતીક્ષાની એક હદ હોય જ છે, તેવી જ રીતે આ પ્રતીક્ષાએ પણ એકને એક દિવસ ખતમ તો થવાનું જ હતું. અંતે એક દિવસ શેવ્યા અને શ્વેતકેતુ 'પ્રિય પાત્ર'ની ખબર લઈને આવી જ ગયા. હું તો તેમના આવવાના સમાચાર સાંભળતા જ આનંદમિશ્રિત જિજ્ઞાસાઓ અને ચિંતામિશ્રિત ઉત્સાહમાં ખોવાઈ ગયો. આવી બે ભિન્ન-ભિન્ન છેડા પર ઊભેલી સંવેદનાઓનો એકસાથે અનુભવ કરવાનો પણ જીવનમાં આ પહેલો જ પ્રસંગ હતો. એ બપોરનો સમય હતો અને હું કક્ષમાં આરામ કરી રહ્યો હતો. સેવકે આવીને સમાચાર શું આપ્યા કે સીધો દોડતો દોડતો સભાકક્ષમાં જઈ પહોંચ્યો. જોતાવેંત, ન માત્ર ભેટી પડ્યો પરંતુ તેમના હાવભાવ પરથી રુક્મિણીના હાલચાલ બાબતે અંદાજો બાંધવાની કોશિશ પણ કરવા લાગ્યો. જોકે એક તો પ્રેમી અને ઉપરથી હજારો જિજ્ઞાસાઓથી ઘેરાયેલો- અંદાજો આવે તો પણ કેવી રીતે? કંઈ બોલ્યો નહીં, હજી તો તેમના હોઠ પર 'રુક્મિણી'નું નામ આવે તે પહેલાં જ હું તેમને સીધેસીધો ચૂપચાપ કક્ષમાં લઈ ગયો. કક્ષના બારણાં બરાબર બંધ કરીને, અમે ત્રણે જણા ત્યાં જ મારા બેઠકકક્ષમાં બેસી ગયા. હા, હવે બરાબર છે. બંનેએ વાતચીતની શરૂઆત કરતાં મને દ્વારકાની વધામણી આપી અને નગરીની પ્રશંસા પણ કરી. ...પણ મારું મન આ વાતોમાં ક્યાં હતું? બીજી બાજુ શેવ્યાને મારી અકળામણનો અંદાજ આવતા ક્યાં વાર લાગવાની હતી? બસ, એણે તરત કુંડિનપુરના હાલચાલ એકી શ્વાસે જણાવી દીધા. એણે જે કંઈ પણ બતાવ્યું તેનો સાર એ હતો કે રાજ્યાભિષેકનું નિમંત્રણ તો એમને સમયસર મળી ગયું હતું, પરંતુ દુર્ભાગ્યવશ એ જ સમયે જરાસંધ શિશુપાલ સાથે કુંડિનપુર આવ્યો હતો. એટલું જ નહીં, એ બંનેનો રુક્મી સાથે વાટાઘાટોનો દોર સતત ચાલુ હતો. અને આ બાજુ જરાસંધ અને શિશુપાલના આવી જવાથી, રુક્મિણી ઘણી ગુમસુમ રહેવા લાગી હતી, ઉપરથી શિશુપાલ પણ અવારનવાર કોઈ ને કોઈ બહાને રુક્મિણીની નજીક આવવાનો પ્રયાસ કરતો જ રહેતો હતો. અંતે શિશુપાલની બદમાશીઓથી રુક્મિણી એટલી પરેશાન થઈ ગઈ કે તે મને લઈને દાદાજી કૈશિકને ત્યાં રહેવા ચાલી ગઈ. આવી પરિસ્થિતિઓમાં અમારું રુક્મિણીને, હા... હા... તમારી રુક્મિણીને એકલી મૂકવાનું યોગ્ય નહોતું. આજ કારણ હતું કે અમે, મન હોવા છતાં પણ રાજ્યાભિષેકમાં આવી નહોતા શક્યા.

મેં મનોમન જ વિચાર્યું, ચાલો આ તો તમે બરાબર જ કર્યું, ...પરંતુ રુક્મિણીનું શું થયું? શ્વેતકેતુ મારી ભાવ-ભંગિમાઓથી સમજી ગયો કે હું શું સાંભળવા માંગુ છું. તરત વાતચીતની લગામ પોતાના હાથમાં લઈ લીધી. તેણે બતાવ્યું કે આ ત્રણેએ આ વખતે તેમની યોજના એટલી ગુપ્ત રાખી છે કે મહારાજ ભીષ્મક સુદ્ધાંને તેની કોઈ ગંધ આવી શકી નથી. પરંતુ ત્રિપુટીની હરકતોથી એટલું તો નક્કી જ છે કે રુક્મિણીની મરજી અથવા તેના જીવનની ચિંતા કર્યા વિના, આ ત્રણેય મળીને 'શિશુપાલ-રુક્મિણી'ના વિવાહ કરાવીને જ રાહતનો શ્વાસ લેશે. બીજી બાજુ તમે દ્વારકા આવીને વસી ગયા પછી તેઓ હવે તમારા તરફથી પણ એકદમ નિશ્ચિંત થઈ ગયા છે. આ વખતે એમને તમારા તરફથી

કોઈપણ પ્રકારનું વિઘ્ન આવવાની કોઈ આશા નથી. આ બધું સાંભળીને હું મનોમન અકળાયો, આ બધી તો જૂની સમસ્યા છે... પણ રુક્મિણી કઈ સ્થિતિમાં છે, તે તો કહો. આ વખતે શ્વેતકેતુ મારી અકળામણ પામી ગયો અને વાતને સમેટી લેતાં સીધો નિષ્કર્ષ પર આવી ગયો. તે એકદમ ગંભીરતા સાથે બોલ્યો- કૃષ્ણ! આમ સરવાળે આત્મવિશ્વાસથી ભરેલી આ ત્રિપુટીએ ફરી એકવાર આવતા મહિનાની અક્ષય તૃતીયાએ રુક્મિણીનો સ્વયંવર રાખ્યો છે. આ વખતે મથુરાને પણ નિમંત્રણ મોકલવાનું નક્કી થયું છે. પરંતુ દુર્ભાગ્યવશ તમે મથુરામાં નથી અને દ્વારકાને નિમંત્રણ મોકલવામાં નથી આવી રહ્યું.

લ્યો, કરો વાત! એટલે હું જ્યાં છું ત્યાં નિમંત્રણ મોકલ્યું નથી, અને જ્યાં નિમંત્રણ છે ત્યાં હું નથી. અર્થાત્ હું તો ફરી એકવાર મારી પ્રાણ પ્રિયના સ્વયંવરમાં વણનોતર્યો જ રહી ગયો. આ એક ક્ષણમાં મારા મનમાં અનેક વિચાર આવ્યા અને ગયા. પરંતુ છોડો એને. ...બીજી જ ક્ષણે મેં શૈવ્યાને સીધો સવાલ પૂછ્યો-તો આ બાબતે રુક્મિણીની શું પ્રતિક્રિયા છે? અને અત્યારે એની તબિયત કેવી છે?

આ બાબતે શૈવ્યાએ જણાવ્યું કે રુક્મિણી કોઈપણ ભોગે શિશુપાલ સાથે પરણવા તૈયાર નથી. એટલું જ નહીં, તે પોતાનો વિરોધ બતાવવા માટે દાદાજી કૈશિકને ત્યાં રહેવા પણ ચાલી ગઈ છે. દાદાજી પણ મહારાજ ભીષ્મક અને રુક્મી સાથે આ સ્વયંવર બાબતે પોતાનો વિરોધ નોંધાવી ચૂક્યા છે. આ બાજુ મહારાજ તો હજીએ દાદાજી કૈશિકને સાંભળવા મજબૂર છે, પરંતુ રુક્મી કોઈની કોઈપણ મર્યાદા સમજતો નથી. તેણે બંનેને સ્પષ્ટ કહી દીધું છે કે રુક્મિણીનો વિવાહ શિશુપાલ સાથે થઈને જ રહેશે.

...વાત સ્પષ્ટ હતી. વાતમાં સમજવા જેવું હતું શું? એ જ જૂની અસફળ વાર્તાને નવી રીતે અંજામ આપવાની કોશિશ કરવામાં આવી રહી હતી. સવાલ એક જ હતો કે ગયે વખતે તો હું કોઈક રીતે મારા સપનાંઓને ચકનાચૂર થતાં બચાવી શક્યો હતો, કારણ કે મારી પાસે મથુરાની ઈજ્જતનું બહાનું હતું. પરંતુ હવે શું? આ વખતે સ્વયંવર અટકાવા જાઉં તો પણ કયું બહાનું? દ્વારકાની આબરૂ! નહીં... નહીં... નવા રાજ્યની આબરૂ કેવી અને શોભે ક્યાં? અને વળી કુંડિનપુરનો દ્વારકા સાથે સંબંધ જ શું છે? અર્થાત્ આ વખતે સ્વયંવરમાં વિઘ્ન નાખવા જવાનો અર્થ હતો, દિલનું રહસ્ય સહુ સામે ખોલીને છતું કરવું. પછી તો બધાને ખબર પડી જશે કે હું રુક્મિણીને દિલ આપી ચૂક્યો છું. અને આમ થવાથી જરાસંધ, શિશુપાલ અને રુક્મી મળીને 'રુક્મિણી-શિશુપાલ'નો વિવાહ કરાવીને જ જંપશે. કારણ કે મારું દિલ દુભાવવાનો હાથ લાગેલો આ મોકો એ લોકો કદાપિ નહીં છોડે. અર્થાત્ ત્યાં જવાના નિર્ણયમાં તો વિવાહ થયો જ સમજો. અને ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે ન જાઉં તો પણ વિવાહ તો થઈ જ રહ્યો છે. આમ સરવાળે આ વખતે ગૂંચ એવી વળી ગઈ હતી કે રુક્મિણી મારા હાથોમાંથી ગઈ જ સમજો. તો શું મારે એને ભૂલાવવી પડશે? આ તો શક્ય જ નથી. જેમ સ્વયંને ભુલાવવા માટે મનુષ્ય પાસે કોઈ ઉપાય નથી, એ જ રીતે રુક્મિણીને ભુલાવવાનો આ 'કૃષ્ણ' પાસે કોઈ ઉપાય નથી. અર્થાત્ અહંકાર બરાબરનો ફસાઈ ગયો હતો. એ બિચારો રુક્મિણીને બચાવવા જઈ શકતો નહોતો અને તેના વગર જીવવાની કલ્પના સુદ્ધાં કરવી તેના માટે અશક્ય હતું. જોકે વાત અહીં જ નહોતી અટકતી, તે તેને દુઃખમાં પણ જોઈ શકતો નહોતો. ઉપરથી ગમ્મતની વાત એ હતી કે અહીં અહંકાર બરાબરનો ફસાઈ પડ્યો હતો, તો એ બાજુ 'દ્રષ્ટા' બહુ ખુશ થઈ રહ્યો હતો. વિચારી રહ્યો હતો, હવે ખેલ જોવાની મજા આવશે. ખેલ તો ખરેખર જોરદાર જામી ગયો હતો. માંડમાંડ દ્વારકા આવીને જરાસંધથી એક જીવ તો બચાવ્યો હતો, પણ ત્યાંજ મારો જીવ જેનામાં હતો એ બરાબરની એની મુઠ્ઠીમાં ફસાઈ ગઈ હતી.

...આ બાજુ મને આ રીતે ઉદાસ અને વિચારોમાં ખોવાયેલો જોઈને શૈવ્યા જોરથી હસી પડી અને હસતા હસતા જ શું ભાઈ...? આવી પણ કેવી અધિરાઈ! લ્યો, આંખો બંધ કરો. જુઓ, હું તમારા માટે કેટલી ભવ્ય ભેટ લાવી છું.

...હવે તો દ્રષ્ટાની સાથે સાથે શૈવ્યા પણ મજા લેવા લાગી, અને તે પણ તેનાથી બે ડગલા

આગળ વધીને. તે ન માત્ર હસી રહી છે, પરંતુ આવી હાલતમાં મારે માટે ભેટ લાવીને મારી મજાક પણ ઉડાવી રહી છે. હવે ભલા આ સમયે મને શેવ્યાની ભેટમાં શું રસ? ઉપરથી કહી એવી રીતે રહી છે કે જાણે રુક્મિણીને સાથે લઈને ન આવી હોય! સારું, મારું દિલ તો તૂટી જ રહ્યું હતું, હવે શેવ્યાનું દિલ શું તોડવું...? આવું વિચારીને મેં જલ્દીથી આંખો મીંચી લીધી. અને મારી આંખ મીંચાતા જ એણે ફટાક દઈને એક પત્ર મારા હાથમાં મૂકી દીધો. મારા તો હાથ જ કાંપવા લાગ્યા. લાગ્યું જાણે કોઈ સપનું જોઈ રહ્યો છું. પત્ર રુક્મિણીનો હતો! મને તો વિશ્વાસ જ નહોતો થઈ રહ્યો. રુક્મિણી અને મને પત્ર લખે? તમે નહીં માનો પણ મેં પોતાને ચૂંટી ખણી. નક્કી કરવા માંગતો હતો કે ક્યાંક કોઈ સપનું તો નથી જોઈ રહ્યોને? પણ ના, સાચું હતું. રુક્મિણીએ જ પત્ર લખ્યો હતો. ખુશીના આવેશમાં મેં જલ્દીથી પત્ર ખોલ્યો. હવે રાહ શેની જોવાની? પત્ર વાંચ્યો, તો વાંચતો જ રહી ગયો. પત્રમાં લખ્યું હતું :

> કૃષ્ણ!
>
> તમને શેવ્યા પાસેથી જાણ થઈ જ ગઈ હશે કે આવતા મહિનાની અક્ષયતૃતીયાએ ફરી મારા સ્વયંવરનું નાટક રચવામાં આવી રહ્યું છે. જરાસંધ અને રુક્મીની જિદ્ અને શિશુપાલની ઈચ્છા જોતાં, લાગે છે કે આ વખતે મારો વિવાહ શિશુપાલ સાથે થઈને જ રહેશે. જો આવું થયું તો હું જીવતેજીવત નર્કમાં પહોંચી જઈશ. અહીં મારો કોઈ આશરો નથી. કારણ કે પિતાજી રુક્મીની સામે લાચાર થઈ ગયા છે, અને દાદાજીને કોઈ સાંભળવા તૈયાર નથી. આવામાં દૂર-દૂર સુધી કોઈ નજરે નથી ચડતું, જે મને આ ભયાનક સંકટમાંથી ઉગારી શકે. ...આ નિરાશાની સ્થિતિમાં એક તમારો જ ચહેરો ઉભરીને સામે આવી રહ્યો છે. ...આમ તો મારો અને તમારો કોઈ વિશેષ સંબંધ નથી, પણ મારો અને તમારો બિલકુલ જ સંબંધ નથી, કદાચ આવું પણ કહી શકાય તેમ નથી. કારણ કે ગયે વખતે તમે સ્વયંવર રોકાવીને મને થોડા સમય માટે નવું જીવન આપ્યું જ હતું. છતાં પણ એક સમસ્યા છે અને તે એ કે તમારું વ્યક્તિત્વ બહુ અજીબ છે. ક્યારેક તમે રણછોડ બની જાવ છો તો ક્યારેક રણવીર. જો આ સમયે તમે રણવીર છો તો શું હું તમારી પાસે ફરી એકવાર સ્વયંવર રોકાવવાની અપેક્ષા રાખી શકું છું? તમને તમારા નવા રાજ્યની શુભેચ્છા આપતા, શું એક લાચાર રાજકુમારી એકવાર ફરી તમારી પાસે મદદની અભિલાષા રાખી શકે છે?
>
> રુક્મિણી [15].

...શા માટે નહીં? કેમ નહીં? હવે તમને શું કહું કે મારી તો તમામ સમસ્યા જ દૂર થઈ ગઈ. તમે શું જાણો કે દિલનો માર્યો આ ગોવાળ તો ત્યાં આવવાનું બહાનું જ શોધી રહ્યો હતો. બસ, પહોંચ્યો જ સમજો. પરંતુ એક નારાજગી છે તમારાથી. અરે! ઓછામાં ઓછું તમારી રુક્મિણી તો લખી નાખ્યું હોત. ખેર, કંઇ વાંધો નહીં; હાલ તો આટલાથી જ કામ ચલાવી લઈશ. પત્ર શું મળ્યો, હું તો હવામાં ઊડવા લાગ્યો. પત્રમાં ભલે ને પ્રેમની કબૂલાત નહોતી, મને પોતાનો તો માન્યો હતો. મને વીર તો માન્યો હતો. મારી પાસે અપેક્ષા તો રાખી હતી. અને પ્રેમનું શું છે? જ્યારે એકવાર બચાવવાની અપેક્ષા વ્યક્ત કરી છે તો બીજી વાર, બચાવતાવેંત પ્રેમની કબૂલાત પણ કરી દેશે. ગોવાળના તો દિવસો જ બદલાઈ ગયા હતા. દ્વારકાનો કેફ તો ચઢેલો જ હતો, હવે રુક્મિણી નામનો નશો પણ ચઢી ગયો હતો. ...ક્યાં વૃંદાવનનો આ ગમાર-ગોવાળ પહેલી વાર મથુરા જેવું શહેર જોવા ગયો હતો, અને ત્યાંજ પહેલી વાર રુક્મિણીનાં રૂપમાં કોઈ રાજકુમારીનાં દર્શન પણ કર્યાં હતા. તમને યાદ હશે, તેનો રૂઆબ, તેની અદા અને તેનાં વસ્ત્ર જોતાં જ હું કેવો તેનો દીવાનો થઈ ગયો હતો. કેટલી ઉત્કટતાપૂર્વક તેની પર ફિદા થઈ ગયો હતો. તે જ સમયે આ ગોવાળે સપનું જોયું હતું, સપનું. એટલું જ નહીં, તે સપનાંને

સાકાર કરવા માટે એ ગોવાળે સ્વયંને રુક્મિણીને લાયક બનાવ્યો, અને જોતજોતામાં તે એક ગોવાળમાંથી દ્વારકાધીશ બની ગયો. અને આજે તે જ સપનાંની રાજકુમારી રુક્મિણીએ એ ગોવાળને પત્ર લખ્યો. એને પોતાનો માન્યો. એની પાસેથી મદદ માંગી. આજે મારી જ નહીં, દુનિયાના એ પ્રત્યેક પ્રેમીની જીત થઈ છે, જે પ્રેમમાં પોતાની ઇચ્છાશક્તિ પણ લગાવી દે છે. ખરેખર, જો મનુષ્યની ઇચ્છા દ્રઢ હોય, તો તે શું અને કોને નથી પામી શકતો?

શું કરું? મારા પગ જમીન પર પડવા તૈયાર જ નહોતા. મારું મન ચાંદ-તારાઓ સાથે વાતો કરવા લાગ્યું હતું. અને હૃદયનું તો કહેવું જ શું, તે તો આકાશને પણ પાર કરતું, ક્યાંય આગળ નીકળી ગયું હતું. કારણ કે મારે મન રુક્મિણીનો પત્ર પામવો એ દ્વારકાનિર્માણ કરતાં પણ મોટી ઉપલબ્ધિ હતી. ખાસ કરીને એ જોતા કે આ 'કૃષ્ણ'ની 'કૃષ્ણ માટે' એક અંગત પ્રાપ્તિ હતી. જોકે હું ઘેલો થયો હતો, પણ ગાંડો જરા પણ નહીં. ...કારણ કે હું એ પણ સમજી જ રહ્યો હતો કે આ પત્ર રુક્મિણીએ લખ્યો ઓછો હશે અને શૈવ્યાએ તેને ઉકસાવીને લખાવ્યો વધારે હશે. ગયા વખતનો સ્વયંવર-ધ્વંસનો કિસ્સો રુક્મિણીને એટલો સંભળાવ્યો હશે કે ડૂબતાને તરણાંનો સહારો. ...અને એ આવેશમાં આવીને જ રુક્મિણીએ આ પત્ર લખી નાખ્યો હશે. હવે તમે સમજી ગયા હશો કે હું પ્રેમી ચોક્કસ હતો, પરંતુ ભાન ભૂલેલો પ્રેમી લગીરે નહોતો... કે નાહકનો ભ્રમમાં રાચતો રહું.

ખેર! હાલ તો શૈવ્યાનો જેટલો આભાર માનું એટલો ઓછો હતો. તેણે પોતાના તરફથી તો મારી અને રુક્મિણીની વચ્ચે એક સંવાદ સ્થાપિત કરી જ દીધો હતો. હવે આશિકી પર, બચી ગયેલો રંગ તો આ આશિકે જ ચઢાવવાનો હતો. આ બાજુ શૈવ્યા અને શ્ર્વેતકેતુની સાથે રુક્મિણીની વાત કરતાં કરતાં સાત દિવસ ક્યાં વીતી ગયા એ ખબર જ ન પડી. તો એમાં નવી વાત શું છે? રુક્મિણીનાં સપનાં જોવામાં આ પ્રેમીનાં દસ વર્ષ ક્યાં વીતી ગયા, એની ખબર પડી કે...? બસ, આઠમા દિવસે બંનેએ જવાની રજા માંગી. મન તો થતું હતું કે તેમને થોડા વધારે દિવસ દ્વારકામાં જ રોકી લઉં. પરંતુ દિલની ભલાઈ બંનેના પાછા જવામાં જ હતી. કારણ કે આ સમયે રુક્મિણીને આ બંનેની સખત જરૂર હતી. અને રુક્મિણીની જરિયાત મારી જરૂરિયાત હતી. આવામાં નાહક આગ્રહ કરવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. તમે નહીં માનો કે તેમને આવ્યે સાત દિવસ થઈ ગયા હોવા છતાં હજુ સુધી મેં તેમની ભાઈ અને ઉદ્ધવ સાથે મુલાકાત પણ નહોતી કરાવી. કારણ સ્પષ્ટ હતું, ચર્ચા રુક્મિણી અને તેનાં સ્વયંવરની ચાલી રહી હતી જે હું, ભાઈ અને ઉદ્ધવની સામે કરવા નહોતો ઇચ્છતો. પરંતુ છેલ્લી રાતે બધાને બોલાવવા જ પડ્યા. સાત્યકિને પણ બોલાવ્યો. બધાએ ભોજન સાથે જ કર્યું. દેખીતી રીતે તે દિવસે રુક્મિણીની કોઈ વાત ન કરી. અને તેની સાથે જ બીજા દિવસે સવારે બંનેને વિદાય કરી દીધાં.

આ બાજુ રુક્મિણીના પત્રએ મારી સમસ્યાનું સમાધાન તો કરી દીધું હતું, પરંતુ મને એક બીજી મોટી સમસ્યામાં નાખી દીધો હતો. ગયે વખતે તો મથુરાની આબરૂનું બહાનું કરીને સ્વયંવર અટકાવવા માટે બધાને ઉકસાવીને મારી સાથે લઈ ગયો હતો, પરંતુ આ વખતે કયા બહાને બધાને સાથે લઈ જઈશ? ખાસ કરીને ભાઈને કેવી રીતે સમજાવીશ? અને એકલો જઈશ તો સ્વયંવર શું ધૂળ રોકી શકવાનો? ...ભલે જે થાય તે, મામલો બિલકુલ સ્પષ્ટ હતો. એક માસૂમ અને દુખિયારી રાજકુમારીએ મદદ માંગી હતી. અર્થાત્ મામલો પ્રેમની હદોથી પણ આગળ એક અબળા નારીને બચાવવા પર જઈને અટક્યો હતો. અને અબળા અને મજબૂર નારીનો પોકાર તો 'કૃષ્ણ'એ સાંભળવો જ પડશે; અર્થાત્ દરેક કારણથી રુક્મિણીને બચાવવા તો જવાનું જ હતું. હવે કેવી રીતે બચાવવામાં આવે, માત્ર એ વિષય પર વિચાર કરવાનો બાકી હતો. અને હજી સ્વયંવરની તિથિ દોઢ માસ દૂર હતી. અર્થાત્ ઉપાય શોધવા માટે ઘણો સમય હતો. આમ પણ અંતિમ હથિયારના રૂપમાં રુક્મિણીનો પત્ર તો મારી પાસે હતો જ. ભાઈને સમજાવી દેવામાં આવશે કે મારું તો બસ, નામ છે, અબળા નારીએ પોકાર તો દ્વારકાને જ કર્યો છે. છતાં પણ મારે હાલ કોઈને કહેવાની કંઇ ઉતાવળ નહોતી. કારણ કે રહસ્યો દિલના હોય કે

યોજનાઓના, યોગ્ય સમયે ખોલવામાં આવે તો જ ઈચ્છિત પરિણામ મેળવી શકાય છે. ચાલો, જવા દો ભવિષ્યની યોજનાઓને. હાલ તો મારી હાલત ખરેખર જાણવાલાયક થઈ ગઈ હતી. રુક્મિણીનો પત્ર શું આવ્યો કે અચાનક આખી દ્વારકા કંઈક વધારે જ રંગીન લાગવા માંડી હતી. અમાસની રાત પણ પૂર્ણિમા જેવી લાગી રહી હતી. માન્યું કે દિલની ચોટ ખાનારો મનુષ્ય કોઈ કામનો નથી રહેતો, પણ લાગે છે કે દિલને જીતવાવાળો પણ વધારે ને વધારે દીવાનો થઈને રહી જાય છે. એટલે કે બંને સ્થિતિમાં દિલના માર્યાઓના હાલ તો બેહાલ જ થઈ જાય છે. થવા દો. ...આનાથી કોઈ પ્રેમ કરવાનું થોડું જ છોડી દે છે?

ખેર! આ પણ જવા દો. હાલ તો સ્વભાવથી મજબૂર આ પ્રેમી, શૈવ્યાના માધ્યમથી રુક્મિણીને નક્કર આશ્વાસન મોકલાવી જ ચૂક્યો હતો. મેં શૈવ્યાને રુક્મિણીને બેધડક થઈને કહેવા ખાતર તો આ કહી જ દીધું હતું કે સ્વયંવર કોઈપણ સ્થિતિમાં રોકાવી દેવામાં આવશે, આ કનૈયાનું વચન છે. અને વળી, આ કંઈ ઠાલું આશ્વાસન થોડું જ હતું, સ્વયંવર તો કોઈપણ સ્થિતિમાં ટળવાનો જ હતો, કારણ કે મારી રુક્મિણીનો વિવાહ મારા સિવાય બીજા કોઈ સાથે કેવી રીતે થઈ શકવાનો હતો? અને હવે તો સ્વયં રુક્મિણીનું કહેણ આવ્યું હતું. એકવાર તો આકાશ-પાતાળ એક થઈ શકે છે, પણ હવે આ સ્વયંવર કોઈપણ સ્થિતિમાં નહીં થઈ શકે. અર્થાત્ અત્યારે જ્યારે બીજું કંઈ પણ નહોતું સૂઝી રહ્યું તો મનોમન વારંવાર આજ પ્રતિજ્ઞા અને આજ સંકલ્પનું પુનરાવર્તન કરતો રહેતો હતો. વાસ્તવમાં વારંવાર પુનરાવર્તન કરીને હું ન માત્ર મારો આત્મવિશ્વાસ વધારી રહ્યો હતો, પરંતુ એક રીતે તો જાતને આશ્વાસન પણ આપી રહ્યો હતો. એવું પણ નહોતું કે આ દિવસોમાં હું મનોમન માત્ર મારા મન સાથે જ રમી રહ્યો હતો, પરંતુ ચૈતન્યના સ્તરે પણ સંપૂર્ણ રીતે ગંભીર હતો. યોજના પર ન માત્ર વિચાર ચાલી રહ્યો હતો, બલ્કે તેને માર્ગ પણ બતાવી જ રહ્યો હતો. સહુથી પહેલી વાત તો એ કે હું સ્વયંવરના બરાબર ત્રણ દિવસ પહેલા જ કુંડિનપુર પહોંચવા માંગતો હતો. કારણ કે જલ્દી પહોંચવાથી આવવાની ગુપ્તતા જાળવી રાખવાનું સહેલું હતું. સાથે જ એ પણ નક્કી હતું કે મારા આવવાની ખબર મળતા જ, તે લોકો સંપૂર્ણ તાકાત લગાવીને સ્વયંવર પૂર્ણ કરવા માટે કટિબદ્ધ થઈ જશે. ન જરાસંધ, ન રુક્મી, કે ન શિશુપાલનો અહંકાર બીજી વાર પોતાના જ રાજ્યમાં પોતાના જ દ્વારા આયોજિત સ્વયંવરમાં ફરી વાર પરાજયનું મોં જોવાનું પસંદ કરશે. ખાસ કરીને ત્યારે કે જ્યારે તે હારનું નિમિત્ત હું બનવાનો હોઉં. ત્યાંજ બીજી પણ એક વાત હતી. ગયે વખતે તો મારી પાસે 'મથુરાનાં સન્માન'ના રાજકીય કારણનું બહાનું હતું; આથી હું સુરક્ષિત હતો. પરંતુ આ વખતે કોઈ રાજકીય કારણનું બળ મારી સાથે નથી, એટલે મારા પદાર્પણની ગુપ્તતા જાહેર થતાં જ જોખમ સીધું જીવ પર આવી શકે તેમ હતું. આવામાં 'પ્રાણ પ્યારી'ને બચાવવાનું તો દૂર, ખુદ પોતાના પ્રાણ ગુમાવવાની શક્યતા હતી. ...આમ તો થવા કાળ સ્વયંવર બીજા એક કારણથી પર ધૂળધાણી થઈ શકવાનો હતો, જો રુક્મિણી ફરી બેભાન થઈ જાય. પરંતુ આ વખતે રુક્મિણીની બેભાન થવાની શક્યતા પણ નહીંવત્ જ હતી. ...કારણ કે સ્વયંવર રોકવાનું નક્કર આશ્વાસન હું પહેલેથી જ આપી ચૂક્યો હતો. ઉપરથી શૈવ્યાને તેનું વિશેષ ધ્યાન રાખવાની સલાહ પણ મેં આપી જ રાખી હતી. આમ જોવામાં આવે તો આ રીતે મેં મારા જ હાથે સ્વંયવર રોકવાના એક કારણ પર જાતે પાણી ફેરવી દીધું હતું. અર્થાત્ હવે સ્વયંવર રોકવા માટે મારે મારા કર્મોના ભરોસે જ રહેવાનું હતું. તો આમાં ક્યાં કોઈ નવી વાત હતી? આમ પણ મનુષ્યને પોતાના કર્મો ઉપરાંત બીજો કોઈ આશરો હોતો પણ નથી. ચાલો, આ બધું ચિંતન તો મારી અંદર ચાલી જ રહ્યું હતું. અને એ પણ સ્પષ્ટ હતું કે આ બધાં ચિંતનોને લીધે હવે દ્વારકામાં તો મારું મન લાગવાનો પ્રશ્ન જ ઊઠતો નહોતો. બસ, રાતદિવસ રુક્મિણીનાં સપનાં જોઈને જ દિવસો વીતી રહ્યા હતા. પણ આ મનની વાત હતી, શરીરથી પણ કોઈને કોઈ તો કર્મ કરતાં જ રહેવાનું હતું. આથી સમુદ્રકિનારે ફરવાનું અને વાંસળી વગાડવાનો આનંદ પણ ક્યારેક ક્યારેક લીધા કરતો હતો, પરંતુ તે પણ શક્ય હોય ત્યાં સુધી એકલા. તમે

તો જાણો જ છો કે ઘાયલ પ્રેમીને આમ પણ એકાંત જ પસંદ આવે છે. મિત્ર પણ તેને કરડવા દોડતા હોય એવું લાગે છે. આથી, આપણે તો ભલી સમંદરની લહેરો અને ભલી વાંસળીની ધૂન. ઓછામાં ઓછું આ બહાને મનોમન રુક્મિણી સાથે વાતો કરીને શાંત થઈ જતો હતો. ...પરંતુ આ બધું પણ ક્યાં સુધી? હવે સ્વયંવરમાં માત્ર સોળ દિવસ જ બાકી રહ્યા હતા. અર્થાત્ સારો એવો સમય તો પસાર થઈ જ ચૂક્યો હતો. સમયની આજ વિશેષતા હોય છે. સમય સારો હોય કે ખરાબ, તમે દુ:ખી હો કે પ્રસન્ન, સમય પોતાની ગતિથી પસાર થઈ જ જાય છે. અને પસાર થતાં સમય સાથે નવું કર્મ પોકાર પાડી જ ઉઠે છે. અર્થાત્ હવે સ્વયંવર અટકાવવાનાં ચક્રો ગતિમાન કરવાનો સમય પણ આવી જ ચૂક્યો હતો. ...અને વળી તમારાથી શું છુપાવવાનું? યોજના તો હું ક્યારનો બનાવી ચૂક્યો હતો. એટલે જ તો આટલી નિશ્ચિંતતાથી ફરી રહ્યો હતો. આમ સરવાળે આશિકનો એકાંતવાસ પૂરો થઈ ગયો હતો.

લ્યો, જ્યારે એકાંતવાસનો સમય પૂરો થઈ ગયો તો પ્રકટ પણ થઈ ગયા. બસ, મેં તરત મારા જ કક્ષમાં ભાઈ, સાત્યકિ, ઉદ્ધવ, દારુક અને અન્ય મિત્રોની એક સભા બોલાવી. હવે ભલા આ લોકોની મદદ વિના સ્વયંવર કેવી રીતે અટકાવી શકવાનો હતો? બસ, સાંજે સભાનો સમય થતાં જ બધા મારા શયનકક્ષમાં એકઠા થઈ ચૂક્યા હતા. અને ચોક્કસપણે કોઈપણ જાતની ઔપચારિકતા વિના અહીં તહીં પ્રસરીને બેસી ગયા હતા. હા, પણ મારું આ રીતે બોલાવવાનું ઔચિત્ય હજી પણ કોઈની સમજમાં નહોતું આવી રહ્યું. તો સમજાવવા માટે તો હું બેઠો હતો. બસ, બધાના આવતા જ મેં ચૂપચાપ રુક્મિણીનો આવેલો પત્ર ભાઈના હાથમાં સોંપી દીધો... અને હું ખૂબ ગંભીર મુખ-મુદ્રા બનાવીને બેસી ગયો. જોઈએ છીએ, તેઓ શું પ્રતિક્રિયા દાખવે છે? ચોક્કસપણે આ સમયે મારા હૃદયના ધબકારા ખાસ્સા વધી ગયા હતા. મારી નજર પત્ર વાંચતા ભાઈના હાવભાવો પર સતત ટકી હતી. પણ ભાઈ તો ભાઈ હતા. પત્ર વાંચતા જ ભાઈ એક ઊંડા ચિંતનમાં ડૂબી ગયા. હવે આ શું વાત થઈ...? ચિંતન તો તેમને ગમતું નહોતું. ક્યાંક કોઈ ઊલટો વિચાર ન કરી લે. પણ મારી પાસે તેનો ક્યાં કોઈ ઈલાજ હતો? મારે તો તેમની પ્રતિક્રિયાની રાહ જોવાની જ હતી. વાતાવરણ એવું કે અહીં મારા પર એક એક ક્ષણ ભારેખમ વીતી રહી હતી અને એ તરફ ભાઈ હતા જે ચિંતનમાંથી બહાર આવવાનું નામ જ નહોતા લઈ રહ્યા. હવે ખબર નહીં ભાઈએ શું વિચાર્યું, પણ થોડી વાર વિચાર કર્યા બાદ એમણે પત્ર સાત્યકિને સોંપી દીધો. ...કંઈ પણ બોલ્યા નહીં. લ્યો, આ તો બીજી નવાઈની વાત થઈ ગઈ. આ બાજુ સાત્યકિએ પણ આવું જ કર્યું. તેણે વાંચ્યા બાદ ઉદ્ધવને પત્ર પકડાવી દીધો. ઉદ્ધવે પ્રલંબને પત્ર સોંપી દીધો. આમ હરીફરીને આ તો મારા પ્રેમ સાથે મજાક થવા લાગી. એના કરતાં તો હું જ પત્ર વાંચીને સંભળાવી દેત તો સારું થાત. ઓછામાં ઓછું પ્રતિક્રિયા જાણવા માટે આટલા બધા વ્યાકુળ તો ન થવું પડત. આ તો કંઈ નથી, હદ તો ત્યારે થઈ ગઈ જ્યારે પત્ર હરીફરીને પાછો મારા જ હાથમાં આવી ગયો. અહીં મારા દિલ પર કટારી ફરી રહી હતી, અને એ બાજુ આ બેશરમ લોકો, ન તો કંઈ બોલી રહ્યા હતા... કે ન કોઈ પ્રતિક્રિયા આપી રહ્યા હતા. લેવા દેવા વગર એક અબળાનાં પત્રનો સારો એવો ખેલ બનાવી દીધો હતો.

હું મનોમન અકળાઈ પણ રહ્યો હતો. મારું દિલ જોરજોરથી ધબકી પણ રહ્યું હતું. હું મારી પ્રાણ પ્રિયનો નિર્ણય આ રીતે હવામાં લટકેલો જોઈ શકતો નહોતો. અકળામણ તેના સર્વોચ્ચ શિખરને અડકીને બેઠી હતી. અને એ પહેલા કે કોઈ વિચારની ઊલટી દિશા પકડી લે, મેં સભાને સાચી દિશાનિર્દેશ કરવાનું યોગ્ય માન્યું. આથી, પત્ર બીજી વાર વાંચવાનો અભિનય કરીને તરત બોલી ઊઠ્યો- આ પત્ર મને કાલે જ મળ્યો છે, અને સાચું કહું તો ત્યારથી હું બહુ મોટી અવઢવમાં ફસાઈ પડ્યો છું. ...એક અબળા નારીએ મદદ માટે પોકાર્યો છે. મારી દ્રષ્ટિમાં તો આપણે તેની મદદ કરવા માટે અવશ્ય જવું જોઈએ, ખાસ કરીને એ જોતાં કે આપણો કાયમી શત્રુ જરાસંઘ તેની પર અત્યાચાર કરી રહ્યો છે.

...અર્થાત્ મેં વાતને પૂર્ણ રીતે વાળી દીધી. કારણ કે જો હું એમ કહેત કે પત્ર વીસ-પચ્ચીસ દિવસ પહેલા મળ્યો છે, તો ઘણાં સવાલ-જવાબનો સામનો કરવો પડત. અને જ્યાં સુધી ભાઈનો

સવાલ છે તો એમની દુ:ખતી નસ 'જરાસંધ' હું દબાવી જ ચૂક્યો હતો. તમે તો જાણો જ છો કે ભાઈને જરાસંધ પર જબરજસ્ત ક્રોધ હતો. કદાચ એટલા માટે કે તેના કારણે જ તેમણે પણ મારી સાથે રણછોડ બનવું પડ્યું હતું. એટલું જ નહીં, આજ કારણે તેમણે ગોમંત ટેકરી પર પશુઓ જેવું જીવન પણ વીતાવવું પડ્યું હતું. અને આજે તેમનો એ જ ક્રોધ મારા માટે ઘણો કામનો હતો. ...જોકે મારી વાત કરું તો મને જરાસંધ પર રત્તીભાર પણ ક્રોધ નહોતો. ...ઊલટું મેં તો હંમેશાં ખરા દિલથી તેનો ઉપકાર જ માન્યો હતો. હું આ માનું પણ છું અને જાણું પણ છું કે હું આજે જે કંઇ છું તે માત્ર, અને માત્ર જરાસંધના કારણે જ છું. અને સાચું કહું તો આજ મારી અને ભાઈની દ્રષ્ટિ વચ્ચેનો ભેદ હતો. ભાઈ સીમિત જોતા હતા અને હું અસીમિત જોતો હતો. અને આમ પણ જરાસંધ મારો વ્યક્તિગત શત્રુ હતો, કંઈ માનવતાનો શત્રુ તો હતો નહીં. અને મારી સાથે શત્રુતાનો સહુને અધિકાર છે. હવે કુદરતે પણ દિલ ખોલીને આજીવન મારી સાથે શત્રુતા નિભાવી જ છે, તો શું હું કુદરતને પણ મારી શત્રુ માની લઉં? કદાપિ નહીં, મેં તો હંમેશાં મારા અંગત શત્રુને પણ મારો સહયોગી જ માન્યો છે. મારો શત્રુ તો એ છે જે માનવતાનો શત્રુ છે. જે અત્યાચાર કરે છે અથવા ત્રાસ ફેલાવે છે, ...એ જ મારો શત્રુ છે; કારણ કે આવા લોકો એકીસાથે હજારોને નુકસાન પહોંચાડે છે. જ્યારે મારો શત્રુ માત્ર મને નુકસાન પહોંચાડે છે. અને મારું તો આ સ્પષ્ટ માનવું હતું કે આપણા નફા-નુકસાનની ચિંતા કરવાવાળા આપણે કોણ હોઈએ છીએ?

ખેર! ચિંતન બહુ સંભળાવી ચૂક્યો. વર્તમાન પરિસ્થિતિ પર પાછો આવું તો મારા ગોળગોળ સંબોધન બાદ મારી આંખો સહુના હાવ-ભાવ પર લાગેલી હતી. લગભગ બધા રુક્મિણીને બચાવવા માટે તૈયાર જ દેખાઈ રહ્યા હતા. છતાં પણ હું વાત પાક્કી કરી લેવા માંગતો હતો. કારણ કે બાબત દિલની હતી અને દિલના મામલામાં કોઈ ઢીલ રાખવી યોગ્ય નહોતી. આથી મેં વાત પાક્કી કરવાના ઉદ્દેશથી કહ્યું- મારા મતે આપણું જવાનું જ યોગ્ય છે, કારણ કે તેનાથી ન કેવળ આપણે રુક્મિણીની ગરિમાને બચાવી શકીશું, પરંતુ જરાસંધને ફરી એકવાર હરાવી પણ દઈશું.

જેવી કે આશા હતી, મારા મુખેથી ફરી વાર જરાસંધનું નામ સાંભળતા જ, ભાઈ રાતાપીળા થઈ ઉઠ્યા. તેઓ તરત જ પૂરા જોશ સાથે બોલ્યા- આપણે જઈશું અને જરૂર જઈશું. જરાસંધને ફરી એકવાર ધૂળ ચટાવીશું. તે પણ શું યાદ રાખશે કે કોઈ બલરામ સાથે પનારો પડ્યો હતો.

...બસ, મારું કામ થઈ ગયું હતું; જોયું તમે, મેં કામ કેવી રીતે કઢાવ્યું? આને જ કહે છે કૂટનીતિ. વાતની શરૂઆત જ એવી રીતે કરો કે તમારા અંગત ફાયદામાં બધાને રાજ્યનો અને ધર્મનો ફાયદો દેખાવા લાગે. ત્યારે જ તો તમે તમારા અંગત યુદ્ધમાં પણ બધાને મરવા-મારવા માટે તૈયાર કરી શકશો. પહેલા મથુરાનું સન્માન અને હવે એક અબળા નારીની ગરિમા. કારણ જે પણ આપવામાં આવે તે, હેતુ તો અટકાવવાનો જ હતો. ...જોકે આ તો પ્રથમ સીડી જ પાર કરી હતી. હજી આગળ ઘણાં કામ બાકી હતા. હજી તો માત્ર જવાનો નિર્ણય જ થયો હતો, કંઈ સ્વયંવર અટકાવી નહોતો દીધો. આથી યુદ્ધના ધોરણે હું બધાની સાથે જવાની તૈયારીઓમાં લાગી ગયો. બીજા દિવસે સવારના જ અમારે આખા કાફલા સાથે એક લાચાર રાજકુમારીનો સ્વયંવર અટકાવવા નીકળવાનું હતું. અને કહેવાની જરૂર નથી કે અત્યારે બધા પૂરા ઉત્સાહથી મારી સાથે આવવાની તૈયારીઓમાં જોડાઈ ગયા હતા.

ખેર! નિયત સમયે જ પચાસ રથ અને સો જેટલા સેવક-સૈનિકો સાથે હું, ભાઈ, ઉદ્ધવ અને સાત્યકિ સહિત અમારી આખી મિત્રમંડળીનો કાફલો એક અબળા નારીને બચાવવા અને જરાસંધને ફરી એકવાર ધૂળ ચટાવવા નીકળી પડ્યો હતો. જોયું તમે, પળવારમાં મેં મારા મનની વાતને બધાના મનની વાત કેવી રીતે બનાવી દીધી હતી? આજ કારણ છે કે યોજના હોય કે રહસ્ય, યોગ્ય સમયે જાહેર કરવું જરૂરી છે. મેં એટલા માટે જ રુક્મિણીનો પત્ર એક દિવસ પહેલા જ ભાઈ અને અન્ય મિત્રોને સોંપ્યો

હતો. કારણ કે આવી બાબતોમાં વિચારવાનો વધારે સમય આપવો ખતરનાક સાબિત થઈ શકે છે. આમ પણ હું મારું કામ મારતે ઘોડે કરવાનું જ પસંદ કરતો હતો. વિચારવાનો સમય આપવાથી સામેવાળાને નિતનવા ઉપાય અને કારણ લઈને આવવાની તક મળી રહે છે. અને આનાથી ધીમેધીમે વાતનો પ્રભાવ ખતમ થઈ શકે છે. એ તો ઠીક, વિચારવાનો સમય આપવાથી ઘણીવાર મનુષ્ય યોગ્ય નિર્ણય પર પણ પહોંચી શકે છે. ...રુક્મિણીના આ પત્રની જ વાત લઈ લો. જો આ પત્ર મેં બધાને પચીસ દિવસ પહેલા જ આપી દીધો હોત... તો ભલેને એકવાર તો બધા જવા માટે તૈયાર થઈ જાત, પરંતુ બીજા જ દિવસથી નિતનવા વિચારોની હારમાળા ચાલુ થઈ જાત. આપણે શું કામ બીજાની બાબતમાં માથું નાખવું જોઈએ? માત્ર પચાસ કે સો સૈનિકોથી જરાસંધ સાથે કઈ રીતે મુકાબલો કરી શકાશે? ત્યાં આપણને બંધક બનાવી લેવામાં આવશે તો? આપણે આટલા સુખેથી દ્વારકામાં જીવી રહ્યા છીએ, તો સૂતેલા જરાસંધને ફરીથી શા માટે જગાડવો? અને આ કારણો ને ચર્ચાઓને લીધે, અંતમાં જવાનો પ્રસ્તાવ જ ધૂળધાણી થઈ જાત. વિચારો, આવામાં બિચારા 'કૃષ્ણ' અને તેની પ્રાણપ્યારી 'રુક્મિણી'નું શું થાત? પરંતુ એક-બે દિવસનો સમય આપવાથી વિચારવા-સમજવાનો મોકો જ ક્યાં બચે છે? જવાનું નક્કી થયું અને બધા તૈયારીઓમાં લાગી ગયા. અને આજે વહેલી સવારે નીકળી પણ ગયા. સમજ્યાં...? આ 'સમય'ના જ્ઞાનને કારણે જ મારી યોજનાઓ હંમેશાં સફળ રહી છે.

ખેર! જવા દો. હાલ યાત્રાની વાત કરું તો સાવધાનીને કારણે અમે બધાએ રજવાડી પોશાકને બદલે સામાન્ય વસ્ત્રો જ ધારણ કર્યા હતા. તમામ રથ ઉપરથી દ્વારકાની રાજમુદ્રા પણ હટાવી દીધી હતી. અર્થાત્ યથાયોગ્ય સાવધાની સાથે અમારો કાફલો ઝડપથી કુંડિનપુર તરફ દોડતો જઈ રહ્યો હતો. એક તો ભાઈની આટલા રથોની સાથે આ પહેલી રાજાશાહી યાત્રા હતી. ખાસ તો એમની જ કેમ, મિત્રમંડળીની પણ આ પહેલી આટલી લાંબી યાત્રા હતી. પરિણામે, વાતાવરણ પણ એકદમ ભવ્ય જ બની ગયું હતું. અને કારણ કે એક અબળાની આબરૂ બચાવવા જઈ રહ્યા હતા, આથી જુસ્સો પણ કમાલનો હતો. ...બસ, અંદરોઅંદર મજાક-મસ્તી કરતાં, ખાતા-પીતા, બધાની યાત્રા ખૂબ જ આનંદથી પસાર થઈ રહી હતી. જોકે આ બધાથી વિપરીત, મારી હાલત બધી રીતે જુદી હતી. જીવનમાં પહેલી વાર એવું થઈ રહ્યું હતું કે બધા મસ્ત હતા અને હું પરેશાન હતો. નહિતર તમે તો જાણો જ છો કે હું દરેક પરિસ્થિતિમાં મસ્ત રહેવાવાળાઓમાંનો છું. પરંતુ આજે રુક્મિણીની ચિંતા અને ભવિષ્યની આશામાં ફસાઈ ગયો હતો. હું જાણું છું કે મન વર્તમાનમાં ન હોવાનું આ પરિણામ હતું. ...દર્દ હતું, પરંતુ એટલું મીઠું કે તે અંતમાં તો મજા જ આપી રહ્યું હતું. ત્યાંજ બીજી તરફ, કારણ કે મામલો દિલનો હતો અને તે પણ નાજુક વળાંક પર, એટલા માટે બેચેની પણ સવાર હતી. ત્યાં સુધી કે મન ખાવા-પીવામાં પણ નહોતું લાગી રહ્યું. આમ સરવાળે મારી યાત્રા તો આવી ઘેલછામાં જ પસાર થઈ રહી હતી.

...અંતે એક તરફ મારા પર છવાયેલી ઘેલછા અને બીજી તરફ બધા પર છવાયેલી મસ્તીની વચ્ચે દસમા દિવસે અમે કુંડિનપુરમાં આવી પહોંચ્યા. સાવધાનીવશ અમે અમારો પડાવ કુંડિનપુરની બહાર આવેલા અલગ અલગ આશ્રમોમાં અને મંદિરોમાં નાખ્યો. એકસાથે આટલો મોટો કાફલો એક જગ્યાએ રોકાય, તો વાત રાજમહેલ સુધી પહોંચવામાં વાર ક્યાં લાગવાની હતી? અને દસ-દસ થઈને અલગ અલગ રોકાઈએ તો દૂરથી સ્વયંવર જોવા આવેલા યાત્રીઓ જ જણાઈ આવતા હતા. અને તમે તો જાણો જ છો કે કૃષ્ણના જીવનમાં 'સુરક્ષા પરમો ધર્મ' છે. આ બધું તો ઠીક, પણ આ તરફ કુંડિનપુર પહોંચતા જ મારી બેચેની હજી વધી ગઈ હતી. કારણ કે બધાને ઉત્સાહિત કરીને લઈ તો આવ્યો હતો, પરંતુ એ તો જાણતો જ હતો કે આ વખતે સ્વયંવર અટકાવવાનું એટલું સહેલું નથી. આ તો સિંહના પંજામાંથી શિકાર છોડાવવા જેવું હતું. હું એ કેવી રીતે ભૂલી જાઉં કે ગયે વખતે ભલેને મથુરાના અપમાનની ચર્ચા કરીને રાજમહેલ સુધી પહોંચી ગયો હતો, પણ તે વખતે પણ સ્વયંવર હકીકતમાં તો રુક્મિણીની બેહોશીને કારણે જ રદ થયો હતો. હું જીવનમાં નકામી ભ્રમણાં રાખતો નથી. અર્થાત્

હરીફરીને આ વખતે મારે ભરોસો મારા કર્મ પર જ કરવાનો હતો. અને આવામાં મારી સહુથી મોટી પરેશાની એ હતી કે આ વખતે હું પ્રગટ પણ થઈ શકતો નહોતો. ગયે વખતે તો મથુરા તરફથી વિરોધ નોંધાવવા માટે આવ્યો હોવાને કારણે સુરક્ષિત હતો, પરંતુ આ વખતે તો મારા આવવાની જરાસંધ કે તેની ત્રિપુટી સુધી ખબર પણ પહોંચી ગઈ, તો મારો ખાતમો નિશ્ચિત હતો.

ત્યાંજ, જો આ દુખિયારા સિવાયના અન્યોની વાત કરું તો બધા એકદમ નિશ્ચિંત અને મસ્ત હતા. ...અને જાણો છો કેમ, કારણ કે તેમને ખબર હતી કે કોઈને કોઈ ચક્કર ચલાવીને હું આ વખતે પણ સ્વયંવર રદ કરાવી જ દઈશ. પરંતુ આ બાજુ મારા મનની હું જ જાણતો હતો. ભલા પચાસ-સો સૈનિકોને ભરોસે હું યુદ્ધ તો કરી નહોતો શકતો. વળી કોઈ કૂટનૈતિક ચાલ, વાતચીત કરવા માટે બોલાવવામાં આવે તો જ ચાલી શકાય તેમ હતી. પણ અહીં તો પ્રગટ થવા ઉપર જ જીવ જોખમમાં મૂકાય તેમ હતો. આમ સરવાળે કુંડિનપુરમાં પદાર્પણની સાથે જ મારી વ્યગ્રતા ઘણી વધી ગઈ હતી. કારણ કે દાવ પર મારો પ્રેમ જ નહીં, મારા જીવનનાં તમામ સુંદર સપનાંઓ પણ લાગ્યા હતા. હાલત એ હતી કે જીવનની સહુથી મોટી રમત રમવા આવ્યો હતો અને એક પણ ઉપાય હાથવગો નહોતો. આવામાં મારી બેચેની, મારી વ્યગ્રતા અને મારા દિલની સ્થિતિ તમે સમજી જ શકો છો.

આમ તો જે ચીજનું સમાધાન હાથમાં ન હોય અને જેનો ઉપાય સૂઝી ન રહ્યો હોય, તેને 'સમય' પર છોડવામાં જ સાર હોય છે. અને આમ પણ સ્વયંવરમાં હજી ત્રણ દિવસ બાકી છે, કોઈ ન કોઈ રસ્તો નીકળી જ જશે. કાંઈ આટલી સહેલાઈથી થોડી જ મારા સપનાંની રાણીને કોઈ બીજાને લઈ જવા દઈશ? છેવટે હું પણ એક 'સંકલ્પવાન-મુત્સદ્દી' હતો. ...બસ, જાતમાં આ રીતે ઘણો વિશ્ર્વાસ જગાડીને મેં વલખાં મારવા શરૂ કરી દીધા હતા. આમ તો આગળનું કંઈ પણ વિચારતા પહેલા, રાજમહેલ અને રુક્મિણીના હાલચાલ જાણવા જરૂરી હતા. બસ, મેં તરત ઉદ્ધવને શેવ્યા અને શ્ર્વેતકેતુને બોલાવવા મોકલ્યો. એ બાજુ ઉદ્ધવ પણ ઉદ્ધવ જ હતો. તે બંનેને સંદેશો પહોંચાડીને જલ્દીથી પાછો આવી ગયો. અને તેની સાથે જ હું ફરી એકવાર પ્રતીક્ષાના વમળમાં ફસાઈ ગયો. ઘણી આતુરતાથી બંનેના આવવાની રાહ જોવા લાગ્યો. હવે ઉદ્ધવ તો સંદેશ આપીને ફરીથી મસ્તી કરી રહેલા મિત્રો પાસે ચાલ્યો ગયો, અને આ બાજુ હું મારી વ્યગ્રતા લઈને કક્ષમાં આમથી તેમ આંટા મારવા લાગ્યો. આમ તો હવે ત્રણ દિવસ બાદ જ સ્વયંવર હતો, આથી શેવ્યા અને શ્ર્વેતકેતુની વ્યસ્તતાનો પણ મને અંદાજો તો હતો જ. બંનેનું, અને તે પણ એકસાથે, રાજમહેલમાંથી બહાર નીકળવું એટલું સહેલું નહીં હોય, એ હું સમજતો પણ હતો જ. હવે સમજ એની જગાએ હતી પણ એનાથી કાંઈ વ્યગ્રતા તો ઓછી થવાની નહોતી. વ્યગ્રતાની સ્થિતિ એ હતી કે બપોર થતાં થતાંમાં તો હું સમય પસાર કરવાનાં ઉદ્દેશથી બે-વાર ભોજન પણ કરી ચૂક્યો હતો. હવે તો બપોર પણ ઢળવા આવી હતી. સાચું કહું છું, આટલો લાંબો દિવસ મેં જીવનમાં ક્યારેય વીતાવ્યો નહોતો. આજે પહેલી વાર અનુભવ થઈ રહ્યો હતો કે પ્રતીક્ષા સમયનો સહુથી મોટો શત્રુ હોય છે. અને મારો આ અહેસાસ પાક્કો થાય એ રીતે બંને સાંજ ઢળતા સુધીમાં જ આવી ગયા. આવતા જ શ્ર્વેતકેતુએ પોતાના મોડા આવવા બદલ માફી માંગતા કહ્યું કે ઓચિંતા રાજમહેલ છોડવાનો મેળ જ નહોતો પડી રહ્યો. જો કોઈ જરૂરી કામ માટે મારી જરૂરત ઊભી થાત, તો બની શકે કે રાજમહેલના સૈનિક મને શોધતા શોધતા અહીં સુધી આવી પહોંચે. હું મનોમન બબડ્યો, હવે આ બધું તો હું પણ જાણતો હતો. કૃપા કરીને એ બતાવો જે હું જાણવા માંગુ છું.

...આ તો ભલું થાય શેવ્યાનું જે મારી હાલત સમજી રહી હતી. અને તદુપરાંત સારું એ કે તેણે તત્ક્ષણ કોઈપણ પ્રસ્તાવના વિના રુક્મિણીનાં ખબર-અંતર પણ જણાવી દીધા. એના કહેવા પ્રમાણે તે બિલકુલ સામાન્ય છે. તેને સંપૂર્ણ વિશ્ર્વાસ છે કે ફરી એકવાર તમે સ્વયંવર અટકાવવામાં સફળ થઈ જશો. હવે આને શુભ સમાચાર માનું કે અશુભ સંકેત? હું મનોમન વિચારવા લાગ્યો કે ગાંડી ફરી એકવાર બેહોશ થઈ જાત તો સ્વયંવર આપમેળે જ અટકી જાત. આ માટે મારા ભરોસે રહેવાની શું જરૂર

હતી? ખરેખર, સમયે એવું અજબ પડખું ફેરવ્યું હતું કે રુક્મિણીની પ્રસન્નતાની ખબર પણ કષ્ટ આપી રહી હતી. શું કરું, તેનાથી સ્વયંવર અટકાવવાનું એક કારણ આપમેળે જ સમાપ્ત થઈ ગયું હતું. જોયું તમે, જીવનમાં ક્યારેક ક્યારેક એવું પણ થાય છે કે જેની ખુશી તમારું જીવન હોય તેની ખુશીની ખબર પણ દુ:ખદાયી સાબિત થઈ શકે છે. અરે ભાઈ, આવું બધું થતું રહે છે... એટલા માટે જ તો સમય બળવાન છે.

ખેર! રુક્મિણીના ખબરઅંતર તો જાણી ચૂક્યો હતો. હવે મેં રાજમહેલની તૈયારીઓ બાબતે જાણવા માંગ્યું. સ્વાભાવિક રીતે એનો જવાબ શ્ર્વેતકેતુએ આપ્યો. તેણે કહ્યું- સ્વયંવરની તમામ તૈયારીઓ થઈ ચૂકી છે. આ વખતે જરાસંધ, રુક્મી અને શિશુપાલ કોઈ ઢીલ છોડવા નથી માંગતા. અને આજ કારણે તેમણે રાજમહેલનું મુખ્ય પ્રાંગણ એક સૈનિક છાવણીમાં જ ફેરવી દીધું છે. કહેવાનું તાત્પર્ય એ કે આ વખતે ખૂન-ખરાબા વિના સ્વયંવર અટકાવવાનું અશક્ય છે. બલ્કે, સાચું કહું તો એક મહા યુદ્ધમાં ઉતર્યા વિના સ્વયંવર અટકાવી શકાય તેમ નથી. બીજી તરફ તમારા દ્વારા આપવામાં આવેલા નક્કર આશ્ર્વાસનને લીધે રુક્મિણી સંપૂર્ણ રીતે ચિંતામુક્ત થઈ ગઈ છે. અને તેની આ પ્રસન્નતા ઊલટું રુક્મી અને શિશુપાલનો ઉત્સાહ વધારવાનું કામ કરી રહી છે. તેઓ તેને રુક્મિણીની મૌન સ્વીકૃતિ માની બેઠા છે.

...લો, પડી ગયો ને આ પાસો પણ ઊલટો? હું બરાબરનો અકળાઈ ઊઠ્યો. અરે ગાંડી, હું કંઈ પણ કહી દઉં, પણ તારે આટલા પ્રસન્ન થવાની શું જરૂરત છે...? આમ સરવાળે કોઈ સારા સમાચાર નહોતા. દરેક દાવ ઊલટો પડી રહ્યો હતો. આ બાજુ સ્વયંવરમાં દિવસ પણ બે જ બાકી હતા. આજનો દિવસ તો આમ પણ નકામો ચાલ્યો ગયો હતો, અને સ્વયંવર અટકાવવાનું તો છોડો, કુંડિનપુરની સીમામાં ઘૂસવાનું સુદ્ધાં ખતરનાક લાગી રહ્યું હતું. બીજી બાજુ શ્ર્વેતકેતુ પણ કંઈ ઓછો ચિંતિત નહોતો દેખાઈ રહ્યો. તેણે પૂછ્યું પણ હતું કે આવી પરિસ્થિતિઓમાં તું સ્વયંવર કેવી રીતે અટકાવી શકવાનો? અને મેં પણ તેને પોતાના એ જ જૂના અંદાજમાં કહી દીધું હતું કે ચિંતા ના કરો, હું છું ને. શું કરું...? હવે શ્ર્વેતકેતુને તો કહી શકતો નહોતો કે આ બધું સાંભળીને તારાથી વધારે ચિંતિત તો હું થઈ ગયો છું. અને કોઈ બીજો સમય હોત તો વાત બીજી હતી, પણ આ સમયે તો શ્ર્વેતકેતુનો ઉત્સાહ ટકાવી રાખવાનું અત્યંત જરૂરી હતું. અજીબ પળોજણમાં અટવાઈ ગયો હતો. મને આ સમયે રુક્મિણી-ઉદ્ધારનો કોઈ રસ્તો નહોતો સૂઝી રહ્યો. હું અને મારી પ્રાણ-પ્યારી, બંને જરાસંધની ચુંગાલમાં બરાબરના ફસાઈ ગયાં હતા. અને ઉપરથી એવી રીતે હસવું પડતું હતું કે જાણે બધું સમુંસૂતરું પાર ઊતર્યું જ સમજો. સાચું કહું તો આજે પહેલી વાર મને જરાસંધ પર ભારે ક્રોધ આવી રહ્યો હતો. મથુરા છોડીને દ્વારકા વસી ગયો હતો, છતાં પણ એ હતો કે મારો પીછો છોડવા તૈયાર જ નહોતો. મારી તો બુદ્ધિ બહેર મારી ગઈ હતી. અને તેનું પ્રમાણ એ કે સ્વયંવર અટકાવવાની ચિંતા છોડીને મારા મનએ એક અજબની જ ચિંતા માથે લઈ લીધી હતી. જો સ્વયંવર અટકાવી ન શક્યો તો મારું તો ઠીક, પણ રુક્મિણીનું શું થશે...? બિચારી રુક્મિણી તો આખા જગતમાં હાંસીપાત્ર બની જશે. બધા કહેશે, ગાંડી, એક 'રણછોડ'ના ભરોસે નિશ્ર્ચિંત થઈને બેઠી હતી.

કૃષ્ણ! સ્વયં પર નિયંત્રણ રાખો. આ ઉટપટાંગ વાતો વિચારવાને બદલે ચિંતનને યોગ્ય દિશા આપો. સ્વયંવર કેવી રીતે અટકાવવો, તેના પર ધ્યાન આપો. ખરેખર શું કરું- શું ન કરું, કંઈ સમજમાં નહોતું આવતું. અજીબ હાલત થઈ ગઈ હતી મારી. અંદર બરાબરનો પરેશાન હતો અને બહારથી હસતા રહેવું પડતું હતું. કારણ કે આ સમયે મારો દૃશ્યમાન આત્મવિશ્ર્વાસ જ સહુનો સધિયારો હતો. આવામાં ચિંતન કરું તો પણ કરું કેવી રીતે...? ચિંતન ઉપાય શોધવામાં લગાવું તો પણ બહાર તો વાતચીત કરવી જ પડી રહી હતી. અંતે જ્યારે કંઈ ન સૂઝ્યું તો મેં આમ જ સામે બેઠેલી શૈવ્યાને પૂછી લીધું- શું તું મને એકવાર રુક્મિણી સાથે મળાવી શકે છે.

...શેવ્યાએ હસીને કહ્યુ- સ્વયંવર પહેલાને? જોકે તેણે મજાકમાં જ કહ્યું હતું, છતાં પણ મારી વર્તમાન મનોદશામાં, તેની આ મજાક પણ મને વ્યંગની જેમ ખૂંચી. એવું લાગ્યું કે જાણે તે મારી લાચારીની મજાક ઉડાવી રહી હોય. ત્યાં સુધી કે મનોમન હું તેને કોસતો રહ્યો. અરે, જો સ્વયંવર થઈ જશે તો હું મારી જાતને મળવાનું પણ પસંદ નહીં કરું. ...અને વળી, વિવાહિત રુક્મિણીને શું ધૂળ મળવાનું? ખેર, મેં કોઈ જવાબ ન આપ્યો. ...અથવા સાચું કહું કે આપી જ ન શક્યો. આ બાજુ મારી આવી દયનીય હાલત જોઈને થોડી વાર બાદ શેવ્યા ફરી હસીને આટલી ચિંતા શું કામ કરો છો, ભાઈ! કાલે જ હું રુક્મિણીને સમજાવીને તમને જણાવી દઉં છું.

આ થઈને વાત. કંઈક આવી વાત કર. ...ખરેખર શેવ્યાની આ વાતથી મને ઘણી સાંત્વના મળી. અમારી આ મુલાકાત અહીં જ પૂરી થઈ. તે બંને પાછા રાજમહેલ પરત ફર્યાં. આ બાજુ મારી સાથે સ્વયંવર અટકાવવા આવેલા જવાનોની વાત કરું તો તે બધા પોતપોતાની મસ્તીમાં મસ્ત હતા. કોઈને પોતાના કાર્યનો અહેસાસ જ નહોતો. સાંજના ભોજન પછી પણ નકામા ગપ્પા મારી રહ્યા હતા. સ્વયંવરમાં બે દિવસ બાકી હતા, છતાં પણ એમનામાંથી કોઈ સ્વયંવર અટકાવવાની રણનીતિ પર ચર્ચા કરવા આગળ નહોતું આવી રહ્યું. જોકે એમાં એમની કોઈ ભૂલ પણ નહોતી. તેઓ બધા નિશ્ચિંત હતા કે જરૂર કૃષ્ણ પાસે કોઈ યોજના હશે. જ્યારે યોજના પર અમલ કરવાનું શરૂ થશે, ત્યારે તે પોતે અમને શું કરવું તે કહી દેશે. અહીં પણ ભૂલ મારી જ હતી. મેં વાતાવરણ જ એવું બનાવી દીધું હતું કે બધા નિશ્ચિંત થઈ ગયા હતા. ખબર નહીં કેમ, આ વખતે મારા દરેક પાસા ઊલટા પડી રહ્યા હતા. એ બાજુ રુક્મિણી મારા જ આશ્વાસનને કારણે પ્રસન્નતાથી ફરી રહી હતી, તો આ બાજુ આ લોકો મારી જ ડંફાસને કારણે મસ્ત બનીને ફરી રહ્યા હતા. એટલે કે મેં મારા જ હાથે મારા તમામ મોહરાઓ નકામા બનાવી દીધા હતા. હવે હરીફરીને બચ્યો હતો હું, જેને હાલ કંઈ સૂઝી નહોતું રહ્યું. સ્થિતિ ત્યાં સુધી વણસી ગઈ હતી કે હવે તો મિત્રોની બેફિકર મસ્તી ઉપર પણ મને રહી રહીને ગુસ્સો આવવા લાગ્યો હતો. એ બધા અહીં એવી રીતે ઉત્સવ મનાવી રહ્યા હતા જાણે કે કુંડિનપુર મારી જાનમાં આવ્યા હોય, ...અથવા તો અહીં સહેલગાહે પધાર્યા હોય. અર્થાત્ હવે તો એમને અકારણ આટલા મસ્ત જોઈને પણ મારું હૈયું ચારણી જેવું થઈ રહ્યું હતું. સાચું કહું તો મને તો એમની આ પણ મારી જ મજાક ઉડાવતી હોય તેવું લાગી રહ્યું હતું. કોઈ મારી તકલીફ સમજી જ નહોતું રહ્યું. ...સમજે પણ કેવી રીતે? મેં ક્યારેય કોઈને રુક્મિણી બાબતે કંઈ પણ જણાવ્યું જ નહોતું. મારા મનની વાત મનમાં જ છુપાવીને રાખી હતી ને. બસ, તે બધાનું જ પરિણામ આજે એકસામટું ભોગવી રહ્યો હતો. મેં પોતાને આજ જેટલો લાચાર પહેલા ક્યારેય નહોતો પામ્યો. ઘણું બધું કરવા માંગતો હતો અને કંઈ કરી શકતો નહોતો. આથી જ્યારે મન સંપૂર્ણ રીતે ઊઠી ગયું ત્યારે બધાને છોડીને પાછો મારા કક્ષમાં આવી ગયો. પણ તેનાથી પણ શું થવાનું હતું? અહીં પણ આખી રાત બેચેનીમાં પડખાં બદલતા બદલતા જ વીતી. હવે તો ઉપાયો પર પણ વિચારવાનું બંધ કરી દીધું હતું. પ્રતીક્ષા હતી તો બસ, સવારે શેવ્યાનાં પાછા આવવાની.

...અર્થાત્ સવાર થતાં જ ફરી શેવ્યાની પ્રતીક્ષા શરૂ થઈ ગઈ. ફરી એકવાર એ જ અકળામણે ઘેરી લીધો કે કાલે સ્વયંવર છે અને તેને અટકાવવાનો એક પણ ઉપાય હાથવગો નથી. જ્યાં સમયની આમ પણ ઊણપ હતી, ત્યાં આ બાજુ સવારથી બપોર થઈ ગઈ પણ શેવ્યા આવવાનું નામ જ નહોતી લઈ રહી. મારી બેચેની વધતી જઈ રહી હતી. હું ખૂબ જ વ્યગ્ર થઈ ગયો હતો. આમ સરવાળે આજનો દિવસ તો કાલથી પણ લાંબો થઈ ગયો હતો. કહી શકાય કે જેમ જેમ સ્વયંવરનો સમય નજીક આવી રહ્યો હતો, રુક્મિણી અને મારી વચ્ચેનું અંતર વધતું જ જઈ રહ્યું હતું. હજારો સવાલો ઊભા હતા. પહેલો સવાલ તો આજ હતો કે આટલી કડક સુરક્ષા વચ્ચે શેવ્યા રુક્મિણી સાથે મારી મુલાકાત કરાવશે કેવી રીતે? ચાલો તેણે દૂરથી કરાવી પણ દીધાં, તો પણ તેથી શું વળશે? ચાલો, પળ બે પળની મુલાકાત કરાવી પણ દેશે, તો પણ તેને કહીશ શું? અને આગળ બીજું બધું થશે શી રીતે? આમ સરવાળે મામલો

ગૂંચવાયેલો જ દેખાઈ રહ્યો હતો. હવે જ્યારે સમય જ ખરાબ ચાલી રહ્યો હોય, તો દોષ પણ કોને દેવો? હું આખો દિવસ ઓરડામાં આંટાફેરા મારતો રહી ગયો અને આ બાજુ શેવ્યા આજે પણ શ્ર્વેતકેતુ સાથે સાંજે જ આવી. સાંજે આવી ત્યાં સુધી પણ ઠીક હતું, રાજમહેલમાં કામ રહ્યું હશે. પરંતુ હદ તો ત્યાં આવી ગઈ કે મારી હાલત જોતાં જ એને હસવું આવી ગયું. આમ પણ લાચારો પર દુનિયા હસે છે, આવામાં બહેન પણ હસવા લાગે તો ખોટું શું લગાડવું? અને વળી આમ પણ ઘાયલ આશિકને હરકોઈ પોતાના પર હસતું હોય એવું જ લાગે છે. આ બધી વાતો સમજાવવા માટે સારી હતી, પણ સાચું તો એ જ છે કે તેના હાસ્યએ મારી હાલત વધારે દયનીય કરી મૂકી હતી. અને ઉપરથી મુસીબત એ કે એનું હસવું અટકવાનું નામ જ નહોતું લેતું ...જોકે થોડી વાર પછી શ્ર્વેતકેતુના ટોકવાને લીધે એ સ્વસ્થ થઈ ગઈ. છતાં પણ જ્યારે મોં ખોલ્યું તો તે હસતા હસતા જ ભાઈ! બહેન છે તો શેની ચિંતા કરો છો? સ્વયંવર કાલે સાંજે છે અને સવાર-સવારમાં રુક્મિણી પૂજા માટે મારી અને કેટલીક દાસીઓ સાથે રાજમંદિર જવાની છે. ત્યાંજ હું તમારી મુલાકાત રુક્મિણી સાથે કરાવી દઈશ.

...હું તો આ સાંભળતાં જ ઊછળી પડ્યો. ખરેખર, શેવ્યાએ આ સમાચાર સંભળાવીને મડદામાં પ્રાણ ફૂંકી દીધો. મારા ચૈતન્યએ તત્ક્ષણ યુદ્ધના ધોરણે કામ કરવાનું શરૂ કરી દીધું. આજ કારણે મેં પૂર્ણ ઉત્સાહમાં શેવ્યાને કહ્યું- એક વાત કહો, મંદિર કેટલું મોટું છે? ક્યાં છે? અને રાજમહેલથી કેટલું દૂર છે?

...રસ્તો હાથ શું લાગ્યો કે મેં પ્રશ્ર્નોની ઝડી વરસાવી દીધી. શેવ્યાએ પણ ક્ષણનાય વિલંબ વિના કહ્યું- આ રાજમંદિર રાજમહેલની પાછળના નદી કિનારે આવેલું છે. મંદિર નાનું છે, પણ તેનું પ્રાંગણ ઘણું મોટું છે. અને મંદિરમાં પ્રવેશવા માટે એક જ દ્વાર છે.

મેં કહ્યું- ઠીક છે. શું તું મને એ કહી શકે છે કે તે સમયે તમારી સાથે કેટલા સૈનિકો હશે?

શેવ્યાએ શ્ર્વેતકેતુ તરફ જોઈને કહ્યું- આનો જવાબ કદાચ એ જ વધુ સારી રીતે આપી શકશે.

શ્ર્વેતકેતુએ તરત કહ્યું- લગભગ સો સૈનિક મારા જ નેતૃત્વમાં રુક્મિણી સાથે જવાના છે.

મને તો મારા ભાગ્ય પર વિશ્ર્વાસ જ નહોતો આવી રહ્યો. કદાચ કુદરતે પણ રુક્મિણીને બચાવવાનું નક્કી કરી દીધું હતું. એટલે જ તો શ્ર્વેતકેતુની સુરક્ષામાં રુક્મિણી મંદિરે જઈ રહી હતી, અને તે પણ પોતાની ખાસ સહેલી શેવ્યા સાથે. અર્થાત્ રુક્મિણી સાથે મુલાકાતનો તખ્તો તૈયાર થઈ ગયો હતો અને તે પણ જીવ જોખમમાં નાખ્યા વિના. અને હવે જ્યારે કુદરતે માર્ગ આટલો મોકળો કરી દીધો છે, તો આગળનો રસ્તો પણ એ બતાવી જ દેશે. મેં શેવ્યા અને શ્ર્વેતકેતુનો આભાર માન્યો. ...આ સમયે હું સંપૂર્ણ રીતે ઝૂમી ઊઠ્યો હતો. આ બાજુ મને આ રીતે ખુશ જોઈને શેવ્યાએ કહ્યું પણ કે ભાઈ, એક વાત કહું. ...તમે ઉદાસ હોવ છો ત્યારે બિલકુલ સારા નથી લાગતા.

...મેં પણ મનોમન વિચાર્યું, કોણ કમબખ્ત ઉદાસ રહેવા માંગે છે? પણ જ્યારે પ્રાણ-પ્યારીનો પ્રાણ જ કંઠે આવ્યો હોય તો ભલા કોઈ કેવી રીતે હસી શકે? ખેર, આજે શેવ્યા અને શ્ર્વેતકેતુ જલ્દીથી પાછા ગયા. આમ પણ આજે એમનું વધારે રોકાવું ઠીક નહોતું. આ બાજુ તેમના જતા જ, હું ઝડપથી હરકતમાં આવી ગયો. શેવ્યાના એક સમાચારથી મારું 'કૃષ્ણપણું' પાછું આવી ગયું હતું. મેં તરત જ બધાને ભેગા કર્યા, અને મધ્ય રાત્રિ સુધીમાં લાવ-લશ્કર સાથે સહુને તૈયાર રહેવા માટે કહ્યું. મારી આ પ્રકારની સૂચનાથી કદાચ સહુને પહેલી વાર પોતાના આવવાનો હેતુ યાદ આવ્યો હોય એવું લાગ્યું. અરે હા, અમે બધા તો 'રુક્મિણી-સ્વયંવર' અટકાવવા આવ્યા છીએ. ...તો પછી? ક્યારના નાહકની ઠઠ્ઠા-મશ્કરીમાં લાગ્યા હતા. ચાલો, દેર આયે દુરુસ્ત આયે. અને તેનું પ્રમાણ એ કે બધા તરત ઘોડા અને રથ તૈયાર કરવામાં અને હથિયાર સાબદા કરવામાં લાગી ગયા. અને આ બાજુ હું કમાલ કરી બેઠો. વાત કાંઠે આવતી જોઈને ચૂપચાપ બધાને છોડીને સપનાં જોવા ઓરડામાં પાછો ફર્યો.

હશે! આ સમયે હું મારી વાત કરું તો મારા ઉત્સાહે આકાશ આંબી લીધું હતું. કાલે મારી

પ્રાણપ્યારીનાં દર્શન થવાનાં હતા. પરંતુ દર્શનથી શું થશે, તારે તો તેને જરાસંધ અને શિશુપાલના સકંજામાંથી મુક્ત કરાવવાની છે. હા, તો જ્યારે આટલો માર્ગ નીકળ્યો છે, તો એનો રસ્તો પણ નીકળી જશે. નાહક શું કામ મને ચિંતામાં નાખીને સપનાંમાં વિઘ્ન પહોંચાડી રહ્યા છો? સ્વયંવર અટકશે અને અવશ્ય અટકશે. આ મારા જીવનનો સહુથી મોટો દિવસ હશે. ...કદાચ કાલના ભવ્ય પ્રદર્શન બાદ રુક્મિણી પણ મને ચાહવા લાગે. બની શકે છે કે એક જ ઝટકામાં મારું સહુથી મોટું સપનું સાકાર થઈ જાય. ...કાલ પછી કૃષ્ણ 'કૃષ્ણ' જ થઈ જાય. મજા એ છે કે આશરો એકેય નહોતો, પરંતુ મેં તમામ સકારાત્મક સપનાં જોવાનું શરૂ કરી દીધું હતું. ...હવે કાલે ઉઠીને કંઇ ન થઈ શક્યું તો આમ પણ રોવાનું જ છે. પછી આજે પણ રોઉં અને કાલે પણ રોઉં, એવો મૂર્ખ થોડો જ છું? અને વળી કર્મ તો કરી જ રહ્યો છું. અને જ્યારે કર્મ કરી રહ્યો છું તો ફળ પણ સફળતા અને અસફળતાના રૂપમાં આવવાનું જ છે. જ્યારે અડધી સંભાવના સકારાત્મક છે તો હું શા માટે અત્યારથી જ સકારાત્મક ન થઈ જાઉં? બસ, આજ વિચારોમાં રાત ક્યારે પડી ગઈ, કંઇ ખબર ન પડી.

બસ, હું સપનાં જોવાનું અને ચિંતન કરવાનું છોડીને જ્યાં બધા એકઠા થયા હતા, ત્યાં પહોંચી ગયો. તત્ક્ષણ અમે બધા સ્થાનિક લોકોની વેશભૂષા ધારણ કરીને તૈયાર થઈ ગયા. અને જોતજોતામાં, સમય બગાડ્યા વિના અમે લોકો દસ દસની ટુકડીઓ બનાવીને મંદિરની ચારે બાજુ ફેલાઈ ગયા. એટલું જ નહીં, ક્યારેય પણ, કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તમામ સારથિ પોતપોતાના રથ ઉપર તૈયાર જ બેઠા હતા. આજની રાત કયામતની રાત હતી, અને સવાર તેનાથી પણ મોટી કયામત લઈને આવવાની હતી, એ નક્કી હતું. ત્યાંજ, જો ફક્ત મારી વાત કરું તો મને તો લગભગ બે વરસ પછી ફરીથી મારી સપનાંની રાણીનાં દર્શન થવાના હતા. સામાન્ય પરિસ્થિતિ હોત તો કદાચ હજી પણ સપનાંમાં જ ખોવાયેલો રહેત, પણ અત્યારે એ પાલવે એમ નહોતું. આજે પહેલી વાર અહેસાસ થઈ રહ્યો હતો કે કયામતનો સમય નજીક આવતા જ સપનાં જોવાનું પણ કેટલું કપરું બની જતું હોય છે.

ખેર! હું સ્વયં મંદિરની નજીક એક મોટા વૃક્ષની પાછળ સંતાયેલો હતો. પ્રતીક્ષા હતી તો બસ, સવાર થવાની જ. આ સમયે મારી અંદર-બહાર, બંને જગાએ સંપૂર્ણ મૌન હતું. સમગ્ર અસ્તિત્વ પર ચૂપકીદી છવાઈ ગઈ હતી. એ તરફ પોતાના સમયે જ સૂર્યનું પહેલું કિરણ પણ ઊગી નીકળ્યું. આજનો સૂર્યોદય જીવનમાં કેવી હલચલ મચાવશે એ ખબર નહોતી. પણ હા, આ પાર કે ઓ પાર, આજે મારા જીવનનો નિર્ણય થશે એ નક્કી હતું. કાં તો સ્વયંવર અટકાવીને હંમેશાં માટે રુક્મિણીનાં દિલો-દિમાગ પર છવાઈ જઈશ, અથવા પછી આજે મારી પ્રાણપ્યારી હંમેશને માટે કોઈ બીજાની થઈ જશે. જોકે હાલની પરિસ્થિતિમાં મારે માટે રુક્મિણી વિનાનાં જીવનની કલ્પના કરવી જ અશક્ય હતી. અને જો રુક્મિણીને શિશુપાલ જેવા દુષ્ટ સાથે જીવન વીતાવવું પડે તો મારા પ્રેમનો શું અર્થ? તો પછી મારી આટલી વીરતા અને બુદ્ધિમાનીનો શું ફાયદો? ચોક્કસપણે આજની સવાર દરેક રીતે ન માત્ર કસોટીની સવાર હતી, પરંતુ મારા જીવનના નિર્ણયની પણ ઘડી હતી. અને આજ કારણ હતું કે સવાર સુંદર હોવા છતાં પણ મને પ્રભાવિત કરવામાં અસફળ હતી. કારણ કે મારા જીવનની સુંદર સવાર તો સ્વયંવર અટકાવવાથી જ પડવાની હતી. હશે, હાલ તો રુક્મિણી અહીં કોઈપણ સમયે આવે એમ હતી. હું સંપૂર્ણ રીતે સાવધ હતો. દારુક મારી પડખે જ ઊભો હતો. મારા સપનાની રાણી ગમે ત્યારે પ્રકટ થવાની હતી. તે એક પળમાં જીવનના બધા નિર્ણયો થઈ જવાના હતા. પ્રતીક્ષા વધારે લાંબી નહોતી, છતાં પણ મામલો એટલો નાજુક હતો કે એકેક પળ મહિનાઓ જેવી ભારે લાગી રહી હતી.

...અંતે કયામતની પળ આવી જ ગઈ. પીળા રંગની રેશમી સાડીમાં સજ્જ રુક્મિણી આવી પહોંચી. એવું લાગી રહ્યું હતું કે જાણે સુંદર સવારની પાછળ પાછળ જ ક્યાંકથી ચાંદ નીકળી આવ્યો હોય. પીળી રેશમી સાડીમાં રુક્મિણી સાક્ષાત્ દેવી લાગી રહી હતી. આ સમયે તે હજારો અપ્સરાઓનાં

સૌંદર્યથી પણ ચઢિયાતી લાગી રહી હતી. નિશ્ચિતપણે આજે ‘ચાંદ’ સૂર્ય કરતાં વધારે ચમકદાર હતો. આવામાં મારા જેવા ગોવાળનું તો કહેવું જ શું? રુક્મિણીની સુંદરતા અને તેજ, બંનેએ મળીને પૂરેપૂરી રીતે મારા હોશ ઊડાડી મૂક્યા હતા. ...હું તો અત્યારે સમૂચો ‘રુક્મિણીમય’ થઈ ગયો હતો. અત્યંત ઉત્તેજિત પણ થઈ રહ્યો હતો. મારું મન રુક્મિણીને પામવા માટે એકદમ વ્યાકુળ થઈ ઉઠ્યું હતું. હું સંપૂર્ણ રીતે સંજ્ઞા-શૂન્ય થઈ ગયો હતો. મારા રોમરોમમાંથી ‘રુક્મિણી... રુક્મિણી’ના પોકાર નીકળી રહ્યા હતા. હું જાત પરનો કાબૂ પૂર્ણપણે ગુમાવી બેઠો હતો. એ બાજુ શ્વેતકેતુએ પણ અમારી મુલાકાત માટેનો રસ્તો બિલકુલ સાફ કરી દીધો હતો. તેણે સૈનિકોને મંદિરની બહાર જ રોકી દીધા હતા. આ બાજુ શેવ્યા રુક્મિણીની સાથોસાથ જ ચાલી રહી હતી. તેની પાછળ હાથમાં થાળ લઈને છ દાસીઓ ચાલતી આવી રહી હતી.

...અચાનક મેં દારુકને રથ લાવવા કહ્યું. હું તરત રથની પાછળ બેસી ગયો. મેં તત્ક્ષણ દારુકને રથ રુક્મિણીની નજીક લઈ જવાનો ઈશારો કર્યો. હજી રુક્મિણી મંદિરની સીડીઓ ચઢી જ રહી હતી. આ શું... જેવો મારો રથ રુક્મિણીની નજીક પહોંચ્યો, મેં તત્ક્ષણ રુક્મિણીને ઉઠાવીને મારા રથમાં બેસાડી લીધી [16] . રુક્મિણી બૂમો પાડતી રહી. એને કંઈ સમજ જ નહોતું પડી રહ્યું. કદાચ બદલાયેલી વેશભૂષાને કારણે તે મને નહોતી ઓળખી શકતી. હોશ મારા પણ ઊડી જ ગયા હતા. પણ પછી તો કોણ જાણે મને શું સૂઝ્યું કે મેં તરત દારુકને રથ દ્વારકા તરફ મારી મૂકવા કહ્યું. ત્યાંજ જતા-જતા, મેં ભાઈ અને સાત્યકિને પણ સૂચન કર્યું કે સામનો થાય તો તેઓ અહીંના સૈનિકોને ઓછામાં ઓછું બપોર સુધી અહીં જ રોકી રાખે, જેથી મારો રથ એટલો આગળ જતો રહે કે પછી મને પકડી શકવાની કોઈ શક્યતા ન રહે. સાથે જ શેવ્યા અને શ્વેતકેતુને પણ પોતાની સાથે ચોક્કસ લઈ આવવાનું કહ્યું.

...આ બાજુ પોતાના પર થયેલા અચાનક હુમલાને જોઈને, રુક્મિણી સ્વાભાવિક રીતે મદદ માટે બૂમો પાડી ઊઠી. મેં સાવધાનીવશ તરત જ મારો હાથ તેના મોં પર રાખી દીધો. આમ તો સવાર સવારનો સમય હતો, છતાં પણ રાજકુમારી મદદ માટે પોકાર કરે તો કંઈ પણ થઈ શકે તેમ હતું. જોકે આ બધું ગણત્રીની ક્ષણોમાં જ બની ગયું હતું. હવે તો અમારો રથ હવા સાથે વાતો કરી રહ્યો હતો. થોડીક જ વારમાં અમે કુંડિનપુરની સીમા પાર કરી ચૂક્યા હતા. દારુક આમ પણ મારા સહિત આર્યાવર્તના કેટલાક શ્રેષ્ઠ સારથિઓમાંનો એક હતો. આ બાજુ કુંડિનપુરની સીમા પાર કરતાં જ મેં પણ રાહતનો શ્વાસ લીધો. કારણ કે હવે એ નક્કી થઈ ગયું હતું કે થઈ ગયું છે. અને તેનું અપહરણ કરવાવાળું બીજું કોઈ નહોતું, હું જ હતો. મારી રુક્મિણી મારી પાસે જ બેઠી હતી.

...આ હરણ અનાયાસે જ થયું હતું. હું વિચારવા લાગ્યો હતો કે આ મેં શું કર્યું? રુક્મિણીએ તો સ્વયંવર અટકાવવા માટે બોલાવ્યો હતો અને મેં તેનું હરણ જ કરી લીધું. ક્યાંક મેં તેની સાથે વિશ્વાસઘાત તો નથી કર્યો ને? પરંતુ હું શું કરત... હું પણ દિલના હાથે મજબૂર થઈ ગયો હતો. આજે એને પીળા રંગનાં રેશમી વસ્ત્રોમાં જોઈને હું જાત પરનો કાબૂ સંપૂર્ણ રીતે ગુમાવી બેઠો હતો. મારો અહંકાર તેને પામવા માટે વ્યાકુળ થઈ ઉઠ્યો હતો. રુક્મિણીને પામવાની ઈચ્છા એટલી ઉત્કટતા સાથે થઈ હતી કે આજે મારા મન અને બુદ્ધિ જ નહીં, મારો દ્રષ્ટા પણ અહંકારની ઈચ્છા સામે નત-મસ્તક બની ગયો હતો. વાસ્તવિકતા એ છે કે મેં રુક્મિણીનું હરણ કર્યું જ નહોતું, આ હરણ તો મારાથી થઈ ગયું હતું. અને ચોખ્ખે ચોખ્ખું કહું તો નિર્વિચાર અવસ્થામાં પળભરમાં જ આ બધું બની ગયું હતું. અને જે પણ વિના વિચાર્યે, ક્ષણિક ચેતનાથી થાય છે, કુદરત હંમેશાં આવા કર્મોમાં સાથે હોય જ છે.

...અને વળી મેં હરણ કરી લીધું તો શું થયું? રુક્મિણીને શિશુપાલ જેવા દુષ્ટથી તો બચાવવાની જ હતી. રુક્મિણીએ સ્વયં મને આ કાર્ય માટે બોલાવ્યો હતો. અને જે પરિસ્થિતિ હતી, તેમાં તેને બચાવવા માટે આના સિવાય બીજો કોઈ માર્ગ જ ક્યાં હતો? આમ પણ હું શિશુપાલથી તો દરેક રીતે સારો જ હતો. એટલું જ નહીં, મને તો રુક્મિણીને પામવાનો સંપૂર્ણ અધિકાર પણ હતો. છેલ્લા દસ

વરસથી હું તેના પ્રેમના ભરોસે જ તો જીવી રહ્યો છું. દિવસ-રાત મેં એના સપનાં જોયા છે. રુક્મિણી સાથે મને સાચો પ્રેમ છે. અને સાચો પ્રેમ બધા અધિકાર આપી જ દે છે. આ જ બધું વિચારીને હું હવે સંપૂર્ણ રીતે શાંત થઈ ગયો હતો. અને શાંત થતાં જ મારા ધ્યાનમાં આવ્યું કે આ શું, મારો હાથ તો હજી પણ રુક્મિણીના મોં પર દબાયેલો જ છે. આમ પણ આ સમયે અમારો રથ જંગલ તરફ દોડી રહ્યો હતો, વસ્તીઓ પણ સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ ગઈ હતી, ત્યાંજ રુક્મિણીનો વિરોધ પણ સાવ ઓછો થઈ જ ગયો હતો. ...કદાચ એટલા માટે કે એણે મને ઓળખી પણ લીધો હતો; બસ, મેં મારો હાથ તેના મોં પરથી હટાવી લીધો.

...આ બાજુ હરણને લઈને હું જેટલો ચકિત હતો એટલો જ ચકિત દારુક પણ હતો. છતાં પણ તેણે પોતાનું ધ્યાન રથ દોડાવવામાં પરોવી રાખ્યું હતું. આ બધું તો ઠીક, પરંતુ રુક્મિણીના મોં પરથી હાથ હટતા જ તે ફરી વિરોધ પર ઊતરી આવી. અને તેના આ વિરોધથી એ તો નક્કી થઈ જ રહ્યું હતું કે તે હજી પણ મારાથી ઘણી દૂર છે. થવા દો, એનું એ જાણે, પરંતુ આ સમયે મારી પ્રસન્નતાનો કોઈ પાર નહોતો. સાચું જ તો છે, સ્વયંવર તો હવે ઠેરનો ઠેર રહી જ ગયો હતો. રુક્મિણીને શિશુપાલના પંજામાંથી મુક્ત કરાવી જ ચૂક્યો હતો. જરાસંધને ફરી એકવાર પરાજય પણ આપી જ ચૂક્યો હતો. રુક્મિણીનું જીવન બરબાદ થવાથી પણ બચાવી જ ચૂક્યો હતો. આથી તે સમજે કે ન સમજે, મને તો મારું કર્તવ્ય નિભાવ્યાની ખુશી હતી જ. અને વળી જેના દસ વર્ષથી સપનાં જોયા હોય... તે પહેલી વાર તમારી બાજુમાં સમકક્ષ બેઠી હોય, તો ભલા કોણ ખુશ ન થાય?

બસ, આજ ખુશીમાં મેં બાજુમાં બેઠેલી રુક્મિણી પર ત્રાંસી નજર નાખી. જોકે નજર ફેરવતા જ બધી મજા ઓસરી ગઈ. રુક્મિણીની વધતી નારાજીએ મારો બધો કેફ ઉતારી દીધો. એટલું જ નહીં, તેની આ કસમયની નારાજગીએ તમામ ખુશી કોરાણે મૂકીને, મને એક ઊંડા વિચારમાં ગરકાવ થવા માટે મજબૂર કરી દીધો. ક્યાંક ખરેખર રુક્મિણીને સમજવામાં મારાથી કોઈ ભૂલ તો નથી થઈને...? ક્યાંક મારાથી કોઈ ભૂલ તો નથી થઈ ને? આમ તો કૃષ્ણથી ભૂલ થાય જ નહીં. શું તે શિશુપાલ સાથે જીવન વીતાવવાથી ખુશ રહી શકવાની હતી? ...કદાપિ નહીં. રુક્મિણી તો ઘેલી છે, સમજી નથી રહી. કંઇ વાંધો નહીં..., થોડી જ વારમાં તેને પણ સમજાવી લેવામાં આવશે. પરંતુ સમજાવું કેવી રીતે? મહારાણી પણ ઓછી માયા તો હતી નહીં. મોં પરથી મારો હાથ હટાવ્યે ઘણો સમય થઈ ગયો હતો, છતાં પણ મોંમાંથી કંઇ બોલી નહોતી રહી. બસ, પોતાની આંખોથી જ નારાજગી વ્યક્ત કરી રહી હતી. તો હું પણ ક્યાં ઓછો હતો? માસૂમિયતનો અંચળો ઓઢીને એવી રીતે બેઠો હતો કે જાણે કંઇ સમજતો જ ન હોઉં. બીજી બાજુ રથ પોતાની પૂરપાટ ગતિથી દોડે જ જઈ રહ્યો હતો. સ્વાભાવિક રીતે અત્યારે રથ પર મૌન સવાર થઈ ગયું હતું.

પરંતુ આ બધું ક્યાં સુધી ચાલત? અંતે રુક્મિણીએ મૌન તોડ્યું. એ તો આમ પણ એણે જ તોડવાનું હતું. આટલું મોટું પગલું ભર્યા પછી, હું તો કંઇ બોલવા જેવો રહ્યો નહોતો. એની નારાજગી જોઈને મારી તો બોલતી જ બંધ થઈ ગઈ હતી. ત્યાં એણે પણ મોં ખોલ્યું તો નારાજગી વ્યક્ત કરવા માટે જ. તો આમ પણ તે બીજું શું કરત? મારા આવાં કામ બદલ કંઇ શિરપાવ તો આપવાની નહોતી. આથી દુખિયારી આ શું કર્યું કૃષ્ણ તમે? મેં તમને સ્વયંવર અટકાવવા બોલાવ્યા હતા, તમે તો હરણ જ કરી લીધું? ...મને દગો દીધો?

ધારણા હોવા છતાં પણ ક્ષણભર તો હું સ્તબ્ધ જ થઈ ગયો. ...લ્યો, મોં ખોલ્યું તો પણ કોસવા માટે. જોકે એક વાત માટે તેની પ્રશંસા કરવી પડશે કે આટલું બધું થવા છતાં પણ તેનો આત્મવિશ્વાસ રત્તીભાર જેટલો પણ ડગ્યો નહોતો. આ સમયે પણ તેની વાણીમાં ગજબની છટા હતી. ખેર, હવે આ સમયે રિસાયેલી રુક્મિણીને શું કહું...? બીજી પરિસ્થિતિ હોત તો એકદમ અકડાઈને કહી દેત કે આજ તો એ અદાઓ છે, જે કૃષ્ણને ગંભીર રીતે ઘાયલ કરી દે છે. ચાલો, ભલે આટલી

નફ્ફટાઈ તો નહીં, પણ થોડું કૃષ્ણપણું તો બતાવવું જ પડશે. જ્યારે રાણી આત્મવિશ્વાસ દેખાડવાની જિદ્દ ભરાઈ છે, તો ભલા રાજા કેવી રીતે પાછળ રહી શકે છે? તેની સ્પષ્ટ નારાજગી જાણવા છતાં હું પણ બિલકુલ ડગ્યો નહીં, ઊલટું એકદમ શાંત ભાવથી પ્રત્યુત્તર આપતા બોલ્યો- રુક્મિણી! તારું વિચારવું તારા મતે બરાબર હોઈ શકે છે, પરંતુ સત્ય નથી. સત્ય એ છે કે આ હરણ મેં કર્યું નથી, મારાથી અનાયાસે થઈ ગયું છે. આજે હું તારી પાસે બીજું એક સત્ય સ્વીકારવા ઇચ્છું છું કે મથુરામાં જ્યારથી મેં તને પહેલી વાર જોઈ હતી ત્યારથી હું તારી પાછળ ઘેલો થઈ ગયો હતો. સાચું કહું તો આ દ્વારકા સુધીની સફર પણ હું મારા એકતરફી પ્રેમને કારણે જ ખેડી શક્યો છું. મારી તમામ પ્રગતિ તારા પ્રેમની પ્રેરણાને કારણે જ છે.

અનાયાસે જ મારા મુખેથી આ બધી વાતો સાંભળીને તે ચકિત રહી ગઈ. એકદમ વિસ્મયસભર નજરે મને જોવા લાગી. હું પણ આશાભરી આંખે તેની તરફ જોઈને મલકાવા લાગ્યો. ખબર નહીં એ શું અને કેટલું સમજી, પણ મારી વાતની એની ઉપર થોડી સકારાત્મક અસર પડી હોય, તેવું જરૂર લાગ્યું. તેનો ક્રોધ પણ થોડો શાંત પડી રહ્યો હોય તેવું દેખાયું. મારે માટે આજ પર્યાપ્ત હતું. મેં આને મારા પ્રેમ અને સચ્ચાઈની પહેલી જીતના સ્વરૂપમાં જોયું. આ સાથે જ, ન માત્ર મારો આત્મવિશ્વાસ સંપૂર્ણ રીતે પાછો ફર્યો, પરંતુ હું પૂરા ઉત્સાહથી પણ છલકાઈ ગયો. આ બાજુ થોડી સ્વસ્થતા આવતા જ રુક્મિણીએ એક તીક્ષ્ણ સવાલનું તીર છોડ્યું. તેણે સંપૂર્ણ ગંભીરતા સાથે કહ્યું- તમારો પ્રેમ પોતાની જગા પર છે, પણ તેનાથી તમે આ હરણને કેવી રીતે ન્યાયોચિત ગણાવશો...?

હું ખુશ થયો. ચાલો એણે સંવાદનું દ્વાર તો ખોલ્યું, તે પણ સીધા અને ગંભીર સવાલથી. હું હજી વધારે વિશ્વાસથી છલકાઈ ગયો. બસ, આજ ઉત્સાહ અને આત્મવિશ્વાસના સહારે, મેં વાતને આગળ વધારતા કહ્યું- આમ જો સમજવામાં આવે તો તે મને જે અધિકારથી અહીં બોલાવ્યો હતો, તે તારો પ્રેમ નહીં તો બીજું શું હતું? અને વળી મેં જે કંઈ પણ કર્યું તે અંતિમ ઉપાય તરીકે જ કર્યું. વિચાર, આખરે કેટલી વાર સ્વયંવર ટાળી કે અટકાવી શકાવાનો હતો? બની શકે કે બીજી વાર સ્વયંવર રાખ્યા વિના બળજબરીથી તને શિશુપાલને ગળે બાંધી દેવામાં આવત. એ પણ વિચાર કે જો હું પણ સ્વયંવરમાં આમંત્રિત હોત તો તું મારા કે શિશુપાલમાંથી કોને પસંદ કરત? ચોક્કસપણે તારી પાસે પસંદગીની સ્વતંત્રતા હોત તો તું મારી જ પસંદગી કરત. તો સમજી લે, કે અત્યારે પણ આજ થયું છે. હું વિશ્વાસ અપાવું છું કે મારાથી બનતી દરેક કોશિશો કરીને હું તને હંમેશાં પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરીશ.

રુક્મિણી મારી બેબાક વાતો સાંભળીને અવાક્ થઈ ગઈ. તે એકીટશે મારી તરફ જોવા લાગી. તે મારા એક-એક શબ્દ, મારા એક-એક હાવભાવને સમજવાનો પ્રયત્ન કરી રહી હતી. કદાચ મહારાણી આ આશિક ગોવાળની પરીક્ષા લઈ રહી હતી. ...કે બાકી બધું તો ઠીક, પણ મહારાજ મારા લાયક છે કે નહીં? આમ તો જીવનની મોટી મોટી પરીક્ષાઓમાં સફળ થઈ ચૂક્યો હતો, પરંતુ આ પરીક્ષામાં જીતવાથી વધુ જરૂરી બીજું કશું ક્યારેય નહોતું. જોઈએ આજે આ મહત્ત્વપૂર્ણ પરીક્ષામાં શું થાય છે? સ્વાભાવિક રીતે આ પરીક્ષાનું પરિણામ જાણવા માટે હું પણ ખૂબ આશાભરી નજરે તેની તરફ જોઈ રહ્યો હતો. તે એટલી બુદ્ધિશાળી તો હતી જ કે મારી વાત અને વર્તમાન પરિસ્થિતિ, બંનેને સંપૂર્ણ રીતે સમજી શકે. આમ સરવાળે ધીમેધીમે જ ભલે, હું પરીક્ષામાં સફળતા તરફ આગળ વધી રહ્યો હતો. મારી ચોખવટ પછી, ધીમે ધીમે તેનો વિરોધ અમુક હદ સુધી ઢીલો પડી રહ્યો હતો. ભલે તનથી નહીં, પણ મનથી ધીમે ધીમે તે મારી થઈ રહી હતી. પરંતુ ચૂપકીદીનું આવરણ તે હજી પણ ઓઢીને બેઠી હતી. કદાચ જાતને મનાવવાના પ્રયત્નમાં લાગેલી હતી. તો મનાવી લે, અને સારી રીતે મનાવી લે; મને પણ ક્યાં જલ્દી છે? રસ્તો તો અમે દ્વારકાનો જ પકડ્યો છે.

...અંતે જલ્દીથી આ પ્રતીક્ષાનો પણ અંત આવી ગયો. થોડી વારનાં મૌન પછી તે એકદમ

વિચારશીલ મુદ્રા બનાવીને કદાચ તમે જે કર્યું છે તે યોગ્ય જ છે; પરંતુ કોઈપણ છોકરીનું સ્વયંવરમાંથી હરણ થવું રાજમહેલની બદનામી છે. મારી તો ઠીક, પણ મને હવે પિતાજી અને દાદાજીની ચિંતા સતાવી રહી છે.

...આ તો ગઢ જ જીતી લીધો. વાત જાત પરથી હટીને કુટુંબીજનોની ચિંતા પર જઈ પહોંચી. એટલે કે એની સહમતિ સધાઈ ગઈ હતી. બસ, મેં પણ સારા દેખાવા અને સમજદારી દેખાડવાના પ્રયત્નરૂપે ઝડપથી કહ્યું- ચોક્કસપણે એક છોકરીનું હરણ રાજમહેલની આબરૂ ધૂળમાં મેળવી દે છે. પરંતુ આ સ્વયંવર જરાસંધ, શિશુપાલ અને રુક્મી યોજી રહ્યા હતા. અને બધા જાણે છે કે તારી સુરક્ષાની જવાબદારી પણ એમની જ હતી. વિશ્ર્વાસ કર કે આ રીતે તો તારું હરણ એ જરાસંધ અને શિશુપાલનું અપમાન છે, કુંડિનપુરના રાજમહેલનું જરાય નહીં. જ્યાં સુધી પિતાજી અને દાદાજીની ચિંતાનો સવાલ છે, મારા વિચારથી એક પિતા પોતાની દીકરી માટે સારો જીવનસાથી ઇચ્છે છે. ભલેને હું સ્વયંને આર્યાવર્તનો શ્રેષ્ઠ વર ન માનું, છતાં પણ મહારાજ ભીષ્મક તથા દાદા કૈશિક મને શિશુપાલથી સારો તો માનશે જ. આથી હું એ દાવા સાથે કહી શકું છું કે તેઓ દુ:ખી નહીં થાય, ઊલટા પ્રસન્ન જ થશે.

રુક્મિણી એક સમજદાર અને વ્યવહારુ છોકરી હતી. મારી વાતોનો સાર સમજવામાં તેને જરા પણ સમય ન લાગ્યો. અને તેની સાથે જ તેના તમામ સવાલો, શંકાઓ અને ચિંતાઓનો અંત આવી ગયો. હું ઘણો ખુશ હતો. મારા સપનાંની રાણી ન માત્ર મારી પાસે બેઠી હતી, પરંતુ હવે તો મારી પણ થઈ ચૂકી હતી. તમને સાચું કહું તો હું છેક હવે તેને ઉપરથી નીચે સુધી જોવાની હિંમત એકઠી કરી શક્યો હતો. હજુ સુધી તો તેની સામે આંખ મિલાવવાની હિંમત સુદ્ધાં નહોતી થઈ રહી. એ તરફ તેણે પણ આટલી યાત્રા સાથે વીતાવ્યા બાદ, હવે પહેલી વાર મને ધ્યાનથી જોયો હતો. અને આ સમયે તો એ ન માત્ર જોઈ રહી હતી, પરંતુ ઉપરથી નીચે સુધી મારું નિરીક્ષણ પણ કરી રહી હતી. કદાચ મને તોલી રહી હતી કે ક્યાંક મારી પાસે મદદ માંગીને તેણે ખોટનો સોદો તો નથી કરી લીધોને? ...બીજી બાજુ મારી હાલત જણાવું તો હું તો સંપૂર્ણ રીતે તેની સુંદરતા અને નિર્દોષતાના વશમાં આવી ગયો હતો. હું ઘણો ઉત્તેજિત પણ થઈ ગયો હતો. આમ પણ એક હદ સુધી તો હું રુક્મિણીને પામી જ ચૂક્યો હતો, પરંતુ છતાં પણ મારું મન તેને પૂર્ણ રીતે પામવા માટે અતિ વ્યાકુળ થઈ ગયું હતું.

જોકે આ સમયે તેની તબિયતને નજરઅંદાજ કરી શકાય તેમ નહોતી. સ્વાભાવિક રીતે જબરદસ્તીના સ્વયંવરનો માનસિક બોજ તે પાછલા ઘણાં મહિનાઓથી ઉઠાવી રહી હતી, ઉપરથી અચાનક થયેલા આ હરણે તેને સંપૂર્ણ રીતે થકવી દીધી હતી. અચાનક કોણ જાણે શું થયું કે તે વારંવાર મૂર્છિત થવા લાગી. કદાચ માનસિક દબાણ હદ વટાવી જવાનું આ પરિણામ હતું. આ બાજુ તેની આ સ્થિતિ જોઈને મારો જીવ બળતો હતો. મેં વિચાર્યું, થોડાં ફળ વગેરે ખાઈ લે તો થોડી તાકાત આવી જાય, થોડી રાહત અનુભવાય. પરંતુ તેનું મન કંઇ ખાવા-પીવા માંગતું નહોતું. બીજો ઉપાય આરામ હતો, જેનાથી તેને થોડી રાહત થઈ શકે તેમ હતી. પરંતુ રથને રોકવો હજી જોખમ વહોરવા સમાન હતું. ત્યાં કોઈ આશ્રમ વગેરેમાં પણ આ સમયે આશરો લઈ શકાય તેમ નહોતું. ઘાયલ જરાસંધ અને પાગલ રુક્મીનો શો ભરોસો? એવું બની જ શકે કે તે મને રોકવા માટે મારો પીછો કરે. કારણ કે પ્રચલિત પરંપરા અનુસાર, જ્યાં સુધી હું રુક્મિણીને લઈને સલામતી સાથે દ્વારકા સુધી પહોંચી ન જાઉં ત્યાં સુધી આ હરણને વિવાહ માની શકાય તેમ નહોતું. ચાલો, આ ચિંતા છોડું તો પણ રુક્મિણીની ચિંતા તો મારે કરવાની જ હતી. જો અમે પકડાઈ ગયા, તો આવામાં તે લોકો મારી સાથે તો જે કરવું હશે તે કરશે જ, રુક્મિણીને પણ શિશુપાલના ગળે અવશ્ય બાંધી દેવામાં આવશે. રુક્મિણીની અત્યારની હાલતથી સ્પષ્ટ હતું કે આવામાં એ જ પૂરી થઈ જશે. આનો એ અર્થ પણ સ્પષ્ટ હતો કે આ હરણ મારા કરતાં રુક્મિણી માટે ઘણું વધારે જરૂરી હતું. હવે તે માને કે ન માને એ જુદી વાત છે, પરંતુ કૃષ્ણથી બીજાનું કાયમ માત્ર ભલું જ થઈ શકે છે.

ખેર! ઉપરોક્ત તમામ વાતોનો સાર એ કે રુક્મિણીની હાલત યાત્રા કરી શકે તેવી જરાય નહોતી, છતાં પણ યાત્રા ચાલુ રાખવી એ મારી મજબૂરી હતી. ...આથી અમારી યાત્રા ચાલુ હતી. બપોર માથે ચઢી ગઈ હતી. પરંતુ આજે રથને સવાર-બપોર-સાંજ સાથે કોઈ લેવા-દેવા નહોતી; એણે તો આજે બસ, દોડતા જ રહેવાનું હતું. આજે તો રમણીય ટેકરીઓ, વહેતાં ઝરણાં અને નદીઓ પણ રસપ્રદ નહોતાં લાગી રહ્યાં. બસ, રુક્મિણીનું ધ્યાન રાખીને તેને સહી સલામત દ્વારકા પહોંચાડવાનું મારું એકમાત્ર ધ્યેય હતું. ...આ બાજુ રુક્મિણીની હાલત હતી કે સુધરવાનું નામ જ લઈ રહી નહોતી. જોકે હું મારા તરફથી તેને સંભાળવાની તમામ કોશિશો કરી જ રહ્યો હતો, પણ મુસીબત એ હતી કે તેનો થાક શારીરિક ઓછો અને માનસિક વધારે હતો. ભલેને હરણને લઈને તેની નારાજગી ઓછી થઈ ગઈ હતી, પરંતુ હજી પણ તેના વ્યવહાર પરથી તે રાજી થઈ ગઈ હોય તેવું લાગતું નહોતું.

અંતે રુક્મિણીની હાલત જોતાં, સાંજ થતાં થતાં અમારે એક નાનકડાં નિર્જન આશ્રમમાં આશરો લેવો જ પડ્યો. સાવધાનીવશ, રથને મેં આશ્રમની પાછળ સંતાડી દીધો હતો. એટલું જ નહીં, આશ્રમની તમામ મશાલો પણ ઓલવી નાંખી હતી, જેથી જો કોઈ અમારો પીછો કરતાં કરતાં અહીં સુધી આવી પહોંચે તો પણ તેને અહીં કોઈના રોકાયાનો અણસાર સુદ્ધાં ન આવે. આમ તો કોઈપણ દ્રષ્ટિએ રોકાવાનું હિતકારક કહી શકાય તેમ નહોતું, પરંતુ શું કરીએ...? રુક્મિણીનો થાક અને તબિયત સતત યાત્રા કરવા માટે મંજૂરી પણ આપી નહોતાં રહ્યાં. સંતોષની વાત માત્ર એટલી હતી કે અમે એટલે દૂર તો નીકળી જ આવ્યા હતા કે સવાર સુધી કોઈ જોખમ દેખાતું નહોતું. અને સવારે જલ્દી ભાગી છૂટ્યા, તો પછી રથની લગામ દારુકના હાથમાં હોવા બાદ, કોણ અમને દ્વારકાપ્રવેશ પહેલા પકડી શકવાનું હતું? આમ, આ બધી ગણત્રી કરીને પૂરા વિશ્ર્વાસ સાથે જ મેં વિશ્રામ લીધો હતો. જોકે છતાં પણ સાવધાનીવશ દારુકને રથમાં જ રહેવા દીધો હતો. અર્થાત્ મેં અને મારી મહારાણીએ જ આશ્રમમાં આશરો લીધો હતો.

ખેર! આશ્રમમાં થોડી વાર આરામ શું કર્યો, રુક્મિણી થોડી સામાન્ય ચોક્કસ થવા લાગી. તેનું પ્રમાણ એ કે ઘણી વિનવણી પછી જ ભલે, પણ તે કંઈક ખાવા માટે રાજી થઈ ગઈ હતી. જોકે તેની કમજોરી પર ખાવાની કોઈ તાત્કાલિક અસર નહોતી પડી રહી. તે હજી પણ ઘણી કમજોર લાગી રહી હતી. અને થાક તો કેટલો બધો લાગ્યો હશે કે જેનો અંદાજો તમે તેનાથી જ લગાવી શકો છો કે ભોજન કરતાં જ તે સૂઈ ગઈ હતી. સૂવા તો હું પણ ઈચ્છતો હતો, પરંતુ સમય એવી છૂટ આપવા માટે તૈયાર નહોતો. હા, રુક્મિણીને સૂતેલી જોઈને, હું દારુકને સૂવા માટેની સૂચના જરૂર આપી આવ્યો હતો. કારણ કે તેણે ફરી સવારથી રથ હંકારવાનો હતો. ...અને રથ હંકારવાનો થાક મારાથી વધારે સારી રીતે કોણ જાણી શકે છે? જોકે થાક હોવા છતાં દારુકના સૂતા જ હું સંપૂર્ણ રીતે સાવધ થઈ ગયો હતો. કારણ કે અહીં ગમે ત્યારે કાંઈ પણ અણધાર્યું બની શકે એમ હતું. ...બીજી બાજુ રુક્મિણીની અસ્વસ્થતાને કારણે હું આમ પણ ઊંઘી શકવાનો નહોતો. એક નાનકડી ભૂલને લીધે, હાથ લાગેલી આટલી મોટી સફળતાને હું દાવ પર લગાવી દઉં, એવો મૂર્ખ હું બિલકુલ નહોતો. અર્થાત્ એક નહીં, અનેક કારણોથી જાગવું મારું ભાગ્ય બની ગયું હતું. બીજી બાજુ મન પણ એક નહીં અનેક ચિંતાઓથી ઘેરાયેલું જ હતું. ન માત્ર જરાસંધ અને રુક્મીનો ભય માથા ઉપર ઝળુંબતો હતો, કે ન માત્ર રુક્મિણીની તબિયત મને ચિંતાતુર કરી રહી હતી. ...પરંતુ ક્યાંક ઊંડે ઊંડે ભાઈ, ઉદ્ધવ અને સાત્યકિની પણ ચિંતા થતી હતી. ત્યાંજ શૈવ્યા-શ્ર્વેતકેતુની સલામતીની જવાબદારી પણ મારા શિરે જ આવતી હતી. ચોક્કસપણે હરણ થયા બાદ, આ યોજનામાં એમની સામેલગીરી જગજાહેર થઈ ગઈ હતી. આવામાં જો એ પકડાઈ ગયા, તો એમને મૃત્યુદંડ મળવાનું નક્કી હતું.

આમ સરવાળે કહી શકાય છે કે આ સમયે હું એક નહીં, હજાર સમસ્યાઓમાં ઘેરાયેલો પડ્યો હતો. સાંત્વનાના નામ પર એ કે આવું મોટું સપનું નિર્વિઘ્ને થોડું જ પાર પડી શકે છે? આમ તો સ્થિતિ

માત્ર થાક અને ચિંતાઓને કારણે જ ખરાબ થઈ હતી, એવું નહોતું. કેટલાય સુંદર અને મીઠાં દર્દ પણ આ સમયે ભોગવી રહ્યો હતો. પહેલી વાર રુક્મિણીનો અને મારો મેળાપ થયો હતો. મન એની સાથે હજારો વાતો કરવા માંગતું હતું. પણ તેની તબિયત અને નારાજગી એમાં વિઘ્નરૂપ સિદ્ધ થઈ રહ્યા હતા. મારા સપનાંની રાણી... મારી પ્રાણપ્યારી મારી બાજુમાં હતી, મન તો થતું હતું કે હમણાં જ તેનો હાથ પકડી લઉં; પણ આ બધું મનોમન રાખવું પડતું હતું. આવામાં મારા દિલ પર શું શું વીતી રહ્યું હતું, હું શું બતાવું? ...ખરેખર આજની રાત દરેક દ્રષ્ટિકોણથી મારા પર બહુ ભારે હતી.

હશે, અત્યારે તો દરેક રાતની જેમ આ રાતની પણ સવાર થઈ જ ગઈ. અને ખુશીની વાત એ કે આ સવાર જીવનના સહુથી મોટા શુભ સમાચાર લઈને આવી. મારી ધીરજ રંગ લાવી. રુક્મિણી ઊઠતાંની સાથે ન માત્ર સ્વસ્થ લાગી રહી હતી, પરંતુ સહજ પણ દેખાઈ રહી હતી. કદાચ તેની ચિંતામાં આખી રાત મેં કરેલા જાગરણનું 'આ સુંદર પરિણામ' પ્રાપ્ત થયું હતું. મનના કોઈ ખૂણે એને ભરોસો બેસી ગયો હતો કે ભલે જે થાય તે, કૃષ્ણ મને ખૂબ પ્રેમ કરે છે. ...હવે શું કહું? હૃદય ચીરીને બતાવી દઉં? અરે ઘેલી! મારા પ્રાણ કરતાં પણ મને વધુ પ્યારી છે તું.

ખેર! હૈયું ખોલવા-ઠાલવવા આખું જીવન પડ્યું છે. અત્યારે તો જ્યારે રુક્મિણી થોડી સ્વસ્થ લાગી રહી છે તો સત્વરે ભાગવામાં જ ભલાઈ છે. આથી ફટાફટ નિત્યકર્મ પતાવીને અમે તૈયાર થઈ ગયા. હજી અમે નીકળવાના જ હતા કે દૂરથી એક રથ આવતો નજરે પડ્યો. સાવધાનીવશ અમે ફરી આશ્રમની પાછળ સંતાઈ ગયા. એક પળમાં અસંખ્ય સવાલો અને હજારો ચિંતાઓએ ઘેરી લીધો. ખબર નહીં કોનો રથ હોય, પાછળ કોણ આવી રહ્યું છે? ક્યાંક કિનારે લાંગરેલી નાવ ડૂબવાનો અણસાર તો નથી ઊભો થયો ને? ...જોકે રથ નજીક આવતા જ થોડો જીવમાં જીવ આવ્યો. ...કારણ કે એકલો રથ આવી રહ્યો હતો. હવે એકલો રથ છે તો ગમે તેનો કેમ ન હોય, જોયું જશે. આમ વિચારીને અમે બહાર નીકળી આવ્યા. ...પરંતુ આ શું! આ તો મારો સાળો રુક્મી હતો. રુક્મી અને એકલો? વાત મારી સમજની બહાર હતી. કારણ કે તેણે તો વિશાળ સેના સાથે હોવું જોઈતું હતું. અને સાત્યકિ અને ભાઈના હોવા છતાં આટલી જલ્દી સેના અમારા સુધી પહોંચી શકે તે શક્ય નહોતું. છોડો! મામલો જે હશે તે, એકલા રુક્મીથી શું જોખમ? બની શકે કે અમને બોલાવવા આવ્યો હોય. સકારાત્મક વિચારવું આમ પણ સારું હોય છે. અને વળી, આ તો મારો સાળો હતો. તેના વિશે તો સકારાત્મક વિચારવું જ જોઈએ. બસ, આજ વિચારીને અમે અમારો રથ મુખ્ય માર્ગ પર લાવીને ઊભો કરી દીધો.

એ તરફ તેણે પણ અમારા સુધી પહોંચતા જ, પોતાનો રથ અમારા રથની થોડોક પાછળ ઊભો કરી દીધો. ક્રોધ તેના સમગ્ર અસ્તિત્વમાંથી નિતરી રહ્યો હતો. અર્થાત્ તે અમને નિમંત્રણ આપવા તો આવ્યો જ નહોતો. એ પણ સ્પષ્ટ થઈ ગયું હતું કે તે પોતાની બહેનનું હરણ, એ પણ મારા દ્વારા કરવામાં આવ્યું, તે બિલકુલ સહન કરી શક્યો નહોતો. અને હજી તો તેનાથી વધારે કંઈ સમજું તે પહેલા તેણે ગજબની સ્ફૂર્તિ દર્શાવી. તરત રથમાંથી નીચે કૂદી પડ્યો અને દૂરથી જ ગદા લહેરાવતો મારી તરફ દોડ્યો. હું સમજી ગયો કે આ સાળો આસાનીથી માનવાનો નથી. દ્રશ્ય પણ કમાલનું હતું. તેને ગદા લઈને ધસી આવતો જોઈને હું પણ રથમાંથી નીચે કૂદ્યો અને સતર્કતાપૂર્વક રથની પાસે ઊભો રહી ગયો હતો. બીજી બાજુ સૂમસામ રસ્તો હતો, સવાર સવારનો સમય હતો અને જમણી બાજુએ નાનકડો આશ્રમ હતો. આ બાજુ રથમાં પાછળની બેઠકમાં રુક્મિણી બેઠી હતી અને રથની કમાન હાથમાં લઈને આગળ દારુક તૈયાર બેઠો હતો. અને આ બાજુ હું પણ તે રથની બાજુમાં અડીને, પાગલોની જેમ હાથમાં ગદા લઈને મારી તરફ આગળ વધી રહેલા રુક્મીને જોઈ રહ્યો હતો. સમજમાં આવતું નહોતું કે આ પાગલનું શું કરવામાં આવે? આ બાજુ રુક્મીના આવા ઉગ્ર સ્વરૂપને જોઈને રુક્મિણીના ચહેરા પર પણ ચિંતાની કેટલીય રેખાઓ ઉપસી આવી હતી. બીજી બાજુ સ્તબ્ધ થયેલો હું આ વખતે ક્યારેક રુક્મિણીને, તો ક્યારેક ગદા લઈને આવતા રુક્મીને જોવામાં વ્યસ્ત થઈ ગયો. જોકે તરત સ્વસ્થ પણ

થઈ ગયો. અને સ્વસ્થ થતાં જ કંઇ અઘટિત ન ઘટે, તે ઉદ્દેશથી સાવધાનીવશ મેં પણ ગદા ઉઠાવી લીધી. સાથે જ, સંજોગોની નાજુકતાને પારખીને મેં દારુકને રથ મુખ્ય માર્ગ પરથી હટાવીને આશ્રમની નજીક ઊભો રાખવા માટે કહ્યું. આ બાજુ અત્યાર સુધીમાં રુક્મી મહારાજ પણ મારા સુધી આવી પહોંચ્યા હતા. ...એટલે હવે હું અને રુક્મી સામ-સામા આવી ગયા હતા. ગભરાયેલી રુક્મિણી રથમાં બેઠા બેઠા જ આ તમાશો જોઈ રહી હતી. બીજી બાજુ પાગલ રુક્મીએ પોતાનો કાબૂ પૂર્ણપણે ગુમાવી દીધો હતો. હજી તો મારી બાજુમાં આવીને ઊભો નહોતો કે બેશુમાર ગાળો ભાંડવા લાગ્યો. તું ગમાર, નીચ, હલકા કુળનો ગરીબ! કુંડિનપુરની રાજકુમારીનું હરણ કરવાની તારી હિંમત કેવી રીતે થઈ? અરે! મારી બહેનનું હરણ કરતાં પહેલા પોતાની હેસિયત અને લાયકાતનો વિચાર તો કરવો હતો? નીચ ગોવાળ! પોતાના જીવની સલામતી ઈચ્છતો હોય તો રુક્મિણીને મારે હવાલે કરી દે, અને ભાગી જા અહીંથી.

રુક્મિણી તો પોતાના ભાઈનું આ સ્વરૂપ અને આવી વાણી સાંભળીને સ્તબ્ધ થઈ ગઈ. મારો અહંકાર પણ રુક્મિણીની દેખતા રુક્મીની આ અભદ્ર ભાષા જરાયે સહન નહોતો કરી શકતો. મારું આટલું ઘોર અપમાન, એ પણ મારી પ્રાણપ્યારીની સામે? ઉપરથી ગોવાળ કહીને તો તેણે મારી દુખતી રગ પર જ હાથ મૂકી દીધો હતો. અરે, હવે તો હું દ્વારકાધીશ થઈ ગયો હતો. વિચાર્યુ હતું કે હવે તો કમસેકમ ગમાર અને ગોવાળ જેવા શબ્દોથી છૂટકારો મળી જ જશે. પણ ખબર નહીં, આ રાજા અને રાજકુમારોનો અહમ્ આટલો વિચિત્ર કેમ હોય છે?

અરે ગાંડાઓ! મારી વાત શું કામ કરો છો? હું તમારા બધા કરતાં તો સારો છું, કારણ કે મેં મારી મહેનતની કમાણીથી મારું રાજ્ય બનાવ્યું છે. મને રાજ્ય કંઇ વારસામાં નથી મળ્યું. એટલા માટે ચોક્કસપણે યોગ્ય અને લાયક માનીને મારું સન્માન કરવું જોઈએ. સન્માન નથી આપી શકતા, અહમ્ આડો આવે છે, ચાલો કંઇ વાંધો નહીં. ...પણ આ અપમાન શા માટે? કદાચ આ ફરક બાપકમાણીમાં મળેલા રાજ્ય અને જાતકમાણીથી ઊભા કરેલા રાજ્યોની વ્યક્તિઓ વચ્ચેનો છે. હશે, એક તો યુવરાજોના ખોટા અહંકારો પર મને આમ પણ ક્રોધ રહેતો જ હતો, ઉપરથી તેણે બહુ મુશ્કેલીથી સહજ બનેલી મારી રુક્મિણીને ભડકાવી દીધી હતી. ...આ ઓછું હતું તો ગાળો ભાંડી રહ્યો હતો. બસ, મને રુક્મી પર એટલો ક્રોધ ચઢી ગયો કે આજ ક્ષણે ગદાથી એનું માથું ફોડી નાખું. પરંતુ રુક્મીને મારીને મુશ્કેલીથી નજીક આવેલી રુક્મિણીને હું ફરી મારાથી દૂર કરવા નહોતો ઈચ્છતો. આવું વિચારીને મેં કોઈક રીતે મારા અહંકારરૂપી ક્રોધને થોડો શાંત કર્યો.

...પરંતુ આ બાજુ મારા સારા વિચારવાથી શું થવાનું હતું? સામી બાજુ અમને બંનેને આમને સામને ગદા લઈને ઊભા જોઈને રુક્મિણી ફરી મૂર્છિત થઈ ગઈ. અજબ હાલત થઈ ગઈ હતી મારી. એક તરફ મૂર્છિત રુક્મિણીની ચિંતા સતાવી રહી હતી અને બીજી બાજુ વણનોંતરે આવેલી આ રુક્મી નામની સમસ્યાનું નિરાકરણ લાવવું જરૂરી હતું. ...વિચાર્યું, પહેલા રુક્મી સાથે પનારો પાડી લઉં. આથી મેં તેને શાંતિથી સમજાવવાનો પ્રયત્ન કર્યો કે જો રુક્મી, જે થવાનું હતું તે થઈ ગયું. હવે રુક્મિણી મારી પત્ની છે અને તું મારો સાળો. ...અર્થાત્ મારો સહુથી નજીકનો સંબંધી. હું આજે રુક્મિણીને પામીને બહુ પ્રસન્ન છું. આથી આજે હું કોઈ લોહી વહાવવા નથી ઈચ્છતો. તું આ હકીકત સ્વીકારી લે એમાં જ ભલું છે.

પણ એ ગાંડો કંઇ સમજે તો ને? એ તો શાંત થવાને બદલે વધારે જોરથી તાડૂક્યો- એક ગોવાળ અને કુંડિનપુરના રાજઘરાનાનો સંબંધી? એકવારને માટે તો જાનવર અમારા સંબંધી બની શકે છે, પણ ગોવાળો ક્યારેય નહીં. સાંભળ ગોવાળ, હું આ પ્રતિજ્ઞા કરીને નીકળ્યો છું કે કાં તો હું રુક્મિણીને પાછી લઈ આવીશ અથવા તો આજ પછી ક્યારેય કુંડિનપુરમાં ફરીથી પગ નહીં મૂકું.

તેની વાત સાંભળતા જ મારાથી હસી પડાયું. અને હસતા જ મારા મોંમાંથી નીકળી ગયું- ઠીક છે, કુંડિનપુરમાં પગ ન મૂકતો. એમાં શું વાંધો છે...? બોલતા તો બોલી જવાયું... પણ તરત સમજાઈ

ગયું કે મેં આ ઠીક નથી કર્યું. આ તો કસમયે એના પર તીક્ષ્ણ કટાક્ષ કરી દીધો.

પરંતુ હવે ભૂલ તો થઈ જ ગઈ હતી. અને એના પરિણામસ્વરૂપે હવે એ ગાંડાએ ઉશ્કેરાવાનું જ હતું. બસ, તેણે તરત ગદા ઉઠાવીને મારા પર પ્રહાર કરી દીધો. ખેર, પ્રહાર તો હું ચૂકવી ગયો, પરંતુ હું હજી પણ યુદ્ધના પક્ષમાં નહોતો. સો વાતની એક વાત એ કે રુક્મિણીનો વિચાર કરીને, હું આ યુદ્ધ ટાળવા ઈચ્છતો હતો. આથી મેં ફરી તેને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું- જો મારા ભાઈ! રુક્મિણીને તો તું નહીં લઈ જઈ શકે. ભલાઈ એમાં છે કે પોતાની નાની બહેનને આશીર્વાદ આપ અને પાછો વળી જા. આમાં જ તારી મોટાઈ છે.

...પરંતુ તે ક્યાં સાંભળવાનો હતો? તેણે ફરી ગાળો ભાંડવાનું શ કરી દીધું. આ બાજુ એ દરમિયાન જ અચાનક રુક્મિણી ભાનમાં આવી ગઈ. પરંતુ જેવા એણે અમને ગદા લઈને આમને સામને ઊભેલા જોયા, કે બરાબરની ધ્રૂજી ઉઠી. તે આ દ્રશ્ય સહન ન કરી શકી. બિચારી આ સ્થિતિમાં પણ રુક્મીને સમજાવવા કૂદી પડી. અને પોતાની આ કોશિશમાં તે બરાબર અમારા બંને વચ્ચે આવીને ઊભી રહી ગઈ. પરંતુ રુક્મી પણ રુક્મી હતો. તે તો તેને આ રીતે પોતાની સામે જોઈને વધારે રોફમાં આવી ગયો. ઊલટું એના ઉપર જ ઉકળી ઊઠ્યો. અને પછી તો રુક્મિણીની પણ ખબર લઈ નાખી. એને પણ ગાળો આપવા લાગ્યો. કુલ્ટા, બદચલન, તું ચૂપ રહે...! હું જાણું છું કે અમારી આંખોમાં ધૂળ નાખવા માટે તે અને કૃષ્ણે સાથે મળીને આ અપહરણનું નાટક રચાવ્યું છે. અને આટલું કહેતા કહેતા તેણે મારા પર ફરી એકવાર પ્રહાર કરી દીધો. ...બહુ થયું. આ વખતે મેં ખરેખર મારા પરનો સંયમ ગુમાવી દીધો. ભલા રુક્મિણી માટે અભદ્ર ભાષાનો પ્રયોગ હું કેવી રીતે સાંખી શકું? બસ, તેના પ્રહારથી હું કોઈ રીતે બચી ગયો, પરંતુ પોતાને તેના પર આક્રમણ કરવાથી ન રોકી શક્યો. બસ, મારા એક જ વળતા પ્રહારમાં તેના હાથમાંથી ગદા છૂટી ગઈ. મોકો જોઈને તત્ક્ષણ એક હાથથી તેને સકંજામાં લીધો અને બીજા હાથથી ગદા ઉગામી, ...હું તો તેનું માથું ફોડવાની તૈયારીમાં જ હતો કે અચાનક રુક્મિણીએ બૂમ પાડી. ...દોડતી આવી અને મારા પગે પડી અને આજીજી કરતાં સ્વામી! તમારો ગુસ્સો વાજબી છે. પરંતુ, આ મારો ભાઈ છે. તેની બહેનનું હરણ થયું છે. આ સમયે એ ભાનમાં નથી. હું વિનંતી કરું છું કે તમે એને ક્ષમા કરો. આ તમારા તરફથી મને લગ્નની ભેટ હશે...!!!

...આ સાંભળતા જ મારા હાથમાંથી આપોઆપ રુક્મીની ગરદન ક્યારે છૂટી ગઈ, ખબર નહીં. કદાચ રુક્મિણીની વિનંતી પણ મારા માટે આદેશનું કામ કરી ગઈ હતી. તે વિવાહ કબૂલ કરી રહી હતી, આ વિચાર-માત્રથી મારું રોમેરોમ રુક્મિણીનાં વશમાં થઈ ગયું હતું. મેં પણ વિચાર્યું, સાળાને છોડી જ દેવામાં આવે. રુક્મિણીને પ્રસન્ન કરવાનો આનાથી બીજો સહેલો રસ્તો ક્યાં મળશે? અને મારી વ્યાવસાયિક બુદ્ધિ કહી રહી હતી કે ભેટમાં કંઇ જઈ પણ નહોતું રહ્યું, તેનો જ ભાઈ તેને પાછો આપવાનો હતો. બસ, આવું વિચારીને મેં મારી ગદા તો હટાવી લીધી, પણ રુક્મીના ચહેરા પર એક જોરદાર મુક્કો મારતા પોતાને રોકી ન શક્યો. કદાચ મારો ક્રોધ હજી પૂર્ણ રીતે શાંત નહોતો થયો. આ બાજુ ગોવાળના હાથનો એક મુક્કો શું પડ્યો, તેના મોંમાંથી લોહી વહેવા લાગ્યું. ...જ્યારે જુઓ ત્યારે 'ગોવાળ... ગોવાળ' કહીને ગાળો ભાંડ્યા કરે છે. એક જ મુક્કામાં મરવા-મારવાનું જોશ ઠેકાણે લાવી દીધું ને? આમ સરવાળે રુક્મિણીના કહેવાથી એને છોડી તો દીધો હતો, પણ ક્રોધ તો ત્યારે પણ શાંત નહોતો થઈ રહ્યો. આમ પણ મને મારા સાળા પર બિલકુલ ભરોસો નહોતો. અને કંઇ નહીં તો પણ તે રાજીખુશીથી ટળી જાય, એવી બલા તો જરાયે નહોતી. અજીબ દ્રશ્ય થઈ ગયું હતું. ઘાયલ રુક્મી ત્યાંજ રથ પાસે પડ્યો હતો. હું ક્રોધને લીધે બરાબરનો કાંપી રહ્યો હતો અને ભયભીત રુક્મિણી મારી બાજુમાં જ ઊભી ઊભી આ તાયફો જોઈ રહી હતી. મેં તરત દારુકને બોલાવીને બંને ગદાઓ મારા રથમાં મૂકાવી દીધી. ગદા હટતા જ રુક્મિણી થોડી સહજ થઈ. પરંતુ હું હજી પણ પૂર્ણ રીતે શાંત નહોતો થયો. મેં બે લાત મારીને રુક્મીના રથના પૈડા તોડી નાખ્યાં. જેથી કમસેકમ તે હવે અમારો પીછો ન કરી શકે.

...પરંતુ મારો ક્રોધ હતો કે હજી પણ શાંત થવા તૈયાર નહોતો. તેણે મારી રુક્મિણીને અભદ્ર ગાળો આપી હતી. ક્રોધ શાંત થાય તો પણ કેવી રીતે થાય? જોકે ક્રોધ એટલો પણ નહોતો કે રુક્મીને જાનથી મારી નાખું. આમ પણ રુક્મીને જાનથી મારીને હું મારી ‘પ્રાણ-પ્યારી’ને નારાજ નહોતો કરવા માંગતો. પરંતુ મારો ક્રોધ શાંત કરવા માટે કંઈક તો કરવાનું જ હતું. આથી જ્યારે કંઇ ન સૂઝ્યું તો મેં રથમાં પડેલી નાની તલવારથી રુક્મીના વાળ જ કાપી નાખ્યાં. જ્યારે આનાથી પણ ક્રોધ શાંત ન થયો તો તેનાં મૂછ પણ મૂંડી નાખ્યાં. તમે નહીં માનો કે છેક ત્યારે મારો ક્રોધ અમુક હદે શાંત થયો. હું જાણું છું, મેં એકદમ બાળકો જેવી હરકત કરી હતી. પણ શું કરું, મને ક્રોધ જ એટલો આવ્યો હતો [17] .

પરંતુ હવે વધારે નહીં. બસ, રુક્મીને ત્યાંજ છોડીને મેં રુક્મિણીનો હાથ પકડીને તેને મારી સાથે રથમાં બેસાડી દીધી. આ પહેલી વાર મેં રુક્મિણીનો હાથ મારા હાથોમાં લીધો હતો. જોયું તમે! રુક્મીને જીવનદાન આપીને મેં રુક્મિણીને કેવી રીતે પામી લીધી હતી? અને આ સાથે જ અમારી આ યાત્રા ફરી એકવાર શરૂ થઈ ગઈ હતી. આ બાજુ ક્રોધ શાંત થતાં જ મેં મનોમન રુક્મીનો આભાર પણ માન્યો. રુક્મિણીને આટલી નજીક લાવવાનું નિમિત્ત તે જ તો બન્યો હતો. કેવી અજીબ વાત છે! ક્રોધમાં હું રુક્મીને મારવા માંગતો હતો, અને હવે દ્રષ્ટા બનતા જ, હું તેને ધન્યવાદ આપવા લાગ્યો. ખરેખર, અહંકાર અને દ્રષ્ટાના જોવામાં કેટલો મોટો ફરક હોય છે? અને તેનાથી પણ ક્યાંય મોટો ફરક બંનેના વ્યવહારમાં છે. થોડું વિચારો; જીવનભર દ્રષ્ટાની અનુપસ્થિતિમાં માત્ર અહંકારથી જીવવાવાળા મનુષ્ય, શું સત્ય જોઈ શકતા હશે...?

જવા દો, હશે! હાલ આ બધું મારા ચિંતનનો વિષય નથી. હાલ તો આ સમયે મારું મન સ્વર્ગની સર્વોચ્ચ ઊંચાઈઓ આંબી રહ્યું હતું. રુક્મિણી પ્રેમથી મારા બાહુપાશમાં હતી. હું પ્રેમથી તેના વાળ પસવારી રહ્યો હતો. હું અને મારું સપનું સંપૂર્ણ રીતે એક થઈ ગયા હતા. સાચું કહું છું કે રુક્મિણીનું સપનું સાકાર શું થયું, દ્વારકાનું સપનું તેની સામે અત્યંત ફિક્કું લાગવા માંડ્યું. હવે રુક્મિણીનો સાથ હોય તો દ્વારકા શું અને [illegible] શું? મને તો માન્યામાં જ નહોતું આવી રહ્યું કે આટલી જલ્દી રુક્મિણી પોતાને સંપૂર્ણ રીતે મને સમર્પિત કરી ચૂકી છે. હજી કાલ સુધી જે બળજબરીથી કરેલું હરણ હતું, એ આજે એક રાજીખુશીથી કરેલા વિવાહમાં બદલાઈ ચૂક્યું હતું. અને આ ચમત્કાર માત્ર અને માત્ર રુક્મીનો જ હતો. આજ તો જીવનનો ખેલ છે; અહીં શત્રુ... શત્રુ નથી હોતા, અને ઘણીવાર મિત્ર... મિત્ર સાબિત નથી થતાં.

ચાલો, આ પણ જવા દો. હાલ તો થોડી જ વારમાં અહીં બીજો એક ચમત્કાર થઈ ગયો. રુક્મિણીએ જાતે થોડું ખાવાનું માંગ્યું. મારી ખુશીનો તો પાર ન રહ્યો. મેં તરત રથ રોકાવ્યો અને ભાગીને એકથી એક ચઢિયાતાં ફળ તોડી લાવ્યો. મેં અનેક વાર ફળ તોડ્યા હતા, અનેકો વાર શું, આખું જીવન આજ બધું તો કર્યું હતું. ...પરંતુ આજે રુક્મિણી માટે ફળ તોડવાનો આનંદ કંઇ જુદો જ હતો. આ બાજુ રુક્મિણી પણ મારા આવા પ્રેમપૂર્ણ વ્યવહારથી ઘણી પ્રસન્ન દેખાઈ રહી હતી. ત્યાંજ સાચું કહું તો સમય સાથે તે નિશ્ચિંત પણ થઈ રહી હતી. તેને ધીમેધીમે ભરોસો બેસી રહ્યો હતો કે તેને શ્રેષ્ઠ જીવનસાથી મળી ગયો છે. ...હવે શું કહું, મને તો આમાં પહેલેથી જ કોઈ શક નહોતો.

ખેર! આ બાજુ પેટમાં કંઈક ગયું કે રુક્મિણીએ સૂવાની ઇચ્છા વ્યક્ત કરી. મેં તેને મારા ખોળામાં જ સૂવાડી દીધી અને એકદમ પ્રેમથી તેના માથે અને પીઠ પર હાથ ફેરવીને ઊંઘાડી દીધી. જ્યારે એણે સારો જીવનસાથી માની જ લીધો છે તો સારો બનીને પણ બતાવું. રુક્મિણીને આ રીતે પ્રેમથી સૂવડાવવાનું મને કેટલું સારું લાગી રહ્યું હતું, તેનું હું ચાહું તો પણ વર્ણન કરી શકતો નથી. આમ પણ મધુર ભાવોનો અનુભવ કરવો સહેલો છે, તેનું વર્ણન કરવું અશક્ય હોય છે. આથી, તેને પણ જવા દો. હાલ તો અમે કુંડિનપુરથી ઘણાં દૂર નીકળી ગયા હતા. કોઈપણ પ્રકારના સંકટની હવે શક્યતા નહોતી. આ બાજુ સૂરજ પણ માથે આવી ગયો હતો, ચોક્કસપણે તેનો આકરો તાપ રુક્મિણીને પરેશાન

કરી રહ્યો હતો. ઉપરથી આ કાચા રસ્તાઓ અકારણ તેની ઊંઘમાં ખલેલ પાડી રહ્યા હતા. વિચાર્યું, જ્યારે કોઈ જોખમ જ નથી તો નકામી રુક્મિણીને શું કામ હેરાન થવા દેવી? બસ, મેં મારો રથ એક વિશાળ વૃક્ષ નીચે રોકાવી દીધો, જેથી તેની છાયામાં રુક્મિણી આરામથી સૂઈ શકે. જોયું, કેટલું ધ્યાન રાખી રહ્યો હતો હું મારી પ્રાણપ્યારીનું?

અને આમ પણ આ બહાને દારુક અને ઘોડાઓને પણ આરામ મળવાનો જ હતો. આમ પણ સાચું કહું તો હવે હું, ભાઈ, સાત્યકિ અને ઉદ્ધવની પણ પ્રતીક્ષા કરવા માંગતો હતો. છેક હવે જઈને મને એમની ચિંતા પણ સતાવવા લાગી હતી. તેમણે સેનાને રોકીને પોતાનું કામ તો કરી બતાવ્યું હતું, પરંતુ ક્યાંક કામ પાર પાડતા ...પાડતા પોતે કુંડિનપુરમાં ઘેરાઈ તો નથી ગયા ને? આમ તો ભાઈ અને સાત્યકિ જેવા વીર યોદ્ધાઓને ઘેરવા સહેલા નહોતા. અને વળી તેમની સાથે દ્વારકાના શ્રેષ્ઠ સૈનિકો પણ હતા. આથી મારો અંદાજો હતો કે જો બધું ઠીકઠાક રહ્યું, તો સાંજ અથવા રાત સુધીમાં એ લોકાએ અહીં આવી પહોંચવું જોઈએ. પરંતુ બધું ઠીકઠાક ચાલ્યું, તો... ક્યાંક એવું ન થાય કે ત્યાં કંઈક અઘટિત ઘટે અને અને દ્વારકા-નિર્માણ, બંનેનો કેફ છૂમંતર થઈ જાય. આમ તો રુક્મીના એકલા આવ્યા પછી લગભગ એ સ્પષ્ટ હતું કે હવે જરાસંધ, શિશુપાલ અને રુક્મીની ત્રિપુટી મળીને આનાથી વધારે કંઇ કરી શકે, અથવા કરવાનું વિચારી રહ્યા હોય, એવું દેખાતું નહોતું. પણ કેમકે મામલો ભાઈ અને મિત્રોનો હતો, આથી સંભાવના નહિવત્ હોવા છતાં પણ ચિંતા તો વળગેલી જ હતી. ત્યાંજ બીજી બાજુ મને તેમનાથી ઘણી વધારે ચિંતા શેવ્યા અને શ્ર્વેતકેતુની થઈ રહી હતી. આમ તો ભાઈને તેમને પોતાની સાથે લાવવાનું કહેતો આવ્યો હતો, પરંતુ ઉતાવળમાં ક્યાંક કોઈ ભૂલ ન થઈ જાય. કારણ કે આમ થાય, તો જરાસંધની ત્રિપુટી નો તમામ ક્રોધ એ બંને પર જ ઉતારશે, એ નક્કી હતું. અને જો આમ થયું તો હું મારી જાતને કદી માફ નહીં કરી શકું. જો આવું થયું તો પછી રુક્મિણીને પામવાની બધી મજા જ મરી જશે.

એટલે કે કરવા માટે તો ચિંતા દુનિયાભરની હતી અને બધી એવી હતી કે જેમાં હું કંઇ કરી શકતો નહોતો. મેં તરત મારું ચિંતન ચિંતાઓ પરથી હટાવ્યું. અને ચિંતન ચિંતાઓથી દૂર થતાં જ કુદરત પર વિશ્ર્વાસ જાગ્યો. જ્યારે સ્વયં કંઇ નથી કરી શકતા તો કમસેકમ કુદરત પર ભરોસો તો કરી જ શકો છો. અને વળી જ્યારે તમારી નિયત સાફ છે, તો કુદરત શું કામ તમારું કાંઈ અહિત કરે? તાજું જ ઉદાહરણ લઈ લો. રુક્મી... રુક્મિણીને મારાથી દૂર કરવા આવ્યો હતો, અને તેની જ મહેરબાનીથી રુક્મિણી મારી આટલી નજીક આવી ગઈ હતી. સાલેસાહબ લાખ ખરાબ ઈચ્છે તેથી શું થાય છે, એ જ થાય છે જે કુદરતને મંજૂર હોય છે. તો પછી, જરાસંધના ઈચ્છવાથી પણ શું થશે? આમ પણ હજી સુધી એના ઈચ્છવાથી થયું પણ શું છે? જ્યારે અત્યાર સુધી બધું કુદરતની મંજૂરીથી જ થતું આવ્યું છે, તો હવે ક્યાં જરાસંધની મંજૂરીથી થવાનું છે? બસ, આજ બધું વિચારીને મેં જાતને સંપૂર્ણ રીતે ચિંતામુક્ત કરી દીધી. અને ચિંતાથી મુક્ત થતાં જ, હું ફરી સંપૂર્ણ રીતે 'રુક્મિણીમય' થઈ ગયો. નકામી ચિંતા કરીને વર્તમાન શું કામ ગુમાવું? ઓછામાં ઓછું જે સપનું સાકાર થયું છે તેનો તો આનંદ લઉં! પરંતુ એ પણ કેવી રીતે લઉં...? રુક્મિણી તો ઉઠવાનું નામ જ નહોતી લઈ રહી. આ બાજુ ભાઈ વગેરેના પણ હજુ સુધી કોઈ ખબરઅંતર નહોતા. ...અને આ બાજુ મારી પાસે એકના ઉઠવા અને બીજાના આવવાની પ્રતીક્ષા કરવા સિવાય બીજો કોઈ આરોવારો નહોતો.

જોકે સાંજ થતાં થતામાં રુક્મિણી જાગી ગઈ હતી. અને તેની સાથે જ મારી પહેલી પ્રતીક્ષા પૂર્ણ થઈ હતી. ઊંઘ શું ખેંચી, એનામાં જીવ પણ આવી ગયો હતો. તેનાથી ઉત્સાહિત થઈને મેં વિચાર્યું કે શા માટે તરોતાજા રુક્મિણી સાથે કોઈ મોટા વિશ્રામાલયમાં આશરો ન લેવામાં આવે? ...જેથી આજે રાતે હું પણ આરામથી મારી ઊંઘ પૂરી કરી શકું. સાથે જ આ બહાને તેની સાથે બે-ચાર પ્રેમભરી વાતો પણ કરી લઉં અને ભાઈ વગેરેની પ્રતીક્ષા પણ કરી લઉં. વિશ્રામાલય શોધવા અમારે બહુ દૂર ન જવું

પડ્યું. આ બાજુ વિશ્રામાલયમાં આશ્રય લેતા જ રુક્મિણીએ પણ નિરાંતનો શ્ર્વાસ લીધો. કદાચ સંભવિત યાત્રાના માનસિક થાકથી બચવાનો આ પ્રભાવ હતો. કહેવા માટે તો એ પણ કહી શકું છું કે મારા સેવા-ભાવનો આ પ્રસાદ હતો.

...હજી અમે સ્નાન ઈત્યાદિ કરીને તૈયાર થયા જ હતા કે દૂરથી અનેક રથોના અવાજો આવવા લાગ્યા. મેં સંકેતથી દારુકને ખબર કાઢવા મોકલ્યો. એક પળ માટે તો મન ડરી પણ ગયું. આમ તો ભાઈ વગેરેની આવવાની શક્યતા જ વધારે હતી, છતાં પણ...મારી સાથે કંઇ પણ થઈ શકતું હતું. જોકે મારો અંદાજો બરાબર હતો. ભાઈ જ મિત્રમંડળી અને સૈનિકો સાથે આવી પહોંચ્યા હતા. દારુક દોડતો દોડતો ભાઈના આવવાની ખબર લઈને આવી પહોંચ્યો. સાંભળતા જ હું પણ દોડતો દોડતો વિશ્રામાલયના મુખ્ય દ્વાર પર પહોંચી ગયો. શેવ્યા અને શ્ર્વેતકેતુ તેમની સાથે જ હતા. તેમને સાથે આવેલા જોઈને મારા જીવમાં જીવ આવ્યો. આ એક જ પળમાં, જીવનભરની તમામ ખુશીઓ સમેટાઈને મારા ખોળામાં આવી ગઈ. પહેલા દ્વારકા હતી પરંતુ રુક્મિણી ન હતી. જ્યારે રુક્મિણી મળી તો ભાઈ અને મિત્રો પર મોતનો ઓથાર છવાયેલો હતો. પરંતુ આ એક પળમાં બધું સમેટાઈને એકાકાર થઈ ગયું હતું. જીવનમાં એક એવી પળે પદાર્પણ કર્યું હતું જે અહંકાર માટે પણ શૂન્યની ક્ષણ સિદ્ધ થઈ રહી હતી. આ એક પળમાં તેની પણ તમામ ઈચ્છાઓ પૂરી થઈ ગઈ હતી. તમે નહીં માનો, અનાયાસે જ મારો અહંકાર પણ "ચાહના વિનાની અવસ્થા’’માં સ્થિત થઈ ગયો હતો. કદાચ આ પણ એની તરેહની પહેલી ઘટના હશે, જ્યાં દ્રષ્ટા અને અહંકાર બંને શૂન્યમાં લીન થઈ ગયા હતા.

ખેર! હાલ તો ધડાધડ રથ વિશ્રામાલયની બહારની સાંકડી સડક પર ઊભા રહેવા શરૂ થઈ ગયા. એ બાજુ ભાઈ, ઉદ્ધવ અને સાત્યકિ તો રથ પરથી ઊતરી પણ આવ્યા. તેમની પાછળ-પાછળ શ્ર્વેતકેતુ અને શેવ્યા પણ ઊતરી આવ્યા હતા. બસ, મોકો મળતા ત્યાંજ રથોની વચ્ચે રસ્તા પર ઊભા ઊભા જ અમારું એકબીજાને ગળે મળવાનું શરૂ થઈ ગયું. જોકે સત્વરે અમે એ બધું પતાવીને વિશ્રામાલયમાં પ્રવેશ કર્યો. ચોક્કસપણે બધાને વિશ્રામની જરૂર હતી, પણ વિશ્રામાલય એટલું મોટું નહોતું કે બધા એકસાથે આશરો લઈ શકે. આથી અમે બધાએ મારા જ કક્ષમાં મંડળી જમાવી દીધી. રુક્મિણી તો એકસાથે આટલા બધાને આવેલા જોઈને ચકિત જ રહી ગઈ. ત્યાંજ બીજી બાજુ શ્ર્વેતકેતુ અને શેવ્યાને આવેલા જોઈને ખીલી પણ ઊઠી. ચોક્કસપણે થોડી વાર હળવા-મળવાનો દોર ચાલતો રહ્યો. ત્યાર બાદ રુક્મિણી અને શેવ્યા ત્યાંજ ઊંચી શય્યા પર બિરાજમાન થઈ ગયા. અમે બધાએ જમીન પર ફેલાઈને આશરો લઈ લીધો.

...આ બાજુ સારી રીતે આશરો લેતા જ મારી જિજ્ઞાસા ત્યાં શું થયું, તે જાણવામાં અટકી ગઈ. બસ, મારા પૂછતાવેંત સાત્યકિએ મારી જિજ્ઞાસા શાંત કરતાં જણાવ્યું કે તેમણે ખાસ કોઈ વિરોધનો સામનો નહોતો કરવો પડ્યો. તેનાં બે મુખ્ય કારણ હતા. એક તો શ્ર્વેતકેતુનો સહયોગ હતો અને બીજું, વહેલી સવારનો સમય હતો. હા, આપણા બે સૈનિક જરૂર માર્યા ગયા. કેટલાકને સામાન્ય ઈજા પણ થઈ, પરંતુ એકંદરે બધું સહેલાઈથી પાર પડી ગયું હતું. ચાલો, આ જિજ્ઞાસા પણ શાંત થઈ. સ્વાભાવિક રીતે બધા અનહદ થાકી ગયા હતા, પરંતુ પોતાની વચ્ચે રુક્મિણીને જોઈને બધાનો થાક દૂર થઈ ગયો હતો. એ બાજુ શેવ્યાને જોઈને રુક્મિણીનું તેને મળવું અને ભેટવું એવું લાગતું હતું કે જાણે વર્ષો બાદ બંને મળી રહ્યા હોય. આ બધું તો ઠીક, પણ મારા માટે ખુશીની વાત એ કે રુક્મિણીની સુંદરતા અને સૌમ્યતાએ પ્રથમ દ્રષ્ટિએ જ બધા પર પોતાના પ્રભાવનો સિક્કો જમાવી દીધો હતો. તેનાથી પણ મોટી ખુશખબરી એ કે રુક્મિણીને પણ બધાનું ભોળપણ ગમી ગયું હતું. પરિણામસ્વરૂપ, જોતજોતામાં જ બધા એકેમેક સાથે ભળી ગયા હતા. હવે તમે તો જાણો જ છો કે ભાઈ, સાત્યકિ, ઉદ્ધવ સહિત મારા તમામ મિત્રો ઘણાં ભોળા અને સરળ હતા. આ બાજુ રુક્મિણીએ રાજમહેલના અહંકારને જોઈ જ લીધો હતા. એકસાથે આટલા સરળ વ્યક્તિઓને કદાચ તેણે પહેલી વાર જોયા હશે. કારણ કે અમે

સ્વભાવથી ગોવાળ હતા, તેથી અમારામાં ગામડાંનું ભોળપણ આમ પણ ઠાંસીઠાંસીને ભરેલું હતું. અને સાચું કહું તો આજે બધાના ભોળપણ ઉપર મને ઘણો ગર્વ થઈ રહ્યો હતો. બધાનાં આ ભોળપણે જ રુક્મિણીને મારી સાથે એક કરી દીધી હતી. ખુશીની વાત તો એ છે કે ધીમેધીમે અંદરોઅંદર ઠઠ્ઠા-મશ્કરી પણ શરૂ થઈ ગયા હતા. ચોક્કસપણે આ બધાના અંદરોઅંદર આ રીતે હળીમળી જવાથી મોટી રાહત મારે માટે બીજી કોઈ હોઈ જ નહોતી શકતી. એવું લાગી તો રહ્યું હતું કે કુદરત પોતાનો રંગ બદલીને આજે મારા પર ખુશીઓનો વરસાદ કરવા આતુર હતી, નહિતર તમે તો જાણો જ છો કે તેના સામાન્ય રંગમાં, મુસીબતોનો વરસાદ તો ટાણે-કટાણે કુદરત કરતી જ રહેતી હતી. કુદરતનું આ બદલાયેલું સ્વરૂપ ખરેખર આજે મારા માટે કોઈ આશ્ચર્યથી ઉતરતું નહોતું.

હશે! હાલ તો અહીં જે કંઈ બની રહ્યું છે તેની ચર્ચા કરું. અહીં ભાઈ તો એટલા ઉત્સાહમાં આવી ગયા હતા કે ઉત્સવની તૈયારીઓમાં લાગી ગયા હતા. ભાઈ ઉત્સવ શું કામ ન ઉજવે? એમના લાડલાના વિવાહ થઈ ગયા હતા ને. એટલું જ નહીં, ઉત્સાહિત ભાઈએ ન માત્ર સૈનિક-સેવકો માટે પરંતુ વિશ્રામાલયના સેવકો માટે પણ ભવ્ય ભોજન બનાવડાવ્યું. ત્યાં સુધી કે સેવકોની મદદથી મદિરાની ગોઠવણ પણ તેમણે કરી લીધી. આમ પણ મદિરા વિના ઉત્સવ કેવો, ખાસ કરીને ત્યારે જ્યારે ઉત્સવની લગામ ભાઈના હાથમાં હોય. ...લો, આ બધી વાતોને લીધે રુક્મિણીને સહજ બનાવવામાં જેનો ખાસ સહયોગ હતો તેનો તો મેં ખાસ કોઈ ઉલ્લેખ જ ન કર્યો. જી હા, શેવ્યા. રુક્મિણી તેને આવેલી જોઈને જ ખીલી ઊઠી હતી. આમ પણ એકસાથે આટલા બધા નવા લોકોની વચ્ચે કોઈ જાણીતું મળી જાય તો માનવીને સ્વસ્થ થવામાં મદદ મળે જ છે. જોકે આ તો રુક્મિણીની વાત થઈ, મારું કહું તો મને તો શેવ્યાના આવવાથી એક નુકસાન પણ ઉઠાવવું પડી રહ્યું હતું. રુક્મિણીનું ધ્યાન મારા પરથી હટીને શેવ્યા સાથે વાતો કરવામાં વધારે પરોવાઈ ગયું હતું. કંઈ વાંધો નહીં, પ્રસન્ન રુક્મિણી માટે આ બધું પણ વેઠી લઈશું. આમ પણ જ્યારથી રુક્મિણીનું હરણ થયું હતું, ત્યાર બાદ તે પહેલી વાર પોતાનાં સ્વાભાવિક રંગમાં દેખાઈ રહી હતી. આવામાં તેનાથી અલગ મારી કોઈ જુદી ચાહના હોવાનો પ્રશ્ન જ ઊઠતો નહોતો.

બીજી બાજુ આ તરફ આમ પણ વિશ્રામાલયના સહુથી મોટા કક્ષમાં એકસાથે અમે લોકોએ અમારી મંડળી જમાવી જ રાખી હતી, એટલે એક રીતે તો કક્ષમાં પ્રવેશતા જ ઉત્સવ ચાલુ થઈ ગયો હતો. ઠઠ્ઠા-મશ્કરી હજી પણ ચાલી જ રહ્યાં હતાં. ગમ્મતની વાત એ કે બધા આમ પણ બહુ ખુશ હતા, એક મને છોડીને. તમે પૂછશો ભલા આવું કેમ? આ શેવ્યા મારી શોક્ય બનીને જો આવી હતી! રુક્મિણી મારે બદલે તેની બાજુમાં જઈને બેઠી હતી! ત્યાં સુધી તો ઠીક, પરંતુ આગળ તો થોડી જ વારમાં શેવ્યા, ભાઈ, શ્વેતકેતુ, સાત્યકિ, ઉદ્ધવ, દારુક તમામ મારી વિરુદ્ધ એક થઈ ગયા. પછી તો જાણે બધાએ મારી વિરુદ્ધ મોરચો જ ખોલી નાખ્યો. ચાલો, આ પણ સહન કરી લેત, પણ ધીમેધીમે તો તે લોકો રુક્મિણીની સામે મારા ચરિત્ર-હરણ માટે પણ ઉતાવળા થઈ ગયા. ...પહેલા રાધા, પછી ગોપીઓ, પછી રાસ-લીલા, કુબ્જા અને જાણે શું નું શું? હું તો નીચી મુંડીએ બધું ચૂપચાપ સાંભળતો રહ્યો. આ બાજુ રુક્મિણી પણ દરેક કિસ્સો ખૂબ જ ગંભીરતાપૂર્વક સાંભળી રહી હતી. મને તો ડર બેસી ગયો કે ક્યાંક માંડ માંડ મુશ્કેલીથી પાસે આવેલી રુક્મિણી ફરી રિસાઈ ન જાય? ...હું તો મનોમન વિચારવા લાગ્યો કે કેવા અજબ ભાઈ અને મિત્ર મળ્યા છે મને, જે મારું નવું મંડાયેલું ઘર ઉજાડવા માટે ઉતાવળા થયા છે. આ તો સારું છે કે આ લોકોનો પહેલેથી રુક્મિણી સાથે મેળાપ નહોતો કરાવ્યો, નહિતર આ લોકો તો અત્યાર સુધીમાં મારું ઘર ભાંગવાની બધી વેતરણ કરી ચૂક્યા હોત. આ દુષ્ટોની ખૂબી તો એ કે દરેક કિસ્સો એટલો મસાલેદાર બનાવીને સંભળાવી રહ્યા હતા કે એકવારને માટે તો હું પણ એ વિચારવા માટે વિવશ બની ગયો હતો કે શું ખરેખર હું આટલો ચરિત્રહીન છું? જોકે આ આખી ઘટના દરમિયાન મેં નિરાંતનો શ્વાસ ત્યારે લીધો જ્યારે અંતે રુક્મિણીએ હસીને કહ્યું- ચિંતા ના કરો,

હવે હું આવી ગઈ છું ને? એમની રાસલીલાઓ ઉપર પૂર્ણવિરામ મૂકાયો જ સમજો.

...આ સાંભળતા જ બધા જોરથી હસી પડ્યા. તેમનું શું હતું? એ લોકો તો આ કિસ્સા ચાલુ થયા ત્યારના હસી રહ્યા છે. ખાસ વાત તો એ કે રુક્મિણી નારાજ નહોતી; આ જાણીને હું પણ બધાની સાથે પહેલી વાર હસ્યો હતો. આમ તો હવે અડધી રાત પણ થઈ ચૂકી હતી. અને આમ પણ રુક્મિણીના એક જ વાક્યે મારી બાબતે કરવામાં આવેલી તમામ રસપ્રદ ચર્ચાઓ ઉપર પૂર્ણવિરામ પણ મૂકી દીધો હતો. હવે નકામું કોણ જાગે? અંતે થાકીને બધા સૂઈ ગયા. પરંતુ અહીં પણ દાવ થઈ ગયો. શૈવ્યાએ રુક્મિણીનો પીછો હજી સુધી છોડ્યો નહોતો. બંને સાથે જ સૂઈ ગઈ. હું પણ દોસ્તોની સાથે કક્ષમાં જગા જોઈને આમતેમ સૂઈ ગયો.

...આ બાજુ સવાર થતાં જ અમે ફરી અમારી યાત્રા શરૂકરી દીધી. અને આ સમયે અમારા કાફલાની તો શું વાત કરું? લગભગ પચાસ રથ દ્વારકા તરફ દોડી રહ્યા હતા. સહુથી આગળ મારો જ રથ હતો, જેની લગામ દારુકના હાથમાં હતી. ચોક્કસપણે, પાછળ રુક્મિણી અને શેવ્યા મારી આજુબાજુમાં બેઠા હતા. અમારા પાછળના રથોમાં ભાઈ અને મિત્રો આવી રહ્યા હતા. અને તેમની પાછળ સેવકો તથા સૈનિકોનો રસાલો આવી રહ્યો હતો. બધા ખુશ હતા. ખુશ શું હતા, મસ્તી અને ઉત્સવના રંગે રંગાયેલા હતા. રુક્મિણીની પ્રસન્નતાનો પણ પાર નહોતો. બે જ રાતના સાથથી તે દ્વારકાવાસી બની ગઈ હતી. કદાચ તેને વિશ્ર્વાસ આવી ગયો હતો કે 'કૃષ્ણ' ગમે તેવો કેમ ન હોય, કમસેકમ તેના મિત્રો અને કુટુંબીઓ તો સારા છે. અને વળી હરણ તો થઈ જ ગયું છે, આવામાં દુ:ખી શું રહેવાનું? એ ભાઈ, મજાક કરી રહ્યો છું. મને પામવાને કારણે સહુથી વધારે ખુશ તો એ જ હતી. હવે હોય કે ન હોય, મારે તો આ ભ્રમમાં જ રાચવાનું રહ્યું.

ખેર! આખા દિવસની યાત્રા કરવી અને રાત્રિ-વિશ્રામની સાથે જ કોઈ નાનો-મોટો ઉત્સવ મનાવવો, બસ, સમગ્ર યાત્રા દરમિયાન આ બધું અમારો નિત્યક્રમ બની ગયો હતો. એવું લાગી રહ્યું હતું કે જાણે રુક્મિણીનું વેલડું લઈને અમે દ્વારકા જઈ રહ્યા હોઈએ. સાચું કહું તો રુક્મિણીના હળીમળી જવાને લીધે હું એકદમ નિશ્ચિંત થઈ ગયો હતો. કારણ કે મનનાં કોઈ ખૂણે એક એવી ધાસ્તી તો રહેલી જ હતી કે આટલી મોટી રાજકુમારી અમારા જેવા ગોવાળો સાથે રહી શકશે કે નહીં? મારું તો ઠીક, હું તો યુવરાજો જેવી રીતભાત અને શાલીનતા કેળવી ચૂક્યો હતો, પણ સાચું કહું તો બાકીઓના કારણે ચિંતા સતાવી જ રહી હતી. ...પણ હવે જ્યારે બધું ઠીકઠાક થઈ જ ગયું છે, ત્યારે શા માટે બધું પૂરી રીતે થાળે પાડી દેવામાં ન આવે? બસ, હું રુક્મિણીને પ્રભાવિત કરવાના બીજા અવસર શોધવામાં લાગી ગયો. ત્યાં સુધી કે એક દિવસે મેં રુક્મિણીને બાજુમાં બેસાડીને રથ પણ હાંક્યો. તમે તો જાણો જ છો કે હું કેટલો શ્રેષ્ઠ સારથિ હતો. રથ એટલો ઝડપથી હાંકી રહ્યો હતો કે જોતજોતામાં બધાને ખાસ્સા પાછળ રાખી દીધા હતા. મારો પ્રયત્ન સફળ રહ્યો. રુક્મિણી મારા રથ-કૌશલ્યથી ઘણી પ્રભાવિત થઈ હતી. આ બાજુ રુક્મિણી પ્રભાવિત શું થઈ, મારો ઉત્સાહ સાતમા આસમાને પહોંચી ગયો. પછી તો મેં પૂરપાટ દોડતા રથને પલટીને તેનું મુખ બીજી બાજુ કરી બતાવ્યું. સ્વાભાવિક રીતે રુક્મિણી મારી આ કળાથી વધુ પ્રભાવિત થઈ. તેને તો મારું આ રથ-કૌશલ્ય એટલું ગમી ગયું હતું કે તે વારંવાર મને તેજ ગતિએ દોડતા રથને વાળવાનું કહ્યા કરતી હતી અને હું વારંવાર આ કરતબ કરીને તેની ઈચ્છા પૂરી કરતો રહ્યો. એ પણ દરેક વખતે તાળીઓ પાડીને મારી આ કળાને બિરદાવતી રહી. બસ, આ રીતે યાત્રા દરમિયાન ડગલે ને પગલે મારી અને રુક્મિણીની નિકટતા વધી રહી હતી. ...પરંતુ ખબર નહીં કેમ મારા મિત્રો એવા હતા કે એમને અમારા બે પ્રેમીઓ વચ્ચે વધી રહેલી નિકટતા માફક નહોતી આવતી. સહુ હાથ ધોઈને મારી પાછળ પડ્યા રહેતા હતા. હું જેટલા જુસ્સાથી રુક્મિણીને પ્રભાવિત કરતો, એટલા જ વ્યંગ અને વાતોથી તેઓ, મેં પાથરેલા પ્રભાવને ધૂળમાં મેળવી દેતા હતા. આ તરફ હું મારા સ્વભાવથી મજબૂર, ફરી પ્રભાવ જમાવવામાં લાગી જતો. મિત્રો ફરી મારા પ્રભાવ પર પાણી ફેરવી

દેતા. જોતજોતામાં એક નવી જ રીતનો ખેલ આરંભાઈ ગયો હતો. મારા માટે સંતોષની વાત એ હતી કે એના કેન્દ્રબિંદુમાં મારી, અને માત્ર-મારી વ્હાલી રુક્મિણી હતી.

...બસ, આ મજાક-મસ્તી સાથે અમારી યાત્રા આગળ ધપી રહી હતી. એટલી મજા આવતી હતી કે કોઈને પણ પહોંચવાની ઉતાવળ નહોતી. આમ જ એક દિવસ, રાત્રિ-વિશ્રામ માટે અમે એક નાનકડાં આશ્રમમાં આશરો લીધો હતો. ભોજન વગેરે પતાવીને અમે બધા બહાર બગીચામાં બેઠા હતા. વાતચીતનો ઉત્સાહપૂર્ણ દોર ચાલી રહ્યો હતો. ...ત્યારે અચાનક ઉદ્ધવે વાતવાતમાં રુક્મિણીને કહી દીધું કે હું ખૂબ સરસ વાંસળી વગાડું છું. પછી શું હતું, રુક્મિણી મારી વાંસળી સાંભળવા તત્પર થઈ ગઈ. હું તો તૈયાર જ બેઠો હતો. ભલા રુક્મિણીને પ્રભાવિત કરવાનો આપમેળે હાથ લાગેલો આ મોકો હું ક્યાં ચૂકવાનો હતો? બસ, તે દિવસે રાત્રિ-ઉત્સવનો આ મુખ્ય કાર્યક્રમ બની ગયો. આ કંઈ મોટી વાત નહોતી, ખુશખબરી તો એ કે રુક્મિણી મારી વાંસળી સાંભળીને મારી પાછળ બરાબરની ઘેલી થઈ ગઈ. તેણે તો થવાનું જ હતું. મેં તેના જ માટે આટલા પ્રેમથી વાંસળી વગાડી હતી. અને સાચું કહું તો ખબર નહીં રુક્મિણી મારી વીરતા અને વાક્ચાતુર્યથી કેટલી પ્રભાવિત થઈ હતી, પરંતુ હું એ દાવા સાથે કહી શકું છું કે તે મારા રથ-કૌશલ્ય અને પર જરૂર વારી ગઈ હતી.

પરંતુ દોસ્તોને રુક્મિણીની મારા પ્રત્યે વધતી ઘેલછા ક્યાં ગમવાની હતી? મારું સમાપ્ત થતાં જ ઉદ્ધવે એક જોરદાર વ્યંગ કરી દીધો. તે બોલ્યો- ખબર છે, ભાભી! કૃષ્ણનું ચરિત્ર બગાડવામાં કૃષ્ણના સ્વભાવ કરતાં આ વાંસળીનો ઘણો વધારે દોષ છે. એટલે આ વાંસળીથી કાયમ ચેતતા રહેજો. ...આ સાંભળતા જ, ચારેબાજુ હાસ્યની છોળો ઊડવા લાગી. અને હું 'બુદ્ધુરામ' બનીને ત્રાંસી નજરે ઉદ્ધવને જોતો રહી ગયો...

...બસ, આજ રીતે હસતા-હસાવતા અને ઉત્સવ મનાવતા અમે લોકો બારમા દિવસની સાંજે દ્વારકા પહોંચી ગયા. મારી ખુશીનો પાર નહોતો. મારા તમામ સપનાં સાકાર થઈ ગયા હતા. હું તો મારા સપનાંની રાણીને મારા સપનાંની નગરીમાં લઈને આવવામાં સફળ થયો હતો. હું એટલો ખુશ હતો કે ઈતિહાસમાં ભાગ્યે જ કોઈ ક્યારેય આટલું ખુશ થયું હશે.

દ્વારકાનું પ્રારંભિક જીવન

સારું થયું કે અમે સાંજ ઢળતા સુધીમાં દ્વારકા પહોંચી ગયા હતા. સાંજ ઢળતા જ દ્વારકા મશાલોની ઝાકમઝોળ રોશનીથી ઝગમગી ઊઠે છે, તે વાત ભૂલી ગયા કે શું! અને આવા વખતે દ્વારકા કેટલી સુંદર લાગે છે, કદાચ એ તો તમને યાદ જ હશે! આગળ, ધાર્યું હતું એમ જ, દરિયાકિનારે પહોંચતા જ રુક્મિણીના ચહેરા પર આશ્ચર્ય અને આનંદની ઝરમર શરૂ થઈ ગઈ. એક તો મશાલોની રોશનીથી ઝગમગતી દ્વારકા જોઈને તે એમ જ ગાંડી થઈ ગઈ હતી અને ઉપરથી દરિયાનો કિનારો અને કિનારા પર લાંગરેલા વહાણોએ તેને પૂર્ણપણે ઘેલી કરી મૂકી. દરિયો અને દરિયાકાંઠે લાંગરેલા વહાણ- એ બેઉ તે પહેલી જ વાર જોઈ રહી હતી. આવા સમયે મેં જ્યારે હાથ પકડીને તેને વહાણ પર ચઢાવી ત્યારે તો તે એટલી ખુશ થઈ કે આનંદવિભોર થઈ મને વળગી જ પડી. આ સાથે જ 'કૃષ્ણ'નું કામ થઈ ગયું. એણે મારી સાથે દ્વારકા અને દ્વારકાવાસીઓ, એમ બેઉને સ્વીકારી લીધાં હતા. એ સમયે મારી ઉંમર લગભગ ત્રીસ વર્ષની હતી અને રુક્મિણીની ઉંમર હશે એકવીસ વર્ષ. આજે મારા તમામ સપના સાકાર થઈ ગયા હતા. અને એ સાથે જ, આત્મજ્ઞાન થઈ ગયું હોવા છતાં, મારા થકી 'કર્મ'નો માર્ગ પસંદ કરવાના નિર્ણય પર પણ મહોર લાગી ગઈ હતી.

આખરે, જેવું વહાણ કાંઠા પર લાંગર્યું કે મેં બહુ જ ગૌરવથી રુક્મિણીનો હાથ મારા હાથમાં લીધો અને અમે બધા તેનાં જ નેતૃત્વમાં મુખ્ય દ્વાર તરફ આગળ વધવા લાગ્યા. રુક્મિણી આવું સન્માન મેળવીને ઘણી ખુશ થઈ. અને આ રીતે હાથમાં હાથ પરોવીને હસતી સ્વપ્નસુંદરીની સાથે મેં મશાલોની રોશનીથી ઝગમગતી ભવ્ય દ્વારકા નગરીમાં પ્રવેશ કર્યો. આટલું જ નહીં, પ્રવેશદ્વારથી રાજમહેલ સુધીના સફરમાં રથની કમાન પણ મેં જ સંભાળી. કહેવાની જરૂર નથી કે પડખે પોતાનાં સપનાઓની રાણીને બેસાડીને કૃષ્ણ તેને પોતાની સ્વપ્નનગરીની સફર પર લઈ ગયો! સામે, સાવ સ્વાભાવિક રીતે જ દ્વારકાની પહોળી સડકો અને સુંદર બજાર એ બધું રુક્મિણીને પહેલી નજરે જ એવું ગમી ગયું કે તે પોતાની સંવેદનાઓ પર કાબૂ ન રાખી શકી. એણે તરત મને ભેટીને ચુંબન કરી લીધું. એટલું જ નહીં, સાથોસાથ આવી ભવ્ય નગરી માટેના અભિનંદન પણ આપી દીધા. એના ચૂમવામાં અને અભિનંદનમાં એ બધું જ આવી ગયું હતું જેની કૃષ્ણ વર્ષોથી આશા કરીને બેઠો હતો. હવે આટલા મોટા રાજ્યની રાજકુમારી જો દ્વારકાથી આટલી પ્રભાવિત થતી હોય... તો ખરેખર જ અમે અત્યંત સુંદર નગરીનું નિર્માણ કર્યું હતું.

ચલો, જવા દો એ બધી વાતોને. અત્યારે અહંકારને માટે જગ્યા જ ક્યાં છે? અત્યારે તો નજારો એ છે કે... રથની કમાન મારા હાથમાં છે અને પડખે બેઠી છે મારી પ્યારી રુક્મિણી! જેને એકાંત નસીબ થયું એવી આ અમારી પહેલી મુલાકાત હતી. વિચારો, કૃષ્ણનો કઈ દુનિયામાં ખોવાઈ જવાનો સમય આવી ગયો હતો? એથી પણ સારી રીતે એ વિચારો કે આ વિચારની સાથે જ કૃષ્ણ કઈ દુનિયામાં ખોવાઈ ગયો હશે? હવે પ્રાણપ્યારી સાથે એકાંતમાં મળેલી આવી પહેલી મુલાકાત કંઈ એમ જ થોડી વેડફી નાંખવાનો હતો? એથી જ તો, જમણા હાથે રથની કમાન સંભાળીને ડાબે હાથે રુક્મિણીને પૂર્ણપણે બાહુપાશમાં લીધી. એ પણ સમર્પિત થઈને આખેઆખી મારી બાહોમાં સમાઈ ગઈ. તમે માનશો નહીં પણ અમે લગભગ આખી દ્વારકાનું આમ જ ચક્કર માર્યું. જોકે, મજા તો અમને નગરની ચહલપહલ પણ કરાવી રહી હતી. અને સામાન્ય પ્રજા દ્વારા ઝૂકીઝૂકીને આપવામાં આવતા સન્માનનું તો કહેવું જ શું? અને મારા માટે તો ખરી મજા એ વાતમાં હતી કે મારી સાથે એ માન રુક્મિણીને પણ મળી રહ્યું હતું. હા, કેટલાક લોકો રુક્મિણીને લઈને જિજ્ઞાસા પણ પ્રગટ કરતાં નજરે ચડ્યા. હશે, જો

આવી નાની વાતોને જતી કરું તો એ તરફ, પ્રથમ દ્રષ્ટિએ જ રુક્મિણી દ્વારકાની દીવાની થઈ ગઈ હતી. તેને અહીંની પ્રજ્જવલિત મશાલો અને ઢળતી સાંજ પછી પણ હરતા ફરતા લોકોની અવરજવરે ખૂબ પ્રભાવિત કર્યા હતાં. મારા આનંદની તો એ સ્થિતિ હતી કે આ બધું જોઈને એ દ્વારકાના જેટલા વખાણ કરતી, તેટલો હું ફૂલાઈને ફાળકો થતો હતો. છેવટે આ મારી પોતાની દ્વારકા હતી. ખૂબ જ મહેનત અને લગનથી એક ગોવાળે તે બનાવી હતી, અને જે રાજકુમારી માટે તે બનાવી હતી તેને તે ગમી પણ ગઈ હતી!

ખેર! અંતે મેં મારો રથ રાજભવન તરફ વાળ્યો. એમ પણ આર્યાવર્તના પ્રચલિત નિયમ મુજબ દ્વારકામાં પ્રવેશ કરવાથી જ રુક્મિણી અને હું વિવાહિત થઈ ગયાં હતા. એટલે મારે તેને મારું ઘર તો બતાવવાનું જ હતું. રાજમહેલ પહોંચતાં જ મેં રુક્મિણીને વિશાળ સભાખંડમાં બેસાડી અને દોડતો જઈને બધાને બોલાવી લાવ્યો. બધાં આવી જતાં જ મેં તેની મુલાકાત નાનાજી, મા-પિતાજી તથા સુભદ્રા સહિત બધાં સાથે કરાવી. તેમનો લાડકો વહુ લઈ આવ્યો છે, એ જાણીને બધાની ખુશીની કોઈ સીમા ન હતી. રુક્મિણી પણ બધાના આર્શીવાદ મેળવીને ધન્ય થઈ ગઈ. મા થોડી વાર રુક્મિણી સાથે વાતો કરીને તરત જ રસોડામાં ચાલી ગઈ. ચોક્કસપણે એ પોતાની વહુને પોતાના હાથે બનાવેલા વિવિધ પકવાનો ખવડાવવા માગતી હતી. એ સારી વાત હતી, એ બહાને મારું પેટુ મન પણ તૃપ્ત થશે. આ દરમિયાન બધા મિત્રો પણ આવી ગયા હતા.

એ તો જાણે ઠીક, પણ ત્યાં રુક્મિણી નાનાજી અને પિતાજી સાથે વાતોમાં બરાબરની અટવાઈ હતી. એ બેઉ રુક્મિણીને છોડવાનું નામ જ નહોતા લેતાં, વાતો જ કર્યા કરતાં હતા. આ તરફ મિત્રોને પણ શું સૂઝયું કે તેઓ મને ત્યાંથી ઉઠાવીને પોતાના કક્ષમાં લઈ ગયા. આમ રાજમહેલમાં પ્રવેશતાની સાથે જ ચારેતરફથી અમારી મીઠી સતામણી શરૂ થઈ ગઈ હતી. સાચેજ અત્યારે રુક્મિણીથી દૂર જવાનું મારું સહેજ પણ મન નહોતું, પણ દોસ્તો અને વડીલોની મહેરબાનીએ સાથે રહેવા માટેનો એકેય ઉપાય નહોતો છોડ્યો. છેવટે આમ ક્યાં સુધી ચાલે? કમને ભાઈબંધો સાથે થોડી વાર ટોળ-ટપ્પાં કરીને, લાજ-શરમ નેવે મૂકી હું રુક્મિણી પાસે આવી ગયો. એક સારા જીવનસાથી તરીકે શયનખંડ બતાવવાને બહાને, તેને પિતાજી અને નાનાજીની ચુંગાલમાંથી પણ છોડાવી. સાથોસાથ શેવ્યા અને શ્ર્વેતકેતુને પણ પોતાની બાજુના જ ઓરડામાં રોકાવાની વ્યવસ્થા કરી આપી. શયનખંડમાં પ્રવેશતા જ મેં નિરાંત અનુભવી. સૌ પ્રથમ તો થાક ઉતારવા સ્નાન વગેરે ક્રિયાઓ પતાવી, કેમકે આજની રાતે ક્યારે સૂવા મળશે તેનો કોઈ ભરોસો નહોતો.

એ તરફ, હજી અમે તૈયાર થઈને પાછા સભાગૃહે પહોંચ્યા જ હતા કે ભાઈબંધોને નવું નાટક સૂઝયું. એક અનોખું કામ તેમણે પોતાના હાથમાં લઈ લીધું. આખી મિત્ર મંડળી, ખબર નહીં કેમ પણ અમારા ઓરડાની સજાવટમાં લાગી ગઈ. જોતજોતામાં તો આખો ઓરડો એમણે ફૂલોથી શણગારી દીધો. ઓરડો એવો મઘમઘતો કરી દીધો કે દૂર દૂર સુધી અત્તરની સુવાસ ફેલાવા લાગી. છેક હવે મને ખ્યાલ આવ્યો કે આ બધી તૈયારી તો રાત માટે થઈ રહી હતી. એટલે કે અમારી પ્રથમ રાત્રિનો ઉત્સાહ અમારા કરતાં પણ મિત્રોને વધારે હતો.

હશે, હવે તો શ્ર્વેતકેતુ અને શેવ્યા પણ તૈયાર થઈને આવી ગયા હતા. બાકી બધા કક્ષમાં પેહલાથી જ બિરાજમાન હતા. આ બાજુ, અત્યાર સુધીમાં દોસ્તો પણ સજાવટનું કામ પતાવીને આવી ગયા હતા. બસ, જોતજોતામાં તો ત્યાં મોટી મંડળી જામી ગઈ. બાકી બધું તો ઠીક, પણ હું એ વાતથી ખુશીનો માર્યો, ફૂલ્યો નહોતો સમાતો કે રુક્મિણીને દ્વારકા આવ્યે થોડા કલાક જ થયા હતા, પણ એ એવી હળી મળી ગઈ હતી... કે જાણે વરસોથી દ્વારકામાં જ રહેતી હોય. જોકે, આમ ખરી રીતે જોવા જઈએ તો હકીકત પણ એ જ છે, કેમકે તે મારા હૃદયમાં બેસીને તો અનેકવાર દ્વારકાની સફર ખરેખર કરી જ ચૂકી હતી.

ચાલો, આ બધું તો ઠીક પણ એ બાજુ તો આશ્ચર્ય પર આશ્ચર્ય સર્જાઈ રહ્યાં હતાં. રાત્રિ ભોજન માટે નાનાજી, માતા-પિતા, ભાઈ, રેવતી ભાભી, ઉદ્ધવ, સાત્યકિ, દારુક, શૈવ્યા, શ્વેતકેતુ સહિત લગભગ પચાચેક લોકો આમંત્રિત હતા. કહેવાનું તાત્પર્ય એ કે ચારેતરફ રુક્મિણીના આગમનનો આનંદ મનાવવામાં આવી રહ્યો હતો. અને મા, રુક્મિણીને પોતાના હાથે પીરસી રહી હતી એટલું જ નહીં, તે તેને પોતાના હાથે જમાડી પણ રહી હતી. બીજી તરફ રુક્મિણી પણ ચારેતરફથી થઈ રહેલી આ સ્નેહવર્ષાથી અભિભૂત થઈ રહી હતી. સાચું કહું તો રુક્મિણીનું આવું શાનદાર સ્વાગત થવું, તેના કરતાં પણ મને વધારે ગમી રહ્યું હતું.

આ બાજુ હજી ભોજન પૂરું થાય ન થાય ત્યારસુધીમાં તો બીજાં આનંદાશ્ચર્યોની શરૂઆત થઈ ગઈ. ધીમે ધીમે મારા વિવાહના સમાચાર વાયુવેગે આખા દ્વારકામાં ફેલાઈ ગયા. જોતજોતામાં તો રાજમહેલની બહાર રુક્મિણીની એક ઝલક માટે લોકોની ભીડ જમા થઈ ગઈ. કેમ ન થાય? આખરે રુક્મિણી મા દેવકીની જ નહીં, સમગ્ર દ્વારકાની વહુ હતી. હવે પ્રજાની ભાવનાનું સન્માન કરવું એ રાજાનું પરમ કર્તવ્ય હોય છે; એટલે હું પણ ભોજન પતાવીને તરત રુક્મિણીને લઈને રાજમહેલના પહેલા માળે અગાશીમાં પહોંચ્યો. નીચે ખરેખર બહુ મોટી ભીડ જમા થઈ હતી. અને સ્વાભાવિક રીતે તે પોતાના દ્વારકાધીશને રાણી સાથે આવેલો જોઈને ખૂબ ઉત્સાહમાં આવી ગઈ હતી. જોતજોતામાં તો અમારો જયઘોષ કરવામાં આવ્યો. આ તરફ દ્વારકાવાસીઓનો આવો અપાર પ્રેમ પામીને રુક્મિણીની આંખો છલકાઈ ઊઠી. સાચેજ, થોડાંક કલાકોમાં જ દ્વારકા રુક્મિણીને અને રુક્મિણી દ્વારકાને સમગ્ર રીતે અપનાવી ચૂક્યાં હતા. અને આ સાથે જ મારા નિર્ણય પર મહોર લાગી ગઈ હતી.

આ બાજુ અનેક દિવસોની સફર અને લાંબા ચાલેલા સ્વાગત સત્કારે આખરે રુક્મિણીને થકવી દીધી હતી. આમ પણ આજે અમારી પ્રથમ રાત્રિ હતી. મને કોઈ એટલો ઉત્સાહ ન હતો, પણ મિત્રોની મહેનત પર આમ પાણી થોડું ફેરવાય.. હવે કહેવું તો એમ જ પડેને! છોડો એ વાત, અત્યારે તો રુક્મિણી બધાની આજ્ઞા લઈને કક્ષમાં જતી રહી હતી; પણ મારા ભાઈબંધો હજીયે મને છોડવા તૈયાર નહોતા. અને આશ્ચર્ય તો એ વાતનું હતું કે ભાઈ તરફથી પણ એમને પૂરું પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું હતું. ભાઈની વાત તો જાણે કે સમજી શકાય કે કુશસ્થળીમાં તેમને ભાભીથી અલગ રાખવાનો બદલો લઈ રહ્યા હોય... પરંતુ આ મારા દોસ્તોને શું થઈ ગયું હતું? આખરે જેમતેમ કરીને બધાને સમજાવી પટાવીને નીકળવામાં હું સફળ થઈ જ ગયો. મનમાં ગભરાટ પણ હતો કે રુક્મિણીને ગયાને ઘણો સમય થઈ ગયો હતો, ક્યાંક એવું ન થાય કે પહેલી રાતે જ તેની નારાજગીનો સામનો કરવો પડે.

...ભાગતો ભાગતો હું શયનખંડમાં પહોંચ્યો. જોયું તો રુક્મિણી શણગાર સજીને ખૂબ આતુરતાપૂર્વક મારી રાહ જોતી બેઠી હતી. ખરેખર, રુક્મિણીનું આ રીતે મારી વાટ જોવું, ...મારું તો જીવન જ સફળ થઈ ગયું હતું. આજ એક પળની તો હું છેલ્લા દસ વર્ષથી પ્રતીક્ષા કરી રહ્યો હતો. સાચેજ આ એક પળમાં દુનિયાભરની બધી ખુશીઓ એક સામટી મારા ખોળામાં આવી ગઈ હતી. તમે તો જાણો જ છો કે સાવ એકાંતમાં મારી અને રુક્મિણીની આ પહેલી મુલાકાત હતી. આ માત્ર મારા જીવનની સૌથી મહત્ત્વપૂર્ણ ક્ષણ હતી એટલું જ નહીં, પરંતુ આ મારા કૌશલ્યની સૌથી મોટી કસોટી પણ હતી. છેવટે હતો તો હું એક ગોવાળ જ. અને રુક્મિણી એક સુશિક્ષિત રાજકુમારી. અલબત્ત, મેં રાજાઓની રીતભાત, એમના ઠાઠ અને માન-મોભાને સારી રીતે અપનાવી લીધા હતા, તો પણ કૃત્રિમ અને સહજ વચ્ચેનો તફાવત તો જેમનો તેમ હતો. ક્યાંક એવું ન થાય કે રુક્મિણી મને પોતાને લાયક ન સમજે. બસ... આજ એક ચિંતા સતાવી રહી હતી. પણ ના, હું કૃષ્ણ છું. જન્મથી ગોવાળ હતો તો શું. ...આજે રાજા છું. અને એ પણ શ્રેષ્ઠ રાજા. રુક્મિણીને એવી રીતે પ્રભાવિત કરીશ કે એ મારી પાછળ ઘેલી થઈ જશે. હજી આમ વિચારતો વિચારતો હું રુક્મિણી પાસે પહોંચ્યો જ હતો કે સાત્યકિએ દરવાજો ખખડાવ્યો. એ ઘણો જ ગભરાયેલો દેખાતો હતો, અને એણે જે વાત કરી એ ખરેખર

ચિંતાજનક હતી. ઘરેણાંઓથી ભરેલું એક વહાણ જતી વેળાએ દરિયામાં ફસાઈ ગયું હતું, અને અત્યારે દ્વારકા આવું કોઈ નુકસાન સહન કરવાની સ્થિતિમાં નહોતું. એ તો ફક્ત સમાચાર આપવા આવ્યો હતો, પણ સમાચારની ગંભીરતાને ધ્યાનમાં લઈને હું પણ એની સાથે નીકળી ગયો. રુક્મિણીને તો ખ્યાલ જ ન આવ્યો કે એવા તો શું સમાચાર આવ્યા હતા કે મહારાજ દોડતા જઈ રહ્યાં છે. મને થયું, હમણાં શું ઉતાવળ છે, પાછા આવીને સમજાવી જ દઈશ. આ તરફ મને સાત્યકિ સાથે આવેલો જોઈ ત્યાં નીચે બેઠકમાં વાટ જોતા ભાઈ, ઉદ્ધવ સહિત સહુ મિત્રો ચોંકી ગયા. તેમનામાંથી કોઈપણ હું સાથે જાઉં એ પક્ષમાં નહોતું, પણ આવી સ્થિતિમાં મારા માટે પ્રથમ રાત્રિનું કોઈ મહત્ત્વ નહોતું રહી જતું. કેમકે પ્રથમ રાત્રિ તો આજે નહીં તો કાલે પણ મનાવી શકાય, પણ વહાણ તો આજે જ બચાવી શકાય તેમ હતું.

બસ! હું તો બધાની સાથે દરિયા કિનારા તરફ નીકળી પડ્યો. અમારી સાથે લગભગ પચાસ સેવક, સૈનિકો અને કુશળ ડૂબકીબાજ પણ ચાલી જ રહ્યા હતા. આ બધું ત્યાર સુધી તો ઠીક, પણ હું અચાનક રુક્મિણી વિશે વિચારવા લાગ્યો. જાણે આભ તૂટી પડ્યું હોય એમ, તેને કંઇ પણ કહ્યા વગર નીકળી પડ્યો હતો. અરે, ...આ મેં શું કરી નાખ્યું? એ શું વિચારશે? શી ખબર રાતે પાછો જઈ પણ શકીશ કે નહીં? ક્યાંક માંડ હાથ લાગેલી બાજી હાથમાંથી સરી તો નહીં જાય? હશે... ભલે ગમે તે થાય, મારું જવું જરૂરી તો હતું જ, કેમકે દ્વારકાનો સર્વશ્રેષ્ઠ તરવૈયો જ નહીં, અહીંનો સર્વશ્રેષ્ઠ ડૂબકીબાજ પણ આખરે તો હું જ હતો. લો, આ બાજુ હું આ બધું વિચારતો રહ્યો અને ત્યાં અમે દરિયાકાંઠે આવી પણ પહોંચ્યા. હું તો વહાણની હાલત જોઈને જ ચોંકી ગયો. ખરેખર વહાણ બહુ જ ખરાબ રીતે ફસાયું હતું. કાંઈ વાંધો નહીં, એને કાઢવું તો પડશે જ. બસ, દોરડાઓના ગાળીયા કરીને તેના ખૂણાઓમાં ભરાવ્યા. મારા સહિત અનેક ડૂબકીબાજોએ દરિયામાં અનેક વાર ડૂબકીઓ લગાવી અને છેક ત્યારે, સવાર સુધીમાં અમે વહાણને પાછું કાંઠે લઈ આવવામાં સફળ થયા. વહાણ કિનારે લાંગરતા જ હું બધાને મૂકીને સીધો રાજમહેલ તરફ વળ્યો. થાક તો એટલો લાગ્યો હતો કે પૂછશો જ નહીં. બસ, જેમતેમ કરીને રથ દોડાવતો રાજમહેલ પહોંચી ગયો.

રાજમહેલમાં પગ પડતાં જ રુક્મિણીની ચિંતા સતાવવા લાગી. એક કર્મને તો સફળતાથી નિભાવી લીધું હતું, અને બીજું કર્મ મોં ફાડીને સામે ઉભેલુ દેખાતું હતું. એટલું જ નહીં, આ કર્મ કંઈક વધારે અઘરું લાગતું હતું. શી ખબર રુક્મિણીના કયા રૂપનો સામનો કરવો પડે?

હશે! કર્મવીર કૃષ્ણએ આવી બધી બાબતોની ઝાઝી ફિકર શેની કરવાની? જે સામે આવશે, જોયું જશે. આમ વિચારતો, થાક્યોપાક્યો જેવો હું કક્ષમાં પહોંચ્યો, તો જોયું કે રુક્મિણી જાગતી જ હતી. એની હાલત જોઈ લાગતું હતું કે તે આખી રાત ઊંઘી નથી. રુક્મિણી મારી રાહ જોવામાં આખી રાત ઊંઘી નહોતી, એ વાત એક રીતે તો મારા માટે ગૌરવ લેવા જેવી હતી. પણ આ શું? એણે તો મને જોતાવેંત જ મોં ફેરવી લીધું. કદાચ નારાજ હશે... બિચારી કરે પણ શું? મારી મજબૂરીઓથી તો એ અજાણ હતી. આમાં પણ ભૂલ તો મારી જ હતી; હું જ કંઇ કહ્યા-કારવ્યા વિના નીકળી ગયો હતો. ઠીક છે, ચાલો કાંઈ વાંધો નહીં. હવે આવી ગયો છું, તો બધું જ થાળે પાડી દઈશ. પણ આ વસ્ત્રો જે કીચડથી લથબથ છે તેનું શું કરવું? આ તો હું ફરી એકવાર અજબ મૂંઝવણમાં મુકાઈ ગયો હતો. એક તરફ મન નારાજ રુક્મિણીને મનાવવાની વાત કરતું હતું, તો બીજી તરફ ન્હાવાની ઈચ્છા થઈ રહી હતી. ન્હાવું જ્યાં શરીરની જરૂરત હતી તો ત્યાંજ રુક્મિણીને મનાવવી તે દિલની. સ્વાભાવિક રીતે જ મેં દિલની શરણાગતિ સ્વીકારી અને આવી હાલતમાં પણ રુક્મિણી સાથે વાત કરવાની કોશિશ કરી, પણ નારાજ રુક્મિણીએ કોઈ પ્રત્ત્યુત્તર ન આપ્યો. મેં આને પણ હકારાત્મક રીતે જ લીધું. વિચાર્યું, સાચી વાત છે, આવું સુંદર કામ કંઇ ગંદાગોબરા રહી થોડું જ થાય? બહેતર છે કે પહેલા સ્નાન વગેરે કરી લેવામાં આવે. પોતાને અત્તર વગેરેથી મહેંકાવી લેવામાં આવે. પછી જોઈએ, રાજકુમારી કેવી રીતે નથી

માનતી? આમ વિચારીને હું તે જ ક્ષણે સ્નાન કરવા ચાલ્યો ગયો.

...ન્હાતા ન્હાતા વિચારવા લાગ્યો કે કુદરતની મારી સાથે શું દુશ્મની છે? કેમ મારી સામે હંમેશાં અતિ વિકટ પસંદગીઓ મોકલે છે? કેમ સુંદર મજાના અવસરો વખતે પણ મને સંઘર્ષરત રાખે છે? હવે કાલ રાતની જ વાત લો ને, એક બાજુ પ્રથમ રાત્રિ હતી... અને એ પણ રુક્મિણી સાથે, અને બીજી તરફ ઘરેણાંઓથી લદાયેલું વહાણ ફસાયું હતું. ખરેખર કર્તવ્ય હૃદય કરતાં ભારે પુરવાર થયું, અને મેં વહાણને બચાવવાનો વિકલ્પ પસંદ કર્યો. જોકે મને તેનો કોઈ રંજ નહોતો, કેમકે હું જીવનના એ સત્યને સારી રીતે જાણું છું કે જીવનમાં પ્રાય: પસંદગીઓ કરવી જ પડતી હોય છે. હું એ પણ જાણતો હતો કે સકારાત્મક પસંદગીઓમાં હંમેશાં કુદરતની મરજી સામેલ હોય જ છે, ...અને સમજદાર મનુષ્યે ક્યારેય કુદરતની મરજી વિરુદ્ધ ન જવું જોઈએ. અરે ભાઈ, પ્રથમ રાત્રિ તો બીજે દિવસે પણ મનાવી શકાય છે. આખી જિંદગી પડી છે તેના માટે... પણ વહાણને પછી થોડું જ બચાવી શકાત? ...અને વળી રુક્મિણી પણ કમાલ છે! એણે કંઈ સમજ્યાં-જાણ્યા વગર મારાથી નારાજ ન થવું જોઈએ. એનો મારા પ્રત્યેનો પ્રેમ માંડ માંડ હજી દસ દિવસ જૂનો છે, જ્યારે મારો એના પ્રત્યેનો પ્રેમ દસ વર્ષ જૂનો છે. તેણે મારા પ્રેમ ઉપર ભરોસો કરવો જ જોઈતો હતો. એણે સમજવું જોઈતું હતું કે પ્રથમ રાત્રિ મનાવવા માટે એના કરતાં ઘણો વધારે હું બેચેન હોઈશ. એક સમજું રાજકુમારી થઈને એણે આવી ભૂલ નહોતી કરવી જોઈતી. પણ, આજે રુક્મિણીને આ બધું સમજાવવાનો ન તો દિવસ હતો, ન તો સમય... આજે તો ભલાઈ ચૂપચાપ શરણાગતિ સ્વીકારી લેવામાં જ હતી.

તેથી હું સ્નાનાદિ પતાવીને ચૂપચાપ પથારી પર તેની પાસે જઈને બેસી ગયો. પણ આ શું? ...તેણે તો મને જોતાં જ મોં ફેરવી લીધું. હું સમજી ગયો, નારાજગી મારી ધારણા કરતાં ઘણી વધારે છે. હવે તો કૃષ્ણ ધંધે લાગી ગયો! એક બાજુ થાક એટલો બધો હતો કે ઊંઘ આવતી હતી અને બીજી તરફ મારી સપનાંની રાજકુમારીને મનાવ્યા વગર ઊંઘવું મુશ્કેલ હતું. મારું શું હતું, હું તો એકમાંથી નીકળીને બીજા કર્તવ્યમાં લાગી ગયો... પરાજય પાક્કી લાગતી હતી. વાત કરવાના જેટલા પ્રયાસ કર્યા તે બધા જ નિષ્ફળ નીવડ્યા.

ઠીક છે! વાત કરવા નથી માગતી તો કંઈ નહીં, પણ હું મારી મજબૂરી તો તેને કહી જ શકું છું. સમજદાર રાજકુમારી છે. રાજકીય કર્તવ્યોને સારી રીતે સમજે છે. કદાચ એને લીધે તેની નારાજગી ઓછી થાય. આજ વિચારીને મેં તેને વહાણના ફસાઈ જવાની તથા તેને બચાવવાની જરૂરિયાત સમજાવી. એની સાથે જ પોતાની કુશળ તરણકળાનું તથા ડૂબકીબાજ તરીકેની પ્રતિભાઓની જાણકારી પણ તેને આપી. એ કેટલું સમજી તે તો હું નથી જાણતો, પણ આનાથી તેની નારાજગીમાં થોડો ઘટાડો અવશ્ય થયો. મારા માટે આટલું પૂરતું હતું. બસ, મોકાનો ફાયદો ઉઠાવીને હું તેને એકદમ અડીને સૂઈ ગયો અને ધીમેધીમે તેનું માથું પંપાળવા લાગ્યો. પણ આ શું, એણે તો ગુસ્સામાં મારો હાથ ઝાટકી નાંખ્યો... આ તો હદ થઈ ગઈ. રહી રહીને તે ગુસ્સો કાઢી રહી હતી.

...શી ખબર ક્યારે કુદરત મને આવા વિકટ સંઘર્ષોમાં નાખવાનું બંધ કરશે. હશે, આ તો કુદરતનું 'ક્રિયા-ક્ષેત્ર' છે. મારું 'અધિકાર-ક્ષેત્ર' તો કર્મ છે, હું એના પર જ વિચાર કરું. આમ પણ જીંદગીએ મને સંઘર્ષમાં જીવતા અને તેને સહન કરવાથી ટેવાઈ જતા શીખવ્યું હતું. અને હું કંઈ પણ શીખવામાં પાછો થોડો રહેતો હતો? જીવનના સંઘર્ષોને પણ રમત સમજીને તેમની સાથે રમ્યા જ તો કરતો હતો. બસ, મેં પોતાની જાતને રુક્મિણી સાથે એક રમત રમવા માટે તૈયાર કરી લીધી. અને એ સાથે જ હવે મને રિસાયેલી રુક્મિણીને મનાવવાની ખૂબ જ મજા આવવા લાગી, ચાલો જોઈએ તો ખરા કે કોણ જીતે છે...? હું ક્યારેક વાત કરવાનો પ્રયાસ કરતો, તો ક્યારેક તેનાં માથા કે પીઠ પર હાથ પસવારતો અને નારાજ રુક્મિણી મારો હાથ ઝાટકીને મને હરાવી દેતી. એક-બે વાર નહીં, દરેક વાર તે આ રિસામણાં-મનામણાંના ખેલમાં મને હરાવી રહી હતી. સમય વીતતો જતો હતો પણ વિજય દૂર દૂર સુધી દેખાતો

નહોતો. એક તો બાવીસ-પચ્ચીસ દિવસોની લાંબી મુસાફરી પછી આ ભયાનક રમત રમવી પડી રહી હતી. સફરનો થાક તો હતો જ, ઉપરથી રાત્રે વહાણને બચાવવાની આકરી મહેનતે મને સાવ મુડદાલ બનાવી દીધો હતો. એકંદરે રુક્મિણીની જિદ્ અને મારો થાક ભેગા થવાથી આ વર્તમાન રમત મારે માટે મુશ્કેલથી પણ વધારે કપરી થઈ ગઈ હતી. પણ મારા માટે તો સંઘર્ષનો અર્થ જ વિજય કે મૃત્યુ હતો. અને તમે તો જાણો જ છો કે મને હંમેશાં વિજય પ્રિય રહ્યો છે. છેવટે મેં વિજય મેળવવા માટે મારું બ્રહ્માસ્ત્ર ચલાવી દીધું. બહુ જ ઉદાસ થઈને હું બોલ્યો- વિચાર્યું હતું કે વિવાહ પછી તો પત્નીની સેવાથી ધન્ય થઈ જઈશ. પણ અહીં તો બધું ઊલટું જ થઈ રહ્યું છે. એક તો આખી રાતનો થાક છે, ભૂખ પણ લાગી છે અને શરીર તૂટે છે અને ઉપરથી આ જુલમ તો જુઓ કે આવા સમયે દાસીઓને પણ બોલાવી નથી શકતો, ...કેમકે પત્ની હોવા છતાં દાસીઓને બોલાવવી એ તો મારા પ્રેમ પરના ભરોસાનું અપમાન કહેવાય. ચાલો, એમ જ સૂવાનો પ્રયાસ કરું છું. કદાચ થાકને લીધે ઊંઘ આવી જાય?... આ અંતિમ વાક્ય હું ખૂબ જ નાટકીયતાથી બોલ્યો અને તરત સૂઈ ગયો.

...આ સાંભળતાં જ તે તડપી ઊઠી. ઝડપથી ઊભી થઈ અને થોડા ફળો તથા છાશ લઈ આવી. અને પછી બહુ પ્રેમથી બધું મારી સામે પીરસી દીધું. વાહ, આ થઈને વાત! આમ પણ આ ભુખ્ખડને તો પેટની ભૂખથી ક્યાંય વધારે પ્રેમની ભૂખ લાગી હતી. મોકાનો ફાયદો ઉઠાવીને તરત જ મેં તેને આલિંગન આપ્યું. એ બહુ જ શરમાઈ ગઈ. એટલે કે મામલો પતી ગયો. આખરે જીત મારી જ થઈ. થાક મને પણ લાગ્યો હતો અને એને પણ. બસ, શું હતું, બેઉએ એકબીજાને પંપાળીને સુવડાવી દીધાં. ભલે સુહાગરાત નહીં, પણ રુક્મિણીને મનાવીને આમ સુહાગપ્રભાત તો મનાવી જ લીધી હતી. મને મારા 'બ્રહ્માસ્ત્ર' પર ખૂબ જ માન થઈ રહ્યું હતું, ખરેખર એણે મને કદી દગો નથી દીધો. ...એ દિવસે તો અમે જે સૂતા તે સાંજ પડતા પડતા જ ઊઠ્યાં. અમે રાતનું ભોજન પણ અમારા શયનકક્ષમાં જ લીધું. બેઉએ એકમેકને પોતાને હાથે જમાડ્યાં. આજે કક્ષને રુક્મિણીએ જ સજાવ્યો હતો. તેને પણ મારી જેમ અત્તરનો ખૂબ શોખ હતો. એટલું જ નહીં, સ્નાન કર્યા પછી તેણે મારા આખા શરીરે ચંદનનો લેપ પણ કર્યો. અને સૌથી મોટી વાત તો એ હતી કે રુક્મિણીની મહેરબાનીથી ભોજન પછી મને એક નવી જ વસ્તુ અર્થાત્ પાન ખાવા મળ્યું. મને પણ પાન ખાઈને ઘણું સારું લાગ્યું. રુક્મિણીએ વાતવાતમાં કહ્યું કે એને ત્યાં બધા જ લોકો પાન ખાવાના બહુ શોખીન છે. ત્યાં દરેક માણસ ભોજન પછી પાન અવશ્ય ખાય છે. મને પણ તેમનો આ પાન ખાવાનો શોખ ગમ્યો.

હશે, હવે તો આજની રાત મારા જીવનની સૌથી સુંદર રાત હતી. હું તો વર્ષોથી 'રુક્મિણીમય' હતો, પણ આજે તો રુક્મિણી ઉપર પણ 'કૃષ્ણ'નો રંગ ચઢી ચૂક્યો હતો. અમારા નજીક આવવાનો આ પહેલો પ્રસંગ હતો. સાવ સહજ રીતે મધરાત સુધી અમે લોકો વાતો કરતાં રહ્યાં. મોકાનો ફાયદો ઉઠાવીને મેં તેને પ્રભાવિત કરવા માટે મારી બહાદુરીના અનેક કિસ્સાઓ પણ સંભળાવ્યા. ત્યાં સુધી કે પંચજન વધનો તો આખો કિસ્સો તેને ખૂબ મસાલેદાર બનાવીને કહ્યો. સાચું કહું તો રુક્મિણીની સામે આમ પોતાની બડાઈ કરવાની મજા આવતી હતી. અને એ જ કારણ હતું કે હું એને પ્રભાવિત કરવાનો એક પણ મોકો ચૂકતો નહોતો... કદાચ આ એક ગોવાળની મજબૂરી પણ હતી. અને કદાચ એટલા માટે જ લગભગ મધરાતે એણે મને વાંસળી વગાડવાનું કહ્યું તો મેં એને 'પાંચજન્ય શંખ' વગાડીને સંભળાવ્યો. અને જુઓ; મારા પાસા બરાબર પડ્યા. 'પાંચજન્ય શંખ'ની સુંદરતા અને અવાજ, બેઉએ રુક્મિણીને મોહિત કરી દીધી. આનાથી ઉત્સાહિત થઈને મેં એને એ પણ કહ્યું કે કોઈપણ યુદ્ધ કે સંઘર્ષ પહેલા આ હું અવશ્ય વગાડું છું. આનો અવાજ શત્રુ માટે ચેતવણી છે કે તેમનો સામનો સદાય વિજયી રહેનારા 'કૃષ્ણ' સાથે છે... સાચું કહું છું, આ એક રાતે 'કૃષ્ણ'ને 'કૃષ્ણ' બનાવી દીધો. જે રીતે રાધા અને વૃંદાવનને ભૂલાવી શકાય એમ નથી, એવી જ રીતે રુક્મિણી અને તેની સાથે વિતાવેલી આ પ્રથમ રાતને પણ ક્યારેય નહીં વિસરી શકાય. અમે લગભગ સવાર પડવા આવી ત્યારે

સૂવા ગયા.

ચાલો, આ તો સ્વાભાવિક અને સુખદ વાત હતી. પણ એક દિવસ ઓરડાની બહાર શું ન નીકળ્યો, એમાં તો મિત્રોને મજાક કરવાનો એક અવસર મળી ગયો. બપોરના ભોજન વખતે બધાયે બધા મારા પર તૂટી પડ્યા. જોકે, આ વખતે એમની મજાકમાં એક ફરક જરૂર પડ્યોહતો. મારી અર્ધાંગિની હોવાને લીધે, રુક્મિણીએ પણ મજાકનો દંડ ચૂકવવો પડ્યો. કારણ કે મોકો મળતા જ રેવતી ભાભી, સુભદ્રા અને શેવ્યાએ તેના પર ઘણાં કટાક્ષ કર્યા. શેવ્યાએ તો ત્યાં સુધી કહ્યું કે રાજમહેલમાં તો એવા સમાચાર હતા કે તમે લોકો એક આખા અઠવાડિયા સુધી ઓરડામાંથી બહાર નથી નીકળવાના. રુક્મિણી આ સાંભળતા જ શરમથી પાણી પાણી થઈ ગઈ. હું તો નફ્ફટ હતો, મને એનાથી શું ફરક પડે? અમારી મરજી, અમે આખી જિંદગી બહાર ન નીકળીએ? કોઈ જબરદસ્તી છે? કૃષ્ણ આવા કિસ્સાઓથી ડરે છે કંઈ?

ખેર! ખુશીઓ ફક્ત રાજમહેલ સુધી સીમિત નહોતી. અમારા વિવાહની ખુશીમાં આખા દ્વારકામાં ઉત્સવનો માહોલ હતો. બધાં લોકો દરરોજ નવા નવા વસ્ત્રો પહેરીને આમતેમ ફરી રહ્યા હતા. દરેક ઘરમાં રોજેરોજ પકવાન બની રહ્યા હતા. વળી દરરોજ સાંજે રાજમહેલની બહાર રુક્મિણીના દર્શન માટે ભેગી થતી ભીડ વધતી જ જતી હતી. આખા દ્વારકામાં એકબીજાને વધામણીઓ આપવાનો દોર શરૂ થયો હતો. જ્યાં જુઓ ત્યાં, રુક્મિણીના સૌંદર્યની જ ચર્ચાઓ થતી હતી. લગભગ આખું અઠવાડિયું દ્વારકા રુક્મિણીના રંગમાં રંગાયેલી રહી. અને આ બાજુ દ્વારકાવાસીઓનો આ પ્રેમ જોઈને હું મનોમન ખૂબ જ હરખાતો હતો.

જોકે વાત અહીં જ પતી નહોતી જતી. નાનાજી અને માતા-પિતા વિવાહ સમારોહ પણ રાખવા માગતા હતા, પરંતુ હું આ સમયે કોઈપણ વ્યર્થ ઝંઝટમાં પડવા નહોતો માંગતો. આના બે કારણ હતા. એક તો જ્યાં સુધી વ્યવસાય સરખો જામી ન જાય, ત્યાં સુધી હું દ્વારકાના રાજખજાના પર કોઈ વધારાનો બોજો નાંખવા નહોતો માંગતો. અને બીજું અને સહુથી મોટું કારણ એ હતું કે ઉત્સવની તૈયારીની ઝંઝટમાં હું મારી રુક્મિણીથી દૂર થવા નહોતો માંગતો.

ખરેખર, રુક્મિણીના આગમનથી જીવનમાં વસંત ખીલી ઉઠી હતી. હવે તો દરરોજ સાંજે અમે બેઉ દરિયાકિનારે ટહેલવા નીકળી પડતા હતા. કેમકે મારી જેમ જ રુક્મિણીને પણ ફરવાનો ઘણો શોખ હતો. એટલું જ નહીં, મારી જેમ જ તેને પણ દરિયો બહુ ગમવા માંડ્યો હતો. ઘણીવાર તો ભાઈ, ભાભી, ઉદ્ધવ, સાત્યકિ, શેવ્યા અને શ્ર્વેતકેતુ પણ મોડી રાત સુધી અમારી સાથે દરિયાકિનારે બેસતા હતા. તમે તો જાણો જ છો કે મિત્રોની મંડળી જામી હોય અને સામે રુક્મિણી હોય... એવા વખતે, એમની પાસે મારા પર વ્યંગ કરવા સિવાય કોઈ કામ જ ક્યાં રહેતુ હતું? ખરું કહું તો એ દુષ્ટ લોકો દરિયાનો આનંદ લેવા માટે ઓછા, અને મારી મજાક કરવા માટે વધારે આવતા હતા. બીજા તો ઠીક, ભાઈને પણ આમાં મજા આવવા લાગી હતી. તેઓ ઘણીવાર વાતવાતમાં મને નવા નવા નામોથી બોલાવતા હતા. ક્યારેક 'ચક્કરબાજ' તો ક્યારેક 'ચક્રમ'. કેટલાક કલાકાર તો વળી ક્યારેક મને 'ચક્કરપુરના મહારાજા' પણ કહેતા હતા. હવે ભલા આ પણ કાંઈ ઉપનામ કહેવાય? આટલું જ નહીં, મારા છળ-કપટના એક એકથી ચઢિયાતા કિસ્સાઓ પણ મરીમસાલો નાંખીને સંભળાવવામાં આવતા હતા. આમ તો ભાભી કે શેવ્યા પણ એકેય તક નહોતા છોડતાં. અને હું, ...હું એમ માનીને સંતોષ મેળવતો હતો કે ચાલો ઠીક છે, આ બહાને કમસેકમ રુક્મિણીને મારા ખરા સ્વરૂપનો પરિચય તો કરાવે છેને! રુક્મિણી મને જેટલું જલ્દી અને જેટલી વધુ ઓળખી લે તેટલું સારું જ છેને, આનાથી બીજું કશું નહીં તો કમસેકમ ભવિષ્યમાં સાથ નિભાવવામાં આસાની રહેશે.

ખેર! બધાની વાત જવા દો, હું મારી વાત કરું તો દરિયો મને એ હદે પસંદ હતો કે કેવી રીતે કહું? વધુમાં હવે તો રુક્મિણીનો સાથ પણ મળી ગયો હતો. બસ, મને દરિયાકિનારે એક નાનકડો મહેલ

બનાવવાની ઈચ્છા થઈ આવી અને વિચાર શુભ હોય તો તેનો અમલ પણ તરત જ કરવો જોઈએને! મેં તરત જ બજારની જમણી બાજુ દરિયાકિનારાને અડીને આવેલો જમીનનો એક ટુકડો મહેલ બનાવવા માટે પસંદ પણ કરી લીધો. અને કેમકે આ મહેલ મારા અને રુક્મિણી માટે બનાવવામાં આવી રહ્યો હતો એટલે તેનો નકશો પણ મેં જ તૈયાર કર્યો. હું રુક્મિણી સાથે વધુમાં વધુ એકાંતનો આનંદ લઈ શકું તેથી મહેલમાં ફક્ત ચાર શયનકક્ષ, બે અતિથિકક્ષ, એક પ્રતીક્ષાકક્ષ અને એક સભાકક્ષ બનાવવામાં આવી રહ્યા હતા.

...હવે એકાંત તો ઠીક છે, એ તો તે મહેલ આપશે જ, પણ આનંદની યોગ્ય વ્યવસ્થા તો કરવી જ પડેને? તો કૃષ્ણના રાજમાં એની શું કમી હોય? એટલે જ શાનદાર સ્નાનનો આનંદ લેવા માટે મહેલમાં એક વિશાળ જળકુંડ પણ બનાવી જ રહ્યો હતો. કદાચ તમને ન ખબર હોય તો કહી દઉં, હું અને મારી પ્રાણપ્યારી બેઉ જણા ન્હાવાના ખૂબ જ શોખીન હતા. એટલું જ નહીં, મહેલમાં અમારા શયનકક્ષની બહાર જ એવો વરંડો બનાવડાવી રહ્યો હતો, જ્યાંથી આખો દરિયો દેખાય. વળી મહેલને ચારે બાજુથી ખુલ્લો રાખી રહ્યો હતો જેથી દિવસરાત તાજી હવા પણ મળ્યા કરે. મને તો ખુલ્લી હવામાં સૂવાનું, વાતો કરવાનું અને ટહેલવાનું જ નહીં, ભોજન કરવાનું પણ પસંદ હતું. અને એટલે જ હું બેય સમયે ફરવા જતો હતો. આમ તો દરિયાને અડીને એક વિશાળ ઉપવન પણ બનાવવામાં આવી રહ્યું હતું. અને આટલા મોટા ઉપવનમાં હું એક જ હિંચકો નખાવી રહ્યો હતો, સમજી ગયાને...! ...જેથી એકાંત જળવાઈ રહે. સમગ્રપણે સાવધાની તો એવી રીતે રાખી હતી કે કોઈ મહેલમાં આવી શકે કે રોકાઈ શકે એવી વ્યવસ્થા જ નહોતી રાખી.

એ તરફ મહેલનું નિર્માણકાર્ય જોતજોતામાં વેગ પકડી રહ્યું હતું. હું તો ઠીક, રુક્મિણી પણ આ મહેલના નિર્માણ બાબતે બહુ જ ઉત્સાહિત હતી. અમે બેઉ રોજ ક્રમસેક્રમ એકવાર તો મહેલના નિર્માણનું કામ જોવા માટે અવશ્ય જતા હતા. તે મહેલની સુંદરતા અને વૈભવ વધારવા માટે અનેક શાનદાર સૂચનો પણ કરતી હતી. મેં તો તેનો ઉત્સાહ જોઈને મહેલનું નામ 'રુક્મિણી-મહેલ' જ રાખી દીધું હતું. અમને બેઉને એકમેકનો સાથ એવો તો ગમી ગયો હતો કે અમારો સમય ક્યાં વીતી જતો હતો, તેની ખબર જ નહોતી પડતી. દિવસમાં માંડ બે-ચાર કલાક જ અમે એકમેકથી દૂર રહેતા હતા. શું કરીએ, જુદાઈ વેઠાતી જ નહોતી. હાલત એવી હતી કે એક બાજુ જ્યાં હું રુક્મિણીને પામીને મસ્ત થઈ ગયો હતો તો બીજી બાજુ રુક્મિણી પણ દ્વારકા આવીને ઓછી ધન્ય નહોતી થઈ. અને જ્યારે મિલનનો આવો રંગ ચઢેલો હોય તો કોણ, ને શું કામ દૂર રહે? આ તો ઠીક, પણ હજીયે દિલના કોઈક ખૂણે મારા ગોવાળ મનને પોતાના સ્વપ્નની રાજકુમારીને પામી લીધાની પાક્કી ખાત્રી નહોતી થતી. ...એટલે જ મારી બાલિશતા ચાલુ જ હતી. આનો પુરાવો એ કે રુક્મિણી હવે મારી ઘણી નજીક આવી ગઈ હતી, છતાંયે તેને પ્રભાવિત કરવાની મારી કોશિશો હું હજીયે કર્યા કરતો હતો. જ્યારે પણ મોકો મળતો ત્યારે રુક્મિણીને મારા પરાક્રમો અને વીરતાના કિસ્સાઓ સંભળાવવાનું ચૂકતો જ નહોતો. ક્યારેક શૃંગલવ-વધ તો ક્યારેક કાલયવન-વધ, ક્યારેક કાલીયા-વધ તો વળી ક્યારેક અને ગોમંતથી જરાસંધને મારી ભગાડવાનો કિસ્સો તો હું અનેકવાર એને સંભળાવી ચૂક્યો હતો. આ તરફ મારું તો ઠીક પણ મારી વીરતાના કિસ્સાઓ સાંભળીને તંગ આવી ગયેલી રુક્મિણીએ એકવાર એવો જોરદાર વ્યંગ કર્યો કે પછી હું તેને મારી વીરતાના કિસ્સાઓ સંભળાવવાનું જ ભૂલી ગયો. એ રાતે પણ અમે બંને લગભગ મધરાત લગી વાતો કરતાં હતા. વાતો તો શું, રાબેતા મુજબ હું મારી બહાદુરીની ડંફાસો મારતો હતો. આ સમયે અચાનક જ પથારીમાં સૂતેલી રુક્મિણી અંગડાઈ લઈને બોલી 'સ્વામી, તમે પંચજન, શૃંગલવ, કાલયવનથી લઈને અનેક કિસ્સાઓ સંભળાવ્યા પણ આશ્ચર્ય છે કે પેલી 'રણ-છોડ' વાળી વાત તો તમે હજી કરી જ નથી'. મારા હોઠે તો ફટાક દઈને તાળું જ લાગી ગયું. હું એની સામે બેઠો હતો, પણ પછી મોં પર ચાદર નાખીને એવો તો સૂઈ ગયો કે સવાર સુધી પડખું પણ ન ફર્યો! આટલું જ નહીં,

આમાંથી બોધ લઈને એ દિવસ પછી મેં રુક્મિણીની સામે પોતાની બહાદુરીની ડંફાસ મારવાનું સાવ બંધ જ કરી દીધું. શું કરું, રાજકુમારીએ વ્યંગ જ એવો કર્યો હતો કે મારા જેવા બેશરમને પણ શરમ આવી ગઈ!

ખેર! આ વાત તો બોધપાઠ મળતા જ શીખી લીધી ને વિસરાઈ પણ ગઈ. આમ પણ ડંફાસો મારવા સિવાય, રુક્મિણી સાથે બીજી ઘણી સુંદર પળો પણ માણવી હતી. આખરે એ મારું દસ વર્ષથી સેવેલું એવું સપનું હતું જે છેક હવે પૂરું થયું હતું. અને સાચું કહું તો હકીકત સપના કરતાં ઘણી જ વધારે સુંદર હતી. મને તો રુક્મિણી સિવાય કંઇ સૂઝતું જ નહોતું. રુક્મિણીને દ્વારકા આવ્યે બે મહિના વીતી ચૂક્યાં હતા, પણ તેના આવવાથી લઈને આજ સુધી મેં તેની સાથે રહેવા સિવાય બીજું કંઇ જ નહોતું કર્યું. હું એના પ્રેમમાં એવો તો ખોવાયો હતો કે આ બે મહિનામાં મેં દ્વારકાની જરા પણ દરકાર નહોતી કરી. પણ એક કર્મવીર પોતાનું કર્મ કર્યા વગર ક્યાં સુધી રહી શકે? તેથી, ધીમેધીમે રુક્મિણીનો નશો ઉતરવા માંડ્યો. અને એ સાથે જ મેં ફરી એકવાર દ્વારકાના કામકાજમાં રસ લેવાનું શરૂ કર્યું... કેમકે આખરે તો હું દ્વારકાધીશ હતો. પણ આ દ્વારકાધીશ કરે શું? અહીં દ્વારકામાં વહીવટની તો કોઈ ખાસ સમસ્યા હતી નહીં. ચારેતરફ સૈનિક જ સૈનિક હતા. આમ દ્વારકાની વ્યવસ્થા બધી રીતે બરાબર ચાલી રહી હતી. રાજકોષ પણ ભરેલો જ હતો. તમામ વ્યવસાયો સારી રીતે ગોઠવાઈ ગયા હતા એટલે કર પણ આવવા માંડ્યો હતો. દ્વારકાનાં વસ્ત્રો અને ઘરેણાંઓની ધીમેધીમે સમગ્ર આર્યાવર્તમાં શાખ જામી ગઈ હતી. અને તેના ફળસ્વરૂપે ઘરેણાંઓની નિકાસ જોશભેર ચાલી રહી હતી. ...એટલે કે દ્વારકાધીશ હવે સાવ કામ ધંધા વગરના થઈ ગયા હતા. એમનો રુક્મિણીનો નશો તો ઊતરી જ ગયો હતો અને ઉપરથી અહીં વહીવટમાં પણ કંઇ ખાસ કરવા જેવું હાથમાં નહોતું.

...એટલે એ નશો પણ ઊતરી ગયો. 'કર્મવીર કૃષ્ણ' સમગ્ર રીતે કર્મહીન થઈ ગયો. આવામાં હું ઈચ્છું કે ન ઈચ્છું, ચિંતન સક્રિય થઈ ગયું. આમ જોવા જાવ તો ચિંતનની પાસે વિચારવા માટે પણ વ્યવસાય સિવાય કોઈ વિષય નહોતો. આનું તરત જ એક શુભ પરિણામ સામે આવ્યું. થોડાક દિવસોના ચિંતન પછી જે મેં વ્યવસાયના માળખામાં આમૂલ પરિવર્તન કરી નાખ્યું, જે પ્રથમ નજરે જ લાભદાયી લાગી રહ્યું હતું. દરેક રાજ્યમાં કોઈને કોઈ શ્રેષ્ઠ વસ્તુઓ બનતી જ હતી. કોઈ રાજ્યમાં મૂર્તિઓ, તો કોઈ રાજ્યમાં ઘર સજાવટની વસ્તુઓ. ક્યાંકનાં હથિયાર વખણાતા હતા, તો ક્યાંકનાં વસ્ત્રો પ્રખ્યાત હતા. તેથી મેં તેમની ઉપયોગિતા સમજીને અમારા આભૂષણો અને વસ્ત્રોની સામે બીજા રાજ્યોમાંથી તેમની મશહૂર વસ્તુઓ મંગાવવાનું વિચાર્યું. સાથે જ વિવિધ વ્યવસાયિકોની સભા કરીને તેમને મારા વિચારની માહિતી આપી. વાત લોકોને એવી ગમી કે બીજા બે માસમાં તો અન્ય બજારોની પ્રખ્યાત વસ્તુઓ દ્વારકામાં આવવી શરૂ પણ થઈ ગઈ. એ કહેવાની જરૂર નથી કે આના લીધે દ્વારકાના બજારની રોનક જ બદલાઈ ગઈ. હવે તો એક જ બજારમાં આખાયે આર્યાવર્તની પ્રખ્યાત વસ્તુઓ ઉપલબ્ધ હતી.

...પછી શું? જોતજોતામાં તો મધરાત સુધી ચાલુ રહેતી આ બજાર આખાયે આર્યાવર્તની શાન બની ગઈ. દરેક જણ અહીં ખરીદી કરવા માટે આવવાની પરવાનગી માંગવા લાગ્યા. બસ, પછી શું, મને બીજી એક યોજના સૂઝી. દ્વારકાનગરીમાં શું કામ યાત્રીઓની અવરજવર વધારવામાં ન આવે? આનાથી વ્યવસાયને ચોક્કસ વધુ ઝડપથી વધારી શકાશે અને વળી દ્વારકામાં તો સુરક્ષાના કોઈ પ્રશ્નો હતા જ નહીં. દ્વારકામાં આમ પણ સૈનિક જરૂરત કરતાં વધારે જ હતા. સારું છે કે આ બહાને એમનો પણ સદુપયોગ થઈ જશે. તો પણ સાવધાની રાખીને મેં એક જ સમયે પાંચસોથી વધારે યાત્રીઓને પરવાનગી નહીં આપવાનો નિર્ણય કર્યો. સાથે જ લગભગ પાંચસો સૈનિક યાત્રીઓની સુરક્ષા માટે તથા તેમની પર નજર રાખવા માટે નિયુક્ત પણ કર્યા. એટલું જ નહીં, એક આખું વિશ્રામાલય બહારના યાત્રીઓ માટે ખાલી કરાવી દીધું અને તેને નવેસરથી સુસજ્જ પણ કરાવી દીધું. મને તો વિશ્રામાલયના

ભાડામાંથી પણ સારી આવક થવાની આશા હતી. આખી યોજના પોતાની રીતે વિશિષ્ટ હતી. બસ, ચાર મહિનાના અથાક પ્રયાસ પછી મેં તેના પર પણ અમલ કરી દીધો. એટલું જ નહીં, ગુપ્તચરોની મદદથી અનેક રાજ્યોમાં દ્વારકાની ભવ્યતા અને સમૃદ્ધિનો, ત્યાંના સામાન્ય લોકોમાં વ્યાપક પ્રચાર પણ કરાવ્યો.

પછી શું હતું? જોતજોતામાં કમાલ થઈ ગઈ. ...દરિયાકિનારે ફરવું, વહાણથી દરિયામાં પ્રવાસ કરવો, રાત્રે રથમાં બેસી દ્વારકા નગરીમાં ફરવું, ઉપવનો, સુંદર આંગણાઓ અને ભવ્ય બજાર; પ્રવાસીઓને આકર્ષી શકે એવી કઈ ચીજ નહોતી દ્વારકામાં? પરિણામ એ આવ્યું કે બહારના મુસાફરો માટે જેવા દ્વારકાના દરવાજા ખોલ્યા, પ્રવાસીઓની ભીડ જામી ગઈ. જે પણ અહીં આવતું, તે જોરદાર ખરીદી કરતું. ખરેખર આ એક નિર્ણયથી, બજારની રોનક અને આવજાને તો ચાર ચાંદ લાગી ગયા. હવે તો આર્યાવર્તના કોઈપણ મોટા શ્રીમંતને ઘરે વિવાહ હોય કે બીજો કોઈ પ્રસંગ, ખરીદી કરવા માટે લોકો દ્વારકા જ આવવા લાગ્યા. એક તો દરિયાકિનારે વસેલી આવી ભવ્ય નગરી જોવાનો લ્હાવો અને ઉપરથી એક જ બજારમાં સમગ્ર આર્યાવર્તની તમામ શ્રેષ્ઠ વસ્તુઓની ઉપલબ્ધતા. કોઈ શ્રીમંત ભલા શું કામ આવો મોકો છોડે? હવે એ કહેવાની જરૂર નથી કે રાતોરાત દ્વારકા આર્યાવર્તની શાન બની ગઈ હતી. "દ્વારકા-દર્શન" એક ગૌરવની વાત હતી. નગરીની ભવ્યતા અને રાત્રિબજારોની રોનકે લોકોના દિલ પર રાજ કરવાનું શરૂ કરી દીધું હતું. જોતજોતામાં, પ્રવાસીઓની સતત અવરજવરને લીધે દ્વારકાનો રાજકોષ પણ દિન પ્રતિદિન સમૃદ્ધ થઈ રહ્યો હતો. અને એ સાથે જ, દ્વારકાધીશની નિશ્ચિંતતા પણ દરરોજ વધતી જઈ રહી હતી. તમે તો જાણો જ છો કે 'રાજકોષ' કાયમ મારી ચિંતાનો વિષય રહ્યો છે. આમ પણ, રાજ્યના લોકોને ઉત્તમ જીવન પ્રદાન કરવા માટે રાજકોષ મજબૂત હોય તે જરૂરી છે. આ બાબતે હું ગર્વથી કહી શકું કે મારી મહેનત અને દીર્ઘદ્રષ્ટિ રંગ લાવી હતી. સાથે જ વિવિધ વ્યવસાયિકોના દિવસો પણ બદલાયા હતા. સામાન્ય દ્વારકાવાસી પણ ઉત્સાહથી તરબતર હતા. સરવાળે જ્યાં જુઓ ત્યાં ખુશીઓ જ ખુશીઓ નજરે ચડતી હતી.

જોકે, ચારેતરફ બધું સરસ જ ચાલી રહ્યુ હતું એવું પણ નહોતું. આ બધાને લીધે એક સમસ્યા પણ ઊભી થઈ હતી. હું આ બધી માથાકૂટમાં એવો તો પડ્યો હતો કે હવે રુક્મિણીને પહેલા જેટલો સમય નહોતો આપી શકતો. સ્વાભાવિક રીતે આને લીધે તે ઘણી વિહ્વળ રહેવા લાગી હતી. જ્યારે સમજાવતો ત્યારે સમજી પણ જતી હતી, પરંતુ ફરી પાછી ઉદાસ થઈ જતી. હવે તમે જ કહો કોણ આવી સુંદર નગરીમાં પોતાનાં સપનાની રાજકુમારી સાથે જીવવા ના માંગતું હોય? પણ હું કરું શું? હું એક રાજાના કર્તવ્યોથી પણ મોં નહોતો ફેરવી શકતો. અને તમે તો જાણો જ છો મેં તો દ્વારકાવાસીઓને સ્વર્ગથી પણ વધારે સુખ આપવાનો દ્રઢ નિશ્ચય કર્યો હતો. આની સાથે એ વાત પણ સાચી છે કે હું રુક્મિણીની આસપાસ જ મારું સ્વર્ગ રચવા માંગતો હતો. અલબત્ત, હું મારી રીતે બંને બાબતો વચ્ચે યોગ્ય સંતુલન જાળવી રાખતો હતો. ન તો રુક્મિણીના પ્રેમમાં વહીને રાજકીય કર્તવ્ય ભૂલ્યો હતો કે ન તો રાજકીય કર્તવ્યની આડમાં રુક્મિણીનો આનંદ પણ છોડ્યો હતો. પણ ગમે તેટલું મળે, કદી કોઈનું મન ભરાયું છે? બસ, આજ હાલત રુક્મિણીની પણ હતી.

ઠીક છે હવે, આ બધું તો ચાલ્યા જ કરતું હોય છે. અત્યારે તો તમને એક ખુશખબર આપું. અમારો "રુક્મિણી-મહેલ" બનીને તૈયાર થઈ ગયો હતો. હું અને રુક્મિણી ત્યાં રહેવા પણ જતા રહ્યાં હતાં. સાથે કેટલીક દાસીઓ અને સેવક પણ લઈ ગયા હતા. આ મહેલ દરિયાને અડીને આવેલો હોવાથી અહીં સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત રાખવામાં આવી હતી. આ મહેલમાં રહેવાની કેટલી મજા આવી રહી હતી, એનો અંદાજો તમે તેના પરથી જ લગાવી શકો છો કે પહેલા સાત દિવસ તો અમે મહેલમાંથી બહાર જ નહોતા નીકળ્યા. હા, બેઉ સમય દરિયાકિનારે ટહેલવા માટે જરૂર જતા હતા. ...અને રાતે તો છપ્પનભોગથી ઓછામાં કામ જ નહોતું ચાલતું. ભોજન પછી કુંડમાં સ્નાન અને શું શું

કરતાં...? મતબલ ફક્ત આનંદ જ આનંદ હતો. હું અને રુક્મિણી બેઠા બેઠા મહેલની અગાસીએથી આખો દિવસ દરિયાને જોયા કરતાં. બસ, હાથોમાં હાથ લઈને કલાકો સુધી ચૂપચાપ બેસી રહેતાં. જીવનમાં ભાગ્યે જ કોઈએ આનંદ અને પ્રેમની આવી અનુભૂતિ કરી હશે. આખું જીવન યુદ્ધ, સંઘર્ષ, અસુરક્ષા અને ગરીબીમાં વીતાવ્યા પછી, રુક્મિણીની સાથે આ વૈભવથી ભરપૂર, શાંત ને સુરક્ષિત જીવન કેટલો બધો આનંદ આપી રહ્યું હતું, તેની કલ્પના કરવી એ કોઈ મુશ્કેલ કામ નથી. હવે તો બસ, હું, રુક્મિણી, દ્વારકા, મિત્રો, સગાવ્હાલાઓ અને મારા પ્યારા દ્વારકાવાસીઓ.

ખેર! એક રહસ્યની વાત કહું તો મને સૌથી વધારે મજા રુક્મિણી સાથે વાતો કરવાની આવતી હતી. એનો આત્મવિશ્વાસ, એની બોલવાની છટા, તેનું જ્ઞાન, બધું જ વખાણ કરવા જેવું હતું. તેની સાથે દુનિયાના કોઈપણ વિષય પર ચર્ચા કરી શકાતી હતી. નીતિ હોય કે રાજનીતિ, યુદ્ધ નીતિ હોય કે શ્રૃંગાર. તેને દરેક વિષયનું જ્ઞાન હતું. આ જ એક એવી વાત હતી જે ગોપીઓમાં બિલકુલ નહોતી. તમે માનશો નહીં પણ ઘણીવાર તો અમે આખી આખી રાત વાતો કર્યા કરતાં. જળકુંડમાં ન્હાવાનો તો જાણે નિયમ જ બની ગયો હતો. બીજું તો ઠીક, ઘણીવાર બહાર અગાસીમાં જ સૂઈ જતાં. ક્યારેક ભાઈ-ભાભી, તો ક્યારેક શૈવ્યા-શ્વેતકેતુ, તો ક્યારેક મિત્રમંડળીને, તો ક્યારેક ક્યારેક તમામને રાત્રે સાથે જમવા માટે નોતરતા. ...જેથી કોઈ એમ ન સમજે કે રુક્મિણીના પ્રેમમાં કનૈયો અમને તો ભૂલી જ ગયો છે.

એકંદરે જીવનમાં સમગ્ર રીતે ચારેતરફથી આનંદની વર્ષા થઈ રહી હતી. ખરેખર મનુષ્યજીવન આનંદ અને ઉત્સવનો એક અદ્ભુત અવસર છે. અને એ જ એક કારણ છે કે હું આનંદ અને મોજમસ્તીનો એક પણ મોકો નહોતો ચૂકતો. કારણ કે મારી દ્રષ્ટિએ તો જ્યાં જેમ જેવી રીતે મળે તેવી રીતે આનંદ પામવો એ જ મનુષ્યજીવનનો એકમાત્ર ઉદ્દેશ છે. ત્યાં સુધી કે હું તો રિસાવા-મનાવવાની રમતમાંથી પણ આનંદ મેળવી લેતો હતો. પછી ભલેને એ ખેલ રાધા સાથે ચાલતો હોય કે રુક્મિણી સાથે, મને કોઈ ફરક નહોતો પડતો. અને એક ટાળી ન શકાય એવું સત્ય એ છે કે નાના નાના આનંદ ભેગા કરીને જ સંપૂર્ણ જીવનને આનંદમય બનાવી શકાય છે. સાથોસાથ એક સત્ય એ પણ હતું કે અનેક નાના નાના કર્મ કરીને જ દ્વારકા જેવા એક મહાન કાર્યને તેના અંજામ સુધી પહોંચાડી શકાય છે. સાચું કહું તો હું તો જીવનને મજાથી એટલું ભરી દેવાના પક્ષમાં હતો કે માણસને મોક્ષની ઝંખના જ ન થાય. જે આનંદથી જીવીએ એ જીવનમાં શું બુરાઈ છે કે મોક્ષ જોઈએ? અને આમ પણ 'મુક્ત-અવસ્થા' તો જીવતેજીવત ભોગવવાની વસ્તુ છે. મર્યા પછી તો બંધન શું અને મુક્તિ શું? હવે આ મને જ જુઓને, મેં પોતાને એટલી સ્વતંત્રતા આપી દીધી હતી કે હું જીવતેજીવત મુક્ત હતો. તમે પોતે જ જોઈ લો કે હું મોક્ષ માટે મૃત્યુનો મોહતાજ ક્યાં હતો? મોક્ષ કે સંન્યાસ એ બેઈમાની થઈ જાય, એ હદે જીવનને જો આટલી મસ્તી અને આનંદથી ભરી દઈ શકાતું હોય, તો મોક્ષનો વિચાર કરે એ ગાંડો જ ગણાય. મારા જીવનનું તો બીજું નામ જ આનંદ હતું. ...પછી ભલેને એ આનંદ પ્રેમથી મળી રહ્યો હોય કે કર્તવ્યકર્મ કરવાથી. કાં પછી આનંદ સંઘર્ષમાંથી જ કેમ ન મળતો હોય, મને કોઈ ફરક નહોતો પડતો!

ખેર! આમ જ સુંદર દિવસો વીતી રહ્યા હતા કે અચાનક એક દિવસ સવાર-સવારમાં પિતાજીએ બોલાવ્યો. દ્વારકા આવ્યા પછી આ રીતે સંદેશો મોકલીને પહેલીવાર પિતાજીએ બોલાવ્યો હતો. મોટેભાગે તો હું જ માતા-પિતાને મળી આવતો હતો. હું તરત જ પિતાજીને મળવા નીકળી ગયો. બેઉ પોતાના ઓરડામાં જ બેઠેલા હતા. એ તો ઠીક પણ તે બેઉ ઘણાં ઉદાસ લાગતા હતા. એક પળ માટે તો એમની હાલત જોઈને હું ચિંતામાં પડી ગયો. ...જોકે, હું કંઈ બોલું કે પૂછું તે પહેલા જ તેમણે એક પત્ર મારા હાથમાં આપ્યો. પત્ર ખોલીને વાંચવા માંડ્યો તો વાંચતો જ રહી ગયો. પત્ર અમારા પરદાદાજીનો હતો. તેઓ નાગપ્રદેશમાં રહેતાં હતા અને ત્યાંના રાજા પણ હતા. પત્રની વાત કરું તો તે કંઈક આમ હતો:

...પ્રિય વત્સ વસુદેવ અને દીકરી દેવકી,

તમારા પરાક્રમી પુત્રો બલરામ અને કૃષ્ણએ દ્વારકા જેવી ભવ્ય નગરીનું નિર્માણ કર્યું છે એ જાણીને આનંદ થયો. સૌપ્રથમ તો હું તમને, તમારા પુત્રોની આવડતની વધામણી આપું છું. તમારા દ્વારા મોકલવામાં આવેલું રાજ્યાભિષેકનું આમંત્રણ અમને સમયસર જ મળી ગયું હતું, પણ અમારામાંથી કોઈ સમારંભમાં હાજર રહી શક્યું નહોતું તે બદલ હું આપની ક્ષમા ચાહું છું. વાસ્તવમાં એક તો મારી હવે ઉંમર થઈ ગઈ છે અને તબિયત પણ સારી રહેતી નથી. વળી, અમારો 'નાગપ્રદેશ' આ સમયે અનેક સંકટોનો સામનો કરી રહ્યો છે. તેથી, હું ઈચ્છું છું કે કૃષ્ણ અને બલરામ થોડા સમય માટે અહીં આવે. આમ પણ હું મરતા પહેલા એકવાર તેમને જોવા માંગુ છું. વળી તેઓ પોતાના શૌર્યથી અમને આ સંકટમાંથી ઉગારે એવું પણ બની શકે.

તમારો જ,
પૂર્વજ

...હું પત્ર વાંચીને થોડો સમય ચૂપ જ રહ્યો. મા અને પિતાજી પણ ઘણાં સમય સુધી મારી ચૂપકીદી જોતાં રહ્યાં. ...આખરે માતાથી ન રહેવાયું. તેમણે સીધું જ પૂછી લીધું- તમે લોકો ક્યારે જવાનું વિચારો છો?

આ દરમિયાન મેં પણ જવાનું મન બનાવી લીધું હતું. મેં કહ્યું- જેમ બને તેમ જલ્દી. જેવી નવરાશ મળશે કે તરત જ અમે દાદાજીને ત્યાં જઈ આવીશું.

કમાલ છે. આટલા દિવસોથી દ્વારકાની ભવ્યતા અને રુક્મિણીના પ્રેમમાં એવો તો ખોવાયો હતો કે દ્વારકાની બહાર પણ કોઈ દુનિયા છે, એ વાત સાવ ભૂલી જ ગયો હતો. પણ દાદાજીના આ એક પત્રે દ્વારકામાં વહી રહેલા જીવનના પ્રવાહને રોકી દીધો હતો. હું વિચારવા લાગ્યો, હું ખુશ હોઉં, રુક્મિણી પ્રસન્ન હોય, પરિવાર તૃપ્ત હોય, મિત્રો મસ્ત હોય અને દ્વારકાવાસીઓ સ્વર્ગનો આનંદ માણી રહ્યા હોય, એવા સમયે દાદાજી કષ્ટમય જીવન વિતાવે એ કઈ હદે યોગ્ય છે? અને વળી મેં તો તેમને હજી સુધી જોયા પણ નથી. શું એમના પ્રત્યે મારી કોઈ ફરજ નથી બનતી? મારા પિતાના પિતાના પણ પિતા. મારા મૂળ તો તેઓ જ છે. તેથી, હું જઈશ તો જરૂર. બસ, આવા જ બધા વિચારો કરતો કરતો હું પાછો મારા મહેલ પર પહોંચ્યો.

જોકે રુક્મિણી પણ... રુક્મિણી હતી. તે બહાર હિંચકે ઝૂલતા ઝૂલતા મારી જ રાહ જોઈ રહી હતી. હું પણ દાદાજી વિશે વિચારતો વિચારતો એની પાસે હિંચકે જઈને બેઠો. થોડી વાર તો અમે શાંતિથી દરિયો નિહાળ્યા કર્યો. જોકે, બહુ જલ્દીથી તેણે મારી ખામોશી પાછળની ઉદાસીને પારખી લીધી. તેણે પૂછ્યું એટલે મેં તેની સાથે દાદાજીના પત્રની ચર્ચા કરી. પત્રની બધી વિગત સમજતા તેને થોડી જ વાર લાગે? તેના મત પ્રમાણે પણ મારે આજ પળે દાદાજીની સેવામાં હાજર થવું યોગ્ય કહેવાય. તેણે એ પણ ચોખવટ કરી દીધી કે આવા સમયે મારે એની ચિંતા કરવાની સહેજ પણ જરૂર નથી... હતી ને કમાલ મારી રુક્મિણી! હવે જવા તો હું પણ માંગતો હતો, પણ થોડા સમય પછી. કેમકે હજી દ્વારકાના વ્યવસાય પર થોડું વધારે ધ્યાન આપવાની જરૂર હતી. અને વળી પ્રવાસીઓ સતત આવતા રહે એની ગોઠવણ કરવી પણ જરૂરી હતી. કેમકે એકવાર દાદાજી પાસે જવા નીકળું, પછી ક્યારે પાછો આવી શકીશ તે કહી શકાય તેમ નહોતું. એટલા જ માટે, જતા પહેલા આ કાર્ય કોઈને સમજાવવું અને સોંપવું પણ આવશ્યક હતું. આ બધું તો ઠીક, પણ, એ તરફ વારંવાર દાદાજીનો ઉલ્લેખ આવતા જ રુક્મિણી ઘણી ઉદાસ થઈ ગઈ. હકીકતમાં, તેને તેના દાદાજી કૈશિક અને પિતાજીની યાદ સતાવવા લાગી. તેને પોતાના દાદાજી તથા પિતાજીની યાદ આવે તે સ્વાભાવિક જ હતું, કેમકે તેને બિચારીને તો વિવાહ કરીને વિદાય નહોતી કરવામાં આવી, ...એનું તો હરણ થયું હતું. તેના સ્વયંવરની તમામ

તૈયારીઓ એમની એમ જ રહી ગઈ હતી. હવે દીકરીની હાલત કેવી હશે એની ચિંતા તેમને પણ સતાવતી જ હશે. મને પણ આશ્ચર્ય થયું અને પોતાના પર ગુસ્સો પણ આવ્યો. ...મારાથી આવી ભૂલ કેવી રીતે થઈ ગઈ? રુક્મિણીએ પોતે પોતાનું દુ:ખ જાહેર કેમ કરવું પડે? મને ખુદને જ એના આ દુ:ખનો અહેસાસ કેમ ન થયો? જો આવું જ હોય તો પછી મારો રુક્મિણી પ્રત્યેનો પ્રેમ શું રહ્યો? ...કદાચ દ્વારકાની મૂંઝવણોને લીધે મારું એના પર ધ્યાન નહીં ગયું હોય, અને તેને લીધે જ મારાથી આ ચૂક થઈ ગઈ હશે. પણ હું તો પરમ ધ્યાની છું. મારા ધ્યાનમાંથી કોઈ વાત નીકળવી નહોતી જોઈતી. ખરેખર રુક્મિણી અને દ્વારકાની મિશ્રિત મસ્તીમાં, મારા ધ્યાનમાં ઓટ આવી હશે. પણ એવી મસ્તી પણ શું કામની કે જે ધ્યાન જ કમજોર કરી દે? કેમકે રુક્મિણીને તો તેના દાદાજી અને પિતાજીની ફિકર રહેવાની જ હતી અને એ વાત મારે સમજવી જ જોઈતી હતી. ...ભલે, કોઈ વાંધો નહીં. મોડું તો મોડું, જ્ઞાન તો લાધ્યું. મેં તેને કુંડિનપુર લઈ જવાનો નિર્ણય કર્યો. એટલું જ નહીં, સાથે ભાઈ-ભાભી, શૈવ્યા-શ્ર્વેતકેતુ, ઉદ્ધવ અને દારુકને પણ લઈ જવાનું નક્કી કર્યું.

...રુક્મિણી તો આ સાંભળતા જ ખુશીથી ગાંડી થઈ ગઈ. ખરેખર તો ભાઈ-ભાભી કે બીજા કોઈના હાલ તેનાથી જુદા નહોતા. પણ રુક્મિણીનો ઉત્સાહ તો એનો પોતાનો આગવો હતો. એ તો નક્કી થયું કે તરત જ તૈયારીમાં લાગી ગઈ. રુક્મિણીને પણ મારી જેમ જ વસ્ત્રોનો અને આભૂષણોનો ઘણો શોખ હતો. આને ધ્યાનમાં રાખીને અમે બેઉએ દ્વારકાના બજારમાંથી અનેક વસ્ત્રો અને ઘરેણાંઓ ખરીદ્યાં. એટલું જ નહીં મેં મારા માટે એક નવો મુગટ બનાવડાવ્યો અને તેમાં મોરપીંછ જડાવ્યું. અને આ સાથે જ દિલમાં વસેલી રાધાની યાદને મેં મારી ઓળખ બનાવી દીધી. કેમકે સાચું કહું તો જ્યારથી રુક્મિણીનો સાથ મળ્યો હતો ત્યારથી મને રાધાની બહુ જ યાદ આવતી હતી. હું અહીંયાં જલસા કરું છું અને ખબર નહીં એ બિચારી ત્યાં કેવી હાલતમાં હશે? હવે તેની સ્થિતિ પર તો આ સમયે મારું કોઈ વશ નહોતું, પણ જેના પર હતું, તેઓ બહુ જ ઉત્સાહથી જવાની તૈયારીમાં લાગ્યા હતા. બાકી બધાનો તો ઠીક, પણ રુક્મિણીનો ઉત્સાહ તો ઊડીને આંખે વળગતો હતો. જોકે, તેનો આ ઉત્સાહ સમજી શકાય એવો હતો... તેનું હરણ થયાને દસ મહિના વીતી ચૂક્યાં હતા, એટલે કે પૂરા દસ મહિના બાદ તે બિચારી પોતાના દાદાજી તથા પિતાજીને મળવા જવાની હતી. તેના માટે તો આ ખરેખર જ અદ્ભુત આનંદની ઘડી હતી. તો શું, આ બાજુ મારા માટે પણ આટલી પ્રસન્ન રુક્મિણીને જોવી તે સ્વયં જ આનંદની સૌથી મોટી પળ હતી. આમ પણ હું તો હતો જ જીવનમાં આનંદનો પ્રખર ચાહક, જીવ અને ઉત્સવનો પરમ-શોધક પણ. પછી તે આનંદ હું પોતે મેળવું કે બીજાને મળે, તે વાતથી મને કોઈ ફરક નહોતો પડતો. કેમકે આ કપરા મનુષ્યજીવનમાં, કંઈ આનંદના અવસર ગુમાવી થોડા જ દેવાય છે? જ્યારે ફૂલો આટલા રંગબેરંગી છે, ચારેતરફ એકથી એક ચડિયાતા રંગીન પંખીઓ કલરવ કરી રહ્યા હોય, જ્યારે કુદરતે માછલીઓને પણ આટલી ખૂબસુરત અને રંગીન બનાવી છે; ...તો પછી મનુષ્યજીવન પણ રંગોથી તરબતર હોવું જ જોઈએ. અને મારાથી વધારે રંગીન મનુષ્ય શોધવો મુશ્કેલ છે. સાચું કહું તો જો હું મારી ચારેતરફ નજર દોડાવું તો એક હું જ હતો જે મનુષ્યજીવનનો ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યો હતો. વિશ્ર્વાસ ન બેસતો હોય તો આ તાજું ઉદાહરણ જ જોઈ લો ને. હમણાં જ રુક્મિણીને લઈને કુંડિનપુર જવાનું નક્કી થયું. હવે જ્યારે જવાનું જ છે, યાત્રા કરવાની જ છે તો પછી તેને રંગીન કેમ ન બનાવવી? બસ, આજ હેતુથી હું બધાને સાથે લઈ જઈ રહ્યો હતો. પણ વાત અહીં જ નહોતી અટકતી, મેં યાત્રા માટે એકથી એક ચડિયાતા પકવાન પણ તૈયાર કરાવ્યા હતા. સાથે જ તમામ સુખ-સુવિધાઓનું ધ્યાન રાખીને સેવક-સેવિકાઓને પણ સાથે લઈ જવાનું નક્કી કર્યું હતું. આમ પણ આખરે હવે હું દ્વારકાધીશ હતો. મિત્રો તથા પરિવારજનોને તમામ સુખસુવિધા સહિતનો આનંદ આપી જ શકતો હતો. વળી, પોતાના સાસરીયામાં થોડો રોફ પણ જમાવવાનો હતોને!

...બસ, મનમાં અનેક અરમાનો સાથે એકદમ ઉત્સાહસભર વાતાવરણમાં અમારી યાત્રા

આરંભી. દરેક સુંદર જગ્યાએ રોકાવું, દિવસભર ખાવું, એકબીજાની મજાક ઉડાવવી, અને તોય ફુરસદ મળે તો લડવું-ઝઘડવું. આમ સરવાળે, બધાની ખુશીની કોઈ સીમા નહોતી. એમાંય રુક્મિણીની ખુશી તો અવર્ણનીય હતી. અને વળી મેં તો જીવનભર યાત્રાઓ કરી હતી, પણ બાકી બધા માટે આ સફર એક નવી જ જાતનો અનુભવ હતો. વળી એક અનેરી વાત કરું તો ભાભી, શૈવ્યા, રુક્મિણી તથા સુભદ્રાની એક ટોળકી બની ગઈ હતી. ઘણીવાર તો તેઓ બધા એક જ રથમાં બેસી જતા હતા. કહેવાની જરૂર નથી કે આવે વખતે રથ રુક્મિણી જ હાંકતી હતી. જોકે ક્યારેક ક્યારેક રેવતી ભાભી અને શૈવ્યા પણ હાથ અજમાવી લેતા હતા. એ જ તો રાજકુમારી હોવાનો ફાયદો છે કે જરૂરી હોય તેવી તમામ બાબતો બાળપણથી જ શીખવી દેવામાં આવતી હોય છે. અને ત્રણેત્રણ રાજકુમારી હતી. બસ, એ જ વખતે મેં સુભદ્રાને પણ રથ હાંકતા શીખવવાનું નક્કી કર્યું. આખરે હવે તો એ પણ રાજકુમારી બની જ ગઈ હતી.

આ બધું તો ચાલ્યા જ કરતું હતું, પણ આ યાત્રા દરમિયાન મને એક નવો જ રોગ લાગુ પડ્યો. યાત્રા દરમિયાન વારંવાર મને પોતાની પ્રગતિ પર ઘણો ગર્વ થયા કરતો હતો. ...જ્યારે પહેલીવાર મથુરામાં રુક્મિણીને જોઈ હતી ત્યારે કેવો મોહિત થઈ ગયો હતો? તેનાં ઠાઠ-ભભકાએ મને કેવો પ્રભાવિત કર્યો હતો? તેના વસ્ત્રો અને તેની છટાએ તો મને ગાંડો જ કરી મૂક્યો હતો. જાણે બીજા કોઈ લોકથી આવી હોય એવી જ લાગતી હતી. અને હવે આજે જુઓ, ત્રણ ત્રણ રાજકુમારીઓ સાથે યાત્રા કરી રહ્યો છું. અને ઉપરથી મજાની વાત તો એ કે એ તમામ અમારી સાથે સફર કરવામાં ગૌરવ અનુભવતી હતી. ખરેખર વૃંદાવનના ગોવાળોએ ઘણી પ્રગતિ કરી લીધી હતી. અને એમાં કોઈ શક પણ નહોતો કે પચાસ સેવક સિપાહીઓ સાથે આગળ વધી રહેલો આ કાફલો નજરાણું બન્યો હતો. સાચેજ આ આખી સફર દરમિયાન બધાને એટલી મજા આવી રહી હતી કે આ શાનદાર સફર એક હસીન યાદ બનીને બધાનાં માનસ-પટ પર છવાઈ રહી હતી. એમાંયે રુક્મિણી માટે તો આ સફર કોઈ સપનાથી કમ નહોતી.

...આખરે હસતાં-રમતાં એમ લોકો દસમા દિવસે કુંડિનપુર પહોંચી ગયા. મહારાજ ભીષ્મકને અમારા આવવાની જાણ પહેલા જ કરી દેવામાં આવી હતી, જેથી ભાઈબંધ-દોસ્તારો પણ જોઈ લે કે મહારાજ પોતાના જમાઈનું કેવું સ્વાગત કરે છે. અને થયું પણ એમ જ. કુંડિનપુરની સીમા પર જ સ્વયં મહારાજ ભીષ્મકના નેતૃત્વમાં અમારું શાનદાર સામૈયું કરવામાં આવ્યું. પોતાના પિતાને આમ ખુશ ખુશ થઈને સ્વાગત કરવા આવેલા જોઈને, રુક્મિણીની આંખો છલકાઈ આવી અને આટલું ઓછું હોય એમ, જ્યાંથી અમારો કાફલો જઈ રહ્યો હતો તે માર્ગની બંને તરફ મોટી સંખ્યામાં સામાન્ય પ્રજા પણ પોતાની દીકરી અને શ્રેષ્ઠ જમાઈના સ્વાગત માટે ઉમટી પડી હતી. અને આ બધું જોઈને રુક્મિણી ભલે ભાવુક થઈ ગઈ હોય પણ હું તો પૂર્ણપણે તાનમાં આવી ગયો હતો. આટલું જ નહીં, અમને બધાને અત્યંત માનપૂર્વક રાજમહેલમાં જ રાખવામાં આવ્યાં. એ બાજુ પિતામહ કૈશિક પણ અમારી રાહ જોતા, પહેલાથી રાજમહેલમાં આવી ગયા હતા. એમને મળતાવેંત રુક્મિણી સંપૂર્ણપણે તૃપ્ત થઈ ગઈ હતી.

એ તરફ કુંડિનપુરનો રાજમહેલ અમારું આવું જોરદાર સ્વાગત કરી રહ્યો હતો, તો હું અને રુક્મિણી પણ કંઈ પાછા પડીએ એમ નહોતાં. અમે પણ મહારાજ અને પિતામહ પ્રત્યે અમારો પ્રેમ પ્રદર્શિત કરવા માટે રોજેરોજ વિવિધ રંગોના નવા વસ્ત્રો ધારણ કરતાં હતા. એ પણ એવી રીતે કે જો એ સફેદ સાડી પહેરતી તો હું પણ એ જ રંગનું પિતાંબર ધારણ કરી લેતો. અમારો હેતુ સાફ હતો, હું મહારાજ અને પિતામહને રુક્મિણીના ભવિષ્ય બાબતે નિશ્ચિંત કરી દેવા માંગતો હતો. અમે બેઉ રોજેરોજ એક-એકથી ચઢે તેવા શાનદાર ઘરેણાં પણ પહેરતા હતા. આખરે હું પહેલી જ વાર સાસરે આવ્યો હતો. અને વળી હું તો રુક્મિણીના માતાપિતા પર જ નહીં, આખા કુંડિનપુર પર રોફ જમાવવા માંગતો હતો. એ તરફ, કહેવાની જરૂર નથી કે મહારાજે પણ પોતાના તરફથી અમારા સ્વાગતમાં કોઈ

જ કસર નહોતી રાખી. તેમણે દરેક સંભવિત તૈયારી કરી રાખી હતી. આમ તો રાજમહેલ જ કેમ, આખા કુંડિનપુરમાં અમારા સ્વાગતમાં કોઈ જ કમી નહોતી રાખવામાં આવી. સામાન્ય પ્રજા તો અમારા દર્શન-માત્રથી ધન્યતા અનુભવતી હતી. રાજમહેલની બહાર આખો દિવસ દર્શન કરવાવાળા લોકોનો મેળો લાગેલો રહેતો હતો. રાત્રિભોજનમાં પણ રોજ નવા નવા મહેમાનોને બોલાવવવામાં આવતા હતા. પિતામહ કૈશિક ઘણાં જ ઉત્સાહથી દરેક સાથે મારો પરિચય કરાવતા હતા. સાચું કહું તો અમારા આગમનથી સૌથી વધારે ખુશ પિતામહ કૈશિક જ હતા.

બાકી બધું તો ઠીક પણ રુક્મી એક દિવસ પણ નજરે નહોતો ચડ્યો. પાછળથી ખબર પડી કે રુક્મિણીના હરણ પછી રુક્મી મારી સાથે ઝઘડીને ગયો તે ગયો. પાછો કુંડિનપુર આવ્યો જ નહોતો. તેણે પોતાનું એક અલગ નાનકડું રાજ્ય બનાવી લીધું હતું. મને પણ યાદ આવી ગયું; એણે કહ્યું હતું કે જો રુક્મિણીને પાછી નહીં લઈ જઈ શકું તો કદી કુંડિનપુરમાં પગ નહીં મૂકું. હવે મને ખ્યાલ આવ્યો કે પિતામહ કૈશિક કેવી રીતે રાજમહેલમાં રહેવા આવી ગયા... રુક્મી નહોતો ને!

ખેર! હવે સાળાની વાત જવા દો, હું જીવનમાં પહેલી વાર જમાઈ હોવાનો આનંદ લઈ રહ્યો હતો, તેની વાત કરું એ જ ઠીક રહેશે. ખરેખર જમાઈના સત્કારની તો વાત જ જુદી હોય છે. આ એક સત્કારમાં ખ્યાલ આવી ગયો કે લોકોને પોતાના સાસરીયા માટે આટલો મોહ કેમ હોય છે? આમ તો કુશસ્થળીમાં ભાઈનો સત્કાર પહેલા જોઈ જ ચૂકયો હતો. અને સાચું કહું તો હું તો ત્યારથી મારી સાસરે જવાની ઈચ્છા દબાવીને બેઠો હતો. ત્યાં રુક્મિણી પણ અમારા થઈ રહેલા આ આદર સત્કારથી ખુશ હતી. એટલે સુધી કે કુંડિનપુર આવીને તો તે બાવીસમાંથી સીધી સોળ વર્ષની થઈ ગઈ હતી. ચાલો આ વાતે પણ મારુ કુંડિનપુર આવવું સફળ થઈ ગયું હતું. ન સમજ્યાં, આખરે સોળ વર્ષની રુક્મિણી સાથે રહેવાનું તો મારે જ છે ને. ...ચાલો, આ વાતને પણ જવા દઉં, તો અહીં આટલા વખતમાં એક વાત મને સારી રીતે સમજાઈ ગઈ કે રુક્મિણી પિતામહની ઘણી નજીક છે. આમ પણ પૌત્ર-પૌત્રીઓનો દાદા સાથેનો સંબંધ જ કંઈક આવો હોય છે. એ તો હોય છે, પણ હવે તો પિતામહ અને રુક્મિણીનો પ્રેમ જોઈને મને પણ મારા દાદા અને પરદાદાને જલ્દીમાં જલ્દી મળવાની ઈચ્છા થઈ આવી હતી અને તે જોર પકડી રહી હતી.

હશે, હાલ તો અહીં આવા ભવ્ય સત્કાર અને મોજમસ્તીમાં સાત દિવસ ક્યાં નીકળી ગયા તેની કંઇ ખબર જ ન પડી. અમે સાત દિવસ માટે જ આવ્યા હતા. આમ પણ સાસરીયામાં વધારે રોકાઈને હું મારી ઈજ્જત ઘટાડવા નહોતો માંગતો. ચોક્કસપણે મહારાજ કે પિતામહ કોઈ અમને જવા દેવા નહોતા માંગતા, પણ જવાનું તો હતું જ. અને એ પણ કહેવાની જરૂર નથી કે અમારી આ ભવ્ય મહેમાનગતિના સમાપન પ્રસંગે ફક્ત રાજમહેલે જ નહીં, આખા કુંડિનપુરે અમને ભાવભીની વિદાય આપી. ખરેખર કુંડિનપુરની પ્રજા મારાથી બહુ ખુશ હતી. કદાચ એ કારણે કે મેં એમની પ્રિય રાજકુમારીને શિશુપાલના પંજામાંથી બચાવી હતી. ખેર, કારણ જે હોય તે, હવે અમારી યાત્રા ફરી આરંભાઈ હતી. અમે કુંડિનપુરની સીમા તો કયારની છોડી દીધી હતી, પણ તેનો નશો હજી ઉતરવાનું નામ લેતો નહોતો. જોકે, એક વાત એવી પણ હતી કે જેને લીધે મારો અને રુક્મિણીનો નશો અમુક હદે ઊતરી રહ્યો હતો. આમ તો દરેક અમારી રીતે આ યાત્રા ખૂબ જ આનંદસભર હતી, પણ કુંડિનપુર જવાનું એક નુકસાન પણ અમારે સહન કરવું પડ્યું હતું. વાસ્તવમાં મહારાજ ભીષ્મકે શ્ર્વેતકેતુ અને શેવ્યાને ફરી કુંડિનપુરમાં રહેવા માટે રાજી કરી લીધા હતા. એટલે પાછા વળતી વખતે શ્ર્વેતકેતુ અને શેવ્યા અમારી સાથે નહોતાં. કોઈ વાંધો નહીં... આમ પણ રુક્મી તો હવે ત્યાં હતો નહીં, એટલે તેમના માટે કુંડિનપુરમાં કોઈ ખતરો નહોતો. અને વળી શ્ર્વેતકેતુ જેવો સ્વાભિમાની માણસ ક્યાં સુધી દ્વારકામાં પડ્યો રહે? બસ, આ વિચાર સાથે જ અમે શ્ર્વેતકેતુ અને શેવ્યાના દુ:ખમાંથી મુક્તિ મેળવી લીધી. અને આ ભાર હળવો થતાં જ, ફરી એકવાર યાત્રાનો આનંદ ઉઠાવવામાં લાગી ગયા. ખરેખર,

આ સફર એકદમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં થઈ રહી હતી. અને ચારેતરફ ફક્ત કુંડિનપુરમાં થયેલી મહેમાનગતિની જ વાતો હતી. નિશ્ચિત જ રુક્મિણીને આ વાતાવરણ બહુ જ ગરિમા પ્રદાન કરી રહ્યું હતું. બસ, આમ જ પ્રવાસ કરતાં, અમારો કાફલો આઠમે દિવસે પાછો દ્વારકા પહોંચ્યો.

અહીં સુધી તો ઠીક, પણ મજા તો એ આવી કે દ્વારકા આવ્યા પછી પણ કેટલાય દિવસો સુધી કુંડિનપુરમાં રાજમહેલ દ્વારા થયેલી અમારી મહેમાનગતિમાંથી કોઈ બહાર નહોતું આવી શકતું. જ્યારે અને જ્યાં મળે ત્યાં, બસ, કુંડિનપુરની જ વાતો હતી. આ બધું જોઈને રુક્મિણીનાં આનંદનો પાર નહોતો. આજ કારણ હતું કે દ્વારકા પાછા આવીને રુક્મિણી પહેલા કરતાં ઘણી વધારે ખુશ રહેવા લાગી હતી. કદાચ દાદાજી અને પિતાજીના આશીર્વાદ મેળવીને અને તેમને સહીસલામત જોઈને તેના દિલનો ભાર પણ ઊતરી ગયો હતો. તો આ બાજુ દ્વારકાનું જીવન ધોરણ પણ રોજેરોજ નવી નવી ઊંચાઈઓને આંબી રહ્યું હતું. આનું મુખ્ય કારણ અહીંની શિસ્ત હતી, કેમકે હું જાણતો હતો કે યાદવોને જરૂરતથી વધારે ઢીલ આપવી તે ગમે ત્યારે ખતરનાક સાબિત થઈ શકે છે. તેમનામાં હરામખોરીની જૂની આદત ફરી ઘર કરી શકે છે.

ખેર! એ તરફ દ્વારકાની ભવ્યતાની ચર્ચા મથુરામાં પણ ઓછી નહોતી થતી. આને લીધે જ અચાનક મથુરાથી અનેક યાદવોનું સતત દ્વારકા આવવાનું ચાલુ થઈ ગયું હતું. હવે દ્વારકાએ તો મથુરાથી આવનારા યાદવોના સ્વાગત માટે તૈયાર રહેવું જ પડે ને! એટલે લાખ કોશિશો છતાં, દ્વારકાનું નિર્માણકાર્ય પૂરું થવાનું નામ જ નહોતું લેતું. ફરીથી ફટાફટ નવા ઘરો અને વિશ્રામગૃહોનું નિર્માણ ચાલુ થઈ ગયું હતું.

...ચાલો, આ તો સારી વાત હતી પણ દ્વારકામાં બીજું એક એવું પરિવર્તન પણ આવ્યું હતું જે સારું કે ખરાબ, તે નક્કી કરવું મુશ્કેલ હતું. વાસ્તવમાં આ દિવસોમાં સત્રાજિત પણ વધારે સમય પોતાના રાજ્યમાં જ રહેવા લાગ્યો હતો. હવે કારણ તો સત્રાજિત જ બહેતર જાણે, પણ હું આ બાબતે સાવ આંખ આડા કાન કરી શકું તેમ નહોતો. હવે મારી અને સત્યભામાની વાત કરું, તો હું દ્વારકા અને રુક્મિણીમાં એવો અટવાયો હતો કે તે મોટા ભાગનો સમય એકલી હોવા છતાં, મારી અને તેની મુલાકાતો ઘણી ઘટી ગઈ હતી. જોકે, આ ચક્કરમાં સુભદ્રા અને સત્યભામાની દોસ્તી ચોક્કસ મજબૂત થઈ હતી. કેમકે એ મને મળવા આવતી અને હું વ્યસ્ત હોઉં કે ન હોઉં, તો તે સુભદ્રા સાથે ગપ્પા મારી લેતી. અને પછી તો તેમની આ દોસ્તી એવી ગાઢ બની કે આગળ જતાં સુભદ્રાના બહાને જ મને સત્યભામાના દર્શન થવા માંડયા. હશે, દર્શન ભલેને ગમે તે કારણે થાય પણ દર્શન થયા કરવા જોઈએ, કેમકે મારા મનમાં તો તે આજે પણ કોઈ દેવીથી ઓછી નહોતી. આખરે દ્વારકાનું આ આનંદિત જીવન તેના સહયોગને જ તો આભારી હતું. બીજી બાજુ મજાની વાત એ કે તે ભલે સુભદ્રાની ઘણી નજીક આવી ગઈ હતી, પણ તેને લીધે તેના મારા પ્રત્યેના આકર્ષણમાં કોઈ જ ફરક નહોતો પડ્યો. ઊલટું, સમયની સાથે તેનું મારા પ્રત્યેનું આકર્ષણ વધતું જ જતું હતું. કમાલ એ પણ હતી કે ઉંમર સાથે એની સુંદરતા નિખરતી જતી હતી. એટલે એકંદરે સત્રાજિત કેમ વારંવાર દ્વારકાની બહાર આવ-જા કરી રહ્યો હતો, તે મારા માટે ચિંતાનો વિષય થઈ શકત, પણ સત્યભામા તરફથી મને રાહત જ રાહત હતી.

ખેર! સત્યભામા પ્રકરણ બંધ કરું, તો વાસ્તવિકતા એ હતી કે આખું જીવન સંઘર્ષમાં વિતાવ્યા બાદ બહુ જ મુશ્કેલીથી દ્વારકામાં આટલું સુરક્ષિત અને આનંદમય જીવન વિતાવવાનો મોકો મળી રહ્યો હતો. એટલે હું સત્રાજિત પર ખાસ ધ્યાન આપવાને બદલે વર્તમાન જીવનનો ભરપૂર આનંદ લેવામાં પડ્યો હતો. આ સમયે મારા આશ્ચર્ય વચ્ચે હસ્તિનાપુરથી એક દૂત પાંડવોનો સંદેશો લઈને આવ્યો. સંદેશો આવ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે આપણા મિત્ર પાંડવો હસ્તિનાપુરમાં રહે પણ છે. એકવાર તો ચિંતા પણ થઈ આવી કે ક્યાંક તેમની પર કોઈ સંકટ તો નથી આવી ગયું ને? ક્યાંક પાંડવો કોઈ મોટી મુસીબતમાં તો નથી ફસાયાને? પણ ના, હસ્તિનાપુરથી તો ખુશખબર જ આવી હતી. ભીષ્મ પિતામહ

અને મહારાજ ધૃતરાષ્ટ્ર આખરે યુધિષ્ઠિરને રાજા બનાવવા માટે રાજી થઈ ગયા હતા. ત્રણ મહિના પછી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક હતો અને દૂત એ સમારંભમાં સામેલ થવા માટેનું નિમંત્રણ લઈને આવ્યો હતો.

આ સમાચારથી મને ઘણો જ સંતોષ થયો. પાંડવોને માથેથી બલા તો ટળી, હવે તેઓ પણ આનંદ અને વૈભવથી જીવી શકશે. સાથોસાથ આનાથી હસ્તિનાપુરની પ્રજાનું જીવન પણ હવે સુધરશે, કેમકે પાંડવોના રાજમાં પ્રજાનું પૂરું ધ્યાન રાખવામાં આવશે તે તો નક્કી જ હતું. આ બધું તો ઠીક, પણ મારું મન પણ ખૂબ જ અજબ હતું. અચાનક મને પાંડવોને મળવાની ઈચ્છા થઈ આવી. આમ પણ અર્જુન અને ભીમને મળીને હંમેશાં આનંદ જ થતો હતો. બસ, મેં રાજ્યાભિષેક સમારોહમાં સામેલ થવાનું નક્કી કરી લીધું. અને આ સાથે તરત જ દૂતને સમારંભમાં મારી હાજરીની ખાતરી આપવા રવાના પણ કર્યો. દૂત ગયો એવામાં જ મને દાદાજીની યાદ આવી. એમનું આમંત્રણ પણ આવીને પડ્યું હતું અને ત્યાં પણ જવાનુ જ હતું. ...એટલે એક પંથ અને બે કામ એ નક્કી થઈ ગયું.

ખેર! લગભગ બે મહિના પછી મારે નીકળવાનું હતું. રુક્મિણી તો મારા જવાની વાત સાંભળીને જ ઉદાસ થઈ ગઈ હતી. જોકે પરિસ્થિતિ અલગ હોત તો હું રુક્મિણીને પણ ચોક્કસ સાથે લઈ જાત, પણ શું કરું, અત્યારે તે ગર્ભવતી હતી. જી હા, આ નાનકડો 'કાન્હો' હવે બાપ બનવાનો હતો. તોય શું, બાપ બનવાથી પણ આ "નટખટ કૃષ્ણ''ની મસ્તી થોડી જ ઓછી થવાની હતી? એ તો કદી થવાનું જ નહોતું. આની સાબિતી તો એ વાત જ હતી કે હજી તો બે મહિના પછી જવાનું હતું અને હું અત્યારથી તેના સપનાંઓમાં ખોવાઈ ગયો હતો. જોકે, હું મારા કર્તવ્યોથી વિમુખ થઈ જાઉં એટલો પણ નહોતો ખોવાયો. જતા પહેલાં બે મહત્ત્વપૂર્ણ કામો પૂરા કરવાનો સંપૂર્ણ અહેસાસ હતો મને. એક, દ્વારકાનો વ્યવસાય હું ન હોઉં તો પણ નિયમસર ચાલ્યા કરે તે બીજી બાજુ, વધુમાં વધુ સમય રુક્મિણી સાથે વીતાવવો હતો જેથી તેને મારી જુદાઈનું દુઃખ બહુ ન સાલે. એ તરફ રુક્મિણીની અત્યારની હાલત જોતાં, માતાજી અને સુભદ્રા પણ અમારી સાથે મહેલમાં જ રહેવા આવી ગયા હતા. આ તરફ હું પણ મારી રીતે રુક્મિણીનો બને તેટલો ખ્યાલ રાખવાનો પ્રયત્ન કરતો જ હતો. ...પણ તોય, ઈચ્છતો નહીં હોવા છતાં, મારો મોટા ભાગનો સમય દ્વારકાના વહીવટીય અને વેપારી કામકાજમાં જ જતો હતો. એવું કુચક્ર ચાલતું હતું કે હું રુક્મિણી સાથે વધારે સમય વીતાવવાનો જેટલો વધુ વિચાર કરું તેટલું કામ વધતું જતું હતું. ધીરે ધીરે તો હાલત એટલી બગડી ગઈ હતી કે ઘણીવાર મને મહેલ પાછા ફરતા મધરાત થઈ જતી. પણ મારી પાસે વિકલ્પ જ ક્યાં હતો? દ્વારકા મારી સપનાની નગરી હતી. હું અહીં ભરપૂર ખુશીઓ જોવા માંગતો હતો. મારા પ્યારા દ્વારકાવાસીઓને સ્વર્ગનું સુખ માણતા જોવા માગતો હતો. સો ટકા 'ધન' જ આ સપનાનું મૂળ હતું, અને તે વ્યવસાય વગર મેળવી શકાય એમ નહોતું. બીજી એક હકીકત એ પણ હતી કે વેપાર જમાવવો અને ફેલાવવો તે ફક્ત મારા જ વશની વાત હતી. રુક્મિણી અને પુત્ર તેની જગ્યાએ છે પણ 'ખુશીઓથી ભરેલી દ્વારકા' મારી પ્રથમ પ્રાથમિકતા હતી અને રહેશે... પણ દુર્ભાગ્યે, આ કારણે થાકીપાકીને આવ્યો હોવા છતાં, મારે રુક્મિણીની નારાજગીનો સામનો કરવો પડતો હતો, તો મને આનાથી શો ફરક પડી રહ્યો હતો? મને તો સંઘર્ષોમાં જીવવાની ટેવ પડેલી જ હતી. આમ દ્વારકા અને રુક્મિણી વચ્ચે સંઘર્ષ કરતાં કરતાં મારા આ દિવસો વીતી રહ્યા હતા.

...આ સમયે આચાર્ય સાંદીપનિજી દ્વારકા પધાર્યા. તેમના આગમનથી મને પરમ આશ્ચર્ય થયું. તેમને દ્વારકા પધારેલા જોઈને મને બહુ જ આનંદ થયો, કેમકે આજે હું જે કાંઈ પણ હતો તે તેમના જ થકી હતો. મેં એમને મારી સાથે મારા જ રાજમહેલમાં ઉતારો આપ્યો એ કાંઈ કહેવાની જરૂર નથી. હાથ લાગેલો ગુરુસેવાનો આવો મોકો થોડો છોડી દેતો હોઈશ હું? જોકે, હું તો ઈચ્છતો હતો કે તેઓ દ્વારકાના રાજ્યાભિષેક સમારોહમાં પણ આવે, મેં તેમની રાહ પણ જોઈ હતી. પણ કદાચ આવા

સમારોહમાં હાજરી આપવાનું તેમને ગમતું નહીં હોય. હું તો એમને આમ પણ બોલાવવા માંગતો હતો, પણ કદી મોકો નહોતો મળ્યો. આમેય જે આમંત્રણ પર આવે એ ગુરુ કેવા? ગુરુ તો સ્વપ્રેરણાથી જ પ્રગટ થાય છે, ...જેમ આજે થયા તેમ. અને સ્વાભાવિક રીતે જ સૌપ્રથમ તેમણે મને દ્વારકાની સુંદરતા અને ભવ્યતા માટે અભિનંદન આપ્યા. મેં પણ પૂર્ણ કૃતજ્ઞતા વ્યક્ત કરતાં કહ્યું- ગુરુદેવ, આ બધું આપના આશીર્વાદનું જ ફળ છે.

...એ તરફ રુક્મિણી પણ આચાર્યજીના આશીર્વાદ પામીને ધન્ય થઈ ગઈ. આમ પણ આચાર્યજીની પ્રતિભા બાબતે કોણ અજાણ હતું? રુક્મિણીએ પણ તેમના વિશે ઘણું સાંભળ્યું જ હતું. એ જ કારણ હતું કે તે પણ આચાર્યજીના આગમનથી ઘણી આનંદિત રહેવા લાગી હતી. આચાર્યજીના આગમનથી રાજમહેલ જોતજોતામાં જાણે કે નાનકડાં ગુરુકુળમાં ફેરવાઈ ગયો હતો. સાંજ પડતા જ મારા બધા મિત્રો આચાર્યજીના દર્શન કરવા તથા તેમની પાસેથી પ્રેરણા પામવા એકઠા થઈ જતા હતા. દ્રશ્ય એવું થતું કે જેવી સાંજ પડતી અને આચાર્યજી તથા હું સમુદ્ર તટેથી ફરીને પાછા ફરતા કે રાજમહેલમાં ભીડ ભેગી થઈ જતી. આચાર્યજી એમના ઊંચા સિંહાસને બેસી જતા, અને તેમની આસપાસ બધા વડીલો બેસતા. અમે લોકો તો જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જતા. આ સભા મોડી રાત સુધી ચાલતી. નાનાજી હોય કે પિતાજી, બધાય સમયસર આવી જતા. દોસ્તો તો સાંજ ઢળતા પહેલા જ રાજમહેલનાં બેઠક-કક્ષમાં ધામો નાંખી દેતા. અમારા પહોંચતા સુધીમાં તો રુક્મિણી અને સુભદ્રા પણ ત્યાંજ આવી જતાં. અક્રૂરજી અને કૃતવર્મા જેવા વયોવૃદ્ધ પણ ક્યારેક આવી ચડતા. મોકો જોઈને મંત્રી પરિષદ પણ આવી જતી. સમગ્ર રીતે જોઈએ તો આચાર્યજીના સાંનિધ્યથી કોઈ વંચિત રહેવા નહોતું માગતું. આ બાજુ હું પણ તેમનું આવું નામ અને સન્માન જોઈને ગૌરવ અનુભવતો હતો. વિશ્ર્વાસ જ નહોતો થતો કે એક ગોવાળને આવા આચાર્ય પાસેથી શિક્ષિત થવાનો મોકો મળ્યો છે. અને આ વિચાર સાથે?જ મન નાનાજી પ્રત્યે ધન્યવાદથી ઉભરાઈ જતું. હશે, હાલ તો આચાર્યજીના આગમનની વાત પર પાછો વળું તો અમારા બધાનું ભેગા થવું તે તો ઠીક, પણ આચાર્યજીને રુક્મિણી સાથે વાતો કરવી વધારે ગમતી હતી. આમ પણ આખી દ્વારકામાં સૌથી વધારે શિક્ષિત તો રુક્મિણી જ હતી. અને કદાચ એ જ કારણ હતું કે એ આચાર્યજીથી જેટલી પ્રભાવિત થઈ હતી એનાથી પણ વધારે આચાર્યજી તેને મળીને ખુશ થયા હતા. અને તમે તો જાણો જ છો કે આચાર્યજી મારા માટે ભગવાનથી પણ વધારે હતા, અને આવામાં મારી પ્રાણપ્યારી રુક્મિણીને મારા પ્રભુજીના આશીર્વાદ મળી ગયા હતા.

ચાલો, આ બધી હળવા-મળવાની અને આનંદની વાત તો થઈ, પણ બીજી બાજુ આચાર્યજીને મળીને મને મારી એક ભૂલનો અહેસાસ પણ થયો. દ્વારકામાં બધું જ હતું પણ ગુરુકુળ નહોતું. આચાર્યજીએ મને આ બાબતે બરાબર ખખડાવ્યો. એમણે કહ્યું પણ ખરું કે તને એ પણ ભાન નથી કે કોઈપણ રાજ્યનું ભવિષ્ય તેના ગુરુકુળ પર જ આધાર રાખે છે? અને મેં મારી આ ભૂલ બદલ આચાર્યજીની ક્ષમા પણ માંગી. આમ તો 'શિક્ષણ'ની મારી કલ્પના બીજાઓથી અલગ હતી. હું મનુષ્યનો સર્વાંગી વિકાસ થાય તેનો પક્ષ લેતો હતો. મારા મતે ફક્ત હથિયાર ચલાવવાનું કે રાજપાટ સંભાળવાનું શિક્ષણ પૂરતું નહોતું. ન તો તેમને ફક્ત બહાદુરી શીખવવી પુરતી હતી. કોઈ માટે કઠણ જીવન જીવવું તેને પણ હું પુરતું નહોતો માનતો. અને સાધુઓની સખત વિરુદ્ધ તો હું પહેલેથી જ હતો, કેમકે કર્મથી સંન્યાસ લેવો તે અંતે તો સમાજ પર બોજો વધારવા સિવાય બીજું કંઈ નથી. આજ વાત મે અર્જુનને ગીતામાં કહી હતી કે "ફક્ત બાહ્ય કર્મોનો ત્યાગ કરીને કોઈ સંન્યાસી ક્યારેય ન બની શકે [18] ." આના લીધે હું ઈચ્છતો હતો કે મનુષ્યો શારીરિક રીતે જ નહીં, માનસિક રીતે પણ બળવાન થાય. એક એવો માનવ થાય જે વ્યર્થ ચાહતોમાં જીવવાને બદલે હંમેશાં સત્ય અને અહિંસામાં સ્થિત રહીને પ્રગતિના માર્ગે ચાલ્યા કરે. જે કાયમ બધાના હિતમાં પોતાનું હિત સમજે, એવા કર્મઠ પરંતુ

નિ:સ્વાર્થ યુવાનોનું હું નિર્માણ કરવા માંગતો હતો. મતલબ તેમના હાથમાં હથિયાર તો હોય, પણ તે શત્રુઓનો નહીં, ...પાપીઓનો નાશ કરવા માટે જ તેને ઉગામે. જે રાજપાટ ને વેપાર બેઉનો ઉપયોગ બધાની પ્રગતિ માટે કરવાનો દ્રઢ સંકલ્પ ધરાવતા હોય એવા વિદ્યાર્થીઓ હું મારા ગુરુકુળમાંથી તૈયાર કરવા માંગતો હતો.

મારા હિસાબે મનુષ્યજીવનનો અર્થ છે: કોઈ જ ઈચ્છા કે અપેક્ષા વગર, સતત સર્વહિતમાં કામ કર્યા કરવું અને જ્યારે પણ મોકો મળે ત્યારે જીવનની નાનામાં નાની વાતોની પણ ખૂબ જ મજા માણવી. એ સાથે જ, મોકો મળે ત્યારે પોતાને તથા બીજાને પ્રગતિના પંથે પણ વાળવા.

આમ તો એ જ શું કામ, હું તો મારી જ જેવા નવા મનુષ્યોને જન્મ આપવા ઈચ્છતો હતો. મારી દ્રષ્ટિમાં, મૃત્યુ પછીનો મોક્ષ કોરી બકવાસ સિવાય કંઈ નહોતો. હકીકતમાં તો જીવતેજીવત મુક્તિ જ મનુષ્ય જીવનની સર્વોચ્ચ ઊંચાઈ છે. મને જ જોઈ લો! હું જીવતેજીવત પૂર્ણ સ્વરૂપે મુક્ત હતો. શરીર જ નહીં, મારું મન અને મારી ઈન્દ્રિયો પણ જીવતેજીવત મુક્ત હતી. એટલું જ નહીં, મારો તો અહંકાર પણ પૂર્ણરૂપે મુક્ત હતો. ત્યાં સુધી કે મારા ક્રોધ અથવા પ્રેમ પર પણ મેં ક્યાં નિયંત્રણ કરી રાખ્યું હતું?

...કહેવાનું તાત્પર્ય એ કે જ્યારે ક્રોધ આવતો હતો, ત્યારે માત્ર ક્રોધ આવતો હતો. ધ્યાન રહે, મને ક્રોધ આવતો નહોતો. મારો અને ક્રોધનો કોઈ મેળ નહોતો. હું તો દરેક પળમાં હરહંમેશ માત્ર કુદરતનો અરીસો બનીને જીવતો હતો. આથી, મારી તમામ વાતોનો સાર આ છે કે હું દ્વારકામાં એક એવા ગુરુકુળની સ્થાપના કરવા ઈચ્છતો હતો કે જેની મદદથી દ્વારકાના દરેક ઘરમાં એક ‘કૃષ્ણ’ જન્માવી શકાય. જો યોગ્ય રીતે સમજી શકાય તો હું ‘વીર સંન્યાસી’ જન્માવવા ઈચ્છતો હતો. નપુંસક સંન્યાસીઓથી તો આમ પણ મને સખત નફરત હતી. ત્યાં જુલમી બહાદુરોનો તો હું તક મળે કે તરત આમ પણ વધ કરતો રહેતો હતો. આમ સરવાળે મારે વિચારવાનું આ હતું કે મારી આ ઈચ્છામાં આચાર્ય સાંદીપનિજી સિવાય બીજું કોણ છે, જે મને માર્ગદર્શન આપી શકતું હતું?

...બસ, મેં આ વિષયમાં આચાર્યજી સાથે ખૂલીને ચર્ચા કરી. એમણે અનેક સલાહો પણ આપી. પરંતુ ચર્ચાના અંતમાં મને એક વાત સમજાઈ ગઈ કે ‘કૃષ્ણ’ જન્માવવા માટે માત્ર એક ગુરુકુળ પર્યાપ્ત નથી. કૃષ્ણ જન્માવવા માટે મા યશોદાનો પ્રેમ અને બાળકને આપવામાં આવતી પૂર્ણ સ્વતંત્રતાની પણ જરૂરિયાત હોય છે. તદુપરાંત આ બાળકની પોતાની પોતાના જીવન પાસેથી શીખવાની અંત:દ્રષ્ટિ પર પણ નિર્ભર કરે છે. અર્થાત્ કૃષ્ણ બનવા માટે જીવનમાં પ્રેમ, સ્વતંત્રતા, જીવન પાસેથી શીખવાની પ્રજ્ઞા અને હા... આચાર્યજી જેવા ગુરુ- તમામ જરૂરી છે. ચાલો, કૃષ્ણ ન ભલે, કૃષ્ણના અંશ તો નિર્મિત કરી શકાય છે ને? પછી શું ખબર કોઈ મારા જેવો પ્રતિભાવાન પણ નીકળી આવે. આ વિચાર સાથે જ મેં સાંદીપનિજીના માર્ગદર્શનમાં એક ગુરુકુળની સ્થાપના કરવાનો નિશ્ચ્ચય કર્યો. કારણ કે હું દ્વારકાના ભવિષ્યને મથુરા જેવું કદાપિ બનવા દેવા નહોતો માંગતો. આથી મેં આચાર્યજીના દિશા-નિર્દેશાનુસાર તત્ક્ષણ ગુરુકુળનું નિર્માણકાર્ય પૂર્ણ ગતિથી શ પણ કરાવી દીધું. સાંદીપનિજીએ ગુરુકુળ માટે કેટલાક આચાર્યોના નામ પણ સૂઝાડ્યા. એ આચાર્યો સાથે સંપર્ક કરીને અને તેમને દ્વારકા લાવવાનું કામ મેં ઉદ્ધવને સોંપ્યું. હું ખુશ હતો, ચાલો દ્વારકામાં હવે એક ગુરુકુળ હશે. અને જે રીતે દ્વારકા આર્યાવર્તની શ્રેષ્ઠ નગરી હતી, બરાબર એ જ રીતે અહીંનું ગુરુકુળ પણ આર્યાવર્તમાં શ્રેષ્ઠ સિદ્ધ હોવાનું જ હતું. ...ખરેખર શું ચમત્કારી વ્યક્તિત્વ હતું સાંદીપનિજીનું! જ્યારે પણ મુલાકાત થતી, કોઈ મહાન પ્રેરણા જરૂર મળતી હતી. હજી એમને આવ્યે સાત દિવસ જ થયા હતા અને આટલા ઓછા સમયમાં ગુરુકુળનું નિર્માણકાર્ય શરૂ પણ થઈ ગયું હતું. સાચું કહું છું, મા યશોદા, રાધા અને રુક્મિણીનો પ્રેમ... અને આચાર્યજીની પ્રેરણા જ મારા જીવનના સાચા માર્ગદર્શક હતા. ...એમના વિના કૃષ્ણ કંઈ પણ નહોતો.

ખેર! આ બાજુ મથુરાવાસીઓનું દ્વારકા આવવાનું લગાતાર ચાલુ હતું. એમણે જ બતાવ્યું હતું કે અમારા દ્વારકા આવ્યા બાદ, જરાસંધ ત્યાં અમને લોકોને ન જોઈને ઘણો નિરાશ થયો હતો. ઉપરથી કાલયવનના મૃત્યુના સમાચારે તેને બરાબરનો હચમચાવી નાખ્યો હતો. જોકે કોઈપણ અડચણ વિના મથુરા પર જરાસંધનું શાસન થઈ ગયું હતું. આજકાલ તેનો પુત્ર જ મથુરાનો રાજપાટ સંભાળી રહ્યો છે. આમ સરવાળે મથુરાની હાલત મારા વિચારોને અનુરૂપ જ હતી. સાચું કહું તો મારા જેવા પ્રજ્ઞાશીલ પુરુષને એમાં ખબર જેવું કંઇ પણ લાગ્યું નહોતું.

...આથી પાછો આચાર્યજીની વાત પર પરત આવું, એ જ સારું છે. અને અહીં એક તરફ જ્યાં આચાર્યજી પોતાની મહેમાનગતિથી ખુશ હતા, ત્યાં બીજી બાજુ હું ગુરુકુળનું નિર્માણકાર્ય શરૂ થવાથી પ્રસન્ન હતો. અર્થાત્ ગુરુ-શિષ્ય એક-બીજાની સાથે આનંદપૂર્વક વિચરણ કરી રહ્યા હતા. ત્યારે એક દિવસે સાંજે આચાર્યજી એકાંતમાં મને ફરવા લઈ ગયા. બસ, અમે બંને ગુરુ-શિષ્ય કિનારાથી દૂર એકાંતમાં આગળ ચાલ્યે રાખતા હતા. થોડી વાર અહીંતહીંની વાત કરીને એમણે પોતાના આવવાનો હેતુ બતાવ્યો. હું તો સાંભળતા જ ચોંકી ગયો. પગ આપમેળે જ રોકાઈ ગયા. જ્યાં ઊભો હતો ત્યાંજ ઊભા ઊભા આશ્ચર્યસભર આંખે આચાર્યજી તરફ જોવા લાગ્યો. તેમના આવવાનો હેતુ મારા આજ સુધીના જીવનનું સહુથી મોટું આશ્ચર્ય હતું. તમે કહેશો કે એવી શું વાત થઈ ગઈ? અરે... તમે પણ સાંભળશો તો સાંભળતા જ રહી જશો. કદાચ તમારું મોં પણ આશ્ચર્યથી ખુલ્લું જ રહી જશે. ...હકીકતમાં, તેઓ મારે માટે મહારાજા દ્રુપદની દીકરી 'દ્રૌપદી'નો વિવાહ-પ્રસ્તાવ લઈને આવ્યા હતા. તેમનું કહેવું હતું કે દ્રૌપદી આર્યાવર્તની 'સર્વશ્રેષ્ઠ-સુંદરી' છે. અને સહુથી મોટી વાત આ છે કે તેમના કહ્યાનુસાર, ખુદ મહારાજા દ્રુપદે મારે માટે આ પ્રસ્તાવ મોકલ્યો છે. આ તો આશ્ચર્ય પર આશ્ચર્ય અને કમાલ પર કમાલ થઈ ગઈ હતી. મને તો સમજમાં જ નહોતું આવી રહ્યું કે જ્યારે એ આટલી સુંદર છે તો પછી વિવાહનો પ્રસ્તાવ મને શું કામ? આર્યાવર્ત એકથી એક યુવરાજોથી ભરાયેલું પડ્યું છે. બીજી બાજુ હું વિચારવા લાગ્યો કે મહારાજા દ્રુપદને એવી શું ભીડ આવી પડી છે કે તેમણે પ્રસ્તાવ મોકલવા માટે એક એવી વ્યક્તિને પસંદ કરી, જેને કંઇ પણ કહી શકવું મારે માટે સહેલું નથી. ...અર્થાત્ એક તો અણધાર્યો પ્રસ્તાવ, એ પણ સહુથી અણધાર્યા વ્યક્તિ દ્વારા. મને તો કંઇ સૂઝવાનું જ બંધ થઈ ગયું હતું. હા, એટલું અવશ્ય સમજી રહ્યો હતો કે ગોવાળે બહુ પ્રગતિ કરી લીધી છે, અને સામે ચાલીને સુંદર રાજકુમારીનો વિવાહપ્રસ્તાવ આવવો એ આ વાતનું પ્રમાણ હતું.

ખેર! આ તો મજાકની વાત હતી. ગંભીરતાથી કહું તો આચાર્યજી એક એવો પ્રસ્તાવ લઈને આવ્યા હતા કે જેના પર 'હા' કે 'ના' કહેવું આ સમયે મારા હાથમાં નહોતું. અને સમજ્યાં વિના આચાર્યજીની શાનમાં કોઈ ભૂલ કરવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. આ બાજુ મને આ રીતે વિચારોમાં ખોવાયેલો જોઈને આચાર્યજીએ મૌન તોડીને મને પૂછ્યું- ક્યા વિચારોમાં ડૂબી ગયો છે, કૃષ્ણ?

સાચું કહું તો છેક હવે મને હોશ આવ્યો. મેં એમ જ ઉતાવળે કહ્યું- કંઇ નહીં, આચાર્યજી. આમ તો તમે મારું હિત-અહિત મારા કરતાં વધારે જાણો છો. તમારા લાવેલા પ્રસ્તાવ પર વિચાર કરવાનું કે શંકા કરવાનું એ તમારું અપમાન કહેવાશે. છતાં પણ હું વિચારી રહ્યો છું કે તમે અને મહારાજા દ્રુપદ બંને જાણો છો કે હું પરિણીત છું. પછી વિવાહનો પ્રસ્તાવ એક વિવાહિત વ્યક્તિને જ શા માટે?

મારી વાત સાંભળતા જ સાંદીપનિજી જોરથી હસી પડ્યા. અને હસતા હસતા જ પાસે પડેલી એક પથ્થરની મોટી શિલા પાસે લઈ ગયા. અમે બંને તેના પર બિરાજમાન થઈ ગયા. પછી થોડી વારની ચૂપકીદી બાદ, તેઓ એકદમ ગંભીર થઈને બોલ્યા- કૃષ્ણ, તું ખરેખર ભોળો છે. એક રાજાએ રોજ હજારો સમસ્યાઓ સામે ઝઝૂમવું પડે છે. આજ કારણ છે કે રાજાને આરામ, પ્રેમ અને આનંદની સર્વાધિક જરૂરિયાત હોય છે. આથી શાસ્ત્ર અને સમાજે રાજાઓને અનેક વિવાહની છૂટ આપી રાખી

છે.

મેં કહ્યું- આ તો ઠીક છે, જ્યાં સુધી મારો સવાલ છે તમારી વાત સમજમાં પણ આવે છે. પરંતુ દ્રૌપદી, જે આટલી સુંદર છે, તે શું જોયા વગર કોઈપણ વિવાહિત પુરુષને પોતાનો પતિ બનાવવાનું સ્વીકાર કરશે?

આચાર્યજી મારો સવાલ સાંભળતા જ થોડા ગંભીર થઈ ગયા. પછી એ જ ગંભીર મુદ્રા ધારણ કરીને મારા ખભા પર હાથ રાખીને બોલ્યા- સાચું તો આ છે, કૃષ્ણ કે આચાર્ય દ્રોણ અને દ્રુપદ વચ્ચે થોડી અણસમજ થઈ ગઈ હતી, અને જેને લીધે આચાર્ય દ્રોણે મહારાજા દ્રુપદ પાસેથી તેમનું અડધું રાજ્ય છીનવી લીધું હતું. અને એટલાથી પણ જ્યારે દ્રોણને સંતોષ ન થયો ત્યારે તેમણે પોતાના બહાદુર શિષ્ય અર્જુનને ઉકસાવીને તેની પાસેથી ગુરુદક્ષિણામાં મહારાજા દ્રુપદને પકડીને તેમના ચરણોમાં સમર્પિત કરવાનો આદેશ આપ્યો. અને અર્જુને ગુરુઆજ્ઞાનું પાલન કરતાં, એકદમ ક્રૂરતાપૂર્વક દ્રુપદને બંદી બનાવીને દ્રોણના ચરણોમાં ધરી દીધો. ત્યારથી દ્રુપદ એક ઘાયલ સિંહ જેવું જીવન વિતાવી રહ્યા છે. અને હવે આ સ્થિતિ છે કે મહારાજા દ્રુપદ પોતાની બેટી દ્રૌપદીનો હાથ એક એવા વીરના હાથમાં આપવા ઈચ્છે છે જે આચાર્ય દ્રોણ સાથે તેમનો પ્રતિશોધ લઈ શકે. ...અને કંસ, પંચજન, શૃંગલવ અને કાલયવન જેવાઓનો વધ કરવાવાળા ‘કૃષ્ણ’થી બહાદુર આ સમયે આર્યાવર્તમાં બીજું કોણ છે?

...આ બધું સાંભળીને મારી તો વિચારવાની ક્ષમતા જ ક્ષીણ થઈ ગઈ. આચાર્ય દ્રોણ પણ કમાલના દુષ્ટ વ્યક્તિ છે. એક શિષ્ય પાસે ગુરુદક્ષિણામાં અંગૂઠો માંગ્યો હતો, બીજા પાસેથી કોઈ નિર્દોષ રાજાને બંદી બનાવીને અપમાનિત કરાવ્યો. કદાચ આવા આચાર્યોના કારણે જ આર્યાવર્તમાં આચાર્યોની ગરિમા ધૂળમાં મળી ગઈ છે. અરે, કોઈપણ અણબનાવ કેમ ન હોય અને કોઈપણ અન્યાય કેમ ન થયો હોય, પરંતુ આચાર્યોએ તો પોતાની ગરિમા જાળવી જ રાખવી જોઈએ. જો તેઓ જ ક્રોધ અને પ્રતિશોધ પર ઊતરી આવે તો પછી આર્યાવર્તના ભવિષ્યનું શું થશે...? આમ તો આ સમયે મારા વિચારનો વિષય આ નહોતો. આ સમયે મુખ્ય સવાલ આચાર્યજીને યથાયોગ્ય ઉત્તર આપવાનો હતો. મુસીબત આ હતી કે આચાર્યજીને ‘ના’ પણ કહી શકાય તેમ નહોતી અને ‘હા’ કહેવાનું મન થઈ રહ્યું નહોતું. અર્થાત્ વિષય અતિ સંવેદનશીલ થઈ ગયો હતો. આ બાજુ, વિચારતા... વિચારતા અચાનક મારા ચિંતને એક નવી જ દિશા પકડી લીધી. હું વિચારવા લાગ્યો કે દ્રૌપદી એટલી તો વળી કેટલી સુંદર હશે કે તેની આગળ રુક્મિણીની સુંદરતા પણ કંઇ નહીં હોય? ...જોકે આ તો ચિંતને ફરી ખોટી દિશા પકડી લીધી. પણ હું પણ શું કરું, પ્રસ્તાવ જ કંઇ એવો હતો કે ચિંતન હજારો દિશાઓમાં દોડી ગયું હતું. લાખ કોશિશો કરવા છતાં, વર્તમાન સમસ્યા પર કેન્દ્રિત જ થઈ રહ્યું નહોતું. જ્યારે આ સમયે આચાર્યજી સાથે ગરિમાપૂર્વક કામ પાર પાડવું જરૂરી હતું. ઘણાં વિચારવિમર્શ બાદ પણ જ્યારે કંઇ ન સૂઝ્યું ત્યારે મેં વાત ટાળવાના ઉદ્દેશથી પૂછ્યું- મને મહારાજા દ્રુપદની વાત પણ સમજાઈ રહી છે. પરંતુ શું એક પિતા માટે પ્રતિશોધ એટલો મહત્ત્વપૂર્ણ હોઈ શકે છે કે તેની આગમાં તે પોતાની પુત્રી સુદ્ધાંને હોમી દેવા માટે તૈયાર થઈ ગયા છે? અને શું દ્રૌપદી પોતાના પિતાના પ્રતિશોધનું મહોરું બનવા તૈયાર છે?

સાંદીપનિજી હસીને બોલ્યા- શું વાત કરે છે, કૃષ્ણ...? દ્રૌપદીનો તો જન્મ જ પ્રતિશોધના અગ્નિથી થયો છે. આ આગ ત્યારની છે જ્યારે દ્રૌપદી જનમવાની હતી. આથી પિતા-પુત્રી બંનેના જીવનનો એક જ હેતુ છે, દ્રોણ અને અર્જુન સાથે પ્રતિશોધ લેવો.

હવે મારી પાસે કહેવા-પૂછવા માટે કંઇ નહોતું. આચાર્યજીએ મને નિરુત્તર કરી દીધો હતો. હવે આગળ કંઇ પૂછવાની હિંમત ન થઈ. આ બધી વાતચીતમાં ઘણો સમય પસાર થઈ ગયો હતો. બસ, અમે પાછા ફર્યા. પાછા ફરતી વખતે હું વિચારવા લાગ્યો કે આ અર્જુન પણ કમાલ છે. કોણ જાણે કેવા કેવા નકામા કામોમાં પોતાને ફસાવી રાખે છે? હવે તેણે મહારાજા દ્રુપદને પકડવાની શી જરૂર હતી? ત્યાં

દુર્યોધન-દુ:શાસનને ઠેકાણે લગાડવાની જરૂર છે, તે તો તેનાથી થતું નથી અને અહીં દ્રુપદ જેવાઓ સાથે નકામી સમસ્યા વહોરીને બેઠો છે. આ મનુષ્ય પણ કમાલ છે. કરવા જેવા કામ તો તેનાથી થતાં નથી અને ન કરવા જેવા હજાર કામો તે કરતો રહે છે.

આવી હજાર વાતો વિચારતા વિચારતા અંતે ચિંતને યોગ્ય દિશા પકડી જ લીધી. જો દ્રૌપદી ખરેખર આટલી સુંદર છે તો તેને પામવા માટે કોઈપણ દ્રોણ અને અર્જુન સાથે બાથ ભીડાવવા તૈયાર થઈ જ જશે. અને આવામાં દ્રોણનો સાથ આપવા માટે હસ્તિનાપુર તો ઉતરશે જ. વળી, જો દ્રુપદે જરાસંધ સાથે હાથ મિલાવી લીધા ત્યારે તો આ યુદ્ધ, મહાયુદ્ધમાં બદલાઈ જશે. નકામી હિંસા થશે. અચાનક આ બધું વિચારતા વિચારતા હું, નહીં... નહીં... કહીને બબડી ઊઠ્યો.

આ બાજુ મને આ રીતે બબડતો જોઈને અને ઊંડા ચિંતનમાં ખોવાયેલો જોઈને, આચાર્યજીએ આશ્ર્વાસન આપતા કહ્યું- નિર્ણય આ ક્ષણે જ કરવો જરૂરી નથી. તમે એકવાર જઈને દ્રુપદ અને દ્રૌપદીને મળી લો, પછી નિર્ણય કરી લેજો.

મેં પણ આ વિચારીને હામાં માથું ધૂણાવી દીધું કે ચાલો હાલ પૂરતી તો જાન બચી.

પાંડવોનો રાજ્યાભિષેક

આ બાજુ આચાર્યજી એક સુંદર પ્રસ્તાવ આપીને ચાલ્યા ગયા, પરંતુ મને અનેક સમસ્યાઓમાં પરોવીને જતા રહ્યા. ગમે તેટલું ચિંતન કરો, સમસ્યાનું સમાધાન થતું જ નહોતું. એક સવાલ પર ચિંતન કરો, હજારો નવા સવાલો ઊભા થઈ જતા હતા. બીજી બાજુ જ્યારથી રુક્મિણીએ સાંભળ્યું હતું કે આર્યાવર્તની સર્વશ્રેષ્ઠ સુંદરી 'દ્રૌપદી'નો મારે માટે વિવાહપ્રસ્તાવ આવ્યો છે, તેણે તો મારું જીવવાનું જ મુશ્કેલ કરી દીધું હતું. અર્થાત્ સુંદરતા, હા... હા... સુંદરીઓની સુંદરતા જે 'કૃષ્ણ'ને હંમેશાં ગમતી હતી, આજે સુંદરતાની મલ્લિકાના એક વિવાહપ્રસ્તાવે બધું ઊલટું કરી દીધું હતું. કૃષ્ણને માનસિક સમસ્યાઓની સાથેસાથે ગૃહ-કલેશનો પણ સામનો કરવો પડી રહ્યો હતો. રુક્મિણી કારણ-અકારણ વાત વાત પર મારાથી રિસાવા લાગી હતી. એટલું જ નહીં, મનોમન અત્યંત દુ:ખી પણ રહેવા લાગી હતી. અને તેની સીધી અસર તેનાં સ્વાસ્થ્ય પર અને મારા જીવન પર પડી રહી હતી. ...સાથે જ, આવનારા બાળક પર પણ પડી જ રહી હશે.

પરંતુ તે કંઈ જ સમજવા તૈયાર નહોતી. તેને તો એમ જ લાગી રહ્યું હતું કે જાણે મેં દ્રૌપદી સાથે વિવાહ કરી જ લીધા હોય. એક તો મિત્રો અને ભાઈએ રુક્મિણી સામે મારું એવું ચરિત્રહરણ કર્યું હતું કે બિચારી એ વિચારવા માટે મજબૂર થઈ ગઈ હતી કે ગોપીઓ અને કુબ્જા જેવીઓની પાછળ પાગલ થઈ જનારા કૃષ્ણે દ્રૌપદી જેવી વિશ્ર્વસુંદરીનો પ્રસ્તાવ નામંજૂર કરવાનો સવાલ જ ક્યાં પેદા થાય છે? જોકે હું પોતે આ વિષય પર વિશ્ર્વાસપૂર્વક કંઈ કહી શકતો નહોતો, છતાં પણ કોઈના વિચાર પર વિમર્શ કરવાનો મારો સ્વભાવ નહોતો. બીજું કે મારું આ સ્પષ્ટ માનવું હતું કે જેવા જેના વિચાર, એવું એનું જીવન. રુક્મિણી આ સમયે જે કષ્ટ ભોગવી રહી હતી તેના માટે તેના વર્તમાન વિચારો જ જવાબદાર હતા. આવામાં ભલા હું તેમાં શું કરી શકવાનો હતો? ચોક્કસપણે આ રુક્મિણીની જિદ્ અને અહમ્‌ની પરાકાષ્ઠા હતી. તે આ સમયે સ્વયંને અકારણ પરેશાન કરી રહી હતી. તે અત્યારે ગર્ભવતી હતી. તેની હાલત નાજુક હતી. આવામાં તેણે તેની પોતાની તબિયત અને પ્રસન્નતા, બંનેનું ધ્યાન રાખવાનું અત્યંત જરૂરી હતું. ઓછામાં ઓછું તેણે આ વાતનું તો ધ્યાન રાખવું જોઈએ કે શારીરિક અને માનસિક તંદુરસ્તીની અસર બાળક પર પડે જ છે. ખબર નહીં કેમ, આવા નાજુક સમયમાં પણ તે નકામા ચિંતનોમાં અટવાઈ પડી હતી. એ પગલી આ વિચારી વિચારીને પરેશાન થઈ રહી હતી કે દ્રૌપદી જેવી સુંદરી દ્વારકા આવી ગઈ તો પછી કૃષ્ણ મહારાજ મને ક્યાં પૂછવાના છે? હું તો રાણી હોવા છતાં પણ દાસી બનીને રહી જઈશ. હું મારી વહાલીને હજારો પ્રયત્નોથી સંભાળવાની કોશિશ કરી રહ્યો હતો, પરંતુ બધું વ્યર્થ. આમ પણ એકવાર અસુરક્ષાનો ભાવ જકડી લે તો પછી સ્વસ્થ થવાનું સહેલું નથી હોતું.

પરંતુ આ બધાની સાથે મારી હાલત અજીબ થઈ ગઈ હતી. એક બાજુ રુક્મિણી સમજવા માટે તૈયાર નહોતી તો બીજી બાજુ મારા પ્રસ્થાનનો સમય પણ નજીક આવી ગયો હતો. ભૂલી ગયા શું? મારે યુધિષ્ઠિરના રાજ્યાભિષેકમાં જવાનું છે ને? અને વળી મારા મનમાં તો યુધિષ્ઠિરના રાજ્યાભિષેકમાં શામેલ થવાની અને પાંડવોને મળવાની ઇચ્છા આમ પણ તીવ્રતાથી જાગૃત થઈ ગઈ હતી. ચાલો, ઇચ્છાને જવા દઉં તો પણ મારે નાગપ્રદેશનાં સંકટને તો સમજવાનું જ હતું અને તેનું યોગ્ય સમાધાન પણ કરવાનું જ હતું. એક તો આ મારું કર્તવ્ય હતું, બીજું પરદાદાના દર્શન માટે પણ મન તો વ્યાકુળ થઈ જ રહ્યું હતું. ત્યાંજ આચાર્યજી સાથે કરેલા વચન પ્રમાણે મહારાજા દ્રુપદ અને દ્રૌપદી સાથે મુલાકાત માટે પણ જવાનું જ હતું. એ તો ટાળી જ શકાય તેમ નહોતું. ...અર્થાત્ એક નહીં, અનેક કારણોથી મારી

યાત્રા અટલ હતી. અને કાર્યોની સૂચિ જોતાં, યાત્રા ઘણી લાંબી હોવાનું નક્કી હતું. કદાચ પાછું દ્વારકા આવવામાં એક વર્ષ પણ લાગી શકે તેમ હતું. અર્થાત્ યાત્રાની તમામ તૈયારી કરવાનું પણ જરૂરી હતું અને હવે તેનો સમય પણ આવી જ ગયો હતો. કહેવાનું તાત્પર્ય એટલું કે એક બાજુ સમયની તંગી હતી, બીજી બાજુ જિદ્દને લીધે રુક્મિણીનું સ્વાસ્થ્ય કથળતું જતું હતું. સાચું કહું તો હું જતા પહેલાં રુક્મિણી સાથે બચી ગયેલા દિવસો પ્રેમ અને આત્મીયતા સાથે વીતાવવા ઈચ્છતો હતો. ચોક્કસપણે આટલી લાંબી યાત્રા પર જતા પહેલા તેને ફરીથી સામાન્ય જોવાની તમન્ના હતી મારી. ત્યાંજ બીજી બાજુ, જતા પહેલા મારી વસાવેલી દ્વારકાનો પણ ભરપૂર આનંદ ઉઠાવવા ઈચ્છતો હતો. કારણ કે કદાચ લગભગ એક વર્ષ માટે દ્વારકાથી છૂટા પડવાનું હતું. સાથે જ આટલી લાંબી યાત્રા પર જવાનું છે તો રાજમહેલના સુચારુ સંચાલન અને વ્યવસાયની સમસ્યાઓ પર પણ ધ્યાન દેવું જ પડે... એવું હતું. આમ સરવાળે જવાનો સમય માથા પર આવી ગયો હતો અને કાર્યોની યાદી વધતી જ જઈ રહી હતી. તેનો કોઈ અંત આવતો દેખાઈ જ નહોતો રહ્યો. બસ, આ દર્દ દિલમાં લઈને દિવસ-રાત કાર્યોમાં રમમાણ રહેતો હતો.

...હવે અહીં આમ પણ પરેશાનીઓ ઓછી નહોતી અને આ બાજુ મારા પર શંકિત રુક્મિણીએ એક નવી જ જિદ્ પકડી લીધી. એ ઈચ્છતી હતી કે હું દ્વારકા છોડીને ક્યાંય જાઉં જ નહીં. જોકે તે જાણતી હતી કે મારું જવાનું પહેલેથી નક્કી છે. જાણતી શું, વડદાદાને મળવાની સલાહ તો એણે જ આપી હતી. યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક કેટલો મહત્ત્વનો હતો એ પણ તે સમજતી જ હતી. પરંતુ સાચું કહું તો દ્રૌપદીના વિવાહ-પ્રસ્તાવે તેને હચમચાવી દીધી હતી. આમ તો મને પણ રુક્મિણીની ઘણી ચિંતા લાગેલી જ હતી. હું હજારો કામ હોવા છતાં, મોટા ભાગનો સમય તેની સાથે વીતાવી રહ્યો હતો. હા, હું તેની આવી ઉટપટાંગ જિદ્દોને મહત્ત્વ આપી શકતો નહોતો. આથી, બસ, એ વાતનો અફસોસ હતો કે હું તેની ઉદાસી દૂર કરી શકતો નહોતો.

...કરતો પણ કેવી રીતે? તેની ચિંતા કાલ્પનિક હતી, વાસ્તવિક તો હતી નહીં કે તેની સારવાર થઈ શકે. અને કાલ્પનિક ચિંતાનું સમાધાન મનુષ્યે સ્વયં શોધવાનું હોય છે. બીજું કોઈ તેમાં ઈચ્છવા છતાં પણ કંઈ મદદ કરી ન શકે. કારણ કે મારું જવાનું અટલ હતું, આથી તેના પર ન તો વિચાર કરી શકાતો હતો કે ન તો એ બાબતે ચર્ચા પણ કરી શકાતી હતી. અને સહુથી મોટી વાત તો એ કે મારા જવાના સમયમાં પણ કોઈ ફેરફાર શક્ય નહોતો.

હશે! હજી તો યાત્રાની તૈયારીઓ ચાલુ હતી. અને તૈયારીઓ દ્વારકાધીશના રૂઆબને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવી રહી હતી. લગભગ વીસ રથ, ત્રીસ સૈનિક, થોડાં દાસ-દાસીઓ અને સમગ્ર સાધનસામગ્રી લઈને જવાનો હતો. અને રથ ચલાવવા માટે દારુકને પણ સાથે જ લઈ જઈ રહ્યો હતો. હવે સમયની તંગી અને તૈયારીઓની યાદી જોતાં, અંતે થાકીને એકવાર તો મેં મારું ધ્યાન રુક્મિણી પરથી હટાવવાનું જ યોગ્ય માન્યું. કારણ કે તે એવી વાતો વિશે વિચારી વિચારીને પરેશાન થઈ રહી હતી કે જે અસ્તિત્વમાં જ નહોતી. તેનું દુ:ખ સ્વયંના એ તુચ્છ વિચારોથી જન્મેલું હતું જેને માત્ર તે સ્વયં જ દૂર કરી શકતી હતી. કારણ કે મારે માટે તો હવે ધીમેધીમે તેનું દુ:ખ ઉપાય વિનાનો વિષય બનતું જઈ રહ્યું હતું. જ્યારે સમજતી જ નહોતી, તો શું કરું? જ્યારે જુઓ ત્યારે રિસાવાનું, મોં ચઢાવાનું, ઝઘડવાનું, બસ. પોતાની તંદુરસ્તીને બદલે દ્રૌપદીની ચિંતા કરતાં રહેવાનું કંઈ બુદ્ધિશાળીનું લક્ષણ થોડું જ હતું? એક તો જેમ જેમ જવાનો સમય નજીક આવી રહ્યો હતો, તેમ તેમ મારા પર કાર્યનો બોજ આમ પણ વધતો જઈ રહ્યો હતો, તો બીજી બાજુ રુક્મિણી પણ મને નવી નવી રીતે પરેશાન કરવામાં જ લાગેલી હતી. હવે તો એ આ વાતથી પણ નારાજ રહેવા લાગી હતી કે તમે મારા પર યોગ્ય ધ્યાન જ નથી આપતા. લો, આ શું વાત થઈ? આટલા કામ, આટલી જવાબદારીઓ છતાં તેનો સંપૂર્ણ ખયાલ રાખતો હતો. હવે આનાથી વધારે શું કરી શકવાનો હતો? કંઈ નહીં, હું પણ સમજી

જ રહ્યો હતો કે લઈ દઈને પરેશાની દ્રૌપદીની જ છે, અને જે તે ખૂલીને કહી નથી રહી. હવે કહે તો પણ મારી પાસે તેનો ઈલાજ શું હતો?

આથી, તેને ભુલાવીને મારું સંપૂર્ણ ધ્યાન વ્યવસાય અને રાજમહેલના કાર્યોમાં લગાવી દીધું હતું. પરંતુ રુક્મિણી પણ ઓછી કમાલ નહોતી. અંતે ક્યાંયથી વાત બનતી ન જોઈને તેણે એક નવા જ પ્રકારની રટ પકડી લીધી. તે ઈચ્છતી હતી કે હું થોડા દિવસ પછી જાઉં, કારણ કે હવે કોઈપણ સમયે તેને સંતાન અપેક્ષિત હતું. તે ઈચ્છતી હતી કે હું એકવાર સંતાનનું મોં જોઈ લઉં, પછી ભલેને જતો રહું. ...પરંતુ આ શક્ય નહોતું. કારણ કે યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થવામાં હવે માત્ર વીસ દિવસ બાકી હતા. અને ત્યાં રાજ્યાભિષેક થઈ ગયા બાદ જવાનો કોઈ હેતુ બનતો નહોતો. આથી લગભગ સાત દિવસ બાદ મારે નીકળવાનું જ હતું. પછી જેટલો મોડો જઈશ, એટલો જ મોડો નાગપ્રદેશ પહોંચીશ. ત્યાં દાદાજી પણ જીવનના આખરી શ્ર્વાસો લઈ રહ્યા હતા. ક્યાંક એવું ન થાય કે મારા પહોંચ્યા પહેલા જ ત્યાં કોઈ અનર્થ થઈ જાય. આમ સરવાળે, કારણ વિના યાત્રાને એક દિવસ માટે પણ ટાળવાનો કોઈ સવાલ જ ઊઠતો નહોતો. આથી, એક તરફ જ્યાં યાત્રાની તૈયારીઓમાં લાગેલો રહ્યો, ત્યાંજ બીજી તરફ યાત્રાની પૂર્વ રાત્રિ સુધી હું તેને સમજાવવાનો પ્રયત્ન પણ કરતો રહ્યો. કારણ કે આટલી લાંબી યાત્રા પર હું રુક્મિણીની ઉદાસી દૂર કર્યા વિના જવા ઈચ્છતો નહોતો. આખરી રાતે તો મેં તેને ઘણો પ્રેમ જતાવવાની કોશિશ પણ કરી. બહાર ઓસરીમાં જ મોડી રાત સુધી તેની સાથે હિંચકા પર પણ ઝૂલતો રહ્યો. ત્યાં હિંચકા પર પ્રેમથી તેને ગળે લગાવીને સમજાવવાના પ્રયત્નરૂપે કહ્યું પણ કે- આપણું બાળક, હું રહું કે ન રહું, જન્મવાનું જ છે. અને તેની અને તારી સારસંભાળ લેવા માટે ભાભી, સુભદ્રા, માતાજી અને દાસ-દાસીઓ છે જ. વળી, જન્મ લેનારું બાળક મને ઓળખવાનું પણ નથી. તો પછી જ્યાં મારા રોકાવાથી કોઈ ફરક પડવાનો નથી, ત્યાં તું ઈચ્છે છે કે હું રોકાઈ જાઉં... અને જ્યાં મારું પહોંચવાનું જરૂરી છે અને જ્યાં મારી હાજરી મહત્ત્વપૂર્ણ છે, ત્યાં ન જાઉં? ...આ તો મોહમાં ફસાઈને કર્તવ્ય-કર્મથી મોં ફેરવવા જેવું થયું. અને તું સારી રીતે જાણે છે કે હું મારા કર્તવ્ય-કર્મોથી ક્યારેય પાછો નથી હટતો. અને વળી, તું આ કેમ નથી વિચારતી, પગલી કે મારે સવારે નીકળવાનું છે. તું સમજદાર છે, એક રાજકુમારી છે, તું રાજમહેલનાં કર્તવ્યો અને મારા સ્વભાવ, બંનેથી સારી રીતે વાકેફ છે, પછી શા માટે મને હસીને વિદાય નથી આપતી?

...પરંતુ જે વાત રુક્મિણીને હું આટલા સમયથી સમજાવી શક્યો નહોતો, તે એને એક રાતમાં તો ક્યાંથી સમજાવી શકવાનો હતો? કમાલ છે, જે રુક્મિણીએ મને કર્તવ્યના માર્ગ પર લાવવો જોઈતો હતો, એ ઊલટી મને કર્તવ્યકર્મોથી વિમુખ કરવાની કોશિશ કરી રહી હતી. એવું નહોતું કે તે સમજી નહોતી રહી, પણ લાગે છે કે દ્રૌપદીની સુંદરતાના વખાણ સાંભળીને તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી. તેણે અસુરક્ષાનો ભાવ પકડી લીધો હતો. અને એકવાર અસુરક્ષાનો ભાવ પકડી લે, પછી મનુષ્ય હોશમાં ક્યાં રહે છે...?

ખેર; આ બધી વાતચીત અને રિસાવા-મનાવવામાં મધરાત વીતી ગઈ. સવારે મારે જલ્દી નીકળવાનું હતું. આટલા દિવસોના દિવસ-રાત કરેલા કર્મોનાં કારણે થાક આમ પણ પોતાની ચરમ સીમા પર પહોંચી ગયો હતો. ...અંતે રુક્મિણીને મારી હાલત અને કોશિશ, બંને પર દયા આવી જ ગઈ... આમ પણ ભીતરથી તો એ સમજી જ રહી હતી કે હું ન તો ખોટું કહી રહ્યો છું, ન કરી રહ્યો છું. બસ, તેના તમામ પ્રયાસ તો દ્રૌપદી નામની બલાને જીવનથી ટાળવા સુધી સીમિત હતા. અને તે તેની તમામ કોશિશો પછી પણ થઈ શક્યું નહોતું, આવામાં તેણે કદાચ એક સમજુ રાજકુમારીનું કર્તવ્ય નિભાવવાનું જ યોગ્ય સમજ્યું હતું. આથી સ્વયં મને હિંચકા પરથી ઉઠાડીને સૂવા માટે લઈ ગઈ. અને પછી લાંબી યાત્રાને ધ્યાનમાં લેતા, ખૂબ પ્રેમથી મારા માથા પર હાથ ફેરવતા મને સૂવડાવી દીધો. હવે આને હું મારું 'ભાગ્ય' કહું કે રુક્મિણીનું 'હૃદય-પરિવર્તન'? જે હોય તે, પરિણામમાં મને આરામની ઊંઘ અવશ્ય

નસીબ થઈ.

...સવારમાં હું સમયસર જ ઊઠી ગયો. ફટાફટ તૈયાર પણ થઈ ગયો. આજે એક અનૂઠા ઉત્સાહથી છલોછલ હતો. ખબર નહીં, યાત્રાની મસ્તી છવાયેલી હતી કે જીવનમાં આવનારા ફેરફારોની આ અસર હતી. ...આમ તો સવાર સરસ હોવાનું બીજું એક કારણ પણ હતું, રુક્મિણીનો સામાન્ય વ્યવહાર. ચોક્કસપણે તેનો સામાન્ય વ્યવહાર મને ખાસ્સો આરામ આપી રહ્યો હતો. જોકે આ સમયે તે ખાસ્સી ભાવુક પણ થઈ ગઈ હતી. સમય સારો જોઈને મેં પણ તેને છાતી સરસી ચાંપીને પોતાનું પૂરું ધ્યાન રાખવાની ભારપૂર્વક સલાહ આપી દીધી. ...અંતે તે મારી જાન હતી. અને કલાકાર પણ મારા જેવી જ હતી, આથી સમય સારો જોઈને તેણે પણ મને જલ્દી પાછા ફરવાની વિનંતી કરી દીધી. તો હું પણ ક્યાં કંઇ ઓછો હતો, બસ, તરત જ મેં પણ તેને ખોટું આશ્ર્વાસન આપી દીધું.

ખેર! એ બાજુ બધા મિત્રો, નાનાજી, મા-પિતાજી સહિત હજારો દ્વારકાવાસી મને સમુદ્રકિનારા સુધી વિદાય આપવા આવ્યા હતા. શું કામ ન આવે, પહેલી વાર તેમનો દ્વારકાધીશ દ્વારકાની બહાર જઈ રહ્યો હતો. હા, અંત સમયે મેં એક ફેરબદલ અવશ્ય કરી લીધો હતો. દારુકની સાથેસાથે ઉદ્ધવને પણ મારી સાથે લઈ જઈ રહ્યો હતો. ચોક્કસપણે એનાથી રુક્મિણીને ખાસ્સી એવી રાહત પહોંચી હતી. તેનું વિચારવું હતું કે ઉદ્ધવ મારા બેલગામ ઘોડાઓ પર લગામ કસીને રાખશે. હવે બિચારી રુક્મિણી શું જાણે કે મને જે કરવું યોગ્ય લાગશે તે હું કરીને જ રહીશ, ...અને એમાં ઉદ્ધવ શું, ભગવાન પણ મને રોકવામાં સમર્થ નથી.

ખેર! ભવ્ય અને ભાવુક વિદાય સાથે અમારી યાત્રા શરૂ થઈ ગઈ હતી. સાથે લઈ જવાને કારણે, ઉદ્ધવ પણ ઘણો ખુશ હતો. રાજા થયા બાદ આ મારી પહેલી ઔપચારિક યાત્રા હતી, અને ચોક્કસપણે આ કારણે પણ આ યાત્રા ઐતિહાસિક હતી. ...છતાં પણ મનમાં ક્યાંક ને ક્યાંક થોડો ઉચાટ હતો. વાસ્તવમાં રુક્મિણીએ ભલે મારે માટે મને હસીને વિદાય આપી હતી, પણ હું જાણતો હતો કે તે મનોમન ઉદાસ છે જ. એક તો તેને બાળક અપેક્ષિત હતું, અને એક મા માટે બાળક શું મહત્ત્વ ધરાવે છે તે કહેવાની કોઈ જરૂરત નથી. ઉપરથી હું ઓછામાં ઓછો એક વર્ષ માટે તો નીકળી જ પડ્યો હતો. અર્થાત્ સાથે આટલી લાંબી જુદાઈનું દર્દ પણ તેણે સહેવાનું હતું. અને આ બધાથી વધીને ‘દ્રૌપદી’ નામની માનસિક સમસ્યા જે તેને ચારેતરફથી ઘેરી વળેલી હતી, તેની સામે પણ બાથ ભીડવાની હતી. બસ, આજ બધા કારણોથી મને રહી રહીને રુક્મિણીની ચિંતા ઘેરી રહી હતી. ખબર નહીં કુદરત મને હંમેશાં કપરી પસંદગીમાં જ શા માટે ફસાવે છે? અત્યારે, એક તરફ યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક હતો, તો બીજી તરફ સંતાનપ્રાપ્તિ અપેક્ષિત હતી. ...એ પણ પહેલા બાળકની પ્રાપ્તિ. હવે કોઈ બતાવો કે બંને એક જ સમયે શા માટે આવી ટપકી હતી? રુક્મિણીને નાહક જ પરેશાની સહન કરવી પડી રહી હતી ને.

ખરેખર જ્યારથી રુક્મિણી દ્વારકા આવી હતી, વિચારતો હતો કે જીવનના સંઘર્ષોથી હવે છુટકારો મળી જશે. પરંતુ મને ક્યાં ખબર હતી કે શાંતિનું લાંબુ જીવન મારા ભાગ્યમાં છે જ નહીં... હમણાં હમણાં રુક્મિણી સાથે સંઘર્ષ કરીને નીકળ્યો હતો અને ત્રણ ત્રણ મહાસંઘર્ષમાં ઉતરવા જઈ રહ્યો હતો. એમાંથી પણ એક સંઘર્ષ તો દ્રૌપદી જેવી સુંદરી સાથે કરવાનો હતો, જે યુદ્ધકળામાં હું પહેલેથી જ કમજોર હતો. તમે તો જાણો જ છો કે સુંદરતા સામે યુદ્ધ જીતવાનું આમ પણ મારા સ્વભાવને માફક આવતું નહોતું. કહી શકાય કે આખા એક વર્ષના આરામ અને આનંદ બાદ, સંઘર્ષોએ ફરી બોલાવ્યો હતો- કૃષ્ણ, આવો! આરામ અને શાંતિ તારે માટે નથી. તારે તો સંઘર્ષમાં જ આનંદ લેવાનો છે અને મોતના ઓથાર હેઠળ જ વાંસળી વગાડવાની છે. કાંઈ વાંધો નહીં, જેવી કુદરતની મરજી. ...હું તો કાયમ કુદરતનો એક સમર્પિત સૈનિક હતો, છું અને રહીશ.

ચાલો, જવા દો! આ બધી વાત તો તમને કહેવાની જરૂરત જ નથી, તમે જાણો જ છો. આથી

યાત્રાના પહેલા દિવસની વાત કરું તો તે પણ કંઇ ઓછી મજાની નહોતી. રાત્રિનો પહેલો પડાવ નાખ્યો જ હતો કે સાંદીપનિજીનો પ્રસ્તાવ અને રુક્મિણીની સાથે વીતાવેલી તે રાતે મારા જાગરણની પૂરી વ્યવસ્થા કરી દીધી. ...મને આજે પણ એ દિવસ સારી રીતે યાદ છે, જ્યારે સાંદીપનિજીએ મને દ્રૌપદીનો વિવાહ પ્રસ્તાવ કર્યો હતો, અને હું સાંભળતા જ ઘણો દુ:ખી થઈ ગયો હતો. નહીં... નહીં, વિવાહ પ્રસ્તાવથી નહીં, પરંતુ પ્રતિશોધ માટે પુત્રીના ઉપયોગે મને હચમચાવીને રાખી દીધો હતો. શું પ્રતિશોધમાં માણસ આટલો નીચે જઈ શકે છે? શું કોઈ આચાર્ય પોતાના પ્રતિશોધ માટે શિષ્યનો ઉપયોગ કરી શકે છે? જો રાજાઓ અને આચાર્યો આ સ્તર સુધી નીચે જશે, તો સામાન્ય મનુષ્યોના જીવનની શાંતિ અને આનંદનું શું થશે? શું તેનાથી મનુષ્ય-જીવનનો મૂળ ઉદ્દેશ જ દાવ પર નહીં લાગી જાય? ...એ દિવસે આજ બધી ચિંતાઓમાં ડૂબેલો હું મારા શયનકક્ષમાં ગયો હતો. હંમેશાંની જેમ એ દિવસે પણ ત્યાં પથારી પર સૂતી રુક્મિણી ઘણી આતુરતાથી મારી રાહ જોઈ રહી હતી. તે દિવસે એ પ્રસન્ન પણ બહુ વધારે હતી, અને તેણે મારી જ પસંદની પીળા રંગની રેશમી સાડી પહેરેલી હતી. પીળા રંગની રેશમી સાડી પહેરેલી રુક્મિણી મને આમ પણ ખૂબ જ આકર્ષક લાગતી હતી. અને બીજું શું બતાવું તમને, ...પીળો રંગ તેના પર બહુ શોભતો પણ હતો. એ વાત અલગ હતી કે મને મારા માટે કેસરી અને ગુલાબી રંગના પીતાંબર વધારે પસંદ હતા.

ચાલો, જવા દો આ વાતને. હાલ તો રુક્મિણી પર જ પાછો આવું. મને સારી રીતે યાદ છે કે રુક્મિણીની એ દિવસની પ્રસન્નતાની વાત જ કંઇ જુદી હતી. રુક્મિણી બાબતે બીજી એક વાત કહી દઉં કે પ્રાય: તે મારી ચિંતા અને ઉદાસી તત્ક્ષણ જાણી લેતી હતી. અને ઘણીવાર તો એ મને નકામી ચિંતા ન કરવાની સમજણ પણ આપી દેતી હતી. પરંતુ તે દિવસે એ પોતાની જ કોઈ ધૂનમાં ખોવાયેલી હતી. મને જોતાંવેંત એણે તમામ દાસીઓને રવાના કરી દીધી હતી. અને દાસીઓ જતાં જ ઊભા ઊભા મને વળગી પડી હતી. એટલું જ નહીં, ત્યાર બાદ મારો હાથ પકડીને એણે ખૂબ જ પ્રેમથી મને પલંગ પર બેસાડયો હતો. અને પછી મારી છાતી પર માથું મૂકીને મને એકદમ પ્રસન્નતાથી કહ્યું હતું- આજે હું તમને એ ખુશખબરી સંભળાવું છું કે જે સાંભળતાવેંત તમે ખુશીના માર્યા નાચી ઊઠશો. આખી દ્વારકા ઉત્સવમાં ડૂબી જશે. જાણો છો, હું મા અને તમે પિતા બનવાના છો.

...મને સારી રીતે યાદ છે કે મેં કોઈ ખાસ પ્રતિક્રિયા આપી નહોતી. આશ્ચર્ય હતું, તેમ છતાં પણ તેનું ધ્યાન મારી ઉદાસી પર નહોતું ગયું. તે પોતાની જ મસ્તીમાં મસ્ત હતી. બોલે જ રાખતી જોજો, છોકરો જ થશે. બિલકુલ તમારા જેવો. શ્યામ, સુંદર અને પરાક્રમી. હવે તો આપણો બધો સમય તેને ખવરાવવા-પીવરાવવામાં, તેની સાથે રમવામાં અને તેને મોટો કરવામાં જ વીતી જશે. ...તેમ છતાં પણ મારી ચૂપકીદી યથાવત્ હતી. અને ત્યારે જઈને તે મારી ચૂપકીદી પામી શકી હતી. સ્વાભાવિક રીતે આટલી મોટી ખબર સાંભળીને પણ મારું ખુશ નહીં થવાનું તેને ખૂબ જ અજુગતું લાગી રહ્યું હતું. અને જોતજોતામાં મારા ઠંડા પ્રતિસાદને કારણે પ્રસન્ન રુક્મિણી કેટલી ઉદાસ થઈ ગઈ હતી? આ વાત હું આજે પણ બિલકુલ ભૂલી નથી શકતો. હું તેની પ્રસન્નતામાં વિઘ્ન પહોંચાડવા ઇચ્છતો નહોતો. અને કમસેકમ તેને ઉદાસ કરવા તો લગીરે ઇચ્છતો નહોતો. પરંતુ શું કરું, મનુષ્યોની નિમ્નતાએ મને પરેશાન કરી દીધો હતો. મનુષ્યના ભવિષ્યની ચિંતાએ મને જકડી લીધો હતો. આવામાં, ઇચ્છવા છતાં પણ, હું તેની ખુશીમાં સહભાગી નહોતો થઈ શકતો. ...બિચારી એ હદે નારાજ થઈ ગઈ હતી કે મારા આ શુષ્ક વ્યવહારનું રહસ્ય જાણવા ઇચ્છતી હતી. અને મને પણ શું સૂઝ્યું કે મેં આ નાજુક મોકા પર જ્ઞાનની ગંગા જ વહાવી દીધી હતી. મેં રુક્મિણીના માથા પર હાથ ફેરવતા કહ્યું હતું- સાંભળ પ્રિયે! મારી વાત ધ્યાનથી સાંભળ. ગર્ભવતી હોવું, બાળક થવું, આ બધું આપણાં કાર્યોનું ફળ છે. કર્મ કરવાથી ફળ તો આવે જ છે. મનુષ્યએ કર્મમાં ઉત્સાહ દેખાડવો જોઈએ, કારણ કે પૂરી તાકાત લગાવીને પૂર્ણતાથી કર્મ કરવું તેનું કર્તવ્ય છે; પરંતુ ફળની ચિંતા અને ફળની આકાંક્ષા કરવી અને ફળ માટે ઉત્સાહિત હોવું ખોટું

છે. કારણ કે ફળ પર આપણો નહીં, કુદરતનો અધિકાર છે. આ કારણે ફળને કોઈપણ પક્ષપાત વિના સ્વીકારનારા ક્યારેય દુ:ખી નથી થતાં. આથી કર્મમાં ઉત્સાહ રાખવો સારો છે, ફળ પ્રત્યે આટલું ઉત્સાહિત થવું યોગ્ય નથી. યાદ રાખજે પ્રિયે, ફળ પ્રત્યે ઉત્સાહ હંમેશાં ગંભીર પરિણામ લઈને આવે છે.

...હવે ખબર નહીં રુક્મિણી શું સમજી હતી અને કેટલું સમજી હતી, પણ નારાજ અવશ્ય થઈ ગઈ હતી. બરાબર જ હતું. એ સમય આવી ગંભીર વાતો કહેવા-સમજવા માટેનો થોડો જ હતો? ...છતાં પણ વાત તો મેં સાચી જ કહી હતી. સાચું જ તો છે, ફળની આશા અને ફળ પ્રત્યેનો ઉત્સાહ જ તો તમામ દુ:ખોનું મૂળ છે. રુક્મિણીને જ જોઈ લો. આટલો ઉત્સાહ બતાવીને તેણે પોતાના દુ:ખનો પાયો પોતે જ નાખ્યો હતો કે નહીં...? હવે જો પુત્રી થશે તો પણ તે દુ:ખી થશે. જો પુત્ર થયો અને તે મારી જેમ સુંદર અને પરાક્રમી ન થયો તો પણ કારણ વિના કષ્ટ પામશે. મારું કહેવાનું તો સ્પષ્ટ હતું, ઊલટું હું તેને ભવિષ્યના દુ:ખોથી બચાવવા માંગતો હતો. હું તો તેને સમજાવવા ઈચ્છતો હતો કે જ્યારે કર્મ કર્યું છે તો ફળ આવશે જ, તો આવવા દો... બાળક જ્યારે આવશે અને જેવું આવશે, તેને સ્વીકારી લઈશું. ...તેમાં આજે આટલું ખુશ થવાની કે ઉત્સાહ દેખાડવાની જરૂરત ક્યાં છે?

ખેર; રુક્મિણી માત્ર કમજોર ભાવનાઓની શિકાર હતી, એવું પણ નહોતું. તે ઘણી સમજદાર અને પરિપક્વ સ્ત્રી પણ હતી. તેને દરેક વિષયનું સારું જ્ઞાન હતું. આથી હું પણ તેને મારી સારી મિત્ર માનીને દરેક વાત દિલ ખોલીને કરતો હતો. તે દિવસે પણ તેણે તમામ વ્યક્તિગત કમજોરીઓથી ઉપર ઊઠીને મારી ઉદાસીનું કારણ જાણવા માંગ્યું હતું. અને મેં પણ તેને વિસ્તારપૂર્વક બધી વાતો જણાવી હતી. મેં એકદમ સ્પષ્ટ કહી દીધું હતું કે આચાર્ય સાંદીપનિજી આર્યાવર્તની શ્રેષ્ઠ સુંદરી 'દ્રૌપદી'નો મારે માટે વિવાહ પ્રસ્તાવ લાવ્યા છે. પરંતુ આચાર્ય દ્રોણ સાથે પ્રતિશોધ લેવો એ આ વિવાહની અનિવાર્ય શરત છે. ...પરંતુ અચાનક આ બધું સાંભળતા જ રુક્મિણીના ચહેરાનો રંગ પૂર્ણ રીતે ઊતરી ગયો હતો. એટલું જ નહીં, તે ચિંતાની એક ઊંડી ખીણમાં ફસાયેલી સ્પષ્ટ જોઈ શકાતી હતી. હવે તમે જ વિચારો, પળવાર પહેલા જેટલી ખુશ હતી અને પળવારમાં આ હાલત? ફળની ઈચ્છા રાખનારાઓની આજ તો મુસીબત છે. તેમની ખુશીઓ પણ વ્યર્થ, તેમના દુ:ખ પણ વ્યર્થ. બસ, હું આ જ બધું તો તેને સમજાવવા ઈચ્છતો હતો.

ચાલો, જવા દો. આ વળી શું બધું જ્ઞાન આપવા બેસી ગયો. તે દિવસની વાત કરું અને તે દિવસે તો એવો કમાલ થઈ ગયો હતો કે પળવારમાં રુક્મિણી સંપૂર્ણ રીતે સ્વસ્થ પણ થઈ ગઈ હતી. એટલું જ નહીં, તત્ક્ષણ તેણે એક સુંદર કટાક્ષ કરતાં કહ્યું પણ હતું કે- તમારે તો આ પ્રસ્તાવ સ્વીકારી લેવો જોઈએ. આચાર્ય દ્રોણ સાથે પ્રતિશોધ લેવાથી દ્રૌપદી જેવી સુંદરી મળે છે તો સોદો ખોટનો નથી. ...અને મારી પણ બુદ્ધિ શું બહેર મારી ગઈ હતી કે હું પણ હાથોહાથ એક વ્યંગ કરી બેઠો હતો. મેં કહ્યું હતું કે- અરે, વાહ! તેં તો મારી સમસ્યાનું સમાધાન કરી દીધું. પત્ની હોય તો આવી સમજદાર! હું આજે જ મારા દૂતને મોકલીને મહારાજ દ્રુપદને વિવાહ મંજૂરીનો સંદેશ મોકલાવી દઉં છું.

...બસ, ગરબડ થઈ ગઈ હતી. અચાનક જ તેનો સંતાનપ્રાપ્તિનો બધો નશો છૂમંતર થઈ ગયો હતો. એ જેટલી પ્રસન્ન હતી, તેનાથી ઘણી વધારે દુ:ખી થઈ ગઈ હતી. હું પણ દંગ રહી ગયો હતો. વાહ રે મનુષ્ય! ભવિષ્યના સુખ-દુ:ખોને એ આજે જ જીવી લે છે. તે એ નથી સમજતો કે સંતાન તો આવશે ત્યારે આવશે અને દ્રૌપદી પણ આવશે ત્યારે આવશે. ...અને આ બંને આવશે ત્યાં સુધી તો હજારો નવા સુખ-દુ:ખ આવશે અને જશે. પછી આજે આ માયાવી સુખ-દુ:ખોને વેઠીને પરેશાન શું કામ થવાનું?

હવે ભલેને મારા વિચારો યોગ્ય હતા, પણ બીજી વાર મેં કોઈ જ્ઞાન આપવાની હિંમત બતાવી નહોતી. તાજા અનુભવથી એટલું તો સમજી જ ગયો હતો કે આ સમય નારાજ રુક્મિણીને પટાવવાનો

છે, જ્ઞાન આપવાનો જરાય નથી. જોકે આ વખતે તેણે સામાન્ય થવામાં બહુ મહેનત કરાવી હતી. સાત દિવસમાં, એ પણ ટુકડા ટુકડામાં હું તેને માંડમાંડ થોડી સામાન્ય કરી શક્યો હતો. છતાં પણ તેની ઉદાસી અને ચિંતા તો યથાવત્ જ હતી, જે મારા જવાના સમય સુધી યથાવત્ રહી. આમ સરવાળે એક તરફ હું હસ્તિનાપુરની યાત્રા પર નીકળી પડ્યો હતો, તો બીજી તરફ રુક્મિણીનો ઉદાસ ચહેરો મારા મનમાંથી જવાનું નામ નહોતો લઈ રહ્યો. આ કારણથી હું પહેલા દિવસે ન તો યાત્રાનો આનંદ લઈ શક્યો હતો, અને ના તો બરાબર રીતે કોઈ અન્ય વાત પર ચિંતન પણ કરી શક્યો હતો. પરંતુ હું પણ હું હતો. ઉદાસી મારા સ્વભાવને માફક જ ક્યાં આવતી હતી? નકામી ચિંતા કરવી એ મારો સ્વભાવ નહોતો. રુક્મિણીના દુ:ખનાં મૂળમાં ખોટા વિચારો અને અહંકાર હતા, આથી આ બાબતે તેણે સ્વયં પોતાની મદદ કરવાની હતી. અંતે હું ક્યાં સુધી રુક્મિણીની ચિંતા કરત? ...અહીં આખું આર્યાવર્ત મને બોલાવી રહ્યું હતું. સામાન્ય પ્રજા બૂમો પાડી પાડીને કહી રહી હતી કે અમને નકામા યુદ્ધો અને પ્રતિશોધની આગમાં ન ધકેલો, અમે જીવવા અને પ્રગતિ કરવા ઈચ્છીએ છીએ; કોઈ તો અમને બચાવો. અને સર્વહિતનાં આહ્વાનને તો હું હંમેશાં સાંભળતો જ આવ્યો હતો. આજે પણ તેને વણસાંભળ્યું કરવાનો કોઈ સવાલ ઊઠતો જ નહોતો. બસ, સવાર થતાં થતાં રુક્મિણીનું દર્દ આપમેળે જ મનમાંથી જતું રહ્યું.

તેની સાથે જ એક નવી સવારે દસ્તક આપી. હું સંપૂર્ણ રીતે યાત્રામાં ડૂબી ગયો. ત્યાં સુધી કે આજની યાત્રાની શરૂઆતમાં જ રથની કમાન સંભાળતા, મેં ઉદ્ધવ અને દારુકને મારી સાથે જ બેસાડી લીધા. પાછળ પાછળ પચીસ રથનો કાફલો ચાલી આવી રહ્યો હતો. રસ્તામાં આવનારા દરેક પ્રદેશમાં દ્વારકાધીશની સવારી જોઈ આવ-જા થઈ જ રહી હતી. દ્વારકાધીશનો રૂઆબ ચારેબાજુ પડી રહ્યો હતો. પણ શું કહું, બાળબુદ્ધિ હજી પણ ગઈ નહોતી. સંપૂર્ણ રીતે ચિપકીને જ બેઠો હતો. કહી શકાય કે દ્વારકાધીશ બન્યા બાદ પણ ગોવાળપણું નહોતું ગયું. અરે, આ તો મજાકની વાત હતી. હાલ તો આ સમયે પાંડવોને મળવાના નામથી જ મન ઘણું પ્રફુલ્લિત થઈ રહ્યું હતું. સાથે જ આટલા દિવસો બાદ દ્વારકાથી બહાર જવાનું પણ સારું લાગી રહ્યું હતું. કહી શકાય છે કે રુક્મિણીના દર્દથી છૂટકારો પામતાં જ મન યાત્રાનો આનંદ ઉઠાવવામાં ખોવાઈ ગયું હતું.

આવામાં સમય પણ ઝડપથી પસાર થવાનો જ હતો. અંતે આઠ દિવસોની સતત યાત્રા બાદ અમે હસ્તિનાપુરની સીમાની નજીક પહોંચી ગયા. અમે હસ્તિનાપુરની બહાર જ એક આશ્રમમાં અમારો પડાવ નાખ્યો. વાસ્તવમાં હું સીધો હસ્તિનાપુર જવાને બદલે ઉદ્ધવના હાથે મારા આવવાની સૂચના મોકલવા ઈચ્છતો હતો. અને તેના પણ બે કારણો હતા. એ તો સર્વવિદિત હતું જ કે બહુ મુશ્કેલીથી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થઈ રહ્યો છે અને આવામાં દુર્યોધન એના તરફથી આમાં હજારો રોડા નાખશે જ. આથી મારા આવવાની સૂચના મોકલવાના બહાને ત્યાંની આંતરિક પરિસ્થિતિ જાણવાનું મારે માટે અત્યંત જરૂરી હતું. બીજું, હવે હું દ્વારકાધીશ હતો, અને દ્વારકાધીશ બન્યા બાદ આ મારી પહેલી રાજકીય યાત્રા હતી. આથી હું દ્વારકાધીશનું યથાયોગ્ય સન્માન અને સ્વાગત ઈચ્છતો હતો, અને જે પૂર્વ સૂચના મોકલાવ્યા વિના સંભવ નહોતું. અર્થાત્ એમ કહી શકાય કે જેમ હું સહુ પ્રત્યે મારા કર્તવ્યો બાબતે સજાગ હતો, એમ જ સ્વયં દ્વારકાધીશ પ્રત્યે પણ મારા કર્તવ્યોથી હું અજાણ નહોતો. અને વળી મારી સાથે ઉદ્ધવ જેવો ગુણી વ્યક્તિ હતો જ. સમયની સાથે સૂંઘવામાં જ નહીં, સંદેશ લાવવા અને લઈ જવામાં અને રહસ્યો કઢાવવામાં તથા છુપાવવામાં પણ તે પારંગત થઈ ગયો હતો. એક રહસ્યની વાત બતાવું તો સામાન્ય રૂપથી સીધો દેખાતો ઉદ્ધવ હકીકતમાં શઆતથી જ તમામ રાજકીય ગુણોથી ઓતપ્રોત હતો. આથી, મારા સમજાવવાની જ વાર હતી; તે આખી વાત સમજી ગયો હતો. તરત હસ્તિનાપુર જવા માટે રવાના પણ થઈ ગયો. અને આ બાજુ હું યાત્રાનો થાક ઉતારવામાં લાગી ગયો. દ્વારકાધીશે બંને સમયે દાસ-દાસીઓ પાસે માલિશ કરાવી.

...પરંતુ અહીં દાવ થઈ ગયો. જ્યાં ઉદ્ધવે બીજા દિવસે પાછા આવવું જોઈતું હતું, તે ત્રીજા

દિવસે આવ્યો. તેના આવવાની ખબર મળતા જ હું સીધો દોડતો દોડતો આશ્રમની બહાર સુધી જઈ પહોંચ્યો. પરંતુ આ શું, તે એકલો આવ્યો હતો. માન્યું, પરમ દિવસે રાજ્યાભિષેક છે, બધા વ્યસ્ત હશે; છતાં પણ મારું સ્વાગત કરવા કમસેકમ અર્જુન અથવા ભીમમાંથી કોઈ એકે તો સાથે આવવું જ જોઈતું હતું. હાલ મારો અહંકાર ઘાયલ થવાની તૈયારીમાં જ હતો કે મારી નજર ઉદ્ધવના ચહેરા પર પડી. અરે ...ઉદ્ધવને આ શું થઈ ગયું? તેની તો જાણે દાદી જ મરી ગઈ હતી. મેં ઉદ્ધવને પહેલા ક્યારેય આટલો દુ:ખી અને પરેશાન જોયો નહોતો. હું બરાબરનો ગભરાઈ ગયો. મારા મનને હજારો શંકા-કુશંકાઓએ ઘેરી લીધું. અને એ પહેલા કે હું કંઈ વિચારું, સમજી શકું, મને જોતા જ ઉદ્ધવ નાના બાળકોની જેમ ફૂટીફૂટીને રોવા લાગ્યો. હું તો સંપૂર્ણ રીતે સ્તબ્ધ થઈ ગયો. મારી બુદ્ધિએ તો મારો સાથ જ છોડી દીધો. છતાં પણ ઉદ્ધવની હાલત જોઈને તેને પકડીને કક્ષમાં લઈ ગયો. અમે બંને ત્યાંજ પથારી પર બેસી ગયા. તે હજીયે રોઈ જ રહ્યો હતો. કંઈક અઘટતું ઘટ્યું હતું એ તો નક્કી હતું. હવે તો તે અઘટિતની ભયાનકતા જ જાણવાની હતી. મેં ઉદ્ધવને શાંત કરવાની કોશિશ કરી. તેને પાણી પીવરાવ્યું... તેને સાંત્વના પણ આપી, પરંતુ તે લાખ કોશિશો કરવા છતાં પણ કંઈ કહેવાની સ્થિતિમાં નહોતો આવી રહ્યો. જે જાણ્યું ન હોય તે વધારે જ ભયાનક હોય છે. આથી હું 'શું થયું' તે જલ્દીમાં જલ્દી જાણી લેવા ઈચ્છતો હતો. કેમકે સમાચારની ભયાનકતા તો તેની હાલત જ બતાવી રહી હતી. મારી ધડકનો તેજ થઈ ગઈ હતી, પણ ઉદ્ધવ હતો કે સામાન્ય થવાનું નામ જ નહોતો લઈ રહ્યો. હવે આવામાં વિચારવા ઈચ્છું તો પણ શું વિચારું? અને વિચારું તો પણ એટલું તો સમજાઈ જ રહ્યું હતું કે ખબર પાંડવોને લગતી જ હોવી જોઈએ. પરંતુ શું? જવા દો, તેના કરતાં તો સારું હતું કે ઉદ્ધવને સંભાળું. રહસ્ય પરથી એનાથી જ પડદો જલ્દીથી ઉઠવાની આશા હતી. કોશિશો ચાલુ હતી, પણ ફળ ઘણી મહેનત બાદ જ આવ્યું. થોડો સ્વસ્થ થતાં જ તેણે બતાવ્યું કે- વાસ્તવમાં યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક તો ક્યારનો થઈ ગયો હતો પણ આશ્ચર્યની વાત એ કે તેને હસ્તિનાપુરનો યુવરાજ ઘોષિત કરવામાં આવ્યો નહોતો, પરંતુ રાતોરાત એક નવું રાજ્ય 'વારણાવત' બનાવીને તેને ત્યાંનો યુવરાજ બનાવાયો હતો. અર્થાત્ હસ્તિનાપુરનો તાજ તો દુર્યોધનના માથા પર જ હતો. તેનો ઉદ્દેશ એ બતાવાયો હતો કે કૌરવો અને પાંડવો પાસે જ્યારે પોતપોતાનું રાજ્ય હશે તો તેમના આંતરિક ઝઘડા અને કટુતા હંમેશાં માટે સમાપ્ત થઈ જશે.

...આ બાજુ હજુ સુધી ઉદ્ધવે જે કંઈ પણ બતાવ્યું હતું તેમાં આટલી ઉદાસ થવાવાળી વાત તો મને ક્યાંય નજરે આવી રહી નહોતી. ચાલો, આખું હસ્તિનાપુર ભલે નહીં, તેનો એક ટુકડો જ ભલે, પણ અંતે યુધિષ્ઠિર યુવરાજ તો બન્યો. આમ પણ દુનિયામાં સંતોષથી મોટું કોઈ ધન નથી. હજી હું આ બધું વિચારી જ રહ્યો હતો કે ઉદ્ધવ ફરી પોક મૂકીમૂકીને રોઈ પડ્યો. હવે તો હું બરાબરનો ગભરાઈ ગયો. જરૂર કોઈ બહુ ખરાબ સમાચાર હોવા જોઈએ, જે ઉદ્ધવ સંભળાવવા સુદ્ધાંની સ્થિતિમાં આવી રહ્યો નહોતો. વાત પણ એવી જગાએ જઈને અટકાવી હતી કે ત્યાંથી કંઈ પણ સમજમાં આવવાનું મુશ્કેલ હતું. અજબ સ્થિતિ થઈ ગઈ હતી. અહીં મારું દિલ બેસવા લાગ્યું હતું અને ત્યાં ઉદ્ધવ રોયે જઈ રહ્યો હતો. ખેર, ઘણી મુશ્કેલી પછી ફરી એકવાર તેને સામાન્ય કર્યો. અને ત્યારે જઈને તે આગળની વાત કરી શક્યો. તેણે જે કંઈ કહ્યું તે ખરેખર હલાવી નાખનારું હતું. તેણે રોતા રોતા બસ, આટલું જ કહ્યું- અને કનૈયા, એક દિવસ પોતાના રાજમહેલમાં સૂતા સૂતા જ કુંતીફઈ સહિત પાંચે ભાઈ બળીને ભસ્મ થઈ ગયા [19] .

...આ સાંભળતા જ મારું શરીર સંજ્ઞા-શૂન્ય થઈ ગયું. હું ત્યાંનો ત્યાંજ બેસી ગયો. આ શું થઈ ગયું! અચાનક રાજમહેલ બળીને ભસ્મ કેવી રીતે થઈ ગયો? એક તરફ મનમાં હજારો સવાલ ઊઠી રહ્યા હતા, બીજી તરફ એવું લાગી રહ્યું હતું કે બધું લૂંટાઈ ગયું. જાણે મારા જ કેટલાક અંગ બળીને ભસ્મ થઈ ગયા હોય. સાચું જ તો છે, પાંડવ મારા જ તો અંગ હતા. બે જ મુલાકાતોમાં તે બધા કેટલા નજીક

આવી ગયા હતા. અર્જુન અને ભીમ તો મારા જિગરના ટુકડા જ બની ગયા હતા. એ બંને તો મારા હ્રદયની ધડકનોમાં જ ધડકવા લાગ્યા હતા. ક્યાં વિચારીને આવ્યો હતો કે પાંડવોની સાથે શાંતિની થોડી પળો વિતાવીશ. રાતોની રાતો વાતો કરીશ. ...અને ક્યાં બધું ખતમ થઈ ગયું હતું. ઉપરથી આ તો આર્યાવર્ત માટે પણ મોટા જોખમની એંધાણી હતી. કારણ કે હવે દુર્યોધન એક માંતેલો સાંઢ બની જશે. ચોક્કસપણે તેની દુષ્ટ મહત્ત્વાકાંક્ષાઓને કારણે આર્યાવર્તમાં યુદ્ધનાં વાદળ છવાઈ જશે. અર્થાત્ બરબાદી થઈ ગઈ હતી, મહા-બરબાદી આશંકિત હતી.

ખેર! સમય સાથે મેં જાતને સંભાળી જ લીધી. એ બાજુ ઉદ્ધવ પાસે પણ હવે વહાવવા માટે વધારે આંસુ બચ્યા નહોતા. પરિસ્થિતિ એવી થઈ ગઈ હતી કે સાંત્વના આપવા-લેવાની સ્થિતિ હતી નહીં, અને અંદરોઅંદર વાતચીત કરવા માટે કોઈ વિષય સૂઝી નહોતો રહ્યો. હા, મનોમન મારું ચિંતન જરૂર ચાલુ હતું. લઈદઈને મને આખો રાજમહેલ ભસ્મ થઈ જવાવાળી વાત સમજમાં આવી નહોતી રહી. આ બાજુ, સમયએ ઉદ્ધવને પણ ઘણી હદ સુધી સામાન્ય કરી જ દીધો હતો. ...અંતે આ બાબતે મેં ઉદ્ધવનો અભિપ્રાય જાણવા માંગ્યો. મેં એને પૂછ્યું- શું તને રાજમહેલના બળી જવામાં કોઈ ષડયંત્રની ગંધ નથી આવી રહી?

એ તો જાણે આવા કોઈ સવાલની પ્રતીક્ષા જ કરી રહ્યો હતો. તે તરત બોલ્યો- બરાબર કહે છે, કનૈયા! મને પણ રાજમહેલનું ભસ્મ થવાનું બિલકુલ સમજમાં આવી નથી રહ્યું. અને આજ વાતની ખબર લગાવવા હું ત્યાં એક દિવસ વધારે રોકાયો હતો. ત્યાં દબાયેલા અવાજોમાં આ ચર્ચા હતી કે રાજમહેલ લાખનો બનેલો હતો. બીજી એક વાત વિશેષ રીતે ધ્યાનમાં લેવા જેવી છે, કનૈયા, કે એ રાજમહેલ બનાવવાની કમાન દુર્યોધન અને શકુનિએ પોતાના જ હાથોમાં સંભાળી રાખી હતી. અને સાચું કહું તો તે પછી તો મને શંકામાં કંઈ બાકી લાગતું નહોતું કે પાંડવ ષડયંત્રના જ શિકાર થયા છે.

મારું પણ તારણ તો કંઈ એવું જ હતું. હું વિચારવા લાગ્યો કે આજની મનુષ્યતાને આ શું થઈ ગયું છે? શું મહત્ત્વાકાંક્ષાના ઘોડા પર સવાર થઈને મનુષ્ય પોતાના ભાઈઓની હત્યા પણ કરી શકે છે? કરી શકે છે શું કરી જ નાખી હતી. બસ, આ વિચાર આવતાં જ, અચાનક દુ:ખ તો ગાયબ થઈ ગયું અને ક્રોધે ચારેતરફથી ઘેરી લીધો. મને દુર્યોધન-શકુનિ પર જ નહીં, ધૃતરાષ્ટ્ર અને પિતામહ પર પણ ઘણો ક્રોધ આવવા લાગ્યો. આમ તો હવે કંઈ પણ કરી શકાય તેમ નહોતું, છતાં પણ ઘણું બધું કરી જ શકાય તેમ હતું. આથી મેં હસ્તિનાપુર જવાનું નક્કી કર્યું. બપોર થવામાં હતી, બસ, મેં તરત ફરી એકવાર ઉદ્ધવને મારા આવવાની સૂચના આપવા હસ્તિનાપુર મોકલ્યો. કારણ કે હું હજી પણ પૂર્વ સૂચના વિના હસ્તિનાપુર-પ્રવેશ ઈચ્છતો નહોતો. હવે હસ્તિનાપુર ક્યાં દૂર હતું, ઉદ્ધવ સૂચના આપીને રાત સુધીમાં પાછો આવ્યો.

...અમારે પણ ક્યાં મુહૂર્ત જોવાનું હતું? બીજા દિવસે સવારમાં જ અમે હસ્તિનાપુર જઈ પહોંચ્યા. સીમામાં પ્રવેશ કરતાં જ અમારા આવવાની સૂચના રાજમહેલ સુધી તરત પહોંચી ગઈ. સ્વયં દુર્યોધન પોતાના કેટલાક ભાઈઓ સાથે અમારા સ્વાગત માટે આવી પહોંચ્યો. સાથે મામા શકુનિ પણ પધાર્યા જ હતા. એક વાત હતી કે આખું હસ્તિનાપુર શોકમાં ગરકાવ હોય તેમ સ્પષ્ટ લાગી રહ્યું હતું; પરંતુ દુર્યોધનના ચહેરા પર કોઈ દુ:ખ નજર આવી રહ્યું નહોતું. અને વળી હાથકંગનને આરસી શું? તેના કેટલાક વ્યવહારોએ જ અમારી શંકાને હકીકતમાં તબદીલ કરી દીધી કે ...હો ન હો, પાંડવ ષડયંત્રના શિકાર જ થયા છે. કારણ કે તે પૂર્ણ રાજકીય ઠાઠ સાથે જ મારું પરંપરાગત સ્વાગત કરવા આવ્યો હતો. હવે હું તો આવ્યો હતો હસ્તિનાપુરના દુ:ખમાં સહભાગી થવા માટે, પણ દુર્યોધને મારી મહેમાનગતિ એવા અંદાજમાં કરી હતી કે જાણે હું કોઈ સ્વાગત સમારોહમાં શામેલ થવા ન આવ્યો હોઉં. આ ઓછું હતું કે વળી સેવિકાઓએ મને તિલક લગાવ્યું અને આરતી ઉતારીને મારું અભિવાદન કરવા લાગી. એક તો હું આમ પણ ક્રોધમાં હતો, ઉપરથી આ બધું જોઈને મેં મારો કાબૂ સંપૂર્ણપણે ગુમાવી દીધો. મેં તરત

બધી સેવિકાઓને દૂર જવાનો નિર્દેશ કર્યો અને ગુસ્સામાં લાલઘૂમ થઈને દુર્યોધનને કહ્યું- એક બાજું તો મારું મન રોઈ રહ્યું છે, મારી ફુઈ અને પાંડવોને કાળાગ્નિ ગળી ગયો છે, અને બીજી બાજુ તમે મારું સ્વાગત એવી રીતે કરી રહ્યા છો કે જાણે એમનાં મૃત્યુનો ઉત્સવ મનાવાઈ રહ્યો હોય.

ચોક્કસપણે આ મારી દુર્યોધન સાથેની પ્રથમ મુલાકાત હતી. પરંતુ એને ઓળખવા માટે પર્યાપ્ત સિદ્ધ થઈ હતી. હશે, હમણાં તો આ બાજુ મારો આ વ્યવહાર જોઈને દુર્યોધન સંપૂર્ણ રીતે દિગ્મૂઢ થઈ ગયો. કદાચ એના માટે પણ મને ઓળખવા માટે આ પ્રથમ મુલાકાત પર્યાપ્ત સિદ્ધ થઈ હતી. ચોક્કસપણે તેના માટે પણ મારો આ વ્યવહાર સંપૂર્ણ રીતે અણધાર્યો હતો. છતાં પણ એટલો ચકરાઈ ગયો કે ચૂપ જ રહ્યો, બોલ્યો કંઈ નહીં. આ બાજુ બાબત વકરતી જોઈને મામા શકુનિએ કમાન સંભાળી. તે તરત બોલી ઊઠ્યા- વાત એમ છે વત્સ કે તમે દ્વારકાધીશ બન્યા પછી પહેલી વાર હસ્તિનાપુર પધાર્યા છો. એટલા માટે રાજકીય ધોરણે આ બધું કરવું જરૂરી હતું. અન્યથા લોકો એમ સમજત કે અમે બધા તમારા દ્વારકાધીશ બનવાથી બળીએ છીએ. આમ તો દુર્યોધનની ઈચ્છા આ બધું કરવાની નહોતી. તેનું મન તો કંઈ કરવા ઈચ્છતું નહોતું, પરંતુ રાજકીય મજબૂરીઓ આગળ તે લાચાર હતો. સાચું તો એ છે કે તે આ અકસ્માતથી એટલો દુ:ખી થઈ ગયો છે કે તેને કંઈ ગતાગમ પડવાની જ બંધ થઈ ગઈ છે.

આ બાજુ શકુનિના મુખથી નીકળેલો અકસ્માત શબ્દ મને એવો તો જડી ગયો કે તરત મેં અવાજ ઊંચો કરીને એકદમ આશ્ચર્ય સાથે કહ્યું- અકસ્માત કે ષડયંત્ર...? આ બાજુ ષડયંત્ર શબ્દ સાંભળતા જ બંનેના ચહેરા ઊતરી ગયા. ઊતર્યા કરે, મારે શું...? મેં મારો વાર ચાલુ રાખ્યો. તરત આગ ઓકતા કહ્યું- અને જ્યાં સુધી દુર્યોધનના દુ:ખનો સવાલ છે, તેનો અનુભવ તો મેં હસ્તિનાપુરમાં પગ મૂકતા જ કરી લીધો છે. મને તો અહીંની પ્રજા દુર્યોધન કરતાં વધારે દુ:ખી જણાય છે.

મારો વ્યંગ એટલો તીખો હતો કે બંને બરાબરના ચોંકી ગયા. મેં પણ આ વાતને અહીં જ છોડી દેવાનું યોગ્ય સમજ્યું કારણ કે હજી તો આગળ ઘણું બધું કરવાનું બાકી હતું. આથી હવે મેં વાત ટાળવાના ઉદ્દેશથી કહ્યું- સહુથી પહેલા હું ફુફાજી અર્થાત્ મહારાજા ધૃતરાષ્ટ્રને મળીને તેમના દુ:ખમાં સહભાગી થવા ઈચ્છું છું.

હવે આ કઈ મોટી ઈચ્છા હતી? તરત અમારો કાફલો રાજમહેલ તરફ ચાલી નીકળ્યો અને પળવારમાં મને મહારાજની સામે હાજર કરી દેવામાં આવ્યો. મહારાજા ધૃતરાષ્ટ્ર મારા આવવાની સૂચના મળતા જ સિંહાસનથી ઊભા થઈને ઊભા ઊભા બૂમો પાડવા લાગ્યા- આવો... દ્વારકાધીશ આવો. ...અને પછી સિસકારીઓ લેતા લેતા બોલ્યા- તું ઘણાં સંકટના સમયે પધાર્યો છે. અમે બધા એટલા દુ:ખી છીએ કે અમારા જ બાળકને દ્વારકાધીશ બનવા પર પણ મન તેને વધામણી આપવા તૈયાર નથી થઈ રહ્યું.

આ બાજુ મહારાણી ગાંધારી પણ પોક મૂકી મૂકીને રડી રહી હતી. મેં બંનેને આશ્વાસન આપતા કહ્યું- હું તમારા દુ:ખને સમજું છુ, અને આ દુ:ખોમાં સહભાગી થવા માટે જ તો આવ્યો છું.

...ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ખરેખર ઘણાં દુ:ખી લાગી રહ્યાં હતાં. સ્પષ્ટ હતું કે તેઓ આ ષડયંત્રથી સંપૂર્ણ રીતે અજાણ હતા. ખેર, થોડી વાર અહીંતહીંની વાતો કરીને મહારાજાએ મારી રોકાવાની વ્યવસ્થા બાબતે પૂછ્યું. મેં એકદમ નમ્રતા સાથે કહ્યું કે હું રાજમહેલને બદલે મારા મામા વિદુરજીને ત્યાં રોકાવા ઈચ્છું છું. સ્પષ્ટ હતું, દુર્યોધન અને શકુનિના હોવાને લીધે હું રાજમહેલમાં રોકાવાનું જોખમ લેવા ઈચ્છતો નહોતો. એવું બની શકે કે રાતે સૂતા સૂતા જ હું પણ ભસ્મ થઈ ગયો. આથી, બસ, અમારી આ મુલાકાત અહીં જ પૂરી થઈ અને હું તેમજ ઉદ્ધવ સીધા વિદુરજીને ત્યાં જઈ પહોંચ્યા. તેઓ તો અમને પોતાને ત્યાં મહેમાન બનીને આવેલા જોઈને ધન્ય જ થઈ ગયા. આમ પણ વિદુરજી મારા સંબંધી હતા જ. હવે જે હોય તે, તેઓ ખરેખર એકદમ સરળ અને પ્રેમી વ્યક્તિ લાગી રહ્યા હતા.

આમ તો ભીમ મને બતાવી પણ ચૂક્યો હતો કે વિદુરજી તેમના પરમ હિતેચ્છુ છે. સાથે જ તેણે એ પણ કહ્યું હતું કે એટલા જ માટે દુર્યોધન અને શકુનિ તેમને મહામંત્રીના હોદ્દા પરથી દૂર કરવાની ફિરાકમાં લાગેલા રહે છે. આ પણ એક કારણ હતું કે હું તેમને ત્યાં મહેમાન થયો હતો. કદાચ તેમને ભડકાવીને રાજમહેલના કેટલાક રહસ્યો બહાર કઢાવી શકું. વાસ્તવમાં હું કોઈપણ પરિસ્થિતિમાં આ ષડયંત્રના મૂળ સુધી પહોંચવા ઈચ્છતો હતો. અને એકમાત્ર આ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને હું હસ્તિનાપુર આવી ચઢ્યો હતો, નહિતર જ્યારે પાંડવો જ નથી રહ્યા તો હસ્તિનાપુરમાં કરવાનું શું હતું?

હવે હસ્તિનાપુરમાં બીજું કંઇ કરવાનું હતું કે નહોતું કરવાનું, પણ જ્યારે આવી જ ચઢ્યો છું તો હસ્તિનાપુર બાબતે પણ થોડું ઘણું બતાવી દઉં. ...હસ્તિનાપુર દ્વારકાથી દસગણું મોટું રાજ્ય હતું. એક રીતે હસ્તિનાપુર પોતે આર્યાવર્તની એક મોટી શક્તિ હતી. અને આજ મારી ચિંતાનો મુખ્ય વિષય હતો. ત્યાંજ સાચું કહું તો આજ ચિંતા મને અહીં ખેંચી પણ લાવી હતી. કારણ કે પાંડવોને હંમેશાં માટે રસ્તામાંથી હટાવ્યા બાદ દુર્યોધનની વધતી મહત્ત્વાકાંક્ષા, કારણ વિના નાના-મોટા રાજ્યો પર આક્રમણ કરી શકતી હતી. આથી આર્યાવર્તમાં નકામી હિંસા રોકવા માટે દુર્યોધન પર પાંડવોને મારવાના ષડયંત્રનું એક કલંક લગાવવાનું જરૂરી હતું, જેથી તે રાજમહેલ અને પ્રજા, બંનેની નજરોમાંથી પડી જાય; અને અંતે તે આ કારણે, હસ્તિનાપુરમાં જ એવો અટવાઈ જાય કે અન્ય રાજ્યો પર આક્રમણ કરવાનું કદી વિચારી પણ ન શકે. ...જેવું કે તમે જાણો છો કે મને બે સેનાઓ વચ્ચેના યુદ્ધથી સખત નફરત હતી. કારણ કે એમાં નકામી જાનમાલની ઘણી હાનિ થાય છે. સાથે જ તેનું જીવનસ્તર અને અર્થવ્યવસ્થા, બંને પર ઘણી ખરાબ અસર પડે છે. પાંડવ તો જવાના હતા, તો ચાલ્યા ગયા. પરંતુ તેનાથી મારા કર્તવ્ય પૂરા થઈ ગયા નહોતા. જ્યારે અહીં સુધી આવી જ ગયો છું, તો આટલા મોટા વિસ્તારમાં શાંતિ અને સદ્ભાવના બનાવી રાખવાને પણ હું મારું કર્તવ્ય સમજતો જ હતો.

ખેર! બીજા દિવસે વહેલી સવારે અમે દિનચર્યા પતાવીને ભીષ્મ પિતામહને મળવા ગયા. વિદુરજી અમારી સાથે જ હતા. પિતામહ ખરેખર ઘણાં દુ:ખી લાગી રહ્યા હતા. મેં તેમના ચરણસ્પર્શ કરીને કહ્યું- માફ કરજો! મને આવવામાં થોડું મોડું થયું.

પિતામહ ખૂબ દુ:ખી થતાં બોલ્યા- ખરેખર! તે ઘણી વાર કરી, કનૈયા...

મેં કહ્યું- તમે અહીં હાજર હોવા છતાં આ બધું થઈ ગયું, તો મારું રહેવું ન રહેવું બધું બરાબર હતું.

મારી આ જ વિશેષતા હતી. હું ન તો કટાક્ષ કરવાનો અને ન તો માનસિક પ્રહાર કરીને મનુષ્યને અપરાધ-બોધ કરાવવાનો એક પણ મોકો ક્યારેય ચૂકતો હતો. આનાથી જ તો સામેવાળાને પોતાના અપરાધી હોવાનો ખયાલ આવે છે, અને તેને લીધે જ તેના અપરાધ પર થોડી લગામ પણ લગાવી શકાય છે. કારણ કે આ સર્વવિદિત સત્ય છે કે અપરાધ કરવા તો સહુ કોઈ ઈચ્છે છે, પણ બીજાની નજરોમાં અપરાધી સાબિત થવા કોઈ નથી ઈચ્છતું. અને એવું જ આ સમયે પિતામહ સાથે સિદ્ધ પણ થયું; મારા એક વ્યંગમાત્રથી તેઓ બરાબરના હચમચી ગયા, અંતે મેં તેમને પણ દોષમાં સહભાગી ગણી જ લીધા હતા. ખરેખર, મારા એક પ્રહારે તેમની એવી હાલત કરી દીધી હતી કે બિચારા થોડી વારના મૌન બાદ, એકદમ આર્દ્ર સ્વરે બોલ્યા- એવું નથી. હું તો હવે એ દાંત વગરના વૃદ્ધ સિંહની જેવો છું, જેની ગર્જના પણ હવે અર્થ વગરની થઈ ગઈ છે. ...પછી અચાનક તેમને શું થયું કે તેઓ જલ્દીથી સફાઈ પર ઊતરી આવ્યા, અને બોલ્યા- મેં પાંડવોના વારણાવત જવાનો વિરોધ એટલે નહોતો કર્યો કે મને તેનાથી કૌરવો અને પાંડવોના ઝઘડાનું સ્થાયી સમાધાન નીકળવાના ચિહ્નો દેખાઈ રહ્યા હતા.

મારું શું હતું...? હું ક્યાં તેમની ઉંમરનું માન રાખનારાઓમાંથી એક હતો, કે એમની હાલત પર દયા પણ ખાવાનો હતો. મેં ફરી એક વ્યંગ કરી નાખ્યો- અને પાંડવોના મૃત્યુથી ઝઘડાનું સ્થાયી

સમાધાન નીકળી પણ આવ્યું.

...વ્યંગ તો આ પણ બરાબરનો કસીને કર્યો હતો. વર્તમાન વ્યંગ એમને બરાબર રીતે સમજાઈ પણ ગયો હતો. બસ, તેઓ આ વખતે એકદમ વ્યાકુળ થઈને બોલ્યા- પણ એમના ભસ્મ થઈ જવા પર અમે લોકો શું કરી શકવાના હતા? આ તો નિયતિનો ખેલ હતો.

મેં કહ્યું- જો નિયતિનો ખેલ હોત, તો હું ક્યારેય આટલો દુ:ખી ન હોત. કુદરતની ઈચ્છાને મેં હંમેશાં સ્વીકારી છે. પરંતુ આ દુર્યોધન અને શકુનિ દ્વારા રચાયેલું ષડયંત્ર હતું. તેમનો રાજમહેલ, રાજમહેલ નહીં, એક લાક્ષાગૃહ હતો. લાખથી બનાવાયો હતો. ...જેને ભસ્મ કરવા માટે એક નાનકડી ચિનગારી પણ પૂરતી હતી.

એવું...! સાંભળતા જ પિતામહ સ્તબ્ધ થઈ ગયા. એમનું મોં ખુલ્યું તો ખુલ્લું જ રહી ગયું. પોતાની પર આટલું મોટું આક્રમણ થતું જોઈને તેઓ બરાબરના ચોંકી ગયા અને પછી સફાઈ આપવા પર ઊતરી આવ્યા. હવે લગભગ હાથ જોડીને બોલ્યા- કનૈયા! આખું હસ્તિનાપુર જાણે છે કે મને પાંડવો અને કૌરવો બંને એકસરખા પ્રિય હતા, પરંતુ કદાચ મારી દુર્બળતા અને વિવશતાને લીધે આ બધું થઈ ગયું.

હું ખુશ થયો! ચાલો કંઇ તો સ્વીકાર્યું. જોકે મને આટલા-માત્રથી સંતોષ નહોતો. હું એમને છોડવાના પક્ષમાં હજી પણ નહોતો. હું બીજો એક પ્રહાર કરીને તેમની સમજ સારી રીતે જગાડવા ઈચ્છતો હતો. જોકે ઉંમરનું માન રાખીને મેં વિનમ્રતા જાળવી રાખી, પરંતુ હા... વાત સીધી રીતે આરોપ લગાવતા જ કહી. મેં કહ્યું- પિતામહ! નાનું મોં અને મોટી વાત. માફ કરજો, પરંતુ મહત્ત્વ ભાવનાઓનું નહીં, પરિણામનું હોય છે. અને પરિણામ આપણી આંખો સામે છે. આથી મારી દ્રષ્ટિમાં, તમે અને મહારાજા ધૃતરાષ્ટ્ર પણ દુર્યોધન અને શકુનિની સાથેસાથે આ ષડયંત્રમાં બરાબરના ભાગીદાર છો. ...મારો સીધો આરોપ સાંભળીને તેમનો ચહેરો જે ઊતર્યો તો ઉતરતો જ ગયો. પછી પિતામહ કંઇ કહી ન શક્યા. આ બાજુ મને પણ તેમની ઉંમર પર દયા આવી જ ગઈ. આમ પણ આજ માટે આટલું પૂરતું હતું. આથી, તેમની સાથેની મારી પ્રથમ મુલાકાત અહીં જ પૂરી કરીને હું ઊભો થયો. જોકે જતાં જતાં પણ એક સલાહ આપવાની ચૂક્યો નહીં. મેં એક પ્યારી ચૂંટણી ખણતા કહી જ દીધું કે કમસેકમ હવે તમે દુર્યોધન અને શકુનિ પર પોતાની લગામ કસી રાખજો. તેનાથી બીજું કંઇ નહીં તો ભવિષ્યના અનર્થોથી તો બચી શકાશે.

આટલું કહીને મેં તેમની રજા લીધી. અને તેની સાથે જ હું અને ઉદ્ધવ, વિદુરજી સાથે પાછા તેમના ઘરે જવા નીકળી પડ્યા. ચોક્કસપણે મારી બાજુમાં બેઠેલા વિદુરજી, પિતામહ અને મહારાજ સાથે સીધેસીધી વાત કરવામાં આવતા ઘણાં ખુશ જણાતા હતા. પરંતુ દુર્ભાગ્યથી, આ બાજુ મારો ક્રોધ પિતામહ પર નીકળ્યા બાદ પણ તૃપ્ત નહોતો થયો. કારણ કે મારી દ્રષ્ટિમાં અસફળતાનું કારણ ભલે ગમે તે આપવામાં આવે, અસફળતા સ્વયં એક મહાપાપ છે જેની સજા કોઈપણ સ્થિતિમાં ભોગવવી જ પડે છે. તમે બધા જાણો જ છો કે મને અસફળતાથી કેટલી નફરત હતી, અને એ જ કારણ હતું કે હું જીવનમાં ક્યારેય અસફળ નથી રહ્યો. મારા મજબૂત ઈરાદાઓને લીધે હંમેશાં સફળતાએ મારા કદમ ચૂમ્યા. અને કારણ કે મેં વિજયને કોઈપણ સ્થિતિમાં મારું ભાગ્ય બનાવ્યું હતું, કદાચ એટલા માટે 'જય-શ્રીકૃષ્ણ' કહેવામાં આવે છે.

...મારું સ્પષ્ટ માનવું હતું કે ભૂલ જાણીજોઈને કરી હોય કે અજાણતા થઈ હોય, તેનાં દુષ્પરિણામ તો ભોગવવા જ પડે છે. અને કેમકે વિદુરજીનાં મહામંત્રી હોવા છતાં આ બધું થઈ ગયું હતું, તેથી તેઓ ફક્ત સારી ભાવનાઓનાં જોરે પોતાની જવાબદારીથી નથી બચી શકતા. કહેવાનું તાત્પર્ય એ કે ક્રોધિત તો હતો જ, તેથી તેમનો પણ વારો કાઢી જ દીધો. ઘરે પહોંચીને, મેં એકાંત મળતાં જ તેમને ઝડપી લઈને ખૂબ જ કડક ભાષામાં કહ્યું- મહામંત્રી હોવા છતાં કૌરવોનાં ષડ્યંત્રની ગંધ સુદ્ધાં

તમને ન આવી, આથી મારી દ્રષ્ટિમાં આ દુર્ઘટના માટે તમે પણ સરખે ભાગે જવાબદાર છો. મહારાજ તો જાણે આંખોથી પહેલાં જ અંધ છે, અને હવે પુત્ર-પ્રેમે તેમને અક્કલથી પણ આંધળા કરી મૂક્યા છે. પરંતુ, તમને શું થઈ ગયું? પાંડવોએ હંમેશાં તમારા જ્ઞાન, અનુભવ અને વિવેક ઉપર સંપૂર્ણ ભરોસો મૂક્યો હતો. તમે જ જણાવો કે આવા જ્ઞાન, અનુભવ અને વિવેકનો શો અર્થ, જે મારી ફૂઈ અને તેમનાં દીકરાઓને જ ન બચાવી શકે?

જોકે આ તરફ ઉદ્ધવને મારું આ રીતે વિદુરજીને સંભળાવવું ન ગમ્યું. પણ હું વિદુરજીને પણ સમકક્ષ રીતે ગુનેગાર માની જ રહ્યો હતો. એ તરફ મારી સીધી સટ વાત સાંભળીને વિદુરજી માત્ર આટલું બોલ્યા- હું ત્યારે પણ વિવશ હતો, હાલ પણ વિવશ છું. તેમની આ વાહિયાત દલીલ સાંભળીને મારું તો માથું જ ભમી ગયું. તેનાથી તો હું હજી વધારે ગુસ્સે ભરાયો. આ વખતે મેં લગભગ નારાજ થતાં કહ્યું- આજ તો હસ્તિનાપુરની ખૂબી છે. ત્યાં પિતામહ લાચાર છે, અહીં તમે વિવશ છો; અને ત્યાં મહારાજ આંધળા છે. એટલે જ તો અહીં બેઈમાન અને મહત્ત્વાકાંક્ષી દુર્યોધન અને શકુનિ પોતાનાં મનનું ધાર્યું કરી શકે છે. તમને ખબર હોવી જોઈએ કે હસ્તિનાપુર કોઈ નાનું રાજ્ય નથી. અહીંની પ્રજાને સુખી રાખવી અને તેને પ્રગતિનાં પંથે લગાવવી, એ આપ સહુની સામૂહિક જવાબદારી છે. જો તમને લોકોને પોતાનાં કર્તવ્યોનું ભાન થઈ રહ્યું હોય, તો બીજું કંઇ નહીં તો ઓછામાં ઓછું હવે તો "દુર્યોધન-શકુનિ'' પર લગામ કસો.

...આમ તો આજ માટે આટલું પૂરતું હતું. વાસ્તવમાં આ બધી નાટકબાજી પાછળ મારો એક જ ઉદ્દેશ હતો કે હું હસ્તિનાપુરની પ્રજાને ઉપદ્રવી સાંઢ 'દુર્યોધન-શકુનિ-દુ:શાસન'ની ત્રિપુટીથી બચાવવા માંગતો હતો. અને એટલા માટે જ આ ત્રિપુટી વિરુદ્ધ પિતામહ, વિદુરજી અને મહારાજની ત્રિપુટીને ભડકાવી રહ્યો હતો. કારણ કે મનુષ્ય ક્યાંય પણ અને કોઈપણ રાજ્યનો હોય, તેને બચાવવાને હું મારું પરમ કર્તવ્ય માનતો હતો. પાંડવ તો ચાલ્યા ગયા, પણ જે બચી ગયા, તેમનું શું? બસ, આજ ઉદ્દેશની પ્રાપ્તિ માટે હું અહીં હસ્તિનાપુરમાં તંબૂ તાણીને બેઠો હતો, જેથી દુર્યોધનની વિરુદ્ધમાં યોગ્ય વાતાવરણ બનાવીને તેના પર લગામ લગાવી શકું. હવે આ બધું તો આવ્યો ત્યારથી કરી જ રહ્યો હતો, એથી બીજી એક વાત બતાવું તો અહીં હસ્તિનાપુરમાં માતા અને પિતાજીના ઘણાં સંબંધી અને હિતેચ્છુ હતા. સામાન્ય પ્રજા પણ મને હસ્તિનાપુરનો પુત્ર જ માનતી હતી. અને વળી મારા પરાક્રમો જેવા કે કંસ, પંચજન, શૃંગલવ અને કાલયવન વધની ચર્ચા તો આર્યાવર્તના ઘર ઘર સુધી પહોંચી ગઈ હતી. પરિણામસ્વરૂપ વિદુરજીને ત્યાં મને મળવા આવવાવાળાઓની લાંબી કતાર લાગી જ રહેતી હતી. આ બાજુ મને, કૂટનીતિબાજને આ વાતનો ફાયદો ઉઠાવવાનું સૂઝ્યું. હવે અહીંની પ્રજા તો આમ પણ પાંડવોને બહુ પ્રેમ કરતી હતી, બસ, મેં ધીમેધીમે સામાન્ય પ્રજા સાથે પણ ષડયંત્રની ચર્ચાઓ કરવાની શરૂ કરી દીધી. વાત એક કાનથી બીજા કાન સુધી જઈને આખા હસ્તિનાપુરમાં પ્રસરી ગઈ. અને એનાથી, જેવું કે અપેક્ષિત હતું, સામાન્ય પ્રજામાં અસંતોષ ભડકી ઊઠ્યો. પંદર દિવસોમાં જ વાતાવરણ રાજમહેલની વિરુદ્ધ થઈ ગયું. અને કહેવાની જરૂરત નથી કે એનાથી રાજમહેલમાં ભૂકંપ આવીગયો.

...હવે એકવાર ભૂકંપ આવ્યો તો તેની પ્રતિક્રિયા પણ થઈ. તે તો થવાની જ હતી. રાજમહેલ બરાબરનો હચમચી ગયો. હવે હું કોઈ બીડું ઉઠાવું અને અસફળ થઈ જાઉં, આ તો થઈ જ શકતું નહોતું. અને વળી રાજમહેલની પળે પળની ખબર તો મને વિદુરજી મારફત તત્ક્ષણ પહોંચ્યા કરતી હતી. આખરે તેઓ મહામંત્રી હતા, આથી સ્વાભાવિક રીતે રાજમહેલની તમામ ચર્ચાઓ તેમની સામે જ થતી હતી. અને એકવાર તેમને કામે લગાવી શું દીધા હતા, ખબર મારા સુધી આપમેળે જ પહોંચવા લાગી હતી. હવે મુજ કલાકારે તો આ તમામ વાતોનો ભરપૂર ફાયદો ઉઠાવવાનો જ હતો. ...કાલે જ વિદુરજીએ વાતવાતમાં બતાવ્યું હતું કે તમારા રોકાવાથી અને પ્રજાને ભડકાવવાથી રાજમહેલમાં અકળામણ ખાસ્સી વધી ગઈ છે. પિતામહે કાલે જ દુર્યોધન અને શકુનિને બોલાવીને ધમકાવ્યા હતા.

એટલું જ નહીં, તેમની સાથે ષડયંત્ર બાબતે પણ પૂછપરછ કરી રહ્યા હતા. ગભરાયેલા શકુનિ અને દુર્યોધન ચોક્કસ સફાઈ આપતા રહ્યા, ષડયંત્રની ચર્ચાઓને અફવા બતાવતા રહ્યા, પરંતુ પિતામહ તેમનાથી સંતુષ્ટ નથી થયા. તેમણે તો દુર્યોધનને ત્યાં સુધી કહી દીધું કે જો પ્રજામાં આજ રીતે અસંતોષ ભડકતો રહ્યો તો તારું યુવરાજ બન્યા રહેવાનું સરળ નહીં રહે. અને જો આ બાબત પર પણ મહારાજે જિદ્ કરીને તારો જ સાથ આપ્યો, તો બની શકે કે અમે અમારું શાસન જ ગુમાવી બેસીએ.

...પછી એક ક્ષણના મૌન બાદ વિદુરજીએ આગળ બતાવતા કહ્યું કે- આ બધું તો ઠીક, પણ અસલી વાત તો અહીંથી જ શરૂ થઈ હતી. ...પિતામહની આવી કટુ વાતો સાંભળીને દુર્યોધને પોતાનો કાબૂ ગુમાવી દીધો હતો. જોકે એ પહેલા કે તે પિતામહની શાનમાં કોઈ ભૂલ કરી બેસતો, શકુનિ કોઈ રીતે તેને બહાર કાઢી જરૂર લાવ્યો હતો, પણ સંપૂર્ણ રીતે શાંત કરી શક્યો નહોતો. ફળસ્વરૂપે બહાર નીકળતા જ દુર્યોધન ગણગણ્યો પણ કે- આ બધું બીજું કંઇ નહીં, કૃષ્ણના કારસ્તાન છે. તેને હસ્તિનાપુરથી ભગાડી દેવો જોઈએ.

અને આ સાંભળતા જ શકુનિ તરત ગભરાઈને બોલ્યો હતો કે- નહીં, ભાણિયા નહીં, સૌ પ્રથમ તો આપણે દ્વારકાધીશને હસ્તિનાપુરથી દૂર જવાનું કહી જ શકતા નથી, કારણ કે તે રાજકીય અભદ્રતા કહેવાશે. અને જો આપણે કહ્યું પણ, તો તેનાથી તો ઊલટું, આખા હસ્તિનાપુરને કૃષ્ણ સાથે સહાનુભૂતિ થઈ જશે.

...પણ પાગલ દુર્યોધન ક્યારેય સમજ્યો હતો કે હવે સમજવાનો હતો? તે ક્રોધમાં લાલચોળ થઈને બોલ્યો- તો પછી તે દુષ્ટને રાજદ્રોહના આરોપમાં બંદી બનાવી લઈએ.

શકુનિ બોલ્યો- અરે ભાણિયા! આજ તો કૃષ્ણ ઈચ્છે છે કે તું કોઈ ગાંડપણ કરે અને એ તારી સત્તા પલટી દે.

દુર્યોધન બોલ્યો- તો શું આપણે ચૂપ રહીએ?

શકુનિ એકદમ લાચારી સાથે બોલ્યો- શું કરું! કૃષ્ણ એવી મુસીબત છે, જે આવે પણ પોતાની મરજીથી છે ...અને જાય પણ પોતાની મરજીથી.

...હું ખુશ થયો. ચાલો, બેઠા બેઠા બંનેને પરેશાન અને હતાશ તો કરી દીધા. અને વળી શકુનિ જેવા ચાલાકે મારી પ્રશંસા કરી, આ શું ઓછા ગર્વની વાત હતી? આ બાજુ વિદુરજીએ આગળ બતાવ્યું કે આ બંને તો ઠીક, પણ પિતામહ અને મહારાજ કંઈક વધારે જ પરેશાન છે. કારણ કે બંને તમારી સાંભળ્યા બાદ પોતાને અપરાધી માનવા લાગ્યા છે. પરિણામસ્વરૂપ, બંને મનોમન તો તે દિવસથી જ વિચલિત છે, અને ઉપરથી આ પ્રજાનો અસંતોષ અને તમારા દ્વારા લગાવવામાં આવેલો રાજમહેલ પર ષડયંત્રનો આરોપ. બસ, આમ સરવાળે આ ઉંમરમાં કલંકિત થવાનો ભય એ બંનેને રાતદિવસ સતાવી રહ્યો છે. ...આ તો વધારે ખુશીની વાત હતી. તેનાથી કમસેકમ ત્રિપુટી પર લગામ લગાવવાની સંભાવના હજી વધારે વધી ગઈ હતી. આ બધું સાંભળીને મને આ વાતનો સંતોષ થયો કે ચાલો, હસ્તિનાપુરની પ્રજા પ્રત્યે હું મારું પ્રથમ કર્તવ્ય તો નિભાવી શક્યો.

આ બાજુ જ્યારે વિદુરજીએ આટલું બધું કહ્યું હતું, તો હું શા માટે કોઈ બાબતે તેમની સામે પડદો કરવા લાગું? મેં પણ આ સમગ્ર વિષય પર તેમની સામે મારો મત ખુલ્લો કરીને વહેંચ્યો. મેં તેમને એકદમ દ્રઢતાપૂર્વક કહ્યું કે વાસ્તવમાં પિતામહ અને મહારાજે કલંકિત હોવું જ જોઈએ. તેમને માટે સહાનુભૂતિની કોઈ જરૂરિયાત નથી. કારણ કે પિતામહ અને મહારાજ બંને અપરાધી છે જ. મારી દ્રષ્ટિમાં દુર્યોધન એટલો મોટો અપરાધી નથી જેટલા શકુનિ, મહારાજ અને પિતામહ છે. કારણ કે શકુનિ દુર્યોધનને જુલમ કરવા માટે કાન ભંભેરે છે, મહારાજ તેની સામે આંખ આડા કાન કરે છે અને ભીષ્મ બધું જાણીને પણ ચૂપ રહે છે. ...જોકે વિદુરજીએ મારી વાત પર કોઈ પ્રતિક્રિયા ન આપી, તેઓ ચૂપ જ રહ્યા. આમ પણ બિચારા શું કહેતા? તેમને પણ તો સંભળાવી જ ચૂક્યો હતો. વિચારી રહ્યા હશે, ક્યાંક

કંઇ ઉલટસુલટ મોંમાંથી નીકળી ગયું તો પાછો પિંજરામાં ઊભો ન કરી દેવામાં આવું.

ચાલો આની સાથે જ આ વાત તો આવી, ગઈ અને થઈ ગઈ. આ બાજુ બીજી એક અંદરની વાત જણાવું તો મને મનુષ્યનું મન વાંચવાનો વિશેષ શોખ હતો. કોઈ કંઇ બોલ્યું તો કેમ બોલ્યું? ચૂપ રહ્યું તો કેમ રહ્યું? કારણ કે જે મનુષ્યનું મન તમે વાંચી લીધું, તે તમારો ગુલામ બની ગયો. પછી તેના પર પ્રહાર કરીને તેની પાસેથી મનપસંદ કામ સહેલાઈથી કઢાવી શકાય છે. અને મેં તો કેટલા મોટા-મોટા કામ કર્યા છે, અને કેટલા મોટા-મોટા કાર્ય હજી પણ કરવાના છે. આ બધું હું નાનકડો જીવ એકલો થોડો જ કરી શકું છું? ગુલામોની મને દરેક પળે જરૂર પડે છે. આથી મને જ્યારે તક મળે, હું લોકોના મન સાથે રમતો જ રહેતો હતો. અને સાચું કહું તો આ સમયે પિતામહ-મહારાજ કે દુર્યોધન-શકુનિ જ નહીં, આખા હસ્તિનાપુરના માનસ સાથે રમી જ તો રહ્યો હતો.

ખેર! એક દિવસ આમ જ હું અને ઉદ્ધવ, વિદુરજીના ઘરની બહાર ફળિયામાં બેઠા હતા. સાંજનો સમય હતો. વિદુરજી પણ પાછા આવી ગયા હતા. આવામાં વાતચીતનો વિષય તો રાજમહેલ સિવાય બીજો કોઈ હોઈ જ શકતો નહોતો. બહુ થતું તો પાંડવોને યાદ કરી લેતા હતા. આમ લગભગ આ રોજનો નિત્યક્રમ હતો. પરંતુ તે દિવસે અમારા બધાના પરમ આશ્ચર્ય વચ્ચે સાત્યકિ આવી પહોંચ્યો. તેના આવવાથી વધારે આશ્ચર્ય એ વાતનું હતું કે તેના ચહેરાનો રંગ ઊતરી ગયેલો હતો. તે ઘણો થાકેલો પણ લાગી રહ્યો હતો. હવે થાક તો કદાચ યાત્રાનો જ રહ્યો હશે. ...પરંતુ ઉદાસીનું શું? ચોક્કસપણે કોઈ ખરાબ ખબર હોવી જોઈએ. જીવનમાં સહુથી મહત્ત્વપૂર્ણ 'સમય' જ છે. આપણું જીવન પણ સમયને જ આધીન છે. એટલું જ નહીં, આપણી મનોદશા મુજબ, સમયમાં સતત ઉતાર-ચઢાવ અને જીવનમાં સુખદુ:ખ આવતા જ રહે છે. સમયનું ચક્ર ફરતું જ રહે છે. અને કારણ કે હાલ ખરાબ સમાચારોનો સમય હતો, કદાચ એટલા માટે પાંડવોના મૃત્યુના દુ:ખથી હજી બહાર આવ્યો પણ નહોતો કે બીજા એક ખરાબ ખબરે ટકોરા મારી દીધા હતા. ...પણ આ ખરાબ ખબર શું હોઈ શકતી હતી, એ વાતનો અંદાજો લગાવવાની ક્ષમતા આ સમયે મારામાં નહોતી. ના તો હું કોઈ ઉખાણું ઉકેલવાની કોશિશ પણ કરી રહ્યો હતો. આ બાજુ સાત્યકિ પણ કંઇ નહોતો કહી રહ્યો. ચૂપ જ હતો. હા, વચ્ચે વચ્ચે તે મને જોઈ જરૂર રહ્યો હતો. ...કદાચ ખરાબ ખબર સાંભળવાની મારી ક્ષમતાનું વિશ્લેષણ કરી રહ્યો હતો. ત્યારે અચાનક શું થયું કે તે પોક મૂકીને રોઈ પડ્યો. એનો અર્થ તો એ કે ખબર મારી કલ્પના કરતાં પણ વધારે ભયાનક હોવી જોઈએ. આ બાજુ સાત્યકિનું રોવાનું જોઈને અત્યાર સુધી ચૂપ બેઠેલા ઉદ્ધવના ચહેરા પર ચિંતાના હજારો વાદળો છવાઈ ગયા. વિદુરજી પણ ગભરાઈ ગયા.

...સાચું કહું તો સાત્યકિનું આ સ્વરૂપ જોઈને આ વખતે હું પણ દિગ્મૂઢ થઈ ગયો. મને ઊંડી ચિંતાએ જકડી લીધો. એવી ભયાનક ખબર શું હશે કે જેણે સાત્યકિ જેવા વીરને હચમચાવીને રાખી દીધો. હવે તો ખબર જલ્દીથી જલ્દી સાંભળવી જરૂરી થઈ ગઈ હતી. ...પણ સાત્યકિ હજી પણ કંઇ કહી શકતો નહોતો. મારી ધડકનો તેજ થતી જઈ રહી હતી. મારું કલેજું ફાટતું જઈ રહ્યું હતું. ખબરની ભયાનકતા, ખબરની હકીકતથી વધારે ખતરનાક હોય છે. અને આ સમયે સાત્યકિની ચૂપકીદી, ખબરની ભયાનકતા વધારી રહી હતી. મારી તો 'જાન' જ નીકળી રહી હતી. કારણ કે હોય ન હોય, ખરાબ ખબર મારી 'જાન'ને લઈને જ હોવી જોઈએ. ...એક એ જ મુસીબતમાં હતી અને મારી આ યાત્રાથી પણ એકમાત્ર એ જ દુ:ખી હતી. હવે ખબર એ હોય કે બીજી, પણ ખરાબ ખબરનો નિયમ તો આજ છે કે જેટલી જલ્દી સાંભળી લેવામાં આવે, દુ:ખ એટલું ઓછું થાય છે. તો હું સાંભળવામાં ક્યાં કતરાઈ રહ્યો હતો? પરંતુ શું કરું, સાત્યકિ કંઇ કહેવાની સ્થિતિમાં જ આવી રહ્યો નહોતો. અંતે કેટલાય આશ્વાસનો અને કેટલીય હિંમત આપ્યા બાદ તેણે પોતાનું મોં ખોલ્યું, પણ બોલ્યો હિબકાં લેતા જ- કૃષ્ણ! તારા નીકળ્યાને ચોથા દિવસે જ રુક્મિણીને પુત્ર-રત્નની પ્રાપ્તિ થઈ [20] . એ એટલો સુંદર હતો, જાણે તારું બાળપણ જ પાછું આવ્યું હોય. રુક્મિણી તો પુત્ર પામીને વિશ્વના સર્વોચ્ચ શિખર પર બિરાજમાન

થઈ ગઈ હતી. એણે તો એનું નામકરણ પણ કરી દીધું હતું. અમે બધા તેને 'પ્રદ્યુમ્ન'ના નામથી બોલાવવા લાગ્યા હતા. આખી દ્વારકામાં પ્રસન્નતાની લહેર ફરી વળી હતી. દ્વારકાધીશને ત્યાં પુત્રરત્નની પ્રાપ્તિ થઈ, એનાથી મોટી ખુશખબરી દ્વારકાવાસીઓ માટે બીજી શી હોઈ શકતી હતી? આખી દ્વારકા ઉત્સવમાં મગ્ન થઈ ગઈ હતી.

...હું એનો એક એક શબ્દ ધ્યાનથી સાંભળી રહ્યો હતો. તેને અમે મારી અને ઉદ્ધવની વચ્ચે જ બેસાડ્યો પણ હતો. પરંતુ સમસ્યા આ હતી કે કોણ જાણે શું થયું કે આટલું કહેતા કહેતા તે ચૂપ થઈ ગયો. આ તો ઠીક, પણ અચાનક તેનું ગળું ભરાઈ આવ્યું, પછી એ રડવા જેવો પણ થઈ ગયો. અને પછી આગળ કંઈ ન કહી શક્યો. આ બધો તમાશો જોઈને મારી સમજણ પર પણ તાળા લાગી ગયા. મને એટલો સુંદર પુત્ર પ્રાપ્ત થયો છે. દ્વારકાને પોતાનો 'યુવરાજ' મળ્યો છે, તો પછી... સાત્યકિ આટલો હતાશ કેમ છે? ક્યાંક રુક્મિણી...! નહીં... આ તો બની જ ન શકે. જો તે 'જાન'ને કંઈક થયું, તો આ 'જાન'નું શું થશે? હજી તો પૂરી ખબર સાંભળી પણ નહોતી અને હું ખુદ હતાશાના ઊંડા સાગરમાં ગરકાવ થઈ ગયો હતો. મારું શરીર, મારું મન સંપૂર્ણ રીતે બેજાન થઈ ગયું હતું. અને સાત્યકિ હતો કે કંઈ કહી જ શકતો નહોતો. અત્યાર સુધી તો એ પણ સ્પષ્ટ થઈ ગયું હતું કે ખરાબ ખબર રુક્મિણી અથવા પ્રદ્યુમ્નને લઈને જ હોવી જઈએ. એક... અથવા તો બંને.

અજબ દ્રશ્ય થઈ ગયું હતું. અમે ચારે જણા હવે તો વર્તુળ બનાવીને જ બેસી ગયા હતા. સાત્યકિ કંઈ કહી શકતો નહોતો અને અમને ત્રણેને કોઈ ગતાગમ નહોતી પડી રહી. ઉદ્ધવ તો હવે મર્યો કે હમણાં મર્યો તેવો થઈ ગયો હતો. વિદુરજી પણ હતાશાની ખીણમાં ગરકાવ હતા. મારી હાલત પણ અલગ નહોતી, પણ પહેલા હું એકવાર ખબર સાંભળી લેવા ઈચ્છતો હતો. અમે તેના પ્રયત્નરૂપે અમે સાત્યકિને પાણી પર પાણી પીવરાવી રહ્યા હતા. ...દારુક બિચારો પણ બેહોશ જ વર્તાઈ રહ્યો હતો. હશે, પણ હમણાં ચિંતાનો વિષય સાત્યકિ હતો, એ મો ખોલે ત્યારે કંઈ સમજમાં આવે. તેને હજારો આશ્ર્વાસનો પણ આપ્યા. એમ સામાન્ય થવાનું નાટક પણ કર્યું. ...છેક ત્યારે એણે ફરી બોલવાનું શરૂ કર્યું- કદાચ રુક્મિણીની આ ખુશી કુદરતને ગમી નહીં. કોઈએ સાતમા દિવસે જ દ્વારકાના ચિરાગનું અપહરણ કરી લીધું. સમસ્ત દ્વારકા શોકમાં ડૂબી ગઈ. રુક્મિણીની તો રોઈ રોઈને હાલત ખરાબ થઈ ગઈ; એ લગભગ પાગલ જ થઈ ગઈ. આ બાજુ ત્રણ દિવસોના અથાક પ્રયત્નો પછી પણ અમે 'અપહરણકર્તા'ના વિષયમાં કોઈ ખબર મેળવી નથી શક્યા. દ્વારકા, રુક્મિણી અને પ્રદ્યુમ્નને તમારી સખત જરૂર છે. આથી આ ભયાનક સમાચાર આપવા માટે અને તમને સાથે લઈ જવા માટે મને મોકલવામાં આવ્યો છે.

ખબર તો ખરેખર ખરાબ હતી. પણ એટલું દિલ ડરાવી દેનારી નહોતી, જેટલી સાત્યકિના હાવભાવથી લાગી રહી હતી. છતાં પણ ખબર ખરાબ તો હતી જ. બિચારો પ્રદ્યુમ્ન, કોણ ઉઠાવી લઈ ગયું હશે એને? રુક્મિણી પર શું વીતી રહી હશે? આમ સરવાળે બાબત તો ગંભીર હતી જ. કારણ કે સવાલ માત્ર 'રુક્મિણી' કે 'પ્રદ્યુમ્ન' સુધી સીમિત નહોતો. દ્વારકા જેવી સુરક્ષિત નગરીમાં આ ઘટના કેવી રીતે ઘટી ગઈ, આ કોઈ ઓછો મહત્ત્વપૂર્ણ સવાલ નહોતો. કોઈ બહારના તત્ત્વો એમાં શામેલ છે કે ઘરના જ ભેદીઓએ આ કાર્ય કર્યું છે, એ પણ વિચારવાનું જરૂરી હતું. આમ સરવાળે પળવારમાં તો મારું ચિંતન ભાવનાત્મક સંબંધોથી ક્યાંય આગળ નીકળી ગયું. મનમાં સવાલ દ્વારકાના અસ્તિત્વ પર આવીને અટક્યો કે જો દ્વારકા જ સુરક્ષિત નથી તો બીજું શું સુરક્ષિત હોઈ શકે છે? અર્થાત્ સવાલ હજારો હતા અને ઉત્તર એક પણ નહોતો. કોણ ઉઠાવી લઈ જઈ શકતું હતું એ માસૂમને? ...અને શા માટે? શું કોઈ મારો શત્રુ છે...? અથવા તો પછી કોઈ દ્વારકાનો શત્રુ છે? ક્યાંક આ કાર્ય જરાસંધનું તો નથી? શું સત્રાજિત મણિનો સોદો કરવા માટે તો પ્રદ્યુમ્નને ઉઠાવીને નથી લઈ ગયો ને? ખબર નહીં, કંઈ પણ હોઈ શકે છે. અને બિચારી રુક્મિણી! તેનું શું થશે? ખરેખર તે આ સમયે કેટલું કષ્ટ સહન કરી રહી

હશે. મેં તેને પહેલેથી જ સાવધાન કરી હતી કે કર્મના ફળ પ્રત્યે આટલો ઉત્સાહ યોગ્ય નથી. મેં કહ્યું હતું... 'કર્મનો આનંદ લો અને ફળ કુદરત પર છોડી દો'. અકારણ સંતાનપ્રાપ્તિના ઉત્સાહથી હરખાઈ પડી હતી. પરંતુ એમાં બિચારી રુક્મિણીનો પણ શું દોષ? સામાન્ય મનુષ્યોની જેમ, એ પણ કુદરતના નિયમ કેટલા જાણતી હતી?

ખેર! હવે જે હોય તે, એમાં કોઈ બે મત નહોતા કે આ સમયે રુક્મિણી અને દ્વારકાને મારી સખત જરૂર હતી. અને વળી આ દ્વારકાના અસ્તિત્વનો પણ સવાલ હતો. જો અપહરણ કરવાવાળાને જલ્દીથી બેનકાબ કરીને સજા આપવામાં ન આવી, તો બીજા કેટલા દિવસ સુધી દ્વારકા એક સુરક્ષિત નગરી રહી શકવાની? પછી તો જરાસંધ, સત્રાજિત... બધાની હિંમત વધી જશે. અને જો એવું થયું, તો તો દ્વારકાની હાલત મથુરા જેવી થવામાં વધારે સમય નહીં લાગે. પાંડવોની સાથે જે થવાનું હતું, થઈ ગયું હતું. દુર્યોધનને પહેલેથી જ હું ખાસ્સો નબળો કરી ચૂક્યો હતો. બસ, બે ત્રણ દિવસ વધારે રોકાઈને તથા હસ્તિનાપુરના માનસ પર થોડા બીજા તીખા પ્રહાર કરીને મેં દ્વારકા જવાનું નક્કી કરી લીધું. બીજું શું કરતો...? મારા તો એક નહીં, બંને સપનાં દાવ પર લાગી ગયા હતા. તમે તો જાણો જ છો કે મેં જીવનમાં 'રુક્મિણી' અને 'દ્વારકા', આજ તો બે સપનાં જોયાં હતા.

જવા દો, આ તો મારી વાત થઈ. આ બાજુ ઉદ્ધવ, જે પાંડવોના મૃત્યુના આઘાતમાંથી હજી સુધી બહાર આવી નહોતો શક્યો, આ ખબરે તેને સંપૂર્ણ રીતે ભાંગી નાખ્યો હતો. તે લગભગ શૂન્યમનસ્ક થઈ ગયો. દુ:ખી તો હું પણ હતો, પરંતુ હું માનવીય કમજોરીઓમાં વધારે સમય ડૂબેલા રહેવાની જગાએ તત્ક્ષણ કર્મમાં લાગવાનું વધારે ઉચિત સમજતો હતો. કારણ કે જે થઈ ગયું હતું, તે તો થઈ જ ગયું હતું. હવે આગળ શું...? બીજી તરફ વિદુરજી પણ ઘણાં હચમચી ગયા હતા. એમણે પણ મને તરત દ્વારકા પાછા જવાની સલાહ આપી. ભાવુકતામાં જ એમણે કહ્યું કે તમે હસ્તિનાપુરની ચિંતા ન કરો. અહીં સમય રહેતા બધું બરાબર થઈ જશે.

વિદુરજીની તો ખબર નહોતી કે તેઓ શું અને કેમ બોલી ગયા, પણ એમની આ વાતે તો મારા હોશ જ ઉડાવી દીધા. સાચું કહું તો મને એમની વાત થોડી રહસ્યમય લાગી. હસ્તિનાપુરની ચિંતા કેમ ન કરું? અને વળી બધું બરાબર કેવી રીતે થઈ જશે? પાંડવોને તો મારી નખાયા હતા, હવે શું ધૂળ બરાબર થશે? ...પરંતુ સવાલ આ કે વિદુરજી જેવા ગંભીર માણસે આ વાત આમ જ ન કહી હોય. બની શકે છે કોઈ રહસ્યની વાત હોય. કોણ જાણે કેમ મને એમ લાગી રહ્યું હતું કે કોઈ એવી વાત છે જે હું નથી જાણતો અને કદાચ જેનાથી માત્ર વિદુરજી જ માહિતગાર છે. મારા સારી રીતે ઢંઢોળવાથી, અંતે વિદુરજીએ રહસ્ય પરથી પડદો ઉઠાવવો જ પડ્યો. એમણે બતાવ્યું કે ફુઈ અને પાંડવો જીવિત છે. મેં સમયસર એમને ષડયંત્ર બાબતે જાણ કરી દીધી હતી. લાક્ષાગૃહ બળતા પહેલાં જ તેઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ત્યાં બળેલી જે લાશો મળી હતી, તે કોઈ ભીલ પરિવારની હતી. તેનાથી બધાએ પાંડવોને મૃત માની લીધા છે.

...આ સાંભળતા જ હું તો ખુશીથી નાચી ઊઠ્યો. મારી ખુશીનો કોઈ પાર ન રહ્યો. મને આશ્ચર્ય પણ થયું કે જ્યારે આજ બધું હતું તો પછી વિદુરજીએ આટલા સમય સુધી આ વાત મારાથી કેમ છુપાવી? સાચું જ તો છે, એ કેમ સહેલાઈથી કોઈ પર ભરોસો કરી લે. હવે જે હોય તે, હાલ તો હું વિદુરજીની દૂર-દ્રષ્ટિ અને કર્તવ્યનિષ્ઠાનો પ્રેમી થઈ ગયો. મેં નકામા જ પિતામહ અને ધૃતરાષ્ટ્ર સાથે એમને પણ લપેટી લીધા હતા. મેં સહુથી પહેલા એમની સાથે કરેલા દુર્વ્યવહારની માફી માંગી. તે બાબતે તેમણે વિનમ્રતાથી કહ્યું- કેવી વાત કરો છો, કૃષ્ણ! તમારો આ ક્રોધ જ પાંડવો પ્રત્યે તમારા પ્રેમની સાબિતી છે, અને ત્યારે જ તો હું તમને આ રહસ્ય કહી શક્યો છું.

ખેર! પાંડવોના જીવિત હોવાની ખબર સાંભળતા જ, પુત્ર-અપહરણનું દુ:ખ છૂમંતર થઈ ગયું. મન આ નવી ખબર બાદની પરિસ્થિતિઓ અને ચિંતનમાં અટવાઈ ગયું. બાકી બધું તો ઠીક, પણ

મને એટલું અવશ્ય સમજાઈ રહ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિઓમાં મારું પાંડવોને તત્કાળ મળવું જરૂરી હતું. પરંતુ વિદુરજીએ જણાવ્યું કે તેઓ ક્યાં છે, તેનો તો તેમને પણ કોઈ અંદાજો નથી. પરંતુ તેઓ જ્યાં હશે, વેશ બદલીને જ રહી રહ્યા હશે. એમણે આગળ જણાવ્યું કે આ સલાહ મારી જ હતી, કારણ કે મારી સલાહ મુજબ જ્યાં સુધી હસ્તિનાપુરમાં પરિસ્થિતિઓ સામાન્ય નથી થઈ જતી, એમના માટે મૃત બની રહેવું જ સારું છે.

આ સાંભળતા જ ચિંતાની હજારો રેખાઓ મારા ચહેરા પર ઉભરી આવી. અર્થાત્ પાંડવ જીવિત છે, પણ સુરક્ષિત નથી. અર્થાત્ જો તેઓ પ્રગટ થયા તો ફરી દુર્યોધનના ષડયંત્રના શિકાર બની જ શકે છે. વાત તો બરાબર હતી, પણ અચાનક મારા ચિંતને એક અનોખી જ દિશા પકડી લીધી. પાંડવ ઘણાં વીર છે અને હસ્તિનાપુરની પ્રજા પણ તેમની સાથે છે. અર્થાત્ તેઓ એટલા કમજોર પણ નથી જેટલા દેખાઈ રહ્યા છે. આથી આજે નહીં તો કાલે, પાંડવ માથું જરૂર ઊંચકશે; પોતાનો હક જરૂર માંગશે. એનાથી પાંડવો અને કૌરવોનો ઝઘડો વધારે વધશે. અને તેનું દુષ્પરિણામ ના માત્ર હસ્તિનાપુરને, પરંતુ બની શકે છે કે સમગ્ર આર્યાવર્તે ભોગવવું પડે. નહીં... આ થવા દેવામાં આવી શકે તેમ નથી. અને તેનો એક જ ઉપાય છે તેમની આંતરિક સમજૂતી. પરંતુ આ ત્યારે જ શક્ય છે જ્યારે પાંડવ, કૌરવોથી વધારે મજબૂત બની જાય અથવા તો પછી કૌરવો કમજોર બની જાય. કારણ કે દુર્યોધન રાજીખુશીથી તો કંઈ દેવાનો નથી, તેના પર કામ તો દબાણ જ કરશે. અને દબાણ પણ તર્કવિચાર કે સત્યનું નહીં, 'તાકાત'નું.

આ બધું તો ઠીક, હું સમજી ગયો. પણ હવે મારે માટે વિચારવાલાયક વાત એ હતી કે હસ્તિનાપુર ન માત્ર દ્વારકાથી કેટલુંય મોટું રાજ્ય છે, પરંતુ હકીકત આ પણ છે કે અહીંની સમસ્યા સમગ્ર આર્યાવર્તને પ્રભાવિત કરી શકે છે. આથી સ્વાભાવિક રીતે મારી પ્રાથમિકતા દ્વારકાને બદલે હસ્તિનાપુરની સમસ્યા હોવી જોઈએ. હવે 'કર્તવ્ય' માટે તો બધી ધરતી ગોપાલની, શું 'દ્વારકા', શું 'હસ્તિનાપુર'? આથી મારે તો મોહથી ઉપર ઊઠીને કર્તવ્યની શરણમાં જવાનું જ હતું. અને અહીં તો પાંડવોને બચાવવા અને તેમને શક્તિશાળી બનાવવા એ જ આ સમસ્યાનો એક કાયમી ઉપાય નજરે આવી રહ્યો હતો. આમ તો આ કાર્ય કૌરવોને કમજોર બનાવીને પણ કરી શકાય તેમ હતું. મને એક વાત તો સ્પષ્ટ સમજાઈ રહી હતી કે જ્યાં સુધી પાંડવોના હાથમાં હસ્તિનાપુરની લગામ નહીં આવે ત્યાં સુધી અહીંની પ્રજા દુર્યોધનની મહત્ત્વાકાંક્ષાના ચક્કરમાં પીસાતી રહેશે. હસ્તિનાપુર જ શા માટે, ત્યાં સુધી આસપાસના રાજ્ય પણ દુર્યોધનની મહત્ત્વાકાંક્ષાના શિકાર બનતા જ રહેશે. આથી, વર્તમાન સ્થિતિને જોતા, મારી દ્રષ્ટિમાં પાંડવોની સુરક્ષા સમય તરફથી મારા પર લાદવામાં આવેલી સર્વોપરિ પ્રાથમિકતા હતી. અને વળી મારું પાંચાલ જઈને મહારાજા દ્રુપદને મળવાનું પણ જરૂરી હતું. કારણ કે દ્રુપદના પ્રતિશોધની આગ પણ આર્યાવર્તને ભયાનક હિંસામાં ધકેલી શકતી હતી. આમ તો જવા માટે 'નાગકૂટ' જવાનું પણ મારું 'પરમ કર્તવ્ય' હતું. જો આ ઉંમરમાં 'પરદાદા'ની અપેક્ષાઓ પર ખરો ન ઊતર્યો તો મારી કર્તવ્ય-પરાયણતા શું થઈ?

જોયું તમે; હંમેશાંની જેમ ફરી એકવાર જીવનએ મને કઠિન પસંદગીમાં નાખી દીધો હતો. એમાં આ વખતે પણ તેનાથી કોઈ ભૂલ નહોતી થઈ. એક તરફ મારી પ્યારી રુક્મિણીનું દુઃખ અને મારા પોતાના પહેલા સંતાનના અપહરણની ચિંતા હતી, કદાચ તેના દૂરગામી પરિણામ પણ દ્વારકાએ ભોગવવા પડે તેમ હતા; ત્યાંજ બીજી બાજુ હસ્તિનાપુરમાં શક્તિ-સંતુલનની સ્થાપના કરવી અને મહારાજા દ્રુપદના પ્રતિશોધની આગને શાંત કરવી પણ જરૂરી હતું, નહીં તો સમગ્ર આર્યાવર્ત આ આગોમાં બળી શકતું હતું. ...ઉપરથી નાગકૂટનું કર્તવ્ય તો પોકારી જ રહ્યું હતું. અને કારણ કે રુક્મિણીનું દુઃખ અને પુત્રનો વિયોગ નાનું નુકસાન હતું; તેની સામે આર્યાવર્તનું બળવું મોટું નુકસાન હતું, જ્યારે હું તો હંમેશાં બધાનો જ થઈને જીવતો આવ્યો છું. સર્વહિતાય જ મારું 'પરમ કર્તવ્ય' છે. રુક્મિણી અને

પુત્રની પ્રેમમાં, આર્યાવર્તને બળતું છોડી દેવું તો તુચ્છ અહંકારનો મોહ થયો, અને હું મોહમાં ક્યાં બંધાવાનો હતો?

...અને એકવાર જ્યારે પસંદગી થઈ ગઈ, પછી વાર શી વાતની? લાગી ગયો કામમાં. રુક્મિણી અને દ્વારકાની ચિંતા છોડી દીધી. અને સાત્યકિને કોઈ રીતે મેં પાછો દ્વારકા જવા માટે રાજી પણ કરી લીધો. તેણે શરૂઆતમાં વિરોધ કર્યો, પરંતુ મારી સમજણના ચક્કરમાં ફસાઈ જ ગયો. જ્યારે તેનાથી કંઈ ન બન્યું તો તે ઉદ્ધવને સાથે લઈ જવાની જિદ્ પર અડી ગયો. પરંતુ મારું અહીંનું કામ ઉદ્ધવ વિના શક્ય જ નહોતું. અંતે હારીને તેણે એકલા જ પાછું જવું પડ્યું. હવે ત્યાં રેવતીભાભી છે, સુભદ્રા છે, મા છે ...તેઓ રુક્મિણીનો ખયાલ રાખી જ શકે છે. અને વળી જો દ્વારકાના ગુપ્તચર અથવા ભાઈ અને સાત્યકિ જેવા વીર મળીને પણ પ્રદ્યુમ્નને શોધવા કે પાછો લાવવામાં સફળ નથી થયા, તો હું એકલો દ્વારકા પાછો જઈને શું કરી લેવાનો? ...પછી પુત્ર કેવો હશે, મોટો થઈને શું કરશે, આ પણ હું જાણતો નહોતો. આવી હાલતમાં તેને બચાવવામાં શક્તિ લગાવવા કરતાં તો સારું હતું કે તે શક્તિ હું સંપૂર્ણ મનુષ્યતાને બચાવવામાં લગાવું. આમ તો આ વાતો મેં ઉદ્ધવ કે સાત્યકિને કહી નહોતી. હું મારા કર્મોના કારણોની ચર્ચા કરવાનું કે સફાઈ આપવાનું પસંદ કરતો નહોતો. જોકે મારા આ નિર્ણયથી સાત્યકિને થોડો ઘણો ધક્કો જરૂર લાગ્યો હતો. આશ્ચર્યચકિત તો વિદુરજી પણ થઈ ગયા હતા. પરંતુ ઉદ્ધવની વાત જ નિરાળી હતી. તે કંઈ સમજે કે ન સમજે, પણ તેનામાં એક વિશેષતા હતી, તેને મારા કાર્યો અને નિર્ણયો પર સંપૂર્ણ ભરોસો હતો. આજ કારણ હતું કે મેં તેને જવા દીધો નહોતો. આમ પણ સવાલ પાંડવોને શોધવા જવાનો હોય કે પાંચાલ જવાનો હોય, મારે દરેક જગાએ તેની જરૂર પડવાની તો હતી જ. અને વળી તે જ તો મારું પ્રતિબિંબ હતો, ભલા કાયાથી છાયા અલગ કેવી રીતે રહી શકતી હતી?

ચાલો, આ બધું તો બરાબર છે, પણ એક સાચી વાત બતાવું તો દ્વારકા ન જવાનો કટુ નિર્ણય લઈ તો લીધો હતો, પરંતુ એક ક્ષણ માટે મારા આ નિર્ણયે મને પણ હચમચાવીને રાખી દીધો હતો. પ્રદ્યુમ્નના અપહરણ અને રુક્મિણીના આટલા દુ:ખી હોવા છતાં, મારો દ્વારકા નહીં જઈ શકવાના નિર્ણયે જો સાત્યકિને આટલો ચોંકાવી દીધો હતો, તો પછી ચોક્કસપણે મારું આ પગલું રુક્મિણીને કોઈ ભયાનક આઘાતથી ઓછું નહીં લાગે. કદાચ મારા સપનાંની રાણી જીવનભર મારાથી નારાજ રહે, બની શકે છે મને બેદર્દ પણ સમજે; પરંતુ આમાં હું શું કરી શકતો હતો? કારણ કે મારે શું કરવું જોઈએ તેનો નિર્ણય માત્ર સમય અથવા પરિસ્થિતિ લઈ શકે છે, કોઈનો મોહ અથવા તેની જરૂરિયાત કદાપિ નહીં. રુક્મિણી મારી છે, પ્રદ્યુમ્ન મારો છે; મને બંને સાથે પ્રેમ છે; બંનેની ચિંતા પણ છે, પરંતુ ક્યારે...? જ્યારે હું સ્વયં મારો રહું. જ્યારે સમયની જરૂરિયાતે મને જ આખી પ્રકૃતિનો બનાવી લીધો છે, તો આવામાં હું મારા ‘પરમ કર્તવ્ય’થી વિમુખ કેવી રીતે થઈ શકતો હતો? અર્થાત્ રુક્મિણીના દર્દની કલ્પનાનું ભયાનક ‘દર્દ’ તો મારે સહન કરવાનું હતું જ. આમ સરવાળે ભલે ને મારી જાનની ‘જાન’ પર બની આવી હતી, પરંતુ તેમ છતાં પણ મારે મારી ‘જાન’ પર કાબૂ રાખવાનો જ હતો.

ખેર! જીવનમાં કર્તવ્ય નિભાવવાના છે, તો આ બધું દર્દ તો સહન કરવું જ પડશે. આથી, આ કોઈ વિશેષ વાત નથી. મહત્ત્વપૂર્ણ વાત તો એ કે હવે મારું અહીં હસ્તિનાપુર રોકાવાનું નકામું હતું. કર્તવ્ય પાંડવોને શોધવા માટે પોકારી રહ્યું હતું. અને ત્યાં મન પણ તેમને મળવા માટે બેચેન થઈ જ ગયું હતું. આથી હું ફટાફટ હસ્તિનાપુરના કાર્ય પતાવવામાં જોતરાઈ ગયો. અહીં પણ હવે કાર્ય ક્યાં બચી ગયા હતા, બસ, થોડા શિષ્ટાચાર નિભાવવાના હતા. આમ પણ પાંડવોના જીવતા હોવાની ખબરે મને એક નવા ઉત્સાહથી તો ભરી જ દીધો હતો. બસ, હસ્તિનાપુર છોડતા પહેલા હું પિતામહ, મહારાજ ધૃતરાષ્ટ્ર, મા ગાંધારી બધાને મળી આવ્યો. આમ તો શિષ્ટાચારવશ હું મળ્યો તો દુર્યોધન અને શકુનિને પણ, ખરેખર એ બંનેના ચહેરા પર મારા હસ્તિનાપુર છોડવાની ખુશી સ્પષ્ટ જોઈ શકાતી હતી. કદાચ આટલા દિવસોમાં પહેલી વાર એમણે રાહતનો શ્વાસ લીધો હતો.

...આ બધું તો ઠીક છે, પણ સો વાતની એક વાત તો આજ હતી કે વિદુરજીની પ્રશંસામાં જેટલું કહી શકાય તેટલું ઓછું હતું. એમણે જે કરી બતાવ્યું હતું તે ચોક્કસપણે કોઈ ચમત્કારથી ઓછું નહોતું. કહેવાની જરૂર નથી કે જતા જતા હું તેમના આશીર્વાદ લેવા અને તેમનો આભાર માનવાનું- બંને ભૂલ્યો નહોતો. અને તેની સાથે જ અમારો કાફલો પાંડવોની શોધમાં નીકળી પડ્યો હતો. હવે ક્યાં અને કેટલું ફરવું પડે એ નક્કી નહોતું, આથી કાફલો માત્ર દસ રથો સુધી સીમિત રાખ્યો હતો. અર્થાત્ જરૂરી સેવક-સૈનિક લઈને જ નીકળી પડ્યા હતા. જોકે મારું તો ઠીક પણ ઉદ્ધવની હાલત હજી પણ બહુ અજીબ હતી. એક બાજુ જ્યાં તેના ચહેરા પર ભત્રીજાના અપહરણનું દુ:ખ હતું, ત્યાં બીજી બાજુ પાંડવોના જીવિત હોવાની ખુશી પણ હતી. જ્યાં સુધી મારો સવાલ છે, હું તો રુક્મિણી, પ્રદ્યુમ્ન અને દ્વારકાને સંપૂર્ણ રીતે ભુલાવી બેઠો હતો. આ સમયે મારું સમગ્ર ચિંતન ‘પાંડવમય’ થઈ ગયું હતું. આમ પણ હું હંમેશાં પૂર્ણ-વર્તમાનમાં રહેવાનું પસંદ કરતો હતો. ખાસ કરીને ત્યારે, જ્યારે પ્રકૃતિના દીધેલા કર્મોમાં વ્યસ્ત રહેતો હતો. ...આવા કપરા સમયમાં હું કેટલીક વાતો કુદરતના ન્યાય પર છોડવાની કળા જાણતો હતો. આમ પણ જો આ કળા ન શીખ્યો હોત તો મારા જેવા જીવનમાં તો હું કદાચ ચિંતાથી ક્યારનોય મરી ગયો હોત.

ચાલો, જવા દો આ વાતોને. હાલ તો અમે એક અજાણ યાત્રા પર નીકળી પડ્યા હતા. મંઝિલની કોઈ ખબર નહોતી. જોકે મારા માટે અજાણની યાત્રા ક્યાં નવી વાત હતી? જ્યારે જરાસંધને કારણે મથુરા છોડવી પડી હતી, ત્યારે પણ મંઝિલની કોઈ ખબર નહોતી. જ્યારે સાંદીપનિજીની ગુરુદક્ષિણા ચૂકવવા માટે પુનર્દત્તને શોધવા જવાનું હતું, ત્યારે પણ મંઝિલ બાબતે કોઈ જાણકારી ક્યાં હતી? આ મનુષ્ય-જીવન પણ એક અજાણની યાત્રા જ તો છે. અંતિમ સમય ક્યારે, ક્યાં અને કેવી સ્થિતિમાં હશે, કોણ જાણે છે? ...હવે આ દર્શન લાખ સારું, છતાં પણ કોઈ એક દિશા તો પકડવાની જ હતી. આથી ‘કાપિલ્ય’ બાજુ ચાલી નીકળ્યા. ત્રણ દિવસોની યાત્રા બાદ જ અમે કાપિલ્યની સીમામાં પ્રવેશ કરી ચૂક્યા હતા. આમ પણ હસ્તિનાપુરને અડીને આ એક જ રાજ્ય હતું જ્યાં પાંડવોની આશરો લેવાની શક્યતા સહુથી વધારે હતી. કાપિલ્ય પહોંચીને જાણવા મળ્યું કે અહીં ‘પરાશર મુનિ’નો આશ્રમ છે. ‘પરાશર મુનિ’ આર્યાવર્તના પ્રતિષ્ઠિત આચાર્યોમાંથી એક હતા. આચાર્ય સાંદીપનિજીએ મારા જીવન પર એટલો પ્રભાવ પાડ્યો હતો કે મારા મનમાં આચાર્યોને મળવાની, તેમની પાસેથી કંઈ શીખવાની ઈચ્છા હંમેશાં બની રહેતી હતી. આથી હું સ્વયંને એ આશ્રમમાં જવાથી ન રોકી શક્યો. હા, ઉદ્ધવને જરૂર પાંડવોની શોધખોળમાં લગાવી રાખ્યો હતો.

આશ્ચર્ય હતું! આટલા મોટા આચાર્યનો આશ્રમ અને આટલો નાનો, અને તે પણ નગરથી આટલો દૂર? ઉપરથી કોઈ શિષ્ય પણ દેખાઈ રહ્યો નહોતો. સ્પષ્ટ લાગી રહ્યું હતું કે આજકાલ રાજમહેલ શ્રેષ્ઠ આચાર્યોનું એટલું સન્માન નથી કરી રહ્યું, જેટલું એમણે કરવું જોઈએ. ચોક્કસપણે આ આર્યાવર્તના રાજાઓની નિમ્નતાનું પ્રમાણ હતું. હશે, હાલ તો બપોરનો સમય હતો અને આશ્રમની વચ્ચે એક પીપળના વૃક્ષ નીચે આચાર્યજી પોતાના પાંચ-છ શિષ્યોને કંઈ સમજાવવામાં મશગૂલ હતા. હું તો દૂરથી એમના દર્શનમાત્રથી ધન્ય થઈ ગયો હતો. ખરેખર ઘણું પ્રભાવશાળી વ્યક્તિત્વ હતું તેમનું. મેં તત્ક્ષણ તેમના ચરણ સ્પર્શ કરીને તેમના આશીર્વાદ લીધા અને હાથોહાથ મારો પરિચય પણ આપી દીધો. જેવી તેમને જાણ થઈ કે હું ‘કૃષ્ણ’ છું, તેઓ પણ ઘણાં પ્રસન્ન થયા. અર્થાત્ તેઓ મારી બાબતમાં બધું જાણતા હતા. ત્યાં સુધી કે તેમણે મને દ્વારકાની વધામણી પણ આપી દીધી. ખુશ તો એટલા થઈ ગયા કે પોતાના તમામ શિષ્યો સાથે પરિચય કરાવ્યા બાદ તે સહુને પોતપોતાના કક્ષમાં જવાનું કહ્યું. આ તો ઠીક, પણ એમની ઈચ્છા હતી કે હું આજની રાત તેમની સાથે તેમના આશ્રમમાં વીતાવું. મારી પાસે ના કહેવાની તો કોઈ શક્યતા નહોતી, ના તો કોઈ યોગ્ય કારણ. અને વળી આવા વિદ્વાન આચાર્યની સંગતમાં બે વાતો શીખવા જ મળવાની હતી.

અને થયું પણ એવું જ. રાતની ચર્ચા દરમિયાન તેઓ હસ્તિનાપુરની પરિસ્થિતિને લઈને ઘણાં ચિંતિત દેખાઈ રહ્યા હતા. દુર્યોધનની મહત્ત્વાકાંક્ષા તેમને ખાસ કરીને સતાવી રહી હતી. બસ, અમે બંને એમના કક્ષને જ અડીને આવેલા ફળિયામાં બેઠા બેઠા આ બધી ચર્ચાઓ કરી રહ્યા હતા. બાકી બધું તો ઠીક, પણ હું આચાર્યજીને મનુષ્યતાની આટલી બધી ચિંતા કરતાં જોઈને આશ્ર્ચર્યમિશ્રિત ખુશીથી છલકાઈ ગયો. વાતવાતમાં એમણે કહ્યું પણ કે પાંડવોના મૃત્યુ માટે પિતામહ અને ધૃતરાષ્ટ્રની કાયરતા મુખ્ય રીતે જવાબદાર છે. એમની આ વાતે મને મોટી રાહત પહોંચાડી. એટલા માટે નહીં કે એમની વાત મારી વાત સાથે મેળ ખાતી હતી, પરંતુ એટલા માટે કે તે યોગ્ય પણ હતી. આ બાજુ પરાશર મુનિ હસ્તિનાપુરની ચર્ચા કરતાં કરતાં ઘણાં ઉદાસ થઈ ગયા હતા. મેં તેમનું દુ:ખ ઓછું કરવા માટે કહ્યું પણ કે તમે ચિંતા ન કરો, પાંડવ હજી જીવિત છે. અર્થાત્, મેં ભાવુકતામાં વહીને રહસ્ય પરથી પડદો ઉઠાવી દીધો હતો.

હવે ઉઠાવી દીધો હતો, તો ઉઠાવી દીધો હતો. પણ આશ્ર્ચર્ય તો એ વાતનું કે આ સાંભળતા જ તેમણે એકદમ અજીબ નજરે મારી તરફ જોયું હતું. અને હું તેમનો આ ભાવ બિલકુલ સમજી શકતો નહોતો. કારણ કે એમાં ન તો આશ્ર્ચર્ય હતું, ન ખુશી હતી અને ન તો અવિશ્ર્વાસનો કોઈ ભાવ હતો. એટલા માટે તો તેઓ આચાર્ય હતા. સામાન્ય માણસ તો વિચારવાનું શરૂ કરે તે પહેલા જ હું સમજી જતો હતો કે તે શું વિચારી રહ્યો છે, અથવા વધુમાં વધુ શું વિચારી શકે છે? તે શું કરી રહ્યો છે, અને શું કરી શકે છે? પરંતુ આચાર્યોના મનની વાત સમજવાનું એટલું સહેલું નથી હોતું. અંતે જ્યારે કંઈ સમજમાં આવ્યું નહીં તો મેં અંધારામાં જ તીર ચલાવી દીધું. મેં તેમને કહ્યું- પાંડવ જીવિત છે, આ સત્ય છે. અને તેમને બચાવવામાં મહામંત્રી વિદુરજીનું ઘણું મોટું યોગદાન છે. અને હું તેમની જ શોધમાં નીકળ્યો છું.

...હવે આચાર્યજીએ એકદમ શાંત ભાવથી કહ્યું- હું જાણું છું કે તેઓ જીવિત છે. લાક્ષાગૃહથી બચી નીકળીને તે બધા પોતાની મા કુંતી સાથે સીધા મારા આશ્રમમાં જ આવ્યા હતા. વાસ્તવમાં, તે બધા કોઈ સુરક્ષિત સ્થાન પર આશ્રય લેવા ઈચ્છતા હતા [21] .

...આ સાંભળતા જ મારા આશ્ર્ચર્યનો પાર ન રહ્યો. હું ઘણો પ્રસન્ન થયો. અઘરું લાગતું કાર્ય આટલું સહેલાઈથી પાર પડી જશે, એવું તો મેં ક્યારેય વિચાર્યું જ નહોતું. હવે તો મંઝિલની પણ ખબર પડી જવાની હતી, કારણ કે આચાર્યજી જાણતા જ હશે કે તેઓ ક્યાં ગયા છે. મેં ઉત્સાહવશ તરત જિજ્ઞાસા વ્યક્ત જો તમને વાંધો ન હોય તો તમે બતાવી શકો છો કે તેઓ કઈ બાજુ ગયા છે?

આચાર્યજીએ હસતા હસતા કહ્યું- મેં તેમને 'પાંચાલ' જવાની સલાહ આપી હતી, કદાચ તેઓ ત્યાંજ ગયા હશે.

આ સાંભળતા જ મારા હોશ ઊડી ગયા. હજાર ચિંતાઓએ મને આવીને ઘેરી લીધો. પાંચાલ, અર્થાત્ 'મહારાજ દ્રુપદ' ના પ્રદેશમાં. તે તો આમ પણ અર્જુન અને દ્રોણ સાથે પ્રતિશોધ લેવા માટે પાગલ બની રહ્યા છે. ક્યાંક પાંડવ તેના હાથમાં લાગી ગયા, તો તે અર્જુનને તો કોઈ કિંમત પર જીવતો નહીં છોડે. મારા ચહેરા પર ઉપસી આવેલી ચિંતાની રેખાઓ જોઈને આચાર્યજીને હસવું આવી ગયું. હું ન ઈચ્છવા છતાં અકળાઈ ગયો. લ્યો, અહીં મારી જાન નીકળી રહી છે અને એમને હસવું આવી રહ્યું છે.
...આ બાજુ મને આ રીતે અકળાયેલો જોઈને તેઓ ફરી હસતા હસતા બોલ્યા- મારી વાત સાંભળીને પાંડવ પણ આજ પ્રકારે ચિંતિત થયા હતા. પરંતુ મેં તેમને સમજાવ્યું કે તમે લોકો બ્રાહ્મણના વેશમાં પાંચાલની સીમામાં ઘૂસી જાઓ અને ત્યાં આશરો લો. જો કાલે ઊઠીને તમારી જીવિત હોવાની ખબર બહાર આવશે તો કૌરવ તમારી શોધમાં જમીન-આકાશ એક કરી દેશે. અને આવામાં તે તમને બીજે ક્યાંય પણ શોધશે, પાંચાલમાં ક્યારેય નહીં શોધે. ત્યાં દ્રુપદ પણ તેમને પોતાના જ રાજ્યમાં તો ક્યારેય નહીં શોધે.

હું તો આચાર્યજીની બુદ્ધિમત્તાનો આશિક થઈ ગયો. હું મારી જાતને મહા બુદ્ધિમાન સમજતો હતો, આ તો મારાથી પણ ચાર કદમ આગળ નીકળ્યા. સાચું જ છે, મૂર્ખાઓની સાથે બેસીને પોતાને બુદ્ધિશાળી હોવાનો ગર્વ જલ્દી જ થાય છે. બુદ્ધિશાળીની સાથે ઊઠો-બેસો તો આ ભરમ આપમેળે જ દૂર થઈ જાય છે. ત્યારેજ તો જ્યારે પણ કોઈ સારા આચાર્યોને મળતો, મારું આ અભિમાન તૂટી જ જતું હતું. પછી તે આચાર્ય શ્રુતિકેતુજી હોય કે સાંદીપનિજી. મહર્ષિ પરશુરામ હોય કે પરાશર મુનિ.

ખેર! હાલ પૂરતું તો પાંડવોની સુરક્ષાને કોઈ જોખમ નથી, આ મારે માટે મોટી રાહતની વાત હતી. અને એમાં પણ કોઈ બે મત નહોતા કે આ વાતનું તમામ શ્રેય પરાશર મુનિને જ જતું હતું. હું તો તેમના પ્રત્યે પૂર્ણ સન્માનથી ગદ્ગદિત થઈ ગયો. મારે એક કાંકરે બે પક્ષી મર્યા હતા. મારે આમ પણ મહારાજા દ્રુપદ અને દ્રૌપદીને મળવા પાંચાલ જવાનું જ હતું અને હવે તો પાંડવોએ પણ ત્યાંજ આશરો લઈ રાખ્યો હતો. આથી એમને શોધવા પણ ત્યાંજ જવાનું હતું. આ બાજુ રાત્રિ આગળ વધતા, ઉદ્ધવ પણ આવી પહોંચ્યો હતો. ચોક્કસપણે તે પાંડવોની કોઈ ભાળ લાવી શક્યો નહોતો. તો હવે જરૂર પણ ક્યાં હતી? મેં તેને બધું બતાવી જ દીધું હતું અને તેની સાથે જ, અમે બંને જણા ખુશી ખુશી સૂઈ ગયા. ...સવાર થતાં જ મેં આચાર્યજીનો આભાર માન્યો, તેમના આશીર્વાદ લીધા અને તેની સાથે જ અમે લોકો પાંચાલ તરફ જવા રવાના થયા. ...આચાર્યજીની મહેરબાનીથી હવેની મંઝિલ નક્કી હતી.

અપૂર્વ સુંદરી દ્રૌપદી સાથે મેળાપ

અત્યારે હું ખૂબ જ ઉત્સાહથી ભરેલો હતો. એક તો બહુ જલ્દીથી પાંડવોને મળવાનું થવાનું હતું અને બીજું પણ થવાના હતા. આચાર્ય સાંદીપનિજીના કહ્યા પ્રમાણે તે 'વિશ્ર્વ-સુંદરી' છે. ...હવે વિશ્ર્વસુંદરીને મળવાનો ઉત્સાહ કૃષ્ણે તો રાખવાનો જ હતો. તેથી આ ઉત્સાહને કારણે, આખા રસ્તા પર રથની લગામ મેં પોતે સંભાળી રાખી હતી. બસ, હું, દારુક અને ઉદ્ધવ તથા પાછળ સેવક-સૈનિકોની ફોજ. ચોક્કસપણે વાતો તો પાંડવો વિશે જ થઈ રહી હતી. આમ તો સમગ્ર યાત્રા દરમ્યાન મને જ્યારે પણ મોકો મળતો હતો ત્યારે મેં ઘણું ચિંતન પણ કર્યું હતું. અને આમ પણ જ્યારે કરવા માટે કંઈ કામ ના હોય, ત્યારે ચિંતન મારો મુખ્ય શોખ બનીને શરૂ થઈ જ જાય છે. હું મનોમન વિચારી રહ્યો હતો કે આટલા ઓછા સમયમાં મેં આટલી બધી પ્રગતિ કરી, આટલી ખ્યાતિ પ્રાપ્ત કરી, દ્વારકાની સ્થાપના કરી, આટલા બધાં પરાક્રમ કર્યાં, આખરે કેવી રીતે કર્યું? શું હું આટલો યોગ્ય છું? કદાચ ના... તો શું આટલી બધી પ્રગતિ મારા ભાગ્યમાં હતી? "ભાગ્ય"માં તો મારો વિશ્ર્વાસ જ નથી. હું તો "કર્મવાદી" હતો. અને કર્મવાદીને વળી ભાગ્ય સાથે શું લેવા-દેવા? એટલે છેલ્લે તો વાત કર્મ અને યોગ્યતા પર જ આવીને અટકી હતી. પરંતુ જો હું વધુ ઊંડાણપૂર્વક વિચારું, તો મેં એવા કોઈ ખાસ કાર્ય પણ નહોતા કર્યાં. ...તો પછી આટલી મોટી સિદ્ધિ મને કેવી રીતે મળી?

...જો હું કહું કે ફક્ત યોગ્યતાના આધાર પર, તો તમે કહેશો કે લ્યો, મોકો મળ્યો નથી કે પોતે જ પોતાના વખાણ કર્યા નથી. એમ તો મારી યોગ્યતા અને મારી કાર્ય પ્રત્યેની નિષ્ઠા પર કોઈ સવાલ નહીં ઉઠાવી શકે; તેમ છતાં, હવે જો વાત આટલી આગળ વધી જ છે તો મારી યોગ્યતાના એ પાસાનો પણ પરિચય કરાવી દઉં. કે જેના કારણે શ્રેય લઈ પણ શકાય છે અને વહેંચી પણ શકાય છે. હકીકતમાં મારી પ્રગતિનું સૌથી મોટું કારણ હું એ માનું છું કે મેં મારી જાતને કુદરતની સામે સંપૂર્ણપણે ખુલ્લી મૂકી દીધી હતી. એની જ્યારે, જ્યાં ઈચ્છા હોય, ત્યાં લઈ જાય. જ્યારે જે કામ કરાવવું હોય, તે કરાવી લે. એની ઈચ્છા એ જ મારી ઈચ્છા. મારી પોતાની કોઈ ઈચ્છા નહીં, કોઈ જિદ્દ નહીં. અને ચોક્કસપણે કુદરત પ્રત્યેનો મારો આ સમર્પણભાવ કામ કરી ગયો હતો. મારું ગણિત પણ સ્પષ્ટ હતું, ભલા જે આટલા વિશાળ ચાંદ-તારા, હવા-પાણી, બધાનું નિયંત્રણ કરે છે, એવાને આપણાં તુચ્છ અભિમાન તેમજ મોહથી ઉપર ઊઠીને આપણું જીવન સમર્પિત કરવામાં શું જોખમ? ...જ્યારે એમની મુખ્ય ઊર્જા સર્વહિતોમાં રોકાયેલી જ છે, તો આપણે પણ આપણું જીવન સર્વહિત માટે ન્યોછાવર કરીને એમની સાથે વહી જવામાં શેની તકલીફ? એકંદરે આજે હું જે મુકામ પર પહોંચ્યો છું, એ મારી પાત્રતા તેમજ કાર્યમાં મારી આસ્થા ઉપરાંત, અભિમાન-શુન્યતાને પણ આભારી હતું, કે જેનાથી હું કુદરતને પૂરી રીતે સમર્પિત થઈ શક્યો હતો.

અને હવે જ્યારે વાત આટલી આગળ વધી છે તો હું એક બીજી વાત તમને દાવાપૂર્વક કહું છું; કે એકવાર જેણે પોતાના તમામ તુચ્છ અહંકારોનો ત્યાગ કરીને પોતાની જાતને સર્વહિત પર ન્યોછાવર કરી દીધો, તેને કુદરતે પ્રગતિના સર્વોચ્ચ શિખરે બેસાડ્યો જ સમજો. તેનું હૃદય આનંદ અને શાંતિથી ભરાયું જ સમજો. તે આત્મસંતોષથી ઓત-પ્રોત થયો જ સમજો. અને આ જગતમાં આત્મસંતોષથી વધીને મોટી બીજી કોઈ મૂડી નથી. સમસ્ત બ્રહ્માંડને જે રોશન કરે છે તે પ્રકૃતિ પોતાના 'સમર્પિત-સૈનિક'ને કેટલો ઉજ્જવળ કરી દે છે, તેનું હું જીવતું જાગતું ઉત્તમ ઉદાહરણ છું. ખેર, છોડો આ બધી વાતોને. આમ સરવાળે આવા ચિંતનોને સથવારે અને ઉદ્ધવ સાથે વાતો કરતાં કરતાં અમે પાંચાલની સીમા પર પણ પહોંચી ગયા, અર્થાત્ યાત્રા ક્યારે અને કેવી રીતે પસાર થઈ તેની કંઈ ખબર જ ના પડી.

સાચેજ અસ્તિત્વહીન જીવન જીવવાની મજા જ કંઈક અલગ હોય છે.

ખેર! પાંચાલમાં મારે બે મહત્ત્વપૂર્ણ કામ હતા. એક તો એ કે પાંચાલના મહારાજ દ્રુપદ અને દ્રૌપદી સાથે મુલાકાત કરવાની હતી અને બીજું એ કે પાંડવોને શોધવાના હતા. જોકે પાંડવોને શોધવા એ તો એક ગુપ્ત કાર્ય હતું જે ઉદ્ધવે જ પૂરું કરવાનું હતું. એટલે હરીફરીને મારી પાસે દ્રુપદ અને દ્રૌપદી સાથે મુલાકાત કરવાનું એક સરસ કાર્ય બાકી રહ્યું હતું. પરંતુ હું એમ જ સૂચના આપ્યા વગર મહારાજ દ્રુપદના દરબારમાં જવા માંગતો નહોતો. અને આખરે તો હું દ્વારકાધીશ હતો, અને કદાચ મહારાજનો ભાવિ જમાઈ! કમસેકમ મહારાજ તો મારા વિશે એવું જ વિચારતા હતા. એટલે તો મેં પાંચાલની સીમાની પાસે જ એક આશ્રમમાં આશરો લીધો, અને અમારા આવી ગયાનો સંદેશો ઉદ્ધવ સાથે મહારાજને મોકલાવ્યો. આમ પણ સારું એ જ હતું કે એ બહાને અમે આશ્રમમાં રાતવાસો કરીને પછી સવારે તરોતાજા થઈને પાંચાલની સીમામાં પ્રવેશ કરીએ. વળી સાચું કહું તો અત્યારે પ્રવેશ ન કરવા પાછળ અન્ય બે કારણો પણ હતા. એક તો એ કે આર્યાવર્તની રાજનીતિમાં હું પહેલી વાર એક શક્તિ બનીને ઉભરી રહ્યો હતો. હવે મારી રાજનીતિ ફક્ત દ્વારકા સુધી જ સીમિત ન હતી, એટલે હું અગાઉથી જ સૂચના મોકલાવીને દ્વારકાધીશની પાંગરતી ગરિમાને વધારે નિખારવા માંગતો હતો. બીજું, હું મહારાજ દ્રુપદના સ્વાગત પરથી એ અંદાજો લગાવવા માંગતો હતો કે મને જમાઈ બનાવવા માટે તેઓ કઈ હદે ઉત્સુક છે? અને ખરેખર આર્યાવર્તમાં મારો કેટલો પ્રભાવ છે? આમ પણ જેટલી જરૂર દુશ્મનોની દુશ્મનીનાં ઉંડાણને ઓળખવાની છે, તેટલી જ જરૂર મિત્રોની મિત્રતાની ઊંડાઈ માપવાની પણ છે.

એ તરફ મારા આવવાના સમાચાર મળતા જ, બીજા દિવસે સવારના પહોરમાં મહામંત્રી ઉદ્ભાષ અને રાજકુમાર ધૃષ્ટદ્યુમ્ન મારા સ્વાગત માટે આશ્રમમાં આવ્યા અને પૂરા રાજકીય સન્માન સાથે સીધા મને રાજમહેલ લઈ ગયા. જ્યાં મહારાજ દ્રુપદે સ્વયં દ્વારે આવીને મારું સ્વાગત કર્યું. ...આ બધું જોઈને "દ્વારકાધીશ"ને બહુ સંતોષ થયો. એક સમય એ પણ હતો કે જરાસંધના ભયથી કોઈપણ રાજા મને આશરો આપવા સુદ્ધાં તૈયાર નહોતા, અને ક્યાં આજે બધા રાજા મારા સ્વાગત માટે ઉત્સુક છે? ...કહેવાય છે ને કે સમયને બદલાતા વાર નથી લાગતી. પરંતુ અહીંયાં સમય ક્યાં બદલાયો હતો, અહીંયાં તો આ બધા બદલાવ મારા કર્મોના કારણે હતા. એટલે તો હું આ માનને લાયક પણ હતો. આ માન-સન્માન મને એટલા માટે ન્હોતું મળી રહ્યું કે હું કોઈ મોટા રાજાનો પુત્ર છું. ના... આ સન્માન તો મારા ભવ્ય કર્મોને આભારી હતું. અને જ્યાં સુધી કુદરતનો સવાલ છે, એની ઈચ્છા તો મને જન્મ થતાવેંત જ મારી નાખવાની હતી. એણે તો મારા માથા ઉપરથી મોતનો ઓથાર ક્યારેય હટવા જ નથી દીધો. એનો મતલબ એ કે મારો સમય તો મારા જન્મથી લઈને આજ સુધી એકેયવાર બદલાયો જ ન હતો. ...એટલે જ તો હું પોકારી પોકારીને કહું છું કે મારી આ સફળતા મારા લગાતાર કરેલાં મહાન કર્મોનું જ ફળ છે. કુદરત અને સમાજની સાથે લગાતાર સંઘર્ષ કરીને જ, હું મારા કર્મો થકી આ મુકામ સુધી પહોંચ્યો છું. એટલે કમસેકમ આજે તો હું મારી આ સફળતાનું શ્રેય કોઈની પણ સાથે વહેંચી નથી શકતો, ન તો કુદરત, ન તો ધર્મ, ન તો સમાજ. મારા જીવનની બધી જ સફળતાઓ મારા નિ:સ્વાર્થ કર્મોનું જ પ્રતિફળ હતું. મારો કહેવાનો મતલબ એ જ હતો કે માત્ર અને માત્ર સર્વ-શક્તિમાનને સમર્પિત થઈને સર્વહિતને માટે કરેલા કર્મોને જ હું આ સફળતાનું શ્રેય આપું છું. પરંતુ તો પણ કાર્યો તો મેં જ કર્યા હતા, સમર્પિત તો હું જ થયો હતો. અને એટલે જ ફરી ફરીને શ્રેયનો પણ હકદાર તો "હું" જ થયો. બસ, આજ તારણની સાથે મેં પોતાના 'પરમ-અહંકાર'ને પૂર્ણ રીતે તૃપ્ત કરી દીધો. અને આ તૃપ્તિની સાથે જ પાંચાલના રાજમહેલમાં પ્રવેશ કર્યો.

ત્યાં મહારાજા દ્રુપદ તો મને પાંચાલમાં જોઈને જ ધન્ય થઈ ગયા હતા. જોયું તમે, કર્મોને કારણે શું થયું હતું? વૃંદાવનની ગોપીઓ સાથે રમવાવાળો આ કનૈયો આજે પાંચાલની રાજકુમારી સાથે

લગ્ન કરવાના આશયથી સંપૂર્ણ માન-સન્માન સાથે આમંત્રિત હતો, અને એ પણ જેવી તેવી નહીં, 'વિશ્વસુંદરી' સાથે... અને આદરસત્કાર પણ એવો હતો કે મહારાજ દ્રુપદ સીધા મને પોતાના વ્યક્તિગત સભાગૃહમાં લઈ ગયા. તરત જ અમારા માટે જલપાનની વ્યવસ્થા કરવામાં આવી. આ બધું જોઈને બહુ સંતોષ થઈ રહ્યો હતો, પણ સાચું કહું તો સતત કરેલી યાત્રા અને પાંડવોના જીવવા-મરવાના ચક્કરને કારણે હું ખૂબ થાકી ગયો હતો. અને અત્યારે નિર્ધારીત સ્થળે પહોંચ્યા બાદ, થાકની અસર વધારે જણાઈ રહી હતી. એકાદ-બે દિવસનો આરામ કરવો જરૂરી થઈ ગયો હતો. એટલે મેં બીજી કોઈપણ વાત કર્યા વગર, મહારાજને ફરી આવવાનું વચન આપીને રજા લીધી.

...હવે મહેમાનગતિનો આનંદ ફરી કોઈ વાર લઈ લઈશું; આમ પણ પહેલી નજરમાં જ જેટલું સમજવાનું હતું એનો અણસાર પામી ચૂક્યો હતો. આમ પણ અમે તો અહીં રોકાવા જ આવ્યા હતા. જ્યાં સુધી પાંડવો નથી મળી જતા ત્યાં સુધી તો પાંચાલ છોડવાનો પ્રશ્ન જ ઉઠતો નહોતો. એટલે કે સમજવા-સમજાવવા અને મહેમાનગતિ માણવા માટે ખાસ્સો સમય પડ્યો છે. તેથી, અમારી આરામ કરવાની ઈચ્છા વ્યક્ત કરતાની સાથે જ અમને રાજમહેલના જ એક અતિથિગૃહમાં આદરપૂર્વક ઉતારો અપાયો. ...એમ તો હું મહારાજ દ્રુપદના સ્વાગતથી જ નહીં, એમના રાજમહેલ અને એમની રહેણીકરણીના રાજવી ઠાઠ-ભભકાથી પણ બહુ પ્રભાવિત થયો હતો. એમનું પ્રત્યેક કામ ખૂબ જ કુશળતાભર્યું હતું. આખા રાજમહેલમાં સજાવટની એકથી એક ચઢિયાતી વસ્તુઓ હતી. આખો રાજમહેલ સિંહ અને વાઘનાં ચામડાથી ભરેલો હતો. બહુ ભવ્ય અસ્ત્ર-શસ્ત્ર દીવાલો પર લટકતા હતા. સાથોસાથ રાજમહેલની દીવાલો પર ટીંગાડેલી છબિઓ તેમજ ચિત્રકળા પણ બેજોડ હતી. રાજમહેલનો ખૂણે-ખૂણો પાંચાલની સમૃદ્ધિની સાક્ષી પૂરી રહ્યો હતો. એ એકદમ સ્પષ્ટ હતું કે, આર્યાવર્તમાં વૈભવની કોઈ કમી ન હતી. એ તો મથુરા જેવું રાજ્ય જ પ્રજાના કુકર્મોને કારણે બરબાદ હતું. હશે, અત્યારે તો સૌથી પહેલા અમે ગુપ્તચરને અમારી ખબર પહોંચાડવા માટે દ્વારકા મોકલ્યો. સાથે જ ત્યાંના કોઈ તાજા સમાચાર હોય તો તે પણ લેતો આવે.

ખેર! આ બાજુ આખો દિવસ આરામ કર્યા પછી રાત્રે હું અને ઉદ્ધવ એમ જ ગપ્પાં મારતા હતા. પહેલા હસ્તિનાપુર અને પછી મહારાજા દ્રુપદને ત્યાં જે સન્માન મળ્યું હતું તેનાથી મારો અહંકાર આસમાને હતો. બસ, વાતવાતમાં મેં ઉદ્ધવને કહ્યું- આપણે ક્યાં ક્યારેક વૃંદાવનમાં ભટકતા રહેતા હતા. પ્રાણીઓ પણ આપણને જોઈને કરડવા માટે દોડતાં હતા. અને આજે આપણું કેટલું સન્માન છે. મોટા-મોટા રાજાઓ આપણને પોતાને ત્યાં આવેલા જોઈને ધન્ય થઈ જાય છે.

ઉદ્ધવે હસીને કહ્યું- હા! એમાં તો કોઈ શક નથી કે આજે આપણે આર્યાવર્તના એક અતિ સન્માનિત રાજાઓમાંના એક છીએ. પરંતુ મારા મતે પાંચાલમાં જે સ્વાગત થયું તે દ્વારકાધીશનું ઓછું, અને પોતાના થવાવાળા 'બહાદુર જમાઈ' નું વધારે દેખાતું હતું.

મને પણ ઉદ્ધવની વાત સાચી લાગી રહી હતી. હું અહીંયાં કોઈ દ્વારકાધીશની હેસિયતથી તો આમંત્રિત નહોતો થયો, અને આવ્યો પણ હતો મહારાજાનો સંભવિત જમાઈ બનીને જ. આ તો ઠીક, પણ આ બાજુ જમાઈ શબ્દ કાનમાં શું પડ્યો, હું અચાનક દ્રૌપદીના વિચારોમાં ખોવાઈ ગયો. કહે છે કે તે આર્યાવર્તની સર્વશ્રેષ્ઠ સુંદરી છે. કેવી હશે તે? શી વાત કરીશ તેની સાથે? તેની સાથે વિવાહ થશે કે નહીં? કરવા જોઈએ કે નહીં? ક્યાંક હું તેની સામે બિલકુલ ઝાંખો તો નહીં પડી જાઉં ને? અરે, આ શું કહી રહ્યો છે...? 'કૃષ્ણ' અને સ્ત્રીઓ સામે ઝાંખો પડી જાય, આ તો બની જ ના શકે! જોકે આ બધી ભવિષ્યની વાતો હતી, જેને ભવિષ્ય પર છોડી દઈને હાલ પૂરતું વિશ્રામ કરવાનું જ યોગ્ય હતું. આથી થોડી વાર આડી અવળી વાતો કરી, હું અને ઉદ્ધવ સમયસર જ સૂઈ ગયા.

...આ બાજુ આરામ પૂર્ણ થયો ન થયો કે સવાર સવારમાં જ મહારાજ સાથે બપોરના ભોજનનું નિમંત્રણ લઈને સ્વયં ધૃષ્ટદ્યુમ્ન પધાર્યો. અને આશ્ચર્યજનક રીતે આ નિમંત્રણ તદ્દન

વ્યક્તિગત હતું. ઉદ્ધવ આમંત્રિત નહોતો. આનાથી, તેના જતાં જ ઉદ્ધવને મજાકનો એક મોકો મળી ગયો. તે બોલ્યો પણ- જાણે છે, કનૈયા! થનારા જમાઈને એકલો ક્યારે બોલાવવામાં આવે છે? જ્યારે વિવાહની વાત પાક્કી કરવાની હોય ત્યારે. ...અને જમાઈ આટલા ઉત્સાહથી નિમંત્રણ ક્યારે સ્વીકારે છે... જ્યારે તે 'હા' કહેવા માટે ઉતાવળો થયો હોય ત્યારે.

વિશ્લેષણ શ્રેષ્ઠ હતું. વાત સચોટ હતી. પરંતુ મેં અત્યારે તેની વાત પર ધ્યાન આપવાનું કે કોઈ ઉત્તર આપવાનું ઠીક નહોતું માન્યું. કારણ કે તેનાથી મજાક વ્યંગમાં બદલાઈ જવાનો અણસાર હતો. પરંતુ જે અવસરની તાકમાં જ બેઠો હોય, તેને મારા મૌનથી શું ફર્ક પડવાનો હતો? તેણે તો જે કહેવું હતું, તે કહેવાનું જ હતું. આથી તેણે ફરી પોતાનું મોં ખોલ્યું. તે બોલ્યો- આમ તો, કનૈયા! ખરી રીતે વિચારો તો આ મેળ કુદરતે જમાવ્યો હોય એવું જ લાગ છે. મહારાજને બહાદુર જમાઈ જોઈએ છે, જે તું છે જ. વળી શ્રીમાન પાછા રહ્યા સુંદરતાના પૂજારી અને શ્રીમતી, વિશ્ર્વસુંદરી.

હું હજી પણ ચૂપ જ રહ્યો. ચૂપચાપ ભોજન પર જવાની તૈયારીઓમાં વ્યસ્ત રહ્યો. સાચું કહું તો આજે ઉદ્ધવના રંગ-ઢંગ જોઈને તેની સાથે માથાફોડમાં ઉતરવું સ્વાસ્થ્ય માટે હાનિકારક લાગી રહ્યું હતું. જોકે ઉદ્ધવ પણ ઉદ્ધવ હતો. મારા દ્વારા કરવામાં આવી રહેલી ઉપેક્ષાની પણ તેના પર કોઈ અસર નહોતી થઈ રહી. તે હાથ લાગેલો આ મોકો છોડવાના પક્ષમાં બિલકુલ નહોતો. એટલે, મારા તરફથી કોઈ પ્રતિક્રિયા ન જોઈને, તેણે એક ધમકીસભર સલાહ આપી દીધી. એ ખૂબ વ્હાલ સાથે બોલ્યો- જો કનૈયા! તારે તારા મનની વાત મને તો કહેવી જ પડશે. અંતે નારાજ રુક્મિણીભાભીને સમજાવવા માટે તો હું જ કામ આવીશ. કહેવું તો મારે જ પડશે કે કનૈયો તો આ વિવાહ માટે જરાય રાજી નહોતો, પરંતુ શું કરે બિચારો, ...આચાર્ય સાંદીપનિજીનો હુકમ પણ ટાળી શકાય એમ નહોતું ને?

...આ વખતે મને પણ હસવું આવી ગયું. અંતે ક્યાં સુધી ચૂપ રહી શકત? ઉદ્ધવે આને પોતાનો વિજય માન્યો. તો કંઈ ખોટું પણ નહોતું. જીતી જ તો ગયો હતો એ. મારી પ્રતિક્રિયા લઈને જ તો માન્યો હતો. અને વળી તેની વાત પણ સાચી હતી. જો આવી કોઈ પરિસ્થિતિ આવી, તો રુક્મિણીને માત્ર ઉદ્ધવ જ સમજાવી શકે એમ હતો. સારું હતું કે દારુકને આ બધી વાતો અને કટાક્ષો સાથે કોઈ લેવાદેવા નહોતી. હશે, હાલ તો રુક્મિણીનો ખયાલ આવતા જ હું ફરી એકવાર ચિંતિત થઈ ગયો. કોણ જાણે કેવી સ્થિતિમાં હશે તે? શું વિચારી રહી હશે? આવી સંકટની પળમાં પણ હું કેમ ન આવ્યો? ..કદાચ દ્રોપદી માટે. જો એવું વિચારી રહી હોય તો તેનું દુ:ખ તેણે પોતે પેદા કરેલું છે. તુચ્છ અહંકારને કારણે છે. મને ન ઓળખી શકવાનું પરિણામ છે. હવે આવામાં હું તેની શું મદદ કરી શકવાનો હતો? ચાલો, રુક્મિણી તો ઠીક છે, માન્યું તે પોતાના વિચારોનું ભોગવી રહી છે. પણ પ્રદ્યુમ્નનું શું? ખબર નહીં તે મળ્યો પણ હશે કે નહીં? ખબર નહીં ક્યાં હશે એ? કેવી હાલતમાં હશે? આ નાની ઉમરમાં માતાથી છૂટા પડવાનું દુ:ખ મારાથી વધું સારી રીતે બીજું કોણ સમજવાનું હતું? આમ મને તો ઠીક, માતાઓની મા યશોદા મળી ગઈ હતી, પણ તેને કોણ પાળશે? ...બસ, આ બધું વિચારતા વિચારતા અચાનક ઉદાસીએ ચારેતરફથી મને ઘેરી લીધો. મારું મન કમજોર પડવા લાગ્યું. તરત મેં જાતને જાગૃત કરી. દ્રષ્ટામાં સ્થિર થયો. અરે કૃષ્ણ! તું ક્યાં મોહમાયામાં ફસાઈ રહ્યો છે? જ્યારે રુક્મિણીના દુ:ખથી છૂટકારો મેળવી લીધો, તો પુત્રના દુ:ખથી છૂટકારો મેળવવામાં શી વાર...? ખરેખર, મોહમાયામાં ફસાઈને એક પળ માટે હું કેટલો કમજોર પડી ગયો હતો, જોકે દ્રષ્ટામાં સ્થિર થતાં જ હું તરત સ્વસ્થ પણ થઈ ગયો. અરે, જેમ તમામ કપરી પરિસ્થિતિઓ હોવા છતાં મેં સ્વયંને પોતાના કર્મોથી બનાવ્યો છે, એવી જ રીતે પ્રદ્યુમ્ન પણ પોતાને ઘડશે. ...અને આજ એનું જાત પ્રત્યેનું કર્તવ્ય છે. અને વળી મારે તો આ સમયે પોતાનાં કર્મોને નિભાવવાના છે. અને દરેક પ્રકારનો 'મોહ' કર્મોમાં અડચણરૂપ હોય જ છે. આથી હું તમામ મોહમાયા ભૂલીને તટસ્થ થઈ ગયો.

...હવે હું બપોરના ભોજન માટે સંપૂર્ણ રીતે તૈયાર હતો. પ્રતીક્ષા હતી તો રાજમહેલ તરફથી

તેડું આવવાની. વધારે વખત રાહ પણ ન જોવી પડી, ધૃષ્ટદ્યુમ્ન સમયસર આવી જ ગયો. હું તો તૈયાર જ હતો, ઝટ દઈને તેની સાથે ચાલી નીકળ્યો. જોકે નીકળ્યો ત્યારે ઉદ્ધવ કંઈ બોલ્યો નહીં, કદાચ ધૃષ્ટદ્યુમ્નની હાજરીએ તેને ચૂપ કરી દીધો હતો. ...પરંતુ વિદાય તો એણે એકદમ વ્યંગભર્યા સ્મિત સાથે જ આપી. હવે આવું તો ચાલ્યા જ કરે. આ બાજુ રાજમહેલની ગલીઓમાં ચાલતા ચાલતા પણ હું ધૃષ્ટદ્યુમ્નની સુંદરતાને જ જોઈ રહ્યો હતો. તેની ઊંચાઈ મારા કરતાં ઘણી વધારે હતી. રંગ તો એકદમ ગોરો હતો. ચહેરો પણ અતિ આકર્ષક હતો. સાચું કહું તો મેં આનાથી સુંદર નવયુવક મારા જીવનમાં આજ સુધી જોયો નહોતો. સ્વાભાવિક રીતે તેની સુંદરતા જોઈને મન ફરી એકવાર દ્રૌપદીના વિચારોમાં ખોવાઈ ગયું. જેનો ભાઈ આટલો સુંદર છે, તે ખુદ કેટલી સુંદર હશે? કદાચ મારી તો આંખો જ અંજાઈ જશે. હવે હું તમને શું કહું...? અચાનક જ દ્રૌપદીની હજારો છબીઓ મારી આંખો સામે નાચવા લાગી.

બન્યું એવું કે દ્રૌપદીનાં વિચારોમાં ખોવાયેલો હું ક્યારે મહારાજ સામે પહોંચી ગયો, ભાન જ ન રહ્યું. પરંતુ આ શું...? મને ભોજનકક્ષને બદલે મહેલની દક્ષિણમાં આવેલા એક સુંદર અને વિશાળ ઉદ્યાનના આમ્રકુંજમાં લઈ જવાયો હતો. આટલું મોટું અને સુંદર ઉપવન મેં આજ સુધી કોઈ રાજમહેલમાં જોયું નહોતું. ...તો મેં રાજમહેલ પણ કેટલા જોયા હતા? જવા દો, ઉપવનની વાત કરું તો ઉપવનમાં દૂરથી જ એક મોટો અને બે નાના જળકુંડ દેખાઈ રહ્યા હતા, ત્યાંજ પાણીનાં ઘણાં નાના-મોટા કુંડ પણ દરેક જગ્યાએ દેખાતા હતા, જે ન માત્ર ફૂલોથી લચેલા હતા પરંતુ તેની આસપાસ જાતભાતનાં પંખીઓ પણ ઉડાઉડ કરી રહ્યાં હતાં. જાતભાતના વિશાળ વૃક્ષોથી ઘેરાયેલું આ ઉપવન પહેલી જ નજરે કોઈને પણ મોહી લેવા માટે સમર્થ હતું. ત્યાં સુરક્ષાની વાત કરું તો દસ બાર સૈનિક પણ ફરતા દેખાઈ રહ્યા હતા. ખેર, હાલ તો મહારાજા દ્રુપદ, મહામંત્રી ઉદ્ભાપની સાથે, અહીં ઉપવનની મધ્યમાં જ બનેલી એક વિશાળ બેઠકમાં પહેલેથી જ બિરાજમાન હતા. મને જોતાં જ મહારાજ અને મહામંત્રીએ ઊભા થઈને સારું અભિવાદન કર્યું અને સન્માનપૂર્વક મને બેસવા કહ્યું. મારા અને ધૃષ્ટદ્યુમ્નના બેસતાવેંત જ મહામંત્રી ત્યાંથી ઊઠીને ચાલી નીકળ્યા. હું સમજી ગયો કે વાતો તદ્દન વ્યક્તિગત સ્તરે થવાની છે. ...થોડી જ વારમાં કેટલીક સુંદરીઓ મદ્યનાં આકર્ષક ઘડાઓ સાથે આવી અને સોનાની પ્યાલીઓમાં મદ્ય રેડવા લાગી. જ્યારે મારી તરફ પ્યાલી ધરી તો મેં ઘણી વિનમ્રતાથી કહ્યું- મને આમ પણ આની કોઈ ખાસ આદત નથી, એટલે દિવસના સમયે લેવાનું મારે માટે બિલકુલ અશક્ય છે. હા, જો મારા ભાઈ હોત તો તેઓ તમને છેલ્લે સુધી સાથ આપત.

...ત્યારે તો મારે એમને જ બોલાવવા જોઈતા હતા- એકદમ ઉદાસ સ્વરે દ્રુપદના મુખેથી નીકળી ગયું.

ધૃષ્ટદ્યુમ્નને મહારાજની આ વાત ઠીક ન લાગી. મહારાજ પણ સમજી ગયા કે તેમનાથી ભૂલ થઈ ગઈ છે. તેમણે આવું નહોતું કહેવું જોઈતું. તેમણે તરત ક્ષમા યાચના કરતાં કહ્યું- ખબર નહીં આજકાલ મને શું થઈ ગયું છે? કહેવા કંઈ ઈચ્છું છું અને મોંમાંથી કંઈ બીજું નીકળી જાય છે.

હું તેમની લાચારી સમજી રહ્યો હતો. તેઓ શીઘ્રાતિશીઘ્ર દ્રોણ અને અર્જુનને પોતાના પગમાં પડેલા જોવા માંગતા હતા. વાસ્તવમાં વૈરાગ્નિએ એમને ગાંડા કરી મૂક્યા હતા. આથી મને તેમની વાતનું ખોટું ન લાગ્યું, બસ, હસી લીધું. જોકે હું જાણતો હતો કે જે હૈયે હોય છે એ જ હોઠે આવી જતું હોય છે. કારણ કે સમજી-વિચારીને બોલવામાં તો મસ્તિષ્કનો ઉપયોગ થાય છે. અને મસ્તિષ્ક ભીતરની વાતને છુપાવીને બહાર બીજું કંઈક પ્રકટ કરવામાં નિપુણ હોય છે. અને વળી મારે આ બધું શું સમજવાનું, મેં તો અનેક વાર આ કળાનો ઉપયોગ કર્યો છે. કેમકે કોઈને સીધેસીધું પૂછીએ તો તે થોડું કંઈ કહી દે છે કે મને તમારા પર ગુસ્સો છે. તે તો હંમેશાં હસીને પ્રેમભાવ જ વ્યક્ત કરે છે. કોઈની અંદર છુપાયેલા ભાવોને બહાર લાવવા માટે થોડી વાર પૂરતું તેના મસ્તિષ્કને કામ કરતું બંધ કરી દેવું જરૂરી છે. અને એ માટે તેને ઉશ્કેરવું જરૂરી હોય છે. એને એટલું ઉશ્કેરી મૂકો કે એકાએક સહજ શબ્દો તેના

મુખમાંથી સરી પડે. બસ, એ જ તેની વાસ્તવિક મનોદશા હોય છે. આમ સરવાળે કહેવાનું તાત્પર્ય એટલું જ કે દ્રુપદે ભલેને પોતાના મુખેથી નીકળેલા શબ્દો માટે માફી માંગી હોય, પરંતુ જે અચાનક મુખેથી નીકળ્યું તે જ દ્રુપદની વાસ્તવિક મનોદશા હતી. અને સાચું તો આજ છે કે આ સમયે દ્રુપદને દ્વારકાધીશની નહીં, તેમના પ્રતિશોધમાં સાથ આપનારાની જરૂર હતી. અને એમાં ખોટું પણ શું હતું? આ પોતપોતાની જરૂરિયાતની વાત હતી.

ખેર! વાતો કરતાં કરતાં જ એમણે એક પછી એક કેટલાય જામ ખાલી કરી નાખ્યા. કેટલીય વાર મારી સામે જોયું પણ...! સ્પષ્ટ હતું, કંઈક કહેવા માંગતા હતા, પણ કહેવાનું સાહસ એકઠું નહોતા કરી શકતા. પરંતુ ઘણીવાર, મદિરાની અધિકતા જરૂરી સાહસ ઉભું કરવામાં સહાયરૂપ થાય છે. ...અંતે તેમણે પણ વાત કરવાનું સાહસ એકઠું કરી જ લીધું. તેમણે ખૂબ જ ગંભીરતા સાથે પૂછ્યું- તમને સાંદીપનિજી દ્વારા મોકલવામાં આવેલો મારો સંદેશો તો મળી જ ગયો હશે.

મેં હકારમાં ફક્ત માથું ધુણાવ્યું. હું સંપૂર્ણ રીતે સાવધાન હતો. સંતુલન જાળવી રાખવું જરૂરી હતું. નાનકડી ભૂલ ખોટા તારણ પર પહોંચાડી શકે એમ હતી. મને માત્ર માથું હલાવીને આ રીતે ચૂપ થયેલો જોઈને મહારાજ દ્રુપદે વાતને ફરી આગળ ...તો પછી તમે દ્રૌપદી સાથે વિવાહ બાબતે શું વિચાર્યું છે?

આ તો દ્રુપદે એકદમ સીધો જ સવાલ પૂછી લીધો. હવે તેનો ગોળગોળ ઉત્તર કેમ આપી શકાય? છતાં પણ હું તો હું હતો. ઉત્તરમાં સવાલ કરવો એ આવા સીધા સવાલથી બચવાનો એકમાત્ર ઉપાય હોય છે. મેં તે જ કર્યું. મેં કહ્યું- તમે જાણો છો કે હું વિવાહિત છું, છતાં પણ તમે મારા પર જ આ કૃપા કેમ કરવા ઈચ્છો છો?

દ્રુપદ બોલ્યા- કારણ કે એક તમે જ છો, જે દ્રોણ અને અર્જુન સાથે મારા અપમાનનો બદલો લઈ શકો એમ છો.

લ્યો, આ તો એકદમ સીધી વાત પર ઉતરી આવ્યા છે. કાંઈ વાંધો નહીં. મેં ફરી વાત સંભાળતા કહ્યું- મહારાજ, કદાચ તમે નથી જાણતા કે પાંડવો લાક્ષાગૃહમાં મરી પરવાર્યા છે. અર્જુનને તો તેના કર્યાની સજા મળી ચૂકી છે. અને આજે નહીં તો કાલે દ્રોણને પણ પોતાની કરણીની સજા કુદરત આપી જ દેશે. નાહક તમે શું કામ પ્રતિશોધનું પાપ પોતાના શિરે લેવા ઈચ્છો છો?

પરંતુ પ્રતિશોધની આગ અન્ય ક્રોધ કરતાં જુદી અને ઊંડી હોય છે. મેં જોયું, અર્જુનના મૃત્યુના સમાચાર સાંભળીને પણ મહારાજ ખુશ ન થયા. પરંતુ એક ઊંડી ઉદાસી બાદ તેઓ બોલ્યા- આ તો બહુ ખોટું થયું. તેણે તો મારા હાથે મરવાનું હતું. કાંઈ વાંધો નહીં, પણ તેના ગુરુને સજા તો હું પોતે જ આપીશ. તે પણ તમારી મદદથી, તમને જમાઈ બનાવીને.

મેં કહ્યું- અર્થાત્ મારે દ્રૌપદીની સાથે સાથે તમારા પ્રતિશોધને પણ સ્વીકારવો પડશે?

દ્રુપદ બોલ્યા- બિલકુલ.

દ્રુપદ તો એકદમ ચોખ્ખીચટ વાતો કરી રહ્યા હતા. વાત ટાળવાનો કે ઘુમાવવાનો કોઈ મોકો જ નહોતા દઈ રહ્યા. પરંતુ મારે તો મારા તરફથી વાત ઘુમાવવાના પ્રયત્નો કરવાના જ હતા. વાતને કોઈ તારણ પર પહોંચવા જ નહોતી દેવાની. આ બાજુ ધૃષ્ટદ્યુમ્ન પણ પોતાના પિતાની આવી સીધીસટ વાતો સાંભળીને ચોંકી ઉઠ્યો હતો. અર્થાત્ મને તો છોડો, કદાચ તેને પણ દ્રુપદ પાસેથી આવી સ્પષ્ટ વાતોની અપેક્ષા નહોતી. હવે આશા હોય કે ન હોય, હાલ તો તેઓ સીધી ને સટ વાતો પર જ આવ્યા હતા. આથી મેં ફરી વાત ટાળવાના પ્રયાસરૂપે કહ્યું- તમે તમારા પ્રતિશોધની આગમાં તમારી પુત્રીનાં ભવિષ્યને દાવ પર લગાવવા માટે તૈયાર થઈ ગયા છો. પરંતુ શું તમે ક્યારેય આ બાબતમાં દ્રૌપદીને પૂછ્યું છે?

દ્રુપદ બોલ્યા- અવશ્ય! તમે શું એમ માની રહ્યા છો કે આટલો મોટો નિર્ણય હું તેને પૂછ્યા

વિના જ લઈ રહ્યો છું? તે મહારાજા દ્રુપદની પુત્રી છે, દ્રોણ અને અર્જુન સાથે પ્રતિશોધ લેવા માટે તે મારા કરતાં પણ વધારે વ્યાકુળ છે. કારણ કે પોતાના પિતાનું અપમાન તે સહન નથી કરી શકતી.

લ્યો, કરો વાત. હવે શું કહું? બાપ-બેટી બંને એક જ નાવમાં સવાર છે. ઉપરથી દ્રુપદ સીધી ને સટ વાત કરવા માટે આકળ વિકળ છે. અને અત્યારે ચોખ્ખી ‘હા’ કે ‘ના’ કહેવાનો આ સમય નથી. બહુ હોંશિયાર બનો છો ને કૃષ્ણ, હવે મહારાજને ઘુમાવો? લો, હમણાં જ ઘુમાવી દઈએ છીએ. બસ, મેં ઝટ દઈને વાતનું પાસું પલટતા કહ્યું- તમે પિતામહ જેવી કોઈ વ્યક્તિને મધ્યસ્થી બનાવીને ચર્ચા કેમ નથી કરતાં?

આ સાંભળતા જ દ્રુપદ ભડકી ઊઠ્યા- મારા અને દ્રોણ વચ્ચે તે શું મધ્યસ્થતા કરશે? તે આજ સુધી કૌરવો અને પાંડવો વચ્ચે તો મધ્યસ્થતા કરી નથી શક્યો.

તેમની વાત તો સોળ આના સાચી હતી. હું સંપૂર્ણ રીતે ચૂપ થઈ ગયો. તેનો કોઈ ઉત્તર હોઈ પણ નહોતો શકતો. અને તત્કાળ કોઈ નવા સવાલની શક્યતા નહોતી. આથી મેં ચૂપ રહેવાનું જ મુનાસીબ માન્યું. મને આ રીતે ચૂપ જોઈને આ વખતે દ્રુપદ અકળાઈને બોલ્યા- તમે આડી અવળી વાતો છોડીને, મારા પ્રસ્તાવ પર તમારો નિર્ણય જણાવવાની કૃપા કેમ નથી કરતાં?

આ તો દ્રુપદે મને હજી વધારે મોટી મુસીબતમાં નાખી દીધો. હું તરત ‘હા’ કહેવાની સ્થિતિમાં બિલકુલ નહોતો, અને ‘ના’ કહીને દ્રુપદની આશાઓ ઉપર પાણી ફેરવવા પણ નહોતો ઈચ્છતો. કારણ કે ‘હા’ કહેવાનો અર્થ હતો અર્જુન અને દ્રોણ સાથે યુદ્ધ, અર્થાત્ નાહકની હિંસા; અને ના કહેવાનો અર્થ હતો દ્રૌપદીના વિવાહની સંભાવનાનો દરવાજો કોઈ બીજા રાજા માટે ખોલવો. ...અને તેનું પણ અંતિમ પરિણામ તો યુદ્ધ જ હશે. થવા કાળ તો એ પણ થઈ શકે એમ હતું કે મહારાજ દ્રુપદ પ્રતિશોધની આગમાં એટલા નીચે ઉતરી બેસે કે પોતાનાથી મોટી ઉંમરના જરાસંધ જેવા દુષ્ટ સાથે દ્રૌપદીનો વિવાહ કરાવી બેસે. સાચું કહું તો મહારાજની અત્યારની સ્થિતિ જોતાં, આ શક્યતાથી પણ ઈન્કાર થઈ શકે તેમ નહોતો. ઊલટું, સાચુ કહું તો મને તો આ શક્યતા જ વધારે નજરે ચઢી રહી હતી. અને જો જરાસંધે દ્રોણ પર હુમલો કરી દીધો, તો પાંડવો અને કૌરવો સહિત સમગ્ર હસ્તિનાપુર દ્રોણ સાથે ઊભું હશે. અર્થાત્ પછી તો તે મહાયુદ્ધ થઈ જશે. અને મહાયુદ્ધનો અર્થ છે હજારો નિર્દોષ સૈનિકોનું મોત. લાખો મનુષ્યોનું જીવન બરબાદ. નહીં... નહીં, એવું તો ક્યારેય ન થવા દેવાય.

આમ સરવાળે આ બાબતે સાચે જ ગૂંચનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. દ્રુપદ પ્રતિશોધ લીધા વિના માનશે નહીં, ત્યાં બીજી બાજુ બેટી. ...બાપથી બે ડગલાં આગળ દેખાઈ રહી હતી. અર્થાત્ ‘એક તો કારેલું ઉપરથી લીમડાના ઝાડે ચડ્યું’. અને એમાં પણ કોઈ બેમત નહોતા કે આવી સુંદરી સાથે વિવાહ કરવા માટે કોઈપણ દ્રોણ સાથે પ્રતિશોધ લેવા માટે રાજી થઈ જશે. અર્થાત્ યુદ્ધ તો થઈને જ રહેશે. અને ચોક્કસપણે આ સમયે મારી એકમાત્ર પ્રાથમિકતા યુદ્ધ ટાળવાની હતી. મનુષ્ય જીવનને આ નકામા વિનાશથી બચાવવાની હતી. પરંતુ મામલો એવો ગૂંચવાયો હતો કે ‘હા’ કહું તો મારે પ્રતિશોધ લેવાનો હતો, અને ‘ના’ કહું તો કોઈ બીજાએ. અર્થાત્ સો વાતની એક વાત એ હતી કે વાતને ગૂંચવી નાંખવી અને દ્રુપદને ઊલટા રસ્તે ચઢાવી દેવા, એ જ યુદ્ધ ટાળવાનો એકમાત્ર ઉપાય હતો. અને તેના માટે વાતચીત ચાલુ રાખવી જરૂરી હતું, વાત પર પૂર્ણવિરામ જરાય મૂકી શકાય તેમ નહોતું. આથી ફરી એકવાર મેં વાતને ટાળવાની ગણત્રીએ કહ્યું- ઠીક છે, તો એકવાર હું દ્રૌપદીને મળી લઉં છું. તેના વિચાર પણ જાણવા જરૂરી છે. તેને પણ ખબર હોવી જોઈએ કે તેણે પોતાનું જીવન કયા વ્યક્તિ સાથે અને કેવી પરિસ્થિતિઓમાં વીતાવવાનું છે? ...મારી આ વાત સાંભળતા જ દ્રુપદના ચહેરા પર થોડી રાહત મળવાનો ભાવ જરૂર ઉપસ્યો. બસ, મેં પણ આશ્વાસ્ત કરવા અને વાત ટાળવાના ઉદ્દેશથી કહી દીધું- તમે ચિંતા ન કરો, મહારાજ! હું અને દ્રૌપદી સાથે મળીને યોગ્ય નિર્ણય લઈ લઈશું. હવે તમે પૂર્ણપણે નિશ્ચિંત થઈ શકો છો.

મહારાજ મારી વાત સાથે સહમત થતાં લાગ્યા. મેં પણ નિરાંતનો શ્ર્વાસ લીધો કે ચાલો આ બહાને આ વાત કેટલાક દિવસો સુધી ટળી તો ગઈ. ભલેને દ્રુપદને કોઈ ચક્કરમાં ન નાખી શક્યો, કદાચ દ્રૌપદીને ગૂંચવી શકું? તે થોડી જ પોતાના પિતા જેટલી પાક્કી હશે? હવે દ્રૌપદી સાથે મુલાકાત પણ ક્યાં દૂરની વાત હતી? બે દિવસ પછી જ દ્રૌપદી સાથે મુલાકાત કરવાનું નક્કી થયું હતું. એટલે ભોજન વગેરે કરીને, મહારાજ પાસેથી રજા લઈને કોઈક રીતે પોતાનો જીવ બચાવીને હું ત્યાંથી ભાગી છુટ્યો.

ખરેખર ઘણી માનસિક કસરત કરાવી હતી દ્રુપદે. આ તો હું જ હતો કે વાત ગૂંચવીને ત્યાંથી ભાગી છૂટવામાં સફળ થઈ શક્યો હતો. જોકે પાછા આવ્યા પછી પણ મગજ તો ત્યાંજ ગૂંચવાયેલું હતું. યુદ્ધ કોઈપણ સ્થિતિમાં ટાળવાનું હતું, પણ ટાળવાનો કોઈ ઉપાય નહોતો દેખાઈ રહ્યો. હવે આગળનો બધો દારોમદાર દ્રૌપદીને ઘુમાવી શકવા પર જ નિર્ભર હતો. પરંતુ ચિંતાનો મુખ્ય વિષય એ હતો કે જ્યારે દ્રુપદ સામે નથી ચાલ્યું, તો સુંદરતા સામે કેવી રીતે ચાલશે? સુંદરતા તો મારી સ્વભાવગત કમજોરી હતી. હવે મોકો તો મળવા દો, એની સાથે પણ ભરી પીશું.

ખેર! આ બાજુ મારા મનમાં આ બધું ચાલી રહ્યું હતું, તો એ બાજુ ઉદ્ધવ મહારાજ મારા હાવભાવોથી દ્રુપદ સાથે મુલાકાત કેવી રહી, તેનો અંદાજો લગાવવામાં લાગ્યા હતા. હશે, મેં પણ ચિંતનને લગામ આપીને થોડી વાર તેની સાથે વાતો કરવામાં જ મારી ભલાઈ સમજી. આ બાજુ ઉદ્ધવે દ્રૌપદી અને પાંડવમાંથી કાઢીને ચિંતનની દિશા દ્વારકા બાજુ વાળી દીધી. વાત પણ સાચી હતી, ત્યાંથી ઘણાં દિવસોથી કોઈ સમાચાર નહોતા. સારું જ હતું, મને પણ ત્યાંના કોઈ સમાચારની કોઈ વિશેષ પ્રતીક્ષા નહોતી. અન્યથા ગુપ્તચર તો મોકલી જ દીધો હતો, એ જ્યારે ખબર લાવશે, સાંભળી લેવામાં આવશે. નહિતર એક હું જ નથી તો શું, ત્યાં આખી દ્વારકા તો છે જ. હું નકામી ચિંતા કરીને શું કામ દૂબળો થાઉં? હાલ તો જે માથા પર આવી પડી છે, પહેલા તેની સાથે તો ભરી પીવું. બસ, આ બધું વિચારીને રાત થતાં થતાં મેં પાછું મારું સમગ્ર ધ્યાન દ્રૌપદી સાથે થનારી મુલાકાત પર કેન્દ્રિત કરી દીધું.

...અહીં તમારી સાથે સ્પષ્ટતા કરી દઉં કે હું બને ત્યાં સુધી હંમેશાં એકાગ્ર રહેવાનું પસંદ કરતો હતો. મોટે ભાગે જ્યાં મારું શરીર રહેતું હતું, ત્યાંજ મારું મન રહેતું હતું. મનુષ્યનું મન ઈચ્છે તો એકવારમાં હજારો સ્થાન પર હોઈ શકે છે, પરંતુ શરીર એક સમયે એક જ સ્થાન પર હોઈ શકે છે. આજ મનુષ્ય શરીરની મર્યાદા છે. અને હું હંમેશાં મન ત્યાંજ રાખતો હતો જ્યાં મારું શરીર હોય. અને મારું શરીર ત્યાંજ રહેતું, જ્યાં તે સમયે તેને હોવું જોઈતું હતું. તેથી આ સમયે મારું શરીર જ નહીં, મન પણ સંપૂર્ણ રીતે 'પાંચાલ'માં જ હતું. અને ચિંતન આર્યાવર્ત પર ઘેરાઈ રહેલા યુદ્ધનાં વાદળાઓને વિખેરવા પર કેંદ્રીત હતું. આવામાં નકામી દ્વારકાની ચિંતા કરીને સ્વયંને વિભાજિત કરવાનો સવાલ જ ઊઠતો નહોતો.

ખેર! એક તો સતત કરવામાં આવેલી યાત્રાનો થાક, ઉપરથી અહીં વેઠવો પડી રહેલો માનસિક થાક, બે દિવસ ક્યાં વીતી ગયા કંઇ ખબર જ ન પડી. કહેવા ખાતર તો આ બે દિવસ શરીરે પૂર્ણ આરામ કર્યો હતો, પરંતુ કદાચ ચિંતનમાં ગૂંચવાયેલા મનને કારણે સમયની ખબર જ નહોતી રહી. હશે, આજે દ્રૌપદી સાથે મુલાકાતનો સમય નક્કી હતો. એ બાજુ દ્રૌપદી સાથેની મુલાકાતને લઈને ઉદ્ધવ મારા કરતાં વધારે ઉત્સાહિત દેખાતો હતો. આમ તો તેના ઉત્સાહ પાછળ એક જ કારણ હતું. વળીવળીને તેને મારા પર વ્યંગબાણ તાકવાનો મોકો મળી રહ્યો હતો. ત્યાંજ, આ બાજુ હું તેની અવહેલના કરીને જાતને દ્રૌપદી સાથે થનારી મુલાકાત માટે માનસિક રીતે તૈયાર કરવામાં લાગ્યો હતો. સાથે જ મારું ધ્યાન સજવા-ધજવામાં પણ લાગેલું જ હતું. હું સવારથી જ એક વસ્ત્ર કાઢતો તો બીજું અંદર રાખતો. એક આભૂષણ પહેરતો તો બીજું બહાર કાઢતો. બસ, ઉદ્ધવના કટાક્ષ સાંભળતા સાંભળતા આ બધું કામ કરવામાં લાગેલો હતો. હવે જેને વિશ્ર્વસુંદરી કહે છે તેને મળવાનો ઉત્સાહ તો યથાવત્ જ રહે છે. એ તો એ, અંતે હું તો મારી પોતાની સ્વાભાવિક ગમતી વેશભૂષા, જેવી કે માથે મોરમુગટ, પીતાંબર, ઘૂંટણો સુધી લહેરાતો સુવર્ણ ઝભ્ભો, ગૂંજોની માળા અને હાથમાં સુદર્શન-ચક્ર અને વાંસળી સાથે સજ્જ

થઈને જ તૈયાર થયો હતો.

આ બાજુ મારી પોતાની સ્વાભાવિક વેશભૂષામાં મને આ રીતે સાવધાનીપૂર્વક તૈયાર થયેલો જોઈને ઉદ્ધવને મજાકનો બીજો એક મોકો મળી ગયો. કાંઈ વાંધો નહીં, આ તો સવારથી ચાલી રહ્યું હતું. તે તેના કામમાં લાગેલો હતો, હું મારા. મજા દારુકને હતી, જેને માત્ર તમાશો જોવાનો હતો. ...હવે એવું પણ નહોતું કે હું વિશ્ર્વસુંદરીને મળવા જઈ રહ્યો હતો એટલા માટે વિશેષ રીતે સજીધજીને તૈયાર થયો હતો. સત્ય તો એ જ હતું કે સારી રીતે તૈયાર થવું મને આમ પણ પસંદ હતું. હા, આજે થોડું વિશેષરુપે તૈયાર અવશ્ય થયો હતો. હવે આટલું તો ચાલે જ. પરંતુ આ સમયે ઉદ્ધવને સફાઈ આપવી એ બે-ચાર વધારે વ્યંગબાણને આમંત્રણ આપવા જેવું હતું. વળી મારી એક વિશેષતા હતી, તો આજે તેનો પણ તમારી સામે હાથવગો ઉલ્લેખ કરી લઉં. બહાર લાખ ઉપદ્રવ ભલેને ચાલી રહ્યા હોય, મારી ભીતર હંમેશાં એક ગજબની શાંતિ કાયમ પથરાયેલી જ રહેતી હતી. ભીતર વાંસળીની એક મધુર ધૂન વાગતી જ રહેતી હતી. અને મારા આજ ગુણને કારણે મારા વ્યક્તિત્વમાં એક ચુંબકીય આકર્ષણ રહ્યા જ કરતું હતું. ખાસ કરીને સ્ત્રીઓને આ કારણે હું ઘણો આકર્ષક લાગતો હતો. આ વાત હું આજે એટલા માટે કહી રહ્યો છું કે કદાચ વિશ્ર્વસુંદરી સાથેની મુલાકાત પછી ક્યાંક આ મારી ભ્રમણા ન સિદ્ધ થઈ જાય? ક્યાંક એવું ન થાય કે હું મારી પ્રશંસા કરવાના મોકાથી જ વંચિત રહી જાઉં?

...જવા દો, આ નકામી વાતોમાં શું રાખ્યું છે. આજે તો બે પરમ આકર્ષણોની ટક્કર હતી. એક ઐતિહાસિક મુલાકાત હતી. કોણ કોને પોતાનાં આકર્ષણની જાળમાં કેટલો ફસાવી શકે છે અને કેટલો ફસાય છે, આ ખેલ જોવામાં મારા દ્રષ્ટાને પણ મજા આવવાની જ હતી. આથી, આડી અવળી વાત કરવાને બદલે ચર્ચા તેની જ કરવામાં આવે. હવે અહીં ઉત્સાહને લીધે તૈયાર તો ક્યારનો થઈ ગયો હતો, બસ, આમ જ પ્રતીક્ષા કરતો ખંડમાં આમતેમ ચક્કર લગાવી રહ્યો હતો. જોકે અહીં એ સ્પષ્ટ કરી દઉં કે ટહેલવું એ આમ પણ મારી આદત હતી. હું વધારે સમય સુધી એક જગા પર બેસી જ નહોતો શકતો. આથી પ્રતીક્ષા ન પણ કરી રહ્યો હોત, તોય નકામા બેસવા કરતાં ચક્કર જ લગાવતો હોત. અને ઉદ્ધવ પણ આ વાત સારી રીતે જાણતો જ હતો. પરંતુ આજે તેનાથી શું થવાનું હતું, આજે તો વાતાવરણ પણ હતું અને ઈરાદો પણ. બસ, તેને આ વાત પર પણ વ્યંગ સૂઝ્યો. તે મને આંટા મારતો જોઈને થોડો અકડાઈને બોલ્યો- દુલ્હે રાજા, આવી પણ શું બેકરારી? થોડી ધીરજ ધરો, નિમંત્રણ આવી જ રહ્યું હશે. ...હવે હું તો આ બધી વાતો માટે તૈયાર જ હતો. આથી, તેની વાત સાંભળી કરીને મારું આંટા મારવાનું ચાલું રાખ્યું. હવે તૈયાર થયા બાદ માણસ આંટા મારી રહ્યો છે તો શું એનો અર્થ એ થયો કે તે પ્રતીક્ષામાં દુબળો પડી રહ્યો છે? ...વાત કરે છે કંઈ...

ખેર! આ બાજુ બપોર થતાં થતાં ધૃષ્ટદ્યુમ્ન મને લેવા આવી ગયો. હું તો તૈયાર જ હતો અને આમ પણ ઉદ્ધવથી જીવ છોડાવવા માંગતો જ હતો, તરત તેની સાથે ચાલી નીકળ્યો. આ સમયે મહેલની ગલીઓમાં ટપ ટપ કરતો હું ધૃષ્ટદ્યુમ્ન સાથે આગળ વધી રહ્યો હતો. પાછળ ચાર સૈનિકો પણ ચાલી રહ્યા હતા. હવે મહેલની અંદરના મહેલમાં તો જવાનું હતું, સમય ક્યાં લાગવાનો હતો? છતાં પણ આ થોડી જ ક્ષણોમાં મારા મનમાં હજારો તોફાન ઊઠ્યાં અને શાંત થયાં. અને ત્યાં સુધીમાં અમે દ્રૌપદીના ખંડની બહાર પણ આવી પહોંચ્યા હતા. આ બાજુ ધૃષ્ટદ્યુમ્ને મને દ્રૌપદીના કક્ષની બહાર છોડ્યો અને અંદર જવાનો ઈશારો કરીને ત્યાંથી ચાલી નીકળ્યો. અર્થાત્ તેના તરફથી તેણે પહેલેથી જ મને એકાંત આપી દીધું. મેં પણ પૂર્ણ ઉત્સાહ સાથે અને એકદમ શાનથી ટકોરા મારીને આર્યાવર્તની ‘સર્વશ્રેષ્ઠ સુંદરી’ના કક્ષમાં પ્રવેશ કર્યો. સમગ્ર કક્ષ ધૂપ અને અત્તરની ખુશ્બૂથી મઘમઘી રહ્યો હતો. દ્રૌપદી પોતાની સેવિકાઓ સાથે મારી જ પ્રતીક્ષા કરી રહી હતી. અરુણાભ રેશમી વસ્ત્રોથી સુસજ્જિત તેની કાયા ખીલતા સૂર્યાસ્તનાં કિરણોની જેમ પ્રકાશિત હતી. તેને જોતાં જ મારા મન પર તેનાં સૌંદર્ય અને દેહયષ્ટિનો પ્રથમ પ્રભાવ જ ખૂબ ઊંડો પડ્યો. પહેલો વિચાર જ એ આવ્યો કે સ્ત્રી આનાથી વધારે

સુંદર હોઈ જ ન શકે. દ્રૌપદી, મારી હજારો કલ્પનાઓથી પણ હજારોગણી સુંદર હતી. હા, તેનો રંગ તેના ભાઈ જેટલો ગોરો નહોતો. ...ચૂપ કર. શ્યામ તો તું પણ છે... તો શું...? હું કેટલો મનમોહક છું, નથી જાણતા શું? બસ, સૌંદર્યની પરાકાષ્ઠા જોઈ મનોમન બબડવા લાગ્યો હતો.

...અજબ દૃશ્ય હતું. હું હજી પણ દરવાજા પાસે ઊભો ઊભો તેને જોઈ રહ્યો હતો. આગળની કંઈ ગતાગમ પડવાનું જ બંધ થઈ ગયું હતું. આ બાજુ દ્રૌપદી તેની આરામદાયક બેઠકમાં બેઠી હતી. કુલ ચાર સેવિકાઓ તેની સેવામાં હાજર હતી. બે તેને પંખો નાંખી રહી હતી અને બે તેના કોઈ અન્ય હુકમની પ્રતીક્ષા કરી રહી હતી. અને દ્રૌપદીની વાત કરું તો તેની બાબતમાં કંઈપણ જાણવા માટે તેને ધ્યાનથી જોવી તો જરૂરી હતું. બસ, થોડું ભાન આવતા જ ઉપરથી નીચે સુધી નીરખવાનું શરૂ કરી દીધું. તેની આંખો, તેનાં હોઠ, તેનાં વાળ, તેનું નાક, તેનું અંગેઅંગ સર્વશ્રેષ્ઠ હતું. તેનું કોઈપણ એક અંગ તેને વિશ્ર્વસુંદરી બનાવવા માટે પર્યાપ્ત હતું. દ્રૌપદી આજના સમયની સર્વશ્રેષ્ઠ સુંદરી તો લાગી જ રહી હતી, પણ હું દાવાથી કહી શકું છું કે આવું સૌંદર્ય હજારો વર્ષોમાં ક્યારેક ક્યારેક જ પ્રકટ થતું હશે. આવું અદ્ભુત સૌંદર્ય જોઈને મારા જેવા સૌંદર્ય-પ્રેમીના તો હોશ જ ઊડી ગયા હતા. આ તો દ્રૌપદીએ ખોંખારો ખાવાનો અવાજ કર્યો, છેક ત્યારે હું પાછો હોશમાં આવ્યો. હોશમાં આવતા જ, કહી શકું છું કે પહેલી વાર મેં તેને ધ્યાનથી જોઈ. તે મારી તરફ જોઈને હસી રહી હતી. હવે ખબર નહીં કે એ મને જોઈને હસી રહી હતી...કે મારી હાલત પર હસી રહી હતી. હવે જે હોય તે, જવાબમાં મેં પણ સ્મિત રેલાવી દીધું. પરંતુ તેનાં સ્મિત સામે મારું સ્મિત એકદમ ફિક્કું પડી ગયું હતું. ...જોકે તેનાં સ્મિતમાં એક ગુમાન છુપાયેલું સ્પષ્ટ નજરે આવતું હતું. ખબર નહીં, તે ગર્વ પોતાનાં સૌંદર્યનું હતું કે મારા જેવાઓના હોશ ઉડાવવાનું? જોકે હજી અમારી ઔપચારિક મુલાકાત થઈ હોય, એવું કહી શકાતું નહોતું. ન વાતચીત થઈ હતી, ન ઓળખાણ. જો અમારી બંને વચ્ચે કોઈ સંવાદ થયો હતો તો આ સ્મિતની આપ-લેનો જ થયો હતો. એક રીતે તો સ્મિતનાં આદાન-પ્રદાન માત્રથી જ તેણે મારા આકર્ષક વ્યક્તિત્વના અહંકારનો બધો નશો ચકનાચૂર કરી દીધો હતો.

...કૃષ્ણની આ દુર્ગતિ? નહીં... નહીં! આ સહન કરી જ શકાતું નહોતું. એ પહેલાં કે બાજી સંપૂર્ણ રીતે હાથમાંથી બહાર નીકળી જાય અથવા આખા જગતમાં હાંસી થઈ જાય, થોડા સાવધાન થાવ, કૃષ્ણ મહારાજ. જાગો મોહન પ્યારે! પોતાના મોહરૂપી અહંકારને દૂર કરો. દ્રષ્ટાને મજબૂત કરો. આ તો તું દ્રૌપદીનાં આકર્ષણમાં ખોવાઈ રહ્યો છે. પોતાના હાથે પોતાનાં વ્યક્તિત્વની મજાક કરાવી રહ્યો છે? પોતાના મન, બુદ્ધિ અને હૃદયની કમાન દ્રષ્ટાને સોંપો. જલ્દી કંઈ કરો. ...નહિતર કામથી પણ જશો અને નામથી પણ. જોકે સાધારણ પરિસ્થિતિ હોત તો હું મારા અહંકાર, મન કે બુદ્ધિ પર નિયંત્રણ ક્યારેય ન લાદત. એમને દ્રૌપદી જેવી સુંદરીનાં આકર્ષણમાં ખોવાઈ જવાની સંપૂર્ણ છૂટ આપી દેત. ફજેતી થઈ જાત તો થઈ જવા દેત. પરંતુ આ સમયે તો હું મારા પરમ કર્તવ્ય ‘સર્વ હિતાય - સર્વ સુખાય’ થી બંધાયેલો હતો. હજી મારે કૌરવો અને પાંડવો વચ્ચે સમાધાન સાધવાનું હતું. દ્રુપદ અને દ્રોણ વચ્ચેનું સંભવિત યુદ્ધ ટાળવાનું હતું. આવામાં આ કોઈ દ્રૌપદીની સુંદરતાનાં આકર્ષણમાં ખોવાઈ જવાનો યોગ્ય સમય થોડો જ હતો? ...બસ, પળવારમાં જ મેં જાતને સંપૂર્ણ રીતે સંભાળી લીધી. હવે મારા વ્યક્તિત્વની પૂરી લગામ મારા દ્રષ્ટાના હાથમાં હતી. મારું મન, મારો અહંકાર બધું શૂન્ય થઈ ગયું હતું. પળવારમાં હું સંપૂર્ણ રીતે પ્રકૃતિસ્થ થઈ ગયો હતો. હવે દ્રૌપદીની સુંદરતાના તીરોથી કોઈ જોખમ નહોતું. ચાહે ગમે તેટલી અદાઓ બતાવે, ચાહે જેટલા તીર ચલાવી લે... બધું બેકાર. મારી લગામ મારા દ્રષ્ટાએ શું સંભાળી, મારા સ્મિતનો જાદૂ સમગ્ર ખંડમાં છવાઈ ગયો. હવે મારું સ્મિત, મારું વ્યક્તિત્વ દ્રૌપદી કરતાં ક્યાંય કમજોર નહોતું પડી રહ્યું. નકામો અહંકારના વશમાં આવીને પોતાની શાખ કમજોર કરી રહ્યો હતો.

ખેર! હવે મારું ધ્યાન યુદ્ધ ટાળવા પર પરોવાયેલું હતું. દ્રુપદને તો ગૂંચવી શક્યો નહોતો, પણ

દ્રૌપદીને તો ગૂંચવવી જ પડે એવું હતું. અને આ માટે મારે સુંદરતાની આ દેવી સમાન દોરડા ઉપર એક નટની જેમ ચાલવાનું હતું. કારણ કે ન તો ઉતાવળમાં તેની સાથે વિવાહ કરવાનો નિર્ણય લઈ શકાતો હતો, અને ઈન્કાર... એ તો કરી શકાય તેમજ નહોતો. તેનાથી તો દ્રુપદના 'દ્વાર' અન્ય લોકો માટે તત્ક્ષણ ખૂલી જશે. એ પરિસ્થિતિમાં તો તેઓ જરાસંધ જેવો કોઈપણ વિકલ્પ પસંદ કરી લેશે. અને દ્રૌપદીની સુંદરતા તેમના પ્રતિશોધની આગ ઠંડી કરવા માટે ...કોઈને પણ, કોઈપણ સ્તરની હિંસા કરાવવામાં સક્ષમ લાગી રહી હતી. અને આજ હું નહોતો ઈચ્છતો. નકામી હિંસા ટાળવાના ઉદ્દેશથી જ તો હું અહીં આવ્યો હતો. અજબ હાલત હતી મારી. એક તરફ દ્રૌપદીની સુંદરતાને લીધે મનમાં આમ પણ સંઘર્ષ ચાલી રહ્યો હતો, તો બીજી બાજુ સમગ્ર આર્યાવર્તની રાજનીતિ નખશિખ સવાર થઈને ઊભી હતી.

...જોકે આ માથાકૂટ હોવા છતાં, હું આપમેળે જ કક્ષની ખાસ્સી અંદર અને દ્રૌપદીની થોડી નજીક જઈને અવશ્ય ઊભો હતો. આ બાજુ સ્મિતનું આદાન-પ્રદાન અટકતા જ દ્રૌપદી પણ પોતાની જગા પરથી ઊભી થઈ ગઈ હતી. અને એ પહેલા કે હું કંઈ સમજું, સ્વર્ણથાળમાં પ્રજ્જવળી રહેલા દીપકોથી મારી આરતી ઉતારીને તેણે મારું સ્વાગત કર્યું. એ પણ એવી અદાથી આંખોમાં જોઈને કે કોઈને પણ ઘાયલ કરી દે. આ તો સારું હતું કે યોગ્ય સમયે મેં દ્રષ્ટાને લગામ સોંપી દીધી હતી, નહિતર કદાચ ત્યાંજ તેનાં ચરણોમાં ઢળી પડ્યો હોત. પરંતુ હવે તેની સુંદર અદાઓમાં એ જાદૂ ક્યાં રહ્યો હતો કે જે મારા સ્થિર દ્રષ્ટાને હલાવી શકે? પણ આ તો મારા મનની વાત હતી. તેના તરફથી વાત ક્યાં અટકી હતી? અહીં તો આરતી પૂર્ણ થતાં જ મારા પર અત્તર છાંટવામાં આવ્યું. ત્યાર બાદ એક સેવિકાએ ચંદનનો થાળ દ્રૌપદીની સામે ધર્યો અને બીજી સેવિકાએ તેના એક હાથમાં હાર આપ્યો. મેં સહયોગ કરવાની ભાવનાથી તિલક લગાવવાના હેતુથી મારું કપાળ આગળ ધર્યું, પરંતુ દ્રૌપદીએ મને ન તો ચંદનનું તિલક લગાવ્યું ...ન હાર પણ પહેરાવ્યો. ઊલટું તે હાર સેવિકાને પાછો આપતા અત્યારે નહીં, હજી હાર પહેરાવવાનો સમય નથી આવ્યો.

તેના મુખેથી નીકળેલો આ પહેલો શબ્દ હતો અને એ પણ એટલો કઠોર કે હું તો સંપૂર્ણ રીતે અવાક્ થઈ ગયો. તેની વાણી જેટલી મધુર હતી, તેનો વ્યંગ એટલો જ ચોટદાર હતો. તેના અંદાજથી જ એટલું તો સ્પષ્ટ હતું કે તે શ્રેષ્ઠ સુંદરી જ નહીં, મધુર વાણી અને તીક્ષ્ણ બુદ્ધિની માલિક પણ છે. મેં તો શરમના માર્યા આગળ ધરેલું કપાળ અને હાર પહેરવા ઉતાવળી ગરદન- બંનેને પોતાના મૂળ સ્થાને લાવી દીધાં. અરેરે... આ તો દ્રષ્ટાને પણ ઝૂકાવી ગઈ. એક વાત તો નક્કી હતી કે કુદરતે દ્રૌપદીને પુરુષને ઘાયલ કરવાના અને તેને ગુલામ બનાવવાના તમામ હથિયારોથી સુસજ્જ કરી હતી. કદાચ આ સમયે મારો દ્રષ્ટા મજબૂત ન હોત તો મને પણ ક્યારનો પોતાની પાછળ ઘેલો કરી મૂક્યો હોત. હશે, અત્યારે તો તેણે ઈશારાથી મને સામે જ એક ભવ્ય સિંહાસન પર બેસવાનું આવાહન કર્યું. જેમ દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકીફૂંકીને પીવે છે, એ જ રીતે તિલક લગાવવા અને હાર પહેરાવવાની ભૂલ પર થાપ ખાવાને લીધે હું એકદમ સંભાળીને સિંહાસન પર બેઠો. મારા બેસતા જ તેણે મને નખશિખ નિહાળ્યો. એવી રીતે જાણે કે હું અહીં કોઈ પરીક્ષા આપવા ન આવ્યો હોઉં. ત્યાર બાદ એક પ્રેમાળ સ્મિત રેલાવતા મેં તમારા વિશે જેવું સાંભળ્યું હતું, એવા જ તમે છો.

...આટલું કહીને તે ખિલખિલાટ હસીને એવી ચૂપ થઈ ગઈ કે જાણે કોઈ નાગણ ડંખીને ચાલી જાય. જોકે અત્યાર સુધીમાં તો હું પણ ઘણો સ્વસ્થ થઈ ગયો હતો. તેનાં સૌંદર્યનાં મોહમાંથી સંપૂર્ણ રીતે બહાર આવી ગયો હતો. તત્ક્ષણ મેં વળતો પ્રહાર કરતાં કહ્યું- આજ વાત હું તમારી બાબતે પણ કહી શકું છું.

આ સાંભળીને થોડી વાર તો તે હસતી રહી, પછી મને જોતા જોતા જેવું સાંભળ્યું હતું... તમને ખોટું બોલવાનું સારું ફાવે છે. ચોક્કસપણે તમે મારા વિશે જેટલું સાંભળ્યું હશે તેના કરતાં હું ઘણી

બહેતર લાગી હોઈશ.

હું તો આ સાંભળતા જ દંગ રહી ગયો. આટલો અહંકાર... સારો નહીં. જોકે પરિસ્થિતિનો તકાજો જોતા મેં કંઇ કહ્યું નહીં, ચૂપ જ રહ્યો. પરંતુ વાત કંઇ જામી નહીં. આ બાજુ અચાનક તેને શું સૂઝ્યું કે તાળી પાડીને પોતાની સેવિકાઓને ચાલ્યા જવાનો આદેશ આપ્યો, અને સેવિકાઓના જતાવેંત જ તે બરાબર મારી સામે રાખેલા એક આરામદાયક આસન પર આડી પડી હોય એવી મુદ્રામાં બેસી ગઈ. હવે અમે બંને આ વિશાળ ખંડમાં એકલા હતા. થોડી વાર માટે ફરી કક્ષમાં ચૂપકીદી છવાઈ ગઈ. બસ, એકબીજાને જોઈને અને સ્મિતનાં આદાનપ્રદાનથી કામ ચલાવી રહ્યા હતા. અંતે મેં જ મૌન તોડ્યું. એમ જ કહેવા ખાતર કહી દીધું- તમે સેવિકાઓને દૂર કરીને સારું નથી કર્યું.

કેમ?- તે બોલી.

મેં કહ્યું- આનાથી તેમના મનમાં આપણા માટે જિજ્ઞાસા જાગશે. નકામી આમતેમ ઝાંખશે.

દ્રૌપદી આ બાબતે તમારા મનમાં જાગેલો ભય મારા માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

મેં આશ્ચર્યચકિત થઈને પૂછ્યું- એમ કેમ?

તે એક તો એનાથી એક વાત નક્કી છે કે તમે તમારી મર્યાદામાં રહેશો. અને બીજું આ ભય પરથી એવું લાગે છે કે તમે મારા પ્રભાવથી બચવાનો પ્રયત્ન કરી રહ્યા છો.

એની વાત સાંભળીને એવું લાગ્યું કે જાણે તે માત્ર મારા મસ્તિષ્ક અને મારા અહંકાર સાથે જ નહીં, પણ મારા આખા અસ્તિત્વ સાથે ચોપાટ રમી રહી હોય. જોકે મસ્તિષ્ક સાથે ચોપાટ રમવામાં હું પણ કંઇ ઓછો માહેર નહોતો. પણ શું કરું, આ ચોપાટ રમવાનો સમય નહોતો. દુર્ભાગ્યે આ સમયે 'દીવાને-કૃષ્ણ'નું સંપૂર્ણ ધ્યાન મહારાજા દ્રુપદના વૈરાગ્નિને શાંત કરવામાં લાગ્યું હતું... નહિતર તો ખેલ પણ મનગમતો હતો અને પાત્ર પણ શ્રેષ્ઠ હતું. આ બાજુ થોડો સમય ચોપાટ રમીને તે આપોઆપ મુખ્ય બિંદુ પર આવી ગઈ. તેણે બિલકુલ શાંત ભાવે પૂછ્યું- તમને પિતાજીનો પ્રસ્તાવ તો મળી જ ગયો હશે?

હું સંપૂર્ણપણે સતર્ક થઈ ગયો. સૌંદર્ય તથા વાક્પટુતાના હજાર વાર પસંદ હતા. માનસિક ચોપાટમાં હાર પણ મંજૂર હતી, પરંતુ બદલાની આગને પ્રેમમાં રૂપાંતરિત કરવાના પ્રશ્નને કોઈ બાંધ-છોડ મંજૂર નહોતી. એટલે મેં ખૂબ કહ્યું- હા, તમારી સાથે લગ્નનો અને બદલામાં દ્રોણ તથા અર્જુન સાથે બદલો લેવાનો સંયુક્ત પ્રસ્તાવ મને મળ્યો હતો. પણ આ બાબતે હું તમારો અભિપ્રાય જાણવા માગું છું.

આ વખતે તે થોડો છણકો કરીને જો તમે ઇચ્છો તો તમે મને અત્યારથી જ તું કહીને બોલાવી શકો છો.

હું એકદમ ચૂપ થઈ ગયો. આની સાથે કઈ રીતે વાત કરી શકાય? આ તો વાતે વાતે નિરુત્તર કરી દે છે. વાક્પટુતામાં તો મારી પણ દાદી છે. મને આ રીતે ચૂપ જોઈને તે ફરી હવે શું વિચારવા બેઠા?

મેં કહ્યું- જો પાંચાલી! તું સુંદર પણ છે અને સમજદાર પણ. હું વિચારી રહ્યો હતો કે આજે આ આર્યાવર્તને શું થઈ ગયું છે? આજે દરેક જગ્યાએ અરસપરસના સંબંધો અને રાજકારણને લઈને નારીની અસ્મિતા દાવ પર લગાવવામાં આવી રહી છે. એ તરફ જરાસંધ માત્ર રાજકીય લાભ માટે પોતાની પૌત્રી, 'અપ્નર્વા'ના લગ્ન રુક્મી સાથે કરવા માગે છે. ત્યાં વળી રુક્મી જરાસંધને ખુશ કરવા માટે રુક્મિણીના લગ્ન શિશુપાલ સાથે કરવા માંગતો હતો. આ બાજુ તારા પિતાજી એક પ્રતિશોધ માટે તારા લગ્ન મારી સાથે કરાવવા તૈયાર છે. નૈતિક રીતે જોઈએ તો લગ્ન એક પ્રેમના સંબંધ સ્વરૂપે હોવા જોઈએ, યોગ્ય વરની પસંદગી થવી જોઈએ, સોદો નહીં.

કમાલ છે! મારી આટલી ગંભીર વાત સાંભળીને પણ તે જરાય ગંભીર ન થઈ! ઉપરથી તે મારી ગંભીર વાતની મજાક ઉડાવતા પણ અહીં તો મામલો જ સાવ ઊંધો છે. અહીં તો પિતાજી મને આપને સોંપવા કરતાં તમને અપનાવવા માગે છે, જેથી તમારી મદદથી તે દ્રોણ સાથે બદલો લઈ શકે.

...પછી થોડી વારના મૌન બાદ, કાતિલ સ્મિત કરતાં તે અને... ભગવાનની મહેરબાની છે કે તમે... 'તમે'માંથી તું પર તો આવી ગયા.

પણ સાચું કહું તો હું મારી આ ગંભીર વાતને કોઈપણ ભોગે હસવામાં ખપાવવા નહોતો માંગતો. જો વાત આ મુદ્દા પરથી હટી જશે તો બહુ મોટી તકલીફ ઊભી થશે. કેમકે દ્રુપદને ચક્કરમાં ન લઈ શક્યા પછી દ્રૌપદી જ મારી અંતિમ આશા હતી. માટે મેં વાતને ગંભીરતા પ્રદાન કરવાનો પ્રયાસ કરતાં કહ્યું- પણ શું તું તારું જીવન માત્ર એક પ્રતિશોધ ખાતર દાવ પર લગાડવા માગે છે?

પરંતુ દ્રૌપદી પણ દ્રૌપદી હતી. મારા વિચારવા કે પ્રયત્ન કરવાથી શું થવાનું હતું? તે ગંભીર થવા જ ક્યાં માગતી હતી? માટે ગંભીરતાનો તો સવાલ જ નહોતો ઉઠતો. એ તો ફરી પોતાનું કાતિલ સ્મિત વેરતી હું મારું જીવન ક્યાં દાવ પર લગાડી રહી છું? હું તો ઊલટાનો તમારા પર દાવ રમી રહી છું.

દ્રૌપદી સામે હું સંપૂર્ણપણે નિ:સહાય હતો. મારું કંઈ જ ચાલતું નહોતું. એને ગંભીર કરવાના મારા તમામ પ્રયત્નો તે નિષ્ફળ બનાવી ચૂકી હતી. અને એનાં વાક્ચાતુર્યનું તો કહેવું જ શું? જે રીતે તે મારી દરેક વાતના સ્પષ્ટ અને ધારદાર જવાબો આપતી હતી તે જોતાં, એના કરતાં તો મને દ્રુપદ સામે લડવું વધારે સહેલું લાગતું હતું. દ્રુપદ સીધી વાત પર આવી ગયા હતા, માટે ગભરાઈને મેં બધો નિર્ણય દ્રૌપદી પર છોડી દીધો હતો. પણ આ તો વળી વધારે સીધીસટ વાત કરવા પર ઊતરી આવતી હતી. મેં તો વિચાર્યું હતું કે સ્ત્રી છે... એને ભોળવવી તો સહેલું હશે. પણ અહીં તો આખી બાજી જ પલટાઈ ગઈ હતી. જેણે પોતાના વાક્ચાતુર્ય દ્વારા મોટા-મોટા રાજાઓને પણ ચક્કરમાં નાખી દીધા હતા, પોતાના શબ્દોની માયાજાળથી અનેક વાર આખેઆખા રાજ દરબારોને હચમચાવી નાખ્યા હતા; એ જ કૃષ્ણ, આજે એક સ્ત્રી સામે લાચાર થઈ ગયો હતો. ...આ કઈ રીતે ચાલે? છેવટે હારીને... મેં સ્ત્રીઓ ઉપર હંમેશાં કારગર સિદ્ધ થતું બ્રહ્માસ્ત્ર ચલાવ્યું. મેં ખૂબ જ દિલગીરી વ્યક્ત કરતાં કહ્યું- પણ તને તો ખબર છે કે મારા લગ્ન થઈ ગયેલા છે. અને તારા જેવી સુંદર અને ગુણવાન સ્ત્રીને પટરાણીને બદલે રાણી બનવાનું કદાચ ન શોભે.

પરંતુ દ્રૌપદી સામે આ પણ નાકામ. જવાબમાં ગંભીર થવાને બદલે તે છણકો કરતાં બોલી- તો શું? તમે બીજા દસ લગ્ન કરી લો, ...મારી બલાથી. આટલાં લગ્નો પછી પણ તમે રહેશો તો મારા જ ને!

એક રીતે જોવા જઈએ તો એનો અહંકાર ખોટો પણ નહોતો. એકવાર દ્રૌપદીને પામ્યા પછી કોણ બીજાનું રહી શકે? પરંતુ અહંકાર સાચો હોય કે ખોટો, છે તો અહંકાર જ ને! મને તો કંઈ જ સમજાતું નહોતું કે હવે શું કરવું? હું એવું ઈચ્છતો હતો કે વાત ટળી જાય. અને ત્યાં સુધી ટળી જાય કે જ્યાં સુધી આ બાપ-દીકરીના મનમાંથી બદલાની ભાવના કાયમ માટે જતી ન રહે. તેથી, કોઈપણ રીતે વાતને ટાળવી ખૂબ જ જરૂરી હતી. બસ, પછી મેં વાતને બીજી તરફ વાળવાના પ્રયત્નપે સમજાવતા કહ્યું- અપમાનની આગનું શમન સરળ નથી, પાંચાલી! કેમકે વેરની આગ પહેલાં પોતાને દઝાડે છે, પછી બીજાને. અને મોટા ભાગે એવું જ જોવામાં આવ્યું છે કે માણસ વેરની આગમાં પોતાને એટલો બધો બાળી મૂકે છે કે તેનામાં વેર લેવાલાયક આગ જ નથી બચતી.

મારી આ વાત સાંભળીને તે અચાનક એકદમ ગંભીર થઈ ગઈ. મેં વિચાર્યું કે તીર એકદમ નિશાન પર વાગ્યું છે. પણ ના, અહીં તો વાત સાવ ઊંધી પડી. જવાબમાં તે સંપૂર્ણપણે ગંભીરતાથી દ્રઢતાપૂર્વક બોલી-ચિંતા ન કરો, દ્વારકાધીશ. મારામાં વેરની આગ એટલી બધી છે કે તે આખા આર્યાવર્તને બાળીને ભસ્મ કરી દે, તો પણ શાંત નથી થવાની.

...હવે હું એને શું કહું કે આ વાતનો ડર જ તો મને અહીં સુધી ખેંચી લાવ્યો છે. અહંકારની આજ મોટી મુશ્કેલી છે, તેની સામે લડવું સહેલું નથી હોતું. એક બાજુથી એની પર પ્રહાર કરો તો તે બીજી તરફ ચાલ્યો જાય છે. બીજી તરફથી વાર કરો તો ત્રીજી તરફ ઢળી જાય છે. હજારો પ્રત્યનો કરો,

પણ તે મધ્યમાં આવતો જ નથી. વધારે ખાવું કે ઉપવાસ કરવો, આ બંને વાતો અહંકારની સમજમાં આવી જાય છે. પરંતુ નિયમિત તથા સંતુલિત ભોજન કરવાની વાત તેની સમજમાં નથી આવતી. ...તમને યાદ હશે, આજ વાત મેં અર્જુનને ગીતામાં કહી હતી કે-"યોગપ્રાપ્તિના માર્ગમાં સંતુલિત આહાર, સંતુલિત વિશ્રામ તથા સંતુલિત વ્યાયામ ખૂબ જ જરૂરી છે. આ યોગ ન તો વધારે પડતું ખાનારનો કે ન તો બિલકુલ ન ખાનારનો પણ સિદ્ધ થાય છે. પાપોનો નાશ કરનારો આ યોગ તો યથાયોગ્ય ખાનારનો, યથાયોગ્ય શયન કરનારનો તથા કર્મોમાં યથાયોગ્ય ચેષ્ટા કરનારનો જ સિદ્ધ થાય છે [22] .'' પરંતુ અહંકારી અહીં જ માર ખાઈ જાય છે. કાં તો તે સંપૂર્ણપણે સંસારી થઈ જાય છે કે પછી ગભરાઈને સંન્યાસ લઈ લે છે. પરંતુ સંસારમાં રહીને સંન્યાસી બનવાની કલા તેને આવડતી જ નથી. કહેવાનો મુખ્ય આશય એ જ છે કે દ્રૌપદીનો અહંકાર પણ અત્યારે કંઈક આવી જ સમસ્યાઓમાં સપડાયેલો હતો. કોઈ જગ્યાએ તે સ્થિર થવા માટે તૈયાર નહોતો. પણ હું પણ ક્યાં હાર માનનારાઓમાંથી હતો? આખરે હજારો જીવનનો સવાલ હતો. તેથી હવે મેં વાતને એક બીજો જ વળાંક આપવાનો પ્રયાસ કરતાં કહ્યું- પાંચાલી! તને તો ખબર છે કે ક્ષમાથી મોટું કોઈ તપ નથી હોતું. ક્ષમા પોતાને અને બીજાને પણ તાત્કાલિક શીતળ બનાવી દે છે. શું આપણે દ્રોણને માફ ન કરી શકીએ?

શું કહું, મારી આ ચાલ પણ નિષ્ફળ થઈ ગઈ. ઊલટાની તે મારા પર વધારે વિફરી ઉઠી. તેની આંખો ક્રોધથી લાલ થઈ ગઈ. ગુસ્સાના અતિરેકને લીધે તે ધ્રૂજવા લાગી. અને પછી અચાનક પોતાનો અવાજ ઊંચો કરતાં તે તમને એ સ્થિતિની કલ્પના સુદ્ધાં નથી, જ્યારે દ્રોણના દુષ્ટ શિષ્ય અર્જુને મારા પિતાને બંદી બનાવ્યા હતા. કહેવાય છે કે ત્યારે પિતાજી એક વટવૃક્ષની નીચે બેસીને આરામ કરતાં હતા. ત્યાંજ અચાનક અર્જુને પિતાજી પર આક્રમણ કરી દીધું. તેણે એક બાણ તેમના મુગટમાં મારી દીધું. પિતાજીનો મુગટ હવામાં ઊછળી પડ્યો. તે તો એકદમ હક્કા-બક્કા થઈ ગયા કે અચાનક આ શું થઈ ગયું? ત્યાં સુધીમાં તો તેનું બીજું બાણ તેમના પગમાં જઈને વાગ્યું. તે ત્યાંજ ઢળી પડ્યા. પિતાજી કંઈ સમજે તે પહેલાં જ અર્જુન પોતાના સાથીઓ સાથે તેમની પર ગીધની જેમ તૂટી પડ્યો અને તેમને બાંધીને એકદમ બેરહેમીથી ઢસડીને લઈ ગયો; અને તેમને દ્રોણના પગમાં જઈને ફેંકી દીધા. ...શું હું આ બધું ભૂલી જાઉં? કેટલું બધું અન્યાયપૂર્ણ હતું આ બધું? મોટામાં મોટો દુશ્મન પણ પહેલા તો ચેતવણી આપે છે, સાવધાન થવાનો મોકો આપે છે, પછી વાર કરે છે. મારા હથિયાર-વિહોણા પિતાજીનું આ અપમાન તો હું ક્યારેય ન ભૂલી શકું. જો તમે ત્યાં હોત તો તમારું લોહી પણ ઊકળી ઊઠત. માટે યાદ રાખો, દ્વારકાધીશ! હું મારા પિતાજીનો બદલો લેવા માટે કંઈ પણ કરી
શકું છું.

મેં કહ્યું- કંઈ પણ...?

તે એકદમ રોફ સાથે હા, હું દ્રોણ અને અર્જુન સાથે બદલો લેવા માટે જરાસંધ સાથે પણ લગ્ન કરી શકું છું. તે તો આ બંનેને એક ચપટીમાં જ મસળી નાખશે.

હું તો એકદમ સ્તબ્ધ થઈ ગયો. મેં કહ્યું- પાંચાલી, કદાચ તને નથી ખબર, પણ અર્જુન તો આમ પણ આગમાં બળીને ભસ્મ થઈ ગયો છે.

તે અર્જુન નથી તો શું થયું, દ્રોણ તો હજી જીવે છે ને! હું તેમને મારીને જ મારા ક્રોધનો અગ્નિ શાંત કરી લઈશ.

મેં કહ્યું- એ તો સમજ્યો, પણ શું તને એ ખબર નથી કે જરાસંધ તો તારા પિતાજીની ઉંમરનોછે?

તે હું માત્ર એટલું જ જાણું છું કે તે બળવાન છે અને દ્રોણ હજી સુધી જીવે છે.

મેં કહ્યું- ચાલો, જરાસંધની વાત જવા દો, પરંતુ દ્રોણની વાત કરું તો જ્યાં સુધી મને ખબર છે ત્યાં સુધી આ અંદરો અંદરના ખટરાગનું પરિણામ છે. ભૂલ એકલા દ્રોણના પક્ષે જ નહોતી.

દ્રોપદી કેવો ખટરાગ, ક્યાંનો ખટરાગ?

મેં કહ્યું- જો દ્રૌપદી, આ વાત તે સમયની છે, જ્યારે તારા પિતા અને દ્રોણ બંને કૃપાચાર્યને ત્યાં શિક્ષણ લઈ રહ્યા હતા. બંનેમાં ખૂબ જ દોસ્તી પણ હતી. દોસ્તીના જોશમાં જ તારા પિતા એટલે કે મહારાજ દ્રુપદે દ્રોણને કહ્યું કે શિક્ષણ ગ્રહણ કરી લીધા પછી તે પોતાના રાજ્યમાં દ્રોણ માટે ગુરુકુળ સ્થપાવશે. ઘણાં વર્ષો પછી જ્યારે દ્રોણ અહીં આવ્યા, તે વખતે તારા પિતાજી અહીંના મહારાજ થઈ ચૂક્યા હતા. તેમણે બાળપણની દોસ્તીને નાદાની સમજીને તેમનો તિરસ્કાર કર્યો. પરિણામે અપમાનિત દ્રોણે આ વાત ગાંઠે બાંધી લીધી અને તેના પરિણામની ચર્ચા તું અત્યારે કરી રહી છે.

...મારી વાત સાંભળીને દ્રૌપદી સંપૂર્ણપણે ગંભીર થઈ ગઈ. પછી અનાયાસે દુ:ખી થતાં બોલી-બને કે તમે ઠીક કહી રહ્યા હો, પણ એક તો આ મારા જન્મ પહેલાની વાત છે અને બીજું કે પિતાજીએ આશ્રમ ખોલવાની જો ના પણ પાડી દીધી તો શું તેમનું આ રીતે અપમાન કરવાનું? તેમનું અડધું રાજ્ય જ પડાવીલેવાનું?

હું હવે સંપૂર્ણપણે મૌન થઈ ગયો. હું સમજી ગયો કે બાપ-દીકરીમાંથી એક પણ માનવાના નથી. યુદ્ધ ટાળવાનું જે બીડું મેં ઝડપ્યું હતું, તે પૂરું કરવાનું એટલું સરળ નહોતું જણાતું. મને અર્જુનની ચિંતા થઈ રહી હતી. શું થશે એનું? એક તરફ કૌરવ તેને જીવવા નથી દેતા, બીજી બાજુ આ બાપ-દીકરી હજારો મુશ્કેલીઓ એની પાછળ છોડીને જ ઝંપશે. હવે વાત સાવ જ બગડે તે પહેલાં તેને સુધારવી ખૂબ જ જરૂરી હતી. કારણ કે જો વાતચીતનો દોર ચાલુ રહેશે તો આજે નહીં તો કાલે કોઈને કોઈ ઉકેલ આવવાની શક્યતા રહેશે. તેથી હવે મેં તેના મનની વાત તું બિલકુલ સાચું કહે છે, પાંચાલી. દ્રોણ ક્ષમાને પાત્ર નથી જ નથી. આપણે આપણો બદલો જરૂર લઈશું. એણે આચાર્ય હોવા છતાં પણ આચાર્યની ગરિમાને અભરાઈએ ચડાવી દીધી.

આવું સાંભળતાની સાથે જ દ્રૌપદી તરત સહજ થઈ ગઈ. અને સહજ થતાંની સાથે જ તેણે ફરી એક ધારદાર સવાલ કર્યો. તે તો શું હું એમ સમજું કે તમે લગ્નનો પ્રસ્તાવ સ્વીકારી લીધો?

મેં કહ્યું- ના, મેં એવું ક્યારે કહ્યું? મેં તો પ્રતિશોધને યોગ્ય ઠેરવ્યો અને દ્રોણ સામેના પ્રતિશોધમાં હું તમારી સાથે છું એવું જણાવ્યું.

દ્રૌપદી એટલે કે લગ્ન બાબતે તમારી ના છે અને પ્રતિશોધમાં હા છે.

મેં કહ્યું- મેં એમ પણ નથી કહ્યું.

હવે મારો વારો હતો. શરૂઆતમાં તેણે પોતાનાં વાક્ચાતુર્ય દ્વારા મને ખૂબ ભરમાવ્યો હતો. હવે મહારાણી મારી વાક્પટુતાનો પણ જરા અનુભવ કરી લે. અને કમાલની વાત તો એ કે મારી બે જ વાતમાં તો તે ઉકળી ઊઠી. તે ખીજ સાથે તો તમે કહેવા શું માગો છો?

મેં કહ્યું- હું એ જ કહેવા માગું છું કે આપની કોઈ જ વાતને હું નકારતો નથી. પરંતુ અંતિમ નિર્ણય લેતા પહેલાં હું અનેક પરિસ્થિતિઓને બરાબર જોઈ-જાણી લેવા માંગું છું. આશા છે કે તમને વધારે ઉતાવળ નહીં હોય...!

તે હસતા હસતા ના. ...વધારે જલ્દી તો નથી, પણ હા, વધારે રાહ પણ જોઈ શકાય તેમ નથી. આમ તો જો તમે રુક્મિણીને શિશુપાલથી બચાવી શકો છો, તો હું એટલી આશા તો રાખી જ શકું કે તમે જરાસંધથી મને બચાવવા માટે જરૂર આવી પહોંચશો.

આ સાંભળીને હું માત્ર હસ્યો. ચોક્કસપણે અત્યારે ચહેરાપર આવેલું આ સ્મિત રાહત અનુભવવાને લીધે હતું, અને હમણાં દ્રૌપદી પાસેથી થોડો સમય તો મળી જ ગયો હતો. હવે એવું ન થાય કે ક્યાંક નવી વાત ઉખડે, અને...તેથી ઝડપથી મુલાકાતનું વચન આપીને તત્કાળ આ "રણછોડ" ત્યાંથી ભાગી નીકળ્યો. વાહ...? શું સ્ત્રી હતી! તેની સુંદરતાનાં વખાણ કરું કે તેની વાક્પટુતાના? તેના સ્મિતની પ્રશંસા કરું કે પછી તેની બુદ્ધિમત્તાની? હું દ્રૌપદીના કક્ષમાંથી તો બહાર આવી ગયો હતો,

પણ દ્રૌપદીના પ્રભાવમાંથી હજી પણ બહાર નહોતો આવી શકતો. આટલી સુંદર, વાક્પટુતામાં શ્રેષ્ઠ અને પ્રેમાળ સ્મિતની સ્વામિની! ...તેનું તો કહેવું જ શું? શું કહું? તેની રણકારભરી વાણી હજી પણ મારા કાનમાં ગુંજતી હતી. તેનું સુંદર મુખ તો જાણે આંખોમાં જ વસી ગયું હતું. દ્રૌપદીના કક્ષમાં વિતાવેલા આ સમયને હું કઠિન કહું કે રંગીન? નિર્ણય કરવાનું ભારે થઈ પડ્યું હતું. કઠિન એટલા માટે કે હું મારી જાતને તેની સુંદરતાની જાળમાં ફસાતા કઈ રીતે રોકી શક્યો છું, તે તો હું જ જાણું છું, અને રંગીન એટલા માટે કે વિશ્ર્વસુંદરીની કક્ષાની સ્ત્રી સાથે બેસવાની તક મળી હતી. તેની સુંદરતા, તેની વાક્પટુતા, તેનું શરીરસૌષ્ઠવ, તેનું સ્મિત; બધું એ બધું નિહાળવાનો અવસર મળ્યો હતો. કદાચ આ દ્રષ્ટિએ જોતા તથા આ ઘટનાના દરેક પાસા પર વિચાર કર્યા પછી આને 'અતિ મુશ્કેલીભર્યો-સુંદર' સમય કહેવો વધારે યોગ્ય રહેશે.

ખેર! દ્રૌપદી સાથે એકવાર તો નિવેડો લાવી જ ચૂક્યો હતો. હવે મને પાંડવોની ચિંતા સતાવવા લાગી હતી. તેમના પાંચાલમાં હોવાના ખ્યાલ માત્રથી મારા રુંવાડાં ઊભાં થઈ જતા હતા. બાપ-દીકરીના વ્યવહારથી એક વાત તો સ્પષ્ટ હતી કે જો તેઓ અહીં પકડાઈ ગયા, તો પછી તેમને બચાવવા મારા માટે અશક્ય થઈ જશે. માટે કક્ષમાં પહોંચતાની સાથે જ મને સૌથી પહેલા ઉદ્ધવ સાથે આ બાબતે વાત કરવાનું યોગ્ય લાગ્યું. પરંતુ અહીં પણ પાસો ઊંધો જ પડ્યો. આતુરતાપૂર્વક મારી રાહ જોઈ રહેલા ઉદ્ધવે વાતની ગંભીરતાને નજરઅંદાજ કરી પોતાનું ધ્યાન મજાક પર જ જાળવી રાખ્યું. હું તો બહુ ખરાબ રીતે ફસાઈ ગયો હતો. પેલી બાજુ દ્રૌપદી મારી કોઈ વાતને ગંભીરતાથી નહોતી લેતી, તો અહીં ઉદ્ધવ હેરાન કરવા કટિબદ્ધ હતો. આમ તો હું જીવનમાં ગંભીર ભાગ્યે જ થતો હતો. મોટેભાગે બીજાની વ્યર્થ વાતોને હસવામાં ઊડાવી દેતો હતો. ...પણ આજે જ્યારે મામલો ખરેખર ગંભીર છે, ત્યારે બધા સાથે મળીને તેને હસવામાં ઊડાડી દેવા તૈયાર છે. અને ઉદ્ધવે તો હદ જ કરી નાખી હતી. તેની ઉદ્દંડતા તો સાવ એવી હતી કે ચાલો ગંભીર ન થાય તો કંઈ નહીં, પણ પાંડવોની વાત તો કરે! તેને તો એવી મસ્તી સૂઝી રહી હતી કે પાંડવોની ચર્ચા જ નહીં. ...ઊલટાનો મને પૂછે છે- કનૈયા! પાછા ફરતી વખતે આપણે દ્વારકા એકલા જ જવાના છીએ કે સાથે દ્રૌપદીભાભીને પણ લઈ જવાના છીએ? જો એવું હોય તો વિશ્ર્વસુંદરીના સ્વાગતની તૈયારી કરવા માટે હું દ્વારકા વહેલો જતો રહું.

હવે આ વાતનો હું શું જવાબ આપું? માત્ર સ્મિત આપ્યું. હું સમજી ગયો કે અત્યારે તે મારી કોઈ જ વાતને ગંભીરતાથી નહીં લે. કાંઈ વાંધો નહીં. રાત્રિભોજન વખતે મેં ફરી એ જ ચર્ચા શરૂ કરી. પાંડવો પ્રત્યે ચિંતા દર્શાવી. તેમને શોધવા, તેમને મળવું તથા આવનારી મુશ્કેલીઓ સામે તેમને સાવધાન કરવાની જરૂર સમજાવી. ગનીમત એ કે ઉદ્ધવે મારી વાત પૂરેપૂરી ગંભીરતાથી સાંભળી. એવું નક્કી થયું કે બીજા દિવસની સવારે જ તે અને દારુક પાંડવોને શોધવા માટે નીકળી જશે. આમ તો પાંચાલ ખૂબ જ મોટું રાજ્ય હતું, પણ ઉદ્ધવને માટે આ કોઈ મુશ્કેલી નહોતી. તે આવાં કાર્યોમાં નિપુણ થઈ ચૂક્યો હતો.

આ બાજુ ઉદ્ધવ બીજા દિવસે સવારે જ દારુકને લઈને પાંડવોને શોધવા માટે નીકળી પડ્યો. ...અહીં સમસ્યાઓ સામે લડવા માટે હું એકલો રહી ગયો. અહીંની તો સમસ્યા જ નિરાળી હતી. અહીં તો મારે દર ત્રીજા દિવસે, ક્યારેક દ્રૌપદી સાથે તો ક્યારેક દ્રુપદ સાથે મુલાકાત કરવી જ પડતી હતી. કેમકે વાતચીતનો દોર કોઈપણ પરિસ્થિતિમાં ચાલુ રાખવો જરૂરી હતો. પરંતુ મારા તમામ પ્રયત્નો છતાં પણ હું તેમના પ્રતિશોધની આગને રતીભાર પણ કમજોર કરી શકતો નહોતો. તે ટસના મસ થવા તૈયાર જ નહોતા. હું વાતને ગમે તેટલી ફેરવતો પણ તે બંને ફરી મુખ્ય વાત પર પાછા આવી જતા. બીજી બાજુ લગ્નનો પ્રસ્તાવ સ્વીકારવાનો તો કોઈ પ્રશ્ર્ન જ ઊભો નહોતો થતો. કારણ કે વેર અને શત્રુતા જેવા શબ્દો મારા શબ્દકોષમાં હતા જ નહીં. જ્યારે મેં આજ સુધી ક્યારેય જરાસંધને પોતાનો શત્રુ નહોતો

માન્યો, તો દ્રોણ સાથે વેર વાળવાનો તો પ્રશ્ન જ નહોતો ઉઠતો. અને વળી મારા માટે પ્રેમ તો કોઈપણ ઈચ્છા વગરનું સમર્પણ છે. અહીં તો સમર્પણને બદલે જીદ છે, અને પ્રેમમાં તો ઊલટાની વેરની ભાવના છે. સાચી વાત કરું તો પ્રસ્તાવ સ્વીકારવામાં વેરની આગ સિવાય દ્રૌપદીનો અહંકાર પણ અડચણરૂપ હતો. અપનાવવામાં તો મેં કુબ્જાને પણ અપનાવી હતી. ભલા પ્રેમ અને સમર્પણને તો ના પાડવાની કોઈ ગુંજાઈશ જ ક્યાં હોય?

...પરંતુ અહીં તો આટલેથી સમસ્યા પતતી નહોતી. દ્રૌપદીના લગ્ન હું અન્ય કોઈ રાજા સાથે પણ થવા દઈ શકું તેમ નહોતો, ખાસ કરીને જરાસંધ જેવા કોઈ દુષ્ટ સાથે તો ક્યારેય નહીં. ગજબની પરિસ્થિતિ સર્જાઈ હતી. હું હા પાડવા નહોતો માંગતો અને ના પાડીને એમના દ્વાર દુષ્ટો માટે ખોલાવડાવવા નહોતો માગતો. વળી તે જીવનભર કુંવારી પણ નહોતી રહેવાની. ...એટલે કે સમસ્યાના ત્રણે સ્વરૂપો ખતરનાક રૂપ ધારણ કરી ચૂક્યાં હતા. ચોથી શક્યતા ઉપર તો પહેલેથી જ તાળાં લાગી ગયાં હતા. દ્રુપદ અને દ્રૌપદીના બદલાની આગ સહેજ પણ શાંત થવાના કોઈ અણસાર નહોતા દેખાતા. આટલું ઓછું હતું તે વળી એક પાંચમી સમસ્યા પણ માથું ઉંચકી સામે આવી હતી. હવે આ બંને બાપદીકરીને વધારે દિવસ વાતોમાં રાખવા પણ શક્ય નહોતું લાગી રહ્યું. ટૂંકમાં સમસ્યા મુશ્કેલથી અતિશય મુશ્કેલ બની ગઈ હતી.

તો શું! આમ પણ કુદરતે મને ક્યારેય કોઈ સરળ સમસ્યામાં નાખ્યો પણ ક્યાં હતો? મને તો પ્રાય: એવું લાગ્યા કરતું હતું કે જાણે કુદરત આ સંસારની સૌથી જટિલમાં જટિલ સમસ્યાઓના નિર્માણમાં વ્યસ્ત છે, જેથી હું એમાં અટવાયેલો રહું. અને આ બધી સમસ્યાઓની મુખ્ય સમસ્યા એ હતી કે આ સમસ્યાઓની સૂચિ માત્ર પાંચાલ સુધી સીમિત નહોતી. ચિંતા તો પાંડવોની સુરક્ષાની પણ હતી. સમસ્યા તો રુક્મિણી અને પ્રદ્યુમ્નની પણ મોજૂદ જ હતી. દ્વારકાના રક્ષણ અને નાગપ્રદેશના સંકટની પણ એટલી જ મુશ્કેલીઓ હતી. પણ હું એકલો કંઇ આ બધી જ સમસ્યાઓનો સામટો નિવેડો તો ન લાવી શકું ને! બધી સમસ્યાઓ એક એક કરીને જ દૂર કરવાની હતી. તેથી હું મારું ધ્યાન અત્યારે એક જ સમસ્યા પર કેન્દ્રિત કરી રહ્યો હતો, એટલે કે પાંચાલ અને પાંડવ. બાકીની સમસ્યાઓથી મેં પોતાને માનસિક રીતે પૂર્ણપણે મુક્ત કરી દીધો હતો.

આમ પણ તમને તો ખબર જ છે કે એક સમયે એક કામ, એ મારી વિશેષતા હતી. બચેલાં કાર્યો અને બાકીની સમસ્યાઓ કુદરતના ન્યાય પર છોડવાની કલા હું સારી રીતે જાણતો હતો. હું વિચારતો હતો કે જો બધું હું જ કરી લઈશ... તો બિચારી કુદરત શું કરશે? તે પોતાનો સમય કઈ રીતે વીતાવશે? આખરે તેને પણ કંઈક કામ જોઈએ કે નહીં? કેમકે સાધારણ માણસ તો એકસાથે હજારો મુશ્કેલીઓ સામે લડવાની ક્ષમતા ધરાવે છે. તે પોતાની એક પણ સમસ્યા ક્યારેય કુદરતના ન્યાયના આધારે નથી છોડી શકતો. માટે કુદરતને વ્યસ્ત રાખવાની જવાબદારી તો મારા જેવા અમુક સમજદારોએ જ ઉઠાવવી પડે છે. અને આમ પણ મારી અને કુદરતની વચ્ચે અનેક ખેલ ચાલ્યા જ કરે છે. તે મને ફસાવવા માટે એકથી એક ચઢિયાતી મુશ્કેલીઓ મોકલ્યા જ કરે છે અને હું તેની સામે વિજય મેળવીને તેને નિરાશ કરતો રહું છું. એકસાથે અનેક ઉટપટાંગ મુશ્કેલીઓ મોકલીને કુદરત મને વ્યસ્ત રાખવા માગે છે, પણ હું મોટા ભાગની સમસ્યાઓ તેમના ન્યાયને આધારે પડતી મૂકીને, એને જ વ્યસ્ત કરી દઉં છું. ...પછી ત્યાં તો જે કુદરતની મરજી હોય તે થાય, મને કંઇ જ ફેર નથી પડતો. જે થશે તે હું સ્વીકારી લઈશ. પણ જ્યાં હું છું, ત્યાં મને કુદરતની મંજૂરી ક્યારેય મંજૂર નથી. ત્યાં તો એ જ થશે જે કૃષ્ણને મંજૂર હશે.

ખેર! આ બધી વાતોમાં વળી છે શું! ખાલી વાતો કરવાથી તો કંઇ કૃષ્ણને મંજૂર હોય તેવું થવાનું નથી. તેના માટે તો કોઈ અદ્ભુત કર્મની જરૂર હતી, અને તે સૂઝતું નહોતું. દિવસો ઝડપથી વીતતા જતા હતા. આ બાજુ ઉદ્ધવ પણ હજી સુધી પાછો ફર્યો નહોતો, કે રાહત થાય. વળી આ બાજુ

અનેક મુલાકાતો પછી પણ ન તો હું દ્રુપદ કે દ્રૌપદીને મનાવવામાં સફળ થયો હતો કે ન તો તેઓ મને પ્રસ્તાવ સ્વીકારવા માટે રાજી કરી શક્યા હતા. હા, હું દર વખતે તેમને જુદી જુદી રીતે વાતોમાં રાખીને સમય પસાર કરવામાં ચોક્કસ સફળ થઈ શક્યો હતો. પણ આ બધું પણ ક્યાં સુધી ચાલી શકે? આખરે જે વાતનો ડર હતો તે જ થયું. એક દિવસ બંનેની ધીરજનો છેડો આવી જ ગયો. બાપ-દીકરીએ મને ત્રણ દિવસમાં મારો અંતિમ અને સ્પષ્ટ નિર્ણય સંભળાવવાનું કહી દીધું. ન તો હું એમને મારા અહિંસાના ઉપદેશોમાં ફસાવી શક્યો હતો કે ન તો દ્રૌપદી મને તેની સુંદરતાની જાળમાં ફસાવી શકી હતી. શું કરવું, બંને સ્થિતિ પોતપોતાની જગ્યાએ અટલ હતી. ...એટલે કે હવે વાત ટાળવાનો કોઈ જ ઉપાય બચ્યો નહોતો. હવે ત્રણ દિવસ પછી કાં તો મારે તેમનો પ્રસ્તાવ સ્વીકારવાનો હતો કે પછી આ લગ્ન માટે ના પાડવાની હતી. સ્વીકારવું શક્ય નહોતું, અને જો ના પાડું તો આર્યાવર્તમાં મહાવિનાશ નિશ્ચિત હતો. હું ખૂબ જ બેચેન થઈ ગયો હતો. મામલો ગૂંચવણની તમામ હદને પાર કરી ચૂક્યો હતો. જોકે તેમ છતાં, મેં હજી માનસિક રીતે હથિયાર હેઠાં નહોતાં મૂક્યાં. ખબર નથી કુદરત કઈ સમસ્યાનું સમાધાન, ક્યારે અને કઈ રીતે શોધી લે? એટલા માટે જ હારી ગયા પહેલાં હાર માની લેવી કે હારી જવું એ મારો સ્વભાવ નહોતો.

આ બાજુ હજી પણ ઉદ્ધવના કોઈ સમાચાર આવતા નહોતા. ખબર નથી હજી સુધી તે પાંડવોને કેમ નહીં શોધી શક્યો હોય? ધીરે ધીરે આ વાત પણ મારા માટે ચિંતાનો વિષય બની રહી હતી. ખરેખર અત્યારે તો એક એક પળ મને ખૂબ ભારે પડી રહી હતી. આસપાસમાં કોઈ વાત કરનારું પણ નહોતું. કોઈકની સાથે ચર્ચા કરીએ કે કોઈકને મનની વાત કરીએ તો ચોક્કસ મન હળવું થઈ જાય છે. ચાલો, જો કોઈ નથી તો પોતાની જાત સાથે વાત કરીને મન હળવું કરી લઉં. હવે હું મહારાજા દ્રુપદ અને દ્રૌપદીને શું કહું? હા કે ના? પાંડવોની હાલત શું હશે? ક્યાંક કૌરવો કે દ્રુપદને તેમના જીવતા હોવાની ખબર તો નહીં પડી ગઈ હોય ને? બે દિવસ તો જાત સાથે પ્રશ્નો અને જવાબો કરતાં કરતાં જેમ-તેમ કરી વીતાવ્યા. આવતી કાલે અગ્નિપરીક્ષાનો દિવસ હતો. જીવનમાં પહેલી વાર નિષ્ફળતા મારી સામે મોં ફાડીને ઊભી હોય તેવું લાગતું હતું. આર્યાવર્તમાં મહાવિનાશ ટાળવાનો કોઈ માર્ગ સૂઝતો નહોતો.

બપોરનો સમય હતો અને આ બધી પળોજણમાં જ હું મારા કક્ષમાં આમથી તેમ ફરી રહ્યો હતો. ...ત્યાંજ અચાનક કમાલ થઈ. ઉદ્ધવ તો ન આવ્યો, પરંતુ અચાનક સાત્યકિ આવી પહોંચ્યો. જરૂર દ્વારકાથી કોઈ ખાસ સમાચાર હશે. સંજોગો જોતા સારા સમાચારની આશા તો નહીંવત્ જ હતી. મારો અંદાજો સાચો નીકળ્યો. દ્વારકાથી પણ નિરાશાજનક સમાચાર જ આવ્યા હતા. સાત્યકિએ જણાવ્યું કે રુક્મિણીની હાલત હવે સ્થિર છે, પણ પ્રદ્યુમ્નનો કાંઈ અતો-પતો નહોતો મળતો. એને કોણ ઉપાડી ગયું ને શા માટે ઉપાડી ગયું, કંઇ ખબર પડતી નહોતી. ચાલો, કમસેકમ રુક્મિણીએ તો પોતાની જાતને થોડી સંભાળી લીધી હતી. હાલની પરિસ્થિતિ જોતાં, આ વાત પણ કોઈ શુભ સમાચારથી ઓછી નહોતી. અને તે ક્યાં સુધી ન સંભાળત? મોટામાં મોટો આઘાત કેમ ન હોય, મનુષ્ય થોડા સમયમાં એમાંથી બહાર આવતા શીખી જ જાય છે.

...ચાલો આ બધું તો ઠીક, પણ પ્રદ્યુમ્નનું શું? કોણે કર્યું હશે તેનું અપહરણ? જો ભાઈ અને સાત્યકિ જેવા વીર, દ્વારકાના ગુપ્તચરો સાથે મળીને તેને શોધવામાં નિષ્ફળ થઈ ગયા છે, તો પછી આ કામ ચોક્કસ કોઈ મોટા શત્રુનું હોવું જોઈએ. કદાચ જરાસંધ પણ હોઈ શકે. હોવામાં તો સત્રાજિત પણ હોઈ શકે. એ પણ શક્ય છે કે બંનેએ મળીને આ દુષ્કર્મ કર્યું હોય. અને જો આવું હોય તો બંને ભેગા થઈને દ્વારકામાં ખૂબ જ ઝડપથી મથુરા જેવી સ્થિતિ ઊભી કરી મૂકશે. અરે કૃષ્ણ! આ વળી ક્યાં ઊંધા ચક્કરમાં ફસાઈ ગયા? દ્વારકાની ચિંતા દ્વારકા જઈને કરજો. અત્યારે તો આવતી કાલે તમારે દ્રુપદ અને દ્રૌપદીનો સામનો કરવાનો છે. ખરી વાત છે, ...તેમને ટાળવાનો કોઈ જ ઉપાય અત્યારે મને સૂઝતો નથી, અને હું દ્વારકાની ચિંતામાં ક્યાં ડૂબતો જાઉં છું? માટે સાત્યકિ સાથે થોડી વાર માટે અહીં-

તહીંની વાતો કરી દ્વારકાથી જીવ છોડાવ્યો. એટલું જ નહીં, રાત્રિ ભોજન પછી હું જલ્દી સૂવા જતો રહ્યો, જેથી સૂવાના બહાને કાલે આવનારી મુસીબત પર થોડું વિચારી શકું. અને કહેવાની જરૂર નથી કે આખી રાત પાંચાલની સમસ્યા વિશે જ ચિંતન ચાલતું રહ્યું. તેમની મુશ્કેલી શું હતી? તેમને દ્રોણ સામે બદલો લેવો હતો. તેમને મારામાં નહીં, પણ બદલામાં રસ હતો. જો એમને બદલો લેવાનો કોઈ નક્કર ઉપાય સૂઝાડી લટકાવી દેવામાં આવે તો મારો જીવ પણ છૂટી શકે તેમ હતો અને એક વેળા માટે યુદ્ધ પણ ટાળી શકાય તેમ હતું. આ તો અનાયાસે જ ચિંતને સાચી દિશા પકડી લીધી. અને એકવાર ચિંતને યોગ્ય દિશા પકડી, તો યોગ્ય ઉપાય પણ મળી ગયો. મેં રાહતનો શ્ર્વાસ લીધો. ખરેખર બહુ જ ઊંડી વાત શોધી લાવ્યો હતો. ફરી એકવાર સિદ્ધ થઈ ગયું કે સમસ્યા ગમે તેટલી ગહન કેમ ન હોય, જો યોગ્ય દિશામાં ચિંતન કરવામાં આવે તો તેનો કોઈ ને કોઈ ઉકેલ મળી જ આવે છે.

...હું હવે દ્રુપદ અને દ્રૌપદી, બંનેનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર હતો. જોકે આ બધા ચક્કરમાં રાત ખાસ્સી એવી વીતી ચૂકી હતી. કોઈ વાંધો નહીં, સફળતાનો જરા સહારો શું મળ્યો કે જરા જેટલા ઝોકાથી પણ હું તરોતાજા થઈ ગયો. અને પછી ફટાફટ તૈયાર પણ થઈ ગયો. આજે દ્રુપદ નામની સમસ્યાનું અંતિમ પરિણામ આવી જ જવાનું હતું. તેમની ધીરજ ખૂટી ગઈ હતી, તો આ તરફ હું સમાધાન શોધી ચૂક્યો હતો. આ બાજુ સાત્યકિ મારો શણગાર, મારી બેચેની અને મારા આંટાફેરા જોતો જ રહી ગયો. હશે, હવે તો આજે મને બોલાવવા મહામંત્રી તથા ધૃષ્ટદ્યુમ્ન સમયસર આવી ગયા હતા. હું તો તૈયાર જ હતો એટલે એમની સાથે નીકળી પડ્યો. તેઓ મને સીધા મહારાજનાં અંગત કક્ષમાં લઈ ગયા. બપોરનું ભોજન ત્યાંજ રાખ્યું હતું. સ્પષ્ટ હતું, બધી જ વાતો એકદમ વ્યક્તિગત સ્તરે થવાની હતી. આજે તો હું પણ તૈયારી સાથે જ આવ્યો હતો. આ બાજુ મહારાજના શયનકક્ષમાં કરવામાં આવેલી બેઠક હું જોતો જ રહી ગયો. લગભગ દસ બાર વ્યક્તિઓ બેસી શકે એટલી વિશાળ જગ્યા સુંદર રીતે શણગારાયેલી હતી. અને તેની કારીગરીનું તો કહેવું જ શું? અહીં ઓરડામાં લગાડાયેલા પડદાઓ, ચિત્રો તથા જાનવરોનાં ચામડાં... બધું મળીને કક્ષની શોભામાં ચાર ચાંદ લગાડી રહ્યા હતા. આજે તો મારા કક્ષમાં પ્રવેશતાની સાથે જ મહારાજ દ્રુપદે ઊભા થઈને એકદમ આત્મીયતા સાથે મારું સ્વાગત કર્યું. મને બિલકુલ તેમની સામે બિરાજવા માટે કહ્યું. ધૃષ્ટદ્યુમ્ન તથા મહામંત્રી પણ પાસેપાસે બેસી ગયા. પરંતુ દ્રૌપદી હજી ક્યાંય દેખાતી નહોતી. હશે, શક્ય છે કે તેના લગ્નની ચર્ચામાં તેને બેસવું યોગ્ય નહીં લાગ્યું હોય. આમ તો તે નથી, તે મારા માટે સારું જ હતું. કેમકે જો એક વખતમાં વાત પાર ન પડે તો એવી સ્થિતિમાં દ્રૌપદી સાથે ચર્ચા કરવાના બહાને વાતનો તૂટતો તંતુ બચાવી શકાય તેમ હતો. ...ત્યાં અધીરા થઈ ગયેલા દ્રુપદે કોઈપણ પ્રકારની પ્રસ્તાવના બાંધ્યા વિના એકદમ સીધો જ સવાલ કર્યો- મને આશા છે કે આપે મારો પ્રસ્તાવ સ્વીકારવા માટે મનમાં નક્કી કરી લીધું હશે.

આટલા અનુભવો પછી મને મહારાજ દ્રુપદ પાસેથી આવા સીધા સવાલની જ અપેક્ષા હતી. અને એ સારી વાત હતી કે આજે હું એક પાક્કી યોજના લઈને ઉપસ્થિત થયો હતો. નહિતર તો વાતનો તંતુ અહીં જ તૂટી જાત. જોકે તેમ છતાં મેં તો તેમને મારી રીતે જ જવાબ આપ્યો. મેં કહ્યું- મેં તમારો પ્રસ્તાવ સ્વીકાર્યો પણ ખરો અને નથી પણ સ્વીકાર્યો.

દ્રુપદ તરત આશ્ર્ચર્યચકિત થઈને બોલ્યા- મતલબ?

મેં કહ્યું- તમારી પહેલી પ્રાથમિકતા દ્રોણ સામે બદલો લેવાની છે. દ્રૌપદીના લગ્ન એ તમારી સમસ્યા નથી. તે સુંદર પણ છે અને ગુણવાન પણ. તેની સાથે લગ્ન કરીને કોઈપણ વ્યક્તિ ધન્ય થઈ જશે.

દ્રુપદને મારી વાત જ ન સમજાઈ. મહામંત્રી અને ધૃષ્ટદ્યુમ્નના ભાવ પણ કંઈક એમના જેવા જ હતા. જોકે હવે દ્રુપદથી ન રહેવાયું. તે થોડા ધૂંધવાઈને બોલ્યા- તો એ ધન્ય વ્યક્તિ તમે જ કેમ નથી બની જતા, મહારાજ? રોજ ફેરવી ફેરવીને નવા પ્રસ્તાવો લઈને આવી જાવ છો.

મેં કહ્યું- મહારાજ, તમે મારી વાત હજી પૂરી સમજ્યાં નથી.

દ્રુપદ બોલ્યા- તો તમે પૂરી વાત સમજાવોને. તમે છેલ્લા એક મહિનાથી રોજ નવી નવી વાત કર્યા કરો છો. પરંતુ આજે તમારે કોઈ નવો પ્રસ્તાવ રજૂ નથી કરવાનો, પણ મારા પ્રસ્તાવનો સીધે સીધો 'હા' કે 'ના'માં જવાબ આપવાનો છે.

આવું સાંભળીને હું થોડો ગૂંચવાયો. કેમકે સીધેસીધી 'હા' કે 'ના' પાડવાની સ્થિતિમાં તો હું આજે પણ નહોતો. કાન તો આજે પણ ઊંધા હાથે જ પકડવાનો હતો. પણ મોટી તકલીફ એ હતી કે ગયા એક મહિના દરમિયાન હું દ્રુપદને વાતોમાં એટલું બધું ફેરવી ચૂક્યો હતો કે હવે ખાલી એકવાર ફેરવવા પણ ખૂબ જ મુશ્કેલ હતા. જોકે મુશ્કેલ હોય કે ન હોય, હજી એક અંતિમ વાર તો મારે તેમને મારી વાતમાં લપેટવાના જ હતા. અને વળી આવાં કામને અંજામ આપવા માટે મારી પાસે ભાવોની કે શબ્દોની તો ક્યારેય કોઈ કમી રહેતી જ નહોતી. બસ, પછી તો મેં મારા જ અંદાજમાં વાત આગળ વધારી. મેં કહ્યું- મને તમારો દ્રોણ સામે બદલો લેવાનો પ્રસ્તાવ મંજૂર છે. કેમકે દ્રોણે તમારી સાથે જે દુષ્ટતા કરી છે, તે જોતાં, તેમને છોડવાનો તો કોઈ પ્રશ્ન જ ઊભો નથી થતો. અને વળી જે આચાર્ય ગુરુદક્ષિણામાં એવી વ્યક્તિ પાસે અંગૂઠો માંગી શકે છે કે જેને પોતે ક્યારેય ધનુર્વિદ્યા શીખવી જ નથી, તેવી નીચ વ્યક્તિનું હનન કરવામાં કોઈ અપરાધ નથી... દ્રોણ વિશે હું આમ ખરાબ બોલ્યો તે દ્રુપદને સારું લાગ્યું. એ તો લાગવાનું જ હતું. આજ તો મારી ચાલ હતી. આમ પણ જો કોઈને અપ્રિય વાતમાં ગૂંચવવા હોય તો પહેલાં તેને પ્રિય વાત કહીને વિશ્ર્વાસમાં લેવો જરૂરી હોય છે. મેં પણ એવું જ કર્યું. મારું તીર નિશાન પર બેસતું જોઈ, બીજી કોઈ પ્રસ્તાવના બાંધવાને બદલે હું સીધો મુખ્ય વાત પર આવ્યો. ...મેં કહ્યું- આપણા માટે દ્રોણ સામે બદલો લેવાનું જેટલું જરૂરી છે એટલું જ જરૂરી દ્રૌપદી માટે શ્રેષ્ઠ વર શોધવાનું પણ છે.

...હું હજી મારી વાત પૂરી કરું તે પહેલાં જ દ્રુપદ વચ્ચે ટાપસી એ તો તમે છો જ.

મેં કહ્યું- એ તો મારું સૌભાગ્ય છે કે તમે મને એને લાયક સમજો છો. દ્રૌપદીને પત્ની તરીકે પામીને હું પણ ધન્ય થવા માગું છું. આ બાબતે મેં ઘણો વિચાર પણ કર્યો. પણ મુખ્ય અડચણ એ છે કે દ્રોણ એક શ્રેષ્ઠ ધનુર્ધારી છે. સાથે જ તેમના મોટા ભાગના શિષ્યો આ કલામાં નિપુણ છે. આખું હસ્તિનાપુર તેમની સાથે છે. અને દુર્ભાગ્યે હું ધનુર્વિદ્યામાં શૂન્ય છું. અને બીજી સમસ્યા એ છે કે દ્રૌપદી જેવી સુંદર સ્ત્રીને દરેક વ્યક્તિ પામવા માગે. આવી સ્થિતિમાં જો તમે તેનો સ્વયંવર રચ્યા વિના જ મારી સાથે લગ્ન કરી દીધા, તો આખું આર્યાવર્ત આપણી વિરુદ્ધ એક થઈ જશે. અને મારા સ્થાયી શત્રુઓ, જેવા કે જરાસંધ, શાલ્વ, પુણ્યજન વગેરે તો શક્ય છે કે મારી સામે બદલો લેવા માટે દ્રોણ સાથે જ હાથ મિલાવી લે. આવી પરિસ્થિતિમાં, દ્રોણને હરાવવા આપણા માટે અશક્ય થઈ પડશે. ઊલટો આપણો બદલો આપણને જ ભારે પડી જશે. હું નથી ઇચ્છતો કે દ્રૌપદી જેવી યોગ્ય સ્ત્રીને પામવા માટે હું આપની મહેચ્છાઓનો ભોગ આપું.

આ સાંભળતા જ મહારાજ દ્રુપદના ચહેરા પર ચિંતાની અનેક રેખાઓ ઊપસી આવી. હું મનોમન ખૂબ જ ખુશ થયો. કેમકે હું મારી વાતો દ્વારા સ્વયંવરની અનિવાર્યતા સફળતાપૂર્વક સ્થાપિત કરી ચૂક્યો હતો. અને આ સાથે જ તેઓ મારી જાળમાં સંપૂર્ણપણે ફસાઈ ગયા હતા. પરિણામ એ આવ્યું કે જ્યારે તેમને કંઇ જ ન સૂઝ્યું એટલે તે ખૂબ જ દુ:ખી થઈને બોલ્યા- તો શું હું દ્રોણ સાથે ક્યારેય બદલો નહીં લઈ શકું?

...તેમની આ હતાશા મારા માટે ખૂબ જ કામની હતી. કેમકે હતાશ વ્યક્તિ જ આંગળી પકડીને ચાલવા માટે રાજી થાય છે. અને હું તો "આવ્યો'' ત્યારથી જ આંગળી પકડવા માટે તૈયાર બેઠો હતો. આનાકાની તો બાપદીકરી તરફથી જ થઈ રહી હતી. નાહીધોઈને મુજ ગરીબની પાછળ પડી ગયા હતા. પણ હવે જ્યારે તે બીજા માર્ગ પર ચાલવા તૈયાર છે, તો પછી મારી પાસે યોજનાઓની તો ક્યાં

કમી હતી? તરત જ મેં તેમને આશ્વાસન આપતા કહ્યું- કેવી વાત કરો છો, મહારાજ! દ્રોણ જેવા દુષ્ટને તો આપણે ક્યારેય નહીં છોડીએ. તેને તેના કર્મોની સજા જરૂર મળશે. આજથી તમે દ્વારકા અને પાંચાલને એક જ સમજો. આજથી મારા જીવનનું મુખ્ય લક્ષ્ય પણ દ્રોણ સામે તમારો બદલો લેવાનું જ હશે. આમ તો હું દ્રૌપદી સાથે લગ્ન કરવા માટે પણ ખૂબ જ ઉત્સુક છું. ...પણ જેમ મેં કહ્યું તેમ, હું મારા અંગત સ્વાર્થ માટે તમારા બદલાની આડે આવવા નથી માંગતો. ...પછી એક લાંબો શ્વાસ લેતા મેં આગળ કહ્યું- ...અને આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને મેં એક પાક્કી યોજના બનાવી છે. લગભગ એકાદ વર્ષ પછી આપણે દ્રૌપદીનો સ્વયંવર યોજીશું. આર્યાવર્તના બધા જ રાજાઓ અને યુવરાજોને તેમાં સામેલ થવા માટે આમંત્રણ આપીશું. અને તેમાં ધનુર્વિદ્યાની એક એવી કઠિન પરીક્ષા રાખીશું કે જેમાં દ્રોણ પોતે પણ જીતી ન શકે. એક વાત તો સ્પષ્ટ છે કે આ ધનુર્વિદ્યામાં જીતનાર દ્રોણ અને તેમના શિષ્યો કરતાં પણ વધારે ઉત્તમ ધનુર્ધારી હશે. તમને તો ખબર જ છે કે આર્યાવર્તમાં વીરોની કોઈ કમી નથી. અને એ વાત પણ નિશ્ચિત છે કે દ્રૌપદીને મેળવવા માટે બધા પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દેશે. એ કહેવાની પણ જરૂર નથી કે આ આર્યાવર્તનો સૌથી મોટો, ભવ્ય અને ચર્ચાસ્પદ સ્વયંવર હશે. બસ, જે કોઈપણ આ સ્પર્ધામાં વિજયી બનશે, આપણે તેની સાથે દ્રૌપદીના લગ્ન કરી દઈશું. પછી તે અને હું, બંને મળીને દ્રોણને તમારા ચરણોમાં લાવીને પટકીશું.

...મારી પૂરી વાત સાંભળીને દ્રુપદ તો ઊછળી પડ્યા. તેમના આનંદનો પાર ન રહ્યો. પણ બીજી જ પળે તે થોડા ઉદાસ થઈ ગયા. હકીકતમાં, એક વર્ષનો સમય તેમને ખૂબ જ લાંબો લાગતો હતો. તેથી મારે તેમને સમજાવવા પડ્યા. આખા આર્યાવર્તને આમંત્રણ આપવા માટે સમય તો જોઈશે જ. બીજું કે બદલાનો નશો પણ મદિરા જેવો જ છે, જેટલી જૂની મદિરા એટલો જ વધારે આનંદ! પરંતુ એ તરફ મારી આવી કાવ્યાત્મક વાતોથી દ્રુપદને કંઈ વધારે સંતોષ થયો હોય, તેવું મને લાગતું નહોતું. હજી પણ તેમના મનમાં અનેક શંકાઓ ઊભી થઈ રહી હતી. તેમણે કહ્યું પણ ખરું કે- મહારાજ! સ્પર્ધા એટલી બધી અઘરી ન રાખતા કે કોઈ તેને જીતી જ ન શકે. ક્યાંક એવું ન થાય કે તમારા ચક્કરમાં મારો બદલો પણ ન લેવાય અને દ્રૌપદીના લગ્ન પણ ન થાય.

દ્રુપદની વાત તો સાચી હતી. મારા ચક્કરમાં ફસાયેલ વ્યક્તિનું કંઇ પણ થઈ શકે છે. સાચું કહું તો દ્રુપદની વાત સાંભળીને મને હસવું પણ આવી ગયું. જોકે સમયની નાજુકતાને જોતા હું હસ્યો નહીં. હસવું તો રોકી લીધું, પણ બીજી જ પળે ચિંતાએ મને ઘેરી લીધો. ક્યાંક એવું ન થાય કે માંડ ગોઠવેલો આખો ખેલ બગડી જાય. ના, ના, સહેજ પણ સમય વ્યતિત કર્યા વિના દ્રુપદને મારે એક નક્કર આશ્વાસન આપવું જ પડશે. બસ, આમ વિચારીને તેમને આશ્વાસન આપતા મેં કહ્યું- જો આ સ્પર્ધામાં કોઈ ન જીતે તો પછી હું દ્રૌપદી સાથે લગ્ન કરીશ. અને મારો જીવ આપીને પણ દ્રોણ સામેનો તમારો બદલો લઈશ. હું પહેલાં પણ કહી ચૂક્યો છું કે તમારો બદલો એ મારો બદલો.

આવું સાંભળતાં જ તે ખૂબ ખુશ થયા. સંપૂર્ણપણે આશ્વસ્ત પણ થઈ ગયા. એટલું જ નહીં, ખૂબ જ કૃતજ્ઞતાપૂર્વક બોલ્યા પણ ખરા- તમે ખરેખર તમારા અંગત સ્વાર્થને બાજુ પર મૂકીને મારા બદલા માટે કેટલું વિચાર્યું?

મેં પણ ભાવુકતા પ્રગટ કરતાં કહ્યું- તમે મારા પર ભરોસો રાખો. હવે તમે અને હું કંઇ અલગ-અલગ થોડા જ છીએ?

આવું સાંભળીને દ્રુપદ બંને હાથ જોડીને ઘણી વિનમ્રતાપૂર્વક બોલ્યા- હવે તો હું તમારા ભરોસે જ છું.

આ પ્રકારે ભરોસો દર્શાવતાની સાથે જ મારું કામ થઈ ગયું હતું. દ્રૌપદીનાં લગ્ન એક વર્ષ માટે ટળી ગયા હતા. અને સાથે સાથે આ બદલાની વાત પણ દોઢ-બે વર્ષ માટે તો ટળી જ ગઈ હતી. હવે રજા લેવાનો સમય આવી ગયો હતો. તેથી, ઊભા થતાં થતાં મેં તેમને વિનંતી કરી કે, હવે તમે

દ્રૌપદીને પણ આપણી યોજના વિશે વિસ્તારથી જણાવી દેજો. પછી હું પણ તેની સાથે ચર્ચા કરી લઈશ. અને પછી આપણે બધા મળીને સ્વયંવરની રૂપરેખા નક્કી કરીશું. બસ, અમારી આ મુલાકાત અહીં જ પૂરી થઈ. હું ખુશ હતો કે ચાલો, કમસેકમ પાંચાલની પરિસ્થિતિ તો મારા નિયંત્રણમાં આવી ગઈ. દ્રુપદ અને ધૃષ્ટદ્યુમ્ન તો સંપૂર્ણપણે મારા પર વિશ્વાસ કરવા લાગ્યા હતા. હવે માત્ર દ્રૌપદીનો વિશ્વાસ જીતવાનો બાકી હતો. હવે જ્યારે તેના પિતા અને ભાઈ મારા આટલા પ્રભાવમાં છે, તો પછી દીકરી પણ અમુક હદે તો મારા પ્રભાવમાં આવી જ જશે. અને વળી તેના પર બાકી રહેલો પ્રભાવ જમાવવા માટે હું પોતે તો છું જ.

બસ, આ બધું વિચારતા વિચારતા હું ઓરડામાં પહોંચ્યો. અહીં સાત્યકિ મારી રાહ જોઈ રહ્યો હતો. અહીં સુધી તો ઠીક, પણ મારા આટલા દિવસ પાંચાલમાં રોકાવાને લીધે સાત્યકિના મનમાં પણ દ્રૌપદીને લઈને અનેક જિજ્ઞાસાઓ જાગી રહી હતી. મારા આવતાની સાથે જ તેણે કેટલાક પ્રશ્નો પણ પૂછી નાખ્યા. હવે રાજમહેલમાં હું શું ખીચડી રાંધી રહ્યો છું, એ તો હું કોઈને કહી ના શકું. બધા ખાલી ખોટા મને ગાંડો સમજત. ગાંડો તો હું છું જ. નહિતર આખા આર્યાવર્તની ચિંતા કરે છે કોણ? હું શું કામ પાંડવો અને કૌરવોની વચ્ચે શક્તિ-સંતુલન જાળવવાના પ્રયત્નો કરું? શું કામ દ્રોણ અને દ્રુપદના યુદ્ધને ટાળવાના પ્રયત્નો કરું? એક ગાંડા સિવાય કોણ આખા વિશ્વની મનુષ્યતા માટે આટલા પ્રયત્નો કરે છે? આજકાલ તો રાજા પોતાની પ્રજાની, કે પરિવારના મોવડી પોતાના પરિવારની પણ ચિંતા નથી કરી રહ્યા. તો પછી હું આ કયા પ્રયત્નમાં લાગ્યો છું? અને એ પણ એવા સમયે કે જ્યારે મારો પોતાનો પરિવાર અને મારી જ દ્વારકા હજારો સમસ્યાઓ સામે બાથ ભીડી રહી છે. કદાચ હું સાવ ગાંડો જ છું. અને આજ કારણ હતું કે મિત્રોમાં જ્યારે પણ કોઈ દ્રૌપદીની વાત કરતું ત્યારે હું ફક્ત હસી લેતો. આના લીધે ગેરસમજણ વધી જતી. આ લોકો મારા અને દ્રૌપદીના લગ્નની વાતને વધારે ગંભીરતાથી લેવા લાગતા. પરિણામે તેમને મારા પર કટાક્ષ કરવા માટે રોજ નવાં બહાનાઓ મળી જતાં. એમની મજાક બનીને મારે અકારણ સજા ભોગવવી પડતી. પરંતુ આર્યાવર્તની શાંતિ માટે હું મજાકનો વિષય બનું તોય મને વાંધો નહોતો. અને આમ પણ આજ મિત્રતાનો એક એવો આનંદ છે કે જેને લૂંટતા રહેવું એ જીવનને સુંદર બનાવવા માટે જરૂરી હોય છે. એક રીતે આવું વિચારીને હું મનોમન સંતોષ માની લેતો હતો. ટૂંકમાં સાત્યકિની જિજ્ઞાસા અત્યારે મને ચિંતિત નહોતી કરતી.

ચાલો છોડો, જો મિત્ર છે તો પછી આ બધી મજાકમસ્તી તો ચાલતી જ રહેશે. અત્યારે આનંદની વાત તો એ હતી કે હું પાંચાલની ઝંઝટોમાંથી મુક્ત થઈ ગયો હતો. જોકે એક ઝંઝટમાંથી મુક્ત થતાંની સાથે બીજી મુશ્કેલીએ મને જરૂર પકડી લીધો હતો, એ વાત જુદી હતી. જી હા, હવે પાંડવોની ચિંતા મને સતાવવા લાગી હતી. ખબર નહીં, ઉદ્ધવ હજી સુધી કેમ પાંડવોને નહીં શોધી શક્યો હોય? ક્યાંક પાંડવ કે ઉદ્ધવ કે પછી બંને, કોઈ મુશ્કેલીમાં તો નહીં ફસાઈ ગયા હોય ને? ખરેખર આમ બેઠાબેઠા કેવાં કેવાં કામોમાં હું પોતાને પરોવી દેતો હતો. જોકે સાચી વાત કરું તો આ વાતને લઈને મને મારી જાત ઉપર ગર્વ પણ થતો હતો. કેમકે દ્વારકાનું સુખી તથા પ્રસન્ન જીવન છોડીને આખી મનુષ્ય જાતિને બચાવવાનું બીડું હું કેટલી સરળતાથી સ્વીકારી શક્યો હતો. અને એ પણ એવા સમયે કે જ્યારે મારી પત્ની અને પુત્ર મહાસંકટમાં ઘેરાયેલા હતા. ...એટલા માટે જ તો કહું છું કે મારા જેવો ન તો પહેલાં કોઈ થયો છે...અને ક્વચિત જ આગળ કોઈ થશે. કેમકે એ માટે હિંમત તથા અક્કલ બંને જોઈએ. અને બંને હોય તોય કામ કોઈપણ સંજોગોમાં પૂરું કરવાની દ્રઢ પ્રતિજ્ઞા તો હોવી જ જોઈએ. કોઈ ઝાડ નીચે બેસીને, જંગલમાં ફરીને કે પછી અહિંસાનો ઉપદેશ આપવા માત્રથી મોટી મોટી હિંસાઓ થોડી જ રોકી શકાય? જો ખાલી ઉપદેશથી જ કામ પતી જતું હોત, તો મેં મહારાજ દ્રુપદને અને દ્રૌપદીને અહિંસાના કંઈ ઓછા ઉપદેશ આપ્યા હતા?

સારું છોડો! આ બાજુ ઉદ્ધવ અને પાંડવોને લઈને મારી વ્યગ્રતા ભલે વધતી જતી હતી,

પણ હજી સુધી તેમના કોઈ ખબર-અંતર નહોતા આવ્યા. આ બાજુ અહીંની આ બધી ચિંતાઓ જોઈને સાત્યકિ પણ દ્વારકાની ચિંતાઓ છોડીને અહીંની ચિંતાઓમાં ડૂબી ગયો હતો. જોકે સારી વાત એ બની કે બધી જ વ્યગ્રતાઓ અમને ભૂંડી રીતે ઘેરી લે, તે પહેલાં જ અચાનક એક દિવસ વહેલી સવારે ઉદ્ધવ પાછો આવી ગયો. આનંદની વાત એ હતી કે તે ખૂબ ખુશ હોય તેવું જણાતું હતું. તેની પ્રસન્નતા, માત્ર કાર્યની સફળતા અંગેની જ નહોતી, પણ પાંડવોના સુરક્ષિત હોવાની પણ સાબિતી હતી. પછી શું, અમે ચારેય કક્ષમાં આનંદિત થઈ ઊઠ્યા. પણ આનંદિત થવાની વાત અલગ હતી, આખી વાત તો જાણવી જરૂરી જ હતી. માટે અમે ચારેય ઓરડામાં ફેલાઈને બેસી ગયા. ઉદ્ધવ પણ પોતાની વાત કરવા માટે તૈયાર જ બેઠો હતો. અને તેણે જે જણાવ્યું તે ખરેખર હૃદયને પ્રસન્ન કરે તેવું હતું. હું બંને ઘૂંટણિયા ચડાવીને હાથ ગાલ પર રાખીને સાંભળવામાં એટલો લીન થઈ ગયો હતો કે વાત જ જવા દો.

...સૌથી પહેલાં તેણે જણાવ્યું કે પાંડવોને શોધવામાં તેને એટલે વાર લાગી કેમકે શરૂઆતમાં તે તેમને બ્રાહ્મણોના વેશમાં અને તે પણ માત્ર પાંચાલની સરહદમાં જ શોધી રહ્યો હતો; કેમકે 'પરાશર મુનિ' એ એવું જ જણાવ્યું હતું. પરંતુ પાંડવો ન તો બ્રાહ્મણોના વેશમાં હતા કે ન તો પાંચાલની સરહદમાં.

આવું કહીને તે હસતા હસતા એ રીતે ચૂપ થઈ ગયો જાણે તેણે કોઈ મોટો ટૂચકો સંભળાવી દીધો હોય. તો પછી તે ક્યાં હતા અને કેવા રૂપમાં હતા? સ્વાભાવિક રીતે મને જિજ્ઞાસા જાગી.

એટલે ઉદ્ધવે એકદમ ઉછળીને કહ્યું- તેમના તો ભાગ્યમાં જ રાજયોગ લખ્યો છે. પાંચાલથી થોડેક જ દૂર નાગપ્રદેશ સાથે જોડાયેલો રાક્ષસોનો એક પ્રદેશ છે. આજકાલ ભીમ ત્યાંનો રાજા બની બેઠો છે. અને હવે તેનું નામ 'રાજા વક્રોદર' છે.

આ સાંભળીને મને આશ્ચર્ય પણ થયું અને ખુશી પણ. આશ્ચર્ય એ વાતનું કે એ રાક્ષસોનો રાજા કેવી રીતે બની ગયો? ખુશી એ વાતની હતી કે રાક્ષસ તરીકે તેમને ન તો કૌરવ ઓળખી શકશે કે ન દ્રુપદ શોધી શકશે. અર્થાત્ તેઓ હવે સંપૂર્ણપણે સુરક્ષિત છે. પણ આ બધું કઈ રીતે અને ક્યારે થયું? ...આ બાજુ ઉદ્ધવે પણ પરિસ્થિતિ સમજીને મને જિજ્ઞાસાઓનાં વમળમાંથી ઝડપથી બહાર કાઢ્યો. આગળ કોઈ પ્રશ્ન પૂછાયા વિના એણે જ સામેથી બધી વાત વિસ્તારપૂર્વક કહેવાની શરૂ કરી. ...ઉદ્ધવના કહેવા પ્રમાણે થયું હતું કંઈક એવું કે બ્રાહ્મણોના વેશમાં જ પાંડવો પાંચાલ તરફ આગળ વધી રહ્યા હતા. ત્યાંજ આ નરભક્ષી રાક્ષસોએ પાંડવોને પકડ્યા. ફોઈને પણ તેમણે કેદ કરી લીધાં. આ બાજુ માતા કુંતીને કેદ થતાં જોઈ ભીમ એટલો બધો જોશમાં આવી ગયો કે તેણે રાક્ષસોના રાજા હિડિંબને યુદ્ધ માટે લલકાર્યો. હવે ભીમ તો ભીમ છે. ગદાના બે જ પ્રહારમાં તેણે હિડિંબનો વધ કરી નાખ્યો. અને પછી રાક્ષસી પરંપરા અનુસાર, ભીમને ત્યાંના રાજા બનવું પડ્યું અને રાજાની બહેન હિડિંબા સાથે લગ્ન પણ કરવા પડ્યા.

ચાલો... મારું તો કામ જ થઈ ગયું. આ બાજુ દ્રુપદ સંપૂર્ણપણે મારા નિયંત્રણમાં હતો, અને પેલી બાજુ પાંડવો પણ બિલકુલ સુરક્ષિત હતા; એટલે કે સમયે પડખું ફેરવ્યું હતું. બધી બાજુથી સમાચાર સંતોષકારક હતા. ખરેખર ઉદ્ધવનું કામકાજ એકદમ પાક્કું થઈ ગયું હતું. તે ખૂબ ઝડપથી પરિપક્વ થતો જતો હતો. સાચું કહું તો દારુકની જેમ ઉદ્ધવ પણ મારી સ્થાયી જરૂરિયાત બનવા લાગ્યો હતો. તેણે પાંડવોને પણ મારી ચિંતા અને અમારી હસ્તિનાપુરની યાત્રા વિશે વિસ્તારથી જણાવી જ દીધું હતું. એ બાજુ પાંડવો પણ એ જાણીને ખૂબ પ્રસન્ન થયા હતા કે તેમની પણ કોઈ ચિંતા કરી રહ્યું છે. આમ તો પાંડવો સાથે મારી મિત્રતા બહુ જૂની નહોતી. માંડ બે વાર મુલાકાત થઈ હતી. વળી ખાલી મિત્રતા માટે હું આટલું કરત પણ નહીં. મારા માટે તો પાંડવોનું સુરક્ષિત રહેવું એ હસ્તિનાપુરની જરૂરિયાત હતી, અને એ જ વધારે મહત્ત્વનું હતું. જો મારે સંબંધોના મોહમાં જ ફસાવું હોત તો

ક્યારનો પ્રદ્યુમ્નને શોધવા માટે ન નીકળી ગયો હોત?

જોકે હું મોહમાં ફસું કે ન ફસું તથા ફસવા માગું કે ન માગું, પણ આ બાજુ મિત્રો મને સતત મોહમાં ફસાવવાના પ્રયત્નોમાં લાગેલા જ હતા. આજ બપોરના ભોજનના સમયની જ વાત લઈ લો. હું માંડ માંડ પાંડવો અને પાંચાલની ચિંતાથી મુક્ત થઈને સરસ રીતે ખાઈ રહ્યો હતો કે ફરી એકવાર બધાએ મળીને દ્વારકાની વાત છેડી નાખી. તેમના મત મુજબ હવે અમારે દ્વારકા જઈને પ્રદ્યુમ્નની ઝડપથી ખોજ કરવી જોઈએ. મારે થોડા દિવસ રુક્મિણી સાથે રહીને મારું કર્તવ્ય નિભાવવું જોઈએ. તો શું આ બધું કરવાની ઈચ્છા મને પણ નહીં થતી હોય? હું કંઈ પથ્થર થોડો જ છું? પણ મને મારી મર્યાદાની ખબર હતી. મારા માટે મારા નબળા હૃદય કરતાં વધારે મહત્ત્વનો કુદરતનો હુકમ હતો. આત્માના અવાજથી વિશેષ બીજા કોઈ અવાજને મેં નથી માન્યો. મિત્રોની સીમિત દ્રષ્ટિમાં રુક્મિણી અને પ્રદ્યુમ્નની સમસ્યા મુખ્ય હોઈ શકતી હતી, પરંતુ મારી અસીમિત દ્રષ્ટિ મને દ્રુપદ-દ્રૌપદી અને પાંડવો જ નહીં, નાગપ્રદેશ જઈને દાદાજીની સમસ્યાઓનો ઉકેલ લાવવાનો પણ હુકમ દેતી જ હતી. ...હવે મિત્રો સાથે સીમિત અને અસીમિત દ્રષ્ટિકોણના ફર્ક વિશે ચર્ચા તો કરી ન શકાય. અને મારે જે કરવાનું છે, તે કરવાનું જ છે. મને જે પ્રાથમિકતા જણાઈ રહી છે, તે જ પ્રાથમિકતા છે. તેમને શું, તેમને ન તો મારા પાંચાલમાં રહેવાના આશયની ખબર હતી કે તેમને દ્વારકા તરફ ધ્યાન ન આપવાનું કારણ પણ સમજાતું નહોતું. હરીફરીને તેમને મારા અહીં રોકાવાનું એક કારણ જ સમજાઈ રહ્યું હતું, અને તે એ હતું કે હું રૂપનો પૂજારી, દ્રૌપદીની સૌંદર્યજાળમાં ફસાઈ ગયો છું.

...હવે જો મારી વાત કરું તેમની આવી સમજણ સામે મને કોઈ વાંધો પણ નહોતો, પણ મુખ્ય તકલીફ એ હતી કે આ સમજને કારણે હું મિત્રો વચ્ચે હાસ્યનું એક સારું એવું બહાનું બની ગયો હતો. જ્યાં સુધી ઉદ્ધવ એકલો હતો, ત્યાં સુધી તો ઠીક હતું. સાત્યકિ આવ્યો હતો ત્યારે પણ બધું ઠીક હતું. પણ હવે તો બંને ભળી ગયા હતા, એટલે ઉત્સાહ ઓર વધી ગયો હતો. વ્યંગ અને કટાક્ષોનો મારો આખો દિવસ ચાલતો હતો. એક તો સાત્યકિ સીધો દ્વારકાથી આવી રહ્યો હતો, તેથી તે મને દ્વારકા લઈ જવા બાબતે કંઈક વધારે જ ગંભીર હતો. અને અહીં હું ન તો એના વશમાં આવતો હતો કે ન તો તેની કોઈ વાતનો જવાબ પણ આપી રહ્યો હતો. ઉપરથી આફત એ હતી કે સહુએ એક જ ખંડમા ધામો નાખેલો હતો, એટલે તેમનાથી બચવાનો કોઈ ઉપાય પણ નહોતો. હવે વ્યંગ કરવો અને અભિપ્રાય આપવો તે તેમના હાથમાં હતું, પણ તેમની વાતોની અવહેલના કરવી એ તો મારા હાથમાં હતું ને. તેથી, ...ગમે તેટલા વ્યંગ કરે, ગમે તેવા વ્યંગ કરે, હું સાંભળ્યું ન સાંભળ્યું કરી દેતો હતો. અને ભૂલથી પણ હસતો નહોતો. પ્રાય: સાત્યકિને સારી રીતે વ્યંગ કરતાં નહોતું આવડતું. આ રાજનૈતિક ભાષામાં તો ઉદ્ધવ જ માહેર હતો. એટલે સરવાળે મારે એની એકલાની સાથે જ માથાકૂટ કરવી પડતી હતી. પણ એક દિવસ વાતવાતમાં સાત્યકિએ એક એવો તીખો વ્યંગ કરી નાખ્યો કે વાત જ જવા દો. કદાચ આ ઉદ્ધવના સથવારાની અસર હતી. હવે ઉદ્ધવને શું કામ બદનામ કરું, એના પર પણ મારી સોબતની જ અસર હતી ને? છોડો, હું મારા વખાણ ક્યાં કરવા લાગ્યો? અત્યારે તો સાત્યકિએ કરેલા વ્યંગ વિશે જણાવું. એક દિવસ રાત્રિ વિશ્રામના સમયે સાત્યકિએ એકદમ ગંભીરતાથી કહ્યું- કૃષ્ણ, માન્યું કે વિશ્ર્વસુંદરીના પ્રેમમાં પડ્યા પછી તેનો વિરહ સહન કરી શકવો મુશ્કેલ છે, પણ આમ લગ્ન કર્યા વગર કોઈના રાજમહેલમાં મહેમાન બનીને કેટલા દિવસ રહી શકાય? તમારી નહીં તો કમસેકમ અમારી ઈજ્જતનો તો કંઈક વિચાર કરો.

શું કહેવું, વ્યંગ એટલો સારો હતો કે સાંભળીને હસવું આવી જ ગયું. અને કહેવાની જરૂર નથી કે આ કસમયના હાસ્યે મને બરાબરનો તકલીફમાં મૂકી દીધો. તેને લાગ્યું કે તેનું તીર બિલકુલ નિશાન ઉપર બેઠું છે. હવે તેને કોણ સમજાવે કે આવાં હજારો તીર, હજારો દિશામાંથી ચલાવવામાં આવે તોય કૃષ્ણનાં મનની વાત કોઈ જાણી શકે ખરું? માન્યું કે તે મનની વાત જાણી ન શકે, પણ હસીને ફસાઈ

ગયો તેનું શું? હવે ભોગવો. જે વાતની બીક હતી એ જ થયું. મારા હાસ્યે ઉદ્ધવનો જુસ્સો વધાર્યો. બસ, મોકો જોઈને તેણે પણ એકદમ ગંભીરતાપૂર્વક વ્યંગબાણ છોડ્યું- કનૈયા, ઝટપટ દ્વારકા ચાલો, આપણે ફટાફટ બધી તૈયારી કરીને જાન લઈને આવીએ. આટલી બધી બેકરારી સારી નહીં. કનૈયા સુધી તો ઠીક, પણ દ્વારકાધીશને તો આ વાત ક્યારેય ન શોભે. પોતાના હ્રદય પર કંઈક તો નિયંત્રણ રાખતા શીખો.

જોકે વ્યંગ તો ઉદ્ધવનો પણ સારો હતો, પણ આ વખતે હું બિલકુલ ન હસ્યો. મેં મારા હાસ્ય પર કાબૂ રાખ્યો. તાજેતરમાં થયેલા અનુભવમાંથી કંઈક તો શીખવાનું જ હતું. જોકે અમારા આ વ્યંગની રસાકસીમાં દારુક મોટેભાગે ચૂપ જ રહેતો હતો. તેને મજાક કરતાં બિલકુલ આવડતું નહોતું. પરંતુ તે આ બંનેના વ્યંગ પર એટલું બધું હસતો હતો કે તેનું હાસ્ય મને આ બંને કરતાં પણ વધારે ભારે પડતું હતું. ઉપરથી એક જ ઓરડામાં એકસાથે રહેવાને કારણે રાત્રે મોડે સુધી તેમની મજાક સહન કરવાનું મારું ભાગ્ય બની ગયું હતું. ધીરે ધીરે તેમનો ઉત્સાહ એટલો બધો વધી ગયો હતો કે હવે તો આ લોકો રાત્રે સરખી રીતે સૂવા પણ નહોતા દેતા. એ તો ઠીક પણ બધા દિવસે ને દિવસે બે બે ડગલા આગળ જ વધતા જતા હતા. મજાક કરી કરીને થાકી ગયા તો પછી હેરાન કરવાનો એક નવો નૂસખો શોધી કાઢ્યો. ...ભાઈ, એકવાર તો ભાભી સાથે મળાવડાવો. વિશ્ર્વસુંદરીના દર્શન તો કરાવડાવો. બસ, દિવસરાત આ નવી રટ લઈને બેઠા હતા. એક તો આમ પણ હું દ્રૌપદીની સુંદરતા અને બુદ્ધિમત્તાના આકર્ષણથી સંપૂર્ણપણે બચી શક્યો નહોતો. ઉપરથી મિત્રોના વ્યંગ કારણ વગર મારામાં તેનું આકર્ષણ જગાડી રહ્યા હતા. વળી દ્રૌપદી આમ પણ મારા પર મોહી પડેલી હતી. તો હું પણ ક્યાં ઓછો હતો? તેને પ્રભાવિત કરવાનો એક પણ મોકો ક્યાં જતો કરતો હતો? અને સાચી વાત કહું તો દ્રૌપદીનું મારા તરફ આકર્ષાવું મને પણ ગમતું હતું. પણ આ લોકો વળી મને એની તરફ આકર્ષિત કરવાનો કોઈ મોકો જવા દેતા નહોતા, તેનું શું?

ચાલો, એનું પણ જે થશે તે જોયું જશે. અત્યારે તો મિત્રોએ મને મજાકનો વિષય બનાવીને આનંદનો માર્ગ ગોતી લીધો હતો, તો હું પણ પાછળ નહોતો. મેં પણ મારા આનંદના રસ્તાઓ ગોતી જ લીધા હતા. આમ પણ આ બાબતે શરૂઆતથી હું કુદરત પર જરાપણ આધાર રાખીને બેસી નહોતો રહેતો. એક તરફ જો દ્રુપદ સાથે ચોપાટ રમી રહ્યો હતો, તો બીજી તરફ દ્રૌપદીની માનસિકતા સાથે પણ રમી જ રહ્યો હતો. વળી મિત્રો સાથે પણ મજાક અને કટાક્ષની રમત તો ચાલુ જ હતી. તેઓ મજાક કરીને ખૂબ મજા લઈ રહ્યા હતા, તો હું કટાક્ષ સહન કરીને આનંદ લેતો હતો. જ્યારે જીવન પોતે જ એક રમત છે, ત્યારે દરેક નાનીમોટી રમત રમીને તેનો સંપૂર્ણ આનંદ કેમ ન લેવો? કહેવાનો અર્થ એ છે કે હજારો મુશ્કેલીઓ છતાંય જ્યારે જેવી રમત હાથમાં આવી, રમીને પોતાનું મન બહેલાવીને મહારાજ તથા દ્રૌપદીની વાત થઈ જાય તેની રાહ જોતો હતો. ખરું કહું તો દિવસો વીતતાની સાથે આ બાબતે મારી બેચેની પણ વધતી જતી હતી. ...આમ પણ પાંચાલની પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં આવી ગઈ છે એવું પણ કહી નહોતું શકાતું. મહારાજા દ્રુપદને તો સ્વયંવર માટે રાજી કરી ચૂક્યો હતો, પણ તેના પર જ્યાં સુધી દ્રૌપદીની મહોર ન લાગે ત્યાં સુધી વાત પાક્કી છે તેમ ન કહી શકાય. દ્રુપદ તો રાજનૈતિક કારણોમાં અટવાઈ ગયા હતા. ...મારી ધનુર્વિદ્યામાં નબળાઈ, જરાસંધ સાથે સ્થાયી શત્રુતા અને આર્યાવર્તમાં મારા દુશ્મનોની લાંબી યાદી જેવાં કારણોએ મળીને તેમને ફસાવા માટે મજબૂર કરી દીધા હતા. પરંતુ આ રાજનૈતિક કારણોને લીધે દ્રુપદ, દ્રૌપદીને કઈ હદે રાજી કરી શકે છે, તે મુખ્ય પ્રશ્ર્ન હતો. ક્યાંક દ્રૌપદી કોઈ વાતને લઈને ફંટાઈ, તો બધું ફરીથી ક-ખ-ગથી શરૂ કરવું પડશે.

તેથી આટલો સમય વીતી ગયા પછી પણ જો રાજમહેલથી કોઈ સંદેશો નથી આવ્યો તો સ્વાભાવિક રીતે હું ચિંતિત થઈ ગયો. કોઈપણ કારણસર મહારાજને દ્રૌપદીને સમજાવવામાં આટલો બધો સમય નહોતો લાગવો જોઈતો. ક્યાંક એવું તો નથી ને કે તે દ્રૌપદીને સમજાવવામાં નિષ્ફળ ગયા

હોય? ક્યાંક એવું તો નથી ને કે દ્રૌપદીએ સ્વયંવરના વિરોધમાં કંઈક કહી દીધું હોય? આમ પણ મને દ્રુપદ કરતાં દ્રૌપદી વધારે સમજદાર લાગતી હતી. ક્યાંક એવું ન થાય કે દ્રુપદ દ્રૌપદીને સમજાવવા જાય અને ઊલટાનું દ્રૌપદી જ દ્રુપદને સમજાવી દે. બીજો ભય એવો પણ હતો કે ક્યાંક દ્રૌપદીની માનસિકતા સાથે મેં એટલી બધી રમત તો નથી રમી લીધી ને કે તે મારા સિવાય બીજા કોઈ સાથે લગ્નનું વિચારતી જ ન હોય? જિદ્દી તો તે લાગતી જ હતી. ...ક્યાંક એવું ન થાય કે આર્યાવર્તની રાજનીતિ કરતાં કરતાં મારો જ બલી ચડી જાય?

...એવું બની પણ શકે છે. મને યાદ આવ્યું, એક વખત વાતવાતમાં મેં દ્રૌપદીને પૂછ્યું પણ હતું- તને મારું વ્યક્તિત્વ પસંદ છે કે મારી વીરતા? અને તેણે હસીને કહ્યું હતું કે મારા હૃદયને તું પસંદ છે, અને મારા બદલાને તારી વીરતા. એટલે કે તમે પાંચાલીને પૂરેપૂરા પસંદ છો. ...ચોક્કસપણે આ વાત સાંભળીને મને બહુ સારું લાગ્યું હતું. મારું પૌરુષત્વ ખૂબ તૃપ્ત થયું હતું. આમ તો દ્રૌપદી ઉંમરમાં રુક્મિણી કરતાં થોડી મોટી હતી. તેની ઉંમર અત્યારે લગભગ પચ્ચીસ વર્ષ હશે; મારી ઉંમર ચોંત્રીસ વર્ષની હતી. તમે કહેશો કે જો આટલું બધું છે તો પછી દ્રૌપદી સાથે લગ્ન કરવા માટે રાજી કેમ નથી થઈ જતા, મહારાજ? ઠીક છે, તો આ વાત પણ તમારી સામે મોકળા મને કહી જ દઉં. એક તો મને વ્યર્થ હિંસા બિલકુલ ગમતી નહોતી. અને એ પણ બદલાની ભાવનાથી તો ક્યારેય નહીં. બીજું, હું દ્રૌપદીના અહંકારથી ગભરાઈ રહ્યો હતો. કેમકે આટલો અહંકાર કુદરતમાં ક્યારેય માફી પાત્ર નથી. તે આજે નહીં તો કાલે તૂટશે. ...અને જોરથી તૂટશે, આવી સ્થિતિમાં હું તેની સાથે લગ્ન કરીને વ્યર્થ મારા જીવનને અહંકારના ભાર તળે દબાવા દેવા નહોતો માંગતો. નહિતર તો ક્યારનો લગ્ન માટે રાજી થઈ ગયો હોત. અને વળી હું સૌંદર્યનો નહીં, પણ પ્રેમ અને સમર્પણનો પૂજારી હતો. મને એક કુબ્જા સ્વીકાર્ય હતી, પણ એક દ્રૌપદી નહીં. નહિતર તો હું બદલાનું વચન આપીને લગ્ન કરી લેત અને પછી બદલો ન લેત, તો મહારાજ શું કરી લેત? હું બેશરમ, લગ્ન પછી ક્યાં એમની પકડમાં આવવાનો હતો? "વચન'' વગેરે તો આમ પણ મને ક્યારેય નડતાં નહોતાં કે મારી આડે આવતાં નહોતાં. યુદ્ધ આપમેળે જ ટળી જાત. પરંતુ "બધા''ને બચાવવાની સાથે સાથે ખુદ પોતાને બચાવવાની પણ મારી જવાબદારી હતી ને?

ચલો છોડો, હું પણ બેચેનીમાં ક્યાંની વાત છેક ક્યાં લઈ ગયો હતો. હમણાં તો એ કહું જે સકારાત્મક હતું, અને તે એ કે... ભલે ગમે તે થાય, પણ કમસેકમ દ્રૌપદીએ મને એટલો ઉત્સાહિત તો કરી જ દીધો હતો કે જીવનભર મેં સ્વસ્થ, સુંદર અને સ્ફૂર્તિમાં રહેવાનો નિર્ણય કરી લીધો હતો. સુંદરતાની આજ તો એક ખૂબી હોય છે. તેને અપનાવો ન અપનાવો, સંબંધ બાંધો ન બાંધો, ભલે સુંદરતા તમને ઠુકરાવી જ કેમ ન દે, પણ સુંદરતાની આસપાસ જતાની સાથે જ માણસ સ્વસ્થ રહેવા લાગે છે તથા સજવા-ધજવા પર આપોઆપ વધારે ધ્યાન આપવું શરૂ કરી દે છે.

ખેર! આ તરફ મારે વધારે રાહ ન જોવી પડી. રાજમહેલમાંથી તેડું આવી જ ગયું. ધૃષ્ટદ્યુમ્ન જાતે જ નિમંત્રણ લઈને આવ્યો. હું તો તૈયાર જ હતો, અને નિમંત્રણ પણ આજે રાત્રિભોજનનું જ હતું. આવા સમયે મિત્રોની મજાક સહન કરતાં કરાવતા સાંજ થતાં શું વાર લાગવાની હતી? બસ, નિયત સમયે ધૃષ્ટદ્યુમ્ન બોલાવવા આવી ગયો અને હું તરત તેની સાથે ચાલી નીકળ્યો. અમે સીધા જ મહારાજના અંગત કક્ષમાં પહોંચ્યા. દ્રુપદ ખાસ્સા પ્રસન્ન લાગી રહ્યા હતા. ખૂબ જ આત્મીયતાથી તેમણે મારું સ્વાગત કર્યું. સ્વાગતથી જ સ્પષ્ટ હતું કે વાત પાર પડી ગઈ છે. દ્રૌપદી પણ આજે અહીં જ ઉપસ્થિત હતી. કહેવાની જરૂર નથી કે તે પોતાના કાતિલ અંદાજમાં જ બિરાજમાન હતી. હંમેશાંની જેમ, અમે આજે પણ એકબીજાને જોઈને સ્મિતની આપલે કરી, અને એ સાથે જ મેં અને ધૃષ્ટદ્યુમ્ને પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યું. થોડો સમય આડીઅવળી વાત કરીને મહારાજા દ્રુપદ મુખ્ય વાત પર આવી ગયા. તે પૂરેપૂરી ગંભીરતા સાથે બોલ્યા- મેં દ્રૌપદી સાથે સ્વયંવરની યોજના બાબતે વિસ્તારથી વાત કરી. શરૂઆતમાં તે સ્વયંવર માટે રાજી નહોતી. પરંતુ તેના તમામ પાસાંઓ પર ફરી વિચાર કર્યા

બાદ, અંતે તેણે હા પાડી જ દીધી.

મેં કહ્યું- મને તો તેમની સમજદારી પર પહેલેથી ગર્વ છે.

દ્રૌપદી હસીને મને પણ તમારી આવી સમજદારી પર ઓછો ગર્વ નથી.

...આ બાજુ અમે લોકો પોતપોતની મજાકમસ્તી કરી રહ્યા હતા, તો બીજી તરફ દ્રુપદ સંપૂર્ણપણે ગંભીર હતા. થોડા ઘણાં બેચેન પણ જણાતા હતા. સ્પષ્ટ દેખાતું હતું કે આ ગંભીર બાબતમાં તેમને આ હળવી મજાક પણ માફક નહોતી આવતી. માટે તરત વાતને સ્વયંવર પર પાછી લાવતા બોલ્યા- દ્વારકાધીશ! કૃપા કરીને સ્વયંવરની સંપૂર્ણ યોજના વિસ્તારથી જણાવો, જેથી આપણને તૈયારીઓ કરવાની ખબર પડે.

મેં કહ્યું- તમે આ વર્ષની કોઈપણ તિથિ સ્વયંવર માટે નક્કી કરી નાખો. અને તિથિ નક્કી થતાંની સાથે જ આર્યાવર્તના બધા રાજાઓને સ્વયંવરમાં આમંત્રણ આપવા માટે નિમંત્રણ-પત્ર મોકલી દેવામાં આવે.

દ્રુપદે કહ્યું- રાજપુરોહિતે આવતા વર્ષે ચૈત્ર માસમાં એક શુભમુહૂર્ત જોયું છે.

હું મનોમન વિચારવા લાગ્યો, આ પુરોહિતોએ વળી ક્યારે સમયની આવશ્યકતા પ્રમાણે મુહૂર્ત કાઢ્યાં છે? પણ આ સમય આવા વ્યંગનો નહોતો. તેથી મેં પૂરેપૂરી ગંભીરતા સાથે કહ્યું- ઠીક છે, તો તમે નિમંત્રણ-પત્ર તૈયાર કરાવી આર્યાવર્તના બધા જ રાજાઓને મોકલી દો.

દ્રુપદે ફરી પૂછ્યું- પણ નિમંત્રણ-પત્રમાં શું લખવાનું છે?

મેં કહ્યું- નિમંત્રણ-પત્ર માત્ર ચાર વાક્યોનું રહેશે. તેમાં લખ્યું હશે કે:

હે મહાનુભાવ,

આવતા વર્ષે ચૈત્ર માસની ત્રીજના રોજ મારી રૂપવાન તથા ગુણવાન સુપુત્રી દ્રૌપદીનો સ્વયંવર રાખવામાં આવ્યો છે. અને તેમાં એક ધનુર્વિદ્યાની સ્પર્ધા રાખવામાં આવી છે. જે આ સ્પર્ધામાં વિજયી થશે, મારી પુત્રી દ્રૌપદી તેના જ ગળામાં વરમાળા પહેરાવશે.

આપ તમામ રાજા પોતાના રાજકુમારો તથા યુવરાજો સાથે સાદર આમંત્રિત છો.

તમારો, પાંચાલ નરેશ રાજા દ્રુપદ

પત્રની સરળ ભાષાથી મહારાજ જ નહીં, દ્રૌપદી પણ પ્રભાવિત થયા વિના ન રહી શકી. પણ વાત અહીં ન અટકી. દ્રુપદ આજે બધી જ વાતો પાક્કી કરી લેવા માંગતા હતા. તરત જ તેમણે આગળનો સવાલ પૂછ્યો- કૃપા કરીને એ પણ જણાવો કે ધનુર્વિદ્યાની સ્પર્ધા કેવી હશે?

મેં કહ્યું- તેનો નિર્ણય સ્પર્ધાના એક મહિના પહેલા જ કરવામાં આવશે. અત્યારથી નક્કી કરવાથી શક્ય છે કે સ્પર્ધાની વિશ્ર્વસનીયતા જ દાવ પર લાગી જાય. વળી એવું પણ બની શકે કે પ્રતિસ્પર્ધીઓ પોતાને ત્યાં તેનો અભ્યાસ પણ ચાલુ કરી દે. હા, એક વાત નક્કી છે કે સ્પર્ધા એટલી કઠિન રાખવામાં આવશે કે તેને જીતનારી વ્યક્તિ એક નહીં, પણ દસ દ્રોણને તમારા ચરણમાં લાવી દેવા માટે સક્ષમ હશે.

...હવે આ વાત તો મેં તેમને જુસ્સામાં લાવવા જ કહી હતી, પણ દાવ ઊંધો પડ્યો. દ્રુપદ થોડા ચિંતિત થઈને બોલ્યા- એ તો ઠીક છે, પણ સ્પર્ધા એટલી બધી અઘરી પણ ન થવી જોઈએ કે તેને કોઈ જીતી જ ન શકે.

જોકે આ અઘરા પ્રશ્ર્નનો ઉત્તર આપવાનું કષ્ટ મારે ન ઉઠાવવું પડ્યું. દ્રૌપદી તરત તેના પિતાને સાંત્વના આપતી તમે ચિંતા શું કામ કરો છો, પિતાજી! જો એવું થયું તો હું દ્વારકાધીશના ગળામાં વરમાળા પહેરાવી દઈશ. ...વાત હસવાની હતી, બધા હસી પડ્યા. હું કંઈક વધારે મોટેથી જ

હસી પડ્યો. ચાલો, કમસેકમ એ બહાને વાત હસવામાં તો ઊડી ગઈ.

ખેર! લગભગ બધી જ વાતો હવે નક્કી થઈ ગઈ હતી. હું પણ હવે એક વર્ષ સુધી તો સંપૂર્ણપણે નિશ્ચિંત થઈ જ ગયો હતો. દ્રુપદ અને દ્રોણની અથડામણ એક વર્ષ માટે તો ટળી જ ગઈ હતી. હવે મારું પાંચાલમાં રોકાવાનું કોઈ ઔચિત્ય નહોતું. માટે ભોજનમાં બેસતાની સાથે જ મેં મહારાજ પાસે જવા માટે અનુમતિ માગી. મહારાજે રજા તો આપી, પરંતુ સ્વયંવરની તમામ જવાબદારી નિભાવવાનું વચન લઈને. મેં પણ હસતા હસતા કહી દીધું- આ પણ કંઈ કહેવાની વાત છે? સ્વયંવર સફળતાપૂર્વક પાર પાડવાની જ નહીં, પરંતુ આ સ્વયંવરને યાદગાર બનાવવાની બધી જ જવાબદારી હું લઉં છું. તમે સંપૂર્ણપણે નિશ્ચિંત થઈ જાવ. હું સ્વયંવર માટે કમસેકમ દોઢ-બે મહિના અગાઉ પાંચાલ આવી જઈશ. એટલું જ નહીં, મારી સાથે હું ધનુષ્ય બનાવનાર લુહારને પણ લેતો આવીશ, જેથી પ્રતિયોગિતાની ગોપનીયતાને કોઈ આંચ ન આવે. સાથે જ, જતાં જતાં મેં મહારાજને નિર્દેશ કર્યો કે આ સ્પર્ધામાં માત્ર ક્ષત્રિયો જ નહીં, પણ તમામ વર્ણના લોકોને ખૂલીને આમંત્રણ આપવામાં આવે. કેમકે આપણને ક્ષત્રિયની નહીં, સર્વશ્રેષ્ઠ તીરંદાજની જરૂર છે. આ બાજુ આટલું કહીને હું કક્ષની બહાર નીકળતો જ હતો કે ત્યાં દ્રૌપદીએ ભારે અદા સાથે કહ્યું- જતાં પહેલાં એકવાર મને જરૂર મળતા જજો.

મેં કહ્યું- મારી પણ આજ ઈચ્છા હતી.

દ્રૌપદી હસતા આમ પણ કહેવાય છે કે, પહેલા ઈચ્છાઓ મળે છે, ...છેક પછી હૃદય મળે છે. ...મારી પાસે સ્મિત કરવા સિવાય આનો બીજો કોઈ સારો જવાબ નહોતો, એટલે હસીને વાત ટાળી દીધી.

...હવે તો દ્રૌપદી પણ મારા કહ્યામાં હતી. આખું પાંચાલ મારા નિયંત્રણમાં હતું. હું ખૂબ ખુશ હતો. અને આજ ખુશખુશાલ મુદ્રામાં મેં મારા વિશ્રામ કક્ષમાં પ્રવેશ કર્યો. પરંતુ મિત્રોને મારી આ પ્રસન્નતા રુચિ નહીં. તેમણે તો એને પણ મજાકનો એક અવસર બનાવી દીધો. તેઓ પણ શું કરે, હું અહીં મારા કામો અને યોજનાઓમાં વ્યસ્ત રહેતો હતો અને તેમની પાસે કોઈ કામ નહોતું. આવા સમયે તેમની પાસે હસી-મજાક કરવા સિવાય બીજું હોઈ શું? બસ, મને આટલો પ્રસન્ન જોઈને પહેલું વ્યંગબાણ ઉદ્ધવે છોડ્યું- લાગે છે કે વરરાજા આજે વાત પાક્કી કરીને આવ્યા છે.

આથી સાત્યકિને પણ મજાક સમજાતું નથી કે પરણેલા માણસને જ આટલા માગાં કેમ આવે છે? અમને કુંવારાઓને તો કોઈ પૂછતું જ નથી.

હું મનોમન ઝંખવાણો પડ્યો. હવે એમાં હું શું કરું? હકીકતમાં તો અત્યારે મારો સહેજ પણ મજાકનો મૂડ નહોતો. આટલા સમયથી પાંચાલમાં ચાલતાં ચક્કરોથી આજે મહા મુશ્કેલીએ છુટકારો મળ્યો હતો. પરિણામે મન તથા શરીર, બંને આરામ માંગી રહ્યા હતા. હું ધરાઈને સૂવા માંગતો હતો. કેમકે કામની વ્યસ્તતામાં ક્યારેય થાકનો અંદાજ નથી આવતો. તેનો અહેસાસ તો કામ પૂરું થાય પછી જ થાય છે. માટે અત્યારે હું ખરેખર ખૂબ જ થાક અનુભવતો હતો. એટલે મેં બધાને બે હાથ જોડીને વિનંતી કરી કે જો તમે આજની રાતે તમારા કટાક્ષો અને વ્યંગને વિરામ આપો, તો તેમનો મારા પર બહુ મોટો ઉપકાર ગણાશે. કેમકે આજે હું આરામથી સૂવા માગું છું. ...પણ મજાકનો એવો માહોલ જામી ગયો હતો કે કોઈએ મારી વાત ગંભીરતાથી લીધી જ નહીં. ઊલટાનું ઉદ્ધવે તો આ વાત પર પણ કટાક્ષ કર્યો. તે બોલ્યો- સૂવા માગો છો કે એ બહાને દ્રૌપદીનાં સપનાં જોવા માગો છો? ...આ કટાક્ષ પર પણ મેં મારી ગંભીરતા જાળવી રાખી. બધા સમજી ગયા કે આજે કનૈયાને વધારે છંછેડવો યોગ્ય નથી. માટે વાત અહીં જ અટકી ગઈ.

ખેર! બીજા દિવસે મારા પરમ આશ્ચર્યની વચ્ચે, મહામંત્રી ફરી રાત્રિ ભોજનનું નિમંત્રણ આપી ગયા. અને આજના રાત્રિ ભોજનની વિશેષતા એ હતી કે તેમાં મિત્રોને પણ આમંત્રિત કરવામાં

આવ્યા હતા. સ્વાભાવિક રીતે, નિમંત્રણ મળતાની સાથે બધા ઝૂમી ઊઠ્યા અને એવા ખુશ થયા કે મહામંત્રીના જતાની સાથે જ ફરી મજાકનો દોર ચાલુ કરી દીધો. આ વખતે સાત્યકિએ શરૂઆત કરી. તે બોલ્યો- આમ તો વિશ્ર્વસુંદરી વિશે વાતચીત ન કરવાનું ફરમાન રાત સુધી સીમિત હતું. પણ આ નિમંત્રણને લઈને તો મારા પેટમાં કંઈક હલચલ શરૂ થઈ ગઈ છે.

મેં પણ હસતા હસતા કહ્યું- તમને પેટમાં ગરબડ થઈ રહી છે એટલે હળવા થઈ જાવ, નહિતર તમને અપચો થઈ જશે.

સાત્યકિ બોલ્યો- આજે તો જમાઈ સાથે મિત્રોને પણ આમંત્રણ આપ્યું છે. લાગે છે કે વાત બહુ આગળ વધી ગઈ છે.

આવું સાંભળીને ઉદ્ધવ ક્યાં ચૂપ બેસવાનો હતો? એ પણ પોતાના સુંદર મુખેથી કંઈક તો કહેવાનો જ હતો. તે બોલ્યો- હું તો માત્ર એટલું જ પૂછવા માગું છું કે ત્યાં ભોજન સમયે અમે તને "કૃષ્ણ'' કહી શકીએ કે પછી "દ્વારકાધીશ'' કહીને જ બોલાવવો પડશે? અને દ્રૌપદીને શું કહીને સંબોધીએ?

મિત્રો પર છવાયેલી મસ્તીનો અંદાજ એના પરથી લગાવી શકાય છે કે સવાલ મને પૂછવામાં આવ્યો હતો અને જવાબ સાત્યકિએ આપ્યો- કમાલ છે, ઉદ્ધવ! આ તે કંઇ પૂછવા જેવી વાત છે? આપણે તો તેમને ભાભી કહીને જ બોલાવવા પડે.

મેં બંને સામે સ્મિત કરતાં હાથ જોડીને કહ્યું- તમે જેને જે કહીને બોલાવવા માગતા હો, તે કહીને બોલાવજો. પણ મહેરબાની કરીને તમારી આ મજાક-મસ્તીને છેક ભોજન સુધી ન લઈ જતા.

ઉદ્ધવ બોલ્યો- આ પણ કંઇ કહેવાની વાત છે? ભલે અમને લગ્નનો કોઈ અનુભવ નથી, પણ લગ્ન પહેલાં વરરાજાની ઈજ્જતનું શું મહત્ત્વ છે... એ તો અમને સારી રીતે ખબર છે. ભાભીની સામે થોડું તમારું નીચું પડવા દઈશું? હવે મારી પાસે હસવા સિવાય કોઈ જ રસ્તો નહોતો. અને ઉપરથી મજાક મીઠી પણ હતી, એટલે હસી લીધું.

આ બાજુ સાંજ થતાંની સાથે તેડું આવતા જ અમે નીકળી પડ્યા. મિત્રોમાં વિશ્ર્વસુંદરીને જોવાનો સવિશેષ ઉત્સાહ હતો. આજનું રાત્રિભોજન સ્વાભાવિક રીતે ભોજનકક્ષમાં રાખવામાં આવ્યું હતું. મહામંત્રી, ધૃષ્ટદ્યુમ્ન, દ્રૌપદી એ બધાં ત્યાં પહેલેથી જ ઉપસ્થિત હતા. આ બધું તો ઠીક પણ મિત્રો તો દ્રૌપદીને જોતા જ રહી ગયા. આવા ભભકતા અદ્ભુત સૌંદર્યની તો તેમણે ક્યારેય કલ્પના પણ નહીં કરી હોય. હશે, પછી તો મેં વિધિવત્ દ્રૌપદી સાથે તેમનો પરિચય પણ કરાવ્યો. પણ તેમનામાંથી કોઈ વધારે બોલ્યું નહીં. કદાચ દ્રૌપદીના પ્રભાવે તેમને મૂંગા બનાવી દીધા હતા. ચાલો, આ તો સારું જ થયું હતું. કમસેકમ આ બહાને હું તેમની મજાકથી તો છૂટ્યો હતો. ત્યાં સુધીમાં મહારાજ પણ આવી ગયા હતા. તેમના આવતાની સાથે જ અમે બધાએ ઊભા થઈને તેમનું અભિવાદન કર્યું. તે દ્રૌપદીની પાસે આવીને બેસી ગયા. ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદી પણ તેમની આસપાસ જ બેઠાં હતા. અમે લોકો તેમની સામે તરફ બેઠા હતા. ભોજનકક્ષ પણ ખૂબ જ વિશાળ અને શાનદાર હતો. આ બાજુ થોડી જ વારમાં અમારી સામે સ્વર્ણથાળ મૂકવામાં આવ્યા. આટલા વિશાળ થાળ અને તેમાં મૂકવામાં આવેલી વિવિધ કટોરીઓ તો હું જોતો જ રહી ગયો. સૌથી મોટી વાત તો એ છે કે આ બધી વાતો હું એટલા માટે કરી રહ્યો છું, કેમકે આજે મિત્રો સામે હું દ્રૌપદીને બહુ વધારે ભાવ નહોતો આપતો. ખાલી ખોટા આ મૂર્ખાઓ વાતનું વતેસર ન કરી નાખે. મારું તો ઠીક, પણ એના લીધે ખાલી ખોટું રુક્મિણી અને દ્રૌપદી બંનેનું અહિત થઈ શકે તેમ હતું. તો, અત્યારે તો ભોજન તરફ જ વળીએ.

...આજના ભોજનમાં શાનદાર વ્યંજનોની સાથે સાથે મારી પસંદગીનું પણ પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવ્યું હતું. આજના આ શાહી ભોજનમાં એકથી એક ચડિયાતા પકવાનો અને વ્યંજનોની સાથે સાથે માખણ, દહીં ને બીજું ઘણું બધું હતું. બીજી એક સારી વાત એ હતી કે આજે મહારાજા દ્રુપદ

એકલા નહોતા, મદિરા પીવામાં સત્યકિએ છેક અંત સુધી તેમનો સાથ આપ્યો હતો. બાકી અમે બધા તો ઘૂંટ બે ઘૂંટના જ મહેમાન હતા. આ બાજુ, અત્યાર સુધી ખાવાપીવામાં મસ્ત થઈ ગયેલા રાજા દ્રુપદે ભોજન પત્યા પછી મિત્રોની પરવા કર્યા વિના પોતાની વાત ફરી દોહરાવી. મને સંબોધિત કરી તેમણે કહ્યું- સ્વયંવર પહેલાં કમસેકમ બે મહિના અગાઉ તમે ચોક્કસ આવી જજો. હવે હું માત્ર તમારા ભરોસે છું.

દ્રૌપદીએ પણ હસતા હસતા કહ્યું- અને હું પણ...

મેં પણ મારું સદાબહાર સ્મિત વેરતા કહ્યું- તમે નિશ્ચિંત રહો. મારા પર ભરોસો કરનારનો ઉદ્ધાર હું જરૂર કરું છું.

અને આમ, આ વિશ્વાસભર્યા વાતાવરણમાં રાત્રિભોજન સમાપ્ત થયું. કહેવાની જરૂર નથી કે મહારાજ અને દ્રૌપદી કરતાં અનેકગણો વધારે સંતુષ્ટ હું હતો. ત્યાં ભોજન સમયે બિલકુલ શાંત રહેલા ઉદ્ધવ અને સાત્યકિ વિશ્રામકક્ષમાં આવતાની સાથે જ ફરી સક્રિય થઈ ગયા. આ વખતે ઉદ્ધવે શરૂઆત કરી. એ બોલ્યો- ખરેખર! તમારી અને દ્રૌપદીની જોડી આર્યાવર્તની સૌથી શ્રેષ્ઠ જોડી સાબિત થશે.

મેં પણ પૂરેપૂરી ગંભીરતા સાથે વાત પર લગામ લગાવતા કહ્યું- એ તો હું પણ જાણું છું.

એટલે સાત્યકિએ પૂછ્યું- પણ આ જોડી બનશે ક્યારે?

મેં કહ્યું- હવે તમે તમારી મજાકને જરા લગામ લગાવો, તો હું આ વિષયમાં કંઈક વિચારી શકું.

...કહેવાની જરૂર નથી કે આવશ્યકતા કરતાં વધારે ગંભીરતા દર્શાવવાનું યોગ્ય પરિણામ પણ આવ્યું. આજનો આ દોર અહીં જ સમાપ્ત થઈ ગયો. આમ પણ આટલી મોડી રાતે આવા ફિજુલ કટાક્ષ કંઈ કરવાના હોય? તો આજની રાત તો નીકળી ગઈ. હવે હું બને તેટલી ઝડપથી અહીંથી નીકળવા માગતો હતો. બસ, સવાર થતાંની સાથે જ વ્યાયામ તથા દિનચર્યા પતાવીને મેં તરત જ દરવાનને દ્રૌપદી સાથેની મુલાકાતની ઈચ્છાનો સંદેશો મોકલાવ્યો. સાચું કહું તો નીકળવાની ઉતાવળ હોવા છતાં પણ ન જાણે કેમ હું દ્રૌપદી સાથેની આ અંતિમ મુલાકાત માટે કંઈક વધારે જ ઉત્સાહિત હતો. કદાચ એટલા માટે કે દ્રૌપદી સાથે અત્યાર સુધી થયેલી તમામ મુલાકાતોમાં મારે સંભાળી સંભાળીને ચાલવું પડ્યું હતું. હું મારા સ્વાભાવિક રૂપમાં અત્યાર સુધી તેને મળી નહોતો શક્યો. પણ હવે જ્યારે બાપ-દીકરીને સંપૂર્ણપણે ચક્કરમાં લઈ લીધા હતા, ત્યારે ચોક્કસ જ આ વખતની મુલાકાતની મજા જ કંઈ ઓર રહેવાની હતી. કમસેકમ સંપૂર્ણ સ્વતંત્રતા સાથે, હું તેને મારું સાચું સ્વરૂપ તો દર્શાવી શકીશ. અને આમ પણ જતાં પહેલાં મળીને જવાનું તો દ્રૌપદીએ જ કહ્યું હતું, માટે તેની ઈચ્છા પણ મારે પૂરી કરવાની જ હતી.

...જોકે મારે વધારે રાહ ન જોવી પડી. દ્રૌપદી તરફથી રાત્રિ-ભોજનનું નિમંત્રણ મળી ચૂક્યું હતું. સાંજ પડતા જ દરવાન મને લેવા આવી ગયો. હું તૈયાર જ હતો, તરત તેની સાથે નીકળી પડ્યો. આજનું રાત્રિ-ભોજન દ્રૌપદીના કક્ષમાં જ રાખવામાં આવ્યું હતું. આખો કક્ષ ચંદનના અત્તરથી મહેકી રહ્યો હતો. ઓરડામાં ધીમું ધીમું દીવાનું અજવાળું વાતાવરણને વધારે રંગીન બનાવતું હતું. ગુલાબી રંગના રેશમી વસ્ત્રોથી સજ્જ દ્રૌપદી આજ જેટલી પ્રભાવશાળી અગાઉ ક્યારેય નહોતી લાગી. તે પોતાના એ જ ચિર-પરિચિત સ્મિત સાથે તેની મનગમતી બેઠકમાં અડધી લંબાઈને બેઠી હતી. હું તો તેને જોતો જ રહી ગયો હતો, ખરેખર આ સૌંદર્યમાં સમર્પણ હોત તો કેટલું સારું હોત.

ખેર! દર વખતની જેમ આ વખતે પણ મુલાકાતની શરૂઆત સ્મિતના આદાનપ્રદાનથી જ થઈ. મુલાકાત ઉપર મુલાકાતમાં આ સ્મિતનું આદાન પ્રદાન એ અમારી મુલાકાતનો એક શિષ્ટાચાર બનતું જતું હતું. ખરું કહું તો હવે તો આજ રીતે અમારી એકબીજાના હાલચાલ પૂછવાની જાણે રીત બની ગઈ હતી. હશે, હજી તો હું ઓરડાના દરવાજા પાસે જ ઊભો હતો કે પરસ્પર સ્મિતનો દોર પુરો થતાં જ, તે એકદમ સ્ફૂર્તી સાથે ઊભી થઈ ગઈ. હજી હું કંઈ સમજું તે પહેલાં જ તે મારી પાસે આવીને

ઊભી રહી ગઈ અને મારો હાથ પકડીને એક ઊંચા સિંહાસન તરફ લઈ ગઈ, અને પછી ખૂબ જ અદાથી મને ત્યાં બિરાજવાનો ઈશારો કર્યો. તેની આ અદાએ મને કોઈ જ કામનો ન રાખ્યો. નિર્ણય કરવો મુશ્કેલ થઈ ગયો હતો કે આ તો સ્ત્રી છે કે કાતિલ?

...જોકે એ વાતની સ્પષ્ટતા કરી લઉં કે હજી સુધી અમારી વચ્ચે એક પણ શબ્દનું આદાનપ્રદાન નહોતું થયું. હા, અમે બંને પોતપોતાની જગ્યાએ બેઠાં બેઠાં એકબીજાને જોયા અવશ્ય કરતાં હતા. જોકે આ દ્રશ્ય પણ બહુ લાંબુ ન ચાલ્યું. આમ પણ આજે કક્ષમાં બીજું કોઈ જ નહોતું. અને એકાંતમાં મૌન ટકી ટકીને ટકેય કેટલું? બસ, થોડી વારની ખામોશી પછી તે ઊભી થઈ અને જાતે ફળ કાપીને મારી સામે ધર્યાં. સાચું કહું છું, દ્રૌપદીનો હાથ અડતા જ ફળોની મીઠાશ વધીને કંઈક ઓર થઈ ગઈ હતી. આશ્ચર્યની વાત એ કે હું બધાં જ ફળ ખાઈ ગયો, પણ હજી સુધી અમારી વચ્ચે કોઈ જ વાતચીત નહોતી થઈ. વિષય તો હજાર હતા, પણ કદાચ અંતિમ મુલાકાતને કારણે શબ્દો નહોતા મળતા. ત્યાંજ વળી એને શું સૂજ્યું કે તે અચાનક ઊભી થઈ ગઈ અને બારીમાંથી બહાર જોવા લાગી. તેની પીઠ મારી તરફ હતી. ...હવે મારાથી રહેવાયું નહીં. એટલે મૌન તોડીને મેં પૂછી જ લીધું- શું જુએ છે?

તે એ માર્ગને જોઈ રહી છું, જ્યાંથી તમે જવાના છો.

...સ્પષ્ટ હતું કે મારા જવાથી તે ખૂબ જ ઉદાસ હતી. તેનો અવાજ પણ આ વાતનો પુરાવો આપી રહ્યો હતો. સાચું કહું તો તેનાથી અલગ પડવાનું દુ:ખ તો મને પણ હતું. ઓછી મુલાકાતો છતાં પણ અમારા બંને વચ્ચે આત્મીયતા ખાસ્સી ઊંડી થઈ ગઈ હતી. જોકે મેં વાતાવરણને સહજ બનાવવા માટે વાતને એક જુદો જ વળાંક આપતા કહ્યું- ...કે પછી એ માર્ગને જોઈ રહી છે, જ્યાંથી હું સ્વયંવરની તૈયારીઓ માટે આવવાનો છું?

આ સાંભળતાં જ તે થોડી સહજ જરૂર થઈ. હું તેની મનોદિશા સમજી શકતો હતો. એક તો મારું વ્યક્તિત્વ અને ઉપરથી તેનું કોરી માટી જેવું મન. અને વળી આટલા સમયથી અમારા બંનેના લગ્નની ચાલતી ચર્ચાઓ, મન ભ્રમિત થાય તેમાં કંઇ નવાઈ નહોતી. બીજી બાજુ જોઈએ તો તેના જીવનનો આ પહેલો પ્રસંગ હતો, જ્યારે હું તો આ ક્ષેત્રનો એક પરિપક્વ ખેલાડી હતો. એટલું જ નહીં, અમારા બંનેની પરિસ્થિતિમાં એક બીજો ફેર હતો. તેની પાસે મજબૂત અહંકાર હતો અને મારી પાસે મજબૂત દ્રષ્ટા. આમ તો અમારા બંનેમાં એક વધુ પાયાનો તફાવત પણ હતો...એ બિચારી બધું સાચું કહી રહી હતી, અને હું માત્ર તેની પાસે ખોટું જ નહોતો બોલતો, બલ્કે તેની સાથે નાટક પણ કરી રહ્યો હતો.

ખેર! અહીં કક્ષમાં મૌનનું સામ્રાજ્ય સ્થપાઈ ચૂક્યું હતું. દ્રૌપદી હજી પણ ત્યાં બારી પાસે ઊભી હતી. આખરે મારાથી ન રહેવાયું. હું પણ તેની પાસે જઈને ઊભો રહી ગયો અને બહારનાં દ્રશ્યો જોવા લાગ્યો. તે કંઈક વધારે પડતા ઊંડા વિચારોમાં ડૂબેલી જણાતી હતી. ...મેં તેના વિચારનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કર્યો. તો એ વિચારું છું દ્વારકાધીશ, કે તમે આ બધી મહેનત સાવ વ્યર્થ કરી રહ્યા છો. મને નથી લાગતું કે આવી અઘરી સ્પર્ધામાં કોઈ વિજયી થઈ શકશે.

કદાચ મારા તેની પાસે જઈને ઊભા રહેવાથી અચાનક તે પોતાના રંગમાં આવી હોય તેવું લાગતું હતું. કેમકે આટલું કહીને તે દરવાજા તરફ વળી અને પછી પોતાનું ચિર-પરિચિત સ્મિત વેરીને તેણે તાળી પાડી. જિજ્ઞાસાવશ હું પણ વળ્યો, જોઈએ શું કરવા માંગે છે. ત્યાં તો તરત જ થોડીક દાસીઓ શણગારેલા થાળમાં એક વરમાળા લઈને આવી પહોંચી. દ્રૌપદીએ મારી આંખોમાં આંખો પરોવીને વરમાળા ઊઠાવી અને સામે પડેલા એક દર્પણ પર ટીંગાડી દીધી. એક પળ માટે તો તેની આ અદાએ મને પણ આશ્ચર્યમાં મૂકી દીધો હતો. પણ તે અહીં ક્યાં અટકવાની હતી? તેણે તો મારો ખાત્મો બોલાવવાનું નક્કી જ કરી લીધું હતું. તેથી, થોડી વારના મૌન પછી એકદમ મોં મચકોડીને જોજો દ્વારકાધીશ! સ્વયંવરની સમાપ્તિ પછી પણ આ વરમાળા તમારી જ પ્રતીક્ષા કરતી અહીં નજરે ચઢશે.

તેનો આ રંગ જોઈને હું પણ મારા રંગમાં આવી ગયો. તરત મેં પણ પૂરી છટામાં કહ્યું- એક

વાત ચોક્કસ જાણ દ્રૌપદી, એવી પરિસ્થિતિમાં તને મારી ડોક પણ આ વરમાળાની પ્રતીક્ષા કરતી જ દેખાશે.

...આવું સાંભળતાની સાથે જ તે મોટે મોટેથી હસી પડી. આ ઉદાસીના માહોલમાં અચાનક તેનું આમ હસવું મને ખૂબ સારું લાગ્યું. વળી ભોજનનો પણ સમય થઈ ગયો હતો. દાસીઓ ભોજન પણ પીરસી ચૂકી હતી. ભોજનના સમયે અમે બંને મૌન જ રહ્યા. પણ આ મૌન શબ્દો સુધી જ સીમિત હતું. હજી પણ અમારું ધ્યાન ભોજન પર ઓછું અને એકબીજાને જોવામાં વધારે કેંદ્રીત હતું. ભોજન પછી દ્રૌપદીએ જ વાતચીતની શરૂઆત કરી. તેણે એકદમ સહજતાપૂર્વક કહ્યું- ખબર છે દ્વારકાધીશ! મારો સ્વભાવ સરળતાથી કોઈના પર વિશ્વાસ કરે તેવો નથી. તમે એવી પહેલી વ્યક્તિ છો કે જેની પર વિશ્વાસ કરીને મેં સ્વયંવર માટે હા પાડી દીધી છે.

મેં કહ્યું- મારા પર વિશ્વાસ કર્યો તે તારી સમજદારીનું પ્રમાણ છે. સાચું કહું તો તારી આજ સમજદારી આર્યાવર્તમાં તને અજોડ બનાવે છે.

આવું સાંભળીને ખાસ્સા છણકા સાથે તેણે કહ્યું- આર્યાવર્તમાં અજોડ તો મને મારી સુંદરતા પણ બનાવે છે.

...હું હસી પડ્યો. દ્રૌપદી પણ કમાલ હતી. પળમાં આમ, પળમાં તેમ. ક્યારેક ઉદાસ તો પછી... અચાનક ખુશ, એકદમ ખુશ... આમ તો રાત ઘણી થઈ ગઈ હતી, એટલે જવા માટે મેં રજા માંગી. મારા જવાની વાત સાંભળતાની સાથે જ દ્રૌપદીની આંખો ભરાઈ આવી. તેણે છલકતી આંખો સાથે જ મૌનપૂર્વક સંકેત દ્વારા રજા આપી. ખરું કહું તો જુદા પડવાનું દુ:ખ મને પણ હતું. મારી આંખો પણ ભરાઈ આવી હતી. કૃષ્ણના આજનાં આ આંસુમાં નાટક ઓછું અને આત્મીયતા વધારે હતી. જોકે એ વાત અલગ છે કે મારી આત્મીયતા કંઈક જુદા પ્રકારની હતી.

હશે, આજે સવારે અમારે નીકળવાનું હતું. પાંચાલ છોડવાનો ઉત્સાહ બધાના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો. જોકે સાત્યકિને મેં પાછો દ્વારકા મોકલી દીધો, કેમકે અત્યારે મારા કરતાં ભાઈને તેની વધારે જરૂર હતી. બીજી બાજુ મારા પરમ આશ્ચર્યની સાથે રાજા દ્રુપદ માત્ર પોતાના પુત્ર તથા મહામંત્રી સાથે અમને સરહદ સુધી મૂકવા જ ન આવ્યા, પરંતુ ખુશ થઈને મને ભેટરૂપે થોડો ખજાનો પણ આપ્યો. મેં પણ આ ભેટ મારું સન્માન સમજીને સ્વીકારી લીધી. અને આ સાથે જ અમારી યાત્રા શરૂ થઈ ગઈ હતી. અમે લોકો અહીંથી સીધા પાંડવોને મળવા માટે જઈ રહ્યા હતા. પાંડવો સાથેની મુલાકાતનું નામ પડતાની સાથે જ હું ખૂબ ઉત્સાહિત થઈ ગયો હતો. આ ઉત્સાહને લીધે રથની કમાન મેં મારા હાથમાં જ રાખી હતી. એ કહેવાની જરૂર નથી કે અમે વેશ બદલીને જઈ રહ્યા હતા, કેમકે મુલાકાતની ગુપ્તતા ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતી. એક નાનકડી ચૂક પણ તેમના જીવિત હોવાની ગુપ્તતા છતી કરી શકે તેમ હતી. આને લીધે દ્રુપદ અને કૌરવોનું તો કામ થઈ જાત, ...અને બિચારા પાંડવો તો કામથી જાત.

ખેર! રાક્ષસરાજ્ય પાંચાલની સરહદની બાજુમાં જ હતું. બે દિવસની ટૂંકી યાત્રા પછી અમે રાક્ષસપ્રદેશ પહોંચી ચૂક્યા હતા. પ્રદેશ જેવું ક્યાં કંઈ હતું? એક ગાઢ જંગલ જ હતું. એકદમ અવિકસિત જંગલ. અને પાંડવોનો રાજમહેલ શું, તૂટ્યા-ફૂટ્યા વાંસ અને માટીનું બનેલું એક સાધારણ ઘર. સવારનો સમય હતો એટલે બધા પોતાના મહેલમાં જ બિરાજમાન હતા. કહેવાની જરૂર નથી કે પાંડવો મને જોતાની સાથે જ ખુશ થઈ ગયા હતા. હશે, હમણાં સૌથી પહેલાં તો મેં ફોઈના ચરણસ્પર્શ કરી તેમનાં આશીર્વાદ લીધા. કુંતીફોઈ ખૂબ જ નિરાશ જણાતા હતા. જોકે આત્મવિશ્વાસ તો પાંડવોનો પણ ડગેલો જ જણાતો હતો. હા, "મહારાજા વક્રોદર" એટલે કે ભીમ, ખૂબ જ પ્રસન્ન જણાતો હતો... ના, ના, એ એટલા માટે પ્રસન્ન નહોતો જણાતો કે તે રાજા બની ગયો હતો, કે તેના લગ્ન થયાં હતા, પણ એટલા માટે કે એક રાજા હોવાના નાતે તેને બંને વખત ભરપેટ ખાવા મળતું હતું. ખરેખર નાની

નાની વાતોથી પ્રસન્ન થઈ જનાર વ્યક્તિ કેટલી સુખી રહેતી હોય છે. અને ભીમ અત્યારે તેનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ હતો.

બીજી બાજુ બીજા બધા તો એ રીતે મોં નીચું રાખીને ઉદાસ બેઠા હતા કે વાતચીત કરવાનું મન જ ન થાય. જોકે કુંતીફોઈને છોડીને, ઝડપથી અમે બધાં જ બહાર ખુલ્લામાં આવી ગયા. ચારપાંચ ઝાડના ઝૂંડની વચ્ચે અમે જમીન પર જ આમ તેમ બેસી ગયા. અત્યાર સુધી અમારી વચ્ચે કંઈ ખાસ વાત નહોતી થઈ. સ્વાભાવિક રીતે સન્નાટાને ચીરતો પહેલો અવાજ ભીમનો જ આવ્યો. ભીમે કહ્યું કે શરૂઆતમાં ભોજનની ઘણી તકલીફ પડતી હતી કનૈયા, કેમકે બધા જ રાક્ષસો નરભક્ષી હતા. પણ હું રાજા બન્યો કે તરત જ મેં માનવ હિંસા પર પ્રતિબંધ લગાડી દીધો. હું મનોમન વિચારવા લાગ્યો કે સારા લોકો રાજા બને તેનો આજ ફાયદો છે. એટલા માટે જ તો હું રાજ્યની કમાન સારા વ્યક્તિઓના હાથમાં સોંપવાના પક્ષમાં રહ્યો છું.

ખેર! આ વાત તો થઈ ગઈ. પણ ખરું કહું તો પાંડવોની આ કસમયની હતાશાએ મને એક અજબની ચિંતામાં નાખી દીધો હતો. કેમકે આ બધું હજી તેમણે એક લાંબા સમય સુધી સહન કરવાનું હતું. હજી તેમના ઉદ્ધારનો સમય થયો નહોતો. અને સમયપૂર્વેની બેચેની ઉદ્ધારમાં અડચણરૂપ બને છે. ઉપરથી મુશ્કેલી એ હતી કે કોઈ કંઈ કહેતું પણ નહોતું. ઉદાસીનું કોઈ કારણ પણ જણાવતું નહોતું. પરંતુ બધાના ઉતરેલા ચહેરા પરિસ્થિતિની ગંભીરતા કહી દેતા હતા.

હશે, અત્યારે તો ફોઈ તરફથી ભોજનનું નિમંત્રણ આવી ચૂક્યું હતું, તેથી અમે બધા ભોજન પર તૂટી પડ્યા. ભોજન પછી પણ વાતચીતનો કોઈ ખાસ માહોલ નહોતો બનતો. કાંઈ વાંધો નહીં, સમયનો લાભ લેતા, અમે બધા બેઠક ખંડમાં જ આડા પડ્યા. આ બધા ચક્કરોમાં સાંજ પડી ગઈ. હવે વધારે રાહ જોઈ શકાય તેમ નહોતી. બસ, હું અર્જુનને લઈને ફરવા નીકળી પડ્યો. મને ખબર હતી કે એકાંત મળતાની સાથે જ તે પોતાના અંતરની ભડાસ જરૂર કાઢશે. થયું પણ એવું જ, મને એકલો જોઈને અર્જુને ઘણાં બધા પ્રશ્નો કર્યા. ઘણી બધી વાતો કરી. મારું તેને ફરવા લઈ જવાનું સાર્થક સિદ્ધ થયું. તમામ રહસ્યો પરથી પરદો ઊઠી ગયો હતો. ...આખી વાતનો મુખ્ય સાર એ હતો કે અર્જુન અને ભીમ આ પરિસ્થિતિઓ માટે યુધિષ્ઠિરને જવાબદાર માની રહ્યા હતા. તેમનું કહેવું એવું હતું કે ખબર નથી ક્યારે યુધિષ્ઠિરે મહારાજ ધૃતરાષ્ટ્ર સાથે વાતચીત કરી અને ન જાણે ક્યારે વારણાવત જવાનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. અમને તો કંઈ ખબર જ નથી. તે આ ચર્ચામાં અમારામાંથી કોઈને પણ પોતાની સાથે નહોતા લઈ ગયા, નહિતર અમે આ પ્રસ્તાવ ક્યારે પણ ન સ્વીકારત. લો, આ પણ કોઈ વાત થઈ? જો પ્રસ્તાવ ઠુકરાવવા જ માંગતા હો તો યુધિષ્ઠિરે સ્વીકાર્યા પછી પણ પ્રસ્તાવ તો ઠુકરાવી જ શકાય ને? તે એકલો હતો અને તમે ચાર. મૂળ તકલીફ એ હતી કે આ લોકો યુધિષ્ઠિરનો વિરોધ જ નહોતા કરતાં. અરે, આટલું બધું થઈ ગયા પછી પણ કોઈ યુધિષ્ઠિર સામે ખુલીને બોલવા પણ ક્યાં તૈયાર હતું?

ખેર! સાંજનું ભોજન અમે બધાએ મહારાજા વક્રોદર, એટલે કે ભીમના રાજમહેલમાં જ લીધું. લગભગ બે હજાર રાક્ષસોની આ વસ્તી હતી. હશે, અત્યારે તો ભોજન પછી બધા ભાઈઓ સાથે હું એક કક્ષમાં બેઠો હતો. તેમને ઘણું બધું સમજાવવું જરૂરી હતું. પરિસ્થિતિની વાસ્તવિકતાથી તેમને અવગત કરાવવું પણ જરૂરી હતું. આ ઉદ્દેશ્યથી જ તો હું અહીં આવ્યો હતો. તેથી, સૌથી પહેલાં મેં બધાને હંમેશાં સાવધાન રહેવાની સલાહ આપી. તેમના જીવતા હોવાની ગુપ્તતા જાળવી રાખવી પણ ખૂબ જ જરૂરી હતી, એ પણ સમજાવ્યું કેમકે હવે ખતરો માત્ર કૌરવો તરફથી જ નહોતો, હવે તો મહારાજા દ્રુપદ પણ અર્જુન સાથે વેર વાળવા તડપી રહ્યા હતા. એટલે કે બંને તરફથી ખતરો હતો. તેથી આવા સમયે તેમનું હસ્તિનાપુર જવું પણ જોખમી હતું અને ક્યાંય પ્રગટ થવામાં પણ જોખમ હતું. હજી મારું સમજાવવાનું ચાલુ જ હતું ત્યાં વાતની વચ્ચે જ ભીમે ઉકળાટ ઠાલવ્યો. હકીકતમાં તો દ્રુપદ

તેમના શત્રુ હોવાની વાતે ભીમને અકળાવી દીધો હતો. બસ, બધી વાતો સાંભળીને તે દ્રોણ પર ખૂબ જ નારાજ થયો. તેનું કહેવું હતું કે આ દ્રુપદ નામની જળો આપણને આચાર્યને કારણે જ વળગી છે. તે એટલો બધો ભડકી ગયો હતો કે તેણે દ્રોણને ઘણું બધું સારું-નરસું પણ કહી દીધું. તેણે છેક ત્યાં સુધી કહ્યું કે આચાર્ય મનથી બહુ જ દુષ્ટ છે. બ્રાહ્મણ તથા આચાર્ય હોવા છતાં પણ તે ગુરુદક્ષિણામાં હિંસા અને વેરની માંગણી કરે છે.

આ બાજુ સ્વાભાવિક રીતે, અર્જુન અને યુધિષ્ઠિરને ભીમે દ્રોણ વિશે જે ભલું-બૂરું કહ્યું તે સારું ન લાગ્યું. પણ આવા સમયે આવી બાબતો પર હું વિશેષ ધ્યાન આપવા નહોતો માગતો કે ન તો હું અહીં વધારે રોકાવા પણ માંગતો હતો. કેમકે વેશ બદલ્યા પછી પણ ભેદ ખૂલી જવાનો ખતરો તો હતો જ. હું તો અહીં માત્ર પાંડવોને મળવા, તેમના ખબરઅંતર પૂછવા અને તેમને એક ખાસ નિર્દેશ આપવા માટે આવ્યો હતો. માટે વાતને વાળતા, એકદમ ગંભીરતા સાથે બધાને કહ્યું- જો તમે મારા પર ભરોસો કરી શકો તેમ હો, તો મારી તો એવી સલાહ છે કે તમે આ રાજ્ય છોડીને ક્યાંય જતા નહીં. તેમાં જ તમારી ભલાઈ છે.

આ સાંભળતાવેંત યુધિષ્ઠિર તરત બોલ્યો- કેવી વાત કરો છો, કૃષ્ણ? હવે અમને તમારો જ તો સહારો છે. આ સંકટની ઘડીમાં અમારું છે જ કોણ?

ખબર નહીં કેમ પણ યુધિષ્ઠિરના બોલતાની સાથે જ મને કંઈક થઈ જતું હતું. મારા મોંમાંથી તરત નીકળી ગયું- ધર્મરાજ! એનો અર્થ તો એવો થયો કે મારા પર ભરોસો કરવો એ તમારી મજબૂરી છે.

મારી વાત સાંભળીને બધા ચોંકી ગયા. વાત બગડતી જોઈને અર્જુને કમાન સંભાળી. સ્પષ્ટતા કરતાં તેણે કહ્યું- ભાઈના કહેવાનો અર્થ એવો બિલકુલ નથી. અમને લોકોને તમારા પર દરેક રીતે પૂરો વિશ્ર્વાસ છે જ.

હું આમ પણ અત્યારે કોઈ વાતને તોલવાના પક્ષમાં નહોતો. એટલે આ વાત ટાળતા, મેં એકદમ શાંતિથી કહ્યું- ઠીક છે, તો પછી આગળના છ-આઠ મહિનામાં કે પછી બની શકે કે એક વર્ષ પણ લાગી જાય, પછી હું અને ઉદ્ધવ કે પછી અમારા બંનેમાંથી કોઈ એક તમારી પાસે એક પાક્કી યોજના લઈને આવીશું. મારી તમને વિનંતી છે કે ત્યાં સુધી તમે અહીં જ પોતાનું ગુપ્તજીવન વિતાવો. અને બની શકે તો પોતાના ક્રોધ તથા દુ:ખ પર કાબૂ રાખતા સત્વરે ઝડપથી શીખી જાવ.

...બધાએ એકમતે મારી વાત પર સંપૂર્ણ અમલ કરવાનું આશ્ર્વાસન આપ્યું. સાથે સાથે મારી દરેક સમજણને ધ્યાનમાં રાખવાનું વચન પણ આપ્યું. તેની સાથે જ મારું કામ પૂરું થયું. આમ તો મારું મન ભીમ અને અર્જુન સાથે વધારે સમય વીતાવવા માગતું હતું, પણ રહસ્ય ખૂલી જવાના પરિણામોને જોતાં, અહીં રોકાવાની હિંમત નહોતી થતી. આમ પણ સાવધાની સિવાય મને બીજું કંઈ જ મંજૂર નહોતું. તેથી, બીજા દિવસે સવારે જ અમે આ પ્રદેશ છોડવાનું નક્કી કર્યું. બાકીના બીજા બધા તો શાંતિથી સૂઈ ગયા, પણ હું, ઉદ્ધવ, અર્જુન તથા ભીમ રાત્રે મોડે સુધી વાતો કરતાં રહ્યા. ...ફરી આવો મોકો ક્યારે મળે, શી ખબર?

મારા નાગકન્યા સાથે લગ્ન

બીજે દિવસે સવારે જ અમે લોકો "નાગ-પ્રદેશ" જવા રવાના થઈ ગયા. આ પ્રદેશ પણ પાંચાલની સીમાને અડીને જ આવેલો હતો. દાદા-પરદાદાને મળવાના વિચાર માત્રથી મન પ્રફુલ્લિત થઈ રહ્યું હતું. પરંતુ જેમ જેમ અમારી યાત્રા આગળ વધી રહી હતી, તેમ તેમ પ્રસન્નતાનો નશો ઊતરી રહ્યો હતો અને એક અજાણી ચિંતાએ મને ઘેરવાનું શરૂ કરી દીધું હતું. હું એવું વિચારવા લાગ્યો કે નાગકૂટ પર જરૂર કોઈ ભારે આફત આવી હશે, એટલે મને આ રીતે યાદ કર્યો છે. પણ તે આફત કઈ હોઈ શકે છે? હવે આફત જે હોય તે, તેનું પૂર્ણ સમાધાન તો કરવાનું જ હતું. અમે દ્વારકામાં મોજ કરીએ અને અમારા પૂર્વજો આફતોમાં અટવાયેલા રહે, તો આ મોજ-મસ્તીનો અર્થ જ શું રહ્યો? વાત તો એકદમ સાચી, પણ પહોંચ્યા પછી જ તો સંકટ દૂર કરી શકાશે. એટલે સારું એ છે કે ચિંતા મારા સુધી જ રાખું અને હાલ તમારી સાથે યાત્રાની જ વાત કરું.

આમ તો આ બધાં પ્રદેશ એક બીજા સાથે અડીને હતાં, પરંતુ કોઈ વ્યવસ્થિત માર્ગ ન હોવાને લીધે, રહી રહીને યાત્રા અત્યંત ધીમી પડી જતી હતી. કંઈ વાંધો નહીં, તેમ છતાં અમે ત્રીજે દિવસે જ નાગકૂટની સીમામાં પહોંચી ગયા હતા. બસ, હું તો અચાનક દાદા-પરદાદાને મળવાની ખુશીથી છલકાઈ ગયો. ...અને મજા એ કે હજી અમે સીમા પ્રવેશ કર્યો જ હતો કે મારી ખુશીને વધારવા, મોસમ પણ કૂદી પડી. ચારેતરફ કુદરતની મહેરબાની વરસી પડી. મોસમ અચાનક સોહામણી થઈ ગઈ. વર્ષાઋતુએ ટકોરા માર્યા. ચારેતરફ વાદળોની તેજ ગર્જનાઓ સંભળાવા લાગી. જોતજોતામાં આખા આકાશમાં ઘનઘોર વાદળ છવાઈ ગયા. હજી આગળ કંઈ વિચારો કે સમજો, એ પહેલાં તો ભારે વર્ષાની શરૂઆત પણ થઈ ગઈ. એક રીતે તો નાગકૂટમાં મેં અને વર્ષાઋતુએ એકસાથે પદાર્પણ કર્યું. અને આ સારુ જ થયું હતું કે અમારા નાગપ્રદેશમાં પ્રવેશી ગયા બાદ વર્ષા શરૂ થઈ હતી. નહીંતર રસ્તાઓની હાલત જોતાં, એટલું તો સ્પષ્ટ હતું કે અમારી બે દિવસની યાત્રા દસ દિવસોની થઈ જાત. પ્રમાણ એ કે હજી તો વરસાદ શરૂ જ થયો હતો ને ચારેતરફ કાદવ-જ-કાદવ થઈ ગયો હતો. ભીની માટીની ખુશબૂ તો બહુ દૂરની વાત છે, સમગ્ર વાતાવરણ દુર્ગંધમય થઈ ગયું હતું. પ્રવેશતાંવેંત એટલું તો સમજાઈ જ ગયું કે આ એક અવિકસિત પ્રદેશ છે. સાચું કહું તો આનાથી ઘણાં વધારે વિકસિત તો વૃંદાવન અને ગોકુળ હતા. ...ખરેખર, આજે પહેલી વાર આર્યાવર્તના અલગ-અલગ રાજ્યોનાં જીવનધોરણમાં મોજૂદ ફરક અનુભવી રહ્યો હતો. સમૃદ્ધિ અને વિકાસ, જે મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે, ખરેખર એનાથી પણ મનુષ્યતા કેટલી અળગી રહી ગઈ છે? ...ક્યારે સમગ્ર આર્યાવર્ત સમૃદ્ધિ અને વિકાસની નવી ઊંચાઈઓને આંબશે? કદાચ ત્યારે કે જ્યારે સમગ્ર આર્યાવર્ત એક થઈ જશે. નહીંતર ત્યાં સુધી વિકસિત અને અવિકસિત રાજ્યોનો ભેદ બનેલો જ રહેશે. અને આટલા રાજાઓ અને તેમની આપસ-આપસની મહત્ત્વાકાંક્ષા અને દુશ્મનીને ધ્યાનમાં રાખતા, આર્યાવર્ત ક્યારેય એક થઈ શકશે એવું હાલ પૂરતું તો લાગી નહોતું રહ્યું.

હશે, હાલ તો મેં મારા ચિંતન પર લગામ લગાવી અને પોતાનું ધ્યાન વર્તમાન યાત્રા તરફ લગાવ્યું. વરસાદ હજી પણ ધોધમાર હતો. અમારા રથોની ગતિ અત્યંત ધીમી થઈ ગઈ હતી. રથોના અડધા પૈડા જમીનમાં ખૂંપી રહ્યા હતા. હવે તો રથ હંકારવાનું પણ વિકટ થઈ રહ્યું હતું. કેટલાક રથ તો બરાબરના ફસાઈ પણ ગયા હતાં. આમ સરવાળે હવે અમારી પાસે પગપાળા ચાલવા સિવાય બીજો કોઈ માર્ગ બચ્યો નહોતો. એટલે રથથી ઊતરી તો ગયા, પરંતુ વાસ્તવિકતા એ હતી કે પગપાળા ચાલવાનું પણ એટલું સહેલું નહોતું. વારંવાર પગ કીચડમાં ખૂંપી રહ્યા હતા. કેટલીક વાર તો પગ એટલા ખરાબ રીતે ખૂંપી જતા હતા કે તેને જોર કરીને બહાર કાઢવા પડતા હતા. અજબ દ્રશ્ય થઈ ગયું હતું.

કીચડમાં બનેલાં રસ્તા પર અમે છપ... છપ... કરતાં આગળ વધવાની કોશિશો કરી રહ્યા હતા, અને અમારી પાછળ અમારા કૃત્યને અનુસરીને સેવકો ચાલી રહ્યા હતા. એ બાજુ વર્ષાનું જોર વધી રહ્યું હતું, તો આ બાજુ કીચડ અને દુર્ગંધ પોતાનું જોર બતાવી રહ્યા હતા. સહુથી ખરાબ હાલત સારથિઓની અને સૈનિકોની થઈ ગઈ હતી. બિચારા જેમતેમ ઘોડાઓની લગામ પકડીને રથને ઢસડીને ચાલી રહ્યા હતા. એ ઓછું હતું કે વાતાવરણ પણ કાળમીંઢ થઈ ગયું હતું અને વળી જંગલ પણ એટલું જ ગાઢ લાગી રહ્યું હતું. અને વસ્તીના તો દૂર દૂર સુધી ક્યાંય એંધાણ નહોતા. યાત્રાની ગતિ જોતાં, યાત્રા લાંબી હોવાના અણસાર સાફ વર્તાઈ રહ્યા હતાં.

હશે! આ બધું હોવા છતાં, મને તો મજા આવી રહી હતી. ...હવે વર્ષાઋતુ તો આમ પણ મને રોમાંચિત કરી દેતી હતી. ઉપરથી વર્ષામાં નહાવાનું તો મને પાગલ કરી મૂકતું હતું. કહેવાનું તાત્પર્ય, તમામ દુ:ખો હોવા છતાં, ઓછામાં ઓછા આ સમયે મારા આ આનંદની પૂર્તિ અવશ્ય થઈ રહી હતી. કહી શકાય કે જમીન ભલેને નારાજ હતી, પણ આકાશ મહેરબાન હતું. અર્થાત્ કમાલ થઈ ગયો હતો, કુદરતના બંને છેડા અત્યારે અમારી સાથે અલગ અલગ પ્રકારનો વ્યવહાર કરી રહ્યા હતા. જોકે મારું સંપૂર્ણ ધ્યાન વર્ષાનો આનંદ લેવામાં હતું, ...પગનું દુ:ખ પગ જાણે. પણ આ તો મારી વાત થઈ, એ બાજુ ઉદ્ધવ-દારુક સહિત બધા લોકો ખૂબ દુ:ખી હતા. કારણ કે એમનું સંપૂર્ણ ધ્યાન કાદવ અને દુર્ગંધ પર હતું. એ લોકો એ નહોતા સમજી રહ્યા કે પ્રતિકૂળ પરિસ્થિતિ તમને ત્યાર સુધી જ હેરાન કરી શકે છે કે જ્યાર સુધી તેના પ્રત્યે ધ્યાન આપવામાં આવે. જો મનુષ્ય પોતાનું સંપૂર્ણ ધ્યાન પ્રતિકૂળ પરિસ્થિતિથી દૂર કરીને કોઈપણ અનુકૂળ જગા પર લગાવી શકે તો પ્રતિકૂળ પરિસ્થિતિનું દર્દ તત્ક્ષણ ઓછું થઈ જાય છે. પરંતુ જીવવાની આ અદ્ભુત કળા આ લોકો જાણતા નહોતા, એટલે જ આટલી પ્રેમાળ વર્ષામાં પણ પલળવાના આનંદથી વંચિત રહી ગયા હતા.

ખેર! અમારે વધારે સમય કાદવમાં ચાલવું ન પડ્યું. કદાચ અમારા આગમનની સૂચના રાજમહેલ સુધી પહોંચી ગઈ હતી. કેટલાક લોકો પાલખી લઈને અમને લેવા આવી પધાર્યા હતા. મજા એ હતી કે અમે તો આ ઢંકાયેલી પાલખીમાં ચઢી ગયા હતા, પણ અમને ઊંચકનારાઓને ન તો કાદવની સમસ્યા હતી કે ન તો વર્ષાની સમસ્યા હતી. તેઓ તો અમને લઈને ઝડપથી આગળ વધી રહ્યા હતા. બે વાંસોની વચ્ચે કાપડ અને વાંસથી બનેલી, આ પાલખીઓ બે બે લોકો મળીને ઊંચકી રહ્યા હતા. આ પણ પોતાની રીતનો એક નવો જ અનુભવ હતો. જોકે પાલખીઓને કારણે જો પગને કાદવથી છૂટવાનું સુખ મળ્યું હતું, તો સામે વર્ષામાં પલળવાનો આનંદ પણ છૂમંતર થઈ ગયો હતો. એનાથી ફરી એકવાર સિદ્ધ થઈ ગયું હતું કે જીવનમાં સુખ અને દુ:ખ સાથેસાથે ચાલે છે. દુ:ખ દૂર થતાં જ સુખ પણ દૂર થઈ જાય છે. તેમ છતાં, કોણ જાણે કેમ મનુષ્ય દુ:ખ દૂર કરવાની ખોટી ચેષ્ટામાં સંપૂર્ણ જીવન વિતાવી દે છે. અને પરિણામસ્વરૂપ, મળનારા આનંદથી જાતે જ વંચિત રહી જાય છે.

દુ:ખ અને સુખ તો એક બીજાના કાયમી છે; એક બીજાની છાયા છે. આથી, એકને દૂર કરતા જ, બીજું આપમેળે દૂર થાય છે. કાં તો મનુષ્ય દુ:ખ અને સુખ બન્નેનો એકસાથે સાક્ષી બનીને મારી જેમ હંમેશાં આનંદમાં રહી શકે છે, અથવા પોતાનું ધ્યાન દુ:ખથી હટાવી, સુખમાં લગાવીને સુખી રહી શકે છે. પરંતુ દુ:ખ દૂર કરવાની ચેષ્ટા કરનારા અકારણ આખું જીવન દુ:ખમાં વિતાવી દે છે. મારી સમજ મુજબ, આ મનુષ્ય પોતાનું ધ્યાન દુ:ખમાં લગાવવાને કારણે જ આટલો દુ:ખી છે. જોકે તેની મૂર્ખતા અહીંજ નથી અટકતી. તે દુ:ખોને દૂર કરવાની ચેષ્ટામાં દુ:ખોને ઉલ્ટા વધારતો જાય છે. અને એક દિવસ આ રીતે તે પોતાનું આખું જીવન દુ:ખમય બનાવી દે છે. સીધેસીધું દુ:ખ અને સુખને સમાન માનીને શા માટે જીવ્યે નથી જતો?

હશે, બાકી મનુષ્યોની તો બાકીના મનુષ્યો જાણે. મેં તો દુ:ખોનો પડદો ફાડીને પોતાના સુખનો રસ્તો શોધી લીધો હતો. મેં મારી ગરદન અને હાથ બન્ને પાલખીમાંથી બહાર કાઢ્યા હતા.

અર્થાત્ પગને કાદવથી છૂટકારો પણ મળી ગયો હતો અને વર્ષામાં પલળવાનો આનંદ પણ મળવાનો શરૂ થઈ ગયો હતો. આ બાજુ જેમ-જેમ અમે આગળ વધી રહ્યા હતા તેમતેમ નાગકૂટની ગલીઓ અત્યંત સાંકડી થતી જઈ રહી હતી. એક સમયે એક જ પાલખી પસાર થઈ શકતી હતી. અર્થાત્ આ સાંકડી ગલીઓમાંથી રથોનું નીકળવાનું અશક્ય હતું. જોકે અમારી આ અનોખી યાત્રાનો અંત નજીક જ લાગી રહ્યો હતો. અમે લોકો વસ્તીની ઘણી નજીક પહોંચી ગયા હતાં. દૂરથી જ કાચાં-પાકાં મકાનો દેખાવા પણ લાગ્યા હતાં. અહીંના જંગલ પણ ઘણાં હરિયાળા અને ગાઢ લાગી રહ્યા હતાં. અર્થાત્ રાહતની વાત એ હતી કે અહીં પ્રાકૃતિક સંપત્તિની ક્યાંય કોઈ કમી વર્તાઈ રહી નહોતી. આમ તો અહીંની બીજી એક વાતે વિશેષ રીતે મારું ધ્યાન આકર્ષિત કર્યું હતું. અહીં તમામ લોકો નાના કદના હતા. બધાના ચહેરા સપાટ અને આંખો ભૂરી હતી. આમ તો મેં વસ્તીમાં પ્રવેશ કર્યા બાદ બીજી એક વાત ધ્યાનથી જોઈ હતી. અહીંના પુરુષો ઠીંગણા અને ચપટા હોવાને કારણે ભલેને વિચિત્ર લાગી રહ્યા હતાં, પરંતુ ચપટા ચહેરા અને ભૂરી આંખોને લીધે અહીંની સ્ત્રીઓ ઘણી સુંદર અને આકર્ષક લાગી રહી હતી. અથવા બની શકે છે કે મારો સ્વભાવ જ કંઈક એવો હતો કે મને સ્ત્રીમાં કોઈ બુરાઈ ક્યારેય દેખાતી જ નહોતી. એવું પણ બની શકે છે કે આ રૂપરંગને લીધે જ તેને નાગકૂટ કહેવાતું હશે અને અહીંના લોકો નાગજાતિના કહેવાતા હશે. ...પરંતુ હું તો અત્યંત સુંદર છું. ન તો મારો ચહેરો સપાટ છે, ના તો મારું કદ નાનું છે. હું પણ તો આ જ લોકોનો વંશજ છું. પિતાજી પણ ક્યાંયથી નાગપ્રદેશના નથી લાગતા. હવે તો દાદા અને વડદાદાને જોવાની ઉત્સુકતા હજુ વધી ગઈ હતી. બની શકે છે કે તેઓ પણ આવા લાગતા ન હોય. અથવા કુદરતની લીલા હોઈ શકે છે, જ્યાં ક્યાંય પણ, ક્યારેય પણ અને કંઈપણ બની શકે છે. અથવા એવું પણ બની શકે છે કે અમે લોકો મા અથવા એમનાં પરિવાર પર ઊતર્યા હોઈએ.

હશે! હાલ તો આ બાજુ જેમ-જેમ મારા આવવાની ખબર પ્રસરી રહી હતી, તેમ-તેમ ભારે વર્ષામાં પણ, મને જોવા આવનારાઓની ભીડ વધતી જઈ રહી હતી. સાંકડી ગલીઓમાં એકઠી થયેલી આ ભીડને લીધે અમારી યાત્રા વધારે ધીમી પડી ગઈ હતી. કહેવાની જરૂરત નથી કે તમામ લોકો સન્માન સાથે મારું અભિવાદન કરી રહ્યા હતા. હું પણ લોકોના અભિવાદનનો સસન્માન પ્રત્યુત્તર આપી રહ્યો હતો. ખરેખર આ ભોળા નાગકૂટવાસીઓની આંખોમાં મારા પ્રત્યે જાગેલો પ્રેમ અને સન્માન ચકિત કરે તેવા હતા. આમ તો નાગકૂટવાસીઓના મારા પ્રત્યેના પ્રેમ અને સન્માન સમજમાં પણ આવી રહ્યા હતા. હું તેમનો જ વંશજ હતો અને આજે મારું રાજ્ય સ્થાપીને તથા આર્યાવર્તમાં મારી ધાક જમાવીને તેમની વચ્ચે આવ્યો હતો. આથી નાગકૂટને પોતાના પુત્રની આ ઉપલબ્ધિ પર ગૌરવાન્વિત થવાનું જ હતું.

આ બાજુ એમનો આવો ભોળો અને સાચો પ્રેમ જોઈને મારાથી રહેવાયું નહીં. તેઓ પગપાળા ચાલે અને હું પાલખીમાં બેઠો રહું? બસ, હું પાલખીમાંથી નીચે ઊતરી ગયો. મારા ઉતરતા જ, ઉદ્ધવ અને દારુક પણ ઊતરી ગયા. હવે અમે બધાની સાથે પગપાળા જ રાજમહેલ તરફ આગળ વધી રહ્યા હતા. આ બાજુ મારો આ વ્યવહાર જોઈને બધા એવા તો ચકિત થઈ ગયા કે ભીડ વધારે જામી ગઈ. આમ પણ રથ તો ઘણાં પાછળ રોકાઈ ગયા હતા. હા, પાલખીવાળા અવશ્ય હજીયે અમારી પાછળ પાછળ ચાલતા આવી રહ્યા હતા કે કદાચ અમારો ઈરાદો બદલાઈ જાય તો.

હશે, હાલ તો વસ્તી શરૂ થઈ ગઈ હોવા છતાં, રસ્તાઓની આવી ખરાબ હાલત જોઈને મારા મનમાં નાગકૂટને લઈને હજાર જાતની નવી ચિંતાઓ ઊઠી આવી હતી. પ્રદેશની હાલત ખરેખર અત્યંત દયનીય લાગી રહી હતી. ચારે બાજુ કાદવ-જ-કાદવ અને દુર્ગંધ-જ-દુર્ગંધ હતી. જો મોસમની પહેલી વર્ષાએ નાગકૂટની આ હાલત કરી દીધી હતી, તો પછી આ પ્રદેશ સમગ્ર વર્ષાઋતુને કેવી રીતે સહેતો હશે...? ખરેખર અહીં જીવન, જાનવરો કરતાં પણ બદતર લાગી રહ્યું હતું. જ્યારે પોતાના જ વંશજ આટલી તકલીફ ભોગવી રહ્યા છે, તો દ્વારકાની સમૃદ્ધિનું શું મહત્ત્વ છે? શું ક્યારેય સમગ્ર આર્યાવર્ત

દ્વારકા જેવા વૈભવ અને સંપન્નતાને પ્રાપ્ત કરશે?

...આ જ વિચારોમાં ખોવાયેલો હતો કે ત્યારે જ સામેવાળી ગલીમાં અર્ધમૂર્છિત અવસ્થામાં પડેલા એક કૂતરા પર મારી નજર પડી. તે ખરાબ રીતે ઘાયલ થઈ ગયો હતો. કાગડાઓ તેનું માંસ ચૂંથી રહ્યા હતા. કેટલાય નાના-મોટાં જીવજંતુઓ તેની પર ઉડાઉડ કરી રહ્યા હતા. તે ગંભીર રીતે દર્દથી કણસી રહ્યો હતો. કદાચ તે વધુ પડતા દર્દને કારણે જ મૂર્છિત થઈ ગયો હતો. તે કૂતરો એટલો ગંધાઈ રહ્યો હતો કે બધાએ પોતાનો રસ્તો જ બદલી દીધો. પરંતુ મારાથી તેનું દર્દ ન જોઈ શકાયું. કાંઇ નહીં તોય એનામાં જીવ તો હતો. અનેજીવથી વધારે મહત્ત્વપૂર્ણ આ વિશ્ર્વમાં બીજું શું છે? હું ઝડપથી દોડીને તે કૂતરાની પાસે જઈ પહોંચ્યો. આ બાજુ મારા જતાવેંત જ કાગડાઓ તો ઊડી ગયા, પરંતુ નાનકડાં જીવજંતુ તો હજી પણ તેને પરેશાન કરી રહ્યા હતા. મેં હાથ હલાવી હલાવીને તે બધાને પણ ઉડાડી દીધા. પછી તેને ખોળામાં લઈને પાણીથી સારી રીતે નવરાવ્યો. ત્યાર બાદ તેના આખા શરીર પર ચીકણી માટી લગાડી દીધી. સ્પષ્ટ લાગી રહ્યું હતું કે તેનાથી તેને ઘણી રાહત મળી હતી. તેનું કણસવાનું ઘણું ઓછું થઈ ગયું હતું. કદાચ, આ મલમ-પટ્ટીથી ક્યાંય વધારે મારા પ્રેમની અસર હતી. આમ પણ સંસારમાં પ્રેમથી વધીને બીજી કોઈ મોટી ઔષધિ નથી હોતી. મનુષ્ય બીમાર હોય, પરેશાન હોય કે મુસીબતોથી ઘેરાયેલો હોય, અથવા કોઈપણ બીજી સમસ્યામાં કેમ ન હોય, સાચું કહું છું કે સાચી-પ્રેમપૂર્ણ સહાનુભૂતિથી વધીને કોઈ જડીબુટ્ટી નથી.

...આથી, બસ, હું તો તેને મારા ખોળામાં ઉઠાવીને સાથે જ રાજમહેલ લઈ ગયો. રાજમહેલ શું હતો, લાકડાંથી બનાવેલું એક વિશાળ મકાન હતું. તેની સામે જ એક બહુ મોટું મેદાન હતું, જ્યાં મારા દર્શન માટે ખાસ્સી ભીડ પહેલાથી એકઠી થયેલી હતી. મેં રાજમહેલમાં પ્રવેશ કરતાં પહેલાં સહુનું અભિવાદન કર્યું અને કૂતરો ત્યાંજ દ્વારપાળને સોંપી દીધો. સાથે જ તેને તરત વૈદ્યરાજ પાસે લઈ જવાની તેમજ તેની સારી રીતે સારસંભાળ કરવાની સૂચના પણ આપી. આ બાજુ રાજમહેલના દ્વાર પર જ મહામંત્રીએ અમારું સ્વાગત કર્યું. પરંતુ હું નખશિખ કાદવથી લથપથ હતો. આથી મેં વધારે ઔપચારિકતા બતાવવાને બદલે, મારા વિશ્રામ-કક્ષમાં જવાનું વધારે યોગ્ય માન્યું. સહુથી પહેલાં મેં મસ્તીથી સ્નાન કર્યું. ત્યાર બાદ શરીર અને કપડાં પર પુષ્કળ અત્તર છાંટ્યું. તમે નહીં માનો, છેક ત્યારે જઈને હું માણસ જેવો બની શક્યો હતો. સ્નાનની આ જ ખૂબી હોય છે કે ગમે તેટલો થાક કેમ ન હોય, ઊતરી જ જાય છે. આમ તો અત્તરની પણ એક ખૂબી હોય છે, મન ગમે તેવું કેમ ન હોય, અત્તરની ખુશબૂથી પ્રફુલ્લિત થઈ જ જાય છે. અર્થાત્ આ સમયે બંને બેમિસાલ જડીબુટ્ટીઓના સહારે, હું સંપૂર્ણ રીતે તાજોમાજો થઈ ગયો હતો. પરંતુ ઉદ્ધવનો થાક યથાવત્ હતો. તેનું પણ કારણ હતું. મને છોડીને, મારો કોઈપણ મિત્ર નિયમિત વ્યાયામ કરતો નહોતો. એટલા માટે જ બે ત્રણ દિવસની રથયાત્રામાં જ તેમના અસ્થિપિંજર ઢીલા થઈ જતા હતા.

હશે! હાલ તો અમે લોકો નહાયા-ધોયા ને પછી સૂઈ ગયા. ઉદ્ધવ અને દારુક તો પડતા જ સૂઈ ગયા, પણ મુજ બેચેનને ઊંઘ જ નહોતી આવી રહી. વાસ્તવમાં મને દાદા અને પરદાદાના દર્શન કરવાની તીવ્ર ઈચ્છા થઈ રહી હતી. આમ પણ નાનાજી પાસેથી મને ભરપૂર પ્રેમ મળ્યો હતો. દાદા અને પરદાદા પાસેથી પણ તેનાથી ઓછો પ્રેમ મળવાની આશા નહોતી. આથી મેં દ્વારપાળને કહીને મહામંત્રીજીને બોલાવ્યા. તેમની પાસે મેં દાદા અને પરદાદાને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ કોણ જાણે શું વિચારીને તેઓ મને દાદાના ભાઈના કક્ષમાં લઈ ગયા. મેં પણ કોઈ વિરોધ ન કર્યો. કારણ કે તેમને પણ મળવાનું તો હતું જ. મેં જોયું કે તેઓ ઘણાં ઘરડા થઈ ગયા હતા. માથાના બધા વાળ સફેદ થઈ ગયા હતા. ચહેરા પર કરચલીઓ ઊપસી ગઈ હતી. મેં તેમના ચરણસ્પર્શ કરીને આશીર્વાદ લીધા અને વિચારવા લાગ્યો કે તેમની આ હાલત છે તો બાકીનાઓની શું સ્થિતિ હશે? સારું થયું કે હું હમણાં જ અહીં આવી ગયો, નહીંતર કદાચ ઘણું મોડું થઈ જાત.

ખેર! ત્યાંથી નીકળતા જ, મહામંત્રીજી મને દાદાના કક્ષમાં લઈ ગયા. તેઓ તો વધારે વૃદ્ધ લાગી રહ્યા હતા. મારી ઓળખાણ પામતા જ તેઓ ગદ્ગદ્ થઈ ગયા. તેમની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. થોડી વાર આમતેમની વાતો કરીને હું પરદાદાને મળવા ચાલી નીકળ્યો. તેઓ તો સંપૂર્ણ રીતે વયોવૃદ્ધ થઈ ગયા હતા. આમ પણ ઘરડા થવામાં બાકી જ શું રહ્યું હતું? તેમની ઉંમર લગભગ એકસો આઠ વર્ષની હતી. જોકે સ્નેહ એવો હતો કે મને આવેલો જોઈને, આ ઉંમરમાં પણ એમનું રોમરોમ ખીલી ઊઠ્યું હતું. હજી મેં એમના ચરણસ્પર્શ કરીને આશીર્વાદ લીધા જ હતા કે તેમણે આગળ વધીને મને ગળે લગાવી લીધો. મારું તો જાણે કે જીવન જ ધન્ય થઈ ગયું. ત્યાર બાદ મેં એમને ધ્યાનથી જોયા. હાડપિંજરને છોડીને એકદમ લબડી ગયેલી તેમની ત્વચા કોઈ પ્રાચીન ગ્રંથ પર બાંધેલાં સફેદ વસ્ત્રોની યાદ અપાવતી હતી. પ્રકૃતિની પવિત્રતા અને ઈતિહાસની એક લાંબી પરંપરાને પોતાના ધબકારમાં સમાવીને પરદાદા પ્રથમ દ્રષ્ટિએ જ મારા આકર્ષણ અને સન્માનનું કેન્દ્ર બની ગયા હતા. વાતચીત કરતા-કરતા વારંવાર એમની આંખોમાં આંસુ આવી જતા હતા. હું એમના ચરણોની પાસે જ બેસી ગયો હતો અને સતત એમના પગ પંપાળી રહ્યો હતો. ખરેખર એમની સેવા કરવાનો આનંદ જ કંઈ અનોખો હતો. એમની નિર્દોષ આત્મીયતા દિલના ઊંડાણ સુધી તૃપ્તિ પહોંચાડનારી હતી. ખરેખર, જો હું અહીં ન આવ્યો હોત, તો કદાચ જીવનના એક મહાન અનુભવથી વંચિત રહી જાત. આમ પણ એક મનુષ્યને બીજા મનુષ્ય પાસેથી નિ:સ્વાર્થ પ્રેમની અનુભૂતિ સિવાય બીજું શું જોઈતું હોય છે? હું જ્યારથી નાગકૂટ આવ્યો છું, ત્યારથી સહુનો નિર્દોષ પ્રેમ જ તો મેળવી રહ્યો છું. સાચું કહું તો અહીં આવતા જ એકવાર ફરીથી હું યશોદાના ખોળામાં રમતો બે વર્ષનો કનૈયો થઈ ગયો હતો. બીજી તરફ 'પરદાદા-દર્શને' સમગ્ર ચિંતનને એક નવી ઊર્જાથી ભરી દીધું હતું. જોકે થોડી વાર બેઠા પછી મારે તેમની પાસેથી પણ રજા લેવી પડી, કારણ કે તેમને હવે આરામની જરૂરિયાત લાગી રહી હતી.

આ બાજુ નાગકૂટ બાબતે એક વાત સ્પષ્ટ કરી દઉં કે દાદા વગેરે સૌ નામના જ હતા, ઉંમર બધાને દગો આપી ગઈ હતી; પરિણામસ્વરૂપ, અહીંનું તમામ કામકાજ મહામંત્રી જ સંભાળતા હતા. દાદા અને પરદાદા રોજબરોજના કાર્યોથી સંપૂર્ણપણે આઝાદ હતા. તેઓ માત્ર મહત્ત્વપૂર્ણ કાર્યોમાં પોતાની સલાહ આપતા હતા. આમ તો ઉંમરનો તકાજો પણ આ જ કહેતો હતો. ...આ બાજુ ખુશીની વાત એ હતી કે મહામંત્રીજીએ અમારા સન્માનમાં ભવ્ય રાત્રિભોજનનું આયોજન કર્યું હતું. સારું એ પણ હતું કે તેમાં સમગ્ર મંત્રીપરિષદ આમંત્રિત હતી. હું પણ અહીંની પરિસ્થિતિઓ અને પરેશાનીઓ બાબતે જલ્દીમાં જલ્દી જાણવા ઇચ્છતો જ હતો. બસ, થોડી વાર આરામ કરીને હું સમયસર જ પહોંચી ગયો હતો. બીજી બાજુ, ઉદ્ધવ પણ આખા દિવસનો આરામ કરીને સંપૂર્ણ રીતે તરોતાજા થઈ ગયો હતો. આથી સ્વાભાવિક રીતે તેને પણ મારી સાથે લઈ ગયો હતો. આ બાજુ જોતજોતામાં સમગ્ર મંત્રીપરિષદ એકઠી થઈ ગઈ હતી. દાદા અને પરદાદા પણ પધારી ચૂક્યા હતા. મેં તેમના ચરણસ્પર્શ કરીને તેમને ઉદ્ધવ સાથે મળાવ્યા. તેમનો ઉદ્ધવ સાથે એ જ સંબંધ હતો જે મારી સાથે હતો. તે પણ તેમનો પૌત્ર અને પ્રપૌત્ર જ હતો. આ બાજુ ભોજન પહેલાં મહામંત્રીએ મારો પરિચય સમગ્ર મંત્રીપરિષદ સાથે કરાવ્યો. આ સભાકક્ષ કંઈ બહુ ખાસ શણગારેલો તો નહોતો, પણ લગભગ ત્રીસ લોકો સમાઈ જાય એટલો વિશાળ અવશ્ય હતો. અને અત્યારે સંપૂર્ણ રીતે ભરાયેલો પણ હતો. આ બાજુ મુલાકાતની ઔપચારિકતાઓ પૂરી થતાં, વાતચીતનો દોર પરદાદાએ જ શરૂ કર્યો. એમણે કહ્યું- હું તો મારા જીવતેજીવત તમને મળવાની આશા જ છોડી ચૂક્યો હતો.

મેં કહ્યું- એવું શું કામ કહો છો? હવે તો હું આવી ગયો છું.

...આ સાંભળતા જ તેઓ ઘણાં ભાવુક થઈ ગયા. પછી થોડી વાર અહીં-તહીંની વાત ચાલતી રહી. મને દ્વારકા સ્થાપનાની સામૂહિક વધામણી પણ આપવામાં આવી. આ બધું તો ઠીક, પણ મારું મન નાગકૂટની દયનીય અને અવિકસિત હાલત જોઈને ઘણું ઉદાસ થઈ ગયું હતું. આથી હું અહીંની

મુસીબતો બાબતે વિસ્તારપૂર્વક જાણવા ઈચ્છતો હતો. સાથે જ મને એવું પણ લાગી રહ્યું હતું કે કહેવા માટે તો દરેક જણ ઘણું બધું કહેવા માગે છે, પણ કેવી રીતે કહે અને કહે કે ન કહે; બસ, આ જ ગૂંચવણમાં બધા ફસાયેલા નજરે પડી રહ્યા હતા. અને હું આ રાત્રિભોજનને સહેજે નકામું જવા દેવા માગતો નહોતો. હું તમામ સમસ્યાઓ પરથી પડદો આજે જ ઉઠાવી લેવા માગતો હતો. આથી જ્યારે મેં જોયું કે કોઈ કંઈ સહેલાઈથી કહેવાવાળું નથી, તો મેં જ સીધું પૂછી લીધું- શું કારણ છે કે આ પ્રદેશ બિલકુલ વિકસિત નથી? પિતાજી પણ કહી રહ્યા હતાં કે અહીં અન્ય સમસ્યાઓ પણ ઘણી વધી ગઈ છે. હું બધું જ સવિસ્તાર જાણવા ઈચ્છું છું, જેથી હું તે સમસ્યાઓનું યથાયોગ્ય સમાધાન કાઢી શકું.

મારી વાત સાંભળતા જ સમગ્ર દરબારમાં ચૂપકીદી છવાઈ ગઈ. સ્વાભાવિક રીતે હજી તો હું આવ્યો જ હતો. હવે આવતાવેંત જ દુખડા સંભળાવવાનું ભલા કોણ પસંદ કરશે? દાદાએ તો કહ્યું પણ કે હજી તું થાકીને આવ્યો છે; આ બધી વાતો તો ફરી ક્યારેક પણ થઈ જશે. પરંતુ હું તો બધું આજે જ જાણવા ઈચ્છતો હતો. ભલા સમસ્યાઓનું નિરાકરણ પણ ક્યારેય ટાળી શકાય છે? આથી મારા બે-ત્રણ વાર કહેવાથી, અંતે મહામંત્રીએ પરદાદાની આજ્ઞા લઈને વિસ્તારથી સમસ્યાઓનું વર્ણન કરવાનું શરૂ કરી દીધું. એમના કહેવાનો સાર હતો કે નાગકૂટની હાલત શરૂઆતથી આટલી દયનીય નહોતી. ભલેને તે વિકસિત કદાપિ નહોતું, પણ અમે લોકો ખાધે-પીધે સુખી હતા. નાગકૂટની બદનસીબી એ થઈ કે તેની સીમાઓ હસ્તિનાપુર અને પાંચાલ જેવા મોટા રાજ્યો સાથે અડીને હતી. અને પાછલા થોડા વર્ષોથી હસ્તિનાપુર અને પાંચાલના સૈનિક જબરદસ્તીથી નાગકૂટની સીમામાં ઘૂસી આવે છે, અને ખુલ્લંખુલ્લા અમારી કન્યાઓને અને ગાયોને ઉઠાવીને લઈ જાય છે. આજકાલ તેમના આતંકથી ડરીને આ નાગકન્યાઓ દૂર જંગલ સુધી જવામાં પણ ડરવા લાગી છે. ખબર નહીં કેમ, પાછલા કેટલાક વર્ષોથી આ નાગકન્યાઓની સેવા અને સુંદરતા, બંને રાજમહેલોને ખૂબ જ ગમી ગઈ છે.

ખરેખર સમસ્યા બહુ ગંભીર હતી. અહીં તો વહુ-દીકરીઓની આબરૂ જ દાવ પર લાગેલી હતી. અરે હા... મને ધ્યાનમાં આવ્યું કે હસ્તિનાપુર અને પાંચાલના રાજદરબારમાં કેટલીય દાસીઓ અને સેવિકાઓ નાગકન્યાઓ જ તો હતી. ચાલો, આ તો ઠીક છે, માન્યું સમસ્યા પણ ખૂબ જ ગંભીર છે, પણ સાચું કહું તો મારા મનમાં સંપૂર્ણ વાત સાંભળ્યા બાદ આ બધાને લઈને હજારો સવાલો ઊઠી રહ્યા હતા. પહેલાં હું તે બધાનું સમાધાન ઈચ્છતો હતો. આથી મેં ઉત્સુકતાવશ પૂછ્યું- પરંતુ તમે લોકો તેમનો સામનો કેમ નથી કરતા? તેઓ કોઈ સૈન્યહુમલો તો નથી કરી રહ્યા ને? શું તેમના કેટલાક સૈનિકો સાથે પણ તમે લડી શકવામાં અક્ષમ છો?

મહામંત્રીજીએ તત્ક્ષણ સફાઈ આપતા કહ્યું- શું કરીએ? તેમની પાસે ન માત્ર ઘોડાવાળા સૈનિકો છે, પરંતુ કેટલાક ઝડપી રથો અને આધુનિક હથિયાર પણ છે. અને તેઓ યુદ્ધમાં નિષ્ણાત પણ છે. એકવાર તેમણે નાગકન્યાને રથમાં બેસાડી, તો અમે તેમનો પીછો પણ નથી કરી શકતા. અમારી પાસે ન તો ઘોડા છે, ન તો શસ્ત્ર.

...સારું, તો આ વાત છે. આમ તો હસ્તિનાપુર અને પાંચાલ, બંને મારા પ્રભાવમાં હતા. કહેવા માટે તો હું એમને કહીને આ દુષ્કર્મ રોકી જ શકતો હતો. પરંતુ આ યોગ્ય લાગી નહોતું રહ્યું. અને વળી ન તો એ આ સમસ્યાનું કાયમી સમાધાન પણ હતું. કારણ કે દરેક મનુષ્યે અને દરેક પ્રદેશે પોતાનું રક્ષણ સ્વયં કરવાનું હોય છે. અને જે પોતાનું અથવા પોતાના પ્રદેશનું રક્ષણ નથી કરી શકતો, તેની આવી હાલત થવી સ્વાભાવિક જ છે. આ બાજુ હું હજી આ બધું વિચારી રહ્યો હતો કે મહામંત્રીએ વાત આગળ વધારતાં કહ્યું કે- હસ્તિનાપુર અને પાંચાલ, એ બંને દિશાઓમાંથી અમારી પર આક્રમણ થતું જ રહેતું હતું, પરંતુ આજકાલ નાગકૂટની ત્રીજી સીમા પણ સુરક્ષિત નથી રહી. ત્યાં 'રાક્ષસરાજ' છે અને તે નરભક્ષી છે. તેઓ પણ કોઈને ને કોઈને ઉઠાવીને લઈ જાય છે. જોકે ગત કેટલાક મહિનાઓથી તેમનું આક્રમણ બંધ થઈ ગયું છે.

હું સમજી ગયો, રાક્ષસરાજ અર્થાત્ મહારાજા વક્રોદરનો પ્રદેશ. પરંતુ હવે ભીમના આદેશ પછી તેમણે માનવ-માંસ ખાવાનું બંધ કરી દીધું છે. આથી, હવે આક્રમણ બંધ છે. પરંતુ આ નક્કી છે કે નાગકૂટ ત્રણે દિશાઓથી ઘેરાયેલું છે. કારણ કે ભીમ કંઈ ત્યાંનો કાયમી રાજા તો છે જ નહીં.

...હું આ બધી વાતો પર વિચાર કરી જ રહ્યો હતો કે આ વખતે પરદાદા ઘણાં દુ:ખી થતા બોલ્યા- આ બધી મુસીબતો ઓછી હતી કે હવે હાલમાં જ બીજી એક સમસ્યા ઊભી થઈ ગઈ છે. જ્યારથી પાંડવ સળગી મર્યા છે, દુર્યોધન ખુલ્લા સાંઢ જેવો થઈ ગયો છે. તે હસ્તિનાપુરની આસપાસના રાજાઓને પરેશાન કરી રહ્યો છે. ત્યાં સુધી કે તેણે ચેકિતાન પર આક્રમણ કરીને તેનો પ્રદેશ હસ્તિનાપુરમાં સમાવી દીધો છે. ચેકિતાન હવે તેના કેટલાક સૈનિકો સાથે અહીંતહીં ભાગતો ફરી રહ્યો છે. પરિણામસ્વરૂપ, પોતાની જરરિયાતો પૂરી કરવા માટે તે પણ ભૂખ્યા વરુની જેમ નાગકૂટ પર આક્રમણ કરવા લાગ્યો છે. તેના સૈનિકો પણ અહીંથી કન્યા, ગાયો, ભોજન, જે પણ મળે છે; તે ઉઠાવી લઈ જાય છે.

આ સાંભળતા જ મારું તો સંપૂર્ણ ચિંતન હચમચી ગયું. એક વાત તો સ્પષ્ટ હતી કે નાગકૂટ ચારેતરફથી ઘેરાઈ ગયું છે. સમગ્ર પ્રદેશ મોતના ઓથાર નીચે જીવી રહ્યો છે. પરંતુ દુર્યોધનનું ચેકિતાન પર આક્રમણ કરવું તેનાથી પણ વધારે ચિંતા કરાવનારી ખબર હતી. હજી મને હસ્તિનાપુર છોડે માંડ ત્રણ મહિના જ વીત્યા છે, અને એટલામાં દુર્યોધને પોતાનો રંગ બતાવવાનું શરૂ પણ કરી દીધું. મારું માથું એટલે ભમી ગયું હતું કે ચેકિતાન અને હસ્તિનાપુર, મિત્ર રાજ્ય છે. સંબંધી પણ છે. તેમ છતાં દુર્યોધનની મહત્ત્વાકાંક્ષાનો ઘોડો આટલો બે-લગામ કેવી રીતે થઈ ગયો? દુર્યોધન અને શકુનિ તો જાણે સ્વભાવથી જ નીચ છે, પરંતુ શું ભીષ્મ અને ધૃતરાષ્ટ્ર પણ દુર્યોધનને આ કુકર્મ કરવાથી નથી રોકી શક્યા? ...એવું જ લાગી રહ્યું છે. ત્યારે તો આ બહુ ખરાબ ખબર થઈ. દુર્યોધન પોતાની મહત્ત્વાકાંક્ષાઓની પૂર્તિ માટે જો ચેકિતાન પર આક્રમણ કરી શકે છે, ત્યારે તો કાલે ઊઠીને તે આસપાસના કોઈપણ રાજ્ય પર આક્રમણ કરી શકે છે. અર્થાત્ તેના પર લગામ લગાવવાનું જરૂરી થઈ ગયું છે. અને તેના પર લગામ લગાવવાનો એક જ ઉપાય નજરે આવી રહ્યો હતો કે પાંડવોને શક્તિશાળી બનાવીને ફરી હસ્તિનાપુર મોકલવામાં આવે.

ખેર! આ બધી તો ભવિષ્યની વાતો હતી. એમાં સમય લાગવાનો હતો. અને નાગકૂટને તેની સાથે કોઈ લેવાદેવા પણ નહોતી. સહુથી પહેલાં નાગકૂટની સમસ્યાનું સમાધાન શોધી લેવામાં આવે, પછી આ બધી વાતો પર પણ વિચાર કરી લેવામાં આવશે. હવે 'કૃષ્ણ એક - સમસ્યાઓ અનેક'. દ્વારકા, હસ્તિનાપુર, પાંચાલ, નાગકૂટ, બધાં કોઈને કોઈ સમસ્યાઓથી ઘેરાયેલા પડ્યા છે. આવામાં એકલો કૃષ્ણ ક્યાં ક્યાં દોડે? સારું રહેશે જો એક પછી એક સમસ્યાનું નિવારણ કરવામાં આવે. સામે નાગકૂટ છે. હું પણ નાગકૂટમાં છું; આથી નાગકૂટની સમસ્યાનું જ પ્રાથમિકતાથી નિવારણ કરવામાં આવે. આથી હું સંપૂર્ણ રીતે નાગકૂટમાં આવી ગયો. અને અહીંની સમસ્યાઓ બાબતે કહું તો સમસ્યા સારી રીતે સમજી પણ ગયો હતો અને સમસ્યા બાબતે જેટલું વિચારવાનું હતું, એટલું વિચારી પણ ચૂક્યો હતો. અને મારા વિચારવાનું તારણ કહું તો, અહીંની સહુથી મોટી સમસ્યા જે મને લાગી રહી હતી, તે હતી અહીંનું થાકેલું અને ઘરડું નેતૃત્વ. સહુથી પહેલાં અહીં યુવાશક્તિને આગળ લાવવાની જરૂરિયાત હતી. આમ પણ કોઈપણ સમસ્યાનું સમાધાન કર્મના વર્તુળમાં રહીને જ શોધવાનું હોય છે. કર્મ કર્યા વિના તો પાંદડું પણ હલાવી નથી શકાતું. બસ, મામૂલી ચિંતન બાદ હું મારી રીતે સમસ્યા પર પ્રકાશ પાડવા માટે તૈયાર હતો. આ બાજુ, બધા મારા કંઈ કહેવાની રાહ જ જોઈ રહ્યા હતા. મેં તરત મારી વાત મૂકતા કહ્યું- અહીંની સમસ્યા એટલી મોટી નથી જેટલી લાગી રહી છે. મારા મત મુજબ, નાગકૂટની મુખ્ય સમસ્યા યુવાશક્તિનું નિષ્ક્રિય હોવું તે છે. આથી આપણે સહુથી પહેલાં યુવા નેતૃત્વ ઊભું કરવું પડશે. યુવાશક્તિને સક્રિય કરીને તેમને જવાબદારી સોંપવી પડશે. તેમનું ઉત્સાહવર્ધન કરી,

ન માત્ર વહુ-દીકરીઓની સુરક્ષા, પરંતુ પ્રદેશના વિકાસની જવાબદારી પણ તેમને સોંપવી પડશે. વાસ્તવમાં, અનુભવીનું કામ સલાહ આપવા સુધી સીમિત હોવું જોઈએ. એટલે તમને લોકોને વાંધો ન હોય, તો હું મહામંત્રી સાથે મળીને આગળની યોજના બનાવી લઉં.

વાંધો હોવાનો તો સવાલ જ ઊભો થતો નહોતો. સર્વસંમતિથી મને અને મહામંત્રીને આગળની યોજના બનાવવા અને તેના કાર્યાન્વન માટેના તમામ અધિકાર આપી દેવામાં આવ્યા. અને તેની સાથે જ ભોજન સમાપ્ત થયું. ...પણ હું સક્રિય થઈ ગયો. મેં તત્કાળ મહામંત્રીજીને જલ્દીમાં જલ્દી યુવકોની એક સભા મેદાનમાં આયોજીત કરવાની સૂચના આપી. હવે મહામંત્રીજીને સભા બોલાવવા માટે બે-ચાર દિવસનો સમય તો લાગવાનો જ હતો. અને ત્યાં સુધી અમારી પાસે કરવા માટે કોઈ ખાસ કામ નહોતું. એટલે અમે સંપૂર્ણ રીતે સ્વતંત્ર અને સ્વચ્છંદ થઈ ગયા હતા. બસ, એ ખુશીમાં રાતે જે સૂતા તે છેક બપોરે જ ઊઠ્યા. પછી શું હતું, બસ, ફટાફટ તૈયાર થઈને નાગકૂટ ભ્રમણ માટે નીકળી પડ્યા. વરસાદ રોકાઈ ગયો હતો અને વાતાવરણ પણ મનમોહક થઈ ગયું હતું. અમે જ્યાંથી પસાર થતાં, ત્યાં અમને મળવા અને વાતો કરવા માટે ભીડ જમા થઈ જતી. અહીંની સહુથી મોટી વિશેષતા જે નજરે આવતી હતી તે એ હતી કે અહીંની વસ્તી દૂર દૂર સુધી ફેલાયેલી હતી, તેમ છતાં એકબીજા સાથે તે પરસ્પર કોઈ વ્યવસ્થિત માર્ગો થકી જોડાયેલી નહોતી. હશે, હમણાં એક રહસ્યની વાત કહું તો અહીંની નાગકન્યાઓએ મને વૃંદાવનની યાદ તાજી કરાવી દીધી હતી. હજી તો આજે મારો પ્રથમ દિવસ હતો અને અત્યારથી મારી હાલત "ચારે બાજુ નાગકન્યાઓ અને વચ્ચે કનૈયો'' જેવી થઈ ગઈ હતી. અને ખોટું શું કામ કહું, મને તો આમ પણ બાળપણથી કન્યાઓથી ઘેરાયેલા રહેવાનું પસંદ હતું. બસ, બીજા ત્રણ-ચાર દિવસ સુધી આ ક્રમ ચાલતો રહ્યો. અમે રોજ સવારથી સાંજ સુધી નાગકૂટના ચક્કર લગાવતા રહેતા હતા. બપોરનું ભોજન ત્રણ-ચાર ઘરોમાં થઈ જતું હતું. સમગ્ર નાગકૂટમાં અમારી મહેમાનગતિ માટે હરીફાઈ લાગી હતી. કહેવાની જરૂર નથી કે કન્યાઓ વિશેષપે ઉત્સાહિત હતી. જે ઘરમાં ભોજન કરતા, આખો પરિવાર પોતાને ધન્ય માનવા લાગતો. સાચું કહું છું કે મનુષ્યની સહુથી મોટી મૂડી અરસપરસનો પ્રેમ જ છે અને તેની નાગકૂટમાં ક્યાંય કોઈ ઓછપ નજરે આવી રહી નહોતી. હું તો બે-ચાર દિવસોમાં જ અહીંની પ્રજા સાથે સંપૂર્ણ રીતે હળીમળી ગયો હતો. હવે તો આવતા-જતા સહુ સાથે મજાક-મસ્તી પણ કરી લેતો હતો, ખાસ કરીને નાગકન્યાઓ સાથે.

...ચાલો, જવા દો. આ બધું તો કૃષ્ણનું જૂનું પુરાણ છે. નવી વાત તો આ છે કે અહીંના ત્રણચાર દિવસના પરિભ્રમણમાં એક વાતે વિશેષરૂપે મારું ધ્યાન ખેંચ્યું. જ્યાં જુઓ ત્યાં હરિયાળી-જ-હરિયાળી હતી. અર્થાત્ અહીં ફળ-ફૂલની કોઈ કમી નહોતી. તેથી થોડીક મહેનત કરીને અહીંનું જીવનધોરણ સુધારી શકાય તેમ હતું. બીજી વાત જે સમજાઈ રહી હતી તે એ કે નાગકૂટ સુધી પહોંચવા માટે માત્ર ત્રણ મુખ્ય માર્ગ હતા. દુશ્મનના સૈનિકો આ જ ત્રણ માર્ગોથી નગરીમાં પ્રવેશ કરી શકતા હતા. જો આ માર્ગોમાં કાંટાઓની વાડ લગાવી દેવામાં આવે, તો નાગકૂટ પ્રવેશ એટલો સરળ ન બની રહે. કદાચ એક સમસ્યાનું નિરાકરણ તો આટલેથી જ આવી જશે. ત્યાંજ અહીંની બીજી સમસ્યાની વાત કરું તો ભૂખંડની દ્રષ્ટિએ આ એક અત્યંત નાનકડો પ્રદેશ હતો, પરંતુ અહીંની આબાદી લગભગ વીસ હજાર જેટલી હતી. અને ઉપરથી આબાદી ચારેતરફ વિસ્તરેલી પણ હતી. હું આટલું ચિંતન એટલે કરી રહ્યો હતો કે મને આ ભોળા નાગકૂટવાસીઓ સાથે એટલો લગાવ થઈ ગયો હતો કે હું તેમને જલ્દીમાં જલ્દી સુખી, સંપન્ન અને સુરક્ષિત જોવા ઇચ્છતો હતો.

ખેર! આ જ બધા ચિંતનો અને મહેમાનગતિમાં ચાર દિવસ પણ વીતી ગયા અને આ બાજુ મહામંત્રીજીએ યુવાનોની સભાના આયોજનની તમામ તૈયારીઓ પણ કરી લીધી. સભા કાલે વહેલી સવારે બોલાવવામાં આવી હતી. હવે રાત થઈ ગઈ હતી, તો સવાર થવામાં ક્યાં વાર હતી? ...હજાર જેટલા યુવાનોની ઉત્સાહિત ભીડ મેદાનમાં સવારથી જ જમા હતી. હું પણ ઉદ્ધવ અને દારુકની

સાથે સમય પર જ ત્યાં પહોંચી ગયો હતો. આટલા ઉત્સાહિત યુવાનોને એકસાથે જોઈને, સ્વાભાવિક રીતે હું પોતે ઘણો ઉત્સાહિત થઈ ગયો હતો. આ બાજુ અમારે માટે લાકડાનો એક સાધારણ મંચ બનાવાયો હતો, જેની ઉપર મારી અને ઉદ્ધવની સાથે મહામંત્રી અને એમની મંત્રીપરિષદના કેટલાક સભ્યો બિરાજમાન હતા. અને દ્રશ્ય એવું હતું કે અમારી બરાબર સામે યુવાનોનું ટોળું ઊભું હતું. સભાની શરૂઆતમાં, જેવો મહામંત્રીજીએ મારો પરિચય કરાવ્યો, બધાએ તાળીઓ પાડીને મારું અભિવાદન કર્યું. મેં પણ પ્રત્યુત્તરમાં ઊભા થઈને હાથ હલાવ્યો. તમે તો જાણો જ છો કે મને ભીડને સંબોધિત કરવાનું આમ પણ પસંદ હતું. વૃંદાવન હોય કે મથુરા, મેં આજ સુધી સભા બોલાવવાનો અને સંબોધન આપવાનો એક પણ મોકો ક્યાં છોડ્યો હતો? પરંતુ આજનું સંબોધન થોડું ખાસ હતું. હજાર આસપાસ યુવાનોની વિશાળ ભીડને સંબોધિત કરવાનો મોકો પહેલી વાર મળી રહ્યો હતો. સ્વાભાવિક રીતે મેં મારી જગા પર ઊભા થઈને સંપૂર્ણ જોશ સાથે મારું સંબોધન શરૂ કર્યું. મેં કહ્યું- ગત ચાર દિવસોમાં મને તમારા લોકો પાસેથી જે પ્રેમ મળ્યો છે, તેનાથી હું સંપૂર્ણ રીતે ઉત્સાહિત છું. આમ પણ આ મારા દાદા અને પરદાદાનો પ્રદેશ છે. મારો પોતાનો પ્રદેશ છે. મેં મારા નાગકૂટને સંપન્ન અને સુરક્ષિત બનાવવાનો સંકલ્પ લીધો છે. ધ્યાનમાં રહે, કોઈપણ પ્રદેશને સંપન્ન અને સુરક્ષિત બનાવવાની જવાબદારી તે પ્રદેશના યુવાનોની હોય છે. આથી હું ઇચ્છું છું કે મારી સાથે તમે પણ આજથી આ જવાબદારી ઉપાડવાનો સંકલ્પ લો.

મારી વાત સાંભળતાંજ તમામ લોકોએ ઉત્સાહથી સંકલ્પનું પુનરાવર્તન કર્યું. તેમનો ઉત્સાહ જ બતાવી રહ્યો હતો કે અત્યાર સુધી પ્રશાસને તેમનો યોગ્ય રીતે ઉપયોગ નહોતો કર્યો. આજે અચાનક આટલું મહત્ત્વ મેળવીને તમામ લોકો ખુશ થઈ ગયા હતા. સ્પષ્ટ હતું, વાત અભિમાનની નહીં, તકની હતી. બસ, યોગ્ય રસ્તો પકડાયેલો જોઈને, મેં મારું સંબોધન આગળ વધારતા કહ્યું- સર્વપ્રથમ હું તમારી સાથે નાગકૂટની સુરક્ષા-વ્યવસ્થા બાબતે ચર્ચા કરવા ઇચ્છું છું. બધા એ જાણે છે કે નાગકૂટમાં પ્રવેશ કરવા માટે ત્રણ મુખ્ય માર્ગ છે. સહુથી પહેલાં આપણે આ ત્રણે રસ્તાઓ પર કાંટાની મોટી અને ગાઢ વાડ લગાવવી પડશે, જેથી શત્રુ સહેલાઈથી નાગકૂટમાં પ્રવેશ ન કરી શકે. બીજું, આપણે આપણી ફોજ બનાવવી પડશે. અને એ ફોજના કેટલાક સૈનિકોએ ઘોડેસવારીની સાથેસાથે આધુનિક હથિયાર ચલાવવાનું પણ શીખવું પડશે.

આ સાંભળતા જ તમામ લોકો ઉત્સાહમાં આવી ગયા. બધાના ઉત્સાહે મારો જુસ્સો વધારી દીધો. આ બાજુ યુવાનોનો આટલો ઉત્સાહ જોઈને મહામંત્રીની તો આંખો જ છલકાઈ ગઈ. સભાનું વાતાવરણ બનતું જોઈને, મેં બમણાં ઉત્સાહથી મારું સંબોધન ફરી શરૂ કરી દીધું. મેં કહ્યું- સુરક્ષિત હોવાની સાથેસાથે પ્રદેશનું સંપન્ન હોવાનું પણ જરૂરી હોય છે. આથી સમગ્ર પ્રદેશ માટે જરૂરી ફળ-ફૂલ અને લાકડાઓ જંગલમાંથી તોડી લાવવાની જવાબદારી પણ આપણી જ થશે. તદુપરાંત અહીંના રસ્તાઓને સાફ-સુથરા અને પહોળા બનાવવાનું પણ જરૂરી છે. અને આપણા જીવનધોરણને સુધારવા માટે ખાસ્સી મોટી સંખ્યામાં આધુનિક મકાનોનું નિર્માણ કરવાનું પણ જરૂરી છે. ...આ આપણું સદ્ભાગ્ય છે કે આપણી પાસે કુદરતી સંપત્તિની કોઈ કમી નથી. ન તો ભોજન માટે ફળ અને ફૂલોની સમસ્યા છે, ન તો ઘર-નિર્માણ માટે લાકડા, પથ્થર અથવા માટીની સમસ્યા છે. જો આપણે ઈમાનદારીથી મહેનત કરીએ, તો વર્ષ-બે વર્ષમાં જ વસ્તી વસાવી શકાય તેમ છે. અને સારું એ થશે કે વસ્તી રાજમહેલની આસપાસ જ વસાવવામાં આવે. તેનાથી બહારના કોઈપણ જોખમ સામે બાથ ભીડાવવી સહેલી થઈ જશે. પહેલાં તો કાંટાની વાડને લીધે અહીં સુધી કોઈનું પહોંચવાનું જ મુશ્કેલ થશે, અને જો પહોંચી પણ જાય, તો આટલી મોટી સંગઠિત વસ્તી સામે તેમનું સલામત પાછા ફરવાનું અશક્ય થઈ જશે.

સભાનું વાતાવરણ જ બતાવી રહ્યું હતું કે તમામ લોકો મારી વાત સાથે અક્ષરશઃ સહમત

હતાં. તેમ છતાં, હું ભાવ ખાવાથી ન ચૂક્યો. મેં પૂછી જ લીધું- જો તમે લોકો મારી વાત સાથે સહમત હો, તો આગળના કાર્યોની રૂપરેખા બનાવી લેવામાં આવે. ...આ સાંભળતા જ, હા... હા...નાં અવાજથી મેદાન ગૂંજી ઊઠ્યું. બધા ઉત્સાહથી ભરપૂર હતા. એક બાજુ જ્યાં કાર્યોનો ઉત્સાહ હતો, ત્યાં બીજી બાજુ, જીવનધોરણ સુધારવાના સપનાં પણ જોવામાં આવી રહ્યા હતા. ઉત્સાહને કારણે ચારેતરફથી મારી જયજયકાર બોલાવવામાં આવી હતી. બધાનો જુસ્સો અને ઉત્સાહ તો અવર્ણનીય હતો. ખરેખર યુવાશક્તિ જેવો ઉત્સાહ બીજે ક્યાંય મળી શકતો નહોતો. હશે, અત્યારે તો અહીં વાતાવરણ જેવું કંઈક ઠંડુ થયું કે મેં મંચથી નીચે ઊતરીને તરત લગભગ પંદર જેવા તરવરિયા યુવાનોને પસંદ કરીને તેમનાં નેતૃત્વમાં વીસ-વીસ, ત્રીસ-ત્રીસ યુવાનોની ટોળીઓ બનાવી દીધી; ...અને હાથોહાથ તેમને અલગ-અલગ કાર્યોની વહેંચણી પણ કરી દીધી. કોઈ ટુકડીએ ફળ-ફૂલ તોડીને લાવવાના હતા, તો કોઈએ લાકડીઓ અને પથ્થર એકઠા કરવાના હતા. કોઈ ટુકડીના ભાગે રસ્તાઓ પહોળા કરવાનું કાર્ય હતું, તો કોઈના માથે ગૃહનિર્માણનું કામ હતું. બચેલા લગભગ અઢીસો યુવકોએ હથિયાર ચલાવવાનું શીખવાનું હતું. સાથોસાથ બધાએ આખો દિવસ કરેલા કાર્યોનું વિવરણ મને, ઉદ્ધવ અથવા મહામંત્રીજીને આપવાનું હતું.

તમામ વાતો નક્કી થવાની સાથે જ સભા તો સમાપ્ત થઈ ગઈ, પરંતુ યુવકોનો ઉત્સાહ એટલો પ્રબળ હતો કે બધા પોતપોતાની ટોળીમાં આગળના કાર્યોની રૂપરેખા તૈયાર કરવામાં લાગી ગયા હતા. યુવાનોની આ જ તો ખૂબી હોય છે. તેમને યોગ્ય નેતૃત્વ અને બરાબર માર્ગદર્શન મળી જાય તો તેઓ ચમત્કાર સર્જી શકે છે. મહામંત્રી જ નહીં, સમગ્ર મંત્રીપરિષદ સભાની સફળતાથી ઉત્સાહિત હતી. જેને જુઓ, તે જ નવા નાગકૂટનાં સપનાંમાં ખોવાયેલો હતો. આ ઉંમરમાં પણ મહામંત્રીની સ્ફૂર્તિ અને તેમનો ઉત્સાહ પ્રેરણાદાયક હતા. એમની ઉંમર આ સમયે એકસો વીસ વર્ષથી ઓછી નહીં હોય. ખરેખર ઉંમરની તુલનામાં એમનું સ્વાસ્થ્ય ચકિત કરનારું હતું. બાકી બધા તો ઠીક, પણ એમને જોઈને મારો તો ઉદ્ધાર જ થઈ ગયો હતો. તેમનામાંથી પ્રેરણા મેળવીને મેં પણ એ નક્કી કર્યું કે હું પણ ઉંમરના અંતિમ પડાવ સુધી કાર્ય કરતો રહીશ. આમ પણ મને હંમેશાં સ્ફૂર્તિમાં રહેવાનું પસંદ જ હતું. સંતુલિત આહાર અને સંતુલિત ઊંઘનો હું હંમેશાં પક્ષધર હતો. નિયમિત વ્યાયામનો તો હું આમ પણ શોખીન હતો જ. યોગ, પ્રાણાયામ અને ફરવું તો આમ પણ મારા નિત્યક્રમનો ભાગ હતા. ભાઈ, અર્જુન, સાત્યકિ અને અન્ય મિત્રોની જેમ અકારણ રાત્રિ જાગરણથી હું હંમેશાં બચવાનો પ્રયત્ન કરતો રહેતો હતો. મદિરા જેવા વ્યસનોથી પણ મેં પોતાને મોટે ભાગે બચાવીને રાખ્યો જ હતો. આથી, મને આજીવન સ્વસ્થ રહેવામાં કોઈ સમસ્યા પણ લાગી રહી નહોતી.

ખેર! મારા નેતૃત્વમાં, નાગકૂટનાં લગભગ પૂરેપૂરા હજાર યુવકો કાર્યોમાં જોતરાઈ ગયા હતા. હું અને ઉદ્ધવ પણ અલગ અલગ ટુકડીઓ સાથે દિવસ વિતાવીને તેમનો ઉત્સાહ વધારતા જ જઈ રહ્યા હતા. ચારેતરફ કાર્ય સંપૂર્ણ જુસ્સાભેર ચાલી રહ્યું હતું. હવે આગળના કાર્ય માટે કેટલાક ઘોડા, સામાન લાવવા-લઈ જવા માટેના બળદગાડાં, ઘર બનાવવા માટે આધુનિક ઓજાર, અને કેટલાક શસ્ત્રોની જરૂરિયાત હતી. મેં ઉદ્ધવ અને દારુકને કેટલાક નાગયુવકો સાથે બધો સામાન લેવા માટે પાંચાલ મોકલી દીધા. ધનની તો સમસ્યા નહોતી, કારણ કે મહારાજા દ્રુપદની સન્માન સ્વરૂપ આપેલી ભેટ અમારી પાસે હતી જ. એ બાજુ તે લોકો ચાલ્યા ગયા અને આ બાજુ અમે લોકો અમારા કાર્યમાં બમણાં ઉત્સાહથી જોડાઈ ગયા. ...અહીં ચાલી રહેલા કાર્યોની વાત કરું તો, રસ્તાઓ સાફ અને પહોળા થવાની શરૂઆત થઈ ગઈ હતી. ઘરોનું નિર્માણકાર્ય પણ શરૂ થઈ ગયું હતું. આ બધું જોઈને મારો ઉત્સાહ સાતમા આસમાનને આંબી ગયો હતો. અને આ જ ઉત્સાહને કારણે એક વિચાર આવ્યો. હું વિચારવા લાગ્યો.... નવયુવક તો કામે લાગી જ ગયા છે, પરંતુ કોઈપણ પ્રદેશના સર્વાંગી વિકાસ માટે યુવતીઓનું પણ કાર્યમાં જોડાવું જરૂરી હોય છે. શા માટે તેમને પણ કાર્યમાં પ્રવૃત્ત કરી દેવામાં ન આવે?

બસ, મેં મહામંત્રીજીને કહીને નાગયુવતીઓની એક સભા બોલાવવાનું નિવેદન કર્યું. મહામંત્રીજીએ બે દિવસમાં જ સભાનું આયોજન કરવાનું આશ્ર્વાસન આપ્યું. હવે તો બધા મારા દરેક શબ્દને કુદરતનું "હુકમનામું'' માનવા લાગ્યા હતા. આ બાજુ આટલી વ્યસ્તતા હોવા છતાં, હું દાદા અને પરદાદાને મળવાનો સમય કાઢી જ લેતો હતો. બંનેનું સ્વાસ્થ્ય ઝડપથી સુધરી રહ્યું હતું. ચોક્કસપણે આ સ્વાસ્થ્ય-લાભમાં મારી હાજરી ઉપરાંત, નાગકૂટમાં ચાલી રહેલા વિકાસકાર્યોનું પણ મોટું યોગદાન હતું.

ખેર! આ બાજુ કાર્યોની વ્યસ્તતાને લીધે બે દિવસ ક્યાં વીતી ગયા, એની ખબર પણ ન પડી. આજે યુવતીઓની સભાનો દિવસ હતો. વહેલી સવારથી જ મેદાનમાં યુવતીઓનું એકઠા થવાનું શરૂ થઈ ગયું હતું. મારા પહોંચતા-પહોંચતા તો મેદાન યુવતીઓથી ખચોખચ ભરાઈ ગયું હતું. મહામંત્રી અને તેમની મંત્રીપરિષદ ત્યાં પહેલેથી જ હાજર હતી. મારા આગમનની સાથે જ યુવતીઓએ મારું ભવ્ય સ્વાગત કર્યું. તેમનો ઉત્સાહ તો યુવકોને પણ પાછા પાડે એવો લાગી રહ્યો હતો. બીજી બાજુ મારો રોમાંચ પણ પોતાની ચરમસીમા પર હતો જ. જીવનમાં પહેલી વાર યુવતીઓની સભા સંબોધિત કરવાનો ઉત્સાહ મારા રોમરોમમાં વસી ગયો હતો. ...બસ, આ ઉત્સાહને કારણે, મેં કોઈપણ પ્રસ્તાવના વિના મારા સંબોધનનો પ્રારંભ કર્યો. મેં કહ્યું- તમે લોકો કાર્યદક્ષતામાં યુવકો કરતાં કોઈપણ રીતે ઉતરતા નથી લાગી રહ્યા. કોઈપણ પ્રદેશના પ્રારંભિક વિકાસ માટે યુવકો અને યુવતીઓનું ખભેથી ખભા મેળવીને કાર્ય કરવાનું જરૂરી હોય છે. પુરુષનું કાર્ય છે ઘરની બહાર આકરી મહેનત કરે. પુરુષને આટલી મહેનત બાદ ઘરે સારું ભોજન મળે, ઘર સ્વચ્છ રહે અને સારા વસ્ત્ર મળે એ જવાબદારી સ્ત્રીઓની હોય છે. શું તમે લોકો આ જવાબદારી ઉપાડવા તૈયાર છો?

બધાએ એકસાથે "હા''નો જોરદાર નારો લગાવ્યો. આ તો ઠીક, પરંતુ ફક્ત આ અવાજ લગાવવા માત્રમાં પણ એક યુવતીએ મારું ધ્યાન ખાસ કરીને આકર્ષિત કર્યું. થોડી શ્યામ અને તીક્ષ્ણ રૂપરંગવાળી આ યુવતી થોડી વધારે જ નટખટ લાગી રહી હતી. તે ઊભી પણ સહુથી આગળ હતી. તમે નહીં માનો, આટલી ભીડ અને આટલું મહત્ત્વપૂર્ણ કાર્ય હાથમાં હોવા છતાં, અમારી નજરો મળી અને સ્મિતનું આદાન-પ્રદાન થયું. તેનાં કદ-કાઠી અન્ય યુવતીઓ કરતાં સારા લાગી રહ્યા હતા. ...ફરી ભટકી ગયા ને, કૃષ્ણ! લો, સ્વસ્થ પણ થઈ ગયા. તત્ક્ષણ તેના પરથી ધ્યાન હટાવીને મેં મારું ધ્યાન પાછું સંબોધન પર લગાવ્યું. મેં કહ્યું- તમારો ઉત્સાહ જોઈને હું પણ ઉત્સાહથી ભરાઈ ગયો છું. સહુથી પહેલાં તમારે લોકોએ ગાય અને ભેંસોને દોહવાનું શીખવું પડશે. ત્યાર બાદ દહીં અને માખણ બનાવવાનું પણ શીખવું પડશે. એટલું જ નહીં, તેનાથી જાતભાતનાં ફરસાણ અને પકવાન બનાવવાનું પણ શીખવું પડશે. કારણ કે સારું ભોજન જીવનમાં ઉમંગ ટકાવી રાખવા માટે અત્યંત જરૂરી છે. જોકે આ બધું તો તમને હું શીખવી જ દઈશ; પરંતુ તદુપરાંત તમારે લોકોએ નાનાં-મોટાં વસ્ત્રો વણવા, અને માટીનાં વાસણો બનાવવાનું પણ શીખવું જોઈએ. હું કોશિશ કરીશ કે તમને વધારેમાં વધારે કાર્ય શીખવવા માટે શ્રેષ્ઠ કારીગરોની વ્યવસ્થા કરું. શું તમે લોકો આ બધું કામ શીખવા માટે તૈયાર છો?

જેવી મારી અપેક્ષા હતી તેમ, મારો સવાલ સાંભળતા જ "હા, તૈયાર છીએ''ના અવાજથી આખું મેદાન ગૂંજી ઊઠ્યું. ઉત્સાહ તો એવો હતો કે મડદામાં જીવ ફૂંકી દે. જ્યારે તમામ વાતો નક્કી થઈ ગઈ, તો યુવાનોની જેમ મેં યુવતીઓની પણ ટુકડીઓ બનાવી દીધી અને તાત્કાલિક અમલથી તમામને પોતપોતાનાં કામમાં લગાવી પણ દીધી. બાકી બધું તો ઠીક હતું, પણ તે આકર્ષક યુવતી સભા સમાપ્ત થયા બાદ પણ સતત મને જ જોઈ રહી હતી. સ્પષ્ટ લાગી રહ્યું હતું કે તે મારા આકર્ષણમાં બરાબરની ફસાઈ ગઈ હતી. ક્યાંક મારું સ્મિત મારા પર જ ભારે ન પડી જાય. આમ તો આ બધું કંઈ વધારે જ થઈ રહ્યું હતું, પણ સાચું તો એ છે કે તે પણ મારું ધ્યાન પોતાની તરફ આકર્ષવામાં સફળ થઈ જ ગઈ હતી. ...અરે! આ શું, ...અચાનક તે ઊભી થઈ અને સંપૂર્ણ આત્મવિશ્ર્વાસ સાથે મંચ પર આવી ગઈ. હું તો તેનો આત્મવિશ્ર્વાસ જોતો જ રહી ગયો. આ તો એકદમ બિન્દાસ નીકળી. શું કોઈ આવી રીતે સીધું જ

કોઈને મળવા આવી જાય છે? પરંતુ અહીં પણ તેણે મારા વિચારને હરાવી દીધો. તે મંચ પર આવી જરૂર પણ મને મળવા નહીં, બલ્કે મજોધર સાથે વાત કરવા માટે. મજોધર સગપણમાં અમારા દૂરના દાદા થતા હતા. હશે, હાલ તો બાબત એ હતી કે તે વાત મજોધર સાથે કરી રહી હતી, પણ તેની આંખો મારા પર જ ચોંટેલી હતી. અર્થાત્ "આંખો ક્યાંક અને નિશાન ક્યાંક'' હતું. તો હું પણ ક્યાં પાછળ હતો? આદત મુજબ, હું બિચારો પણ સ્મિત વેરીને તેનાં ઉત્સાહમાં વૃદ્ધિ કરી જ રહ્યો હતો. વાસ્તવમાં તે મજોધરની પૌત્રી હતી અને તેનું નામ "ભદ્રા'' હતું [23] .

ખેર! મુલાકાત તો થઈ ગઈ હતી, પરંતુ વાત અહીં જ ન અટકી. હવે તે રોજ કોઈ-ને-કોઈ કાર્યના બહાના હેઠળ કે કંઈ સમજવાની રીતે મને મળવા આવવા લાગી. હવે ભલા મને એમાં કોઈ વાંધો ક્યાં હોવાનો હતો? આમ પણ અહીં કરવા માટે બીજું કંઈ હતું જ ક્યાં? મને તેનું વારંવાર આવવાનું સારું જ લાગતું હતું. આ બાજુ ઉદ્ધવ બધી ચીજવસ્તુઓ લઈને આવી ગયો હતો. જ્યારે તેણે યુવતીઓને કામ કરતાં જોઈ, અને ખાસ કરીને ભદ્રાને કોઈને કોઈ બહાને વારંવાર મારી આસપાસ ફરતા જોઈ... તો તે આ પરિવર્તનથી ખૂબ જ આશ્ચર્યચકિત થયો. ત્યાં સુધી કે તે વ્યંગ કસવાથી પણ ન ચૂક્યો. તે બોલ્યો પણ ખરો કે- મારા જતાં જ રાસલીલા શરૂ કરી દીધી. શું નાગકૂટને પણ વૃંદાવન બનાવવાનો ઈરાદો છે...? ...હું શું કહેત? માત્ર હસી લીધું. મારા ઈરાદાથી હું પોતે પણ ક્યાં માહિતગાર હતો, જે કોઈ જવાબ આપી શકત? હવે ક્ષણે ક્ષણ જીવવાવાળાનો શું ઈરાદો અને શું ઈચ્છા-અનિચ્છા?

ખેર! આ વાત તો આવી અને ગઈ તેવી થઈ. આ બાજુ બધા લોકો પોતપોતાના કાર્યોમાં પૂરી તન્મયતા સાથે ગળાડૂબ હતા. હવે તો દર દસ દિવસોમાં પાંચ-સાત ઘરોનું નિર્માણ થવાનું પણ શરૂ થઈ ગયું હતું. યોજના એક વર્ષમાં ઓછામાં ઓછા ત્રણસો-ચારસો મકાન બનાવવાની હતી, જેથી આખા વર્ષમાં તમામ નાગકૂટવાસીઓનું જીવનધોરણ સુધારી શકાય. અને એ દિશામાં કામકાજ પણ પૂરજોશમાં ચાલી જ રહ્યું હતું. હવે બધાને કામે પર લગાવી જ ચૂક્યો હતો અને અહીં મારી પાસે કરવા માટે કંઈ વિશેષ હતું નહીં, આવામાં ઈચ્છા ન હોવા છતાં, ચિંતન ચારેતરફથી સક્રિય થઈ ગયું. આ કારણે એમ જ અચાનક એક દિવસ મારા ચિંતનમાં એક વિચાર આવ્યો. મેં તરત જ ઉદ્ધવને ભીમ અને તેના મહામંત્રીને બોલાવવા મોકલ્યો. તેને મેં સ્પષ્ટ આદેશ આપ્યો કે તેને નાગકૂટવાસીઓએ મંત્રણા માટે બોલાવ્યા છે, એવું જ કહેવું. સાથે જ ભીમને મને ન ઓળખવાનું નાટક કરવાનું પણ કહી દેવું. સાચું કહું તો અચાનક જ આ એક સારી યોજના મનમાં ઊતરી આવી હતી. મને તો આ એક પ્રયત્ન થકી, અહીંની ત્રણ-ચાર સમસ્યાઓનું નિરાકરણ થતું નજરે આવી રહ્યું હતું. એક તો સ્વયં "રાક્ષસરાજ''ના પધારવાથી નાગકૂટવાસીઓનો આત્મવિશ્ર્વાસ વધવાનું નક્કી હતું. બીજું, રાક્ષસો અને નાગકૂટવાસીઓની અંદરોઅંદર સંધિ કરાવી દઉં તો કોઈપણ બહારની મુસીબત વખતે, બંને મળીને તેનો સામનો સહેલાઈથી કરી શકતા હતા. તદુપરાંત બન્ને પ્રદેશોના સંબંધો સુધરવાથી પાંડવોને પણ આવવા-જવા માટે એક નવી જગા મળી જતી હતી, જેનાથી તેમનું પણ મન અહીં પ્રસન્ન રહેવાનું નક્કી હતું. અર્થાત્ સરવાળે, યોજના એક તીરથી ત્રણ શિકાર કરવાની હતી. હવે વાત તો હું ઊંડી શોધી લાવ્યો હતો, પણ બધું યોગ્ય રીતે પાર પડી જાય ત્યારે પાક્કું થાય.

ખેર! અહીં હું આ બધું વિચારતો જ રહી ગયો અને આ બાજુ ઉદ્ધવ ચાર દિવસોમાં જ ભીમ, અર્થાત્ મહારાજા વક્રોદરને, તેના મંત્રી સાથે લઈને આવી પણ ગયો. મેં અને મહામંત્રીજીએ સ્વયં તેમનું ભવ્ય સ્વાગત કર્યું. મહામંત્રી તો તેમનું સ્વાગત કરતા હરખથી ગદ્ગદ્ થઈ ગયા હતા. આ બાજુ જેવી કે આશા હતી, રાક્ષસરાજને લઈને સમસ્ત નાગકૂટમાં ઉત્સુકતાનું વાતાવરણ બની ગયું હતું. પરિણામસ્વરૂપ તેમને જોવા માટે આખું નાગકૂટ ભેગું થયું હતું. હવે રાક્ષસોથી ડરેલા બિચારા નાગકૂટવાસીઓ માટે સ્વયં રાક્ષસરાજનું સામે ચાલીને નાગકૂટ આવવાનું કોઈ મહા-આશ્ચર્યથી ઓછું નહોતું. આ બાજુ સ્વાગતની ઔપચારિકતાઓ પૂર્ણ કરીને હું, ભીમ અને ઉદ્ધવને સીધા મંત્રણાકક્ષમાં

લઈ ગયો. મંત્રણા તો કંઈ કરવાની નહોતી, મારે તો ભીમને માત્ર આદેશ આપવાના હતા. થોડી વાર આડી અવળી વાતો કરીને, ત્યાર બાદ મેં ભીમને બે રાજ્યોની સંધિ બાબતે સંપૂર્ણ વાત સમજાવી દીધી. સીધોસાદો દેખાતો ભીમ આટલો સારો અભિનય પણ કરી શકે છે, તેની તો મને જરાયે આશા નહોતી. તે આખા રસ્તે બધાની હાજરીમાં એવો અજાણ બનીને બેઠો હતો, જાણે કે મને ઓળખતો જ ન હોય.

ખેર! સહુથી પહેલાં મેં રાક્ષસો સાથે સહયોગ-સંધિની સૂચના મંત્રીપરિષદ સહિત દાદા અને પરદાદાને આપી. આ સાંભળતા જ બધાના આશ્ચર્યનો પાર ન રહ્યો. આટલા સિતમ કરનારા રાક્ષસ સ્વયં આવીને તેમની સાથે સંધિ કરી લેશે, એવું તો તેઓ કલ્પનામાં પણ વિચારી નહોતા શકતા. આમ પણ સામાન્ય પરિસ્થિતિઓમાં તો આ અશક્ય જ હતું. પરંતુ કારણ કે હવે ભીમ ત્યાંનો રાજા હતો, એટલે જ આ ચમત્કાર શક્ય બની શક્યો હતો. ...પરંતુ આ તો હું અને ઉદ્ધવ જ જાણતા હતા, બાકી બધા માટે તો આ હજી પણ એક ચમત્કાર જ હતો. હશે, અત્યારે તો આ બધું નક્કી થઈ જવાની ખુશીમાં બીજા દિવસે મહારાજા વક્રોદરનો, રાજમહેલ તરફથી ખુલ્લા મેદાનમાં સન્માન સમારોહ રાખવામાં આવ્યો. આખું મેદાન નાગકૂટવાસીઓથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. દાદા અને પરદાદા પણ આ સમારોહમાં હાજર હતા. સમારોહના અંતમાં મેં ભીમનું સંબોધન રાખ્યું હતું. સંબોધન શું હતું, જે મેં એને કહેવા માટે કહ્યું હતું તે જ તેણે કહેવાનું હતું. ભીમે આ નાટક પણ બહુ સ્વાભાવિક રીતે પાર પાડ્યું. ભીમે તેના સંબોધનમાં કહ્યું- અમે લોકો નાગકૂટ સાથે સહયોગ-સંધિ સ્થાપિત કરવા માટે રાજી થયા છીએ. હવે અમારો કોઈપણ રાક્ષસ, ક્યારેય ન તો કોઈપણ નાગકૂટવાસીનું અપહરણ કરશે, ન તો તેમને સતાવશે. એટલું જ નહીં, હું વચન આપું છું કે જો નાગકૂટ પર કોઈ બહારનું સંકટ આવશે તો અમે તેને અમારું સંકટ માનીને તેનો મક્કમતાથી સામનો કરીશું.

આ સાંભળતા જ ચારેતરફ ખુશીની લહેર છવાઈ ગઈ. આખું મેદાન તાળીઓના ગડગડાટની ગૂંજમાં ગરકાવ થઈ ગયું. કોઈને વિશ્વાસ જ નહોતો આવી રહ્યો કે રાક્ષસરાજ તેમનો મિત્ર બની ગયો છે. બસ, આ ખુશનુમા વાતાવરણમાં આજની સભા સમાપ્ત થઈ. અને એક રાત્રિની વધારે મહેમાનગતિ માણીને મહારાજ વક્રોદર, અર્થાત્ ભીમ, પોતાના પ્રદેશમાં પાછા ફર્યા. ખરેખર, યોજના ખૂબ પરિણામદાયક રહી. હવે તો સમગ્ર નાગકૂટવાસીઓનો આત્મવિશ્વાસ પોતાની ચરમસીમા પર હતો. તેનો સીધો પ્રભાવ કાર્યોની ગતિ પર પણ પડ્યો. જોકે નાગકૂટમાં રહીરહીને ભારે વર્ષા થઈ રહી હતી. વર્ષા ચોક્કસપણે કાર્યોની ગતિમાં અવરોધ ઉભી કરી રહી હતી. તેમ છતાં, ઉત્સાહસભર હર કોઈ તમામ અવરોધો ભૂલાવીને, પૂરા જોશ સાથે કાર્યમાં લાગેલું જ હતું. આમ તો જોર મેં પણ મારા તરફથી વધારી દીધું હતું. હવે તો રોજ સાંજે મેં ચાલીસ-પચાસ નાગકન્યાઓને એકઠી કરીને તેમને ગાયોને દોહવાનું શીખવવાનું શરૂ કરી દીધું હતું. ગાયોને દોહવાનું કોઈ મુશ્કેલ કામ તો નહોતું, એટલે બે-ચાર દિવસમાં જ બધી શીખી ગઈ. ત્યાર બાદ, ગાયોના દૂધમાંથી દહીં-માખણ બનાવવાનું પણ શીખવાડી દીધું. જોકે સહુથી વધારે ઉત્સાહપૂર્વક અને સહુથી પહેલાં આ બધા કાર્ય ભદ્રા જ શીખી હતી. નાગકન્યાઓ દહીં-માખણ બનાવવાનું શું શીખી ગઈ, મારે તો થઈ ગયાં. બધાને ખબર જ હતી કે "દહીં-માખણ'' મારું સર્વાધિક પ્રિય ભોજન છે, બસ, મને દહીં-માખણ ખવરાવવા માટે નાગકન્યાઓમાં હરીફાઈ લાગી ગઈ. આમ પણ કનૈયા અને કન્યાઓનો સાથ કદાચ જન્મોજન્મનો હતો, ત્યારે જ તો ક્યાંય પણ જાઉં, કન્યાઓનો સાથ મળી જ જતો હતો.

આમ તો દહીં-માખણ ખવરાવવામાં પણ બાજી ભદ્રા જ મારી લેતી હતી. એટલું જ નહીં, ધીમેધીમે મારા દહીં-માખણની સંપૂર્ણ જવાબદારી પણ ભદ્રાએ જ ઉપાડી લીધી હતી. એક રીતે તો તે મારો અદ્‌ભુત ખયાલ રાખી રહી હતી. આમ તો ધ્યાન રાખવામાં કોઈપણ પાછળ નહોતી. મને પોતાના હાથે માખણ-દહીં ખવરાવવાની હરીફાઈ રાત-દિવસ લાગેલી જ રહેતી. આ ગોવાળ પણ પ્રેમથી માખણ-દહીં ખાઈને તૃપ્ત થઈ જતો હતો. વૃંદાવન ભલે ન હોય, નાગકૂટ જ ભલે, ગોપીઓ ભલે ન

હોય, નાગકન્યાઓ જ ભલે. ...આ "કનૈયો'' તો કન્યાઓથી ઘેરાયેલો જ હતો. હવે આને હું મારું સદ્ભાગ્ય કહું કે કન્યાઓનું? ...જવા દો, તેનો નિર્ણય હું નથી કરતો, તમારા પર જ છોડું છું.

અને હજી તો આગળ કનૈયા મહારાજ શું શું ગુલ ખીલાવી રહ્યા છે, તે બતાવું છું. તમે નહીં માનો કે ધીમે ધીમે મને નાગકન્યાઓને શિક્ષિત કરવાનું એટલું ગમી ગયું હતું કે ઉત્સાહમાં આવીને મેં એમને જાતભાતના પકવાન અને ફરસાણ તૈયાર કરવાનું શિક્ષણ આપવાનું પણ શરૂ કરી દીધું હતું. વાહ રે કૃષ્ણ; પોતે તો જીવનમાં ભણ્યા નથી, અને અહીં કન્યાઓનાં ગુરુકુળના આચાર્ય બની બેઠા છો? તો શું, આ જ તો મારી એ લીલાઓ છે કે જેના પર હું પોતે ફિદા થઈ જાઉં છું. ટૂંકમાં, તમામ વાતોનો સાર આ કે જ્યાં એક બાજુ તમામ લોકો આકરી મહેનતમાં રત હતા, ત્યાં બીજી બાજુ એમને કામે લગાડનાર કનૈયાના દિવસો ખૂબ મજામાં પસાર થઈ રહ્યા હતા. અને અહીં ચાલી રહેલાં કાર્યોની વાત કરું તો અહીં એટલા કામ હતા કે તેનો અંત આવતો દેખાઈ નહોતો રહ્યો. ઉપરથી વરસાદે પણ પોતાના તરફથી કાર્યમાં અડચણ કરવામાં કોઈ કસર બાકી છોડી નહોતી. સાચું કહું તો નાગકૂટની ભારે વર્ષાએ મને એટલો થકવી નાખ્યો હતો કે હવે હું મારી પ્રિય વર્ષાઋતુની જવાની રાહ જોવા લાગ્યો હતો.

આ બધું તો ઠીક, પણ એક એવી વાત છે જે તમને કહું તો કેવી રીતે કહું, મન ભરાઈ આવે છે. નાગકૂટનું એકે-એક જણ મારા પ્રતિ આદરથી ગદ્ગદિત થઈ ગયું હતું. સન્માન એવું મળી રહ્યું હતું કે જેની મેં જીવનમાં કદાપિ કલ્પના જ નહોતી કરી. જ્યાં જતો ત્યાં અને જે કરતો, તે તરત હાથમાંથી લઈ લેવામાં આવતું. જોકે માન્યું કે મેં અહીં આવ્યા બાદ કેટલાક કામ જ એવા કર્યા હતા, પણ તે તો મેં અનેકવાર અનેક પ્રદેશોમાં કર્યા હતાં. ત્યારે જ તો કહી રહ્યો છું કે અહીંનાં ભોળપણ અને ભાવુકતાની વાત જ કંઈ નોખી હતી. સાચું કહું તો મને તો બેઠેબેઠા, રહીરહીને મારી કાર્યદક્ષતા પર પણ ગર્વ થઈ રહ્યો હતો. આમ પણ તમે તો જાણો જ છો કે બને ત્યાં સુધી હું મારી ઉપલબ્ધિઓનો શ્રેય બીજાઓને આપવાને બદલે મારા કર્મોને આપવાનું પસંદ કરું છું. ...પછી તે બીજું ભલે મનુષ્ય હોય કે ઈશ્ર્વર. તેના બે ફાયદા છે, એક તો કર્મોમાં તમારી આસ્થા ટકી રહે છે અને બીજું, તેનાથી તમને તમારી જવાબદારીનો અહેસાસ પણ થાય છે. અને સહુથી મોટી વાત એ કે તમે નાહકમાં બીજાના ભરોસે નથી જીવતા. એટલે સરવાળે, બસ, હું મળી રહેલા માન-સન્માન માટે પોતાને અધિકારી માનીને તેનો પૂર્ણ ગર્વ લૂંટવામાં વ્યસ્ત હતો.

ખેર! નાગકૂટની વાત કરું તો જ્યાં એક બાજુ બધાં લોકો ચાલી રહેલાં નિર્માણ-કાર્યોથી ખુશ હતા, ત્યાંજ બીજી બાજુ યુવાનોના ઉત્સાહે લોકોને સુખદ આશ્ર્ચર્યમાં નાખી દીધા હતા. જ્યાં એક બાજુ ઘોડા, ગાડાં અને લાવવામાં આવેલા અસ્ત્રો-શસ્ત્રોએ બધામાં વિશ્ર્વાસ જગાવ્યો હતો, ત્યાંજ બીજી બાજુ રાક્ષસરાજ સાથે થયેલી સંધિએ બધાના આત્મવિશ્ર્વાસને સાતમા આસમાને પહોંચાડી દીધો હતો. ચારેતરફ ખુશી જોઈને હું પણ અજબ ઉત્સાહથી છલકાઈ ગયો હતો. ઉપરથી, અહીં મળી રહેલા પ્રેમ અને સન્માન આમ પણ મારા દિલને સ્પર્શી રહ્યા હતા. આમ સરવાળે મન નાગકૂટ માટે બીજું ઘણું વધારે કરવા માટે આતુર થયું હતું. બસ, આ કારણે મારા ચૈતન્યમાં એક નવી જ યોજનાએ જન્મ લીધો. મેં ઉદ્ધવને કોઈપણ રીતે ચેકિતાનને શોધવા અને તેને અહીં મારી પાસે લઈ આવવા કહ્યું. હું ચેકિતાન સાથે ઘણી બધી મંત્રણા કરવા ઈચ્છતો હતો. ઉદ્ધવને તો મારો ઈશારો પૂરતો હતો. તે તરત નીકળી પડ્યો.

આ બાજુ ભદ્રાનું રોજ કોઈને કોઈ બહાને મને મળવા આવવાનું હજી પણ ચાલુ હતું. હવે તો અમારા બંને વચ્ચે કાર્ય ઉપરાંત પણ ઘણી બધી વાતો થવા લાગી હતી. તે વૃંદાવન, મથુરા અને દ્વારકાના મારા જીવન બાબતે ઘણાં સવાલ કરતી રહેતી હતી. તેની સાથે વાત કરીને એક વાત સમજાઈ ગઈ હતી કે તે અન્ય નાગકૂટવાસીઓની સરખામણીમાં ઘણી પ્રતિભાશાળી અને બુદ્ધિશાળી છે. કદાચ આ તેનાં દાદાજી મજોધરની તાલીમનું પરિણામ હતું. મજોધરથી તો હું આમ પણ પ્રભાવિત થયો હતો.

હશે, હાલ તો ભદ્રા ન માત્ર નાગકૂટના વિકાસમાં રસ લઈ રહી હતી, બલ્કે મારી પાસેથી મળી રહેલા પ્રોત્સાહનનાં સહારે, હવે તો દાદા મજોધર સાથે મળીને તેણે વહીવટી કાર્યોને સમજવાનું પણ શરૂ કરી દીધું હતું.

...સમય આ જ રીતે વીતી રહ્યો હતો. સમયની સાથેસાથે નાગકૂટવાસીઓનું જીવનધોરણ પણ સુધરી રહ્યું હતું. ભોજનમાં મળી રહેલા દહીં-માખણે તો સહુને દીવાના બનાવી રાખ્યા હતા. આ બાજુ મેં પણ વર્ષાઋતુનો આનંદ લેવાનું શરૂ કરી દીધું હતું. હવે વાંસળી વગાડવાનું લગભગ રોજનું થઈ ગયું હતું. પરંતુ અહીં પણ મારી વાંસળીનો જાદૂ કંઈ એવો ચાલ્યો કે ભદ્રા સહિત તમામ નાગકન્યાઓને મારું અત્યંત ગમી ગયું હતું, અને પરિણામસ્વરૂપ વાંસળી વગાડતો 'કનૈયો' એકવાર ફરી કન્યાઓથી ઘેરાયેલો રહેવા લાગ્યો હતો. બાકી બધાનું તો ઠીક, પરંતુ મારી વાંસળીએ ભદ્રાના તો પ્રાણ જ હરી લીધા હતા. તેનું અંતિમ પરિણામ એ આવ્યું કે હું ઈચ્છું કે ન ઈચ્છું, ભદ્રા મારી નજીક આવવા લાગી.

તો આવવા દો. હાલ તો મારું ધ્યાન નાગકૂટના નિર્માણકાર્યોમાં જ લાગેલું હતું. આમ તો અહીં બધું ઠીકઠાક ચાલી રહ્યું હતું. આથી મારું ચિંતન ફુરસદમાં ફરી એકવાર સક્રિય થઈ ગયું. ...અનાયાસે મને હસ્તિનાપુરની ચિંતા સતાવવા લાગી. તેને ધ્યાનમાં લેતા, ચેકિતાનની પ્રતીક્ષા આતુરતામાં બદલાઈ ગઈ. જોકે એકવાર ઉદ્ધવને જે કામ સોંપ્યું, તો કાર્ય થયું જ સમજો. બસ, ઉદ્ધવ જલ્દીથી ચેકિતાનને શોધીને લઈ આવ્યો. આ બાજુ મેં પણ તેને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે રાજમહેલમાં જ ઉતારો આપ્યો. કહેવાની જરૂરત નથી કે ચેકિતાન જેવા રાજાને પોતાને ત્યાં મહેમાન બનેલો જોઈને સમગ્ર નાગકૂટ પોતાને ગૌરવાન્વિત અનુભવી રહ્યું હતું. આ બધું તો ઠીક, પણ મારી યોજના માટે રાહતની વાત એ હતી કે મારી અપેક્ષા મુજબ, ચેકિતાન દુર્યોધનના આક્રમણથી સંપૂર્ણ રીતે ભાંગી પડ્યો હતો. તે ઘણો દુ:ખી અને હતાશ લાગી રહ્યો હતો. આમ પણ એક રાજા માટે રાજ્ય છીનવી જવાથી મોટું દુ:ખ બીજું કયું હોઈ શકે છે? સ્પષ્ટ લાગી રહ્યું હતું કે તેને કોઈ સહારાની જરૂર છે. તો હું બેઠો તો છું... સમગ્ર આર્યાવર્ત જાણે છે કે હું કંસ, પંચજન, શ્રૃંગલવ અને કાલયવન જેવા રાજાઓનો વધ, દ્વારકાની સ્થાપના કરતા પહેલાં જ કરી ચૂક્યો છું. એટલું જ નહીં, બે વાર તો હું જરાસંધને પણ પરાજિત કરી ચૂક્યો હતો. ચેકિતાન પણ મારી આ શક્તિઓથી માહિતગાર ન હોવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. અને વળી આમ પણ ડૂબતાને તો તરણાંનો સહારો. બસ, ચેકિતાન જલ્દીથી જ પૂર્ણપણે મારા પ્રભાવમાં આવી ગયો.

અર્થાત્ થોડા દિવસોમાં જ વાતચીતનું વાતાવરણ સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયું હતું. પરંતુ હું તેની કોઈપણ મદદ કરતા પહેલાં, તેની વર્તમાન શક્તિ જાણવા ઈચ્છતો હતો. આ બાબતે પૂછવા પર તેણે બતાવ્યું કે તેની પાસે હજી પણ લગભગ પાંચસો વફાદાર સૈનિકોની ટૂકડી છે. એટલું જ નહીં, ભાગતા પહેલાં અડધાથી વધારે રાજકોષ પણ તે બચાવી શક્યો હતો, જે આજે પણ તેની પાસે છે. મને ચેકિતાનની ક્ષમતા પર ગર્વ થયો. તે હારીને પણ સંપૂર્ણ રીતે હાર્યો નહોતો. યુદ્ધ હાર્યા બાદ પણ આટલા સૈનિક અને આટલો રાજકોષ બચાવી શકવું, એ તેના સાહસ અને દૂરંદેશીનું પ્રમાણ હતું. ચેકિતાનના સાહસ અને દૂરંદેશીએ મારો ઉત્સાહ વધાર્યો. બસ, હું જે ઈચ્છતો હતો, તેમાં ચેકિતાન મારા ઘણાં કામનો માણસ સાબિત થઈ શકતો હતો.

તમે કહેશો, આ બધું તો ઠીક પણ તમે શું ઈચ્છો છો મહારાજ, તે તો બતાવો. તો સાંભળો, વાસ્તવમાં એક બાજુ જ્યાં દુર્યોધનની વધતી મહત્ત્વાકાંક્ષા મારી ચિંતાનો વિષય બનેલો હતો, ત્યાંજ બીજી બાજુ નાગકૂટ અને ચેકિતાનની હાલત મને પરેશાન કરી રહી હતી. સો વાતની એક વાત, હુંદુર્યોધનના વધતા દુ:સાહસ પર લગામ લગાવવા ઈચ્છતો હતો. આ જ સંદર્ભે મારું વિચારવાનું એમ હતું કે શા માટે ચેકિતાન, નાગકૂટ અને રાક્ષસરાજની સંધિ કરાવીને એક સંયુક્ત સેના બનાવી લેવામાં ન આવે? જ્યારે તેમની આ સંયુક્ત સેના સાથે મારું નામ પણ જોડાઈ જશે, તો દુર્યોધન માટે કંઈપણ કરવું

સહેલું નહીં બની રહે. આમ પણ રાજનીતિનું ભૂત તો મને મથુરામાં પગ રાખવાની સાથે જ ચઢી ગયું હતું; પણ તમે તો જાણો જ છો કે આ બાજુ દ્વારકા-નિર્માણ બાદ તેનો કોઈ અવસર મળી રહ્યો નહોતો. સીધી વાત છે, પોતાના જ રાજ્યમાં કોઈ રાજનીતિ થોડી કરવામાં આવે છે? આથી, મનોમન આ મોટી રાજનીતિ રમવાની યોજના બનાવી નાખી હતી. અને હવે ચેકિતાનને મળી, વાતાવરણને અનુકૂળ જોઈને મેં મારા સંયુક્ત સેનાવાળા વિચાર પર મહોર પણ લગાવી દીધી. તે મુજબ, તરત ઉદ્ધવને મોકલીને રાક્ષસરાજ વક્રોદર અર્થાત્ ભીમને નાગકૂટ બોલાવી લીધો. હવે ભીમને તો આમાં કંઈ કરવાનું નહોતું, તેણે તો બસ, મારી "હા'' માં "હા'' કરવાની હતી.

ખેર! બીજા દિવસે જ મેં રાજમહેલના સભાકક્ષમાં એક સંયુક્તસભા બોલાવી. એમાં દાદા, પરદાદા, મજોધર અને મહામંત્રીજી નાગકૂટ તરફથી આમંત્રિત હતા. ચેકિતાન નરેશ અને મહારાજા વક્રોદર પણ પોતપોતાના મંત્રીઓ સાથે ઉપસ્થિત હતા. હું અને ઉદ્ધવ તો હતા જ. નાગકૂટના રાજમહેલનું અજબ વાતાવરણ હતું. તમામ શત્રુઓ એકસાથે બિરાજમાન હતા. એ સ્વયં એક રીતે કોઈ ચમત્કારથી ઓછું નહોતું. આમ પણ જ્યાં હું હોઉં, ત્યાં કર્મોના ચમત્કાર તો થતા જ રહે છે. હવે તે બધું તો ઠીક, પણ ચોક્કસપણે આ સમયે રાજમહેલનું વાતાવરણ તંગ અને ગંભીર હતું. આવામાં અંદરોઅંદર વાતચીતનો તો સવાલ જ ઊઠતો નહોતો. સ્પષ્ટ હતું, તમામના જૂના જખમ હજી પણ તાજા હતા. વાતાવરણ હળવું કરવાના ઉદ્દેશથી મેં જ બધાંનો ઔપચારિક પરિચય કરાવીને સભાનો પ્રારંભ કરી દીધો. એટલું જ નહીં, મેં બધાને સામાન્ય કરવાના ઉદ્દેશથી એક વહેવારું સંબોધન પણ આપી દીધું. મેં કહ્યું- તમે બધા અંદરોઅંદર શત્રુ ભલે છો, પરંતુ તમે બધા મારા સારા મિત્ર છો. આમ તો શત્રુતા વૈભવતાનું બીજું નામ છે. પરંતુ જ્યારે આપણે પોતે સંકટમાં હોઈએ અથવા આપણને જ જીવવાના સાંસા પડ્યા હોય, આવામાં શત્રુતા સ્વયંને જ નષ્ટ કરનારી સાબિત થાય છે. જરા ધ્યાનથી જોવામાં આવે તો હું તમારા બધાનો એકસરખો મિત્ર છું, ત્યાં બીજી બાજુ દુર્યોધન તમારા બધાનો કાયમી શત્રુ છે. આ રીતે વિચારવામાં આવે તો તમે બધા અંદરોઅંદર મિત્ર જ થયા. આથી મેં એક એવી યોજના બનાવી છે જેમાં તમારા ત્રણેયનો ફાયદો છે અને દુર્યોધનનું નુકસાન-જ-નુકસાન છે. બસ, એટલા જ માટે મેં તમને બધાને અહીં એકત્રિત કર્યા છે. જો તમને લોકોને મારા પર વિશ્ર્વાસ હોય તો હું મારી યોજના વિસ્તારથી કહું.

પોતાનો ફાયદો અને દુર્યોધનનું નુકસાન... કોણ રાજી ન થાય? કોણ એવો મૂરખ હશે જે વિશ્ર્વાસ ન કરે? આમ પણ ચાર હારેલાઓને ભેગા કરવા સહેલા હોય છે, કારણ કે બધાને સહાયની જરૂર હોય છે. હારેલાઓનો અહંકાર પહેલાં જ તૂટી ગયો હોય છે, એટલે એમના માટે તો બસ, પોતાની જરૂરિયાતો જ મહત્ત્વ રાખે છે. હા, એમને બદલે જો દુર્યોધન, જરાસંધ અને દ્રુપદ જેવાઓને બેસાડીને સંધિ કરાવવાની હોત તો ઘણી મહેનત કરવી પડત. ...કારણ કે હજી તે બધાનો અહંકાર મજબૂત છે, કોણ ઝૂકવા માટે તૈયાર થાત? જોકે આજે નહીં તો કાલે, તેમનો પણ અહંકાર તૂટશે જ; કારણ કે ક્યાં કોઈનો અહંકાર હંમેશાં માટે ટક્યો છે? ...અને કદાચ તે એવો તૂટશે કે તેઓ સંધિ માટે લાયક પણ નહીં બચે.

ખેર! આ બધું નકામું ચિંતન છોડીને મુદ્દાની વાત પર આવું તો અહીં બધાનો વિશ્ર્વાસ પ્રાપ્ત થતા જ મેં તત્ક્ષણ મારી યોજના બતાવવાનું શરૂ કર્યું. મેં કહ્યું- તમે બધાં જ આ સમયે એક કે બીજી મુસીબતોમાં ઘેરાયેલા છો. આ સમયે તમારામાંથી કોઈપણ એટલું સક્ષમ નથી કે એકલા હાથે પોતાની સમસ્યાઓનું નિરાકરણ કરી શકે. જેમ કે તમે બધા જાણો જ છો કે દુર્યોધને ચેકિતાનનું રાજ્ય પડાવી લીધું છે, જોકે રાહતની વાત એ છે કે તેમ છતાં, ચેકિતાન પાસે સેના અને ધનની કોઈ કમી નથી. પરંતુ ચિંતાજનક વાત એ છે કે કોઈપણ સેના કે ધન કેટલા દિવસ રાજ્યવિહોણાં ચેકિતાનનો સાથ આપી શકશે? આજે નહીં તો કાલે, સૈનિક ચેકિતાનને છોડીને ભાગી જશે, અને સેના વિનાનું ધન કોઈપણ

લૂંટી જશે.

...આ સાંભળતા જ ચેકિતાનના ચહેરા પર ચિંતાની હજારો રેખાઓ ઊપસી આવી. ...હું આ જ ઇચ્છતો હતો. અને એ પહેલાં કે તે કંઈ બીજું વિચારે, મેં તરત જ ફરી કહેવાનું શરૂ કરી દીધું- તેવી જ રીતે નાગકૂટની પોતાની સમસ્યાઓ છે. અહીં કોઈ અનુભવી રાજા છે જ નહીં. દાદા, પરદાદા અને મજોધર વૃદ્ધ થઈ ગયા છે. તેમની પાસે સંગઠિત સૈન્યશક્તિ પણ નથી. દુર્યોધન તો સમગ્ર નાગકૂટને એક જ દિવસમાં ગુલામ બનાવી શકે તેમ છે. અને જો એવું થયું, તો અહીંની તમામ યુવતીઓ દાસીઓ બનીને તેમના દરબારની શોભા વધારતી નજરે આવશે. ...કહેવાની જરૂર નથી કે આ સાંભળતા જ દાદા, મજોધર, મહામંત્રી અને પરદાદાના ચહેરા પર ચિંતાના વાદળ છવાઈ ગયા. હવે મારું કાર્ય સહેલું થઈ ગયું હતું. બંનેમાં જરૂરી ભય ઉભો કરી ચૂક્યો હતો. હવે કોઈ સમસ્યા નહોતી. આથી, તત્ક્ષણ મેં આગળ કહેવાનું શરૂ કર્યું- તેમજ રાક્ષસરાજની પોતાની સમસ્યા છે. તેમની પાસે શક્તિ તો છે, પરંતુ જીવન નથી. પોતાની શક્તિ આપીને જીવન ખરીદવું એ તેમની જરૂરિયાત છે.

હવે રાક્ષસોના રાજા તો પાંડવ જ હતા. હું ઇચ્છતો હતો કે આવનારા એક વર્ષ સુધી તેઓ ત્યાંજ સ્થાયી રહે. પરંતુ રાક્ષસ સભ્યતામાં વધારે સમય રોકાઈ શકવાનું તેમના કાબૂમાં લાગતું નહોતું. ભીમને છોડીને બાકી બધાની અકળામણ હું જોઈ પણ ચૂક્યો હતો. પરંતુ જો પાંડવોને આસપાસ ફરવાની જગા મળી જાય, અને પોતાને મનગમતું ભોજન તેમજ વાતાવરણ મળી જાય તો તેઓ એક વર્ષ સુધી અહીં ટકી શકતા હતા. અને તેમનું સુધી અહીં મક્કમતાથી ટકી રહેવું દરેક રીતે અત્યંત જરૂરી હતું. અર્થાત્ આ રીતે સાચું કહું તો હું એક પંથ અને ચાર કામ કરવા ઇચ્છતો હતો. હશે, હાલ તો એ બાજુ, જેવું વિચાર્યું હતું તેમ, મારી વાત સાંભળતા જ સમગ્ર સભાકક્ષ ગંભીર થઈ ગયો હતો. બધાના ચહેરા પર ઉપસેલી ચિંતાની રેખાઓ સ્પષ્ટ જોઈ શકાતી હતી. અર્થાત્ મારા મન મુજબનું વાતાવરણ નિર્મિત થઈ ગયું હતું. એ જગજાહેર છે કે કોઈ પણ પ્રકારની સંધિ માટે મનુષ્યનું ભયભીત હોવું જરૂરી છે. અને ભયની સાથે જો લોભ પણ જોડી દેવામાં આવે, તો વાત બની જ ગઈ સમજો. ભયભીત તો હું બધાને પહેલાં જ કરી ચૂક્યો હતો, એટલે હવે વારો હતો લોભજડિત શસ્ત્ર ચલાવવાનો. લોભ અને ભય આ બે જ તો એવાં હથિયાર છે કે જેનાથી મનુષ્યને જે દિશામાં ઇચ્છીએ ત્યાં ચલાયમાન કરી શકાય છે.

...બસ, મેં ફરી મારું સંબોધન શરૂ કર્યું. હવે લોભજડિત શબ્દો ઉમેરીને મેં કહ્યું- હું ઇચ્છું છું કે તમે ત્રણે જણા મળીને એક 'મહારાજ્ય' બનાવી લો. નાગકૂટ જમીનની રીતે તેનું કેન્દ્ર હોય. તેનાથી ચેકિતાનના સૈનિકોને જમીન મળી જશે, જેથી તેમને દુર્યોધનના ડરથી રોજરોજ અહીંતહીં ભાગવું નહીં પડે. અને આ બહાને તેમનો ખજાનો પણ સુરક્ષિત રહેશે. બીજી બાજુ, ચેકિતાનના યુદ્ધકૌશલ્યનો ફાયદો ઉઠાવીને નાગકૂટ અને રાક્ષસરાજને ભેગા કરીને, બીજા બે હજાર સૈનિકો તૈયાર કરી શકાય છે. મારું માનવું છે કે પ્રશિક્ષિત અઢી-ત્રણ હજાર સૈનિકોની ટુકડી ત્રણે રાજ્યોની સુરક્ષામાં સક્ષમ રહેશે. સાથે જ ચેકિતાનના અનુભવને ધ્યાનમાં લેતાં, તેને આ સંયુક્ત રાજ્યના મહારાજા ઘોષિત કરવામાં આવે.

મારું ગણિત સાફ હતું. પ્રશિક્ષિત કરવાથી એક-એક રાક્ષસ દસ-દસ સૈનિકો પર ભારે પડી શકતો હતો. સાથે જ આ સંયુક્ત સેનામાં ભીમ, અર્જુન અને ચેકિતાન જેવા મહાયોદ્ધા પણ શામેલ હશે, જે એકવાર તો દુર્યોધનને લલકારવામાં પણ સક્ષમ સિદ્ધ થઈ શકતા હતા. જોકે બોલતી વખતે મારી આંખો તમામના હાવભાવ પર ટકેલી જ હતી. સ્પષ્ટ હતું કે ચેકિતાન તો વર્તમાન પ્રસ્તાવથી ખુશ લાગી રહ્યો હતો, પણ દાદા અને મજોધર ચેકિતાનને રાજા બનાવવાનું પચાવી નહોતા શકતા.

...તો હજી મારી વાત પૂરી ક્યાં થઈ હતી? મારું સંબોધન તો ચાલુ જ હતું. હવે તેમના મતલબની વાત કહી દઈએ છીએ. બસ, મેં વાત આગળ વધારતા કહ્યું- બીજી બાજુ ચેકિતાને રાજ્ય મળવાના બદલામાં પોતાનું ધન નાગકૂટ અને રાક્ષસરાજની પ્રગતિમાં વાપરવું પડશે. આ ધનથી ન માત્ર

આધુનિક હથિયાર ખરીદવામાં આવશે, પરંતુ ચેકિતાન માટે એક આધુનિક રાજમહેલ પણ બનાવવામાં આવશે. હા, આ નવા રાજ્યના તમામ મહત્ત્વપૂર્ણ નિર્ણય બધાની સલાહથી લેવાશે, ખાસ કરીને દાદા અને પરદાદાના અનુભવોને ધ્યાને લેતા, તેમની સલાહોને વિશેષ મહત્ત્વ આપવામાં આવશે.

ભીમ અર્થાત્ મહારાજા વકોદરે તો આમ પણ મારી દરેક વાત માનવાની જ હતી. આ બાજુ ચેકિતાનને પણ ધન આપીને રાજ્ય મળી રહ્યું હતું, સાથે જ ફરીથી રાજા થવાનું ગૌરવ મળી રહ્યું હતું, એ અલગ. સાથે જ નાગકૂટને વિકાસ અને સુરક્ષાની સાથેસાથે એક અનુભવી રાજા મળી રહ્યો હતો. આમ તો પાંડવોને પણ નાગકૂટ હરવાફરવા અને અહીંના પકવાન અને ફરસાણ ખાવાની છૂટ મળી રહી હતી, અને સાથે જ તેમને સમય પસાર કરવા માટે એક સરસ સ્થળ પણ મળી રહ્યું હતું. કહેવાનું તાત્પર્ય એ કે એમને ફરી એકવાર મનુષ્યો જેવું જીવન જીવવાનો મોકો મળી રહ્યો હતો. આથી સરવાળે, બધાએ ખુશીખુશી રાજી થવાનું જ હતું. આમ તો દાદા અને પરદાદા પણ સંતુષ્ટ લાગી રહ્યા હતા. ભલેને રાજા ચેકિતાન હોય, ઓછામાં ઓછી તેમની અંતિમ સલાહ માનવા માટે તો તે પણ બંધાયેલો હતો જ. અને મારી આ બધી સમજાવટ અને બાંધછોડનું અંતિમ પરિણામ એ આવ્યું કે જે સભા ગંભીર વાતાવરણમાં શરૂ થઈ હતી, તે અચાનક એક ઉત્સાહિત વાતાવરણમાં પરિવર્તિત થઈ ગઈ હતી. એમાં વળી જ્યારે મેં આ મહાન કાર્ય માટે પોતે પણ આર્થિક યોગદાન આપવાનું વચન આપ્યું, ત્યારે તો બધા ગદ્ગદ્ થઈ ગયા. મેં મહારાજા દ્રુપદ પાસેથી મળેલી ભેટમાંથી મોટો ભાગ પરદાદાના ચરણોમાં ધરી દીધો. તેનાથી ચારેબાજુ ઉત્સવનું વાતાવરણ જામી ગયું. બધાનો ઉત્સાહ સાતમા આસમાનને આંબી ગયો. આ બધું તો ઠીક, પણ આ બાજુ રાજનીતિના જાણકાર ઉદ્ધવને તો આ બધું કોઈ જાદૂથી ઓછું નહોતું લાગી રહ્યું. તો શું? આ એક જાદૂ જ તો હતો.

હશે; હાલ તો હું ઘણો ખુશ હતો. ચોક્કસપણે મારા ચલાવેલા આ એક ચક્કરથી નાગકૂટનો નકશો બદલાઈ જવાનું નક્કી હતું. આમ પણ વીસ હજાર જેટલા લોકોનું જીવન સુધારી શકવાથી વધારે ખુશી બીજી કઈ હોઈ શકતી હતી? બીજી બાજુ મને યોગ્ય સમયે દાદાને કામ આવી શકવાનો પણ સંતોષ હતો. ચેકિતાનના અનુભવ અને ઉત્સાહને જોતા, હું ભવિષ્યમાં તેના લાજવાબ કામ પ્રત્યે સંપૂર્ણ રીતે આશ્ર્વસ્ત હતો.

અને થોડાક દિવસોમાં જ તેણે આ સિદ્ધ પણ કરી બતાવ્યું. તેની વહીવટી પકડ ખરેખર પ્રશંસાપાત્ર હતી. તેનું કાર્યાન્વન પણ ઝડપી હતું. આમ સરવાળે ચેકિતાનના આવ્યા બાદ, એક નવા જ ઉત્સાહિત વાતાવરણને કારણે, નાગકૂટમાં ચારેતરફ યુદ્ધના ધોરણે કામ ચાલુ થઈ ગયું હતું. જ્યાં એક બાજુ ચેકિતાનના રાજમહેલનું નિર્માણકાર્ય ચાલુ હતું, ત્યાં બીજી બાજુ મકાનોનાં નિર્માણકાર્યમાં પણ અચાનક તેજી આવી ગઈ હતી. ક્યાંક રસ્તાઓનું કાર્ય ચાલુ હતું તો ક્યાંક તળાવ અને કૂવાઓ સ્વચ્છ કરવાનું. બધાના દિલ પણ અંદરોઅંદર હળીભળી ગયા હતા. લાગતું જ નહોતું કે આ ત્રિવેણી સંગમ છે. હવે તો રાક્ષસોનું પણ નાગકૂટ આવવા-જવાનું શરૂ થઈ ગયું હતું. નાગકૂટવાસીઓ પણ કોઈ ભય વિના, બેધડક રાક્ષસોના પ્રદેશમાં આવવા-જવા લાગ્યા હતા. કહેવાનું તાત્પર્ય કે ચારેબાજુ ઉત્સવ અને ઉત્સાહનું વાતાવરણ હતું. હવે આવું વાતાવરણ હોય અને કૃષ્ણની હાજરી હોય, તો ભલા ઉત્સવ ન રાખવામાં આવે એવું કંઈ બની શકે? બિચારા નાગકૂટવાસીઓને તો ઉત્સવ શું હોય છે, તે પણ ખબર નહીં હોય. આવું વિચારીને મેં ત્રણ દિવસના "રાજકીય-ઉત્સવ"ની ઘોષણા કરી. ઉત્સવની તૈયારીની સંપૂર્ણ જવાબદારી પણ મેં અને ઉદ્ધવે જ ઉઠાવી. આમ પણ ઉત્સવનો તમામ ખર્ચ દ્રુપદ પાસેથી મળેલા ખજાનામાંથી જે થોડો ઘણો અંશ બચ્યો હતો તેમાંથી જ કરી રહ્યો હતો.

ખેર! અહીં ઉત્સવના નામથી જ નાગકૂટવાસીઓમાં એક જિજ્ઞાસાની લહેર છવાઈ ગઈ હતી. ચોક્કસપણે ઉત્સવની તમામ તૈયારીઓ મારા અને ઉદ્ધવનાં નેતૃત્વમાં જ કરવામાં આવી. કહેવાની જરૂર નથી કે ભદ્રા અને તેની સખીઓએ પણ તેમાં ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આમ તો ઉત્સવ અઠવાડિયા પછી રાખવામાં આવ્યો હતો, એટલે આ તૈયારીઓમાં એ દિવસ પણ આવી ગયો. ચેકિતાનના સૈનિકો અને નાગકૂટવાસીઓએ જ નહીં, રાક્ષસોએ પણ આ ઉત્સવમાં જોમભેર ભાગ લીધો. સવારથી મોડી રાત સુધી ચાલી રહેલા આ ઉત્સવમાં ખેલ-કૂદ, નૃત્ય, સંગીત બધું જ શામેલ હતું. તમે નહીં માનો કે કુલ લગભગ ત્રણેક હજાર યુવાનોએ આમાં ભાગ લીધો હતો. ખાસ વાત બતાવું તો ભદ્રાનાં નેતૃત્વમાં નાગકન્યાઓનાં નૃત્યએ મારા સહિત તમામને મોહિત કરી દીધા હતા. ત્યાં સુધી કે ઉત્સાહમાં આવીને મેં પોતે ભદ્રા સાથે એક નૃત્ય પ્રસ્તુત કર્યું હતું. બધાને ખુશ જોઈને હું એટલો મસ્ત થઈ ગયો હતો કે પછી તો મેં વાંસળીવાદન પણ કર્યું. ખરેખર આ ઉત્સવે મારો જ નહીં, તમામનો ત્રીસ જન્મોનો થાક ઉતારી દીધો હતો. હવે તો કોઈ મને જાદૂગર સમજવા લાગ્યું હતું, તો કોઈ દેવતા.

હા; મારા માટે એક વાત સારી હતી કે જેટલી ઝડપથી મારું રાજકીય કદ વધતું જઈ રહ્યું હતું, તેનાથી ઘણી વધારે ઝડપથી તમામ રાજ્યોની પ્રજામાં મારા પ્રત્યે પ્રેમ અને સન્માનની ભાવના વધતી જઈ રહી હતી. હવે હું તો આમ પણ આનંદ અને ઉત્સવનો શોધક હતો, આવામાં બીજા કોઈને પણ આનંદ લેતા જોઈને મને જે તૃપ્તિ મળતી હતી, તે કોઈ બીજી ચીજથી ક્યારેય મળતી નહોતી. હકીકતમાં, આનંદ જ એક એવું કર્મ છે કે જેનું ફળ હંમેશાં "આનંદ'' સ્વરૂપે જ હાથોહાથ મળે છે. ખેલ, ઉત્સવ, પ્રેમ અને કળા સિવાયના તમામ કર્મોમાં આશારૂપી ફળ સમાયેલું જ રહે છે. ત્યારે જ તો હું હંમશાં કહું છું કે શુદ્ધ આનંદ માત્ર ઉપરોક્ત ચાર કર્મોથી જ પ્રાપ્ત કરી શકાય છે. એટલે જ તો હંમેશાં આનંદિત રહેવા માટે મેં મારા સંપૂર્ણ જીવનને એક રમત બનાવી રાખ્યું હતું. ...અને જુઓને, મારા દ્વારા રાખવામાં આવેલા આ ઉત્સવે બધાં લોકોને કેટલા આનંદિત કરી દીધા હતા. ભવિષ્યમાં આ લોકો જીવનમાં ભલે ગમે તેટલી પ્રગતિ કરી લે, આ આનંદને ક્યારેય ભૂલાવી નહીં શકે. મનુષ્યજીવનનો સાર જ કર્તવ્ય કર્મ કરતાં કરતાં આનંદરૂપી ખજાનાને ભેગો કરવામાં છે. આપણું મૃત્યુ આપણને ત્રણ જ સવાલ પૂછે છે. એક, જીવતેજીવત કોઈ કર્તવ્યકર્મથી પાછળ તો હટ્યા નહોતા? શું આનંદનો કોઈ મોકો તો નથી ચૂક્યાને? ...અને જીવનને ભરપૂર પ્રેમ તો કર્યો છેને? ખરેખર કર્તવ્યકર્મ, પ્રેમ અને આનંદ ઉપરાંત, તમે જીવતેજીવત જે પણ સારા-ખરાબ કર્મ કર્યા છે, તે બધા અંતે "મહાપાપ'' સિવાય બીજા કંઈ સિદ્ધ નથી થતા.

ખેર! આમ તો અહીંના તમામ કાર્ય પૂરા થઈ ગયા હતા. મને અહીં આવ્યે પણ પાંચ મહિનાથી વધારે સમય વીતી ગયો હતો. અને આ પાંચ મહિના દરમિયાન 'નાગકૂટ'માં જે પ્રેમ મળ્યો હતો, તે વૃંદાવનમાં મળેલા પ્રેમથી જરાયે ઓછો નહોતો. આમ તો ત્રણે રાજ્યોને ભેગા કરવાથી મારો એક વ્યક્તિગત ફાયદો પણ થયો હતો. બે-ત્રણ વાર ભીમની સાથે અર્જુને પણ નાગકૂટનો પ્રવાસ કર્યો હતો. આ બહાને કમસેકમ ભીમ અને અર્જુન સાથે મુલાકાત તો થઈ રહી હતી. આમ પણ વર્તમાન સમયમાં અમારી પારસ્પરિક મુલાકાત બંને માટે લાભદાયી હતી. જ્યાં એક બાજુ ભીમ અને અર્જુન સાથે વાતો કરીને મારો થાક ઉતરી જતો હતો, ત્યાં બીજી બાજુ મને મળીને અર્જુનને સાંત્વના મળી જતી હતી.

હશે, હાલ તો આ બાજુ નાગકૂટમાં ચોતરફ કાર્યો પૂરજોશમાં ચાલી રહ્યા હતા. હવે તો ચેકિતાનના રૂપમાં તેમને એક અનુભવી સંચાલક પણ મળી ગયો હતો. જોશ અને ઉમંગની તો ક્યાંય કોઈ ઉણપ આમેય નહોતી. જે શીખવવાનું હતું, શીખવાડી ચૂક્યો હતો. મહાસંધિ કરાવીને બધાને બહેતર જીવન અને સુરક્ષા પણ આપી જ ચૂક્યો હતો. હવે મારા અહીં રહેવાથી કોઈ વિશેષ ફાયદો થાય એવું લાગી રહ્યું નહોતું. આમ પણ આગળનું તમામ કાર્ય ચેકિતાને જ સંભાળવાનું હતું. આથી મેં જવાનો નિર્ણય કર્યો. અને તત્કાળ અસરથી હું, દારુક અને ઉદ્ધવ જવાની તૈયારીઓમાં લાગી ગયા. હજી એક-બે દિવસ જ થયા હતા કે મારા ચિંતને મારું ધ્યાન બીજા એક કર્તવ્ય તરફ ખેંચ્યું. ખરેખર,

જતા પહેલાં તે પણ અતિ આવશ્યક હતું. શું દુર્યોધનની મહત્ત્વાકાંક્ષાઓ પર એક જોરદાર લગામ કસવી જરૂરી નથી? આમ પણ સફળતા ઉત્સાહિત કરે જ છે. હું વિચારવા લાગ્યો, શા માટે હસ્તિનાપુર પર ચેકિતાનને રાજ્ય પાછું આપવા માટે દબાણ ન કરવામાં આવે? ત્યારે જ બીજો વિચાર આવ્યો, શું હસ્તિનાપુર પર દબાણ શક્ય છે? ક્યાંક હું ભળતા જ ઉત્સાહમાં આવીને મારા પ્રભાવથી વધીને કોઈ ઊંચી ઉડાન ભરવાનું તો નથી વિચારી રહ્યોને? ના... ના, કનૈયા! વિચાર શુભ પણ છે અને જરૂરી પણ. કારણ કે જો આ વિસ્તારમાં શાંતિ ઈચ્છતા હો, તો દુર્યોધન જેવા પાગલ સાંઢને ખુલ્લો છોડી ન શકાય. અને વળી તારા માટે શું અસંભવ છે? ...ચલાવી દો કોઈ ચક્કર.

...બસ, મેં આ દિશામાં ચિંતન ચાલુ કરી દીધું. કહે છે ને કે જ્યારે ઈચ્છા દૃઢ હોય અને વિચાર સર્વહિતનો હોય, તો ઉપાય નીકળી જ આવે છે. મારા મનમાં પણ જલ્દીથી એક યોજનાએ જન્મ લઈ લીધો. મેં હજાર કામ છોડીને તરત ઉદ્ધવને શોધ્યો. ...અને તેને કહ્યું- હું ઈચ્છું છું કે હસ્તિનાપુર ચેકિતાનને તેનું રાજ્ય પાછું આપી દે.

મારા મુખેથી અચાનક આવી વાત સાંભળીને ઉદ્ધવ પણ આશ્ચર્યચકિત થઈને બોલ્યો- વાત તો ઠીક છે, કનૈયા! પરંતુ તારા ઈચ્છવાથી શું થશે?

મેં કહ્યું- જો ઈચ્છા દૃઢ હોય તો પરિણામ ઈચ્છા કરવાથી જ આવે છે. તું જોતો જા, જો દુર્યોધન હાથ જોડીને ચેકિતાનને રાજ્ય પાછું ન આપે તો મારું નામ "કનૈયો" નહીં. બસ, તારે હસ્તિનાપુર જવું પડશે.

ઉદ્ધવ પણ ઉદ્ધવ હતો. તે કર્મથી પાછળ હટી જનારાઓમાંથી તો હતો જ નહીં. તરત જવા માટે તૈયાર થઈ ગયો. ક્યાં તે દ્વારકા પાછા જવાના ઉત્સાહમાં ગરકાવ હતો, ક્યાં પળવારમાં કર્તવ્ય નિભાવવા માટે તૈયાર બની ઊભો થઈ ગયો હતો. હવે તેનો એક જ સવાલ હતો, ત્યાં જઈને શું કરવું પડશે? મેં તત્ક્ષણ તેનું પણ સમાધાન કરી દીધું. મેં કહ્યું- તારે ત્યાં જઈને કંઈ ખાસ નહીં, માત્ર દુર્યોધનને મળીને દ્રૌપદીની અપાર સુંદરતાના વખાણ કરવા પડશે. તે એકવાર નહીં, પણ વારંવાર કરવા પડશે કે જ્યાં સુધી તે દ્રૌપદીને પામવાના સપનાંમાં ન ખોવાઈ જાય.

ઉદ્ધવ બોલ્યો- તે તો ઠીક, પણ તેનાથી શું થશે?

મેં કહ્યું- આટલો ઉતાવળો ન બન. હજી મારી પૂરી વાત તો સાંભળ. જ્યારે તે દ્રૌપદીના સપનાં જોવાનું શરૂ કરી દે, ત્યારે તેની સામે "દ્રૌપદી-સ્વયંવર"ની ચર્ચા કરી દેજે. વાતવાતમાં તેને સારી રીતે સમજાવી દેજે કે સંપૂર્ણ લગામ કૃષ્ણના હાથોમાં છે. કૃષ્ણ તારી વીરતા અને બુદ્ધિમાનીથી એટલા પ્રભાવિત છે કે તેઓ ઈચ્છે છે કે દ્રૌપદીના વિવાહ તારા જેવા કોઈ વીર સાથે જ થાય. આથી કૃષ્ણ ખરા દિલથી ઈચ્છે છે કે આ સ્વયંવર તમે જ જીતો. વધુમાં, તેને એ પણ કહેજે કે પોતાના આ ઉદ્દેશની પૂર્તિ માટે જ કૃષ્ણએ મને અહીં તમને સ્વયંવરની સૂચના આપવા મોકલ્યો છે. આ સ્વયંવરમાં, કૃષ્ણના સંચાલનમાં જ એક ધનુર્સ્પર્ધા રાખવામાં આવી છે. કૃષ્ણએ કહેડાવ્યું છે કે તમે જલ્દીથી ધનુર્વિદ્યાનો અભ્યાસ શરૂ કરી દો. સમય રહેતા બાકીની સૂચના પણ તમારા સુધી પહોંચાડી દેવામાં આવશે. કારણ કે કૃષ્ણનું માનવું છે કે સમગ્ર આર્યાવર્તમાં દુર્યોધન સિવાય કોઈ બીજો યુવરાજ નથી, જેની પડખે દ્રૌપદી જેવી વિશ્વસુંદરી શોભે. આ સાંભળતા જ, દુર્યોધન સંપૂર્ણ રીતે તારા ચક્કરમાં આવી જશે.

ઉદ્ધવ મારી વાત સાંભળીને સંપૂર્ણ રીતે આશ્ચર્યમાં ડૂબી ગયો. તેનાથી ન રહેવાયું. તે મારી વાત વચ્ચે જ કાપતા બોલ્યો- માન્યું તેનાથી દુર્યોધન મારા ચક્કરમાં આવી જશે. પરંતુ તેનું ચેકિતાનને રાજ્ય પાછા આપવા સાથે શો સંબંધ?

મેં હસતા હસતા કહ્યું- ભોળા ઉદ્ધવ! ત્યાર બાદ તારે મહારાજા ધૃતરાષ્ટ્રને ચેકિતાન, નાગકૂટ અને રાક્ષસરાજની સંધિ વિશે જણાવવું પડશે. તેમને એ ચેતવણી આપવી પડશે કે જો આવી જ રીતે નાના-મોટા તમામ રાજાઓની સંધિ થઈ ગઈ, તો એક દિવસ તેઓ બધા મળીને હસ્તિનાપુર માટે સંકટ

ઊભું કરી શકે છે. ...ઉદ્ધવે ખૂબ આશ્ચર્યથી મારી તરફ જોયું. તેને સમજતા વાર ન લાગી કે કૃષ્ણના શેતાની દિમાગમાંથી કોઈ ભયંકર યોજના નીકળી રહી છે.

આ બાજુ, યોજના સંભળાવતા સંભળાવતા હું પણ થોડો જોશમાં આવી ગયો હતો. પરિણામસ્વરૂપ, આ વખતે મેં થોડું વજન આપીને કહ્યું- ત્યાર બાદ તું પિતામહ પાસે મારો સંદેશ લઈને જજે. તેમને કહેજે કે તમારા હોવા છતાં, દુર્યોધન દ્વારા ચેકિતાનનું રાજ્ય પચાવી લેવામાં આવ્યું, તેથી દ્વારકાધીશ ઘણાં નારાજ છે. તેઓ ઇચ્છે છે કે સહેજ પણ વાર કર્યા વિના ચેકિતાનને તેનું રાજ્ય પાછું આપી દેવું જોઈએ, નહીંતર દ્વારકા પોતાના મિત્રરાજ્યો ચેકિતાન, નાગકૂટ અને રાક્ષસ-પ્રદેશ સાથે મળીને હસ્તિનાપુર પર આક્રમણ કરવા માટે વિવશ બનશે. ...મને આશા છે કે પિતામહ વ્યક્તિગત રીતે મને નારાજ કરવા ક્યારેય નહીં ઇચ્છે. તેઓ ધૃતરાષ્ટ્ર પર દબાણ કરશે. જ્યારે બંને દુર્યોધનને આ વાત કહેશે ત્યારે દ્રૌપદીનાં સપનાંમાં ખોવાયેલો દુર્યોધન ચેકિતાનને રાજ્ય પાછું આપવા માટે તરત તૈયાર થઈ જશે. એ સમયે દ્રૌપદીનાં સપનાંમાં ગળાડૂબ દુર્યોધન બિચારો મારો પ્રસ્તાવ નકારવાની સ્થિતિમાં જ ક્યાં હશે? કારણ કે મારો પ્રસ્તાવ નકારવાનો અર્થ થશે, દ્રૌપદીનાં સપનાં ચકનાચૂર થવા. અર્થાત્ દુર્યોધન પણ તને દ્વારકાધીશને ખુશ કરવા માટે તત્પર જ ઊભો મળશે.

ઉદ્ધવ તો આખી યોજના સાંભળતા જ આશ્ચર્યચકિત થઈ ગયો. ખરેખર આ યોજના વિફળ થવાની કોઈ શક્યતા જ નહોતી. ઉત્સાહિત ઉદ્ધવનું બીજા દિવસે સવારે જ હસ્તિનાપુર જવાનું નક્કી થયું. આ બાજુ આખી રાત મેં અને મારા ચૈતન્યએ એક બીજી વિચિત્ર યોજના બનાવી દીધી. વાસ્તવમાં આ યોજના દુર્યોધનનો ચહેરો યાદ કરીને ઉભરાઈ આવેલા પ્રેમનું પરિણામ હતી. આથી જતા જતા મેં ઉદ્ધવને કહ્યું- બધું કામ પતી જાય તે પછી તું પાછા ફરતી વખતે દુર્યોધનની પત્ની ભાનુમતીને મળવાનું ન ભૂલતો.

આ સાંભળતા જ ઉદ્ધવ બરાબરનો ચોંકી ગયો. આ વળી કઈ નવી વાત આવી? તે થોડો મૂંઝાયો પણ ખરો. તેણે અસમંજસમાં જ મને પૂછ્યું- એ વળી કેમ?

મેં હસીને કહ્યું- કારણ કે તારે એને બરાબરની ભડકાવવાની છે. તેને કહેવાનું કે દુર્યોધન, દ્રૌપદી સાથે વિવાહ કરવાની તૈયારીઓ કરી રહ્યો છે. જો એકવાર દ્રૌપદી જેવી વિશ્ર્વસુંદરી હસ્તિનાપુર આવી ગઈ તો તમારું પટરાણીથી દાસી બનવાનું નક્કી છે.

આ સાંભળતા જ ઉદ્ધવનું તો માથું ભમી ગયું. આ શું વાત થઈ? નાહક જ ભાભીને ભડકાવવાથી શું ફાયદો...? તે ઊભા ઊભા જ માથું ખંજવાળવા લાગ્યો. તેની આ હાલત જોઈને હું જોરથી હસી પડ્યો અને હસતા હસતા જ મેં કહ્યું- તેનાથી દુશ્મન થોડો વધારે કમજોર થશે. તેના ઘરમાં ક્લેશ, બહાર ઝઘડા અને મનમાં દ્રૌપદીના ખોટા સપનાં. તે પાગલ થઈ જશે. અને કમસેકમ આવો પાગલ વ્યક્તિ નવા આક્રમણો તો નહીં જ કરે.

ખેર! ઉદ્ધવ સંપૂર્ણ તૈયારી સાથે હસ્તિનાપુર માટે રવાના થઈ ગયો. ઉદ્ધવની એક ખાસિયત હતી, તેને એક કાર્ય એક જ વાર સમજાવવું પડતું હતું. હવે મને મારા પર ગર્વ થઈ રહ્યો હતો. ખરેખર, કદાચ હવે જઈને આ વિસ્તાર પ્રત્યે મારું કર્મ પૂર્ણ થયું હતું. કારણ કે ચેકિતાન, રાક્ષસરાજ અને નાગકૂટની સંધિ કરાવવા માત્રથી સમગ્ર વિસ્તારમાં શાંતિની સ્થાપના કરી શકાતી નહોતી. મુખ્ય જરૂરિયાત દુર્યોધન પર લગામ લગાવવાની હતી. ચાલો, આ જવા દો. મજાની વાત તો એ કે ભલેને હું દુર્યોધન, ધૃતરાષ્ટ્ર અને પિતામહની માનસિકતા સાથે રમીને ચેકિતાનને રાજ્ય પાછું અપાવી રહ્યો હતો, પરંતુ કહેવા માટે તો દ્વારકાધીશનું નિવેદન સ્વીકારાવાનું નક્કી હતું. આથી વિચારવાયોગ્ય વાત એ કે જ્યારે આ વાત આર્યાવર્તમાં ફેલાશે તો મારું પોતાનું કદ કેટલું વધી જશે? ...દ્વારકાધીશના કહેવાથી દુર્યોધને ચેકિતાનને જીતેલું રાજ્ય પાછું આપ્યું, આ વાત જ દ્વારકાધીશનો પ્રભાવ સિદ્ધ કરવા માટે પૂરતી થશે. આમ પણ મારા મતે, મનુષ્યએ પોતાનું કદ સ્વયં ઊંચું ઉઠાવવું પડે છે. તેવી જ રીતે, પોતાના

કર્તવ્યોનો વ્યાપ પણ જાતે જ વધારવો પડે છે. મારું જ ઉદાહરણ લો, જ્યાં સાધારણ મનુષ્ય પોતાના કર્તવ્યોને વધારેમાં વધારે પરિવાર સુધી સીમિત રાખે છે, ત્યાં મેં મારા કર્તવ્યોની સીમાને ચારેતરફ ફેલાવીને સમગ્ર આર્યાવર્તને મારી કર્મભૂમિ બનાવી દીધી હતી. વૃંદાવન હોય કે મથુરા. નાગકૂટ હોય કે પાંચાલ. દ્વારકા હોય કે હસ્તિનાપુર. આ બધાને મારી કર્તવ્યસીમામાં ખેંચીને લાવ્યો હતો, કારણ કે મનુષ્યતાનો વિકાસ અને તેની રક્ષાને હું મારું "પરમ-કર્તવ્ય'' સમજતો હતો. ...પછી, તે મનુષ્યતા ભલે આ ગ્રહની હોય કે બીજા કોઈ ગ્રહની.

હવે અત્યારે અહીંતહીંની બધી વાતો હું એટલા માટે કરી રહ્યો છું કારણ કે ઉદ્ધવ હસ્તિનાપુર ચાલ્યો ગયો હતો, અને મારી પાસે અહીં તેની પ્રતીક્ષા કરવા સિવાય બીજું કોઈ કામ બચ્યું નહોતું. અહીં જ્યારથી કાર્યોની કમાન ચેકિતાને સંભાળી હતી, મને તો લગભગ નિવૃત્ત કરી દેવાયો હતો. જોકે જ્યારે મેં આ ખબર ચેકિતાનને આપી તો તેને વિશ્ર્વાસ જ ન આવ્યો. તેના મતાનુસાર, દુર્યોધન કદી રાજ્ય પાછું આપવા માટે રાજી નહીં થાય. ચેકિતાન એની જગાએ સાચો હતો. તેને સમગ્ર યોજના થોડી જણાવી હતી? આમ પણ કૃષ્ણની "ચકરી'' સમજી શકવાનું એટલું સહેલું થોડું હોય છે? આ બાજુ મારું વિચારવાનું હતું કે દુર્યોધન મારા ચક્કરમાં આવે કે નહીં, કમસેકમ એટલું તો નક્કી હતું કે તેના પર હવે પિતામહ અને ધૃતરાષ્ટ્ર દ્વારા એટલું દબાણ અવશ્ય વધી જશે કે આજ પછી તેને અન્ય કોઈ રાજ્ય પર આક્રમણ કરવાની રજા ક્યારેય નહીં મળે. હશે, હાલ તો અહીં મને મારો મોટા ભાગનો સમય દાદા અને પરદાદા સાથે વીતાવવાનો સંપૂર્ણ મોકો મળી રહ્યો હતો. અને સાચું કહું તો હું આનાથી જ ધન્ય થઈ ગયો હતો. ત્યાં ભદ્રા સાથેની મુલાકાત પણ હવે રોજની વાત થઈ ગઈ હતી. ટૂંકમાં, એકેય કામ હાથમાં નહોતું, પણ તોય દિવસોને પાંખો આવી હતી.

...હવે દિવસોને પાંખો લાગવાના કારણો પર ચર્ચા કરીશ તો તમે કહેશો કે મહારાજ તમે તમારી હરકતોથી ક્યારેય સુધરવાના નથી. હવે સુધરું કે નહીં, હકીકત તો આ જ હતી. જ્યાં એક બાજુ સમગ્ર નાગકૂટમાં પરિવર્તનની લહેર ફરી વળી હતી, ત્યાં એક ચીજ અહીં એવી હતી જે બિલકુલ બદલાઈ નહોતી. અને તે હતી કોઈને કોઈ બહાને ભદ્રાનું રોજ મને મળવા આવવાનું. આમ તો એક વાત માનવી પડશે કે તે મારો સંપૂર્ણ ખયાલ પણ રાખતી હતી. જેવી એને ખબર પડી કે મને માખણ-દહીં બહુ પસંદ છે, રોજ વહેલી સવારે મારે માટે માખણ-દહીં કાઢીને તે હાજર થઈ જતી હતી. એટલું જ નહીં, જ્યારે હું પકવાન બનાવવાનું શીખવી રહ્યો હતો, ત્યારે પણ બધાથી વધારે રુચિ તેણે જ બતાવી હતી. અને ત્યારથી રોજ મારે માટે જાતભાતના પકવાન અને ફરસાણ પણ બનાવીને લાવી રહી હતી. ચોક્કસપણે મને પણ તેનો મારો આટલો ખયાલ રાખવાનું સારું જ લાગી રહ્યું હતું. આમ પણ આ સમયે આ અજાણ પ્રદેશમાં મારે આવી કોઈ સેવાની જરૂરિયાત તો હતી જ. એક રીતે તો તે રાજમહેલનો જ બોજ ઓછો કરી રહી હતી. ભદ્રાના હોવાને કારણે રાજમહેલને પોતાના તરફથી મારું કોઈ વિશેષ ધ્યાન રાખવાની જરૂર નહોતી રહી.

ત્યાં વળી ભદ્રાથી હટીને નિર્માણકાર્ય પર આવું તો વર્ષાઋતુ હવે સંપૂર્ણ રીતે પૂરી થઈ ગઈ હતી. તેનાથી નિર્માણકાર્યમાં ખાસ્સી ઝડપ આવી ગઈ હતી. નવો રાજમહેલ લગભગ-લગભગ બનવા આવ્યો હતો. રાજમહેલની ચારેતરફ વસ્તી પણ ઝડપથી વસી રહી હતી. રસ્તાઓ તો લગભગ-લગભગ બની ગયા હતા. ખરેખર જોતજોતામાં નાગકૂટનો તો નકશો જ બદલાઈ ગયો હતો. અને ચોક્કસપણે આનો તમામ શ્રેય ચેકિતાનને જતો હતો, જેના અનુભવી નેતૃત્વમાં કાર્યોએ તીવ્ર ગતિ પકડી લીધી હતી. અને જેના ફળસ્વરૂપે ચોક્કસપણે ચારેબાજુ ખુશીનું વાતાવરણ હતું. ...પરંતુ મારી એક સૂચનાએ બધાના રંગમાં ભંગ પાડવાનું કામ કર્યું. વાસ્તવમાં ઉદ્ધવના પાછા ફરતા જ મારે દ્વારકા પાછા જવાનું હતું; અને જેવી આ વાત દાદા અને પરદાદાને કહી, બંને અત્યંત દુ:ખી થઈ ગયા. જોકે તેઓ એ સમજતા જ હતા કે ભલેને હું તેમનો જ વંશજ છું, પરંતુ આ મારો કાયમી નિવાસ જરાયે નથી. આજે

નહીં તો કાલે મારે જવાનું જ છે. પણ તેમ છતાં, પરદાદા મારાથી છૂટા પડવાની કલ્પનામાત્રથી જ ધ્રૂજી ઉઠ્યા હતા. તેમનું સ્વાસ્થ્ય પણ અચાનક બગડવા લાગ્યું હતું. ત્યાં સુધી કે એક રાત તો મારે તેમની સાથે જ સુવૂં પડ્યું હતું. એ રાતે પરદાદાની તબિયત સાચેસાચ ઘણી બગડી ગઈ હતી. ...હતાશાએ તો તેમને એ રીતે ઘેરી લીધા હતા કે તે દિવસે તેમણે વાતવાતમાં મને કહ્યું પણ કે- મને નથી લાગતું કનૈયા કે હું તને ફરી જોઈ શકીશ. હવે યમ મને કોઈપણ સમયે લેવા આવ્યો જ સમજો. ...અને મેં પણ ઝટથી તેમને આશ્વાસન આપતા કહ્યું હતું કે- તમે ચિંતા શું કામ કરો છો? હું જલ્દીથી તમને મળવા પાછો આવીશ.

...જોકે આ વાત મેં એમ જ કહેવા માટે નહોતી કહી દીધી. દ્રૌપદીના સ્વયંવર વખતે મારે પાછું પાંચાલ આવવાનું જ હતું. હવે પાંચાલથી નાગકૂટ શું, ત્રણ દિવસનો તો રસ્તો હતો. મને સારી રીતે યાદ છે, એ દિવસે દાદાજીના પગ પંપાળતા પંપાળતા અચાનક દાદાજીની ઉદાસી જોઈને હું ગંભીર થઈ ગયો હતો. મને કોણ જાણે શું થયું હતું કે તે જ ગંભીર મુખમુદ્રામાં મેં તે દિવસે તેમને સારું એવું દર્શન પણ સંભળાવી દીધું હતું. મેં કહ્યું હતું- મળવું કે ન મળી શકવું એ તો ભવિષ્યની વાત છે. તમે આજે નકામી શા માટે તેની ચિંતા કરી રહ્યા છો? આમ પણ આજે નહીં તો કાલે, જન્મ લેવાવાળાનું મૃત્યુ તો નિશ્ચિત જ છે. પરંતુ તમે તો "આત્મા" છો. આ આત્મા નિત્ય અને સનાતન છે. તેને શસ્ત્ર કાપી નથી શકતા, વાયુ સૂકવી નથી શકતો, પાણી પલાળી નથી શકતો. શરીરના મરી ગયા બાદ પણ તે મરી નથી શકતો. જેમ મનુષ્ય જૂનાં વસ્ત્રોને ત્યાગીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, એવી જ રીતે આ જીવાત્મા જૂના શરીરને ત્યાગીને નવું શરીર ધારણ કરે છે. આથી પરદાદા! "જન્મ-મૃત્યુ" કે "મળવું-છૂટાં પડવું" જેવા વિષયો લગીરે ચિંતા કરવા જેવા નથી હોતા. આ જન્મ પહેલાં પણ આપણે સાથે રહી ચૂક્યા છીએ, મૃત્યુ પછી પણ એકવાર ફરી આપણને સાથે રહેવાનો મોકો મળી જ શકે છે. ...મને ખુશી એ વાતની હતી કે મારું આ દર્શન અર્જુનની જેમ બેકાર ગયું નહોતું. આ બધું સાંભળીને પરદાદાને ઘણું સારું લાગ્યું હતું. તે સમયે આ બધી વાતો મારા મુખેથી અનાયાસ જ નીકળી હતી, ભગવદ્ગીતામાં તો મેં આ વાત માત્ર પુનરાવર્તિત કરી હતી.

ખેર! દિવસો વીતી રહ્યા હતા. આ બાજુ જેમજેમ નાગકૂટવાસીઓને મારા દ્વારકા પાછા જવાની ખબર પડી રહી હતી, બધાની ઉદાસી વધતી જઈ રહી હતી. ભદ્રાની તો હાલત ખરાબ થઈ ગઈ હતી. તે તો આ ખબર સાંભળતા જ પાગલ થઈ ગઈ હતી. આમ તો બધાનું દુઃખી હોવાનું વાજબી પણ હતું. ખરેખર આટલા ઓછા દિવસોમાં હું બધા સાથે કેવી રીતે હળીમળી ગયો હતો, ...ખાસ કરીને ભદ્રા સાથે. જોકે આ બધી વાતોને વધારે મહત્ત્વ ન આપીને, મારું મુખ્ય ચિંતન ઉદ્ધવની પ્રતીક્ષામાં જ ખોવાયેલું હતું. ખબર નહીં, ઉદ્ધવની વાત પર કોણે કઈ પ્રતિક્રિયા આપી હશે? દુર્યોધન, પિતામહ અને મહારાજા ધૃતરાષ્ટ્ર મારા ચક્કરમાં ફસાયા પણ હશે કે નહીં? આમ પણ ઉદ્ધવની પ્રતીક્ષા કંઈક વધારે જ લંબાઈ ગઈ હતી. તેણે પાછા આવતા આખો એક મહિનો લગાવી દીધો હતો.

કંઈ વાંધો નહીં, મોડો આવ્યો હતો, પણ બરાબર આવ્યો હતો. કારણ કે તેના ચહેરાની પ્રસન્નતા જ બતાવી રહી હતી કે તે કામયાબ થઈને આવ્યો છે. બસ, અમે બંને એકાંતમાં વાત કરવા માટે મારા કક્ષમાં પહોંચી ગયા. ...એ બાજુ, સાચું કહું તો તેનું વિજયી સ્મિત જોઈને મારો અહંકાર પણ ઊંચે ઊઠ્યો હતો. એક દ્વારકાધીશના કહેવા પર દુર્યોધને રાજ્ય પાછું આપ્યું.... કૃષ્ણ હવે રાજા જ નહીં, રાજાઓનો રાજા થઈ ગયો છે. કૃષ્ણની યોજના અને વિફળ થઈ જાય, તે તો બની જ ન શકે. અરે, કૃષ્ણ કોઈ સામાન્ય ચકરીબાજ થોડો જ છે? અને ના તો તે સામાન્ય શક્તિઓનો માલિક પણ છે. એ જે ઈચ્છે, તે તો થવાનું જ છે. પરંતુ અંતે અહંકાર એક જ રીતે ક્યાં સુધી ઊંચો ઉઠત? હજી તો સંપૂર્ણ વાત સાંભળવાની પણ બાકી હતી. આ ખયાલ આવતા જ, જિજ્ઞાસા ચારેબાજુથી ઘેરી વળી. મન બધાની પ્રતિક્રિયા જાણવા ઉત્સુક થઈ ગયું. અર્થાત્ અહંકાર તો કાયમ રહ્યો, બસ, તેણે પોતાનું સ્વરૂપ બદલી દીધું.

...આ બાજુ ઉદ્ધવ તો વિગતો જણાવવા તૈયાર જ બેઠો હતો; અને એણે જે કહ્યું તે ખરેખર છાતી ફૂલાવવા જેવું હતું. તેણે બતાવ્યું કે તે હસ્તિનાપુરમાં વિદુરજીને ત્યાં રોકાયો હતો. મેં તેમને જ્યારે પાંડવોની સૂચના આપી તો તેઓ ઘણાં નિશ્ચિંત થઈ ગયા, ખાસ કરીને ભીમની રાજા વક્રોદર બનવાવાળી વાત તેમને ખૂબ રુચિકર લાગી. આ બાજુ, તે દરમિયાન, મેં દુર્યોધન સાથે એક-બે વાર મુલાકાત કરવાની કોશિશ પણ કરી, પરંતુ તેને મારા આવવાથી કોઈ વિશેષ પ્રસન્નતા થઈ હોય એવું લાગ્યું નહીં. સ્પષ્ટ કહું તો તેણે મને બિલકુલ ભાવ ન આપ્યો. બીજી તરફ હું પણ તેની સાથે ખૂલીને વાત કરી શકતો નહોતો, કારણ કે તે હંમેશાં દુ:શાસન અને મામા શકુનિ સાથે ઘેરાયેલો રહેતો હતો. અંતે ત્રણ-ચાર દિવસોના અથાક્ પ્રયત્ન પછી મેં કોઈ રીતે તેને એકાંતમાં પકડી જ લીધો. અને જેવી મેં તેને દ્રૌપદીના સ્વયંવરની સમગ્ર વાત કહી, તે ખુશીનો માર્યો ઉછળી પડ્યો. ...ખાસ વાત તો એ કે મારે દ્રૌપદીની સુંદરતાના કંઈ ખાસ વખાણ ન કરવા પડ્યા, કદાચ આ બાબતે તેણે પહેલાથી જ ઘણું સાંભળ્યું હતું. મજા તો ત્યારે આવી જ્યારે મેં એને એમ કહ્યું કે આ સમગ્ર સ્વયંવરની કમાન તારા હાથમાં છે. અને કૃષ્ણ ઈચ્છે છે કે આ સ્વયંવર તમે જ જીતો. કારણ કે દ્રૌપદી જેવી સુંદરીને યોગ્ય આ સમયે સમગ્ર આર્યાવર્તમાં તમે જ છો. એટલું જ નહીં, કૃષ્ણથી આ બાબતે જે કંઈ બની શકશે તે કરવાનું આશ્ર્વાસન દેવા માટે જ મને અહીં મોકલ્યો છે. ...અને જાણે છે કનૈયા, આ બધું સાંભળતાવેંત તેનો તો રંગ જ બદલાઈ ગયો. અચાનક હું તેને મહત્ત્વપૂર્ણ વ્યક્તિ દેખાવા લાગ્યો. તેનો સંપૂર્ણ વ્યવહાર જ બદલાઈ ગયો. તત્ક્ષણ મારી સાથે તેના વ્યવહારની ક્ષમા માંગતા કહેવા લાગ્યો- મેં કૃષ્ણને અકારણ જ ખોટો માન્યો. તે તો મારા નાના ભાઈ જેવો છે. જોકે વાત અહીં જ અટકી નહીં. તે મને જબરદસ્તી પોતાની સાથે રાજમહેલ લઈ ગયો. ત્યાં મને પોતાના વિશેષ અતિથિકક્ષમાં ઉતારો આપ્યો. એ તો ઠીક, તેણે કેટલાય દાસ-દાસીઓ મારી સેવા માટે મૂક્યા. હું પણ તે લોકો પાસેથી નિયમિત દિવસમાં બે વાર માલિશ કરાવવા લાગ્યો.

ત્યાં સુધી તો ઠીક, પણ એટલું કહેતા કહેતા તે શરમાઈ ગયો. લો! કૃષ્ણ જેવા બેશરમનો દોસ્ત આટલો શરમાળ, ...ન ચાલી શકે. મેં તરત તેનો ઉત્સાહ વધારતા કહ્યું- ચાલો, સારું છે. તને મહારાજા બનતા પહેલાં જ મહારાજાઓના શોખ તો લાગી ગયા.

ખેર! આ તો મજાકની વાત હતી. અસલ વાત તો એ કે દુર્યોધન પણ દ્રૌપદીની સુંદરતા વિશે જાણતો હતો. ત્યારે બીજો વિચાર આવ્યો, આમ પણ તેને બીજાઓની વહુ-દીકરીઓની ખબર રાખવા સિવાય કામ જ શું છે? લો, ફરી મજાક પર ઉતરી આવ્યો. ચાલો, નથી કરતા મજાક. હવે ગંભીરતાથી વિચારું તો ધ્યાનમાં લેવા જેવી વાત એ પણ કે દ્રૌપદીની સુંદરતાની ચર્ચા પહેલેથી જ બધે જગજાહેર છે. અર્થાત્ સ્વયંવરમાં જબરદસ્ત હાજરી હોવાનું નક્કી થઈ ગયું. ખેર, જવા દો અને આ વાત પણ અહીં રહેવા દો, હાલ તો મુદ્દાની વાત એ કે જેમજેમ ઉદ્ધવ બતાવતો જઈ રહ્યો હતો, મારી ઉત્સુકતા વધી રહી હતી. આ બાજુ મને આટલો ઉત્સુક જોઈને ઉદ્ધવે તરત વાત આગળ વધારતા કહ્યું- કનૈયા, સહુથી મજાની વાત તો એ કે જ્યારથી દુર્યોધનને કહ્યું છે કે ધનુર્વિદ્યાની હરીફાઈ રાખવામાં આવી છે, ત્યારથી તે દિવસ-રાત ધનુર્વિદ્યાના અભ્યાસમાં લાગી ગયો છે.

...મને આ સાંભળતા જ હસવું આવી ગયું. ખરેખર ગધેડાઓની કોઈ કમી નથી જમાનામાં. આમ પણ દુર્યોધનને લાડુ જ એવો બતાવ્યો હતો કે તેણે તો આ બધી હરકતો પર ઉતરી જ આવવાનું હતું. બસ, વાતાવરણ આટલું રસપ્રદ થતું જોઈને, હું બાકીનાઓની પ્રતિક્રિયા જાણવા માટે પણ ઉત્સુક થઈ ગયો. જોકે તેમાં મારી ભૂલ નહોતી, ઉદ્ધવ વાત જ એવી રોચક રીતે કહી રહ્યો હતો. આગળ તેણે શકુનિનો વારો કાઢતા કહ્યું કે તે વારંવાર દુર્યોધનને સાવધાન કરી રહ્યો હતો. તેણે કહ્યું હતું કે કનૈયો તારું હિત ઈચ્છી જ નથી શકતો. જરૂર આમાં કોઈ રાજનીતિ છે.

...હું મનમાં-ને-મનમાં વિચારવા લાગ્યો, આ શકુનિ ખરેખર ખૂબ ચાલાક છે. આ તો

મામલામાં એકદમ નવો વળાંક આવી ગયો. સ્વાભાવિક રીતે મારી ઉત્સુકતા વધારે વધી. મેં તત્ક્ષણ પૂછ્યું- આ તો ઠીક પણ તે બતાવ કે શકુનિના કહેવાની દુર્યોધન પર કેવી અસર પડી?

ઉદ્ધવે બતાવ્યું- કંઈ નહીં. દુર્યોધન ઊલટો શકુનિ પર જ ગુસ્સે થયો. તેણે શકુનિને વઢતા કહ્યું પણ કે આખો દિવસ રાજનીતિ કરી કરીને તમારું દિમાગ પણ હવે એક જ દિશામાં વિચારવા લાગ્યું છે.

આ સાંભળીને હું મારું હસવું ન રોકી શક્યો. અને મેં હસતા હસતા જ ઉદ્ધવને કહ્યું- દ્રૌપદીનો લાડુ અને વિશ્વસુંદરીનું સપનું કંઈ સમજણમાં થોડું જ આવવા દે છે?

આ સાંભળીને ઉદ્ધવ પણ હસી પડ્યો. જ્યારે હસવાનો દોર અટક્યો ત્યારે તેણે આગળ કહેવાની શરૂઆત આ બાજુ ધૃતરાષ્ટ્ર અને પિતામહ તો ચેકિતાનને રાજ્ય પાછું આપવાની વાત સાંભળીને જ ગભરાઈ ગયા હતા. પિતામહે તો ધૃતરાષ્ટ્રને સ્પષ્ટ કહી દીધું કે આમ પણ ગત વખતે દ્વારકાધીશ આપણા લોકોથી ઘણાં નારાજ થઈને ગયા છે. આ વખતે જો આપણે તેમની વાત ન સાંભળી ને ચેકિતાનને તેનું રાજ્ય પાછું ન આપ્યું, તો આપણે બધા કૃષ્ણની નજરોમાં હંમેશાં માટે ઊતરી જઈશું. ભલેને તે હસ્તિનાપુર પર આક્રમણ નહીં કરે, આપણો જ દીકરો છે. માનું છું કે આ વાત તેણે ક્રોધવશ જ કરી હશે, તેમ છતાં તેની વાતનું સન્માન તો આપણે કરવું જ પડશે. અને વળી તેની માંગ ન્યાયોચિત પણ છે. તેમણે ધૃતરાષ્ટ્રને એ પણ સ્પષ્ટ કહી દીધું કે આવું કરવા માટે દુર્યોધનને રાજી કરવાની જવાબદારી તમારી છે. આમ પણ તેને માથે તમે જ ચઢાવી રાખ્યો છે.

હવે તો મારી ઉત્સુકતા ખૂબ જ વધતી જઈ રહી હતી. ઉત્સુકતાની સાથેસાથે અહંકારે પણ ફરી એકવાર પોતાનો રંગ બતાવવાનું શરૂ કરી દીધું હતું. ચોક્કસપણે આ પાસાં સતત સીધા પડવાનો પ્રતાપ હતો. એટલે આ વખતે મેં કંઈક વધારે જ ઉત્સાહથી પૂછ્યું- આગળ શું થયું?

આ વખતે ઉદ્ધવ ખૂબ જ લાડમાં બોલ્યો- એ જ જે મંજૂરે-કૃષ્ણ હતું. ત્રણ-ચાર દિવસ તો મહારાજ ધૃતરાષ્ટ્ર પરેશાન રહ્યા. અંતે તેમણે હિંમત કરીને દુર્યોધનને બોલાવ્યો અને તેને સ્પષ્ટ કહ્યું કે દ્વારકાધીશની ઈચ્છા છે કે ચેકિતાનને તેનું રાજ્ય પાછું આપવામાં આવે. અને આ સાંભળતા જ, મહારાજના પરમ આશ્ચર્ય વચ્ચે દુર્યોધને એકદમ વિનમ્રતાપૂર્વક કહ્યું કે દ્વારકાધીશની ઈચ્છાનું સન્માન કરવાને હું મારું કર્તવ્ય સમજું છું. શકુનિનો તો આ સાંભળતા જ રંગ ઊડી ગયો. આ બાજુ પિતામહ અને મહારાજ ધૃતરાષ્ટ્રને પણ દુર્યોધનનું આટલું સહેલાઈથી માની જવાનું સમજમાં આવી રહ્યું નહોતું. દુર્યોધનના આ બદલાયેલા સ્વરૂપે મારા સહિત સહુને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

હશે! જેની જે પ્રતિક્રિયા હોય તે ઠીક, પણ આ બધું સાંભળીને દ્વારકાધીશ ખૂબ જ ખુશ થયો. બધું જ જેવું વિચાર્યું હતું, તેવું જ થયું હતું. થવાનું જ હતું. કૃષ્ણ ઈચ્છે અને ન થાય, એવું ક્યારેય થયું છે? ...એમ જ મને "જય શ્રીકૃષ્ણ'' થોડો કહે છે? એક વાત સાચેસાચી કહું તો કોણ જાણે કેમ મને દુર્યોધનને પરેશાન જોવામાં બહુ મજા આવતી હતી. જોકે તેનું કોઈ ખાસ કારણ મારી પાસે નહોતું, કદાચ તમે તેને મારી બાળબુદ્ધિ પણ કહી શકો છો; પણ જે હોય તે, મને તેના મન સાથે રમવું બહુ સારુ લાગતું હતું. ...બની શકે છે કદાચ એટલા માટે કે તે વાતવાતમાં અકળાઈ જતો હતો. આથી, અહીં જેવી મુખ્ય ઉત્સુકતાઓ શાંત થઈ નહીં કે તેનું સ્થાન નટખટ જિજ્ઞાસાએ ગ્રહણ કરી લીધું. મેં તે જ જિજ્ઞાસાવશ ઉદ્ધવને પૂછ્યું- પેલું ભાનુમતીને મળીને આવવાનું કહ્યું હતું, તેનું શું થયું...?

આ સાંભળતા જ ઉદ્ધવને હસવું આવી ગયું. અને તેણે હસતા જ કહ્યું- ચિંતા ના કરો, કનૈયા! હું આવતા આવતા દુર્યોધનની પત્ની ભાનુમતીને દ્રૌપદી બાબતે સારી રીતે ભડકાવીને આવ્યો છું. ...અને પછી હસતા હસતા જ આગળ બોલ્યો- ત્યાર બાદ તો ભાનુમતીએ આખું હસ્તિનાપુર માથે ચઢાવી લીધું હતું. તેણે દુર્યોધનનું તો જીવવું એવું હરામ કરી દીધું છે કે તે બિચારો તો હસવાનું જ ભૂલી ગયો હતો. બે-ચાર વાર તો ભાનુમતીએ દુર્યોધનની અમારી બધાની સામે જ છૂટ્ટી કરી દીધી હતી. મને સહુથી વધારે આનંદ આ જ બધાં દૃશ્ય જોવામાં આવી રહ્યો હતો. ...આ બધું સાંભળીને મને પણ બહુ

મજા આવી. મારી આંખોની સામે તો આખું દ્રશ્ય જ ફરવા લાગ્યું. આ બાજુ થોડી વાર પછી ઉદ્ધવ મારી પીઠ થાબડતો બોલ્યો- વાહ કૃષ્ણ! ખરેખર, અહીં બેઠા-બેઠા તે શબ્દો અને ભાવોની એવી જાળ ગૂંથી કે બધા તેમાં ફસાઈ ગયા. તું ખરેખર બહુ મોટો "કલાકાર'' છે.

મેં કહ્યું- શબ્દ અને ભાવ જ તો મારા મુખ્ય હથિયાર છે. હિંસા નહીંવત્ અને કામ સચોટ.

...હવે જ્યારે હસ્તિનાપુર બાબતે તમામ જિજ્ઞાસાઓ શાંત થઈ ગઈ, તો મનએ એક અનોખી અંગડાઈ લીધી, તે આ ખબર ચેકિતાનને સંભળાવવા માટે તલપાપડ થઈ ગયું. બસ, હું અને ઉદ્ધવ ચેકિતાનને શોધવા નીકળી પડ્યા. તે પોતાનો રાજમહેલ બનાવવાની તૈયારીઓમાં લાગ્યો હતો. બસ, મેં તેને ત્યાંજ આ ખુશખબરી આપી દીધી. જેવી આશા હતી તેમ, ચેકિતાન તો આ ખબર સાંભળતા જ પાગલ થઈ ગયો. તેને તો વિશ્વાસ જ આવતો નહોતો કે આટલી સહેલાઈથી દુર્યોધન રાજ્ય પાછું પણ આપી શકે છે. તે તો અહીં બધાની સામે જ મારા પગમાં પડી ગયો. હવે તેની ખુશી જોવા-સાંભળવા જ તો હું ઉછળી રહ્યો હતો. બસ, મેં તત્ક્ષણ આગળ વધીને તેને ગળે લગાવી લીધો અને તેને રાજ્ય પાછા મળવાની વધામણી પણ આપી. ખરેખર, આ સમયે ખુશ-ખુશાલ ચેકિતાનને જોવાનું ઘણું સારું લાગી રહ્યું હતું. સાથે જ તેને ન્યાય અપાવી શકવાનો આત્મસંતોષ પણ થઈ રહ્યો હતો. અને સહુથી મહત્ત્વપૂર્ણ વાત તો એ હતી કે આ "આત્મસંતોષ'' અત્યાર સુધી કરેલા અસંખ્ય નકામા અહંકાર પર ભારે પડી રહ્યો હતો.

આમ તો અહીં મારા બધા કામ પૂરા થઈ ગયા હતા. હવે હું જલ્દીમાં જલ્દી દ્વારકા પાછો ફરવા ઈચ્છતો હતો. કારણ કે યાત્રા પહેલેથી ઘણી લાંબી થઈ ગઈ હતી, અને ઉપરથી હજી તો ચેકિતાનનો ફરીથી રાજ્યાભિષેક કરાવવા પણ જવાનું હતું. આથી, મેં હાથોહાથ બે ગુપ્તચરોને મોકલીને આ વાતની ખબર દુર્યોધનને પણ મોકલાવી દીધી. એ બાજુ ઉદ્ધવને જવાની અન્ય તૈયારીઓ કરવાનું કહી દીધું. અને સાથોસાથ, દારૂકને પણ તેની સાથે કામે લગાવી દીધો. ચેકિતાનને પણ જવાની તૈયારીઓનો ઈશારો કરી જ દીધો. ...અને હું હિંમત કરીને કોઈક રીતે મારા પાછા જવાની ખબર આપવા માટે પરદાદાના કક્ષમાં પહોંચ્યો. અને આશ્ચર્યજનક રીતે ત્યાં પહેલેથી ઘણી ભીડ જમા થયેલી હતી. બધા કોઈ ગહન ચર્ચામાં ડૂબેલા લાગી રહ્યા હતા. દાદા, મજોધર, મહામંત્રીજી, ભદ્રા સહિત એક અજાણ પુરુષ ત્યાં ખાસ રીતે બિરાજમાન હતો. મેં બધાને પ્રણામ કર્યા. પરદાદાએ ખૂબ પ્રેમથી મને પોતાની બાજુમાં જ બેસાડ્યો. પછી મને તે અજાણ વ્યક્તિ સાથે મળાવતા કહ્યું- આ તારા ફુઆજી અને ભદ્રાના પિતા "ગજોધર'' છે. એ તને કંઈ કહેવા માટે અહીં પધાર્યા છે.

મેં તરત ફુઆજીને પ્રણામ કરીને કહ્યું- તમારું નિવેદન મારા માટે આજ્ઞા જ છે.

આશ્ચર્ય! ...તેમ છતાં ગજોધર કંઈ ન કહી શક્યા. કદાચ તેઓ સ્હેજ સંકોચ અનુભવી રહ્યા હતા. અંતે તેમને બદલે નિવેદન પરદાદાએ જ કરવું પડ્યું. તેઓ બોલ્યા- વાસ્તવમાં તેઓ ઈચ્છે છે કે તારા અને ભદ્રાના વિવાહ થઈ જાય. ભદ્રા તારા પ્રેમમાં એવી રીતે ડૂબી છે કે તે હવે તારા વિના જીવવાનું વિચારી પણ નથી શકતી. ...પછી એક લાંબો શ્વાસ લેતા કહ્યું- અમે બધા પણ આ જ ઈચ્છીએ છીએ. તેનાથી એક તો નાગકૂટનું સન્માન વધશે અને બીજું, જેવું બધાને ખબર પડશે કે અમારી કન્યા દ્વારકાધીશને પરણી છે, તો કોઈ અમારી તરફ આંખ ઉઠાવીને જોવાની પણ હિંમત નહીં કરે. અને આનાથી તારું "નાગકૂટ''ને આપેલું સુરક્ષાનું વચન પણ હંમેશાં માટે સિદ્ધ થઈ જશે.

મને તો પરદાદાના એક એક શબ્દે બરાબરનો ચોંકાવી દીધો હતો. મારે માટે તો આ બિલકુલ અણધાર્યું હતું. આ તો વાત ક્યાંથી ક્યાં પહોંચી ગઈ હતી. કદાચ ધીમે ધીમે કન્યાઓનું મારા પર તો જાણે મારા વ્યક્તિત્વનું એક અભિન્ન અંગ બનતું જઈ રહ્યું હતું. આમ તો પરદાદાની વાત અને ભાવના, બંને ઉચ્ચ હતા. પણ આ વિવાહવાળી વાત મારી સમજમાં બિલકુલ આવી રહી નહોતી. તેમ છતાં વડીલોનું માન રાખતા મેં મારી વાત એકદમ વિનમ્રતાપૂર્વક જ કહી. મેં કહ્યું- તમે બધા જાણો છો કે હું પરણેલો છું.

બીજું, સંબંધમાં ભદ્રા મારી બહેન થઈ. પછી હું આ વિવાહ કેવી રીતે કરી શકું છું?

મારી વાત સાંભળીને હવે દાદા પ્રસ્તાવ ના સમર્થનમાં આવીને ઊભા રહ્યા- એમાં કોઈ વાંધો નથી. તું અમારો જ વંશજ છે. અને નાગજાતિમાં છોકરીના પોતાના મામાના છોકરા સાથેના લગ્ન અત્યંત શુભ માનવામાં આવે છે.

આ બાજુ આખી વાતચીત દરમિયાન ભદ્રાની આંખો મારા પર જ ચોંટેલી હતી. તે બહુ આશાભરી નજરે અપલક સતત મને જ જોઈ રહી હતી. જોકે આજે તેનામાં પેલું જૂનું જોશ અને ઉમંગ નહોતો. કદાચ તેના જીવનનો નિર્ણય જે થવાનો હતો. આ બાજુ જેવું મેં તેની આંખોમાં જોયું, મને અચાનક તેની સાથે વીતાવેલો બધો સમય યાદ આવી ગયો. ખરેખર આ સમગ્ર નાગકૂટ-પ્રવાસ દરમિયાન તેણે મારો કેટલો ખયાલ રાખ્યો હતો. સુંદરતા, ભોળપણ અને સમજદારીનું ભદ્રામાં કેવું અદ્ભુત મિશ્રણ હતું. તેની આંખો અને તેના હાવભાવથી એ પણ સ્પષ્ટ હતું કે તે મારી ના સાંભળવાની સ્થિતિમાં બિલકુલ નથી. આમ પણ દાદાની વાત સાંભળ્યા પછી મારી પાસે કહેવા જેવું કંઈ રહ્યું જ નહોતું. એ પણ સ્પષ્ટ લાગી રહ્યું હતું કે મારી ના કહેવાથી બિચારી ભદ્રાનું દિલ જ તૂટી જશે. પછી કદાચ તે જીવનભર ક્યારેય હસી ન શકે, ઉપરથી પરદાદાની અવજ્ઞા થશે તે અલગ. ત્યાં બીજી બાજુ, બીજું કશું નહીં તો કમસેકમ ભદ્રા સાથે વિવાહ કરવાથી નાગકૂટની સમસ્યાનું તો હંમેશાં માટે સમાધાન મળી જ રહ્યું હતું.

...આમ સરવાળે સર્વહિતની દૃષ્ટિથી તો આ નિર્ણય શ્રેષ્ઠ જ લાગી રહ્યો હતો. સાથે જ તેનાથી હું ભદ્રાના ભોળા પ્રેમનું અપમાન કરવાથી પણ બચી રહ્યો હતો. હજી હું આ બધું વિચારી જ રહ્યો હતો કે ત્યારે મારા ચિંતનમાં બીજો એક વિચાર આવ્યો. મને પણ તો આ વિવાહ કરીને દ્રૌપદીનો અહંકાર તોડવાનો એક ખૂબસૂરત મોકો મળી રહ્યો છે. એક તરફ તો હું પરણેલો છું, એમ કહીને તેની સાથેના વિવાહ ટાળી રહ્યો છું, બીજી તરફ એક નાગકન્યા સાથે વિવાહ કરી રહ્યો છું. ...અર્થાત્ વિશ્ર્વસુંદરી સાથે વિવાહની વાત પર અસમંજસ અને નાગકન્યાનો તત્ક્ષણ સ્વીકાર! ચોક્કસપણે આનાથી દ્રૌપદીનો અહંકાર ચકનાચૂર થઈ જશે. તે વિચારવા પર મજબૂર થઈ જશે કે જીવનમાં સુંદરતા અને પ્રતિશોધ સિવાય પણ ઘણું બધું હોઈ શકે છે. અને તેનો અહંકાર તૂટવો આર્યાવર્તની શાંતિ માટે ચોક્કસપણે એક વરદાનસ્વરૂપ સિદ્ધ થશે. અર્થાત્ ત્યાં પણ સર્વહિતનો એક મોકો બની જ રહ્યો છે. આમ પણ હું મારા જીવનનો "કર્તા" તો છું નહીં. મારો કર્તા તો સમય અને પરિસ્થિતિ છે. મારો કર્તા સદૈવ સર્વહિત સાથે છે. આ એક વિવાહમાં હજારોનું હિત સમાયેલું છે. ભદ્રા ખુશ. નાગકૂટ સુરક્ષિત. પરદાદાને સંતોષ. અને દ્રૌપદીના અહંકાર પર એક જબરદસ્ત ચોટ. અને જ્યાં એક નિર્ણયથી આટલા ફાયદા થતાં હોય ત્યાં મારી કોઈ અલગથી જિદ્દ કે ઈચ્છાનો તો સવાલ જ ઉઠતો નહોતો. આવામાં વિવાહથી ના પાડવાની તો શક્યતા જ ક્યાં બચી હતી? બસ, મેં તત્ક્ષણ વિવાહ માટે "હા" કહી દીધી. આ સાંભળતા જ ભદ્રા તો ખુશીને લીધે ઘેલી જ થઈ ગઈ. લાજશરમ છોડીને ત્યાં બધાની સામે જ મને ગળે વળગી પડી. અને ગળે મળતા જ તેની આંખોમાંથી આંસુ નીકળી પડ્યા. સાચું કહું છું તેની બાથ ભરવામાં પણ ગજબની માસૂમિયત હતી. મને તેનું આ બિન્દાસ્ત ભોળપણ બહુ ગમી ગયું. હું પ્રેમની બીજી એક ઊંચાઈને આંબવા તૈયાર થઈ ગયો. મેં તેને સ્વીકારવામાં એક ક્ષણ પણ ન લગાવી.

અને તેની સાથે જ સાત દિવસો બાદ નાગ-પદ્ધતિથી અમારા વિવાહ થયા. સમગ્ર નાગકૂટ ખુશીમાં ગરકાવ હતું. વિવાહસમારોહ પણ ખૂબ ધામધૂમથી રાખવામાં આવ્યો હતો. તમામ નાગકૂટવાસીઓએ એમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉત્સવમાં લગભગ બે હજાર લોકો શામેલ થયા હતા. એક જ ઉત્સવમાં આટલા લોકોનું શામેલ થવું પણ સ્વયં એક ઈતિહાસ જ હશે. બધા ખુશ હતા. પાંડવો પણ અત્યંત ખુશ લાગી રહ્યા હતા. દાદા અને પરદાદાના તો પગ જ ધરતી પર નહોતા પડી રહ્યા. નાગકૂટવાસી પણ પોતાની દીકરી દ્વારકાધીશ સાથે પરણી હોવાથી ગૌરવાન્વિત થવાનો અનુભવ

કરી રહ્યા હતા. સાચે જ નાગકૂટવાસીઓ માટે આ એક ઐતિહાસિક દિવસ હતો. જે પ્રદેશને આજે કોઈ જાણતું નહોતું, તેને કાલે, એક મારા કારણે આખું આર્યાવર્ત જાણતું થશે.

...ચાલો, વિવાહ સમારોહ તો પૂરો થઈ ગયો, પણ આ બાજુ વિવાહ સંપન્ન થતા જ હું મારા એક નિરાળા ચિંતનમાં ખોવાઈ ગયો. શું દ્રૌપદીનો પહાડ જેવો વિશાળ અહંકાર આ સહન કરી શકશે કે કોઈ તેને ના-ના કરનાર અન્ય કોઈ સાથે વિવાહ કરી લે, તે પણ એક નાગકન્યા સાથે? હું વિચારવા લાગ્યો, શું ‘ભદ્રા’ વિશ્ર્વસુંદરીના અહંકારને જરૂરી ચોટ પહોંચાડવાની નિમિત્ત-માત્ર તો નથી? કદાચ એવું જ કંઈ છે. હશે, હમણાં તો જો ભદ્રાની વાત કરું તો તેનું તો આ વિવાહને લીધે માત્ર પાગલ થવાનું બાકી રહી ગયું હતું. વિવાહ સંપન્ન થતાં જ તે ખુશીના પરમશિખર પર બિરાજમાન થઈ ગઈ હતી. અને હું તેની ખુશીથી જ ખુશ-ખુશ થતો જઈ રહ્યો હતો. ઓછામાં ઓછું આ બહાને હું એકવાર ફરી કોઈને દિલોજાનથી ખુશી આપવાનું નિમિત્ત તો બન્યો હતો.

આ બધું તો ઠીક, પણ ઉત્સાહ માત્ર ભદ્રા કે નાગકૂટવાસીઓ સુધી જ સીમિત નહોતો. ઉદ્ધવ પણ અત્યંત ઉત્સાહિત થઈ ગયો હતો. અમારી પ્રથમ રાત્રિની તૈયારીઓની જવાબદારી તેણે જ ઉપાડી લીધી હતી. સાથે જ તેને આ બહાને મજાકનો એક મોકો પણ મળી ગયો હતો- "આવ્યા હતા વિશ્ર્વસુંદરી સાથે વિવાહનાં સપનાં લઈને, જઈ રહ્યા છો નાગસુંદરી સાથે વિવાહ કરીને.’’ જોકે મારું મન આ સમયે તેની મજાકને હવા દેવાનું બિલકુલ નહોતું થઈ રહ્યું. પણ ઉદ્ધવ-મહારાજને તો તેનાથી ક્યાં ફરક પડી રહ્યો હતો? પ્રથમ રાત્રિની તૈયારીઓ કરાવતા કરાવતા તેણે બીજું વ્યંગબાણ પણ છોડી દીધું- "ક્યાંક આ વિશ્ર્વસુંદરી સાથેના વિવાહ પહેલાંનો અભ્યાસ-વિવાહ તો નથી? ...પરંતુ કનૈયા, તારા જેવા અઠંગ ખેલાડીને અભ્યાસની શું જરૂર?’’ જવા દો; જ્યારે બધા ખુશ છે તો ઉદ્ધવને પણ ખુશ રહેવા દો, એમ વિચારીને મેં આજે તેને રોક્યો-ટોક્યો નહીં. ત્યાં અત્યાર સુધીમાં તો ભદ્રા પણ કક્ષમાં આવી ગઈ હતી. કહેવાની જરૂર નથી કે તેના આવતા જ, ઉદ્ધવ મહારાજ ચૂપચાપ છૂમંતર થઈ ગયા હતા. આ બાજુ ભદ્રાની વાત કરું તો ભદ્રા સ્વભાવથી એકદમ સરળ અને ભોળી છોકરી હતી. રાજકીય અહંકાર તો તેનામાં હતો જ નહીં. તેની સરળતા મને વારંવાર વૃંદાવનની ગોપીઓની યાદ અપાવી રહી હતી. સાચું કહું તો મારા મનમાં સહુથી સુંદર તેનું ભોળપણ જ હતું. સરળતા, સહજતા, ભોળપણ અને સમર્પણ, આ જ તો સ્ત્રીઓના તે આત્મિક ગુણ હોય છે, જે મારા દિલને સ્પર્શી જતા હતા.

ખેર! અન્ય રાત્રિની જેમ આ રાત્રિ પણ વીતી ગઈ. હવે અહીં બધું સારી રીતે પાર પડી ગયું હતું. આ બાજુ ગુપ્તચર દુર્યોધનની ખબર લઈને પણ આવી ગયો હતો. દુર્યોધન આજથી ચાર દિવસ બાદ ચેકિતાનની રાજધાની પહોંચવાનો હતો. આથી, તે પાર પાડીને મારું મન હવે જલ્દીમાં જલ્દી દ્વારકા જવા અધીરું બન્યું હતું. બસ, કોઈ રીતે પરદાદા પાસેથી રજા પણ લઈ લીધી અને આ ચાર દિવસ તેમની, દાદા અને તમામ નાગકૂટવાસીઓ સાથે ખૂબ દિલથી વીતાવ્યા. પરદાદા અને દાદાની ઘણી સેવા પણ કરી. આ ચાર દિવસ તો પ્રેમની ગંગામાં વહેતા વહેતા ક્યાં નીકળી ગયા, તે પૂછો જ નહીં. અને વિદાય તો એવી ભાવભીની અને શ્રદ્ધાપૂર્વક આપવામાં આવી હતી કે હું સ્વયં ધન્ય થઈ ગયો. ભાવનાઓનું તો એવું તોફાન ઊઠ્યું હતું કે જેવા અમારા રથ ચાલવા લાગ્યા, આંસુઓનું પૂર ઉમટી પડ્યું. શું મોટા, શું નાના, શું સ્ત્રી, શું પુરુષ- બધા રોઈ પડ્યા. લોકોનો આ રીતે વરસતો પ્રેમ જોઈને મારી સ્વયંની આંખો ભીની થઈ ગઈ. આવી જ વિદાય વૃંદાવનવાસીઓએ પણ આપી હતી, જ્યારે મથુરા જવા નીકળ્યો હતો. ...તો શું અહીં પણ ફરી નહીં આવી શકું? હવે આવી શકું કે ન આવી શકું, પણ ઓછામાં ઓછું આ લોકોનું જીવનધોરણ સુધારવાનો સંતોષ તો મારી સાથે લઈને જઈ રહ્યો છું. મારી અસલી મૂડી જ મારો આત્મસંતોષ અને મારા પ્રત્યે લોકોનાં હૃદયમાં છલકાયેલો પ્રેમ છે. આ જ તો મારી વ્યક્તિગત મૂડી છે જેને કોઈ સમય કે કોઈ પરિસ્થિતિ ક્યારેય છીનવી નથી શકતી. અરે, આ

તો મારી એ મૂડી છે જેને મોત પણ મારી પાસેથી નથી છીનવી શકતી.

ખેર! હવે અમારો કાફલો ચેકિતાન સાથે તેના રાજ્યમાં તેનો રાજ્યાભિષેક કરાવવા નીકળી પડ્યો હતો. સ્પષ્ટ રીતે હું ચેકિતાનનો રાજ્યાભિષેક કરાવ્યા વિના દ્વારકા જવા નહોતો ઈચ્છતો. કાલે ઊઠીને દુર્યોધનનો વિચાર બદલાઈ જાય તો? જોકે સારું હતું કે એવું કંઈ થયું નહીં. ચેકિતાનનો રાજ્યાભિષેક નિર્વિઘ્ને પાર પડ્યો. દુર્યોધને એમાં સંપૂર્ણ સહયોગ આપ્યો. ખરેખર વિશ્ર્વસુંદરીના સપનાંએ એક પશુને મનુષ્ય બનાવી દીધો હતો. ત્યાં જેવી કે આશા હતી, ચેકિતાનના રાજ્યાભિષેકમાં ત્યાંની પ્રજાએ પણ ઉત્સાહભેર ભાગ લીધો. એટલું જ નહીં, તેમણે મારો જયજયકાર બોલાવવામાં કોઈ કસર નહોતી છોડી. સાથે જ, ચેકિતાન અને દુર્યોધન તરફથી પણ મારું વિશેષ સન્માન કરવામાં આવ્યું. અને સન્માન અહંકારનું પોષક હોય જ છે. મને પણ મારી કર્મઠતાના અહંકારે પકડી લીધો. અને આ અહંકાર દુર્યોધનને વારંવાર મારી આસપાસ પૂંછડી પટાવતા જોઈને વધારે ઉઠતો હતો. ખરેખર મારા ભવ્ય કર્મોને કારણે, હું કુદરતથી મોટો નહીં તો તેની બરાબરીનો તો થઈ જ ગયો હતો. કારણ કે કુદરતે ભલેને જીવનભર મોતની જાળ ગૂંથી હતી, પરંતુ હું મારા વિરાટ કર્મોથી તેને કાપીને વિજયના ઝંડા રોપતો જઈ રહ્યો હતો. એટલે આમ સરવાળે હું ગર્વથી કહી જ શકું છું કે મારા કર્મ કુદરતની ઈચ્છા પર ભારે પડી રહ્યા હતા.

બસ, આ જ અહંકાર સાથે અમે દ્વારકા માટે રવાના થઈ ગયા. લગભગ એક વર્ષ પછી દ્વારકા જઈ રહ્યો હતો. સાત મહિના તો નાગકૂટમાં જ રોકાયો હતો. એના ઉપર કમાલ એ હતી કે નાગકૂટમાં આવ્યો હતો પુત્ર બનીને, અને જઈ રહ્યો હતો જમાઈ બનીને.

સત્રાજિતનો આ કેવો પ્રતિશોધ

અમારી યાત્રા નિર્વિઘ્ન ચાલુ હતી. અમારો કાફલો થનગનતો દ્વારકા તરફ આગળ વધી રહ્યો હતો. એકવાર દ્વારકા જવા શું નીકળ્યો, હું દ્વારકામય થઈ ગયો. અને દ્વારકામય શું થયો કે અચાનક મને રુક્મિણીની ચિંતા સતાવવા લાગી. મને દ્વારકા છોડે લગભગ એક વર્ષ પસાર થઈ ગયું હતું. એ બિચારી પર આ એક વર્ષ કેટલું ભારે પડ્યું હશે? હસ્તિનાપુર, પાંચાલ કે નાગકૂટની યાત્રા સમયે તો તેનો ખયાલ નહોતો આવ્યો, પરંતુ આજે રુક્મિણીના દુ:ખે મને સંપૂર્ણ રીતે વિચલિત કરી દીધો હતો. સ્વાભાવિક રીતે, જ્યારે મોટા કર્મોમાં ગળાડૂબ હતો, ત્યારે આ નાના કર્મ તરફ ધ્યાન જ ગયું નહોતું. આમ તો ત્યારે દુ:ખની કોઈ વાત પણ નહોતી. કારણ કે તે સમયે આ ચિંતાનો અવકાશ જ ક્યાં હતો? તે સમયે તો પસંદગી એકદમ સ્પષ્ટ હતી. પરંતુ આજે જ્યારે કરવા માટે કોઈ મહાન કામ નથી રહી ગયું, ત્યારે રુક્મિણી પ્રત્યેનું મારું કર્તવ્ય બહુ યાદ આવી રહ્યું હતું. પ્રદ્યુમ્નનું શું થયું હશે? દ્વારકાની શું હાલત હશે? રુક્મિણી સ્વસ્થ પણ થઈ હશે કે નહીં? ખરેખર જ્યારે એને મારી જરૂર હતી, ત્યારે હું તેની સાથે ઊભો રહી શક્યો નહોતો. ...પણ હવે તેમાં હું શું કરી શકતો હતો? આ જ તો જીવનની તે જટિલતાઓ છે જે જીવનને વધારે રોમાંચકારી બનાવી દે છે. અહીં એકસાથે કેટલાય કામ કરવા જેવા જણાય છે, કેટલીય વાર ઘણાં કર્મ એકસાથે બોલાવે પણ છે; પરંતુ એક સમયે, કાર્ય તો એક જ કરી શકાય છે. અને હું જીવનની આ જટિલતાને ન માત્ર સમજતો અને સ્વીકારતો હતો, પરંતુ તેના રોમાંચનો આનંદ પણ લેતો હતો.

...વાત તો તમારી બિલકુલ સાચી, પણ રુક્મિણીમાં એટલી સમજણ ક્યાં? રુક્મિણી તો રુક્મિણી, દ્વારકાવાસી મારી બાબતે શું વિચારશે? પુત્રના અપહરણની ખબર સાંભળીને પણ પાછો ન આવ્યો. કેટલો નિર્મોહી છે આ કૃષ્ણ. અને એક વર્ષ પછી આવ્યો તો પણ બીજા એક વિવાહ કરીને. છોડો, મનુષ્યની સંકુચિત વિચારધારા આનાથી વધારે બીજું કંઈ વિચારી પણ નથી શકતી. આથી તેમને વિચારવા દો. હવે કોણ શું વિચારે છે, તેનો તમારા માટે શું વિચાર છે, ભલા આ બધી વાતોથી આપણા જીવનને શું લેવા-દેવા? મારું તો સ્પષ્ટ માનવું છે કે બીજાના વિચારો બીજાની સમસ્યા છે, આપણું કર્મ તો આપણો સ્વભાવ જ છે. આથી, હું તો ક્યારેય આ તુચ્છ વાતોની ચિંતા કરવાવાળાઓમાંથી નહોતો, અને ન તો આવી વાતોની સફાઈ દેવામાં પણ મારો વિશ્ર્વાસ હતો. હું તો માત્ર મારા આત્મા પ્રત્યે જવાબદાર હતો અને તેનો જ અવાજ સાંભળતો હતો. તે જે કરવા યોગ્ય માને, તે કરતો હતો. અર્થાત્ મારા કર્મ અને તેની પાછળના કારણ પર માત્ર મારા આત્માનો અધિકાર હતો. ન કોઈ બાહ્ય શક્તિ કે કારણ મને કર્મ કરવા માટે ઉકસાવી શકતી હતી, ન તો તેમાંથી કોઈ શક્તિ મને કર્મ કરવાથી રોકી શકતી હતી. ન તો હું મારા કર્મોની પાછળના કારણ બતાવવા માટે બાધ્ય હતો, ન તો કોઈની પ્રતિક્રિયા મને વિચલિત કરી શકતી હતી. હું માત્ર મારી સાથે જીવતો હતો. બીજા મનુષ્ય અને પરિસ્થિતિઓ તો આવતા-જતા નિમિત્ત છે, મેં ક્યારેય તેમને પોતાના-પારકા કે પ્રિય-અપ્રિય નથી સમજ્યાં.

જવા દો! દર્શન તો બહુ આપી દીધું. થોડી યાત્રાની વાત કરવામાં આવે. હવે યાત્રામાં તો ભદ્રા સિવાય બીજી કઈ નવી વાત થઈ શકતી હતી. અને ખુશખુશાલ ભદ્રા મારી બાજુમાં જ બેઠી હતી. ...જોકે મારા મનમાં ચાલી રહેલા દ્વારકાના વર્તમાન ચિંતનોથી તે સંપૂર્ણ રીતે અજાણ હતી. આમ પણ તે રુક્મિણી કે પ્રદ્યુમ્નના વિષયમાં જાણતી જ શું હતી? વાતાવરણ એવું હતું કે વિવાહ બાદ પહેલી યાત્રા કરી રહ્યા હતા, પરંતુ બંને પોતપોતાની દુનિયામાં ખોવાયેલા હતા. જ્યાં હું દ્વારકાની ચિંતાઓમાં ગૂંચવાયેલો હતો, ત્યાં તે દ્વારકાના સપનાંઓમાં ખોવાયેલી હતી. અને કારણ કે હું મારી ચિંતાઓમાં

તેની ખુશીઓને છૂમંતર કરવા માગતો નહોતો, એટલે તેની સાથે મારા પ્રેમનો અભિનય પણ ચાલુ જ રાખ્યો હતો. આમ તો ઉદ્ધવ પોતાના તરફથી તેનો બરાબરનો ખયાલ રાખીને જ બેઠો હતો. વધારે વાતચીત પણ એ બંનેની વચ્ચે જ થઈ રહી હતી. અને સાચું કહું તો એટલે જ મેં રથની કમાન દારુકને સોંપીને ઉદ્ધવને પણ તેની બાજુમાં આગળ જ બેસાડી દીધો હતો. તેમ છતાં ભદ્રા પ્રત્યે મારું પણ કંઈ કર્તવ્ય તો બનતું જ હતું. ...માન્યું મનને દ્વારકાની ચિંતા ઘેરી વળી હતી, પણ તેને લીધે ભદ્રાના અરમાનોનું ગળું તો દબાવી શકાતું નહોતું. આ વિચારીને જેવું તેના પર ધ્યાન લગાવું તો મુસીબત એ કે તેનું ભોળપણ ગોપીઓની યાદ અપાવી દેતું હતું. અને હું ગોપીઓના ખયાલોમાં ખોવાઈ જતો. તેને લીધે તે બિચારી ફરી એકવાર મારા પ્રેમપૂર્ણ ધ્યાનથી વંચિત રહી જતી. ત્યાંજ રાત્રિ-વિશ્રામના સમયે હું ભલો ને મારી વાંસળી ભલી. બસ, બધું ભૂલાવીને થોડી વાર માટે તેની ધૂનમાં અવશ્ય ખોવાઈ જતો હતો. જોકે સાચું કહું તો તે પણ સંપૂર્ણ રીતે રુક્મિણીની ચિંતાથી મુક્તિ અપાવવામાં અસમર્થ સાબિત થઈ રહી હતી.

કંઈ વાંધો નહીં. હાલ આટલી વાત ચાલી જ છે, તો બીજી એક વાત પણ બતાવી દઉં કે મારું કર્મ અને મારું વિચારવાનું, બધું દિવ્ય હતું. અત્યાર સુધીના જીવનથી હું એટલું તો શીખી જ ગયો હતો કે સાધારણ મનુષ્યો માટે મારા કર્મોને સમજી શકવાનું અશક્ય છે. કારણ કે મોટે ભાગે મારા કર્મ સમસ્ત પ્રકૃતિના હિતને ધ્યાનમાં રાખીને કરવામાં આવતા હતા, જ્યારે સામાન્ય મનુષ્ય પોતાના સ્વાર્થ, પોતાના પરિવારનું હિત કે સમાજના બંધનોને ધ્યાનમાં રાખીને કર્મ કરે છે. જેમ એમના કર્મ અને તેમની ચિંતાઓ મારી સમજની બહાર હતી, સ્વાભાવિક રીતે, તે જ પ્રમાણે મારા કર્મ અને મારી ચિંતાઓ તેમની સમજથી બહાર રહેવાની હતી જ. હશે, રહેવા દો. હાલ તો અહીં સાત દિવસોની સતત યાત્રા કર્યા બાદ અમે શક્તિમાન-પર્વત-શૃંખલાની પાસે પહોંચી ગયા હતા. આ પર્વત-શૃંખલા ગુર્જર પ્રદેશમાં પડતી હતી. અહીંથી દ્વારકા માંડમાંડ ત્રણ દિવસો સુધીની સફર હતી. કહેવાની જરૂર નથી કે રુક્મિણીને મળવાની ઉતાવળને લીધે યાત્રામાં મેં અત્યંત ઝડપ રાખી હતી. જેમ જેમ અમે દ્વારકાની નજીક જઈ રહ્યા હતા, રુક્મિણીની યાદ મારા માનસ પર તેજ પ્રહાર કરી રહી હતી. અંતે મારા સપનાંની રાણી હતી તે. વર્ષોની પ્રતીક્ષા પછી તેને પામી હતી. "દ્વારકા'' તેના જ પ્રેમના પ્રોત્સાહનનું પરિણામ હતું. અમે બંને કેટલા ખુશ હતા દ્વારકામાં. જોતજોતામાં જીવનની કેટલી ઊંચાઈઓ આંબી લીધી હતી અમે. ...કદાચ અમારી આ ખુશી કુદરતને ન ગમી. કદાચ તે અમારી આટલી ખુશીઓ જોઈને બળી મરી હશે. ત્યારે જ તો એક પછી એક, ન ટાળી શકાય તેવી યાત્રાઓની વ્યવસ્થા જમાવી દીધી એણે.

...પણ આ યોગ્ય નથી કહી શકાતું. મેં તો ક્યારેય તેના ચાંદ-સિતારાઓને નથી છેડ્યા. ક્યારેય તેની ચાંદની રાતોને અમાસની રાતમાં બદલવાનો પ્રયત્ન નથી કર્યો. તો પછી તેણે મારા અને રુક્મિણીના પ્રેમપૂર્ણ જીવનમાં ઝેર કેમ રેડ્યું? અચાનક મને કુદરત પર ઘણો ક્રોધ આવ્યો. મારો અહંકાર થોડો વધારે જ સ્વાર્થી થઈ ગયો. આમ તો સ્વાર્થનું જ બીજું નામ અહંકાર છે. પરંતુ કૃષ્ણ અને સ્વાર્થી...! નહીં, આ કદાપિ યોગ્ય નથી. જો હું જ સ્વાર્થી થઈ ગયો, તો સંપૂર્ણ મનુષ્યતાનું શું થશે? મેં તત્ક્ષણ પોતાને સંભાળી લીધો. મારા "દ્રષ્ટા''ને મજબૂત કર્યો. દ્રષ્ટા શું મજબૂત થયો, ચિંતનની દિશા જ બદલાઈ ગઈ.

...કુદરતને શું પડી છે કોઈના જીવનમાં ઝેર રેડવાની? તેણે ક્યાં ઝેર રેડ્યું? તેણે તો તારી સામે એક પસંદગી મૂકી. એક તરફ આર્યાવર્તની ચિંતાઓથી બેખબર થઈને રુક્મિણી સાથે દ્વારકામાં પ્રેમપૂર્ણ જીવન વીતાવવાનો મોકો, તો બીજી બાજુ પોતાના વ્યક્તિગત જીવનના તુચ્છ સુખોનો ત્યાગ કરીને આર્યાવર્તમાં શાંતિ અને અહિંસાની સ્થાપના કરવાનો એક શુભ અવસર. તે પોતે જ આર્યાવર્તની શાંતિને પસંદ કરી. તે જ "સર્વ હિતાય-સર્વ સુખાય''ની પસંદગી કરી. કુદરત ક્યારેય ક્યાં કોઈના

જીવનમાં કોઈ વિઘ્ન નાખે છે? તે તો હંમેશાં જીવન વધારવામાં સહાયક જ બને છે. તેના તરફથી તો કોઈ મનુષ્યને રત્તીભાર કોઈ બંધન નથી. પસંદગી તે કરી હતી, પછી જબરદસ્તી તેને શા માટે કોસી રહ્યો છે?

વાત તો સાચી છે. મનુષ્ય પૂર્ણપણે સ્વતંત્ર છે. તમામ બંધનોથી મુક્ત છે. હું પણ તો સ્વતંત્ર હતો. ઈચ્છત તો ન જાત હસ્તિનાપુર, પાંચાલ કે નાગકૂટ. બેસી રહેત સામાન્ય મનુષ્યોની જેમ, ખુશીઓ લૂંટવા દ્વારકામાં. પડ્યો રહેત પોતાની રુક્મિણી પાસે. પરંતુ મારી દ્રષ્ટિમાં મનુષ્યજીવન જો આનંદનો એક અવસર છે, તો સાથેસાથે તે "મહાન કર્મ'' કરવાનો એક સુઅવસર પણ છે. અને ક્યારેક ક્યારેક મહાન કર્મો માટે વ્યક્તિગત સુખોને ત્યાગવા પણ પડે છે. મેં એ જ કર્યું. પછી શા માટે હું વ્યર્થમાં રુક્મિણીની ચિંતા કરું? એવું કેમ ન વિચારું કે જાણે-અજાણે તેની આ કુરબાની આર્યાવર્તને કેટલી કામ આવી? પાંડવોને સલામત રાખી શક્યો. દ્રુપદ અને દ્રોણનું યુદ્ધ પણ હાલ પૂરતું તો ટળી જ ગયું. વળી, નાગકૂટવાસીઓને પણ આ કારણે સ્વર્ગ જેવું સુખ નસીબ થયું. સાથેસાથે દુર્યોધનના નાપાક ઈરાદાઓ પર લગામ પણ લાગી ગઈ. બસ, આ બધું વિચારતા વિચારતા હું ન માત્ર સામાન્ય થઈ ગયો, પરંતુ દ્વારકા, રુક્મિણી અને પ્રદ્યુમ્નની ચિંતાઓથી સર્વથા મુક્ત પણ થઈ ગયો. અને તેની સાથે જ હું ફરી એકવાર મારા દ્રષ્ટામાં મજબૂતીથી સ્થિર થઈ ગયો.

...પરંતુ એ પણ ક્યાં સુધી? અચાનક એક નવા જ પ્રકારનાં વિચારોનું તોફાન મનમાં ઊભું થઈ ગયું. હવે મારા સામાન્ય હોવાથી કંઈ રુક્મિણી સામાન્ય થોડી જ થવાની હતી? તે પણ અંતે તો છે સાધારણ મનુષ્ય જ. તો શું, તે પણ તો દિવ્ય વિચારવા માટે સ્વતંત્ર છે જ. ...મારા જેવું દિવ્ય વિચારીને તે પણ શા માટે ચિંતામુક્ત નથી થઈ જતી? આમ તો રુક્મિણી પણ ઘણી સમજદાર અને શક્તિશાળી હતી. પરંતુ આ સમયે તે પણ શું કરે, આ સમયનું તેનું દુઃખ જ સર્વથા અલગ હતું. એક માની મમતા દાવ પર લાગેલી હતી. એક મા ગમે તેટલી મજબૂત અને સમજદાર કેમ ન હોય, પોતાના સંતાનનું દુઃખ સહન નથી કરી શકતી. માન્યું તે સાધારણ મનુષ્યોથી હજારગણી સારી છે, પરંતુ 'કૃષ્ણ' થોડી જ છે? જોકે આ જ એક દુઃખ નહોતું એને. અસલી દુઃખ તો તેને દ્રૌપદીનું લાગ્યું હતું. ...તો આ પણ થયું તો અહંકારનું રૂપ જ ને? હવે અહંકાર તો તે કરે કે હું કરું, ભોગવવું તો પડે જ છે. આ તો હદ જ થઈ ગઈ. આટલી ભવ્ય યાત્રા, મિત્રોનો સાથ અને પ્યારી ભદ્રાનું ભોળપણ. પછી આ કઈ ચિંતાઓમાં વારંવાર જાતને ગૂંચવીને યાત્રાની મજા બગાડી રહ્યો છું? અચાનક હું જાગ્યો. કૃષ્ણ! આ શું થઈ રહ્યું છે? શા માટે ચિંતા અને નિરાશાથી ઘેરાઈ ગયા છો? શું દ્વારકામાં રુક્મિણીનું દુઃખ અને પ્રદ્યુમ્નનું અપહરણ જ છે? શું આટલી વિશાળ નગરીમાં બીજું કંઈ નથી? શું તે તારી સ્વપ્નનગરી નથી? આખા એક વર્ષ પછી પોતાની બનાવેલી નગરીમાં જઈ રહ્યો છે, શું ત્યાંની ભવ્યતાનો આનંદ નહીં લે? તો તે વિશે શા માટે નથી વિચારતો? ત્યાં તો બધું જ છે. ...બસ, હું દ્વારકાના સુંદર સપનાંમાં ખોવાઈ ગયો. આટલા દિવસો બાદ મિત્રોને મળવું, પોતાની સ્વપ્નનગરીને જોવી, બજારોમાં ફરવું, સમુદ્રકિનારે ફરવા જવું જેવા કોણ જાણે કેટલાય સપનાં મનમાં ગૂંથવા લાગ્યો. આખા એક વર્ષનાં આકરા અને મહેનતસભર જીવન પછી દ્વારકામાં આરામપ્રિય જીવન હાથ લાગવાનું હતું. અને હા, આખા એક વર્ષ પછી મારા પ્યારા ભાઈ સાથે પણ મુલાકાત થવાની હતી. જન્મ્યા પછી પહેલી વાર અમે બંને આ રીતે જુદા થયા હતા. ખરેખર દ્વારકા પહોંચીને કેટલી મજા આવશે? ...જોયું તમે, વિચારવાની દિશા બદલતા જ બધું કેવું બદલાઈ જાય છે? અને કંઈ નહીં તો કમસેકમ આ બહાને યાત્રા તો મસ્તીથી પસાર થવાની શરૂ થઈ જ ગઈ હતી.

ખેર! ચિંતનો અને વિચારોના સહારે જ ભલે, પણ યાત્રા પૂરી થઈ ગઈ હતી. અમારો કાફલો દ્વારકામાં પ્રવેશી ગયો હતો. અને પ્રવેશતા જ ફરી એકવાર મને મારી પ્યારીના દુઃખે ઘેરી લીધો. યાત્રા સુધી તો વાત બરાબર હતી, પણ દ્વારકામાં તો એ જ મારું પ્રથમ કર્તવ્ય બનતી હતી. હવે મારા

હાથોમાં રુક્મિણીનું દુ:ખ દૂર કરવા સિવાય બીજું કોઈ કાર્ય નહોતું. મને વિશ્વાસ હતો કે પોતાના કૃષ્ણનો પ્રેમ પામતા જ તેનું દુ:ખ ક્યાં વિલીન થઈ જશે, તેની તેને ખબર જ નહીં પડે. આ બાજુ ભદ્રા પહેલી વાર આટલી ભવ્ય નગરી જોઈ રહી હતી. તે પણ દ્વારકા જેવી અદ્ભુત. બિચારી બધું ભૂલાવીને નગરીની ભવ્યતામાં જ ખોવાઈ ગઈ હતી. અત્યારે તેનામાં બાળકો જેવી કુતૂહલતા હતી. આ જોઈને, ઉત્સાહવશ દ્વારકાપ્રવેશની સાથે જ રથની કમાન મેં મારા હાથોમાં લઈ લીધી અને તેને બાજુમાં બેસાડી દીધી. ...જોકે આશ્ચર્યજનક રીતે દ્વારકામાં અવરજવર ઘણી ઓછી હતી. આમ પણ બપોરનો સમય હતો, જ્યારે સાંજ થતા થતા જ દ્વારકાની રોનક વધતી હતી. ...તેમ છતાં માર્ગ પર જે કોઈ મને જોતું ખુશીથી ઝૂમી ઉઠતું. હાથ હલાવીને મારું અભિવાદન કરતું. પોતાના દ્વારકાધીશનો એક વર્ષ પછી આવવાનો ઉત્સાહ તેમના ચહેરા પર સાફ વર્તાઈ રહ્યો હતો. કહેવાની જરૂર નથી કે મારા આવવાની ખબર આગની જેમ સમગ્ર દ્વારકામાં ફેલાઈ ગઈ. લોકોમાં ભદ્રાને લઈને પણ ખૂબ ઉત્સુકતા હતી. સહુથી ખુશીની વાત તો એ હતી કે સાત્યકિ મને રસ્તામાં જ મળી ગયો. મેં તેને મારી સાથે જ રથમાં બેસાડી લીધો. જ્યારે મેં તેની મુલાકાત ભદ્રા સાથે કરાવી તો તે ચોંકી ગયો. તેને આવા વિવાહની આશા બિલકુલ નહોતી. ...કદાચ તે પણ વિશ્વસુંદરીની જ આશા લગાવીને બેઠો હતો.

હશે, હાલ તો જ્યારે સાત્યકિ રસ્તામાં જ મળી ગયો હતો તો મારે તો આ વાતનો પણ ફાયદો ઉઠાવવાનો હતો. હું તેની પાસેથી જલ્દીમાં જલ્દી રુક્મિણી, પ્રદ્યુમ્ન અને દ્વારકાના સામાન્ય ખબરઅંતર પૂછવા અને સમજવા ઇચ્છતો હતો. તે પણ કદાચ આવી જ કોઈ જિજ્ઞાસાની પ્રતીક્ષા કરી રહ્યો હતો. પણ તેણે કહ્યું માત્ર આટલું જ કે ક્યાંય કંઈ બરાબર નથી. લો, આ તો સાત્યકિએ મારી ઉત્સુકતા શાંત કરવાને બદલે વધારે વધારી દીધી, અને ઉપરથી હદ તો એ કે તે આનાથી વધારે બીજું કંઈ કહેવા તૈયાર જ નહોતો. બહુ આગ્રહ કરવાથી તેણે માત્ર એટલું જ કહ્યું કે પ્રદ્યુમ્નની હજુ સુધી કોઈ ખબર મળી નથી શકી. હવે આ તો અપેક્ષિત જ હતું. પણ બીજું કંઈ કેમ નથી કહી રહ્યો? ચાલો, કંઈ વાંધો નહીં, ન બતાવે તો કંઈ નહીં. પણ પહેલાં કમસેકમ ભદ્રાને રાજમહેલમાં બરાબર રીતે રોકાવી તો દઉં. તેને નાનાજી અને માતાપિતાના આશીર્વાદ અપાવી દઉં. સુભદ્રા સાથે તેની મુલાકાત કરાવી દઉં. પછી સાંજે રુક્મિણી પાસે જતો આવું અને તેની જ પાસેથી દ્વારકાના બીજા ખબરઅંતર પણ જાણી લઈશ.

...હવે મનુષ્ય વિચારે તો બધું સારું જ છે. પરંતુ કુદરતને શું મંજૂર છે, એ વાત બિચારો નથી જાણતો. ભદ્રાને તો બધાના આશીર્વાદ મળી ગયા. સુભદ્રા સાથે તેની દોસ્તી પણ થઈ ગઈ. નવી ભાભીના રૂપે સખીને પામી સુભદ્રા ખુશ પણ ઘણી થઈ ગઈ. હું પણ ભદ્રાની બાબતમાં નિશ્ચિંત થયો. આ બાજુ આ બધા કાર્યો પતાવીને ફરી એકવાર મારું ચિંતન સાત્યકિની વાતોમાં અટવાઈ ગયું. મને આમ પણ તેની વાતો રહસ્યમય લાગી રહી હતી. મેં વિચાર્યું, શા માટે નાનાજીને જ દ્વારકાના ખબરઅંતર ન પૂછી લઉં? આ નાના કાર્ય માટે રુક્મિણી સાથેનો સુંદર સમય શા માટે બગાડવો? આથી, સાત્યકિને લઈને હું નાનાજીના કક્ષમાં પહોંચી ગયો. પણ આ શું? મેં દ્વારકાના ખબરઅંતર શું પૂછ્યા, નાનાજી એક ઊંડી ઉદાસીમાં ડૂબી ગયા. મને ચિંતાએ ઘેરી લીધો. એ તરફ સાત્યકિ કંઈ બોલતો નથી, આ બાજુ પૂછતાવેંત નાનાજી ચિંતાની ઊંડી ખાઈમાં ડૂબી ગયા. જરૂર સમસ્યા જટિલ અને ઊંડી હોવી જોઈએ. પરંતુ એવું શું હોઈ શકે છે? હવે પ્રદ્યુમ્ન ન મળ્યો તો ન મળ્યો. આ કંઈ એટલી મોટી વાત થોડી જ થઈ ગઈ કે જેનો આ હદે માતમ મનાવવામાં આવે? ત્યારે જ બીજો વિચાર આવ્યો, નાનાજી જેવા પરિપક્વ રાજનીતિજ્ઞને પ્રદ્યુમ્નનું ન મળી શકવાનું આટલું હચમચાવી નથી શકતું. વાત બીજી કોઈ અને તે પણ ગહન હોવી જોઈએ. બસ, મેં પ્રેમથી નાનાજીને આગ્રહ કરવાનું શરૂ કર્યું. સવાલોની હારમાળા ઊભી કરી દીધી. અંતે મારી મહેનત રંગ લાવી. નાનાજીએ કંઈ બોલવા માટે તૈયારી બતાવી.

હું પણ સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયો. જાણી તો લઉં કે ઉદાસીનું કોઈ કારણ છે પણ કે આ લોકો ભળતી જ ચિંતા પાળી રહ્યા છે. ...પણ નાનાજીએ દ્વારકાનું જે દ્રશ્ય બતાવ્યું તે ખરેખર ખૂબ જ ખતરનાક હતું. દ્વારકાની પરિસ્થિતિ નિયંત્રણ બહાર જતી રહી હતી. હું એક વર્ષ માટે દ્વારકાથી બહાર શું રહ્યો, બધું નેસ્તનાબૂદ થઈ ગયું હતું. મેં આવી કોઈ પરિસ્થિતિની તો ક્યારેય કોઈ કલ્પના કરી જ નહોતી. નાનાજીએ જે કંઈ બતાવ્યું તેનો સાર એ હતો કે રાજકર્મચારીઓ પર રાજમહેલની પકડ ઢીલી થઈ ગઈ છે. તેઓ આખો દિવસ નશામાં ચૂર રહેવા લાગ્યા છે. એટલું જ નહીં, દ્વારકામાં ઠેરઠેર નર્તકાલયો ખૂલી ગયા છે. બહારથી આવેલી કેટલીય વેશ્યાઓએ દ્વારકામાં પોતાનો કાયમી નિવાસ પણ કરી દીધો છે. મોટા ભાગના રાજકીય કર્મચારી તેમની અદાઓના ગુલામ થઈ ગયા છે.

...આ બધું સાંભળતા જ મારી બુદ્ધિએ તો કામ કરવાનું જ બંધ કરી દીધું. આખરે આ બધું થયું કેવી રીતે? રાજકર્મચારીઓને તો રજાના દિવસ સિવાય મદિરાપાન કરવાનું વર્જ્ય હતું. સાથે જ મથુરાના યાદવોને છોડીને દ્વારકામાં અન્ય કોઈના પણ પ્રવેશ પર પ્રતિબંધ હતો. આવામાં આ વેશ્યાઓ કેવી રીતે પ્રવેશ કરી ગઈ? મારી તો ઈન્દ્રિયોએ જ જવાબ આપી દીધો. આ તો દરેક જવાબ, સો નવા સવાલ ઊભા કરી રહ્યો હતો. અને મુસીબત એ કે તેમ છતાં મને મારા કોઈ સવાલનો સંતોષકારક જવાબ મળી શકતો નહોતો. આટલો મજબૂત વહીવટી પાયો નાખ્યા બાદ પણ એક જ વર્ષમાં દ્વારકાની આ હાલત કેવી રીતે થઈ ગઈ? ભાઈ અને સાત્યકિ જેવાઓનું જોશ અને નાનાજીનો અનુભવ ક્યાં ગયો? અંતે મારાથી ન રહી શકાયું. મેં નાનાજીને સીધો સવાલ કર્યો- આટલું બધું થઈ ગયું અને તમે લોકો કંઈ કરી ન શક્યા...?

નાનાજી એકદમ દુ:ખી થતા બોલ્યા- કરવા માટે તો હું બધું કરી શક્યો હોત, પણ બલરામ...

...આટલું કહીને તેઓ ફરી ચૂપ થઈ ગયા. હવે આ શું વાત થઈ? હું જિજ્ઞાસા શાંત કરવા માટે સવાલ પૂછી રહ્યો છું, અને આ ઊલટું તેને વધારે ભડકાવવા કટિબદ્ધ છે. અંતે મારી કોઈ વાતનું સમાધાન કેમ નથી થઈ રહ્યું? હું તો બરાબરનો અકળાઈ ગયો. આ બાજુ મને આ રીતે અકળાયેલો જોઈને, હવે સાત્યકિએ હિંમત કરીને આખી વાત બતાવી. તેણે કહ્યું- સાચું કહું કૃષ્ણ, તો અત્યારે દ્વારકાની હાલત મથુરા જેવી થઈ ગઈ છે. આખી નગરી મદિરા અને નૃત્યમાં ડૂબી ગઈ છે. લોકોએ કામકાજ પર પણ ધ્યાન આપવાનું ઓછું કરી દીધું છે. રાજકોષમાં કોઈ કર જમા કરાવવા રાજી નથી. ઊલટું તે ધનનો ઉપયોગ વેશ્યાઓ અને મદિરા માટે કરવામાં આવી રહ્યો છે. તમામ મુખ્ય હોદ્દાઓ પર બહારના વ્યક્તિઓને બેસાડી દેવામાં આવ્યા છે. ફળસ્વરૂપે રાજકર્મચારી સંપૂર્ણ રીતે નિયંત્રણની બહાર થઈ ગયા છે. પછી એક લાંબો શ્ર્વાસ લેતા બોલ્યો- અને આ બધાના મૂળમાં બલરામ છે. તેઓ પોતે એક નર્તકીનાં પ્રેમમાં પાગલ થઈ ગયા છે. આખો દિવસ મદિરામાં ડૂબેલા રહે છે. બહારના કર્મચારીઓની નિમણૂંક પણ તેમના ઈશારે થઈ છે. જ્યાં જુઓ ત્યાં વેશ્યાલય અને મદિરાલય ખોલવાની છૂટ પણ તેમણે જ આપી છે.

આ બધું સાંભળતાવેંત મારું તો માથું જ ભમી ગયું. ભાઈ નૃત્ય અને મદિરાના શોખીન તો હતા જ. પરંતુ આ શોખ આટલી હદે વધી જશે કે કોઈ નર્તકીના પ્રેમમાં ડૂબી જશે, એવું તો મેં ક્યારેય વિચાર્યું નહોતું. ...ચાલો, અહીં સુધી તો ઠીક છે, પણ પોતાના એ શોખને પોષવા માટે સમગ્ર દ્વારકાને દાવ પર લગાવવાની વાત સમજમાં આવનારી નહોતી. ભાઈ આ રીતે ગાફેલ થઈ જશે એ માનવામાં આવતું નહોતું. જોકે એ તો હું પહેલેથી જાણતો હતો કે નૃત્ય અને મદિરા યાદવોની કમજોરી છે. હું આ બધું જાણતો હોવાથી જ નૃત્ય અને મદિરા પર કડક નિયંત્રણ રાખીને બેઠો હતો. હું જાણતો હતો કે એકવાર યાદવોને આનો ચસ્કો લાગી જાય, તો પછી એમને બીજું કંઈ સૂઝવાનું નથી. અને એટલે જ નોબત અહીં સુધી ના પહોંચે તેની ગોઠવણ હું પહેલેથી જ કરી ચૂક્યો હતો. પછી આ બધું કેવી રીતે થઈ ગયું...? ...જોકે સાધારણ ચિંતન બાદ મને એ સમજતા વાર ન લાગી કે આ સમયે ભાઈના ક્રોધ

અને પાગલપણાં સામે બધા લાચાર છે. અને આમ પણ સાચી વાત તો એ છે કે ભાઈને પાછા વાળવાનું કામ મારા સિવાય કોઈના વશમાં નથી. ત્યાંજ એક વાત પણ સ્પષ્ટ હતી કે આ બધી સમસ્યાના મૂળમાં નૃત્ય અને મદિરા જ છે. પરંતુ જ્યાં સુધી ભાઈને આ બધાથી મુક્ત નથી કરાવવામાં આવતા, ત્યાં સુધી દ્વારકાવાસીઓથી બળપૂર્વક આ બધું છોડાવવું બેઈમાની થશે. અર્થાત્ લઈદઈને સહુથી પહેલાં બાથ ભીડવાનું ભાઈથી જ થશે.

...જોયું તમે! હજી તો મને દ્વારકા આવ્યે થોડાક કલાકો જ વીત્યા હતા કે એક મહાન કર્મ મારી પ્રતીક્ષા કરતું મળ્યું. જોકે એમાં મને શું ફરક પડવાનો હતો? હું કર્મથી ક્યાં ક્યારેય ભાગવાનો હતો? આમ તો જીવનમાં ભાઈ સાથે અનેક વાર મારી ટક્કર થઈ ગઈ હતી. મને આ સત્યનો પણ પાક્કો અનુભવ હતો કે ભાઈને ક્રોધથી નહીં, પ્રેમથી જ વશમાં કરી શકાય છે. આમ પણ અમારા બંનેનો પ્રેમ કોઈ સાધારણ પ્રેમ તો હતો જ નહીં. આવામાં ભાઈને પાછા વાળવામાં મને કોઈ ખાસ મુશ્કેલી નજરે આવી રહી નહોતી. હા, મંત્ર જરૂર થોડા વિશેષ ભણવા પડશે, તો આ વખતે તે પણ ભણી લેવામાં આવશે.

હવે મારું કર્મ અને કર્તવ્ય, બંને ભાઈ હતા. હું મારી સ્વપ્નનગરીને આ રીતે ખાડામાં પડતી જોઈ શકતો નહોતો. મેં તત્ક્ષણ સાત્યકિ પાસેથી ભાઈનું ઠામ-ઠેકાણું જાણવા માંગ્યું. તેણે જે કંઈ બતાવ્યું તે બિલકુલ અણધાર્યું હતું. તેના બતાવ્યા અનુસાર, ભાઈની દીવાનગી એ હદે વધી ગઈ છે કે તેઓ હવે કેટલાય દિવસો સુધી એ નર્તકીને ત્યાંજ પડ્યા રહે છે. એમણે એના માટે એક વિશાળ ઘર પણ બનાવી દીધું છે. બસ, દિવસ-રાત ત્યાં મદિરામાં ધુત્ત પડ્યા રહેવાનું એમનું નિત્યકર્મ થઈ ગયું છે.

મેં આશ્ચર્યથી પૂછ્યું- અને ભાભી...?

સાત્યકિએ કહ્યું- બલરામ સામે એમની શી વિસાત? બસ, આખો દિવસ દીવાલો સાથે માથું ફોડીફોડીને રોયા કરે છે.

આ બધું સાંભળતા જ મારા પગ નીચેથી ધરતી ખસી ગઈ. રેવતીનું રોવાનું તો તેનાથી પણ વધારે છે. બસ, હું રથ લઈને સીધો રેવતીભાભીને મળવા જતો રહ્યો. ભાઈ સાથે મુલાકાત કરતા પહેલાં એકવાર ભાભીને મળવું જરૂરી લાગી રહ્યું હતું. જોકે આ બધી મૂંઝવણોમાં જ સાંજ પણ થઈ ગઈ હતી. પણ કર્તવ્ય દ્વારકાની આથમી રહેલી સાંજથી તેને ઉગારવા માટે લલકારી રહ્યું હતું. ચોક્કસપણે દ્વારકા મારા પાછા ફરવાના ઉપલક્ષ્યમાં એક નવી સવારની પ્રતીક્ષા કરી રહી હતી.

...મારું જીવન ખરેખર અતિ મુશ્કેલ સંઘર્ષોની એક હારમાળા હતું. આખા એક વર્ષના કઠિન પરિશ્રમ બાદ દ્વારકા આવ્યો હતો; વિચાર્યું હતું, પહોંચતાજ સહુથી પહેલું રુક્મિણીનું દુઃખ દૂર કરીશ. જરૂરી આરામ કરીશ. પરંતુ આરામ તો દૂર, અહીં તો રુક્મિણીનું દુઃખ દૂર કરી શકવાનો મોકો પણ મળી રહ્યો નહોતો. ઉપરથી કુદરતે એવી ચાલ ચાલી હતી કે તે બિચારીને તો મારી પાસેથી નિત નવી વેદનાઓ સહેવી પડી રહી હતી. પહેલાં જ પુત્ર જન્મ વખતે દ્વારકા ન રોકાઈ શકવાનું દુઃખ તેને આપી ચૂક્યો હતો. ઉપરથી પુત્રનું અપહરણ થઈ ગયું હતું. તે વખતે પણ તેની સારસંભાળ લેવા માટે આખા એક વર્ષ સુધી દ્વારકા આવી શક્યો નહોતો. એટલું ઓછું હતું તો એક વર્ષ પછી આવ્યો હતો બીજા વિવાહ કરીને અને હવે દ્વારકા આવ્યા બાદ તેને મળવા સુદ્ધાં જઈ શકતો નહોતો. જ્યારે તમે બધા જાણો છો કે તેનું દરેક દુઃખ મારા હૃદયને હજાર જખમોની પીડા આપતું હતું. કોણ છે જે પોતાના દિલમાં આટલા જખમો સમાવીને પણ હસીને કર્તવ્ય-કર્મ સંપૂર્ણ ઈમાનદારી સાથે સતત નિભાવે જાય છે? કદાચ એટલે જ હું સાધારણ મનુષ્યોથી ભિન્ન છું, ઉપર છું, અરે... એટલા માટે તો હું "કૃષ્ણ'' છું, જે દિલમાં રુક્મિણી નામનું તોફાન લઈને જ દ્વારકાની સમસ્યા સાથે બાથ ભીડાવવા નીકળી પડ્યો હતો.

આમ તો આ બધી વાતોમાં શું રાખ્યું હતું? સાચું તો એ છે કે મારા દિલમાં ઊઠી રહેલા

તોફાન અને રુક્મિણીનું દર્દ અમારી વ્યક્તિગત સમસ્યા હતી. પરંતુ દ્વારકાની સમસ્યા પરમાર્થની વાત હતી. ત્રીસ હજાર યાદવોની જિંદગીનો સવાલ હતો. મારા કર્મોની પસંદગી હંમેશાં સ્પષ્ટ રહેતી હતી. વ્યક્તિની તુલનામાં પરિવાર, પરિવારની તુલનામાં નગર, નગરની તુલનામાં રાજ્ય અને રાજ્યની તુલનામાં સંપૂર્ણ આર્યાવર્ત તથા આર્યાવર્તની તુલનામાં પ્રકૃતિ, એજ હંમેશાં મારી પસંદગી રહી છે. જ્યારે આજની પસંદગી તો રુક્મિણી અને દ્વારકાની વચ્ચે હતી. એક વ્યક્તિ અને રાજ્યની વચ્ચે હતી. આ કોઈ મુશ્કેલ પસંદગી તો હતી નહીં, રાજ્યએ જ જીતવાનું હતું.

ખેર! હાલ તો આ બધા ચિંતનો વચ્ચે ક્યારે ભાઈના મહેલ સુધી પહોંચી ગયો, કંઈ ખબર ન પડી. જોકે આટલી વ્યગ્રતા હોવા છતાં, મેં હાવભાવ તદ્દન સામાન્ય બનાવી રાખ્યા હતા. ત્યાં સુધી કે મેં અજાણ બનીને દાસીઓને ભાઈ અને ભાભીને બોલાવવા કહ્યું. હવે ભાઈ તો હતા જ નહીં, એટલે સ્વાભાવિક રીતે મારા આવવાની ખબર સાંભળીને ભાભી દોડતા આવ્યા. મેં તો તેમને નમીને એવી રીતે પ્રણામ કર્યા કે જાણે કંઈ જ થયું ન હોય... અથવા મને કંઈ ખબર જ ન હોય. પરંતુ ભાભી સ્વયં પર નિયંત્રણ ન રાખી શક્યા. મને જોતા જ ફૂટીફૂટીને રોઈ પડ્યા. હું તેમનું દર્દ સમજી રહ્યો હતો. ...ત્યારે તો આવ્યો હતો. મેં તરત એમને ગળે લગાવ્યા અને માથા પર હાથ ફેરવવા લાગ્યો. થોડી વાર પછી જેવા તે સામાન્ય થયા, પોતાની તમામ હૈયાવરાળ એક જ વારમાં બહાર કાઢી ભાઈસાહેબ તમે શું ગયા, મારી તમામ ખુશીઓ જતી રહી. હું જ નહીં, રુક્મિણી પણ દુ:ખોના વમળમાં ફસાતી જતી રહી. હું અને રુક્મિણી જ નહીં, તમારા જતા જ આખી દ્વારકાનું સુખચેન લૂંટાઈ ગયું.

મેં હસતા હસતા કહ્યું- કંઈ વાંધો નહીં. ચિંતા શા માટે કરો છો? હવે હું આવી ગયો છું. બધું ઠીક થઈ જશે. ...આમ કહીને હું તેમને બેઠકક્ક્ષમાં લઈ ગયો અને મારી સામે જ બેસાડી દીધા. કક્ષ પણ દાસીઓથી મુક્ત કરાવી દીધો જેથી વાતચીતની ગુપ્તતા જાળવી શકાય.

આ બાજુ થોડી વાર તો ભાભી મૌન રહ્યા, પરંતુ પછી એકદમ ઉદાસ થઈને બોલ્યા- શું ધૂળ ઠીક થઈ જશે? હવે બહુ મોડું થઈ ગયું છે.

મેં ફરી હસતા હસતા કહ્યું- જીવનમાં ઉદાસ રહેવું કે હારવું કાયરોની નિશાની છે. જ્યારે મારા પ્યારા ભાભી, તમે તો બહાદૂર છો. તમને આવી વાતો લગીરે શોભા નથી દેતી. ચિંતા ના કરો, હું ભાઈ અને દ્વારકા બાબતે બધું જાણી ચૂક્યો છું.

ભાભી થોડા હેબતાઈને બોલ્યા- બધું જ?

મેં કહ્યું- હા, બધું જ! ત્યાં સુધી કે ભાઈ અને તે નર્તકીના પ્રેમ બાબતે પણ જાણી ચૂક્યો છું.

આ સાંભળતા જ ભાભી ઘણી હદ સુધી સામાન્ય થઈ ગયા. હું બધું જાણી ચૂક્યો હતો, તે જ તેમના માટે પર્યાપ્ત હતું. કારણ કે બલરામ જેવા તોફાન સાથે ટકરાવાની કે તેને પાછા વાળવાની અપેક્ષા તે મારા સિવાય બીજા કોઈ પાસે કરી શકતા નહોતા. બીજી તરફ જ્યાં સુધી મારો સવાલ છે, મને મારા પર એટલો વિશ્ર્વાસ તો હતો જ કે જરૂર પડ્યે બલરામ શું, હું કુદરતને પણ પાછા વાળવાની ક્ષમતા રાખું છું. આ મારો માત્ર કહેવાનો આત્મવિશ્ર્વાસ જ નહોતો, પરંતુ હું કંઈપણ કરી શકું છું... આ વિશ્ર્વાસ જ મારી વાસ્તવિક ક્ષમતા હતી. આમ તો એક રહસ્યની વાત બતાવું, વિશ્ર્વાસ અને ક્ષમતા બે અલગ અલગ વાતો નથી, પરંતુ એક જ સિક્કાની બે બાજુ છે. ભીતર વિશ્ર્વાસ હોય, તો બહાર ક્ષમતા જન્મી જ જાય છે.

...ખેર, હાલ તો આમ જ વાત આગળ વધારવાની ઔપચારિકતાથી મેં ભાભીને પૂછ્યું- રાત થઈ ગઈ છે, ભાઈ હજી સુધી નથી આવ્યા.

આ સાંભળતા જ તે એકદમ ઉદાસ થઈ ગયા. ઉદાસ તો તેમણે થવાનું જ હતું. મેં પ્રશ્ર્ન જ ખોટો પૂછી લીધો હતો. મને મારા પ્રશ્ર્ન પર ખૂબ ગુસ્સો પણ આવ્યો. કદાચ ભૂખ, ઊંઘ અને થાકને કારણે જ આવી ભૂલ થઈ ગઈ હતી. હવે પ્રશ્ર્ન લાખ ખોટો ભલે, પણ ભાભીએ ઉત્તર તો આપવાનો

જ હતો, એટલે એમણે આપ્યો- તેઓ આજકાલ કેટલાય દિવસો સુધી ઘરે નથી આવતા. ...આટલું કહેતા કહેતા તે ફરી રોવા લાગ્યા.

મારાથી ભૂલ તો થઈ જ ગઈ હતી. પરંતુ હવે શું...? મેં તરત વાત બદલતા પૂછ્યું- વાત ત્યાં સુધી પહોંચી ગઈ અને તમે તેમને રોક્યા પણ નહીં?

ભાભી બોલ્યા- ભાઈસાહેબ! તમે શું વિચારો છો, મેં તેમને રોકવાના ઓછા પ્રયત્નો કર્યા હશે? જ્યારથી તેઓ તે કુલ્ટા નર્તકીના ચક્કરમાં પડ્યા છે, ત્યારથી રોજ મારી અને એમની વચ્ચે ઝઘડો ચાલતો રહેતો હતો. મેં તેમને ત્યાં જતા રોકવા માટે હજારો ઉપાય કર્યા, લાખ ઝઘડા કર્યા, પરંતુ બધા નિષ્ફળ. હવે તો તેઓ ઘણીવાર પંદર પંદર દિવસો સુધી ઘરે નથી આવતા.

હું સમજી ગયો. ભાભીએ ખોટા વ્યક્તિ સામે ખોટા મંત્રો વાંચી લીધા. આ જ તો મનુષ્યની સમસ્યા છે, તે પોતાની જ બીમારીનો ઈલાજ નથી જાણતો. જ્યારે આમ તો મનુષ્યને ઓછામાં ઓછી પોતાની બીમારીઓ બાબતે તો ખબર હોવી જ જોઈએ. આપણી સમસ્યાઓનું સમાધાન આપણાથી વધારે સારી રીતે બીજું કોણ શોધી શકે છે? પરંતુ તેના માટે સભાનતાની જરૂરિયાત હોય છે. અને બેહોશીમાં જીવનારા મનુષ્યો પાસેથી હોશની અપેક્ષા કેવી રીતે કરી શકાય છે? ભાભીએ પણ આ જ ભૂલનું પુનરાવર્તન કર્યું હતું. હોશનો ઉપયોગ જ કર્યો નહોતો. પરિણામ એ કે આટલા વર્ષો બાદ પણ ભાઈ પાસેથી કેવી રીતે કામ પાર પાડવું, તે સમજી નહોતા શક્યા. કંઈ વાંધો નહીં, હવે હું આવી ગયો છું તો સમજાવી દઉં છું. બસ, મેં ભાભીને સીધેસીધું કહ્યું- ભાઈને પાછા વાળવાની આ પદ્ધતિ જ તમે ખોટી પસંદ કરી. તમે એ કેમ ભૂલી ગયા કે ક્રોધમાં તો ભાઈ આપણાં બધાના પણ બાપ છે. તેમને ક્રોધથી નહીં, પ્રેમથી પાછા વાળવાની કોશિશ કરવી જોઈતી હતી. તમે ભાઈને ક્રોધ અને ઝઘડા દ્વારા વાળવાની કોશિશ કરી, એટલે જ તમે નાકામયાબ રહ્યા. બીજી બાજુ, નાનાજી અને પિતાજીએ ભાઈની ઉપેક્ષા કરીને તેમને યોગ્ય રસ્તા પર લાવવા માંગ્યા, પણ તેઓ પણ નિષ્ફળ રહ્યા. મિત્રોએ એમની પાસેથી અંતર વધારીને તેમને જગાડવાની કોશિશ કરી, સફળતા એમને પણ ના મળી. પરંતુ હવે મારો જાદૂ દેખજો. હું કઈ રીતે તે સિંહને તમારી પાલતુ બકરી બનાવી દઉં છું.

...આ સાંભળતા જ ભાભીની આંખો ચમકી ગઈ. તત્ક્ષણ તેમના ચહેરા પર વિશ્ર્વાસની એક ઝલક ચમકી ઊઠી. મારા માટે પણ ભાભીનો વધતો વિશ્ર્વાસ બહુ કામનો હતો. અંતે મારે કામ તો તેમની પાસેથી જ લેવાનું હતું. અને વળી મનુષ્યનો પોતાનો વિશ્ર્વાસ જ તો પરિણામ લાવે છે. આ બધું તો ઠીક, પણ હવે ભાભીને ઘણું બધું સમજાવીને સંપૂર્ણ રીતે તૈયાર કરવાના હતા. આથી, મેં આ વખતે ભાભીને એકદમ જ સહજતાથી સમજાવતા કહ્યું- ભાભી! મારી વાત ધ્યાનથી સાંભળો. ભાઈને નર્તકી અને મદિરાની જાળમાંથી છોડાવવાનું કામ તમારા કે મારા માટે જ નહીં, સમગ્ર દ્વારકાના જીવન માટે જરૂરી છે. પરંતુ ભાઈને પાછા લાવવા માટે જે મંત્ર છે તે જરા જુદા છે. પહેલી વાત તો એ સમજી લો કે ભાઈ નર્તકીના પ્રેમમાં નથી પડ્યા, પરંતુ આ તો તેમની વાસના છે. અને તેમનું વાસનામાં આ હદ સુધી પડવાના બે કારણ છે. એક તો સતત ઘરમાં ક્લેશ હોવો અને બીજું, તેમનું અત્યાધિક મદિરાપાન કરવું. આ વાત પાક્કી જાણી લો ભાભી, કે ભાઈનું તે નર્તકીના દ્વાર પર આ રીતે પડ્યા રહેવાનું સહુથી મુખ્ય કારણ તમારું તેમની સાથે સતત ઝઘડવું છે. આ વાત સારી રીતે સમજી લો કે તેઓ ત્યાં તેની પાસે ફક્ત તમારાથી બચવા માટે જાય છે, મહત્ત્વપૂર્ણ આજે પણ તમે જ છો. ...વળી બીજી વાત એ પણ સમજી લો કે વાસના થકી મનુષ્યને વાળવાનું સહેલું છે, પ્રેમથી વાળવાનું અત્યંત અઘરું હોય છે. અને જ્યાં સુધી પ્રેમનો સવાલ છે, તે તો ભાઈ મારા અને તમારા સિવાય કોઈને કરી જ નથી શકતા. અરે, મારા પાગલ ભાભી, તે આપણાં બંનેને એટલો પ્રેમ કરે છે કે હવે તેમની પાસે કોઈ બીજાને આપવા માટે પ્રેમ બચ્યો જ ક્યાં છે? ત્યાં સુધી કે વિશ્ર્વસુંદરી પણ તેમના દ્વાર પર આવશે તો પણ તે વધુમાં વધુ ભાઈની વાસના જ જગાવી શકશે, પ્રેમની ચાહમાં તો તેણે પણ ખાલી હાથે જ પાછા ફરવું પડશે.

આથી જો તમે ભાઈને પાછા લાવવા માંગતા હો, તો મારી પાસે તેનો એક ઉપાય છે. પરંતુ પહેલાં મને કંઈ ખાવા આપો, બહુ ભૂખ લાગી છે.

આ સાંભળતા જ ભાભી શરમાઈ ગયા- ધત્ત તારી ની. માફ કરજો, ભાઈસાહેબ! હું મારી સમસ્યાઓમાં એટલી ખોવાઈ ગઈ કે તમને ભોજન શું, પાણી સુદ્ધાંનું પૂછવું ભૂલી ગઈ. ...આ કહેતા કહેતા જ ભાભી જલ્દીથી ભોજનની વ્યવસ્થા કરવા જતા રહ્યા. હું ત્યાંજ બેઠકખંડમાં આંખો બંધ કરીને આડો પડ્યો. સૂવા માટે તો સમય હતો જ નહીં, પરંતુ આ બહાને જે થોડો-ઘણો થાક ઓછો થઈ જાય. હજી આરામ શરૂ કર્યો જ હતો કે ભાભી ચાર દાસીઓ સાથે ભોજનના બે ભરેલા થાળ લઈને પધાર્યા. મારી પસંદનો સંપૂર્ણ ખયાલ રાખવામાં આવ્યો હતો. પકવાન અને ફરસાણ પણ મારી જ પસંદના હતા. થાળમાં એકથી એક સ્વાદિષ્ટ ચટણીઓ પણ હતી. અન્ય પરિસ્થિતિ હોત, અર્થાત્ કે ભોજન બાદ ભરપેટ સૂવાનું હોત તો કદાચ બંને થાળ ચટ કરી દેત. પરંતુ આજની રાતે સૂવાનું ક્યારે નસીબ થશે એની કોઈ ખબર નહોતી. થશે પણ કે નહીં, એ પણ કહી શકાય તેમ નહોતું. આથી સમયની માંગને જોઈને, મેં જાત પર નિયંત્રણ રાખવાનું જ યોગ્ય સમજ્યું. ભાભીનું મન તો ભોજન કરવા માટે બિલકુલ નહોતું થઈ રહ્યું, પરંતુ મેં તેમને જબરદસ્તી ખવરાવ્યું. કારણ કે ભૂખી બકરી ભાઈ જેવા સાંઢ સામે કેવી રીતે બાથ ભીડી શકતી?

ખેર! ભોજન બાદ અમે પાછા મુખ્ય ચર્ચા પર આવી ગયા. વાત મેં જ શરૂ કરી. મેં કહ્યું- ભાભી! અત્યાર સુધીમાં તમે એટલું તો સમજી જ ગયા હશો કે તમે નાહક ભાઈ સાથે ઝઘડતા રહ્યા, અને આ બાજુ આ ઝઘડાઓથી બચવા માટે ભાઈ તે નર્તકીની નજીક જતા રહ્યા. કારણ કે મારી દ્રષ્ટિએ, શાંતિ મનુષ્યની પ્રથમ અને અંતિમ શોધ છે.

...ખબર નહીં શું થયું કે હવે વાતનું પનુરાવર્તન થતાં જ, ભાભી ક્રોધિત થઈ ગયા- તો શું, તેઓ તે નર્તકીને ત્યાં જતા રહે અને હું તેમની સાથે પ્રેમાલાપ કરતી રહું?

આ સાંભળતા જ મેં એકદમ દ્રઢતાપૂર્વક કહ્યું- બિલકુલ! જો તમે ભાઈને પાછા લાવવા માંગતા હો, તો ભાઈ જ નહીં, તમારે તે નર્તકી સાથે પણ પ્રેમપૂર્ણ વ્યવહારનું નાટક કરવું પડશે.

ભાભી બોલ્યા- આ મારાથી નહીં થાય.

મેં કહ્યું- આ તો તમારે કરવું જ પડશે. કારણ કે તે મારી યોજનાનો મુખ્ય ભાગ છે.

...મરતો શું ન કરતો? અંતે ભાભી બંને સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરવા માટે રાજી થઈ ગયા, ...પરંતુ મજબૂરીમાં. વારંવાર બબડી રહ્યા હતા... "કેવા દિવસ આવી ગયા- હવે તો તે ચૂડેલ સાથે પણ પ્રેમપૂર્વક વાતો કરવી પડશે.'' ...સાચું કહું તો મનુષ્યની મોટા ભાગની સમસ્યાઓનું મૂળ તેનો અહંકાર જ છે. મનુષ્યની મૂર્ખતાની હદ તો એ છે કે સમસ્યાનું સમાધાન સામે પડ્યું હોય તો પણ, તે અહંકાર પર ઘા લાગવાના ભયથી સમસ્યાઓમાં અટવાઈ રહેવાનું વધારે પસંદ કરે છે. જ્યારે સમસ્યા સત્ય છે, અને અહંકાર માયા છે. તેમ છતાં, માયાના તિરસ્કારનું કષ્ટ સહન કરી શકવાની અયોગ્યતાના કારણે જીવનભર વાસ્તવિક દુ:ખ સહન કરતો રહે છે. છોડો, હાલ તો જ્યારે ભાભી રાજી થઈ ગયા છે તો આગળની વાત કરવામાં આવે. આથી હવે વાત પાક્કી કરવાના ઉદ્દેશથી મેં ભાભીને કહ્યું- જુઓ, થોડી વાર પછી આપણે તે નર્તકીના મકાન પર જઈશું. ચોક્કસપણે ભાઈ ત્યાંજ હશે. બની શકે કે તે બન્ને કઢંગી હાલતમાં પણ હોય. પરંતુ તેમ છતાં તમારે બંને સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર જ કરવાનો છે. તમારો જ નહીં, સમગ્ર દ્વારકાના જીવન-મરણનો નિર્ણય તમારા આ નાટક પર જ નિર્ભર છે.

આમ તો હવે ભાભી સંપૂર્ણ રીતે તૈયાર લાગી રહ્યા હતા. આમ પણ તે મારા ચક્કરોથી સારી રીતે માહિતગાર હતા. આથી, બીજું કંઈ નહીં તો આ બધી વાતોમાં તો તે મારા પર ભરોસો કરી જ શકતા હતા. તે જવા માટે સંપૂર્ણ રીતે તૈયાર લાગી રહ્યા હતા. એટલું જ નહીં, કદાચ જવા માટે આતુર પણ લાગી રહ્યા હતા. પરંતુ હું થોડો વધારે સમય વીત્યા બાદ જ જવા ઈચ્છતો હતો. જેથી ભાઈ અને

તે નર્તકીની મહેફિલ પૂરા રંગમાં આવી જાય. અરે ભાઈ! જામી ગયેલા રંગમાં જ તો ભંગ પાડવાની મજા આવશે. બસ, સમય પસાર કરવા માટે હું ભાભી સાથે થોડી વાર અહીંતહીંની વાતો કરતો રહ્યો. વાતવાતમાં ભાભીએ રુક્મિણીને જે સ્થિતિ બતાવી, તે અત્યંત ચિંતાજનક હતી. તેમનાં મતાનુસાર મારે પહેલાં તેને એકવાર અવશ્ય મળી લેવું જોઈએ. પરંતુ મારા માટે આ શક્ય નહોતું. મારું ચિંતન આ સમયે સંપૂર્ણ રીતે ભાઈ અને દ્વારકામાં ડૂબેલું હતું. આવામાં રુક્મિણી સાથે અડધું-પડધું મળીને શું કરીશ? મને અડધું-પડધું બોલવું, મળવું કે કાર્ય કરવું લગીરે પસંદ નહોતું. એકવાર ભાઈને સાચા રસ્તે લાવી દઉં, પછી હું મારી રુક્મિણી સાથે દિલ ખોલીને પૂર્ણતા સાથે ન મળું?

આ બાજુ વાતો કરતા અને આ બધું વિચારતા વિચારતા જવાનો સમય થઈ ગયો હતો. મેં રેવતીભાભીને મારી સાથે જ આગળ રથમાં બેસાડ્યા અને ચાલી નીકળ્યો તે મકાન તરફ જ્યાં ભાઈ તે નર્તકીની સાથે રહી રહ્યા હતા. આમ તો મેં મારું સંપૂર્ણ જીવન જ સંઘર્ષમાં વીતાવ્યું હતું, પરંતુ આ કંઈ અજબ જ પ્રકારનો સંઘર્ષ કરવા જઈ રહ્યો હતો. આ બાજુ સ્પષ્ટ લાગી રહ્યું હતું કે દ્વારકા સંપૂર્ણ રીતે બદલાઈ ગઈ છે. બજારોમાં પહેલાં જેવી રોનક નહોતી. રસ્તાઓ પર મોટા ભાગના લોકો મદિરાના નશામાં ધુત્ત જોવા મળી રહ્યા હતા. બજારોને બદલે વેશ્યાલયોની બહાર વધારે અવરજવર હતી. આ બધું જોઈને મારા મન પર શું વીતી રહ્યું હતું એ સમજવું કંઈ અઘરું કામ નહોતું. મદિરા અને નૃત્યના શોખે પહેલેથી જ મોટા ભાગના યાદવ-બાહુલ્ય રાજ્યોનું સત્યનાશ કરી નાખ્યું હતું. મેં દ્વારકાને આ બંને બીમારીઓથી બચાવી રાખવાનો પૂરેપૂરો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમ છતાં, આજની દ્વારકા અને કાલની મથુરામાં આ સમયે કોઈ ફરક નહોતો રહી ગયો. મારા સપનાંની નગરીનું આ હદે થયેલું પતન જોઈને, મને ખરેખર ઘણી પીડા થઈ રહી હતી. જો યાદવોએ સમયસર પોતાને મદિરાથી નહીં બચાવ્યા તો ચોક્કસપણે એક દિવસ આ જ મદિરા તેમના વિનાશનું કારણ બનવાનું નક્કી હતું. જોકે હાલ તો સહુથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ર્ન ભાઈનો હતો. તેઓ જ આ તમામ ફિસાદોનું મૂળ હતા. એકવાર ભાઈ સાથે પનારો પાડી લઉં, પછી દ્વારકાને પણ સીધા રસ્તા પર લઈ આવીશ.

ખેર! હમણાં તો અમારો રથ ભાઈના નવા મકાન તરફ દોડે જઈ રહ્યો હતો. રસ્તામાં મેં ભાભી પાસેથી સમજવા ઈચ્છયું કે આખરે ભાઈ તે નર્તકીની જાળમાં કેવી રીતે ફસાયા? ...અને એમણે જે કંઈ બતાવ્યું તે મારી વિચારવાની ક્ષમતાથી અનેકગણું ખતરનાક હતું. એકવાર તો મારા જેવાની બુદ્ધિ પણ ચકરાઈ ગઈ. ભાભીએ જે કંઈ બતાવ્યું તેનો સાર આ હતો- તમારા ગયાના થોડા દિવસો પછી જ સત્રાજિત પાછો આવી ગયો હતો. અને આશ્ર્ચર્યજનક રીતે, તેના આવ્યાના થોડાક દિવસોમાં જ અચાનક સત્રાજિત અને તમારા ભાઈની નિકટતા વધવા લાગી હતી. બંને મોડી રાત સુધી મદિરા પીતા રહેતા હતા. પછી તો ધીમેધીમે આ તેમનું નિત્યકર્મ થઈ ગયું હતું. થોડા સમય પછી સત્રાજિતે પોતાના રાજ્યમાંથી કેટલીક નર્તકીઓ બોલાવી. તેમાં "તેજી" નામની રાજનર્તકી પણ શામેલ હતી. તે અતિ સુંદર અને ચંચળ હતી. ધીમેધીમે બલરામ તેના નૃત્ય અને ગાયનના ગુલામ બનતા ગયા. ...પછી થોડા જ દિવસોમાં બંનેની પ્રેમ-ચર્ચાઓ દ્વારકામાં પ્રસરી ગઈ. ખબર ઊડતા ઊડતા મારા સુધી પણ પહોંચી. સ્વાભાવિક રીતે તેનાથી અમારા ઝઘડા વધવા લાગ્યા. પરિણામે ધીમેધીમે તેમણે ઘરે આવવા-જવાનું જ ઓછું કરી દીધું. પછી તો તે બંને સાથે જ રહેવા લાગ્યા. જોકે ત્યાર સુધી તો આ વીજળી ફક્ત મારા પર જ પડી હતી, પરંતુ તેજીના સહારે ધીમેધીમે તેઓ સત્રાજિતના સંપૂર્ણ નિયંત્રણમાં આવી ગયા. આ જ વાતનો ફાયદો ઉઠાવીને સત્રાજિતે તમામ મુખ્ય રાજકર્મચારીઓને બદલવા માટે તેમને રાજી કરી લીધા. ત્યાર બાદ મદિરાલયો અને વેશ્યાલયોને ખુલ્લી છૂટ આપી દેવામાં આવી. અને જે હાલત પહેલાં માત્ર તેમની હતી, તે આગળ વધીને સમગ્ર દ્વારકાની થઈ ગઈ. અર્થાત્ પહેલા જે વીજળી મારા પર તૂટી હતી, તે જ વિકરાળ સ્વરૂપ ધારણ કરીને સમસ્ત દ્વારકા પર તૂટી પડી.

હું સમજી ગયો કે 'દ્વારકા' સત્રાજિતના ષડયંત્રની શિકાર બની છે. હું એ પણ સમજી ગયો કે

સત્રાજિતના કારણે જ નાનાજી અને પિતાજી આ તમાશો ચૂપચાપ જોવા માટે મજબૂર થઈ ગયા છે. ખબર નહીં કેમ, આ જૂના યાદવો સત્રાજિતના પ્રભાવથી શા માટે અળગા રહી નહોતા શકતા? બીજી બાજુ જ્યાં સુધી સામાન્ય યાદવોનો સવાલ છે, તો એમને તો છૂટથી મદિરા પીવા મળી રહી હતી, એમણે તો સત્રાજિતની જાળમાં ફસાવાનું જ હતું. ચાલો, આ પણ માની લીધું, પણ આ ભાઈની બુદ્ધિને શું થઈ ગયું? તેઓ કઈ રીતે સત્રાજિતની જાળમાં ફસાઈ ગયા? કદાચ તેઓ સત્રાજિતની નહીં, સુંદરતાની જાળમાં ફસાઈ ગયા હતા. હવે સત્રાજિત 'સ્યમંતક મણિ'ને સહેલાઈથી ભૂલાવી નહીં શકે, એ તો હું જાણતો જ હતો. તે કોઈને કોઈ કારસો અવશ્ય ઘડશે એ પણ હું જાણતો હતો. પરંતુ આટલી જલ્દી તે આટલી મોટી જાળ પાથરવામાં સફળ થઈ જશે, એ મારી કલ્પનામાં બિલકુલ નહોતું. પરંતુ જ્યારે પોતાનો જ સિક્કો ખોટો થઈ જાય, તો દુશ્મનના જાળ પાથરવા પર શું આશ્ચર્ય કરવું? જોકે તેનો એક સ્પષ્ટ અર્થ એ પણ હતો કે પ્રદ્યુમ્નના અપહરણમાં સત્રાજિતનો કોઈ હાથ નહોતો. કારણ કે ત્યારે તો તે સીધો સોદો કરી શકતો હતો. તેને આટલું મોટું ષડયંત્ર રચવાની આવશ્યકતા જ ક્યાંહતી?

ચલો જવા દો. હવે એ તો સ્પષ્ટ થઈ જ ગયું હતું કે તમામ ઉપદ્રવ સત્રાજિતે મણિ પાછો મેળવવા માટે જ કર્યો છે. તો શું...? મણિ તેને કદી પાછો નથી મળવાનો, મણિ કંઈ તેના બાપનો થોડો જ છે? વિચારતા તો વિચારી ગયો, પરંતુ પછી ધ્યાનમાં આવ્યું કે મણિ છે તો તેના જ બાપનો. ...તત્ક્ષણ બીજો વિચાર આવ્યો, તેમ છતાં તેના પર પહેલો હક તો મનુષ્યતાનો જ બને છે. અને મનુષ્યતાનો મારાથી મોટો પૂજારી કોણ હોઈ શકે છે? આ રીતે તે મણિ મારો જ થયો. આ બધું વિચારતા વિચારતા ભાઈનું નવું ઘર આવી ગયું. અર્થાત્ હું મારી નવી "કર્મભૂમિ'' પર પહોંચી ગયો.

મેં જોયું, ઘર ચારેબાજુથી દરવાનોથી ઘેરાયેલું હતું. આશ્ચર્ય તો એ વાતનું કે ઘર વસ્તીથી દૂર બનાવાયું હતું. ભાઈનો રથ પણ દૂરથી જ જોઈ શકાતો હતો. આમ સરવાળે બે માળના આ મકાનમાં ઉપર જવાની સીડીઓ બહારથી જ આપવામાં આવી હતી. અર્થાત્ ભાઈએ પોતાનો અડ્ડો ઉપર જમાવી રાખ્યો હશે, નીચે સેવકોને ઉતારો આપ્યો હશે. ભવનની વાત કરું તો આ કોઈ દ્રષ્ટિએ નાનું કહી શકાય તેમ નહોતું. આશ્ચર્ય એ વાતનું કે ભવનની બહાર આંટા મારી રહેલા મોટા ભાગના સૈનિકોના ચહેરા નવા લાગી રહ્યા હતા. હું આ બધું દ્રશ્ય જોતા જોતા ભાભીની સાથે રથથી ઉતર્યો જ હતો કે ત્યારે એક જૂના સૈનિકની નજર મારા પર પડી. ...તરત તેના મોંમાંથી નીકળ્યું- અરે! આ તો દ્વારકાધીશ અને ભાભી પધાર્યા છે. આ સાંભળતા જ મેં તમામને ચૂપચાપ પોતાના સ્થાન પર ઊભા રહેવાનો આદેશ આપ્યો. બાકી બધા તો પોતાના સ્થાન પર ઊભા રહી ગયા, પરંતુ એક દરવાન મારા આદેશની અવગણના કરીને, દોડીને ભાઈ સુધી આ ખબર પહોંચાડવા ભાગ્યો. મેં ઊભા ઊભા જ ચક્રથી તેનું નિશાન તાકીને તેનું શરીર ધડથી અલગ કરી દીધું. આ દ્રશ્ય જોતા જ તમામ કર્મચારીઓમાં ભય પ્રસરી ગયો. ચાલો, સારું થયું. એક રીતે તો તે જરૂરી પણ હતું. તેનાથી તમામ નવા રાજકર્મચારીઓ સુધી આ સંદેશ અવશ્ય પહોંચી જશે કે હવે દ્વારકાધીશ પધારી ચૂક્યા છે. કાં તો તેમના આદેશનું પાલન કરો, નહીં તો મોતના ખોળામાં સમાવા માટે તૈયાર રહો.

ચાલો, આ તો ઠીક, પણ આ બાજુ મકાનની ચારે બાજુ જે પ્રકારનો પહેરો હતો, અને સાથે જ પહેરા પર પણ જે રીતે નવા દરવાનો ગોઠવી દેવામાં આવ્યા હતા... તેનાથી એ સ્પષ્ટ હતું કે ભાઈ સત્રાજિતની મીઠી જેલમાં કેદ થઈ ગયા છે. તો તે કેદમાંથી મુક્ત કરાવવા માટે જ તો અમે અહીં પધાર્યા છીએ. બસ, હું અને ભાભી રોફ જમાવતા ઉપર પહોંચી ગયા. હવે કોઈનો અમને રોકવા-ટોકવા કે હોંશિયારી કરવાનો તો સવાલ જ ઉઠતો નહોતો. પોતાના એક સાથીનું કપાયેલું મસ્તક પહેલેથી જ બધા માટે એક બોધપાઠ બની ગયો હતો. ઉપર પહોંચતાજ મેં ધીમેથી મુખ્ય કક્ષનો દરવાજો ખોલ્યો. દરવાજો સીધો એક વિશાળ કક્ષમાં ખૂલી રહ્યો હતો. કક્ષનો શણગાર પણ ઘણો સારી રીતે થયો હોય તેવું લાગી રહ્યું હતું. વચ્ચે ખુલ્લી જગા છોડવામાં આવી હતી. બેઠક માત્ર અમારા દરવાજાની સામેની બાજુ

પર જ હતી, તે પણ ચાર-છ વ્યક્તિઓને બેસવાની. આ બધું તો ઠીક, પણ તે જ બેઠક પર ભાઈ નશામાં ચૂર તે નર્તકીના ખોળામાં સૂતા હતા. દેખીતી રીતે બંનેનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત હતા. આશ્ચર્ય એ હતું કે ભાઈ આ સ્થિતિમાં પણ મદિરાના પ્યાલા પર પ્યાલા ઢીંચે જતા હતા. કારણ સ્પષ્ટ હતું, નર્તકી પોતાના હાથોથી મદિરાના પ્યાલા ભરીભરીને ખૂબ પ્રેમથી તેમને પીવરાવી રહી હતી.

હવે મારું તો ઠીક, આવું કંઈ અપેક્ષિત જ હતું, પરંતુ આ બાજુ ભાભી આ દ્રશ્ય ન જોઈ શક્યા. તે નાહક જ ક્રોધમાં લાલપીળા થઈ ગયા. અને એ પહેલાં કે આખો બન્યો-બનાવ્યો ખેલ બગડી જાય, મેં તેમને તેમની શરત યાદ અપાવતા બહાર ખેંચી લીધા. કોઈ રીતે હજારો કાકલૂદી કરીને તેમને પ્રેમપૂર્ણ વ્યવહાર કરવા માટે રાજી કર્યા. ભાભી રાજી થતાં જ, મેં તેમને સારી રીતે સમજાવીને પહેલાં એકલા અંદર મોકલ્યા. હું બહાર જ ઊભો રહ્યો. રેવતીભાભી ક્ષણવારમાં જ બંનેની ઘણી નજીક જઈ પહોંચ્યા. આગળનો બધો આધાર ભાભીનાં સંતુલિત વ્યવહાર પર જ નિર્ભર હતો. ભાભી પણ ભાભી હતી. ધીમે પગલે તે બંનેની સામે જ યમરાજની જેમ ઊભા થઈ ગયા. ત્યાં આટલું બધું થઈ ગયા પછી છેક હવે આ નજરો ભાભી પર પડી હતી. કહેવાની જરૂર નથી કે તેમને પોતાની સામે ઊભેલા જોઈને બંનેના હોશ ઊડી ગયા. નર્તકી તો વસ્ત્ર સરખાં કરતી તરત જ ઉતાવળમાં ઊભી થઈ ગઈ. ભાઈની હાલત તો તેનાથી પણ ઘણી વધારે દયનીય થઈ ગઈ હતી. મેં પહેલી વાર તેમને આ રીતે ગભરાયેલા જોયા હતા. ચોક્કસપણે બંને માટે ભાભીનું આ રીતે આવી ચઢવું બિલકુલ અણધાર્યુ હતું. ...જોકે ભાઈ પણ ભાઈ હતા. "પડ્યા તો પણ ટંગડી ઊંચી’’વાળી કહેવત ચરિતાર્થ કરવા તત્પર હતા. કોઈક રીતે સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતા, અકડાઈથી ઊભા થઈ ગયા. આમ તો તેમની આ અક્કડ નકલી જ હતી. તેમ છતાં, ગુરુર તો જુઓ. તે જ નકલી અક્કડથી રેવતીભાભીની તરફ જોઈને ઘૂરકીને પૂછ્યું- તું અહીં કેવી રીતે...? શા માટે આવી છે?

આ તો ધાર્યુ જ હતું. અને આ પરિસ્થિતિ સાથે પનારો પાડવા માટે જ તો રેવતીભાભીને અભિનય કરવાનું શીખવાડ્યું હતું. તેમણે નિરાશ પણ ન કર્યા. તે એકદમ હસીને ભાઈના ચરણોમાં બેસી ગયા. પછી એકદમ પ્રેમથી બોલ્યા- નાથ! હું ક્યાં જઈશ? જ્યાં જ્યાં સ્વામી, ત્યાં ત્યાં હું. ભાઈને રેવતીના આવા વ્યવહારની લગીરે આશા નહોતી. તે બરાબરના હેબતાઈ ગયા. રેવતીભાભી તેમના ચરણોમાં પડ્યા હતા અને અસ્ત-વ્યસ્ત કપડામાં તેજી તેમના માથા પર ઊભી હતી. ભાઈને તો કંઈ સૂઝવું જ બંધ થઈ ગયું હતું. જો રેવતી ઝઘડો કરત, તો તેને ધમકાવી પણ શકાત. તત્કાળ ત્યાંથી ભાગવાનો આદેશ આપી શકાતો હતો. પરંતુ ભાભીના પ્રેમપૂર્ણ વ્યવહારનો સામનો કેવી રીતે કરવો, એ તો તે બિચારા જાણતા જ નહોતા. ભાઈને આ રીતે હતપ્રભ જોઈને તેજી પોતાના કક્ષમાં ભાગવા ગઈ. આ જોઈને ભાભીએ જલ્દીથી તેને પકડી. પછી ખૂબ જ પ્રેમથી તેનો હાથ પોતાના હાથમાં લેતા અરે! તમે ક્યાં જઈ રહ્યા છો? ...ખાસ તમને મળવા તો મારા દિયર પધાર્યા છે.

આ સાંભળતા જ પહેલેથી હેબતાયેલા બલરામભાઈનો તો નશો જ ઊતરી ગયો. તે ગભરાઈને બોલ્યા- દિયર! ...એટલે કોણ?

આ વખતે રેવતીભાભી એકદમ રોફથી બોલ્યા- લો! તેજીના પ્રેમમાં પોતાના ભાઈને પણ ભૂલી ગયા? એક જ તો દિયર છે મારા, કૃષ્ણ!

મારું નામ સાંભળતા જ ભાઈનો તો જીવનભરનો નશો ઊતરી ગયો. તે એકદમ ગભરાઈ ગયા. તે જ ડરમાં તેમણે પૂછ્યું- ક...ક...ક્યાં છે તે?

...હું આવા જ કોઈ મોકાની પ્રતીક્ષામાં તો બહાર દ્વાર પર ઊભો હતો. આવી પરિસ્થિતિઓમાં કૃષ્ણનું આગમન પણ ધમાકેદાર જ થવું જોઈતું હતું. હું તત્પરતાથી ઉત્તર આપતા કક્ષમાં ઘૂસી આવ્યો-હું અહીં છું, ભાઈ. અને આ કહેતા કહેતા જ તેમના ચરણસ્પર્શ કરવા લાગ્યો. તે એકદમ કૂદીને દૂર થઈ ગયા.

મેં પણ લાડમાં કહ્યું- આ શું ભાઈ! અત્યારે મને જ નહીં, સમગ્ર દ્વારકાને તમારા આશીર્વાદની સખત જરૂરિયાત છે. ...અને તમે છો કે કતરાઈ રહ્યા છો.

આ બાજુ રેવતીભાભી પણ રંગમાં આવી ગયા હતા. તેઓ પણ મારી સાથે જ ઝૂકતા, હસીને બોલ્યા- ...અને મને પણ.

અજબ દ્રશ્ય થઈ ગયું હતું. ગભરાયેલા ભાઈની પડખે એક બાજુ રેવતીભાભી ઊભા હતા અને બીજી બાજુ હેબતાયેલી તેજી. આ ઓછું હતું તો તેમની બરાબર સામે યમ બનીને સસ્મિત હું ઊભો હતો. ભાઈ અજબ ગજબ નજરે વારાફરતી ત્રણેને જોઈ રહ્યા હતા. કક્ષમાં સંપૂર્ણ સન્નાટો છવાયો હતો. મૌન રેવતીએ જ તોડ્યું. બલરામનો હાથ પોતાના હાથમાં લેતા બોલ્યા- જુઓને ભાઈ, આજકાલ તેઓ આખી આખી રાત ઘરે નથી આવતા.

આ સાંભળતા જ મેં નાટકને આગળ વધાર્યું. હસવાનું બંધ કરીને મારા ચહેરા પર થોડો ક્રોધ લાવ્યો, અને પછી ભાભીને ઠપકો આપતા બોલ્યો- એક તો તમે ભાઈનું ધ્યાન બિલકુલ નથી રાખતાં. બિચારા કેટલા થાક્યા-પાક્યા લાગી રહ્યા છે. તમે એક રાજ્ય ચલાવવાને શું મજાક સમજી રાખ્યું છે? ભાઈએ આખો દિવસ કેટલી સભાઓ, કેટલી મંત્રણાઓ કરવી પડે છે. કેટલાય કર્મચારીઓને દૂર કરવા પડે છે અને કેટલાય નવા કર્મચારીઓની નિમણૂક કરવી પડે છે. કોઈપણ સમયે અનેક અણધાર્યી સમસ્યાઓ આવી જાય છે. નાનાજી હવે વૃદ્ધ થઈ ગયા છે. પિતાજી આમ પણ રાજપાટમાં રસ નથી લેતા. લઈદઈને તમામ ભાર ભાઈના ખભા પર આવી જાય છે. અને તેમ છતાં તમે એમનો ખયાલ રાખવામાં વિફળ થઈ ગયા છો.

ભાઈ મારો એક એક શબ્દ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. ચોક્કસપણે એક એક શબ્દ તેમના પર પચાસો ઘડાનું પાણી ઉલેચી રહ્યો હતો. તેમનો નશો તો પહેલેથી જ ઊતરી ગયો હતો, હવે તો બિચારા પોતાના અસ્તિત્વ માટે ઝઝૂમી રહ્યા હતા. તેમની નજરો તો જમીન પર જે ચોંટી હતી, ઉઠવાનું નામ જ લઈ રહી નહોતી. પરંતુ આજે મારા વ્યંગોના બાણ તેમને ક્યાં છોડવાનાં હતા? મેં ભાભીને વધારે ઠપકો આપવાનું શરૂ કર્યું- શું તમે જોતા નથી કે ભાઈને આરામની કેટલી સખત જરૂરિયાત છે? એક તો તમે ભાઈનું ધ્યાન નથી રાખતા, ઉપરથી તેમની ફરિયાદ કરતા ફરો છો?

...આ બધું સાંભળીને ભાઈ બરાબરના શરમાઈ ગયા, પછી થોડા સ્વસ્થ થવાની કોશિશ કરતા મને કહેવા લાગ્યા- નહીં, એવું કંઈ નથી. તું ધીરજ રાખ.

મેં ભાઈની વાત સાંભળી ન સાંભળી કરીને સીધા તેમને ઉદ્દેશીને જ વાત કરતા કહ્યું- એવું કેમ નથી? આ સત્ય હું મારી આંખે જોઈ રહ્યો છું કે ભાભી તમારું ધ્યાન રાખવામાં સંપૂર્ણ રીતે અસફળ રહ્યા છે. ત્યાર બાદ મેં ભારે નાટકીયતાપૂર્વક ભાભીને કહ્યું- આજથી તમે અહીં જ ભાઈના નવા મકાનમાં રહેશો અને તેમનું સંપૂર્ણ ધ્યાન રાખશો. તમે જ શું, આજથી હું પણ અહીં જ રહીશ. ભાઈની સેવા કરીશ. ભલા ભાતૃ-સેવાથી મોટું કર્તવ્ય શું...?

આ સાંભળતા જ રેવતીભાભી બોલ્યા- આ પણ બરાબર છે. આજથી હું તેમની દાસી અને તમે એમના દાસ.

આ બધું સાંભળીને ભાઈ બરાબરના ગભરાઈ ગયા. અને પછી અચકાતા સ્વરે બોલ્યા- કૃષ્ણ, દાસી, દાસ આ બધું શું લગાવી રાખ્યું છે? વાત ક્યાંથી ક્યાં જઈ રહી છે. જેવું તમે વિચારી રહ્યા છો, તેવું કંઈ નથી. સો વાતની એક વાત આ છે કે હું પોતે જ આજથી રાજમહેલ રહેવા જઈ રહ્યો છું.

ભાઈને ઘરે પાછા આવતા જોઈને રેવતીભાભીના ચહેરા પર ચમક આવી ગઈ. પરંતુ હજી વાત પૂરી રીતે પાકી નહોતી બની. રેવતીભાભીના ચહેરા પર આવેલી આ ચમક વિજય પહેલાંની બિનજરૂરી ઉત્તેજનાથી વધારે કંઈ નહોતું. સંપૂર્ણ વિજય મેળવવા માટે હજી ભાઈ પર કેટલાય વધારે ઘા કરવાનું જરૂરી હતું. આથી મેં વાતનું પાસું બદલતા, હવે એકદમ ગંભીરતાથી કહ્યું- જેવી તમારી મરજી!

ચાલો, આપણે બધા રાજમહેલ જઈએ. ...પછી મેં ભાભી તરફ પાછા ફરતા કહ્યું- તમે તમારી સાથે તેજીને લઈ આવો, હું ભાઈને લઈને તમારા મહેલે પહોંચું છું.

આ બાજુ તેજીને સાથે લઈ જવાની વાત ભાઈના ગળે બિલકુલ ન ઊતરી. તેઓ તરત ચિડાઈને બોલ્યા- પરંતુ તેને લઈ જવાની શું જરૂરિયાત છે?

મેં કહ્યું- તમારા વિશ્રામ માટે તેનું ભાભી સાથે રહેવાનું પરમ આવશ્યક છે. તમે સંપૂર્ણ વાત નથી સમજી રહ્યા.

ભાઈ બબડ્યા- સમજી તો તમે લોકો નથી રહ્યા.

...પરંતુ આ સમયે તેમની મૂંઝવણ કોણ સાંભળવાનું હતું? મેં તરત ભાઈને મારી સાથે રથમાં બેસાડી લીધા અને ભાભીને ભાઈના રથમાં તેજીને લઈ આવવાનો ઈશારો કર્યો. ઈશારો મળતા જ ભાભીએ જલ્દીથી તેજીને પોતાની સાથે રથમાં લઈ લીધી. અને એ પહેલાં કે કોઈ કંઈ સમજે, અમારા રથ હંકારાઈ ગયા હતા. આખા રસ્તે ભાઈ ચૂપ જ રહ્યા. શું બોલતા...? બિચારાની ચૂપકીદી સમજી શકાય તેમ હતી. તેમની દશા ખરેખર દયનીય થઈ ગઈ હતી. પરંતુ આ સમય એમના પર દયા ખાવાનો બિલકુલ નહોતો. ત્યાં મધ્યરાત્રિ પસાર થયે પણ ઘણો સમય થઈ ગયો હતો. પરંતુ આજે આ વધતી રાતે ય કર્મમાં ક્યાં કોઈ બાધા હતી? કર્મથી ધ્યાનમાં આવ્યું. ભાઈ ભલેને વાતચીત કરવા ઈચ્છે, મારે તો તેમના માનસ પર બીજા કેટલાક પ્રહાર કરવા જ રહ્યા. બસ, મેં તેની શરૂઆત કરતા કહ્યું- ભાઈ! તમારા માર્ગદર્શનમાં વેશ્યાલયો અને મદિરાલયોની શોભા ઘણી વધી ગઈ છે. એવું લાગી રહ્યું છે કે જાણે સમગ્ર બજારની શોભા ભેગી થઈને અહીં જ એકઠી થઈ ગઈ છે.

હવે ભાઈ તેનો જવાબ શું આપતા? ખાલી હં... હં... કહીને ચૂપ થઈ ગયા. પરંતુ મારું મન એટલેથી ક્યાં ભરાવાનું હતું? મારે તો તેમને આખેઆખા ઠીક કરવા હતા. બસ, મેં વાત આગળ વધારતા કહ્યું- સાચું કહું તો છેક હવે દ્વારકા યાદવ-રાજ જેવી લાગી રહી છે. યાદવ-રાજ હોય અને જગા-જગા પર વેશ્યાલય અને મદિરાલય ન હોય, એ જામે નહીં.

ભાઈ કટાક્ષ સમજી તો રહ્યા હતા, પરંતુ તેઓ જવાબ આપવાનું ટાળી રહ્યા હતા. આમ પણ તેનો જવાબ શો હોઈ શકતો હતો? આ બાજુ આવી જ વાતોની વચ્ચે હવે મહેલ પણ આવી ગયો હતો. અને આ બાજુ હજુ અમે ઊતર્યા તે પહેલાં રેવતીભાભીનો રથ પણ આવી પહોંચ્યો હતો. મેં તેમને જ પહેલાં ઉતરવા દીધા. રેવતીભાભી હવે પૂરેપૂરા રંગમાં આવી ગયા હતા. એમણે રથમાંથી ઉતરતા જ એકદમ અદાથી ભાઈ અને તેજીને હાથ હલાવતા હલાવતા પધારવા કહ્યું. રેવતીનો આવો સુંદર ઈશારો જોઈને એ બંને તો ઊતર્યા જ ઊતર્યા, હું પણ રથમાંથી ઊતરી ગયો. બસ, અમારો મહેલપ્રવેશ થઈ ગયો. ભાઈ માથું નમાવીને જ ચાલી રહ્યા હતા. બિચારા શરમના માર્યા મારી સાથે કે ભાભી સાથે નજર સુદ્ધાં મળાવી નહોતા રહ્યા. પરંતુ હું ક્યાં છોડી દેવાવાળાઓમાંથી હતો? મેં ફરી ભાભીને કહ્યું- જો જો, ભાઈનો ઓરડો સારી રીતે ઠીક કરી દેજો. ત્યાં અત્તર વગેરે છંટાવી દો. ભાઈ ઘણાં થાકેલા લાગી રહ્યા છે, એમને અને તેજીને આરામ કરવા દો.

આ સાંભળતા જ ભાઈ સંપૂર્ણ રીતે ભાંગી પડ્યા. કોઈ રીતે ગુસ્સો પ્રગટ કરતા બોલ્યા-મારા કક્ષમાં તેજીની શું જરૂર છે? હું આમ જ ઠીક છું.

આ સાંભળતા જ ભાભી લાડમાં બોલ્યા- તમારો થાક ઉતારવા માટે હું એકલી ક્યાં સક્ષમ છું? આખરે તમે આર્યાવર્તના વ્યસ્તતમ્ રાજાઓમાંથી એક છો.

ભાઈએ તેનો કોઈ જવાબ તો ન આપ્યો, માત્ર ગુસ્સામાં પોતાના કક્ષમાં ચાલ્યા ગયા. ...એ પણ એકલા, અને ધડામ દઈને દરવાજો અંદરથી બંધ કરી દીધો. ન જાય વાંસ, ન વાગે વાંસળી. આ બધું જોઈને તેજીની તો બોલતી જ બંધ થઈ ગઈ. તે બરાબરની હેબતાઈ ગઈ. તેની તમામ અદાઓ છૂમંતર થઈ ગઈ હતી. જેના કારણે તે અભિમાનથી ફરતી હતી, તે તો ભાગીને જતો રહ્યો હતો. આજના માટે

આટલું જ પૂરતું હતું. બસ, અમે તેને સંપૂર્ણ સન્માન સાથે બીજા કક્ષમાં ઉતારો આપી દીધો. છેક હવે મારા ચહેરા પર વિજયી હાસ્ય ફરક્યું. અને તેની સાથે જ અહંકાર પકડી લીધો. શા માટે ન પકડે? અંતે હું અને વિજય હંમેશાં સાથેસાથે જ તો ચાલતા હતા. ત્યારે જ તો હું વારંવાર કહું છું કે એકવાર જેણે મારા પર ભરોસો કર્યો, તેનો ઉદ્ધાર થયો જ સમજો. હું અને હારી જાઉં, અથવા મારી યોજના અસફળ થઈ જાય? ...બની જ નથી શકતું.

ખેર! આ અહંકાર વગેરે તો ચાલતો રહેશે. હાલ તો અહીં સવાર પણ થવા આવી હતી. રાતે એક ક્ષણ પણ સૂઈ નહોતો શક્યો. થાક અને ઊંઘ એની ચરમસીમા પર પહોંચી ચૂક્યા હતા. પરંતુ મારું કાર્ય હજી પૂરું નહોતું થયું. જે કાર્ય એકવાર શરૂ કર્યું હોય, તેને પૂરું કરવાનું જ યોગ્ય હોય છે. એમાં ઢીલાશ રાખવાથી કાર્ય ફરી જટિલ થવાની સંભાવના વધી જાય છે. હજી સુધી તો માત્ર ભાઈ પર થોડું નિયંત્રણ મેળવ્યું હતું. એમના પર પણ હજી સંપૂર્ણ નિયંત્રણ મેળવવાનું બાકી હતું. આગળ હજી સત્રાજિતના આખા ષડયંત્રને ખુલ્લું પણ કરવાનું હતું. વેશ્યાલયો અને મદિરાલયો પર ફરી લગામ કસવાની હતી. કામ સારું એવું બાકી હતું અને શરીર સાથ આપી નહોતું રહ્યું. પરંતુ મનુષ્ય-જન્મનું મૂલ્ય જ કર્મ કરવામાં છે. એટલે કર્મ પ્રારંભ કર્યા બાદ તેને કોઈપણ સ્થિતિમાં પૂર્ણ કરવાને હું મારું "પરમ-કર્તવ્ય" સમજતો હતો. ...જ્યારે શરીર એ હદે થાકી જાય કે કર્મ કરવા માટે લાયક જ ન રહે, તો તેને મનની શક્તિથી ચલાવો. જ્યારે મન પણ થાક અનુભવવા લાગે, તો તેને અહંકારની તાકાતથી દોડાવો. જ્યારે અહંકાર પણ થાકી જાય, ત્યારે તેને આત્મબળથી ખેંચો. અને આત્મબળનો તો થાકવા કે હારવાનો કોઈ સવાલ જ નથી ઊઠતો. અને વળી આપણે એ કેમ ભૂલી જઈએ છીએ કે કર્તવ્ય-કર્મનો તો એના સ્વયંમાં પરમ આનંદ છે. અર્થાત્ કર્તવ્ય-કર્મ કોઈ બોજ તો હોતો નથી, એ તો ઊલટું ઉત્સવનો એક સારો એવો પ્રસંગ પ્રદાન કરે છે. આ જ કારણ છે કે મને કોઈ કર્મમાં ક્યારેય કોઈ ભેદ લાગ્યો નથી. મને જરાસંધ સાથે યુદ્ધ કરવામાં પણ એટલો જ આનંદ હતો, જેટલો ગોપીઓ સાથે રાસ રચાવવામાં. રુક્મિણીનું હરણ કરીને લાવવાનું હોય કે જરાસંધના ભયથી મથુરા છોડીને ભાગવાનું હોય, મારા માટે બંને કર્મ એક જ વાત હતી. મારે માટે તો બન્ને, સમયની માંગ પ્રમાણે કરાયેલા કર્મ હતા. અને આ જ એક કારણ હતું કે મેં જીવનમાં ક્યારેય દુ:ખ કે કષ્ટનો અનુભવ જ નથી કર્યો. અને કેમ કે ક્યારેય થાક્યો નહીં, એટલે ક્યારેય હાર્યો પણ નહીં. આજે પણ મારું શરીર હું પોતાના આત્મબળથી જ ચલાવી રહ્યો હતો. અને આત્મબળ કોઈ ઊર્જા તો હોતી નથી. સમગ્ર પ્રકૃતિની શક્તિ એમાં સમાયેલી રહે છે. શરીર આત્મબળને શું સોંપ્યું, સ્વયંને ફરી એકવાર સંપૂર્ણ રીતે તાજો-માજો અનુભવવા લાગ્યો.

ખેર! આ બાજુ હવે સવાર પણ થઈ ગઈ હતી. હવે આગળનું કર્મ મને બોલાવી જ રહ્યું હતું. બસ, રેવતીભાભીને ત્યાંજ છોડીને હું નીકળી પડ્યો. મેં મારો રથ સીધો રાજમહેલ તરફ વાળ્યો. તરત ઉદ્ધવ અને સાત્યકિને ઉઠાડ્યા. તેમને દારુક, ભદ્રક સહિત આખી મિત્રમંડળીને જલ્દીમાં જલ્દી બોલાવી લાવવા કહ્યું. થોડી જ વારમાં અમારી મિત્રમંડળી રાજમહેલના સભાકક્ષમાં હાજર થઈ ગઈ. ચોક્કસપણે આટલી વહેલી સવારે ઊંઘમાંથી ઉઠાડીને બોલાવવાને કારણે, બધામાં ડર ફેલાઈ ગયો હતો. તો વાત પણ કોઈ રાહતની તો હતી નહીં. બસ, મેં ફટાફટ બધાને એક નાનું સંબોધન આપ્યું, જેમાં તેમને મેં દ્વારકાની વર્તમાન પરિસ્થિતિ બાબતે ટૂંકાણમાં બતાવતા કહ્યું- વાસ્તવમાં સત્રાજિત એક ષડયંત્રના ભાગરૂપે દ્વારકાને પોતાના સકંજામાં લઈ લેવા માગે છે. આપણી બદનસીબી એ છે કે તેણે પોતાના આ બદ્ઈરાદામાં ભાઈને પોતાનું મહોરું બનાવ્યું છે. આમ તો ભાઈ મહદંશે પાછા મારા પ્રભાવમાં આવી ગયા છે, પરંતુ સત્રાજિતે જે નવા રાજકર્મચારીઓને નિમણૂક કરાવ્યા છે તે બધાને તરત બરતરફ કરવા જરૂરી છે. અને કેમ કે તેનાથી આપણા જૂના વિશ્વાસુ કર્મચારીઓમાં અસુરક્ષાની ભાવના જન્મી ગઈ છે, તે જ કારણે દ્વારકા પર આપણી વહીવટી પકડ ઘણી કમજોર પડી ગઈ છે. આથી સહુથી પહેલાં આપણે ભાઈ દ્વારા નિયુક્ત તમામ કર્મચારીઓના બરતરફ પત્ર તૈયાર કરવા પડશે.

સાથે જ તેમના દ્વારા અકારણ છૂટા કરાયેલા તમામ કર્મચારીઓને પુન: કામ પર આવવાનો પરિપત્ર પણ જાહેર કરવો પડશે. ...જોકે હું જાણું છું કે આ બધા પરિપત્રોનો અર્થ ત્યારે જ છે જ્યારે ભાઈ પોતે તે જાહેર કરે. કારણ કે તમામ નિમણૂંક અને તમામ બરતરફી તેમના જ આદેશથી થઈ છે. આવામાં જો આ પરિપત્ર કોઈ બીજાએ જાહેર કર્યો તો સત્રાજિત અમારા બે ભાઈઓમાં મતભેદ ઊભો કરવાની કોશિશ કરી શકે છે. તે ભાઈને ભડકાવી શકે છે કે- જો! તે જેને નિયુક્ત કર્યા, કૃષ્ણએ આવતા જ એમને છૂટા કરી દીધા. અને આ જ હું નથી ઈચ્છતો. આથી આપણે દરેક સ્થિતિમાં આ કામ ભાઈની સહમતિથી જ પાર પાડવાનું છે. ...અને જ્યાં સુધી ભાઈનો સવાલ છે, તેમને હું રાજી કરી લઈશ. તમે લોકો તો જલ્દીમાં જલ્દી ભાઈ દ્વારા નિયુક્ત અને છૂટા કરાયેલ કર્મચારીઓની યાદી બનાવવાનું શરૂ કરી દો.

આ બાજુ મિત્રમંડળીને વિષયની ગંભીરતા સમજતા વાર ક્યાં લાગવાની હતી? બધા ફટાફટ પોતપોતાના કાર્યમાં લાગી ગયા. કમાલ એ કે બપોર સુધીમાં તો યાદી તૈયાર પણ થઈ ગઈ. હવે પત્રો પર ભાઈની મંજૂરી જરૂરી હતી. બસ, હું પત્રો લઈને સીધો ભાઈના મહેલે જવા નીકળી પડ્યો. ...ત્યાં મહેલ પહોંચતાજ અજબ દ્રશ્ય જોયું. રેવતીભાભી બહાર બગીચામાં જ આંટા મારી રહ્યા હતા. બેચેની તેમના આખા અસ્તિત્વ પર છવાયેલી હતી. હું પણ અહીંની તાજી ખબર જાણવા ઉત્સુક હતો જ. કારણ કે ભાઈ હવે કેવો વ્યવહાર કરે છે, તેના પર જ આગળની તમામ રણનીતિ નિર્ભર કરતી હતી. પૂછવા પર ભાભીએ બતાવ્યું કે ન તો ભાઈ અને ન તો તેજી હજી સુધી પોતાના કક્ષમાંથી બહાર આવ્યા છે. આ સાંભળીને હું ખૂબ ખુશ થયો. ચાલો, અહીંની સ્થિતિ તો સંપૂર્ણ રીતે નિયંત્રણમાં છે. મેં ભાભીને હસીને કહ્યું પણ કે આ જ તો હું ઈચ્છતો હતો. આનો સ્પષ્ટ અર્થ એ થયો કે ભાઈ પોતાનાં કર્મો પર એટલા શરમાઈ છે કે બહાર આવીને કોઈનો પણ સામનો કરવાનું સાહસ કરી નથી શકતા.

ભાભીએ પૂછ્યું- તો હવે શું થશે?

મેં કહ્યું- હવે એ જ થશે જે "મંજૂરે-કૃષ્ણ" હશે. શરમ એટલી વધારી દેવામાં આવશે કે જેનાથી આપણે ઈચ્છીએ તેવું પરિણામ પ્રાપ્ત થઈ જાય. પછી મેં રેવતીભાભીને આગળની રણનીતિ સમજાવી અને ત્યાર બાદ અમે ચૂપચાપ ભાઈના કક્ષની બહાર ઊભા રહી ગયા. ભાભીએ ભાઈનો દરવાજો ખખડાવ્યો. જેવી આશા હતી તેમ, અંદરથી કોઈ ઉત્તર ન આવ્યો. મને તો પાક્કી ખાતરી હતી કે ભાઈ જાગી જ રહ્યા છે. મેં રેવતીભાભીના કાનમાં ધીમેથી ભાઈને કંઈ કહેવાનું સમજાવ્યું. ભાભીએ ફરી દરવાજો ખખડાવીને કહ્યું- સ્વામી ઊઠો! આટલા મોડે સુધી સૂવું એ સારા રાજાઓનું લક્ષણ નથી. રાજ્યનો આ નિયમ છે કે તેના પર મજબૂત પકડ બનાવી રાખવા માટે સતત જાગતા રહેવું જરૂરી છે. અને વળી હવે તો ભોજનનો પણ સમય થઈ ગયો છે. મેં મારા હાથેથી તમારી પસંદનું ભોજન બનાવ્યું છે.

...મારા મંત્ર કોઈ શાસ્ત્રોના કોરા મંત્ર તો હતા નહીં, તે તો તાજાતાજા મારા આત્મામાંથી સ્ફુરિત થતા હતા. અને એ જ કારણ હતું કે તે હંમેશાં ઈચ્છિત પરિણામ લાવતાં જ હતા. મંત્ર છે શું..., અંતે કોરા શબ્દ જ તો છે. પરંતુ એ શબ્દોનો પ્રભાવ ત્યારે જ પડે છે કે જ્યારે તે સ્વયંના આત્મામાંથી નીકળ્યા હોય. ભલા બીજાના આત્મામાંથી નીકળેલા શબ્દ આપણા કયા કામે આવી શકે? ધ્યાન રહે, સામાન્ય રીતે આપણે શબ્દોનો પ્રયોગ બે જ દશામાં કરીએ છીએ, એક તો પોતાના ભાવ પ્રકટ કરવા માટે, અથવા તો બીજાને પ્રભાવિત કરવા માટે. મને આજ સુધી આ વાત ક્યારેય સમજાઈ નથી કે ભલે આપણે સારી વર્ષા ઈચ્છતા હોઈએ કે બીજાનો પ્રભાવ ઓછો કરવા ઈચ્છતા હોઈએ, ભલા એમાં શાસ્ત્રના કે બીજાના કીધેલા મંત્ર શું કામ આવી શકે છે...? એ તો ઠીક, પણ કેટલાય લોકો તો વૈવાહિક જીવન સફળ બનાવવા માટે પણ મંત્રના ભરોસે રહે છે. જરા વિચારો, વિવાહ આપણે સફળ બનાવવાનો છે, તો આપણે પોતે જ પોતાના બનાવેલા મંત્રોને યોગ્ય સમયે ભણવા પડશે. એટલે જ તો

હું કહું છું કે જો વિવાહ સફળ બનાવવો છે તો "પ્રેમ અને વિશ્વાસ'' તેનો એકમાત્ર મંત્ર છે, બરાબર એ જ રીતે જીવન સફળ બનાવવાનો એક જ મંત્ર છે "નિ:સ્વાર્થ ભાવથી સતત શ્રેષ્ઠ કર્મ કરતા રહેવું.'' જરા આ વાતને તાજા ઉદાહરણથી સમજો. અત્યારે ભાઈને તેમના કક્ષમાંથી બહાર કાઢવા માટે કોઈ પંડિત આવીને મંત્ર જ નહીં, આખું શાસ્ત્ર પણ વાંચી નાખે, તો પણ શું ભાઈને ઓરડામાંથી બહાર કાઢી શકશે? અશક્ય! પરંતુ હું જાણું છું કે ભાઈ બધું સહન કરી શકે છે, પરંતુ ભૂખ ક્યારેય સહન કરી નથી શકતા. મેં ભોજનનો મંત્ર વાંચ્યો, એ પણ એમના મનપસંદ ભોજનનો, તો એમણે તો કક્ષની બહાર આવવાનું જ હતું. વાસ્તવમાં "મંત્ર'' શબ્દોની એવી માયાજાળ છે જેનો ઉપયોગ મનુષ્ય ઈચ્છિત પરિણામ લાવવા માટે કરે છે. એટલે મંત્ર હંમેશાં તાજા અને ક્ષણિક હોય છે. મંત્ર જૂના અને વાસી કદી નથી થઈ શકતા. હું તો હંમેશાં યોગ્ય સમયે યોગ્ય મંત્ર બોલવા ઘડાયેલો હતો. હું જાણતો હતો કે નૃત્ય અને મદિરાની જેમ, ભૂખ ભાઈની ત્રીજી નબળાઈ છે. સત્રાજિતે પણ નૃત્ય અને મદિરાનો મંત્ર ઉચ્ચારીને જ તો ભાઈને ગુમરાહ કર્યા હતા. અને આ બાજુ, આ સમયે મેં ભાઈના ભોજનની નબળાઈનો ઉપયોગ કર્યો હતો.

ખેર! મારા વાંચેલા મંત્ર નિષ્ફળ જવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. ભાઈએ તરત દરવાજો ખોલ્યો. દરવાજો ખોલતા જ એમણે ભાભીની સાથે મને ઊભેલો જોયો. મને જોતા જ એમની ભૂખ છૂમંતર થઈ ગઈ. એમના હાવભાવથી સ્પષ્ટ હતું કે તેઓ દરવાજો ખોલીને પસ્તાઈ રહ્યા હતા. પરંતુ હવે શું થઈ શકતું હતું? મુઠ્ઠી તો ખૂલી જ ગઈ હતી. હું જાણતો જ હતો કે જો એમને મારી હાજરીનો જરાક પણ અણસાર આવી જાત તો તેઓ એક શું, સાત દિવસો સુધી ભૂખ્યા રહેવાનું પસંદ કરત, પણ દરવાજો ક્યારેય ન ખોલત. ભાભીને વશ કરવાના બંને મંત્ર એમની પાસે હતા. તેઓ ભાભીને પ્રેમ અને ક્રોધ, બંનેથી વશમાં કરી શકતા હતા. પરંતુ મારા વ્યંગ અને કટાક્ષોનો કોઈ જવાબ એમની પાસે નહોતો. આ જ તો મારા વ્યક્તિત્વની વિશેષતા હતી. મારી પાસે તમામના મંત્ર હોય છે, પરંતુ મારો એક પણ મંત્ર કોઈની પાસે હોતો નથી. સીધેસીધું કહેવામાં આવે તો હું એક અસાધ્ય બીમારી હતો. બીજાઓ પાસેથી હું જ્યારે ઈચ્છું ત્યારે યોગ્ય મંત્ર વાંચીને તેવું કરાવવાની ક્ષમતા રાખતો હતો, પરંતુ મારી પાસેથી કોઈ કંઈ કરાવી શકતું નહોતું. આ જ તો સફળ મનુષ્ય હોવાની રીત છે. અને ઈતિહાસમાં મારાથી વધારે સફળ વ્યક્તિ તો શોધવાનું જ અઘરું.

ખેર, હશે! હાલ તો હું આ સ્પષ્ટ કરી દઉં કે ભાઈ બરાબરના શરમાઈ ગયા હતા. તેઓ પોતાના કક્ષના દરવાજા પર હાથ અડાડી અને ગરદન નીચે કરીને અમારી સામે ઊભા હતા. ઊભા રહેવા દો, હવે હું અહીં કંઈ ભાઈની શરમ દૂર કરવા માટે તો આવ્યો નહોતો. મારે તો હજી એમને ઘણાં વધારે ઝટકા દેવાના હતા. આ કાર્યક્રમની શરૂઆત, મેં અને ભાભીએ એમના ચરણ સ્પર્શ કરીને કરી. ચોક્કસપણે આ સમયે અમારા આ વ્યવહારે એમને ઘણું કષ્ટ આપ્યું. કંઈ વાંધો નહીં, હવે સુખ પહોંચાડી દઈએ છીએ. તરત મેં ભાભીને અમારા બે માટે ભોજન લઈ આવવા કહ્યું. ભૂખ ખરેખર મને પણ કકડીને લાગી હતી. આમ પણ ભૂખ, ઊંઘ અને સુસ્તીથી વધારે ચેપી બીજો કોઈ રોગ નથી. આથી સર્વપ્રથમ અમે દાબીને ભોજન કર્યું. ત્યાં સુધી કે ભાઈના ચાલુ ભોજનમાં મેં વ્યંગરૂપી એક પણ વિઘ્ન ન પહોંચાડ્યું. આ બાજુ ભોજન કરતાવેંત જ બધું ઊંધુ થઈ ગયું. ભાઈ થોડા સામાન્ય થયા અને મને પણ સુસ્તી ચઢવા લાગી. સુસ્તી સ્વાભાવિક પણ હતી, એક તો આટલી લાંબી યાત્રા કરીને દ્વારકા પહોંચ્યો હતો, ઉપરથી આવ્યા બાદ, પાછલા દોઢ દિવસથી એક ક્ષણ સૂતો નહોતો. પરંતુ અત્યારે સમયની માંગ કર્મની હતી. હાલ તો તેજી અને સત્રાજિત દ્વારા નિયુક્ત રાજકર્મચારીઓને તત્કાળ પ્રભાવથી બરતરફ કરવાનું જરૂરી હતું. અને હું ક્યારેય સમયની વિરુદ્ધ નથી જતો. મેં તો કાયમ મારું બધું "સમય''ને સમર્પિત કર્યું હતું. આ મન, હૃદય, અહંકાર તો બધા મરાવી દેવાના રસ્તે લઈ જનારા છે, માત્ર સમયનો પોકાર સાંભળીને જ મનુષ્ય સફળ અને આનંદિત જીવન પસાર કરી શકે છે. આથી હું એક સારા

જાણકારની જેમ, તરત સુસ્તી ભગાવીને કર્મમાં લાગી ગયો. આ સમયે કક્ષમાં હું, ભાભી અને ભાઈ એકલા બેઠા હતા. ભોજન કરીને ભાઈ એવી હાલતમાં તો આવી જ ગયા હતા કે એમની સાથે વાતચીત કરી શકાય. મને સમજાઈ નહોતું રહ્યું કે વાતચીત ક્યાંથી શરૂ કરવામાં આવે. પહેલાં તેજીનું પાનું કપાવવામાં આવે કે રાજકર્મચારીઓનું?

જોકે પહેલા ભાઈનો "તેજી'' સાથેનો મોહભંગ કરવાનું જ યોગ્ય લાગી રહ્યું હતું. કારણ કે ત્યારે જ તેમને વાસ્તવિક પરિસ્થિતિ સમજમાં આવી શકવાની હતી. આમ પણ જો આ તમામ પરિસ્થિતિઓનું મૂળ સત્રાજિત હતો, તો એ ન ભૂલવું જોઈએ કે તેજી જ તેનું મુખ્ય હથિયાર હતું. ...બરાબર છે, તો તેજીથી જ શરૂ કરીએ છીએ. પણ ભાઈ સાથે સીધી વાત કરી શકાય એવું હજી પણ લાગી રહ્યું નહોતું. અર્થાત્ વાત તો હજી પણ તેમની સાથે ગોળ ગોળ ફેરવીને જ કરવી પડે એવું હતું. અને તેના માટે વ્યંગ-બાણોથી સારું હથિયાર બીજું શું હોઈ શકતું હતું? આમ પણ હથિયાર એ જ ચલાવવું જોઈએ જેમાં તમને નિપુણતા મળી હોય અને જેની સામે દુશ્મન કમજોર હોય. બસ, આ જ બધું વિચારીને મેં ભાઈ પર પહેલો પ્રહાર કરતા કહ્યું- કમાલ છે! તેજીભાભી પણ હજી સુધી ઊઠી નથી.

"ભાભી'' શબ્દ સાંભળતા જ એકવાર તો ભાઈ બરાબરના ચોંકી ઊઠ્યા. જોકે તત્ક્ષણ થોડા સ્વસ્થ થઈને બોલ્યા- તો પછી તેને ઉઠાડી કેમ નહીં?

મેં કહ્યું- ભાભી તો મા જેવી હોય છે. હું તેમને ઉઠાડવાનું સાહસ કેવી રીતે કરી શકું છું?

પહેલાં ભાભી, પછી મા જેવા શબ્દોનો તેજી માટે ઉપયોગ કરવાથી ભાઈ બરાબરના વિચલિત થઈ ગયા. તેઓ મોટે ભાગે લગભગ અચકાઈને બોલ્યા- આ ભાભી... મા... ભાભી, શું માંડ્યું છે? તે કોઈ તારી ભાભી કે મા નથી.

મેં કહ્યું- નથી, તો થઈ જશે. મેં અને રેવતીભાભીએ તમારા અને તેજીના વિવાહ કરાવવાનું નક્કી કર્યું છે.

મારી આ વાત સાંભળતા જ રેવતીભાભી પણ તરત બોલી પડ્યા- હું તો વિચારી રહી છું કે આ શુભ કામ આજે જ કેમ ન પાર પાડી દેવામાં આવે?

...ભાઈ તો આ બધું સાંભળીને બરાબરના હેબતાઈ ગયા. આ બાજુ કામ બનતું જોઈને મેં તરત રેવતીભાભીને કહ્યું- ઊભા-ઊભા તમે અમારું મોં શું જોઈ રહ્યા છો? જાવ, જલ્દીથી તેજીભાભીને ઉઠાડો. ફટાફટ વિવાહ થાય તો રાત્રે રાજમહેલમાં કોઈ ઉત્સવ રાખી શકાય.

એ તરફ આ વાત સાંભળતા જ રેવતીભાભી તેજીને ઉઠાડવા દોડ્યા, અને આ બાજુ આ બધું સાંભળતા જ ભાઈ માથા પર હાથ રાખીને પાસેની જ એક બેઠક પર બેસી ગયા. અને પછી એવું માથું ખંજવાળવા લાગ્યા કે જાણે હું દીવાના જેવો થઈ ગયો હોઉં. સાચું કહું તો ભાઈ જેમ જેમ તૂટતા જઈ રહ્યા હતા, તેમના પર વ્યંગ બાણ છોડવાની મજા એટલી જ વધતી જઈ રહી હતી. આ બાજુ એ પણ નક્કી હતું કે મારી હરકતોથી ભાઈ અંદરને અંદર ઘણાં ખીજાઈ પણ ગયા હતા, તો એનાથી શું...? મને તો કંઈ કહેવાથી રહ્યા. ...નકામા બે-ચાર વધારે વ્યંગોને નિમંત્રણ શું કામ દેવું? પણ ચાલો એ નથી બોલતા તો હું જ મારા સુંદર મુખેથી કોઈ સારી વાણી બોલી દઉં છું. બસ, મેં તત્ક્ષણ ભાઈ સાથે એકદમ જ નાટકીય અંદાજમાં કહ્યું-તમે બિલકુલ ચિંતા ન કરો. મેં બધું વિચારી લીધું છે. નૃત્ય અને મદિરા તો મોટા મોટા રાજાઓના શોખ હોય છે. પરંતુ શું ક્યારેય કોઈ રાજાએ નર્તકી સાથે વિવાહ કર્યો છે? શું કોઈ એવો પ્રેમી રાજા જન્મ્યો છે? જો જો, તમારા તેજી સાથે વિવાહ થતાં જ તમારી પ્રેમ-કહાણીની ચર્ચા સમગ્ર આર્યાવર્તમાં ફેલાઈ જશે. તમારું મોટું નામ થશે. એક રાજાએ નર્તકી સાથે વિવાહ કર્યા. શું સહૃદય રાજા છે! ચારેબાજુ તમારી જ ચર્ચા થશે.

મારી વાત સાંભળીને ભાઈ સંપૂર્ણ રીતે ઢીલા થઈ ગયા. તેઓ એકદમ ધીમા અવાજે બોલ્યા- કેવી વાત કરી રહ્યો છે કનૈયા, તેનાથી નામ થશે કે બદનામી?

મેં હવે ખૂબ જ વ્યંગાત્મક અંદાજમાં કહ્યું- એ તો પોતપોતાના વિવેક પર આધાર રાખે છે.

મારી વાત સાંભળતા જ એમણે વક્રદ્રષ્ટિથી મારી તરફ જોયું, જાણે કે કહી રહ્યા હોય, મને મૂર્ખ સમજી રાખ્યો છે...? પણ બોલ્યા કંઈ નહીં. એટલામાં ભાભી પાછા આવ્યા. તેઓ ખાલી હાથે જ આવ્યા હતા. જોકે તેમણે પણ આવતા જ મોકો જોઈને એક ખૂબસૂરત વ્યંગ અવશ્ય કરી નાખ્યો. તેઓ ભાઈની તરફ જોઈને એકદમ વિનમ્રતાથી બોલ્યા- દ્વારકાની નવી રાણીને તો હું ઉઠાડી નથી શકી. શું તમે જઈને તેમને ઉઠાડવાનું કષ્ટ કરશો? આમ પણ રાણીઓ રાજાનો અવાજ સાંભળ્યા વિના ક્યાં ઊઠે છે?

મારા સુધી તો ઠીક હતું, પણ રેવતીભાભીના વ્યંગ ભાઈ સહન ન કરી શક્યા. સ્વાભાવિક રીતે, મોકાની પ્રતીક્ષામાં બેઠેલા ભાઈ તરત લાલચોળ થઈ ગયા અને ક્રોધિત થતા જ બોલ્યા- તે કોઈ રાણી-બાણી નથી. હું તેને ઉઠાડવા નથી જતો, તમે લોકો તેને ઉઠાડો અને અહીંથી રવાના કરો.

હું અંદરને અંદર બહુ પ્રસન્ન થયો. ચાલો, એક ભયાનક પ્રેમ-પ્રકરણ તો સમાપ્ત થયું. આ બાજુ ભાઈના મુખેથી આ સાંભળીને ભાભીના તો આખા અસ્તિત્વ પર પ્રસન્નતા છવાઈ ગઈ. હવે મને, ભાઈ અને તેજી પર વધારે પ્રહાર કરવાનું યોગ્ય ન લાગ્યું. આથી રાજકર્મચારીઓનો વારો કાઢ્યો. મેં ભાઈને એકદમ ગંભીરતાપૂર્વક કહ્યું- અરે! જે ખાસ ચર્ચા માટે હું અહીં ઉપસ્થિત થયો હતો, તે તો કરવાની જ ભૂલી ગયો. મુખ્ય પદો પર બહારના રાજ્યોના કર્મચારીઓ શા માટે નિયુક્ત કરવામાં આવ્યા, એ વાત મારી સમજમાં નથી આવી.

ભાઈ આ વખતે ઝટ અકળાઈને બોલ્યા- સારું! ...તો તમે નવા કર્મચારીઓની નિમણૂક સમજવા આવ્યા હતા અને તે પણ મારા અને તેજીના વિવાહનો ખયાલ લઈને..?

લાગે છે વાત તેજીથી ટળતા જ ભાઈના જ્ઞાનચક્ષુ એકદમ ખુલી ગયા હતા. પહેલી વાર એમણે પલટવાર કર્યો હતો. આમ તો ભાઈ વ્યંગના સારા ખેલાડી નહોતા, પણ કદાચ પરિસ્થિતિવશ આ વ્યંગ એમના મુખેથી નીકળી ગયા હતો. તેમ છતાં, વાત તો સાંભળવાની જ હતી. ભાઈને હાવી તો થવા દેવાના નહોતા. સાથે જ તેમના પર બદ્દઈરાદો પણ જાહેર થવા દેવાનો નહોતો. વાતની ગંભીરતાને પણ જાળવી રાખવાની હતી. આથી, મેં ઉત્તર એકદમ ગંભીરતાથી જ આપ્યો. મેં કહ્યું- ભાઈ, તમે ખોટું વિચારી રહ્યા છો. વાસ્તવમાં, તેજી સાથે તમારો વિવાહ કરાવવાનો વિચાર આપણા હિતની વાત હતી. જ્યારે રાજકર્મચારીઓની બાબત દ્વારકાના અસ્તિત્વ સાથે જોડાયેલી છે.

આમ પણ એક પલટવાર કરીને ભાઈ થોડા સામાન્ય તો થઈ જ ગયા હતા. આમ પણ સતત માર ખાનારા પલટીને એકાદ પ્રહાર પણ કરી લે, તો થોડો ઘણો સંતોષ તો એને પણ થઈ જ જાય છે. બસ, સંતોષની અસર એમના વ્યવહાર પર પણ પડી. આ વખતે એમણે પણ એકદમ ગંભીરતાથી મને નવા કર્મચારીઓની નિમણૂક બાબતે સમજાવીને કહ્યું- વાસ્તવમાં દ્વારકામાં બધા લોકો અંદરોઅંદર સંબંધી છે. એટલે મુખ્ય અધિકારીઓને પોતાની નીચેના અધિકારીઓને શિસ્તમાં રાખવામાં ઘણી તકલીફ થાય છે. આ જ વિચારીને વહીવટને ચુસ્ત રાખવાના ઉદ્દેશથી તમામ મુખ્ય અધિકારી બીજા રાજ્યોમાંથી બોલાવવામાં આવ્યા હતા.

મેં આશ્ચર્યથી પૂછ્યું- આવું તમને કોણે કહ્યું...?

ભોળા ભાઈ બોલ્યા- સત્રાજિતે, બહુ અનુભવ છે એમને.

ખરેખર ભાઈ બહુ ભોળા હતા. એ એમનું ભોળપણ જ તો હતું કે જે મને રહીરહીને ઘણું ગમી જતું હતું. પણ હાલ સમય ભાઈ પર પ્રેમ વરસાવવાનો નહોતો. હમણાં તો સમય ષડયંત્રને ખુલ્લું કરવાનો હતો. આથી, મેં તેમને સત્રાજિતના ષડયંત્ર વિશે વિસ્તારથી બતાવ્યું. કર્મચારીઓની નિમણૂક પાછળની તેની મંશાને ઉજાગર કરી. અને જ્યારે તેમને આ બતાવ્યું કે સત્રાજિતે પોતાના આ જ હેતુને બર લાવવા માટે તેજી દ્વારા તમારી કમજોરીનો ઉપયોગ કર્યો, તો આ સાંભળતા જ તેમનો પારો ઊંચો

ચઢી ગયો. ભાઈ ક્રોધમાં બોલી ઊઠ્યા- એ તેજીની બચ્ચીને તો મુંડન કરાવીને, ગધેડા પર બેસાડીને સરઘસ સાથે દ્વારકાથી બહાર ન હડસેલી તો મારું નામ પણ "બલરામ'' નહીં.

આ જ તો મનુષ્યની મુશ્કેલી છે. એ 'જરામાં' એક છેડેથી બીજા છેડે પહોંચી જાય છે. મેં ભાઈના ગુસ્સાને શાંત કર્યો. એમને સમજાવ્યું કે આવું કરવામાં આપણી જ બદનામી થશે. વળી એવું કેમ નથી વિચારતા કે જેટલી ભૂલ ફસાવવાવાળાની હોય છે, એટલી જ ભૂલ ફસવાવાળાની પણ હોય છે. મારા મત મુજબ તેને દ્વારકામાંથી કાઢવી જ પૂરતું છે. મારા ભોળા ભાઈએ મારી આ વાત સ્વીકારી લીધી. પછી શું હતું, બસ, વાતાવરણ બનેલું જોઈને મેં એક એક કરીને એમને બધી વાતો માટે રાજી કરી લીધા. ત્યાર બાદ તેઓ નવા કર્મચારીઓની બરતરફી અને જૂના કર્મચારીઓની પુન: નિમણૂક માટે પણ રાજી થઈ ગયા. બસ, એક વાતનું દુ:ખ હતું, આ બધું કરતા કરતા ભાઈ બહુ ઉદાસ થઈ ગયા હતા. પસ્તાવાના ભાવ એમના ચહેરા પર સ્પષ્ટ રૂપે વર્તાઈ રહ્યા હતા. તેઓ આત્મગ્લાનિ નામના રોગના શિકાર થઈ ગયા હતા. બિચારા એકદમ દુ:ખી થઈને બોલ્યા પણ-કનૈયા! જો તું યોગ્ય સમયે આવીને સત્રાજિતના ષડયંત્રને ખુલ્લું ન કરત, તો કદાચ સત્રાજિત આખી દ્વારકાને જ ગળી જાત. આ તો સારું થયું કે તું સમયસર આવી ગયો.

...બસ, આ ખોટું થઈ ગયું હતું. ચોક્કસપણે આ આત્મગ્લાનિ અને ઉદાસીના ભાવ વધારે સમય સુધી ટકવા એ સારી વાત નહોતી. આથી મેં વાતને હવામાં ઉડાડતા કહ્યું- હું યોગ્ય સમયે કેવી રીતે ન આવત? યોગ્ય સમયે હાજર રહેવું મારા સ્વભાવમાં છે.

બસ, આ બધી વાતચીત ચાલી રહી હતી ત્યાં અચાનક શું થયું કે ભાઈ ક્રોધિત થઈ ગયા. અને એ ક્રોધમાં જ મને કહેવા લાગ્યા- દુષ્ટ સત્રાજિતને તો હવે હું દ્વારકામાં ક્યારેય ઘૂસવા જ નહીં દઉં.

...હવે આ એક નવી મુસીબત ઊભી થઈ ગઈ. આમ ક્રોધિત થઈ જવું એ તો ભાઈનું સંપૂર્ણ રીતે સામાન્ય થઈ જવાનું લક્ષણ હતું. તેમ છતાં જે થઈ ગયું તે થઈ ગયું, એમાં પસ્તાવાનું શું? સારું છે કે સમય રહેતા સમજી ગયા. હવે ભૂલ ફરી ન થાય. ...આ જ પૂરતું છે. આથી મેં ફરી ભાઈને સમજાવ્યા- આપણે એવું નથી કરી શકતા. આજે પણ યાદવોમાં સત્રાજિતનો પ્રભાવ બેજોડ છે. આપણે તેની સાથે સીધી શત્રુતા ક્યારેય નથી કરી શકતા. એનાથી તો દ્વારકા આપમેળે વિખેરાઈ જશે.

હવે ખબર નહીં ભાઈ કેટલું સમજ્યાં, પણ ચૂપ જરૂર થઈ ગયા. ખબર નહીં કેમ, મનુષ્ય મધ્યમાં સ્થિર રહેવાનું જાણતો જ નથી. એક છેડેથી બીજા છેડે ઝૂલતો જ રહે છે. કાલ સુધી આ જ સત્રાજિત ભાઈ માટે ભગવાન હતો, આજે શેતાન થઈ ગયો. પરંતુ વાસ્તવમાં, સત્રાજિત એક પ્રભાવશાળી અને મહત્ત્વાકાંક્ષી યાદવ છે, તે તેનાથી વધારે ન કાલે હતો, ન આજે છે.

ખેર! હવે સાંજ ઢળી ગઈ હતી. હું ભાઈને લઈને સીધો રાજમહેલ પહોંચ્યો. મિત્રમંડળી કર્મચારીઓની બરતરફી અને નિમણૂકના કાર્યમાં લાગી ગઈ હતી. દુ:ખદ વાત એ કે બિચારા ભાઈ શરમને લીધે કોઈની સાથે નજરો મિલાવી શકતા નહોતા. કંઈ વાંધો નહીં, આટલી ભયાનક ભૂલની થોડી સજા તો ભોગવવી જ પડે છે. મેં મારું ધ્યાન દુ:ખી ભાઈને બદલે કામ પર જ લગાવ્યું. એક રાતમાં બરતરફ અને પુન: નિમણૂક કરાયેલા કર્મચારીઓને સૂચના પણ મોકલાવી દીધી. જ્યાં બરતરફ કર્મચારીઓનું પાણી સાવ ઊતરી ગયું, ત્યાં પુન: નિમણૂક પામેલા કર્મચારીઓમાં ખુશીની લહેર પ્રસરી ગઈ. તમે નહીં માનો કે બીજા દિવસની બપોર સુધીમાં તો અમે સત્રાજિત દ્વારા નિયુક્ત તમામ કર્મચારીઓ તથા તેજીને દ્વારકાની બહાર પણ મોકલી દીધા હતા.

આની સાથે જ સત્રાજિતનું ષડયંત્ર વિફળ થઈ ગયું હતું. જોકે ભલે મેં દ્વારકાને સત્રાજિતથી બચાવી લીધી હતી, પરંતુ હજી દ્વારકાને પોતાના જ યાદવોથી બચાવવાની બાકી હતી. તમામ નવા ખૂલેલા મદિરાલયો અને વેશ્યાલયોને બંધ કરાવવાના હતા. સાચું કહું તો સત્રાજિતને શા માટે નકામો કોસવો, મદિરા અને નૃત્યના શોખીન એવા યાદવોના વિનાશ માટે બહારના શત્રુની કોઈ જરૂરિયાત

હતી જ નહીં. જવા દો, હાલ તો મદિરાલય અને વેશ્યાલય બંધ કરાવવાનું શુભ કાર્ય પણ અમે ભાઈના નેતૃત્વમાં જ પાર પાડ્યું. કારણ કે ભાઈના પ્રોત્સાહનથી જ એ ખૂલ્યા હતા. આથી, ભાઈના હાથે જ બંધ કરાવવાથી બગડેલા યાદવોને સ્પષ્ટ સંદેશ મળી શકતો હતો કે હવે દ્વારકામાં આ બધું નથી ચાલવાનું. મને ખુશી હતી કે ફરી એકવાર દ્વારકામાં માત્ર રાજકીય વેશ્યાલય અને મદિરાલય બચ્યા હતા. જીવનના બીજા એક કર્મની પરીક્ષામાં હું સફળ થયો હતો. ખરેખર, કર્મ જો ઓતપ્રોત થઈને અને કર્તવ્યભાવથી કરવામાં આવે તો સફળતા તે કર્મનું ભાગ્ય બની જ જાય છે.

દ્વારકાનો વ્યવસાય ફેલાવવો

દ્વારકા આવ્યે આજે બે દિવસ થઈ ગયા હતા. આજે ત્રીજી રાત હતી. તેના પર પણ મધરાત થવાની હતી. શરીરે થાકને લીધે કામ કરવાનું બંધ કરી દીધું હતું. ઊંઘે તો આંખોને સંપૂર્ણ રીતે ઘેરી લીધી હતી. પરંતુ મારા ભાગ્યમાં હજી પણ સૂવાનું ક્યાં હતું? એક કર્મથી નીકળ્યો નહીં કે બીજું કર્મ મોં ખોલીને ઊભું જ હતું. મારી પ્રાણપ્યારી રુક્મિણી સાથે મુલાકાત કરવાની હતી. તેને સંભાળવાની હતી. બિચારી એક વર્ષથી કષ્ટ ભોગવી રહી છે. તેના પર પણ આખા એક વર્ષ પછી આવવાનું અને આવ્યાના ત્રણ દિવસ બાદ તેની સાથે મુલાકાત કરવા જવું. સ્પષ્ટ રીતે અત્યાર સુધીમાં તો તેની નારાજગી એ હદે વધી ગઈ હશે કે તેને મનાવવાનું પણ હવે કોઈ 'મહાયુદ્ધ'થી ઓછું નહીં હોય.

કંઈ વાંધો નહીં, કર્મ અને સંઘર્ષ તો મારા જીવનના અભિન્ન અંગ છે. મેં રથ સીધો મારા મહેલ તરફ હંકારી મૂક્યો. મહેલ પહોંચતા જ હું સીધો રુક્મિણીના કક્ષ તરફ આગળ વધ્યો. આજે ખરેખર મારા કર્મ કરવાની ક્ષમતાની પરીક્ષા આવીને ઊભી હતી. એક તો થાક પોતાની ચરમ સીમા પર હતો, અને ઉપરથી રુક્મિણીને સામાન્ય કરવાનું અઘરું કામ મોં ફાડીને ઊભું હતું. એ બાજુ ત્યાં આજે કોઈ સાધારણ રિસાવા-મનાવવાની રમત જેવી વાત બનતી હોય તેમ લાગી નહોતું રહ્યું. આજે તો પહેલાં તેને સામાન્ય કરવાની હતી, પછી તેના દુ:ખમાં સહભાગી બનવાનું હતું. અને ત્યાર બાદ ફરી એકવાર તેને રુક્મિણી બનાવવાનું હતું. રુક્મિણી મારી જાન જ નહીં, મારું જીવન પણ હતી. મારે માટે હસતી રુક્મિણીથી વધીને બીજું કંઈ નહોતું. આથી, બસ હું તો આ સંકલ્પ લઈને જ કક્ષમાં પ્રવેશ્યો કે તેને શાંત કર્યા વિના મારે માટે પળવારનો આરામ પણ હરામ છે.

...પરંતુ આ શું! મારા પોતાના જ મહેલમાં મારી સાથે પારકાઓ જેવો વ્યવહાર થઈ રહ્યો હતો. રુક્મિણીની સેવિકાઓ દ્વારા મને રુક્મિણીના કક્ષમાં જવાથી જ રોકી દેવામાં આવ્યો. કહેવામાં આવ્યું કે મહારાણીજી આરામ ફરમાવી રહી છે. આમ તો સેવિકાઓએ પોતાના આ કૃત્ય માટે માફી પણ માંગી. કહ્યું પણ કે અમે લાચાર છીએ, અમને માફ કરો. અમે તો માત્ર મહારાણીનો હુકમ બજાવી રહ્યા છીએ. એમાં ભલા હું શા માટે નારાજ થવા લાગ્યો? ઊલટું હું તો એમની કર્તવ્યનિષ્ઠાથી પ્રભાવિત થયો. જોકે હું આ સત્ય સારી રીતે જાણતો હતો કે રુક્મિણી જાગી જ રહી છે. એનો સૂવાનો તો સવાલ જ ઊઠતો નહોતો. ચાલો, સારું જ થયું. સેવિકાઓને આટલો કડક આદેશ આપીને રુક્મિણીનો ક્રોધ થોડો તો ઓછો થયો હશે. કારણ કે ક્રોધનો એક જ નિયમ છે, તે પ્રગટ કરવાથી જ ઓછો થાય છે.

ખેર! સેવિકાઓને નિવેદન કરીને હું કોઈ રીતે રુક્મિણીના કક્ષમાં પ્રવેશી ગયો. તે ઊલટું મોં રાખીને સૂતી હતી. હું આ તો જાણતો જ હતો કે તે સૂવાનો માત્ર અભિનય કરી રહી છે. મારા દ્વારકા આવવાની ખબર મેળવીને તે બિચારી પાછલા ત્રણ દિવસોથી મારી રાહ જોઈ રહી હશે. આ ત્રણ દિવસોમાં કદાચ એકાદ ક્ષણ જ માંડ સૂઈ શકી હશે. ચોક્કસપણે આજે મારી પ્રેમ કરવાની કળાની અઘરામાં અઘરી પરીક્ષા હતી. પણ હું આવું કેમ વિચારું? હું રહ્યો સકારાત્મક વિચારોવાળો વ્યક્તિ, એવું કેમ ન વિચારું કે આજે મને નારાજ રુક્મિણીને પટાવીને મારી ક્ષમતા સિદ્ધ કરવાનો મોકો મળી રહ્યો હતો. હવે આમ તો મારી અને રુક્મિણી વચ્ચે રિસાવા-મનાવવાની રમત ચાલતી જ રહેતી હતી. આ પણ સત્ય છે કે તે રિસાવામાં જેટલી નિપુણ હતી, તેનાથી ક્યાંય વધારે હું મનાવવામાં નિપુણ હતો. જોકે હું એ પણ ભૂલી નથી શકતો કે આ કળામાં મને નિપુણ રાધાએ જ બનાવ્યો હતો. રુક્મિણી તો કોઈ વાજબી "વાત'' પર જ રિસાયા કરતી હતી, પરંતુ રાધા તો "વાત'' વિના જ રિસાયા કરતી હતી.

પરંતુ મુસીબત એ હતી કે આજનો આ ખેલ રિસાવા-મનાવવાની હદથી આગળ વધી ગયો

હતો. આજે રુક્મિણીની પાસે નારાજ થવાના એક નહીં, હજારો યોગ્ય કારણો હતા. પુત્ર-હરણનું મોટું દુ:ખ તો તે સહન કરી જ રહી હતી, ઉપરથી આખા એક વર્ષ બાદ હું તેને મળવા જઈ રહ્યો હતો. અને તે પણ બીજો એક વિવાહ કરીને. આજનો આ મામલો પતિ-પત્ની અથવા પ્રેમની અગ્નિપરીક્ષાનો હતો. પહેલાં રુક્મિણીની નારાજગી દૂર કરવાની હતી, પછી તેનું દુ:ખ દૂર કરવાનું હતું. ત્યાર બાદ તેને દાર્શનિક જ્ઞાન આપીને શાંત કરવાની હતી. ત્યાર બાદ તેની સેવા કરીને તેનો થાક દૂર કરવાનો હતો. પછી તેને પ્રેમ આપીને તેનામાં વિશ્વાસ જગાવવાનો હતો. આજે રુક્મિણીનું કષ્ટ દૂર કરવું એક પ્રેમી અથવા પતિના હાથની વાત નહોતી. આજે તેને પિતા, પુત્ર, ભાઈ, ગુરુ અને સખા બધાની જરૂરિયાત હતી. અને એક સાચો પ્રેમી એ જ છે, જે સમય આવ્યે આ તમામ ભૂમિકા સારી રીતે નિભાવી શકે. ...અને મને મારા સાચા પ્રેમી હોવામાં કોઈ શંકા નહોતી. બસ, આ જ વિશ્વાસ સાથે હું તેની નજીક જઈને બેસી ગયો. પરંતુ તેનાથી રુક્મિણીને કોઈ ફરક ન પડ્યો, તેણે સૂવાનો અભિનય ચાલુ રાખ્યો. સામાન્ય પ્રતીક્ષા બાદ મેં હિંમત કરીને તેના માથા પર હાથ ફેરવવાનું શરૂ કરી દીધું. થોડી વાર તો તેણે કોઈ પ્રતિક્રિયા આપી નહીં, પછી અચાનક તેણે મારા હાથને ઝટકો મારી દૂર કરી દીધો. મેં તેનાથી પણ સંતોષ માન્યો. વિચાર્યું, ચાલો એક વ્યવહાર તો ચાલુ થયો. હું તો બેશરમોનો સરદાર હતો. મેં ફરી તેના માથા પર હાથ ફેરવવાનું શરૂ કરી દીધું. પરંતુ આ શું, આ વખતે તેણે જલ્દીથી મારા હાથને ઝાટકો દીધો. તો મને શું વાંધો હતો, મેં ફરી હાથ ફેરવવાનું શરૂ કરી દીધું. તેણે ફરી ઝાટકી દીધો. થોડી વાર સુધી અમારો આ ખેલ ચાલતો રહ્યો. પણ મારા જેવા બેશરમ સાથે એ ક્યાં સુધી ઝઘડતી? અંતમાં થાકીને તેણે હાથ ઝટકવાનું બંધ કરી દીધું. પરિણામસ્વરૂપે મારું રુક્મિણીના માથા પર હાથ ફેરવવાનું કોઈપણ અડચણ વિના ચાલુ થઈ ગયું. તેની સાથે જ મારા સાચા પ્રેમની પહેલી જીત થઈ ગઈ હતી.

જોકે પોતાના પક્ષે તે હજી પણ એમ જ પડી હતી. દુ:ખની વાત એ કે તેણે વસ્ત્રો પણ સાધારણ પહેર્યાં હતા. મેં રાત્રિના સમયે ક્યારેય તેને સાધારણ વસ્ત્રોમાં જોઈ નહોતી. કદાચ આ પણ તેની નારાજગી વ્યક્ત કરવાની એક પોતાની જ રીત હતી. કંઈ વાંધો નહીં, થોડી વાર બાદ હું નીચેની બાજુ સરકી ગયો. હવે મેં તેના પગ પસારવાનું શરૂ કર્યું. ઘણીવાર સુધી પગ પસારતો રહ્યો, પરંતુ તેણે કોઈ પ્રતિક્રિયા વ્યક્ત ન કરી. હું એ વિચારીને ખુશ થયો કે ચાલો પ્રક્રિયા થોડી આગળ તો વધી. આમ તો સામે સત્ય એ પણ હતું કે ભલેને હું સફળતા મેળવી રહ્યો હતો, પણ તેની ગતિ અત્યંત ધીમી હતી. તો મારે પણ ક્યાં જલ્દી હતી? કર્મવીરે કર્મથી શું ડરવાનું...? પરંતુ હવે બહુ થઈ ગયું હતું. હું પણ ત્રણ રાતથી સૂતો નહોતો. આમ પણ તેની નારાજગી થોડે ઘણે અંશે તો ઓછી થઈ જ ગઈ હતી. એ પણ નક્કી હતું કે તેની આગળની સફળતા વાતચીત કર્યા વિના પ્રાપ્ત થવાની નહોતી. અને વાતચીત શરૂ કરવા માટે બ્રહ્માસ્ત્ર ચલાવવું જરૂરી હતું. આથી મેં બ્રહ્માસ્ત્ર ચલાવી દીધું. મેં તરત તેના પગ દાબવાનું શરૂ કર્યું. તે તરત ચોંકીને ઊઠી ગઈ, અને આ શું કરી રહ્યા છો તમે,સ્વામી...?

હું જાણતો જ હતો કે મારું 'બ્રહ્માસ્ત્ર' ક્યારેય નિષ્ફળ નથી જઈ શકતું. અને તેનું પરિણામ મારી સામે હતું. ઊલટું મોં કરીને સૂતેલી રુક્મિણી મારી સામે બેઠી હતી. આખા એક વર્ષ પછી મારી પ્રાણપ્યારીની સૂરત જોવા મળી રહી હતી. પણ આ શું...? તેની આંખો સૂજી ગઈ હતી. તેનું શરીર ઘણું કમજોર થઈ ગયું હતું. તેના હાવભાવ, તેનો ચહેરો, તેની આંખો, તેનું શરીર, તેનાં વસ્ત્ર, બધા તેના પર પડેલા કષ્ટોની વાર્તા બૂમો પાડીપાડીને કહી રહ્યા હતા. તેની આવી હાલત જોઈને મારું તો દિલ જ બેસી ગયું. મારી પ્રાણપ્યારી રુક્મિણીની હાલત આટલી દયનીય થઈ ગઈ છે. શું આ દિવસો દેખાડવા માટે મેં કુંડિનપુરની રાજકુમારીનું અપહરણ કર્યું હતું? બસ, જોતજોતામાં ઉદાસીએ મને બરાબરનો ઘેરી લીધો... જોકે તત્ક્ષણ મેં જાતને સંભાળી પણ લીધી. ભલા એમાં હું કરી જ શું શકતો હતો? હું તો પ્રકૃતિનો એક શિસ્તબદ્ધ સૈનિક હતો. મારું ચાલે તો તો હું જાનવર સુદ્ધાંના તમામ કષ્ટ દૂર કરી લેતો. પછી આ તો મારી પોતાની રુક્મિણી હતી. મને મારી જાનથી પણ વધારે પ્યારી હતી. મારામાં તો

એટલો પ્રેમ ભર્યો હતો કે હું તો ઈચ્છતો હતો કે દરેક દુ:ખીને પ્રેમ આપું. મારા આ બે હાથેથી સ્વર્ગને જ ધરતી પર ઉતારી દઉં. પરંતુ એક સામાન્ય માણસ કરી જ શું શકે છે? એકમાણસ જેટલું કરી શકે છે, તેનાથી ઘણું વધારે તો હું કરી જ રહ્યો હતો. પરંતુ દરેક અહંકારના કર્મોની પોતાની જ એક દુનિયા છે. અહંકાર કરશો તો તેનું દુ:ખદાયી ફળ તો ભોગવવું જ પડશે.

ખેર! ફરી રુક્મિણી પર પાછો આવું, તો હું તેની આંખોમાં વધારે સમય સુધી ન જોઈ શક્યો. તે સંપૂર્ણ રીતે પથ્થરની થઈ ગઈ હતી. જોકે આ સંપૂર્ણ કશ્મકશ દરમિયાન તેણે મને એક નજરે જોયો જરૂર, પણ તેનાં જોવામાં પણ જોવા જેવું કશું નહોતું. સાચું કહું તો તેની હાલત જોઈને હું પણ મારામાં ઘણી કમજોરી અનુભવવા લાગ્યો હતો. તેમ છતાં મેં હિંમત કરીને તેને મારા ગળે લગાવી. ગળે લાગતા જ તે ફૂટીફૂટીને રોવા લાગી. ...અને વળગી તો એવી કે માનો પાછલા એક વર્ષથી તે આ જ પળની પ્રતીક્ષા કરી રહી હોય. આવામાં ચોક્કસપણે એનું રોવાનું હતું કે રોકાવાનું નામ જ લઈ રહ્યું નહોતું. હું પણ એ જ ઈચ્છતો હતો કે તે દિલ ખોલીને રોઈ લે. એ નક્કી હતું કે તે જેટલું વધારે રોઈ લેશે, એટલી જ જલ્દી શાંત પણ થઈ જશે. આથી મેં તેના રોવામાં કોઈ વિઘ્ન ન નાખ્યું.

અને થોડી વાર પછી, જેવું તેનું રોવાનું થોડું ઓછું થયું કે મેં તરત તેનું માથું મારા ખોળામાં રાખી દીધું. લાગ્યો એના માથા પર હાથ ફેરવવા. પરંતુ આ શું, ...તે ફરી જોરજોરથી રોવા લાગી. કંઈ વાંધો નહીં. રોવાનું તેના માટે સારું જ હતું. કારણ કે રોવાથી એક વર્ષ સુધી દબાયેલું દુ:ખ અને નારાજગી આંસુઓના રસ્તે વહી શકતા હતા. પરંતુ અંતે તે પણ ક્યાં સુધી...? ધીમેધીમે તેનું રોવાનું ઓછું થવા લાગ્યું. હું જલ્દીથી ઉઠીને તેને માટે પાણી લઈ આવ્યો. જોકે રોવાનું ઓછું થયું હતું, કંઈ નારાજગી દૂર થોડી જ થઈ ગઈ હતી? એણે પાણી પીવાથી સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. સ્વાભાવિક પણ હતું, એણે તો નારાજગી વ્યક્ત કરવાના દરેક મોકા ઊભા કરવાના જ હતા. દરેક વાત પર પોતાનો ક્રોધ તો પ્રકટ કરતા જ રહેવાનું હતું. મારું શું હતું, હું પણ આવી પરિસ્થિતિ માટે તૈયાર થઈને આવ્યો હતો. મેં ફરી એક નાનું-મોટું બ્રહ્માસ્ત્ર ચલાવી દીધું. બસ, મેં મારો પાણીનો ગ્લાસ ખસેડીને કહ્યું- ઠીક છે! જો તું પાણી નથી પીતી, તો હું પણ પ્યાસો જ સૂઈ જઈશ.

આ સાંભળતા જ તેણે મારા હાથમાંથી ક્રોધમાં પાણીનો ગ્લાસ લીધો અને બધું પાણી પી ગઈ. ત્યાર બાદ મેં પણ પાણી પીને મારી પ્યાસ બુઝાવી. આ રીતે ધીમે ધીમે હું રુક્મિણી પર મારું નિયંત્રણ મેળવતો જઈ રહ્યો હતો. હું જાણતો હતો કે તેણે બે-ત્રણ દિવસથી કંઈપણ ખાધું નહીં હોય. સાથે જ એ પણ જાણતો હતો કે તેને સીધેસીધું ભોજનનું પૂછીશ તો તે ના જ પાડશે. સાથે જ એ પણ જાણતો હતો કે તેની વર્તમાન તબિયત જોતાં, તેને આ સમયે ભોજન કરાવવું ખૂબ જ જરૂરી હતું. તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા, મેં ધીમેથી કહ્યું- દ્વારકામાં એટલી અવ્યવસ્થા ફેલાઈ ગઈ હતી કે ત્રણ દિવસોમાં ન તો હું સૂઈ શક્યો છું કે ન તો અનાજનો એક દાણો નસીબ થયો છે. બહુ કકડીને ભૂખ લાગી છે. ...પણ કંઈ વાંધો નહીં.

જેવું કે અપેક્ષિત હતું, આ સાંભળતા જ તે તરત ભોજનની વ્યવસ્થા કરવા ચાલી ગઈ. જોકે મને હકીકતમાં બિલકુલ ભૂખ નહોતી. જ્યારથી આવ્યો હતો, પરેશાનીથી ખાઉં-ખાઉં તો હતો. ક્યારેક ભાઈની સાથે, તો ક્યારેક રાજમહેલમાં. પણ આ ભોજનની વાત તો નિરાળી જ રહેવાની હતી. જાનના હાથે અને જાનના સાથની ક્યાં જોડી? આ બાજુ થોડી જ વારમાં રુક્મિણી ચાર દાસીઓની સાથે મારી પસંદનું ભોજન લઈને આવી ગઈ. પણ હું આમ જ થોડો કંઈ ખાવાનો હતો? મારો તો ભોજન મંગાવવાનો ઉદ્દેશ જ બીજો કંઈ હતો. આથી મેં એકદમ પ્રેમથી રુક્મિણીને મારી પાસે બેસાડતા કહ્યું- એમ નહીં. તારે પણ મારી સાથે ખાવું પડશે, નહીં તો હું અનાજનો એક દાણો પણ ગ્રહણ નહીં કરું. આખા એક વર્ષ પછી આવ્યો છું, શું સાથે ભોજન પણ નહીં કરે...?

બિચારી શું કરતી. મારી જાળમાં બરાબરની ફસાઈ ગઈ હતી. મને પ્રેમ જો કરતી હતી. અને

આ બાજુ હું કલાકાર તેના નિર્દોષ પ્રેમનો ફાયદો ઉઠાવીને તેને જ પટાવવામાં લાગ્યો હતો. એને જ ધ્યાનમાં રાખીને તેના માથા પર હાથ ફેરવતા ફેરવતા મેં મારા હાથેથી એક એક કરીને તેને કોળિયા ખવરાવવાનું શરૂ કર્યું. તેણેપણ બિલકુલ હા-ના ન કરી. તેનો આ વ્યવહાર મને બહુ ગમી ગયો. ચોક્કસપણે હવે તે જલ્દીથી સામાન્ય થતી જઈ રહી હતી. તેની નારાજગી પણ મહદંશે સમાપ્ત થતી જઈ રહી હતી. એ વાતનું પ્રમાણ આ કે હવે તો તેણે પણ પોતાના હાથેથી મને ખવરાવવાનું શરૂ કરી દીધું હતું. ...અર્થાત્ સફળતા ડગલેને પગલે કૃષ્ણ તરફ આગળ વધતી જઈ રહી હતી. જોકે ...ભોજન કર્યા બાદ તે ફરી એકવાર પથારીમાં સૂઈ ગઈ. હું તેની પાસે જ બેસી ગયો. ફરીથી તેના માથા પર હાથ ફેરવવાનું શરૂ કરી દીધું. હું કહેવા તો ઘણું બધું ઈચ્છતો હતો, તેની સાથે ઘણી વાત કરવા પણ ઈચ્છતો હતો, પરંતુ શું કરતો...? આજે શબ્દોનાં આ મહારથીને વાતનો પ્રારંભ કરવા માટે શબ્દો જ સૂઝી રહ્યા નહોતા. તેમ છતાં થોડી વારની ચૂપકીદી બાદ મેં એકદમ હિંમત કરીને મૌન તોડતાં કહ્યું-તું જાણે છે પ્રિયે, તું મને મારા પ્રાણ કરતાં પણ વધારે પ્રિય છે. તારું એક આંસુ મારા આખા જીવન પર ભારે પડી શકે છે. આ તારા પ્રેમનો જ કમાલ હતો કે જેણે એક ગોવાળને 'દ્વારકાધીશ' બનાવી દીધો. હું જાણું છું કે બદલામાં પાછલા એક વર્ષથી તને મારી પાસેથી દુ:ખ અને કષ્ટ સિવાય કંઈ મળ્યું નથી. હું તારો ગુનેહગાર છું. તું જે સજા આપે તેને ખરા દિલથી સ્વીકારવા તૈયાર છું. ...આ કહેતા કહેતા એકદમ અદાપૂર્વક ત્યાંજ માથું ઝૂકાવીને ઊભો થઈ ગયો.

કદાચ મારી આ અદા તેને ગમી ગઈ. ધીમું ધીમું સ્મિત પણ કર્યું. ...મેં તો ગઢ જ જીતી લીધો. હિંમત કરીને તત્ક્ષણ તેનો હાથ પકડીને તેને બેઠકમાં લઈ ગયો. મધરાત ક્યારની વીતી ગઈ હતી, પરંતુ વાતચીતની મોસમ છેક હવે આવી હતી. પણ આવી હતી એકદમ સરસ થઈને. બસ, મેં તેને ત્યાંજ મારી પડખે બેસાડી દીધી. હવે વાર કઈ વાતની? ઉત્સાહને લીધે મેં પણ ગતિ પકડી લીધી હતી. તત્ક્ષણ તેનો હાથ મારા હાથમાં લઈને તેને છાતી સરસી ચાંપી દીધી. હવે તેનો ક્યાંય કોઈ વિરોધ નહોતો. મેં પણ મોકો જોઈને તેને સમજાવવાનું વિચાર્યું. અને કારણ કે તે આ સમયે કંઈ કહેવાથી રહી, આથી શરૂઆત મારે જ કરવાની હતી. અને એ નક્કી પણ હતું કે જ્યાં સુધી તેની સાથે દિલ ખોલીને સુલેહ-સફાઈ નથી થઈ જતી, તે સંપૂર્ણ રીતે સામાન્ય નથી થવાની. વળી એ પણ સત્ય હતું કે તેને સામાન્ય કર્યા વિના મને ચેન નથી આવવાનું. સાથે જ હું એ પણ જાણતો હતો કે તેનું પોતાનું એક ઉચ્ચ માનસિક સ્તર છે. આથી વાતચીત પણ તે જ સ્તરે કરવી પડશે. માત્ર પટાવવા માટે ગોળગોળ વાત કરવાનું રુક્મિણી જેવી સમજદાર સ્ત્રીની આગળ નથી ચાલવાનું. આથી મેં એકદમ ગંભીરતાથી કહેવાનું શરૂ કર્યું. મેં કહ્યું- રુક્મિણી! તું મારી પ્રાણપ્યારી છો. હું જાણું છું આપણને સંતાન અપેક્ષિત હતું, છતાં હું હસ્તિનાપુર જવા નીકળી ગયો. તેના અપહરણની ખબર આવી, તેમ છતાં પાછો ન આવ્યો. ચોક્કસપણે એક સાધારણ સ્ત્રી માટે આ બધી દુ:ખની વાત હોઈ શકે છે, પણ તારા જેવી સમજદાર અને વિદૂષી માટે લગીરે નહીં....

...આટલું કહીને એકવાર તો હું ચૂપ થઈ ગયો. કારણ કે જે કંઈ હું સમજાવવા માંગતો હતો, તે માટે પણ તેને થોડી તૈયારી કરવાનો મોકો આપવો જરૂરી હતો. સારું એ હતું કે રુક્મિણી મારી વાત સંપૂર્ણ ગંભીરતાથી સાંભળી રહી હતી. તેણે ન માત્ર એક એક શબ્દ ધ્યાનથી સાંભળ્યો હતો, પરંતુ મારા હાવભાવો પર પણ તેની તીક્ષ્ણદ્રષ્ટિ ટકેલી જ હતી. હવે જ્યારે તે સાંભળવા-સમજવા તૈયાર છે, તો બાબત પૂરી થવામાં શું વાર? આમ પણ આવા સમજદાર અને ગંભીર લોકો સાથે જ મામલો વાતચીત કરીને ઉકેલી શકાતો હોય છે. આ બાજુ આશા શું જાગી, વિશ્ર્વાસ પણ સંપૂર્ણ રીતે પાછો આવ્યો. વાત પણ મેં સંપૂર્ણ વિશ્ર્વાસપૂર્વક જ આગળ વધારી. મેં તેના માથા પર હાથ ફેરવતા કહ્યું- પરંતુ મારી પ્રાણપ્યારી! હું શું કરતો? જો હું તારો ગુનેહગાર ન બનત તો પ્રકૃતિનો ગુનેહગાર બની જાત. 'પ્રદ્યુમ્ન' જેટલો તારો પુત્ર છે તેટલો જ મારો પણ. ખબર નહીં અત્યારે તે કઈ સ્થિતિમાં હશે? સત્ય જાણો પ્રિયે,

મને પુત્ર ખોવાયાનું દુ:ખ તારાથી ઓછું નથી.

...લ્યો! પુત્રનું નામ આવતા જ તે ફરીથી રોઈ પડી. કદાચ આ તેના બાકી બચેલા અંતિમ આંસુ હતા, જે જલ્દીમાં જલ્દી નીકળવાની બેતાબી બતાવી રહ્યા હતા. આ જ કારણ હતું કે તેને શાંત થતાં વધારે સમય ન લાગ્યો. અને જેવી રુક્મિણી થોડી સ્વસ્થ થઈ, મેં તેને ગળે લગાવીને ફરી સમજાવવાનું શરૂ કર્યું- વિશ્ર્વાસ કર રુક્મિણી, કે હું ન માત્ર મારા પરિવાર પ્રત્યેના મારા કર્તવ્યોને જાણું છું, પણ તેને પૂર્ણ નિષ્ઠા સાથે પૂરા કરવામાં પણ માનું છું. પરંતુ તું તો જાણે છે કે જ્યારે પ્રદ્યુમ્ન જનમવાનો હતો, તે જ સમયે યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક આવીને ઊભો હતો. અને મારું ત્યાં જવાનું કેટલું જરૂરી હતું, એ તારા જેવી રાજનીતિ જાણનારને કહેવાની કોઈ જરૂર નથી. તે પતાવ્યું તો પરદાદા, જે જીવનના અંતિમ શ્ર્વાસો લઈ રહ્યા છે, તેમને મળવા અને તેમના આખા નાગકુટને બચાવવાની જરૂરિયાત ઊભી થઈ. અને આ બધું પતાવીને જેમ તેમ દ્વારકા આવ્યો, તો ભાઈની એક નર્તકીના પ્રેમમાં પડવાની ખબર મળી. દ્વારકા પર કસાઈ રહેલા સત્રાજિતના ષડયંત્રની ખબર પડી. હું તને જ પૂછું છું કે શું એક પુત્રના મોહમાં આટલા લોકોની મુસીબતોને ભૂલવાનું યોગ્ય થાત? શું આપણો પરિવાર જ આપણું સંતાન છે? શું આ આખું વિશ્ર્વ આપણું સંતાન નથી? શું તું તારા "કૃષ્ણ''ના વિચારને પરિવાર સુધી જ સીમિત રાખવા ઈચ્છે છે? ...કે પછી તેની કરુણા આખા વિશ્ર્વમાં પ્રસરતી જોવા ઈચ્છે છે?

પ્રશંસા કરવી પડશે રુક્મિણીની, જેણે મારા એક એક શબ્દને ધ્યાનથી સાંભળ્યો હતો. માત્ર સાંભળવા માટે નહોતી સાંભળી રહી, પરંતુ મારી વાતને સમજવાનો પ્રયત્ન પણ કરી રહી હતી. થોડી વાર આંખો બંધ કરીને તેણે મારી વાતો પર મનન પણ કર્યું. ત્યાર બાદ એકદમ શાંત ભાવથી મારી આંખોમાં જોઈને કહ્યું- તમારી આ વાત તો હું ઘણી હદ સુધી સમજી ગઈ. હું તો ભગવાનને પ્રાર્થના કરીશ કે તમને એટલી શક્તિ આપે કે તમે આખા વિશ્ર્વનું રક્ષણ કરી શકો. પરંતુ ભદ્રા સાથે વિવાહ કરીને એને મારી સોતન બનાવીને લાવવાનું મારી સમજમાં ન આવ્યું. ભદ્રા સાથે વિવાહ કરીને કોને સુરક્ષા આપી તમે...?

મેં કહ્યું- મારો વિશ્ર્વાસ કર, રુક્મિણી! આ વિવાહ પણ મારે પરમાર્થના વશમાં થઈને જ કરવો પડ્યો. તું એને સોતનના બદલે તારી નાની બહેન સમજીશ, તો તારું આ દુ:ખ પણ જતું રહેશે.

હવે તે સારી એવી શાંત થઈ ગઈ હતી. અને મનની શાંતિ પળવારમાં મનુષ્યને શું નું શું બનાવી દે છે. જ્યારે હું આવ્યો હતો ત્યારે તે એક થાકેલી આધેડ સ્ત્રી લાગી રહી હતી. મારા પ્રેમ અને સમજણનો જાદૂ શું ચાલ્યો, અત્યારે તે ફરી એક સુંદર યુવતી બની ગઈ હતી. ...આ બાજુ મધરાત તો ક્યારની વીતી ગઈ હતી, હવે તો સવાર પણ થવા આવવાની હતી. બંને થાકેલા તો હતા જ. કહેવા-સાંભળવાનું તો ઘણું બધું હતું, પરંતુ હવે બંનેમાંથી કોઈનું શરીર કંઈ કહેવા-સાંભળવાની સ્થિતિમાં નહોતું. બંને શાંતિથી સૂઈ ગયા. તેની સાથે જ અંતિમ યુદ્ધ પણ હું જીતી ગયો. હવે જીતવું મારો સ્વભાવ હતો એને, અથવા તેનો શ્રેય મારી અપાર ક્ષમતાઓને આપું? આ મારી કળા હતી કે વિશેષતા, કર્મઠતા હતી કે યોગ્યતા, કે પછી બધું? ભલે જે હોય તે, પણ એક વાત તો માનવી જ પડશે કે ધીમેધીમે "જીત'' મારું ભાગ્ય બનતી જઈ રહી હતી.

ખેર, હશે! હાલ તો બીજા દિવસે ઉઠતા ઉઠતા સાંજ થઈ ગઈ હતી. સવાર-બપોર બધું ઊંઘમાં જ વીતી ગયું હતું. દસ-બાર દિવસોની સતત યાત્રા, પછી ત્રણ રાત્રિનું "દ્વારકા-જાગરણ''. આથી એમાં આટલી ઊંઘથી પણ શું થવાનું હતું? થાક હજી પણ યથાવત્ હતો. આ બધું તો ઠીક, પણ આ બાજુ ઉઠતા જ શું જોઉં છું...રુક્મિણી મારા પગ દબાવી રહી છે. આ તો આશ્ર્ચર્ય થઈ ગયું, અર્થાત્ એની નારાજગી સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગઈ. મેં તરત તેને ગળે લગાવી દીધી. અમે ફરી એક "પ્રેમી-પંખી'' થઈ ગયા. પરંતુ પ્રેમ જીવનની તમામ જરૂરિયાતો તો પૂરી નથી કરી શકતો. સ્વાભાવિક રીતે મને કકડીને ભૂખ લાગી હતી. રુક્મિણી તત્ક્ષણ મારે માટે ભોજન તૈયાર કરવા ગઈ. હું પણ

નિત્યકર્મ પતાવીને, સ્નાન વગેરે કરવા ચાલ્યો ગયો. કહેવાની જરૂર નથી કે રુક્મિણીના સામાન્ય થવામાત્રથી મારી ખુશી સાતમા આસમાનને આંબી ગઈ હતી.

બસ, હું સપનાંઓ અને ખયાલોમાં ખોવાઈ ગયો. હવે કોઈ મોટું કર્મ તો બાકી રહ્યું નહોતું. આથી નિશ્ચિતપણે જ હવે હું મારા સપનાંની દ્વારકામાં થોડા દિવસો સુખચેનથી પસાર કરી જ શકીશ. આમ તો ઈચ્છા આખું જીવન આરામથી પસાર કરવાની છે, પણ કુદરત મને સતત આરામથી જીવવાનો મોકો ક્યાં આપનારી હતી? આવી નકામી આશાઓના સહારે જીવવાનું તો ક્યારનું બંધ કરી દીધું હતું. મને તો જે મોકો મળી જાય, તેનાથી જ સંતોષ માનવાનો હતો. આમ તો હું પણ ઓછો સમજદાર થોડો હતો? મારા જીવનને જોતા, મેં આમ પણ મારું જીવન સંઘર્ષોમાં જ શોધી લીધું હતું. અર્થાત્ હું આ માનીને જ જીવી રહ્યો હતો કે 'સંઘર્ષપૂર્ણ-કર્મ' મારું જીવન છે, અને જીવનભર તેમાં જ આનંદ શોધવાનો છે.

ખેર! મજા તો એ કે આ બાજુ હું આ બધા ખયાલોમાં ખોવાયેલો રહી ગયો અને તે બાજુ રુક્મિણી બે દાસીઓ સાથે ભોજન લઈને પ્રકટ પણ થઈ ગઈ. પરંતુ આ શું! હવે તો રુક્મિણી પણ અનપેક્ષિત કામ કરવામાં માહેર થતી જઈ રહી હતી. પ્રમાણ તરીકે, અત્યારે તેની સાથે ભદ્રા પણ હતી. હું તો કામમાં એવો અટવાયો હતો કે ભદ્રાને તો ભૂલી જ ગયો હતો. હજી હું સંપૂર્ણ રીતે આ આશ્ચર્યમાંથી બહાર નીકળી શકું ત્યાં તો બીજું આશ્ચર્ય પ્રકટ થયું. તે ખૂબ પ્રેમથી ભદ્રાના માથા પર હાથ ફેરવતા હું ઊઠતાવેંત જ ભદ્રાને લઈ આવી હતી. ભદ્રાના રૂપમાં મને નાની બહેન અને એક સારી સખી મળી છે. મેં નક્કી કર્યું છે કે જ્યાં સુધી તેનો પોતાનો મહેલ નથી બની જતો, ત્યાં સુધી તે અહીંયાં જ આપણી સાથે રહેશે.

મને રુક્મિણી પાસેથી એક જ દિવસમાં આટલા સકારાત્મક વ્યવહારની આશા નહોતી. મારા માટે સંતોષની વાત એ હતી કે સામે ભદ્રા પણ બહુ ખુશ હતી. સ્પષ્ટ લાગી રહ્યું હતું કે તે પણ રુક્મિણીનાં રૂપમાં મોટી બહેન પામીને ધન્ય થઈ રહી હતી. હવે તો દ્વારકાધીશની ચારે બાજુ બધું બરાબર થઈ ગયું હતું. સાબિતીરૂપે આજે એક નહીં, બે-બે રાણીઓએ એમના હાથે તેમને ભોજન કરાવ્યું હતું. દ્વારકાધીશના તો ઠાઠ જ નિરાળા થઈ ગયા હતા. ખરેખર મારું જીવન એક છેડેથી બીજા છેડે જવામાં પળવાર પણ લગાડતું નહોતું. કાલે મારી પ્રાણપ્યારીએ મારે માટે પોતાના જ કક્ષમાં પહેરો લગાવ્યો હતો, ને આજે બે-બે રાણીઓના હાથે ભોજન નસીબ થઈ રહ્યું હતું.

ખેર! થાક હજી સંપૂર્ણ રીતે ઊતર્યો નહોતો અને રાત પણ થઈ જ ગઈ હતી. તેથી, હું જલ્દીથી સૂઈ ગયો. ઊઠતાં જ ખાવાનું અને ખાતા જ સૂઈ જવાનું, આ પણ એક રીતે તો અજબ જ અનુભવ હતો. તમે નહીં માનો, બે દિવસ સુધી આ જ નિત્યક્રમ ચાલતો રહ્યો અને છેક ત્યારે મારી ઊંઘ પૂરી થઈ. ઊંઘ શું પૂરી થઈ, હું પોતાને સંપૂર્ણ રીતે તાજગીસભર અનુભવવા લાગ્યો. આજે હું સમુદ્રકિનારે ફરવા પણ ગયો અને મેં વ્યાયામ પણ કર્યો. અર્થાત્ છેક હવે હું ફરી મારી વાસ્તવિક દિનચર્યા પર પાછો ફર્યો હતો.

હવે દિનચર્યા પર પાછો આવ્યો તો વિચાર્યું કે હાથોહાથ રાજમહેલના પણ ખબરઅંતર જાણતો આવું. આમ તો બધું બરાબર કરી જ ચૂક્યો હતો, તેમ છતાં એકવાર બધું મારી આંખોથી જોઈ લઉં તો સંતોષ થઈ જાય. બસ, એમ માનીને મેં રુક્મિણી પાસેથી ભદ્રાને લઈને રાજમહેલ જવાની રજા માંગી. સ્વાભાવિક રીતે હું ભદ્રાને સારી રીતે માતા-પિતાના આશીર્વાદ અપાવવા માંગતો હતો, તથા તેમને દાદા-પરદાદા અને નાગકૂટના ખબરઅંતરથી પણ માહિતગાર કરાવવા ઈચ્છતો હતો. એમને પણ ખબર તો પડે કે તેમનો લાલ નાગકૂટમાં શું કમાલ બતાવીને આવ્યો છે. કારણ કે આવ્યો ત્યારથી તો એમની સાથે સારી રીતે મુલાકાત પણ નથી થઈ. બસ, ભદ્રાને મળાવીને જ દોડી નીકળ્યો હતો. હા, ભદ્રાએ ઘણું બધું જરૂર બતાવી દીધું હશે, તેમ છતાં મારા કહેવાની વાત જ કંઈ જુદી હશે. આ બાજુ

રુક્મિણીને પણ મારી વાત સમજતા વાર ન લાગી. બસ, તેની સાથે જ હું ભદ્રાને લઈને રાજમહેલ જવા નીકળ્યો જ હતો કે આ શું, રુક્મિણી ખરેખર પોતાના પૂર્ણ રંગમાં આવી ગઈ હતી. એણે હસતા હસતા જ કહ્યું- રાજમહેલ જવું, એ તો રાજાનું કર્તવ્ય છે. બસ, આ દાસી એટલી અપેક્ષા જરૂર રાખે છે કે આજનું રાત્રિભોજન તમે મારી સાથે જરૂર કરશો. ...અને હા, શક્ય હોય તો રાત્રિવિશ્રામ પણ.

મેં પણ તેના ગાલ થપથપાવીને કહ્યું- આ પણ કંઈ કહેવાની વાત છે, પગલી! ભદ્રા તો કદાચ જલ્દી જ પાછી આવશે અને હું પણ સાંજ સુધી તો પાછો આવી જ જઈશ.

જ્યારે પ્યારી રંગમાં છે, તો તેનો પ્યારો તો આમ પણ રંગીન છે. રુક્મિણીના સકારાત્મક વ્યવહારે મને અદ્‌ભુત શક્તિથી ભરી દીધો હતો. ખરેખર જો તમારો પ્રેમ તમને સમજે અને તમને સાથ આપે, તો મનુષ્ય અનંત શક્તિથી ભરાઈ જાય છે. અને જો તે નાસમજી પર ઊતરી આવે... તો જીવન નરક થઈ જાય છે. બસ, આ જ વિચારોમાં રાજમહેલ ક્યારે પહોંચી ગયા, કંઈ ખબર જ ન પડી. બસ, હું સીધો ભદ્રાને લઈને માતા-પિતા પાસે પહોંચી ગયો. ભદ્રા એમને બધી વાતો કહી જ ચૂકી હતી, તેઓ પોતાના લાલ પર ખૂબ ગૌરવ અનુભવી રહ્યા હતા. બીજી બાજુ તેઓ ભદ્રાને વહુ રૂપે પામીને પણ ખૂબ ખુશ હતા, અંતે તે અમારા પરિવારની જ છોકરી હતી. ખેર, હું મા-પિતાજીના આશીર્વાદ લઈને અને ભદ્રાને પાછી મોકલાવીને, સીધો દરબારમાં પહોંચી ગયો. ત્યાં બધાં પહેલેથી જ હાજર હતાં. ભાઈ પણ ત્યાં હાજર હતા. એમની હાજરી મારા માટે એક સુખદ આશ્ચર્ય હતું. ...સાથે જ એક શુભ સંકેત પણ હતો. હશે, હવે તો રાજમહેલમાં બધું બરાબર જ ચાલતું હતું. આમ પણ જ્યારે ભાઈ પોતે અડીખમ ઊભા છે, તો બાકી કોઈની ગરબડનો તો સવાલ જ ઊઠતો નહોતો. આવામાં, કોઈ વિશેષ કાર્ય ક્યાં બચ્યું હતું? વિચાર્યું, જ્યારે આવ્યો જ છું તો કમસેકમ ભદ્રાનો મહેલ બનાવવાની સૂચના તો આપતો જાઉં. નહીં તો બધા કહેશે, દ્વારકાધીશ આવ્યા જરૂર, પણ કામ કાંઈ ન કર્યું.

...સાચું કહું તો હવે મારું મન કોઈ કામમાં લાગી જ રહ્યું નહોતું. કદાચ આ આખા વર્ષના થાકનું પરિણામ હતું. અંતે હું પણ હતો તો મનુષ્ય જ. અન્યોની જેમ મને પણ શારીરિક અને માનસિક વિશ્રામની જરૂરિયાત પડે જ છે. અને અન્ય કર્તવ્યોની જેમ પોતાની આ જરૂરિયાત પૂરી કરવાનું પણ મારું કર્તવ્ય બને જ છે. બસ, બપોર સુધીમાં હું મારા મહેલે પાછો ફર્યો. આ બાજુ મને આટલો જલ્દી પાછો આવેલો જોઈને રુક્મિણી અને ભદ્રા બંને ખુશ થઈ ગઈ. રાણીઓની ખુશી, મારી ખુશી. મેં હાથોહાથ સમુદ્રકિનારે જવા અને ત્યાંજ ભોજન કરવાનો કાર્યક્રમ પણ બનાવી દીધો. મારા આ નિર્ણયે એ બંનેને ખુશ કરી દીધા. બંને તરત ખુશીખુશી તૈયારીઓ કરવા ચાલી ગઈ.

...ખરેખર ખુશખુશાલ રુક્મિણીને જોઈને મને કેટલી ખુશી થઈ રહી હતી, એ હું જ સમજી શકું છું. પહેલાં તે મારું આકર્ષણ હતી, પછી પ્રેરણા બની અને આજે મારી પ્રાણપ્યારી હતી. હું તેને માત્ર મસ્તીથી ભરપૂર જોવા માંગતો હતો. પણ શું કરું, સર્વહિતનો માર્યો હું બિચારો તેના પર યોગ્ય ધ્યાન જ આપી શકતો નહોતો. પરંતુ આજે જ્યારે હાથમાં કોઈ કામ નથી તો રુક્મિણી જ મારી એકમાત્ર પ્રાથમિકતા બનીને સામે આવી હતી. આમ પણ અમારા માટે પરસ્પર પ્રેમ અને આનંદની કેટલીક પળો વીતાવવી જરૂરી હતી. આમ તો રુક્મિણીને ન માત્ર પ્રેમની, પરંતુ વિશ્રામની પણ સખત જરૂરિયાત હતી. અને તે પણ ન માત્ર શારીરિક, પરંતુ માનસિક પણ. તથા અત્યારે તેની આ જરૂરિયાત પૂરી કરવાનું જ મારું એકમાત્ર કર્તવ્ય હતું.

ખેર! આ બાજુ સાંજ ઢળતા જ બંને સમયસર તૈયાર થઈને મારા કક્ષમાં આવી પહોંચી હતી. મજા તો એ કે દ્વાર ખોલતા જ રુક્મિણીએ ફરી મને આશ્ચર્યચકિત કરી દીધો હતો. બંનેએ પીળા રંગની જ રેશમી સાડી પહેરી હતી. હું તો આ દ્રશ્ય જોઈને જ જ્યાં બેઠો હતો ત્યાંજ ઊભો થઈ ગયો. એટલું જ નહીં, દ્વાર પર નજર જમાવીને બંનેને એકીટશે જોવા લાગ્યો. મને રુક્મિણી પર પીળા રંગની સાડી બહુ પસંદ હતી; અને સાચું કહું તો તેના પર તે જામતી પણ બહુ હતી. ચાલો, તેણે મારી

પસંદનું ધ્યાન રાખ્યું હતું આ તો સારી વાત હતી, ...પણ ભદ્રાને પણ મારી પસંદનું ધ્યાન રાખીને તૈયાર કરી હતી, તે ચોક્કસપણે આશ્ચર્યચકિત કરનારી વાત હતી. હું તો બંનેને જોતો જ રહી ગયો. ગોપીઓની પાછળ ભાગવાવાળાની સામે બે-બે શણગારેલી રાણીઓ, બિચારા ગોવાળને તો અચંબિત થવાનું જ હતું. ...આ બાજુ મને આ રીતે વિસ્મિત જોઈને રુક્મિણી એક વિજયી સ્મિત રેલાવતા શું તમે જ એવા કામ કરી શકો છો જે બધાને ચક્કરમાં નાખી દે? હું તમારી પત્ની છું. તમારી સાથે રહેતા રહેતા હું પણ એવા કાર્ય કરતા શીખી ગઈ છું, જેનાથી વારંવાર તમને જ આશ્ચર્યમાં નાખી શકું. ...મને તો આમ પણ મનુષ્યનો અનપેક્ષિત વ્યવહાર વધારે પસંદ હતો. જો મનુષ્ય જેવું વિચારીએ એવું જ કરે, તો તેમનું વ્યક્તિત્વ શું થયું? સાચું પૂછો તો "અણધાર્યો વ્યવહાર'' જ મનુષ્યની જાગરૂL$spનું સબૂત છે. કહેવાની જરૂરત નથી કે રુક્મિણીએ મને સુખદ આશ્ચર્યમાં નાખીને મારું દિલ જીતી લીધું હતું.

ખેર! અમે સમુદ્રકિનારે જવા નીકળી ગયા હતા. રથ હું જ હંકારી રહ્યો હતો. મારી જમણી બાજુ રુક્મિણી અને ડાબી બાજુ ભદ્રા બેસેલી હતી. ખરેખર, રુક્મિણીનો પ્રેમ પામીને એ ધન્ય થઈ ગઈ હતી. સાથે જ સંપૂર્ણ વિશ્વાસથી પણ સભર થઈ ગઈ હતી. ...આ બાજુ દ્વારકાવાસી પણ મને બંને રાણીઓની સાથે જતો જોવાનો આ અવસર સંપૂર્ણ રીતે માણી રહ્યા હતા. કોઈ ખુશ હતું તો કોઈ આશ્ચર્યચકિત. અને કોઈ કોઈ તો વિસ્મિત નજરે અમને જોઈ રહ્યું હતું.

હશે, અત્યારે તો અમે સમુદ્રકિનારે પહોંચી ગયા હતા. પહોંચતાજ ઘણીવાર સુધી તો અમે ફરતા રહ્યા. ભદ્રા કે જેણે ક્યારેય નદી પણ નહોતી જોઈ, સમુદ્ર એને કેટલી ઘેલી કરી રહ્યો હતો, એ કહેવાની જરૂરત નથી. મને પણ આખા એક વર્ષ પછી સમુદ્રકિનારે ફરવા મળ્યું હતું, આથી મારી ખુશી પણ નિરાળી હતી. અને રુક્મિણી મારા સાથને લીધે ખુશ હતી. અહીં ફરવા-ફરવામાં જ સાંજ ઢળી ગઈ. બસ, અમે એક નાળિયેરનાં વૃક્ષોનાં ઝુંડ નીચે અમારો તંબૂ તાણી દીધો, અને લાગ્યા અહીંતહીંની વાતો કરવા. આમ તો ભદ્રા ઓછું જ બોલી રહી હતી. આ બાજુ થોડી વારની ગપશપ પછી હું પણ ખામોશ થઈ ગયો હતો. હવે હું ચૂપચાપ સમુદ્ર જોવામાં ખોવાઈ ગયો હતો. પરંતુ રુક્મિણી સંપૂર્ણ રીતે ખીલી ગઈ હતી. પરિણામસ્વરૂપ આ સમયે એક નહીં બે ધ્વનિ મારા કાન સાથે ટકરાઈ હતી. એક રુક્મિણીની હતી અને બીજી સમુદ્રની લહેરોની. વચ્ચે વચ્ચે ભદ્રાનો હસવાનો અવાજ પણ સંભળાઈ રહ્યો હતો, ખાસ કરીને ત્યારે જ્યારે રુક્મિણી વ્યંગો અને કટાક્ષો દ્વારા મારી કોઈ પ્રશંસા કરી બેસતી. ખરેખર મારા સપનાંની રાણી આજે બહુ ખુશ હતી. આમ તો સ્વભાવથી એ શરૂઆતથી ઘણી ચંચળ અને નટખટ હતી. વાત માત્ર તેના રંગમાં આવવાની હતી. અને આજે તો એ પ્રથમવાર દ્વારકા આવવાની ખુશીથી પણ વધારે ખુશ નજરે આવી રહી હતી. શું બતાવું, તેનું આ સ્વરૂપ મારો પ્રાણ હરી રહ્યું હતું.

ખેર! આ બાજુ સેવક ભોજન લઈને આવી પહોંચ્યા હતા. આજના ભોજનની સંપૂર્ણ વ્યવસ્થા રુક્મિણીએ પોતે કરી હતી. મારી તમામ પ્રિય વાનગીઓનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું. અમે ત્રણે જણાએ મળીને ખૂબ પ્રેમથી ભોજન કર્યું. ભોજન બાદ રુક્મિણીએ ''ની ફરમાઈશ કરી. આમ તો મારું પોતાનું મન પણ વાંસળી વગાડવા માટે તત્પર થઈ રહ્યું હતું, પરંતુ રુક્મિણીની ફરમાઈશે મને ભાવ ખાવા માટે મજબૂર કરી દીધો. આથી, ઘણી હા-ના કર્યા બાદ જ હું વાંસળી વગાડવા રાજી થયો. આ હું રુક્મિણી પાસેથી જ શીખ્યો હતો. જ્યારે પણ હું રિસાયેલી રુક્મિણીને મનાવવાનો પ્રયાસ કરતો, તે થોડી વધારે જ ભાવ ખાવા લાગતી. મારો આ રીતે ભાવ ખાવાનો આ પહેલો અનુભવ હતો. મને આજે આ પાક્કો અનુભવ થઈ ગયો હતો કે ભાવ ખાવાની પણ પોતાની એક અલગ જ મજા હોય છે.

જોકે ભાવ ખાવાનું એની જગા પર હતું અને આજની રુક્મિણીની ખુશી અને તેનાથી બનેલું વાતાવરણ પોતાની જગા પર હતું. આથી, બધું મળીને વાંસળીની ધૂનમાં એવો તો ખોવાયો કે મોડી

રાત સુધી વાંસળી વગાડતો રહ્યો. મારી છેડેલી ધુને રુક્મિણી અને ભદ્રા, બંને દીવાનીઓને વધારે દીવાની બનાવી દીધી. એક રહસ્યની વાત કરું તો મને તો સ્ત્રીઓની મારા પ્રત્યેની દીવાનગી આમ પણ બહુ મજા આપતી હતી. એટલે જ તો હંમેશાં પૂરી રીતે તૈયાર થઈને ફરતો હતો. આ જ કારણસર તો હંમેશા અત્તર વગેરે છાંટીને ખુશબૂદાર બન્યા રહેવાની મારી આદત થઈ ગઈ હતી. સ્મિત મારું શરારતી તો હતું જ. એ ઓછું હતું તો વાંસળી અને નૃત્યમાં પણ હું પારંગત હતો. આમ સરવાળે કહી શકાય છે કે સ્ત્રીઓને દીવાના બનાવવાના તમામ હથિયારોથી હું સજ્જ હતો. આવામાં મારી જ રાણીઓને દીવાના બનાવવા માટે તો કહેવાનું જ શું? અર્થાત્ દરેક રીતે આજનો આનંદ અદ્‌ભુત હતો. તન અને મન, બંનેને ઘણો વિશ્રામ મળ્યો હતો. બસ, તેનાથી ઉત્સાહિત થઈને, મેં ત્યાં બેઠા બેઠા જ પાંચ-સાત દિવસ માટે પ્રભાસ જવાનું નક્કી કરી લીધું. દ્વારકા અને રાજમહેલની તમામ ઝંઝટોથી દૂર, મિત્રો અને રાણીઓની સાથે. જ્યાં માત્ર ભોજન અને નૃત્ય હોય, વ્યાયામ અને આરામ હોય. મારો આ વિચાર સાંભળતા જ બંને દીવાની તો ખુશીની મારી પાગલ થઈ ગઈ. બસ, પ્રભાસની ચર્ચા કરતા કરતા જ અમે લોકો અમારા મહેલે પાછા ફર્યા. રુક્મિણી અને ભદ્રાએ ઘણીવાર સુધી મારા પગ દબાવ્યા. આટલી અદ્‌ભુત સેવાનો આનંદ લેતા-લેતા દ્વારકાધીશ ક્યારે સૂઈ ગયા, ખબર નહીં.

હવે સવારે ઊઠતાં જ સહુથી પહેલો વિચાર ભાઈ અને મિત્રો સહિત બધાને પ્રભાસ જવાના વિચારથી અવગત કરાવવાનો આવ્યો. બસ, તે જ ઉત્સાહમાં ફટાફટ તૈયાર થઈને બધાને સૂચના આપવા નીકળી પડ્યો. સ્વાભાવિક રીતે જેને કહેતો તે બધા ખુશીથી નાચી ઊઠતા. આમ પણ પાછલું આખું વર્ષ તમામ લોકો પર ભારે વીત્યું હતું. અને યથાયોગ્ય આનંદ તેમજ આરામ, કર્મોની પરમ આવશ્યકતા હોય જ છે. પાછલા એક વર્ષથી બધા કાં તો કર્મોમાં વ્યસ્ત હતા અથવા પીડા ભોગવી રહ્યા હતા. હશે, હાલ તો હાલત એ કે જ્યારે એકવાર જવાનું નક્કી થઈ ગયું તો પ્રતીક્ષા કોણ કરે છે? બસ, ત્રણ દિવસ બાદ જ નીકળવાનો નિશ્ચય પણ કરી લીધો. ભોજનની જવાબદારી રુક્મિણીએ પોતાના ખભા ઉપર લઈ લીધી. ભાઈ અને સાત્યકિ અત્યારથી પોતાની મદિરાની ગોઠવણમાં લાગી ગયા. અમે લોકો કુલ બાર જણા જવાવાળા હતા, છતાં, વીસ સેવક સાથે લઈ જઈ રહ્યા હતા. આનાથી જ ચાલી રહેલા શાહી આરામની તૈયારીઓનો અંદાજો લગાવી શકાતો હતો. હવે પ્રભાસમાં કોઈ મકાન વગેરે તો હતા નહીં. ગાઢ જંગલ જ હતું. અને તેને ધ્યાનમાં રાખીને રહેવા માટે તંબુઓની વ્યવસ્થા પણ કરી લેવામાં આવી હતી.

અંતે ચોથા દિવસે ઉત્સાહના વાતાવરણમાં અમારી યાત્રાની શરૂઆત થઈ ગઈ. નટખટ સુભદ્રા મારો ઉમંગ વધારવા માટે પોતાની બંને ભાભીઓની સાથે મારા જ રથ ઉપર સવાર થઈ ગઈ. આ તો ઠીક, પણ કેમકે રથની કમાન મારા હાથમાં હતી, આથી, તે આવીને મારી બાજુમાં જ બેસી ગઈ. અને કહેવાની જરૂર નથી કે આ ચક્કરમાં બંને રાણીઓએ પાછળ બેસવું પડ્યું. ઠીક છે, જ્યારે મોકો મળ્યો છે ત્યારે આટલી શરારત તો કરશે જ. હશે, હાલ તો સહુથી આગળ અમારો જ રથ ચાલી રહ્યો હતો. આમ તો સહુથી વધારે મજાક-મસ્તી અને શેતાનીઓ પણ અમારા જ રથ પર ચાલી રહી હતી. ત્રણ સ્ત્રીઓએ મળીને કૃષ્ણની મજાક ઉડાડવામાં કોઈ કસર છોડી નહોતી. કંઈ વાંધો નહીં, આજે આ જ ભલે થાય. એટલે એને છોડીને પ્રભાસ વિશે કહું. પ્રભાસ દ્વારકાનો જ એક હિસ્સો હતો. દ્વારકાની પાછળના રસ્તાઓથી એ જંગલો સુધી જવાનો એક રસ્તો હતો, બસ, અમારા રથ તે જ માર્ગ પર દોડે જઈ રહ્યા હતા. ત્યાં વસ્તી વગેરે કંઈ નહોતું, આ જંગલોમાં માત્ર જંગલી જાનવરોનો વાસ હતો. હોવા દો, હાલ તો મજાક-મસ્તી અને ઉત્સાહને સથવારે સાંજ સુધી અમે પ્રભાસ પહોંચી પણ ગયા. પ્રભાસનો એક ખુલ્લો વિસ્તાર જોઈને અમે અમારો પડાવ નાખ્યો. સેવક પોતાના તંબૂ વગેરે નાખવામાં જોડાઈ ગયા અને બાકી બધાએ અહીંતહીં ફરવાનું શરૂ કર્યું. સાચું કહું તો મને સહુથી વધારે ખુશી ભાઈ-ભાભીને લઈ આવવાની હતી. ખરેખર, ભાઈ અને ભાભી માટે આનંદ અને શાંતિની

આવી કેટલીક પળો સાથે વીતાવવી જરૂરી હતી. ટૂંકમાં, આ "પ્રભાસ-યાત્રા બધા માટે શુભ અને જરૂરી હતી.

બસ, હવે શું હતું, રોજ રાત્રિ ઉત્સવ. કોઈને કોઈ વૃક્ષોનાં ઝૂંડની આસપાસ અમે રાત્રિ-બેઠક જમાવી લેતા. સ્થાન સવારમાં જ નક્કી કરીને સેવકોને બતાવી દેતો. સેવક આખા દિવસમાં ન માત્ર અમારી બેસવાની, પરંતુ અમારા ભોજન-પાણીની વ્યવસ્થા પણ કરી દેતા. ચારે બાજુ મશાલો પણ પ્રગટાવી દેવામાં આવતી. ભાઈ-સાત્યકિ પોતાની મદિરા લઈ આવતા. અને પછી ગપશપ અને કટાક્ષોનો દોર ચાલુ થઈ જતો, જે મોટે ભાગે મારી જ આસપાસ ફરતો રહેતો. જો મારે વાત મારા પરથી ટાળવી હોય તો મારે વાંસળી વગાડવી પડતી અથવા નૃત્ય કરી બતાવવું પડતું હતું. કહી શકાય છે કે સાંજ ઢળતા તો હું બધાની સેવામાં એક 'રાજકીય-કલાકાર'ની રૂએ ઉપસ્થિત થઈ જતો હતો. દિવસના મારું નિત્યકર્મ સર્વથા ભિન્ન થઈ જતું. તમે નહીં માનો કે આ તમામ ઉધમ-મસ્તીઓની સાથેસાથે મેં પાંચે દિવસ વ્યાયામ કર્યું. યોગ અને પ્રાણાયામ પણ નિયમિત કર્યા. ઉપરથી બંને સમયે ફરવાનું તો નિત્યકર્મનો ભાગ હતો જ. કારણ કે વ્યાયામ તો એ જાદૂ છે જે મનુષ્યનો થાક ઉતારીને તેને સ્ફૂર્તિથી ભરી દે છે. મેં જીવનમાં હંમેશાં સહુથી કિંમતી સમયને જ માન્યો હતો. એટલે સમયનો સદુપયોગ કરવો મારી વિશેષતા હતી. આપણે ચાંદ-તારા તો નથી કે લાખો વર્ષનું જીવન હોય. આપણી પાસે તો માંડ સો-દોઢસો વર્ષનું જીવન હોય છે. જેમાં પણ જો સમયની મહત્તા ન જાણી, તો જીવન વ્યર્થ જ ગયું સમજો. આ જ કારણ હતું કે મેં પ્રભાસ-યાત્રાના પાંચેય દિવસનો સદુપયોગ નિયમિત વ્યાયામ કરીને કર્યો હતો. બીજી બાજુ રેવતીભાભી, રુક્મિણી, ભદ્રા અને સુભદ્રાએ પોતાની જ ટુકડી બનાવી દીધી હતી. જ્યારે પણ મોકો મળતો ચારેય ગપ્પા મારવા બેસી જતી. ભાઈ અને સાત્યકિ તો સાંજ ઢળવાની જ પ્રતીક્ષા કરતા રહેતા હતા. બંનેએ મદિરા અને ભોજનનો ભરપૂર આનંદ ઉઠાવ્યો. આમ સરવાળે રાજપાટ, કર્મ-કર્તવ્યોથી છૂટીને વીતાવેલા આ પાંચ દિવસોમાં બધાએ પોતપોતાના હિસાબથી ખૂબ આનંદ માણ્યો. બરાબરનો આરામ કર્યો. સાચું કહું તો કોઈને પણ પાછા ફરવાનું મન થતું નહોતું. ...પરંતુ જવાનું તો હતું જ. કમાલ હતી! મહેલોની ભવ્યતા નહોતી, તંબુઓમાં રહી રહ્યા હતા, સુખસુવિધાના નામ પર કંઈ નહોતું; છતાં, આનંદ પોતાની ચરમસીમા પર હતો. કારણ કે "આનંદ'' શરીરનો નહીં, મનનો વિષય છે. કહેવાની જરૂર નથી કે આ યાત્રાએ મારા અને રુક્મિણીનાં તથા ભાઈ અને ભાભીનાં સંબંધ ફરીથી સામાન્ય કરવામાં ઘણી મદદ કરી. એટલું જ નહીં, આ એક યાત્રાથી રુક્મિણી અને ભદ્રા અને ભદ્રા તેમજ સુભદ્રા પણ ઘણી નજીક આવી ગયા. અર્થાત્ યાત્રા ચારેતરફથી લાભદાયી નીવડી હતી. મારું કંઈ અલગ જ કરવાનો પ્રયોગ સફળ રહ્યો હતો.

ખેર! હવે તાજામાજા થઈને દ્વારકા પાછા આવ્યા, તો દ્વારકાની વાત કરું. દ્વારકા પરથી સત્રાજિતનું જોખમ સંપૂર્ણ રીતે ટળી ગયું હતું. ભાઈ પણ હવે રાજપાટમાં ધ્યાન આપવા લાગ્યા હતા. છતાં, દ્વારકાની સ્થિતિ સામાન્ય લગીરે કહી શકાય તેમ નહોતી. સત્રાજિત ઘણી ખાનાખરાબી કરી ચૂક્યો હતો. ત્યાં બીજી બાજુ નજર દોડાવું તો યાદવોનો મૂળભૂત સ્વભાવ એવોને એવો હતો. એમની માનસિકતા હજી પણ કામચોરીની જ હતી. સાંજ થતાં જ તેઓ નૃત્ય-મદિરાના રસ્તે લાગી જતા હતા. તેઓ એટલા તો હરામખોર હતા કે એ જાણતા હોવા છતાં કે હું જે આ અદ્દભુત મનુષ્યજીવનમાં સમસ્ત પ્રતિબંધોની ખિલાફ હતો, મારે આ યાદવોના નૃત્ય અને મદિરાના શોખ પર રહીરહીને લગામ કસવી પડતી હતી. આનાથી જ તેમની આ ખરાબ આદતનો અંદાજો લગાવી શકાય છે. ટૂંકમાં, કહેવાનું તાત્પર્ય એ કે આવામાં હું ભલા પોતાને કેટલી વાર સુધી દ્વારકાની સમસ્યાઓથી દૂર રાખી શકતો હતો? હવે અહીંની સમસ્યાના મૂળમાં લોકોની હરામખોરી અને યાદવોનો નૃત્ય અને મદિરાનો શોખ હતો. અને તે માટે હું કડક નિયંત્રણો લાદી જ ચૂક્યો હતો. પણ અસલી સવાલ એ કે કોઈપણ પ્રતિબંધ ક્યાં સુધી કામયાબ સિદ્ધ થઈ શકે છે? આચાર્ય સાંદીપનિજીએ યોગ્ય જ કહ્યું હતું કે કોઈપણ શારીરિક

પ્રતિબંધ બે કોડીનો છે. મહત્ત્વપૂર્ણ એ પ્રજ્ઞા છે જેનાથી મન પરિવર્તિત થઈ જાય. પણ અહીં દ્વારકામાં આ મન-પરિવર્તિત કરવાનું શક્ય નહોતું. એક તો આ શોખ તેમનું હાડમાંસ-મજ્જા બની ગયો હતો, બીજું અહીંના યાદવો પર ભાઈનું વર્ચસ્વ મારા કરતાં વધારે હતું, ખાસ કરીને પુરુષો પર. કદાચ ભાઈનો મદિરા અને નૃત્યપ્રેમ તેનું મુખ્ય કારણ હતું. અને કારણ કે યાદવોના આ બંને મુખ્ય શોખ પર વહીવટી લગામ મેં જ લગાવી હતી, તો આવામાં મારી પોતાની જ દ્વારકામાં મારું ઓછું લોકપ્રિય હોવાનું પણ સ્વાભાવિક હતું. આમ તો એક વાત હતી, ભાઈનું રાજપાટ પર ધ્યાન આપવાથી, નૃત્ય અને મદિરા પર લગામ લગાવવામાં વહીવટી સહાયતા અવશ્ય મળી રહી હતી. પરિણામસ્વરૂપે હાલ પૂરતી તો આ સમસ્યા થોડા પ્રયાસ સાથે જ સારી એવી નિયંત્રણમાં આવી ગઈ હતી.

આમ પણ આ માત્ર દ્વારકા કે મથુરાનું રોવાનું તો હતું નહીં. તમામ યાદવ-બહુલ રાજ્યોની આ જ હાલત હતી. હવે અહીં આ વિષયમાં જેટલું હું કરી શકતો હતો, કરી રહ્યો હતો. આથી, સ્પષ્ટ કહું તો અહીં આ સમયે મારી ચિંતાનું મુખ્ય કારણ દ્વારકાનો ખોરંભાતો વ્યવસાય હતો. મારી એક વર્ષની ગેરહાજરીમાં બધાં કર્યા-કરાવ્યા પર પાણી ફરી ગયું હતું. વ્યવસાય સંપૂર્ણ રીતે ઠપ્પ થઈ ગયા હતા. જોકે એમાં સત્રાજિતના વ્યવસાયથી બહાર નીકળી જવાએ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ...કારણ કે સત્રાજિત સહુથી સફળ યાદવ-વ્યવસાયી હતો. એટલું જ નહીં, તમામ સંભ્રાંત યાદવો પર એનું પ્રભુત્વ પણ હતું, પરિણામે તેના હટતા જ, બાકીનાએ પણ વ્યવસાયમાં રસ લેવાનું ઓછું કરી દીધું હતું. રાજકોષની સ્થિતિ પણ એટલી સુદ્રઢ નહોતી રહી ગઈ, જેવી કે હું છોડીને ગયો હતો. કારણ કે "રાજકીય-કર"નો સીધો સંબંધ ફૂલતાફાલતા વ્યવસાય અને સામાન્ય પ્રજાની મહેનત સાથે હોય છે. કહેવાનું તાત્પર્ય, આ સમયે દ્વારકાનો સમગ્ર વહીવટી ખર્ચ એકલો "સ્યમંતક-મણિ" ઉઠાવી રહ્યો હતો. હવે એક તેના ભરોસે આટલી મોટી દ્વારકા ક્યાં સુધી ચલાવી શકાતી હતી? ...બસ, અત્યારે આ જ ચિંતા મારો સમય પસાર કરવા માટેનું સારું એવું બહાનું બની ગઈ હતી.

...મારું શું હતું, હું તો કર્મવીર હતો, બસ, કામમાં લાગી ગયો. વ્યવસાયની ગાડી ફરી પાટા પર લાવવા માટે મેં તત્ક્ષણ દ્વારકાના તમામ મુખ્ય વ્યવસાયીઓની એક સભા બોલાવી. જેમાં તેમને વ્યવસાયની નવી નવી યુક્તિઓ બતાવી. એમનો ઉત્સાહ વધાર્યો. બીજી બાજુ સામાન્ય યાદવોની પણ કેટલીયે સભાઓ કરી, એમને પણ નિયમિત કાર્ય કરવા માટે ઘણું પ્રોત્સાહન આપ્યું. હું કોઈપણ કિંમતે દ્વારકાની સંપન્નતાને આંચ આવવા દેવા માંગતો નહોતો. મથુરાનો ખાલી રાજકોષ હું પહેલાં જોઈ જ ચૂક્યો હતો, અને તેના દુષ્પરિણામથી હું સારી રીતે વાકેફ પણ હતો. પરંતુ સવાલ એ કે મારી ચિંતા, સમજ અને ક્ષમતા પોતાની જગા પર હતી, પણ અસલી મુસીબત એ કે કાર્ય તો સહુએ મળીને જ કરવાનું હતું. બસ, ત્યાંજ આવીને હું થોડો હતાશ થઈ જતો હતો. સાચું કહું તો આ યાદવોના આળસુ સ્વભાવ અને એમની હરકતોને જોઈને ઘણીવાર ભય ઘેરી વળતો હતો કે ક્યાંક મારા યાદવોને સફળ બનાવવાનું, કે દ્વારકામાં એમને હંમેશાં ખુશહાલ જોવાનું સપનું ચકનાચૂર તો નહીં થઈ જાયને? શું મેં તેમના માટે આટલી મહેનત કરીને, અથવા "સ્યમંતક-મણિ" ચોરીને કોઈ ભૂલ તો નથી કરીને?

જોકે આનો નિર્ણય ભવિષ્યએ કરવાનો હતો. આવામાં ભવિષ્યની વાતોને સમય પર છોડીને સ્વયંને ચિંતામુક્ત કેમ ન કરી લેવામાં આવે? અને વળી કર્મ મારા હાથમાં હતું, જે હું કરી જ રહ્યો હતો. ફળ એમના કર્મોથી ભવિષ્યએ નક્કી કરવાનું હતું. લો...ભવિષ્યથી યાદ આવ્યું, મેં તો આજ સુધી દ્વારકાનું ગુરુકુળ જ નથી જોયું. અને કોઈપણ રાજ્યનું ભવિષ્ય એમની આવનારી પેઢી પર નિર્ભર કરે છે. એ જ કારણ હતું કે મેં દ્વારકામાં "શ્રેષ્ઠ-ગુરુકુળ"ની સ્થાપનાનું સપનું જોયું હતું. વિચાર્યું, ચાલો બીજું કંઈ નહીં તો ગુરુકુળનું ચક્કર જ લગાવી આવું છું. પરંતુ આ યાદવો મારા તમામ પ્રયત્નો પર પાણી ફેરવવાની કસમ ખાઈને જન્મેલા લાગતા હતા. ચારેતરફ વૃક્ષોથી ઘેરાયેલું અને વ્યવસ્થિત કારીગરીથી બનાવવામાં આવેલું આ ગુરુકુળ વસ્તીથી થોડું દૂર બનાવવામાં આવ્યું હતું. બહારથી જોતા

જ તેના પ્રેમમાં પડી જાવ, એવું હતું તે. અહીં બધું મળીને નાના-મોટા બાર આચાર્ય પણ નિયુક્ત કર્યા હતા. શિષ્યોએ પણ માત્ર દિવસના સમયે આવવાનું હતું અને સાંજ ઢળતા જ પોતપોતાના ઘરે પાછા ફરવાનું હતું. ...અર્થાત્ આ શિક્ષામાં રોકાવાની પણ કોઈ વ્યવસ્થા નહોતી. પરંતુ આ બધું હોવા છતાં, અહીં વિદ્યાર્થીઓની સંખ્યા ના હોવા બરાબર હતી. આ યાદવપુત્રોને આટલું આજ્ઞા-પાલન પણ ફાવી રહ્યું નહોતું. કદાચ બેટા બાપ પર જ જઈ રહ્યા હતા. હું, જે યાદવોની બુરાઈઓને કારણે આમ પણ દ્વારકાના ભવિષ્યને લઈને ચિંતિત હતો, ગુરુકુળની હાલતે તો મને ચિંતાની ઊંડી ખીણમાં જ ધકેલી દીધો. મારું મન બરાબરનું વિચલિત થઈ ગયું. મેં તત્ક્ષણ મંત્રીપરિષદની બેઠક બોલાવીને એમાં ગુરુકુળને પ્રોત્સાહન આપવા પર જોર આપ્યું. વિદ્યાર્થીઓને જાતભાતના પ્રલોભન આપવાનું નક્કી કર્યું. ગુરુકુળમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારવાની દરેક શક્યતા પર વિસ્તારથી ચર્ચા કરી. સમગ્ર આર્યાવર્તમાં દ્વારકા જ એક એવું રાજ્ય હતું જ્યાં સામાન્ય પ્રજાના બાળકોને પણ ગુરુકુળ નસીબ થઈ રહ્યું હતું. તેમ છતાં કોઈનું અભ્યાસમાં રસ ન લેવાનું ચોક્કસપણે હતાશ કરનારું હતું. મારો આ નવો, અનૂઠો અને શ્રેષ્ઠ પ્રયોગ પણ આ લોકો વિફળ કરવા માટે કટિબદ્ધ હતા. કદાચ આ યાદવોને કુદરતનો માર જ સુધારી શકતો હતો. એક એકલો "કૃષ્ણ'' એમના માટે બહુ નાનો પડી રહ્યો હતો. ત્યારે જ તો જુઓ ને, જે શિક્ષણ માત્ર રાજા-મહારાજાઓના પુત્રોને જ પ્રાપ્ય હતું, તે શિક્ષણ કે જેના પર માત્ર ધનિકોનો એકાધિકાર હતો, મેં આગળ વધીને સામાન્ય બાળકો માટે પણ ઉપલબ્ધ કરાવી રાખ્યું હતું. તેમ છતાં તેમનું તેમાં રસ ન લેવાનું તેમની હરામખોર માનસિકતાનું સૂચક નહીં તો બીજું શું હતું? આમ સરવાળે જો માત્ર વર્તમાન પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો અહીં દ્વારકામાં ઘણું બધું સામાન્ય હતું. પરંતુ દૂરંદેશીથી જોઈએ તો બધું અંધકારમય જ નજરે આવતું હતું. મારું જીવન પણ અજબ હતું. મોટા કર્મ ભલે ન હોય, નાના-મોટા કાર્ય તો લાગ્યા જ રહેતા હતા. કદાચ 'કર્મ' મારું જીવન બની ગયું હતું. દ્વારકા અને અહીંના યાદવોની આ જ તો વિશેષતા હતી. અહીં સામાન્ય યાદવો પાસે પણ "દ્વારકાધીશ''થી વધીને આરામ અને વિશ્રામ હતો. હવે ખબર નહીં તેને પ્રજાનું સદ્ભાગ્ય કહેવામાં આવે કે 'દ્વારકાધીશ'નું દુર્ભાગ્ય.

ખેર! આ બધું નાનું મોટું તો ચાલતું જ રહે છે. અને વળી હું મારું કર્તવ્ય કરી ચૂક્યો હતો. આગળ જેનું ભવિષ્ય, એ જાણે. આથી, જો દ્વારકાના ભવિષ્યની ચિંતાને છોડી દેવામાં આવે, તો માનવું પડશે તે આ સમયે દ્વારકામાં હું મારા જીવનની ઊંચાઈઓને આંબી રહ્યો હતો. કોઈ મોટું રાજકીય કાર્ય તો કરવું પડતું નહોતું. સાચું કહું તો કાર્યના નામ પર ક્યારેક ક્યારેક માંડ અડધા કલાક માટે રાજભવન જઈ આવતો હતો. જ્યાં સુધી કર્મોનો સવાલ છે, તેનાથી તો મને આમ પણ પ્રેમ હતો. હું નાના-મોટા કર્મ પણ પૂજા માનીને જ કરતો આવ્યો હતો. "કર્મ'' સિવાય અલગથી કોઈ પૂજાપાઠમાં તો મારો વિશ્વાસ આમ પણ નહોતો. મારા માટે સહુથી ખુશીની વાત એ હતી કે હું સ્વયં માટે સમય કાઢી શકતો હતો. દિનચર્યા સારી રીતે જામી ગઈ હતી. આરામ અને આનંદ સિવાય કોઈ વિશેષ કામ નહોતું. આવા જ જીવનની તો મેં દ્વારકામાં કલ્પના કરી હતી. ...ખરેખર હવે અહીં નિયમિત રીતે બંને સમયે સમુદ્રકિનારે ફરવાનું નસીબ થઈ રહ્યું હતું. પૂરા એક વર્ષનાં અંતરાળ બાદ સમુદ્ર કિનારો નસીબ થયો હતો. ક્યારેક રુક્મિણી અથવા ભદ્રા સાથે રહેતા હતા, તો ક્યારેક ઉદ્ધવ અથવા સાત્યકિ મારો સાથ આપવા માટે ચાલી નીકળતા હતા. ક્યારેક-ક્યારેક હું એકલો જ ફરવા નીકળી પડતો હતો. બીજી એક વાત સારી હતી, દ્વારકા પાછા આવ્યા બાદ વ્યાયામ ઘણો નિયમિત થઈ ગયો હતો. કારણ કે હવે મારી પાસે સમય-જ-સમય હતો. અને તમે તો જાણો જ છો કે સમયનો સદુપયોગ કરવાની કળા હું સારી રીતે જાણતો હતો. જે આજે સારુ કરવા મળી રહ્યું છે, જરૂરી નથી તે કાલે પણ મળે. અને આ વિચારને લીધે, બાકી બધી નિયમિત ગતિવિધિઓની સાથેસાથે દિવસમાં એકવાર છપ્પન ભોગ પણ ચટ્ કરી જ દેતો હતો. મારો સિદ્ધાંત હતો, દબાવીને ખાવું અને બરાબર વ્યાયામ કરવો. મદિરા જેવા વ્યસનોથી તો હું

સ્વયંને ઘણી હદ સુધી બચાવીને જ બેઠો હતો. આ બાજુ ભાઈનું મારાથી ઊલટું હતું. તેઓ મદિરાપાનની સાથેસાથે ભોજનના પણ ઘણાં વધારે શોખીન હતા, પરંતુ વ્યાયામ કરી શરીરને કષ્ટ આપવાનું એમને ગમતું નહોતું. પરંતુ નિયમિત વ્યાયામ કર્યા વિના એક હદથી ઉપર ઊઠીને જીવનનો આનંદ ક્યારેય લઈ શકાતો નથી. આ જ કારણ હતું કે ભાઈ ભલે ઉંમરમાં મારા કરતાં બે વર્ષ જ મોટા હતા, પરંતુ દેખાવમાં મારાથી દસ વર્ષ મોટા લાગી રહ્યા હતા.

હશે! હું મારી વાત કરું તો હું અત્યારે ચારે બાજુથી મસ્તી લૂંટવામાં વ્યસ્ત હતો. કામકાજ કંઈ હતું નહીં, આથી નિત્યકર્મ પતાવીને બપોરનાં ભોજન બાદ પ્રાય: હું અને રુક્મિણી ચોપાટ રમ્યા કરતા હતા. ભદ્રાને ચોપાટ રમવાનું નહોતું આવડતું. પણ હા, તે મને અને રુક્મિણીને રમતા જોઈને તેનો આનંદ લીધા કરતી હતી. ખરેખર રુક્મિણીની ચંચળતા અને ભદ્રાના ભોળપણના સંગમે મારું જીવન રંગીન બનાવી દીધું હતું. ભદ્રાની વાત કરું તો તેને મારું-તારું, પોતીકું-પારકું, જિદ્ કે હઠ, સ્વાર્થ કે જલન કંઈ સ્પર્શતું નહોતું. રાજકીય અહમ્ તો આમ પણ તેને નહોતો. ખરેખર આવી ભોળી મૂર્તિ સાથે વિવાહ કરીને હું તો ધન્ય થઈ ગયો હતો. ચાલો, જ્યારે આટલી વાત ચાલી જ છે તો બીજી એક વાત કહી દઉં. તમે તો જાણો જ છો કે મને નહાવાનું બહુ ગમતું હતું. દિવસમાં ઓછામાં ઓછું બે વાર તો હું નાહી જ લેતો હતો. એટલું જ નહીં, આ દિવસોમાં નાહીને રુક્મિણી અને ભદ્રા પાસે આખા શરીર પર ચંદન લગાવવાને પણ મેં મારો નિત્યક્રમ બનાવી લીધો હતો. આમ તો મને જળકુંડમાં નહાવાનું, એમાં જ પડ્યા રહેવાનું પણ ઘણું પસંદ હતું. તમે નહીં માનો કે હું પ્રાય: કલાકો સુધી રુક્મિણી અને ભદ્રા સાથે જળકુંડમાં પડ્યો રહેતો હતો. ...અર્થાત્ આ દિવસોમાં દ્વારકાધીશ પૂરા ઠાઠથી જીવી રહ્યા હતા.

જોકે અંતે આ બધું પણ ક્યાં સુધી...? હું રહ્યો પાક્કો "કર્મવીર". આથી જ્યારે બીજું કંઈ ન સૂઝ્યું તો મલ્લ-યુદ્ધનો અભ્યાસ શરૂ કરી દીધો. એટલું જ નહીં, અચાનક હું ધનુષ્ય અને ગદા પર પણ વિશેષ ધ્યાન આપવા લાગ્યો હતો. આમ પણ આ બંને વિદ્યાઓમાં હું પહેલેથી ઘણો કમજોર હતો. કહી શકાય છે કે હાલ સમય હતો તો ગદા અને ધનુષ્ય શીખીને એક ઘડાયેલો રાજા બનવાના પ્રયત્નમાં લાગી ગયો હતો. આ બાજુ સતત પ્રયત્નોથી ધીમે ધીમે હું બંને વિદ્યાઓમાં કુશળતા પણ મેળવતો જઈ રહ્યો હતો. હવે તો ચાલતા રથથી તીરનું નિશાન તાકી લેતો હતો. રુક્મિણી મોટે ભાગે અભ્યાસ દરમિયાન મારી સાથે જ રહેતી હતી. તે કાયમ આવી ગતિવિધિઓમાં મારો ઉત્સાહ વધાર્યા જ કરતી હતી. આમ પણ રુક્મિણી હંમેશાં ઇચ્છતી હતી કે હું એક સારો ધનુર્ધારી બનું. તેનું પહેલેથી માનવું હતું કે એક સફળ રાજાનું સારા ધનુર્ધારી હોવું જરૂરી છે. હવે આવામાં તમે તો જાણો જ છો કે જો શોખની સાથે રુક્મિણીનો ઉત્સાહ પણ જોડાઈ જાય, તો કહેવાનું જ શું? થોડા જ મહિનાઓના પ્રયત્નથી હું ધનુર્વિદ્યામાં સારો એવો નિપુણ થઈ ગયો હતો. સાચું કહું તો હું મારી ધનુર્વિદ્યાનો વધુમાં વધુ સિક્કો પણ રુક્મિણી પર જ ચલાવ્યા કરતો હતો. કારણ કે એ જ પ્રેરણાસ્ત્રોત પણ હતી અને જાણકાર પણ. સાથે જ તેને પ્રભાવિત કરતા રહેવાની એક આદત પણ પડી ગઈ હતી. હવે તો રુક્મિણીની સાથે રથમાં જંગલોમાં જવાનું રોજનું થઈ ગયું હતું. રથ રુક્મિણી જ ચલાવતી હતી. જ્યારે ક્યારેક ચાલતા રથમાંથી કોઈ ઊડતા પંખીનું નિશાન સાધી લેતો, તો રુક્મિણી ખૂબ પ્રસન્ન થઈ જતી હતી. તે તરત તાળીઓ વગાડીને પોતાની ખુશી વ્યક્ત કરતી હતી. પરંતુ જો ભૂલથી નિશાન ચૂકી જવાય, તો તે બહુ ઉદાસ થઈ જતી હતી. ક્યારેક ક્યારેક ભદ્રા પણ અમારી સાથે ચાલી આવતી હતી. ...જોકે તેને તીરંદાજીમાં કોઈ રસ નહોતો, તે તો બસ, મારા સાથથી જ ખુશ હતી. આ બાજુ હું પણ મારા આ નવા નિત્યકર્મથી અત્યંત પ્રસન્ન હતો.

પરંતુ મારા જીવનમાં ખુશી ક્યાં કોઈ લાંબી ટકવા દે છે? આ વખતે મારી ખુશીઓ મારા મિત્રોને જ ન પચી. ઉદ્ધવ અને સાત્યકિના એક વ્યંગે મારી આ ખુશી પર ગ્રહણ લગાવી દીધું. એક દિવસ એમ જ અમે લોકો સમુદ્રકિનારે ફરવા નીકળ્યા હતા. રુક્મિણી અને ભદ્રા તો મારી સાથે હતા જ

હતા, તે દિવસે કોણ જાણે શું થયું તે ઉદ્ધવ અને સાત્યકિ પણ અમારી સાથે થઈ ગયા હતા. ફરતા-ફરતા કોણ જાણે ક્યાંથી તે દિવસે સાત્યકિએ દ્રૌપદીની સુંદરતાની ચર્ચા શરૂ કરી દીધી. પછી તો લાગ મળતા સાત્યકિએ ખૂબ જ દ્રૌપદીની સુંદરતાના વખાણ પણ કરી નાખ્યા. હવે ચર્ચા જ ખોટી શરૂ થઈ ગઈ હતી. હું ચૂપચાપ સાંભળી રહ્યો હતો. મને તો આ દુષ્ટોએ વચ્ચે હા-હું કરવાની પરિસ્થિતિમાં પણ રાખ્યો નહોતો. હા, આખી ચર્ચા દરમિયાન રુક્મિણીનાં હાવભાવ પર મારી આંખો ચોક્કસ ચોંટેલી હતી. સ્પષ્ટ દેખાતું હતું કે એ મનોમન દ્રૌપદીની સુંદરતાના વખાણથી ઘણી બળી રહી હતી. હવે બળતરા તો જાત પરના અવિશ્ર્વાસનું પ્રમાણ છે. એ અહંકારનું વિકૃતમાં વિકૃત સ્વરૂપ છે. તેનાથી ફાયદો તો કંઈ થતો નથી, મફતમાં બહુ કષ્ટ સહન કરવું પડે છે. પરંતુ આ રુક્મિણીની પોતાની સમસ્યા હતી. મારી સમસ્યા તો આના પરિણામથી ઉત્પન્ન થનારી હતી. હવે સમુદ્રકિનારે ફરવું એ મારા સહુથી ગમતા શોખોમાંથી એક હતો. પરંતુ આ સમયે ફરવાનો આનંદ લેવાનું તો દૂર, ઊલટું પરેશાન કરવામાં આવી રહ્યો હતો. મારી હાલત ખરેખર અજબ થઈ ગઈ હતી. વાતોનો શોખીન હું, એકદમ મૌન હતો. સક્રિયતાના નામ પર મારા કાન ઉદ્ધવ અને સાત્યકિની વાતો પર લાગેલા હતા, આંખો રુક્મિણી પર જ અટકી હતી, અને પગ બિચારા પોતાના ચાલવાના કર્મમાં લાગેલા હતા. અર્થાત્ આ સમયે મારા જ શરીરના અંગોમાં કોઈ આંતરિક તાલમેલ નહોતો. ...આ બાજુ જ્યારે સાત્યકિ આટલું મલકી રહ્યો હતો તો ઉદ્ધવ ક્યાં પાછળ રહેવાવાળાઓમાંથી હતો? સાત્યકિએ નાનો વીંછી છોડ્યો હતો, ઉદ્ધવે નાગરાજ જ છોડી દીધો. વાતવાતમાં એ બે કદમ વધારે આગળ વધી ગયો. એણે કહ્યું- જાણો છો, ભાભી! આર્યાવર્તના તમામ રાજા દ્રૌપદીને પામવા માટે અતિ બેચેન થઈ ગયા છે. તેના સ્વયંવરમાં ધનુર્વિદ્યાની એક ખૂબ જ અઘરી પરીક્ષા રાખવામાં આવી છે. જ્યારથી આ ખબર આર્યાવર્તમાં પ્રસરી છે, ત્યારથી દ્રૌપદીને મેળવવા વ્યાકુળ થયેલા રાજા અને યુવરાજ ધનુર્વિદ્યાના જોરદાર અભ્યાસમાં લાગી ગયા છે. અને ભાભી, એક રહસ્યની વાત બતાવું, સ્વયંવરનું આખું આયોજન આપણા કનૈયાની દેખરેખ હેઠળ જ તો થઈ રહ્યું છે.

બસ, થઈ ગયું મારું કલ્યાણ. આ બધું સાંભળતા જ રુક્મિણીનો ચહેરો સંપૂર્ણ રીતે ઊતરી ગયો. એ ઈર્ષાને કારણે કાળી પડી ગઈ. જોકે તેણે તરત જાતને સંભાળી લીધી. સામાન્ય હોવાનો અભિનય પણ કરવા લાગી, પરંતુ એ અભિનયમાં મારી જેવી નિપુણ ક્યાં હતી? મારે જે જોવાનું હતું, તે હું જોઈ ચૂક્યો હતો. ફરીને તો પાછા આવ્યા, પરંતુ ફરવા જવાની આફતે મારો પીછો ન છોડ્યો. એ રાતે રુક્મિણીએ કોઈ ખાસ વાત તો ન કરી, સતત સામાન્ય હોવાનો અભિનય કરતી રહી, પરંતુ તેમ છતાં પોતાની ઈર્ષા સંપૂર્ણ રીતે છુપાવવામાં અસફળ જ રહી. તેનાથી ઊલટું, ભદ્રા સંપૂર્ણ રીતે સામાન્ય હતી. જોકે એ ખાસ કંઈ સમજી પણ નહોતી. કેટલીય વાર બિનજરૂરી સમજદારી કે હોશિયારી પણ નકામી ઝંઝટોનું કારણ બની જાય છે. આ જ રુક્મિણીની સાથે થયું હતું. તેના કરતાં તો ભદ્રાનું ભોળપણ સારું હતું, કમસેકમ ખુશ તો હતી એ.

...હશે! હાલ તો રાત ગઈ, વાત ગઈ જાણીને હું બીજે દિવસે ધનુર્વિદ્યાનો અભ્યાસ કરવા જંગલ જવા માટે તૈયાર થઈ ગયો. આખરે આ અમારો નિત્યકર્મ હતો. પરંતુ રુક્મિણી હજી સુધી તૈયાર નહોતી થઈ. એટલું જ નહીં, એણે આવવાનો પણ ઈન્કાર કરી દીધો. હું સમજી ગયો કે ઉદ્ધવ અને સાત્યકિની મજાક તેના દિલમાં ઘર કરી ગઈ છે. જોકે તેણે બહાનું તબિયતનું બનાવ્યું હતું. પરંતુ હું તેની ઈર્ષાથી અજાણ તો હતો નહીં. ...અને વળી અમે તો એ આશિક છીએ, જે દિલની વાત જાણી લે છે દિલની ધડકન પાસેથી જ. છોડો, સાચું કહું તો રુક્મિણીના ઈન્કાર બાદ મારું મન પણ અત્યારે જંગલ જવા માટે તૈયાર નહોતું થઈ રહ્યું. આમ પણ શસ્ત્રોમાં મને કોઈ ખાસ રુચિ તો હતી નહીં. પરંતુ કોણ જાણે શું વિચારીને મારા મને તેને બોધપાઠ શીખવવા વિચાર્યું અથવા કહું કે તેને પરેશાન કરવાનું મન થયું તો વધારે યોગ્ય રહેશે. હવે ભલે જે પણ કહું, હાલ તો તેને ચીડવવા માટે મારું જંગલ જવાનું જરૂરી

હતું. તો ભલા હું ક્યારે કર્તવ્ય-કર્મથી પાછળ હટવાનો હતો? ખાસ કરીને જે કર્મથી આટલો આનંદ મળવાનો હોય તેનાથી પાછળ જવાનો તો પ્રશ્ન ઊઠતો જ નહોતો. આથી ન માત્ર હું જંગલ જવા માટે તૈયાર થયો, બલ્કે જતા જતા તેને ચીડવવાના ઉદ્દેશથી કહ્યું પણ કે તારી તબિયત બરાબર નથી, કોઈ વાત નહીં, આજે એકલો જ ભલે ...પણ કોઈપણ સ્થિતિમાં ધનુર્વિદ્યાનો અભ્યાસ સતત ચાલુ રાખવો જરૂરી છે. આટલું કહેતા કહેતા હું પૂરા ઉત્સાહ સાથે, એની તરફ જોયા વિના નીકળી પડ્યો. બીજા ત્રણચાર દિવસ અમારો આ જ નિત્યકર્મ ચાલ્યો. એ કોઈને કોઈ બહાનું બનાવીને મારી સાથે જંગલ આવવાનું ટાળતી રહી, અને બીજી બાજુ હું ઉત્સાહનું નાટક કરીને જંગલ જતો રહ્યો.

પરંતુ અહીં તો પાસું જ ઊલટું પડી ગયું. એને ચીડવવામાં તો કોઈ ખાસ મજા ન આવી, પણ ચીડવવાના પ્રયત્નમાં એને વધારે ઉદાસ કરી બેઠો. પરિણામસ્વરૂપ માંડમાંડ થોડી સ્વસ્થ થયેલી રુક્મિણી એકવાર ફરી ગુમસુમ ગુમસુમ રહેવા લાગી. આ શું થઈ ગયું? હું તો બસ, તેને ચીડવવા માંગતો હતો, કંઈ ઉદાસ થોડો કરવા માંગતો હતો? અંતે કોઈ ઉપાય ન જોઈ, મેં ઉદાસ રુક્મિણીની સામે આત્મસમર્પણ કરી દીધું. તે દિવસથી જંગલ જવાનું જ નહીં, ધનુર્વિદ્યાનો અભ્યાસ સુદ્ધાં છોડી દીધો. આ રીતે સાત્યકિ અને ઉદ્ધવની એક મજાકે મારો ધનુર્વિદ્યાનો અભ્યાસ બંધ કરાવી દીધો. બંને દુષ્ટોએ મળીને એક રાજાને ઘડાયેલો ધનુર્ધર બનવાથી વંચિત કરી દીધો.

ખેર! આ બધું કરતા કરતા હવે મને દ્વારકા આવ્યે લગભગ છ-સાત મહિના થઈ ગયા હતા. અને કહેવાની જરૂર નથી કે આ દરમિયાન જરૂરી વિશ્રામ અને ભરપૂર આનંદ, બંને મળી ગયા હતા. દ્વારકામાં પણ બધું ઠીકઠાક જ હતું. શિસ્ત પણ કાયમ થઈ ગઈ હતી. આમ પણ સારો સમય પસાર થતાં વાર ક્યાં લાગે છે? હવે તો તિથિ વધારે દૂર નહોતી. ત્રણ મહિના જ બાકી રહી ગયા હતા. અને ચોક્કસપણે આવામાં અત્યારથી તે 'ભવ્ય-કર્મે' મારા માનસ પર દસ્તક આપી દીધી હતી. અને તેની સાથે જ મારા ચિંતનનો મુખ્ય હિસ્સો ફરી એકવાર ગૂંચવાઈને રહી ગયો હતો. કારણ કે આર્યાવર્તની શાંતિ માટે આ સ્વયંવરનું મારી યોજના મુજબ પાર પડવું અત્યંત જરૂરી હતું.

...હવે આ તો ઠીક છે, પણ આ બાજુ મારા ધનુર્વિદ્યા ત્યાગવા છતાં રુક્મિણીની ઉદાસી પર કોઈ ખાસ ફરક પડ્યો નહોતો. આમ તો રુક્મિણી પોતાના તરફથી વ્યવહાર સામાન્ય બનાવી રાખવાના ભરપૂર પ્રયત્નો કરી રહી હતી, પરંતુ અંદરને અંદર તે ઘણી પરેશાન રહેવા લાગી હતી. અને તેની અસર સીધેસીધી તેની તબિયત પર પડી રહી હતી. મને તેનું આ રીતે પરેશાન રહેવાનું સારું તો લાગી નહોતું રહ્યું, પરંતુ હું કંઈ ખાસ કરી પણ તો નહોતો શકતો. કારણ કે તેની પરેશાની "અહંકાર-જન્ય'' હતી. અને અહંકારના દુઃખને અહંકારની સમાપ્તિ સિવાય દૂર કરી શકાતું નથી. એ સ્પષ્ટ હતું કે રુક્મિણી દ્રૌપદીની સુંદરતાથી ડરી ગઈ હતી. આ બાબતે તેને મારા ઈરાદા ક્યારેય વિશ્ર્વસનીય લાગ્યા નહોતા. ઉપરથી મારા આટલા ઉત્સાહપૂર્વક ધનુર્વિદ્યાનો અભ્યાસ કરવાએ તેને વધારે બેચેન કરી દીધી હતી. આ ઓછું હતું તો સ્વયંવરની કમાન મારા હાથમાં હતી. આમ સરવાળે તેને વિશ્ર્વાસ થતો જતો હતો કે હું દ્રૌપદી સાથે વિવાહની યોજના બનાવી ચૂક્યો છું. તેનું માનવું હતું કે જો એકવાર દ્રૌપદી જેવી સુંદર અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતી સ્ત્રી સાથે મારો વિવાહ થઈ ગયો, તો પછી હું તેના પર બિલકુલ ધ્યાન નહીં આપું. તે રાણી હોવા છતાં, માત્ર દાસી બનીને રહી જશે.

આમ જોવા જઈએ તો પોતાની ટૂંકી દ્રષ્ટિથી એણે યોગ્ય જ વિચાર્યું હતું. આમ પણ સામાન્ય મનુષ્યોને મહાન વ્યક્તિઓ બાબતે આનાથી વધારે જાણકારી હોતી પણ નથી. એ જ પ્રમાણે, ચોક્કસપણે તેણે વિચાર્યું હશે કે જો કૃષ્ણ વૃંદાવનની ગોપીઓ અને કુબ્જા જેવી પર પણ મરીમીટે છે, તો દ્રૌપદીની સુંદરતાના દીવાના થઈ જવાનું તેના માટે ક્યાં મોટી વાત છે? ચાલો, આ તો એણે પોતાની બુદ્ધિ અને ગણિતના હિસાબે યોગ્ય જ વિચાર્યું હતું, પરંતુ આશ્ર્ચર્યજનક રીતે તેનું તાત્કાલિક પરિણામ એ આવ્યું કે હવે રુક્મિણી નિયમિત રીતે પ્રદ્યુમ્નને યાદ કરવા લાગી. હવે અહીં મારા જેવા બુદ્ધિશાળી

પુરુષને, દ્રૌપદીથી થનારી ઈર્ષાનો પ્રદ્યુમ્નની યાદ સાથેનો કોઈ સંબંધ સમજાઈ રહ્યો નહોતો. અને મારી એક વિશેષતા હતી કે જ્યારે વાત મારી સમજમાં ન આવે, તો હું સંપૂર્ણ રીતે સાવધાન થઈ જતો હતો. કારણ કે વાત સમજની બહાર થઈ જવી "સ્વાભાવિક-પ્રતિક્રિયા''નું દ્યોતક લગીરે નથી. એનો સીધો અર્થ તો એ થયો કે સામેવાળાએ તમારા માનસ સાથે ચોપાટ રમવાનું શરૂ કરી દીધું છે. આથી હું રુક્મિણીની દરેક વાત એકદમ સાવધાનીથી સાંભળવા લાગ્યો, પણ વાત સમજમાં તોયે આવી રહી નહોતી.

ખેર! થોડા જ દિવસોની વાત હતી. મારે વધારે પ્રતીક્ષા ન કરવી પડી. અંતે રુક્મિણીના દિલની વાત તેના હોઠ પર આવી જ ગઈ. તે ઈચ્છતી હતી કે હું કોઈ રીતે પ્રદ્યુમ્નને શોધવા જાઉં. અર્થાત્ પ્રદ્યુમ્નને બહાને મને દૂર રાખવા માંગતી હતી. તેની યોજના ખુલ્લી પડી ગઈ હતી. જોકે મેં આ વાતની તેને ખબર ન પડવા દીધી કે હું તેની યોજના સમજી ચૂક્યો છું. પણ હા, તેની ઉદાસી દૂર કરવા માટે તેને સમજાવવાનો પ્રયત્ન જરૂર કર્યો; આખરે તે મારી પ્રાણપ્યારી હતી. ભલેને તેની ખોટી ઈચ્છા પૂરી કરી નથી શકતો, પણ તેને તેની ઈચ્છા ખોટી હોવાની અનુભૂતિ તો કરાવી શકું છું.

...બસ, મોકાના લાગમાં જ બેઠેલા મેં તેને બીજા દિવસે રાત્રિવિશ્રામના સમયે બહુ લાડ લડાવ્યા. પ્રેમથી તેનું માથું મારા ખોળામાં રાખીને પંપાળતા, તેને સમજાવવાના ઉદ્દેશથી કહ્યું- રુક્મિણી! સાચું કહું તો પ્રદ્યુમ્નની યાદ તો મને પણ બહુ આવે છે. આખરે તે આપણું પહેલું સંતાન છે. વળી, મેં તો તેને જોયો પણ નથી. અને જ્યાં સુધી તેને શોધવાનો સવાલ છે, તેને શોધવા હું ક્યાં જાઉં? આ કાર્ય આપણા ગુપ્તચરોનું છે. અને તે છેલ્લા દોઢ વર્ષના અથાક્ પ્રયત્નો બાદ પણ તેની કોઈ ખાસ ભાળ મેળવી નથી શક્યા. જો તેની ખબર પડે કે તેને ઉઠાવીને કોણ લઈ ગયું છે, તો પછી તે ગમે તેટલો પણ મોટો રાક્ષસ કે રાજા કેમ ન હોય, હું તત્ક્ષણ તેની સાથે યુદ્ધ કરીને તેને પાછો લઈ આવું. પરંતુ વર્તમાન સ્થિતિમાં, તેને શોધવાની એક પણ યોગ્ય દિશા મારી સામે નથી. અને જ્યાં કર્મને કોઈ દિશા ન મળે તો પછી તેને સ્વીકારવાનું જ બહેતર હોય છે. આથી હું પ્રદ્યુમ્નને ભૂલાવી ચૂક્યો છું, બહેતર થશે કે તું પણ તેને ભૂલી જાય.

હવે કારણ કે મારી વાત સીધી અને સાફ હતી, આથી રુક્મિણી સમજી તો ગઈ; ચૂપ પણ થઈ ગઈ; પરંતુ સામાન્ય ન થઈ શકી. કારણ કે અત્યારે તેનું દુ:ખ કંઈ "પ્રદ્યુમ્ન'' તો હતો નહીં, તેનું અસલી દર્દ દ્રૌપદી હતી, અને જે અત્યારે પણ પૂરી મજબૂતી સાથે ઊભી હતી. અને એની મજબૂરી એ હતી કે તે આ બાબતે મારી સાથે કોઈ વાત પણ કરી શકતી નહોતી. કારણ કે અમે બંનેએ અમારી વચ્ચે વાતચીતનું એક સ્તર કાયમ કરી રાખ્યું હતું, તેનાથી નીચે ઉતરવાનો તો કોઈ સવાલ જ ઊભો થતો નહોતો. આ બાજુ, હું પણ મારા તરફથી જાણી જોઈને અજાણ બનેલો જ હતો. અર્થાત્ આમ સરવાળે મારો અને રુક્મિણીનો સંબંધ સમજદારી અને ઈમાનદારીનો હતો. તેણે પ્રદ્યુમ્નનો સવાલ ઉઠાવ્યો હતો, તો આ બાજુ મેં તે વાતની અવ્યાવહારિકતા પ્રકટ કરી દીધી હતી. પરિણામસ્વરૂપ અમારા વ્યવહારનું સ્તર કાયમ રાખતા, એણે પણ પલટવારમાં કોઈ સવાલ પૂછ્યો નહોતો. આમ પણ વાત કાપવા કે પૂછવા જેવું કંઈ હતું પણ નહીં. બસ, વાત ત્યાંજ પૂરી થઈ ગઈ હતી. પણ કારણ કે આ સમયે તે કાન ઉલટાવીને પકડવાની કોશિશ કર રહી હતી, એટલે સમાધાન કરી શકતી નહોતી. હવે આ તેની સ્વયંજનિત સમસ્યા હતી અને તેનું દુ:ખ તેણે જ સહન કરવાનું હતું. હું એમાં કંઈ કરી શકતો નહોતો.

...આ બાજુ આ બધી સમસ્યાઓ ચાલી રહી હતી કે ત્યારે અચાનક એક દિવસ રાજા દ્રુપદનો દૂત "દ્રૌપદી-સ્વયંવર''નું નિમંત્રણ લઈને આવ્યો. જોકે સ્વયંવરને હજી બે મહિનાની વાર હતી, પણ સ્વયંવરનું મહત્ત્વ જોતા, આ સમય કંઈ નહોતો. આ બાજુ એ દૂત પોતાની સાથે મહારાજા દ્રુપદનો અંગત પત્ર પણ લઈને આવ્યો હતો, જેમાં મને જલ્દીમાં જલ્દી આવવાની વિનંતી કરવામાં આવી હતી. હું પણ સમયનું મહત્ત્વ જાણતો જ હતો. હું એ વાતથી અજાણ નહોતો કે આખા આર્યાવર્તનું ભવિષ્ય

આ બાબત પર ટકેલું છે. આથી દૂત શું આવ્યો, તત્ક્ષણ મારું સમગ્ર ચિંતન રુક્મિણીથી નીકળીને "દ્રૌપદી-સ્વયંવર'' પર કેંદ્રિત થઈ ગયું. મારે માટે ખરેખર આ સ્વયંવર યોજનાનુસાર પાર પાડવાનો એક બહુ મોટો પડકાર હતો. અને હું આ માનીને જ ચાલી રહ્યો હતો કે આ સ્વયંવર મારી કર્મઠતાની સંપૂર્ણ પરીક્ષા લઈને જ પાર પડશે. આથી મારું ચિંતન, ઈચ્છું કે ન ઈચ્છું, સ્વયંવરમાં ગૂંચવાઈને રહી ગયું હતું. સો વાતની એક વાત એ કે દ્રૌપદીના વિવાહનો સોદો કોઈ જરાસંધ કે અન્ય કોઈ દુષ્ટ કે શક્તિશાળી રાજા સાથે ન થાય, તે નિશ્ચિત કરવાને હું મારું કર્તવ્ય સમજતો હતો. ચોક્કસપણે જો એવું કંઈ થાય તો એ રાજાનું હસ્તિનાપુર સાથે યુદ્ધ અટલ થઈ જશે, કારણ કે દ્રોણ સાથે બદલો લેવો એ જ તો આ વિવાહની એકમાત્ર શરત છે. આવી સ્થિતિમાં પાંડવોએ પણ પોતાના ગુરુના રક્ષણ માટે ખૂલીને સામે આવવું પડશે. કૌરવો માટે પણ આ યુદ્ધથી અંતર રાખવાનું અશક્ય બની જશે. સહુથી મોટી વાત તો એ કે હજી આ લોકોની માનસિકતા એટલી વિકસિત નહોતી કે તેઓ સારા કે નરસા ગુરુનો ભેદ કરી શકે. દ્રોણને પોતાના હાલ પર છોડી શકે. વળી હસ્તિનાપુરના પણ કેટલાય હિતેચ્છુ રાજ્ય છે. કર્ણ તો છે જ. બીજી બાજુ જરાસંધની સાથે પણ સમસ્ત આર્યાવર્ત છે. અર્થાત્ આ તો "મહાયુદ્ધ'' થઈ જશે. મહાવિનાશ થશે. નહીં-નહીં, મારા હોવા છતાં હું આટલો મોટો મહાવિનાશ થવા નથી દઈ શકતો. હું આ મહાન કર્મ પાર પાડીને મારો મનુષ્યજન્મ સાર્થક કરવા માટે કટિબદ્ધ હતો. હું આપમેળે પ્રાપ્ત થયેલા આ મહાન અવસરને ગુમાવવા નહોતો ઈચ્છતો.

બસ, આમ સરવાળે આ વિચાર સાથે જ મેં મારું અસ્તિત્વ સાથે એક કરી દીધું. આ બધું તો ઠીક, પણ અસલી વાત એ કે આટલું મોટું કાર્ય પાર પાડવા માટે પણ મારું સ્વયંવરના એક મહિના પહેલાં પહોંચવાનું જરૂરી હતું. અર્થાત્ આજથી લગભગ વીસમા દિવસે મારે નીકળી જવું પડે એવું હતું. નીકળવાનું તો ઠીક, શારીરિક કર્મ છે... પણ મારે સ્વયંને માનસિકરૂપે તૈયાર કરવાની વધારે મોટી કસોટી હતી. તેના માટે મન, બુદ્ધિ અને ચૈતન્યથી ડૂબવાનું જરૂરી હતું. ચોક્કસપણે આર્યાવર્તનાં આટલા દિગ્ગજ રાજાઓની હાજરીમાં સ્વયંવર મારા મન મુજબ પાર પાડવો, ધ્યાનની પરમ ઊંચાઈ માંગતો હતો. આમ તો ધ્યાનમાં મારું કોઈ હરીફ બની જ શકતું નહોતું. અને ધ્યાનનો એક જ સિદ્ધાંત છે, તે કાર્યને છોડીને બીજું બધું ભૂલી જાઓ. બસ, પળવારમાં શું દ્વારકા - શું રુક્મિણી, બધાને અસ્તિત્વમાંથી બહાર ફેંકી દીધાં. હવે હું "વિરાટ-કર્મ'' માટે સંપૂર્ણ રીતે તૈયાર હતો.

આ બાજુ નિમંત્રણ શું આવ્યું, પોતાની સાથે એક વણબોલાવેલી મુસીબત પણ લઈ જ આવ્યું. સ્વયંવરના નિમંત્રણ માત્રએ રુક્મિણીની બેચેનીમાં હજારોગણો વધારો કરી દીધો. ત્યાં સુધી કે આ નિમંત્રણને આવ્યે હજી બે-ચાર દિવસ જ વીત્યા હતા કે તેણે મને ચક્કરમાં લેવાનો હજી એક અંતિમ પ્રયત્ન કર્યો. એ રાતે તે મારી મનપસંદ સાડી પહેરીને જ તૈયાર થઈ હતી. તેણે મારી પસંદનો છપ્પનભોગ પણ તૈયાર કર્યો હતો. અર્થાત્ મને મનાવવા અને મારી પાસે ધાર્યું કરાવવાના તમામ હથિયારોથી તે સજ્જ હતી. આ બાજુ, હું નાદાન, તેના કાતિલ ઈરાદાઓથી સંપૂર્ણ રીતે અજાણ હતો, હું તો ઊલટું આને તેનું હૃદય-પરિવર્તન સમજીને ખુશ થઈ રહ્યો હતો. આમ તો હું બહુ ચાલાક હતો, પરંતુ પારસ્પરિક સંબંધોમાં ક્યારેય સાવધાન રહેતો નહોતો. સીધી વાત છે, ચાલાકી બહારવાળાઓ સાથે કરવામાં આવે છે, પોતાના લોકો સાથે તો મજા ભોળપણમાં જ છે. અને હું ભોળો, આટલા દિવસો બાદ રુક્મિણીને આટલી પ્રસન્ન જોઈને ખુશીનો માર્યો નાચી ઊઠ્યો હતો. પ્રસન્નચિત્ત રુક્મિણીથી વધીને મારે માટે બીજું શું હોય શકે છે? એક તો પીળા રંગની રેશમી સાડી પહેરીને તેણે મને આમ પણ ખુશ કરી દીધો હતો, ઉપરથી તેણે પોતાના જ હાથોથી મને છપ્પન ભોગ ખવરાવ્યા. હું તો બધું ચટ્ કરી ગયો. આટલા દિવસો બાદ 'પ્યારે'ને 'પ્યારી'નો 'પ્યાર' મળી રહ્યો હતો, કોણ કાબૂ રાખે? ...હવે ખાતા તો ખાઈ ગયો, પણ તત્કાળ સુસ્તી ચઢી ગઈ. હજી હું સૂતો જ હતો કે રુક્મિણીએ મારા પગ દાબવાનું શરૂ કરી દીધું. રુક્મિણીમાં અચાનક આવેલું આ પરિવર્તન જોઈને મને ખૂબ સંતોષ થયો.

વિચાર્યું, ચાલો સ્વયંવરનું આ ભયાનક કર્મ કરતી વખતે, ઓછામાં ઓછી મારે રુક્મિણીની ચિંતા નહીં કરવી પડે. હવે મારા વિચાર મારી જગાએ હતા, પણ રુક્મિણી તો બહુ ઊંડું વિચારીને બેઠી હતી. થોડી વાર પછી, પગ દબાવતા દબાવતા ખૂબ ચિંતા પ્રકટ કરીને કહ્યું- સ્વામી, આજે તમે બહુ થાકેલા દેખાઈ રહ્યા છો.

...હું તો ચક્કર જ ખાઈ ગયો. કારણ કે થાકનું તો નામોનિશાન હતું જ નહીં. તેમ છતાં મેં મારી સકારાત્મકતા બનાવી રાખી, વિચાર્યું કદાચ આ તેનો પ્રેમ હશે જેથી હું તેને થાકેલો લાગી રહ્યો હોઈશ. આથી, મેં બહુ પ્રેમથી તેનો હાથ મારા હાથમાં લેતા કહ્યું- શું વાત કરે છે, પ્રિયે? દ્વારકામાં ગત આઠ માસથી આરામ જ તો કરી રહ્યો છું.

...તે થોડી ઉદાસ થઈને નહીં! મને લાગે છે કે તમને આરામની સખત જરૂર છે. ...હવે આ શું વાત થઈ? પરંતુ હજી તેની પહેલાં કે હું કંઈ સમજી-વિચારી શકું, એણે ફરી બોલવાનું શરૂ કરી દીધું- હું વિચારી રહી હતી કે તમે દ્વારકા તરફથી ભાઈને મોકલી દો. નકામું દર વખતે તમારે કષ્ટ ઉઠાવવાની શું જરૂરિયાત છે?

છેક હવે તેના પીળા રંગની રેશમી સાડી, છપ્પન-ભોગ અને પગ પસારવાનું રહસ્ય મારી સમજમાં આવ્યું હતું. તે કોઈપણ રીતે મને દ્રૌપદીના સ્વયંવરમાં જવાથી રોકવા માંગતી હતી. સાચું કહું તો મને એના આવા પ્રયત્નો પર હસવું આવી રહ્યું હતું. પરંતુ મેં મારા હાસ્ય પર કાબૂ રાખ્યો અને સંપૂર્ણ ગંભીરતા જાળવી રાખીને કહ્યું- પ્રિયે! તારી વાત તો યોગ્ય છે. પરંતુ સ્વયંવરની તમામ જવાબદારી મેં ઉઠાવી રાખી છે. ક્યારે શું કરવાનું છે, માત્ર હું જાણું છું. મહારાજા દ્રુપદ માત્ર મારા ભરોસે બેઠા છે. તું તો જાણે જ છે કે હું મારા પર વિશ્ર્વાસ રાખવાવાળાનું દરેક કાર્ય કોઈપણ સ્થિતિમાં પાર પાડીને જ દમ લઉં છું.

...આમ તો રુક્મિણી ઉત્તરહીન થઈ ગઈ હતી. છતાં, તેણે હથિયાર સંપૂર્ણ રીતે નાખી દીધા નહોતા. એણે એક અંતિમ પ્રયત્ન કરતા કહ્યું- ઠીક છે. તો પછી તમે ભાઈને પણ તમારી સાથે લઈ જાઓ. તેનાથી તમારો થોડો બોજ હળવો થતો રહેશે.

...રુક્મિણીનો વિચાર તો યોગ્ય હતો. જો ભાઈ સાથે રહે તો કદાચ મારો દ્રૌપદી સાથેનો વિવાહ સરળ નહીં રહે. ભાઈ ચોક્કસપણે તેનો વિરોધ કરશે. પરંતુ કોને, ક્યારે, ક્યાં લઈ જવાના છે અને ક્યાં નહીં, ભલા એમાં હું કોઈ ચૂક કરવાવાળાઓમાંથી થોડો જ હતો? સાચું કહું તો મને રુક્મિણીના ભય પર આશ્ર્ચર્ય થઈ રહ્યું હતું. ચોક્કસપણે આ તેના અવિશ્ર્વાસનું દ્યોતક હતું. ત્યાં બીજી તરફ મને મનોમન હસવું પણ બહુ આવી રહ્યું હતું. છતાં, હું મારા તરફથી ગંભીર મુખમુદ્રા ધારણ કરીને જ બેઠો હતો. એટલું જ નહીં, તત્કાળ તે જ ગંભીરતા સાથે એક વ્યાવહારિક ઉત્તર પણ આપી દીધો- પ્રિયે! તું તો સારી રીતે જાણે છે કે વર્તમાન સ્થિતિમાં મારું અને ભાઈનું એકસાથે દ્વારકા છોડવાનું બરાબર નથી.

રુક્મિણી સ્વયં રાજપાટ અને રાજનીતિની સારી જાણકાર હતી. આથી તેના નકામા સવાલ ઉઠાવવાનો તો સવાલ જ ઉઠતો નહોતો. એક રીતે તે મારા તર્કપૂર્ણ જવાબોની સામે ઉપાયહીન થઈ ગઈ હતી. મેં વિચાર્યું-ચાલો, જીવ બચ્યો. પરંતુ નહીં; એણે તો કોઈ ઉપાય ન જોઈને, બ્રહ્માસ્ત્ર જ ચલાવી દીધું. તે બોલી-પરંતુ સ્વામી! હું ગર્ભવતી છું. શું તમને નથી લાગતું કે મારા અને આ બાળકને માટે તમારે દ્રૌપદી-સ્વયંવરમાં જવાનું ટાળવું જોઈએ? ક્યાંક આપણા આ બાળકની હાલત પણ પ્રદ્યુમ્ન જેવી જ ન થઈ જાય.

લો! આ તો જાળોનું ઝૂંડ લઈને બેઠી છે. ...તો શું, હું પણ તો જાળ કાપવાની વિશિષ્ટતા લઈને જ જન્મ્યો છું. હવે તેને નિરુત્તર કરવા માટે સારું એવું દર્શન જ આપી દીધું. મેં કહ્યું- પ્રિયે! તું ગર્ભવતી છે એ આપણે માટે જ નહીં, આખી દ્વારકા માટે એક ખુશખબરી છે. ...પરંતુ તેનું ભવિષ્ય શું થશે, તેની આજે ચિંતા કરવી વ્યર્થ છે. અને વળી હું મારા સંતાન માટે સમગ્ર આર્યાવર્ત પર યુદ્ધના વાદળ ઘેરાવા

દઉં, એવો સ્વાર્થી લગીરે નથી થઈ શકતો. તું તો સારી રીતે જાણે છે કે એવો કમજોર મોહ મને મારા કર્તવ્ય-કર્મોથી ક્યારેય ડગાવી નથી શકતો. ...છેક હવે રુક્મિણીએ માનસિક હાર માની લીધી હોય એવું લાગી રહ્યું હતું. મનથી ભય તો ગયો નહોતો, પણ તેને ટાળવા માટેના તમામ ઉપાય વ્યર્થ ગયા, એ સ્વીકારી લીધું હતું. આમ તો ગર્ભવતી ભદ્રા પણ હતી. કદાચ હવે દ્વારકા પાછા આવ્યે એક નહીં, બે-બે સંતાનોનું મોં જોવા મળવાનું હતું. આમ તો આ ભવિષ્યની વાત હતી, જેને ભવિષ્ય પર જ છોડવાનું યોગ્ય હતું.

આમ સરવાળે એક બાજુ જ્યાં આ સાંસારિક સમસ્યાઓ ચાલુ હતી, ત્યાંજ બીજી બાજુ હું પાંચાલ જવાની તૈયારીઓમાં પણ લાગી જ ગયો હતો. સ્વાભાવિક રીતે મને આટલા ઉત્સાહથી તૈયારી કરતો જોઈને, રુક્મિણીની હાલત વધારે પાતળી થઈ રહી હતી. આ બાજુ ધીમેધીમે મારે મન રુક્મિણીની અસુરક્ષા બિન ઉપાયનો વિષય બનતો જઈ રહ્યો હતો. મેં પણ મારું ધ્યાન તે બાજુથી હટાવીને સંપૂર્ણ રીતે લગાવી દીધું હતું. ...અંતે આ બધું ચાલતા ચાલતા, પ્રસ્થાનનો દિવસ પણ આવી ગયો. હું મારી સાથે ઉદ્ધવ અને સાત્યકિને પણ લઈ જઈ રહ્યો હતો. સાથે પચાસ સૈનિકો અને સેવકો તો લઈ જ જઈ રહ્યો હતો. આ બાજુ મને દ્વારકાના દ્વાર સુધી વળાવવા નાનાજી, માતા-પિતા, ભાઈ અને મિત્રો ઉપરાંત અન્ય પણ કેટલાક વિશિષ્ટ લોકો આવ્યા હતા. આટલી સવાર સવારમાં આટલો મેળાવડો ખરેખર મને ઉત્સાહિત કરનારો હતો. જોકે અહીં પણ દાવ એ કે ભદ્રાએ તો બહુ પ્રેમપૂર્ણ વિદાય આપી, પરંતુ રુક્મિણીનો પ્રેમ દ્રૌપદીની ચિંતામાં ક્યાંય ગુમ જ થઈ ગયો હતો. તે ખરેખર વ્યર્થ દુઃખ પાળી રહી હતી. ખબર નહીં; અહંકાર મનુષ્યને આટલું કષ્ટ પહોંચાડે છે, તેમ છતાં તેનાથી આ અહંકાર છૂટતો કેમ નથી? સમજવાયોગ્ય વાત એ છે કે જો રુક્મિણીના વિચારને યોગ્ય માનવામાં આવે, ત્યારે તો દ્રૌપદીના દ્વારકા આવવાથી રુક્મિણી કરતા વધારે ખરાબ સ્થિતિ તો ભદ્રાની થઈ શકતી હતી. તો પણ ભદ્રાને કોઈ દુઃખ નહોતું, કારણ કે તેનો અહંકાર કમજોર હતો. ખેર, લૂખુંસૂકું જ ભલે, પણ રુક્મિણી વિદાય કરવા તો આવી હતી. બસ, આ સકારાત્મક વિચાર સાથે અમારી યાત્રાની શરૂઆત થઈ ગઈ હતી.

---

[1]. ભાગવત પુરાણ, સ્કંધ-૧૦, અધ્યાય-૫૬, શ્ર્લોક-૧૨

[2]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૫, શ્ર્લોક-૧૦૨-૧૦૮

[3]. શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૩, શ્ર્લોક-૨૦

[4]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૨, શ્ર્લોક-૨૫-૩૧; વિષ્ણુ પુરાણ, અંશ-૫, અધ્યાય-૨૩, શ્ર્લોક-૯-૧૦

[5]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૬, શ્ર્લોક-૧-૯

[6]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૭, શ્ર્લોક-૩૧-૩૩

[7]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૭, શ્ર્લોક-૩૪-૩૬

[8]. શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૩, શ્ર્લોક-૨૬

[9]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૬, શ્લોક-૧૮-૧૯; ગર્ગ સંહિતા, દ્વારકા ખંડ, અધ્યાય-૨, શ્લોક-૯-૧૦

[10]. શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૧૮, શ્લોક-૬૫

[11]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૮, શ્લોક-૮૦

[12]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૮, શ્લોક-૮૧

[13]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૮, શ્લોક-૭૯

[14]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૮, શ્લોક-૮૩

[15]. ભાગવત પુરાણ, સ્કંધ-૧૦, અધ્યાય-૫૨, શ્લોક-૨૬-૪૩

[16]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૫૯, શ્લોક-૪૪; ભાગવત પુરાણ, સ્કંધ-૧૦, અધ્યાય-૫૪, શ્લોક-૫૫; ગર્ગ સંહિતા, દ્વારકા ખંડ, અધ્યાય-૬, શ્લોક-૬-૯; વિષ્ણુ પુરાણ, અંશ-૫, અધ્યાય-૨૬, શ્લોક-૬

[17]. ભાગવત પુરાણ, સ્કંધ-૧૦, અધ્યાય-૫૪, શ્લોક-૩૪-૩૫; ગર્ગ સંહિતા, દ્વારકા ખંડ, અધ્યાય-૭, શ્લોક-૨૭-૨૯; વિષ્ણુ પુરાણ, અંશ-૫, અધ્યાય-૨૬, શ્લોક-૯-૧૦

[18]. શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૩, શ્લોક-૬

[19]. મહાભારત, આદિપર્વ, જતુગૃહ પર્વ, અધ્યાય-૧૪૨, શ્લોક-૧-૩

[20]. હરિવંશ પુરાણ, વિષ્ણુ પર્વ, અધ્યાય-૬૦, શ્લોક-૩૭; ભાગવત પુરાણ, સ્કંધ-૧૦, અધ્યાય-૫૫, શ્લોક-૨; ગર્ગ સંહિતા, દ્વારકા ખંડ, અધ્યાય-૮, શ્લોક-૨૩; વિષ્ણુ પુરાણ, અંશ-૫, અધ્યાય-૨૬, શ્લોક-૧૨

[21]. મહાભારત, આદિપર્વ, જતુગૃહ પર્વ, અધ્યાય-૧૫૫, શ્લોક-૫-૧૦

[22]. શ્રીમદ્ભગવદ્ગીતા, અધ્યાય-૬, શ્લોક-૧૬-૧૭

[23]. ભાગવત પુરાણ, સ્કંધ-૧૦, અધ્યાય-૫૮, શ્લોક-૫૬-૫૭